યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત

# યોગશતક

## શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

।। ॐ ह्रीं अर्हं नमः ।।

ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।।

# યોગશતક

## (શબ્દશઃ વિવેચન)

✦ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ✦

યાકિનીમહત્તરાસૂનુ-સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

✦ આશીર્વાદદાતા ✦

પરમપૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા ષડ્દર્શનવિદ્ પ્રાવચનિકપ્રભાવક
સ્વ. પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા
શ્રુતમર્મજ્ઞાતા વિદ્વદ્વિભૂષણ પરમપૂજ્ય ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✦ સંકલન-સંશોધનકારિકા ✦

પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પ્રશાંતમૂર્તિ
ગચ્છાધિપતિ પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની
સાધ્વીજી સુરેન્દ્રશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વીજી બોધિરત્નાશ્રીજી

✦ પ્રકાશક ✦

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગશતક શબ્દશઃ વિવેચન

: વિવેચનકાર :
પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૧ વિ. સં. ૨૦૬૧

આવૃત્તિ : પ્રથમ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૨૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ધાનેરા નિવાસી
ચંદનબેન કનૈયાલાલ પાનસોવોરા

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા ૪૫

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: મુદ્રક :

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

## પ્રાપ્તિસ્થાન

**✦ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૦૯ ૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડિયા સોસાયટી,
વિજયનગર ક્રોસિંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

**✦ મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૨.
☎ (૦૨૨) ૨૮૭૩૪૫૩૦

**✦ પૂના :**

**Shri Maheshbhai C. Patwa**
1/14, Vrindavan Society,
B/h. Mira Society, Nr. Anand Marg,
Off. Shankar Sheth Road,
Pune-411037.
☎ (020) 2643 6265

**✦ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી, ટીમલીયાવાડ,
સુરત-૩૯૫૦૦૧
☎ (૦૨૬૧) ૨૪૭૧૩૨૮

**✦ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

**✦ Banglore :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

**✦ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

## પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. સા. આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ. સા. તથા પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ. સા. નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત મ. સા.)**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ. સા.)**

૧. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૨. ચિત્તવૃત્તિ
૩. શાસન સ્થાપના
૪. કર્મવાદ કર્ણિકા
૫. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૬. પ્રશ્નોત્તરી
૭. દર્શનાચાર
૮. સદ્ગતિ તમારા હાથમાં
૯. યોગદૃષ્ટિ સમુચ્ચય
૧૦. અનેકાંતવાદ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ. સા.) સંપાદિત**

૧. શ્રાવકનાં બારવ્રતોના વિકલ્પો

## हिन्दी

***व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित म. सा.)***

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

**ગુજરાતી**

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન

## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત
## પુસ્તકોની યાદી

૧. ધર્મતીર્થ ભાગ-૧

# 'યોગશતક' ગ્રંથ શબ્દશઃ વિવેચન સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

## ઉપકારીઓના ઉપકારનું સ્મરણ :-

-: येन ज्ञानप्रदीपेन निरस्याभ्यंतरतमः । ममात्मा निर्मलीचक्रे तस्मै श्रीगुरवे नमः ।। :-

'स्वान्तः सुखाय' - આરંભ કરેલ, સૂરિપુરંદર યાકિનીમહત્તરાસૂનુ પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા સ્વોપજ્ઞ ટીકાયુક્ત યોગશતક ગ્રંથ, જ્યારે 'ગીતાર્થ ગંગા' સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે, ત્યારે તેના પાયામાં મારા જીવનમાં જેમની દિવ્ય કૃપાવૃષ્ટિ થઈ છે તેઓની યાદ, તેઓનું સ્મરણ સતત ધબકતું હોવાથી આપોઆપ તેઓશ્રીની સ્મૃતિ હૃદય સમક્ષ તરવરે છે.

અજ્ઞાનપંકમાં મગ્ન, અગૃહીતસંકેતા કરતાં પણ મંદ બુદ્ધિવાળી છતાં સંયમ ગ્રહણ કરવાનાં સ્વપ્ન સેવી રહેલી એવી મને, યોગમાર્ગનો બોધ કરાવવામાં મારા માટે ધર્મબોધકર, શ્રુતનિધાન, પરહિતદષ્ટા, વિદ્વદ્ વિભૂષણ, નિઃસ્પૃહી, યોગમાર્ગ મર્મજ્ઞ, પંડિત બિરુદને ગૃહસ્થપણામાં જ ધરાવતા **પં. મહેન્દ્રભાઈની** પ્રથમ કૃપા મારા ગૃહસ્થપણામાં પ્રાપ્ત થઈ. ભાવનગરની સંસ્કૃત પાઠશાળના પંડિતવર્ય શ્રી ચંદ્રશેખર ઝા પાસે મહેન્દ્રભાઈ ગૃહસ્થપણામાં 'ન્યાયખંડખાદ્ય' ગ્રંથનો અભ્યાસ કરતા હતા. અભ્યાસ દરમ્યાન પંડિતજી પાસેથી મહેન્દ્રભાઈની બુદ્ધિપ્રતિભા, તર્કશક્તિ અને પ્રકાંડ વિદ્વત્તાની પ્રશંસા સાંભળી હતી અને પ્રત્યક્ષ મુલાકાત થતાં પણ તેવો આનંદ અનુભવ્યો. ધર્મની સન્મુખ લઈ જઈ સંયમનું ઘડતર કરનાર પરમોપકારી **પૂ. ચારિત્રશ્રીજી મહારાજનાં શિષ્યરત્ના પૂ. હેમલતાશ્રીજી મહારાજ અને તેમનાં શિષ્યરત્ના સ્વ. પ. પૂ. નયપ્રજ્ઞાશ્રીજી મહારાજ** તથા મને સંયમમાર્ગનું ખેંચાણ કરાવનાર **સહાધ્યાયી પૂ. ભક્તિધરાશ્રીજી મહારાજના** અનુગ્રહથી કોઈક પુણ્યઘડીએ જાણે 'ઘેર બેઠાં ગંગા આવી' હોય તેમ પં. શ્રી મહેન્દ્રભાઈ પાસે 'મુક્તાવલી'નો અભ્યાસ કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો. એટલું જ નહીં સાથે સાથે યોગગ્રંથો, અધ્યાત્મગ્રંથો, ઉપમિતિભવપ્રપંચાકથા, દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, અધ્યાત્મસાર, જ્ઞાનસાર, યોગદૃષ્ટિ સમુચ્ચય, પૂ. ઉપાધ્યાયજી મહારાજનાં ૧૨૫, ૧૫૦ અને ૩૫૦ ગાથાનાં સ્તવનો અને શિરમોર ગ્રંથરત્ન શ્રી વિશેષાવશ્યકભાષ્યના અધ્યયનની પણ સુવર્ણ તક મળી. કોણ જાણે તેમણે મારામાં કાંઈક ઉત્થાનરૂપ ભાવિયોગ્યતા નિરખી હશે કે જેથી તેઓ પરોપકારપરાયણતાના સ્વભાવે નિઃસ્વાર્થભાવે પ્રદાન કરતા ગયા અને હું જૈનશાસનનાં અનુપમ તત્ત્વોનો રસાસ્વાદ માણતી જ ગઈ. એમણે મને પુણ્યથી પ્રાપ્ત થયેલા, દુર્ગતિને હરનાર, મહાનિધાન એવા જિનમતનું દર્શન કરાવ્યું અને મારે માટે આંતરિક અંધકારથી વ્યાપ્ત અને નહીં દેખાતા અપ્રગટ મોક્ષમાર્ગને પ્રકાશિત કર્યો. વિચક્ષણ અને કુશાગ્ર પ્રજ્ઞાના ધારક એવા તેમના શબ્દે શબ્દમાં મને જિનવચનોનો અતિ આદર જણાતો રહ્યો અને મારા સંયમ લેવાના કોડમાં પ્રાણ પુરાયા, એ મારા જીવનની શ્રેષ્ઠ-ધન્યતમ ક્ષણો હતી. શિલ્પી મૂર્તિને આકાર આપવામાં અને ચિત્રકાર રેખાઓને ઉપસાવવામાં જે મહેનત કરે, તેના કરતાં પણ કંઈ ગણી અધિક મહેનત કરી તેમણે મને સન્માર્ગ બતાવ્યો અને જ્ઞાનયોગની સાધનાની રુચિ જગાડી, જેથી મારા જીવનમાં turning point - વળાંક આવ્યો અને જ્ઞાનપ્રાપ્તિ પ્રત્યેનો જીવંત પક્ષપાત નિત્ય રહ્યા કર્યો; પણ જ્યાં દોઢ વર્ષ સુધી જિનવચનામૃત રસાસ્વાદ કર્યો ત્યાં તો મહેન્દ્રભાઈએ પ્રવ્રજ્યા સ્વીકારી સાધનાના પંથે પ્રયાણ કર્યું અને પં. મહેન્દ્રભાઈ શ્રીશ્રમણસંઘના

વિરલ, તેજસ્વી તારક **પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મહારાજ (પૂ. મોટા પંડિત મહારાજ)** બન્યા અને ત્યાર પછી પણ તેમની વિશેષ ઉપકારવર્ષા ચાલુ રહી.

**'अज्ञानपंकमग्नाया मोहजितगुरुवर्य !**

**त्वमेव मन्दभाग्याया ममोत्तारणवत्सलः ।।'**

ખરેખર ! તેમણે જાગૃત કરેલી જિજ્ઞાસાની પૂર્તિ માટે પૂજ્યશ્રીએ જિનવચનમર્મજ્ઞ, સદૈવસ્વાધ્યાયમગ્ન, તેમના જ વડીલબંધુ **સુશ્રાવક પંડિત શ્રી પ્રવીણભાઈનો** મને સંપર્ક કરાવ્યો હતો, જેથી મારી દીક્ષાની પૂર્વે **પ્રવીણભાઈ** પાસે મારું અધ્યયનકાર્ય ચાલુ રહ્યું અને તેમણે મને પ્રસંગોપાત પાલીતાણા, પાટણ ઈત્યાદિ સ્થળે અભ્યાસ માટે સામેથી બોલાવી, તો ક્વચિત્ ભાવનગર સ્થિરતા કરીને પણ કંઈ કચાશ રાખ્યા વિના સર્વ સમયનો ભોગ આપી સતત યોગગ્રંથોનું અધ્યયન કરાવી મારા પર અનન્ય ઉપકાર કર્યો.

જ્ઞાનયોગની સાધનાના કોડથી સંયમમાર્ગે પ્રયાણ અર્થે ગુરુની શોધ કરતાં સત્ક્રિયાભિરુચિ **પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં સરળસ્વભાવી પ. પૂ. હેમશ્રીજી મહારાજનાં શિષ્યા જ્ઞાનરુચિ, સદૈવ જ્ઞાનાધ્યયનસંગી પ. પૂ. સુરેન્દ્રશ્રીજી મ. નો સંપર્ક થતાં તેમના ચરણે જીવન સમર્પણ કર્યું** અને તેમણે પણ અવસરે અવસરે પ્રવીણભાઈ પાસે પાલીતાણા, સુરેન્દ્રનગર, અમદાવાદ ઈત્યાદિ સ્થળે જ્ઞાનપ્રાપ્તિને યોગ્ય સંયોગો અનુકૂળતા મુજબ ગોઠવી આપી મારા પર અસીમ કૃપા વરસાવી.

**'ગીતાર્થ ગંગા' સંસ્થાનું સ્થાપન થયાના સમાચાર મળતાં પૂજ્યશ્રી પાસેથી પ્રાપ્ત થયેલ જ્ઞાનશક્તિનું યત્કિંચિત્ યોગદાન આપી જ્ઞાનભક્તિ કરવાની ઈચ્છા જાગૃત થતાં અમદાવાદ આવવાનું થયું, અને પુનઃ જ્યારે પં. શ્રી પ્રવીણભાઈ પાસે પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના તથા પૂ. ઉપાધ્યાયજી મહારાજાના ગ્રંથોનું કોડીંગ કરવા અધ્યયન ચાલુ થયું, ત્યારે ભૂતકાળમાં પણ જેનો પરિચય અને વિદ્વત્તાની પ્રસાદી મળી હતી, તેવા સૂક્ષ્મપ્રજ્ઞાસંપન્ન પ્રવચનપ્રભાવક વિદ્વદ્વરેણ્ય ગણિવર્ય પૂ. યુગભૂષણવિજયજી મહારાજનો નિકટથી પરિચય થયો. પૂજ્યશ્રીની વિચક્ષણતા એવી કે જેની જે શક્તિ હોય તેને તે રીતે જ્ઞાનના આ કાર્યમાં જોડી પ્રવર્તાવે. કોડીંગનું અમારાથી શક્ય ગ્રંથોનું કાર્ય પૂર્ણ થતાં થોડું પ્રૂફ અંગેનું કાર્ય કર્યા બાદ આ બધા ગ્રંથોમાં આવતા પદાર્થોના ભેદ-પ્રભેદોને છૂટા પાડી 'ટ્રી' રૂપે બનાવવાનું કાર્ય તેઓશ્રીએ સોંપ્યું, સિસ્ટમ બતાવી, જ્યાં જ્યાં નહોતું સમજાતું ત્યાં ત્યાં અમૂલ્ય સમયનો ભોગ આપી એવો અનન્ય ઉપકાર કર્યો કે જેથી શાસ્ત્રોનો બોધ કાંઈક ઊંડાણથી થયો અને ઘણા ગ્રંથોનું પરિશીલન થયું.**

**તે સમય દરમ્યાન મારે માટે જંઘાબળ ક્ષીણ થતાં અમદાવાદ મુકામે સ્થિરવાસ કરવાનું બન્યું, તેથી પુનઃ જ્ઞાનધન પં. શ્રી પ્રવીણભાઈ પાસે અધ્યયન કરવાની રુચિ થતાં યોગવિષયક અને અધ્યાત્મવિષયક સંવેગવર્ધક ઉત્તમ યોગગ્રંથોના અભ્યાસનો સુંદર સુયોગ પ્રાપ્ત થયો. અભ્યાસ કરતાં કરતાં તેમની સતત પ્રેરણા અને** કૃપાથી ગ્રંથના લેખનનું કાર્ય પણ ચાલુ રહ્યું, જેના ફળરૂપે 'સામાચારી પ્રકરણ' શબ્દશઃ વિવેચન ભાગ-૧ અને ભાગ-૨ પ્રકાશિત થયા.

ત્યારબાદ ટૂંક સમયમાં 'યોગશતક' ગ્રંથ 'ગીતાર્થ ગંગા' સંસ્થાના ઉપક્રમે પ્રકાશન થઈ રહ્યો છે, જે આનંદની વાત છે. હાલમાં પં. શ્રી પ્રવીણભાઈ પાસે 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' ગ્રંથવિવેચનનું લેખનકાર્ય ચાલુ છે, જેમાંની પ્રથમ 'દાનદ્વાત્રિંશિકા'નું પ્રકાશન થઈ ચૂક્યું છે અને અવસરે અવસરે અન્ય 'દ્વાત્રિંશિકાઓ' 'ગીતાર્થ ગંગા' સંસ્થા દ્વારા પ્રકાશન થશે. ખરેખર, તે તે શાસ્ત્રીય પદાર્થોને સમજતાં, લેખનકાર્ય કરતાં તે તે પદાર્થો ગુંજન

થવાથી સંવેગવૃદ્ધિ થઈ છે અને શ્રુતભક્તિનો યત્કિંચિત્ લાભ મળતાં ધન્યતા અનુભવી છે. ખરેખર યોગમાર્ગ પામવો તે તો બહુ દુષ્કર છે, પણ તેનો બોધ કરવા માટે સંયમ ગ્રહણ કર્યા પછી આજ સુધી જે જીવંત ચેતના રહી છે, તેના પાયામાં આ ગુરુવર્યોનું પીઠબળ છે અને તેના જ કારણે આ પ્રયાસ સફળ થયો છે.

શાસ્ત્ર કહે છે કે જે ગુણવાનને પરતંત્ર રહી સુદૃઢ યત્ન કરે તેને ભવાંતરમાં અવશ્ય તીર્થંકરનો યોગ થાય અને કલ્યાણ થાય. હું પણ આ ગુણવાનોને પરતંત્ર રહી, તેમના માર્ગદર્શન અનુસાર સુદૃઢ યત્ન કરું કે જેથી મને પણ ભવાંતરમાં તીર્થંકરનો યોગ થાય અને મારું કલ્યાણ થાય. આવા લોકોત્તર કલ્યાણકારી પાવન તત્ત્વની પ્રાપ્તિ કરાવનાર ગુરુવર્યોને કોટી કોટી વંદન.

**भवदीयं भवद्भ्यः समर्पयामि ।**

**'प्रीयन्ताम् गुरवः' ।**

પરમોપકારી લોકોત્તર આ જિનશાસનનું સુકાન ચોથા આરાના અંત સુધી તો તીર્થંકરોની હાજરીમાં તેમના ચૌદપૂર્વી શક્તિસંપન્ન ગણધરો જ સંભાળે છે અને ત્યાર પછી સેંકડો ધુરંધર પ્રભાવક, જિનવાણીના વાહક, ધારક શ્રુતધરો દ્વારા આ શ્રુતનો ભવ્ય આગમિક વારસો વહેતો વહેતો આપણા સુધી આવ્યો. વૈદિક પરંપરાના અદ્વિતીય વિદ્વાન પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીજી, પૂ. આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી, પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વગેરેનાં હૃદય પણ સર્વજ્ઞકથિત આ અપૂર્વ સિદ્ધાંતોથી જ જિતાયાં, અને તેઓ પૂર્વે જેનાથી સ્વદર્શનમાં ગૌરવ લેતા હતા, તેનાથી કઈગણું અધિક અહીં જૈનદર્શનમાં પ્રાપ્ત થતાં સ્વદર્શનને છોડી, જૈન શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી, તર્કની ધાર ઉપર ચડાવી, સત્ય નક્કી કરી, 'જિનવચન જ સર્વ તત્ત્વનો સાર છે' તેમ સ્વીકારી, જિનવચનનું અપૂર્વ તત્ત્વ મેળવી પાર પામ્યા. તેમને પ્રતીતિ થઈ કે 'જે ત્યાં છે=અન્યદર્શનમાં છે, તે તો અહીં=જૈનશાસનમાં છે જ, પણ જે અહીં છે તે બીજે ક્યાંય નથી જ.' તેથી અહીં સ્વબુદ્ધિને કસી, આરપાર પસાર કરી, સૂક્ષ્મ પદાર્થો મેળવી હૃદયમાં જિનશાસનને ઉતારી સમર્પિત થયા. 'યોગશતક' ગ્રંથ આવા જ શ્રુતધર પૂ. હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત ગ્રંથ છે.

## ગ્રંથકાર મહર્ષિ પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ અને તેમની કૃતિનો પરિચય :-

જિનશાસનમાં શ્રુતજ્ઞાનને વહેતું કરનાર અનેક અપ્રતિમ બહુશ્રુત પૂર્વધરોના જ્ઞાનની જેનાં શાસ્ત્રો દ્વારા ઝાંખી થાય તેવા પૂર્વધર આસન્નવર્તી મહાપુરુષ, પૂર્વધર સમકક્ષ જ્ઞાન ધરાવનાર, જૈનશાસનમાં થયેલા શ્રુતપ્રભાવકોમાં અદ્વિતીય સ્થાન-માન શોભાવતા, ગૃહસ્થપણાના પુરોહિત, વેદાંતજ્ઞ અને દીક્ષિત થયા પછી જૈન શાસ્ત્રોના પરમ નિષ્ણાત, પ્રખર મેધાવી, હજારો ગ્રંથોનું પરિશીલન કરનારા, પટુલોચન, ૧૪૪૪ ગ્રંથોના રચયિતા, યાકિનીમહત્તરા સૂનુ, પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા છે.

ભૂતકાળમાં જૈનશાસન પ્રત્યે તેમને પૂર્વગ્રહ છે પણ કદાગ્રહ નથી. તેથી પ્રામાણિકતા અને સત્યશોધકતાથી જિનવચન વાગોળ્યું. દીક્ષિત થયા પૂર્વે પણ પ્રજ્ઞા સૂક્ષ્મ હતી, પણ જિનશાસનનો અભ્યાસ ઉપર ઉપરનો પ્રાથમિક અભ્યાસ હતો, ઊંડાણ ન હતું છતાં સમજી શકે તેવા સક્ષમ હતા અને દૃઢપ્રતિજ્ઞ હતા. માટે જ પૂર્વે જેમના હૃદયમાં જૈનશાસન પ્રત્યે એક ટકો પણ બહુમાન ન હતું, તેવા પણ તેઓ શાસ્ત્રપરીક્ષા કરી તત્ત્વ પારખી જિનશાસનને હૃદયથી એવા સમર્પિત બન્યા અને કહ્યું કે **"हा ! अणाहा कहं हुंता, न हुंतो जई जिणागमो" "જો આ જિનશાસનનાં આગમો ન મળ્યાં હોત તો ઘોર સંસારસાગરમાં મારું શું થાત ?" માટે "જિન જ સર્વજ્ઞ છે અને આ સર્વજ્ઞનાં શાસ્ત્રો જ કષ-છેદ-તાપથી પરિશુદ્ધ છે." આવી અકાટ્ય શ્રદ્ધાના સ્વામી બન્યા.**

પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની શાસ્ત્રરચનાની પશ્ચાદ્ ભૂમિકા પણ રોમાંચક છે. ઈતિહાસમાં બે રીતે નામ રહે છે : (૧) શાસનને સમર્થ પરિવાર આપવા દ્વારા ઉપકાર કરે અથવા (૨) શાસ્ત્રસર્જન દ્વારા ઉપકાર કરે. પૂજ્યશ્રીના સમર્થ પ્રભાવક પટ્ટધર શિષ્યો હંસ અને પરમહંસ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે મહાજ્ઞાની ધર્માચાર્યને પણ અપાર શોક થયો. શાસનનું સુકાન સંભાળે તેવા સમર્થ ઉત્તરાધિકારી પકવીને વિશ્વહિતૈષી જિનશાસનની સેવા કરવાનું અને તેની અવિચ્છિન્ન પરંપરા ચલાવી ઋણ અદા કરવાનું સૌભાગ્ય છીનવાઈ જવાના કારણે તેઓ અત્યંત સંતપ્ત અને ક્ષુબ્ધ હતા. હવે શાસનની પરંપરા વહન કરે તેવો બીજો કોઈ શિષ્યવર્ગ શાસનને નહીં આપી શકવાનું અપાર દુઃખ હતું. તેમનો શોક દૂર કરવા શાસનદેવી પધાર્યાં અને કહ્યું, “ગુરુકુલવૃદ્ધિથી ઋણ અદા કરવાનું તમારા લલાટે ભલે ન હોય, પણ શાસ્ત્રો જ તમારી શિષ્યરૂપ સંતતિ બની સેંકડો વર્ષો સુધી જિનશાસનની સેવા કરનારાં બનશે. માટે ગ્રંથસંતતિને તમારી શિષ્યપરંપરા સમજી શાસ્ત્રસંતતિના નિર્માણમાં ઉદ્યમશીલ બનો, જે અનુગામી સંઘને સહાયક બનશે.” દેવીના શબ્દોથી પૂજ્યશ્રીના અંતઃસ્તલમાં રહેલો જ્ઞાનવારિધિ શાસ્ત્રરૂપ મોજાંઓ દ્વારા બહાર આવ્યો અને શાસ્ત્રસર્જન દ્વારા તેઓ અમર થઈ ગયા.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ૧૪૪૪ ગ્રંથો રચ્યા પણ ૬૫ જેટલા જ ગ્રંથો લગભગ હાલમાં ઉપલબ્ધ છે અને તે પણ વિધવિધ વિષયો ઉપર. જેવા કે આગમિક, દાર્શનિક, કાર્મગ્રંથિક, આધ્યાત્મિક, વૈરાગ્યદ્યોતક, જ્યોતિષ વિષયક, વળી કાવ્ય, છંદ, અલંકારાદિ અનેકવિધ વિષયો પરના તેમના ગ્રંથો તેમની સર્વતોમુખી પ્રતિભાનો પરિચય કરાવે છે. તદુપરાંત પૂજ્યશ્રીએ અતિ જટિલ તાર્કિક મીમાંસાથી ભરપૂર અનેકાંતજયપતાકા, ષડ્દર્શન સમુચ્ચય, શાસ્ત્રવાર્તા સમુચ્ચય આદિ મહાન દાર્શનિક ગ્રંથો રચ્યા છે, તો ‘સમરાઈચ્ચ કહા’ જેવો વૈરાગ્યરસ સભર ચરિત્ર ગ્રંથ પણ રચ્યો છે. વળી લલિતવિસ્તરા, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, યોગશતક, યોગવિંશિકા, ધર્મબિંદુ આદિ પ્રૌઢ યોગગ્રંથો પણ મૌલિક પ્રતિભાથી લખ્યા છે અને આવશ્યક સૂત્ર, નંદિસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર આદિ આગમો ઉપર વિશદ ટીકાઓ રચી આગમના ગહન ગ્રંથો ઉપર અનોખો પ્રકાશ પાડ્યો છે. તેમ દશવૈકાલિક સૂત્રની ટીકા, પંચાશક, પંચવસ્તુ, શ્રાવકપ્રજ્ઞપ્તિ ઈત્યાદિ ગ્રંથોમાં સાધુ અને શ્રાવકોના આચારો વિષે તેઓનો સૂક્ષ્મ અને સુવિશુદ્ધ બોધ છલકાય છે.

તેમનું સાહિત્ય વિવિધ પ્રકારનું અને મૌલિક ઊંડા ચિંતનવાળું છે. ટૂંકમાં ધર્મ, દર્શન, ન્યાય, યોગ, ધ્યાન, જીવનચર્યા, વિધિવિધાન, ભૂગોળ-ખગોળ, નવરસ, કાવ્ય, કથા, કળા ઈત્યાદિ કોઈ વિષય એવો નથી કે જે તેમના ગ્રંથોમાં પ્રવેશ ન પામ્યો હોય અને જેમાં તેમની અપ્રતિમ જ્ઞાનપ્રતિભા ચમકતી ન હોય. આ વિવિધ સંસ્કૃત-પ્રાકૃત વિપુલ ગ્રંથરાશિમાં પ્રકાશ પામેલી તેમની પ્રકાંડ વિદ્વત્તા, અપૂર્વ જ્ઞાનપ્રતિભા, નિષ્પક્ષ આલોચના, શાસ્ત્રૈકનિષ્ઠા, અને ભાષાપ્રભુત્વના કારણે તેમનું નામ ભારતીય સાહિત્યના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયેલ છે. ખરે જ ! તેમની એક એક કૃતિનો ઊંડાણથી અભ્યાસ કરતાં તેમની સર્વવ્યાપી સૂક્ષ્મ પ્રજ્ઞા ઉપર અહોભાવ, આદરભાવ વધતો જ જાય છે.

પૂજ્યશ્રીના સાહિત્યની પ્રામાણિકતા સર્વ વિદ્વાનોના હૃદયોમાં પ્રતિષ્ઠિત થયેલ હોવાથી જ તેઓનાં વચનો ટંકશાળી ગણાય છે અને ગ્રંથકારોને તેમના ગ્રંથો આંખની જેમ માર્ગદર્શન કરાવે છે. પૂ. સિદ્ધર્ષિ ગણિ, પૂ. મલયગિરિજી મ., પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મ. વગેરે સમર્થ ગ્રંથકારોએ પોતપોતાના ગ્રંથોમાં તેમને ભાવભીની અંજલિ સમર્પી છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે તેમના માટે લખેલ છે કે ‘તેમનું વચન મને ખૂબ ગમે છે; કારણ કે જિનાજ્ઞાને સમર્પિત છે.’ તેમની એ તાકાત છે કે દુનિયાના ધર્મોના સત્ય સિદ્ધાંતોનો એવો

સાપેક્ષ સમન્વય કરી બતાવે કે જૈનશાસનને ક્યાંય ધક્કો ન લાગે, આવા તેઓ શાસનસમર્પિત, નિષ્પક્ષ અને સમર્થ વિદ્વાન હતા. પૂજ્યશ્રીએ પોતાના ગ્રંથોમાં બીજા ઘણા ગ્રંથકારોનાં નામો અને ઉદ્ધરણો આપ્યાં છે.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. ના ગ્રંથો માટે પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, **'શ્રુતજલધિ પ્રવેશે નાવા'** ની ઉપમા આપે છે અર્થાત્ એમનું શ્રુત આગમગ્રંથોના સાગર સુધી પહોંચવા માટે નાવડી જેવું છે, આગમવચનો મૂલવવા આ ગ્રંથો જ સાધન છે. વળી આની ભાષાકીય કઠિનાઈ કાંઈ સિદ્ધસેનજી જેવી નથી કે સામાન્ય ક્ષયોપશમવાળાની ચાંચ જ ન ડૂબે. યોગ, અધ્યાત્મ, આચાર અને તત્ત્વ ઉપર પ્રકાશ પાડતા વિષયો એવી સર્વગ્રાહ્ય શૈલીથી ગૂંથ્યા છે કે ગમે ત્યાં રહેલાને મુક્તિમાર્ગ કેમ પકડવો તેની અદ્ભુત ચાવી મળે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ જિનશાસનનો દરિયો મંથન કરી સ્પષ્ટ કહ્યું કે "શાસ્ત્રયુક્તિ અને આગમના બળથી હું આ તત્ત્વ કહું છું કે મિથ્યાત્વમાંથી બહાર નીકળવાનો અને સમ્યક્ત્વને પામવાનો રાજમાર્ગ જિનશાસનમાં જ છે; કેમ કે અહીં ધર્માધર્મનો સ્પષ્ટ અને સચોટ વિવેક છે."

**યોગશતક :-**

**આત્મતત્ત્વની ગવેષણા કરતા સાધકને સ્પષ્ટ માર્ગદર્શન આપે તેવા દીપક સમાન પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા. ના જે શાસ્ત્રગ્રંથો છે, તેમાંનો એક આ યોગમાર્ગદર્શક, અદ્ભુત 'યોગશતક' ગ્રંથ છે. તેમાં યોગમાર્ગમાં પ્રવેશ કેમ કરવો અને પ્રવેશ કર્યા પછી ઉપર-ઉપરની ભૂમિકાના આચારો કેમ સેવવા, તેનું વિશદ અને વિશિષ્ટ વર્ણન છે અને સાધકને અપ્રાપ્ત ભૂમિકાને પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત ભૂમિકામાંથી આગળની ભૂમિકામાં જવા માટે સચોટ માર્ગદર્શન છે.**

આ ગ્રંથ કદમાં ૧૦૦ શ્લોક પ્રમાણ છે, છતાં સંક્ષેપથી યોગની પ્રારંભિક ભૂમિકાથી આરંભી અંતિમ ભૂમિકા પર્યંતની બધી જ વાતો તેમાં બતાવી છે. યોગમાર્ગના અર્થી જીવો યોગમાર્ગને ક્રમસર પામી શકે તેવો આ ગ્રંથ છે.

આ ગ્રંથમાં વ્યવહારથી અને નિશ્ચયથી યોગની વ્યાખ્યા બતાવી યોગના અધિકારી તરીકે અપુનર્બંધક, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર બતાવ્યા છે. તેઓનાં લક્ષણો, તેઓને આપવા યોગ્ય ઉપદેશ, ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના, ભાવનાશ્રુતપાઠ, તીર્થશ્રવણ, આત્મસંપ્રેક્ષણ વગેરેના ઉપાયો, કર્મનું સ્વરૂપ, તેમાં પણ વિશેષ રીતે રાગ-દ્વેષ અને મોહનું સ્વરૂપ, તેના વિનાશ માટે પ્રતિપક્ષી ભાવનાઓનું ચિંતન, શુક્લાહારનું વર્ણન, લબ્ધિનું વર્ણન, મૃત્યુકાળ જાણવાના ઉપાય, નાડી સંચાર તથા અનશન વિધિ અને અંતે આજ્ઞાયોગના આરાધનથી ભવવિરહની પ્રાપ્તિ ઈત્યાદિ વિષયોનું સુબદ્ધ સંકલન - આ એક જ ગ્રંથમાં ઉપલબ્ધ છે, જેના દ્વારા ભવ્ય જીવો સંસારનો નિર્વેદ અને મોક્ષની રુચિરૂપ સંવેગવૃદ્ધિને પામે છે. ૭૨મી ગાથામાં અલ્પ શબ્દોમાં મર્મયુક્ત યુક્તિથી એકાંતવાદનું નિરસન અને અનેકાંતનું સુંદર-સચોટ સ્થાપન કરેલ છે, જે તેમના અનેકાંત પ્રત્યેના હાર્દિક બહુમાન અને ભક્તિનું સૂચક છે.

પૂજ્યશ્રીની ટીકા અલ્પાક્ષરી અને ગંભીર અર્થવાળી હોવાથી અન્વય કઠીન તો છે જ, પણ સૂક્ષ્મ પ્રજ્ઞાધારક, સતત જ્ઞાનોપાસનારત પં. શ્રી પ્રવીણભાઈએ વિશિષ્ટ શૈલીમાં સચોટ અને સુંદર શબ્દશઃ વિવરણ લખાવી સુંદર રીતે અંતર્નિહિત ભાવોને બતાવવાનો પ્રયત્ન કર્યો છે અને એમનું માર્ગદર્શન મેળવી તેમની અમીદૃષ્ટિથી તેમના આંગળી ચીંધ્યા માર્ગે મેં તો માત્ર સુબદ્ધ સંકલન કરવાનો યત્ન કર્યો છે. ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને ગ્રંથકારની કૃપાથી આ ગ્રંથસંકલનાનું કાર્ય સફળતાને પામ્યું છે, જેના ફળરૂપે મને પણ આંતરિક જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત કરવા દ્વારા કલ્યાણકારી પાવન તત્ત્વ પ્રાપ્ત થયું છે. "શ્રુતભક્તિનું આ કાર્ય મારા માટે યોગબીજઆધાનનું કારણ બની રહે,

મારા મન-વચન-કાયાના યોગો સુદૃઢપણે આજ્ઞાનુસાર પ્રવર્તે તેવું વીર્ય મારા આત્મામાં ઉત્થિત થાય અને આ લેખન અનુભવમાં પલટાય કે જેથી હું આત્મગુણોની અનુભૂતિમાં રમણતા કરું” એવી મારી વીતરાગ પરમાત્માને પ્રાર્થના છે.

આ ગ્રંથના પ્રૂફ સંશોધનના કાર્યમાં તથા ભાષાકીય સુધારા-વધારા વગેરે માટે અનેક પ્રશ્નો કરીને ગ્રંથ સુવાચ્ય બને તેના માટે શ્રુતોપાસક, શ્રુતંભક્તિકારક સુશ્રાવક **શ્રી શાંતિભાઈ**નો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે અને તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નનાં સ્વાધ્યાયની, વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અનુભવેલ છે અને ઉપકૃતતાની લાગણી પ્રદર્શિત કરેલ છે. સહાધ્યાયી, જ્ઞાનપિપાસુ પ. પૂ. સા. **ચંદનબાળાશ્રીજી** મહારાજે ગ્રંથલેખનમાં થયેલી સ્ખલનાઓ દૂર કરી ગ્રંથને સુબદ્ધ બનાવવા સુંદર સહયોગ આપેલ છે અને સાધ્વીજી **આર્જવરત્નાશ્રીજી**એ સંકલના પછી અપાયેલ ‘યોગશતક’ના પદાર્થોનો સુગમતાથી ‘ટ્રી’ રૂપે સંક્ષિપ્ત બોધ તૈયાર કરી આપેલ છે.

આ ગ્રંથનું વિવરણ લખવામાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન ન થઈ જાય તે માટે પૂરો પ્રયત્ન કરેલ હોવા છતાં છદ્મસ્થતાને કારણે કોઈ ત્રુટિ રહી હોય અગર તરણતારણ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારના આશયવિરુદ્ધ ક્યાંય પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો ‘મિચ્છા મિ દુક્કડં’ માંગું છું અને શ્રુતવિવેકી જનો તેનું પરિમાર્જન કરે એમ ઈચ્છું છું.

પ્રાંતે આત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલ આ પ્રયાસ સ્વ-પર ઉપકારક બને, મુમુક્ષુ સાધકો આ ગ્રંથનું પઠન-પાઠન, શ્રવણ-ચિંતન, મનન, નિદિધ્યાસન કરી યોગમાર્ગ પર આરૂઢ થાય તથા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની મને જે તક મળી, તેના દ્વારા હું તથા આત્માર્થી સર્વ જીવો યોગમાર્ગ આરાધી, ઉત્તરોત્તર અધ્યાત્મભાવ વિકસાવી, મુક્તિમાર્ગે આગળ વધી, દોષમુક્ત બની, વહેલી તકે પરમાનંદ પદને પ્રાપ્ત કરી અક્ષય અનંત ગુણોના સ્વામી બની, શાશ્વત સુખના ભોક્તા બનીએ, એ જ સદાની શુભકામના.

**‘कल्याणमस्तु सर्वजीवानाम्’**

**વિ. સં. ૨૦૬૦, આસો સુદ-૧૦,**
**તા. ૨૩-૧૦-૨૦૦૪**
**૩૦૨, વિમલ વિહાર,**
**સરસ્વતી સોસાયટી, પાલડી,**
**અમદાવાદ-૩૮૦૦૦૭**

**વૈરાગ્યવારિધિ પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છાધિપતિ પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની સાધ્વીજી જય-લાવણ્ય-હેમશ્રીજી મ. સા. ના શિષ્યા તપસ્વીરત્ના સ્વાધ્યાયપ્રિયા, પ. પૂ. સા. સુરેન્દ્રશ્રીજી મ. સા. ના શિષ્યા ભવવિરહેચ્છુ સાધ્વીશ્રી બોધિરત્નાશ્રીજી**

# 'યોગશતક' ગ્રંથના પદાર્થોની સંકલના

**યોગ :-**

અપુનર્બંધક અવસ્થાથી આરંભીને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમય સુધીની મોક્ષની સાથે આત્માને જોડી આપે તેવી જીવની જે પરિણતિ તે યોગ છે.

યોગના આ સ્વરૂપને બતાવવા માટે ગ્રંથકારે ગાથા-૨માં પ્રથમ નિશ્ચયનયથી યોગનું લક્ષણ કર્યું. આ નિશ્ચયનય પણ બે પ્રકારનો છે.

(૧) અક્ષેપફળસાધક નિશ્ચયનય, (૨) નિયમફળસાધક નિશ્ચયનય

**(૧) અક્ષેપફળસાધક નિશ્ચયનય :-**

આક્ષેપફળસાધક નિશ્ચયનયની દૃષ્ટિએ ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણની રત્નત્રયીની પરિણતિ તે યોગ છે. તેની પૂર્વની મોક્ષને અનુકૂળ પરિણતિઓ પણ આ નયની દૃષ્ટિએ યોગ નથી, પરંતુ તે પરિણતિઓ યોગનું કારણ છે અર્થાત્ અક્ષેપફળસાધક નિશ્ચયનયની દૃષ્ટિથી મોક્ષનું સાક્ષાત્ કારણ ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણની પરિણતિ છે અને તેને લક્ષ્ય કરીને કરાતો પૂર્વનો યોગમાર્ગનો સર્વ વ્યાપાર યોગનું કારણ છે.

**(૨) નિયમફળસાધક નિશ્ચયનય :-**

નિયમફળસાધક નિશ્ચયનયની દૃષ્ટિએ મોક્ષને અનુકૂળ એવી રત્નત્રયીની પરિણતિ યોગ છે અને તેવી પરિણતિ ભાવસાધુમાં હોય છે અને તે તરતમતાથી અનેક ભેદવાળી છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષના અર્થી સાધકે અક્ષેપફળસાધક એવા યોગને લક્ષ્ય કરીને નિયમફળસાધક એવા યોગમાં યત્ન કરવાનો છે, જેથી પ્રગટ થયેલી રત્નત્રયીની પરિણતિ ક્રમે કરીને યોગનિરોધની ચરમ ક્ષણ પ્રાપ્ત કરાવે, જેના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થાય.

નિયમફળસાધક રત્નત્રયીની પ્રાપ્તિનું કારણ બને તેવી ભાવસાધુની પરિણતિની પૂર્વની દેશવિરતિ, સમ્યગ્દૃષ્ટિ કે અપુનર્બંધકની પરિણતિ પણ દૂરદૂરવર્તી મોક્ષસાધક પરિણતિઓ છે, તોપણ સાક્ષાત્ રત્નત્રયીની પરિણતિને મોક્ષના કારણરૂપે નિયમફળસાધક નિશ્ચયનય સ્વીકારે છે.

વળી વ્યવહારનય તે રત્નત્રયીની પરિણતિના નિમિત્ત કારણરૂપ ક્રિયાઓને પણ યોગ કહે છે. તેને ગાથા-૪ અને ગાથા-૫માં ગ્રંથકારે બતાવેલ છે.

તેનાથી એ ફલિત થાય કે રત્નત્રયીની પરિણતિરૂપ નિયમફળસાધક યોગની નિષ્પત્તિનો ઉપાય રત્નત્રયીને અનુકૂળ એવી ઉચિત ક્રિયાઓ છે અને અધિકારી વ્યક્તિ પોતાના અધિકાર પ્રમાણે આ ઉચિત

ચિત્ર નં. ૧




ચિત્ર નં. ૨
ચિત્ર - ૧ ના નીચેના નં. ૧
અપુનર્બંધકઅવસ્થાનો
યોગની ચાર દૃષ્ટિ બતાવવા દ્વારા વિસ્તાર



ક્રિયાઓમાં અપ્રમાદભાવથી યત્ન કરે તો અવશ્ય તે નિયમફળસાધક યોગનું કારણ બને અને તે નિયમફળસાધક યોગ ક્રમસર અક્ષેપફળસાધક યોગનું કારણ બને, જેના ફળરૂપે સાધકને મોક્ષની પ્રાપ્તિ થાય.

જેમ સર્વવિરતિધર મહાત્મા સંવૃત મનવાળા, સંવૃત વચનવાળા, સંવૃત ગાત્રવાળા થઈને પોતાની શક્તિના પ્રકર્ષથી ધ્યાન-અધ્યયનાદિ સર્વ ઉચિત ક્રિયાઓમાં અપ્રમાદભાવથી યત્ન કરે તો તે ક્રિયાઓથી નિયમા પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક એવી રત્નત્રયીની પરિણતિ પ્રગટે છે. તે રત્નત્રયીની પરિણતિ જીવની નિર્લેપદશારૂપ છે અને તે પરિણતિ ધ્યાન-અધ્યયનના યત્ન દ્વારા પ્રકર્ષને પામીને ક્ષપકશ્રેણીનું કારણ બને છે અને અંતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા અક્ષેપફળસાધક યોગની પ્રાપ્તિનું કારણ બને છે અને તેનાથી મોક્ષ થાય છે. આ રીતે વ્યવહારનયને માન્ય યોગ પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

અહીં અક્ષેપફળસાધક અને નિયમફળસાધક નિશ્ચયનયને માન્ય મોક્ષને અનુકૂળ એવી પરિણતિ અને નિયમફળસાધક નિશ્ચયનયને માન્ય મોક્ષને અનુકૂળ એવી પરિણતિના કારણભૂત એવી દેશવિરતિની કે અવિરત સમ્યગ્દૃષ્ટિની કે અપુનર્બંધકની પરિણતિઓ અને તેના પ્રત્યે વ્યવહારનયને માન્ય ઉચિત ક્રિયાઓ વચ્ચે કાર્યકારણભાવનો સંબંધ આ રીતે વિચારી શકાય, જે સામેના પેજ ઉપર ચિત્રમાં બતાવવામાં આવેલ છે.

ચિત્ર નં. ૧માં નં. ૧ અપુનર્બંધક જીવની પરિણતિ છે, જેમાં યોગની પહેલી ચાર દૃષ્ટિની અવાંતર પરિણતિઓ છે, જે ચિત્ર નં. ૨માં વિસ્તારરૂપે બતાવેલ છે.

કોઈક રીતે જીવમાં અપુનર્બંધકની પરિણતિ પ્રગટે છે ત્યારે પ્રથમ ભૂમિકાની ઉચિત ક્રિયા કરીને સાધક ઉપર ઉપરની યોગની પરિણતિને પ્રાપ્ત કરે છે.

તેથી એ ફલિત થાય કે પ્રથમ યોગની કોઈક ભૂમિકા પ્રગટ થાય છે, જે જીવની પ્રાથમિક વિકાસની પરિણતિરૂપ છે અને તે પ્રગટ્યા પછી તેને અનુરૂપ ઉચિત ક્રિયા કરે તો ઉત્તરની પરિણતિ પ્રગટ થાય છે અને તે પરિણતિને પામ્યા પછી તે ભૂમિકાની ક્રિયા કરે તો તે ક્રિયાથી તેની ઉત્તરની પરિણતિ પ્રગટે. આ પૂર્વ રીતે જીવની પરિણતિ તે ક્રિયાના નિમિત્તથી ઉત્તર ઉત્તરની પરિણતિને પ્રાપ્ત કરે છે; અને આ ક્રમથી બાહ્યક્રિયા અંતરંગ પરિણતિ પ્રત્યે નિમિત્ત કારણ છે, અને પૂર્વની અંતરંગ પરિણતિ ઉત્તર પરિણતિરૂપે થાય છે. તેથી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એ ફલિત થાય કે મોક્ષના કારણરૂપે માન્ય એવી અપુનર્બંધકથી આરંભીને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમય સુધીની સર્વ પરિણતિઓ પ્રત્યે વ્યવહારનયની ક્રિયા નિમિત્ત કારણરૂપે છે.

ત્યાર પછી ગાથા-૮માં યુક્તિથી સ્થાપન કર્યું કે અધિકારી વ્યક્તિ જો ઉપાયમાં યત્ન કરે તો ફળની પ્રાપ્તિ કરે છે. તેથી પ્રસ્તુત યોગમાર્ગના અધિકારી કોણ છે ? તે ગાથા-૯માં બતાવે છે.

ગાથા-૯માં મોક્ષમાર્ગના ત્રણ અધિકારી બતાવ્યા. તે આ પ્રમાણે –

**(૧) અપુનર્બંધક,**

**(૨) સમ્યગ્દૃષ્ટિ** અને

(૩) ચારિત્રી (દેશચારિત્રી અને સર્વચારિત્રી)

**(૧) અપુનર્બંધક :-**

યોગમાર્ગનો પ્રથમ અધિકારી અપુનર્બંધક છે. સાધક અપુનર્બંધક થયા પછી ઉપદેશાદિની સામગ્રીને પામીને ઉચિત ક્રિયાઓ કરે તો ઉત્તર-ઉત્તરની પરિણતિઓની પ્રાપ્તિ દ્વારા સમ્યક્ત્વ આદિને પણ પામે છે.

**(૨) સમ્યગ્દૃષ્ટિ :-**

યોગમાર્ગનો બીજો અધિકારી સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને યોગમાર્ગને સમજવા માટેની નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી છે. તેને યોગ્ય ઉપદેશની સામગ્રી મળે તો ક્રમસર દેશવિરતિ અને સર્વવિરતિ ગુણસ્થાનકને પણ પામે. આ સર્વવિરતિ ગુણસ્થાનક નિયમફળસાધક નિશ્ચયનયને અભિમત યોગ છે અને તે યોગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અક્ષેપફળસાધક યોગની પ્રાપ્તિ કરાવવા દ્વારા મોક્ષનું કારણ બને છે.

**(૩) ચારિત્રી :-**

યોગમાર્ગનો ત્રીજો અધિકારી ચારિત્રી છે. તે ચારિત્રી દેશથી અને સર્વથી એમ બે પ્રકારના છે અને તેઓને પણ ઉપદેશાદિની સામગ્રી મળે તો વ્યવહારની ઉચિત ક્રિયાઓ કરીને તેઓ ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પ્રાપ્ત કરે છે, જે ક્રમે કરીને મોક્ષનું કારણ બને છે.

આ રીતે યોગના ત્રણ અધિકારી બતાવ્યા પછી તે ત્રણે અધિકારીનાં લિંગો ગાથા-૧૩-૧૪-૧૫માં ક્રમસર બતાવ્યાં.

ત્યારપછી ગાથા-૨૪માં લિંગો દ્વારા અધિકારીને જાણીને ઉપદેશકે યથોચિત ઉપદેશ આપવો જોઈએ, તે બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે અધિકારીના ભેદથી ઉપદેશનો ભેદ પડે છે.

ત્યારપછી ગાથા-૨૫માં અપુનર્બંધકને કેવો ઉપદેશ આપવો જોઈએ તે બતાવ્યું. ત્યારપછી ગાથા-૨૭માં સમ્યગ્દૃષ્ટિને કેવો ઉપદેશ આપવો તે બતાવ્યું અને કહ્યું કે સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિનો ઉપદેશ આપવો જોઈએ, જેથી શીઘ્ર દેશવિરતિનો પરિણામ પ્રગટે. ત્યાં પ્રાસંગિક શંકા થાય કે ઉપદેશકે પ્રથમ સાધુધર્મનો ઉપદેશ આપવો જોઈએ, પછી શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ, એવી વાત શાસ્ત્રમાં સંભળાય છે, તો તેના બદલે અહીં સમ્યગ્દૃષ્ટિને પ્રથમ દેશવિરતિનો ઉપદેશ આપવાનું કેમ કહ્યું ? તેની સ્પષ્ટતા ગાથા-૨૮માં કરી કે સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિનો ઉપદેશ આપવાથી શીઘ્ર પરિણમન પામે છે, તેથી તે જ્યારે દેશવિરતિ ગ્રહણ કરવા તૈયાર થાય ત્યારે પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ આપે અને ત્યારે જો તે સર્વવિરતિ ગ્રહણ કરવા માટે તૈયાર ન થાય ત્યારે દેશવિરતિ ઉચ્ચરાવવી જોઈએ. તેનું વિશેષ સ્પષ્ટીકરણ ગાથા-૨૮માં કરેલ છે.

ત્યારપછી ગાથા-૨૯માં દેશવિરતિધર શ્રાવકને પોતાની ભૂમિકાથી ઉપરની ભૂમિકામાં જવા માટે ક્રમસર સર્વવિરતિનું કારણ બને તેવો ઉપદેશ આપવો જોઈએ, તે વાત સ્પષ્ટ કરી. ત્યારપછી ગાથા-૩૦ થી

૩૨ સુધી શ્રાવકે કઈ રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવી જોઈએ કે જેથી સર્વવિરતિની શીઘ્ર પ્રાપ્તિ થાય, તેનું કંઈક વિસ્તારથી વર્ણન કર્યું. ત્યારપછી ગાથા-૩૩ થી ૩૫ સુધી સાધુએ સર્વવિરતિના કંડકોની વૃદ્ધિ માટે શું કરવું આવશ્યક છે, તે ઉપદેશરૂપે બતાવ્યું. ત્યાર પછી ગાથા-૩૬માં શ્રોતાની યોગ્યતા નક્કી કર્યા વિના ઉપદેશક યથાતથા ઉપદેશ આપે તો તે ઉપદેશ કર્મબંધનું કારણ થાય છે, તે બતાવ્યું.

ત્યાર પછી ગાથા-૩૭માં જે ઉપદેશકો માત્ર 'મારે ભગવાનનું વચન કહેવું છે' - તેમ વિચારીને પાત્રાપાત્રનો કે શ્રોતાની ભૂમિકાનો વિચાર કર્યા વગર ઉપદેશ આપે તો શું શું અનર્થ થાય, તે બતાવ્યું.

ત્યાર પછી ગાથા-૩૮ થી ૪૩ સુધી ઉપદેશક ઉચિત ઉપદેશ આપે અને શ્રોતા અધિકારી હોય અને અધિકારી એવા તે શ્રોતાને ઉપદેશ સાંભળીને ગુણસ્થાનકના સ્વીકારનો પરિણામ થાય તો તેણે શું કરવું જોઈએ, તેની ઉચિત વિધિ દેશવિરતિધરને આશ્રયીને બતાવી. તેનાથી એ ફલિત થાય કે અધિકારી પણ શ્રોતા ઉપદેશ સાંભળીને નવા ગુણસ્થાનકને સ્વીકારવા માટે અભિમુખ થાય તોપણ વિચાર્યા વગર ગુણસ્થાનક સ્વીકારવાનું નથી, પરંતુ પોતાના સ્વભાવાદિનું સમ્યગ્ આલોચન કરીને તે ગુણસ્થાનક સ્વીકારવાને અનુરૂપ પોતાની યોગ્યતા નક્કી થાય તો પ્રતિજ્ઞાથી તે ગુણસ્થાનક સ્વીકારવાનું છે, જેથી ગ્રહણ કરાયેલાં વ્રતોનું સમ્યગ્ પાલન કરીને યોગની વૃદ્ધિની પ્રાપ્તિ થાય. ત્યાર પછી ગાથા-૪૪-૪૫માં ગુણસ્થાનક સ્વીકાર્યા પછી ગુણસ્થાનકના રક્ષણ માટે અને વૃદ્ધિ માટે શું કરવું જોઈએ, તેની વિધિ બતાવી.

ત્યાર પછી ગાથા-૪૬ થી ૪૯ સુધી અકુશળ કર્મના ઉદયથી ગુણસ્થાનક સ્વીકાર્યા પછી અરતિ થાય તો એ અરતિના નિવારણ માટે શું ઉચિત યત્ન કરવો જોઈએ, તે વિસ્તારપૂર્વક સમજાવ્યું. આનાથી એ ફલિત થાય કે ગુણસ્થાનક સ્વીકાર્યા પછી પણ આરાધક જીવને શાસ્ત્રવિધિ અનુસાર તે ગુણસ્થાનકને ઉચિત ક્રિયાઓ કરવી અતિ દુષ્કર છે, અરતિ થવાનો પણ સંભવ છે. તેથી આરાધકે અરતિ ન થાય અને ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તેવાં આલંબનોમાં યત્ન કરવો જોઈએ અને કદાચ કર્મના દોષથી અરતિ થાય તો તેના નિવારણ માટે ઉચિત યત્ન કરવો જોઈએ કે જેથી સ્વીકારાયેલું ગુણસ્થાનક માત્ર ગ્રહણરૂપ ન રહે, પરંતુ ઉચિત પ્રવૃત્તિ દ્વારા ઉપર-ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને.

ત્યાર પછી ઉપદેશ સાંભળીને આરાધક જીવને દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાનો અભિલાષ થાય અને પોતાના સ્વભાવાદિનું આલોચન કરીને ગુણસ્થાનક સ્વીકારે પછી તે ગુણસ્થાનકને સમ્યક્ સ્થિર કરવા માટે જે વિધિ કરવી જોઈએ તે ગાથા-૫૦માં કહેલ છે. અર્થાત્ આ વિધિ ચતુઃશરણનો સ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના છે. આ ત્રણમાં સુપ્રણિધાનપૂર્વક સતત યત્ન કરવામાં આવે તો સર્વ કુશળની પરંપરા થાય છે. તેથી ગુણસ્થાનક સ્વીકાર્યા પછી અત્યંત પ્રણિધાનપૂર્વક ચતુઃશરણાદિમાં યત્ન કરવો જોઈએ, તે ગાથા-૫૦માં બતાવેલ છે.

વળી યોગના અધિકારી એવા અપુનર્બંધક, અને ગ્રંથિનો ભેદ કર્યો છે એવા સમ્યગ્દષ્ટિ આદિ જીવોને આશ્રયીને શું કરવાનું છે ? તે ગાથા-૫૧માં બતાવેલ છે. તેમાં અપુનર્બંધકને ચતુઃશરણગમનાદિની વિધિ કરવી જોઈએ, જેથી અપુનર્બંધકને ક્રમસર સમ્યક્ત્વ વગેરે પ્રાપ્ત થાય અને સમ્યગ્દષ્ટિને પણ તે વિધિ

કરવાની છે તેથી પ્રગટ થયેલું ગુણસ્થાનક અતિશયિત થાય. વળી અપુનર્બંધકને અને સમ્યગ્દૃષ્ટિ આદિને ગાથા-૫૨માં બતાવેલ વિધિ કરવાની છે. આમ છતાં ગાથા-૫૨માં બતાવાયેલ વિધિ વિશેષરૂપે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને કરવાની છે.

તે વિધિ આ પ્રમાણે છે –

રાગાદિના પ્રતિપક્ષના ભાવનનું કારણ બને એવા ભાવનાશ્રુતનો પાઠ કરવો જોઈએ, તીર્થ જેવા આચાર્ય પાસે તે ભાવનાશ્રુતના અર્થોનું શ્રવણ કરવું જોઈએ અને તેના અર્થનો સૂક્ષ્મબોધ થાય ત્યારે નિપુણતાપૂર્વક પોતાના આત્માનું પ્રેક્ષણ કરવું જોઈએ, જેથી પોતાને બાધ કરતા રાગાદિ ભાવોનો સમ્યગ્બોધ થાય.

ત્યાર પછી ગાથા-૫૩માં આત્માને મલિન કરનારા રાગ-દ્વેષ અને મોહ છે, તે બતાવ્યું અને રાગ-દ્વેષ અને મોહ કર્મના ઉદયથી જનિત છે, તેથી ગાથા-૫૪માં કર્મનું સ્વરૂપ બતાવેલ છે. ત્યાર પછી ગાથા-૫૪ થી ૫૮ સુધી આત્માથી અતિરિક્ત કર્મને સ્વીકારવાથી નિરુપચરિત બંધ-મોક્ષની સિદ્ધિ થાય છે તેનું સ્થાપન કરેલ છે.

ત્યાર પછી ગાથા-૫૯માં પોતાને રાગ-દ્વેષ અને મોહમાંથી કોણ વિશેષ પીડે છે ? તેનું કેવી રીતે નિરીક્ષણ કરવું ? તે બતાવ્યું. ત્યાર પછી ગાથા-૬૦-૬૧માં પોતાને જે દોષ બાધક હોય તેનું પ્રતિપક્ષ ચિંતવન કઈ રીતે કરવું, તે બતાવ્યું અને તે વિધિ પ્રમાણે રાગાદિના પ્રતિપક્ષનું ભાવન કરવામાં આવે તો અવશ્ય આત્મામાં રાગાદિ ભાવો અલ્પ બને અને ગુણસ્થાનકની વૃદ્ધિ થાય.

ત્યાર પછી ગાથા-૬૨ થી ૭૭ સુધી, ગાથા-૬૦-૬૧માં બતાવેલી રાગાદિના પ્રતિપક્ષભાવનની વિધિનો વિશેષ વિસ્તાર કર્યો, જેથી નિપુણતાપૂર્વક રાગાદિનું પ્રતિપક્ષભાવન થઈ શકે. ત્યાર પછી ગાથા-૭૮ થી ૮૦ સુધી સ્વીકારેલા ગુણસ્થાનકની વિધિ માટે અન્ય વિધિ બતાવે છે, જેમાં પરમ સંવેગપૂર્વક મૈત્રી આદિ ચાર ભાવો કરવાના છે અને પ્રણિધાનપૂર્વક કરાયેલા મૈત્રી આદિ ચાર ભાવો અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને છે.

ત્યાર પછી ગાથા-૮૧ થી ૮૪ સુધી ચતુઃશરણગમનાદિનું ભાવન, રાગાદિ પ્રતિપક્ષનું ભાવન અને મૈત્ર્યાદિ ચાર ભાવનાનું ભાવન કરવા માટે શુક્લ આહારની આવશ્યકતા છે, તે બતાવી શુક્લાહારનું સ્વરૂપ બતાવેલ છે.

ત્યાર પછી ગાથા-૮૫માં યોગની વૃદ્ધિ થવાથી અથવા ત્રણ પ્રકારની ભાવનાના ભાવનથી યોગીને શું ફળ મળે છે, તે બતાવેલ છે; જે ફળ પ્રકર્ષને પામીને સુખે સુખે મોક્ષરૂપ ફળપ્રાપ્તિનું કારણ બને છે.

ત્યાર પછી ગાથા-૮૬ થી ૮૯ સુધી અધિકૃત ભાવનાથી કઈ રીતે મોક્ષ મળે છે, તેનું બૌદ્ધદર્શનની પરિભાષાથી સ્પષ્ટીકરણ કરેલ છે.

ત્યાર પછી ગાથા-૯૦માં ત્રણ પ્રકારની ભાવનાથી સામાયિકની શુદ્ધિ દ્વારા શુક્લધ્યાન, શ્રેણીની

પરિસમાપ્તિ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે બતાવેલ છે.

ત્યાર પછી ગાથા-૯૧માં મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે મુખ્ય કારણ સામાયિક છે, તેનું સ્વરૂપ બતાવ્યું અને અન્ય સર્વ કુશળ આશયો કરતાં સામાયિક શ્રેષ્ઠ આશય છે અને મોક્ષ પ્રત્યે તે પ્રધાન કારણ છે, તે વિસ્તારથી બતાવેલ છે.

ત્યાર પછી ગાથા-૯૨ થી ૯૪ સુધી પૂર્વમાં બતાવેલ યોગના સેવનથી તે ભવમાં મુક્તિ થાય છે, કદાચ તે ભવમાં મોક્ષ ન થાય તો અન્ય ભવમાં ફરી યોગનો પ્રારંભ કરીને યોગનો અભ્યાસ શરૂ થાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે.

ત્યાર પછી ગાથા-૯૫માં સામાયિકના પરિણામમાં કરેલા યત્નથી ક્રમે કરીને મોક્ષ થાય છે, તેથી મોક્ષના અર્થી સાધુએ સામાયિકમાં કઈ રીતે યત્ન કરવો જોઈએ, તે બતાવેલ છે.

ત્યાર પછી ગાથા-૯૬માં મોક્ષ માટે યત્ન કરતા સાધુએ અંત સમયે કઈ રીતે અનશન કરવું જોઈએ કે જેથી ઉત્તર ભવમાં પણ યોગમાર્ગની પ્રવૃત્તિ અસ્ખલિત પ્રાપ્ત થાય, તે બતાવેલ છે.

ત્યાર પછી ગાથા-૯૭માં અંત સમયે અનશન કરવા અર્થે મરણકાળનું જ્ઞાન આવશ્યક છે, તેથી મરણકાળને જાણવાના ઉપાયો બતાવ્યા છે.

ત્યાર પછી ગાથા-૯૮માં મરણકાળનું જ્ઞાન કરીને યત્નાતિશયથી અનશનશુદ્ધિમાં યત્ન કરવો જોઈએ, તેનું વર્ણન કરેલ છે.

ત્યાર પછી ગાથા-૯૯માં બતાવ્યું કે અનશનશુદ્ધિની પ્રવૃત્તિમાં લેશ્યાનું પ્રધાનપણું છે; તોપણ જો તે આજ્ઞાયુક્ત ન હોય તો કલ્યાણની પરંપરાનું કારણ બને નહીં. તેથી સાધુને અનશન સમયે જેમ લેશ્યામાં યત્ન કરવાનો છે, તેમ આજ્ઞાશુદ્ધિમાં પણ યત્ન કરવાનો છે, તેનું સ્વરૂપ બતાવેલ છે.

ત્યાર પછી ગાથા-૧૦૦માં ગ્રંથનો ઉપસંહાર કરેલ છે.

છદ્મસ્થતાને કારણે આ ગ્રંથના વિવેચનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

**વિ. સં. ૨૦૬૦, આસો સુદ-૧૦** **– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૨૩-૧૦-૨૦૦૪**
**૩૦૨, વિમલ વિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.**

## યોગશતકના પદાર્થોનો સુગમતાથી 'ટ્રી'રૂપે સંક્ષિપ્ત બોધ

**(૧) મંગલનું પ્રયોજન : ગાથા-૧**

- શિષ્ટસમયનું પરિપાલન
- વિઘ્નસમૂહની ઉપશાંતિ

**(૨) પ્રયોજનાદિનું પ્રતિપાદન : ગાથા-૧**

- પ્રયોજન
  - વક્તાની અપેક્ષાએ
    - અનંતર પ્રયોજન (સંક્ષેપથી શ્રોતાઓને યોગમાર્ગનો બોધ કરાવવો)
    - પરંપર પ્રયોજન (મુક્તિ)
  - શ્રોતાની અપેક્ષાએ
    - અનંતર પ્રયોજન (યોગલેશનું જ્ઞાન)
    - પરંપર પ્રયોજન (મુક્તિ)
- સંબંધ → (યોગગ્રંથ અને યોગમાર્ગ વચ્ચે સાધ્ય-સાધનલક્ષણ સંબંધ)
- અભિધેય → (યોગલેશ)

**(૩) ગ્રંથના મંગલાચરણમાં પ્રભુવીરનું સ્વરૂપ : ગાથા-૧**

- યોગીનાથ
- સુયોગને સમ્યગ્ દેખાડનારા

**(૪) ભગવાન વડે યોગની દર્શકતા : ગાથા-૧**

- સમ્યગ્ આસેવન દ્વારા યોગદર્શક
- ઉપદેશ દ્વારા યોગદર્શક

**(૫) યોગ : ગાથા-૨**

- નિશ્ચયનયથી
  - અક્ષેપફળસાધક નિશ્ચયનયથી (૧)
  - નિયમફળસાધક નિશ્ચયનયથી (૨)
- વ્યવહારનયથી (૩)

(૧) **અક્ષેપફળસાધક નિશ્ચયનય :** જે કારણ અનંતર ક્ષણે કાર્ય કરે તે કારણને કારણ તરીકે સ્વીકારે, અન્યને નહીં, તે અક્ષેપફળસાધક નિશ્ચયનય.

(૨) **નિયમફળસાધક નિશ્ચયનય :** જે કારણ નિયમા કાર્ય કરે તે કારણને કારણ કહે, પરંતુ કાર્ય ન કરતું

હોય તેવા કારણને કારણ તરીકે સ્વીકારે નહીં, તે નિયમફળસાધક નિશ્ચયનય.

(૩) **વ્યવહારનય :** કારણમાં કાર્યનો ઉપચાર કરી કારણને કાર્ય કહે. જેમ રત્નત્રયીની આચરણાને યોગ કહે, તે વ્યવહારનય.

### (૬) રત્નત્રયીની આચરણા : ગાથા-૫

- દર્શનની આચરણા
  - ગુણવાન ગુરુના બહુમાનપૂર્વક તેમના પગ ધોવાની ક્રિયા આદિ
- જ્ઞાનની આચરણા
  - સ્થાનશુદ્ધિઆદિ પૂર્વક કરે
    - સ્થાનશુદ્ધિ પૂર્વક કરે
    - લેશ્યાશુદ્ધિ પૂર્વક કરે
    - ઉપયોગશુદ્ધિ પૂર્વક કરે
  - શુશ્રૂષાદિની પ્રવૃત્તિ
    - શુશ્રૂષા
    - શ્રવણ
    - ગ્રહણ
    - વિજ્ઞાન
    - ધારણા
    - ઊહ
    - અપોહ
    - તત્ત્વાભિનિવેશ
- ચારિત્રની આચરણા
  - વિધિ-પ્રતિષેધના વિષયમાં યથાશક્તિ ક્રિયારૂપ અનુષ્ઠાન

### (૭) યોગમાર્ગની અપેક્ષાએ જીવોના પ્રકાર : ગાથા-૯/૧૦

- યોગમાર્ગના અધિકારી
  - અપુનર્બંધક
  - સમ્યગ્દષ્ટિ
  - ચારિત્રી
- યોગમાર્ગના અનધિકારી
  - (પ્રકૃતિનો અધિકાર સર્વથા જ નિવૃત્ત ન થયેલો હોવાથી પ્રકૃતિને પરતંત્ર એવા ભવના રાગવાળા જીવો.)

### (૮) અપુનર્બંધક જીવનાં લિંગો : ગાથા-૧૩

- તીવ્રભાવે પાપનું અકરણ = તીવ્રભાવે અસદ્ અનુષ્ઠાનનું અકરણ
- રૌદ્ર એવા સંસારનું અબહુમાન
- ધર્માદિ સર્વ સ્થાનોમાં ઉચિત સ્થિતિનું સેવન

### (૯) સમ્યગ્દષ્ટિ જીવનાં લિંગો : ગાથા-૧૪

- શુશ્રૂષા (યોગના ઉપાયભૂત ધર્મશાસ્ત્રોને સાંભળવાની બળવાન ઈચ્છા)
- ધર્મરાગ (ધર્મસેવનની બલવાન બળવાન ઈચ્છા)
- યથાશક્તિ ગુરુ અને દેવની વૈયાવચ્ચનો નિયમ

## (૧૦) ચારિત્રીનાં લિંગો : ગાથા-૧૫

- માર્ગાનુસારી
- શ્રાદ્ધ
- પ્રજ્ઞાપનીય
- ક્રિયામાં તત્પર
- ગુણરાગી
- શક્ય આરંભથી યુક્ત

## (૧૧) ચારિત્ર : ગાથા-૧૬

- દેશચારિત્ર
  - ઈત્વરકાલિક (થોડા સમય માટે કરેલ પ્રત્યાખ્યાન)
  - યાવત્કથિક (યાવજ્જીવ=આખી જિંદગી સુધી કરેલ પ્રત્યાખ્યાન)
- સર્વચારિત્ર
  - સામાયિક ચારિત્ર
    - ઈત્વરકાલિક (પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સાધુઓને)
    - યાવત્કથિક (૨૨ જિનના સાધુઓને)
  - છેદોપસ્થાપનીય ચારિત્ર
  - પરિહારવિશુદ્ધિ ચારિત્ર
  - સૂક્ષ્મસંપરાય ચારિત્ર
  - યથાખ્યાત ચારિત્ર

## (૧૨) સામાયિક : ગાથા-૧૭

- (૧) શુદ્ધ સામાયિક (વિહિત અને નિષિદ્ધમાં મધ્યસ્થપણાની પ્રાપ્તિથી શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થાય.)
- (૨) અશુદ્ધ સામાયિક (પ્રાણાતિપાતાદિમાં અદ્વેષ હોવા છતાં વિહિતમાં ઔત્સુક્યકરણથી અલ્પ રાગભાવમાં પણ અશુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થાય.)

(૧) શુદ્ધ સામાયિકને રત્નાલંકારની પ્રાપ્તિ જેવું કહ્યું છે. આત્માના સમતાના પરિણામમાં વર્તતા રત્નો જેવા શુદ્ધ ગુણોવાળું.

(૨) આદ્યભૂમિકાના સામાયિકને રત્નાલંકારથી ભરેલા કરંડકની પ્રાપ્તિ જેવું કે સુવર્ણના વસ્ત્રાદિની પ્રાપ્તિ જેવું કહ્યું છે.

## (૧૩) સામાયિક : ગાથા-૧૮

- સમગ્ર સામાયિક → વીતરાગતાની પ્રાપ્તિ
- અસમગ્ર સામાયિક → તત્ત્વજ્ઞાનના સંસ્કાર નાંખે તેવું સર્વવિરતિ સામાયિક

**ગાથા-૧૯ :- સમભાવવાળા મુનિની ભિક્ષાટનાદિ ક્રિયાનું નિયામક બળ :-**

દંડના સંબંધથી ચક્રભ્રમણની જેમ આજ્ઞાયોગથી ભિક્ષાટનાદિ ક્રિયાનો પ્રારંભ હોવા છતાં આજ્ઞાયોગના અભાવમાં પણ પૂર્વના અનુવેધથી ભિક્ષાટનાદિ ક્રિયા મુનિને થાય છે.

દંડના સંબંધ વિના ચક્રભ્રમણની જેમ ક્રિયાકાળમાં આજ્ઞાયોગનો ઉપયોગ નહીં હોવા છતાં પૂર્વના આજ્ઞાયોગના ઉપયોગના અનુવેધથી ભિક્ષાઅટનાદિની પ્રવૃત્તિ.

**(૧૪) શુદ્ધ સામાયિકવાળા મુનિનું સ્વરૂપ : ગાથા-૨૦**

- વાસી-ચંદન તુલ્ય
- સમસુખ-દુઃખ
- સમભવ-મોક્ષ

**(૧૫) આજ્ઞામૃતસંયોગ : ગાથા-૨૧**

- અંતરંગ (અપુનર્બંધકથી માંડી વીતરાગ સુધીના જીવોમાં વર્તતી તીવ્રભાવે પાપઅકરણાદિથી માંડીને વીતરાગતાને અનુરૂપ આચરણા કરાવે તેવા પ્રકારની કર્મની પરિણતિ)
- બાહ્ય (અપુનર્બંધક આદિની બાહ્ય આચરણાઓ)

**(૧૬) આજ્ઞામૃતસંયુક્ત અનુષ્ઠાનને યોગરૂપે સ્વીકારવાનાં કારણો : ગાથા-૨૨**

- સર્વત્ર ઉચિત અનુષ્ઠાનરૂપ યોગના લક્ષણનો યોગ
- ચિત્તવૃત્તિનો નિરોધ
- સ્વભૂમિકા પ્રમાણેની કુશલ પ્રવૃત્તિ

અપુનર્બંધકથી માંડી વીતરાગ સુધીના જીવોના આજ્ઞામૃતસંયુક્ત અનુષ્ઠાનમાં યોગના લક્ષણનો યોગ છે, ચિત્તવૃત્તિનો નિરોધ છે અને તે પ્રકારની કુશલ પ્રવૃત્તિ છે.

**ગાથા-૨૪ :-**

અપુનર્બંધકાદિના તે તે ધર્મસ્થાનની યોગ્યતારૂપ ભૂમિકાને જાણીને ઔષધના ઉદાહરણથી ઉપદેશક ઉપદેશ આપે.

**(૧૭) અપુનર્બંધકને લોકોત્તર ધર્મમાં અવતાર કરવા અર્થે અપાતા લૌકિક ધર્મવિષયક ઉપદેશનું સ્વરૂપ : ગાથા-૨૫**

- લોકધર્મવિષયક ઉપદેશ ↓
  - (૧) પરપીડા ન કરવી
  - (૨) સત્ય બોલવું
- ગુરુદેવાદિને આશ્રયીને ઉપદેશ ↓
  - (૧) ગુરુની પૂજા કરવી
  - (૨) દેવની પૂજા કરવી
  - (૩) અતિથિની પૂજા કરવી
- દીનદાનાદિને આશ્રયીને ઉપદેશ ↓
  - (૧) દીનને આપવું
  - (૨) તપસ્વીને આપવું
  - (૩) રાત્રિભોજન ન કરવું

(૪) ગુરુનો સત્કાર કરવો
(૫) દેવનો સત્કાર કરવો
(૬) અતિથિનો સત્કાર કરવો
(૭) ગુરુનું સન્માન કરવું
(૮) દેવનું સન્માન કરવું
(૯) અતિથિનું સન્માન કરવું

(૪) માંસ ન ખાવું
(૫) વ્યભિચાર ન સેવવો

### (૧૮) લૌકિકધર્મના ઉપદેશથી અપુનર્બંધકને સમ્યગ્દર્શનાદિરૂપ માર્ગમાં અવતાર થવાનાં કારણો : ગાથા-૨૬

(૧) વિક્ષેપનો અભાવ
(૨) ગુણમાત્રના રાગનો સદ્ભાવ
(૩) વિશિષ્ટ બુદ્ધિનો અભાવ

(૧) આ ગુરુ સ્વધર્મના પક્ષપાતી નથી પરંતુ આત્મકલ્યાણનો ઉપદેશ આપે છે તેવું લાગવાથી વિક્ષેપનો અભાવ.

(૨) અપુનર્બંધકમાં ગુણમાત્રનો રાગ હોવાના કારણે વિક્ષેપ વગર ગુણવાન ગુરુના ઉપદેશના શ્રવણને કારણે ક્રમસર સૂક્ષ્મ પદાર્થોનો બોધ થાય છે, તેથી માર્ગની પ્રાપ્તિ.

(૩) અપુનર્બંધકને પ્રથમ વિશિષ્ટ ઉપદેશ આપવામાં આવે તો વિશિષ્ટ બુદ્ધિ નહીં હોવાથી વિક્ષેપ થાય, તેથી પ્રથમ તેને લૌકિક ધર્મનો ઉપદેશ અપાય; જેના કારણે વિક્ષેપ ન થાય અને વિક્ષેપ વિના સાંભળે તો ક્રમે કરીને માર્ગને અનુકૂળ બુદ્ધિ પ્રાપ્ત થાય. જ્યારે વિશિષ્ટ બુદ્ધિવાળાને તો પ્રથમથી જ અન્ય દર્શન કરતાં જૈનદર્શનની વિશેષતા બતાવવામાં આવે તોપણ માર્ગમાં અવતાર થાય.

### (૧૯) સમ્યગ્દષ્ટિને લોકોત્તર ધર્મવિષયક અણુવ્રતાદિને આશ્રયીને અપાતા ઉપદેશનાં અંગો : ગાથા-૨૭

ઉપદેશનો વિષય
(૧) અણુવ્રત
(૨) ગુણવ્રત
(૩) શિક્ષાવ્રત

ઉપદેશ આપવાની પદ્ધતિ
(૪) પરિશુદ્ધ આજ્ઞાયોગ અનુસાર
(૫) શ્રોતાના અભિપ્રાય અનુસાર

(૧) પાંચ મહાવ્રતોની ક્રમસર નિષ્પત્તિનાં કારણ બને તે રીતે પાંચ અણુવ્રતોનું સેવન.

(૨) પાંચ અણુવ્રતોને ગુણ કરે તેવાં ત્રણ ગુણવ્રતોનું સેવન.

(૩) પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતોના સેવન દ્વારા સંયમ તરફ જવા માટે શક્તિસંચય કરવા અર્થે ચાર શિક્ષાવ્રતોનું સેવન.

(૪) પરિશુદ્ધ આજ્ઞાયોગથી ઉપદેશ આપે=શ્રોતા દેશવિરતિ સેવીને ક્રમસર સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય

કરી શકે, તે રીતે કષ-છેદ-તાપથી શુદ્ધ ઉપદેશ આપે.

(૫) શ્રોતાના અભિપ્રાય અનુસાર=શ્રોતાની મતિ કેવી છે ? શ્રોતાના વ્રતગ્રહણની ઉત્કટ પરિણતિ કેવી છે ? શ્રોતાના શારીરિક, માનસિક અને બાહ્ય સંયોગો શું છે ? કે જેથી તે વ્રતપાલન કરી શકે, ઈત્યાદિ વિચારી તદનુસાર ઉપદેશકે ઉપદેશ આપવો.

## (૨૦) સમ્યગ્દષ્ટિને આદિમાં દેશવિરતિ ધર્મનો ઉપદેશ આપવાનાં કારણો : ગાથા-૨૮

૧. દેશવિરતિધર્મ સમ્યક્ત્વની આસન્ન હોવાથી

૨. દેશવિરતિ ધર્મમાં દઢ પક્ષપાતનો યોગ થવાથી

૩. ક્રિયારૂપે શીઘ્ર પરિણામ પામતો હોવાથી

૪. સમ્યક્ પરિપાલન થતું હોવાથી

સમ્યગ્દષ્ટિને નજીકનો ધર્મ દેશવિરતિ હોવાથી તેનો ઉપદેશ સાંભળીને તેને સેવવાનો પરિણામ દઢ પક્ષપાતપૂર્વક થાય તેવી સંભાવના છે. વળી, પોતાની ભૂમિકાથી નજીકની ભૂમિકાનો ધર્મ શીઘ્ર પરિણામ પામે છે અને દેશવિરતિ સમ્યક્ત્વની નજીકની ભૂમિકા હોવાથી સૂત્ર અનુસાર પાલનનો સંભવ હોવાથી સમ્યગ્દષ્ટિને પ્રથમ દેશવિરતિ ધર્મનો ઉપદેશ આપવાની વિધિ છે.

## (૨૧) દેશચારિત્રીને અપાતા ઉપદેશનું સ્વરૂપ : ગાથા-૨૯

(૧) સામાયિકાદિના વિષયવાળો ઉત્તર સુયોગનો સાધક

(૨) નયનિપુણ

(૩) ભાવસાર

(૧) **ઉત્તર સુયોગનો સાધક :-** દેશવિરતિધર શ્રાવક પોતે જે સેવતો હોય તેનાથી ઉપરના દેશવિરતિના કંડકોને પ્રાપ્ત કરાવે તેવો ઉપદેશ આપવાનો છે, અને તે પણ સર્વવિરતિ સામાયિકાદિરૂપ ઉત્તર સુયોગનું કારણ બને તે પ્રમાણે આપે.

(૨) **નયનિપુણ :-** શ્રોતાને દેશવિરતિના ઉપરના કંડકોની પ્રાપ્તિ થાય તે પ્રકારની નિપુણ દૃષ્ટિથી ઉપદેશ આપે.

(૩) **ભાવસાર :-** ઉપદેશ સમયે ઉપદેશકે પોતાના સંવેગના પરિણામને ઉલ્લસિત કરીને ઉપદેશ આપવો કે જેથી પોતાના સંવેગને કારણે શ્રોતાને પણ તીવ્ર સંવેગ ઉલ્લસિત થાય.

## (૨૨) દેશચારિત્રીને સેવન કરવા યોગ્ય ઉચિત આચરણાનો ઉપદેશ : ગાથા-૩૦

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| કર્માદાનના ત્યાગથી આજીવિકા | સદ્ધર્મથી સુવિશુદ્ધ દાન | જિનપૂજાવિધિ | ભોજનવિધિ | યોગના અંતવાળો સંધ્યાનિયમ |

**સદ્ધર્મથી સુવિશુદ્ધ દાન :-** શક્તિ અનુસાર, સર્વવિરતિની પ્રાપ્તિની રુચિપૂર્વક, સુપાત્રના સત્કારપૂર્વક, ઉચિત કાળે અપાતું, "મહાત્માની ભક્તિ કરીને હું સંસારસાગરને તરું" - એ પ્રકારની મતિવિશેષથી, ભૌતિક કામનાદિ રહિત દાન નિત્ય આપે.

### (૨૩) શ્રાવકની જિનપૂજાવિધિ : ગાથા-૩૦

- ૧ દ્રવ્યશુચિ
  - (૧) અંગશુદ્ધિ
  - (૨) વસ્ત્રશુદ્ધિ
  - (૩) ભૂમિશુદ્ધિ
  - (૪) પૂજાનાં ઉપકરણોની શુદ્ધિ
  - (૫) ન્યાયદ્રવ્યશુદ્ધિ
  - (૬) વિધિશુદ્ધિ
- ૨ ભાવશુચિ
  - મનશુદ્ધિ
- ૩ કાળનો અભિગ્રહ
  - (આટલો સમય હું જિનમંદિરમાં વ્યતીત કરીશ - એ રૂપ)
- ૪ સન્માલ્યાદિ (પુષ્પપૂજા)
- ૫ વ્યૂહમાં પ્રયત્ન (ભગવાનની અંગરચનામાં યત્ન)
- ૬ ખણજ આદિ સહન કરે
- ૭ તદેકાગ્રતા (ભક્તિમાં એકાગ્રતા)
- ૮ સસ્તવ પાઠ
- ૯ વિધિપૂર્વક વંદન
- ૧૦ કુશળ પ્રણિધાન

### (૨૪) શ્રાવકની ભોજનવિધિ : ગાથા-૩૦

- ઉચિત દાનની ક્રિયાના ભાવમાં નિયોગ (વ્યાપાર)
- કીડીના ઉદાહરણથી સર્વની ચિંતા કરીને ભોજન કરે
- પરિગ્રહનું અવલોકન કરી તદનુસાર સર્વ સાથે ઔચિત્યનું વર્તન
- સ્થાને ભોજન માટે બેસવું
- નિયમસ્મૃતિ
- અધિક નિયમ ગ્રહણ
- વ્રણલેપની જેમ ઉપભોગ કરે

### (૨૫) મોક્ષના કારણરૂપ ગૃહસ્થના યોગનું સ્વરૂપ : ગાથા-૩૧

- ૧ ઉલ્લાસપૂર્ણ અસાધારણ પ્રમોદભાવવાળું ચૈત્યવંદન
- ૨ યતિવિશ્રામણા (સાધુવૈયાવૃત્ત્ય)
- ૩ ધર્મવિષયક શ્રવણ
- ૪ ભાવનામાર્ગ

**(૨) યતિવિશ્રામણા :** મહાવિવેક અને સંવેગપૂર્વક સાધુમાં વર્તતા ગુણોની સ્મૃતિ કરીને વૈયાવૃત્ત્ય કરવાથી સંયમનાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે.

આ ચાર પ્રકારના યોગોનું સેવન શ્રાવકને સર્વવિરતિનાં પ્રતિબંધક કર્મોનો ક્ષય કરાવીને સર્વવિરતિની

પ્રાપ્તિનું શીઘ્ર કારણ બને છે.

### (૨૬) પ્રતિમારૂપે પુરોવર્તી સંસ્થિત ભુવનગુરુ પરમાત્માને વંદનના હેતુ : ગાથા-૩૧

૧ આ ભુવનગુરુ છે
૨ ભુવનગુરુ સંતોને વંદનીય છે
૩ ભુવનગુરુને વંદન કરવું તે જ સુંદર પરમાર્થ છે
૪ ભુવનગુરુને વંદન કરવું તે જ ગુણજ્ઞતા છે

જગતના ગુરુ પરમાત્મા સંતોને વંદનીય છે, એ જ પરમાર્થરૂપ તત્ત્વ છે અને તેમને વંદન કરવું એ જ ખરેખરી ગુણજ્ઞતા છે.

### (૨૭) ઉલ્લાપૂર્ણ અસાધારણ પ્રમોદભાવવાળા ચૈત્યવંદનનું ફળ : ગાથા-૩૧

- મહાકલ્યાણ
- દુઃખરૂપ પર્વત માટે વજ્ર તુલ્ય
- સુખ માટે કલ્પવૃક્ષ
- જીવલોકનો સાર
- દુર્લભોમાં શેખર= અગ્રેસર

સમ્યગ્બોધપૂર્વક અને ઉપયોગપૂર્વક કરાયેલું પરમાત્માનું ચૈત્યવંદન મહાકલ્યાણની પરંપરા દ્વારા મોક્ષનું કારણ છે, પાપરૂપ વૃત્તિઓ-પ્રવૃત્તિઓનો નાશ કરીને દુઃખનો નાશ કરનાર છે, સુખની પરંપરા સર્જનાર છે અને પરમ સુંદર હોવાથી જીવલોકમાં સારરૂપ છે. જગતમાં દુર્લભ પદાર્થોમાં સર્વથી દુર્લભ ભાવચૈત્યવંદન છે.

### (૨૮) શ્રુતધર્મનું સ્વરૂપ : ગાથા-૩૧

- ઉત્તમ
- મોહરૂપી અંધકાર માટે સૂર્ય
- પાપરૂપ વધ્ય માટે પટહ
- સાંભળવા યોગ્ય વસ્તુઓમાં શ્રેષ્ઠ
- દેવલોકનો પુલ
- ભાવઅમૃત
- શિવગતિનો દેશક
- જિનભાવનું કારણ
- જિન વડે અભિવ્યક્ત કરાયેલ
- કલ્યાણ કરનાર

### (૨૯) ભાવનામાર્ગનાં સેવનનાં અંગો : ગાથા-૩૧

- પવિત્ર દેશ
- સંક્લેશના વિઘાત માટે પદ્માસનાદિમાં યત્ન
- ગુરુને પ્રણામ

### (૩૦) શ્રાવકને ભાવનામાર્ગમાં યત્ન કરતાં થતા પ્રશસ્તભાવો : ગાથા-૩૧

- ૧ ઈંદ્રજાળતુલ્ય સંસાર
- ૨ અસાર જીવલોક
- ૩ વિષતુલ્ય વિષયો
- ૪ વજ્રસાર દુઃખ (સંસારમાં પ્રાપ્ત થતું દુઃખ વજ્ર જેવું દુર્ભેદ્ય અર્થાત્ અનિવારણીય છે.)
- ૫ પ્રિયના સંગમો ચલ
- ૬ અસ્થિર સંપત્તિ
- ૭ દુર્ગતિનો હેતુ એવા પ્રમાદની દારૂણતા
- ૮ મનુષ્યજન્મની દુર્લભતા અને મહાધર્મની સાધનતા તેથી ધર્મમાં યત્નનું ભાવન
- ૯ ધર્મ સાધવામાં ઉપેક્ષા યુક્ત નથી
- ૧૦ મૃત્યુ આવી રહ્યું છે
- ૧૧ તત્ત્વનું દર્શન અતિ દુર્લભ
- ૧૨ સદ્ગુરુનો યોગ અતિ દુર્લભ

### (૩૧) યતિયોગ્ય ઉપદેશ : ગાથા-૩૩ થી ૩૫

- ૧ ગુરુપરતંત્રતાથી ગુરુકુલવાસ
- ૨ જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ થાય તેવા પ્રકારના ઉચિત વિનયનું કરણ
- ૩ ઉચિત કાળે વસતિપ્રમાર્જનાદિ ક્રિયામાં યત્ન
- ૪ શારીરિક બળ અનિગૂહન
- ૫ સર્વ ક્રિયાઓમાં પ્રશાંતભાવથી પ્રવર્તન
- ૬ ગુરુની આજ્ઞામાં 'મારા ઉપર અનુગ્રહ થયો' એ પ્રમાણે સદા પોતાના લાભનું ચિંતન
- ૭ સંવરમાં આશ્રવરૂપ છિદ્રનો અભાવ
- ૮ સુપરિશુદ્ધ શુદ્ધ ઉઞ્છજીવન
- ૯ વિધિપૂર્વક પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં યત્ન
- ૧૦ મરણાદિ અપેક્ષણ

ક્ષણભર પણ ભગવાનના વચનનિરપેક્ષ મન-વચન-કાયાની પ્રવૃત્તિ ન થાય, પણ સંવરની વૃદ્ધિ થાય તે રીતે અપ્રમાદ સાધુએ સેવવાનો છે. તેના માટે ઉચિત કરણીરૂપે આ સર્વ ઉપદેશ છે.

### (૩૨) જીવોને અપાતો નિષ્ફળ ઉપદેશ : ગાથા-૩૬

- અવિષયમાં=સંસારઅભિનંદી જીવોમાં
  - તત્ત્વબોધનો અભાવ
  - વિપર્યયની પ્રાપ્તિ
- વિષયમાં=અપુનર્બંધકાદિમાં
  - ↓ ભૂમિકાને અનનુરૂપ

સંસારઅભિનંદી જીવો ઉપદેશ માટે અવિષયરૂપ છે. તેમને અપાતા ઉપદેશથી તેઓને તત્ત્વનો બોધ થતો નથી અને વિપર્યયની પ્રાપ્તિ થાય છે, તેથી તેમને અપાતો ઉપદેશ નિષ્ફળ છે. અપુનર્બંધકાદિ જીવો ઉપદેશને યોગ્ય છે. તેવા જીવોને પણ ભૂમિકાનો વિચાર કર્યા વિના અપાતો ઉપદેશ નિષ્ફળ છે.

### (૩૩) નિષ્ફળ ઉપદેશથી ઉપદેશકને પ્રાપ્ત થતા અનર્થો : ગાથા-૩૬-૩૭

૧ કર્મબંધનું કારણ
૨ શ્રોતાને અનિષ્ટનું આપાદન
૩ આજ્ઞાનું વિરાધન
૪ ગુરુને અત્યંત વિપાકદારુણ એવી અયોગીના વ્યાપારની પ્રાપ્તિ
૫ યોગીગુણની હીલના
૬ નષ્ટનું નાશન
૭ ધર્મનું લાઘવ

અયોગ્ય જીવોને ઉપદેશ આપવાથી કે યોગ્ય જીવોને પણ તેમની ભૂમિકાનો વિચાર કર્યા વિના ઉપદેશ આપવાથી ઉપદેશકને ત્રણ અનર્થોની પ્રાપ્તિ થાય છે : (૧) કર્મબંધની પ્રાપ્તિ, (૨) શ્રોતાને અનિષ્ટની પ્રાપ્તિમાં નિમિત્તભાવની પ્રાપ્તિ અને (૩) ભગવાનની આજ્ઞાની વિરાધનાની પ્રાપ્તિ થાય છે. વળી વિચાર્યા વગર યથાતથા ઉપદેશ આપવાથી તે ઉપદેશનો વ્યાપાર અસાધુનો વ્યાપાર હોવાથી અત્યંત દારુણ ફળવાળો છે, સંયમમાં રહીને વિપરીત ઉપદેશ આપવાથી યોગીગુણની હીલના થાય છે, વળી સંસારી જીવો સ્વયં નાશ પામતા હતા તેમને વિપરીત ઉપદેશથી નાશ પમાડવામાં નિમિત્તભાવની પ્રાપ્તિ થાય છે અને વિપરીત ઉપદેશથી ધર્મના લાઘવની પ્રાપ્તિ થાય છે.

### (૩૪) સમ્યગ્ ઉપદેશ સાંભળીને દેશવિરતિ કે સર્વવિરતિનો પરિણામ થયા પછી શ્રોતાને દેશવિરતિ કે સર્વવિરતિ-ગ્રહણ-વિષયક સામાન્ય વિધિ : ગાથા-૩૯

- ગુણસ્થાનકની યોગ્યતા જાણવાના ઉપાયભૂત ત્રણ કરણો
  - ૧ નિજસ્વભાવના આલોચનથી
  - ૨ જનવાદથી
  - ૩ યોગશુદ્ધિથી
- નિમિત્તશુદ્ધિથી પ્રવૃત્તિ

સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનકને અનુરૂપ નિજસ્વભાવનો વિચાર, ગુણસ્થાનકને અનુરૂપ પોતાની યોગ્યતાનો જનવાદથી બોધ=લોકોના અભિપ્રાયથી પોતાની ગુણસ્થાનક સ્વીકારવાની યોગ્યતાનો બોધ, અને સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનકને અનુરૂપ મન-વચન-કાયાના યોગોની શુદ્ધિ : આ ત્રણથી પોતાને ગુણસ્થાનક સ્વીકારવું કે નહીં, તેનો શ્રોતાએ નિર્ણય કરવો જોઈએ. પછી નિમિત્તશુદ્ધિ દેખાય તો ગુણસ્થાનકનો સ્વીકાર કરવો જોઈએ.

## (૩૫) ગુણસ્થાનકને યોગ્ય શુદ્ધિ ન દેખાય તો ગુણસ્થાનકના સ્વીકારને અનુરૂપ યોગશુદ્ધિ કરવાના ઉપાયો : ગાથા-૪૦

- નિરવદ્ય ગમનાદિથી કાયાની શુદ્ધિ
- નિરવદ્ય વચનપ્રયોગથી વચનની શુદ્ધિ
- શુભ ચિંતવન દ્વારા મનની શુદ્ધિ

સ્વીકારવા યોગ્ય એવી દેશવિરતિ કે સર્વવિરતિને અનુકૂળ યોગશુદ્ધિ ન જણાય તો વ્રતના સ્વીકારનો વિલંબ કરીને પણ યોગશુદ્ધિ માટે યત્ન કરવો જોઈએ. વળી પોતાનો સ્વભાવ પણ વ્રતને અનુકૂળ ન જણાય તો સમ્યક્ યત્નપૂર્વક પોતાના સ્વભાવને તૈયાર કરીને પછી વ્રત ગ્રહણ કરવું જોઈએ. શિષ્ટ લોકોનો અભિપ્રાય પણ પોતાના માટે વ્રતને અનુકૂળ ન જણાય તો પોતાની ઉચિત આચરણા દ્વારા શિષ્ટ લોકોનો અભિપ્રાય પોતે વ્રતને યોગ્ય છે એવો જ્યારે જણાય, ત્યાર પછી વ્રત ગ્રહણ કરવું જોઈએ. આ પ્રમાણે દેશવિરતિ અને સર્વવિરતિ સ્વીકારવિષયક શાસ્ત્રમર્યાદા છે.

## (૩૬) મતાંતરથી ગુણસ્થાનક સ્વીકારવાને અનુકૂળ યોગશુદ્ધિ જાણવાના ઉપાયો : ગાથા-૪૧

- શુભસંસ્થાનથી કાયશુદ્ધિ
- શુભસ્વરથી વચનશુદ્ધિ
- શુભસ્વપ્નથી મનશુદ્ધિ

શુભસંસ્થાનવાળા, શુભસ્વરવાળા અને શુભસ્વપ્નવાળા જીવને ઉપદેશ સાંભળીને દેશવિરતિ કે સર્વવિરતિનો પરિણામ થાય તો તેના શુભસંસ્થાન આદિથી જ યોગશુદ્ધિનો નિર્ણય થાય છે; કેમ કે આવા મહાપુરુષોમાં અભિલાષ થયેલ વ્રતને અનુકૂળ સત્ત્વ નિયમા હોય છે.

## ગુણસ્થાનક સ્વીકારવાની વિધિ : ગાથા-૪૨

| | | |
|---|---|---|
| (૧) શુભદ્રવ્ય | → | નાણમાં શ્રીફળ મૂકે, ઉત્તમ વસ્ત્રો પરિધાન કરે અને અન્ય શ્રેષ્ઠ વસ્તુ ભગવાન પાસે મૂકે |
| (૨) શુભક્ષેત્ર | → | ભગવાનના જન્મકલ્યાણકાદિ ભૂમિ, તીર્થક્ષેત્ર, અશોકવાટિકાદિ ઉપવનોમાં ગુણસ્થાનક સ્વીકારે |
| (૩) શુભકાળ | → | શુભમુહૂર્ત, સારો દિવસ, સારું નક્ષત્ર, સારો યોગ જોઈને સ્વીકારે |
| (૪) શુભભાવ | → | સ્વીકારમાં પોતાનો વધતો જતો ઉત્સાહ |
| (૫) સુગુરુની સમીપતા | → | ભાવથી ભાવની પ્રાયઃ પ્રસૂતિ હોવાથી પોતાનાથી અધિક ગુણવાળા, વિધિના જાણકાર, મહાપુરુષ એવા સુગુરુ પાસે વ્રત સ્વીકારે |
| (૬) વિધિપૂર્વક પ્રવૃત્તિ | → | વ્રત સમ્યક્ પરિણમન પામવામાં વિધિની પ્રધાનતા છે. |

## (૩૭) વ્રતગ્રહણ વિધિ : ગાથા-૪૩

વ્રતગ્રહણની ક્રિયાના પ્રારંભ પૂર્વેની વિધિ

૧ ક્ષેત્રશુદ્ધિ ૨ ગુણવાન ગુરુનો સત્કાર ૩ જિનપૂજા

વ્રતગ્રહણ સમયની વિધિ

ચૈત્યવંદન ગુણવાન ગુરુને વંદન નિરુદ્ધાદિ કાયોત્સર્ગ

૧. વ્રત ગ્રહણ કરતાં પૂર્વે જે સ્થાનમાં વ્રત ગ્રહણ કરવાનું છે તે ક્ષેત્રની શુદ્ધિ કરે.

૨ ત્યારપછી ગુણો પ્રત્યેના પક્ષપાતને કારણે ગુણવાન ગુરુનો સત્કાર કરે.

૩ ત્યારપછી લોકોત્તમ પુરુષની પૂજા કરે, જેથી તેમના વચન પ્રત્યેનો રાગ અતિશયિત થાય અને વ્રત સમ્યક્ પરિણામ પામે.

૧. વ્રતગ્રહણ સમયે યોગમાર્ગદર્શક જગદ્ગુરુની ભક્તિ અર્થે ચૈત્યવંદન કરે.

૨. ત્યારપછી ગુણવાન ગુરુને વંદન કરે, જેથી વ્રતદાતા ગુણવાન ગુરુના ગુણોની અને તેમની પાસેથી પ્રાપ્ત થતાં વ્રતો પ્રત્યેની ભક્તિ થાય છે.

૩. ત્યારપછી વ્રતગ્રહણની ક્રિયાના અંગરૂપે કાયોત્સર્ગ કરે, વ્રતની પ્રતિજ્ઞા ગ્રહણ કરે, તે સર્વ નિરુદ્ધાદિથી ગ્રહણ કરવું.

ભાવિના ઈષ્ટાનિષ્ટનાં સૂચક નિમિત્તો છે. તેથી નિમિત્તશુદ્ધિપૂર્વક વ્રત ગ્રહણ કરવું.

## (૩૮) સ્વીકાર કરેલ અધિક ગુણસ્થાનકની વિધિ : ગાથા-૪૪-૪૫

૧
પોતાનાથી અધિક ગુણવાન કે પોતાના તુલ્ય ગુણવાળા સાથે નિત્યસંવાસ કરે કે જેથી ઉચિત કૃત્યોની વિસ્મૃતિ થઈ હોય તો તે સ્મૃતિ કરાવે, વિપરીત કૃત્યોથી અટકાવે, વળી હિત કૃત્યોમાં પ્રવર્તાવે.

૨
સ્વીકૃત ગુણસ્થાનકને ઉચિત એવી ક્રિયાનું નિત્ય સ્મરણ કરે

૩
ઉત્તરના ગુણસ્થાનકનું 'હું આવું ગુણસ્થાનક ક્યારે પ્રાપ્ત કરીશ' એવું બહુમાન

૪
ચિંતનીય ભાવો સ્પર્શે તેવા વાસિત અંતઃકરણ વડે ભવસ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન –

(૧) દેહનો સંયોગ હોવાથી જન્મ અસાર છે

(૨) દેહનો સંયોગ હોવાથી જન્મ-જરાદિનો આશ્રય છે,

(૩) દેહનો સંયોગ હોવાથી જન્મ દુઃખના સમુદાયથી વ્યાપ્ત છે,

(૪) વિભૂતિઓ ચલ છે,

૫
ચિત્ર કર્મોદયથી અધિકૃત ગુણસ્થાનકમાં અરતિ થયે છતે ભાવશરણાદિરૂપ તે તે પ્રકારે યત્ન કરવો.

(૫) સ્નેહ અનવસ્થિત છે,
(૬) વિષયનું વિષ દારુણ છે
(૭) પાપકર્મનો વિપાક રૌદ્ર છે,
(૮) પાપકર્મનો વિપાક પ્રવાહથી
પીડા આપનારો છે,
(૯) સંસારનું સુખ
મિથ્યા વિકલ્પરૂપ છે,
(૧૦) મૃત્યુ સદા પ્રવૃત્ત છે,

**(૩૯) ગુણસ્થાનના પાતને અનુકૂળ અકુશળ કર્મના ઉદયથી થતા ભયાદિને દૂર કરવાના ઉપાયો : ગાથા-૪૬-૪૭**

ભયમાં શરણ | રોગમાં ચિકિત્સા | વિષમાં મંત્ર

**(૪૦) સ્વીકારેલ ગુણસ્થાનકના પાતને અનુકૂળ કર્મના ઉદયમાં થતા ભયાદિના નિવારણના ઉપાયો : ગાથા-૪૮**

કર્મરૂપ ભયમાં ગુરુરૂપ શરણ | કર્મવ્યાધિમાં ચિકિત્સારૂપ તપ | મોહવિષના વિનાશમાં સ્વાધ્યાયરૂપ મંત્ર

**(૪૧) શરણાદિના આસેવનનું ફળ : ગાથા-૪૯**

અરતિના કારણીભૂત કર્મનો પ્રાયઃ ઉપક્રમણ થવાનો સ્વભાવ હોવાથી અધિકૃત અરતિથી ઊઠેલા પ્રત્યપાયનો=અનર્થનો, અભાવ

અધિકૃત અરતિના કારણીભૂત કર્મથી અન્ય કર્મનું ઉપક્રમણ અને અનુબંધછેદાદિરૂપ ગુણની પ્રાપ્તિ

ગુણસ્થાનકને ઉચિત સંવરભાવનો અભ્યાસ ન હોવાથી અરતિ થવાની સંભાવના રહે. તેથી શરણાદિમાં યત્ન કરવાથી કર્મમાં ઉપક્રમ લાગે અને સ્વીકૃત ગુણસ્થાનકમાં થયેલ અરતિથી ગુણસ્થાનકનો પાત અટકી જાય=પાતનો ભય ટળે, અને ઉપરના સંયમસ્થાનમાં જવાનું બળ મળે.

**(૪૨) અપુનર્બંધક કે સમ્યગ્દષ્ટિને દેશવિરતિ અને સર્વવિરતિની સાધક વિધિ : ગાથા-૫૦**

ચતુઃશરણગમન | દુષ્કૃત ગર્હા | સુકૃત અનુમોદના

ચતુઃશરણગમન: અરિહંતશરણગમન | સિદ્ધશરણગમન | સાધુશરણગમન | કેવળીપ્રજ્ઞપ્તધર્મશરણગમન

**ચતુઃશરણગમન :-** ગુણાધિક એવા અરિહંતાદિ ચારનું, અરિહંતના અરિહંત સ્વભાવથી, સિદ્ધના સિદ્ધ સ્વભાવથી, સાધુના સાધુ સ્વભાવથી અને ધર્મના ધર્મસ્વભાવથી અભિધ્યાન કરે અર્થાત્ તે તે ભાવને અભિમુખ સ્વવીર્ય ગમન કરે તેવું ચિંતન કરે તો ક્લિષ્ટ કર્મના વિગમનથી શાંતિરૂપ રક્ષાની પ્રાપ્તિ થાય છે.

**દુષ્કૃત ગર્હા :-** કર્મના ઉપદ્રવનું શમન થવાથી શાંત થયેલ અને સંવેગથી વાસિત ચિત્ત વડે અરિહંતાદિ સમક્ષ, અનાદિ સંસારમાં આભવ-પરભવમાં થયેલાં કે આભોગ-અનાભોગ-સહસાકાર, ઉપેક્ષા કે અયતનાદિ દ્વારા મન-વચન-કાયાથી થયેલાં દુષ્કૃતોની ગર્હા કરવાથી સાધક દુષ્કૃતથી વિમુખ ભાવવાળો થતો જાય છે અને દુષ્કૃતોને ફરી ફરીને સેવવારૂપ અનુબંધનો=પ્રવાહનો વ્યવચ્છેદ કરે છે.

**સુકૃત અનુમોદના :-** અપુનર્બંધકાદિથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના સર્વ જીવોમાં રહેલ મોક્ષને અનુકૂળ અનુષ્ઠાનોનું સ્વરૂપ સમ્યગ્ જાણીને તેના પ્રત્યે 'આ જ અનુષ્ઠાન એકાંતે જીવ માટે હિતરૂપ છે, સારરૂપ છે, શક્તિના પ્રકર્ષથી સેવવા યોગ્ય છે એ પ્રકારે પક્ષપાત કરવો તે સુકૃત અનુમોદના છે.' જેમ કે 'અરિહંતાદિમાં વર્તતા અરિહંતાદિ ભાવોની ભાવથી હું અનુમોદના કરું છું,' એ પ્રકારે ચિંતન કરી પ્રત્યેકની પ્રશંસા કરવાથી તે તે ભાવો પ્રત્યે ઉપાદેયબુદ્ધિ થતાં વિશેષ બહુમાન ઉલ્લસિત થાય છે.

**નિષ્કર્ષ :-** આ ચતુઃશરણગમનાદિ મોક્ષમાર્ગનાં પ્રતિબંધક ક્લિષ્ટ કર્મોના પરિહાર દ્વારા કલ્યાણનો હેતુ હોવાથી સર્વકાલ ભાવનીય છે; કેમ કે તેનાથી યોગમાર્ગની નિષ્પત્તિ થાય છે. માટે આ ત્રણથી સાધકે સદા વાસિત રહેવું જોઈએ. આ ચતુઃશરણગમનાદિની પ્રવૃત્તિ ભવમાં સારરૂપ છે અને આ ત્રણે અચિંત્ય ચિંતામણિ એવા ભાવધર્મનું સ્થાન છે.

## (૪૩) યોગીઓના પ્રકાર : ગાથા-૫૧

૧ ઘટમાન યોગી (અપુનર્બંધક)

૨ પ્રવૃત્ત યોગી
- સમ્યગ્દૃષ્ટિ
- દેશવિરતિધર
- સર્વવિરતિધર

૩ નિષ્પન્ન યોગી (સર્વવિરતિધરયાવત્ કેવળી)

(૧) યોગમાર્ગમાં હજી પ્રવૃત્તિ શરૂ થઈ નથી, તેથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવા અર્થે આત્માને ઘડવાની ક્રિયા કરનાર 'ઘટમાન યોગી' અપુનર્બંધક જીવો છે.

(૨) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર યોગીઓ પ્રવૃત્ત યોગીઓ છે.

(૩) યોગમાં સમ્યક્ પ્રવૃત્તિ કરીને તે તે યોગ જેઓએ પ્રકૃતિરૂપે નિષ્પન્ન કર્યો છે, તેવા સર્વવિરતિ ગુણસ્થાનકવાળા, યાવત્ કેવળી ભગવંતો નિષ્પન્ન યોગી છે.

## (૪૪) પ્રવૃત્તયોગીને પ્રધાનતર વિધિ : ગાથા-૫૨

- વિધિપૂર્વક ભાવનાશ્રુતનો પાઠ
- વારંવાર તીર્થમાં શ્રવણ
- દોષની અપેક્ષાએ અતિનિપુણ આત્મપ્રેક્ષણ

(૧) રાગાદિપ્રતિપક્ષના ભાવનના કારણીભૂત એવા શ્રુતનો પાઠ તે ભાવનાશ્રુતપાઠ

(૨) ભાવનાશ્રુતપાઠ અભ્યસ્ત થયા પછી ભાવનાશ્રુતના અર્થને કહેનાર તીર્થરૂપ આચાર્ય પાસે તેના

પારમાર્થિક અર્થનું અનેક વખત શ્રવણ તે વારંવાર તીર્થમાં શ્રવણ. તેનાથી રાગાદિના પરમાર્થને જોવાની નિર્મળ પ્રજ્ઞા પ્રગટે છે.

(૩) તીર્થશ્રવણથી ભાવનાશ્રુતના પરમાર્થનો બોધ થયા પછી દોષની અપેક્ષાએ અતિનિપુણ સ્વ-આત્માનું પ્રેક્ષણ, જેનાથી ગુણસ્થાનકના પ્રતિબંધક એવા સ્વગત દોષોનો સમ્યગ્બોધ થાય છે.

પ્રવૃત્ત યોગીઓ ભાવનાશ્રુતાદિમાં યત્ન કરીને પોતાને બાધ કરતા રાગાદિનું ઉન્મૂલન કરી, ઉપર ઉપરના સંયમકંડકો પ્રાપ્ત કરી નિષ્પન્ન યોગી બની શકે તે માટે તેમના માટે આ પ્રધાનતર વિધિ છે.

**(૪૫) યોગમાર્ગમાં આત્માને દૂષણ કરનારા દોષો : ગાથા-૫૩ તથા ગાથા-૫૯**

- અભિષ્વંગરૂપ રાગ
- અપ્રીતિરૂપ દ્વેષ
- વિપરીત જ્ઞાનરૂપ મોહ

**ગાથા-૫૪ :-**

**જીવના કર્મનું સ્વરૂપ :-** જીવની સાથે અનાદિકાળથી સંબંધવાળું મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગથી બંધાતું, ચિત્ર પ્રકારના પુદ્ગલરૂપ, જ્ઞાનાવરણીયાદિ રૂપ કર્મ.

**ગાથા-૫૪ થી ૫૮** સુધી આત્માથી અતિરિક્ત કર્મને સ્વીકારવાથી નિરુપચરિત બંધ-મોક્ષની સિદ્ધિનું સ્થાપન.

**(૪૬) રાગાદિ દોષવિષયક ચિંતન પદ્ધતિ : ગાથા-૬૦**

1. રાગાદિના વિષયના સ્વરૂપનું ચિંતન
2. તેની પરિણતિનું ચિંતન
3. તેના વિપાકનું ચિંતન

ગુણસ્થાનક સ્વીકાર્યા પછી ભાવનાશ્રુતપાઠ આદિ દ્વારા સૂક્ષ્મબોધ કર્યા પછી પોતાને જે જે રાગાદિ બાધ કરતા હોય તેનું અવલોકન કરીને તેના ઉચ્છેદ માટે આ વિશિષ્ટ વિધિ છે, અને તેનું ચિંતન કરવાથી સોપક્રમ કર્મ ક્ષયોપશમભાવને પામે છે. જો શિથિલ હોય તો શીઘ્ર ક્ષયોપશમભાવને પામે છે અને જો દૃઢ હોય તો અનેક વખતના યત્નથી ક્ષયોપશમભાવને પામે છે.

**(૪૭) રાગાદિના પ્રતિપક્ષના ચિંતન વિષયક ઉચિત ક્રિયા : ગાથા-૬૧**

- ગુરુદેવતાને પ્રણામ કરે
- પદ્માસનાદિ આસનમાં બેસે
- ડાંસ-મચ્છરને ન ગણકારે
- તદ્ગત ચિત્તવાળા થઈ તદ્વિષય તત્ત્વાદિનું અત્યંત ઉપયોગપૂર્વક ચિંતન કરે

**(૪૮) રાગાદિનું પ્રતિપક્ષભાવન કરતી વખતે ગુરુ અને દેવતાને પ્રણામ કરવાથી થતાં ફળો : ગાથા-૬૨**

- ગુરુ અને દેવતાના અનુગ્રહની પ્રાપ્તિ
- અધિકૃત અર્થની સિદ્ધિ

**ગાથા-૬૩ :-**

ગાથા-૬૨ના કથનમાં દૃષ્ટાંતથી સમર્થન –

**(૪૯) રાગાદિનું પ્રતિપક્ષભાવન કરતી વખતે પદ્માસનાદિ સ્થાનમાં બેસવાથી પ્રાપ્ત થતા ગુણો : ગાથા-૬૪**

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| કાયનિરોધ | પદ્માસનાદિ સ્થાનને કરનારા ગૌતમાદિ યોગીઓ પ્રતિ બહુમાન | ગૌતમાદિ મહામુનિઓની ચેષ્ટાનું અનુસરણ |

**(૫૦) રાગાદિનું પ્રતિપક્ષભાવન કરતી વખતે ડાંસ-મચ્છરાદિને નહીં ગણકારવાથી પ્રાપ્ત થતા ગુણો : ગાથા-૬૪**

| | | |
|---|---|---|
| વીર્યનો યોગ | તત્ત્વાનુપ્રવેશ | યોગસિદ્ધિરૂપ ઈષ્ટફળ |

**૧. વીર્યનો યોગ :-** ચિંતનકાળમાં ડાંસ-મચ્છરને નહીં ગણકારવાથી પોતાનું વીર્ય કાયાની મમતામાં પ્રવર્તતું બંધ થાય અને સંચિત થયેલું વીર્ય તત્ત્વચિંતનમાં પ્રવૃત્ત થઈ શકે.

**૨. તત્ત્વાનુપ્રવેશ :-** જીવનો ઉપયોગ ડાંસ-મચ્છરાદિના ઉપદ્રવમાં પ્રવર્તતો બંધ થવાથી તે ઉપયોગ તત્ત્વમાં પ્રવેશ પામે.

**૩. યોગસિદ્ધિરૂપ ઈષ્ટફળ :-** ડાંસ-મચ્છરને નહીં ગણકારવાથી ઉપયોગના તત્ત્વમાં પ્રવેશને કારણે કરાતા ચિંતવનથી નિષ્પાદ્ય યોગની નિષ્પત્તિ થાય.

**ગાથા-૬૫ :-**

રાગાદિના પ્રતિપક્ષના ભાવનકાળમાં તદ્‌ગત ચિત્તથી તત્ત્વભાસનની પ્રાપ્તિ.

**(૫૧) રાગાદિના પ્રતિપક્ષભાવનથી પ્રગટ થતા તત્ત્વભાસનનું સ્વરૂપ : ગાથા-૬૬**

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| શ્રુતજ્ઞાન અને ચિંતામય જ્ઞાનના નિરાસપૂર્વક ભાવનામય જ્ઞાન | અસત્પ્રવૃત્તિની નિવૃત્તિનું સંજનક | સ્થિર ચિત્ત કરનારું અર્થાત્ વિજયસમાધિનું કારણ | લોકદ્વયનું સાધક |

(૧) વિધિપૂર્વક રાગાદિના પ્રતિપક્ષભાવનથી શ્રુત-ચિંતાજ્ઞાનના નિરાસપૂર્વક ભાવનાજ્ઞાન પ્રગટે છે, જે પરમ કલ્યાણનું કારણ છે.

(૨) અનાદિકાળથી મિથ્યાજ્ઞાનને કારણે જે યોગમાર્ગથી વિપરીત પ્રવૃત્તિ થતી હતી, તેની નિવૃત્તિને ઉત્પન્ન કરાવનારું આ તત્ત્વજ્ઞાન છે.

(૩) રાગાદિના સૂક્ષ્મ સ્વરૂપના બોધપૂર્વક લક્ષ્યની નિષ્પત્તિને અનુકૂળ દૃઢ યત્નથી પ્રતિપક્ષભાવન કરવાને કારણે રાગાદિ ભાવો ઉપશાંત થયેલા હોવાથી ચિત્ત યોગમાર્ગમાં નિષ્કંપ બને છે, જે મોહના વિજય માટે કારણીભૂત એવી ક્ષપકશ્રેણીરૂપ વિજયસમાધિનું બીજ છે.

(૪) સમ્યક્ પ્રકારના ઉપયોગથી રાગાદિના પ્રતિપક્ષભાવનને કારણે વર્તમાનમાં અનુપદ્રવવાળું ચિત્ત થવાથી ચિત્તસ્વાસ્થ્યરૂપ સુખ મળે છે અને પરલોકમાં સુગતિની પરંપરા દ્વારા મોક્ષરૂપ ફળ મળે છે, માટે તત્ત્વજ્ઞાન લોકદ્વયસાધક છે.

**ગાથા-૬૭-૬૮ :-**

સચેતન વસ્તુમાં થતા રાગના પ્રતિપક્ષભાવનનું સ્વરૂપ.

**ગાથા-૬૯ :-**

અચેતન વસ્તુમાં થતા રાગના પ્રતિપક્ષભાવનનું સ્વરૂપ.

**ગાથા-૭૦ :-**

સચેતન-અચેતન વિષયક દ્વેષ થયે છતે પ્રતિપક્ષભાવનનું સ્વરૂપ.

**ગાથા-૭૧ થી ૭૩ :-**

મોહ થયે છતે=તત્ત્વના વિષયમાં મિથ્યાત્વનો ઉદય થયે છતે પ્રતિપક્ષભાવનનું સ્વરૂપ.

### (૫૨) પરમગુરુની આજ્ઞા વડે રાગાદિનું પ્રતિપક્ષભાવન કરવાથી થતાં કાર્યો : ગાથા-૭૪

દૃષ્ટફળ-તત્ત્વનો બોધ　　　　અદૃષ્ટફળ-કર્મનો ક્ષય

પરમગુરુના વચનરૂપ આજ્ઞાનુસારે તત્ત્વચિંતવન કરવાથી અવશ્ય તત્ત્વબોધ થાય છે અને સ્વમતિ અનુસાર રાગાદિનું પ્રતિપક્ષભાવન કરવાથી તત્ત્વનો બોધ થતો નથી. તેથી પૂર્વમાં બતાવેલ ભાવનાશ્રુતપાઠ આદિ ઉચિત વિધિપૂર્વક કરે તો પરમગુરુના વચન પ્રત્યેનો બહુમાનભાવ વધે છે, જેથી અવશ્ય તત્ત્વનો બોધ થાય છે, અને તત્ત્વચિંતનકાળમાં ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વધતો હોવાને કારણે રાગાદિના પ્રતિપક્ષ એવા કર્મનો ક્ષય થાય છે.

### (૫૩) અનભ્યસ્ત યોગવાળા યોગીઓને એકાંત સ્થાનમાં તત્ત્વચિંતન કરવાથી પ્રાપ્ત થતો લાભ : ગાથા-૭૫

વિક્ષેપનો અભાવ　　　　પ્રશસ્ત યોગવશિતા

અનભ્યસ્ત યોગવાળાને શાસ્ત્રવિધિ અનુસાર એકાંતમાં બેસીને ચિંતવનની વિધિ હોવાથી તદનુસાર કરનારને વિધિ પ્રત્યેના બહુમાનને કારણે પ્રશસ્ત એવા યોગના અભ્યાસનું સામર્થ્ય પ્રગટે છે, તે પ્રશસ્ત યોગવશિતા છે.

ગાથા-૭૬ :-

(૧) સર્વ ઉચિત ક્રિયાઓમાં વિધિ અનુસાર ઉપયોગ રાખવાથી શીઘ્ર ફળની પ્રાપ્તિ.

(૨) વિધિમાં સર્વત્ર ઉપયોગ હોય તો બોધ થાય, અન્યથા નહીં.

(૩) વિધિમાં જેને ઉપયોગ છે તેને પરલોકનો પક્ષપાત છે, અન્યને નહીં.

(૪) વિધિમાં જેને ઉપયોગ છે તેને ભગવાનનું બહુમાન છે, અન્યને તેવું બહુમાન નથી.

**(૫૪) રાગાદિના પ્રતિપક્ષભાવનથી રાગાદિ ઉદ્ભવ ન થાય તેવા ચિત્તસ્થૈર્યની વિશેષતા : ગાથા-૭૭**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| આનંદસમાધિનું બીજ છે | ભવાંતરને અનુસરનારું છે | શિવસુખનું સંસાધક છે | પ્રધાન છે | મોક્ષમાર્ગમાં વિજય મેળવવા માટે દુર્ગની પ્રાપ્તિરૂપ છે |

**(૧) આનંદસમાધિનું બીજ :-** ચિત્તની સ્વસ્થતારૂપ જે આનંદસમાધિ છે તેનો ઉપાય યોગમાર્ગમાં કરાયેલું ચિત્તસ્થૈર્ય છે.

**(૪) પ્રધાન :-** યોગવિષયક પ્રવૃત્તિમાં થયેલું ચિત્તસ્થૈર્ય ફળનિષ્પત્તિમાં અન્ય કારણો કરતાં પ્રધાન કારણ છે.

**(૫) મોક્ષમાર્ગમાં વિજય મેળવવા માટે દુર્ગની પ્રાપ્તિરૂપ :-** યુદ્ધકાળમાં શત્રુથી રક્ષણ માટે જેમ દુર્ગ સહાયક થાય છે, તેમ મોક્ષમાર્ગ ઉપર ચઢેલા જીવને મોહ ઉપર આધિપત્ય મેળવવા તેની સામે ભીષણ સંગ્રામમાં આ ચિત્તસ્થૈર્ય સહાયક થાય છે.

**(૫૫) સર્વ પ્રકારના રાગાદિનું ઉન્મૂલન કરવા માટે રાગાદિના પ્રતિપક્ષભાવનની અન્ય વિધિ : ગાથા-૭૮-૭૯**

| | | | |
|---|---|---|---|
| સર્વ જીવોમાં મૈત્રી | ગુણાધિકમાં પ્રમોદ | ક્લિશ્યમાન=રાગાદિથી ક્લેશ પામતા જીવોમાં કરુણા | અયોગ્ય જીવોમાં માધ્યસ્થ્ય |

(૧) પ્રત્યુપકારની અપેક્ષા વગર મૈત્રીભાવનાથી ભાવિત એવો સાધક જગતના સર્વ જીવો પ્રત્યે ઉચિત પ્રવૃત્તિ કરે અને હિતચિંતા કરે.

(૨) ગુણાધિકમાં ઈર્ષ્યા ન કરતાં પ્રમોદભાવના કરે.

(૩) રાગાદિથી ક્લેશ પામતા જીવોમાં કરુણાભાવના કરે જે કઠોરતાના પરિણામના ક્ષયોપશમભાવરૂપ છે.

(૪) ભારે કર્મોથી અનુચિત પ્રવૃત્તિ કરનારા અયોગ્ય જીવો પ્રતિ દ્વેષ ન ઊઠે તેના માટે માધ્યસ્થ્યભાવનાથી ભાવિત બને.

**ગાથા-૮૦ :-**

ગાથા-૭૯માં જણાવેલ ક્રમને છોડીને અન્યથા ભાવન કરવાથી દોષની પ્રાપ્તિ થાય છે, તે ગાથા-૮૦માં બતાવે છે.

**(૫૬) સાધુને સંયમવૃદ્ધિના ઉપાયભૂત શુક્લાહારનું સ્વરૂપ : ગાથા-૮૧**

૧ શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય
૨ શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ
૩ સ્વરૂપશુદ્ધ

(૧) શાસ્ત્રવિધિ અનુસાર ભિક્ષાચર્યાની ઉચિત વિધિથી લાવેલો આહાર શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય છે.

(૨) આહાર વાપરીને પુષ્ટ થયેલા દેહથી અપ્રમાદભાવપૂર્વક ધ્યાન-અધ્યયનાદિમાં યત્ન કરાય તો તે આહાર શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ છે.

(૩) આહાર વાપરવાના ૪૨ દોષથી રહિત અને માંડલીના પાંચ દોષથી રહિત વપરાયેલો આહાર સ્વરૂપશુદ્ધ છે.

આવા પ્રકારના શુક્લાહારના સેવનથી યોગીની યોગપ્રવૃત્તિ યોગાંગ બને છે અને આ શુક્લાહાર અન્વર્થથી સર્વસંપત્કરીભિક્ષા છે, જે દાતૃ અને ગ્રહિતૃના ઉભયલોકના હિતને કરનારી છે.

**(૫૭) સાધુના દેહના સામર્થ્યને અનુરૂપ ત્રણ પ્રકારના આહાર : ગાથા-૮૨**

કોદ્રવાદિ ઉચિત કાયા
શાલ્યાદિ ઉચિત કાયા
હવિપૂર્ણાદિ ઉચિત કાયા

વ્રણ ઉપર લેપ જેમ પીડા ન થાય તે રીતે લગાવાય, તેમ આહારમાં સંશ્લેષ ન થાય તે રીતે સાધુ આહાર વાપરે, છતાં સંયમને ઉપષ્ટંભક કાયા સંયમમાં સહાયક બને તદર્થે કોઈકને રૂક્ષ આહારની વિધિ તો કોઈકને શાલ્યાદિ મધ્યમ આહારની વિધિ, તો કોઈકને ઘીથી પૂર્ણ એવા ભોજનની વિધિ ગાથા-૮૨માં બતાવી છે.

**(૫૮) યોગના સેવનથી થતા વિશેષ પ્રકારના ક્ષયોપશમને કારણે સાધુને પ્રાપ્ત થતા લાભો : ગાથા-૮૩-૮૪**

શોભન આહારની પ્રાપ્તિ
પરોપકારને કરનારી અણિમા-લઘિમાદિ અને આમર્ષૌષધિ આદિ અનેક લબ્ધિઓની પ્રાપ્તિ
રત્નાદિ લબ્ધિની પ્રાપ્તિ

**(૫૯) યોગવૃદ્ધિથી અથવા ત્રણ ભાવનાના ભાવનથી યોગીને પ્રાપ્ત થતાં ફળ : ગાથા-૮૫**

અશુભ કર્મનો ક્ષય
વિશિષ્ટ દેશ, કુલ, જાત્યાદિ નિમિત્તક શુભ કર્મનો બંધ
શુભ શુભતર પ્રવૃત્તિ દ્વારા પુણ્યાનુબંધીપુણ્યથી મનુષ્યભવ પામી, સુખપરંપરાથી મોક્ષપ્રાપ્તિ

આ ગાથામાં : (૧) ચતુઃશરણગમન આદિ ભાવના (૨) રાગાદિ પ્રતિપક્ષભાવના અને (૩) મૈત્ર્યાદિ ત્રણ ભાવનાના ભાવનથી યોગીને પ્રાપ્ત થતાં ફળોને બતાવેલ છે.

**(૬૦) દોષક્ષયના પ્રકાર (બૌદ્ધ પરિભાષાથી) : ગાથા-૮૬**

કાયક્રિયાથી ક્ષપિત દોષો મંડુકના ચૂર્ણ તુલ્ય — ભાવનાથી ક્ષપિત દોષો મંડુકની ભસ્મ તુલ્ય

(૧) ભગવાનની આજ્ઞાથી અનિયંત્રિત, મનસ્વી રીતે કરાયેલી ક્રિયાથી દોષનો નિરનુબંધ નાશ.

(૨) ભગવાનના વચનાનુસાર ભાવિત થયેલા ચિત્તથી દોષોનો સાનુબંધ નાશ.

**(૬૧) પુણ્યના પ્રકાર-બૌદ્ધમત : ગાથા-૮૭**

માટીના કળશની ઉપમાવાળું પુણ્ય — સુવર્ણના કળશની ઉપમાવાળું પુણ્ય

(૧) વિવેક વિનાની ક્રિયાથી થતું પુણ્ય માટીના ઘડા જેવું હોવાથી અફળ છે.

(૨) વિવેકપૂર્વકના ભાવથી થયેલ પુણ્ય ઉત્તરોત્તર પુણ્યની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ હોવાથી સુવર્ણઘટ જેવું સાનુબંધ ફળવાળું છે.

**ગાથા-૮૮ :-**

શાસ્ત્રાનુસારી વિવેકથી કરાયેલી ભાવનાવાળા સમ્યગ્દષ્ટિ જીવો ભોગાદિમાં કાયપાતિ હોય છે, ચિત્તપાતિ નથી હોતા; કેમ કે ભોગની ઈચ્છા અને ભોગની રતિ હોવા છતાં નિરુપદ્રવ શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો જીવંત પક્ષપાત વર્તતો હોવાથી તેમનું ચિત્ત ભોગમાં સંશ્લેષવાળું નથી, પણ ભોગથી પર અવસ્થામાં સંશ્લેષવાળું છે, ભોગની અનર્થકતા અને આકુળતાને જોનારું છે. આથી ભોગકાળમાં પણ ભોગની ઈચ્છાનું શમન કરી, ઈચ્છાના ઉચ્છેદના યત્નવાળું છે, જે સંયમની પ્રાપ્તિનું કારણ બનશે.

**(૬૨) પ્રવૃત્ત યોગી અને ઘટમાન યોગીને ભાવનાથી ભાવિત થતાં પ્રાપ્ત સમાધિના પ્રકાર : ગાથા-૮૯**

વિજય સમાધિ — આનંદ સમાધિ — સત્ક્રિયા સમાધિ — અક્રિયા સમાધિ

**(૧) વિજય સમાધિ :-** પ્રવૃત્ત અને ઘટમાન યોગી ભાવનાથી આત્માને નિષ્પન્ન કરે છે ત્યારે મોહની સામે વિજય કરવા માટે સામર્થ્યના સંચયરૂપ પ્રથમ વિજય સમાધિ મેળવે છે, જેમાં ઉત્તમ વિતર્કોથી સુંદર અને ક્ષુભિત ચિત્ત હોય છે, પરંતુ એકાગ્ર ચિત્ત નથી હોતું.

**(૨) આનંદ સમાધિ :-** વિજય સમાધિ મેળવી સદનુષ્ઠાનમાં પ્રવર્તે ત્યારે ઉત્તમ અનુષ્ઠાનમાં યોગી પ્રીતિથી ઉત્પ્લાવિત માનસવાળા હોય છે, જે આનંદ સમાધિરૂપ છે.

**(૩) સત્ક્રિયા સમાધિ :-** શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક ક્રિયા કરવાથી, ઉપશમના ઉત્તમ સુખથી યુક્ત અને ઉપરની ભૂમિકામાં જવા માટે આતુર ચિત્ત હોય છે, જે સત્ક્રિયા સમાધિરૂપ છે.

**(૪) અક્રિયા સમાધિ :-** અત્યંત નિર્વ્યાપારવાળું થવાથી આત્મભાવમાં વિશ્રાંત થયેલું હોવાને કારણે પ્રશસ્ત ભાવના એકાંત સુખનો અનુભવ કરાવે તેવું ચિત્ત હોય છે, જે અક્રિયા સમાધિરૂપ છે.

**ગાથા-૯૦ :-**

ગાથા-૮૧માં બતાવેલ ત્રણ પ્રકારની ભાવનાથી સામાયિકની શુદ્ધિ દ્વારા શુક્લધ્યાન, શ્રેણીની પરિસમાપ્તિ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

**ગાથા-૯૧ :-**

**મોક્ષના પ્રધાન અંગરૂપ સામાયિકનું સ્વરૂપ સર્વમાધ્યસ્થ્યરૂપ છે. અપકારીમાં "આ નિર્જરામાં ઉપકારી છે" એવા આશય કરતાં સામાયિકના આશયની શ્રેષ્ઠતા :-**

આદ્ય ભૂમિકામાં અપકારીને નિર્જરામાં ઉપકારી માનવો તે શ્રેષ્ઠ હોવા છતાં મોક્ષનું સાક્ષાત્ કારણ પરમ માધ્યસ્થ્યભાવરૂપ સામાયિક છે.

**(૬૩) યોગનું મહાફળ : ગાથા-૯૨**

૧. સંઘયણબળ આદિ સામગ્રીવિશેષથી યોગની પરિસમાપ્તિ
૨. શૈલેશી અવસ્થા
૩. જન્મમરણવર્જિતતા
૪. સુંદર એકાંત સિદ્ધિ (આત્માનું સદા અસ્તિત્વ ત્યાં રહે છે, જેથી ફરી સંસારમાં આવતો નથી, તેવી સિદ્ધિ)

**(૬૪) યોગસાધક આત્માને પણ યોગના અંતિમ ફળની પ્રાપ્તિમાં વિલંબનનાં કારણો : ગાથા-૯૨**

- સંઘયણબળ આદિનો અભાવ
- ઘણાં કર્મોનું અસ્તિત્વ
- બોધવિશેષની અપ્રાપ્તિ
- અલ્પ આયુષ્ય
- સત્ત્વના પ્રકર્ષનો અભાવ

**ગાથા-૯૨-૯૩ :-**

યોગમાં પ્રવૃત્તયોગી શક્તિસંચયવાળા હોય અને પૂર્ણ સામગ્રીની પ્રાપ્તિ થાય તો તે ભવમાં અયોગી અવસ્થાની પ્રાપ્તિ કરે, જેથી યોગસાધનાના પૂર્ણ ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય. જો પૂર્ણ શક્તિસંચય ન થઈ શકે તો દેવભવ અને મનુષ્યભવના ક્રમથી મોક્ષની પ્રાપ્તિ કરે.

**(૬૫) મોક્ષ અવસ્થાના પરમ બીજરૂપ તુલ્યવૃત્તિનાં સ્થાનો : ગાથા-૯૫**

- આલોક અને પરલોકમાં (કોઈ ભૌતિક પદાર્થ પ્રત્યે પક્ષપાત નહીં અને સ્પૃહા પણ નહીં.)
- જીવિત અને મરણમાં (અનુકૂળ સંયોગોમાં દીર્ઘ જીવનની કે પ્રતિકૂળ સંયોગોમાં જલદી મૃત્યુ થાય તેવી ઇચ્છાનો અભાવ)

**ગાથા-૯૬ :-**

(i) યોગમાર્ગની આજીવન ઉત્તમ આચરણા કરનારને પણ અંત સમયે વિધિપૂર્વક દેહના ત્યાગથી વિશિષ્ટ યોગમાર્ગની પ્રાપ્તિ.

(ii) મરણકાળને જાણીને અનશનની વિધિપૂર્વક કવચના દૃષ્ટાંતથી ગીતાર્થની નિશ્રામાં રહીને સર્વત્ર આશંસા વગર અનશન કરવાની વિધિ.

### (૬૬) મરણકાળને જાણવાના ઉપાયો : ગાથા-૯૭

- આગમથી=નાડીસંચારાદિના જ્ઞાનથી
  - અરુંધતિના અદર્શનથી
  - નાસિકા, આંખ અને કીકીના અદર્શનથી
  - કાનમાં અગ્નિના અશ્રવણથી
  - સમુદ્રધ્વનિશ્રવણથી
  - શરીરના દશ સાંધાઓનું ફરકવું
  - અ-આ-ઇ-ઈ ઈત્યાદિ બાર અક્ષરના અનુપલંભથી
- દેવતાના કથનથી (ચારિત્રી દેવથી પ્રતિગૃહીત હોવાથી)
- પ્રતિભાથી (મતિવિશેષથી)
- મૃત ગુરુ આસ્વાનાદિ સ્વપ્નથી

**ગાથા-૯૮ :-**

અનશનશુદ્ધિમાં ગીતાર્થના આલંબનપૂર્વક સંયમના પ્રકર્ષ અર્થે યત્નાતિશય કરવો જોઈએ; કેમ કે અંતિમ મરણના અનુસારે ઉત્તર ભવની પ્રાપ્તિ છે. તેથી પ્રકર્ષવાળા ભાવથી યુક્ત એવા મૃત્યુથી જન્માંતરમાં પ્રકર્ષવાળી સામગ્રીની પ્રાપ્તિ થાય.

**ગાથા-૯૯ :-**

માત્ર લેશ્યાશુદ્ધિથી ભવની અંતિમ આરાધના સફળ નથી, પરંતુ આજ્ઞાયોગરૂપ રત્નત્રયીના પરિણામપૂર્વક લેશ્યાશુદ્ધિથી જીવ આરાધક થાય છે. તેથી મરણકાળમાં જેમ ઉત્તમ લેશ્યામાં યત્ન આવશ્યક છે, તેમ રત્નત્રયીની શુદ્ધિ અર્થે ભગવાનના વચનમાં પણ યત્ન આવશ્યક છે.

### (૬૭) આજ્ઞાયોગનાં કાર્ય : ગાથા-૧૦૦

- ભવવિરહ
- સદા સિદ્ધિનો અવિરહ

**- સા. બોધિરત્નાશ્રીજી મ. સા. ના શિષ્યા**
**સા. આર્જવરત્નાશ્રીજી મ. સા.**

## અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ. | ૧-૧૯ |
| ૨. | અક્ષેપફળસાધક નિશ્ચયનયથી અને નિયમફળસાધક નિશ્ચયનયથી યોગનું લક્ષણ. | ૧૯-૨૪ |
| ૩. | (i) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું લક્ષણ. | ૨૪-૩૦ |
| | (ii) નિશ્ચયનયથી જ્ઞાન-દર્શન-ચારિત્ર મોક્ષનું કારણ અને વ્યવહારનયથી દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ - તે પ્રકારના ક્રમભેદના સ્વીકારની યુક્તિ. | ૩૦-૩૨ |
| ૪. | કારણમાં કાર્યનો ઉપચાર સ્વીકારનાર વ્યવહારનયથી યોગનું લક્ષણ. | ૩૩-૩૬ |
| ૫. | વ્યવહારનયને માન્ય એવા દર્શન-જ્ઞાન-ચારિત્રની આચરણારૂપ યોગનું સ્વરૂપ. | ૩૬-૪૧ |
| ૬. | વ્યવહારનયને અભિમત બાહ્ય આચરણામાં યોગની કારણતાની યુક્તિ. | ૪૧-૪૪ |
| ૭. | વ્યવહારનયને અભિમત સમ્યક્ બાહ્ય આચરણા કરનારને પણ યોગી તરીકે સ્વીકારવાની યુક્તિ. | ૪૪-૪૭ |
| ૮. | અધિકારીને ઉપાયથી ફળસિદ્ધિ અને વિશેષથી યોગમાર્ગમાં ઉપાયથી ફળસિદ્ધિ. | ૪૮-૫૦ |
| ૯. | યોગમાર્ગના અપુનર્બંધકાદિ ત્રણ અધિકારીઓ. | ૫૦-૫૩ |
| ૧૦. | અપુનર્બંધકાદિ સિવાયનાને યોગમાર્ગના અનધિકારીરૂપે સ્વીકારની યુક્તિ. | ૫૩-૫૯ |
| ૧૧. | આત્મા ઉપર કર્મનો અધિકાર જવાથી યોગમાર્ગની પ્રાપ્તિની યુક્તિ. | ૫૯-૬૬ |
| ૧૨. | છદ્મસ્થને લિંગો દ્વારા કર્મના વિગમનથી થતા યોગમાર્ગના અધિકારીનો બોધ. | ૬૭-૬૮ |
| ૧૩. | અપુનર્બંધકનાં લિંગો. | ૬૮-૭૧ |
| ૧૪. | સમ્યગ્દૃષ્ટિનાં લિંગો. | ૭૧-૭૫ |
| ૧૫. | ચારિત્રનાં લિંગો. | ૭૬-૮૪ |
| ૧૬. | આજ્ઞાપરિણતિના ભેદથી ચારિત્રીના અનેક ભેદો. | ૮૫-૮૮ |
| ૧૭. | શુદ્ધ અને અશુદ્ધ સામાયિકનો ભેદ. | ૮૯-૯૧ |
| ૧૮. | (i) શુદ્ધ સામાયિકની પ્રાપ્તિનો ઉપાય. | ૯૧-૯૫ |
| | (ii) રત્નાલંકારના કરંડકની પ્રાપ્તિ જેવું આદ્ય સર્વવિરતિ સામાયિક. | ૯૫-૧૦૫ |
| ૧૯. | સર્વ ભાવો પ્રત્યે સમતા હોવા છતાં સામાયિકવાળાને ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ કઈ રીતે સંભવે, તેની યુક્તિઓ. | ૧૦૫-૧૦૯ |
| ૨૦. | મુનિની સામાયિકનું સ્વરૂપ. | ૧૧૦-૧૧૪ |
| ૨૧. | અપુનર્બંધકથી આરંભી વીતરાગ સુધીના યોગીઓના આજ્ઞાયુક્ત અનુષ્ઠાનનો યોગ તરીકે સ્વીકાર. | ૧૧૫-૧૧૯ |
| ૨૨. | અપુનર્બંધકથી આરંભી વીતરાગ સુધીના જીવોના આજ્ઞાયુક્ત અનુષ્ઠાનને યોગ તરીકે સ્વીકારની યુક્તિ. | ૧૧૯-૧૨૨ |
| ૨૩. | ભગવાનના ઉપદેશરૂપ બાહ્ય આજ્ઞાયોગથી અપુનર્બંધકાદિની સુપરિશુદ્ધ યોગમાર્ગની પ્રવૃત્તિ. | ૧૨૨-૧૨૫ |
| ૨૪. | ગુરુએ અપુનર્બંધકાદિનો લિંગોથી બોધ કરીને તેઓની ભૂમિકાને અનુરૂપ ઉપદેશ આપવાની વિધિ. | ૧૨૫-૧૨૮ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૫. | અપુનર્બંધકને આપવા યોગ્ય પ્રાથમિક ઉપદેશ. | ૧૨૮-૧૩૦ |
| ૨૬. | અપુનર્બંધકને અપાતા લોકધર્મના ઉપદેશને માર્ગની પ્રાપ્તિનું કારણ સ્વીકારવામાં યુક્તિ. | ૧૩૦-૧૩૫ |
| ૨૭. | સમ્યગ્દૃષ્ટિને આપવા યોગ્ય ઉપદેશ. | ૧૩૫-૧૩૮ |
| ૨૮. | સાધુધર્મના ઉપદેશનું ઉલ્લંઘન કરીને સમ્યગ્દૃષ્ટિને પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ આપવાનું પ્રયોજન. | ૧૩૮-૧૪૨ |
| ૨૯. | દેશચારિત્રીને અપાતા ઉપદેશનું સ્વરૂપ. | ૧૪૨-૧૪૫ |
| ૩૦-૩૧. | દેશચારિત્રીને કર્તવ્ય ઉચિત પ્રવૃત્તિઓ : | ૧૪૬-૧૭૪ |
| | (i) શ્રાવકનું સદ્ધર્મથી સુવિશુદ્ધ દાન. | ૧૪૬-૧૪૯ |
| | (ii) શ્રાવકની જિનપૂજા વિધિ. | ૧૪૯-૧૫૨ |
| | (iii) શ્રાવકની ભોજનવિધિ. | ૧૫૨-૧૫૩ |
| | (iv) શ્રાવકની ચૈત્યવંદનવિધિ. | ૧૫૪-૧૫૭ |
| | (v) શ્રાવકની યતિવિશ્રામણા. | ૧૫૭-૧૫૯ |
| | (vi) શ્રાવકનું ધર્મવિષયક શ્રવણ. | ૧૫૯-૧૬૧ |
| | (vii) શ્રાવકનું ભાવનામાર્ગનું સેવન. | ૧૬૧-૧૭૪ |
| ૩૨-૩૫. | સર્વચારિત્રીને આપવા યોગ્ય ઉપદેશ : | ૧૭૪-૧૮૭ |
| | (i) ગુરુપરતંત્રતાથી ગુરુકુલવાસ. | ૧૭૯-૧૮૧ |
| | (ii) રત્નત્રયીની વૃદ્ધિ થાય તેવા ઉચિત વિનયનું કરણ. | ૧૭૯-૧૮૧ |
| | (iii) ઉચિત કાળે વસતિ પ્રમાર્જનાદિ ક્રિયામાં યત્ન. | ૧૭૯-૧૮૧ |
| | (iv) શારીરિક બળ અનિગુહન. | ૧૮૧-૧૮૩ |
| | (v) સર્વ ક્રિયામાં પ્રશાંત ભાવથી પ્રવર્તન. | ૧૮૧-૧૮૩ |
| | (vi) ગુરુની આજ્ઞામાં 'મને અનુગ્રહ થયો' તેવું સદા લાભનું ચિંતન. | ૧૮૧-૧૮૩ |
| | (vii) સંવરમાં આશ્રવરૂપ છિદ્રનો અભાવ. | ૧૮૪-૧૮૭ |
| | (viii) સુપરિશુદ્ધ શુદ્ધ ઉચ્છજીવન. | ૧૮૪-૧૮૭ |
| | (ix) વિધિપૂર્વક પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં યત્ન. | ૧૮૪-૧૮૭ |
| | (x) મરણાદિ અપેક્ષણ. | ૧૮૪-૧૮૭ |
| ૩૬. | અધિકારીના બોધ વિના અપાયેલો ઉપદેશ અનુપદેશ. | ૧૮૭-૧૯૧ |
| ૩૭. | અધિકારીનો વિચાર કર્યા વિના અપાતા ઉપદેશથી ઉપદેશકને પ્રાપ્ત થતા અનર્થો. | ૧૯૨-૧૯૬ |
| ૩૮-૩૯. | ગુણસ્થાનક સ્વીકારવા માટે નિજસ્વભાવાલોચનાદિની વિધિ. | ૧૯૭-૨૦૩ |
| ૪૦. | ગુણસ્થાનક સ્વીકારવા માટે યોગશુદ્ધિનો ઉપાય. | ૨૦૪-૨૦૭ |
| ૪૧. | યોગશુદ્ધિના સ્વરૂપમાં મતાંતર. | ૨૦૮-૨૧૨ |
| ૪૨. | ગુણસ્થાનક સ્વીકારવાની વિધિ. | ૨૧૩-૨૧૭ |
| ૪૩. | વ્રતગ્રહણની વિધિ. | ૨૧૭-૨૨૪ |
| ૪૪-૪૫. | ગુણસ્થાનક સ્વીકાર્યા પછી કર્તવ્ય ઉચિત વિધિ. | ૨૨૫-૨૩૪ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૬-૪૯. | ગુણસ્થાનક સ્વીકાર્યા પછી ગુણસ્થાનકના આચારપાલનમાં અરતિ થાય તો તેના નિવર્તનના ઉપાયો. | ૨૩૫-૨૬૩ |
| ૫૦. | ગુણસ્થાનકની ભાવથી નિષ્પત્તિ માટે ચતુઃશરણગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃતઅનુમોદના કરવાની વિધિ. | ૨૬૪-૨૭૧ |
| ૫૧. | અપુનર્બંધકને ચતુઃશરણ ગમનાદિની પ્રધાન વિધિ અને સમ્યગ્દૃષ્ટિ આદિને ભાવનાશ્રુતપાઠની પ્રધાન વિધિ. | ૨૭૨-૨૭૬ |
| ૫૨. | ભાવનાશ્રુતપાઠાદિની વિધિ. | ૨૭૭-૨૮૪ |
| ૫૩. | દોષોનું સ્વરૂપ. | ૨૮૪-૨૮૬ |
| ૫૪-૫૮. | કર્મનું સ્વરૂપ અને આત્માથી અતિરિક્ત કર્મને સ્વીકારવાથી નિરુપચરિત બંધ-મોક્ષની સિદ્ધિનું સ્થાપન. | ૨૮૬-૨૯૫ |
| ૫૯. | પોતાને થતા રાગાદિના અવલોકનની વિધિ. | ૨૯૬-૨૯૯ |
| ૬૦-૭૭. | રાગાદિના પ્રતિપક્ષભાવનની વિધિનું સ્વરૂપ. | ૩૦૦-૩૬૩ |
| ૭૮-૮૦. | ગુણસ્થાનકની શુદ્ધિ માટે મૈત્ર્યાદિ ભાવનાનું સ્વરૂપ. | ૩૬૩-૩૭૧ |
| ૮૧. | સાધુને સંયમવૃદ્ધિના ઉપાયભૂત શુક્લાહારનું સ્વરૂપ. | ૩૭૨-૩૭૬ |
| ૮૨. | સાધુના દેહના સામર્થ્યને અનુરૂપ ત્રણ પ્રકારના આહાર. | ૩૭૬-૩૭૯ |
| ૮૩. | યોગના અનુભાવથી સાધુને પ્રાયઃ શોભન આહારની પ્રાપ્તિ. | ૩૭૯-૩૮૧ |
| ૮૪. | રત્નાદિ લબ્ધિઓનું સ્વરૂપ. | ૩૮૧-૩૮૩ |
| ૮૫. | ભાવનાના ભાવનનું ફળ. | ૩૮૪-૩૮૬ |
| ૮૬. | કાયક્રિયાથી થતા દોષક્ષય અને ભાવનાથી થતા દોષક્ષયનું સ્વરૂપ. | ૩૮૭-૩૯૨ |
| ૮૭. | માટીના ઘટ અને સુવર્ણના ઘટની ઉપમાવાળું બે પ્રકારનું પુણ્ય. | ૩૯૨-૩૯૪ |
| ૮૮. | બોધિસત્ત્વ કાયપાતિ ચિત્તપાતિ નહીં. | ૩૯૪-૩૯૬ |
| ૮૯. | ચાર પ્રકારની વિજયાદિ સમાધિનું સ્વરૂપ. | ૩૯૬-૪૦૧ |
| ૯૦. | ભાવનાથી સામાયિકની શુદ્ધિ અને ક્રમશઃ મોક્ષપ્રાપ્તિ. | ૪૦૨-૪૦૪ |
| ૯૧. | મુનિભાવનું સ્વરૂપ. | ૪૦૫-૪૧૫ |
| ૯૨-૯૪. | યોગના સેવનથી તદ્ભવમાં મોક્ષપ્રાપ્તિ અથવા દેવ-મનુષ્યની પ્રાપ્તિ દ્વારા ક્રમસર મોક્ષપ્રાપ્તિ. | ૪૧૫-૪૨૧ |
| ૯૫-૯૬. | સાધુએ જન્માંતરમાં યોગની પ્રાપ્તિ અર્થે જીવનના અંત સમયે કરવા યોગ્ય ઉદ્યમનું સ્વરૂપ. | ૪૨૧-૪૨૫ |
| ૯૭. | મરણકાળ જાણવાના ઉપાયો. | ૪૨૫-૪૩૧ |
| ૯૮. | મરણકાળનું જ્ઞાન કરી યત્નાતિશયથી અનશનશુદ્ધિમાં કરણીય યત્ન. | ૪૩૧-૪૩૬ |
| ૯૯. | અનશન સમયે લેશ્યાશુદ્ધિની જેમ આજ્ઞાશુદ્ધિમાં યત્નની આવશ્યકતાનું સ્વરૂપ. | ૪૩૭-૪૩૯ |
| ૧૦૦. | ગ્રંથનો ઉપસંહાર. | ૪૩૯-૪૪૩ |


✦ ✤ ✦

।। ॐ नमः सर्वज्ञाय ।।

।। ॐ अर्हं नमः ।।

।। ॐ ऐं नमः ।।

## याकिनीमहत्तरासूनु - सूरिपुरन्दर-पूज्यपाद आचार्यश्रीहरिभद्रसूरिविरचितम्

# योगशतकम्

**અવતરણિકા :-**

योगशतकस्य व्याख्या प्रस्तूयते । इह चाऽऽदावेवाऽऽचार्यः शिष्टसमयप्रतिपालनाय विघ्नविनायकोपशान्तये प्रयोजनादिप्रतिपादनार्थं चेदं गाथासूत्रमुपन्यस्तवान् –

**અવતરણિકાર્થ :-**

**યોગશતકની વ્યાખ્યા પ્રસ્તુત કરાય છે; અને અહીં=યોગશતક ગ્રંથમાં, આદિમાં જ=ગ્રંથના પ્રારંભમાં જ, આચાર્ય, શિષ્ટસિદ્ધાંતના પ્રતિપાલન માટે, વિઘ્નસમૂહના ઉપશમન માટે અને પ્રયોજનાદિના પ્રતિપાદન માટે આ=આગળમાં જેનું કથન કરવાનું છે એ, ગાથારૂપ સૂત્રનો ઉપન્યાસ કરે છે –**

❖ 'प्रयोजनादि' અહીં 'आदि' થી અભિધેય અને સંબંધનું ગ્રહણ કરવું.

**ગાથા :-**

णमिऊण जोगिणाहं सुजोगसंदंसगं महावीरं ।
वोच्छामि जोगलेसं जोगज्झयणाणुसारेणं ।।१।।

**અન્વયાર્થ :-**

जोगिणाहं=યોગીઓના નાથ सुजोगसंदंसगं=સુયોગને સારી રીતે બતાવનારા महावीरं=મહાવીરસ્વામી ભગવાનને णमिऊण=નમીને जोगज्झयणाणुसारेणं=યોગઅધ્યયનના અનુસારથી जोगलेशं=યોગના લેશને वोच्छामि=હું કહીશ. ।।૧।।

**ગાથાર્થ :-**

**યોગીઓના નાથ, સુયોગને સારી રીતે બતાવનારા મહાવીરસ્વામી ભગવાનને નમીને, યોગઅધ્યયનના અનુસારથી યોગના લેશને હું કહીશ. ।।૧।।**

**ટીકા :-**

**तत्र शिष्टानामयं समयः, यदुत शिष्टाः क्वचिदिष्टे वस्तुनि प्रवर्तमानाः सन्त इष्टदेवतानमस्कारपूर्वकं प्रवर्तन्ते । अयमप्याचार्यो न हि न शिष्ट इत्यतस्तत्समयप्रतिपालनाय, तथा श्रेयांसि बहुविघ्नानि भवन्तीति, उक्तं च -**

'श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि । अश्रेयसि प्रवृत्तानां क्वापि यान्ति विनायकाः ।।' **इति ।**

**इदं च योगशतकं सम्यग्ज्ञानहेतुत्वात् श्रेयोभूतं वर्तते, अतो मा भूद् विघ्न इति विघ्नविनायकोपशान्तये 'णमिऊण जोगिणाहं सुजोगसंदंसगं महावीरं' इत्यनेनेष्टदेवतास्तवमाह ।**

**ટીકાર્થ :-**

**तत्र ..... प्रतिपालनाय, 'तत्र' શબ્દ વાક્યપ્રસ્તાવના અર્થમાં છે. શિષ્ટ પુરુષોનો આ=આગળમાં કહેવાતો આ, સિદ્ધાંત છે. તે સિદ્ધાંત 'यदुत' થી બતાવે છે –**

**શિષ્ટો ક્યારે પણ ઈષ્ટ વસ્તુમાં પ્રવર્તતા છતા ઈષ્ટદેવતાના નમસ્કારપૂર્વક પ્રવર્તે છે. આ પણ આચાર્ય શિષ્ટ નથી એવું નથી, એથી તેના=શિષ્ટોના, સિદ્ધાંતના પ્રતિપાલન માટે (પ્રથમ ગાથામાં મંગલાચરણ કરવા માટે નમસ્કારપૂર્વક પ્રવર્તે છે,)**

**ભાવાર્થ :-**

શિષ્ટ પુરુષો વિચારીને પ્રવૃત્તિ કરે છે. તેથી ક્યારેય પણ ઈષ્ટ વસ્તુમાં તેઓ પ્રવૃત્તિ કરે ત્યારે ઈષ્ટદેવતાના નમસ્કારપૂર્વક પ્રવર્તે છે, જેથી પોતાનો ઉચિત પ્રવૃત્તિ કરવાનો દૃઢ પરિણામ જીવંત રહે અને અનાભોગથી પણ અનુચિત પ્રવૃત્તિ ન થાય તેવો પરિણામ પ્રગટે. આ 'યોગશતક' ગ્રંથને કરનારા આચાર્ય ભગવંત શિષ્ટ છે, તેથી શિષ્ટોના સિદ્ધાંતના પાલન માટે ગ્રંથરચનામાં પ્રવૃત્તિ કરવા માટે પ્રથમ ગાથાના પૂર્વાર્ધથી ઈષ્ટદેવતાને નમસ્કાર કરે છે.

**ઉત્થાન :-**

અવતરણિકામાં કહ્યું કે 'વિઘ્નના સમૂહની ઉપશાંતિ માટે પ્રસ્તુત ગાથા કહેલ છે.' તે વાતને સ્પષ્ટ કરતાં કહે છે –

વળી વિચારકને અહીં પ્રશ્ન થાય કે વિઘ્ન પ્રાપ્ત થયાં હોય તો તેના ઉપશમન માટે મંગલાચરણ કરવું આવશ્યક છે; પરંતુ વિઘ્ન પ્રાપ્ત થયાં ન હોય અને ભવિષ્યમાં વિઘ્ન પ્રાપ્ત થશે એવો નિર્ણય પણ ન હોય; છતાં વિઘ્નના શમન માટે ગ્રંથની આદિમાં મંગળ કેમ કરેલ છે ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**तथा श्रेयांसि ..... देवतास्तवमाह । અને 'શ્રેયકાર્યો બહુ વિઘ્નવાળાં થાય છે.' 'इति' શબ્દ**

**કથનની સમાપ્તિ માટે છે. उक्तं च - થી તેમાં સાક્ષી આપતાં કહે છે - અને કહ્યું છે :**

"મહાપુરુષોને પણ શ્રેયકાર્યો બહુ વિઘ્નવાળાં થાય છે અને અશ્રેય કાર્યોમાં પ્રવૃત્તિ કરનારાઓના વિઘ્નના સમૂહો ક્યાંય ચાલ્યા જાય છે."

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

અવતરણિકામાં કહેલ કે શિષ્ટ-સમય-પરિપાલન માટે અને વિઘ્નના સમૂહની શાંતિ માટે ગાથાસૂત્રનો ઉપન્યાસ છે. તે બે અર્થોને સ્પષ્ટ કરવા માટે પ્રથમ શિષ્ટ-સમય-પરિપાલન માટે મંગલાચરણ કર્યું તે બતાવ્યું. હવે વિઘ્નસમુદાયના ઉપશમ માટે મંગલાચરણ કર્યું છે, એ વાત ટીકામાં સ્પષ્ટ કરે છે.

**અને આ 'યોગશતક' સમ્યગ્જ્ઞાનનો હેતુ હોવાથી શ્રેયોભૂત છે. એથી 'વિઘ્ન ન થાઓ', એ હેતુથી વિઘ્નના સમૂહની ઉપશાંતિ માટે 'णमिऊण जोगिणाहं सुजोगसंदंसगं महावीरं' આ પદ દ્વારા ઈષ્ટદેવતાના સ્તવને (મૂળ ગાથામાં) કહે છે.**

**ભાવાર્થ :-**

શિષ્ટ પુરુષો સર્વત્ર ઈષ્ટદેવતાના નમસ્કારપૂર્વક પ્રવૃત્તિ કરતા હોય છે, માટે ગ્રંથની શરૂઆત કરતાં ગ્રંથકારે મંગલ કરેલ છે. વળી મંગલ કરવાનું બીજું કારણ પણ ગ્રંથકારે બતાવેલ છે કે શ્રેય કાર્યો ઘણા વિઘ્નવાળાં હોય છે, અને પ્રસ્તુત ગ્રંથ સમ્યગ્જ્ઞાનનું કારણ હોવાના કારણે શ્રેયરૂપ છે, માટે પ્રસ્તુત ગ્રંથમાં વિઘ્નના સમૂહના ઉપશમન માટે મંગલાચરણ કરેલ છે.

સામાન્ય રીતે વિચારતાં એમ લાગે કે વિઘ્ન ઉપસ્થિત હોય તો વિઘ્નનાશ માટે પ્રવૃત્તિ કરવી ઉચિત છે, પરંતુ વિઘ્ન ઉપસ્થિત થયાં નથી, છતાં ગ્રંથકારે વિઘ્નના નાશ માટે કેમ પ્રવૃત્તિ કરી છે ? તે સ્પષ્ટ કરવા માટે બતાવે છે કે શ્રેયકાર્યો બહુ વિઘ્નવાળાં થાય છે.

પ્રસ્તુત ગ્રંથરચનામાં તે વિઘ્નો બાહ્ય અને અંતરંગ બે રીતે સંભવે છે :

**(૧) બાહ્ય વિઘ્ન :-**

ગ્રંથરચના કરતાં બાહ્ય વિપરીત સંયોગો આવે, જેવા કે રોગાદિ થાય તો ગ્રંથરચનાનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ ન થાય.

**(૨) આંતરિક વિઘ્ન :-**

(૧) ગ્રંથરચના કરતાં તે પ્રકારના પદાર્થોની ઉપસ્થિતિ ન થાય,

(૨) ગ્રંથરચનાની પ્રતિભા હોવા છતાં કોઈક નિમિત્તને પામીને તે પ્રતિભાની સ્ખલના થાય,

(૩) ક્વચિત્ શાસ્ત્રીય પદાર્થોમાં અનાભોગને કારણે જોડાણ ન થાય,

(૪) અનાભોગને કારણે વિપર્યય પણ થાય.

આ સર્વ અંતરંગ વિઘ્નો છે. તે વિઘ્નો ઉપસ્થિત થાય તો ગ્રંથરચનાનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ ન થાય;

અને ભગવાનને મંગળરૂપે જાણીને પ્રણિધાનપૂર્વક નમસ્કાર કરવાથી થયેલા શુભ અધ્યવસાયો દ્વારા વિઘ્નઆપાદક કર્મોનો નાશ થાય છે, જેથી ગ્રંથની રચના યથાર્થ થઈ શકે છે તેના માટે ગ્રંથકારે મંગલાચરણ કરેલ છે.

વળી મંગલાચરણ કરતી વખતે જેમ શુભ અધ્યવસાય આવશ્યક છે, તેમ મંગલાચરણ કર્યા પછી, 'આ ગ્રંથ મંગલ છે, અને મંગલકાર્યમાં લેશ પણ સ્ખલના ન થાય તે રીતે ઉપયોગપૂર્વક સુદઢ યત્ન કરવો જોઈએ,' આ પ્રકારની બુદ્ધિ પેદા કરવા અર્થે મંગલાચરણ કરવામાં આવે છે, જેથી ગ્રંથરચનાકાળમાં યથાતથા પદાર્થનું જોડાણ ન થાય, અને માર્ગાનુસારી તીવ્ર ઉપયોગ પ્રવર્તે જેથી પદાર્થનું સમ્યગ્ સ્ફુરણ થાય.

**ઉત્થાન :-**

અવતરણિકામાં કહેલ કે પ્રયોજનાદિના પ્રતિપાદન માટે પ્રથમ ગાથાનો ઉપન્યાસ કરેલ છે. તેથી ગાથાના કયા અંશથી પ્રયોજનાદિ પ્રતિપાદન કરેલ છે ? અને પ્રયોજનાદિના પ્રતિપાદનનું શું પ્રયોજન છે ? તે બતાવતાં કહે છે –

**ટીકા :-**

**प्रेक्षापूर्वकारिणश्च प्रयोजनादिशून्ये न प्रवर्तन्त इति प्रयोजनादिप्रतिपादनार्थं च 'वोच्छामि जोगलेसं जोगज्झयणाणुसारेणं' इत्येतदाह ।**

**નોંધ :-** 'प्रतिपादनार्थं च' માં જે 'च' છે તે મંગલના ત્રણે હેતુના સમુચ્ચય માટે છે.

**ટીકાર્થ :-**

**प्रेक्षापूर्वकारिणश्च ..... इत्येतदाह । અને વિચારણાપૂર્વક કાર્ય કરનારાઓ પ્રયોજનાદિશૂન્યમાં પ્રવર્તતા નથી, એથી કરીને પ્રયોજનાદિના પ્રતિપાદન માટે 'वोच्छामि जोगलेसं जोगज्झयणाणुसारेणं'= યોગઅધ્યયન અનુસારથી યોગલેશને હું કરીશ. એ પ્રકારના આને=પદને, ગાથામાં કહે છે.**

**ભાવાર્થ :-**

અવિચારક વ્યક્તિ જે તે ગ્રંથોમાં પ્રવૃત્તિ કરે છે, પણ વિચારક વ્યક્તિ વિચારીને ઉચિત પ્રવૃત્તિ કરનારી હોય છે. તેથી ગ્રંથના અધ્યયનનું પ્રયોજન શું છે ? ગ્રંથ જે પ્રયોજનથી લખાયો છે તે સુસંબદ્ધ છે કે નહીં ? અને ગ્રંથનો વિષય શું છે ? તે જાણીને તે ગ્રંથમાં પ્રવૃત્તિ કરે છે; કેમ કે જે ગ્રંથનો વિષય પોતાને ઉપયોગી ન હોય અને જે ગ્રંથમાં બતાવેલાં પ્રયોજન પોતાને ઈષ્ટ ન હોય તે ગ્રંથમાં વિચારક પ્રવૃત્તિ કરે નહીં. વળી ગ્રંથમાં બતાવેલ પ્રયોજન પોતાને સંમત હોય, પરંતુ ગ્રંથ વિષય સાથે સુસંબદ્ધ ન હોય, તોપણ તેમાં વિચારકની પ્રવૃત્તિ થાય નહીં. આથી કરીને ગ્રંથમાં પ્રયોજનાદિ ત્રણનું ગાથાના ઉત્તરાર્ધથી પ્રતિપાદન છે.

**ટીકા :-**

**एष तावद् गाथाप्रस्तावः समुदायार्थश्च । अधुनाऽवयवार्थ उच्यते -**

**ટીકાર્થ :-**

एष ..... उच्यते - **આ=અનંતર કહેવાયેલ કથન, ગાથાનો પ્રસ્તાવ છે અને સમુદાય અર્થ છે. હવે અવયવાર્થ કહેવાય છે -**

'तावद्' **વાક્યાલંકાર માટે છે.**

**ભાવાર્થ :-**

આ ગાથાનો પ્રસ્તાવ છે=શિષ્ટ સમયનું પરિપાલન, વિઘ્નના સમૂહનું ઉપશમન અને પ્રયોજનાદિનું પ્રતિપાદન કર્યું એ ગાથાનો પ્રસ્તાવ છે; વળી ગાથાના પૂર્વાર્ધથી મંગલાચરણ કર્યું અને ગાથાના ઉત્તરાર્ધથી પ્રયોજનાદિનું પ્રતિપાદન કર્યું, એ ગાથાનો સમુદાયાર્થ છે. હવે ગાથાનો અવયવાર્થ ગ્રંથકાર વડે કહેવાય છે –

**ટીકા :-**

**'नत्वा'=प्रणम्य । कम् ? इत्याह - 'योगिनाथं'=योगः - सज्ज्ञानादिसम्बन्धरूपो वक्ष्यमाणलक्षणो निश्चयादिभेदभिन्नः, स विद्यते येषां ते योगिनः - मुनयः, तेषां नाथो योगिनाथः, तथा च भगवान् वीतरागादीनां पश्चानुपूर्व्या अपुनर्बन्धकावसानानां तथातथोपकारकरणपालनाद् नाथः, तम् ।**

**ટીકાર્થ :-**

'नत्वा'=प्रणम्य ..... नाथः, तम् । **નમીને=પ્રણામ કરીને. કોને ? એથી કહે છે – યોગીનાથને.**

ત્યાં યોગ શું છે ? તે બતાવે છે –

**વક્ષ્યમાણ લક્ષણવાળો, નિશ્ચયાદિ ભેદથી ભેદાયેલો, સમ્યગ્જ્ઞાનાદિના સંબંધરૂપ યોગ છે. તે=યોગ, વિદ્યમાન છે જેઓને તે યોગીઓ=મુનિઓ, તેઓના નાથ તે યોગીનાથ છે; અને તે રીતે= પૂર્વમાં યોગીનાથ શબ્દની વ્યુત્પત્તિ બતાવી તે રીતે, પશ્ચાનુપૂર્વીથી વીતરાગથી માંડીને અપુનર્બંધક સુધીના જીવોને તે તે પ્રકારે ઉપકાર કરનારા અને પાલન કરનારા હોવાથી ભગવાન નાથ છે. તેને નમસ્કાર કરીને, એ પ્રકારે સંબંધ છે.**

❖ 'निश्चयादिभेदभिन्नः' અહીં 'आदि' થી વ્યવહારનું ગ્રહણ કરવું.

❖ 'सज्ज्ञानादि' અહીં 'आदि' થી દર્શન-ચારિત્રનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

યોગીનાથ શબ્દની વ્યુત્પત્તિ કરતાં પ્રથમ યોગનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં સમ્યગ્જ્ઞાનાદિના સંબંધરૂપ

યોગ છે, તેમ કહ્યું; પરંતુ સમ્યગ્જ્ઞાનાદિરૂપ યોગ છે તેમ ન કહ્યું. તેનો આશય એ છે કે સમ્યગ્જ્ઞાનાદિ આત્મામાં શક્તિરૂપે પડેલાં છે; તોપણ જે જીવોમાં સમ્યગ્જ્ઞાનાદિ અત્યારે કર્મોથી આવૃત છે, તેવા જીવોમાં સમ્યગ્જ્ઞાનાદિનો સંબંધ નથી પરંતુ મિથ્યાજ્ઞાનાદિનો સંબંધ છે, અને તેનાથી તે જીવો સંસારનું સર્જન કરે છે. પરંતુ જીવમાં સમ્યગ્જ્ઞાનાદિ પ્રગટે છે ત્યારે મિથ્યાજ્ઞાનાદિ નિવર્તન પામે છે અને સમ્યગ્જ્ઞાનાદિનો સંબંધ થાય છે, તે યોગરૂપ છે.

સમ્યગ્જ્ઞાનાદિમાં આદિ શબ્દથી સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનું ગ્રહણ કરવાનું છે, જેનું સ્વરૂપ સ્વયં ગ્રંથકાર આગળ જણાવવાના છે અને નિશ્ચયને અભિમત અને વ્યવહારને અભિમત રત્નત્રયી પણ આગળ કહેવાના છે. તેથી એ પ્રાપ્ત થાય કે નિશ્ચયનયને અભિમત રત્નત્રયીનો સંબંધ જુદો છે અને વ્યવહારનયને અભિમત રત્નત્રયીનો સંબંધ પણ જુદા પ્રકારનો છે, અને તે બંને નયોને માન્ય રત્નત્રયીનો સંબંધ યોગ છે. આવો યોગ મુનિઓને હોય છે અને ભગવાન તેઓના નાથ છે. આમ બતાવીને પછી કહ્યું કે ભગવાન પશ્ચાનુપૂર્વી વડે વીતરાગથી માંડીને અપુનર્બંધક સુધીના જીવોનું યોગ અને ક્ષેમ કરે છે, તેથી તેઓના નાથ છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વમાં કહ્યું કે યોગીઓ મુનિઓ છે અને ભગવાન તેઓના નાથ છે, અને પછી તેની સંગતિ કરતાં કહ્યું કે વીતરાગથી માંડીને પશ્ચાનુપૂર્વીથી અપુનર્બંધક સુધીના જીવોના ભગવાન-નાથ છે. આ બે વચનો પ્રથમ દૃષ્ટિથી વિરોધી દેખાય, પરંતુ અપેક્ષાએ કથન હોવાથી વિરોધ નથી. તે આ રીતે -

જેમના મન-વચન-કાયાના યોગો સર્વાંશે રત્નત્રયીમાં પ્રવર્તતા હોય છે, તેમનો મોક્ષને અનુકૂળ એવો પૂર્ણ યત્ન પ્રવર્તે છે અને તેવા મુનિઓ છે; તેથી તેમને યોગી કહ્યા. જ્યારે અપુનર્બંધકથી દેશવિરતિ ગુણસ્થાનક સુધી મન-વચન-કાયાના યોગો પૂર્ણ રીતે રત્નત્રયીમાં પ્રવર્તતા નથી, માટે યોગી શબ્દથી તેઓનું ગ્રહણ કર્યું નહીં, અને ભગવાનને યોગીઓના નાથ=મુનિઓના નાથ, કહ્યા. ત્યાર પછી બીજી અપેક્ષાએ રત્નત્રયી હેતુથી જેઓમાં હોય તેઓ પણ યોગી છે, તેમ સ્વીકારીને અપુનર્બંધકને પણ યોગી તરીકે ગ્રહણ કર્યા; કેમ કે ભગવાનના વચનના બળથી અપુનર્બંધકને પણ તે તે પ્રકારનો ઉપકાર થાય છે; માટે ભગવાન અપુનર્બંધકના પણ નાથ છે.

જોકે અપુનર્બંધકમાં હજી મિથ્યાજ્ઞાન છે, મિથ્યારુચિ છે અને મિથ્યાપ્રવૃત્તિ છે; તેથી રત્નત્રયીનો પરિણામ નથી માટે યોગ નથી, તોપણ અપુનર્બંધકમાં જેમ મિથ્યાજ્ઞાન છે, તેમ અંશે અંશે સમ્યગ્જ્ઞાન પણ છે. તેના કારણે તેઓમાં કદાગ્રહ નથી અને તે આંશિક સમ્યગ્જ્ઞાનને કારણે અપુનર્બંધકને તત્ત્વજિજ્ઞાસા પ્રગટે છે, જે વિશેષ સમ્યગ્જ્ઞાનનું કારણ બને છે. તેથી અપુનર્બંધકમાં હેતુથી સમ્યગ્જ્ઞાન છે.

વળી અપુનર્બંધકમાં મિથ્યારુચિ છે તે અજ્ઞાનના કારણે છે, અને કદાગ્રહ નથી તેથી તે મિથ્યારુચિ નિવર્તનીય પણ છે; અને અંશે અંશે તત્ત્વ પ્રત્યે વલણવાળી સમ્યગ્ રુચિ પણ છે, જે ક્રમે કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી અપુનર્બંધકમાં હેતુથી સમ્યગ્દર્શન છે.

વળી અપુનર્બંધક જે કંઈ યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે પ્રધાન દ્રવ્યક્રિયારૂપ હોવાથી

સમ્યક્ચારિત્રનું કારણ છે. તેથી અપુનર્બંધકમાં હેતુથી સમ્યક્ચારિત્ર છે.

આ રીતે અપુનર્બંધકમાં હેતુથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર છે, તેથી તેઓ પણ યોગી છે. તેથી ભગવાન અપુનર્બંધકના પણ નાથ છે.

જે યોગ અને ક્ષેમ કરે તેને નાથ કહેવાય. શાસ્ત્રમાં યોગક્ષેમની વ્યાખ્યા આ રીતે કરી છે --

**"अप्राप्तस्य प्रापणं योगः ।"**

**"प्राप्तस्य रक्षणं क्षेमः ।"**

અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવવી તે યોગ અને પ્રાપ્તનું રક્ષણ કરવું તે ક્ષેમ. આવો યોગક્ષેમ કરનાર હોવાથી ભગવાન વીતરાગના પણ નાથ છે; કારણ કે વીતરાગમાં વર્તતો વીતરાગભાવ ભગવાનના વચનાનુસાર ઉચિત યત્નથી રક્ષિત છે, તેથી પ્રાપ્ત થયેલ ગુણનું પાલન ભગવાનના વચનથી થાય છે; અને ૧૨મા ગુણસ્થાનકવાળા વીતરાગ પણ ભગવાનના વચનાનુસાર શુક્લધ્યાનમાં યત્ન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેથી ૧૨મા ગુણસ્થાનકવાળા વીતરાગને અપૂર્વનો યોગ કરાવનાર પણ ભગવાન છે. તેથી વીતરાગનું પણ યોગક્ષેમ કરનાર ભગવાન હોવાથી ભગવાનને ૧૧મા ૧૨મા ગુણસ્થાનકવાળા વીતરાગના પણ નાથ કહ્યા છે.

**ટીકા :-**

**अयमेव विशेष्यते - 'सुयोगसन्दर्शकं'=शोभनो योगः - औचित्यादिविशेषरूपतया एकान्ततः सानुबन्धफलहेतुः चित्रभेदो गुरुविनयादिरूप इति, तस्य सन्दर्शकः - सम्यग् आसेवनोपदेशद्वारेण दर्शकः सन्दर्शकः, तथा च भगवांश्चरमदेहतया कर्मवशितायामपि तथाविधविनेयानुग्रहाय जानानोऽपि विचित्रानभिग्रहानासेवितवान् इति, तम् ।**

**ટીકાર્થ :-**

**अयमेव विशेष्यते - ..... इति, तम् । આને જ=યોગિનાથ એવા ભગવાનને જ, વિશેષરૂપે બતાવે છે - "સુયોગને સારી રીતે બતાવનારા,"**

ત્યાં સુયોગ શું છે ? તે બતાવે છે –

**શોભન યોગ તે સુયોગ છે.**

યોગ શોભન કેમ છે, તે બતાવતાં કહે છે –

**ઔચિત્યાદિ વિશેષરૂપપણું હોવાને કારણે એકાંતથી સાનુબંધ ફળનો હેતુ છે, તેથી શોભન યોગ છે.**

અને તે યોગનું સ્વરૂપ શું છે, તે બતાવે છે --

**અનેક ભેદવાળો ગુરુવિનયાદિરૂપ યોગ છે. 'इति' શબ્દ યોગના સ્વરૂપની સમાપ્તિ અર્થક છે. તેના=શોભન યોગના, સંદર્શક ભગવાન છે.**

સંદર્શક શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

**આસેવન અને ઉપદેશ દ્વારા સમ્યગ્દર્શક તે સંદર્શક કહેવાય, અને તે રીતે=ભગવાન આસેવન અને ઉપદેશ દ્વારા સંદર્શક છે તે રીતે, ભગવાન ચરમદેહવાળા હોવાના કારણે કર્મની વશિતામાં પણ, તેવા પ્રકારના શિષ્યોના અનુગ્રહ માટે=ભગવાનના આસેવનને જોઈને અભિગ્રહના આસેવનમાં ઉત્સાહિત થાય તેવા પ્રકારના શિષ્યોના અનુગ્રહ માટે, જાણવા છતાં પણ=પોતે અભિગ્રહસેવન ન કરે તોપણ પોતાનાં કર્મો નાશ થશે તેમ જાણવા છતાં પણ, ભગવાને વિચિત્ર અભિગ્રહોને આસેવન કર્યા. 'इति' શબ્દ 'સંદર્શક' ના કથનની સમાપ્તિ માટે છે. તેવા ભગવાનને નમસ્કાર કરીને, એ પ્રકારે અન્વય છે.**

❖ 'औचित्यादि' અહીં 'आदि' થી યોગમાર્ગની પ્રવૃત્તિવિષયક શક્તિનું સમાલોચન ગ્રહણ કરવું.

❖ 'गुरुविनयादि' અહીં 'आदि' થી શ્લોક-૫માં કહેલ શુશ્રૂષાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

યોગમાર્ગ મોક્ષને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિરૂપ છે, અને ઉચિત પ્રવૃત્તિરૂપ યોગ મિથ્યાત્વની મંદ અવસ્થામાં અપુનર્બંધક પણ સેવે છે. આમ છતાં તેનો યોગ શોભન યોગ નથી, તે બતાવવા માટે સુયોગ ગ્રહણ કરેલ છે.

તે સુયોગ કેવો હોય ? તે બતાવવા માટે કહેલ છે કે જે એકાંત સાનુબંધ ફળવાળો હોય તે સુયોગ કહેવાય; અને તે સુયોગ એકાંત સાનુબંધ ફળનો હેતુ કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે કે ઔચિત્યાદિવિશેષરૂપપણું હોવાને કારણે સુયોગ એકાન્તે સાનુબંધ ફળનો હેતુ છે.

આશય એ છે કે મોક્ષની સાથે આત્માને જોડે તે યોગ છે. તેથી જે યોગ પૂર્ણ વિવેકથી સેવાયેલો હોય તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને યોગનું જે અંતિમ ફળ મોક્ષ છે, તેની પ્રાપ્તિ કરાવે છે. વળી અપુનર્બંધકનો યોગ પણ કંઈક અંશે ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી સાનુબંધ ફળવાળો છે અને ભગવાનના વચનના સૂક્ષ્મબોધપૂર્વક યોગમાં ઉચિત યત્ન કરનાર જીવનો યોગ એકાંત સાનુબંધફળવાળો હોય છે.

આ એકાંત સાનુબંધફળવાળા યોગનું સ્વરૂપ એ છે કે જે વ્રત સ્વીકારવાનાં છે, તે ઔચિત્યપૂર્વક સ્વીકારવાનાં છે, તેમ જ પોતાની શક્તિનું સમાલોચન કરીને સ્વીકારવાનાં છે, અને સ્વીકારાયેલ વ્રતોમાં અપ્રમાદભાવથી યત્ન કરાય તો તે યોગ એકાંત સાનુબંધ ફળવાળો બને છે.

વળી આ યોગ ઔચિત્યાદિવિશેષરૂપ જોઈએ એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે સ્થૂલ બોધપૂર્વક ઔચિત્યનું જેમાં ગ્રહણ થાય તે યોગ ઔચિત્યવિશેષરૂપ નથી, પરંતુ ભગવાનના વચનના અવલંબનથી પ્રાપ્ત થયેલા સૂક્ષ્મબોધપૂર્વક પોતાના ઔચિત્યનું અને પોતાની શક્તિનું સમાલોચન કરીને જે યોગ સેવાય છે, તે યોગ ઔચિત્યવિશેષરૂપ છે; અને તેવો યોગ પૂર્ણ વિવેકપૂર્વકનો હોવાથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને યોગના ફળરૂપ મોક્ષનું કારણ બને છે.

વળી આ યોગનું સ્વરૂપ વ્યવહારનયને સામે રાખીને બતાવેલ છે, તેથી ગુરુવિનયાદિરૂપ અનેક પ્રકારનો યોગ છે તેમ કહેલ છે. નિશ્ચયનય તો સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના સંબંધરૂપ યોગ છે, તેમ માને છે.

અહીં વ્યવહારનય ગ્રહણ કરવાનું પ્રયોજન એ છે કે યોગનો અર્થી યોગના ઉપાયમાં પ્રવૃત્તિ કરે તો યોગ પ્રાપ્ત થાય, અને યોગનો ઉપાય ગુરુવિનયાદિ અનેક પ્રકારની શુદ્ધ વ્યવહારની ઉચિત પ્રવૃત્તિ છે અને તે વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિથી અવશ્ય નિશ્ચયનયને માન્ય રત્નત્રયીના સંબંધરૂપ યોગ પ્રગટે છે.

વળી આવો યોગ ભગવાને પોતાના જીવનમાં સેવ્યો છે અને ઉપદેશ દ્વારા લોકોને બતાવેલ છે. સામાન્ય રીતે વિચારતાં એમ લાગે કે ભગવાને અભિગ્રહો પોતાના કર્મોના નાશ માટે ગ્રહણ કર્યા છે, તેથી ભગવાન ઉપદેશ દ્વારા શોભન યોગના બતાવનારા છે, તેમ કહેવું ઉચિત જણાય; પરંતુ આસેવન દ્વારા પણ ભગવાન શોભન યોગના સંદર્શક છે તેમ કહેલ છે. તેથી ખુલાસો કરતાં કહે છે –

ભગવાન ચરમદેહવાળા છે, તેથી નક્કી છે કે તેઓ આ ભવમાં મોક્ષે જવાના છે. વળી ભગવાનનાં કર્મો પણ પોતાને વશ છે, કર્મોને વશ ભગવાન નથી; અને અભિગ્રહો તો કર્મોને વશ કરવા માટે સેવવાના હોય છે; કેમ કે અનાદિકાળથી જીવ કર્મોને વશ છે. તેથી આત્મબળ સંચય કરીને કર્મોની પરવશતા દૂર કરી કર્મોને વશ કરવા માટે યોગીઓ અનેક પ્રકારના અભિગ્રહોને ગ્રહણ કરે છે. પરંતુ ભગવાનને તો કર્મો અત્યંત વશ છે, તેથી અભિગ્રહો ન કરે તોપણ સંયમ ગ્રહણ કર્યા પછી ધ્યાનના બળથી ઉચિત કાળે મોક્ષ પામવાના છે. વળી એ પોતે જાણે પણ છે કે વગર અભિગ્રહે પણ પોતાને ઉચિતકાળે અવશ્ય મોક્ષ પ્રાપ્ત થશે; તોપણ પોતાની પરંપરામાં થનારા તેવા પ્રકારના શિષ્યોના અનુગ્રહ માટે ભગવાને અનેક અભિગ્રહો ગ્રહણ કર્યા, જેથી સંયમયોગમાં યત્ન કરનારા તેવા પ્રકારના તેમના શિષ્યો ભગવાનનું અવલંબન લઈને વિચિત્ર અભિગ્રહોમાં યત્ન કરીને એકાંત સાનુબંધ ફળવાળા સુયોગને પ્રાપ્ત કરી શકે. જો ભગવાને તેવા અભિગ્રહ ગ્રહણ ન કર્યા હોત તો ભગવાન મહાવીરની પરંપરામાં થયેલા તેવા પ્રકારના શિષ્યો ભગવાનના અવલંબનથી ઉત્સાહિત થઈને અભિગ્રહોમાં યત્ન ન કરે તેમ બને. તેથી તેવા યોગ્ય જીવોને એકાંત સાનુબંધફળવાળો યોગ પ્રાપ્ત થાય નહીં; કેમ કે શક્તિ હોવા છતાં અભિગ્રહોમાં યત્ન નહીં કરવાથી થયેલા પ્રમાદને કારણે તેમના યોગમાં કંઈક હીનતા થાય. તેથી આવા યોગીઓના સંયમમાં અનેક પ્રકારની વિશેષતા હોવા છતાં પણ ભગવાનના આસેવનના અવલંબનના અભાવને કારણે અભિગ્રહનો ઉત્સાહ ન થાય તો તેઓનો યોગ એકાંત સાનુબંધ ફળવાળો બને નહીં. તેવું ન થાય માટે ભગવાને અભિગ્રહો ગ્રહણ કરેલા. તેથી ભગવાન આસેવન દ્વારા પણ શોભન યોગના સંદર્શક છે.

**ટીકા :-**

**कमेवम्भूतम् ? इत्याह - 'महावीरं'='शूर वीर विक्रान्तौ' इति कषायादिशत्रुजयाद् महाविक्रान्तो महावीरः । 'ईर गतिप्रेरणयोः' इत्यस्य वा विपूर्वस्य विशेषेणेरयति कर्म, याति वेह शिवमिति वीरः, महांश्चासौ वीरश्च महावीरः - वर्तमानतीर्थेश्वरस्तम् ।**

**ટીકાર્થ :-**

**कमेवम्भूतम् ? ..... वर्तमानतीर्थेश्वरस्तम् । આવા પ્રકારના કોણ છે ? એથી કહે છે - મહાવીર.**

મહાવીર શબ્દની વ્યુત્પત્તિ કરતાં બતાવે છે –

**શૂર અને વીર, એ બે શબ્દો વિક્રાંતિ અર્થમાં છે= પરાક્રમ ફોરવવાના અર્થમાં છે. એથી કરીને ભગવાન કષાયાદિ શત્રુના જયથી મહાવિક્રાન્ત= મહાપરાક્રમવાળા, છે. તેથી ભગવાન 'મહાવીર' છે.**

બીજી રીતે 'મહાવીર' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ બતાવે છે –

**અથવા 'ईर' ધાતુ ગતિ અને પ્રેરણા અર્થમાં છે. એથી 'वि' પૂર્વક એવા આનો='ईर' ધાતુનો, વિશેષથી કર્મને પ્રેરણા કરે છે તે વીર, એ પ્રકારે વીર શબ્દનો અર્થ પ્રાપ્ત થાય અથવા અહીં=સંસારમાં, શિવને=સુખને, પામે છે તે વીર, એ પ્રકારે 'વીર' શબ્દનો અર્થ પ્રાપ્ત થાય. મહાન એવા વીર તે મહાવીર. તે કોણ છે ? વર્તમાનના તીર્થેશ્વર. તેઓને નમસ્કાર કરીને, એ પ્રકારે અન્વય છે.**

**ભાવાર્થ :-**

વિક્રાન્તિ અર્થમાં 'વીર' શબ્દને ગ્રહણ કરીને વ્યુત્પત્તિ કરે છે – જે પરાક્રમ ફોરવે તે વીર કહેવાય. સંસારમાં શત્રુના જય માટે જે પરાક્રમ ફોરવે તે વીર કહેવાય, પરંતુ તે પરાક્રમ સામાન્ય છે. જ્યારે અંતરંગ શત્રુ એવા કષાયાદિના જય માટે મહાપરાક્રમ કરનારા ભગવાન હતા, માટે તેમને મહાવીર કહેલ છે.

અથવા બીજી વ્યુત્પત્તિ પ્રમાણે 'વીર' શબ્દમાં 'ईर' ધાતુ છે. 'ईर' ધાતુ ગતિ અને પ્રેરણા અર્થમાં છે. તે પૈકી પ્રેરણા અર્થમાં ગ્રહણ કરીએ તો વિશેષથી કર્મને જે પ્રેરણા કરે તે વીર કહેવાય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાન સંયમ ગ્રહણ કર્યા પછી કર્મથી પોતે પ્રેરાતા ન હતા, પરંતુ કર્મને પોતે પ્રેરણા કરતા હતા. તેથી કર્મથી જનિત એવા જે રાગાદિ ભાવો છે, તેનો કર્મના ઉચ્છેદ માટે ઉપયોગ કરતા હતા; કેમ કે ભગવાનનો જે કોઈ રાગ વિદ્યમાન હતો તેને ભગવાને ગુણ પ્રત્યે પ્રેરિત કર્યો હતો અને દ્વેષ કેવળ દોષો પ્રત્યે પ્રેરિત કર્યો હતો. તેથી તેમના રાગના પ્રવર્તનથી ગુણોનો આવિર્ભાવ થયો અને દ્વેષના પ્રવર્તનથી દોષોનું ઉન્મૂલન થયું. ભગવાન આવા હોવાથી મહાવીર છે.

ગતિના અર્થમાં=પ્રાપ્તિના અર્થમાં, 'વીર' શબ્દની વ્યુત્પત્તિ કરીએ તો ભગવાન અહીં=સંસારમાં, શિવને=સુખને, પામે છે; કેમ કે કર્મને પરવશ નહીં હોવાને કારણે પરમ સ્વાસ્થ્યરૂપ સુખનો અનુભવ ભગવાન ઉપસર્ગકાળમાં પણ કરતા હતા. તેથી ભગવાન વીર છે અને મહાન એવા વીર તે મહાવીર, જે વર્તમાન તીર્થેશ્વર વર્ધમાનસ્વામી છે.

**ટીકા :-**

**एवं नत्वा किम् ? अत आह - 'वक्ष्ये'=अभिधास्ये । किम् ? इत्याह - 'योगलेशं'=योगैकदेशम्, तत्त्वतो व्यापकत्वेऽप्यस्य ग्रन्थाल्पतया एवं व्यपदेशः कर्पूरादिलेशवदविरुद्ध एव । कुतो वक्ष्ये ? किं स्वमनीषिकया ?**

**न, इत्याह - 'योगाध्ययनानुसारेण'=योगाध्ययनं प्रवचनप्रसिद्धम्, तदनुसारेण - तन्नीत्या ।**

**ટીકાર્થ :-**

**एवं मत्वा ..... तन्नीत्या । આ રીતે=પૂર્વમાં ભગવાનનાં વિશેષણો બતાવીને નમસ્કાર કર્યો એ રીતે, નમસ્કાર કરીને શું ? એથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે - 'હું કહીશ.'**

**શું કહીશ ? તો કહે છે - યોગલેશને કહીશ=યોગના એક દેશને કહીશ.**

અહીં ભ્રમ થાય કે યોગદેશને એટલે યોગમાર્ગના એક ભાગને કહેશે ? તેના નિરાકરણ માટે કહે છે -

**તત્ત્વથી આવું=યોગશતક ગ્રંથનું વ્યાપકપણું હોવા છતાં પણ ગ્રંથની અલ્પતાને કારણે આ પ્રમાણે વ્યપદેશ=યોગલેશને કહીશ એ પ્રમાણેનો વ્યપદેશ, કર્પૂરાદિ લેશની જેમ અવિરુદ્ધ જ છે.**

**શેનાથી કહીશ ? શું પોતાની મતિથી ? ના.**

**તો કેવી રીતે કહેશો ? એથી કહે છે –**

**યોગઅધ્યયનના અનુસારથી=પ્રવચનપ્રસિદ્ધ એવું જે યોગનું અધ્યયન, તેની નીતિથી યોગશતકને હું કહીશ, એ પ્રકારનો અન્વય છે.**

◆ 'कर्पूरादि' અહીં 'आदि' થી તેના જેવા બીજા પદાર્થો ગ્રહણ કરવા.

**ભાવાર્થ :-**

ગાથાના પૂર્વાર્ધમાં અનેક વિશેષણોથી વિશિષ્ટ એવા ભગવાનને નમસ્કાર કરીને યોગલેશને કહેવાની ગ્રંથકારે પ્રતિજ્ઞા કરી, ત્યાં યોગલેશ શબ્દનો અર્થ યોગનો એક દેશ કર્યો. તેથી એમ લાગે કે પ્રસ્તુત ગ્રંથ યોગમાર્ગના એક ભાગને કહેનાર છે, પરંતુ પૂર્ણ યોગમાર્ગને કહેનાર નથી. આવા પ્રકારના ભ્રમના નિરાકરણ માટે ગ્રંથકાર કહે છે કે આ ગ્રંથ વ્યાપક છે. તેનાથી એમ પ્રાપ્ત થાય કે આ ગ્રંથમાં સંપૂર્ણ યોગમાર્ગનું કથન છે, પરંતુ યોગમાર્ગના એક દેશનું કથન છે, એવું નથી.

તો પછી યોગના એક દેશને હું કહીશ, એ પ્રમાણે કેમ કહે છે ? તેથી ખુલાસો કરતાં કહે છે કે પ્રસ્તુત ગ્રંથ ૧૦૦ ગાથા પ્રમાણ હોવાથી, આ યોગનો એક દેશ છે તેમ વ્યપદેશ કરેલ છે. વળી ૧૦૦ ગાથા પ્રમાણ પ્રસ્તુત ગ્રંથમાં સંક્ષેપથી પણ પૂર્ણ યોગમાર્ગને બતાવવામાં આવેલ છે. તેથી જો સંપૂર્ણ યોગમાર્ગને કહેતા હોય તો યોગના એક દેશને કહીશ, તેમ કહેવું તે વિરોધરૂપ લાગે. તેથી દૃષ્ટાંતથી વિરોધનો પરિહાર સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ ભાજનમાં કપૂર વગેરેનો લેશ=ટુકડો, મૂકેલો હોય, તે કપૂર પોતાના પરમાણુઓથી આખા ભાજનમાં વ્યાપ્ત હોવા છતાં, આ ભાજનમાં કપૂરનો એક ટુકડો છે, તેમ વ્યપદેશ થાય છે=કથન થાય છે. તેથી જેમ કપૂરની અલ્પતાને કારણે ભાજનની અંદર કપૂર પૂર્ણ વ્યાપ્ત હોવા છતાં કપૂર આદિનો લેશ છે તેમ કહેવાય છે, તેમ ૧૦૦ ગાથા પ્રમાણ આ ગ્રંથ તેના કદની અલ્પતાને કારણે યોગલેશ છે તેમ કહેલ છે.

વસ્તુતઃ પૂર્ણ યોગમાર્ગનું સંક્ષેપથી વર્ણન પ્રસ્તુત ગ્રંથમાં છે. તેથી પૂર્ણ યોગમાર્ગનું કથન છતાં 'યોગલેશને હું કહીશ' એ પ્રમાણેનું જે કથન છે, તે અવિરુદ્ધ જ છે.

વળી ગ્રંથકાર પોતાની મતિથી આ ગ્રંથની રચના કરતા નથી, પરંતુ પ્રવચનમાં પ્રસિદ્ધ એવા યોગઅધ્યયનને અનુસરીને કરે છે; અને પ્રવચન એ પ્રકૃષ્ટ વચનરૂપ છે અને પ્રકૃષ્ટ વચન તે છે જે સર્વજ્ઞથી કહેવાયેલું હોય. તેવા 'પ્રવચનમાં પ્રસિદ્ધ યોગઅધ્યયન અનુસારે આ યોગગ્રંથને હું કહીશ,' એમ કહેવાથી એ ફલિત થાય છે કે સર્વજ્ઞના વચનાનુસાર આ યોગગ્રંથનું નિરૂપણ છે, તેથી એકાંતે ઉપાદેય છે.

**ટીકા :-**

**एवं चेह ग्रन्थकारस्य योगलेशाभिधानमनन्तरप्रयोजनम्, योगलेश एवाभिधीयमानोऽभिधेयम्, साध्यसाधन-लक्षणश्च सम्बन्धः । श्रोतॄणां तु योगलेशज्ञानमनन्तरप्रयोजनं । (परम्पराप्रयोजनं) तु द्वयोरपि मुक्तिरेव, तत्त्वज्ञानपूर्विकत्वाद् मुक्तेः, न चास्य योगं मुक्त्वा अपर उपायः ।**

**ટીકાર્થ :-**

एवं चेह ..... अपर उपायः । **અને આ રીતે=પ્રસ્તુત ગાથામાં કહ્યું કે "હું યોગલેશને કહીશ" એ રીતે, અહીં=ગ્રંથરચનામાં, યોગલેશનું અભિધાન એ ગ્રંથકારનું અનંતર પ્રયોજન છે, અને કહેવાતો એવો યોગલેશ જ પ્રસ્તુત ગ્રંથનું અભિધેય છે=વિષય છે; અને સાધ્ય-સાધનલક્ષણ સંબંધ છે=પ્રસ્તુત ગ્રંથથી સાધ્ય યોગનો બોધ છે અને તેનું સાધન પ્રસ્તુત ગ્રંથ છે. વળી યોગલેશનું જ્ઞાન એ શ્રોતાનું અનંતર પ્રયોજન છે. પરંપર પ્રયોજન વળી બંનેનું પણ=ગ્રંથકાર અને શ્રોતાનું પણ, મુક્તિ જ છે; કેમ કે મુક્તિનું તત્ત્વજ્ઞાનપૂર્વકપણું છે, અને આનો=તત્ત્વજ્ઞાનનો, યોગને છોડીને બીજો કોઈ ઉપાય નથી.**

**ભાવાર્થ :-**

ગ્રંથરચનામાં 'યોગલેશનું કથન કરવું' તે ગ્રંથકારનું અનંતર પ્રયોજન છે અને પ્રસ્તુત ગ્રંથમાં કહેવાતો એવો 'યોગલેશ' આ ગ્રંથનો વિષય છે, અને પ્રસ્તુત ગ્રંથ અને યોગમાર્ગ એ બંને વચ્ચે સાધ્ય-સાધનલક્ષણ સંબંધ છે. આ પ્રમાણે બતાવવાથી યોગના અર્થી એવા વિચારકની પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ થશે; કેમ કે તે યોગનો અર્થી હોવાથી આ કથનથી જાણી શકે કે પ્રસ્તુત ગ્રંથમાં યોગનું કથન છે, તેથી યોગનો બોધ કરવા માટે આ ગ્રંથ ઉપયોગી છે. ગ્રંથકારે પણ યોગનો બોધ કરાવવા માટે 'યોગલેશને હું કહીશ,' એમ પ્રતિજ્ઞા કરેલ છે. તેથી પ્રસ્તુત ગ્રંથમાં યોગના પદાર્થને છોડીને અન્ય કોઈ પદાર્થનું નિરૂપણ નથી, તેવો નિર્ણય ગ્રંથકારના પ્રતિજ્ઞાવાક્યથી થાય છે. વળી સાધ્ય-સાધન સંબંધથી પ્રસ્તુત ગ્રંથ સુસંબદ્ધ છે; એમ ગ્રંથકારશ્રીના પ્રતિજ્ઞાવચન દ્વારા અર્થથી જણાય છે.

વળી યોગમાર્ગનો બોધ કરવો એ શ્રોતાનું પણ અનંતર પ્રયોજન છે. તેથી જે શ્રોતાને યોગલેશનું જ્ઞાન કરવાની ઈચ્છા છે, તે શ્રોતા આ ગ્રંથમાં પ્રવૃત્તિ કરશે.

વળી ગ્રંથકાર અને શ્રોતા બંનેનું પરંપર પ્રયોજન મોક્ષ છે અને જે શ્રોતા મોક્ષના અર્થી હોય તેમને યોગમાર્ગ ઉપયોગી છે. માટે તેવા શ્રોતા યોગગ્રંથમાં યત્ન કરે, યત્ન કરીને યોગમાર્ગનો બોધ કરે તો અંતે અંતિમ ફળસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત પણ કરે. તેથી શ્રોતાનું પરંપરાએ પ્રયોજન મોક્ષ છે. વળી ગ્રંથકારે પણ લોકોને યોગમાર્ગ બતાવવા અર્થે અને પોતાના આત્મામાં યોગમાર્ગ સ્થિર કરવા અર્થે આ ગ્રંથ રચેલ છે, જેથી પોતાને અંતિમ ફળરૂપ મોક્ષ મળે.

પ્રસ્તુત ગ્રંથનું પરંપર પ્રયોજન મુક્તિ કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે કે પ્રસ્તુત ગ્રંથથી પરંપર પ્રાપ્તવ્ય મુક્તિ છે, મુક્તિ તત્ત્વજ્ઞાનપૂર્વક થાય છે અને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય યોગ છે, જે આ ગ્રંથના અધ્યયનથી થશે. તેથી પ્રસ્તુત ગ્રંથના અધ્યયનથી યોગની પ્રાપ્તિ થશે, તેનાથી તત્ત્વજ્ઞાન થશે અને તેનાથી મુક્તિ થશે.

અહીં વિશેષ એ છે કે સામાન્યથી યોગનો અર્થ કર્યો કે 'મોક્ષની સાથે આત્માને જોડી આપે તેવો ધર્મવ્યાપાર તે યોગ' છે. તેથી એમ લાગે કે યોગ મોક્ષનો સાક્ષાત્ ઉપાય છે. તે ભ્રમ દૂર કરવા અહીં કહ્યું કે યોગથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તત્ત્વજ્ઞાનથી=પ્રાતિભજ્ઞાનથી, મુક્તિ થાય છે.

આનાથી એ ફલિત થયું કે –

ગ્રંથના અધ્યયનથી → યોગ
યોગથી → તત્ત્વજ્ઞાન
તત્ત્વજ્ઞાનથી → મુક્તિ

**ટીકા :-**

**यथोक्तम्** –

**ટીકાર્થ :-**

**यथोक्तम् – પૂર્વમાં કહ્યું કે યોગને છોડીને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી. તેમાં સાક્ષી આપતાં કહે છે – 'જે પ્રમાણે કહેવાયું છે' અને તે બતાવે છે :**

**શ્લોક :-**

"वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ" ।। योगबिन्दु श्लो. ६७ ।।

**શ્લોકાર્થ :-**

**"ગતિ હોવા છતાં જેમ તલને પીલનાર બળદ ગતિના પરિમાણને જાણતો નથી, તેમ નિશ્ચિત એવા=અસિદ્ધ, અનેકાંતિક આદિ દોષોના પરિહારથી નિશ્ચિત એવા વાદ અને પ્રતિવાદને કરતા બધા દર્શનવાદી મુમુક્ષુઓ પણ, તે પ્રકારે તત્ત્વના અંતને પામતા નથી જ=તે તે શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા પ્રકારથી**

**આત્માદિ તત્ત્વના પરમાર્થને પામતા નથી જ."** ।।યો. બિં. શ્લો. ૬૭।।

**શ્લોક :-**

"अध्यात्ममत्र परम उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं यथैव ह्यप्रमादिनः" ।। योगबिन्दु श्लो. ६८ ।।

**શ્લોકાર્થ :-**

**જેમ જ અપ્રમાદીનું સન્માર્ગથી ગમન "ગતિમાં=વિશિષ્ટ નગરની પ્રાપ્તિમાં, ઉપાય છે, તેમ અહીંયાં= તત્ત્વની પ્રતિપત્તિમાં, અધ્યાત્મ પરમ ઉપાય છે."** ।। યો. બિં. શ્લો. ૬૮ ।।

**ભાવાર્થ :-**

સ્વપક્ષમાં આગ્રહી જીવો હેતુના અસિદ્ધ, અનેકાંતિક આદિ દોષોના સ્વરૂપને જાણતા હોય અને પોતાના પક્ષનું સ્થાપન કરવા માટે વાદી-પ્રતિવાદીરૂપે ચર્ચા કરતા હોય, તોપણ તે તે શાસ્ત્રોમાં જે રીતે આત્માદિ તત્ત્વો પ્રસિદ્ધ છે, તે રૂપે યુક્તિ દ્વારા પામી શકતા નથી. જેમ આંખ ઉપર પાટા બાંધીને તલને પીલવા માટે ઘાણીનો બળદ આખો દિવસ ગોળ ગોળ ફરે છે, છતાં પોતે કેટલું ચાલ્યો તેના પરિમાણને પ્રાપ્ત કરી શકતો નથી; તેમ દીર્ઘ ચર્ચાથી પણ તેઓ શાસ્ત્રીય પદાર્થોના સ્વરૂપને પામી શકતા નથી; કેમ કે સ્વપક્ષમાં બદ્ધ અભિનિવેશ હોવાને કારણે સ્વપક્ષના સ્થાપનને અનુકૂળ યુક્તિઓને અસિદ્ધ-અનેકાંતાદિ દોષોના પરિહારપૂર્વક જોડવા તેઓ યત્ન કરે છે, પરંતુ મધ્યસ્થતાથી તત્ત્વને જોવાનો પ્રયત્ન કરતા નથી. તેથી યુક્તિના બળથી પણ આત્માદિ તત્ત્વોની પ્રાપ્તિ થતી નથી.

તો પ્રશ્ન થાય કે ખરેખર તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય શું ? તેથી તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય અધ્યાત્મ છે, તે શ્લોક-૬૮માં બતાવેલ છે. ।। યો. બિં. શ્લો. ૬૭-૬૮ ।।

**ઉત્થાન :-**

પૂર્વની બે ગાથામાં બતાવ્યું કે વાદ-પ્રતિવાદથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી, પરંતુ તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય અધ્યાત્મ છે. તેથી હવે શું કરવું જોઈએ ? તે બતાવે છે –

**શ્લોક :-**

"मुक्त्वाऽतो वादसङ्घट्टमध्यात्ममनुचिन्त्यताम् ।
नाविधूते तमस्कन्धे ज्ञेये ज्ञानं प्रवर्तते" ।। योगबिन्दु श्लो. ६९ ।।

**શ્લોકાર્થ :-**

**"આથી=તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય અધ્યાત્મ છે એથી, વાદના સંઘટ્ટને મૂકીને અધ્યાત્મનું ચિંતન કરવું જોઈએ. મિથ્યાત્વ-અભિનિવેશાદિરૂપ અંધકારનો નાશ નહીં થયે છતે જ્ઞેય એવા આત્માદિના વિષયમાં જ્ઞાન થતું નથી."** ।। યો.બિં.શ્લો. ૬૯ ।।

**ભાવાર્થ :-**

પૂર્વની બે ગાથાથી સ્થાપન થયું કે અધ્યાત્મ તત્ત્વપ્રાપ્તિનો ઉપાય છે. આથી તત્ત્વપ્રાપ્તિના અર્થીએ વાદ-પ્રતિવાદરૂપ સંઘટ્ટને મૂકીને અધ્યાત્મનું ચિંતન કરવું જોઈએ અર્થાત્ ખરેખર અધ્યાત્મ શું પદાર્થ છે ? કઈ રીતે હું યત્ન કરું કે જેથી મને અધ્યાત્મની પ્રાપ્તિ થાય ? તે પ્રકારનું ચિંતન કરવું જોઈએ. તે પ્રકારના ચિંતનથી અધ્યાત્મના ઉપાયોની જિજ્ઞાસા થાય છે અને અધ્યાત્મના ઉપાયોની જિજ્ઞાસાથી અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે.

વળી અધ્યાત્મની પ્રાપ્તિ વગર આત્માદિનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી. એ સ્પષ્ટ કરવા માટે કહે છે કે અધ્યાત્મના ચિંતનરૂપ દીપક વડે જ્યાં સુધી મિથ્યાત્વ-અભિનિવેશાદિરૂપ અંધકાર નાશ પામતો નથી, ત્યાં સુધી આત્માને જ્ઞેયનો બોધ થતો નથી.

આશય એ છે કે જીવ અધ્યાત્મનું ચિંતન કરે તેનાથી ક્રમે કરીને તેને અધ્યાત્મની પ્રાપ્તિ થાય અને અધ્યાત્મની પ્રાપ્તિથી જીવ તત્ત્વ-અતત્ત્વને જોવામાં અત્યંત મધ્યસ્થ બને, ત્યારે અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ, અને અતત્ત્વને તત્ત્વરૂપે સ્વીકાર્યા પછી પણ 'આ જ તત્ત્વ છે' તેવા પ્રકારનો અભિનિવેશરૂપ અંધકાર, મૂળમાંથી નાશ પામે છે, અને મધ્યસ્થતાથી તત્ત્વ-અતત્ત્વના વિભાગ માટેની બુદ્ધિ પ્રવર્તે છે. તેના બળથી આત્માને સંસાર-મોક્ષ, આશ્રવ-સંવર આદિ પદાર્થવિષયક યથાર્થ બોધ પ્રગટે છે અને તેના બળથી જીવ ક્રમે કરીને મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે. ॥ યો.બિં.શ્લો. ૬૯ ॥

**ઉત્થાન :-**

આ રીતે ત્રણ ગાથા દ્વારા તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય અધ્યાત્મ છે તેમ સ્થાપન કર્યું. ત્યાં જિજ્ઞાસા થાય કે અધ્યાત્મ શું પદાર્થ છે ? તેથી અધ્યાત્મનું સ્વરૂપ બતાવે છે –

**ટીકા :-**

**"औचित्याद् वृत्तयुक्तस्य वचनात् तत्त्वचिन्तनम् ।**
**मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः" ।। योगबिन्दु श्लो. ३५८।।**

**ટીકાર્થ :-**

**"તેના જાણનારાઓ=અધ્યાત્મના જાણનારાઓ, ઔચિત્યથી વ્રતયુક્તના=અણુવ્રત-મહાવ્રતાદિ વ્રતયુક્તના, જિનપ્રણીત વચનથી મૈત્રી આદિ સાર એવા અત્યંત તત્ત્વચિંતનને=જીવાદિ પદાર્થોના પર્યાલોચનને, અધ્યાત્મ કહે છે." ।।યો.બિં.શ્લો. ૩૫૮।।**

**ઉત્થાન :-**

આ રીતે અધ્યાત્મનું સ્વરૂપ બતાવ્યું. હવે અધ્યાત્મનું ફળ શું છે, તે બતાવે છે –

**શ્લોક :-**

"अतः पापक्षयः सत्त्वं शीलं ज्ञानं च शाश्वतम् ।

तथाऽनुभवसंसिद्धममृतं ह्यद एव तु" ।। योगबिन्दु श्लो. ३५९ ।।

**શ્લોકાર્થ :-**

**"આનાથી=અધ્યાત્મથી, જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મરૂપ પાપનો ક્ષય અને વીર્યના ઉત્કર્ષરૂપ સત્ત્વ પેદા થાય છે અને ચિત્તસમાધિરૂપ શીલ અને શાશ્વત=અપ્રતિપાતી, એવું જ્ઞાન થાય છે. 'તથા' એ અન્ય વક્તવ્યના સમુચ્ચયમાં છે અને તે અન્ય વક્તવ્ય શું છે, તે બતાવે છે : અધ્યાત્મવાળાઓને આ જ= અધ્યાત્મ જ, અનુભવસંસિદ્ધ એવું અમૃત છે." ॥ યો.બિં.શ્લો. ૩૫૯ ॥**

**ટીકા :-**

योगबिन्दुः (योगबिन्दु) । इत्यादि ।।

**ટીકાર્થ :-**

योगबिन्दुः ..... इत्यादि ।। **અહીં ટીકામાં** योगबिन्दुः **શબ્દ વધારાનો લાગે છે. વસ્તુતઃ આ સાક્ષીપાઠ યોગબિંદુમાં ઉપલબ્ધ છે તેમ જણાવવા માટે** योगबिन्दु **એ પ્રમાણે હોવું જોઈએ; અને** 'इत्यादि' **શબ્દથી અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનો ઉપાય છે તે બતાવનાર અન્ય સાક્ષીપાઠોનો સમુચ્ચય કરવાનો છે.**

**ભાવાર્થ :-**

યોગબિંદુ શ્લોક-૩૫૮માં અધ્યાત્મનું લક્ષણ બતાવ્યું. આ અધ્યાત્મ તત્ત્વથી પાંચમા અને છઠ્ઠા આદિ ગુણસ્થાનકવાળાને હોય છે અને આ ગુણસ્થાનક ઔચિત્યપૂર્વક વ્રત ગ્રહણ કરવામાં આવેલ હોય તો પ્રગટે છે. તેથી વ્રત સ્વીકારતાં પહેલાં જે જીવ પોતાની યોગ્યતા તેમ જ ઔચિત્યનો વિચાર કરે અને એનો વિચાર કરીને અણુવ્રતો કે મહાવ્રતો સ્વીકારે, અને એ સ્વીકારેલ વ્રતોની મર્યાદામાં રહીને જીવાજીવાદિ પદાર્થોનું ભગવાનના વચનાનુસાર અત્યંત ચિંતન કરતો હોય, અને એ ચિંતનકાળમાં મૈત્રી આદિ ચાર ભાવનાઓ પ્રધાનરૂપે ચિત્તમાં પ્રવર્તતી હોય, તો તેનામાં અધ્યાત્મ છે, તેમ અધ્યાત્મના જાણનારાઓ કહે છે.

અહીં અત્યંત તત્ત્વચિંતન એ અધ્યાત્મ છે, તેમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે ભગવાનના વચનાનુસાર જીવાદિ પદાર્થોનું ચિંતન તે રીતે કરતો હોય કે જેનાથી તે પદાર્થોના ચિંતન દ્વારા આત્મા ભાવિત થવાને કારણે તેનો નિર્લેપભાવ ક્રમસર વધતો હોય.

'મૈત્રી આદિ ચાર ભાવનાઓથી વાસિત ચિત્ત હોય' તેમ બતાવવાથી એ કહેવું છે કે મૈત્રીભાવનાથી સ્વાર્થવૃત્તિનો ત્યાગ થાય છે અને જીવમાત્રના હિતને અનુકૂળ એવો ઉદાર આશય થાય છે, પ્રમોદભાવનાથી ગુણ પ્રત્યેનો પક્ષપાત વધતો જાય છે, કરુણાભાવનાથી યોગ્ય જીવોના હિતને અનુકૂળ એવું દયાળુ હૈયું થાય છે અને માધ્યસ્થભાવનાથી અયોગ્ય જીવો પ્રત્યે પણ દ્વેષ થતો નથી પરંતુ ઉપેક્ષા થાય છે.

વળી જીવ આ રીતે મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત થઈને તત્ત્વચિંતન કરે તો આત્મામાં અધ્યાત્મ પ્રગટે.

આવું અધ્યાત્મ જેનામાં પ્રગટે તેનાથી તેને શું ફળ મળે ? તે યોગબિંદુ શ્લોક-૩૫૯માં બતાવેલ છે, જેનો ભાવ આ પ્રમાણે છે –

પૂર્વગાથામાં બતાવ્યા પ્રમાણે શાસ્ત્રવચનના બળથી જીવ જ્યારે અત્યંત ઉપયોગપૂર્વક તત્ત્વચિંતન કરે, ત્યારે જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મોરૂપ પાપનો ક્ષય થાય અને તેનાથી જીવમાં તત્ત્વજ્ઞાન પ્રગટે છે. વળી અનાદિકાળથી જીવ કર્મને પરવશ રહેવા ટેવાયેલો છે, તેથી અલ્પસત્ત્વવાળો છે; પરંતુ અધ્યાત્મના સેવનથી આત્મિક ભાવોને ખીલવવાની શક્તિનો સંચય થાય છે, જે વીર્યઉત્કર્ષરૂપ સત્ત્વ છે.

આ રીતે અધ્યાત્મના સેવનથી ક્લિષ્ટ કર્મોનો નાશ થાય છે અને માર્ગાનુસારી વીર્ય ઉત્કર્ષવાળું બને છે, જેના કારણે ચિત્ત સમાધિવાળું બને છે અર્થાત્ વિષયો પ્રત્યે નિઃસ્પૃહ થવાને કારણે ચિત્ત સમાધાનવાળું થાય છે; જેના કારણે નિરાકુળ એવા મોક્ષમાર્ગમાં ગમન થાય તેવું શીલ પ્રગટે છે. આ રીતે અધ્યાત્મના સેવનથી શીલનો પ્રકર્ષ થવાને કારણે શાશ્વત જ્ઞાન=અપ્રતિપાતિ એવું કેવળજ્ઞાન પ્રગટે છે અને તે કેવળજ્ઞાનને 'શાશ્વત જ્ઞાન' એ શબ્દથી શ્લોકમાં વર્ણન કરેલું છે.

વળી અધ્યાત્મના અન્ય ફળનો પણ સમુચ્ચય કરવા માટે 'તથા' થી કહે છે –

અધ્યાત્મવાળા જીવોને આ અધ્યાત્મ 'સ્વસંવેદન પ્રત્યક્ષ' એવું અમૃત છે અર્થાત્ કોઈ જીવ અમૃતનું પાન કરે તે વખતે તેને અપૂર્વ કોટીના આનંદનો અનુભવ થાય છે, તેમ તત્ત્વચિંતનના કાળમાં વર્તતું અધ્યાત્મ જીવને અનુભવસિદ્ધ નિર્વિકારી અંશનું વેદન કરાવે છે, જે અમૃતના જેવું સુમધુર છે. જેમ અમૃતનું પાન સેવનકાળમાં સુખનો અનુભવ કરાવે છે, જેના ફળરૂપે અમૃતનું પાન કરનાર જીવ અમર બને છે, તેમ અધ્યાત્મરૂપી અમૃતનો અનુભવ કરનાર મહાત્માને પણ તે વખતે પ્રત્યક્ષ સુખનો અનુભવ થાય છે અને તે સર્વકર્મથી મુક્ત થવાને કારણે અમર બને છે. આ અધ્યાત્મનું ફળ છે. ॥ યો.બિં.શ્લો. ૩૫૮-૩૫૯॥

**ઉત્થાન :-**

અહીં શંકા થાય કે પૂર્વમાં કહ્યું કે તત્ત્વજ્ઞાનનો ઉપાય યોગ છે, તો સાક્ષીપાઠમાં તત્ત્વજ્ઞાનનો ઉપાય યોગ છે તેમ ન કહેતાં અધ્યાત્મ છે, તેમ કેમ કહ્યું ? તેથી અધ્યાત્મ અને યોગ એક જ છે તે બતાવવા કહે છે –

**ટીકા :-**

**अध्यात्मं च योग इति यथोदितप्रयोजनसिद्धिः ।**

**ટીકાર્થ :-**

अध्यात्मं ..... प्रयोजनसिद्धिः । **અને અધ્યાત્મ એ યોગ છે, એ પ્રમાણે=ગ્રંથકાર અને શ્રોતા એ બંનેનું પ્રયોજન પરંપરાએ મુક્તિ છે એમ પૂર્વે કહ્યું અને તેમાં હેતુ કહ્યો કે 'તત્ત્વજ્ઞાનપૂર્વક મુક્તિ છે' ત્યાંથી માંડીને** 'अध्यात्मं च योगः' **ત્યાં સુધીનું કથન કર્યું એ પ્રમાણે, યથોદિત પ્રયોજનની સિદ્ધિ થાય**

**છે=યોગશતકના ગ્રંથકાર અને શ્રોતા બંનેનું પરંપરાએ પ્રયોજન મુક્તિ છે, એ રૂપ યથોદિત પ્રયોજનની સિદ્ધિ થાય છે.**

**ટીકા :-**

**पर्याप्तं प्रसङ्गेन । इति गाथार्थः ।।१।।**

**ટીકાર્થ :-**

**पर्याप्तं ..... गाथार्थः ।।१।। પ્રસંગથી સર્યું. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

અહીં શંકા થાય કે અહીં પ્રાસંગિક કથન શું છે ? તેનું તાત્પર્ય એ છે કે ગ્રંથના અભિધેયાદિ ચારને કહેતાં પ્રયોજનનું કથન કર્યું, ત્યાં શ્રોતા અને ગ્રંથકારનું અનંતર અને પરંપર પ્રયોજન શું છે, તે બતાવ્યું. ત્યાં ગ્રંથકારને સ્મરણ થયું કે આ યોગગ્રંથ વક્તા અને શ્રોતાનું પરંપરાએ મુક્તિનું પ્રયોજન કઈ રીતે છે ? તે કહેવું આવશ્યક છે, જેથી આ યોગગ્રંથ કઈ રીતે મોક્ષનું કારણ છે, તેનો પણ શ્રોતાને બોધ થાય. જોકે મૂળ ગાથાના કથનને અનુસરીને માત્ર અનુબંધ ચતુષ્ટયનું કથન કરવાનું હતું, તોપણ 'स्मृतस्य उपेक्षाऽनर्हत्वं प्रसङ्गत्वम्'=સ્મૃત પદાર્થની ઉપેક્ષા કરવી ઉચિત ન હોવાથી તેવા સ્મૃત પદાર્થનું કથન તે પ્રાસંગિક કથન કહેવાય છે. તે રીતે પ્રસ્તુતમાં ગ્રંથકાર અને શ્રોતા બંનેનું પરંપર પ્રયોજન મુક્તિ છે, એમ કહ્યું ત્યાં, ગ્રંથકારને "યોગથી મુક્તિ કઈ રીતે થાય ?" તે સ્મરણમાં આવ્યું. તેનું વર્ણન પણ પ્રસ્તુત કથનમાં ઉપકારક થાય તેવું હોવાથી ઉપેક્ષણીય નથી, એમ જાણીને, ગ્રંથકારે "તત્ત્વજ્ઞાનથી મુક્તિ છે અને તેનો ઉપાય યોગ છે" ઈત્યાદિ કથન પ્રાસંગિકરૂપે કર્યું. તે પ્રાસંગિક કથન હજુ ઘણું બધું છે, છતાં પ્રાસંગિક કથન પ્રસ્તુતમાં જેટલું ઉપકારી હોય તેટલું કહેવાય. તેથી ગ્રંથકાર કહે છે કે "પ્રસંગથી સર્યું." એ પ્રમાણે ગાથાર્થ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**इह योगो द्विधा-निश्चयतो व्यवहारतश्चेत्यस्य लक्षणमाह -**

**અવતરણિકાર્થ :-**

**અહીંયાં=લોકમાં કે પ્રવચનમાં, નિશ્ચયનયથી અને વ્યવહારનયથી યોગ બે પ્રકારનો છે. એથી (નિશ્ચયનયને આશ્રયીને અને વ્યવહારનયને આશ્રયીને) આનાં=યોગનાં, લક્ષણને કહે છે -**

**ભાવાર્થ :-**

અહીં='પ્રવચનમાં' એમ કહેવાથી જૈનશાસનમાં યોગનું બે પ્રકારે વર્ણન કરેલું છે તેમ બતાવવું છે; અને 'લોકમાં' એમ કહેવાથી મનુષ્યલોકમાં જે યોગીઓ છે, તેમનાથી સેવાતો જે યોગ છે, તે બે પ્રકારનો છે તેમ બતાવવું છે.

આ યોગના બે પ્રકાર છે, એટલે જેમ જીવના બે પ્રકાર છે (૧) સંસારી અને (૨) મુક્ત, તેવા બે પ્રકાર યોગના નથી; પરંતુ નિશ્ચયનયની દૃષ્ટિથી મોક્ષના કારણીભૂત યોગ જુદા પ્રકારનો છે અને વ્યવહારનયની દૃષ્ટિથી મોક્ષના કારણીભૂત યોગ જુદા પ્રકારનો છે, તે બતાવવું છે.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષનું જે કારણ હોય તે યોગ કહેવાય, એ પ્રકારના વ્યુત્પત્તિ અર્થને જોનાર નયની દૃષ્ટિએ તેના બે પ્રકાર કઈ રીતે થઈ શકે ? તેનું તાત્પર્ય એ છે કે નિશ્ચયનય સૂક્ષ્મદૃષ્ટિથી જોનાર છે, તેથી સૂક્ષ્મદૃષ્ટિથી જે મોક્ષનું કારણ હોય તેને યોગ કહે છે; જ્યારે વ્યવહારનય સ્થૂલદૃષ્ટિથી જોનાર છે, તેથી સ્થૂલદૃષ્ટિથી જે મોક્ષનું કારણ હોય તેને યોગ કહે છે. આમ છતાં બંનેને માન્ય એવો યોગ બંનેની અપેક્ષાએ જુદા પ્રકારનો હોવા છતાં બંને મોક્ષનું કારણ તો છે જ. તેથી તેને સામે રાખીને નિશ્ચયનયને અને વ્યવહારનયને આશ્રયીને યોગનું લક્ષણ બતાવવા અર્થે ગ્રંથકાર પ્રથમ નિશ્ચયનયથી યોગનું સ્વરૂપ બતાવે છે -

**ગાથા :-**

**निच्छयओ इह जोगो सण्णाणाईण तिण्ह संबंधो ।**
**मोक्खेण जोयणाओ णिद्दिट्ठो जोगिनाहेहिं ।।२।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=લોકમાં=મનુષ્યલોકમાં અથવા પ્રવચનમાં=જિનકથિત શાસ્ત્રોમાં, सण्णाणाईण तिण्ह संबंधो=સમ્યગ્જ્ઞાનાદિ ત્રણનો સંબંધ मोक्खेण जोयणाओ=મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી, जोगिनाहेहिं=યોગીઓના નાથ એવા જિનેશ્વર ભગવંતો વડે निच्छयओ=નિશ્ચયનયથી जोगो=યોગ णिद्दिट्ठो=બતાવાયેલો છે. ।।૨।।**

**ગાથાર્થ :-**

**મનુષ્યલોકમાં અથવા જિનકથિત શાસ્ત્રોમાં, સમ્યગ્જ્ઞાનાદિ ત્રણનો સંબંધ મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી, યોગીનાથ એવા જિનેશ્વરો વડે નિશ્ચયનયથી યોગ બતાવાયેલો છે. ।।૨।।**

**ટીકા :-**

'निश्चयतः'=निश्चयेन - अक्षेपफलं नियमफलं वाऽङ्गीकृत्य तद्भावेन । 'इह'=लोके प्रवचने वा । 'योगः'=धर्मविशेषः, 'सज्ज्ञानादीनां'=सज्ज्ञानस्य सद्दर्शनस्य सच्चारित्रस्य च, सद्ग्रहणं मिथ्याज्ञानादिव्यवच्छेदार्थम् एतेषां 'त्रयाणां' 'सम्बन्धः' - मीलकः, एकात्मन्यवस्थानमित्यर्थः । त्रयाणामिति च न्यूनाधिकसंख्यानिरासार्थम्, त्रयाणामेव सम्बन्धो निश्चयतो योगः । कुतः ? इत्यन्वर्थमाह - 'मोक्षेण योजनात्' - कृत्स्नकर्मक्षयो मोक्षः, अपुनर्बन्धकत्वेनाऽऽत्मन आत्मन्येवावस्थानम्, तेन 'योजनाद्'=घटनात् कारणात् । नेदं स्वमत्युत्प्रेक्षितं योगलक्षणमित्याह - 'निर्दिष्टो योगिनाथैः' निर्दिष्टः=प्रतिपादितः, योगिनः=मुनयस्तन्नाथैः - वीतरागैरर्हद्भिरिति ।

अनेन मुक्तबाहुल्यमाह, तदद्वैते योगनैरर्थक्यप्रसङ्गात्, सदन्तरस्य सदन्तरत्वानुपपत्तेः तत्रैव लयासम्भवात् । इति गाथार्थः ।।२।।

**ટીકાર્થ :-**

निश्चयतः ..... मुक्तबाहुल्यमाह । **નિશ્ચયથી=નિશ્ચયનય વડે તેનો અર્થ સ્પષ્ટ કરે છે - અક્ષેપફળને અથવા નિયમફળને અંગીકાર કરીને, તેના ભાવ વડે=યોગને જોવાના ઉપયોગ વડે, (યોગનું સ્વરૂપ બતાવે છે) અહીં=મનુષ્યલોકમાં અથવા જિનકથિત યોગને કહેનારાં શાસ્ત્રોમાં, ધર્મવિશેષરૂપ યોગ=સમ્યગ્જ્ઞાનાદિ ત્રણનો સંબંધ=મીલક સંબંધ=એક આત્મામાં અવસ્થાન, નિશ્ચયથી= નિશ્ચયનયથી યોગ છે.**

અહીં સદ્જ્ઞાનાદિનો અર્થ સ્પષ્ટ કરે છે –

**સદ્જ્ઞાન, સદ્દર્શન અને સચ્ચારિત્ર. 'સદ્' શબ્દનું ગ્રહણ મિથ્યાજ્ઞાનાદિના=મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્રના, વ્યવચ્છેદ માટે છે; અને 'त्रयाणां' શબ્દ ન્યૂનાધિક સંખ્યાના નિરાસ માટે છે=ત્રણનો જ સંબંધ=ચારનો નહિ કે બેનો નહિ.**

**આ સમ્યગ્જ્ઞાનાદિ ત્રણનો જ સંબંધ નિશ્ચયથી યોગ કેમ છે ? એથી યોગ શબ્દના વ્યુત્પત્તિ અર્થને ગાથામાં કહે છે –**

**મોક્ષની સાથે જોડનાર હોવાથી ત્રણનો જ સંબંધ યોગ છે, એ પ્રકારે અન્વય છે.**

યોગના લક્ષણ અંતર્ગત મોક્ષ શબ્દનો અર્થ બતાવે છે –

**સંપૂર્ણ કર્મનો ક્ષય મોક્ષ છે.**

સંપૂર્ણ કર્મના ક્ષયથી પ્રાપ્ત થતું આત્માનું સ્વરૂપ મોક્ષમાં કેવું છે ? તે બતાવે છે –

**અપુનર્બંધકપણા વડે=ફરી કર્મ ન બંધાય એ રીતે, આત્માનું આત્મામાં જ અવસ્થાન તે મોક્ષ છે. તેની સાથે=તેવા મોક્ષની સાથે, યોજન કરનાર હોવાના કારણે=ઘટન કરનાર હોવાના કારણે, સમ્યગ્જ્ઞાનાદિ ત્રણનો સંબંધ યોગ છે, એ પ્રકારે અન્વય છે.**

**આ=અક્ષેપફલ અને નિયમફલને જોનાર નિશ્ચયનયથી સમ્યગ્જ્ઞાનાદિ ત્રણનો સંબંધ યોગ છે એ, સ્વમતિથી નક્કી કરાયેલું યોગનું લક્ષણ નથી. એથી ગાથામાં કહે છે –**

**યોગીઓના નાથ એવા તીર્થંકરો વડે નિર્દિષ્ટ છે=પ્રતિપાદન કરાયેલ છે.**

તે યોગિનાથ કોણ છે, તે સ્પષ્ટ કરે છે –

**યોગીઓ મુનિઓ છે, તેઓના નાથ વીતરાગ અરિહંત છે, તેઓના વડે પ્રતિપાદન કરાયેલું છે. 'इति' શબ્દ ગાથાના વક્તવ્યની સમાપ્તિ માટે છે.**

**આના દ્વારા='जोगिनाहेहिं'રૂપ બહુવચનના પ્રયોગ દ્વારા, મુક્ત આત્માઓની બહુલતાને કહે છે.**

**ઉત્થાન :-**

ત્યાં કોઈને શંકા થાય કે મોક્ષમાં ઘણા જીવો છે તેમ ન માનીએ અને બ્રહ્માદ્વૈત માનીએ તો શું વાંધો ? તેથી કહે છે –

**ટીકા :-**

**तदद्वैते ..... नुपपत्तेः । તેના=બ્રહ્મના, અદ્વૈતમાં યોગની નિરર્થકતાનો પ્રસંગ આવશે; કેમ કે બ્રહ્માદ્વૈતને માનવાથી સદંતરના સદંતરત્વની અનુપપત્તિ છે.**

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે કે પરમાર્થથી બ્રહ્માદ્વૈત હોવા છતાં વ્યવહારિક બ્રહ્મ શુદ્ધ અને અશુદ્ધ બે રૂપવાળું છે અને અશુદ્ધ બ્રહ્મરૂપ સંસારી જીવો યોગસાધના કરીને શુદ્ધ બ્રહ્મમાં લય પામે છે. માટે યોગનૈરર્થક્યનો પ્રસંગ નહીં આવે અને મુક્તબાહુલ્યને માનવાની પણ જરૂર નહીં રહે. તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**तत्रैवलयासम्भवात् । इति गाथार्थः ।।२।। તેમાં જ=શુદ્ધ બ્રહ્મમાં જ, લયનો અસંભવ હોવાથી મુક્તબાહુલ્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયથી યોગનું લક્ષણ બતાવે છે : અહીં નિશ્ચયનય બે પ્રકારનો ગ્રહણ કરેલ છે :

(૧) **અક્ષેપફલસાધક નિશ્ચયનય**

(૨) **નિયમફલસાધક નિશ્ચયનય**

તેથી એ પ્રાપ્ત થાય કે અક્ષેપફલસાધક એવા નિશ્ચયનયથી=વિલંબન વગર મોક્ષરૂપ ફળના સાધક એવા નિશ્ચયનયથી, જે રત્નત્રયી પ્રાપ્ત થયા પછી તરત મોક્ષ થાય તે રત્નત્રયી યોગ છે. તેથી ૧૪મા ગુણસ્થાનકના ચરમ સમયની રત્નત્રયી જે વિલંબન વગર મોક્ષનું કારણ છે તેને આ નિશ્ચયનય યોગ કહે છે. વળી બીજા પ્રકારનો નિશ્ચયનય મોક્ષને અનુકૂળ નિર્જરાને કરાવે તેવા કારણને મોક્ષનું કારણ કહે એવો નિયમફલસાધક=નિયમથી ફળસાધક નિશ્ચયનય છે, જે જીવના પરિણામરૂપ રત્નત્રયીને યોગ સ્વીકારે છે, તેથી જે મુનિમાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીનો પરિણામ વર્તતો હોય તેને યોગ કહે છે. અને આ ત્રણેનો મીલક સંબંધ એ યોગ છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે જે સાધુમાં દીક્ષા પૂર્વે આ રત્નત્રયી પ્રગટ થઈ ન હતી ત્યારે પણ તે રત્નત્રયી શક્તિરૂપે હતી; પરંતુ સંયમગ્રહણથી તે રત્નત્રયી આવિર્ભાવ થઈ, ત્યારે તે ત્રણે પરિણામોનો આત્મા સાથે મીલક સંબંધ થયો અર્થાત્ તે ત્રણે એક આત્મામાં અવસ્થાન પામ્યા, તે નિશ્ચયનયથી યોગ છે. આ ત્રણેનો મીલક સંબંધ મુનિભાવમાં છે, તે નિયમા નિર્જરા કરાવીને મોક્ષનું કારણ બને છે. તેથી નિયમફળસાધક નિશ્ચયનયને આશ્રયીને આ ત્રણનો મીલક સંબંધ યોગ છે.

આ રીતે જીવમાં જ્યારે રત્નત્રયી પ્રગટ થાય છે ત્યારે નિયમફલસાધક નિશ્ચયનયથી રત્નત્રયીના મીલક સંબંધરૂપ યોગ પ્રગટે છે જે મુનિભાવમાં છે, અને તે રત્નત્રયી પ્રકર્ષને પામીને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં અક્ષેપફલસાધક નિશ્ચયનયથી યોગ બને છે.

આ બંને પ્રકારના નિશ્ચયનય પોતપોતાની દૃષ્ટિથી યોગનું લક્ષણ કરે છે અને તેને યોગ કેમ કહેલ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

મોક્ષની સાથે યોજન કરે તે યોગ કહેવાય, એ યોગ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે. મોક્ષ એ કૃત્સ્ન= સંપૂર્ણ, કર્મના ક્ષયરૂપ છે, અને આ રત્નત્રયી કર્મનો ક્ષય કરનાર છે, માટે આ રત્નત્રયી યોગ છે; અને આવું યોગનું લક્ષણ ગ્રંથકારે પોતાની મતિથી કહ્યું નથી, પરંતુ તીર્થંકરોએ કહ્યું છે; એમ કહેવાથી નિશ્ચયનયથી આ પ્રકારનું યોગનું લક્ષણ સર્વજ્ઞના વચનાનુસારે છે, માટે એકાંતે પ્રમાણરૂપ છે.

અહીં યોગિનાથો વડે એ પ્રમાણે બહુવચનનો પ્રયોગ કરવાથી ઘણા તીર્થંકરોએ કહ્યું છે, એવો અર્થ પ્રાપ્ત થાય, અને તે સર્વ તીર્થંકરો મોક્ષમાં ગયા છે માટે મુક્ત આત્માનું બાહુલ્ય પ્રાપ્ત થાય છે. તેથી બ્રહ્માદ્વૈતવાદી મતનું ખંડન થાય છે. તે આ રીતે –

બ્રહ્માદ્વૈતવાદીનો મત છે કે 'ब्रह्म सत्यं जगन्मिथ्या' । તેથી બ્રહ્મ સિવાય આખું જગત મિથ્યા છે, માત્ર બ્રહ્મ જ સત્ય છે અને તે બ્રહ્મ એક છે. આમ છતાં વ્યવહારથી શુદ્ધ બ્રહ્મ અને અશુદ્ધ બ્રહ્મ તેવા બે વિભાગો છે. તેમાં અશુદ્ધ બ્રહ્મરૂપ આ સંસારવર્તી જીવો છે અને તેમાં જેઓ સાધના કરે છે તેઓ સાધના પૂર્ણ થતાં શુદ્ધ બ્રહ્મમાં વિલય પામે છે. તેથી મુક્ત આત્મા અનેક નથી પરંતુ એક જ શુદ્ધ બ્રહ્મ છે.

આ બ્રહ્માદ્વૈત મતનું નિરાકરણ કરતાં કહે છે કે જો બ્રહ્મ અદ્વૈત હોય તો સંસારવર્તી સર્વ જીવો બ્રહ્મથી જુદા નથી, માટે યોગને નિરર્થક માનવાનો પ્રસંગ આવે છે; કેમ કે આપણે જો શુદ્ધ બ્રહ્મસ્વરૂપ હોઈએ તો બ્રહ્મને પ્રગટ કરવા માટે યોગની સાધના કરવાની રહે નહીં.

અહીં પ્રશ્ન થાય કે બ્રહ્માદ્વૈત સ્વીકારવાથી યોગનું નિરર્થકપણું કેમ થશે ? તેથી કહે છે –

સદંતરના=બ્રહ્મ કરતાં અન્ય સદ્ એવા આત્માના, સદંતરત્વની=બ્રહ્મ કરતાં અન્યપણાની, અનુપપત્તિ= અઘટમાનતા, છે. અર્થાત્ બ્રહ્મ સત્ છે અને તેનાથી સંસારી જીવો સદંતર છે=જુદા છે, અને તેમનું સદંતરત્વ=અન્યપણું, તો જ ઘટે કે જો તેઓ બ્રહ્મ કરતાં જુદા હોય, અને જો તેમને બ્રહ્મ કરતાં જુદા માનીએ તો યોગસાધના કરીને પોતે મુક્ત થવા યત્ન કરે. પરંતુ જગતમાં બ્રહ્માદ્વૈત હોય તો બ્રહ્મથી અન્ય કોઈ સદંતર નથી, બધા શુદ્ધ બ્રહ્મ છે, અને શુદ્ધ બ્રહ્મને યોગની આવશ્યકતા રહેતી નથી. માટે બ્રહ્માદ્વૈત માનવાથી યોગના નિરર્થકપણાની પ્રાપ્તિ થાય.

પૂર્વપક્ષી તેના જવાબરૂપે એમ કહે કે પરમાર્થથી તો બ્રહ્માદ્વૈત છે, તોપણ વ્યવહારથી શુદ્ધ બ્રહ્મ અને અશુદ્ધ બ્રહ્મ એમ બે ભેદ છે અને અશુદ્ધ બ્રહ્મના અંશરૂપ આ સંસારવર્તી જીવો છે. આ સંસારવર્તી જીવોમાં જે જીવો યોગસાધના કરે છે તે શુદ્ધ બ્રહ્મમાં વિલય પામે છે, તેથી શુદ્ધ બ્રહ્મ એક છે; અને અશુદ્ધ બ્રહ્મરૂપ

સંસારી જીવો માટે યોગ આવશ્યક છે, તેથી યોગ નિરર્થક નહીં થાય; અને યોગની સાધનાથી જેઓ મુક્ત થાય છે તે શુદ્ધ બ્રહ્મમાં વિલય પામે છે; માટે અનેક મુક્ત નથી પરંતુ મુક્ત એક શુદ્ધ બ્રહ્મ છે.

તેને ગ્રંથકાર કહે છે કે તેમાં જ લયનો અસંભવ છે.

આશય એ છે કે કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યમાં વિલીન થાય નહીં. તેથી જે સાધના કરીને મુક્ત થાય છે તે પૂર્વના બ્રહ્મ સદૃશ બને, પરંતુ પૂર્વમાં રહેલા બ્રહ્મમાં પોતે લય પામી શકે નહીં; કેમ કે બે દ્રવ્ય ભેગાં થઈને ક્યારેય એક બને નહીં. તેથી જે જે જીવો યોગસાધના કરે છે અને મુક્ત થાય છે તે સર્વ જીવો મુક્ત અવસ્થામાં શુદ્ધ બ્રહ્મરૂપ છેં, તોપણ વ્યક્તિથી તેઓ અનેક છે; કેમ કે પૂર્વના બ્રહ્મોમાં ઉત્તરનો યોગી વિલય પામે નહીં. માટે ઘણા મુક્ત આત્માઓ છે, પણ એકાંત બ્રહ્માદ્વૈત નથી.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયનય સૂક્ષ્મદૃષ્ટિથી જોનાર છે અને તે નિશ્ચયનયના બે ભેદો અહીં બતાવેલ છે. વળી, વ્યવહારનય સ્થૂલદૃષ્ટિથી જોનાર છે અને તે વ્યવહારનય નિશ્ચયનયના બંને ભેદો સાથે આ રીતે જોડાયેલો છે –

**(૧) અક્ષેપફલસાધક નિશ્ચયનય :-** આ નય એમ માને છે કે જે કારણ કાર્યને કરતું હોય તે કારણ કહેવાય. અહીં મોક્ષરૂપ કાર્યને કરતું હોય તેવું કારણ ૧૪મા ગુણસ્થાનકના ચરમ સમયનો યોગ છે.

૧૪મા ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતી રત્નત્રયીની જે પરિણતિ છે, તે વિલંબ વિના અવશ્ય મોક્ષરૂપ કાર્યને કરે છે, માટે આ નયથી તે રત્નત્રયી યોગ છે. આ રીતે સાક્ષાત્ કારણને કારણરૂપે આ નિશ્ચયનય સ્વીકારે છે; અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયથી પૂર્વનો સર્વ રત્નત્રયીનો પરિણામ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી પરંતુ પરંપરાએ કારણ છે, માટે તે અક્ષેપફળસાધક નિશ્ચયનય સાથે સંલગ્ન એવા વ્યવહારનયથી યોગ છે; કેમ કે વ્યવહારનય પરંપર કારણને પણ કારણરૂપે સ્વીકારે છે. આ પ્રકારના વ્યવહારનયનો ઉલ્લેખ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ નથી; પરંતુ 'ધર્મસંગ્રહિણી' ગ્રંથમાં છે.

**(૨) નિયમફલસાધક નિશ્ચયનય :-** આ નય એમ માને છે કે જીવનો અંતરંગ રત્નત્રયીનો પરિણામ તે નિયમા મોક્ષનું કારણ છે, બહિરંગ ક્રિયા નિયમથી ફળવાળી નથી. તેથી જે જીવમાં અંતરંગ રત્નત્રયીની પરિણતિ છે, તે યોગ છે એમ આ નય સ્વીકારે છે, પણ જીવની બાહ્યક્રિયાને યોગ સ્વીકારતો નથી. જ્યારે નિયમફળસાધક નિશ્ચયનય સાથે સંલગ્ન એવો વ્યવહારનય તે અંતરંગ રત્નત્રયીના પરિણામની કારણીભૂત બાહ્યક્રિયાને પણ યોગ સ્વીકારે છે, આ બીજા પ્રકારના વ્યવહારનયના યોગને ગ્રંથકાર સ્વયં આગળ બતાવવાના છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે અક્ષેપફળસાધક નિશ્ચયનય કુર્વદ્રૂપત્વવાળા કારણને કારણ સ્વીકારનાર છે અને નિયમફળસાધક નિશ્ચયનય આત્માના રત્નત્રયીના પરિણામને કારણ સ્વીકારનાર છે. આ બંનેને નિશ્ચયનયનથી યોગ બતાવીને એ બતાવવું છે કે મોક્ષની પ્રાપ્તિ તો ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયથી થવાની છે, અન્યથી નહીં; અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયની પ્રાપ્તિનું કારણ જીવમાં વર્તતી અંતરંગ રત્નત્રયીની પરિણતિ છે, જે ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયની

રત્નત્રયીની પ્રાપ્તિ કરાવશે અને મોક્ષનું કારણ બનશે; વળી, બહિરંગ આચરણાઓ તો અંતરંગ પરિણતિ પેદા કરવામાં નિમિત્ત કારણ છે, મોક્ષ પ્રત્યે સાક્ષાત્ તેનો કોઈ કારણભાવ નથી. માટે નિશ્ચયનયની દૃષ્ટિથી ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયરૂપ અક્ષેપફળસાધક રત્નત્રયીને અને તેના ઉપાયભૂત નિયમફળસાધક રત્નત્રયીને લક્ષ્ય કરીને, તે લક્ષ્ય નિષ્પન્ન થાય તે રીતે આગળમાં કહેવાશે તે વ્યવહારનયના યોગમાં પ્રયત્ન કરવામાં આવે, તો તે વ્યવહારનયનો યોગ નિયમફળસાધક યોગની નિષ્પત્તિ કરાવીને અક્ષેપફળસાધક યોગને પ્રાપ્ત કરાવશે, અને તેના ફળરૂપે મોક્ષ પ્રાપ્ત થશે. **॥૨॥**

**અવતરણિકા :-**

सज्ज्ञानादिलक्षणमाह -

**અવતરણિકાર્થ :-**

**સમ્યગ્જ્ઞાનાદિના લક્ષણને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં સ્થાપન કર્યું કે નિશ્ચયથી સદ્જ્ઞાનાદિનો સંબંધ યોગ છે. તેથી યોગના બોધના અર્થીને જિજ્ઞાસા થાય કે સદ્જ્ઞાનાદિનું લક્ષણ શું છે ? તેથી સદ્જ્ઞાનાદિના લક્ષણને ગ્રંથકાર કહે છે –

**ગાથા :-**

**सण्णाणं वत्थुगओ बोहो, सद्दंसणं तु तत्थ रुई ।**
**सच्चरणमणुट्ठाणं विहि-पडिसेहाणुगं तत्थ ।।३।।**

**અન્વયાર્થ :-**

वत्थुगओ=વસ્તુગત बोहो=**બોધ** सण्णाणं=**સમ્યગ્જ્ઞાન છે, તુ વળી** तत्थ **તેમાં=વસ્તુમાં,** रुई=**રુચિ** सद्दंसणं=**સમ્યગ્દર્શન છે,** तत्थ **તેમાં=વસ્તુમાં** विहिपडिसेहाणुगं=**વિધિ અને પ્રતિષેધને અનુસરનારું** अणुट्ठाणं=**અનુષ્ઠાન** सच्चरणं=**સમ્યક્ચારિત્ર છે. ॥૩॥**

**ગાથાર્થ :-**

**વસ્તુગત બોધ સમ્યગ્જ્ઞાન છે, વળી વસ્તુમાં રુચિ=જે વસ્તુ જે પ્રકારે રહેલ છે તે વસ્તુ તેમ જ છે એ પ્રકારની તે વસ્તુમાં રુચિ સમ્યગ્દર્શન છે અને વસ્તુમાં વિધિ અને પ્રતિષેધને અનુસરનારું અનુષ્ઠાન સમ્યક્ચારિત્ર છે. ॥૩॥**

**ટીકા :-**

'सज्ज्ञानं'=सम्यग्ज्ञानं 'वस्तुगतः'=वस्त्वावलम्बनः, 'बोधः'=परिच्छेदः, निरालम्बनस्य बोधस्यासम्भवात्,

**सम्भवेऽपि सज्ज्ञानत्वायोगात्, मरुमरीचिकादिबोधे तथादर्शनात्, अन्यथा अस्य सदितरत्वाभाव इति ।**

**ટીકાર્થ :-**

सज्ज्ञानं ..... परिच्छेदः, સમ્યગ્જ્ઞાન શું છે ? તે બતાવે છે –

**વસ્તુગત=વસ્તુના અવલંબનવાળો બોધ=પરિચ્છેદ, સમ્યગ્જ્ઞાન છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે વસ્તુના અવલંબનવાળો બોધ સમ્યગ્જ્ઞાન છે તેમ કેમ કહ્યું ? તેથી કહે છે -

**ટીકાર્થ :-**

निरालम्बनस्य ..... तथादर्शनात् । **નિરાલંબન બોધનો અસંભવ છે, નિરાલંબન બોધના સંભવમાં પણ તે બોધમાં સદ્જ્ઞાનત્વનો અયોગ હોવાથી વસ્તુના આલંબનવાળો બોધ સમ્યગ્જ્ઞાન છે.**

નિરાલંબન બોધ સમ્યગ્જ્ઞાન નથી, તેમાં યુક્તિ આપે છે –

**મરુ-મરીચિકાદિના બોધમાં તે પ્રકારનું દર્શન છે. અર્થાત્ મરુભૂમિમાં દેખાતાં સૂર્યનાં કિરણોમાં જળનો જે બોધ છે, તે નિરાલંબન બોધ હોવાના કારણે સમ્યગ્જ્ઞાન નથી, તે પ્રકારનું દર્શન છે.**

**ઉત્થાન :-**

અહીં શંકા થાય કે, મરુ-મરીચિકાદિના બોધમાં પણ સમ્યગ્જ્ઞાન સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે -

**ટીકાર્થ :-**

**अन्यथा अस्य सदितरत्वाभाव इति । જો તેમ ન માનીએ તો=નિરાલંબન બોધમાં સમ્યગ્જ્ઞાનત્વ નથી, તેમ ન માનીએ તો=સમ્યગ્જ્ઞાનત્વ છે તેમ માનીએ તો, આના=બોધના, સદ્ ઈતરત્વનો અભાવ પ્રાપ્ત થાય=આ સમ્યગ્જ્ઞાન છે અને આ અસમ્યગ્જ્ઞાન છે, એ પ્રકારના વિભાગના અભાવની પ્રાપ્તિ થાય, જે અનુભવથી વિરુદ્ધ છે. 'इति' શબ્દ સમ્યગ્જ્ઞાનના કથનની સમાપ્તિ માટે છે.**

❖ 'मरुमरीचिकादिबोधे' અહીં 'आदि' થી છીપમાં રજતનું કે દોરડામાં સર્પનું જ્ઞાન ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

જ્ઞાન હંમેશાં સવિષયક હોય છે, તેથી કોઈ વસ્તુના અવલંબનથી જીવને બોધ થાય છે. તેથી કહ્યું કે વસ્તુના અવલંબનવાળો બોધ સમ્યગ્જ્ઞાન છે.

આમ કહેવાથી કોઈને શંકા થાય કે બધું જ્ઞાન વસ્તુના અવલંબનવાળું છે કે સમ્યગ્જ્ઞાન વસ્તુના અવલંબનવાળું છે ? તેથી કહે છે, નિરાલંબન બોધનો અસંભવ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાન હંમેશાં વસ્તુના અવલંબનથી થાય છે અને વસ્તુના અવલંબનથી

જે કાંઈ બોધ થાય છે, તે સમ્યગ્જ્ઞાન છે, આ પ્રકારની માન્યતા શબ્દાદિ ત્રણે નયોરૂપ નિશ્ચયનયની છે. તેથી શબ્દાદિનયો કહે છે કે વસ્તુના અવલંબન વગર બોધ થતો નથી, અને જે બોધ થાય છે તે વસ્તુના અવલંબનથી થાય છે અને તે હંમેશાં સમ્યગ્ હોય છે; કેમ કે જે વસ્તુ જેવી હોય તેવી જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે છીપમાં રજતનું=ચાંદીનું, જ્ઞાન થાય છે, ત્યારે તે જ્ઞાનનો વિષય રજત નથી, તેથી તે જ્ઞાન વસ્તુના અવલંબનવાળું નથી, તો નિરાલંબન બોધનો અસંભવ છે, તેમ કેમ કહી શકાય ? તેને શબ્દાદિનયો કહે છે કે શુક્તિમાં રજતનું જ્ઞાન થાય છે તે પણ સમ્યગ્જ્ઞાન છે; કેમ કે તેમાં બે જ્ઞાનો છે : એક પુરોવર્તી દેખાતો 'इदं' શબ્દથી વાચ્ય છીપ પદાર્થ છે અને બીજું પુરોવર્તી પદાર્થના=છીપના દર્શનથી રજતનું સ્મરણ થાય છે, અને તે સ્મરણ 'इदं' ના જ્ઞાનથી ભિન્ન છે. તેથી 'इदं रजतं' એ પ્રકારના વચનપ્રયોગકાળમાં વચનપ્રયોગ કરનારને પ્રથમ 'इदं' નું='इदं' શબ્દથી વાચ્ય પુરોવર્તી પદાર્થનું જ્ઞાન થયું છે અને ઉત્તરમાં રજતનું સ્મરણ થયું છે. તે બે જ્ઞાનો જુદાં જુદાં હોવા છતાં તેના ભેદનું તેને અજ્ઞાન છે, તેથી તે માને છે કે હું પુરોવર્તી રજત જોઉં છું. વસ્તુતઃ તે જ્ઞાનના વિષયભૂત બંને પદાર્થોના અવલંબનથી તેને બે જ્ઞાનો થયાં છે; કેમ કે 'इदं' જ્ઞાનનો વિષય સામે રહેલ પદાર્થ છે અને 'रजतं' એ પ્રકારના જ્ઞાનનો વિષય પૂર્વમાં જોયેલ રજતનું સ્મરણ છે. તેથી તે બંને જ્ઞાનો સાચાં છે. આથી શબ્દાદિનયોની દૃષ્ટિને સામે રાખીને ગ્રંથકારે કહ્યું કે નિરાલંબન બોધનો સંભવ નથી અને જે વસ્તુને અવલંબીને બોધ થાય છે તે સર્વ સમ્યગ્જ્ઞાન છે. તેથી શબ્દાદિનય પ્રમાણે બધા જીવોને જે પણ બોધ થાય છે તે સમ્યગ્જ્ઞાન જ છે, અને તેથી શબ્દાદિનયથી બધા જ જીવો સમ્યગ્દૃષ્ટિ છે. આ પ્રકારનું કથન તત્ત્વાર્થમાં પ્રથમ અધ્યયનમાં ઉપાધ્યાય મહારાજની ટીકામાં છે.

ત્યાર પછી વ્યવહારનયની દૃષ્ટિથી નિરાલંબન બોધ પણ સંભવે છે, તેમ સ્વીકારીને કહે છે -

સંભવ હોવા છતાં પણ=વસ્તુના આલંબન વગરના બોધનો સંભવ હોવા છતાં પણ, તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહી શકાય નહીં; કેમ કે મરુભૂમિમાં સૂર્યનાં કિરણોને જોઈને જળનો જે બોધ થાય છે, તે વસ્તુના આલંબન વગરનો છે, માટે તે મિથ્યા છે. અને જો આવું ન માનીએ અને એમ માનીએ કે મરુમરીચિકામાં થયેલો બોધ પણ સમ્યગ્જ્ઞાન છે, તો આ સદ્જ્ઞાન છે અને આ મિથ્યાજ્ઞાન છે, તે પ્રકારનો જે લોકને અનુભવ છે, તેના અભાવની પ્રાપ્તિ થાય. તેથી લોકના અનુભવ પ્રમાણે પણ માનવું પડે કે જે નિરાલંબન બોધ છે, તે મિથ્યાજ્ઞાન છે. તેથી વ્યવહારનય એમ સ્વીકારે છે કે જે વસ્તુ જેવી હોય તેનો તેવો બોધ થાય, ત્યારે તે બોધ વસ્તુના અવલંબનવાળો હોવાના કારણે સમ્યગ્જ્ઞાન છે; અને જે વસ્તુ જેવી નથી તેવો તેનો બોધ થાય ત્યારે તે બોધ વસ્તુના આલંબનવાળો નથી, તેથી તે મિથ્યાજ્ઞાન છે. જેમ મરુભૂમિમાં સૂર્યનાં કિરણોને જોઈને 'આ પાણી છે' તેવો બોધ થાય છે, ત્યારે તે બોધના આલંબનભૂત વિષય પાણી ત્યાં નથી. આથી તે જ્ઞાનને વ્યવહારનય મિથ્યાજ્ઞાન તરીકે સ્વીકારે છે.

અહીં પ્રશ્ન થાય કે આ રીતે નિયમ બાંધીએ તો સમ્યગ્દૃષ્ટિને પણ જ્યારે શુક્તિમાં રજતનું જ્ઞાન

થાય છે ત્યારે મિથ્યાજ્ઞાન હોય છે, અને મિથ્યાદષ્ટિને પણ જ્યારે રજતમાં રજતનું જ્ઞાન થાય છે ત્યારે સમ્યગ્જ્ઞાન હોય છે, તેમ માનવું પડે. એમ સ્વીકારીએ તો સમ્યગ્દષ્ટિનું સર્વ જ્ઞાન સમ્યગ્ હોય છે અને મિથ્યાદષ્ટિનું બધું સમ્યગ્જ્ઞાન મિથ્યા હોય છે, એ શાસ્ત્રવચનનો વિરોધ આવશે. વળી અહીં સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રને યોગ કહેલ છે અને તે યોગ મોક્ષનું કારણ છે, તેમ કહેલ છે. તેથી મિથ્યાદષ્ટિને રજતમાં રજતનું જ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન સ્વીકારીએ તો તેને પણ યોગ સ્વીકારવાની આપત્તિ આવે.

તેનું સમાધાન એ છે કે શાસ્ત્રમાં પારમાર્થિક દૃષ્ટિએ કહેલ છે કે સમ્યગ્દષ્ટિનું સર્વ જ્ઞાન સમ્યગ્ હોય છે અને મિથ્યાદષ્ટિનું સર્વ જ્ઞાન મિથ્યા હોય છે; પરંતુ વ્યવહારિક દૃષ્ટિથી તો વસ્તુ જેવી છે તેવો બોધ થાય તે સમ્યગ્જ્ઞાન છે અને વસ્તુ જેવી હોય તેનાથી વિપરીત બોધ થાય તે મિથ્યાજ્ઞાન છે.

અહીં પારમાર્થિક દૃષ્ટિ એ છે કે સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિને જે કંઈ બોધ થાય છે, તે સ્વપરવિષયક બોધ હોય છે અર્થાત્ જ્ઞાન હંમેશાં પર એવા જ્ઞેયનો બોધ કરાવે છે અને સ્વ એવા પોતાનું પણ સંવેદન કરાવે છે; અને સમ્યગ્દષ્ટિને પરવિષયક જ્ઞાન ક્યારેક ભ્રમાત્મક પણ થાય છે. જેમ શુક્તિમાં (છીપમાં) રજતનું જ્ઞાન ભ્રમાત્મક થયું, પરંતુ સ્વવિષયક જ્ઞાન તો સમ્યગ્દષ્ટિને યથાર્થ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દષ્ટિનું પરવિષયક જ્ઞાન ભ્રાંત પણ હોય અને અભ્રાંત પણ હોય, પરંતુ સ્વવિષયક જ્ઞાન તો હંમેશાં યથાર્થ હોય. તેથી એમ કહી શકાય કે સમ્યગ્દષ્ટિનું જ્ઞાન પરાવચ્છેદેન ભ્રાંત પણ હોય અને અભ્રાંત પણ હોય, પરંતુ સ્વાવચ્છેદેન તો નિયમા અભ્રાંત હોય.

સમ્યગ્દષ્ટિને સ્વાવચ્છેદેન જ્ઞાનની અભ્રાંતતા એ છે કે સમ્યગ્દષ્ટિ કોઈ પણ વસ્તુના ઉપયોગકાળમાં પોતાના જ્ઞાનનું જે વેદન કરે છે, તે વેદન જો મોક્ષને પ્રતિકૂળ હોય તો તેને પ્રતિકૂળરૂપે જુએ છે, અને જો મોક્ષને અનુકૂળ હોય તો તેને અનુકૂળરૂપે વેદન કરે છે. એટલે કે 'આત્માની નિર્લેપતાવાળું જ્ઞાન કે નિર્લેપતાને અભિમુખ જ્ઞાન મારા માટે એકાંતે હિતરૂપ છે,' તેવી બુદ્ધિ તેની સ્થિર હોય છે; અને 'સલેપતાની વૃદ્ધિ કરે તેવું જ્ઞાન મારા માટે અહિતરૂપ છે,' તેવી પણ તેને સ્થિર બુદ્ધિ હોય છે. આથી સમ્યગ્દષ્ટિની પાપપ્રવૃત્તિ સંવેગસારા હોય છે. તેને तप्तायोगोलकपदन्यासतुल्या=તપેલા લોઢાના ગોળા ઉપર પગને સ્થાપન કરવા જેવી કહી છે. તપાવેલા લોઢાના ગોળા ઉપર પગ મૂકવાની ક્રિયા કોઈ કરે નહીં અને બળાત્કારે કરવી પડે તોપણ સકંપ હોય છે. તેથી પગ તુરત ખસી જાય છે, નિશ્ચિંત થઈને પગ મુકાતો નથી; તેમ સમ્યગ્દષ્ટિની સંસારની પાપપ્રવૃત્તિ સકંપ હોય છે અર્થાત્ પાપપ્રવૃત્તિ પ્રાયઃ થતી નથી અને ક્યારેક કરે તોપણ તરત નિવર્તન પામે છે અને પાપપ્રવૃતિનો રસ તેના સમ્યગ્જ્ઞાનથી હણાઈ જાય છે.

આ પારમાર્થિક દૃષ્ટિથી સમ્યગ્દષ્ટિનું સર્વ જ્ઞાન સમ્યગ્ છે, તેમ કહેલ છે; જ્યારે પ્રસ્તુત ગાથામાં તો વ્યવહારનયની દૃષ્ટિએ સમ્યગ્જ્ઞાન શું છે, તે બતાવેલ છે. આમ છતાં સમ્યગ્બોધ સમ્યક્ પ્રવૃત્તિનું કારણ બને અને મિથ્યાબોધ મિથ્યાપ્રવૃત્તિનું કારણ બને તેવો નિયમ છે; અને સમ્યગ્દષ્ટિનો બોધ પોતાના હિતને અનુકૂળ પ્રવૃત્તિનું કારણ બને છે, માટે તે સમ્યગ્જ્ઞાન છે. વળી સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અનેકાંત વાસનાવાળું છે અને પદાર્થ પણ અનેકાંતરૂપ છે, માટે વસ્તુના આલંબનવાળું તેનું જ્ઞાન યથાર્થ છે અને

સમ્યક્પ્રવૃત્તિનું કારણ બને છે. જ્યારે મિથ્યાદૃષ્ટિનું રજતમાં રજતનું જ્ઞાન સ્થૂલથી યથાર્થ દેખાય છે, પરંતુ એકાંતનયની વાસના હોવાથી મિથ્યા છે. મિથ્યાદૃષ્ટિનું રત્નત્રયીનું જ્ઞાન પણ મિથ્યારૂપ છે, તેથી સમ્યક્પ્રવૃત્તિનું કારણ પણ નથી; અને પદાર્થો પણ અનેકાંતાત્મક હોવા છતાં તે એકાંતથી જોડે છે, માટે તેનું જ્ઞાન મિથ્યા છે. તેથી અહીં જે સમ્યગ્જ્ઞાન ગ્રહણ કર્યું છે, તે સમ્યગ્દૃષ્ટિને જ પ્રાપ્ત થશે. માટે નિશ્ચયનયથી જે સમ્યગ્જ્ઞાનાદિને યોગ કહેલ છે તેની સાથે કોઈ વિરોધ નથી.

**ટીકા :-**

**तथा 'सद्दर्शनं तु'=सम्यग्दर्शनं पुनः 'तत्र'=वस्तुनि 'रुचिः'=श्रद्धा,** 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' **(तत्त्वार्थ. अ. १ सू. २) इति वचनात्, अन्यथा चेयं ज्ञानात्, आवरणभेदेन क्वचित् तद्भावेऽप्यभावादिति ।**

**ટીકાર્થ :-**

**तथा सद्दर्शनं तु ..... इति वचनात्, અને સમ્યગ્દર્શન વળી, તેમાં=બોધના વિષયભૂત વસ્તુમાં, રુચિ=શ્રદ્ધા છે='इदमित्थमेव' 'આ આમ જ છે' એ પ્રકારની શ્રદ્ધા છે.**

**તેમાં હેતુ બતાવતાં કહે છે -** "તત્ત્વથી=પરમાર્થથી અર્થોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે," **એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રનું વચન છે.**

**ઉત્થાન :-**

અહીં શંકા થાય કે 'આ પદાર્થ આમ જ છે' એવો બોધ, એ સમ્યગ્જ્ઞાન છે; અને પદાર્થનો સમ્યગ્બોધ થયા પછી 'આ પદાર્થ આમ જ છે' એવી રુચિ, તે સમ્યગ્દર્શન છે; તો આ સમ્યગ્દર્શનને જ્ઞાનરૂપ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**अन्यथा चेयं ..... तद्भावेऽप्यभावादिति । અને આ=રુચિ, જ્ઞાનથી અન્યથા છે=જુદી છે; કેમ કે આવરણનો ભેદ હોવાના કારણે કોઈક સ્થાનમાં તેના ભાવમાં પણ=જ્ઞાનના ભાવમાં પણ, અભાવ છે=રુચિનો અભાવ છે.**

**'इति' શબ્દ સમ્યગ્દર્શનના કથનની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

યથાર્થ બોધ થયા પછી 'આ પદાર્થ આમ જ છે' એવી જે રુચિ તે સમ્યગ્દર્શન છે. સામાન્ય રીતે વિચારીએ તો સમ્યગ્બોધમાં પણ 'આ પદાર્થ આમ જ છે' તેવો બોધ હોય છે. તેથી સમ્યગ્દર્શન જ્ઞાનથી જુદું નથી, તેમ જણાય. તેનો ખુલાસો કરતાં ગ્રંથકારે કહ્યું કે જ્ઞાન કરતાં આ રુચિ જુદી છે; કેમ કે કોઈક વ્યક્તિમાં સમ્યગ્દર્શનનું આવારક મિથ્યાત્વમોહનીયરૂપ કર્મનું આવરણ હોવાને કારણે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પદાર્થનો બોધ થવા છતાં પણ હેય અને ઉપાદેયબુદ્ધિરૂપ રુચિ હોતી નથી. તેથી સમ્યગ્જ્ઞાન કરતાં સમ્યગ્દર્શન જુદું છે.

અહીં વિશેષ એ છે કે સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો જેમ સમ્યગ્જ્ઞાન વસ્તુના બોધરૂપ છે, તેમ 'ભગવાને જે પદાર્થો જેવા કહ્યા છે એ પદાર્થો એમ જ છે,' એ પ્રકારની રુચિ, એ મતિજ્ઞાનના રુચિરૂપ અપાયાંશ સ્વરૂપ છે. તેથી સમ્યગ્દર્શન મતિજ્ઞાનનો ભેદ છે. આમ છતાં રુચિમાં વિપર્યાસ કરનાર મિથ્યાત્વમોહનીય વિદ્યમાન હોય ત્યારે સમ્યગ્બોધ હોવા છતાં પણ સમ્યગ્દર્શન હોતું નથી. આથી 'સંથારો પથરાતો હોય ત્યારે પથરાયો છે તેમ ન કહી શકાય,' તે પ્રકારનો જમાલીને ભ્રમ થયો. પછી ખ્યાલ આવ્યો કે અપેક્ષાએ પથરાતું હોય તેને પણ પથરાયેલું કહેવાય છે, તોપણ પોતાના દ્વારા સ્થાપન કરાયેલા પદાર્થ પ્રત્યે આગ્રહ થવાથી સમ્યગ્બોધ હોવા છતાં મિથ્યાત્વમોહનીયના ઉદયથી વિપરીત રુચિ થઈ. તેનાથી જણાય છે કે રુચિ એ જ્ઞાન કરતાં જુદી છે.

સામાન્ય રીતે સમ્યગ્દૃષ્ટિ જીવને ભગવાનનાં વચનો યુક્તિયુક્ત ભાસે છે. તેના કારણે પદાર્થ વિષે ભગવાનના વચનથી યત્કિંચિત્ બોધ હોય તોપણ, આ સર્વ વચનો વીતરાગનાં છે, માટે 'ભગવાને જે કહ્યું છે તે તેમ જ છે'; તેવો સ્થિર નિર્ણય હોય છે. તેથી 'ભગવાનના વચનનો બોધ કરવો અને તદનુસાર પ્રવૃત્તિ કરવી એ મારું હિત છે અને તેનાથી વિપરીત પ્રવૃત્તિ મારું એકાંત અહિત છે,' આવી નિર્મળ રુચિ સમ્યગ્દૃષ્ટિ જીવોને મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી થાય છે; અને જેઓનું મિથ્યાત્વમોહનીય કર્મ નાશ પામ્યું નથી, તેઓને ભગવાનનાં ઘણાં વચનો યુક્તિયુક્ત દેખાવા છતાં અને તેમાં રુચિ હોવા છતાં, ભગવાનનાં સર્વ વચનો યુક્તિયુક્ત છે તેમ સ્વીકારવાને અભિમુખ રુચિ થતી નથી; પરંતુ સંદેહ રહે છે કે અન્ય વચનો યથાર્થ હશે, તેમાં શું પ્રમાણ ? તેથી ભગવાનનાં ઘણાં વચનો યથાર્થ માનતા હોય તોપણ સ્વમતિની અલ્પતાને કારણે તર્ક દ્વારા યથાતથા વિચારીને કોઈક સ્થાનમાં ભગવાનનું વચન યથાર્થ નથી, તેમ માને છે અને તેનું કારણ તેઓને મિથ્યાત્વમોહનીયનો ઉદય છે. તેથી પણ જણાય છે કે સમ્યગ્જ્ઞાન કરતાં સમ્યગ્દર્શન જુદું છે.

**ટીકા :-**

**तथा 'सच्चरणं'=सम्यक्चारित्रम्, 'अनुष्ठानं'=क्रियारूपं, 'विधि-प्रतिषेधानुगं'=विधिप्रतिषेधावनुगच्छति आगमानुसारीत्यर्थः, 'तत्र' इति वस्तुन्येव, अस्य महाव्रतरूपत्वात्, तेषां च बाह्यविषयत्वात्,** "पढमम्मि सव्वजीवा" **(आव. नि. गा. ७९१) इति वचनात्, अन्यथा अस्याभाव इति भावनीयम् ।**

**ટીકાર્થ :-**

**तथा सच्चरणं ..... वस्तुन्येव, અને તેમાં એટલે વસ્તુમાં જ, વિધિ-પ્રતિષેધને અનુસરનારું=આગમને અનુસરનારું, ક્રિયારૂપ અનુષ્ઠાન સમ્યક્ચારિત્ર છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સમ્યક્ચારિત્રને જીવના પરિણામરૂપ ન લેતાં વસ્તુમાં જ વિધિ-પ્રતિષેધને અનુસરનારું અનુષ્ઠાન છે, તેમ કેમ કહ્યું ? તેમાં હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**अस्य ..... बाह्यविषयत्वात्, આનું=ચારિત્રનું, મહાવ્રતરૂપપણું છે, અને તેઓનું=મહાવ્રતોનું, બાહ્યવિષયપણું છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે મહાવ્રતોનું બાહ્યવિષયપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**पढमम्मि ..... भावनीयम् ।** "પ્રથમ મહાવ્રતમાં સર્વ જીવો છે" **એ પ્રકારનું વચન છે. અન્યથા= ચારિત્રનું બાહ્યવિષયપણું ન માનો તો, આનો=વિધિ-નિષેધરૂપ ચારિત્રનો, અભાવ પ્રાપ્ત થાય, એ પ્રમાણે વિચારવું જોઈએ.**

**ભાવાર્થ :-**

વ્યવહારનયથી ચારિત્ર હિંસા આદિના પ્રતિષેધરૂપ અને તપ-સંયમની વિધિરૂપ છે અને તે વિધિ-નિષેધવિષયક પ્રવૃત્તિ ભગવાનના વચન અનુસાર ઉચિત યતનારૂપ હોય તો નિર્લેપ દશારૂપ જીવની પરિણતિરૂપ ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે.

અહીં વ્યવહારનયને સામે રાખીને ચારિત્રને બાહ્ય અનુષ્ઠાનરૂપ કહેલ છે, અને તે બાહ્ય અનુષ્ઠાન પાંચ મહાવ્રતોના પાલનરૂપ છે, તેથી ચારિત્ર બાહ્યવિષયવાળું છે; અને તેમાં હેતુ કહ્યો કે પ્રથમ મહાવ્રતમાં સર્વ જીવો છે, એ પ્રકારનું આવશ્યકનિર્યુક્તિનું વચન હોવાથી ચારિત્ર બાહ્યવિષયવાળું છે. આનાથી એ પ્રાપ્ત થાય કે 'ષટ્કાયના પાલનને અનુકૂળ એવી જે સંયમની ઉચિત આચરણા તે ચારિત્ર છે' અને જો આવી યતના કરવામાં ન આવે તો ચારિત્રનો અભાવ પ્રાપ્ત થાય.

**ઉત્થાન :-**

ગાથા-૨માં નિશ્ચયનયની રત્નત્રયીના મીલક સંબંધને યોગ કહેલ. ત્યારપછી પ્રસ્તુત ગાથામાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર શું છે, તેનું સ્વરૂપ બતાવ્યું. હવે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ નિશ્ચયનયથી કયા ક્રમથી પ્રાપ્ત થાય છે અને વ્યવહારનયથી કયા ક્રમથી પ્રાપ્ત થાય છે, તે બતાવવા માટે કહે છે –

**ટીકા :-**

**क्रमश्चायमेषाम्, निश्चयत इत्थमेव भावात् । तथाहि- नाज्ञाते श्रद्धा, अश्राद्धस्य वाऽनुष्ठानमिति । उक्तं च** - "यदि जानात्युत्पन्नरुचिस्ततो दोषान्निवर्तते ।" **अन्यत्र तु सम्यग्दर्शनोपन्यास आदौ व्यवहारमतेन कर्मवैचित्र्यात् तथाभावतोऽविरुद्ध एव। इति गाथार्थः ।।३।।**

**ટીકાર્થ :-**

**क्रमश्चायमेषाम्, અને આનો=રત્નત્રયીનો, આ ક્રમ છે=ગાથામાં બતાવ્યો એ પ્રમાણે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ક્રમ છે.**

**ઉત્થાન :-**

આ ક્રમ આવો કેમ છે ? તેમાં હેતુ બતાવતાં કહે છે –

**ટીકાર્થ :-**

**निश्चयत इत्थमेव भावात् । નિશ્ચયથી આ પ્રમાણે જ=જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ પ્રમાણે જ, થાય છે=પ્રગટ થાય છે.**

**ઉત્થાન :-**

નિશ્ચયથી આ જ ક્રમથી રત્નત્રયી કેમ પ્રગટ થાય છે ? તે બતાવતાં 'तथाहि' થી કહે છે –

**ટીકાર્થ :-**

**तथाहि ..... दोषान्निवर्तते । અજ્ઞાતમાં શ્રદ્ધા હોતી નથી અને અશ્રદ્ધાવાળાને અનુષ્ઠાન હોતું નથી. 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. તે વાતને સાક્ષીપાઠથી પુષ્ટ કરતાં કહે છે – અને કહ્યું છે :**

"જો જાણે છે, તો ઉત્પન્નરુચિવાળો થાય છે, ત્યાર પછી દોષથી નિવર્તન પામે છે."

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે આ રીતે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ક્રમ પ્રાપ્ત થાય. તેથી અન્યત્ર દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રૂપ ક્રમ બતાવેલ છે, તેની સાથે વિરોધ પ્રાપ્ત થશે. તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**अन्यत्र तु ..... इति गाथार्थः ।।३।। વળી અન્યત્ર વ્યવહારનયના મતથી આદિમાં સમ્યગ્દર્શનનો ઉપન્યાસ છે. કર્મના વૈચિત્ર્યથી તે પ્રકારનો ભાવ હોવાને કારણે=પ્રથમ દર્શન અને પછી જ્ઞાન એ પ્રકારનો ભાવ હોવાને કારણે, અવિરુદ્ધ જ છે=આદિમાં સમ્યગ્દર્શનનો ઉપન્યાસ અવિરુદ્ધ જ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું. રત્નત્રયીની પ્રાપ્તિનો ક્રમ પણ તે જ છે; કેમ કે નિશ્ચયનયથી જીવમાં રત્નત્રયી આ રીતે પ્રગટે છે, અને તે યુક્તિથી બતાવે છે -

અજ્ઞાત વસ્તુમાં શ્રદ્ધા થતી નથી અર્થાત્ જીવ જ્યારે જાણે છે કે આ પ્રવૃત્તિ મારા માટે હિતકારી છે

અને આ પ્રવૃત્તિ મારા માટે અહિતકારી છે, ત્યારે હિતકારી પ્રવૃત્તિમાં યત્ન કરવાની અને અહિતકારી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિની રુચિ થાય છે, અને આ રુચિ થયા પછી તે પ્રમાણે પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ અનુષ્ઠાન થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્ બોધ સમ્યગ્ રુચિ પેદા કરે છે અને સમ્યગ્ રુચિ સમ્યગ્ પ્રવૃત્તિ કરાવે છે. તેથી રત્નત્રયીની પ્રાપ્તિનો ક્રમ, પ્રથમ જ્ઞાન પછી દર્શન અને પછી ચારિત્ર છે.

અહીં નિશ્ચયનયનો આશય એ છે કે જ્યાં સુધી વસ્તુનો બોધ ન થાય ત્યાં સુધી વસ્તુમાં રુચિ ઉત્પન્ન થાય નહીં. તેથી પ્રથમ જ્ઞાન થાય પછી દર્શન થાય છે અને દર્શન થયા પછી અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થાય છે.

ટીકાકારને નિશ્ચયનયની આ દૃષ્ટિ બતાવ્યા પછી શંકા થઈ કે તત્ત્વાર્થસૂત્રમાં "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એ પ્રમાણેનું કથન છે, તે કઈ રીતે સંગત થશે ?

તેનો ખુલાસો કરતાં ટીકાકાર બતાવે છે કે દર્શનમોહનીયકર્મનું વિચિત્રપણું હોવાને કારણે જ્ઞાનાવરણીયનો વિશેષ ક્ષયોપશમ ન થયો હોય તોપણ તે પ્રકારે રુચિ ઉત્પન્ન થાય છે. માટે વ્યવહારનયના મત પ્રમાણે પ્રથમ દર્શનનો સ્વીકાર પણ અવિરુદ્ધ છે.

આશય એ છે કે કેટલાક જીવોને વિશેષ બોધ ન થયેલો હોય તોપણ સ્વાભાવિક રીતે માર્ગાનુસારી બુદ્ધિ થવાથી સંસારના પદાર્થો અસારભૂત લાગે છે, સંસારથી અતીત અવસ્થા સારભૂત લાગે છે અને સર્વજ્ઞ વીતરાગ ભગવાને બતાવેલો માર્ગ સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય છે, એ પ્રકારની રુચિ થાય છે. આ રુચિ જોકે અતિ સામાન્ય બોધપૂર્વકની છે, છતાં તેની સંપૂર્ણ રુચિ સર્વજ્ઞ-વીતરાગના વચન પ્રત્યે સ્થિર છે. તેથી તે માને છે કે "સર્વજ્ઞ-વીતરાગે જે કાંઈ કહ્યું છે તે જ તત્ત્વ છે, અન્ય નહીં. તેથી મારે શક્તિના પ્રકર્ષથી તેમના બતાવેલા તત્ત્વને જાણવું જોઈએ અને તેમાં યત્ન કરીને આત્મહિત સાધવું જોઈએ." આ રીતે મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમજન્ય વિશુદ્ધિથી તત્ત્વનો બોધ કરાવનારી મધ્યસ્થ બુદ્ધિ તેને પેદા થાય છે, અને આવો જીવ તત્ત્વની જિજ્ઞાસાથી સર્વજ્ઞના વચનનું તાત્પર્ય જાણવા માટે જેમ જેમ યત્ન કરે છે તેમ તેમ તેને સમ્યગ્જ્ઞાન અવશ્ય પ્રગટે છે. તેથી પ્રથમ સમ્યગ્દર્શન થાય અને પછી સમ્યગ્જ્ઞાન થાય, આ પ્રકારનો વ્યવહારનયનો મત અવિરુદ્ધ છે.

તેથી એ ફલિત થાય કે નિશ્ચયનયથી વિચારીએ તો રત્નત્રયીની પ્રાપ્તિનો ક્રમ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ પ્રમાણે છે અને વ્યવહારનયથી વિચારીએ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પ્રમાણે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**एवं निश्चयसारत्वाद् योगस्याऽऽदौ तन्मतेन लक्षणमभिधायाधुना व्यवहारमतेनाभिधातुमाह -**

**અવતરણિકાર્થ :-**

**યોગનું નિશ્ચયસારપણું હોવાથી=નિશ્ચયપ્રધાનપણું હોવાથી, આદિમાં આ રીતે=ગાથા-૨-૩માં બતાવ્યું એ રીતે, તેના=નિશ્ચયનયના, મતથી લક્ષણને=યોગના લક્ષણને, કહીને હવે વ્યવહારનયના**

**મતથી કહેવા માટે=લક્ષણને કહેવા માટે, કહે છે –**

**ભાવાર્થ :-**

યોગમાર્ગમાં નિશ્ચયનય પ્રધાન છે અને વ્યવહારનય તેના ઉપાયરૂપે ઈષ્ટ છે; કેમ કે મોક્ષની સાથે આત્માને જોડી આપે તે યોગ કહેવાય અને નિશ્ચયનયને માન્ય એવો યોગ આત્માને મોક્ષની સાથે જોડી આપે તેવો છે; જ્યારે વ્યવહારનયને માન્ય યોગ સાક્ષાત્ આત્માને મોક્ષની સાથે જોડતો નથી, પરંતુ મોક્ષની સાથે જોડનાર યોગનું કારણ છે. તેથી કહે છે કે યોગ નિશ્ચયપ્રધાન છે. આથી પ્રથમ નિશ્ચયનયથી યોગનું લક્ષણ કર્યું, જેથી યોગના અર્થીને એ જ્ઞાન થાય કે યોગમાર્ગના વાસ્તવિક બોધમાં નિશ્ચયનયની મુખ્યતા છે. ત્યાર પછી તેના ઉપાયરૂપે વ્યવહારનયનો બોધ કરવા માટે હવે વ્યવહારનયથી યોગને કહે છે –

**ગાથા :-**

**ववहारओ उ एसो विन्नेओ एयकारणाणं पि ।**
**जो संबंधो सो वि य कारणकज्जोवयाराओ ।।४।।**

**અન્વયાર્થ :-**

**ववहारओ उ=વળી વ્યવહારનયને આશ્રયીને कारणकज्जोवयाराओ=કારણમાં કાર્યના ઉપચારથી एयकारणाणं पि=આના કારણોનો પણ=સદ્જ્ઞાનાદિના કારણોનો પણ य=અને=સદ્જ્ઞાનાદિનો जो संबंधो=જે સંબંધ, सो वि=તે પણ=તે સંબંધ પણ एसो=આ=યોગ જાણવો. ।।૪।।**

**ગાથાર્થ :-**

**વળી વ્યવહારનયને આશ્રયીને કારણમાં કાર્યના ઉપચારથી સદ્જ્ઞાનાદિના કારણોનો પણ અને સદ્જ્ઞાનાદિનો જે સંબંધ, તે પણ યોગ જાણવો. ।।૪।।**

**ટીકા :-**

'व्यवहारतस्तु' सामान्येन फलं प्रति योग्यतामधिकृत्य, 'एषः'=प्रस्तुतो योगः, 'विज्ञेयः'=ज्ञातव्यः । किम्भूतः? इत्याह- 'एतत्कारणानामपि'=सज्ज्ञानादिकारणानामपि गुरुविनयादीनाम्, अपिशब्दात् सज्ज्ञानादीनामपि सर्वनयभावाङ्गीकरणेन यः सम्बन्धः सोऽपि च योगो विज्ञेयः। चशब्दादनन्तरोदितश्च । कथम्? इत्याह - 'कारणे कार्योपचाराद्'=योगकारणे अनन्तर-परम्परभेदभिन्ने कार्योपचाराद्-योगोपचारात् । दृष्टश्चायं प्रयोगो यथा-आयुर्घृतम्, तण्डुलान् वर्षति पर्जन्यः । इति गाथार्थः ।।४।।

**ટીકાર્થ :-**

'व्यवहारतस्तु' ..... इति गाथार्थः ।।४।। **ફળ પ્રતિ સામાન્યથી યોગ્યતાને આશ્રયીને આ=પ્રસ્તુત યોગ, વળી વ્યવહારથી જાણવો.**

**વ્યવહારથી યોગ કેવા પ્રકારનો હોય છે ? એથી ગાથામાં કહે છે -**

**આનાં કારણોનો પણ=સદ્જ્ઞાનાદિનાં કારણોરૂપ ગુરુવિનયાદિનો પણ, જે સંબંધ તે પણ યોગ જાણવો.**

**'एतत्कारणाणामपि' માં 'अपि' શબ્દથી સદ્જ્ઞાનાદિનો પણ સર્વ નય વડે ભાવનો સ્વીકાર હોવાને કારણે જે સંબંધ તે પણ યોગ જાણવો, તેનો સમુચ્ચય છે.**

અહીં પ્રશ્ન થાય કે સદ્જ્ઞાનાદિના સંબંધને નિશ્ચયનય યોગ તરીકે સ્વીકારે છે, તે સદ્જ્ઞાનાદિના સંબંધને વ્યવહારનય પણ કેમ યોગ તરીકે સ્વીકારે છે ? તેથી કહે છે –

**સર્વ નયો ભાવને સ્વીકારે છે. તેથી નિશ્ચયનયને અભિમત ભાવરૂપ રત્નત્રયીના સંબંધને વ્યવહારનય પણ યોગરૂપે સ્વીકારે છે.**

**च शब्दादनन्तरोदितश्च='च' શબ્દથી ગાથા-૨માં બતાવેલ સદ્જ્ઞાનાદિનો સંબંધ યોગ છે તેનો સમુચ્ચય છે.**

અહીં પ્રશ્ન થાય કે સદ્જ્ઞાનાદિનાં કારણોને પણ વ્યવહારનય યોગ કઈ રીતે કહે છે ? એથી ગાથામાં કહે છે –

**કારણમાં કાર્યના ઉપચારથી=કારણમાં અર્થાત્ અનંતર અને પરંપર ભેદથી ભિન્ન યોગના કારણમાં, કાર્યનો અર્થાત્ યોગનો, ઉપચાર હોવાથી, સદ્જ્ઞાનાદિના કારણોનો સંબંધ પણ યોગ છે, એમ અન્વય છે.**

**અને આ પ્રયોગ=કારણમાં કાર્યના ઉપચારનો પ્રયોગ, જોવાયો છે. જે પ્રમાણે, "ઘી આયુ છે", "વાદળાંઓ ચોખાને વરસાવે છે." એ પ્રમાણે ગાથાનો અર્થ છે. ॥૪॥**

❖ 'सोऽपि' અહીં 'अपि' શબ્દથી એ કહેવું છે કે સદ્જ્ઞાનાદિના કારણોનો સંબંધ તો યોગ છે, પરંતુ સદ્જ્ઞાનાદિનો સંબંધ પણ યોગ છે.

**ભાવાર્થ :-**

મોક્ષરૂપ ફળ પ્રતિ સામાન્યથી યોગ્યતાને આશ્રયીને વ્યવહારનયથી આ યોગ જાણવો, એમ જે કહ્યું તેનો આશય એ છે કે જેમ ઘટનો અર્થી એવો કુંભાર દંડાદિમાં ઘટરૂપ કાર્યનિષ્પત્તિની યોગ્યતા જુએ છે અને તે દંડાદિમાં પ્રવૃત્તિ કરીને ઘટરૂપ ફળને પ્રાપ્ત કરે છે, તેમ મોક્ષરૂપ ફળના અર્થી જીવો સમ્યગ્જ્ઞાનાદિમાં અને સમ્યગ્જ્ઞાનાદિનાં કારણ એવા ગુરુવિનયાદિમાં મોક્ષની કારણતા જુએ છે, તેથી મોક્ષના અર્થી જીવો ગુરુવિનયાદિમાં યત્ન કરીને રત્નત્રયીની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે. તેથી ગુરુવિનયાદિનો જીવમાં જે સંબંધ છે, તેને પણ વ્યવહારનય યોગ કહે છે.

અહીં 'સામાન્યથી' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કાર્યનો અર્થી જેમાં પ્રવૃત્તિ કરે તેને વ્યવહારનય

કારણરૂપે સ્વીકારે છે, છતાં કોઈક સ્થાનમાં એ કારણ વગર પણ કાર્ય થઈ શકતું હોય છે, તોપણ મોટે ભાગે જેની કાર્ય સાથે વ્યાપ્તિ છે, તેને વ્યવહારનય સામાન્યથી કારણ કહે છે; અને નિશ્ચયનય કાર્ય સાથે નિયત વ્યાપ્તિવાળું જે કારણ હોય તેને કારણ કહે છે. જેમ કોઈ જીવ ગુરુવિનયાદિની પ્રવૃત્તિ વગર પણ રત્નત્રયી પ્રાપ્ત કરે છે, તેથી મોક્ષરૂપ ફળ પ્રતિ ગુરુવિનયાદિ વ્યભિચારી છે, તેમ નિશ્ચયનય માને છે. માટે ગુરુવિનયાદિને નિશ્ચયનય કારણ તરીકે સ્વીકારતો નથી; તોપણ મોક્ષના નિયત કારણરૂપ રત્નત્રયી સાથે મોટા ભાગે વ્યાપ્તિવાળા આ ગુરુવિનયાદિ છે, તેથી ગુરુવિનયાદિને પણ કારણરૂપે સ્વીકારીને વ્યવહારનય ઉપચારથી યોગ કહે છે.

વળી સર્વ નયો ભાવને સ્વીકારે છે, તેમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે નિશ્ચયનય નામઘટ, સ્થાપનાઘટ અને દ્રવ્યઘટને ઘટરૂપે સ્વીકારતો નથી, પરંતુ ભાવઘટને ઘટરૂપે સ્વીકારે છે; અને વ્યવહારનય નામઘટ, સ્થાપનાઘટ અને દ્રવ્યઘટને તો ઘટ કહે છે, પરંતુ ભાવઘટને પણ ઘટ કહે છે. તેથી ભાવઘટનો બધા નયો સ્વીકાર કરે છે. એ રીતે પ્રસ્તુતમાં પણ નિશ્ચયનય મોક્ષના કારણભૂત જીવની રત્નત્રયીની પરિણતિને યોગ કહે છે, પરંતુ ગુરુવિનયાદિ બાહ્યઆચરણને યોગ તરીકે સ્વીકારતો નથી; કેમ કે જેમ દ્રવ્યઘટરૂપ માટી ઘટનું કારણ હોવા છતાં ઘટ નથી, તેમ ગુરુવિનયાદિ યોગનું કારણ હોવા છતાં યોગ નથી તેમ નિશ્ચયનય કહે છે; જ્યારે વ્યવહારનય તે રત્નત્રયીના પ્રાયઃ કારણ એવા ગુરુવિનયાદિને યોગ કહે છે, તેમ મોક્ષને અનુરૂપ જીવનો રત્નત્રયીનો પરિણામ પણ વ્યવહારનયને યોગરૂપે અભિમત છે. માટે વ્યવહારનય પણ ભાવને સ્વીકારે છે.

અહીં વ્યવહારનયને માન્ય યોગનાં કારણો અનંતર અને પરંપર ભેદવાળાં છે, તેમ કહ્યું. તેનો આશય એ છે કે મોક્ષના સાક્ષાત્ કારણરૂપ રત્નત્રયી એ યોગ છે અને તેનાં કેટલાંક અનંતર કારણો છે અને કેટલાંક પરંપર કારણો છે, તે સર્વને વ્યવહારનય યોગ તરીકે સ્વીકારે છે.

જેમ સંયમ ગ્રહણ કરતી વખતે પ્રથમ ઈર્યાપથનું પ્રતિક્રમણ કરવામાં આવે છે, ત્યાં ઈર્યાપથનો અર્થ સાધ્વાચાર છે અને સાધ્વાચાર એ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ છે. તેના ઉલ્લંઘનથી જે અત્યાર સુધી સંસારમાં પ્રવૃત્તિ થઈ છે, તેનાથી પાછા ફરવા માટે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરવાનું છે. તેથી જે સાધકને ઈરિયાવહીયાના ઐદંપર્યનો યથાર્થ બોધ હોય, વ્યુત્પન્ન મતિ હોય અને સુદૃઢ યત્નપૂર્વક ઈર્યાપથનું પ્રતિક્રમણ કરતા હોય, તો દીક્ષા ગ્રહણ કરતી વખતે સંસારના ભાવોનું પ્રતિક્રમણ કરીને સંયમને અનુકૂળ ગુપ્તિનો પરિણામ પ્રગટ થાય, અને સામાયિક ઉચ્ચરે ત્યારે અર્થમાં વર્તતા ઉપયોગના બળથી તેમને સમભાવનો પરિણામ પ્રગટ થાય, જે રત્નત્રયીના પરિણામરૂપ છે. આ પ્રકારની રત્નત્રયીની પરિણતિ પ્રત્યે સંયમગ્રહણની ક્રિયા અનંતર કારણ છે; અને તેની પૂર્વની સાધુધર્મના પરિભાવનની અથવા દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનાની કે યોગી પાસેથી યોગમાર્ગના શ્રવણની ક્રિયા આદિ અનેક અવસ્થાઓ પરંપર કારણ છે; અને સહુથી દૂરવર્તી કારણ તરીકે વિચારીએ તો, જે જીવ યોગમાર્ગનું વર્ણન સાંભળીને "આવો યોગ મારે પ્રાપ્ત કરવો છે", તે પ્રકારના અભિલાષથી કંઈક સંવેગ અંશને પ્રાપ્ત કરે છે, તેવો જીવ

પણ તે સંવેગના બળથી ક્રિયા કરતાં કરતાં ક્યારેક અવશ્ય ભાવથી રત્નત્રયીની પ્રાપ્તિ કરશે, માટે તે યોગમાર્ગના શ્રવણની ક્રિયા પણ રત્નત્રયીનું પરંપર કારણ છે. તે સર્વને વ્યવહારનય યોગ તરીકે સ્વીકારે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

प्रस्तुतयोगमेव स्वरूपत आह -

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તુત યોગને જ=પૂર્વ ગાથા-૪માં જે યોગનું લક્ષણ બતાવ્યું, તે યોગને જ, સ્વરૂપથી કહે છે -**

**ગાથા :-**

गुरुविणओ सुस्सूसाइया य विहिणा उ धम्मसत्थेसु ।
तह चेवाणुट्ठाणं विहिपडिसेहेसु जहसत्तिं ।।५।।

**અન્વયાર્થ :-**

गुरुविणओ=**ગુરુનો વિનય** विहिणा उ धम्मसत्थेसु सुस्सुसाइया य=**અને વિધિપૂર્વક જ ધર્મશાસ્ત્રોમાં શુશ્રૂષા વગેરે યોગ છે.** तह चेव=**તે રીતે જ=ગુરુવિનય અને શુશ્રૂષાદિ જે રીતે યોગ છે, તે રીતે જ,** जहसत्तिं=**યથાશક્તિ** विहिपडिसेहेसु अणुट्ठाणं=**વિધિ-પ્રતિષેધવિષયક અનુષ્ઠાન વ્યવહારનયથી યોગ છે. ।।૫।।**

**ગાથાર્થ :-**

**ગુરુનો વિનય અને વિધિપૂર્વક જ ધર્મશાસ્ત્રોમાં શુશ્રૂષા વગેરે યોગ છે. તે રીતે જ યથાશક્તિ વિધિ-પ્રતિષેધવિષયક અનુષ્ઠાન વ્યવહારનયથી યોગ છે. ।।૫।।**

**ટીકા :-**

'गुरुविनयः'=पादधावनादिः, 'शुश्रूषादयश्च'=शुश्रूषा-श्रवण-(ग्रहण)-विज्ञान-धारणोहाऽपोह-तत्त्वाभिनिवेशाश्च, 'विधिना तु'=विधिनैव स्थानशुद्ध्यादिना, अविधेः प्रत्यवायहेतुत्वात्, अकृतोऽविधिकृत-योगाद् वरम्, असच्चिकित्सोदाहरणादिति भावनीयम् । क्वैवं शुश्रूषादयः? इत्याह - 'धर्मशास्त्रेषु'=आचारोत्तम-श्रुतादिष्वित्यर्थः । तथैव 'अनुष्ठानं'=क्रियारूपं 'विधि-प्रतिषेधयोः'=धर्मशास्त्रोदितयोः । कथम्? इत्याह - 'यथाशक्ति'=करणाऽकरणयोः शक्त्यनुल्लङ्घनेन । इति गाथार्थः ।।५।।

**નોંધ :-** પ્રસ્તુત ગાથામાં પ્રથમ દર્શનની આચરણા, પછી જ્ઞાનની આચરણા, પછી ચારિત્રની આચરણા બતાવી. ત્યાં જ્ઞાનની આચરણાનું મધ્યમાં કથન છે, તેની સાથે ગ્રંથકારે વિધિનું યોજન કર્યું છે. તેથી તુલાદંડન્યાયથી તે વિધિનું યોજન દર્શનની અને ચારિત્રની આચરણાઓ સાથે પણ કરવાનું છે.

વળી 'यथाशक्ति' નું યોજન ચારિત્રના અનુષ્ઠાનમાં કરેલ છે, તેથી તેનું યોજન પણ પૂર્વના જ્ઞાન અને

દર્શનની આચરણાઓ સાથે કરવાનું છે.

❖ ટીકામાં શુશ્રૂષાદિ ગુણોમાં 'ग्रहण' શબ્દ નથી, પરંતુ આઠ ગુણ તરીકે 'ग्रहण' શબ્દ હોવાની સંભાવના છે.

**ટીકાર્થ :-**

**'गुरुविनयः'= ..... इति गाथार्थः ।।५।।** વ્યવહારનયથી બાહ્ય આચરણાત્મક યોગનું સ્વરૂપ બતાવે છે :

**પાદધાવનાદિરૂપ ગુરુવિનય છે, તે દર્શનની આચરણા છે.**

**શુશ્રૂષા, શ્રવણ, (ગ્રહણ), ધારણા, વિજ્ઞાન, ઊહ, અપોહ અને તત્ત્વનો અભિનિવેશ તે જ્ઞાનની આચરણા છે.**

**આ શુશ્રૂષાદિ, સ્થાનશુદ્ધિ આદિ વિધિપૂર્વક કરવાનાં છે; કેમ કે અવિધિનું પ્રત્યવાયનું હેતુપણું છે=અનર્થનું હેતુપણું છે.**

એ જ વાતને યુક્તિથી બતાવે છે –

**અસત્ ચિકિત્સાના ઉદાહરણથી અવિધિથી કરાયેલા યોગથી=વ્યાપારથી, અકૃત=નહીં કરાયેલો યોગ=વ્યાપાર, શ્રેષ્ઠ છે, એ પ્રકારે વિચારવું જોઈએ.**

**અહીં પ્રશ્ન થાય કે આ રીતે=વિધિપૂર્વક શુશ્રૂષાદિ ક્યાં કરવાનાં છે ? એથી કહે છે - ધર્મશાસ્ત્રમાં=આચારને કહેનારા ઉત્તમ શ્રુતાદિના વિષયમાં, આ શુશ્રૂષાદિ કરવાનાં છે.**

**તે જ રીતે=જે રીતે વિધિપૂર્વક ગુરુવિનય અને શુશ્રૂષાદિ કરવાનાં છે તે જ રીતે, ધર્મશાસ્ત્રોમાં કહેવાયેલા વિધિ-પ્રતિષેધના વિષયમાં ક્રિયારૂપ અનુષ્ઠાન કરવાનું છે.**

અને તે અનુષ્ઠાન કેવી રીતે કરવાનું છે ? એથી કહે છે –

**યથાશક્તિ કરવાનું છે=કરણ અને અકરણની શક્તિના ઉલ્લંઘન વિના કરવાનું છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫।।**

❖ 'पादधावनादिः' અહીં 'आदि' થી વિનય સંબંધી અન્ય બાહ્ય આચરણાઓ ગ્રહણ કરવી.

❖ 'स्थानशुद्ध्यादिना' અહીં 'आदि' થી ઉપયોગશુદ્ધિ અને લેશ્યાશુદ્ધિ ગ્રહણ કરવાનાં છે.

❖ 'आचारोत्तमश्रुतादिषु' અહીં 'आदि' શબ્દથી ગણિતાનુયોગ, કથાનુયોગ અને દ્રવ્યાનુયોગને કહેનારાં ઉત્તમ શ્રુતો ગ્રહણ કરવાનાં છે.

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં રત્નત્રયીના કારણ એવા ગુરુવિનયાદિ પણ વ્યવહારનયથી યોગ છે તેમ કહ્યું. તેથી હવે રત્નત્રયીના કારણભૂત એવા તે ગુરુવિનયાદિ યોગો બતાવે છે –

ગુરુવિનય સમ્યગ્દર્શનના કારણભૂત યોગ છે; કેમ કે ગુણવાન પ્રત્યે બહુમાનપૂર્વક પાદધાવનાદિ

ક્રિયાઓ=ગુરુ બહારથી આવ્યે છતે પગ ધોવા વગેરે ક્રિયાઓ, કરવામાં આવે તો સમ્યગ્દર્શનની નિર્મળતા થાય છે, તેથી તે યોગ છે. અહીં વ્યવહારનય બાહ્ય આચરણાઓને ઉપચારથી યોગ કહે છે.

વળી સ્થાનાદિની શુદ્ધિરૂપ વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયનમાં યત્ન કરવામાં આવે તે વખતે શુશ્રૂષાદિ ગુણો વર્તતા હોય તો તે સમ્યગ્જ્ઞાનની નિષ્પત્તિનું કારણ છે, તેથી વ્યવહારનયથી યોગ છે.

વળી યથાશક્તિ વિધિ-નિષેધરૂપ સાધ્વાચારનું સેવન એ ચારિત્રની પરિણતિનું કારણ હોવાથી વ્યવહારનયથી યોગ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ સાધુ શાસ્ત્ર ભણવાની ક્રિયા કરતા હોય પણ સ્થાનશુદ્ધિ આદિમાં યત્ન કરતા ન હોય અથવા સ્થાનશુદ્ધિ આદિમાં યત્ન હોવા છતાં શુશ્રૂષાદિ ગુણો વર્તતા ન હોય, તો તે શાસ્ત્ર ભણવાની ક્રિયાને વ્યવહારનય યોગ કહેતો નથી; કેમ કે તે પ્રકારની શાસ્ત્રઅધ્યયનની ક્રિયા સમ્યગ્ બોધનું કારણ બનતી નથી. અને જે સાધુ વિધિપૂર્વક શુશ્રૂષા આદિ ગુણોથી યુક્ત શાસ્ત્રો ભણતા હોય તો તેનાથી થયેલો બોધ તત્ત્વઅભિનિવેશમાં વિશ્રાંત થાય છે, જે તત્ત્વઅભિનિવેશ અવશ્ય વિરતિની પ્રવૃત્તિ કરાવીને મોક્ષનું કારણ બને છે. તેથી તેવી શાસ્ત્રઅધ્યયનની ક્રિયાને વ્યવહારનય યોગ કહે છે.

શાસ્ત્રઅધ્યયન સમયે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનાં કારણ શુશ્રૂષાદિ ગુણોનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**શુશ્રૂષા :-** સંસારના સ્વરૂપને જાણીને તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક તત્ત્વને સાંભળવાની તીવ્ર ઈચ્છા તે શુશ્રૂષા છે. આ શુશ્રૂષા સમ્યગ્દૃષ્ટિને હોય છે.

'ષોડશક પ્રકરણ' ગ્રંથનું ષોડશક-૧૧, ગાથા-૩માં શુશ્રૂષાનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે –

ચતુરાઈથી યુક્ત યુવાન પુરુષ સુંદર સ્ત્રી સાથે યુક્ત હોય અને કિન્નરના ગેયને સાંભળવામાં જેવી તેની ઉત્કંઠા હોય તેના કરતાં અધિક રાગ ધર્મશ્રવણમાં હોય.

જીવમાં જ્યારે સમ્યક્ત્વ પ્રગટે છે ત્યારે આત્મહિતનું કારણ સર્વજ્ઞનું વચન જણાય છે. તેથી સર્વજ્ઞના વચનના પરમાર્થને પ્રાપ્ત કરવાનો તીવ્ર અભિલાષ પ્રગટે છે, જે શુશ્રૂષા ગુણરૂપ છે.

**શ્રવણ :-** શુશ્રૂષા પ્રગટે એટલે ધર્મને સાંભળવાની ઉત્કટ ઈચ્છા થાય, ત્યારપછી શ્રવણકાળમાં તત્ત્વનો બોધ કરવા માટે યત્નાતિશય થાય તે શ્રવણગુણ છે. કોઈની પટુ પ્રજ્ઞા હોય તો શ્રવણકાળમાં જ તેને ઉપદેશકના કહેલા તાત્પર્યનો યથાર્થ બોધ થઈ શકે. કદાચ પટુ પ્રજ્ઞા ન હોય તોપણ શ્રવણકાળમાં ગુરુના વચનના તાત્પર્યનો બોધ કરવા માટે શક્તિના પ્રકર્ષથી અવશ્ય યત્ન હોય, અને જ્યાં સુધી બોધ ન થાય ત્યાં સુધી ઉચિત પ્રશ્ન કરીને તેનો નિર્ણય કરવા માટે યત્ન હોય, પરંતુ માત્ર શ્રવણ કરીને સંતોષ હોતો નથી. તેથી શ્રવણગુણ બોધફળમાં વિશ્રાંત થાય છે.

**વિજ્ઞાન :-** વિધિપૂર્વક શુશ્રૂષાગુણથી યુક્ત શ્રવણક્રિયાથી શાસ્ત્રવચનનો જે યથાર્થ બોધ થાય છે, તે વિજ્ઞાન છે. આ વિજ્ઞાનમાં જે બોધ હોય છે, તે ગુરુએ કહેલ તાત્પર્યને સ્પર્શનારો યથાર્થ બોધ હોય છે.

**ધારણા :-** ગુરુ પાસેથી તત્ત્વનો યથાર્થ બોધ થયા પછી તેનું તાત્પર્ય વિસ્મરણ ન થાય તે રીતે પુનઃ

પુનઃ પરાવર્તન કરીને બોધને સ્થિર કરવામાં આવે તે ધારણાગુણ છે.

**ઊહ-અપોહ :-** ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ તાત્પર્યને ધારણા કર્યા પછી તેનો પારમાર્થિક નિર્ણય સ્વપ્રજ્ઞા પ્રમાણે કરવા માટે ઊહાપોહ=વિચારણા, થાય છે, જે વિચારણા ઊહ અને અપોહરૂપ બે ભેદે છે. એમાં અન્વયથી જે વિચારણા કરવામાં આવે તે ઊહ છે અને વ્યતિરેકથી વિચારણા કરવામાં આવે તે અપોહ છે.

**તત્ત્વઅભિનિવેશ :-** ગુરુના વચનથી પ્રાપ્ત પદાર્થને ધારણા કર્યા પછી તે તત્ત્વવિષયક ઊહ-અપોહથી=અન્વય-વ્યતિરેકી વિચારણાથી, સ્વઅનુભવને અનુરૂપ વિશેષ પ્રકારના તત્ત્વનો બોધ થાય છે, અને વિશેષ પ્રકારનો તત્ત્વનો બોધ થયા પછી તેમાં અભિનિવેશ થાય છે અર્થાત્ **'આ જ મારું એકાંત હિત છે' - એ પ્રકારનો તત્ત્વ પ્રત્યેનો તીવ્ર પક્ષપાત પ્રગટે તેવો તત્ત્વાભિનિવેશ થાય છે.**

**શુશ્રૂષા સામાન્ય રીતે બે પ્રકારની છે :**

**(૧) સાંભળવાની સામાન્ય ઈચ્છા :-** જેમ ઘણા જીવોને ધર્મ સાંભળવાનો અભિલાષ હોય છે અને ધર્મ સાંભળવાની ક્રિયા પણ કરે છે, પરંતુ સારાં વચનો સાંભળીને માત્ર સંતોષ માનનારા હોય છે. તે શુશ્રૂષાને અહીં ગ્રહણ કરવી નથી.

**(૨) તત્ત્વના બોધની ઉત્કટ ઈચ્છા :-** જેને આ સંસાર વિષમરૂપે દેખાય છે અને સંસારથી અતીત એવો મોક્ષ સારરૂપે દેખાય છે અને તેના ઉપાયભૂત ભગવાનનું વચન અને ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ સારભૂત દેખાય છે; આથી 'સંસારના નિસ્તાર માટે મારે ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને આત્મહિત સાધવું હોય તો મારે તત્ત્વનો બોધ કરવો જોઈએ', એવી જેને ઉત્કટ ઈચ્છા થઈ છે, તે 'તત્ત્વબોધની ઉત્કટ ઈચ્છા' શુશ્રૂષા ગુણ છે; અને આ શુશ્રૂષા ગુણ શક્તિના પ્રકર્ષથી તત્ત્વશ્રવણની સામગ્રી માટે યત્ન કરાવે છે. આથી જ્યાં સુધી ઉચિત બોધ કરાવનારા સદ્ગુરુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેમને મેળવવા માટેના ઉચિત યત્નો પણ તે શુશ્રૂષા કરાવે છે. વળી શ્રવણની સામગ્રી પ્રાપ્ત થતાં શ્રવણ આદિના ક્રમથી અવશ્ય તત્ત્વઅભિનિવેશમાં વિશ્રાંત થનાર આ શુશ્રૂષા ગુણ છે.

આ શુશ્રૂષા ગુણ જેમ સમ્યગ્દૃષ્ટિને હોય છે, તેમ મુનિને પણ વિશેષ શાસ્ત્રાભ્યાસ માટે હોય છે. તેથી સમિતિ-ગુપ્તિવાળા મુનિ શુશ્રૂષા આદિ આઠ ગુણોથી યુક્ત થઈને શાસ્ત્ર અભ્યાસ કરે છે અને જેમ જેમ ભણતા જાય છે, તેમ તેમ તત્ત્વનો અભિનિવેશ વધતો જાય છે, જેનાથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે.

ધર્મશાસ્ત્ર ભણતી વખતે કરવા યોગ્ય સ્થાનાદિ શુદ્ધિ આદિનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) સ્થાનાદિશુદ્ધિ :-** અધ્યયન કરતી વખતે જે સ્થાનમાં બેસીને અધ્યયન કરવું છે, તે ભૂમિની શાસ્ત્રવિધિ અનુસાર પ્રમાર્જના કરે, જેથી કોઈ જીવને લેશ પણ પીડા ન થાય તેવો સંયમનો પરિણામ જીવંત રહે. વળી અધ્યયન સમયે ચોક્કસ આસનમાં બેસે અને ચોક્કસ મુદ્રાથી ભણે, અત્યંત ઉપયોગપૂર્વક સૂત્ર અને અર્થને ગ્રહણ કરવામાં યત્ન કરે, વળી સૂત્ર અને અર્થના ગ્રહણકાળે સ્થાને ઉચિત પ્રશ્નો કરે જેથી યથાર્થ બોધ થાય.

**(૨) લેશ્યાશુદ્ધિ :-** આ સર્વજ્ઞકથિત શાસ્ત્રો છે, માટે તેની સહેજ પણ આશાતના ન થાય, અને સમ્યક્ પ્રકારે અધ્યયન કરીને તેને જીવનમાં ઉતારું કે જેથી આ સંસારસાગરનો શીઘ્ર અંત થાય, તેવા પ્રકારની લેશ્યાથી અધ્યયનમાં યત્ન કરે તે લેશ્યાશુદ્ધિ છે.

**(૩) ઉપયોગશુદ્ધિ :-** અધ્યયન સમયે ચિત્ત અનન્ય વર્તતું હોય=ક્યાંય બહાર ભટકવા ન જતાં ચિત્ત માત્ર અધ્યયનમાં સંલગ્ન રહેતું હોય, અને ગ્રંથના તાત્પર્યને ગ્રહણ કરવામાં ઉપયોગ વર્તતો હોય તો તે ઉપયોગશુદ્ધિ છે.

અહીં ગુરુવિનયાદિ દર્શનની ક્રિયાઓમાં, શુશ્રૂષાદિ જ્ઞાનની ક્રિયાઓમાં અને વિધિપ્રતિષેધરૂપ ચારિત્રની ક્રિયાઓમાં યથાશક્તિ યત્ન કરવાનો છે.

આશય એ છે કે જો શક્તિને ગોપવીને ગુરુના પાદધાવનાદિ ક્રિયા કરવામાં આવે તો દર્શનશુદ્ધિ ન થાય; કેમ કે ગુરુ પ્રત્યેનો તેવો બહુમાનભાવ નથી. જો તેવો બહુમાનભાવ હોય તો અવશ્ય શક્તિને અનુરૂપ વિનયની ક્રિયા કરે. વળી જો શક્તિને ઓળંગીને=સ્વશક્તિ કરતાં અતિરિક્ત શક્તિ દ્વારા, તે ક્રિયા કરવામાં આવે તો તેનાથી ભાવોની વૃદ્ધિ ન થાય, તે ક્રિયા માત્ર બાહ્યઆચરણારૂપ બને. વળી દરેક ક્રિયા અત્યંત ઉપયોગપૂર્વક તે તે ગુણોની નિષ્પત્તિ થાય તેવા પ્રકારના યત્નથી કરવાની છે. જો શક્તિનો વિચાર કર્યા વગર તે ક્રિયા કરવામાં આવે તો કાયિક શ્રમને કારણે ઉપયોગ દૃઢપણે પ્રવર્તી શકે નહીં અને તેવી ક્રિયાથી ભાવોની શુદ્ધિ થાય નહીં.

તે રીતે શાસ્ત્રઅધ્યયનમાં પણ પોતાની શક્તિ પ્રમાણે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા કરવામાં આવે તો યથાર્થ બોધ થાય, પરંતુ શક્તિનો વિચાર કર્યા વગર તે ગ્રંથમાં યત્ન કરવામાં આવે અને પોતાને તેવો મતિજ્ઞાનનો ક્ષયોપશમ ન હોય તો તે શાસ્ત્રોના વચનોથી સમ્યગ્બોધ થઈ શકે નહીં. તેમ જ પોતાની શક્તિ જે શાસ્ત્રો ભણવા માટેની હોય, તેટલો પણ યત્ન પોતાના સુખશીલ સ્વભાવને કારણે કરવામાં ન આવે તો વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ થાય નહીં. માટે શક્તિને ગોપવ્યા વિના યત્ન કરવો જોઈએ.

તે રીતે ચારિત્રાચારની ક્રિયાઓમાં પણ સર્વત્ર શક્તિનો વિચાર કરીને યત્ન કરવાનો છે. આથી સર્વવિરતિના પાલનને અનુકૂળ શક્તિ ન હોય તો તે શક્તિસંચય અર્થે દેશવિરતિમાં યત્ન કરવો ઉચિત છે, પરંતુ સર્વવિરતિના પાલનને અનુકૂળ શક્તિ હોવા છતાં દેશવિરતિધર્મથી સંતોષની વૃત્તિ રાખે તો ચારિત્રની શુદ્ધિ થાય નહીં.

માટે શક્તિને ગોપવ્યા વગર અને શક્તિના ઉલ્લંઘન વગર રત્નત્રયીની ઉચિત ક્રિયાઓમાં યત્ન કરવાનું પ્રસ્તુત ગાથામાં કહેલ છે.

❖ 'अकृतोऽविधिकृतयोगाद् वरम्' - શુશ્રૂષાદિ વિધિપૂર્વક કરવાં જોઈએ, એમ કહીને તેમાં હેતુ બતાવ્યો કે અવિધિથી કરવામાં આવે તો અહિત થાય. તેમાં યુક્તિ બતાવી કે અસત્ ચિકિત્સાની જેમ અવિધિથી કરવા કરતાં ન કરવું શ્રેષ્ઠ છે.

આશય એ છે કે જે સાધુ શાસ્ત્રવિધિનિરપેક્ષ સ્વમતિ પ્રમાણે શાસ્ત્રઅધ્યયન કરે છે, તે સાધુની શાસ્ત્રઅધ્યયનની ક્રિયા શાસ્ત્રવિધિ પ્રત્યે અનાદરભાવવાળી હોવાથી પાપબંધનું કારણ બને છે. તેમાં અસત્ ચિકિત્સાનું ઉદાહરણ છે.

જેમ કોઈ રોગી કુપથ્યના સેવનપૂર્વક ચિકિત્સા કરતો હોય તો રોગ ઘટવાને બદલે વૃદ્ધિ પામે છે, તેમ જે સાધુ ભગવાનના વચનનો અનાદર કરીને શાસ્ત્રઅધ્યયનમાં પ્રવૃત્તિ કરે, તો અનુષ્ઠાન નહીં કરનારા કરતાં પણ તેને પાપબંધ વધારે થાય છે; પરંતુ 'ભગવાનના વચનાનુસાર વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયનમાં પ્રવર્તવું જોઈએ,' એવું સાંભળીને કોઈ સાધુ તેવી રુચિવાળા થયા હોય અને વિધિમાં યત્કિંચિત્ યત્ન પણ કરતા હોય, પરંતુ અનાદિ ભવઅભ્યસ્ત પ્રમાદને કારણે પૂર્ણ વિધિમાં યત્ન કરી શકતા ન હોય, તો તે સાધુને તે અનુષ્ઠાન નહીં કરવામાં જેટલું પ્રાયશ્ચિત્ત આવે એના કરતાં અવિધિથી કરાયેલા અનુષ્ઠાનનું પ્રાયશ્ચિત્ત અલ્પ આવે છે, અને આવા સાધુનો અવિધિદોષ પણ નિરનુબંધ છે; કેમ કે વિધિપૂર્વક કરવાનો પરિણામ કંઈક જીવે છે. આ સ્થાનમાં અસત્ ચિકિત્સાનું દૃષ્ટાંત યોજવાનું નથી. **॥૫॥**

**અવતરણિકા :-**

**कथं पुनरस्य निश्चययोगाङ्गता? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**વળી આની=ગુરુવિનયાદિની, નિશ્ચયનયના યોગની અંગતા=કારણતા, કઈ રીતે છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૪માં કહ્યું કે વ્યવહારનય યોગના કારણને પણ યોગ કહે છે. તેથી ગાથા-૫માં યોગના કારણભૂત એવા ગુરુવિનયાદિને યોગ કહ્યા. તેથી એ ફલિત થયું કે નિશ્ચયનયથી રત્નત્રયીના પરિણામરૂપ યોગ છે; અને તેના કારણભૂત એવા ગુરુવિનયાદિ છે, તેથી વ્યવહારનય તેને યોગ કહે છે. ત્યાં પ્રશ્ન થાય કે નિશ્ચયનયને માન્ય એવી રત્નત્રયીની પરિણતિ યોગ છે, તેનાં કારણો ગુરુવિનયાદિ કઈ રીતે છે ? તેથી કહે છે –

**ગાથા :-**

**एत्तो च्चिय कालेणं णियमा सिद्धी पगिट्ठरूवाणं ।**
**सण्णाणाईण तहा जायइ अणुबंधभावेण ।।६।।**

**અન્વયાર્થ :-**

**एत्तो च्चिय=આનાથી જ=ગુરુવિનયાદિથી જ, कालेणं=કાળે કરીને पगिट्ठरूवाणं=પ્રકૃષ્ટરૂપવાળા सण्णाणाईण=સદ્જ્ઞાનાદિની तहा=તે પ્રકારથી=ઉત્તરોત્તર વૃદ્ધિના પ્રકારથી णियमा=નક્કી सिद्धी जायइ=**

**સિદ્ધિ થાય છે; अणुबंधभावेण=કેમ કે અનુબંધભાવ છે=ઉત્તર ઉત્તરની રત્નત્રયીનો આક્ષેપ થાય છે. ॥૬॥**

**ગાથાર્થ :-**

**ગુરુવિનયાદિથી જ કાળે કરીને પ્રકૃષ્ટરૂપવાળા સદ્‌જ્ઞાનાદિની ઉત્તરોત્તર વૃદ્ધિના પ્રકારથી નક્કી સિદ્ધિ થાય છે; કેમ કે પૂર્વ પૂર્વની રત્નત્રયીના પરિણામથી ઉત્તર ઉત્તરની રત્નત્રયીનો આક્ષેપ થાય છે. ॥૬॥**

**ટીકા :-**

**'अत एव'=गुरुविनयादेः 'कालेन' गच्छता 'नियमात् सिद्धिः'=अवन्ध्यकारणत्वेनावश्यन्तया निष्पत्तिः । केषाम्? इत्याह - 'प्रकृष्टरूपाणां'=क्षायिकाणां सज्ज्ञानादीनाम् तथा जायते । 'तथा' इति औचित्यप्रतिपत्तिपुरस्सरया सदाज्ञाराधनया तद्वृद्धिभावात् । तथा चाह - 'अनुबन्धभावेन'=तदुत्तरोत्तराक्षेपेण, मार्गानुसार्याज्ञाविशुद्धानुष्ठानस्य सदनुबन्धत्वात् । इति गाथार्थः ॥६॥**

નોંધ :- 'अत एव' અહીં ટીકામાં 'अत एव' નો અર્થ કર્યો કે ગુરુવિનયાદિથી જ. આ કથનમાં 'एवकार' થી એ પ્રાપ્ત થાય કે અધિગમથી પ્રાપ્ત થતા ગુણોમાં ગુરુવિનયાદિ જ ગુણનિષ્પત્તિનું કારણ છે. તેથી ગુરુવિનયાદિ ન હોય તો પ્રકૃષ્ટ ક્ષાયિકભાવના જ્ઞાનાદિ ગુણો થાય નહીં; કેમ કે ગુરુવિનયાદિથી જ તે ગુણો પ્રગટે છે.

**ટીકાર્થ :-**

'अत एव'= ..... इति गाथार्थः ॥६॥ 'अत एव' - **આનાથી જ=ગુરુવિનયાદિથી જ, જતા એવા કાળ વડે નિયમથી સિદ્ધિ થાય છે=અવંધ્ય કારણ હોવાથી અવશ્યપણે નિષ્પત્તિ થાય છે.**

**ગુરુવિનયાદિથી કોની નિયમા સિદ્ધિ થાય છે ? એથી કહે છે –**

**પ્રકૃષ્ટરૂપવાળા=ક્ષાયિક ભાવવાળા, સમ્યગ્ જ્ઞાનાદિની સિદ્ધિ થાય છે.**

પ્રકૃષ્ટરૂપવાળા સમ્યગ્ જ્ઞાનાદિની સિદ્ધિ કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરવા કહે છે –

'तथा जायते'=**તે પ્રકારે થાય છે=ઉત્તરોત્તર વૃદ્ધિના પ્રકારથી થાય છે.**

તે પ્રકારે થાય છે એમ કહ્યું ત્યાં તે પ્રકારે કેમ થાય છે ? તેમાં યુક્તિ બતાવે છે –

'तथा' इति औचित्यप्रतिपत्तिपुरस्सरया सदाज्ञाराधनया तद्वृद्धिभावात् । **ઔચિત્યપ્રતિપત્તિપૂર્વક સદ્આજ્ઞાની આરાધનાથી તેની વૃદ્ધિનો ભાવ હોવાથી=સમ્યગ્ જ્ઞાનાદિની વૃદ્ધિનો ભાવ હોવાથી, તે પ્રકારે પ્રકૃષ્ટ એવા સદ્‌જ્ઞાનાદિ થાય છે, એમ અન્વય છે.**

'तथा चाह' - **અને તે રીતે કહે છે=ઔચિત્યપૂર્વક સદ્આજ્ઞાની આરાધનાથી સમ્યગ્જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે તે રીતે કહે છે –**

'अनुबंधभावेन'=**તેના ઉત્તરોત્તરનો આક્ષેપ થતો હોવાને કારણે=ગુરુવિનયાદિ ઉત્તરોત્તરના**

**સદ્જ્ઞાનાદિનો આક્ષેપ કરનાર હોવાના કારણે, ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે, એમ અન્વય છે.**

તેમાં યુક્તિ બતાવે છે –

**માર્ગાનુસારી આજ્ઞાવિશુદ્ધ અનુષ્ઠાનનું સદ્અનુબંધપણું હોવાથી ગુરુવિનયાદિથી સદ્જ્ઞાનાદિના ઉત્તરોત્તરનો આક્ષેપ થાય છે, એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં રત્નત્રયીના કારણભૂત આચારોને વ્યવહારનયથી યોગરૂપે બતાવ્યા. હવે તે આચારો યોગ કેમ છે ? તેને યુક્તિથી બતાવે છે –

સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુવિનયાદિમાં કોઈ સાધુ સમ્યગ્ યત્ન કરતા હોય તો અમુક કાળ પછી નિયમથી તેને ક્ષાયિક એવી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે. તેથી નક્કી થાય કે ગુરુવિનયાદિ નિશ્ચયનયને માન્ય યોગનાં અંગો છે. માટે વ્યવહારનય તેને યોગરૂપે સ્વીકારે છે, તે યુક્તિયુક્ત છે.

અહીં ગ્રંથકારે, કાળ પસાર થતાં તે પ્રકારે ક્ષાયિક એવી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે, તેમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે પ્રારંભિક જે યોગ છે, તે ક્રમસર વધીને પૂર્ણ ભાવમાં વિશ્રાંત થાય છે, તેમાં આ ગુરુવિનયાદિ કારણ છે.

ગુરુવિનયાદિ ક્ષાયિક રત્નત્રયીનું કારણ છે, તેમાં હેતુ બતાવ્યો કે ઔચિત્યપ્રતિપત્તિપૂર્વક સદ્આજ્ઞાની આરાધનાથી યોગની વૃદ્ધિ થાય છે. તેનો આશય એ છે કે કોઈ વિવેકસંપન્ન સાધક ઔચિત્યપૂર્વક રત્નત્રયીનો=સંયમનો, સ્વીકાર કરે અને રત્નત્રયીને સ્વીકાર્યા પછી ભગવાનના વચનાનુસાર ગુરુવિનયાદિમાં યત્ન કરે તો જીવની પરિણતિરૂપ રત્નત્રયી અવશ્ય વૃદ્ધિ પામે છે. પરંતુ જે જીવને વિવેક નથી, તેવો જીવ સંયમ ગ્રહણ કરે અને સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુવિનયાદિમાં યત્ન કરે તોપણ તે રત્નત્રયીનું કારણ ન બને; કેમ કે તેની સંયમગ્રહણની ક્રિયા અનુચિત પ્રવૃત્તિપૂર્વક હોવાના કારણે એકાંતે શુદ્ધ નથી.

અહીં ઔચિત્યપૂર્વક સદ્આજ્ઞાની આરાધના કરવાનું કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે રત્નત્રયીની પ્રાપ્તિ અર્થે પોતાને સંયમ સ્વીકારવાનું છે, તેની ઉચિત ભૂમિકા પોતાનામાં છે કે નહીં ? તેનો નિર્ણય કરવો જોઈએ, અને ઉચિત ભૂમિકા ન દેખાય તો તે ભૂમિકાને પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઈએ, જેથી સંયમની યોગ્યતા પ્રગટ થાય; અને તદ્ અર્થે જ 'પંચસૂત્ર' ગ્રંથમાં 'સાધુધર્મ પરિભાવન' નામનું દ્વિતીય પંચસૂત્ર બતાવ્યું છે.

ત્યારપછી જે રત્નત્રયીની પ્રાપ્તિ અર્થે પોતાને સંયમ ગ્રહણ કરવું છે, તે સંયમ ગ્રહણ કરતાં કોઈનું પણ અહિત થતું હોય તો તેના નિવારણ માટે શક્ય સર્વ પ્રયત્ન કરે, પરંતુ તે પ્રયત્ન કર્યા પછી પણ તે અહિતનું નિવારણ અશક્ય જણાય તો તેના પ્રત્યે ઉપેક્ષા કરીને સંયમને સ્વીકારવા માટે યત્ન કરે, તે ઔચિત્ય સ્વરૂપ છે. તે બતાવવા માટે 'પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ' નામના ત્રીજા 'પંચસૂત્ર'માં દીક્ષાગ્રહણ કરતાં પૂર્વે માતા-પિતાદિ વિષયક સર્વ ઉચિત પ્રવૃત્તિ કર્યા પછી રજા ન આપે તો ગ્લાન માતાપિતાના ઔષધ અર્થે

અટવીમાં મૂકીને જનારના દૃષ્ટાંતથી માતાપિતાની અનુજ્ઞા વગર પણ સંયમ ગ્રહણ કરવાનું કથન કરેલ છે.

'तथा' વળી પૂર્વમાં સ્થાપન કર્યું કે ગુરુવિનયાદિથી ક્રમે કરીને પ્રકૃષ્ટરૂપવાળી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે. તેને સ્પષ્ટ કરવા માટે કહે છે કે અનુબંધભાવને કારણે પ્રકૃષ્ટરૂપવાળી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે અર્થાત્ ઉત્તરોત્તર વિશેષ-વિશેષ રત્નત્રયીના આક્ષેપ દ્વારા પ્રકૃષ્ટરૂપવાળી રત્નત્રયી ગુરુવિનયાદિથી પ્રાપ્ત થાય છે. તેમાં યુક્તિ બતાવે છે કે માર્ગાનુસારી આજ્ઞાવિશુદ્ધ અનુષ્ઠાન સદ્અનુબંધવાળું છે.

આશય એ છે કે જે વ્યક્તિમાં મતિની નિર્મળતા હોય તેની મતિ સ્વાભાવિક રીતે પદાર્થને જોવા માટે સમ્યગ્ પ્રવર્તે છે, જે માર્ગાનુસારી મતિ છે; અને જેની મતિમાં કોઈ વક્રતા છે, તે પદાર્થને સ્વમતિ તરફ લઈ જાય છે. માર્ગાનુસારી મતિવાળા જીવો અતીન્દ્રિય પદાર્થોમાં સર્વજ્ઞના વચનના તાત્પર્યને નિર્મળ બુદ્ધિથી ગ્રહણ કરવા માટે યત્ન કરનારા હોય છે, અને આવી મતિવાળા જીવો ભગવાનની આજ્ઞા પ્રમાણે યથાર્થ અનુષ્ઠાનમાં યત્ન કરે, ત્યારે તે અનુષ્ઠાન એકાંત શુદ્ધ હોવાથી ઉત્તર-ઉત્તરની રત્નત્રયીનું કારણ બને છે. તેથી તેઓનું સાનુબંધ અનુષ્ઠાન ક્ષાયિકભાવની રત્નત્રયીનું કારણ બને છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**एवं च कृत्वा गुरुविनयादिमतोऽपि योगिव्यपदेशो न्याय्य एवेत्यत आह -**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=પૂર્વ ગાથા-૬માં બતાવ્યું કે ગુરુવિનયાદિથી જ પ્રકૃષ્ટરૂપવાળા જ્ઞાનાદિની નિયમથી સિદ્ધિ થાય છે એ રીતે, ગુરુવિનયાદિવાળાને પણ યોગી કહેવા તે ન્યાય્ય જ છે= યુક્ત જ છે. એથી કહે છે –**

❖ गुरुविनयादिमतोऽपि :- અહીં 'अपि' થી એ કહેવું છે કે નિશ્ચયનયને માન્ય રત્નત્રયીની પરિણતિરૂપ યોગવાળાને તો યોગી કહેવા ન્યાય્ય છે, પરંતુ ગુરુવિનયાદિવાળાને પણ યોગી કહેવા ન્યાય્ય જ છે.

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં સ્થાપન કર્યું કે ગુરુવિનયાદિથી કાળે કરીને નિયમથી ક્ષાયિક સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે. તેનાથી એ ફલિત થયું કે જીવની પરિણતિરૂપ રત્નત્રયી ઉત્તરોત્તરની રત્નત્રયી પ્રત્યે ઉપાદાનકારણ છે, તો વ્યવહારનયને અભિમત એવી બાહ્ય આચરણા રત્નત્રયીની પરિણતિની વૃદ્ધિનું નિમિત્તકારણ છે. એથી બાહ્ય આચરણા કરનારા એવા ગુરુવિનયાદિવાળા સાધુને પણ યોગી કહેવા એ યુક્ત જ છે. તે બતાવવા માટે ગાથામાં કહે છે –

**ગાથા :-**

**मग्गेणं गच्छंतो सम्मं सत्तीए इट्ठपुरपहिओ ।**
**जह तह गुरुविणयाइसु पयट्टओ एत्थ जोगि त्ति ।।७।।**

**અન્વયાર્થ :-**

जह=જેમ सत्तीए=શક્તિથી मग्गेणं=માર્ગ વડે सम्मं=સમ્યક્ રીતે गच्छंतो=જતો એવો જીવ इट्ठपुरपहिओ= ઈષ્ટ પુરનો પથિક કહેવાય છે, तह=તેમ गुरुविणयाइसु=ગુરુવિનયાદિમાં पयट्टओ=પ્રવર્તતો એવો જીવ एत्थ=અહીંયાં=યોગમાર્ગમાં, जोगि=યોગી કહેવાય છે. ॥૭॥

**ગાથાર્થ :-**

**જેમ શક્તિથી માર્ગ વડે સમ્યક્ રીતે જતો એવો જીવ ઈષ્ટ પુરનો પથિક કહેવાય છે, તેમ ગુરુવિનયાદિમાં પ્રવર્તતો એવો જીવ યોગમાર્ગમાં યોગી કહેવાય છે. ॥૭॥**

❖ 'त्ति' ગાથામાં 'त्ति' પાદપૂર્તિ માટે છે.

**ટીકા :-**

'मार्गेण'=प्रापकपथा तात्त्विकेन 'गच्छन्' 'सम्यक्'=शकुनादिमाननादिना प्रकारेण, 'शक्त्या'-गमनसामर्थ्यरूपया 'इष्टपुरपथिकः'=यथाभिलषितपुराध्वगो यथा प्राप्त्यविसंवादेनोच्यते तथा 'गुरुविनयादिषु'-प्रागुपन्यस्तेषु प्रवृत्तः सन् विधिना 'अत्र'=प्रक्रमे, योगीत्युच्यते इष्टयोगप्राप्त्यविसंवादेन ।

**ટીકાર્થ :-**

'मार्गेण'= ..... विसंवादेन । **સમ્યક્=શકુનાદિ માનનાદિ પ્રકાર વડે, ગમનસામર્થ્યરૂપ શક્તિથી માર્ગ દ્વારા=ઈષ્ટ પુરને પ્રાપ્ત કરાવનાર તાત્ત્વિક માર્ગ દ્વારા જતો એવો પુરુષ, પ્રાપ્તિનો અવિસંવાદ હોવાના કારણે=ઈષ્ટ પુરની પ્રાપ્તિ અવશ્ય થનારી હોવાના કારણે, જે પ્રમાણે ઈષ્ટ પુરનો પથિક= યથાઅભિલષિત એવા નગરમાં જનારો, કહેવાય છે; તે પ્રમાણે પૂર્વમાં ઉપન્યાસ કરાયેલા ગુરુવિનયાદિમાં વિધિપૂર્વક શક્તિથી પ્રવૃત્ત એવો પુરુષ, ઈષ્ટ યોગની પ્રાપ્તિનો અવિસંવાદ હોવાના કારણે અહીં= પ્રક્રમમાં=યોગમાર્ગના પ્રક્રમમાં, 'યોગી' એ પ્રમાણે કહેવાય છે.**

❖ **'शकुनादि, माननादि'** - અહીં 'शकुनादि' ના 'आदि' શબ્દથી દિવસ શુદ્ધિ, નાડી શુદ્ધિ, અંગાદિ સ્ફુરણ શુદ્ધિ, આદિ નિમિત્તોનું ગ્રહણ કરવાનું છે, અને 'माननादि' ના 'आदि' શબ્દથી શુકન કરવા, શુકનાદિની પ્રાપ્તિ માટે કાળક્ષેપ કરી પ્રવૃત્તિ કરવી વગેરે ક્રિયાઓનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

કોઈ પથિક દેશાંતર જતો હોય અને એ ખોટો માર્ગ પકડે તો સ્થાને પહોંચે નહીં, પરંતુ એ સાચા માર્ગે જતો હોય તો સ્થાને પહોંચી શકે; છતાં જો રસ્તામાં વિઘ્ન આવે તો તે સ્થાને ન પહોંચી શકે. પરંતુ જનાર પથિક શકુનાદિ-માનનાદિપૂર્વક ગયો હોય તો વિઘ્ન આવે નહીં, તેથી વિઘ્નરહિત પહોંચી શકે. આમ છતાં પોતાના જવાના સામર્થ્યરૂપ શક્તિનો વિચાર કર્યા વગર જાય તો ઈષ્ટ નગરની પ્રાપ્તિ થઈ શકે નહીં. પરંતુ જે પથિક પોતાની શક્તિ મુજબ, શકુનાદિપૂર્વક સાચા માર્ગે જતો હોય તો અવશ્ય ઉચિત કાળે તે ઈષ્ટ

નગરને પ્રાપ્ત કરે છે. તેમ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનારો યોગી શક્તિ મુજબ, શાસ્ત્રમાં બતાવેલ વિધિપૂર્વક, ગુરુવિનયાદિમાં પ્રવૃત્ત થયેલો હોય તો તેની તે વ્યવહારનયની આચરણારૂપ યોગની પ્રવૃત્તિથી ઉત્તરઉત્તરની રત્નત્રયીરૂપ યોગની નિષ્પત્તિ અવશ્ય થાય છે, તેથી તે યોગી કહેવાય છે.

અહીં વિશેષ એ છે કે પરિપૂર્ણ શુદ્ધ વ્યવહાર નિશ્ચયકાર્યકારી છે. તેથી જે સાધુ શક્તિ પ્રમાણે રત્નત્રયીની પરિણતિના કારણભૂત ગુરુવિનયાદિમાં વિધિપૂર્વક યત્ન કરે છે, તે સાધુ તે ક્રિયાથી પૂર્વની રત્નત્રયીની પરિણતિ કરતાં વિશેષ પ્રકારની ઉત્તરની રત્નત્રયીની પરિણતિ અવશ્ય પ્રગટ કરે છે. તેથી તે રત્નત્રયી તે પ્રકારની ક્રિયા દ્વારા ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અવશ્ય ક્ષાયિકભાવની રત્નત્રયીનું કારણ બને છે. આથી નિશ્ચયનયથી રત્નત્રયીના પરિણામવાળા જેમ યોગી છે, તેમ પરિપૂર્ણ શુદ્ધવ્યવહારને સેવનારાપણ નિશ્ચયનયની જેમ યોગના ફળને પ્રાપ્ત કરનારા હોવાથી યોગી છે.

**ટીકા :-**

**इह च व्यवहितगाथायामत्र च विधिग्रहण-सम्यग्ग्रहणाभ्यां गृहीतमपि भेदेन शक्त्यभिधानं तत्प्राधान्यख्यापनार्थम् । दृष्टश्चायं न्यायः, यदुत "सामान्यग्रहणे सत्यपि प्राधान्यख्यापनार्थं भेदेनाभिधानम्, यथा ब्राह्मणा आयाता वशिष्ठोऽप्यायातः" इति । प्रधान्यं तु सर्वत्र शक्तेरनुबन्धसाधकत्वेन । यथोक्तम्** "शक्तिः सफलैव सम्यक्प्रयोगात्" **। इति गाथार्थः ।।७।।**

**ટીકાર્થ :-**

इह च ..... इति गाथार्थः ।।७।। **અને વ્યવહિત ગાથામાં=વ્યવહારનયથી યોગમાર્ગનું કથન કરનારી પાંચમી ગાથામાં વિધિના ગ્રહણથી ગૃહીત પણ અને અહીંયાં=૭મી ગાથામાં, સમ્યગ્ગ્રહણથી ગૃહીત પણ इह=અહીં=પાંચમી ગાથામાં અને સાતમી ગાથામાં, ભેદથી શક્તિનું અભિધાન, તેના=શક્તિના, પ્રધાનપણાને બતાવવા માટે છે, અને આ ન્યાય દૃષ્ટ છે. તે દૃષ્ટ ન્યાયને 'यदुत' થી બતાવે છે –**

**"સામાન્ય ગ્રહણ હોતે છતે પણ ભેદથી અભિધાન પ્રાધાન્ય બતાવવા માટે હોય છે. જેમ કે બ્રાહ્મણો આવ્યા અને વસિષ્ઠ પણ આવ્યા" 'इति' શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે. વળી સર્વત્ર=સર્વ કાર્યોમાં, શક્તિનું અનુબંધસાધકપણું હોવાથી પ્રાધાન્ય છે. જે પ્રમાણે કહેવાયું છે –**

"સમ્યક્ પ્રયોગથી શક્તિ સફળ જ છે." **એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

પાંચમી ગાથામાં 'વિધિપૂર્વક' અને 'યથાશક્તિ' એમ બે શબ્દોનો પ્રયોગ કર્યો અને સાતમી ગાથામાં 'સમ્યક્' અને 'શક્તિથી' એમ બે શબ્દોનો પ્રયોગ કર્યો. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે 'વિધિપૂર્વક' કહેવાથી કે 'સમ્યક્' કહેવાથી શક્તિનું ગ્રહણ થઈ જાય છે, છતાં બંને સ્થાને શક્તિને સ્વતંત્ર કેમ ગ્રહણ કરી ? તેથી ગ્રંથકાર કહે છે કે કાર્યની નિષ્પત્તિમાં શક્તિની પ્રધાનતા છે, તે બતાવવા માટે શક્તિને સ્વતંત્ર ગ્રહણ કરી છે.

આશય એ છે કે કોઈપણ ક્રિયા વિધિપૂર્વક કરવી જોઈએ, તેમ કહીએ તો તે વિધિથી બાહ્યવિધિ ગ્રહણ થાય છે તેમ પોતાની અંતરંગ શક્તિનું પણ ગ્રહણ થાય છે; કેમ કે શાસ્ત્રમાં વિધિ એ છે કે શક્તિનું સમાલોચન કરીને જે કૃત્યમાં પોતે સમર્થ હોય તે કૃત્ય માટે શાસ્ત્રમાં જે વિધિ બતાવી હોય તે રીતે તે કૃત્યમાં યત્ન કરવો જોઈએ. તેથી વિધિના કથનથી શક્તિનું ગ્રહણ થઈ જાય છે.

વળી સમ્યક્ પ્રયત્ન કરવો જોઈએ, એમ કહેવાથી પણ એ પ્રાપ્ત થાય છે કે જેનાથી ફળ નિષ્પન્ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ. તેથી શક્તિને વિચાર્યા વગર કોઈ જીવ ઉપાયમાં પ્રવૃત્તિ કરતો હોય તો તે ઉપાયથી ફળની પ્રાપ્તિ થતી નથી; પરંતુ પોતાની શક્તિને વિચારીને જે કૃત્ય માટે પોતે સમર્થ હોય તે કૃત્યના ઉપાયમાં પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિથી તેને અવશ્ય ફળ પ્રાપ્ત થાય છે. આ રીતે સમ્યક્ના કથનથી પણ શક્તિનું ગ્રહણ થઈ જાય છે, તોપણ ફળનિષ્પત્તિ પ્રત્યે શક્તિની પ્રધાનતા છે, તે બતાવવા માટે શક્તિને સ્વતંત્ર ગ્રહણ કરેલ છે.

આશય એ છે કે કોઈપણ પ્રવૃત્તિ શક્તિનો વિચાર કર્યા વગર કરવામાં આવે તો કાર્ય નિષ્પન્ન થાય નહીં. જેમ ઈષ્ટ નગરમાં જનારો પથિક માર્ગથી જતો હોય, શકુનાદિપૂર્વક ગયેલો હોય, તેથી માર્ગમાં કોઈ વિઘ્ન પણ આવે નહીં; આમ છતાં પોતાની ગમનશક્તિનો વિચાર કર્યા વિના એકસાથે ઘણું ચાલી જાય, જેથી શક્તિ ક્ષીણ થઈ જાય તો ઈષ્ટ પુરની પ્રાપ્તિ પૂર્વે જ મૃત્યુ પણ પામી જાય, પરંતુ કાર્યસિદ્ધિ ન થાય અને જો શક્તિને ગોપવે તો ઈષ્ટ નગરની પ્રાપ્તિમાં વિલંબ થાય છે. તે રીતે યોગમાર્ગમાં પણ પોતાની શક્તિનું સમ્યક્ સમાલોચન કરીને સમ્યગ્ પ્રયત્ન કરવાથી શીઘ્ર ફળની પ્રાપ્તિ થાય છે. શક્તિનું ઉલ્લંઘન કરીને પ્રયત્ન કરે તો ફળની નિષ્પત્તિ પૂર્વે જ શક્તિ ક્ષીણ થવાથી ઈષ્ટફળ પ્રાપ્ત ન થાય અને શક્તિને ગોપવીને પ્રવૃત્તિ કરવાથી ફળપ્રાપ્તિમાં વિલંબ થાય છે, માટે ફળનિષ્પત્તિમાં શક્તિની પ્રધાનતા છે, તે બતાવવા માટે સમ્યક્ અને વિધિ એ બે શબ્દોથી પૃથક્ રૂપે 'શક્તિ' શબ્દનું ગ્રહણ કરેલ છે.

જેમ અન્ય બ્રાહ્મણો કરતાં વસિષ્ઠનું અધિક મહત્ત્વ છે, આથી બ્રાહ્મણો આવ્યા તેમ કહેવાથી વસિષ્ઠનું ગ્રહણ પણ થઈ જતું હોવા છતાં વસિષ્ઠનું સ્વતંત્ર ગ્રહણ તેમનું પ્રાધાન્ય બતાવવા માટે છે. તે રીતે વિધિ અને સમ્યક્ના ગ્રહણથી શક્તિનું ગ્રહણ થઈ જતું હોવા છતાં તેનું સ્વતંત્ર કથન શક્તિનું પ્રાધાન્ય બતાવવા માટે છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**एवं योगपीठमभिधायाधिकार्यादिनिरूपणार्थमाह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૨ થી ૭માં બતાવ્યું એ રીતે, યોગપીઠને કહીને યોગના અધિકારી આદિના નિરૂપણ માટે કહે છે –**

❖ 'अधिकार्यादि' અહીં 'आदि' થી અનધિકારીનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

મોક્ષનો અર્થી યોગમાં પ્રવૃત્તિ કરે છે, અને મોક્ષ અક્ષેપફળસાધક એવા નિશ્ચયનયને માન્ય રત્નત્રયીથી થવાનો, જે ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં પ્રગટ થાય છે. તેથી મોક્ષાર્થીએ અક્ષેપફળસાધક રત્નત્રયીના પરિણામ માટે યત્ન કરવો જોઈએ. પરંતુ તે ક્ષણ અત્યારે સાક્ષાત્ પ્રયત્નનો વિષય બની શકે તેમ નથી. તેથી સાક્ષાત્ પ્રયત્નનો વિષય બની શકે તેવી નિયમફળસાધક એવા નિશ્ચયનયની દૃષ્ટિથી મોક્ષનું કારણ એવી રત્નત્રયીની પરિણતિ માટે મોક્ષાર્થી સાધુ યત્ન કરે છે, જે ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને અક્ષેપફળસાધક રત્નત્રયીને પ્રગટ કરશે. આમ છતાં નિયમફળસાધક એવા નિશ્ચયનયને અભિમત રત્નત્રયીમાં પણ સાક્ષાત્ યત્ન દુષ્કર છે. તેથી વિચારક ક્યાં પ્રવૃત્તિ કરે કે જેથી રત્નત્રયી પ્રગટ થાય ? તે માટે નિયમફળસાધક રત્નત્રયીને અવશ્ય સાધી આપનાર વ્યવહારનયથી રત્નત્રયીની આચરણા ગાથા-૪-૫માં બતાવી અને ગાથા-૬-૭માં સ્થાપન કર્યું કે આ વ્યવહારનયને માન્ય રત્નત્રયીની આચરણાથી નિયમફળસાધક રત્નત્રયી પ્રગટશે, અને નિયમફળસાધક રત્નત્રયી પ્રકર્ષને પામીને અક્ષેપફળસાધક રત્નત્રયીનું કારણ બનશે, અને અક્ષેપફળસાધક રત્નત્રયી મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામશે. આ પ્રકારનો અર્થ પૂર્વના કથનથી ફલિત થયો, જે યોગની પીઠિકારૂપ છે. આમ, પ્રથમ યોગપીઠરૂપે નિશ્ચયનય અને વ્યવહારનયથી યોગના સ્વરૂપને બતાવીને યોગ સાધવા માટે ઉપયોગી એવા અધિકારી આદિ અંગોને બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

**अहिगारिणो उवाएण होइ सिद्धी समत्थवत्थुम्मि ।**
**फलपगरिसभावाओ विसेसओ जोगमग्गम्मि ।।८।।**

**અન્વયાર્થ :-**

**समत्थवत्थुम्मि=સેવાદિ સમસ્ત વસ્તુમાં अहिगारिणो=અધિકારીને उवाएण=ઉપાયથી सिद्धी होइ= સિદ્ધિ થાય છે=કાર્યનિષ્પત્તિ થાય છે. फलपगरिसभावाओ=ફળપ્રકર્ષનો ભાવ હોવાથી जोगमग्गम्मि= યોગમાર્ગમાં विसेसओ=વિશેષથી અધિકારીને ઉપાયથી સિદ્ધિ થાય છે. ।।૮।।**

**ગાથાર્થ :-**

**સેવાદિ સમસ્ત વસ્તુમાં અધિકારીને ઉપાયથી કાર્યનિષ્પત્તિ થાય છે. ફળપ્રકર્ષનો ભાવ હોવાથી યોગમાર્ગમાં વિશેષથી અધિકારીને ઉપાયથી સિદ્ધિ થાય છે. ।।૮।।**

**ટીકા :-**

'अधिकारिणः'=योग्यस्य, 'उपायेन'=तत्साधनप्रकारेण, भवति 'सिद्धिः'=कार्यनिष्पत्तिः, 'समस्तवस्तुनि' सेवादौ, फलप्रकर्षभावात् मुक्तिसाधनत्वेन 'विशेषतः'=विशेषेण, 'योगमार्गे' प्रस्तुते अधिकारिण उपायेन सिद्धिः ।

इति गाथार्थः ।।८।।

**ટીકાર્થ :-**

**અધિકારીને=યોગ્યને, ઉપાયથી=કાર્યનું સાધન જે પ્રકારે પ્રવર્તવું જોઈએ તે પ્રકારે પ્રવર્તાવવાથી, સમસ્ત વસ્તુમાં=સેવાદિ સમસ્ત વસ્તુમાં, સિદ્ધિ=કાર્યની નિષ્પત્તિ, થાય છે. (યોગ) મુક્તિનું સાધન હોવાના કારણે અન્ય ફળો કરતાં યોગનું મુક્તિરૂપ ફળ પ્રકર્ષવાળું હોવાથી પ્રસ્તુત યોગમાર્ગમાં વિશેષથી અધિકારીને ઉપાયથી સિદ્ધિ થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે સંસારની પ્રવૃત્તિમાં પણ જે કાર્ય કરવાની પોતાનામાં યોગ્યતા હોય તે કાર્યને પ્રગટ કરવા માટે તેના ઉપાયમાં કોઈ યત્ન કરે તો તે કાર્યની નિષ્પત્તિ થાય છે, પરંતુ જે કાર્ય કરવાની પોતાનામાં યોગ્યતા નથી, તે કાર્યના ઉપાયમાં યત્ન કરે તો તે કાર્ય નિષ્પન્ન થતું નથી; છતાં પણ ક્વચિત્ એવી યોગ્યતા વગરનો જીવ પણ, યથાતથા રીતે પ્રયત્ન કરતો હોય તોપણ, અનાભોગથી તે પ્રકારનો પ્રયત્ન થઈ જાય તો કાર્યસિદ્ધિ થઈ પણ જાય. જેમ રાધાવેધ સાધવા માટે કોઈ સાધક યથાતથા પ્રયત્ન કરતો હોય તોપણ દૈવયોગે ક્વચિત્ તેનું મુકાયેલું તીર રાધાવેધ સાધી પણ આપે, છતાં રાધાવેધની કળાની નિપુણતા નહીં હોવાના કારણે જ્યારે જ્યારે તે ઈચ્છે ત્યારે ત્યારે તે રાધાવેધ કરી શકતો નથી; અને રાધાવેધ શીખી શકે તેવો યોગ્ય અધિકારી ઉચિત વિધિપૂર્વક રાધાવેધ સાધવા માટે યત્ન કરે તો અવશ્ય તે રાધાવેધની કળામાં નિપુણ બને છે. તેમ અહીં યોગમાર્ગ મુક્તિનું સાધન છે અને મોક્ષ એ ફળના પ્રકર્ષરૂપ છે; તેથી યોગમાર્ગમાં વિશેષથી અધિકારી ઉપાય દ્વારા પ્રવૃત્તિ કરે તો જે યોગમાં પ્રવૃત્તિ કરી હોય તે યોગ અવશ્ય નિષ્પન્ન કરી શકે અને ક્રમસર ઉત્તર-ઉત્તરના યોગને પ્રાપ્ત કરીને મોક્ષફળ સાધી શકે છે.

આશય એ છે કે પોતાની ચિત્તની ભૂમિકાનો વિચાર કરીને જે પ્રકારના યોગમાં પોતે પ્રવૃત્તિ કરી શકે તેમ છે, તે પ્રકારના યોગનો પોતે અધિકારી છે તેનો નિર્ણય કરીને, જે સાધક તે ભૂમિકાના ઉપાયમાં સમ્યગ્ રીતે પ્રયત્ન કરે, તો તે અધિકારીને તે ભૂમિકાનો યોગ પ્રગટે છે અને ત્યાર પછી ઉપરની ભૂમિકાના યોગ માટે તે અધિકારી બને છે. ઉપરની ભૂમિકાનો અધિકારી બન્યા પછી ઉપરની ભૂમિકાના યોગ માટે જે ઉપાય હોય તેમાં સમ્યગ્ યત્ન કરે તો તે ઉપરની ભૂમિકાનો યોગ પ્રગટ થાય. આ રીતે ઉપર ઉપરની ભૂમિકાનો અધિકારી બન્યા પછી તેના ઉપાયમાં પ્રવૃત્તિ કરીને તે તે યોગને સાધે તો ક્રમસર પ્રકર્ષવાળો યોગ પ્રાપ્ત થાય અને અંતે મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય.

અહીં યોગમાર્ગમાં વિશેષથી અધિકારીને ઉપાય દ્વારા સિદ્ધિ છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સંસારના ક્ષેત્રમાં ક્વચિત્ તે કાર્યની યોગ્યતા ન હોય તોપણ પુણ્યના સહકારથી યથાતથા પ્રયત્ન કરતાં કરતાં પણ કાર્યને અનુકૂળ યત્ન થઈ જવાથી તે કાર્ય નિષ્પન્ન થઈ જાય છે, અને સામાન્ય કાર્ય હોય તો અનધિકારી પણ પ્રવૃત્તિ કરે તો ક્વચિત્ તે કાર્ય થઈ જાય, પરંતુ જેમ જેમ વિશેષ વિશેષ કાર્ય હોય તેમ

તેમ ચોક્કસ યત્નની અપેક્ષા રહે છે. તેથી સર્વ ફળો કરતાં તે પ્રકારની આવડતવાળા જીવો તે કાર્યને સાધી શકે, અન્ય જીવો સાધી શકતા નથી, એવો અનુભવ દેખાય છે. તે પ્રમાણે યોગ તો મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામનારો હોવાથી યોગનું ફળ પ્રકર્ષવાળું છે. તેથી સર્વ ફળો કરતાં પ્રકૃષ્ટ ફળરૂપમોક્ષને સાધવા માટે તો વિશેષથી યોગ્યતા પ્રગટ કરીને ઉપાયમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**यत एवमतोऽत्राधिकारिणमाह -**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે=ગાથા-૮માં કહ્યું કે યોગમાર્ગમાં વિશેષથી અધિકારીને ઉપાયથી સિદ્ધિ છે એમ છે, એથી કરીને અહીં=હવેની ગાથામાં, અધિકારીને કહે છે –**

**ગાથા :-**

**अहिगारी पुण एत्थं विण्णेओ अपुणबंधगाइ त्ति ।**
**तह तह णियत्तपगईअहिगारो णेगभेओ त्ति ।।९।।**

**અન્વયાર્થ :-**

**पुण=વળી तह तह=તે તે પ્રકારે नियत्तपगईअहिगारो=નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા णेगभेओ=અનેક ભેદવાળા अपुणबंधगाइ=અપુનર્બંધકાદિ एत्थ=અહીંયાં=યોગમાર્ગમાં, अहिगारी=અધિકારી विण्णेओ= જાણવા. ॥૯॥**

**ગાથાર્થ :-**

**વળી તે તે પ્રકારે નિવૃત્ત કર્મપ્રકૃતિના અધિકારવાળા, અનેક ભેદવાળા, અપુનર્બંધકાદિ યોગમાર્ગમાં અધિકારી જાણવા.**

❖ 'त्ति' ગાથામાં 'त्ति' પાદપૂર્તિ માટે છે. ॥૯॥

**ટીકા :-**

**'अधिकारी' पुनः 'अत्र'=योगमार्गे, 'विज्ञेयः'=ज्ञातव्यः, 'अपुनर्बन्धकादिः' – य इह परिणामादिभेदादपुनर्बन्धकत्वेन तांस्तान् कर्मपुद्गलान् बध्नाति स तत्क्रियाविष्टोऽप्यपुनर्बन्धक उत्कृष्टस्थितेः । आदिशब्दात् सम्यग्दृष्टिश्चारित्री चाभिगृह्यते, इह प्रकरणे एतदन्येषां सकृद्बन्धकादीनामभणनात् । अत एवाऽऽह - 'तथा तथा'=तेन तेन प्रकारेण, तज्जीवग्रहणसम्बन्धयोग्यतापगमलक्षणेन निवृत्तः अपगतः प्रकृतेः - कर्मवर्गणारूपायाः अधिकारः - विशिष्टविचित्रफलसाधकत्वलक्षणो यस्य स निवृत्तप्रकृत्यधिकारः अनेकभेदः । इति गाथार्थः ।।९।।**

**ટીકાર્થ :-**

'अधिकारी' पुनः ..... इति गाथार्थः ।।९।। **અહીંયાં=યોગમાર્ગમાં, અપુનર્બંધકાદિ અધિકારી જાણવા.**

અપુનર્બંધકનું સ્વરૂપ બતાવે છે –

**અહીં=સંસારમાં, પરિણામાદિના ભેદથી=પૂર્વમાં જે પરિણામાદિ કરતો હતો તેના કરતાં જુદા પરિણામાદિ કરતો હોવાથી, અપુનર્બંધકપણા વડે તે તે કર્મપુદ્ગલોને જે બાંધે છે, તે જીવ તે ક્રિયાથી આવિષ્ટ પણ=અપુનર્બંધક અવસ્થા પહેલાં જે ક્રિયા કરતો હતો તે ક્રિયાથી આવિષ્ટ પણ, ઉત્કૃષ્ટ સ્થિતિનો અપુનર્બંધક છે.**

**'अपुनर्बंधकादि' કહ્યું ત્યાં 'आदि' શબ્દથી સમ્યગ્દષ્ટિ અને ચારિત્રી ગ્રહણ કરાય છે; કેમ કે આ પ્રકરણમાં=યોગના અધિકારીના પ્રકરણમાં, આનાથી=અપુનર્બંધકાદિથી, અન્ય એવા સકૃદ્બંધકાદિનું, કથન નથી. આથી જ=સકૃદ્બંધકાદિનું આ પ્રકરણમાં ગ્રહણ કર્યું નથી આથી જ, કહે છે -**

**તે તે પ્રકારે=તે જીવમાં ગ્રહણના સંબંધની અર્થાત્ કર્મના સંબંધની યોગ્યતાના અપગમરૂપ તે તે પ્રકારે, કર્મવર્ગણારૂપ પ્રકૃતિનો અધિકાર=વિશિષ્ટ એવા વિચિત્ર ફળના સાધકત્વરૂપ અધિકાર, નિવૃત્ત થયો છે જેનો=ચાલ્યો ગયો છે જેનો, તે નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા એવા અનેક ભેદવાળા જીવો છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯।।**

❖ 'परिणामादि' અહીં 'आदि' થી કર્મની અનુબંધશક્તિના કારણીભૂત અસદ્ગ્રહનો ભેદ લેવાનો છે.

❖ 'सकृद्बन्धकादि' અહીં 'आदि' થી દ્વિર્બંધકનું ગ્રહણ કરવું.

❖ 'तज्जीवग्रहण' ટીકામાં આ શબ્દ છે ત્યાં 'गृह्यते यत् इति ग्रहणं' એ વ્યુત્પત્તિથી ગ્રહણ શબ્દ કર્મનો વાચક છે.

**ભાવાર્થ :-**

યોગમાર્ગમાં અધિકારી અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ અને ચારિત્રી છે. ત્યાં અપુનર્બંધકનું લક્ષણ કરે છે કે અપુનર્બંધક હોવાના કારણે પૂર્વમાં જે પરિણામો કરતો હતો, તેના કરતાં અપુનર્બંધક થયા પછી પરિણામાદિનો ભેદ છે. તેથી અપુનર્બંધક જીવ અપુનર્બંધક થયા પહેલાં જે ક્રિયા કરતો હોય તેવી જ ક્રિયા અપુનર્બંધક થયા પછી કરતો હોય તોપણ ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં કર્મો ન બાંધે.

અહીં અપુનર્બંધકના લક્ષણમાં પરિણામાદિના ભેદને કારણે ઉત્કૃષ્ટ સ્થિતિનો અપુનર્બંધક છે તેમ કહ્યું, ત્યાં આદિ પદથી અનુબંધશક્તિના કારણીભૂત અસદ્ગ્રહનું ગ્રહણ કરવાનું છે.

તેનાથી એ પ્રાપ્ત થાય કે જીવ અપુનર્બંધક થયા પછી ગમે તેટલો સંક્લેશ કરે તોપણ ફરી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તેવો પરિણામ તેને ક્યારેય થતો નથી. પૂર્વના પરિણામ કરતાં અપુનર્બંધક થયા પછીનો પરિણામ જુદો છે. વળી, કોઈક અપુનર્બંધક જીવ યોગમાર્ગમાં પ્રવૃત્ત થયા પછી કદાગ્રહવાળો થાય, તોપણ પૂર્વના જેવો એક પુદ્ગલ પરાવર્તનથી અધિક સંસાર ચલાવી શકે તેવો ઉત્કૃષ્ટ અસદ્ગ્રહ આવતો નથી. જેમ સાવદ્યાચાર્ય યોગમાર્ગમાં પ્રવૃત્ત થયા, સંયમની સમ્યક્ આરાધના કરી, સંસારને પરિમિત કર્યો, છતાં જ્યારે

ઉત્સૂત્ર ભાષણ કરીને દીર્ઘ સંસાર ચલાવે તેવી અનુબંધશક્તિનો અધ્યવસાય પ્રગટ થયો, તોપણ, તે અર્ધ પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર પેદા કરી શકે તેવો તીવ્ર થયો નહીં. તેથી અનુબંધશક્તિના કારણીભૂત અસદ્ગ્રહ પણ પૂર્વ જેવો તીવ્ર અપુનર્બંધકને ક્યારેય થતો નથી. તે બતાવવા માટે પરિણામાદિના ભેદને કારણે અપુનર્બંધકને ઉત્કૃષ્ટ સ્થિતિનો અબંધક કહ્યો છે.

આ ગ્રંથમાં અપુનર્બંધકાદિમાં આદિ શબ્દથી સકૃદ્બંધકાદિનું ગ્રહણ કરેલ નથી, તેનું કારણ આ પ્રમાણે છે –

મોક્ષમાર્ગ એ રત્નત્રયીની પરિણતિરૂપ છે અને એ પરિણતિની પૂર્વભૂમિકા અપુનર્બંધકમાં છે. વળી, ભાવમાર્ગ સમ્યગ્દૃષ્ટિથી શરૂ થાય છે અને તેની પૂર્વભૂમિકારૂપ દ્રવ્યમાર્ગ અપુનર્બંધકથી શરૂ થાય છે. અહીં ભાવમાર્ગમાં રહેનારા કે દ્રવ્યમાર્ગમાં રહેનારા જીવોને યોગમાર્ગના અધિકારી તરીકે ગ્રહણ કરેલ છે, અને સકૃદ્બંધકાદિ જીવો તેવા નથી; જ્યારે કેટલાક અન્ય ગ્રંથોમાં અપુનર્બંધકની નજીકમાં રહેલા સકૃદ્બંધકાદિને પણ યોગમાર્ગના અધિકારી તરીકે ગ્રહણ કરેલ છે, તેનું કારણ એ છે કે ભાવમાર્ગમાં કારણીભૂત દ્રવ્યમાર્ગ જેમ અપુનર્બંધકમાં છે, તેમ અપુનર્બંધકપણાના કારણીભૂત એવો દ્રવ્યમાર્ગ સકૃદ્બંધકાદિમાં છે. તેથી કારણના કારણને ગ્રહણ કરીને સકૃદ્બંધકાદિને પણ ત્યાં યોગના અધિકારી તરીકે કહેલ છે. આમ છતાં પ્રસ્તુત ગ્રંથમાં સકૃદ્બંધકાદિને યોગના અધિકારી ગ્રહણ કર્યા નથી અને તેનો વિશેષ ખુલાસો સ્વયં ગ્રંથકાર આગળની ગાથામાં કરે છે.

અપુનર્બંધકાદિ જીવો કેવા છે, તે ગાથાના ઉત્તરાર્ધમાં બતાવતાં કહે છે –

જે જીવોમાં તે તે પ્રકારે કર્મોની સાથે સંબંધની યોગ્યતારૂપ કર્મનો અધિકાર ચાલ્યો ગયો છે એવા નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા અપુનર્બંધકાદિ છે, અને તે અપુનર્બંધકાદિ તરતમતાની ભૂમિકાથી અનેક ભેદવાળા છે.

આશય એ છે કે જીવમાં કર્મનો સંબંધ કરવાની યોગ્યતા અને ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બાંધવાની યોગ્યતા અનાદિ કાળથી છે અને તે યોગ્યતાને કારણે જીવ તે તે પ્રકારે કર્મ બાંધે છે. વળી, જે જીવમાં કાંઈક વિશુદ્ધિ થાય છે, તે જીવમાં ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બાંધવાની યોગ્યતા દૂર થાય છે અને તેટલા અંશમાં જીવ ઉપરથી કર્મનો અધિકાર ઓછો થયો છે; અને જે જીવનો જેટલો કર્મનો અધિકાર ઓછો થાય તેટલા અંશમાં તેના ઉપર તે જીવનો પોતાનો અધિકાર આવે છે. આમ, આદ્ય ભૂમિકાવાળા અપુનર્બંધક ઉપરથી કર્મનો કંઈક અધિકાર દૂર થયેલો છે. વળી તરતમતાથી અપુનર્બંધકની પણ કર્મના અધિકારની નિવૃત્તિને આશ્રયીને અનેક ભૂમિકા પ્રાપ્ત થાય છે. અપુનર્બંધક કરતાં સમ્યગ્દૃષ્ટિ ઉપર કર્મનો અધિકાર વિશેષ પ્રકારે ગયેલો છે, તેના કરતાં ચારિત્રીઉપરથી કર્મનો અધિકાર વિશેષ પ્રકારનો ગયેલો છે અને સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રીની પણ તરતમતાથી અનેક ભૂમિકાઓ કર્મના અધિકારના અપગમને કારણે પ્રાપ્ત થાય છે.

અહીં અધિકારનો અર્થ કર્યો કે 'વિશિષ્ટ-વિચિત્રફળસાધકત્વ-લક્ષણ અધિકાર છે. વિશિષ્ટ=ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને દીર્ઘ સંસાર ચલાવે તેવો, અને વિચિત્રફળસાધક=જુદા જુદા પ્રકારનાં કાર્યો કરે તેવા ફળનો સાધક એવો કર્મનો અધિકાર, તે વિશિષ્ટ-વિચિત્રફળસાધકત્વ-લક્ષણ અધિકાર છે. તેથી એ કહેવું છે કે જીવ

ઉપર જે કર્મનો અધિકાર છે તે અધિકાર અનેક પ્રકારના ફળને પેદા કરાવે તેવા કર્મનો સંચય કરાવે છે, તેથી અનેક પ્રકારના ફળનો સાધક એવો તે અધિકાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે સરખી ભૂમિકાવાળા જીવો પણ કર્મની અસર તળે જુદા જુદા અધ્યવસાયો કરીને જુદાં જુદાં કર્મો બાંધે છે, તેનું કારણ તે કર્મના અધિકારનો એવો સ્વભાવ છે કે જીવને જુદા જુદા પ્રકારના અધ્યવસાયો કરાવે અને તેથી જુદાં જુદાં કર્મો બંધાય અને તેનું જુદા જુદા પ્રકારનું ફળ પ્રાપ્ત થાય. આવો વિચિત્ર ફળસાધક અધ્યવસાય પણ વિશિષ્ટ પ્રકારનો હોય છે અર્થાત્ અપુનર્બંધકદશા પૂર્વે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તેવો વિશિષ્ટ હોય છે, અને અપુનર્બંધક દશા પ્રાપ્ત થતાં કંઈક અંશે તે અધિકાર ગયો ત્યારે વિચિત્ર ફળસાધક એવો પણ કર્મનો અધિકાર વિશિષ્ટ નથી. તે બતાવવા માટે કહ્યું કે તે તે પ્રકારે વિશિષ્ટ-વિચિત્રફળસાધક તેવો અધિકાર ગયો. આમ, ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તેવો વિશિષ્ટ અધિકાર અપુનર્બંધકમાંથી ગયો, તોપણ અન્ય પ્રકારનો અધિકાર તેના ઉપરથી ગયો નથી, જે અન્ય પ્રકારનો અધિકાર સમ્યગ્દૃષ્ટિમાંથી ગયો છે. તેથી અપુનર્બંધક કરતાં સમ્યગ્દૃષ્ટિ ઉપર કર્મનો અધિકાર અલ્પ છે. વળી, ચારિત્રીમાં સમ્યગ્દૃષ્ટિ કરતાં અધિક કર્મનો અધિકાર ગયેલો જાણવો. **॥૧૦॥**

**અવતરણિકા :-**

अयमेवाधिकारी, नान्य इत्याह -

**અવતરણિકાર્થ :-**

**આ જ=અપુનર્બંધકાદિ જ યોગના અધિકારી છે, અન્ય નહીં=સકૃદ્બંધકાદિ નહીં. એને કહે છે -**

❖ અહીં 'इति' શબ્દ 'एतद्' અર્થમાં છે.

**ગાથા :-**

**अणियत्ते पुण तीए एगंतेणेव हंदि अहिगारे ।**
**तप्परतंतो भवरागओ दढं अणहिगारि त्ति ।।१०।।**

**અન્વયાર્થ :-**

**एगंतेणेव=એકાંતથી જ पुण=વળી तीए=તેનો=પ્રકૃતિનો, अहिगारे=અધિકાર अणियत्ते=નિવૃત્ત નહીં થયે છતે दढं भवरागओ=દઢ ભવરાગથી तप्परतंतो=તેને=પ્રકૃતિને, પરતંત્ર એવો જીવ अणहिगारी= અનધિકારી છે.**

**'त्ति' શબ્દ અનધિકારીના સ્વરૂપના કથનની સમાપ્તિ માટે છે.**

**'हंदि' ઉપપ્રદર્શન માટે છે. ॥૧૦॥**

**ગાથાર્થ :-**

**એકાંતથી જ વળી પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત નહીં થયે છતે, દઢ ભવરાગથી પ્રકૃતિને પરતંત્ર એવો જીવ અનધિકારી છે. ॥૧૦॥**

**ટીકા :-**

'अनिवृत्ते' पुनः 'तस्याः'=प्रकृतेः, 'एकान्तेनैव'=सर्वथैव, 'हन्दि' इत्युपप्रदर्शने 'अधिकारे'-उक्तलक्षणे 'तत्परतन्त्रः'=प्रकृतिपरतन्त्रः 'भवरागओ' त्ति संसाररागाद् 'दृढम्'=अत्यर्थं, सर्वतद्भेदप्राप्तेः अनधिकारीति ।

**ટીકાર્થ :-**

'अनिवृत्ते' ..... अनधिकारीति । पुनः 'तस्याः' प्रकृतेः=**વળી તે પ્રકૃતિનો** उक्तलक्षणे अधिकारे **ઉક્ત લક્ષણ અધિકાર=ગાથા-૯માં કહેવાઈ ગયેલ લક્ષણવાળો અધિકાર, એકાંતથી જ=સર્વથા જ** अनिवृत्ते=**નિવૃત્ત નહીં થયે છતે,** तत्परतंत्रः=**તેને પરતંત્ર થયેલો=પ્રકૃતિને પરતંત્ર થયેલો જીવ, દૃઢ ભવરાગથી=અત્યંત સંસારનો રાગ હોવાથી, અનધિકારી છે; કેમ કે સર્વ તેના ભેદોની પ્રાપ્તિ છે=પ્રકૃતિના સર્વ ભેદોની પ્રાપ્તિ છે.**

**ભાવાર્થ :-**

જે જીવ ઉપર સર્વથા પ્રકૃતિનો=કર્મનો અધિકાર ગયો નથી, તે જીવની સર્વ પ્રવૃત્તિ પ્રકૃતિને=કર્મને, પરતંત્ર હોય છે અને તેવા જીવોમાં ભવનો રાગ અત્યંત હોય છે અર્થાત્ ઉપદેશાદિ સામગ્રી પામીને પણ ભવનો રાગ ઓછો થાય તેમ નથી, અને આવા જીવોને ભોગના ત્યાગરૂપ સંયમ અને ભોગના સર્વથા અભાવરૂપ મોક્ષ પ્રત્યે રુચિ થઈ શકે તેમ નથી. કદાચ તેઓ સંયમ ગ્રહણ કરે તોપણ ભવનો દૃઢ રાગ હોવાથી=ભવનો રાગ અનિવર્તનીય હોવાથી, મોક્ષની ઈચ્છા થાય તેમ નથી; તેથી તેઓ આ લોકની આશંસાથી, પરલોકની આશંસાથી કે સંમૂર્ચ્છિમપણે સંયમ આદિમાં પ્રવૃત્તિ કરે છે, તેવા જીવો યોગમાર્ગના અનધિકારી છે; કેમ કે તેવા જીવોમાં ભવના કારણીભૂત સર્વ પ્રકૃતિના ભેદોની પ્રાપ્તિ છે અર્થાત્ ભવના ઉચ્છેદના એક પણ કારણની પ્રાપ્તિ તેવા જીવોમાં નથી અર્થાત્ યોગમાર્ગના અધિકારી જીવોને ભોગાદિનો રાગ હોય તોપણ ભોગાદિના ઉચ્છેદના કારણની પ્રાપ્તિ પણ હોય છે. જેમ શ્રીપાળ-મયણાને નાટકાદિ જોવાની પ્રવૃત્તિ હતી, તે ભોગરાગજન્ય પ્રવૃત્તિ હતી, તોપણ ભવના ઉચ્છેદનું કારણ બને તેવી ગુણવાન પ્રત્યેની ભક્તિ પણ હતી. પરંતુ જે જીવો ઉપરથી લેશ પણ કર્મનો અધિકાર ગયો નથી, તેવા જીવોની સર્વ પ્રવૃત્તિ કર્મને પરતંત્ર હોય છે. તેથી યોગનો ઉપદેશ પણ તેઓ માટે ફળવાન નથી, માટે તેઓ યોગમાર્ગના અનધિકારી છે.

**ઉત્થાન :-**

આ વાતને દૃઢ કરતાં કહે છે –

**ટીકા :-**

उक्तं चान्यैरपि योगशास्त्रकारैर्भगवद्गोपेन्द्रैः –

**ટીકાર્થ :-**

उक्तं ..... गोपेन्द्रैः **અન્ય પણ યોગશાસ્ત્રકાર ભગવાન ગોપેન્દ્ર વડે કહેવાયું છે –**

**ભગવાન ગોપેન્દ્ર વડે જે કહેવાયું છે તે 'યોગબિંદુ ગ્રંથ'માં સંગૃહીત કરાયેલું આ પ્રમાણે છે -**

**શ્લોક :-**

"अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि ।
न पुंसस्तत्त्वमार्गेऽस्मिन् जिज्ञासाऽपि प्रवर्तते" ।। योगबिन्दु श्लो. १०१ ।।

**શ્લોકાર્થ :-**

**"સર્વથા જ અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે આ તત્ત્વમાર્ગમાં પુરુષને જિજ્ઞાસા પણ પ્રવર્તતી નથી." ।।યો.બિં. શ્લો. ૧૦૧।।**

**ભાવાર્થ :-**

સર્વ પ્રકારે પ્રકૃતિનો=કર્મનો, અધિકાર જેમના ઉપરથી ગયો નથી, તેવા જીવોને આત્મકલ્યાણના કારણભૂત એવા તત્ત્વમાર્ગમાં પ્રવૃત્તિ તો થતી નથી, પરંતુ જિજ્ઞાસા પણ થતી નથી.

આનાથી એ ફલિત થાય કે જીવ ઉપરથી કંઈક કર્મોનો અધિકાર ઓછો થાય ત્યારે જીવને તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા થાય છે અને ત્યાર પછી યોગની પ્રવૃત્તિ થઈ શકે છે; અને જેને જિજ્ઞાસા થઈ શકે તેમ નથી, તેવો જીવ યોગમાર્ગનો અધિકારી નથી. ॥ યો.બિં.શ્લો. ૧૦૧॥

**શ્લોક :-**

"क्षेत्ररोगाभिभूतस्य यथाऽत्यन्तं विपर्ययः ।
तद्वदेवास्य विज्ञेयस्तदावर्तनियोगतः" ।। योगबिन्दु श्लो. १०२ ।।

**શ્લોકાર્થ-૧૦૨ :-**

**"ક્ષેત્રરોગથી અભિભૂત થયેલા રોગીને જેમ અત્યંત વિપર્યય છે, તેની જેમ જ તે આવર્તના નિયોગથી=અનિવૃત્તપ્રકૃતિઅધિકારકાળભાવિ પુદ્‌ગલપરાવર્તના વ્યાપારથી, આને=અનિવૃત્તપ્રકૃતિઅધિકારવાળાને, (યોગમાર્ગની અપ્રતિપત્તિરૂપ) વિપર્યય જાણવો." ॥ યો.બિં. શ્લો. ૧૦૨॥**

**ભાવાર્થ :-**

જે રીતે ક્ષેત્રરોગથી અભિભૂત થયેલો જીવ અત્યંત વિપર્યયવાળો હોય છે - ક્ષેત્રરોગ=સર્વ રોગોનું આધારસ્થાન એવો રોગવિશેષ - આ ક્ષેત્રરોગમાં જીવને હંમેશ "કુપથ્ય પોતાને સુખ કરનારું છે" એવી વિપરીત બુદ્ધિ થાય છે. તેથી આવો જીવ આરોગ્ય અર્થે કુપથ્યનું સેવન કરીને રોગની વૃદ્ધિ કરે છે તેની જેમ ચરમાવર્તની બહારના આવર્તના વ્યાપારથી જીવને સંસારનાં કારણો અત્યંત પ્રિય હોય છે. તેથી સંસારના

ઉચ્છેદરૂપ યોગમાર્ગ માટે તે જીવો સર્વથા અયોગ્ય છે. ॥ યો.બિં. શ્લો. ૧૦૨॥

**શ્લોક :-**

**"जिज्ञासायामपि ह्यत्र कश्चिन्मार्गो (सर्गो) निवर्तते ।**

**नाक्षीणपाप एकान्तादाप्नोति कुशलां धियम्" ।। योगबिन्दु श्लो. १०३।।**

**નોંધ :-** આ શ્લોકમાં યોગબિંદુમાં 'कश्चिन्मार्गो' ના સ્થાને 'कश्चिन्सर्गो' શબ્દ છે, તેથી અમે તે પ્રમાણે અર્થ કરેલ છે.

**શ્લોકાર્થ :-**

**"જે કારણથી અહીં=યોગમાર્ગમાં, જિજ્ઞાસા હોતે છતે પણ કાંઈક સર્ગ=પુરુષના અભિભવ સ્વરૂપ પ્રકૃતિનો અધિકાર, નિવર્તન પામે છે,**

**તેમાં યુક્તિ બતાવે છે –**

**અક્ષીણ પાપવાળો એકાંતથી કુશળબુદ્ધિને પ્રાપ્ત કરતો નથી." ॥ યો.બિં. શ્લો. ૧૦૩॥**

❖ 'जिज्ञासायामपि' અહીં 'अपि' થી અભ્યાસનો=યોગમાર્ગની પ્રવૃત્તિનો, સમુચ્ચય કરવો.

**ભાવાર્થ :-**

યોગમાર્ગમાં જિજ્ઞાસા પ્રગટ થાય છે ત્યારે જીવની ઉપર કોઈક પ્રકારનો કર્મનો અધિકાર નિવર્તન પામેલો હોય છે; કેમ કે જ્યાં સુધી એકાંતથી પાપ ક્ષીણ ન થાય ત્યાં સુધી જીવને તત્ત્વજિજ્ઞાસારૂપ કુશળબુદ્ધિ પ્રગટ થતી નથી, અર્થાત્ ચરમાવર્તની બહારના જીવોને મોક્ષનું સ્વરૂપ સાંભળીને ખરેખર મોક્ષનું સુખ રમ્ય છે, માટે મોક્ષના ઉપાયો જાણવા જોઈએ એવો લેશ પણ પરિણામ થતો નથી; કેમ કે ભોગનો રાગ તેઓમાં અતિશય હોય છે, તેથી ભોગના અભાવ સ્વરૂપ મોક્ષ પ્રત્યે તેઓનું વલણ થતું નથી. આથી તેઓ સંયમ ગ્રહણ કરે તોપણ આલોક-પરલોકાદિની આશંસાથી ગ્રહણ કરે, પરંતુ ભવના ઉચ્છેદ અર્થે ગ્રહણ કરે નહીં. ॥ યો.બિં. શ્લો. ૧૦૩॥

**શ્લોક :-**

**"ततस्तदात्वे कल्याणमायत्यां तु विशेषतः ।**

**मन्त्राद्यपि सदाचारात् (सदा चारु) सर्वावस्थाहितं मतम्" ।। योगबिन्दु श्लो. १०४।।**

**નોંધ :-** આ શ્લોકમાં 'सदाचारात्' શબ્દના સ્થાને યોગબિંદુ ગ્રંથમાં 'सदाचारु' શબ્દ છે. તદનુસારે અમે નીચે ટીકાર્થ-ભાવાર્થ કરેલ છે.

**શ્લોકાર્થ :-**

**"ततः=તેનાથી=કુશળબુદ્ધિની પ્રાપ્તિથી, तदात्वे=કુશળબુદ્ધિની પ્રાપ્તિકાળમાં કલ્યાણ છે. વળી आयत्यां=આગામી કાળમાં વિશેષથી કલ્યાણ છે.**

**આ જ વાતને ઉપમા દ્વારા બતાવે છે –**

**મંત્રાદિ પણ સર્વ અવસ્થામાં હિત કરનાર સદા સુંદર કહેવાયા છે." ॥ યો.બિં. શ્લો. ૧૦૪॥**

❖ 'मन्त्राद्यपि' અહીં 'आदि' શબ્દથી મણિ, ઔષધિ આદિનું ગ્રહણ કરવું, અને 'अपि' થી એ કહેવું છે કે પ્રકૃત યોગ તો સર્વ અવસ્થામાં હિતકર છે જ, પરંતુ મંત્રાદિ પણ સર્વ અવસ્થામાં કલ્યાણને કરનાર સુંદર કહેવાયા છે.

**ભાવાર્થ :-**

જીવને તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા થાય છે તે કાળમાં પુણ્યપ્રકૃતિઓ જાગૃત થવા માંડે છે, તેથી તે વખતે તેનું કલ્યાણ શરૂ થવા માંડે છે; કેમ કે આવા જીવોને તેમની જિજ્ઞાસાના કારણે યોગમાર્ગને બતાવનારા યોગીઓ સાથે સંબંધ થાય છે. વળી આવા જીવો જિજ્ઞાસા ગુણને કારણે વિશિષ્ટ કોટિનું પુણ્ય બાંધે છે, જેના ફળરૂપે જન્માંતરમાં કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. આ બતાવવા માટે કહ્યું કે 'ભવિષ્યમાં વિશેષથી કલ્યાણ છે' અને તેમાં દૃષ્ટાંત આપે છે કે મંત્ર, મણિ, ઔષધિ આદિ હંમેશાં સુંદર હોય છે; કારણ કે મંત્રાદિનો ઉપયોગ ન કરાતો હોય ત્યારે પણ તે હિતને કરનારા હોય છે અને જ્યારે મંત્રાદિનો ઉપયોગ કરાતો હોય ત્યારે પણ હિતને કરનારા છે.

આશય એ છે કે જે જીવને મંત્ર, મણિ કે વિશેષ પ્રકારની ઔષધિઓ મળેલી હોય તે જીવ મંત્રાદિનો ઉપયોગ ન કરતો હોય ત્યારે પણ પોતાની પાસે મંત્ર, મણિ કે ઔષધિ છે, તેથી નિશ્ચિંત જીવન જીવે છે; અને આપત્તિકાળ આવે ત્યારે અથવા તો મંત્રથી સાધ્ય વસ્તુનો અભિલાષ થાય ત્યારે તે મંત્ર દ્વારા પોતાના હિતને પ્રાપ્ત કરે છે. તેમ જીવને જિજ્ઞાસા પ્રગટ થાય છે, તે અવસ્થા મંત્રના અવ્યાપારસ્થાનીય છે; કેમ કે જિજ્ઞાસાથી બંધાયેલું પુણ્ય હજુ વ્યાપારવાળું થયું નથી, તોપણ કુશળબુદ્ધિની પ્રાપ્તિકાળમાં તેનું કલ્યાણ થાય છે; અને જ્યારે તે કુશળબુદ્ધિથી પ્રાપ્ત થયેલું પુણ્ય વિપાકમાં આવશે ત્યારે તો યોગને અનુકૂળ ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થશે અને વિશેષ પ્રકારના યોગમાર્ગની પ્રાપ્તિ દ્વારા ઘણા કલ્યાણની પરંપરા પ્રાપ્ત થશે, જે મંત્રના વ્યાપારસ્થાનીય છે. ॥ યો.બિં. શ્લો. ૧૦૪॥

**શ્લોક :-**

**"द्वयोरावर्तभेदेन तथासांसिद्धिकत्वतः ।**
**युज्यते सर्वमेवैतन्नान्यथेति मनीषिणः" ॥**

**નોંધ :-** આ શ્લોકમાં યોગશતકના ઉદ્ધરણરૂપે અપાયેલા શબ્દોમાં અને યોગબિંદુ ગ્રંથના શબ્દોમાં થોડો તફાવત છે. તેથી બંને રીતે અર્થ નીચે પ્રમાણે થાય છે –

**યોગશતકમાં અપાયેલ ઉદ્ધરણ પ્રમાણે –**

**અન્વયાર્થ :-**

**द्वयोः=બંનેનું=પુરુષ અને પ્રકૃતિનું तथासांसिद्धिकत्वतः=તે પ્રકારનું સાંસિદ્ધિકપણું હોવાથી=તે પ્રકારનું સ્વભાવપણું હોવાથી=પ્રકૃતિનું વ્યાવૃત્તઅધિકારસ્વભાવપણું હોવાથી અને પ્રકૃતિના અધિકારની વ્યાવૃત્તિ**

**થયે છતે પુરુષનું કુશળબુદ્ધિપ્રાપકસ્વભાવપણું હોવાથી, आवर्तभेदेन=આવર્તના ભેદને કારણે=ચરમાવર્તરૂપ આવર્તના ભેદને કારણે एतद्=આ=કુશળબુદ્ધિપ્રાપ્તિ આદિ सर्वमेव युज्यते=સર્વ જ ઘટે છે, नान्यथा=અન્યથા નહીં=પુરુષ અને પ્રકૃતિ બંનેને તેવો સ્વભાવ ન હોય તો ઘટે નહીં. इति मनीषिणः=એ પ્રમાણે બુદ્ધિશાળીઓ કહે છે.**

**શ્લોકાર્થ :-**

**"પુરુષ અને પ્રકૃતિનું તે પ્રકારનું સ્વભાવપણું હોવાથી ચરમાવર્તરૂપ આવર્તના ભેદને કારણે આ કુશળબુદ્ધિપ્રાપ્તિ આદિ સર્વ જ ઘટે છે, અન્યથા નહીં. એ પ્રમાણે બુદ્ધિશાળીઓ કહે છે."**

**યોગબિંદુમાં આ શ્લોક નીચે પ્રમાણે છે :-**

**શ્લોક :-**

**"उभयोस्तत्स्वभावत्वात्तदावर्तनियोगतः ।**
**युज्यते सर्वमेवैतन्नान्यथेति मनीषिणः" ।। यो.बि. श्लो. १०५।।**

**અન્વયાર્થ :-**

**उभयोः=બંનેનું=પુરુષ અને પ્રકૃતિનું तत्स्वभावत्वात्=તત્સ્વભાવપણું હોવાથી=પ્રકૃતિનું વ્યાવૃત્તઅધિકાર-સ્વભાવપણું હોવાથી અને પ્રકૃતિનું વ્યાવૃત્તઅધિકારપણું હોતે છતે પુરુષને કુશળબુદ્ધિપ્રાપકસ્વભાવપણું હોવાથી, तदावर्तनियोगतः=તે આવર્તના નિયોગથી=ચરમાવર્તના સામર્થ્યથી, આ=કુશળબુદ્ધિપ્રાપ્તિ આદિ सर्वमेव युज्यते=સર્વ જ ઘટે છે, नान्यथा=અન્યથા નહીં=પુરુષ અને પ્રકૃતિ બંનેનો તે સ્વભાવ ન હોય તો ઘટે નહીં. इति मनीषिणः=એ પ્રમાણે બુદ્ધિશાળીઓ કહે છે. ॥ યો.બિં. શ્લો. ૧૦૫॥**

**શ્લોકાર્થ :-**

**"પુરુષ અને પ્રકૃતિનો તત્સ્વભાવ હોવાના કારણે ચરમાવર્તના સામર્થ્યથી આ કુશળબુદ્ધિપ્રાપ્તિ આદિ સર્વ જ ઘટે છે, અન્યથા નહીં. એ પ્રમાણે બુદ્ધિશાળીઓ કહે છે." ॥ યો.બિં. શ્લો. ૧૦૫॥**

**ભાવાર્થ :-**

પ્રકૃતિનો=કર્મનો, તેવો સ્વભાવ છે કે પુરુષ ઉપરથી તેનો અધિકાર વ્યાવૃત્ત થઈ શકે=તેનું વર્ચસ્વ ઘટી શકે; અને પુરુષ ઉપરથી તેનો અધિકાર વ્યાવૃત્ત થાય છે=ઘટે છે, ત્યારે પુરુષનો પણ તેવો સ્વભાવ છે કે તેને કુશળબુદ્ધિ પ્રાપ્ત થાય. પુરુષ અને પ્રકૃતિનો આવો સ્વભાવ હોવાને કારણે ચરમાવર્તમાં પ્રકૃતિનો અધિકાર જીવ ઉપરથી કંઈક ઓછો થયો, તેથી ચરમાવર્તમાં જીવો કુશળબુદ્ધિને પ્રાપ્ત કરે છે. તેથી એ ફલિત થાય કે જગતમાં જે દેખાય છે કે કેટલાક જીવોને યોગમાર્ગની જિજ્ઞાસા આદિ કુશળબુદ્ધિ વર્તે છે, તે સર્વ ત્યારે સંગત થાય કે જ્યારે પુરુષ અને પ્રકૃતિનો તેવો સ્વભાવ સ્વીકારીએ, અન્યથા તેમ થાય નહીં, એ પ્રમાણે વિચારકો કહે છે. ॥ યો.બિં. શ્લો. ૧૦૫॥

**ઉત્થાન :-**

ગાથા-૯માં કહ્યું કે તે તે પ્રકારે કર્મવર્ગણારૂપ પ્રકૃતિનો અધિકાર જીવ ઉપરથી નિવર્તન પામે ત્યારે જીવ અપુનર્બંધક આદિ થાય છે; અને યોગશાસ્ત્રકાર ભગવાન ગોપેન્દ્ર દ્વારા આપેલા ઉદ્ધરણમાં તો પ્રકૃતિનો અધિકાર જાય ત્યારે જીવને જિજ્ઞાસા થાય છે, તેમ કહ્યું. તેથી કોઈને પ્રશ્ન થાય કે કર્મવર્ગણાનો અધિકાર જવાથી જીવ અપુનર્બંધક આદિ થાય છે ? કે ગોપેન્દ્રે કહ્યું તેમ પ્રકૃતિનો અધિકાર જવાથી જીવને જિજ્ઞાસા થાય છે ? અર્થાત્ અપુનર્બંધક થવાના કારણે જિજ્ઞાસા થાય છે ? તેને સ્પષ્ટ કરવા માટે કહે છે -

**ટીકા :-**

**न च प्रकृति-कर्मप्रकृत्योः कश्चिद् भेदोऽन्यत्राभिधानभेदात् । इति गाथार्थः ।।१०।।**

**ટીકાર્થ :-**

न च प्रकृति ..... इति गाथार्थः ।।१०।। **પ્રકૃતિ અને કર્મપ્રકૃતિમાં કોઈ ભેદ નથી. અન્યત્ર= સાંખ્યદર્શનમાં, અભિધાનભેદ છે=કર્મપ્રકૃતિના સ્થાને પ્રકૃતિ એમ નામભેદ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૦।।**

**અવતરણિકા :-**

एतद्भावनायैवाह -

**અવતરણિકાર્થ :-**

**આના=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણાના ભાવન માટે જ કહે છે=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું કઈ રીતે પ્રાપ્ત થાય ? તે બતાવવા માટે જ કહે છે –**

**ગાથા :-**

तप्पोग्गलाण तग्गहणसहावावगमओ य एयं ति ।
इय दट्ठव्वं इहरा तहबंधाई न जुज्जंति ।।११।।

**અન્વયાર્થ :-**

**तप्पोगलाण=તેના=કર્મપ્રકૃતિપરમાણુના, तग्गहणसहावावगमओ य=તદ્ગ્રહણસ્વભાવના અપગમથી= જીવથી ગ્રહણ થવાના સ્વભાવના અપગમથી, य=અને=જીવના કર્મગ્રાહકસ્વભાવના અપગમથી, एयं=આ=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું, અને નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણાપૂર્વક યોગનું અધિકારીપણું, इय=આ પ્રકારે=અપુનર્બંધકાદિ પ્રકારે दट्ठव्वं=જાણવું. इहरा=આવું ન માનો તો=કર્મપરમાણુના તદ્ગ્રહણસ્વભાવના અપગમથી અને જીવના કર્મગ્રાહકસ્વભાવના અપગમથી નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું અને યોગનું અધિકારીપણું થાય છે એવું ન માનો તો, तहबंधाई=તે પ્રકારે=ચિત્ર અને અનંત ગ્રહણ પ્રકારે, બંધાદિ न जुज्जंति=ઘટતા નથી. 'त्ति'=પાદપૂર્તિ માટે છે. ।।૧૧।।**

ગાથાર્થ :-

**કર્મપ્રકૃતિપરમાણુના જીવથી ગ્રહણ થવાના સ્વભાવના અપગમથી અને જીવના કર્મગ્રાહકસ્વભાવના અપગમથી આ પ્રમાણે જાણવું; ઈતરથા, ચિત્ર અને અનંત ગ્રહણ પ્રકારે બંધાદિ ઘટતા નથી. ॥૧૧॥**

ટીકા :-

'तत्पुद्गलानां'=कर्मप्रकृतिपरमाणूनां ,'तद्ग्रहणस्वभावापगमतः'=जीवग्रहणस्वभावापगमात्, 'च' शब्दाद् जीवस्य च तद्ग्राहकस्वभावापगमात् कारणाद् एतन्नूनं निवृत्तप्रकृत्यधिकारित्वम्, एतत्पुरस्सरं च प्रस्तुताधिकारित्वम् 'इय' एवं द्रष्टव्यम् । विपक्षे बाधामाह 'इतरथा'=यद्येवं नाभ्युपगम्यते, ततः किम् ? इत्याह- तथाबन्धादयो न युज्यन्ते, 'तथा' इति चित्रानन्तग्रहणप्रकारेण बन्धः, आदिशब्दाद् भूयोग्रहणा-ऽग्रहणरूपो मोक्षः तथा एतन्निबन्धनाश्च विकारा दोष-गुणलक्षणा इत्येते न युज्यन्ते, अतत्स्वभावस्य तथा भवनाऽयोगात्, अतिप्रसङ्गादिति ।

ટીકાર્થ :-

'तत्पुद्गलानां'= ..... अतिप्रसङ्गादिति । तत्पुद्गलानां=કર્મપ્રકૃતિપરમાણુના, तद्ग्रहणस्वभावापगमतः= જીવથી ગ્રહણ થવાના સ્વભાવના અપગમથી અને 'च' શબ્દથી જીવના તદ્ગ્રાહકસ્વભાવના= કર્મગ્રાહકસ્વભાવના, અપગમરૂપ કારણથી, ખરેખર આ=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું, અને આનાપૂર્વક= નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણાપૂર્વક પ્રસ્તુતનું=યોગમાર્ગનું, અધિકારીપણું, આ પ્રકારે=ગાથા-૯માં બતાવેલ અપુનર્બંધકાદિ પ્રકારે, જાણવું. વિપક્ષમાં=પૂર્વમાં જે કથન કર્યું તેનાથી વિપરીત સ્વીકારવામાં, બાધાને કહે છે=દોષને કહે છે –

इतरथा=જો આ રીતે સ્વીકારવામાં ન આવે તો तथाबन्धादि=તે પ્રકારના બંધાદિ ઘટે નહીં અર્થાત્ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે કર્મપ્રકૃતિના જીવથી ગ્રહણ થવાના સ્વભાવના અપગમથી અને જીવના કર્મગ્રાહકસ્વભાવના અપગમથી નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું અને તત્પૂર્વક યોગઅધિકારીપણું છે, એમ સ્વીકારવામાં ન આવે તો, તે પ્રકારના બંધાદિ ઘટે નહીં.

'तथाबंधादि'=તે પ્રકારના બંધાદિમાં 'तथा' નો અર્થ કરે છે –

तथा=ચિત્ર અનંત ગ્રહણ પ્રકારથી બંધ, અને तथाबंधादि માં 'आदि' શબ્દથી મોક્ષ=ભૂયોગ્રહણના અગ્રહણરૂપ મોક્ષ અર્થાત્ અનંત ગ્રહણ પ્રકારથી બંધના અગ્રહણરૂપ મોક્ષ, અને તે પ્રકારના આના નિબંધન=આના કારણે થતા, દોષ અને ગુણરૂપ વિકારો=ચરમાવર્ત બહાર ચિત્ર અનંત ગ્રહણ પ્રકારથી બંધનિબંધન દોષ, અને ચરમાવર્તમાં ભૂયોગ્રહણના અગ્રહણરૂપ મોક્ષનિબંધન ગુણરૂપ વિકારો, इत्येते=પૂર્વમાં બતાવેલ તથાબંધાદિ ત્રણ ન युज्यन्ते=ઘટતા નથી; કેમ કે અતત્સ્વભાવનો તથાભવનનો=તે પ્રકારે થવાનો, અયોગ છે. જો અતત્સ્વભાવ હોવા છતાં તથાભવન સ્વીકારીએ તો=તે પ્રકારે થવાનું સ્વીકારીએ તો, અતિપ્રસંગ છે= સિદ્ધના જીવોને પણ કર્મબંધ માનવાનો

**અતિપ્રસંગ છે. માટે તથાબંધાદિ ઘટતા નથી, એ પ્રકારનો સંબંધ છે. 'इति' શબ્દ મૂળ ગાથાના શબ્દાર્થની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

આત્મા ઉપર નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું કઈ રીતે સંગત થાય છે ? અને તેના કારણે યોગનું અધિકારીપણું પણ જીવને કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તે યુક્તિથી બતાવતાં કહે છે –

આત્મા ઉપર લાગતા કર્મમાં અનાદિકાળથી જીવથી ગ્રહણ થવાનો સ્વભાવ છે અને જીવમાં કર્મગ્રાહકસ્વભાવ છે. તે બંનેના તે સ્વભાવમાં કંઈક ન્યૂનતા આવવાથી આત્મા ઉપરથી પ્રકૃતિનો અધિકાર જાય છે અને આ પ્રકૃતિનો અધિકાર જવાને કારણે જીવને યોગમાર્ગનું અધિકારીપણું પ્રાપ્ત થાય છે.

જીવ અનાદિકાળથી કર્મને ગ્રહણ કરી રહ્યો છે અને અનાદિકાળમાં સર્વ પુદ્ગલો જીવે અનંતી વખત ગ્રહણ કર્યા છે અને તેના કારણે અત્યાર સુધીમાં જીવનાં અનંત પુદ્ગલપરાવર્ત પસાર થયાં.

તેથી એ પ્રાપ્ત થાય છે કે ચરમપુદ્ગલપરાવર્તની પૂર્વે સર્વ પુદ્ગલોમાં તે જીવથી અનંતી વખત કર્મરૂપે ગ્રહણ થવાનો સ્વભાવ હતો અને જીવમાં તેનો ગ્રાહક સ્વભાવ હતો; અને જીવ ચરમાવર્તમાં આવે છે ત્યારે, તે કર્મપુદ્ગલોમાં તે જીવથી અનંતી વખત ગ્રહણ થવાના સ્વભાવનો અપગમ થાય છે, અને જીવ ઉપરથી પણ અનંતી વખત ગ્રહણ થતા એવા તે પુદ્ગલોના ગ્રાહક સ્વભાવનો અપગમ થાય છે. તેથી જીવમાં પ્રકૃતિનો અધિકાર જાય છે અને આ અધિકાર જવાથી જીવ યોગમાર્ગનો અધિકારી બને છે. આવું ન સ્વીકારીએ તો ભૂતકાળમાં જીવ ચિત્રઅનંતગ્રહણરૂપે જે બંધ કરતો હતો, અર્થાત્ દૂર-દૂરના આવર્તમાં મોટા અનંત વખત અને નજીક નજીકના આવર્તમાં નાના નાના અનંત વખત સર્વ કર્મ ગ્રહણ કરતો હતો તે રૂપ જુદા જુદા અનંતગ્રહણરૂપે જે બંધ કરતો હતો તે ઘટે નહીં.

આશય એ છે કે ચરમાવર્તની પ્રાપ્તિ પૂર્વે જીવે અનંત પુદ્ગલપરાવર્તકાળ પસાર કર્યો, તેથી તે સર્વ કર્મપુદ્ગલો અનંતી વખત તેણે ગ્રહણ કર્યાં, અને તેમાં પણ જેમ જેમ ચરમાવર્તથી પૂર્વે દૂર જોશો, તેમ તેમ તે અનંતું મોટું હશે અને જેમ જેમ જીવ ચરમાવર્તની નજીક આવતો જાય છે, તેમ તેમ તે અનંતું નાનું થતું જાય છે. આ રીતે ચિત્ર અનંત વખત ગ્રહણરૂપે જે કર્મબંધ અત્યાર સુધી થયો, તે ત્યારે સંગત થાય કે ત્યારે જીવમાં તેવો ગ્રાહકસ્વભાવ હતો અને કર્મનો પણ તેવો ગ્રહણ થવાનો સ્વભાવ હતો, તેમ સ્વીકારીએ; અને જ્યારે જીવ ચરમાવર્તમાં આવે છે ત્યારે, ચિત્ર અનંતી વખત ગ્રહણ થવાનો જેનો સ્વભાવ હતો, તે સર્વ કર્મપરમાણુઓમાં હવે વારંવાર અનંતી વખત તે જીવથી ગ્રહણ થવાના સ્વભાવનો અપગમ થાય છે, તે રીતે જીવમાં પણ તથાગ્રાહકસ્વભાવનો અપગમ થાય છે; માટે ચરમાવર્તમાં વર્તતો જીવ એક પુદ્ગલપરાવર્તમાં મોક્ષ પામશે, તેમ કહી શકાય છે. પરંતુ જીવના અને કર્મપરમાણુઓના તે સ્વભાવમાં કોઈ ફેરફાર થયો નથી તેમ સ્વીકારવામાં આવે તો, જેમ ચરમાવર્તમાં જીવ ચિત્ર-અનંત ગ્રહણરૂપે કર્મનો બંધ કરતો નથી, તેમ ચરમાવર્ત બહાર પણ તે સર્વ કર્મપુદ્ગલો જીવ વડે અનંતી વખત ગ્રહણ થવાં જોઈએ નહીં; અને જો ચરમાવર્ત બહાર સર્વ કર્મપ્રકૃતિમાં જીવથી અનંતી વખત ગ્રહણ થવાનો સ્વભાવ હતો અને જીવમાં કર્મનો

તથાગ્રાહકસ્વભાવ હતો, તેવો સ્વભાવ ચરમાવર્તમાં પણ છે, તેમ માનીએ, તો ચરમાવર્તકાળમાં ભૂયોગ્રહણના=અનંત વખત સર્વ પુદ્ગલ ગ્રહણના, અગ્રહણરૂપ જે મોક્ષ થાય છે, તે ગુણ પણ ઘટે નહીં.

આશય એ છે કે ચરમાવર્તમાં આવેલો જીવ ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તમાં અવશ્ય કર્મથી મુક્ત થાય છે. તેથી ચરમાવર્ત પૂર્વે ફરી ફરીને પુદ્ગલને ગ્રહણ કરીને જેમ અનંત પુદ્ગલપરાવર્તન કર્યાં, તેમ ચરમાવર્તમાં આવ્યા પછી ફરી ફરી તે પુદ્ગલને ગ્રહણ કરીને અનંત પુદ્ગલપરાવર્તન પસાર કરે એવો પરિણામ નથી. તેથી ફરી ફરી તે પુદ્ગલના ગ્રહણના અગ્રહણરૂપ મોક્ષપરિણામ ચરમાવર્તવર્તી જીવમાં વર્તે છે અર્થાત્ સર્વથા કર્મથી મોક્ષ તો સિદ્ધ અવસ્થામાં છે પરંતુ ફરી ફરી કર્મના ગ્રહણના અગ્રહણરૂપ મોક્ષ ચરમાવર્તવર્તી જીવમાં થાય છે.

આ રીતે ચરમાવર્તમાં આવેલા જીવના કર્મમાં તેવા ગ્રહણસ્વભાવનો અપગમ અને તે જીવમાં તેવા ગ્રાહકસ્વભાવનો અપગમ ન માનવામાં આવે તો, જેમ ભૂયોગ્રહણરૂપ બંધ અને ભૂયોગ્રહણના અગ્રહણરૂપ મોક્ષ ઘટે નહીં, તેમ તે બંધ-મોક્ષરૂપ કારણનાં દોષ-ગુણરૂપ કાર્યો પણ ઘટે નહીં અર્થાત્ ચરમાવર્ત પૂર્વે જીવે સર્વ પુદ્ગલોને અનંતી વખત ગ્રહણ કર્યાં, તેના કારણે અત્યાર સુધી જીવમાં તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પ્રગટી નહીં, તે રૂપ દોષ ઘટે નહીં; અને ચરમાવર્તમાં આવ્યા પછી ભૂયોગ્રહણના અગ્રહણરૂપ મોક્ષના કારણે તત્ત્વમાર્ગની જિજ્ઞાસાદિ જે ગુણો જીવને પ્રાપ્ત થાય છે, તે ગુણ પણ ઘટે નહીં.

આ ત્રણેય વસ્તુઓ=બંધ, મોક્ષ અને તેના દોષ-ગુણરૂપ વિકારો કેમ ઘટતા નથી ? તેમાં યુક્તિ બતાવે છે કે અતત્સ્વભાવનો તે પ્રકારે ભવનનો અયોગ હોવાથી આ ત્રણે વસ્તુઓ ઘટતી નથી અને અતત્સ્વભાવનું તે પ્રકારે ભવન સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ આવે છે.

આશય એ છે કે ચરમાવર્ત બહાર જીવનો અને કર્મનો તેવો સ્વભાવ હતો, તેથી તેવો દીર્ઘ બંધ થતો હતો, અને ચરમાવર્તમાં જીવથી ગ્રહણ થતા તે કર્મોના અને જીવના તેવા સ્વભાવનો અપગમ થયો છે, તેથી તેવો દીર્ઘ સંસાર ચલાવે તેવાં કર્મો બંધાતાં નથી. જો આમ ન માનીએ તો ચરમાવર્ત પૂર્વે અને ચરમાવર્તમાં સમાન સ્વભાવ છે, તેમ માનવું પડે. તેથી જેમ ચરમાવર્તમાં દીર્ઘકાળ ચલાવે તેવો અનંત બંધ નથી, તેમ ચરમાવર્ત પૂર્વે પણ, અનંત પુદ્ગલ પરાવર્તન ચલાવે તેવો બંધ નથી તેમ માનવું પડે.

વળી ચરમાવર્તમાં પણ પૂર્વના સ્વભાવનો અપગમ થયો છે તેમ ન માનીએ તો, ચરમાવર્તમાં પણ જીવનો અને કર્મનો પૂર્વના જેવો દીર્ઘકાળ ચલાવે તેવો બંધ કરવાનો સ્વભાવ હોવાથી, ચરમાવર્તમાં તે પ્રકારના=એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર ન ચલાવી શકે તે પ્રકારના, અલ્પબંધનો અયોગ પ્રાપ્ત થાય.

આમ છતાં એમ માનવામાં આવે કે ચરમાવર્તમાં કર્મના અને જીવના સ્વભાવનો અપગમ નથી, છતાં તે પ્રકારે અલ્પબંધનું ભવન છે, તો સિદ્ધના જીવોને પણ કર્મબંધ થવાનો અતિપ્રસંગ આવે; કેમ કે ચરમાવર્તમાં અલ્પબંધ કરે તેવો સ્વભાવ નહીં હોવા છતાં અલ્પબંધ થાય છે, તેમ સિદ્ધના જીવોમાં પણ કર્મબંધનો સ્વભાવ નહીં હોવા છતાં કર્મબંધ થઈ શકે.

**ટીકા :-**

**तदयमत्र भावार्थः - ते परमाणवोऽनादित एव तथाऽनन्तशः तदात्मग्रहणस्वभावाः, सोऽप्यात्मा एवमेव तद्ग्राहकस्वभाव इत्युभयोस्तत्स्वभावतया घटन्ते तथाबन्धादयः, अन्यथा मुक्तानामपि बन्धादिप्रसङ्गः, अत (स्त)त्स्वभावत्व एवोभयोरपि तद्भावोपपत्तेरिति भावनीयम् ।**

નોંધ :- અહીં ટીકામાં 'तदयमत्र' શબ્દ છે, ત્યાં तद् શબ્દ અધિક ભાસે છે. તેથી તેના વિના अयमत्र કરી અર્થ અમે કરેલ છે.

**ટીકાર્થ :-**

तदयमत्र ..... भावनीयम् । **અહીં=પૂર્વના કથનમાં, આ=વક્ષ્યમાણ, ભાવાર્થ છે : તે પરમાણુઓ= કર્મપરમાણુઓ, અનાદિથી જ તે પ્રકારે=જે પ્રકારે જીવે અત્યાર સુધી ગ્રહણ કર્યાં તે પ્રકારે, અનંતી વખત તે આત્માથી ગ્રહણ થવાના સ્વભાવવાળા હતાં. એ રીતે જ તે પણ આત્મા તેના=કર્મના, ગ્રાહકસ્વભાવવાળો હતો એથી કરીને બંનેમાં=જીવ અને કર્મમાં, તત્સ્વભાવપણું હોવાથી=પરમાણુમાં અનંતી વખત તદાત્મગ્રહણસ્વભાવપણું હોવાથી અને આત્મામાં પણ તદ્ગ્રાહકસ્વભાવપણું હોવાથી, તેવા પ્રકારના=ચિત્ર ભૂયોગ્રહણ પ્રકારના, બંધાદિ ઘટે છે. અન્યથા=ઉભયના તત્સ્વભાવપણાને કારણે તથાબંધાદિ ઘટે છે તેમ ન માનો તો, મુક્તોને પણ બંધાદિનો પ્રસંગ છે; કેમ કે ઉભયના પણ= પરમાણુના અને જીવના પણ, અતત્સ્વભાવપણામાં તદ્ભાવની ઉપપત્તિ છે=તેવા પ્રકારના બંધાદિભાવની ઉપપત્તિ છે, એ પ્રમાણે ભાવન કરવું.**

❖ 'मुक्तानामपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે ચરમાવર્તમાં આવેલા જીવને પણ ચરમાવર્તની બહાર રહેલા જીવની જેમ ચિત્ર અનંત ગ્રહણ પ્રકારે બંધનો પ્રસંગ છે, પરંતુ મુક્તોને પણ બંધાદિનો પ્રસંગ છે.

❖ 'उभयोरपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે બંનેમાંથી એકના તો અતત્સ્વભાવમાં તદ્ભાવની આપત્તિ છે, પરંતુ ઉભયના પણ અતત્સ્વભાવમાં તદ્ભાવની આપત્તિ છે.

❖ 'बन्धादिप्रसङ्गः' અહીં 'आदि' થી મુક્તોને પણ બંધ કર્યા પછી ફરી મોક્ષ માનવાનો પ્રસંગ છે તેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહેલું કે અતત્સ્વભાવના તથાભવનનો અયોગ છે અને અતત્સ્વભાવમાં તથાભવન સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ આવશે. તે અતિપ્રસંગ બતાવે છે –

તે કર્મપરમાણુમાં અનાદિકાળથી તે પ્રકારે અનંતી વખત તે આત્માથી ગ્રહણનો સ્વભાવ છે અને એ રીતે જ તે આત્મામાં પણ તે કર્મનો ગ્રાહકસ્વભાવ છે. આ રીતે બંનેનો સ્વભાવ સ્વીકારવામાં આવે તો જે પ્રકારના બંધાદિ અત્યાર સુધી થયા તેવા ઘટે છે. હવે જો એમ માનવામાં આવે કે અનાદિકાળથી તે કર્મપરમાણુઓમાં તે આત્માથી ગ્રહણસ્વભાવ ન હતો, અને તે આત્મામાં પણ તેવો ગ્રાહકસ્વભાવ ન હતો,

છતાં તે આત્માથી તે કર્મપરમાણુઓ અનંતીવાર ગ્રહણ થયાં, તો મુક્તાદિને પણ બંધ આદિનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે સંસારી આત્મામાં અને તે કર્મપરમાણુઓમાં તેવો સ્વભાવ નહીં હોવા છતાં તે સંસારી આત્માએ કર્મપરમાણુઓને અનંતી વખત ગ્રહણ કર્યાં, તે રીતે કર્મપરમાણુઓમાં અને મુક્ત આત્માઓમાં પણ તેવો સ્વભાવ નહીં હોવા છતાં મુક્તાદિ જીવોને પણ કર્મપરમાણુના બંધાદિનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે જીવ અને કર્મમાં તેવો સ્વભાવ નહીં હોવા છતાં કર્મબંધ સ્વીકારવામાં આવે તો મુક્ત આત્મામાં પણ કર્મબંધ સ્વીકારવો પડે.

આનાથી એ ફલિત થયું કે જેવો સ્વભાવ હોય છે તેવું કાર્ય થાય છે. તેથી કર્મપરમાણુનો અને સંસારી આત્માનો સંબંધ થવાનો સ્વભાવ છે, તેથી તે બંનેનો સંબંધ થાય છે; અને મુક્ત આત્મામાં અને કર્મપરમાણુઓમાં સંબંધ થવાનો સ્વભાવ નથી, તેથી બંનેનો સંબંધ થતો નથી. જેમ ધર્માસ્તિકાય અને કર્મપરમાણુઓનો સંબંધ થવાનો સ્વભાવ નથી, તેથી ધર્માસ્તિકાય કર્મથી બંધાતું નથી, તેમ મુક્ત આત્મા પણ કર્મથી બંધાતા નથી.

**ટીકા :-**

**न चैवमपि स्वभाववाद एवैकान्तेन, तथाविधकालादेरप्यत्रोपयोगात्, तस्यैव तदाक्षेपकत्वात्, इतरेतरापेक्षित्वे प्राधान्यासिद्धेः, सामग्र्या एव फलनिष्पादकत्वात् । निर्लोठितमेतदन्यत्र धर्मसारादौ । इति गाथार्थः ।।११।।**

**ટીકાર્થ :-**

**न चैवमपि ..... प्यत्रोपयोगात्, આ રીતે પણ=ઉભયનું તત્સ્વભાવપણું હોતે છતે તથાબંધાદિ ઘટે છે એ રીતે પણ, એકાંતથી સ્વભાવવાદ જ છે એમ ન કહેવું; કેમ કે અહીંયાં=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણારૂપ કાર્યમાં, તેવા પ્રકારના કાળાદિનો પણ ઉપયોગ છે=કાર્યને અનુરૂપ કાળાદિનો પણ ઉપયોગ છે.**

❖'न चैवमपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે આ રીતે ન માનો તો તો એકાંતે સ્વભાવવાદ ન આવે, પણ આ રીતે માનો તોપણ એકાંત સ્વભાવવાદ આવે, એમ ન કહેવું.

❖'कालादेरपि' અહીં 'आदि' થી બાકીનાં પુરુષકાર આદિ ત્રણનું ગ્રહણ કરવું.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સ્વભાવથી જ કાર્ય થઈ જાય છે, તો તથાવિધ કાળાદિને ન માનીએ તો શું વાંધો ? એથી કરીને કહે છે –

**ટીકાર્થ :-**

**तस्यैव तदाक्षेपकत्वात्=તેનું જ તદાક્ષેપકપણું છે=સ્વભાવનું જ તેનું=કાળાદિનું, આક્ષેપકપણું છે. (માટે એકાંત સ્વભાવવાદ નથી.)**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સ્વભાવ કાળ-પુરુષકાર આદિનો આક્ષેપ કરે છે તેમ માનીએ તો સ્વભાવ મુખ્યરૂપે કાર્ય કરવામાં સમર્થ છે, માટે સ્વભાવ પ્રધાન છે, કાળાદિ ગૌણ છે, એમ પ્રાપ્ત થાય. તેના જવાબરૂપે કહે છે –

**ટીકાર્થ :-**

**इतरेतरापेक्षित्वे प्राधान्यासिद्धेः, (કાર્ય કરવામાં સ્વભાવ-પુરુષકારાદિ સર્વ કારણો) ઈતરઈતરની= પરસ્પરની, અપેક્ષાવાળાં હોવાના કારણે પ્રાધાન્યની અસિદ્ધિ છે=સ્વભાવના પ્રાધાન્યની અસિદ્ધિ છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સ્વભાવ જો અન્ય કારણોનો આક્ષેપક છે, તો ઈતરઈતરની અપેક્ષા કઈ રીતે સંભવે ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**सामग्रया ..... गाथार्थः ।।११।। સામગ્રીનું જ=પાંચે કારણોના સમુદાયરૂપ સામગ્રીનું જ, ફળનિષ્પાદકપણું છે (કેવળ સ્વભાવનું નહીં). આ કથન ધર્મસારાદિ અન્ય ગ્રંથોમાં સારી રીતે વિચારાયેલું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

- પૂર્વમાં સ્થાપન કર્યું કે કર્મપુદ્ગલોમાં જીવગ્રહણસ્વભાવનો અપગમ થયો અને જીવમાં કર્મગ્રાહકસ્વભાવનો અપગમ થયો, તેથી જીવ ઉપરથી પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયો અને તેના કારણે જીવમાં યોગનું અધિકારીપણું પ્રાપ્ત થયું. આ પ્રમાણે સ્વીકારવાથી એકાંતે સ્વભાવવાદની પ્રાપ્તિ થાય, તેવું સ્થૂળ દૃષ્ટિથી દેખાય. તેને ગ્રંથકાર કહે છે કે અમારા એ કથનથી પણ એકાંતે સ્વભાવવાદની પ્રાપ્તિ નથી; કેમ કે જીવમાં પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયો તેમાં તેને અનુરૂપ કાળાદિનો પણ ઉપયોગ છે અર્થાત્ કાર્યને અનુકૂળ એવા સ્વભાવ-કાળ-પુરુષકાર-પુણ્યકર્મ અને ભવિતવ્યતાનો પણ ઉપયોગ છે.

આશય એ છે કે જ્યારે જીવ ઉપરથી કર્મની પ્રકૃતિનો અધિકાર જાય છે, ત્યારે જીવ નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળો બને છે. તે કાર્ય થવામાં (૧) જીવના અને કર્મના તેવા પ્રકારના સ્વભાવનો અપગમ થયો તે સ્વભાવ કારણ છે, (૨) તે રીતે તે કાર્યને અનુકૂળ કાળનો પરિપાક થયો તે કાળ પણ તેમાં કારણ છે, (૩) વળી જીવે તેવો પ્રયત્ન કર્યો કે જેથી જીવ ઉપરથી પ્રકૃતિનો અધિકાર ગયો. તેથી પુરુષકાર પણ કારણ છે અને (૪) જીવ તેવો પ્રયત્ન કરે તેમાં સહાયક થાય તેવું પુણ્યકર્મ પણ ત્યારે વિપાકમાં હતું, જેથી જીવમાં તે કાર્યને અનુકૂળ પ્રયત્ન થયો, તેથી પુણ્યકર્મ પણ કારણ છે અને (૫) જીવની ભવિતવ્યતા પણ અનુકૂળ હતી, જેથી સર્વ સંયોગોનો યોગ થયો અને જીવ ઉપરથી કર્મપ્રકૃતિનો અધિકાર ગયો, તેથી

ભવિતવ્યતા પણ કારણ છે. આ રીતે સર્વ કારણોનો તે કાર્યમાં ઉપયોગ હોવાથી એકાંતે સ્વભાવથી કાર્ય થયું છે, તેમ કહી શકાશે નહીં.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જ્યારે પાંચે કારણોથી કાર્ય થાય છે, તો પૂર્વમાં ગ્રંથકારે યુક્તિથી આવું કેમ સ્થાપન કર્યું કે કર્મપ્રકૃતિના અને જીવના તથા પ્રકારના સ્વભાવના અપગમથી નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું જીવમાં પ્રાપ્ત થાય છે ? વસ્તુતઃ ગ્રંથકારે તેમ કહેવું જોઈએ કે સ્વભાવ આદિ પાંચે કારણોથી તેવું કાર્ય થયું છે. તેથી કહે છે –

સ્વભાવ જ બાકીનાં ચાર કારણોનો આક્ષેપક છે અર્થાત્ કર્મયુક્ત એવા જીવના તેવા પ્રકારના સ્વભાવના કારણે જીવમાં પુરુષકાર આદિ ચાર આક્ષિપ્ત થયા અને તે સર્વ કારણોથી જીવમાં નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણારૂપ કાર્ય થયું. માટે એકાંતે સ્વભાવવાદનો સ્વીકાર નથી.

વળી સ્વભાવ અન્ય કારણોનો આક્ષેપક છે, તેથી કાર્ય પ્રતિ એ પ્રધાન છે, એવું નથી; કેમ કે કાર્ય કરવા માટે પાંચે કારણો પરસ્પરની અપેક્ષા રાખે છે અર્થાત્ પરસ્પરની અપેક્ષાથી એ પાંચે કારણો કાર્યનિષ્પત્તિ પ્રત્યે કારણ છે. તેમાં પણ સ્વભાવ ફક્ત પોતાના સ્થાને કાર્ય કરે છે અને પુરુષકાર પોતાના સ્થાને કાર્ય કરે છે. કોઈ કારણ કાર્ય કરવામાં અન્ય કારણનો વ્યાપાર કરતું નથી, પરંતુ દરેક કારણ પોતપોતાનો વ્યાપાર કરે છે. માટે સ્વભાવ પ્રધાન છે, પુરુષકાર આદિ ગૌણ છે, તેમ કહી શકાય નહીં; કેમ કે પાંચે કારણોના સમુદાયરૂપ સામગ્રી જ ફળસાધક છે. તેથી સામગ્રીના દરેક અવયવ કાર્ય કરવા વ્યાપારવાળા હોય ત્યારે આ પ્રધાન છે અને આ ગૌણ છે, તેમ કહી શકાય નહીં.

જેમ ઘટનિષ્પત્તિ પ્રત્યે કુંભાર કુંભારનું કામ કરે છે અને દંડ દંડનું કામ કરે છે; પરંતુ કુંભારનું કામ દંડ કરી શકતો નથી અને દંડનું કામ કુંભાર કરી શકતો નથી તેમ દરેક કાર્યની નિષ્પત્તિ પ્રત્યે તે કાર્યનાં સર્વ કારણો પોતપોતાના સ્થાને પોતપોતાના વ્યાપારવાળાં હોય છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

दुर्विज्ञेयं चैतदित्याह -

**અવતરણિકાર્થ :-**

**આ=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું, દુર્વિજ્ઞેય છે=જાણી શકાય તેવું નથી. એથી કહે છે -**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પુદ્ગલમાં તદ્ગ્રહણસ્વભાવના અપગમથી અને જીવમાં તદ્ગ્રાહકસ્વભાવના અપગમથી પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થાય છે અને પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થવાથી આત્મામાં યોગનું અધિકારીપણું આવે છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે કર્મપરમાણુમાં તદ્ગ્રહણસ્વભાવનો અપગમ થયો, કે જીવમાં તદ્ગ્રાહકસ્વભાવનો અપગમ થયો, તે કાંઈ દેખાતો પદાર્થ નથી. તેથી આ જીવમાં પ્રકૃતિનો

અધિકાર ગયો છે તે પણ દેખી શકાય તેમ નથી. માટે પ્રકૃતિના અધિકારના અપગમથી થતું જીવનું યોગનું અધિકારીપણું પણ જાણી શકાય તેમ નથી. તેથી ગ્રંથકારશ્રી છદ્મસ્થ માટે તેને જાણવાનાં લિંગો કહે છે -

**ગાથા :-**

एयं पुण णिच्छयओ अइसयणाणी वियाणए णवरं ।
इयरो वि य लिंगेहिं उवउत्तो तेण भणिएहिं ।।१२।।

**અન્વયાર્થ :-**

**पुण વળી एयं આ=નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું णिच्छपओ નિશ્ચયથી=નિશ્ચે णवरं ફક્ત अइसयणाणी અતિશયજ્ઞાની वियाणए=જાણે છે, तेण य=અને તેના વડે=અતિશયજ્ઞાની વડે भणिएहिं=પ્રતિપાદન કરાયેલાં लिंगेहिं=લિંગો વડે उवउत्तो=ઉપયુક્ત એવો इयरो वि=બીજો પણ (જાણે છે.) ।।૧૨।।**

**ગાથાર્થ :-**

**વળી નિવૃત્તપ્રકૃતિઅધિકારીપણું નિશ્ચે ફક્ત અતિશયજ્ઞાની જાણે છે, અને અતિશયજ્ઞાની વડે પ્રતિપાદન કરાયેલાં લિંગો વડે ઉપયુક્ત એવો બીજો પણ જાણે છે. ।।૧૨।।**

**ટીકા :-**

'एतत् पुनः'=अनन्तरोदितविधिसमायातमधिकारित्वं, 'निश्चयतः'=निश्चयेन, अतिशयज्ञानी विजानाति, नवरं=केवलं, नान्यः । यद्येवम्, अनर्थक एवास्योपन्यास इत्याह - 'इतरोऽपि च'=अनतिशयी छद्मस्थः, 'लिङ्गैः'=चिह्नैर्वक्ष्यमाणैः उपयुक्तः सन्, नान्यथा, 'तेन' अतिशयिना 'भणितैः'=प्रतिपादितैः, जानाति । इति गाथार्थः ।।१२।।

**ટીકાર્થ :-**

'एतत् पुनः'= ..... इति गाथार्थः ।।१२।। **વળી આ=આગળમાં કહેવાયેલ વિધિથી અર્થાત્ જીવમાં અને કર્મમાં તેવા પ્રકારના સ્વભાવના અપગમવિધિથી, આવેલું અધિકારીપણું અર્થાત્ નિવૃત્તઅધિકારીપણાપૂર્વક આવેલું યોગનું અધિકારીપણું, નિશ્ચયથી=નિશ્ચે નવરં=ફક્ત, અતિશયજ્ઞાની જાણે છે, અન્ય નહીં. જો આ પ્રમાણે છે=કેવળ અતિશયજ્ઞાની જ યોગનું અધિકારીપણું જાણી શકે એ પ્રમાણે છે, તો આનો=યોગના અધિકારીપણાનો, ઉપન્યાસ જ અનર્થક છે. એથી કહે છે –**

**બીજો પણ=અતિશયજ્ઞાન વગરનો છદ્મસ્થ પણ, તે અતિશયજ્ઞાની વડે ભણિત=પ્રતિપાદન કરાયેલાં, લિંગો વડે ઉપયુક્ત છતો યોગના અધિકારીપણાને જાણે છે. નાન્યથા=ઉપયુક્ત ન હોય તો યોગના અધિકારીપણાને જાણતો નથી. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં બતાવ્યું કે આત્મા ઉપરથી કર્મનો અધિકાર જાય ત્યારે જીવ યોગનો અધિકારી બને છે અને આવું અધિકારીપણું અતિશયજ્ઞાની સિવાય કોઈ જાણી શકે નહીં; કેમ કે તે જીવના સ્વભાવમાં કર્મગ્રાહકસ્વભાવનો અપગમ થયેલો છે અને તેનાથી પ્રકૃતિનો અધિકાર દૂર થયો છે અને તેનાથી તે યોગમાર્ગનો અધિકારી છે, તેવો નિર્ણય છદ્મસ્થ કરી શકે નહીં; અને તેવો નિર્ણય થાય નહીં તો 'આ અધિકારી છે, માટે હું ઉચિત યત્ન કરીને તેને યોગમાર્ગમાં પ્રવર્તાવું' તેવો પ્રયત્ન પણ ઉપદેશક કરી શકે નહીં. તેથી આવા અધિકારીનો ઉપન્યાસ અર્થ વગરનો છે, એમ ફલિત થાય. તેથી ગ્રંથકાર કહે છે કે પરમાર્થથી યોગનું અધિકારીપણું પ્રકૃતિના અધિકારના વિગમનથી થાય છે, તોપણ કેવળીએ બતાવેલાં લિંગો દ્વારા છદ્મસ્થ પણ તેનો નિર્ણય કરી શકે છે, અને આ જીવ યોગનો અધિકારી છે તેવો નિર્ણય થવાથી તેને યોગમાર્ગમાં પ્રવર્તાવવા માટે યત્ન પણ કરી શકે છે. ફક્ત તે છદ્મસ્થ સર્વજ્ઞનાં કહેલાં લિંગોને જાણવા માટે ઉપયુક્ત હોય તો તે લિંગો દ્વારા અધિકારીનો નિર્ણય કરી શકે છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**कानि पुनस्तानि लिङ्गानि? इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**વળી તે લિંગો કયાં છે ?=યોગના અધિકારી એવા અપુનર્બંધકનાં તે લિંગો કયાં છે ? એને કહે છે –**

**નોંધ :-** અહીં इत्याह માં 'इति' શબ્દ एतद् અર્થમાં છે.

**ગાથા :-**

**पावं न तिव्वभावा कुणइ, ण बहुमण्णई भवं घोरं ।**
**उचियट्ठिइं च सेवइ सव्वत्थ वि अपुणबंधो त्ति ।।१३।।**

**અન્વયાર્થ :-**

**तिव्वभावा=તીવ્ર ભાવથી पावं=પાપને न कुणइ=કરતો નથી, घोरभवं=રૌદ્ર એવા સંસારને ण बहुमण्णइ=બહુમાનતો નથી सव्वत्थ वि च=અને સર્વત્ર પણ=બધાં સ્થાનોમાં પણ उचियट्ठिइं=ઉચિત સ્થિતિને सेवइ= સેવે છે. त्ति=આવા પ્રકારનો अपुणबंधो=અપુનર્બંધક છે. ।।૧૩।।**

**ગાથાર્થ :-**

**તીવ્ર ભાવથી પાપને કરતો નથી, રૌદ્ર એવા સંસારને બહુમાનતો નથી અને બધાં સ્થાનોમાં પણ ઉચિત સ્થિતિને સેવે છે. આવા પ્રકારનો અપુનર્બંધક છે. ।।૧૩।।**

**ટીકા :-**

'पापम्'='असदनुष्ठानं' न तीव्रभावेन करोति, करोति च तथाविधकर्मदोषेण । तथा न बहुमन्यते चित्तप्रीत्या 'भवं घोरं' भवन्त्यस्मिन् कर्मपरिणामवशवर्तिनः प्राणिन इति भवः-संसारस्तं रौद्रम् । तथा 'उचितस्थितिं च'=उचितव्यवस्थां च, 'सेवते'=भजते, 'सर्वत्रापि' धर्मादौ मार्गानुसारित्वाभिमुख्येन मयूरशिशुदृष्टान्ताद् 'अपुनर्बन्धक इति' एवम्-एवम्भूतोऽपुनर्बन्धकोऽभिधीयते इति गाथार्थः ।।१३।।

**ટીકાર્થ :-**

'पापम्'= ..... इति गाथार्थः ।।१३।। **પાપને=અસદ્અનુષ્ઠાનને, તીવ્રભાવથી કરતો નથી, અને કરે છે તો તેવા પ્રકારના કર્મદોષથી કરે છે; અને ચિત્તની પ્રીતિથી રૌદ્ર એવા સંસારને બહુમાનતો નથી.**

અહીં 'भव' શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે –

**કર્મપરિણામના વશવર્તી પ્રાણીઓ આમાં=મનુષ્યગતિ આદિ ચાર પર્યાયોમાં, થાય છે, તે ભવ=સંસાર.**

**અને મયૂરશિશુના દૃષ્ટાંતથી માર્ગાનુસારીપણાને અભિમુખભાવ વડે ધર્માદિ સર્વ સ્થાનોમાં પણ ઉચિત સ્થિતિને=ઉચિત વ્યવસ્થાને, સેવે છે. આવા પ્રકારનો અપુનર્બંધક કહેવાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૩।।**

❖ 'धर्मादौ' અહીં 'आदि' થી અર્થ-કામનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

આ ગાથામાં અપુનર્બંધક જીવનાં ત્રણ લિંગ બતાવેલ છે, જે આ પ્રમાણે છે –

(૧) **તીવ્રભાવથી પાપને કરતો નથી=અસદ્અનુષ્ઠાનને તીવ્રભાવથી કરતો નથી,**

(૨) **રૌદ્ર એવા સંસારને બહુમાનતો નથી,**

(૩) **સર્વત્ર ઉચિત સ્થિતિને સેવે છે.**

આ લિંગોને ક્રમશઃ વિચારીએ :

જીવ ઉપરથી કર્મનો અધિકાર કંઈક જાય છે, ત્યારે જીવ અપુનર્બંધક બને છે; અને તે વખતે તેનામાં કર્મનો અધિકાર જવાના કારણે કંઈક નિર્મળ થયેલી ચેતના પ્રગટ થાય છે, જેના કારણે તેનામાં જે પ્રકારનાં પરિણામો વર્તે છે, તેને અહીં તેનાં લિંગોરૂપે બતાવેલ છે.

(૧) **पावं न तिव्वभावा कुणइ** :- આ જીવો તીવ્રભાવથી પાપ કરતા નથી અને ક્યારેક પાપ કરે તોપણ તેવા પ્રકારના કર્મના દોષથી કરતા હોય છે.

આશય એ છે કે કર્મનો અધિકાર ગયેલો હોવાથી જીવમાં જે કાંઈ ચેતના પ્રગટે છે, તેથી, જેમ

મુનિની ચેતના પૂર્ણરૂપે મોક્ષને અભિમુખ છે, તેથી મુનિઓ મોક્ષમાર્ગને સમ્યગ્ સેવે છે; તેમ મુનિઓની પૂર્વભૂમિકારૂપે અપુનર્બંધક જીવોની ચેતના પણ કંઈક ખૂલેલી હોવાથી અપુનર્બંધક જીવો પાપ કરતા હોય તોપણ તેમાં તીવ્ર ભાવ થતો નથી; અને જે પાપ કરે છે, તેનું કારણ તેવા પ્રકારના કર્મનો દોષ છે. આવા જીવોને જો દુર્લભબોધિત્વ આદિ વિશેષ કર્મો વિપાકમાં ન હોય અને ઉપદેશાદિની સામગ્રી મળે તો સંવેગ પ્રગટ થાય છે. ક્વચિત્ દુર્લભબોધિત્વ આદિ કર્મ બળવાન હોય તો સંવેગ ન પણ થાય, પરંતુ તે કર્મના વિગમન પછી આવા જીવોને અવશ્ય યોગમાર્ગ પ્રત્યે રુચિ પેદા થાય છે. અહીં યોગમાર્ગના અધિકારી એવા અપુનર્બંધક ગ્રહણ કરવાના છે, પરંતુ જેઓને તેવા દુર્લભબોધિત્વ આદિ કર્મના દોષથી સંવેગનો લેશ પણ પ્રાપ્ત થાય તેમ નથી, તેવા જીવોને ગ્રહણ કરવાના નથી; કેમ કે તેઓ યોગમાર્ગના અધિકારી નથી.

વળી જે જીવો ઉપરથી કર્મનો અધિકાર સર્વથા ગયો નથી અર્થાત્ લેશથી પણ ગયો નથી, તેવા સકૃદ્બંધકાદિ જીવોને ધર્મ કરવાનો પરિણામ વર્તતો હોય અને ઉપદેશ આદિની સામગ્રી મળવા છતાં લેશ પણ સંવેગ થતો નથી. વળી તેવા જીવો પાપ કરતા હોય ત્યારે પાપમાં તીવ્ર ભાવવાળા હોય છે, આથી તેઓ ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ બાંધી શકે છે; જ્યારે અપુનર્બંધક જીવો તે પ્રકારના કર્મના ઉદયથી પાપ કરતા હોય તોપણ પાપમાં તેમની તીવ્રતા નથી, તેથી ઉત્કૃષ્ટ સ્થિતિ કે ઉત્કૃષ્ટ રસ બાંધતા નથી. છતાં પાપમાં પ્રવૃત્ત એવા અપુનર્બંધક જીવોને જોઈને 'આમને પાપ પ્રત્યેનો તીવ્ર ભાવ નથી' એવો નિર્ણય છદ્મસ્થ કરી શકે નહીં, તોપણ તેવા કોઈ પ્રસંગમાં તેમનું ધર્મને અભિમુખ ચિત્ત જુએ તો 'આમનો પાપ પ્રત્યેનો તીવ્ર ભાવ નથી' તેમ પણ નક્કી કરી શકે.

જેમ મહાત્માઓએ વંકચૂલને પાપપ્રવૃત્તિ કરતો જોયો હતો, આમ છતાં મહાત્માઓના શુભ આચારોને જોઈને તે આચારો પ્રત્યે વંકચૂલને કંઈક આદર થયો, જે બતાવે છે કે તે યોગમાર્ગને અભિમુખ છે. માટે તેના ઉપરથી પ્રકૃતિનો કંઈક અધિકાર ગયો છે, એમ નક્કી થઈ શકે છે.

(૨) **घोरं भवं ण बहुमण्णइ** :- વળી આવા જીવો ચિત્તની પરિણતિથી ભવ પ્રત્યે બહુમાનવાળા હોતા નથી. આ લિંગ અવશ્ય ગુણસંપન્ન અપુનર્બંધકને સામે રાખીને કહેલ છે; કેમ કે અપુનર્બંધક હોવા છતાં જેઓ દુર્લભબોધિ આદિ કર્મના વિપાકને કારણે વિપર્યાસવાળા છે, તેઓને તો ભવ પ્રતિ તીવ્ર આકર્ષણ હોય છે; તોપણ તેઓને ચરમાવર્તની બહાર જેવું ભવનું તીવ્ર આકર્ષણ હતું, તેવું તીવ્ર આકર્ષણ અત્યારે વર્તતું નથી. આથી તે કર્મ જેવું સમાપ્ત થાય કે ફરી તેવા જીવો ભવના સ્વરૂપને યથાસ્થિત જોનારા બને છે; કેમ કે તેમની ચેતના કંઈક ખુલેલી હોવાથી ભવના સ્વરૂપને તેઓ જન્મ-મરણાદિરૂપે જુએ છે અને તેથી તેઓને ભવ નિઃસાર લાગે છે. જ્યારે અભવ્ય કે ચરમાવર્તની બહારના જીવો પણ ભવને જન્મ-મરણાદિરૂપે જુએ છે, તોપણ ભવ તેમને નિઃસાર લાગતો નથી, પરંતુ ભવમાં વર્તતી ખરાબ અવસ્થાથી બચીને સારી અવસ્થાની પ્રાપ્તિ કરવાનો માત્ર તેમને અભિલાષ હોય છે.

(૩) **सव्वत्थ वि उचियट्ठिइं च सेवइ** :- વળી પ્રકૃતિનો અધિકાર ગયેલો હોવાથી અપુનર્બંધકની ચેતના કંઈક ખુલેલી હોય છે, તેથી તેઓ માર્ગાનુસારીના અભિમુખપણા વડે મયૂરશિશુના દૃષ્ટાંતથી સર્વત્ર ઉચિત

પ્રવૃત્તિ કરનારા હોય છે. જેમ મોર દેખાવમાં અતિ સુંદર હોય છે, પરંતુ મોરનાં નાનાં બચ્ચાંઓ મોર જેવાં સુંદર હોતાં નથી, તોપણ તેને અભિમુખ કંઈક સુંદરતા તેનાં બચ્ચાઓમાં હોય છે, તેઓ કાગડા જેવાં વિપરીત હોતાં નથી. તેમ મોરસ્થાનિય પરિપૂર્ણ માર્ગ ઉપર ચાલનારા માર્ગાનુસારી મુનિઓ હોય છે, જેઓને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અત્યંત ઉચિત પ્રવૃત્તિ હોય છે, અને તેઓની આ અત્યંત ઉચિત પ્રવૃત્તિને અભિમુખ પણ કંઈક દૂરવર્તી ઉચિત પ્રવૃત્તિ મયૂરશિશુસ્થાનિય અપુનર્બંધકને હોય છે; અને પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયો હોવાથી અપુનર્બંધકનો જે વિવેક ખુલેલો છે, તેના કારણે તે જીવો ધર્મ, અર્થ અને કામને પરસ્પર અવિરુદ્ધ રીતે સેવતા હોય છે. તેથી તેમની ઉચિત પ્રવૃત્તિ ક્રમે કરીને મુનિભાવનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે જેમ મુનિનું વર્ણન કરવું હોય તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા મુનિ છે, તેમ બતાવાય છે, પરંતુ ચંડરુદ્રાચાર્ય જેવી ક્રોધી પ્રકૃતિવાળા મુનિ હોય તેમ બતાવાતું નથી; કેમ કે એ મુનિભાવનું સ્વરૂપ નથી, પરંતુ મુનિભાવની ખામીવાળી અવસ્થા છે. તેમ અપુનર્બંધક પણ ધર્મ, અર્થ અને કામમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે; આમ છતાં ક્યારેક કર્મના દોષથી તે અનુચિત પ્રવૃત્તિ કરતા હોય, તોપણ તેને ગ્રહણ કરીને આવી અનુચિત પ્રવૃત્તિ કરનારા પણ અપુનર્બંધક હોય છે, તેમ બતાવવામાં આવતું નથી; કેમ કે અપુનર્બંધક જીવો પણ પ્રાયઃ કરીને ધર્મ, અર્થ, કામમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. આમ છતાં તત્કાળવર્તી વિશિષ્ટ કર્મને કારણે ક્યારેક અનુચિત પ્રવૃત્તિ પણ કરે છે, તોપણ ઉપદેશાદિની સામગ્રી પ્રાપ્ત થાય ત્યારે તેમનું તે વિશિષ્ટ કર્મ દૂર થઈ શકે છે, અને તે વિશિષ્ટ કર્મ દૂર થાય તો અવશ્ય તે ઉચિત પ્રવૃત્તિ કરે છે. જ્યારે અપુનર્બંધક નહીં થયેલા જીવોમાં માર્ગાનુસારીપણાનો અભિમુખભાવ નહીં હોવાથી તેઓ ઉચિત પ્રવૃત્તિ કરતા નથી અને ઉપદેશ આદિ સામગ્રીને પામીને પણ અનુચિત પ્રવૃત્તિ કરવા જેવી નથી, તેવો લેશ પણ સંવેગ તેઓને થતો નથી. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**सम्यग्दृष्टिलिङ्गाभिधित्सयाऽऽह -**

**અવતરણિકાર્થ :-**

**સમ્યગ્દષ્ટિનાં લિંગોને કહેવાની ઈચ્છાથી કહે છે –**

**ગાથા :-**

**सुस्सूस धम्मराओ गुरु-देवाणं जहासमाहीए ।**
**वेयावच्चे णियमो सम्मदिट्ठिस्स लिंगाइं ।।१४।।**

**અન્વયાર્થ :-**

**सुस्सूस=શુશ્રૂષા, धम्मराओ=ધર્મનો રાગ, जह समाहिए=યથાસમાધિ=શક્તિ આદિને અનુરૂપ गुरु-**

देवाण=ગુરુની અને દેવની वेयावच्चे=વૈયાવચ્ચમાં णियमो=નિયમ, सम्मदिट्ठिस्स=સમ્યગ્દષ્ટિનાં लिंगाइं= લિંગો છે. ।।૧૪।।

**ગાથાર્થ :-**

**શુશ્રૂષા, ધર્મનો રાગ, શક્તિ આદિને અનુરૂપ ગુરુની અને દેવની વૈયાવચ્ચમાં નિયમ, સમ્યગ્દષ્ટિનાં લિંગો છે. ।।૧૪।।**

**ટીકા :-**

'शुश्रूषा'=श्रोतुमिच्छा धर्मशास्त्रेषु गेयरागिकिन्नरगेयशुश्रूषाधिका । तथा 'धर्मरागः'=धर्माभिष्वङ्गः, सामग्रीवैकल्या[त् त]दकरणेऽपि चेतसोऽनुबन्धः दरिद्रब्राह्मणविशेषहविःपूर्णरागसमधिकः । तथा 'गुरु-देवानां'= चैत्य-साधूनां, 'यथासमाधिना'=शक्त्याद्यनुरूपम्, नासद्ग्रहेण किम्? इत्याह - 'वैयावृत्ये', व्यावृत्तभावे, 'नियमः', गुणज्ञश्राद्धचिन्तामणिवैयावृत्त्यनियमाभ्यधिकः, करोत्येवैतदित्यर्थः । सम्यग्दृष्टेः 'लिङ्गानि'=चिह्नानि, ग्रन्थिभेदेन तत्त्वे तीव्रभावात् । इति गाथार्थः ।।१४।।

**ટીકાર્થ :-**

**'शुश्रूषा'= ..... इति गाथार्थः ।।१४।। શુશ્રૂષા=ગીતના રાગીને કિન્નરના ગીતમાં વર્તતી શુશ્રૂષાથી અધિક ધર્મશાસ્ત્રોવિષયક સાંભળવાની ઈચ્છા, અને ધર્મરાગ→ =ધર્મનો અભિષ્વંગ અર્થાત્ સામગ્રીની વિકલતાને કારણે તેના=ધર્મના, અકરણમાં પણ, દરિદ્ર બ્રાહ્મણવિશેષને હવિથી પૂર્ણ=ઘીથી પૂર્ણ, ભોજનમાં થતા રાગથી સમધિક ચિત્તનો અનુબંધ=ચિત્તનું ખેંચાણ, ←અને ગુરુ અને દેવની=ચૈત્ય અને સાધુઓની યથાસમાધિથી=શક્તિ આદિને અનુરૂપ, ગુણને જાણનાર શ્રદ્ધાળુને ચિંતામણિના વૈયાવૃત્ત્યના નિયમથી અભ્યધિક, વૈયાવૃત્ત્યમાં=વ્યાવૃત્તભાવમાં, નિયમ, પરંતુ અસદ્ગ્રહથી નહીં.**

પૂર્વમાં કહ્યું કે વૈયાવૃત્ત્યમાં નિયમ છે, તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**करोत्येवैतदित्यर्थः=આને=વૈયાવચ્ચને, સમ્યગ્દષ્ટિ જીવ કરે જ છે, એ પ્રમાણે અર્થ છે.**

**પૂર્વમાં વર્ણન કરાયેલાં શુશ્રૂષાદિ સમ્યગ્દષ્ટિનાં લિંગો=ચિહ્નો, છે; કેમ કે ગ્રંથિના ભેદને કારણે તત્ત્વમાં તીવ્ર ભાવ છે=તીવ્ર પક્ષપાત છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૪।।**

❖ 'अकरणेऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે સમ્યગ્દષ્ટિ ધર્મ કરતા હોય ત્યારે તો ચિત્તનો અનુબંધ છે, પણ સામગ્રીની વિકલતાને કારણે ધર્મ ન કરતા હોય તોપણ ચિત્તનો અનુબંધ છે.

❖ 'शक्त्याद्यनुरूपम्' અહીં 'आदि' થી સંયોગનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

આ ગાથામાં સમ્યગ્દષ્ટિનાં ત્રણ લિંગ દર્શાવ્યાં છે, જે આ પ્રમાણે છે –

(૧) **શુશ્રૂષા :-** ધર્મશાસ્ત્રોને સાંભળવાની ઈચ્છા,

(૨) **ધર્મરાગ :-** ચારિત્રધર્મનો અભિષ્વંગ અને

(૩) **ગુરુ અને દેવની યથાશક્તિ વૈયાવચ્ચ.**

આ લિંગોને ક્રમશઃ વિચારીએ :

**(૧) શુશ્રૂષા :-** સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ થયેલો હોવાને કારણે તત્ત્વ પ્રત્યે તીવ્ર રુચિ પ્રગટેલી હોય છે. તેથી ધર્મશાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા હોય છે.

આશય એ છે કે જીવ સુખનો અર્થી છે અને સર્વ કર્મોથી રહિત અવસ્થામાં પૂર્ણ સુખ છે. તે સર્વકર્મરહિત અવસ્થા કઈ રીતે સુખરૂપ હોઈ શકે ? અને તેના ઉપાયભૂત જીવની કેવા પ્રકારની પરિણતિ છે ? એ રૂપ તત્ત્વને જોવાની નિર્મળ પ્રજ્ઞા સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત થયેલી છે. તેના કારણે ભગવાનના વચનરૂપ શ્રુતજ્ઞાનથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ મોક્ષનું કારણ છે, તેમ તે યથાર્થ જોઈ શકે છે. પરંતુ જ્યાં સુધી વિશેષ શ્રુત પ્રાપ્ત ન થયું હોય ત્યાં સુધી સૂક્ષ્મ યોગમાર્ગનો બોધ થઈ શકે નહીં, તેથી સમ્યગ્દૃષ્ટિને યોગમાર્ગના ઉપાયભૂત ધર્મશાસ્ત્રોના પરમાર્થને જાણવાની બળવાન ઈચ્છા હોય છે. તેને દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ કોઈ પુરુષ સંગીતનો અતિ રાગી હોય, યુવાન હોય અને સ્ત્રીથી યુક્ત હોય, ત્યારે કિન્નરોનું સર્વશ્રેષ્ઠ સંગીત સાંભળવા માટે જે રીતે તન્મય થઈને તે યત્ન કરતો હોય, તે વખતે જે પ્રકારની તેની સાંભળવાની બળવાન રુચિ હોય, સાંભળવામાં અત્યંત આનંદ હોય, તેના કરતાં પણ સમ્યગ્દૃષ્ટિને ધર્મશાસ્ત્ર સાંભળવાના વિષયમાં અધિક રુચિ હોય છે; કેમ કે સંગીતના શોખીનને જ્ઞાન છે અને અનુભવ છે કે સંગીતના શ્રવણકાળમાં પોતાના ચિત્તને આલ્લાદ પેદા કરે તેવી આ સંગીતની શ્રવણક્રિયા છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને જ્ઞાન છે અને અનુભવ છે કે ધર્મશાસ્ત્રો જીવને માટે અત્યંત ઉપકારક છે. તેથી શ્રવણકાળમાં તો તેનાથી ચિત્તનો પ્રસાદ પેદા થાય છે, પરંતુ આ ધર્મશાસ્ત્રના શ્રવણનું ફળ ઉત્તરમાં પણ સુગતિઓની પરંપરા દ્વારા સુખનું કારણ છે. તેથી સંગીતના શોખીનને જે પ્રકારનું સંગીતનું મહત્ત્વ છે, તેના કરતાં સમ્યગ્દૃષ્ટિને શ્રુતશ્રવણનું મહત્ત્વ અનેકગણું અધિક છે. આ દૃષ્ટિને સામે રાખીને સંગીતના શોખીન કરતાં સમ્યગ્દૃષ્ટિને ધર્મશાસ્ત્રમાં અધિક રુચિ હોય છે, તેમ કહેલ છે. એનાથી એ ફલિત થાય કે સંગીતના શોખીન જનો શ્રવણકાળમાં જે ઉત્કંઠા અને એકાગ્રતાથી લયલીન થઈને સંગીત સાંભળે તેના કરતાં અનેકગણી ઉત્કંઠા, એકાગ્રતા અને લયલીનતાથી સમ્યગ્દૃષ્ટિ શાસ્ત્રશ્રવણ કરે છે; કેમ કે તત્ત્વની જિજ્ઞાસાપૂર્વકનો તીવ્ર ઉપયોગ સમ્યગ્દૃષ્ટિને શાસ્ત્રશ્રવણમાં હોય છે.

**(૨) ધર્મરાગ :-** બ્રાહ્મણને જાતિથી જ ઘીથી યુક્ત મોદકાદિ ભોજન અત્યંત પ્રિય હોય છે, અને તેમાં પણ દરિદ્ર બ્રાહ્મણ હોય તો તેને તેવું ભોજન સામાન્યથી નહીં મળતું હોવાથી તેના પ્રત્યે તેને અધિક રાગ હોય છે. વળી તે દરિદ્ર બ્રાહ્મણ કોઈ અટવી ઓળંગીને આવેલો હોય અને તેથી અત્યંત ભૂખ્યો થયેલો હોય તે વખતે તો તે મોદકાદિ ભોજન પ્રત્યે તેને અતિશય રાગ હોય છે. તેના કરતાં પણ સમ્યગ્દૃષ્ટિને

ચારિત્રધર્મમાં અધિક રાગ હોય છે. છતાં આવા દરિદ્ર બ્રાહ્મણ પાસે તેવી વિશેષ ભોજનસામગ્રી ન હોય તો તેવું ભોજન કરી શકતો નથી, તોપણ તેવા ભોજન પ્રત્યે તેને તીવ્ર પક્ષપાત હોય છે. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ પણ ચારિત્રધર્મને સેવી શકે તેવી સામગ્રીની અનુકૂળતા ન હોય તો ચારિત્રધર્મનું સેવન ન પણ કરી શકે, તોપણ તેના ચિત્તમાં ચારિત્રનો અત્યંત રાગ હોય છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિને સંપૂર્ણ ક્લેશ વગરની અવસ્થા=મુક્ત અવસ્થા, પ્રિય દેખાય છે, તેથી તેના પ્રત્યે અત્યંત રાગ છે; અને તે અવસ્થાની પ્રાપ્તિનો અનન્ય ઉપાય પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ ચારિત્રનો પરિણામ છે, તેથી ચારિત્ર પ્રત્યે સમ્યગ્દૃષ્ટિને અત્યંત પક્ષપાત હોય છે. પરંતુ ચારિત્રમોહનીયકર્મ દૃઢ હોય તો ઈન્દ્રિયોની ઉત્સુકતા શાંત થયેલી હોતી નથી, તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિને ભોગાદિની મનોવૃત્તિ પણ થાય છે; તોપણ સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત પરમાર્થને જોનારું હોવાથી સંયમના પરિણામ પ્રત્યે બદ્ધરાગવાળું હોય છે.

જેમ તે દરિદ્ર બ્રાહ્મણ અટવી ઓળંગીને આવેલો હોય અને ઘીથી પૂર્ણ ભોજન મળી શકે તેમ ન હોય ત્યારે અન્ય ભોજનની ઈચ્છા પણ કરે છે; છતાં તેનો રાગ અન્ય ભોજન પ્રત્યે તેવો ઉત્કટ નથી, જેવો ઉત્કટ રાગ ઘીથી પૂર્ણ મોદકાદિ પ્રત્યે છે. એ રીતે જ સમ્યગ્દૃષ્ટિ પણ ભોગાદિની ઈચ્છા કરે છે અને તે ભોગાદિથી કંઈક આનંદનો અનુભવ પણ કરે છે, તોપણ જેવો રાગ તેને સંયમના પરિણામ પ્રત્યે છે તેવો રાગ ભોગાદિ પ્રત્યે નથી. વળી જેમ તે દરિદ્ર બ્રાહ્મણને ઘીથી યુક્ત મોદકાદિ ખાવામાં અત્યંત મધુર છે તેવું જ્ઞાન છે, તેથી તે ભોગાદિ અપૂર્વ સુખના કારણ છે તેમ જાણીને તેના પ્રત્યે અત્યંત રાગવાળો છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પણ સંયમ એ ગુપ્તિનો અપૂર્વ પરિણામ છે, અને ગુપ્તિકાળમાં જે અપૂર્વ સુખ છે તે જ ઉત્તમ કોટીનું સુખ છે, અને તેના જેવું સુખ સંસારના કોઈ પદાર્થમાંથી પ્રાપ્ત થઈ શકે તેવું નથી તેમ જાણે છે. આથી સંયમના અસંગભાવના સુખ પ્રત્યે અત્યંત રાગવાળા છે. વળી તે બ્રાહ્મણને જ્ઞાન છે કે ભોગના ઉત્તરકાળમાં મોદકાદિ ખાવાનું સુખ હોતું નથી, જ્યારે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન છે કે સમ્યક્ સેવાયેલું સંયમ ઉત્તરમાં પણ સદ્ગતિ અને મોક્ષનું કારણ છે. માટે દરિદ્ર બ્રાહ્મણના મોદકના રાગ કરતાં અધિક રાગ સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમાં હોય છે.

**(૩) ગુરુદેવાદિની યથાશક્તિ વૈયાવચ્ચ :-** સમ્યગ્દૃષ્ટિને ચારિત્ર પ્રત્યેનો અત્યંત રાગ હોય છે, તેથી ચારિત્રને બતાવનારા સર્વજ્ઞ ભગવંત પ્રત્યે અત્યંત બહુમાનભાવ હોય છે. વળી સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે ચારિત્ર પરમ સુખરૂપ છે અને પરમ સુખનું કારણ પણ છે, તોપણ પોતાને ચારિત્રનું પાલન કરવું અત્યંત દુષ્કર લાગે તો ચારિત્ર ગ્રહણ ન કરે, છતાં તેને અવિહડ શ્રદ્ધા છે કે ચારિત્રનું પાલન કરનારા ગુરુ અને ચારિત્રમાર્ગને બતાવનારા તીર્થંકરોની ભક્તિ કરવાથી દુષ્કર એવા પણ ચારિત્રનું પાલન થઈ શકે તેવી શક્તિનો સંચય થાય છે. તેથી પોતાની શક્તિને લેશ પણ ગોપવ્યા વિના શક્તિના પ્રકર્ષથી દેવની અને ગુરુની વૈયાવચ્ચમાં યત્ન કરે છે. ગુરુની વૈયાવચ્ચ આહારાદિના દાન દ્વારા કરે છે અને દેવની વૈયાવચ્ચ ઉત્તમ સામગ્રીથી ભક્તિ કરીને કરે છે. આ વૈયાવચ્ચની પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિની કેવી હોય છે, તે દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ કોઈ દરિદ્ર માણસ ચિંતામણિરત્નના ગુણોને જાણતો હોય, ચિંતામણિને મેળવવાની રુચિવાળો હોય અને ચિંતામણિની વિધિપૂર્વક ભક્તિ કરવાથી આ ચિંતામણિ સર્વ ઈચ્છિત ફળને આપનાર છે તેમ જાણતો હોય, તેથી અત્યંત વિધિપૂર્વક તેની વૈયાવચ્ચમાં=ભક્તિમાં, યત્ન કરે છે, તેના કરતાં પણ અધિક વૈયાવચ્ચનો પરિણામ સમ્યગ્દષ્ટિનો દેવ અને ગુરુ પ્રત્યેનો હોય છે; કેમ કે ચિંતામણિરત્નને વિધિપૂર્વક સેવવામાં આવે તો તેનું ફળ માત્ર આ લોકમાં મળી શકે, પરલોકમાં નહીં; જ્યારે દેવને અને ગુરુને વિધિપૂર્વક સેવવામાં આવે તો તેમની ભક્તિના ફળરૂપે જીવમાં ચારિત્રનો પરિણામ પ્રગટ થાય છે, જે આ લોકમાં તો સુખ આપે જ છે; પરંતુ પરલોકમાં પણ સદ્ગતિની પરંપરા દ્વારા અનંત અવ્યાબાધ એવા મોક્ષસુખમાં વિશ્રાંત થાય છે. તેથી ચિંતામણિરત્નના ગુણ જાણનારને ચિંતામણિ પ્રત્યે જેવી ભક્તિ છે, તેના કરતાં અનંતગણી ભક્તિ, ગુણવાન એવા ગુરુ અને ભગવાનના વૈયાવચ્ચના ફળને જાણનાર સમ્યગ્દષ્ટિને દેવ-ગુરુ પ્રત્યે હોય છે.

'गुरुदेवानां' - चैत्यसाधूनां' - અહીં ગાથામાં 'गुरुदेवानां' કહીને તેનો અર્થ ટીકામાં 'चैत्यसाधुनां' કર્યો અર્થાત્ ગુરુ અને દેવ એ ક્રમ અર્થ વખતે વિપરીત કર્યો. તેનું કારણ ગુરુ સાક્ષાત્ ઉપકારક હોવાથી અધિક પૂજનીય છે, તે બતાવવા માટે ગાથામાં પ્રથમ ગુરુનો ઉલ્લેખ કર્યો અને ત્યાર પછી દેવનો ઉલ્લેખ કર્યો; જ્યારે ટીકામાં ચૈત્યનો પ્રથમ ઉલ્લેખ કર્યો, તેથી એ પ્રાપ્ત થાય કે ગુણોના પ્રકર્ષવાળા તીર્થંકરો છે અને તેમની પ્રતિમા ચૈત્ય છે, માટે અધિક પૂજનીય ચૈત્ય છે. તેથી ટીકામાં પ્રથમ ચૈત્ય કહીને પછી સાધુનો ઉલ્લેખ કર્યો. આ રીતે બંને અપેક્ષા બતાવવા માટે ગાથામાં 'गुरु-देव' બતાવીને ટીકામાં 'चैत्य-साधु' અર્થ કર્યો.

ટીકામાં વૈયાવૃત્ત્યનો અર્થ વ્યાવૃત્તભાવ કર્યો. व्यावृत्तभाव=वि+आवृत्त=વિશેષરૂપે આવૃત્ત અર્થાત્ પ્રવૃત્ત. તેથી વિશેષરૂપે પ્રવૃત્તનો ભાવ=વૈયાવૃત્ત્યનો પરિણામ.

તેનાથી એ પ્રાપ્ત થાય કે જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ આહારાદિ દ્વારા ભક્તિમાં વ્યાપૃત=વિશેષ રીતે પ્રવૃત્ત, પરિણામવાળા હોય તે વૈયાવચ્ચ પદાર્થ છે.

સમ્યગ્દષ્ટિનાં શુશ્રૂષાદિ ત્રણે લિંગો છે; કેમ કે ગ્રંથિભેદ થયેલો હોવાને કારણે મોક્ષના ઉપાયભૂત તત્ત્વમાં તીવ્ર પક્ષપાત છે. સમ્યગ્દષ્ટિને મોક્ષના ઉપાયરૂપ (૧) શ્રુતજ્ઞાન, (૨) શ્રુતને અનુસરનારી ઉચિત આચરણારૂપ ચારિત્રની પ્રવૃત્તિ અને (૩) ચારિત્રસંપન્ન એવા ગુરુ અને યોગમાર્ગને બતાવનારા એવા તીર્થંકરોની ભક્તિનો પરિણામ : આ ત્રણ વસ્તુ પરમ તત્ત્વરૂપ દેખાય છે; કેમ કે પૂર્ણ સુખનું કારણ આ ત્રણ વસ્તુ છે. તેથી આ ત્રણે પ્રત્યેનો તીવ્ર પક્ષપાત સમ્યગ્દષ્ટિનું લિંગ છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**चारित्रिलिङ्गान्याह -**

**અવતરણિકાર્થ :-**

**ચારિત્રીનાં લિંગોને કહે છે –**

**ગાથા :-**

**मग्गणुसारी सद्धो पण्णवणिज्जो कियापरो चेव।**
**गुणरागी सक्कारंभसंगओ तह य चारित्ती ।। १५।।**

**અન્વયાર્થ :-**

**मग्गाणुसारी=માર્ગાનુસારી, सद्धो=શ્રાદ્ધ, पण्णवणिज्जो=પ્રજ્ઞાપનીય कियापरो चेव=અને ક્રિયામાં તત્પર જતहा=તેવા પ્રકારનો=માર્ગાનુસારી, શ્રાદ્ધ, પ્રજ્ઞાપનીય અને ક્રિયાપર તેવા પ્રકારનો, चारित्ती=ચારિત્રી य=च=આવા પ્રકારનો છે=गुणरागी=ગુણરાગી सक्कारंभसंगओ=અને શક્ય આરંભથી યુક્ત છે. ।।૧૫।।**

**ગાથાર્થ :-**

**માર્ગાનુસારી, શ્રાદ્ધ, પ્રજ્ઞાપનીય અને ક્રિયામાં તત્પર તથા ગુણરાગી અને શક્ય આરંભથી યુક્ત ચારિત્રી હોય છે. ।।૧૫।।**

**નોંધ** :- ગાથાના પૂર્વાર્ધમાં બતાવાયેલાં ચાર લિંગો ચારિત્રીમાં અવશ્ય હોય છે. તેથી તે લિંગો ચારિત્ર સાથે વ્યાપ્તિવાળાં છે. આવું જણાવવા માટે તે ચાર લિંગો સાથે 'एव' કાર યોજાયેલો છે; અને તે ચાર લિંગો ચારિત્રનાં અનુમાપક છે, તોપણ ચારિત્રના પરિણામોનું અનુમાન કરવું અતિ દુષ્કર હોવાને કારણે તે પરિણામોને જાણવામાં ઉપયોગી એવાં બીજાં બે લિંગો ગાથાના ઉત્તરાર્ધમાં બતાવેલાં છે. આ બે લિંગો=ભાવો, સમ્યગ્દૃષ્ટિ સાધારણ હોવાથી અનુમાનનાં લિંગ બનતાં નથી, પરંતુ ચારિત્રીના બોધમાં સહાયક બને છે. તેથી ચારિત્રીનાં લિંગરૂપે બતાવેલ છે.

ગાથાના ઉત્તરાર્ધમાં જે 'य'='च' શબ્દ છે, તે 'एवंविध' અર્થમાં છે.

**ટીકા :-**

**'मार्गानुसारी,' - चारित्रमोहनीयकर्मक्षयोपशमयोगात्, अस्य च तत्त्वावाप्तिं प्रत्यवन्ध्यकारणत्वात्, कान्तारगतविवक्षितपुरप्राप्तिसद्योगतासमेतान्धवत् ।**

**ટીકાર્થ :-**

**'मार्गानुसारी,' - चारित्र ..... समेतान्धवत् । જંગલમાં રહેલા, વિવક્ષિત નગરની પ્રાપ્તિની સદ્યોગતાથી=સદ્વ્યાપારતાથી યુક્ત એવા અંધ પુરુષની જેમ, ચારિત્રી માર્ગાનુસારી હોય છે; કેમ કે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમનો યોગ છે.**

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી ચારિત્રની નિષ્પત્તિ થાય, પણ ચારિત્રના લિંગરૂપ માર્ગાનુસારીપણું, ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય, તેમ કેમ કહ્યું ? તેથી કહે છે --

**અને આનું=ચારિત્રનું, તત્ત્વની=મોક્ષની અવાપ્તિ=પ્રાપ્તિ, પ્રતિ અવંધ્યકારણપણું છે.**

**ભાવાર્થ :-**

આ ગાથામાં ચારિત્રીનાં છ લિંગો બતાવ્યાં છે. તેમાં પ્રથમ લિંગ 'મગ્ગાણુસારી'નું વર્ણન કરે છે -

**(૧) માર્ગાનુસારી :-** ચારિત્રવાળા જીવને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ હોય છે. તેથી ચારિત્રી મોક્ષમાર્ગને અનુસરનારો હોય છે.

સામાન્ય રીતે વિચારતાં પ્રશ્ન થાય કે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી ચારિત્ર પ્રાપ્ત થાય, પરંતુ માર્ગાનુસારીભાવ કઈ રીતે પ્રાપ્ત થાય ? વસ્તુત: ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અવશ્ય મોક્ષનું કારણ બને છે. માટે જે જીવમાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમભાવ વર્તતો હોય તે જીવ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત છે એમ કહેવાય. માટે માર્ગાનુસારીપણું ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે, તેમ કહેલ છે.

આશય એ છે કે સંસારમાં જે જીવો છદ્મસ્થ છે, છતાં માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા છે, તેઓ સહેજ પણ આત્મવંચના કર્યા વગર શક્તિના પ્રકર્ષથી સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણવા યત્ન કરે છે. આવા જીવોમાં પણ જેઓ ગીતાર્થ છે તેઓ સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણીને સમ્યક્ પ્રવૃત્તિ કરે છે, જેથી તેઓની પ્રવૃત્તિ ઉત્તરોત્તર ચારિત્રની વૃદ્ધિ કરાવીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ કરાવે છે. આવા ચારિત્રી ભગવાનના વચનાનુસાર જે સમ્યક્ પ્રવૃત્તિ કરે છે, તે માર્ગાનુસારી ભાવ છે; વળી, જેઓ ગીતાર્થ નથી, છતાં સંસારથી અત્યંત ભય પામેલા હોવાથી સહેજ પણ આત્મવંચના કર્યા વગર ગીતાર્થની સમ્યક્ પરીક્ષા કરીને ગીતાર્થના વચનાનુસાર મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, તેવા જીવોની પણ મોક્ષમાર્ગની સમ્યક્ પ્રવૃત્તિ માર્ગાનુસારી ભાવ છે, અને તે માર્ગાનુસારી ભાવને કારણે તે જીવો મોક્ષરૂપ ફળને અવશ્ય પ્રાપ્ત કરે છે.

આવા ચારિત્રીનો માર્ગાનુસારીભાવ કેવો હોય છે, તે બતાવવા માટે જે દૃષ્ટાંત આપેલ છે તેનો દાર્ષ્ટાન્તિકભાવ આ પ્રમાણે છે --

(૧) અટવીમાં રહેલ અંધ પુરુષ જેમ વિવક્ષિત નગરમાં જવાની ઈચ્છાવાળો છે, તેમ સંસારરૂપી અટવીમાં રહેલા માર્ગાનુસારી જીવો મોક્ષરૂપ નગરમાં જવાની ઈચ્છાવાળા છે, (૨) જેમ તે અંધ પુરુષ વિવક્ષિત નગરની પ્રાપ્તિને અનુરૂપ સદ્વ્યાપારવાળો છે, તેમ સંસારરૂપી અટવીમાં રહેલા ગીતાર્થો અને ગીતાર્થની નિશ્રા પ્રમાણે ચાલનારા ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી માર્ગાનુસારીભાવવાળા જીવો પણ સદ્વ્યાપારવાળા છે; અને (૩) જેવી રીતે આંધળો માણસ દેખતાના બળથી ઈષ્ટ સ્થાને પહોંચે છે, તેવી રીતે છદ્મસ્થ જીવ પણ દેખતા એવા સર્વજ્ઞના વચનના બળથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થઈને મોક્ષરૂપ નગરની પ્રાપ્તિ કરે છે.

અહીં વિશેષ એ છે કે જેમ અટવીમાં રહેલો અંધ પુરુષ ગમે તે વ્યક્તિના આલંબનથી વિવક્ષિત નગરમાં જવા માટે યત્ન કરતો નથી, પરંતુ 'આ વ્યક્તિ મને અવશ્ય વિવક્ષિત નગરે પહોંચાડે તેવી છે,' તેનો નિર્ણય કરીને તેના અવલંબનથી ઈષ્ટ સ્થાને પહોંચે છે; તેમ ગીતાર્થો પણ સર્વદર્શનોની પરીક્ષા કરીને, 'સર્વજ્ઞકથિત દર્શન આ જ છે,' તેનો નિર્ણય કરીને અને સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણીને તેના બળથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત હોય છે; અને અગીતાર્થ ચારિત્રી પણ ગીતાર્થની સમ્યક્ પરીક્ષા કરીને મોક્ષમાર્ગમાં

ચાલનારા એવા ગીતાર્થનું અવલંબન લઈને તેના બળથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત હોય છે.

**ટીકા :-**

**तथा 'श्राद्धः' - तत्त्वं प्रति, तत्प्रत्यनीकक्लेशह्रासातिशयात्, सन्निध्यवाप्तिप्रवृत्ततद्भोक्तृतद्गतविधिश्राद्धवत्, अनेनोत्तरयोगः पापयोगप्रतिबंधकापगमहेतुरित्येतदाह ।**

**ટીકાર્થ :-**

तथा 'श्राद्धः' - तत्त्वं ..... रित्येतदाह । **સન્નિધિની પ્રાપ્તિમાં પ્રવૃત્ત=દેવતાથી અધિષ્ઠિત અને સાધના કરીને મેળવવા યોગ્ય એવા નિધાનની પ્રાપ્તિમાં પ્રવૃત્ત, અને** तद्भोक्तृ**=તેને=સન્નિધિને અવશ્ય ભોગવનાર એવા અર્થાત્ જે સાધક સાધના દ્વારા સન્નિધિને મેળવીને અવશ્ય તેનો ભોગવટો કરશે. એવા,** तद्गतविधिश्राद्धवत्**=સન્નિધિવિષયક વિધિમાં રુચિવાળા સાધકની જેમ, ચારિત્રી** तत्त्वं प्रति श्राद्धः**= તત્ત્વ પ્રતિ રુચિવાળા છે; કેમ કે** तत्प्रत्यनीकक्लेशह्रासातिशयात्**=તેના અર્થાત્ તત્ત્વની રુચિના, પ્રત્યનીક એવા ક્લેશના હ્રાસનો અતિશય છે.**अनेन**=આના દ્વારા અર્થાત્ શ્રાદ્ધ નામના ચારિત્રીના દ્વિતીય લિંગ દ્વારા, પાપયોગરૂપ પ્રતિબંધનો અપગમ છે હેતુ જેને એવો** उत्तरयोगः**=ઉપરની ભૂમિકાના ચારિત્રનો યોગ, થાય છે.** इत्येतदाह**=એ પ્રકારના આને=શ્રાદ્ધને=ચારિત્રના દ્વિતીય લિંગ શ્રાદ્ધને, કહે છે -**

**ભાવાર્થ :-**

ચારિત્રીનું દ્વિતીય લિંગ 'सद्धो' નું વર્ણન કરે છે --

(૨) **શ્રાદ્ધ :-** સામાન્ય રીતે શ્રાદ્ધ એ સમકિતીનું લિંગ છે, પરંતુ અહીં ચારિત્રીના લિંગમાં શ્રાદ્ધને ગ્રહણ કરેલ છે. તેથી સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા કરતાં આ શ્રદ્ધા જુદી છે. સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા ભગવાનના વચનની સ્થિર રુચિરૂપ છે, અને ચારિત્રના લિંગરૂપ કુવર્દ્રૂપત્વવાળી શ્રદ્ધા છે. તેથી તે રુચિ બોધને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરાવીને ચારિત્રના પરિણામોને વહન કરી શકે તેવી હોય છે. આવી રુચિવાળાને અહીં 'શ્રાદ્ધ' શબ્દથી ગ્રહણ કરેલા છે.

વળી, આવી કુર્વદ્રૂપત્વવાળી રુચિનો પ્રત્યનીક એવો જે રાગાદિભાવરૂપ ક્લેશ, તેના હ્રાસનો અતિશય ચારિત્રીમાં છે. તેથી ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને ચારિત્રી સંયમના પરિણામોને સ્પર્શી શકે તેવી રુચિવાળા છે. તેમાં દૃષ્ટાંતને બતાવે છે –

જેમ કોઈ સાધક, દેવાધિષ્ઠિત અને વિશિષ્ટ સાધનાથી જેની પ્રાપ્તિ થાય તેવા સન્નિધિની પ્રાપ્તિમાં પ્રવૃત્ત હોય અને સાધના દ્વારા તે સન્નિધિને પ્રાપ્ત કરીને અવશ્ય તેનો ભોગવટો કરશે, તેવા સાધકને તે સન્નિધિવિષયક પરિપૂર્ણ વિધિમાં જેમ તીવ્ર રુચિ હોય છે, તેમ પ્રસ્તુતમાં ચારિત્રી પણ તત્ત્વ પ્રત્યેની તેવી શ્રદ્ધાવાળા છે. તેથી રુચિને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરીને તે સંયમને અનુકૂળ એવી નિર્લેપદશાનો અવશ્ય અનુભવ કરે છે.

વળી, આ 'શ્રાદ્ધ' વિશેષણ દ્વારા પૂર્વના સંયમસ્થાન કરતાં ઉત્તરના સંયમસ્થાનનો યોગ છે, તેમ બતાવેલ છે; કેમ કે વિશેષ સંયમ પ્રત્યે પ્રતિબંધક એવો જે પાપયોગ તેના અપગમનો હેતુ આ રુચિ છે.

આશય એ છે કે આવી રુચિથી સંયમયોગમાં દૃઢ યત્ન થાય છે અને તેનાથી ઉત્તર-ઉત્તરના સંયમસ્થાનોની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા ચારિત્રમોહનીયકર્મનો અપગમ થાય છે. તેથી આવી રુચિવાળા જીવને ઉત્તર-ઉત્તરનાં સંયમસ્થાનોનો યોગ ક્રમસર થતો જાય છે, એ પ્રકારનું કથન 'શ્રાદ્ધ' વિશેષણ દ્વારા ગ્રંથકારને કરવું છે.

**ટીકા :-**

**तथा 'प्रज्ञापनीयः' अत एव कारणद्वयात् सन्निध्यवाप्तिप्रवृत्त-तद्भोक्तृतद्गतविधिश्राद्धाप्तप्रज्ञापकवत्, सच्छ्रद्धाफलोपदर्शनार्थमेतत् ।**

**ટીકાર્થ :-**

तथा 'प्रज्ञापनीयः' ..... दर्शनार्थमेतत् । **આ જ બે કારણથી=માર્ગાનુસારી અને શ્રાદ્ધરૂપ બે કારણથી,** सन्निध्यवाप्तिप्रवृत्त**=દેવતાથી અધિષ્ઠિત અને સાધના કરીને મેળવવા યોગ્ય એવા સન્નિધાનની પ્રાપ્તિમાં પ્રવૃત્ત,** तद्भोक्तृ**=તેનો=સન્નિધાનનો અવશ્ય ભોગવટો કરશે એવા અર્થાત્ જે સાધક સાધના દ્વારા સન્નિધિને મેળવીને અવશ્ય તેનો ભોગવટો કરશે એવા,** तद्गत विधिश्राद्ध**=સન્નિધિવિષયક વિધિમાં રુચિવાળા અર્થાત્ સંન્નિધિની પ્રાપ્તિવિષયક જે વિધિ છે, તેમાં સમ્યક્ પ્રવૃત્તિ કરવાની રુચિવાળા સાધક,** आप्तप्रज्ञापकवत्**=આપ્તથી જેમ પ્રજ્ઞાપક હોય છે અર્થાત્ ક્વચિત્ અનાભોગથી વિધિમાં સ્ખલના પામતા હોય ત્યારે કોઈ આપ્ત પુરુષ ઉચિત વિધિ બતાવે ત્યારે તે સાધક આપ્તથી જેમ પ્રજ્ઞાપક હોય છે, તેમ ચારિત્રી પ્રજ્ઞાપનીય હોય છે. સમ્યક્ શ્રદ્ધાના ફળને બતાવવા માટે આ= પ્રજ્ઞાપનીય વિશેષણ, છે.**

**ભાવાર્થ :-**

ચારિત્રીનું તૃતીય લિંગ 'पण्णवणिज्जो' નું વર્ણન કરે છે --

(૩) **પ્રજ્ઞાપનીય :-** જે સાધક સંસારથી વિરક્ત થયેલા છે અને આત્માની નિર્લેપદશા તરફ જઈ રહ્યા છે તેવા સાધક માર્ગાનુસારી છે, અને અનાભોગથી પણ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ ન થાય તેવી રુચિવાળા છે. તેથી જે સાધકમાં માર્ગાનુસારી ભાવ છે અને માર્ગમાં પ્રવૃત્તિ કરાવે તેવી રુચિ છે તે સાધક પ્રજ્ઞાપનીય છે. તે જાણે છે કે અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞ સાક્ષાત્ જુએ છે, અને જેમ હસ્તસ્પર્શથી આંધળો માણસં પદાર્થનો કંઈક બોધ કરે છે, તેમ છદ્મસ્થ સર્વજ્ઞના વચનના બળથી કંઈક અસ્પષ્ટ જાણે છે, તેથી આત્મકલ્યાણના અર્થી વિવેકીએ અનાભોગથી પણ ભગવાનના વચનથી વિપરીત બોધ ન થાય તેવો યત્ન કરવો જોઈએ, અને ક્યારેક અનાભોગથી વિપરીત બોધ થઈ ગયો હોય તોપણ સુગુરુના વચનથી તરત જ સત્ય વાતને સ્વીકારવી જોઈએ. જે સાધુમાં આવો પ્રજ્ઞાપનીયતા ગુણ છે, તેનાથી પણ અનુમાન

કરી શકાય છે કે આ ચારિત્રી છે.

જેમ કોઈ પુરુષ સાધના કરીને વિશેષ પ્રકારના નિધિને પ્રાપ્ત કરવાની પ્રબળ ભાવનાવાળો હોય અને અવશ્ય તેને પ્રાપ્ત કરીને ભોગવશે તે પુરુષ તે નિધિની પ્રાપ્તિ માટેનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શક્તિના અતિશયથી પ્રયત્ન કરે છે, વળી, વિધિ પ્રમાણે સાધના કરવાની રુચિવાળો હોય છે અને વિધિ પ્રમાણે શક્તિના પ્રકર્ષથી સાધવા માટે પ્રયત્ન પણ કરતો હોય છે; આમ છતાં અનાભોગથી વિધિમાં કોઈક સ્ખલના થતી હોય કે જેથી સાધ્યની સિદ્ધિ ન થતી હોય, અને કોઈ આપ્તપુરુષ, તેને વિધિની સ્ખલના બતાવે ત્યારે સરળભાવથી તે પુરુષ આપ્તનું વચન સ્વીકારે છે અને તે પ્રમાણે વિધિમાં પ્રવૃત્તિ કરે છે; તેમ સુસાધુ પણ વીતરાગ થવા માટેના ઉચિત ઉપાયોનું શાસ્ત્રથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને તે રીતે સંયમની પ્રવૃત્તિમાં રુચિવાળા હોય છે અને શક્તિના પ્રકર્ષથી તે રુચિ પ્રમાણે યત્ન પણ કરતા હોય છે; આમ છતાં ક્વચિત્ અનાભોગાદિથી શાસ્ત્રવચનથી વિપરીત બોધને કારણે પ્રવૃત્તિ સમ્યક્ ન થતી હોય ત્યારે, કોઈ ગીતાર્થ સાધુ તેને ભગવાનના વચનના પરમાર્થનો બોધ કરાવે ત્યારે સહજભાવથી તે વચન સ્વીકારે છે. આ તેમની પ્રજ્ઞાપનીયતા છે.

ચારિત્રીમાં રહેલ માર્ગાનુસારીભાવ અને શ્રદ્ધાગુણને કારણે આ પ્રકારનો પ્રજ્ઞાપનીયતા ગુણ હોય છે, અને તે ચારિત્રીમાં રહેલી સાચી શ્રદ્ધાનું ફળ છે, તે બતાવવા માટે પ્રજ્ઞાપનીયતા લિંગ કહેલ છે. અર્થાત્ જે સાધુમાં સમ્યક્ શ્રદ્ધા હોય તે સાધુમાં પ્રજ્ઞાપનીયતા ગુણ અવશ્ય હોય, તે બતાવવા માટે પ્રજ્ઞાપનીયતા ગુણને સાધુના લિંગરૂપ બતાવેલ છે.

વસ્તુતઃ સુસાધુને શાસ્ત્રવચનથી વિપરીત કોઈ સ્ખલના ન હોય તો આપ્તને તેની વિધિમાં સ્ખલના બતાવવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય; કેમ કે જે સાધુ ગીતાર્થ છે અને શાસ્ત્રવચન પ્રમાણે ચાલે છે અને વિધિમાં કોઈ સ્ખલના નથી, તેને કોઈ આપ્ત પુરુષ વિધિ બતાવવાનો પ્રયત્ન કરે તેવો સંભવ રહેતો નથી. આમ છતાં આવા પણ સાધુને કોઈક સ્થાનમાં વિધિની સ્ખલના થતી હોય અને આપ્ત પુરુષ તેને બતાવે ત્યારે તે અવશ્ય સ્વીકારે છે. આ તેની પ્રજ્ઞાપનીયતા છે અને આ પ્રજ્ઞાપનીયતા ગુણ તેનામાં રહેલી સાચી શ્રદ્ધાનું કાર્ય છે, તે દ્યોતિત થાય છે.

**ટીકા :-**

**तथा क्रियापरश्चैव, उक्तलक्षणादेव हेतोः, अनेन मार्गानुसारित्वस्य निजं कार्यमाह । उक्तं चान्यैरपि** 'ऊर्ध्वाऽधःसमाधिफलः सास्रवः समाधिः, न चास्य योगतो भेदः' **इति ।**

**ટીકાર્થ :-**

**तथा क्रियापरश्चैव ..... सास्रव समाधिः, અને કહેવાયેલા લક્ષણવાળા જ હેતુથી=માર્ગાનુસારી, શ્રાદ્ધ અને પ્રજ્ઞાપનીયતારૂપ કહેવાયેલા લક્ષણવાળા જ હેતુથી, ચારિત્રી ક્રિયામાં તત્પર હોય જ છે. આના વડે=ક્રિયાપર વિશેષણ વડે, માર્ગાનુસારીપણાનું નિજકાર્ય કહે છે.**

ક્રિયાપરને માર્ગાનુસારીનું નિજકાર્ય કહ્યું, તેમાં અન્યની સાક્ષી આપતાં કહે છે –

**અન્યો વડે પણ=અન્ય દર્શનકારો વડે પણ, કહેવાયું છે –**

'ऊर्ध्वाऽधःसमाधिफलः सास्रवः समाधिः,'

'ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિનું ફળ સાશ્રવસમાધિ છે.'

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સાશ્રવસમાધિથી તો પુણ્યબંધ થાય અને પુણ્યબંધથી સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય, મોક્ષની પ્રાપ્તિ ન થાય; અને તેમ સ્વીકારીએ તો ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિ સાશ્રવસમાધિનું કારણ બનવાથી, ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિ પણ મોક્ષનું કારણ નથી, તેમ માનવાની આપત્તિ આવે. તેથી કહે છે -

**ટીકાર્થ :-**

'न चास्य योगतो भेदः' **इति** । 'આનો=સાશ્રવસમાધિનો, યોગથી ભેદ નથી.'

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

ચારિત્રીનું ચોથું લિંગ 'क्रियापरो' નું વર્ણન કરે છે –

(૪) **ક્રિયાપર :-** ચારિત્રી માર્ગાનુસારી, શ્રાદ્ધ અને પ્રજ્ઞાપનીય છે, એ હેતુથી જ ક્રિયામાં તત્પર છે.

આશય એ છે કે જે સાધકને સંસારથી પર એવા આત્માના ભાવ તરફ જવાનું વલણ છે અને તેના કારણે ભગવાનના વચન અનુસાર ચાલવાની તીવ્ર રુચિ છે, તે સાધકને ક્વચિત્ અનાભોગથી સ્ખલના થઈ જાય તો તે પ્રજ્ઞાપનીય હોય છે અને તેથી હંમેશાં પોતાના સંયમસ્થાનમાં વૃદ્ધિ થાય તેવી ઉચિત ક્રિયા કરવામાં તત્પર હોય છે. માટે પૂર્વમાં બતાવેલાં ત્રણેય લિંગો ક્રિયાપરલિંગમાં કારણ છે, તોપણ જીવમાં વર્તતો જે માર્ગાનુસારીભાવ છે, તેનું નિજકાર્ય આ ક્રિયાપરતા છે; કેમ કે જીવ માર્ગાનુસારી છે એનો અર્થ એ છે કે જીવ મોક્ષમાર્ગ તરફ જાય એવી અંતરંગ નિર્મળ પરિણતિવાળો છે. આવા જીવોને મોક્ષમાર્ગ તરફ વિશેષ રીતે ગમન કરવામાં કારણીભૂત એવી ક્રિયાઓમાં પણ શક્ય યત્ન અવશ્ય હોય છે. માટે જીવમાં વર્તતી માર્ગાનુસારી પરિણતિનું કાર્ય સંયમની વૃદ્ધિને અનુકૂળ એવી ક્રિયામાં તત્પરતા છે.

પૂર્વમાં કહ્યું કે 'ક્રિયાપર' એ શબ્દ દ્વારા માર્ગાનુસારીના નિજકાર્યને કહે છે. તેમાં જે સાક્ષી આપે છે, તેનું જોડાણ આ રીતે છે –

ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિ એ કષાયની કંઈક મંદતા થવાથી થયેલી જીવની પરિણતિરૂપ છે અને માર્ગાનુસારીભાવરૂપ છે, અને ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિનું ફળ સાશ્રવસમાધિ છે. સાશ્રવસમાધિ તે માર્ગાનુસારીભાવને કારણે થયેલ પ્રશસ્ત રાગથી થતી ગુણનિષ્પત્તિને અનુકૂળ ક્રિયારૂપ છે; કેમ કે પ્રશસ્ત રાગ પુણ્યબંધનો આશ્રવ કરાવે છે. વળી તે ક્રિયા વિશેષ પ્રકારના ઉપશમને કરનારી છે, તેથી સમાધિરૂપ

છે. તેથી એ ફલિત થયું કે ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિરૂપ માર્ગાનુસારીભાવનું ફળ શાસ્ત્રાનુસારી ક્રિયારૂપ સાશ્રવસમાધિ છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિ એ જીવની કર્મના વિગમનથી થયેલી શુદ્ધ પરિણતિરૂપ છે, જેનું ફળ મોક્ષને અનુકૂળ એવી નિર્જરા હોઈ શકે; એના બદલે ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિનું ફળ સાશ્રવસમાધિ સ્વીકારવામાં આવે તો, સાશ્રવસમાધિ એ પુણ્યબંધનું કારણ હોવાથી ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિ સાશ્રવસમાધિ દ્વારા સ્વર્ગનું કારણ છે, પણ મોક્ષનું કારણ નથી, તેમ માનવું પડે; અને તેમ સ્વીકારીએ તો સાશ્રવસમાધિને યોગ કહી શકાય નહીં. તેના નિરાકરણ માટે કહે છે કે આનો યોગથી ભેદ નથી=સાશ્રવસમાધિનો યોગથી ભેદ નથી.

અહીં વિશેષ એ છે કે સમાધિ એ ચિત્તની સ્વસ્થતારૂપ સમાધાનનો પરિણામ છે અને અસાંયોગિક સુખના=મોક્ષસુખના, અભિમુખભાવથી જન્ય કષાયોની કલુષિતતાના યત્કિંચિત્ અભાવથી માંડીને આ સમાધિનો પ્રારંભ થાય છે. અપુનર્બંધકને આ કલુષિતતાનો અભાવ નીચેની ભૂમિકાનો હોય છે, તેથી તે અધઃસમાધિરૂપ છે અને તેની ઉપર ઉપરની ભૂમિકામાં ઊર્ધ્વ-ઊર્ધ્વસમાધિ હોય છે, અને તે બંને પ્રકારની સમાધિનું ફળ સાશ્રવસમાધિ છે. અહીં સાશ્રવસમાધિ શબ્દથી એ કહેવું છે કે જીવ જ્યારે મોક્ષના રાગથી મોક્ષને અનુકૂળ ભાવોની નિષ્પત્તિની કારણીભૂત ક્રિયામાં યત્ન કરે છે, ત્યારે તેનામાં જે પ્રશસ્ત રાગ વર્તે છે, તેનાથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે, માટે તે ક્રિયાને સાશ્રવ કહેલ છે; અને જે મોક્ષમાર્ગને અનુકૂળ ગુણનિષ્પત્તિના રાગથી ક્રિયા કરાય છે, તે વખતે પણ તે ક્રિયાથી વિશેષ-વિશેષ પ્રકારનો રાગાંશ ક્ષીણ થાય છે અને વીતરાગતાને અભિમુખ ભાવ પ્રગટ થાય છે, તે અંશને સામે રાખીને તેને સમાધિ કહેલ છે.

આનાથી એ ફલિત થયું કે કષાયોના કંઈક અભાવથી જીવમાં સમાધિ પ્રગટે છે, જેથી જીવમાં માર્ગાનુસારીભાવ પ્રગટ થાય છે. તે માર્ગાનુસારીભાવની પ્રેરણાથી જીવ ઉપરના સંયમસ્થાનને પ્રાપ્ત કરવાની રુચિથી ક્રિયામાં પ્રવર્તે છે, જે ક્રિયા તેને પુણ્યબંધ કરાવે છે અને ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિનું કારણ પણ બને છે. તે ક્રિયા પુણ્યબંધ કરાવે છે તે અપેક્ષાએ સાશ્રવ છે, અને ઉપરના સંયમસ્થાનનું કારણ છે તે અપેક્ષાએ સમાધિરૂપ પણ છે.

પૂર્વમાં કહ્યું કે ઊર્ધ્વસમાધિ અને અધઃસમાધિનું ફળ સાશ્રવસમાધિ છે અને આ સાશ્રવસમાધિ સ્વર્ગનું કારણ હોવા છતાં મોક્ષનું પણ કારણ છે. તે બતાવવા માટે કહે છે કે અને આનો=સાશ્રવસમાધિનો, યોગથી ભેદ નથી.

આશય એ છે કે મોક્ષની સાથે આત્માને જોડી આપે એવો જે પરિણામ તે યોગસ્વરૂપ છે, અને માર્ગાનુસારી જીવ સંયમ પ્રત્યેના રાગથી જે ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે તે વખતે તેનામાં વર્તતો સંયમના રાગનો પરિણામ પણ યોગસ્વરૂપ છે; કેમ કે જ્યાં સુધી જીવ વીતરાગ ન બને ત્યાં સુધી તેનામાં વર્તતો સંયમનો રાગ યોગમાર્ગમાં સુદઢ પ્રવૃત્તિ કરાવીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિનું કારણ બને છે. આથી કોઈક યોગીઓ પ્રાથમિક ભૂમિકામાં સાશ્રવસમાધિવાળા હોય તોપણ, તેના બળથી ઉત્તર-ઉત્તરના સંયમમાં યત્ન કરીને તે ભવમાં મોક્ષરૂપ ફળને

પ્રાપ્ત કરે છે; અને જે જીવો તે ભવમાં સાશ્રવસમાધિમાંથી નિરાશ્રવ સમાધિમાં ન જઈ શકે, તોપણ તેનાથી બંધાયેલું પુણ્ય ફરી યોગમાર્ગના પ્રકર્ષનું કારણ બને છે, તેથી જન્માંતરમાં પણ યોગનો ઉત્કર્ષ કરાવીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંતિ પામે છે. તે બતાવવા માટે સાશ્રવસમાધિનો યોગથી ભેદ નથી, એમ કહેલ છે.

**ટીકા :-**

**एवं योगस्यानुषङ्गतो निजफलविधिमभिधाय लिङ्गान्तरमाह-गुणरागी, विशुद्धाशयत्वात् ।**

**ટીકાર્થ :-**

**एवं ..... विशुद्धाशयत्वात् ।આ રીતે=પૂર્વમાં કહ્યું કે ક્રિયાપર એ માર્ગાનુસારીનું પોતાનું કાર્ય છે એ રીતે, યોગના અનુષંગથી=સંબંધથી, નિજફલની વિધિને કહીને=ચારિત્રરૂપ યોગના સંબંધથી માર્ગાનુસારીભાવરૂપ ચારિત્રના ફળસ્વરૂપ 'ક્રિયાપર'ને કહીને, લિંગાન્તરને=અન્ય લિંગને, કહે છે -**

**ચારિત્રી ગુણરાગી છે; કેમ કે વિશુદ્ધ આશયપણું છે='ગુણવાન વ્યક્તિના ગુણોને અવલંબીને તેમની ભક્તિ દ્વારા હું મારામાં તે ગુણો પ્રગટ કરું' તેવા પ્રકારનો વિશુદ્ધ આશય છે.**

**ભાવાર્થ :-**

ચારિત્રીનું પાંચમું લિંગ 'ગુણરાગી'નું વર્ણન કરે છે –

**(૫) ગુણરાગી :-** સંસારી જીવોને ભોગાદિનો રાગ હોય છે, પરંતુ ગુણનો રાગ પ્રાયઃ હોતો નથી. આમ છતાં કર્મના વિગમનથી જીવમાં કંઈક વિશુદ્ધિ પ્રગટે છે ત્યારે મોક્ષમાર્ગ પ્રત્યે તેને રુચિ થાય છે. ગુણનો અત્યંત રાગ સમ્યગ્દૃષ્ટિમાં હોય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્ બોધ હોવાના કારણે પૂર્ણ ગુણરૂપ મોક્ષઅવસ્થા સારભૂત દેખાય છે અને તેથી તેના ઉપાયભૂત જીવની રત્નત્રયીની પરિણતિ પણ તેને સારભૂત દેખાય છે. આથી કોઈપણ જીવમાં મોક્ષમાર્ગને અનુકૂળ નાનો પણ ગુણ હોય તો ગુણરાગી એવા સમ્યગ્દૃષ્ટિને તેના પ્રત્યે આદર થાય છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિમાં જેમ ગુણરાગ હોય છે તેમ મુનિમાં પણ ગુણરાગ હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રી બંનેમાં ગુણરાગ છે, છતાં જે સાધુ સંયમ પાળતો હોય છતાં ગુણરાગ ન દેખાય તો આ ચારિત્રી નથી તેમ નક્કી થાય છે. તેથી ચારિત્રીને ઓળખવા ગુણરાગને પણ લિંગરૂપે ગ્રહણ કરેલ છે.

**ટીકા :-**

**तथा शक्त्या( ?क्या)रम्भसङ्गतः, वन्ध्यारम्भभावनिवृत्तेः । 'तथा च चारित्री' तथा चारित्री च एवंविधो भवति । इति गाथार्थः ।।१५।।**

**ટીકાર્થ :-**

**तथा शक्त्या ..... इति गाथार्थः ।।१५।। અને ચારિત્રી શક્ય આરંભથી સંગત=યુક્ત, હોય છે;**

**કેમ કે વંધ્ય=નિષ્ફળ, આરંભભાવની નિવૃત્તિ છે.**

આ રીતે ચારિત્રીનાં છ લિંગો બતાવ્યાં. હવે તે સર્વ લિંગોનું તાત્પર્ય બતાવવા અને ગાથાના ચોથા પાદના અર્થનું સ્પષ્ટીકરણ કરવા કહે છે –

**'तथा च चारित्री' तथा चारित्री=તેવા પ્રકારનો= માર્ગાનુસારી, શ્રાદ્ધ, પ્રજ્ઞાપનીય અને ક્રિયાપર પૂર્વમાં બતાવ્યો તેવા પ્રકારનો, ચારિત્રી, च=एवंविधः=આવા પ્રકારનો છે=ગુણરાગી અને શક્યારંભથી યુક્ત પૂર્વમાં બતાવ્યો તેવા પ્રકારનો છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૫॥**

**નોંધ :-** 'तथा च चारित्री' આ કથનથી એ પ્રાપ્ત થાય કે પ્રથમનાં ચાર લિંગ ચારિત્રીનાં છે અને પાછળનાં બે લિંગ સમ્યગ્દૃષ્ટિ સાધારણ છે, છતાં તે બે લિંગથી પણ ચારિત્રી છે, તેમ નિર્ણય થઈ શકે છે. માટે કહ્યું કે આવા ચાર લિંગવાળો આવા પ્રકારનો છે=પાછળના બે લિંગવાળો પણ છે.

**ભાવાર્થ :-**

ચારિત્રીનું છઠ્ઠું લિંગ 'सक्कारंभसंगओ ।' નું વર્ણન કરે છે –

(૬) **શક્ય આરંભસંગત :-** શક્ય આરંભ=શક્તિને ઓળંગીને ન કરવું અને શક્તિને ગોપવીને પણ ન કરવું, તે શક્ય આરંભ. પોતાની શક્તિનું સમાલોચન કરીને જે અનુષ્ઠાનમાં યત્ન કરવાથી પોતાના સંયમના કંડકોની વૃદ્ધિ થાય તેવું જણાય, તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે તો સંયમની વૃદ્ધિ થાય; પરંતુ પોતાની શક્તિનું સમાલોચન કર્યા વગર બાહ્ય અનુષ્ઠાનમાત્રમાં રુચિ રાખીને પોતાની શક્તિ જેમાં ન હોય તેવા અનુષ્ઠાનનું આલંબન લે તો બાહ્ય અનુષ્ઠાનથી સંયમના કંડકોની વૃદ્ધિ થઈ શકે નહીં. તેથી તે અનુષ્ઠાન વંધ્ય આરંભરૂપ બને અર્થાત્ ફળ ન આપે તેવું નિષ્ફળ બને. પરંતુ ચારિત્રી તો અત્યંત વિવેકયુક્ત હોય છે. આથી મોક્ષને અનુકૂળ એવા નિર્લેપભાવનું જે કારણ દેખાય તેમાં યત્ન કરે, અન્યત્ર ન કરે. પરંતુ જે સાધુ ભાવથી ચારિત્રી છે, છતાં તેનામાં કયા અનુષ્ઠાનથી મારું હિત થઈ શકશે તેવો નિર્ણય કરવાની શક્તિ નથી, તેવા સાધુ હંમેશાં ગુણવાન ગીતાર્થને પરતંત્ર રહે છે; અને ગીતાર્થ સાધુ તેની શક્તિનું સમાલોચન કરીને જે અનુષ્ઠાન જે રીતે કરવાથી તેના સંયમની વૃદ્ધિ થાય તે અનુષ્ઠાન તે રીતે કરવા તેને પ્રેરણા કરે. તેથી વંધ્ય આરંભની નિવૃત્તિ થાય છે અને શક્ય આરંભથી યુક્ત સાધુ શક્તિના પ્રકર્ષથી તે અનુષ્ઠાન સેવીને અવશ્ય સંયમના કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. તેથી જે ચારિત્રીમાં વિવેકપૂર્વકનો શક્ય આરંભ દેખાય છે, તેનાથી પણ અનુમાન થઈ શકે છે કે આ સાધક ચારિત્રી છે.

સમ્યગ્દૃષ્ટિ પણ મોક્ષના અત્યંત અર્થી હોય છે અને સ્વભૂમિકા પ્રમાણે અવશ્ય ગુણના રાગવાળા હોય છે. તેથી ગુણવાનને અવલંબીને ગુણવૃદ્ધિમાં યત્ન પણ કરે છે અને સ્વશક્તિ અનુસાર સંયમની શક્તિ પણ સંચય કરતા હોય છે. તેથી પાછળનાં બે લિંગ સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રી બંનેમાં હોય છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**अयं च चारित्री देश-सर्वचारित्रभेदादनेकविध इत्यत आह -**

**અવતરણિકાર્થ :-**

**અને આ=પૂર્વમાં જેનાં લિંગો બતાવ્યાં એ, ચારિત્રી દેશચારિત્ર અને સર્વચારિત્રના ભેદથી અનેક પ્રકારના છે. આથી કહે છે –**

**ગાથા :-**

एसो सामाइयसुद्धिभेयओ णेगहा मुणेयव्वो ।
आणापरिणइभेया अंते जा वीयरागो त्ति।।१६।।

**અન્વયાર્થ :-**

**आणापरिणइभेया=આજ્ઞાપરિણતિના ભેદને કારણે सामाइय सुद्धिभेयओ=સામાયિકશુદ્ધિના ભેદથી एसो=આ=ચારિત્રી णेगहा=અનેક પ્રકારનો मुणेयव्वो=જાણવો, अंते जा वीयरागो=અંતમાં યાવત્ વીતરાગ છે.**

**'त्ति' પાદપૂર્તિ માટે છે. ।।૧૬।।**

**ગાથાર્થ :-**

**આજ્ઞાપરિણતિના ભેદના કારણે સામાયિકની શુદ્ધિના ભેદથી ચારિત્રી અનેક પ્રકારનો જાણવો, અંતમાં યાવત્ વીતરાગ છે.**

**ટીકા :-**

'एषः'=चारित्री, 'सामायिकशुद्धिभेदतः' - इत्वरेतराङ्गीकरणेन 'अनेकधा'=अनेकप्रकारो, मन्तव्यः । सामायिकादिप्रतिमानुक्रमेण गृही, तथा सामायिक-च्छेदोपस्थाप्यादिक्रमेणानगारः । कथम्? इत्याह- 'आज्ञापरिणतिभेदात्,' न मौनीन्द्रवचनपरिणतेरन्यत् शुद्धिकारणमिति कृत्वा । 'अन्ते यावत्' सर्वभेदानां 'वीतरागः'। तत्रापि क्षायिकवीतरागः । इति गाथार्थः ।।१६।।

**ટીકાર્થ :-**

'एषः'=चारित्री ..... इति गाथार्थः ।।१६।। **આ=ચારિત્રી, ઈત્વર સામાયિક=કિંચિત્કાળ માટે સ્વીકારેલ સામાયિક, અને ઈતર=યાવત્કથિક=યાવજ્જીવ માટે સ્વીકારેલ સામાયિકના અંગીકાર દ્વારા સામાયિકની શુદ્ધિના ભેદથી,** अनेकधा=**અનેક પ્રકારનો જાણવો. સામાયિકાદિ પ્રતિમાના અનુક્રમથી ગૃહસ્થ છે=સામાયિક છે આદિમાં જેને એવા પ્રતિમા સુધીના અનુક્રમથી ગૃહસ્થ છે, અને સામાયિક, છેદોપસ્થાપ્ય આદિ ક્રમથી સાધુ છે.**

कथम् ?=**કેવી રીતે ?=સામાયિકની શુદ્ધિના ભેદો ચારિત્રના અનેક ભેદોનું કારણ કેવી રીતે છે ? એથી કહે છે –**

**મૌનીન્દ્રવચનની પરિણતિથી અન્ય શુદ્ધિનું કારણ નથી એથી કરીને આજ્ઞાની=આગમની,**

**પરિણતિના ભેદથી ચારિત્રીના અનેક પ્રકારો છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે સામાયિકની શુદ્ધિના અનેક ભેદોમાં અંતિમ ભેદ કયો છે ? તેથી કહે છે –

**સર્વ ભેદોના અંતમાં યાવત્ વીતરાગ છે, તેમાં પણ ક્ષાયિક વીતરાગ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૬।।**

❖ 'छेदोपस्थाप्यादि' અહીં 'आदि' થી પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રનું ગ્રહણ કરવું.

❖ 'तत्रापि' અહીં 'अपि' થી એ કહેવું છે કે સામાયિકની શુદ્ધિના સર્વ ભેદોમાં તો અંતે વીતરાગ છે, પરંતુ વીતરાગમાં પણ અંતમાં ક્ષાયિક વીતરાગ છે.

**ભાવાર્થ :-**

ઈત્વર અને ઈતરના અંગીકરણ દ્વારા સામાયિકની શુદ્ધિના ભેદને કારણે દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્ર બે ભેદવાળું છે અને તે બંને ચારિત્ર પણ અવાંતર ભેદની અપેક્ષાએ અનેક પ્રકારનાં છે.

તેમાં દેશવિરતિચારિત્ર સામાયિકથી માંડીને પ્રતિમા સુધી અનુક્રમે અનેક ભેદવાળું છે અને સર્વવિરતિચારિત્ર સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રના ભેદથી અનેક ભેદોવાળું છે અને પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરનું ચારિત્ર વિશેષ શુદ્ધિવાળું છે. ચારિત્રના સર્વ ભેદોમાં અંતિમ ભેદ વીતરાગચારિત્રનો છે. તે વીતરાગમાં પણ ઔપશમિકવીતરાગ અને ક્ષાયિકવીતરાગ એમ બે ભેદ છે. તે બેમાં પણ ક્ષાયિકવીતરાગ સામાયિકનો અંતિમ ભેદ છે.

અહીં પ્રશ્ન થાય કે સામાયિક એ જીવના સમભાવના પરિણામ સ્વરૂપ છે, તો તેમાં અનેક ભેદો કઈ રીતે પડે ? કેમ કે બધા પદાર્થો પ્રત્યેનો સમભાવ તો એક સ્વરૂપ માની શકાય. તેથી કહે છે –

ભગવાનના વચનરૂપ આજ્ઞાની પરિણતિના ભેદથી સામાયિકના અનેક ભેદો પ્રાપ્ત થાય છે; કેમ કે જીવમાં જે કંઈ શુદ્ધિ થાય છે, તે ભગવાનના વચનની પરિણતિને કારણે થાય છે. તેથી જે જીવને જેટલું ભગવાનનું વચન પરિણમન પામ્યું હોય, તેટલી શુદ્ધિ થાય. જે જીવને ભગવાનના વચનની પરિણતિ અધિક થાય તેને અધિક શુદ્ધિ થાય, અને જે જીવને ભગવાનનું વચન પરિપૂર્ણ પરિણમન પામે તે જીવને સામાયિકની પરિપૂર્ણ શુદ્ધિ થાય છે અને તે પરિપૂર્ણ શુદ્ધિવાળું ચારિત્ર વીતરાગને હોય છે. આ રીતે ભગવાનના વચનની પરિણતિના ભેદથી ચારિત્રના અનેક ભેદો પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે દેશવિરતિનો પ્રારંભ શ્રાવકનાં ૧૨ વ્રતોમાંથી કોઈપણ એક વ્રતથી થાય છે. તેથી ગૃહસ્થને સ્થૂલ-હિંસા-વિરમણવ્રત આદિ ચારિત્ર ન કહેતાં સામાયિકથી માંડીને પ્રતિમા સુધી અનુક્રમે ગૃહસ્થને દેશચારિત્ર છે, તેમ કેમ કહ્યું ? તેનું સમાધાન એ છે કે ભગવાનનું વચન યથાર્થ રુચિરૂપે પરિણમન પામે તે સમ્યક્ત્વની ભૂમિકા છે, અને સમ્યક્ રુચિ થયા પછી સમ્યક્ આચારોમાં પ્રવૃત્તિ કરીને જે પરિણતિ પ્રગટ થાય છે, તે સામાયિકના પરિણામરૂપ છે. આથી એક વ્રત લેનાર શ્રાવકને પણ તેટલા અંશમાં પ્રત્યાખ્યાનીય કષાયના વિગમનને કારણે સમભાવનો-સામાયિકનો પરિણામ પ્રગટ થાય છે. તેથી જેને ભાવથી કોઈ પણ એક વ્રત પણ પરિણમન પામે છે, તે શ્રાવકને સ્થૂલ અહિંસાદિ વ્રતને આશ્રયીને

સમભાવનો પરિણામ છે; કેમ કે 'સર્વ જીવો પોતાના આત્મતુલ્ય છે,' એવી બુદ્ધિ તેનામાં વર્તે છે; છતાં સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્ય વર્તન કરી શકે તેમ નથી, તોપણ ત્રસ જીવોને આશ્રયીને તેઓને પીડા ન થાય તે રીતે યતના કરવાનો જે અધ્યવસાય છે, તેટલા અંશમાં સમભાવનું પરિણમન શ્રાવકમાં છે; અને આ રીતે સ્થૂલ-પ્રાણાતિપાત-વિરમણ વ્રતથી માંડીને ગૃહસ્થને સામાયિકનો પરિણામ છે, તે બતાવવા માટે કહ્યું કે સામાયિકાદિ પ્રતિમાના અનુક્રમથી ગૃહસ્થને સામાયિકની શુદ્ધિનો ભેદ છે. તેથી કંઈક પ્રાથમિક ભૂમિકાનો સમભાવ કોઈપણ એક વ્રત લેનારમાં છે અને તે સમભાવ બે આદિ વ્રત લેનારને અધિક અધિક પ્રકર્ષને પામીને યાવત્ શ્રાવકની ૧૧મી પ્રતિમા સુધી તરતમતાથી અનેક ભૂમિકાવાળો હોય છે.

વળી શ્રાવક કેટલાંક વ્રતો અલ્પકાલીન મર્યાદાથી ગ્રહણ કરે છે ત્યારે તે વ્રતવિષયક કાળની અવધિ અલ્પ હોવાથી સમભાવ અલ્પ પ્રમાણમાં હોય છે, અને તે વ્રત જ્યારે જાવજ્જીવ માટે ગ્રહણ કરે છે, ત્યારે તે જાવજ્જીવ માટેના વ્રતના પરિણમનને કારણે સમભાવનો પરિણામ વિશેષ પ્રકારનો બને છે. તેથી વ્રતના ઈત્વર અને યાવત્કથિતના ભેદથી પણ સામાયિકની શુદ્ધિનો ભેદ છે, અને ૧૧મી પ્રતિમા સુધી ગૃહસ્થને સામાયિક છે, જે દેશવિરતિ સામાયિક છે, ત્યાર પછી સર્વવિરતિ સામાયિકનો પરિણામ શરૂ થઈ જાય છે.

આ સર્વવિરતિ સામાયિક પણ યાવજ્જીવ હોવા છતાં પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓમાં વડીદીક્ષા સમયે છેદોપસ્થાપનીય ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે અપેક્ષાએ પ્રથમનું સર્વવિરતિ સામાયિક ઈત્વર છે અને ૨૨ તીર્થંકરના સાધુઓની અપેક્ષાએ પ્રથમનું યાવત્કથિત સર્વવિરતિ સામાયિક છે, એમ સર્વવિરતિ સામાયિક બે પ્રકારના ભેદવાળું છે. પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓમાં સામાયિક ગ્રહણ કર્યા પછી કેટલોક કાળ વ્યતીત થયા બાદ વ્રતોની ઉપસ્થાપના કરાય છે, ત્યાં સુધી પ્રથમ ઈત્વર સામાયિક હોય છે, અને વ્રતોની ઉપસ્થાપના પછી છેદોપસ્થાપનીય-યાવત્કથિત ચારિત્ર પ્રાપ્ત થાય છે, અને આ બીજું ચારિત્ર પ્રથમ સામાયિક કરતાં અધિક વિશુદ્ધિવાળું છે. વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુઓ સામાયિક ગ્રહણ કરે છે ત્યારે જ વ્રતોની ઉપસ્થાપના પણ કરાય છે, તેથી તેઓમાં પ્રથમથી જ વિશેષ પ્રકારનું સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત થાય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્ર જિનકલ્પ સ્વીકારતાં પૂર્વે સાધુઓને હોય છે. તેથી પરિહારવિશુદ્ધિ સામાયિક ઈત્વરકાલીન છે, જ્યારે સામાયિક અને છેદોપસ્થાપનીય બંને ચારિત્ર જાવજ્જીવ માટે હોય છે, અને સૂક્ષ્મસંપરાય ૧૦મા ગુણસ્થાનકમાં ઉપશમશ્રેણીવાળાને અને ક્ષપકશ્રેણીવાળાને હોય છે. તેથી તે પણ સામાયિક ઈત્વરકાલીન હોય છે. ૧૧મા ગુણસ્થાનકમાં યથાખ્યાતચારિત્ર પણ ઈત્વરકાલીન હોય છે અને ૧૨મા ગુણસ્થાનકથી યથાખ્યાતચારિત્ર જાવજ્જીવ હોય છે.

અહીં સામાયિક આજ્ઞાપરિણતિના ભેદથી અનેક પ્રકારનું છે અને તેની અંતિમ ભૂમિકા ક્ષાયિક વીતરાગમાં છે, એમ કહ્યું; અને ગાથા-૧૯માં સ્વયં ગ્રંથકાર બતાવશે કે આજ્ઞાયોગ એ ક્ષાયોપશમિકભાવરૂપ છે; અને પદાર્થની દૃષ્ટિએ વિચારીએ તોપણ ભગવાનની આજ્ઞા શ્રુતજ્ઞાનરૂપ છે, અને તે શ્રુતજ્ઞાનના બોધથી આત્મા જ્યારે અત્યંત ભાવિત થાય છે, ત્યારે આત્મામાં શ્રુતજ્ઞાનનો વિશેષ ઉપયોગ આજ્ઞાની પરિણતિરૂપ બને છે, અને છદ્મસ્થ અવસ્થામાં ૧૨મા ગુણસ્થાનક સુધી પણ ક્ષયોપશમભાવનો જ્ઞાનનો ઉપયોગ હોય છે. તેથી શંકા થાય કે આજ્ઞાપરિણતિ એ ક્ષયોપશમભાવરૂપ ભગવાનના વચનનો પરિણામ

છે, તો આજ્ઞાપરિણતિના અંતિમ ભેદને ક્ષાયિક વીતરાગ કેમ કહેલ છે ?

તેનું સમાધાન એ છે કે શ્રુતજ્ઞાનના ઉપયોગની અપેક્ષાએ સમભાવનો પરિણામ ૧૨મા ગુણસ્થાનકે પણ ક્ષાયોપશમિકભાવરૂપ છે, તોપણ તે પ્રકારનો શ્રુતજ્ઞાનનો ઉપયોગ ચારિત્રમોહનીયના ક્ષયથી થયેલો હોય છે. તેથી ક્ષયોપશમભાવના શ્રુતજ્ઞાનના ઉપયોગરૂપ પણ આજ્ઞાપરિણતિનો પરિણામ ૧૨મા ગુણસ્થાનકે ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી થયેલ હોવાને કારણે, ઉપચારથી ક્ષાયિકભાવનો સ્વીકાર કરીને આજ્ઞાપરિણતિની અંતિમ ભૂમિકાને ક્ષાયિક વીતરાગ કહેલ છે; કેમ કે રાગ-દ્વેષના સ્પર્શ વગરના ક્ષયોપશમભાવના શ્રુતના પરિણામરૂપ આજ્ઞાપરિણતિ હોવાથી શ્રુતના ઉપયોગની અપેક્ષાએ તેને ક્ષયોપશમભાવવાળી સ્વીકારીને ચારિત્રમોહનીયના ક્ષયથી પેદા થયેલી હોવાથી તે આજ્ઞાપરિણતિને ક્ષાયિક કહેલ છે.

અહીં ગૃહસ્થના સામાયિકમાં ભેદો બતાવતી વખતે સામાયિકાદિ કહીને અંતિમ ભેદરૂપ પ્રતિમાનો પણ સાક્ષાત્ ઉલ્લેખ કર્યો, પણ આદિ પદથી પ્રતિમાનો સંગ્રહ ન કર્યો; અને સર્વચારિત્રના ભેદમાં સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્રનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો અને બાકીનાનો આદિથી સંગ્રહ કર્યો. તેનું કારણ એ છે કે ગૃહસ્થનું ચારિત્ર પ્રથમ વ્રતથી માંડીને ૧૧મી પ્રતિમા સુધી છે, અને ૧૧મી પ્રતિમા એ સામાયિકની વચલી ભૂમિકા છે, પૂર્ણ સામાયિક નથી; તે બતાવવા અર્થે અને દેશચારિત્રની અંતિમ ભૂમિકા બતાવવા અર્થે 'પ્રતિમા' શબ્દનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે સર્વચારિત્રના અંતિમ ભેદનો આદિથી સંગ્રહ કરેલો છે; કેમ કે સર્વવિરતિ સામાયિકનો અંતિમ ભેદ પૂર્ણ સામાયિકરૂપ છે. અને આદિ પદથી બાકીના સર્વ ભેદોનો સંગ્રહ થઈ શકે છે.

ચારિત્રના સર્વ ભેદોનું કથન કરતી વખતે સામાયિક અને છેદોપસ્થાપનીય એ બેનો સાક્ષાત્ ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે પ્રથમ અને ચરમ તીર્થપતિના શાસનમાં આ બે ચારિત્ર અવશ્ય હોય છે, તેથી તેઓનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે અને બાકીનાં ત્રણ ચારિત્રો તો હોય પણ અને ન પણ હોય. માટે બાકીના ચારિત્રોનો આદિથી સંગ્રહ કર્યો છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**सामायिकस्यैकरूपत्वात् कथं शुद्धिः? इत्याशङ्कापोहायाऽऽह -**

**અવતરણિકાર્થ :-**

**સામાયિકનું એકરૂપપણું હોવાથી શુદ્ધિ કેવી રીતે ? એ પ્રમાણેની શંકાને દૂર કરવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

સામાયિક સર્વ પદાર્થો પ્રત્યેના સમાન પરિણામરૂપ હોવાથી એક સ્વરૂપ છે, તેવું સ્થૂલ દૃષ્ટિથી દેખાય. તેને સામે રાખીને વિચારકને પ્રશ્ન થાય કે રાગાદિ ભાવમાં તરતમતા હોઈ શકે, પરંતુ રાગાદિના અભાવમાં ક્યારેય તરતમતા હોઈ શકે નહીં; અને સામાયિક એ રાગાદિના અભાવરૂપ છે, તેથી એકરૂપ

છે. માટે 'સામાયિકની શુદ્ધિના ભેદથી ચારિત્રી અનેક પ્રકારનો છે,' એ પ્રકારનું પૂર્વગાથાનું કથન કઈ રીતે સંભવે ? એવી શંકાના નિવારણ માટે ગ્રંથકાર કહે છે –

**ગાથા :-**

**पडिसिद्धेसु अदेसे विहिएसु य ईसिरागभावे वि ।**
**सामाइयं असुद्धं सुद्धं समयाए दोसुं पि ।।१७।।**

**અન્વયાર્થ :-**

**पडिसिद्धेसु=પ્રતિષિદ્ધમાં अदेसे=અદ્વેષ હોતે છતે विहिएसु य=અને વિહિતમાં ईसिरागभावे वि= ઈષદ્ રાગભાવ હોતે છતે પણ सामाइयं=સામાયિક असुद्धं=અશુદ્ધ છે. दोसुं पि=બંનેમાં પણ=વિહિત અને પ્રતિષિદ્ધમાં પણ समयाए=સમતાથી सुद्धं=શુદ્ધ છે.**

**ગાથાર્થ :-**

**પ્રતિષિદ્ધમાં અદ્વેષ હોતે છતે અને વિહિતમાં ઈષદ્ રાગ હોતે છતે પણ સામાયિક અશુદ્ધ છે, બંનેમાં પણ સમતાથી શુદ્ધ છે. ।।૧૭।।**

**ટીકા :-**

**'प्रतिषिद्धेषु'=प्राणातिपातादिषु हेयेषु, 'अद्वेषे'=अमत्सरे, 'विहितेषु च' तपोज्ञानादिषु ईषद्=मनाग् रागभावेऽपि औत्सुक्यकरणेन । किम्? इत्याह - 'सामायिकं'=समभावलक्षणं तात्त्विकम् 'अशुद्धं'=क्षयोपशम-वैचित्र्यान्मलिनम् । 'शुद्धं'=निर्मलं यथावस्थितं 'समतया'=मध्यस्थतया 'द्वयोरपि' विहित-प्रतिषिद्धयोः समतृणमणि-मुक्ता-लेष्ठु-काञ्चनसमशत्रु-मित्रभावरूपत्वादस्य । इति गाथार्थः ।।१७।।**

**ટીકાર્થ :-**

**'प्रतिषिद्धेषु' ..... इति गाथार्थः ।।१७।। પ્રતિષિદ્ધમાં=પ્રાણાતિપાતાદિ હેય ભાવોમાં અદ્વેષ=અમત્સર હોતે છતે, અને વિહિત એવા તપજ્ઞાનાદિમાં ઔત્સુક્યકરણથી ઈષદ્=મનાગ્=કંઈક, રાગભાવ હોતે છતે પણ, સમભાવરૂપ તાત્ત્વિક સામાયિક અશુદ્ધ છે=ક્ષયોપશમના વૈચિત્ર્યથી મલિન છે. બંનેમાં પણ=વિહિત અને પ્રતિષિદ્ધમાં પણ સમતાથી=મધ્યસ્થતાથી સામાયિક શુદ્ધ છે=યથાવસ્થિત નિર્મળ છે; કેમ કે આનું=સામાયિકનું સમતૃણ-મણિ-મોતી-ઢેકું-કાંચનરૂપ અને સમશત્રુમિત્રરૂપ સમભાવરૂપપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

સામાયિકનો પ્રારંભ સમભાવથી થાય છે, અને શ્રાવક એક પણ વ્રત ગ્રહણ કરે અને તે વ્રતને ભગવાનના વચનાનુસાર સમ્યક્ પરિણમન પમાડે ત્યારથી સામાયિકનો પ્રારંભ થાય છે, જે ઉત્તરોત્તર વૃદ્ધિ

પામીને ૧૧મી પ્રતિમા સુધી દેશચારિત્રરૂપ સામાયિક છે. ત્યાર પછી મુનિનું સામાયિક શરૂ થાય છે. મુનિનું સામાયિક પ્રારંભિક ભૂમિકામાં પ્રાણાતિપાતાદિ હેયમાં અત્યંત મત્સરભાવવાળું હોય છે=હેય ભાવો સહન ન થઈ શકે તેવું હોય છે, અને તપ-જ્ઞાનાદિ વિહિતમાં અત્યંત રાગવાળું હોય છે; કારણ કે મુનિને મોક્ષ પ્રત્યે બલવાન રાગ છે અને ભવ પ્રત્યે બલવાન દ્વેષ છે. પરંતુ જેમ જેમ મુનિને સામાયિકનો પરિણામ પ્રકર્ષવાળો થતો જાય છે, તેમ તેમ ક્રમશઃ હેયમાં મત્સરભાવ નિવર્તન પામે છે અને હેયમાં પ્રવૃત્તિ પણ હોતી નથી; અને તપ-જ્ઞાનાદિમાં વિકલ્પરૂપે રાગભાવ ઘટતો જાય છે; છતાં શક્તિના પ્રકર્ષથી તપ-જ્ઞાનાદિમાં યત્ન હોય છે. તોપણ જ્યાં સુધી થોડું પણ ઔત્સુક્ય વર્તતું હોય તો વિહિત અનુષ્ઠાનમાં વિકલ્પરૂપે ઈષદ્ રાગભાવ છે, અને જ્યાં સુધી આ ઈષદ્ રાગભાવ જીવતો છે ત્યાં સુધી સમભાવરૂપ સામાયિક અશુદ્ધ છે; કેમ કે ચારિત્રમોહનીયના ક્ષયોપશમના વૈચિત્ર્યથી તરતમતાવાળા સમભાવના પરિણામમાં ઔત્સુક્યપરિણામરૂપ ઈષદ્ માલિન્ય છે; અને જ્યારે તપોજ્ઞાનાદિમાં લેશ પણ ઔત્સુક્ય નથી, ત્યારે યથાવસ્થિત નિર્મળ સામાયિકની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જીવમાં જેવા પ્રકારની પૂર્ણ ભૂમિકાવાળો સમભાવ છે, તેવા પ્રકારનો નિર્મળ સમતાનો પરિણામ પ્રગટે છે; કેમ કે વિહિત અને પ્રતિષિદ્ધ એવાં અનુષ્ઠાનોમાં પણ તે ભૂમિકામાં મધ્યસ્થભાવ છે. છતાં ક્ષાયિક વીતરાગ નથી માટે આ સમભાવનો પરિણામ શુદ્ધ સામાયિકરૂપ હોવા છતાં સમગ્ર સામાયિક નથી અને આ શુદ્ધ સામાયિક ક્રમસર વૃદ્ધિને પામીને ક્ષાયિક વીતરાગ બને ત્યારે સમગ્ર સામાયિક બને છે.

અહીં વિધિ-પ્રતિષેધમાં મધ્યસ્થપણું હોવાને કારણે શુદ્ધ સામાયિક છે, તેમ કહ્યું. તેમાં હેતુ આપ્યો કે સમતૃણમણિઆદિરૂપ સમભાવનો પરિણામ છે. તે હેતુમાં તૃણ-મણિ દ્વારા જડ પદાર્થોના સમભાવનું ગ્રહણ કરેલ છે અને શત્રુ-મિત્ર દ્વારા જીવ પ્રત્યેના સમભાવનું ગ્રહણ કરેલ છે, પરંતુ સાક્ષાત્ વિહિત અને પ્રતિષિદ્ધનું ગ્રહણ નથી; તોપણ જેમ જડ પદાર્થો અને સર્વ જીવોનો સમભાવ અપેક્ષિત છે, તેમ મોક્ષ અને સંસાર પ્રત્યે અને મોક્ષના ઉપાયો અને સંસારના ઉપાયો પ્રત્યે પણ સમભાવ અપેક્ષિત છે, તેનું ઉપલક્ષણથી ગ્રહણ કર્યું છે, અને તેનાથી યથાવસ્થિત એવું નિર્મળ શુદ્ધ સામાયિક પ્રગટ થાય છે.

આવું શુદ્ધ સામાયિક ક્ષયોપશમભાવવાળું પણ હોઈ શકે, ઉપશમભાવવાળું પણ હોઈ શકે અને ક્ષાયિકભાવવાળું પણ હોઈ શકે.

ક્ષયોપશમભાવનું શુદ્ધ સામાયિક અસંગઅનુષ્ઠાનવાળા અપ્રમત્તમુનિઓને હોય છે, અને ૧૦મા ગુણસ્થાનકસુધી જીવમાં રાગનો પરિણામ હોય, તેથી પ્રશ્ન થાય કે તેઓને શુદ્ધ સામાયિક કઈ રીતે હોઈ શકે ?

તેનું તાત્પર્ય એ છે કે અસંગઅનુષ્ઠાનવાળા અપ્રમત્તમુનિઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રત્યે અપ્રતિબદ્ધ થઈને સર્વથા ઔત્સુક્ય વગર આત્મભાવમાં નિવિશમાન છે, જેથી તેમનો ઉપયોગ રાગ-દ્વેષના ઉચ્છેદમાં પ્રવર્તી રહ્યો છે. તેથી તે વખતે તેઓને વિહિત અનુષ્ઠાન પ્રત્યે રાગ નથી અને નિષિદ્ધ અનુષ્ઠાન પ્રત્યે દ્વેષ પણ નથી, માટે તેઓમાં શુદ્ધ સામાયિક છે. અહીં ફક્ત ઉદયમાન રાગ કે દ્વેષ વિકલ્પરૂપ નથી, તેથી ઔત્સુક્ય નથી માટે શુદ્ધ સામાયિક છે, અને વીતરાગ બને છે ત્યારે તે શુદ્ધ સામાયિક સમગ્ર બને છે.

વળી અશુદ્ધ સામાયિક જેમ પ્રતિષિદ્ધમાં દ્વેષથી અને વિહિત અનુષ્ઠાનમાં ઔત્સુક્યરૂપ રાગથી

પ્રાપ્ત થાય છે, તેમ ક્વચિત્ અતિચારકાળમાં અપ્રશસ્ત રાગ-દ્વેષથી પણ પ્રાપ્ત થાય છે. **॥૧૭॥**

**અવતરણિકા :-**

यथैतदेवं भवति तथाऽभिधातुमाह –

**અવતરણિકાર્થ :-**

આ=સામાયિક, જે રીતે આવું=શુદ્ધ, થાય છે, તે બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

एयं विसेसणाणा आवरणावगमभेयओ चेव ।
इय दट्ठव्वं पढमं भूसणठाणाइपत्तिसमं ।।१८।।

**અન્વયાર્થ :-**

**एयं=આ=શુદ્ધ સામાયિક विसेसणाणा=વિશેષ જ્ઞાનથી आवरणावगमभेयओ चेव=અને આવરણના અપગમના ભેદથી इय=આવું=શુદ્ધ दट्ठव्वं=જાણવું. भूषणठाणाइपत्तिसमं=ભૂષણસ્થાનાદિની પ્રાપ્તિ જેવું पढमं=પ્રથમ સામાયિક જાણવું. ॥૧૮॥**

**ગાથાર્થ :-**

**આ શુદ્ધ સામાયિક વિશેષ જ્ઞાનથી અને આવરણના અપગમના ભેદથી શુદ્ધ જાણવું. ભૂષણસ્થાનાદિની પ્રાપ્તિ જેવું પ્રથમ સામાયિક જાણવું. ॥૧૮॥**

**ટીકા :-**

**'एतत्'=शुद्धं सामायिकं, 'विशेषज्ञानात्' – तात्त्विकाद् हेयोपादेयविषयाद्, अहिदष्टाङ्गच्छेदाद्युदाहरणतोऽभिष्वङ्गविषत्यागसंवेदनादिगर्भाद्, विहितमिति एकान्तानभिष्वङ्गानुष्ठानं क्रियमाणं श्रेयः, तत्त्वाभिष्वङ्गस्यापि तत्त्वतोऽतत्त्वत्वाद्** "वस्त्रादिशुद्धिविधावञ्जनकल्पत्वाद् धर्मरागादपि मुनिरमुनिः" **इत्यन्यैरप्यभिधानात्, अनेन रूपेण तत्कात्स्न्यानाराधनात्, भगवति गौतमप्रतिबन्धो ज्ञातमप्यत्रेति ।**

**ટીકાર્થ :-**

**'एतत्' शुद्धं ..... इत्यन्यैरप्यभिधानात्, તાત્ત્વિક હેય-ઉપાદેયના વિષયવાળા એવા, અને સર્પથી ડંસાયેલા અંગના છેદાદિના ઉદાહરણથી અભિષ્વંગવિષના ત્યાગનું સંવેદનાદિ છે ગર્ભમાં જેને એવા, વિશેષ જ્ઞાનથી કરાયેલું આ=શુદ્ધ સામાયિક, છે, એથી એકાંત અનભિષ્વંગ અનુષ્ઠાન કરાતું શ્રેય છે; કેમ કે તત્ત્વના અભિષ્વંગનું પણ તત્ત્વથી અતત્ત્વપણું છે.**

તત્ત્વનો અભિષ્વંગ અતત્ત્વ કેમ છે, તેમાં યુક્તિ આપે છે -

"વસ્ત્રાદિની શુદ્ધિની ક્રિયામાં અંજન જેવું હોવાથી ધર્મરાગથી પણ મુનિ અમુનિ છે" **એ પ્રમાણે અન્યો વડે પણ=બીજા દર્શનકારો વડે પણ, કથન કરાયેલું છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રમાં અભિષ્વંગવાળું અનુષ્ઠાન એકાંતે શ્રેય કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**अनेन रूपेण ..... ज्ञातमप्यत्रेति ।આ રૂપે=અભિષ્વંગરૂપે, તેની=સામાયિકની, સંપૂર્ણપણે આરાધના નથી. ભગવાનમાં ગૌતમસ્વામીનો પ્રતિબંધ અહીં=પૂર્ણરૂપે આરાધનાના અભાવમાં, દૃષ્ટાંત પણ છે. 'इति' શબ્દ વિશેષ જ્ઞાનથી આ સામાયિક શુદ્ધ છે, એ કથનની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

પરિપૂર્ણ શુદ્ધ સામાયિક વિશેષ જ્ઞાનથી થાય છે. તે વિશેષ જ્ઞાનનું સ્વરૂપ બતાવે છે :

જેમ કોઈને સાપ કરડ્યો હોય તો તેના શરીરના જે ભાગમાં વિષ હોય તે ભાગ અધિક અનર્થનું કારણ લાગવાથી છેદી નાખવામાં આવે તો તેનું અવશિષ્ટ અંગ વિષ વગરનું રહે છે, તે રીતે આત્મામાં અનાદિકાળથી અભિષ્વંગરૂપ વિષ વર્તે છે, તે અભિષ્વંગનો જીવ ત્યાગ કરે, ત્યારે સંપૂર્ણ અભિષ્વંગના પરિણામ વગરના આત્માનું સંવેદન પેદા થાય છે; અને તેવું સંવેદનાદિ છે ગર્ભમાં જેને એવું હેય-ઉપાદેયના વિષયનું તાત્ત્વિક જ્ઞાન જ્યારે જીવમાં પ્રગટે છે, ત્યારે તેને આવું શુદ્ધ સામાયિક પ્રાપ્ત થાય છે.

આનાથી એ ફલિત થાય કે એકાંત અભિષ્વંગ વગર કરાતું અનુષ્ઠાન આત્મા માટે શ્રેયકારી છે અર્થાત્ અભિષ્વંગ વગર કરાતું અનુષ્ઠાન આત્મા માટે મોક્ષનું કારણ છે.

આ વાત સાંભળીને વિચારકને પ્રશ્ન થાય કે ભૌતિક પદાર્થો પ્રત્યે ક્યાંય અભિષ્વંગ ન હોય, માત્ર તત્ત્વ પ્રત્યેનો અભિષ્વંગ હોય, જે શ્રેયનું કારણ છે. તેમ સ્વીકારી શકાય માટે એકાંત અનભિષ્વંગવાળું અનુષ્ઠાન શ્રેય છે, તેવું કેમ કહેવાય ? તેથી કહે છે –

'તત્ત્વ પ્રત્યેનો અભિષ્વંગ પણ તત્ત્વથી અતત્ત્વ છે.' આ વાતને વધુ દૃઢ કરવા અર્થે કહે છે - અન્ય દર્શનકારોએ પણ કહ્યું છે કે જેમ વસ્ત્રાદિની શુદ્ધિ કરવા માટે અંજનનો ઉપયોગ કરવામાં આવે તો તે અંજનથી વસ્ત્રાદિની શુદ્ધિ થાય નહીં, તેમ આત્માની શુદ્ધિ કરવામાં અંજન જેવા ધર્મરાગથી પણ મુનિ અમુનિ છે અર્થાત્ ધર્મરાગથી પણ મુનિ આત્માની શુદ્ધિ માટે અપ્રયત્નવાળા છે. માટે તત્ત્વ પ્રત્યે અભિષ્વંગ કરવો ઉચિત નથી.

આશય એ છે કે ૧૦મા ગુણસ્થાનક સુધી મુનિને રાગ હોય છે. તેથી જ્યાં સુધી એ રાગ સંપૂર્ણ નાશ ન પામે ત્યાં સુધી તેનો રાગ મોક્ષ અને મોક્ષના ઉપાયમાં પ્રવર્તે છે; અને મોક્ષનો રાગ એટલે

અનિચ્છાનો રાગ, અને મોક્ષના ઉપાયનો રાગ એટલે અનિચ્છામાં પ્રયત્ન કરવાનો રાગ; અને તેથી અનિચ્છાની કારણીભૂત એવી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ જિનકલ્પી આદિ મુનિઓ પણ કરે છે. તે વખતે જે મોક્ષનો રાગ અને મોક્ષના ઉપાયનો રાગ છે, તે તત્ત્વથી અભિષ્વંગ નથી; કેમ કે અનિચ્છાનો રાગ તત્ત્વથી અનિચ્છારૂપ છે, તેમ કહેલ છે. પરંતુ મોક્ષ અને મોક્ષના ઉપાયમાં જેમ રાગ છે તેમ, પોતે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે શીઘ્ર ફળ મેળવવાની જે ઉત્સુકતા થાય છે, તે ઉત્સુકતારૂપ ધર્મરાગ તત્ત્વથી વસ્ત્ર ધોવામાં અંજનકલ્પ છે; કેમ કે આ પ્રકારની ઉત્સુકતા તે આત્માની શુદ્ધિનું કારણ નથી, પરંતુ શક્તિના પ્રકર્ષથી અનિચ્છામાં યત્ન કરાવે તેવો પ્રયત્ન આત્માની શુદ્ધિનું કારણ છે. આમ છતાં આદ્ય ભૂમિકાવાળા સાધકને વારંવાર "જલદી મોક્ષ મળે, જલદી હું સાધના કરું" એ પ્રકારની ઉત્સુકતા પણ વર્તે છે, અને તે ઉત્સુકતારૂપ ધર્મરાગને સામાયિકની અશુદ્ધિના કારણરૂપે અહીં કહેલ છે.

વળી જે સાધુ વિશેષ શ્રુત ભણેલા છે તેઓ શક્તિના પ્રકર્ષથી સંયમમાં યત્ન કરતા હોય ત્યારે પણ, ૧૦મા ગુણસ્થાનક સુધી અવશ્ય રાગવાળા તો છે જ; પરંતુ તેઓ પોતાના રાગને શમાવવા માટે શક્તિના પ્રકર્ષથી ધ્યાનાદિમાં યત્ન કરી રહ્યા છે, જે ધ્યાનાદિના બળથી તેમનો સ્ફુરાયમાન થતો રાગ ક્ષીણક્ષીણતર થતો જાય છે; અને તે ધ્યાનાદિકાળમાં પણ પોતે જે પ્રયત્ન કરે છે, તેનાથી ઉપરની ભૂમિકામાં જવા માટેનો ઔત્સુક્યનો પરિણામ તેઓમાં નથી, છતાં ઉપરની ભૂમિકામાં જવા માટેનો શક્તિના પ્રકર્ષથી યત્ન છે. માટે તેવા મુનિઓને ક્ષયોપશમભાવનું શુદ્ધ સામાયિક વર્તે છે અને તે ક્ષયોપશમભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવમાં વિશ્રાંત થાય છે. આવા સાધુને મોક્ષને અનુકૂળ અનુષ્ઠાનો પ્રત્યે અભિષ્વંગ નથી, પરંતુ માત્ર પોતાની પ્રકૃતિથી તેઓ અસંગભાવમાં યત્ન કરતા હોય છે.

અહીં વિશેષ એ છે કે વ્યવહારનયથી ધર્મરાગ સંયમવૃદ્ધિનું કારણ હોવા છતાં, નિશ્ચયનયથી ઔત્સુક્યના પરિણામરૂપ ધર્મરાગ રાગાંશના પરિણામથી આત્માને મલિન કરનારો છે. આથી આદ્ય ભૂમિકાવાળા સાધુઓ કે શ્રાવકો જ્યારે ભાવનાઓ કરે છે, ત્યારે પોતે જે ભૂમિકામાં નથી તે ભૂમિકા પ્રાપ્ત કરવા માટે ઉત્સુકતાવાળા બને છે, અને તે ઉત્સુકતારૂપ ધર્મરાગથી તેઓ ઉપરની ભૂમિકામાં જતા હોય છે.

પરંતુ શુદ્ધ સામાયિકવાળા મુનિઓ સ્વભાવથી સર્વત્ર અભિષ્વંગ વગર ઉચિત પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાનમાં યત્ન કરનારા હોય છે. તેનાથી સમતાની વૃદ્ધિ થાય છે અને ૧૦મા ગુણસ્થાનક સુધી જે કષાય વિદ્યમાન છે તેના ઉચ્છેદ માટેનો યત્ન વર્તે છે, અને પ્રાયઃ કષાયોના સ્ફુરણ માટે ઉપયોગ પ્રવર્તતો નથી; જ્યારે અભિષ્વંગવાળા અનુષ્ઠાનમાં તો પ્રશસ્ત કષાયોના સ્ફુરણનો યત્ન વર્તે છે.

અહીં જ્ઞાનના વિશેષણ તરીકે તાત્ત્વિક શબ્દનો પ્રયોગ કર્યો. તેનું તાત્પર્ય એ છે કે સંસારના જે સુંદર પદાર્થોમાં ઉપાદેયબુદ્ધિ અને અસુંદર પદાર્થોમાં હેયબુદ્ધિ છે, તે તો અતાત્ત્વિક છે જ; પરંતુ જે હેયબુદ્ધિ પ્રતિષિદ્ધમાં દ્વેષ ઉત્પન્ન કરે છે અને જે ઉપાદેયબુદ્ધિ વિહિતમાં રાગને ઉત્પન્ન કરે છે તે પણ કર્મબંધનું કારણ હોવાથી અતાત્ત્વિક છે, અને કર્મબંધનું કારણ ન બને તેવી જીવની પરિણતિ ઉપાદેય છે. તેથી પ્રતિષિદ્ધમાં દ્વેષ ન હોય અને વિહિતમાં રાગ ન હોય એવા હેય-ઉપાદેય વિષય છે જેમાં એવા વિશેષ જ્ઞાનથી શુદ્ધ સામાયિક થાય છે.

વળી, સ્થાપન કર્યું કે એકાંત અનભિષ્વંગવાળું અનુષ્ઠાન શ્રેય છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે અભિષ્વંગવાળું અનુષ્ઠાન શ્રેય નથી, એનું કારણ શું ? એથી કરીને કહે છે –

અભિષ્વંગરૂપે આ સામાયિકનું સંપૂર્ણ આરાધન થતું નથી.

આશય એ છે કે અભિષ્વંગ એ જીવનો પોતાનો પરિણામ નથી. તેથી અભિષ્વંગપૂર્વક કરાતું ધર્માનુષ્ઠાન, જે અંશમાં ભોગાદિની નિર્લેપતા છે તે અંશની અપેક્ષાએ આરાધનારૂપ હોવા છતાં અભિષ્વંગ અંશથી તે અનુષ્ઠાન આત્માના ભાવોને મલિન કરતું હોવાથી આત્માના ગુણોના વિકાસમાં અવરોધક બને છે. તેથી જે સાધુ સંયમનું અનુષ્ઠાન અભિષ્વંગપૂર્વક કરે છે, તેનાથી તે જેટલા નિર્લેપ થાય છે, તેના કરતાં તે સાધુ તે સંયમનું અનુષ્ઠાન અભિષ્વંગ વગર કરે તો વિશેષ નિર્લેપદશા પ્રાપ્ત કરે. આ વાતને દૃઢ કરવા માટે કહ્યું છે કે "ભગવાનમાં ગૌતમસ્વામીનો પ્રતિબંધ અહીં દૃષ્ટાંત પણ છે." જોકે ગૌતમસ્વામીને ભગવાનના ગુણો પ્રત્યેનો રાગ હતો, તોપણ જન્મજન્માંતરના પરિચયને કારણે અંતઃપરિણતિથી ભગવાન પ્રત્યે પ્રતિબંધ પણ હતો, જે અભિષ્વંગરૂપ હતો; અને તે અભિષ્વંગ અંશના કારણે આરાધના સંપૂર્ણ નહીં થતી હોવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં વિલંબ થતો હતો.

**ટીકા :-**

**एवमादेर्विशिष्टश्रुतसमुत्थात् एतच्च प्रायः सर्वेषां चतुर्दशपूर्वधरादीनामित्यत आह-आवरणापगमभेदतश्चैव, चारित्रमोहनीयावरणापगमविशेषाच्चेति भावः । किम्? इत्याह - 'इति द्रष्टव्यम्' एतत् सामायिकं शुद्धमेवं द्रष्टव्यम्, परमार्थत उभयभाववृद्ध्या तात्त्विकमिति ।**

**ટીકાર્થ :-**

**एवमादे..... तात्त्विकमिति । અહીં 'एवमादेः' સામાસિક પદ છે. આવા આદિનું=પૂર્વમાં વર્ણન કર્યું એવા શુદ્ધ સામાયિકનું, વિશિષ્ટ શ્રુતસમુત્થપણું હોવાથી, અને આ=શુદ્ધ સામાયિક, સર્વ ચતુર્દશ પૂર્વધરાદિને પ્રાયઃ છે. અર્થાત્ બધા ચૌદપૂર્વધરાદિ વિશેષ શ્રુતવાળા હોવા છતાં, 'પ્રાયઃ' શબ્દથી પ્રાપ્ત કોઈક ચતુર્દશ પૂર્વધરાદિને આ શુદ્ધ સામાયિક નથી, તેનું કારણ શું ? તે બતાવવા માટે કહે છે –**

**અને આવરણના અપગમના ભેદથી=ચારિત્રમોહનીયકર્મરૂપ આવરણના અપગમવિશેષથી, આ સામાયિક શુદ્ધ છે, એ પ્રમાણે જાણવું; અર્થાત્ પરમાર્થથી ઉભયભાવની વૃદ્ધિથી=વિશિષ્ટ શ્રુત અને આવરણના અપગમવિશેષરૂપ ઉભયભાવની વૃદ્ધિથી, તાત્ત્વિક છે=તાત્ત્વિક સામાયિક છે. इति=એ હેતુથી (જે ચતુર્દશ પૂર્વધરાદિને આવરણનો અપગમવિશેષ નથી થયો તેઓને વિશેષ શ્રુત હોવા છતાં શુદ્ધ સામાયિક નથી, એમ અન્વય છે.)**

**❖ 'इति' શબ્દ હેતુ અર્થમાં છે.**

**❖ મૂળ ગાથામાં 'इति द्रष्टव्यम्' છે, તેમાં રહેલ 'इति' શબ્દ 'एवम्' અર્થમાં છે.**

**ભાવાર્થ :-**

આવરણના અપગમના ભેદથી શુદ્ધ સામાયિક થાય છે, તે રૂપ બીજા હેતુનું ઉત્થાન કરતાં બતાવે છે કે સામાન્ય શ્રુતમાં સંપૂર્ણ ઔત્સુક્ય વગરના શુદ્ધ સામાયિકને પ્રગટ કરવાની શક્તિ નહીં હોવાથી શુદ્ધ સામાયિક વિશિષ્ટ શ્રુતથી થઈ શકે છે; કેમ કે વિશેષ શ્રુત વગર સર્વથા અભિષ્વંગવિષના ત્યાગવાળું જ્ઞાન પ્રગટ થઈ શકે નહીં અને તેવા જ્ઞાન વગર શુદ્ધ સામાયિક થઈ શકે નહીં.

વળી આવું વિશિષ્ટ શ્રુત ચતુર્દશ પૂર્વધરાદિ બધાને છે, છતાં કોઈક ચતુર્દશ પૂર્વધરાદિને આ શુદ્ધ સામાયિક નથી. તેથી વિચારકને પ્રશ્ન થાય કે વિશેષ શ્રુતજ્ઞાન છે, કલ્યાણના અત્યંત અર્થી છે, છતાં તેવા વિશેષ શ્રુતવાળા કોઈક ચતુર્દશ પૂર્વધરાદિને શુદ્ધ સામાયિક કેમ નથી ?

તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી બતાવે છે કે ચારિત્રમોહનીયકર્મરૂપ આવરણના અપગમવિશેષથી આવું શુદ્ધ સામાયિક પ્રગટે છે. તેથી જે ચતુર્દશ પૂર્વધરાદિને તેવા પ્રકારના ચારિત્રમોહનીયના આવરણનો અપગમવિશેષ થયો નથી, તેઓ પાસે વિશિષ્ટ શ્રુત હોવા છતાં શુદ્ધ સામાયિક નથી.

વળી આ શુદ્ધ સામાયિક પરમાર્થથી શ્રુત અને ચારિત્રરૂપ ઉભયભાવની વૃદ્ધિથી તાત્ત્વિક છે.

આશય એ છે કે ક્ષયોપશમભાવનું જે શ્રુતજ્ઞાન છે, તેના બળથી શુદ્ધ સામાયિકવાળા જીવો ધ્યાનમાં યત્ન કરે છે અને તે ધ્યાનથી વિશેષ પ્રકારની સમતા પ્રગટે છે અને તે સમતાથી આગળની ભૂમિકાના ધ્યાનમાં યત્ન થાય છે. આ રીતે 'ધ્યાનથી સમતા અને સમતાથી ધ્યાન,' શુદ્ધ સામાયિકવાળા મુનિઓમાં વર્તે છે. તે ધ્યાનના બળથી જ્ઞાનનો ક્ષયોપશમ વધે છે અને તે જ્ઞાનના ક્ષયોપશમથી વેદન થતી સમતાની પરિણતિથી ચારિત્રમોહનીયનો અપગમ વધે છે; જે પ્રકર્ષને પામીને ક્ષપકશ્રેણી સુધી જાય છે ત્યારે, પ્રાતિભજ્ઞાનરૂપ વિશેષજ્ઞાન અને પરમઉપેક્ષારૂપ વિશેષ સમતા નિષ્પન્ન થાય છે. આ રીતે ઉભયભાવની વૃદ્ધિ જે સામાયિકમાં હોય તે સામાયિક તાત્ત્વિક છે.

**ટીકા :-**

**यद्येवं माषतुषादीनामादौ कथमेतत्? इत्याह - 'प्रथमं' सामायिकं=छेदोपस्थाप्यादिकण्डकाधोवर्ति । किम्? इत्याह - 'भूषणस्थानादिप्राप्तिसमं'=रत्नालङ्कारकरण्डकप्राप्तितुल्यम्, आदिशब्दाद् हिरण्यवसनादिप्राप्तिपरिग्रहः ।**

**નોંધ :-** ટીકામાં "भूषणठाणाइपत्तिसमं" એ હેતુઅર્થક વિશેષણ છે. માટે જ 'किम्' ? એ પ્રમાણેના પ્રશ્નથી ઉત્થાન કરેલું છે.

**ટીકાર્થ :-**

**यद्येवं ..... परिग्रहः । જો આમ છે=વિશિષ્ટ શ્રુતથી અને વિશેષ ચારિત્રમોહનીયના અપગમથી શુદ્ધ સામાયિક થાય એમ છે, તો માષતુષાદિ મુનિઓને આદિમાં=ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી તેના પૂર્વે સંયમ ગ્રહણ કર્યું ત્યારે, આ=શુદ્ધ સામાયિક, કેવી રીતે ઘટે ? એથી મૂળ ગાથામાં કહે છે - (તેમને)**

**પ્રથમ સામાયિક છે=છેદોપસ્થાપ્યાદિ સામાયિકના કંડકના અધોવર્તી=નીચેના સ્થાનવાળું, પ્રથમ સામાયિક છે. અધોવર્તી સ્થાનવાળું કેમ છે ? એથી કહે છે –**

**ભૂષણસ્થાનાદિની પ્રાપ્તિ જેવું છે=રત્નઅલંકારના કરંડિયા આદિની પ્રાપ્તિ તુલ્ય છે.**

**'भूषणस्थानादि' માં 'आदि' શબ્દથી સુવર્ણના વસ્ત્રાદિની પ્રાપ્તિનું ગ્રહણ કરવાનું છે.**

**ભાવાર્થ :-**

ગાથાના ઉત્તરાર્ધમાં "पढमं भूषणठाणाइपत्तिसमं" એ પ્રમાણેનું જે કથન કરેલું છે, તેનું ઉત્થાન કરતાં કહે છે : જો વિશેષશ્રુતથી અને વિશેષ ચારિત્રમોહનીયના અપગમથી શુદ્ધ સામાયિક થઈ શકે છે, તો માષતુષાદિ મુનિએ સંયમ ગ્રહણ કર્યું તે વખતે તેમને તેવું વિશિષ્ટ શ્રુત હતું નહીં, તેથી તેમને શુદ્ધ સામાયિક અર્થાત્ સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત થઈ શકે નહીં; છતાં તેઓને સર્વવિરતિ સામાયિક શાસ્ત્રકારોને માન્ય છે, તો તે કેવી રીતે ઘટે ? તેમ જ લાગે. તેથી કહે છે -

માષતુષ મુનિને જે સર્વવિરતિ સામાયિક છે, તે પ્રથમ સામાયિક છે અને પ્રથમ સામાયિક છેદોપસ્થાપ્ય આદિ સામાયિકના સંયમસ્થાનના જે કંડકો છે તેના અધોવર્તી કંડકોનું હોય છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રથમ સર્વવિરતિ સામાયિક, સંયમસ્થાનના કંડકોના અધોવર્તી સ્થાને કેમ છે ? એથી કહે છે –

ભૂષણસ્થાનાદિની પ્રાપ્તિ જેવું આ પ્રથમ સામાયિક છે અર્થાત્ રત્નાલંકારના કરંડકની પ્રાપ્તિ તુલ્ય છે.

આશય એ છે કે રત્નાલંકારની પ્રાપ્તિ જેવું શુદ્ધ સામાયિક છે અને તે રત્નાલંકારોના ભરેલા કરંડિયાની પ્રાપ્તિ જેવું પ્રથમ સામાયિક છે, જે માષતુષાદિને હતું. આ પ્રથમ સામાયિક, પરિપૂર્ણ શુદ્ધ સામાયિક જેવું શુદ્ધ નથી, માત્ર સર્વવિરતિ સામાયિકરૂપે આ પ્રથમ સામાયિક અને શુદ્ધ સામાયિક સમાન છે. પરંતુ જેમ રત્નના અલંકારથી ભરેલા કરંડિયાને યત્ન કરીને ઉઘાડવામાં આવે ત્યારે તેમાં રહેલાં રત્નોની પ્રાપ્તિ થાય છે, તેમ માષતુષાદિને પ્રાપ્ત થયેલું સર્વવિરતિ સામાયિક તેમના તેવા પ્રકારના યત્નથી રત્નાલંકારની પ્રાપ્તિ જેવા શુદ્ધ સામાયિકનું કારણ બન્યું હતું. આથી માષતુષ મુનિએ ક્ષપકશ્રેણીને અને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરેલ.

અહીં વિશેષ એ છે કે રત્નોના અલંકારો જેમ ઉત્તમ વસ્તુ છે, તેમ શુદ્ધ સામાયિક જીવનો ઉત્તમ પરિણામ છે અને શુદ્ધ સામાયિકવાળા મુનિઓ પરમઉપેક્ષાભાવમાં વર્તતા હોય છે. આવા પરમઉપેક્ષાના ભાવોનું વેદન માષતુષાદિને મળેલા પ્રથમ સામાયિકકાળમાં નથી, તોપણ તેમને રત્નથી ભરેલા કરંડિયા જેવો પ્રથમ ભૂમિકાના સામાયિકનો પરિણામ છે, અને જેમ રત્નના કરંડિયાને ઉઘાડવા માટે યત્ન કરાય તો રત્નોની પ્રાપ્તિ થાય છે, તેમ પ્રથમ ભૂમિકાનું સામાયિક પ્રાપ્ત થયા પછી અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરાય તો અવશ્ય શુદ્ધ સામાયિક પ્રાપ્ત થાય છે.

અહીં 'भूषणस्थानादि' માં 'आदि' પદથી હિરણ્યવસનાદિની=સુવર્ણનાં વસ્ત્રાદિની, પ્રાપ્તિ તુલ્ય

પ્રથમ સામાયિક જાણવું, તેમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે શુદ્ધ સામાયિક રત્નાલંકારની પ્રાપ્તિ તુલ્ય છે અને આ પ્રથમ સામાયિક તેનાથી હીન કોટિનાં સુવર્ણનાં વસ્ત્રાદિની પ્રાપ્તિ તુલ્ય છે.

પ્રથમ સામાયિક રત્નના કરંડિયાની પ્રાપ્તિ તુલ્ય છે તેમ કહ્યું, ત્યાં સામાયિકની ઓઘથી પ્રાપ્તિ બતાવી; અને હિરણ્યના વસ્ત્રાદિની પ્રાપ્તિ જેવું છે તેમ કહ્યું, ત્યાં આ પ્રથમ સામાયિક શુદ્ધ સામાયિકથી હીન છે, તેમ સ્થાપન કરેલ છે.

આશય એ છે કે છેદોપસ્થાપ્યાદિ કંડકના અધોવર્તી કંડકવાળું પ્રથમ સામાયિક શુદ્ધ સામાયિકની યોગ્યતાવાળું છે. તેથી ઓઘથી ત્યાં રત્નાલંકારની પ્રાપ્તિ થઈ ચૂકેલી છે, તોપણ જેમ રત્નનો કરંડિયો ખોલ્યા પછી તેમાંથી રત્ન પ્રાપ્ત થાય છે, તેમ ઓઘથી પ્રાપ્ત થયેલું પ્રથમ સામાયિક વિશેષ પ્રયત્નથી શુદ્ધ સામાયિકનું કારણ બને છે, તે અર્થમાં પ્રથમ કરંડિયાનું દૃષ્ટાંત છે; અને બીજા વસ્ત્રાદિના દૃષ્ટાંતથી એ પ્રાપ્ત થયું કે શુદ્ધ સામાયિક એ રત્નના અલંકાર જેવું છે અને પ્રથમ સામાયિક તેના કરતાં હીન કક્ષાના સુવર્ણનાં વસ્ત્રાદિની પ્રાપ્તિ જેવું છે.

**ટીકા :-**

**अत्र हि न किञ्चित् तत्तदन्तर्यत्नावाप्तम्, ओघेन, अथ च कालान्तरेणोपायतः तद्विशेषावाप्तिः । एवमोघतोऽपि सामायिकावाप्तौ विशिष्टक्षयोपशमभावतस्तथाऽवन्ध्यबीजभावत्वेन कालोपायान्तरापेक्षायामपि तत्त्वतस्तद्भेदावाप्तिसिद्धिः, अन्यथा सामायिकसामग्र्याऽयोगात्, सर्वथा सर्वभावसमतायां आदित एव वीतरागत्वप्राप्तेः कर्मणस्तत्र परमार्थतोऽकिञ्चित्करत्वात्, किञ्चित्करत्वे तु नोक्तन्यायातिरेकेण समग्रताऽस्येति परिभावनीयम् । तथाऽन्यैरप्युक्तम्** - "सम्भृतसुगुप्तरत्नकरण्डकप्राप्तितुल्या हि भिक्षवः ! प्रथमसद्धर्मस्थानावाप्तिः" । **इति गाथार्थः ।।१८।।**

**ટીકાર્થ :-**

अत्र हि न ..... वीतरागत्व प्राप्तेः । **અહીં=સર્વવિરતિગ્રહણરૂપ પ્રથમ સામાયિકમાં, કંઈ પણ તે તે અંતર્યત્નથી પ્રાપ્ત કરાયું નથી=શુદ્ધ સામાયિક માટે જે જે પ્રકારનો અંતર્યત્ન આવશ્યક છે, તે તે પ્રકારના અંતર્યત્નથી કંઈ પણ પ્રાપ્ત કરાયું નથી, ઓઘથી=સામાન્યથી, પ્રાપ્ત કરાયું છે; અને હવે કાલાંતર વડે=કાલ પસાર કરવા વડે, ઉપાયથી=ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાના સેવનરૂપ ઉપાયથી, તેના વિશેષની=પ્રથમ પ્રાપ્ત થયેલ ઓઘ સામાયિકના વિશેષની, પ્રાપ્તિ છે.**

**આ રીતે=પ્રથમ સામાયિકમાં તે તે અન્તર્યત્નથી કંઈ પ્રાપ્ત થયું નથી, પરંતુ ઓઘથી પ્રાપ્ત થયું છે અને હવે કાલાંતરે ઉપાયથી તેના વિશેષની પ્રાપ્તિ થશે એ રીતે, ઓઘથી પણ સામાયિકની પ્રાપ્તિ થયે છતે વિશિષ્ટ ક્ષયોપશમભાવ હોવાના કારણે=દેશવિરતિના સામાયિક કરતાં વિશેષ પ્રકારનો ક્ષયોપશમભાવ હોવાના કારણે, તેવા પ્રકારનું અવંધ્યબીજભાવપણું છે=ઓઘથી પ્રાપ્ત થયેલા આ સામાયિકમાં યત્ન ચાલુ રહે તો તેના સંસ્કારોના અતિશય દ્વારા અવશ્ય શુદ્ધ સામાયિક પ્રગટ થાય તેવા પ્રકારનું અવંધ્ય કારણપણું છે; અને તેવા પ્રકારનું અવંધ્યબીજભાવપણું હોવાને કારણે કાળ અને**

**ઉપાયાન્તરની અપેક્ષા હોતે છતે પણ તત્ત્વથી=પરમાર્થથી, તેના=સર્વવિરતિ સામાયિકના, ભેદની અવાપ્તિની=પ્રાપ્તિની, સિદ્ધિ છે; કેમ કે, અન્યથા=આવું ન માનો તો, અર્થાત્ પૂર્વમાં કહ્યું કે ઓઘથી સામાયિકની પ્રાપ્તિમાં પણ તત્ત્વથી સર્વવિરતિ સામાયિકના ભેદની પ્રાપ્તિની સિદ્ધિ છે તેમ ન માનો તો, સામાયિકના સામગ્ર્યનો=સમગ્રપણાનો, અયોગ છે=પ્રથમ ભૂમિકામાં સર્વવિરતિ સામાયિક અસમગ્ર હતું અને તે પ્રકર્ષને પામીને સમગ્ર થયું એ પ્રમાણેનું જે શાસ્ત્રવચન છે, તે ઘટશે નહીં.**

સામાયિકના સામગ્ર્યનો અયોગ કેમ છે ? તેમાં હેતુ બતાવે છે –

**સર્વથા સર્વભાવની સમતા હોતે છતે આદિથી જ=દીક્ષાગ્રહણના કાળથી જ અર્થાત્ સર્વવિરતિ સામાયિકગ્રહણના કાળથી જ વીતરાગત્વની પ્રાપ્તિ થશે. 'अत्र' પછી 'हि' વાક્યાલંકારમાં છે.**

**ઉત્થાન :-**

અહીં કોઈને પ્રશ્ન થાય કે આદિમાં પણ સર્વભાવસમતારૂપ સામાયિક તો છે, પણ ત્યાં કર્મનો ઉદય છે માટે અસમગ્ર છે, અને પછી કર્મનો ઉદય નથી માટે સામાયિક સમગ્ર છે, એમ સ્વીકારીએ તો શું વાંધો ? તેમાં હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**कर्मण ..... इति गाथार्थः ।।१८।। ત્યાં=દીક્ષાગ્રહણ કરે ત્યારે જ સર્વથા સર્વભાવસમતામાં, કર્મનું પરમાર્થથી અકિંચિત્કરપણું છે=સામાયિકની અસમગ્રતા કરવા માટે કર્મનું કારણપણું નથી. તેથી સામાયિકના સમગ્ર-અસમગ્રરૂપ ભેદ ઘટશે નહીં. વળી કર્મ કંઈ કરે છે તેમ સ્વીકારવામાં, ઉક્ત ન્યાય વગર=પ્રથમ ઓઘથી સામાયિક છે જેમાં સર્વથા સર્વભાવ પ્રત્યે સમતા નથી પરંતુ ઓઘથી સર્વભાવ પ્રત્યે સમતા છે, તેમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રૂપ ઉક્ત ન્યાય વગર, આની=સામાયિકની, સમગ્રતા નથી, એ પ્રમાણે પરિભાવન કરવું.**

**તે પ્રકારે=પ્રથમ સામાયિકની પ્રાપ્તિ રત્નના કરંડિયાની પ્રાપ્તિ તુલ્ય છે તે પ્રકારે, અન્યો વડે પણ=અન્ય દર્શનકારો વડે પણ, કહેવાયું છે –**

"હે ભિક્ષુઓ ! સારી રીતે ભરેલા, સારી રીતે રક્ષણ કરાયેલા રત્નના કરંડિયાની પ્રાપ્તિ જેવી પ્રથમ સદ્ધર્મની પ્રાપ્તિ છે." **એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

માષતુષાદિ મુનિઓનું પ્રથમ સામાયિક ભૂષણસ્થાનાદિની પ્રાપ્તિ તુલ્ય છે, એ વાતને યુક્તિથી બતાવતાં કહે છે –

માષતુષાદિ મુનિઓએ દીક્ષાગ્રહણકાળે જે સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત કરેલું તે વખતે તેમને તે તે પ્રકારનો અંતર્યત્ન કંઈ પ્રાપ્ત થયો નહોતો, ઓઘથી અંતરંગ યત્ન પ્રાપ્ત થયો હતો. આથી ઓઘથી સર્વવિરતિ સામાયિક હતું, પરંતુ તે તે અંતર્યત્ન દ્વારા પ્રકર્ષને પામેલું શુદ્ધ સામાયિક ન હતું. તે આ રીતે –

સાધુઓ સંયમ ગ્રહણ કરે છે ત્યારે સામાન્યથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો તેમને બોધ હોય છે, તેથી આરાધક સાધુ મન, વચન અને કાયાને ગુપ્ત રાખીને, ગીતાર્થ ગુરુની આજ્ઞા અનુસાર ઉચિત ક્રિયાઓમાં યત્ન કરે છે. તે વખતે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા જે જે પ્રકારનો અંતર્યત્ન આગળમાં થવાનો છે, તેવો અંતર્યત્ન તેમને પ્રાપ્ત થયો નથી, તોપણ ઓઘથી બાહ્યભાવોથી ગુપ્ત થઈને આત્માના ભાવો તરફ જવા માટેનો યત્ન શરૂ થયો છે; અને ત્યારપછી ગીતાર્થ ગુરુને પરતંત્ર થઈને જેમ જેમ ગ્રહણશિક્ષામાં અને આસેવનશિક્ષામાં યત્ન કરે છે, તેમ તેમ કંઈક અંતરંગ યત્ન શરૂ થાય છે, અને તે રીતે તેઓ શાસ્ત્ર ભણીને વિશેષ શ્રુતવાળા બને છે ત્યારે, પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તરનું તેમનું સામાયિક વિશુદ્ધ-વિશુદ્ધતર બનતું જાય છે.

આશય એ છે કે શુદ્ધ સામાયિકકાળમાં સાધકને સંસારના સર્વ ભાવો પ્રત્યે અને વિહિત અને પ્રતિષિદ્ધ પ્રત્યે પણ પરમઉપેક્ષા હોય છે, અને તેથી જ્ઞાનની શુદ્ધ પરિણતિ સ્ફુરાયમાન થાય તે રીતે ધ્યાનાદિમાં યત્ન થતો હોય છે. આ ધ્યાનના બળથી સમતા આવિર્ભાવ પામે છે અને એ આવિર્ભાવ પામેલી સમતા પૂર્વ કરતાં અતિશયિત ધ્યાનમાં યત્ન કરાવે છે અને તે ધ્યાનથી વિશિષ્ટ એવી સમતા પ્રાપ્ત થાય છે. આ રીતે શુદ્ધ સામાયિકવાળા મુનિઓ તે તે અંતર્યત્નથી ધ્યાન અને સમતાની વૃદ્ધિ કરીને અસંગભાવમાં વર્તતા હોય છે. આવો અંતર્યત્ન માષતુષાદિ મુનિઓને પ્રથમ સામાયિકકાળમાં પ્રગટ થયો નથી, પરંતુ સામાન્યથી સર્વવિરતિનો પરિણામ પ્રગટ્યો છે. તેથી પ્રથમ સામાયિકકાળમાં પણ "આત્માથી ભિન્ન એવા સર્વ પુદ્ગલો આત્મા માટે અનુપયોગી છે, અને જગતના સર્વ જીવો મારા આત્મા તુલ્ય છે, માટે જગતના કોઈ પણ પુદ્ગલમાં રાગ કે દ્વેષ ન થાય, અને જીવમાત્ર પ્રત્યે આત્મવત્પણાની બુદ્ધિ જીવંત રહે" તેવો પરિણામ તેમના ચિત્તમાં વર્તતો હતો. તેથી વિહિતમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધમાં નિવૃત્તિ તેમને મોક્ષના ઉપાયરૂપ લાગતી હતી, જેને કારણે તેમનો રાગ વિહિતમાં દૃઢ પ્રવૃત્તિ કરાવે તે રીતે પ્રવર્તતો હતો અને તેમનો દ્વેષ નિષિદ્ધમાંથી નિવૃત્તિ કરાવે તે રીતે પ્રવર્તતો હતો; અને આ બધાનું મૂળ કારણ તેઓની મોક્ષની બળવાન ઈચ્છા જીવંત હતી. છતાં તેમને શ્રુતનો વિશેષ અભ્યાસ નહીં હોવાના કારણે કઈ રીતે પરમ સમતામાં યત્ન કરવો તે પ્રકારનું જ્ઞાન ન હતું, પરંતુ ભાવિમાં પરમ સમતાનો ભાવ પ્રગટ થાય તેવો ઓઘથી સર્વવિરતિ સામાયિકની સમતાનો પરિણામ તેઓમાં વર્તતો હતો. તેથી આ પ્રથમ ભૂમિકાના સામાયિકમાં યત્ન કરતાં કરતાં અમુક કાળ પસાર થયો ત્યારે તે સંયમના પરિણામથી વિશિષ્ટ જ્ઞાનાવરણીયકર્મનો હ્રાસ થયો તેથી તેઓને વિશિષ્ટ શ્રુતજ્ઞાન પ્રગટ્યું હતું, અને તે વિશિષ્ટ શ્રુતજ્ઞાનથી માષતુષ મુનિ પણ સંસારના સર્વ ભાવો પ્રત્યે અને વિહિત-પ્રતિષિદ્ધ પ્રત્યે પણ પરમ ઉપેક્ષા પ્રગટ કરે તેવા ધ્યાનને પામી શક્યા હતા.

આ રીતે ઓઘથી પણ સર્વ પુદ્ગલો પ્રત્યે અને સર્વ જીવો પ્રત્યેના સમભાવરૂપ સામાયિકનો પરિણામ હોવાથી માષતુષાદિનું સામાયિક શ્રાવકના સામાયિક કરતાં વિશિષ્ટ ક્ષયોપશમભાવવાળું હતું. તેથી શ્રાવકનું સામાયિક જે રીતે મોક્ષનું અવંધ્ય બીજ છે, તેના કરતાં માષતુષાદિનું સામાયિક જુદા પ્રકારના અવંધ્ય બીજવાળું હતું; કેમ કે દેશવિરતિ સામાયિકવાળાને સર્વ પુદ્ગલો અને સર્વ જીવો પ્રત્યે સમભાવનો પરિણામ નથી, પરંતુ દેશથી સમભાવ છે અને દેશથી પુદ્ગલોનું આકર્ષણ પણ છે અને પોતાના ભોગસુખ

ખાતર અન્ય જીવોને પીડા કરે તેવો અધ્યવસાય પણ છે. તેમ જ દેશવિરતિ સામાયિક રુચિઅંશથી શુદ્ધ સામાયિક સાથે જોડાયેલું હોવા છતાં પ્રવૃત્તિઅંશથી શુદ્ધ સામાયિકથી દૂરવર્તી છે; જ્યારે માષતુષાદિ મુનિઓનું તો સર્વ ભાવો પ્રત્યે સમભાવરૂપ સર્વવિરતિ સામાયિક હતું, કેવળ વિશિષ્ટ શ્રુતના અભાવથી શુદ્ધ સામાયિક પ્રગટ થઈ શકતું ન હતું; છતાં તે શુદ્ધ સામાયિક તરફ જવાના પૂર્ણ યત્નસ્વરૂપ હતું. આથી શુદ્ધ સામાયિકની ઓઘથી પ્રાપ્તિ સર્વવિરતિ સામાયિકમાં સ્વીકારેલ છે; કેમ કે ઓઘથી પ્રાપ્ત થયેલી આ સામાયિક વિહિતમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધથી નિવૃત્તિ કરાવીને તત્ત્વજ્ઞાનના સંસ્કાર આધાન કરે છે અને તે ધીરે ધીરે પ્રકર્ષને પામીને સમગ્ર એવા શુદ્ધ સામાયિક તરફ જાય છે. આથી શાસ્ત્રકારોએ સર્વવિરતિ સામાયિકના સમગ્ર અને અસમગ્રરૂપ બે ભેદ પાડ્યા છે, તે સંગત થાય છે. આમ ન માનવામાં આવે અને એમ માનવામાં આવે કે સર્વથા સર્વભાવો પ્રત્યે સમતા આવે ત્યારે સર્વવિરતિ સામાયિકની પ્રાપ્તિ થાય છે, તે પૂર્વે થતી નથી; તો પ્રથમ ભૂમિકાના સામાયિકના પ્રાપ્તિકાળમાં જ જીવ વીતરાગ બની જાય, અને તેમ સ્વીકારીએ તો શાસ્ત્રને માન્ય એવા સમગ્ર અને અસમગ્રરૂપ સામાયિકના ભેદો ઘટે નહીં.

અહીં 'સર્વભાવસમતા' એટલું જ ન કહેતાં 'સર્વથા સર્વભાવસમતા' હોતે છતે આદિથી જ વીતરાગત્વની પ્રાપ્તિ થાય, તેમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે દેશવિરતિવાળાને સર્વભાવોની સમતા નથી, પરંતુ કિંચિત્ ભાવોની સમતા છે, તેથી તે દેશચારિત્રી છે; અને મુનિ સંયમ ગ્રહણ કરે છે ત્યારથી તેને સર્વભાવો પ્રત્યે સમતાનો પરિણામ વર્તે તે રીતે મન-વચન-કાયાને પ્રવર્તાવવાની પ્રતિજ્ઞા કરે છે, અને સુભટની જેમ મોહના ઉચ્છેદ માટે યત્ન કરે છે; પરંતુ સર્વ ભાવો પ્રત્યે તેની સમતા સર્વથા નથી, માટે સર્વથા સર્વભાવ પ્રત્યે સમતા જેનાથી થાય, તેના ઉપાયોમાં તેને પક્ષપાત હોય છે, અને તે ભાવોમાં પ્રતિબંધક એવા પ્રમાદાદિ દોષો પ્રત્યે અસહિષ્ણુતા હોય છે. આવા પ્રકારના પક્ષપાત અને અસહિષ્ણુતાના પરિણામથી સર્વભાવો પ્રત્યેની સમતાનો પરિણામ ક્રમસર વધીને સર્વથા સર્વભાવની સમતાવાળો થાય છે. તેથી જો સર્વવિરતિ સામાયિકની પ્રથમ ભૂમિકામાં સર્વથા સર્વભાવની સમતા છે તેમ સ્વીકારી લઈએ, તો જીવ વીતરાગ થઈ જાય, અને એમ સ્વીકારવાથી સામાયિકના સમગ્ર અને અસમગ્ર ભેદ ઘટી શકે નહીં.

આ આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે જેમણે પણ સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત કર્યું છે, તેમને પ્રારંભમાં સર્વથા સર્વભાવો પ્રત્યે સમતા તો વર્તે છે, પરંતુ મોહનીયકર્મ વિપાકમાં છે, માટે સમગ્ર સામાયિક નથી; અને પાછળથી પણ જીવને સર્વથા સર્વભાવો પ્રત્યે સમતા છે, પણ તે વખતે કર્મનું અસ્તિત્વ નથી. માટે કર્મના અસ્તિત્વના-નાસ્તિત્વના કારણે સામાયિકનો સમગ્રતા અને અસમગ્રતારૂપ ભેદ પાડી શકાશે, પરંતુ સર્વવિરતિ સામાયિક તો સર્વથા સર્વભાવસમતારૂપ છે. માટે માષતુષ મુનિનું પ્રથમ સામાયિક સર્વભાવસમતારૂપ હોવા છતાં સર્વથા સર્વભાવસમતારૂપ નથી માટે પ્રથમ સામાયિક છે અને પાછળથી થતું સામાયિક સર્વથા સર્વભાવસમતારૂપ છે માટે શુદ્ધ છે, તેવો ભેદ કરી શકાય નહીં.

તેને ગ્રંથકાર કહે છે કે જો પ્રથમ સામાયિકમાં સર્વથા સર્વભાવ પ્રત્યે સમતા હોય તો વિપાકમાં આવતું મોહનીયકર્મ પરમાર્થથી કંઈ કરતું નથી, તેમ માનવું પડે; અને કર્મ કંઈ કરતું ન હોય તો સમગ્ર અને

અસમગ્રરૂપ ભેદ પડી શકે નહીં; અને કર્મ કંઈ કરે છે તેવું માનો તો તે મોહનીયકર્મ જીવમાં વર્તતી સર્વભાવની સમતામાં કાંઈ ભેદ પાડે છે, અને આથી પ્રથમ સામાયિકમાં સર્વભાવો પ્રત્યે સમતા હોવા છતાં સર્વથા સર્વભાવો પ્રત્યે સમતા નથી, પરંતુ સર્વથા સર્વભાવો પ્રત્યે સમતાની બળવાન ઈચ્છા છે. આથી તેના ઉપાયોમાં રાગ વર્તે છે અને તે રાગ વિપાકમાં આવતા કર્મથી કરાયેલી જીવની પરિણતિરૂપ છે, અને એ રાગના કારણે પ્રથમ સામાયિક સર્વભાવો પ્રત્યે સમતાવાળું હોવા છતાં અસમગ્ર છે; અને જ્યારે સાધક ભગવાનના વચન પ્રમાણે સુદૃઢ યત્ન કરીને વિશેષ જ્ઞાનને પ્રાપ્ત કરે છે, ત્યારે તે વિશેષ જ્ઞાનના બળથી સર્વથા સર્વભાવો પ્રત્યે સમતાવાળો બને તે તેનું સમગ્ર સામાયિક છે.

આ રીતે માષતુષાદિ મુનિઓને પ્રારંભમાં પ્રાપ્ત થયેલ સર્વવિરતિ સામાયિક ભાવિમાં ધ્યાન અને સમતારૂપ શુદ્ધ સામાયિકની યોગ્યતારૂપ હતું. જેમ રત્નના અલંકારથી ભરેલો અલંકારનો કરંડિયો ઉઘાડ્યા વિનાનો પ્રાપ્ત થયો હોય અને તેને ઉઘાડવાથી તેમાંથી રત્નો પ્રગટ થાય છે, તેમ માષતુષાદિ મુનિઓને રત્નના અલંકારોથી ભરાયેલા કરંડિયાની પ્રાપ્તિ જેવું ઓઘથી સર્વવિરતિ સામાયિક હતું, અને તેને=રત્નના કરંડિયાને, ખોલવાની પ્રક્રિયાથી રત્નોના અલંકારની પ્રાપ્તિ જેવા શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થઈ.

આનાથી એ ફલિત થયું કે સંયમ લેતી વખતે છેદોપસ્થાપ્યાદિ કંડકના અધોવર્તી કંડકનું સામાયિક હોય છે, જે સર્વભાવ પ્રત્યે સમતાના પરિણામરૂપ હોય છે, છતાં તે સમગ્ર સામાયિક નથી; અને આ સર્વવિરતિ સામાયિક ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા સુઅભ્યસ્ત થાય, પછી વચનાનુષ્ઠાનમાંથી મુનિ અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે, ત્યારે શુદ્ધ સામાયિક પ્રગટ થાય છે, તોપણ તે શુદ્ધ સામાયિક સમગ્ર સામાયિક નથી. પરંતુ આ શુદ્ધ સામાયિક ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જીવ મોહનીયની અશુદ્ધિથી સંપૂર્ણ મુક્ત થાય ત્યારે સમગ્ર સામાયિક ઉપશાંતમોહવીતરાગને ૧૧મા ગુણસ્થાનકે અને ક્ષાયિકવીતરાગને ૧૨મા ગુણસ્થાનકે પ્રગટ થાય છે, જે યથાખ્યાતચારિત્રરૂપ છે. તેના પહેલાંનું સર્વ ચારિત્ર અસમગ્ર છે. તે વખતે સર્વવિરતિ સામાયિક હોવા છતાં તેની અસમગ્રતાનું કારણ ઉદયમાં વર્તતું મોહનીયકર્મ છે.

## સામાયિકના પ્રકારો

**સર્વભાવ પ્રત્યે સમતાના પરિણામરૂપ દીક્ષા લેતાં પ્રાપ્ત થતું પ્રથમ સામાયિક**

↓

**સંયમ ગ્રહણ પછી વડીદીક્ષા વખતે પ્રગટ થતું છેદોપસ્થાપ્યાદિ કંડકના અધોવર્તી કંડકનું સામાયિક**

↓

**ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા સુઅભ્યસ્ત સર્વવિરતિ સામાયિક**
**વચનાનુષ્ઠાનના સેવનથી અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત કરે ત્યારે શુદ્ધ સામાયિક**

↓

**શુદ્ધ સામાયિક ઉત્તરોત્તર વૃદ્ધિ પામી મોહની સંપૂર્ણ અશુદ્ધિથી રહિત યથાખ્યાતચારિત્ર સામાયિક ૧૧મા ગુણસ્થાનકે ઉપશાંતમોહ વીતરાગને અને ૧૨ થી ૧૪મા ગુણસ્થાનકે ક્ષાયિક વીતરાગને પ્રાપ્ત થાય તે સમગ્ર સામાયિક**

અન્ય દર્શનકારોએ પ્રથમ સદ્ધર્મસ્થાનની પ્રાપ્તિનું સ્વરૂપ બતાવ્યું છે, તે આ પ્રમાણે છે –

'સદ્ધર્મ' કહેવાથી સર્વવિરતિ ગ્રહણ થાય છે અને 'પ્રથમ' કહેવાથી સર્વવિરતિ ધર્મ પણ પ્રથમ ભૂમિકાનો પ્રાપ્ત થાય છે, જે અસમગ્ર સર્વવિરતિ સામાયિકરૂપ છે. તેનું સ્વરૂપ બતાવતાં કહે છે : 'તે સામાયિક સંભૃત, સુગુપ્ત રત્નકરંડકની=રત્નના કરંડિયાની પ્રાપ્તિ તુલ્ય છે.' જેમ કોઈ રત્નનો કરંડિયો રત્નોથી સારી રીતે ભરાયેલો હોય અને સારી રીતે રક્ષણ કરાયેલો હોય, તેવો કરંડિયો કોઈને પ્રાપ્ત થયેલો હોય, તોપણ તે કરંડિયાને ઉઘાડીને જ્યાં સુધી રત્નો પ્રગટ ન કરે ત્યાં સુધી તે રત્નોની પ્રાપ્તિ તેને થાય નહીં. પરંતુ આવા રત્નના કરંડિયાને ઉઘાડવાના પ્રયત્નથી જેમ રત્નની પ્રાપ્તિ થાય છે, તેમ પ્રથમ સર્વવિરતિ સામાયિક પણ આવા રત્નના કરંડિયાની પ્રાપ્તિ જેવું છે. તેથી તે પ્રથમ સર્વવિરતિ સામાયિક ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા જેમ જેમ યત્ન થાય છે, તેમ તેમ તે રત્નકરંડકમાંથી રત્નો બહાર આવતાં જાય છે; અને જ્યારે તે કરંડિયો ખોલીને સંપૂર્ણ રત્નોને પ્રાપ્ત કરે, તેમ જે મુનિ પરમઉપેક્ષાના પરિણામને પ્રાપ્ત કરે ત્યારે તે રત્નના અલંકારોની પ્રાપ્તિ જેવા શુદ્ધ સામાયિકને પ્રાપ્ત કરે છે.

અહીં કરંડિયાના વિશેષણમાં 'संभृत' કહ્યું, તેથી એ પ્રાપ્ત થયું કે જેમ રત્નનો કરંડિયો રત્નોથી સારી રીતે ભરેલો છે, તેમ પ્રથમ સામાયિકનો પરિણામ સંસારના સર્વ ભાવોથી નિવૃત્ત થઈ પરમઉપેક્ષારૂપ સામાયિકના પરિણામથી ભરેલો છે; કેમ કે પરમઉપેક્ષારૂપ સામાયિક પ્રત્યેનો અનહદ પ્રતિબંધ હોવાથી પ્રથમ ભૂમિકાના સામાયિકવાળા મુનિઓ અપ્રમાદભાવથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં સુદૃઢ યત્ન કરે છે. વળી જેમ તે રત્નકરંડિયો सुगुप्त છે=જેમ તે રત્નકરંડિયામાં રત્નો સારી રીતે રક્ષિત છે, તેમ મુનિ પણ તૈલપાત્ર ધરનારના દૃષ્ટાંતથી સુદૃઢ યત્ન કરીને પરમઉપેક્ષાના ભાવને સુરક્ષિત રાખે છે અને તે જ ભાવને પ્રગટ કરવા અર્થે સર્વ ઉચિત યત્ન કરે છે, તેથી પરમઉપેક્ષા તરફ જ પ્રયત્નશીલ છે. તેથી જે રીતે કરંડિયામાં રત્નો સુગુપ્ત છે, તે રીતે પરમઉપેક્ષા તરફ જવા માટે અપ્રમાદભાવથી યત્ન કરતા માષતુષાદિ મુનિઓના સામાયિકભાવમાં પરમઉપેક્ષાનો પરિણામ સુગુપ્ત છે, આથી સુરક્ષિત છે.

જ્યારે શ્રાવકોને સામાયિકમાં પરમઉપેક્ષા તરફનો પક્ષપાત હોવા છતાં પોતાના પરિગ્રહ પ્રત્યેનો પ્રતિબંધ પણ વર્તે છે. તેથી તેમના સામાયિકના પરિણામમાં પરમઉપેક્ષારૂપ યત્ન સુગુપ્ત નથી, તેથી પ્રથમ ભૂમિકાના સર્વવિરતિ સામાયિકને 'सुभृत' અને 'सुगुप्त' રત્નના કરંડિયાની પ્રાપ્તિ તુલ્ય કહેલ છે.

**અથવા આ ગાથાનું તાત્પર્ય આ પ્રમાણે છે :-**

ગાથા-૧૭ની અવતરણિકામાં શંકા કરેલ કે સર્વવિરતિ સામાયિક એકરૂપ છે, તો સામાયિકના શુદ્ધ અને અશુદ્ધ એવા ભેદો કઈ અપેક્ષાએ છે ?

તેનું સમાધાન કરતાં ગાથા-૧૭માં કહ્યું કે પ્રાણાતિપાતાદિ દોષો પ્રત્યે અદ્વેષ હોય અને તપ-જ્ઞાનાદિમાં ઔત્સુક્યકરણ દ્વારા થોડો પણ રાગભાવ હોય ત્યાં સુધી સામાયિક અશુદ્ધ છે, અને જે સાધુ

અપ્રમાદભાવથી સંયમના ઉત્તરયોગોમાં ઉત્સુકતા વગર યત્ન કરે છે, તેઓને શુદ્ધ સામાયિક છે.

વળી પ્રવૃત્તિઆશયનું વર્ણન કરતાં **'ષોડશક'** ગ્રંથમાં પણ કહેલ છે કે 'અકાળે ફળવાંછારૂપ ઉત્સુકતા વગરનો પ્રવૃત્તિઆશય હોય છે.' એથી પણ એમ જણાય છે કે જે સાધુઓ સંપૂર્ણ ઉત્સુકતા વગર, શાસ્ત્રના સૂક્ષ્મબોધપૂર્વક, ભગવાનના વચનાનુસાર સુદૃઢ યત્ન કરે છે, તેઓ પ્રવૃત્તિઆશયવાળા છે અને તેઓમાં શુદ્ધ સામાયિક છે. વળી જે સાધુઓ ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે; છતાં પ્રણિધાનઆશયવાળા હોવાથી વિશેષ તપ, વિશેષ જ્ઞાનાદિ પ્રાપ્ત કરવાની ઉત્સુકતાને ધારણ કરે છે અથવા પ્રાણાતિપાતાદિ દોષો પ્રત્યે દ્વેષ ધારણ કરે છે, તેઓને અશુદ્ધ સામાયિક છે.

આનાથી એ ફલિત થાય કે જે સાધુઓ શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રના સૂક્ષ્મબોધપૂર્વક સુદૃઢ યત્ન કરનારા હોય છે, તેઓમાં શુદ્ધ સામાયિક છે; અને જે સાધુઓ સંયમયોગમાં સુદૃઢ યત્ન કરી રહ્યા છે, પરંતુ પોતે જે તપ-જ્ઞાનાદિમાં યત્ન કરે છે, તેના કરતાં વિશેષ તપ-જ્ઞાનાદિ પ્રત્યેની ઉત્સુકતાને ધારણ કરે છે એટલો પણ ઉપયોગમાં રાગાંશ છે, ત્યાં સુધી સામાયિક અશુદ્ધ છે.

આ રીતે ૧૭મી ગાથામાં સામાયિકનો શુદ્ધ-અશુદ્ધ ભેદ બતાવ્યો પછી ૧૮મી ગાથાની અવતરણિકામાં કહ્યું કે જે રીતે આ=શુદ્ધ સામાયિક એ, આવા પ્રકારનું=ગાથા-૧૭માં બતાવ્યું એવા પ્રકારનું, શુદ્ધ થાય છે, તે રીતે ગાથા-૧૮માં બતાવે છે.

ત્યારપછી શુદ્ધ સામાયિક ગાથા-૧૮ના પૂર્વાર્ધમાં બતાવ્યું જે વિશેષ જ્ઞાનાદિથી થાય છે ત્યાં પ્રશ્ન થાય કે તો માષતુષાદિ મુનિઓને આદિમાં આવું શુદ્ધ સામાયિક કેવી રીતે સંભવે ? તેના જવાબરૂપે ગાથા-૧૮ના ઉત્તરાર્ધમાં કહ્યું કે ભૂષણસ્થાનાદિની પ્રાપ્તિ જેવું છેદોપસ્થાપ્યાદિ સામાયિકના અધોકંડકવર્તી પ્રથમ સામાયિક માષતુષાદિ મુનિઓને છે. તેથી એ પ્રાપ્ત થાય કે આ માષતુષ મુનિનું સામાયિક પણ શુદ્ધ છે, પરંતુ અધોકંડકવર્તી છે.

તેનાથી એ ફલિત થાય કે માષતુષાદિ પણ ઉત્સુકતા વગર સંયમયોગમાં સુદૃઢ યત્ન કરતા હતા, તેમનું ચિત્ત સર્વત્ર નિરુત્સુક હતું, વળી તેઓમાં અકાળે ફલવાંછારૂપ કે શીઘ્ર ક્રિયાની સમાપ્તિરૂપ ઔત્સુક્ય ન હતું, અને ક્યાંય અભિષ્વંગ નહીં હોવાથી તેઓનું ચિત્ત તદ્દન નિરભિષ્વંગ હતું. તેથી તેઓનું સામાયિક પણ શુદ્ધ સામાયિકની આદ્યભૂમિકાવાળું હતું, અને પાછળથી ક્રમે કરીને તે સામાયિક અસંગાનુષ્ઠાનમાં પરિણમન પામે છે; અને અસંગઅનુષ્ઠાનવાળા માસતુષાદિ મુનિઓ પ્રકર્ષને પામીને વીતરાગ બને છે, ત્યારે સર્વથાસર્વભાવસમતારૂપ શુદ્ધ સામાયિક વર્તે છે. આમ છતાં આદ્યભૂમિકાના શુદ્ધ સામાયિકમાં કે અસંગાનુષ્ઠાનકાળના શુદ્ધ સામાયિકમાં સર્વભાવસમતા હોવા છતાં સર્વથાસર્વભાવસમતા નથી, માટે સામાયિકની સમગ્રતાનો અયોગ છે, અને વીતરાગ બને છે ત્યારે સામાયિકમાં સમગ્રતાનો યોગ થાય છે.

જો આવો અર્થ કરીએ તો ટીકામાં 'एवमोघतो ..... तद्‌भेदावाप्ति सिद्धिः' નો અર્થ આ પ્રમાણે કરવો પડે :

"આ રીતે ઓઘથી પણ શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થયે છતે અશુદ્ધ સામાયિકવાળા કરતાં ઓઘથી

શુદ્ધ સામાયિકવાળામાં વિશિષ્ટ ક્ષયોપશમ હોવાથી, ક્રમસર વૃદ્ધિ પામીને ઉત્તરોત્તર વિશેષ પ્રકારના શુદ્ધ સામાયિકનું અવંધ્યબીજભાવપણું=કારણપણું હોવાના કારણે, કાળ અને ઉપાયાંતરની અપેક્ષા હોવા છતાં પણ વિશેષ પ્રકારના થનારા એવા તે શુદ્ધ સામાયિકના ભેદની સિદ્ધિ છે અર્થાત્ આ ઓઘ સામાયિક તે વિશેષ શુદ્ધ સામાયિકનો ભેદ છે." અને આ ઓઘ સામાયિક પ્રકર્ષને પામીને સામાયિકની સમગ્રતાનું કારણ બને છે, જ્યારે અશુદ્ધ સામાયિક તો ઔત્સુક્યદોષથી કરાતું હોવાથી સામાયિકની સમગ્રતાનું સાક્ષાત્ કારણ બનતું નથી. આથી જ ષોડશક ગાથા-૩/૮માં કહ્યું કે, "અકાળે ફલવાંછારૂપ ઔત્સુક્ય તત્ત્વથી આર્ત્તધ્યાનરૂપ છે."

જો આ રીતે ૧૮મી ગાથાનો અર્થ કરીએ તો ગાથા-૧૯ની અવતરણિકાનો અર્થ આ પ્રમાણે થાય -

"જો આ રીતે=ગાથા-૧૮માં બતાવ્યું કે શુદ્ધ સામાયિક સર્વત્ર ઔત્સુક્ય વગરના સમભાવ લક્ષણવાળું છે એ રીતે, શુદ્ધ સામાયિકવાળાને ભિક્ષાટનાદિ કોઈક વખતે થતી ક્રિયા કેમ ઘટે ?"

આ પ્રશ્ન પણ ગાથા-૧૮માં બતાવેલ ઓઘથી અને વિશેષથી પ્રાપ્ત કરેલ શુદ્ધ સામાયિકને ગ્રહણ કરીને કરેલ છે, અને તેના જવાબરૂપે ગાથા-૧૯માં બતાવ્યું કે ભગવાનના વચનરૂપ આજ્ઞાના યોગથી તેઓની ભિક્ષાટનાદિમાં કોઈક વખતે પ્રવૃત્તિ થતી હોય છે. તેથી પણ એ ફલિત થાય કે જે પ્રવૃત્તિઆશયવાળા મુનિ છે, તેઓ સંયમયોગમાં સુદૃઢ યત્નવાળા છે અને તેઓમાં લેશ પણ ઔત્સુક્ય નથી, તેથી તેઓની સામાયિકમાં કોઈ મલિનતા નથી; અને ભગવાનના વચનથી જ સુદૃઢ પ્રવૃત્તિ હોવાના કારણે આવા પ્રવૃત્તિઆશયવાળા મુનિને પણ શુદ્ધ સામાયિક છે. તેથી માષતુષ જેવા મુનિને પણ ક્વચિત્ ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ કરતા હોય પણ જો તે સર્વથા ઔત્સુક્ય વગર વચનથી નિયંત્રિત થઈને કરતા હોય તો તેઓને પણ આદ્ય ભૂમિકાનું શુદ્ધ સામાયિક હોઈ શકે.

વળી પ્રવૃત્તિઆશયને 'ષોડશક'માં 'બાધકચિંતાવાળો' કહેલ છે. તેથી પણ એમ જણાય છે કે સંયમ લીધા પછી સંપૂર્ણ ઉત્સુકતા વગર સંયમયોગમાં સુદૃઢ યત્ન કરનાર મુનિઓ પણ જ્યારે પ્રવૃત્તિઆશયવાળા હોય છે, ત્યારે તેમની પ્રવૃત્તિમાં અતિચારનો સંભવ છે, અને તેથી પોતાના સંયમમાં કોઈ અતિચાર ન લાગે તેની ચિંતાપૂર્વક સર્વઔત્સુક્યથી રહિત સુદૃઢ પ્રયત્ન કરતા હોય છે; છતાં આવા મુનિઓને કોઈ બાધક સામગ્રી પ્રાપ્ત થાય તો અતિચાર લાગી શકે. પરંતુ તે બાધક સામગ્રી ન મળે અને સર્વથા ઉત્સુકતારહિતપણે, શક્તિના અતિશયથી, ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરતા હોય તો, ઔત્સુક્યકરણરૂપ મનાગ્ રાગભાવ નહીં હોવાના કારણે તેવા મુનિઓને ત્યારે શુદ્ધ સામાયિક છે, એમ માનવું ઉચિત જણાય છે; અને આ રીતે અર્થ કરીએ તો ગાથા-૨૦નું ઉત્થાન સંગત થાય છે અને તે ઉત્થાનનો અર્થ આ પ્રમાણે થાય –

"જે કારણથી આ શુદ્ધ સામાયિક આવું છે=ગાથા-૧૮માં બતાવ્યું એવું છે, આથી કરીને મુનિ આવા પ્રકારનો કહેવાયો છે." આ અર્થ કરીએ તો માષતુષાદિ મુનિઓનું સામાયિક પણ શુદ્ધ જ માનવું ઉચિત જણાય છે; અને શુદ્ધ સામાયિકવાળા મુનિઓ આવા હોય છે, તોપણ બાધક સામગ્રી મળે તો અતિચાર લાગી શકે છે. માટે ગાથા-૨૦માં પ્રાયઃ મુનિ આવા હોય છે, તેમ કહ્યું છે.

પૂર્વમાં ગાથા-૧૮નો અર્થ જુદી રીતે કર્યો, પરંતુ ગાથા-૧૯-૨૦ની અવતરણિકા અને ગાથાર્થ

જોયા પછી પાછળથી કરેલો અર્થ વધારે ઉચિત છે, તેમ જણાય છે. છતાં પૂર્વનો અર્થ પણ વિચારકને ઉપયોગી થાય અને આ બંનેમાં કયો અર્થ વધારે ઉચિત છે એ ગીતાર્થો નિર્ણય કરી શકે તે માટે લખેલ છે. તત્ત્વ બહુશ્રુત જાણે. ॥૧૮॥

**અવતરણિકા :-**

यद्येवं समभावलक्षणं सामायिकं कथं तद्वतः क्वचित् क्रिया? इत्यत्राह -

**અવતરણિકાર્થ :-**

**જો આ પ્રમાણે=પૂર્વ ગાથામાં બતાવ્યું એ પ્રમાણે, સમભાવલક્ષણ સામાયિક છે, તો તદ્વાનને=સમભાવલક્ષણ સામાયિકવાળાને, ક્વચિત્ ક્રિયા કેવી રીતે ઘટે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં શુદ્ધ સામાયિક અને ભૂષણસ્થાનની પ્રાપ્તિ જેવું પ્રથમ સામાયિક બંને સર્વભાવસમતારૂપ છે, તેમ બતાવ્યું. તેથી વિચારકને પ્રશ્ન થાય કે જો સર્વભાવ પ્રત્યે સમતારૂપ સામાયિક હોય તો તે સમતાના ભાવવાળા મુનિ આત્મામાં સતત પ્રવૃત્તિવાળા હોઈ શકે, છતાં તે ચોક્કસ કાળે ભિક્ષાટનાદિ ક્રિયા કરે છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે મુનિને તે ક્રિયા પ્રત્યે પક્ષપાત છે; અને જો મુનિને તે ક્રિયા પ્રત્યે પક્ષપાત હોય તો મુનિ સર્વભાવસમતાસ્વરૂપ સામાયિકવાળા કેવી રીતે હોઈ શકે ? આ પ્રકારની શંકામાં કહે છે –

**ગાથા :-**

किरिया उ दंडजोगेण चक्कभमणं व होइ एयस्स ।
आणाजोगा पुव्वाणुवेहओ चेव णवरं ति ।।१९।।

**અન્વયાર્થ :-**

**दंडजोगेण उ=વળી દંડના યોગથી चक्कभमणं व=ચક્રભ્રમણની જેમ एयस्स=આને=મુનિને आणाजोगा=આજ્ઞાયોગથી किरिया=ક્રિયા होइ=હોય છે णवरं चेव=અને ફક્ત पुव्वाणुवेहओ=પૂર્વના અનુવેધથી=પૂર્વમાં સ્મરણ કરાયેલા આજ્ઞાયોગના ઉપયોગના અનુવેધથી ક્રિયા છે. ति=એથી કોઈ દોષ નથી, એમ અવતરણિકા સાથે અન્વય છે.**

**ગાથાર્થ :-**

**વળી દંડના યોગથી ચક્રભ્રમણની જેમ મુનિને આજ્ઞાયોગથી ક્રિયા થાય છે, અને ફક્ત પૂર્વાનુવેધથી ક્રિયા છે, એથી કોઈ દોષ નથી. ।।૧૯।।**

**ટીકા :-**

'क्रिया पुनः' - क्वचिद् भिक्षाटनादौ प्रवृत्तिरूपा 'दण्डयोगेन' 'चक्रभ्रमणवद् भवति 'एतस्य'=सामायिकवतः

आज्ञायोगात्,' यथेह चक्रमचेतनत्वाद् राग-द्वेषरहितं भ्रमणाऽभ्रमणयोस्तुल्यवृत्ति दण्डयोगाद् भ्रमति एवमयं सामायिकवांस्तथाक्लिष्टकर्मविगमाद् विशुद्धभावयोगेन भिक्षाटनाऽनटनयोः समवृत्तिरेवाऽऽज्ञायोगादटतीति हृदयम् ।

**ટીકાર્થ :-**

**'क्रिया पुनः' - ..... हृदयम् । વળી દંડના યોગથી ચક્રભ્રમણની જેમ આને=સામાયિકવાળાને, ક્વચિત્ ભિક્ષાઅટનાદિરૂપ ક્રિયા આજ્ઞાયોગથી હોય છે.**

તે વાતને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે :

**અહીં=લોકમાં, ચક્ર અચેતન હોવાથી, રાગ-દ્વેષથી રહિત, ભ્રમણ કે અભ્રમણમાં તુલ્યવૃત્તિવાળું દંડના યોગથી જેમ ભમે છે, એમ तथाक्लिष्टकर्मविगमाद्=તથાવિધ ક્લિષ્ટ કર્મના વિગમથી=તેવા પ્રકારના અર્થાત્ ભિક્ષાટનાદિ ક્રિયાઓમાં સમવૃત્તિનો વ્યાઘાત થાય તેવા પ્રકારના, ક્લિષ્ટ કર્મના વિગમનથી, વિશુદ્ધભાવનો યોગ હોવાના કારણે=બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યે તુલ્યવૃત્તિને ધારણ કરાવે તેવા વિશુદ્ધભાવનો યોગ હોવાને કારણે, ભિક્ષાટન અને ભિક્ષાઅનટનમાં તુલ્યવૃત્તિવાળા એવા જ સામાયિકવાળા મુનિ આજ્ઞાયોગથી અટન કરે છે, એ પ્રમાણે હૃદય છે=તાત્પર્ય છે.**

**❖ 'भिक्षाटनादौ' અહીં 'आदि' થી સાધ્વાચારની અન્ય પડિલેહણ, વૈયાવૃત્ત્યાદિ સાધ્વાચારની ક્રિયાઓ ગ્રહણ કરવાની છે.**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં સ્થાપન કર્યું કે મુનિને સર્વભાવ પ્રત્યેની સમતારૂપ સર્વવિરતિ સામાયિક છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે જો મુનિને સર્વભાવો પ્રત્યે સમતા હોય તો મુનિ સર્વભાવોમાં ઉપેક્ષા રાખીને આત્મભાવોમાં યત્નવાળા હોવા જોઈએ; કેમ કે જેને સર્વભાવો પ્રત્યે સમતા છે, એને બાહ્ય પ્રવૃત્તિ કરવાની ઈચ્છા હોય નહીં. આમ છતાં મુનિ ક્યારેક ભિક્ષાટનમાં, તો ક્યારેક વૈયાવચ્ચમાં, તો વળી ક્યારેક તેવા પ્રકારની અન્ય સાધ્વાચારની ક્રિયાઓમાં યત્ન કરે છે, તે કઈ રીતે સંભવે ? તેના જવાબરૂપે ગ્રંથકાર ચક્રભ્રમણના દૃષ્ટાંતથી કહે છે –

જેમ ચક્ર અચેતન છે તેથી તેને કોઈ પદાર્થ પ્રત્યે રાગ નથી કે દ્વેષ નથી, તેથી તેને ભ્રમણમાં પણ રાગ છે તેવું નથી અને દ્વેષ છે તેવું પણ નથી, છતાં દંડના યોગથી ભ્રમણ કરે છે; તેમ સામાયિકવાળા મુનિ ભિક્ષાટન અને અનટનમાં તુલ્યવૃત્તિવાળા હોવા છતાં ભગવાનના વચનરૂપ આજ્ઞાના યોગથી ઉચિતકાળે ભિક્ષાટન કરે છે અને અન્ય કાળે ધ્યાનાદિમાં યત્ન કરે છે.

આશય એ છે કે સામાયિકવાળા મુનિઓને કોઈપણ પદાર્થ પ્રત્યે પક્ષપાત થાય તેવા પ્રકારનાં ક્લિષ્ટ કર્મો વિપાકમાં નથી. તેથી ભિક્ષાટનની ક્રિયા કે અનટનની ક્રિયા=ભિક્ષાર્થે નહીં જવાની ક્રિયા, બંને પ્રત્યે સમભાવની પરિણતિ જીવંત રહે તેવો વિશુદ્ધભાવ વર્તે છે. વળી સામાયિકવાળા મુનિ જાણે છે કે "વીતરાગ થવાનો ઉપાય ભગવાનની આજ્ઞાનું પાલન છે અને ભગવાનની આજ્ઞાનું પાલન ઉચિત

કાળે ઉચિત પ્રવૃત્તિ કરાવીને સમભાવની વૃદ્ધિ કરે છે." તેથી તેઓમાં સમભાવ વર્તતો હોવા છતાં સમભાવની વૃદ્ધિની એક અભિલાષા તેમને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિમાં સુદૃઢ યત્ન કરાવે છે, પરંતુ સંસારી જીવોની જેમ રાગથી કે દ્વેષથી તેમની પ્રવૃત્તિ કે નિવૃત્તિ થતી નથી.

અહીં વિશેષ એ છે કે દંડથી ચક્રભ્રમણની જેમ સમભાવવાળા સાધુ આજ્ઞાયોગથી સાધ્વાચારની ક્રિયાઓ કરે છે, એમ કહ્યું, ત્યાં દંડનો પ્રવર્તક કુંભાર આદિ છે; જ્યારે સર્વભાવ પ્રત્યે સમતાવાળા સાધુ આજ્ઞાયોગથી ભિક્ષાટન કરે છે, ત્યાં આજ્ઞાયોગ પ્રત્યેનો પક્ષપાત પ્રવર્તક બને છે. તેથી સ્થૂલથી દેખાય કે આજ્ઞાયોગ પ્રત્યે પક્ષપાત છે, માટે સર્વભાવ પ્રત્યેની સમતા નથી.

તેનું તાત્પર્ય એ છે કે સમભાવના પરિણામવાળાને પણ સર્વથા સર્વભાવની સમતા પ્રગટ કરવાનો અભિલાષ હોય છે અને તેના ઉપાયભૂત વીતરાગના વચનનો રાગ છે, જે રાગ અનિચ્છાની ઈચ્છાસ્વરૂપ છે; કેમ કે સંપૂર્ણ અનિચ્છાનો પરિણામ સર્વથા સર્વભાવોની સમતારૂપ છે અને અનિચ્છામાત્રની ઈચ્છા મુનિને છે; અને અનિચ્છા પ્રગટ કરવાનો ઉપાય ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ છે. તેથી મુનિ સંપૂર્ણ અનિચ્છાને પ્રગટ કરવાના અભિલાષથી તેના ઉપાયભૂત આજ્ઞાયોગથી સર્વત્ર પ્રવૃત્તિ કરે છે, અને તે વખતે ભિક્ષાટનાદિ તે તે ક્રિયાઓ પ્રત્યે તેમને પક્ષપાત નથી, તે અપેક્ષાએ તેમને સર્વભાવસમતા કહેલ છે.

**ટીકા :-**

**प्रवृत्तावाज्ञायोगेन तथाक्रियायामपि तद्योगे तु द्रव्यत्वप्रसङ्गात्, एकदोपयोगद्वयाभावात्, वीतरागस्य वा तद्योगात् क्षायिकज्ञानोपपत्तेः, आज्ञायोगस्य च क्षायोपशमिकत्वाद् न युक्तिमदटनादीति विभ्रमापोहायोपचयमाह -**

**ટીકાર્થ :-**

प्रवृत्तावाज्ञायोगेन ..... पचयमाह - **આજ્ઞાયોગથી પ્રવૃત્તિ હોતે છતે તેવા પ્રકારની ક્રિયામાં પણ= આજ્ઞાના ઉપયોગવાળી થતી ક્રિયામાં પણ, વળી તેનો=આજ્ઞાયોગના ઉપયોગનો, યોગ હોતે છતે= સંબંધ હોતે છતે, દ્રવ્યત્વનો પ્રસંગ હોવાથી=ભિક્ષાટનાદિ ક્રિયામાં દ્રવ્યત્વનો પ્રસંગ હોવાથી, ભિક્ષાઅટનાદિ યુક્તિમત્ નથી; કેમ કે એક સમયે બે ઉપયોગનો=આજ્ઞાયોગરૂપ શ્રુતજ્ઞાનનો ઉપયોગ અને ભિક્ષાટનાદિ ક્રિયાનો ઉપયોગ એમ બે ઉપયોગનો, અભાવ છે.**

આ રીતે આજ્ઞાયોગથી પ્રવૃત્તિ મુનિને સંગત નથી, તેમ બતાવીને વીતરાગને પણ આજ્ઞાયોગથી પ્રવૃત્તિ સંગત નથી, તે બતાવવા અર્થે કહે છે –

**અને વીતરાગને તેના યોગથી=એક સમયે અનેક વિષયક ઉપયોગના યોગથી, ક્ષાયિક જ્ઞાનની ઉપપત્તિ=પ્રાપ્તિ, થતી હોવાથી અને આજ્ઞાયોગનું ક્ષાયોપશમિકભાવપણું હોવાથી ભિક્ષાટનાદિ યુક્તિમત્ નથી, એ પ્રમાણેના વિભ્રમને=આ રીતે આજ્ઞાયોગથી પ્રવૃત્તિ મુનિને અને વીતરાગને સંગત નથી એ પ્રમાણેના વિભ્રમને, દૂર કરવા માટે ઉપચયને કહે છે –**

**ટીકામાં 'वा' કાર 'च' કારના અર્થમાં છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે મુનિ આજ્ઞાયોગથી તે તે કાળે તે તે પ્રવૃત્તિ કરે છે; વસ્તુતઃ તે પ્રવૃત્તિ કરવાનો તેમને પક્ષપાત નથી, પરંતુ સર્વભાવો પ્રત્યે સમભાવ છે. ત્યાં પ્રશ્ન થાય કે જો મુનિ આજ્ઞાયોગથી પ્રવૃત્તિ કરે છે, તો ક્રિયાકાળમાં તેનો ઉપયોગ આજ્ઞામાં છે કે ક્રિયામાં છે ? જો આજ્ઞાયોગમાં ઉપયોગ હોય તો તે વખતે જે ક્રિયા કરે છે તેમાં તેમનો ઉપયોગ નથી, તેમ માનવું પડે; કેમ કે આજ્ઞાયોગનો અને ક્રિયાનો એમ બે ઉપયોગ એક કાળમાં સાથે રહી શકતા નથી. તેથી આજ્ઞાયોગમાં જો ઉપયોગ છે, તો ક્રિયામાં ઉપયોગ નથી, એમ પ્રાપ્ત થાય; અને 'अनुपयोगो दव्वं' એ પ્રકારનું શાસ્ત્રવચન છે. તેથી તે ક્રિયાને દ્રવ્યક્રિયા માનવાનો પ્રસંગ આવે; અને જો તે ક્રિયાને દ્રવ્યક્રિયા સ્વીકારીએ તો તે ક્રિયા સંયમની વૃદ્ધિનું કારણ છે, તેમ માની શકાય નહીં; અને સંયમની વૃદ્ધિના અકારણીભૂત એવી ક્રિયામાં મુનિ પ્રવૃત્તિ કરે છે તેમ સ્વીકારીએ, તો તે મુનિની અનુચિત પ્રવૃત્તિ છે તેમ માનવું પડે. માટે આજ્ઞાયોગથી મુનિની ભિક્ષાટનાદિમાં પ્રવૃત્તિ છે તેમ માની શકાય નહીં.

વળી વીતરાગ સર્વજ્ઞ સર્વ દ્રવ્યના સર્વ પર્યાયને એક સમયે જાણે છે, માટે વીતરાગનો ઉપયોગ ક્રિયામાં પણ છે અને આજ્ઞાયોગમાં પણ છે એવું માની શકાય. તેથી તેમની ક્રિયાને દ્રવ્યક્રિયા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ શકે નહીં; પરંતુ જ્યારે જ્ઞાનમાં અને ક્રિયામાં વીતરાગનો ઉપયોગ સમકાળે વર્તે છે ત્યારે તેઓને ક્ષાયિક એવું કેવળજ્ઞાન વર્તતું હોય છે, અને આજ્ઞાયોગ તો શ્રુતજ્ઞાનના ઉપયોગસ્વરૂપ છે, તેથી ક્ષાયોપશમિકભાવરૂપ છે. માટે વીતરાગને પણ ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ આજ્ઞાયોગથી છે, તેમ કહી શકાય નહીં.

આ રીતે પ્રથમ ભૂષણસ્થાનાદિપ્રાપ્તિતુલ્ય શુદ્ધ સામાયિકવાળાને કે આગળના શુદ્ધ સામાયિકવાળાને કે વીતરાગને પણ આજ્ઞાયોગથી ભિક્ષાટનાદિ ઘટતા નથી, એ પ્રકારનો કોઈને ભ્રમ થાય તો તેને દૂર કરવા માટે ઉપચયને ગાથામાં કહે છે, જે ઉપચયથી 'આજ્ઞાયોગથી સામાયિકવાળાની ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ છે' એ કથનમાં બતાવાયેલા દોષોનું નિવારણ થશે.

**ટીકા :-**

**'पूर्वानुवेधतश्चैव'=दण्डयोगाभावेऽपि तत्सामर्थ्यविशेषतश्चक्रभ्रमणवदेवाऽऽज्ञायोगाभावेऽपि तत्पूर्वानुवेधत एवाटनादि 'नवरमिति'=एवं न कश्चिद् दोषः। इति गाथार्थः ।।१९।।**

**ટીકાર્થ :-**

**'पूर्वानुवेधतश्चैव'= ..... इति गाथार्थः ।।१९।। દંડના યોગના અભાવમાં પણ તેના=પરિભ્રમણના, સામર્થ્યવિશેષથી જેમ ચક્રનું ભ્રમણ થાય છે, તેમ આજ્ઞાયોગના અભાવમાં પણ ફક્ત તેના= આજ્ઞાયોગના, પૂર્વાનુવેધથી જ અટનાદિ છે. 'इति'=એ રીતે કોઈ દોષ નથી.**

**અહીં 'इति' શબ્દ 'एवं' ના અર્થમાં છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ પુરુષ દંડ દ્વારા ચક્રને સારી રીતે ભમાવીને પછી દંડ કાઢી લે તોપણ દંડથી થયેલા વેગને

કારણે ચક્રભ્રમણ ચાલુ રહે છે; તેમ સાધુઓ ક્રિયાકાળની પૂર્વમાં આજ્ઞાયોગનું સ્મરણ કરીને આજ્ઞાયોગને અભિમુખ પરિણામવાળા થાય છે, તેથી પ્રવૃત્તિકાળમાં આજ્ઞાનો ઉપયોગ નહીં હોવા છતાં પૂર્વે સ્મરણ કરાયેલી આજ્ઞાના બળથી આજ્ઞાનુસાર પ્રવૃત્તિ થાય છે. માટે "अनुपओगो दव्वं" એ પ્રમાણેના શાસ્ત્રવચનથી ભિક્ષાટનાદિ ક્રિયાને દ્રવ્યક્રિયા માનવાનો પ્રસંગ આવશે નહીં, અને મુનિની ભિક્ષાટનાદિ ક્રિયા આજ્ઞાયોગના સંસ્કારથી નિયંત્રિત ઉપયોગવાળી હોવાથી સંયમવૃદ્ધિનું કારણ છે, માટે ઉચિત પ્રવૃત્તિરૂપ છે.

અહીં વિશેષ એ છે કે જે મુનિઓ સંયમ ગ્રહણ કર્યા પછી દરેક ક્રિયાની પૂર્વે આજ્ઞાનું સ્મરણ કરતા નથી, તેઓની તે ક્રિયા વચનના ઉપયોગવાળી નહીં હોવાથી દ્રવ્યક્રિયારૂપ છે; ફક્ત જે અંશથી ભગવાનના વચનનો રાગ પ્રવર્તક છે, તે અંશથી તે ક્રિયાઓ હિતનું કારણ હોવા છતાં, સંયમની વૃદ્ધિનું કારણ બનતી નથી. આથી ભિક્ષાટનાદિ કોઈપણ ક્રિયાનો પ્રારંભ કરતાં પૂર્વે ભગવાનના વચનનું સ્મરણ મુનિને આવશ્યક છે અને એનાથી વચનાનુષ્ઠાન પ્રાપ્ત થાય છે; અને વચનાનુષ્ઠાનના સેવનથી મુનિ સંપન્ન થઈને અસંગાનુષ્ઠાનમાં જાય છે, ત્યારે વચનનું સ્મરણ આવશ્યક રહેતું નથી; કેમ કે વચનાનુષ્ઠાનકાળમાં સેવાયેલ આજ્ઞાયોગના દૃઢ સંસ્કારો પ્રકૃતિરૂપે થઈ ગયા હોવાથી ક્રિયાકાળ પૂર્વે વચનનું સ્મરણ નહીં હોવા છતાં પણ અસંગઅનુષ્ઠાનવાળાની પ્રવૃત્તિ આજ્ઞાયોગથી છે.

અહીં સંક્ષેપથી એ ફલિત થાય કે સંયમ લીધા પછી જે સાધુઓ દરેક પ્રવૃત્તિમાં ભગવાનના વચનનું સ્મરણ કરીને પ્રવૃત્તિ કરે છે, તેઓને પ્રવૃત્તિકાળની પૂર્વે સ્મરણ કરાયેલા વચનના અનુવેધથી ક્રિયામાં યત્ન થાય છે, પરંતુ ક્રિયાકાળમાં વચનમાં ઉપયોગ હોતો નથી.

જિનકલ્પી આદિ અસંગઅનુષ્ઠાનવાળા સાધુઓએ જિનકલ્પ સ્વીકાર્યા પૂર્વે જે આજ્ઞાયોગ અનુસારે ઉચિત પ્રવૃત્તિ કરેલી, તેના સંસ્કારોનો અનુવેધ હોવાને કારણે ક્રિયાપૂર્વે વચનનું સ્મરણ નહીં હોવા છતાં તેમની ભિક્ષાટનાદિ ક્રિયાઓ આજ્ઞાનુવિદ્ધ બને છે.

વળી તીર્થંકરના જીવો દીક્ષા ગ્રહણ કરે છે ત્યારથી અસંગભાવવાળા હોય છે અને સાક્ષાત્ કોઈ તીર્થંકરની આજ્ઞાનું તેઓ સ્મરણ કરતા નથી, પરંતુ પૂર્વભવમાં જે સંયમ પાળ્યું હતું, તે વખતે જે વચનાનુષ્ઠાન સેવેલું અને તેના દૃઢ સંસ્કારો પાડેલા હતા, તે સંસ્કારોના અનુવેધથી તીર્થંકરના ભવમાં ભિક્ષાટનાદિ ક્રિયાઓ કરે છે.

વળી શ્રેણિકાદિ કેટલાક જીવો જેમણે છેલ્લા ભવમાં સંયમનું પાલન પણ કર્યું નથી, છતાં તીર્થંકરના ભવમાં સંયમ ગ્રહણ કરશે ત્યારે સીધું અસંગાનુષ્ઠાનને પ્રાપ્ત કરશે, તે વખતે છેલ્લા ભવમાં સમ્યક્ત્વને કારણે ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનો જે દૃઢ રાગ હતો, તેના પડેલા ગાઢ સંસ્કારોના કારણે તીર્થંકરના ભવમાં ઉચિત પ્રવૃત્તિ કરશે. તેથી તેઓની પણ ભિક્ષાટનાદિ ક્રિયાઓ છેલ્લા ભવમાં આજ્ઞા પ્રત્યેના દૃઢ રાગના સંસ્કારથી થયેલી હોવાના કારણે આજ્ઞાનુવિદ્ધ છે.

અને કેવળી પણ કેવળજ્ઞાન પૂર્વે જે આજ્ઞાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે, તેના પડેલા દૃઢ સંસ્કારોને કારણે વીતરાગ થયા પછી પણ તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે અપેક્ષાએ કેવળીની પણ ક્રિયા આજ્ઞાનુવિદ્ધ સ્વીકારેલી હશે, તેમ જણાય છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

यत एतदेवं अत एव मुनिरेवंविध उक्त इत्याह -

**અવતરણિકાર્થ :-**

જે કારણથી આ=શુદ્ધ સામાયિક, આવું છે=સમભાવલક્ષણવાળું છે, આથી જ મુનિ આવા પ્રકારના કહેવાયા છે=ગાથામાં બતાવેલા વિશેષણવાળા કહેવાયા છે. એને કહે છે –

**ગાથા :-**

वासीचंदणकप्पो समसुहदुक्खो मुणी समक्खाओ ।
भवमोक्खापडिबद्धो अओ य पाएण सत्थेसु ।।२०।।

**અન્વયાર્થ :-**

अओ य=અને આથી=જે કારણથી શુદ્ધ સામાયિક સર્વભાવ પ્રતિ સમભાવલક્ષણવાળું છે આથી, सत्थेसु=શાસ્ત્રોમાં पाएण=પ્રાયઃ मुणी=મુનિ वासीचंदणकप्पो=વાસીચંદનકલ્પ, समसुहदुक्खो= સમસુખદુઃખવાળા (અને) भवमोक्खापडिबद्धो=ભવ અને મોક્ષમાં અપ્રતિબદ્ધ समक्खाओ કહેવાયા છે. ।।૨૦।।

**ગાથાર્થ :-**

અને આથી શાસ્ત્રોમાં પ્રાયઃ મુનિ વાસીચંદનકલ્પ, સમસુખદુઃખવાળા (અને) ભવ-મોક્ષમાં અપ્રતિબદ્ધ કહેવાયા છે. ।।૨૦।।

**ટીકા :-**

'वासीचन्दनकल्पः'=मध्यस्थः । "एकान्तसत्त्वहितः" इत्यन्ये, बाह्यापेक्षमेतत् । तथा समसुखदुःखः, माध्यस्थ्येनोपयोगात्, सर्वत्र राग-द्वेषजयात्, आन्तरापेक्षमेतत् । 'मुनिः' 'समाख्यातः' एवम्भूतः । तथा 'भवमोक्षाप्रतिबद्धः', इच्छाऽभावात्, "केवलित्वात्" इत्यन्ये । 'अत एव कारणाद्'=यथोक्तसामायिकयोगेन 'प्रायः' बाहुल्येन 'शास्त्रेषु' षष्टितन्त्रादिषु ।

**ટીકાર્થ :-**

'वासीचन्दनकल्पः'= ..... षष्टितन्त्रादिषु । अत एव कारणाद्=આ જ કારણથી= यथोक्तसामायिकयोगेन= યથોક્ત સામાયિકનો યોગ હોવાને કારણે=જે પ્રમાણે ગાથા-૧૮માં બતાવેલ છે તે પ્રકારના સામાયિકના યોગને કારણે, ષષ્ઠિતંત્રાદિ શાસ્ત્રોમાં મુનિ પ્રાયઃ=બહુલતાથી, આવા પ્રકારના=આગળમાં કહેવાતા ત્રણ વિશેષણોવાળા કહેવાયા છે.

મુનિનું આવા પ્રકારનું સ્વરૂપ ત્રણ વિશેષણોથી બતાવે છે –

**(૧) મુનિ વાસીચંદનકલ્પ છે=મુનિના દેહ પર કોઈ રંધાનો=લાકડાને છોલવાના એક પ્રકારના સાધનનો, પ્રયોગ કરે કે કોઈ ચંદનનો લેપ કરે, બંને પ્રત્યે મુનિ સમાન પરિણામવાળા છે= મધ્યસ્થ છે.**

**"મુનિ વાસીથી=કુહાડાથી, ઘા કરનાર પ્રત્યે ચંદન જેવા છે," એ પ્રમાણેના અર્થને સામે રાખીને અન્યો 'वासीचन्दनकल्पः' નો અર્થ 'एकान्तसत्त्वहितः' કરે છે. આ='वासीचन्दनकल्पः' વિશેષણ, ઉપરોક્ત બંને અર્થમાં બાહ્ય પદાર્થોની અપેક્ષાએ છે.**

**(૨) મુનિ સમસુખદુઃખ છે=મુનિ સુખદુઃખમાં સમાન પરિણામવાળા છે; કેમ કે મધ્યસ્થતાથી ઉપયોગ છે. મધ્યસ્થતાથી ઉપયોગ કેમ છે ? તેમાં હેતુ કહે છે : સર્વત્ર=સુખદુઃખમાં અને સુખદુઃખના સાધનમાં, રાગ-દ્વેષનો જય કરેલો છે. આ='समसुखदुक्खः' વિશેષણ, અંતરંગ ભાવોની અપેક્ષાએ છે.**

**(૩) મુનિ ભવમોક્ષઅપ્રતિબદ્ધ છે=મુનિ ભવમાં અને મોક્ષમાં અપ્રતિબદ્ધ છે; કેમ કે ઈચ્છાનો અભાવ છે. કેવળીપણું હોવાથી મુનિ ભવમાં અને મોક્ષમાં અપ્રતિબદ્ધ છે, એમ અન્યો કહે છે.**

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે ષષ્ટિતંત્રાદિ શાસ્ત્રોમાં પ્રાયઃ મુનિ આવા પ્રકારના કહેવાયા છે. તેને બતાવવા માટે કહે છે –

**ટીકા :-**

**तथा चोक्तम् -**

"औदासीन्यं तु सर्वत्र त्याज्योपादानहानितः ।
वासीचन्दनकल्पानां वैराग्यं नाम कथ्यते ।।"

**तथा -**

"वासीचन्दनकल्पत्वं या कल्याणैकशीलता ।
चन्दनच्छेददृष्टान्तात् सद्धर्मातिशयान्मुने ! (मुनेः) ।।"

"दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतलोभ-भय-क्रोधः स्थिरधीर्मुनिरुच्यते ।।" **(भगवद्गीता-५६)**

"मोक्षे भवे च सर्वत्र निस्पृहोऽयं सदाशयः ।
प्रकृत्यभ्यासयोगेन तथाशुद्धेर्नियोगतः ।।"

"मोहादिच्छा स्पृहा चेयममोहश्च मुनिर्यतः ।
तन्नास्येयं क्वचिन्न्याय्या तत्प्राप्तिस्तु क्रियाफलम् ।।"

**इति गाथार्थः ।।२०।।**

**ટીકાર્થ :-**

**तथा चोक्तम् - ..... इति गाथार्थः ॥२०॥ અને તે રીતે=પૂર્વમાં ત્રણ વિશેષણો દ્વારા જે રીતે મુનિનું સ્વરૂપ બતાવાયું તે રીતે, ષષ્ટિતંત્રાદિ શાસ્ત્રોમાં કહેવાયું છે.**

"**औदासीन्यं ..... कथ्यते ।**" સર્વત્ર ત્યાજ્યના ગ્રહણના ત્યાગથી=આત્માને માટે ત્યાજ્ય એવી ભોગાદિ સામગ્રીના ગ્રહણની અપ્રવૃત્તિથી, "વાસી અને ચંદનમાં સમાન પરિણામવાળા મુનિઓનું ઔદાસીન્ય જ વૈરાગ્ય કહેવાય છે. 'नाम' વાક્યાલંકારમાં છે."

**આ શ્લોક દ્વારા 'वासीचन्दनकल्प' વિશેષણનો જે 'મધ્યસ્થ' અર્થ કર્યો તે બતાવાયો.**

**અને**

"**वासीचन्दन ..... सद्धर्मातिशयान्मुने ! (मुनेः)**" સદ્ધર્મના અતિશયને કારણે=સદ્ધર્મ પ્રકૃતિરૂપ થઈ જવાના કારણે, ચંદનછેદના દૃષ્ટાંતથી=છેદ કરનારને પણ ચંદન સુગંધ આપે તે દૃષ્ટાંતથી, મુનિની જે કલ્યાણૈકશીલતા=સામેની વ્યક્તિના કલ્યાણને કરવાનું એકસ્વભાવતા, તે વાસીચંદનકલ્પત્વ છે."

**આ શ્લોક દ્વારા 'वासीचन्दनकल्प' વિશેષણનો જે 'एकान्तसत्त्वहित' અર્થ કર્યો તે જણાવાયો.**

"**दुःखेष्वनु ..... र्मुनिरुच्यते ॥**" **(भगवद् गीता-५६)** "દુઃખમાં અનુદ્વિગ્ન મનવાળા, સુખમાં ચાલી ગઈ છે સ્પૃહા જેની એવા, દૂર થયા છે લોભ, ભય અને ક્રોધ જેમના એવા, સ્થિરબુદ્ધિવાળા મુનિ કહેવાય છે." **(भगवद्गीता श्लोक-५६)**

**ભગવદ્ગીતાના આ ૫૬મા શ્લોક દ્વારા મુનિનું બીજું 'समसुखदुःख' વિશેષણ બતાવાયું.**

"**मोक्षे भवे ..... र्नियोगतः ॥**" "પ્રકૃતિનો=આત્માની અસંક્લિષ્ટ પ્રકૃતિના અભ્યાસનો યોગ હોવાને કારણે, તેવા પ્રકારની=નિઃસ્પૃહી ચિત્ત પેદા કરે તેવા પ્રકારની, શુદ્ધિના વ્યાપારથી, સદ્આશયવાળા આ=મુનિ, મોક્ષ અને ભવ સર્વત્ર નિઃસ્પૃહ છે=સ્પૃહા વગરના છે."

**આ વાતને પુષ્ટ કરતાં કહે છે –**

"**मोहादिच्छा ..... क्रियाफलम् ॥**" "મોહથી ઈચ્છા થાય છે અને આ=ઈચ્છા, સ્પૃહા છે, અને જે કારણથી મુનિ અમોહ છે=મોહ વગરના છે, તે કારણથી આને=મુનિને, આ=સ્પૃહા, ક્યાંય ન્યાય્ય નથી=યોગ્ય નથી. વળી તેની=અમોહની પ્રાપ્તિ, ક્રિયાનું=મુનિની સાધ્વાચારની ક્રિયાનું, ફળ છે."

**આ બે શ્લોક દ્વારા મુનિનું ત્રીજું "भवमोक्षाप्रतिबद्ध" વિશેષણ બતાવાયું. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૦॥**

**નોંધ :-** 'वासीचन्दन....' શ્લોકમાં 'सद्धर्मातिशयान्मुने !' ના સ્થાને 'सद्धर्मातिशयान्मुनेः' પાઠ હોવો જોઈએ. એમ ભાસે છે પણ ક્યાંય ઉપલબ્ધ થયો નથી.

**ભાવાર્થ :-**

મુનિના સ્વરૂપનું વર્ણન કરતાં આ ગાથામાં ત્રણ વિશેષણો બતાવ્યાં છે, જે આ પ્રમાણે –

**(૧) મુનિ वासीचंदनकल्प છે.** તેનો અર્થ કર્યો કે મુનિ 'મધ્યસ્થ' છે. તેથી એ પ્રાપ્ત થાય કે પોતાને પ્રતિકૂળ વર્તન કરનારા અને પોતાને અનુકૂળ વર્તન કરનારા બંને પ્રકારના જીવો પ્રત્યે મુનિને મધ્યસ્થભાવ વર્તે છે. જોકે જ્યાં સુધી વિશેષ ભૂમિકા સંપન્ન ન થઈ હોય ત્યાં સુધી પ્રતિકૂળ વર્તન કરનારા જીવ પ્રત્યે દ્વેષોલ્લેખ=અંદરમાં ઉદ્ભવતો દ્વેષનો પરિણામ, થઈ જાય તેવા પ્રકારની પરિણતિ મુનિને પણ હોઈ શકે છે, તોપણ તેવાં નિમિત્તોથી દૂર રહીને, પદાર્થોનું ભાવન કરીને, પ્રતિકૂળ કે અનુકૂળ વર્તન કરનાર પ્રત્યે મધ્યસ્થભાવ રહે તેવી પરિણતિને વહન કરનારા મુનિઓ હોય છે.

વળી 'वासीचंदनकल्प' નો બીજા ગ્રંથકારોએ "એકાંતે જીવોના હિતને કરનારા" એવો અર્થ કર્યો છે. આ પરિણતિને પણ મુનિ તત્ત્વના ભાવનથી વહન કરનારા હોય છે.

આશય એ છે કે મુનિને દરેક પ્રવૃત્તિ ભગવાને તે રીતે કરવાની કહી છે કે જેનાથી મુનિ કોઈનો ઉપકાર થઈ શકે તો અવશ્ય કરે, પણ કોઈ જીવના હિતની ઉપેક્ષા ન કરે. આથી મુનિ ગીતાર્થ હોય તો શ્રુતના અવલંબનથી, અને ગીતાર્થ ન હોય તો ગીતાર્થના શ્રુતના બળથી, તે રીતે દરેક ઉચિત પ્રવૃત્તિ કરે છે કે જે જગતના જીવમાત્ર પ્રત્યે હિતનું કારણ હોય. આવા પ્રકારનો મુનિનો પરિણામ બાહ્ય આચરણાઓની અપેક્ષાએ સર્વ જીવોને આશ્રયીને વર્તે છે.

**(૨) મુનિ समसुखदुक्ख છે.** મુનિનું બીજું વિશેષણ બતાવ્યું કે મુનિ સમસુખદુઃખ છે; કેમ કે મુનિને જગતના સર્વ પદાર્થો પ્રત્યે મધ્યસ્થપણાનો ઉપયોગ છે.

આશય એ છે કે મુનિ વીતરાગ નથી અને ૧૦મા ગુણસ્થાનક સુધી જીવમાં રાગ-દ્વેષ પરિણતિરૂપે વર્તે છે; આમ છતાં મુનિ પ્રતિક્ષણ સુદૃઢ યત્નપૂર્વક પોતાને શાતા કે અશાતા પ્રત્યે લેશ પણ પક્ષપાત ન થાય તે રીતે પોતાના ઉપયોગને પ્રવર્તાવે છે; તેથી મુનિને પોતાના અંતરંગ પરિણામને આશ્રયીને મધ્યસ્થભાવવાળો ઉપયોગ વર્તતો હોય છે. જોકે પ્રાથમિક ભૂમિકાના સામાયિકમાં બળવાન નિમિત્ત મળે તો રાગ-દ્વેષ ઉત્થિત પણ થઈ શકે તેવી જીવની પરિણતિ હોય છે, તોપણ તેવાં નિમિત્તોથી દૂર રહીને પણ મુનિ સુદૃઢ રીતે તેવો યત્ન કરે છે કે જેથી સર્વ પદાર્થો પ્રત્યે સહેજ પણ પક્ષપાતનો પરિણામ ઉત્થિત ન થાય. આથી પોતાની સહનશક્તિ ન હોય તેવા ઉપસર્ગો આવે તો તેનાથી દૂર થઈને પણ મુનિ પોતાના પરિણામોને જીવંત રાખે છે.

**(૩) મુનિ भवमोक्षाप्रतिबद्ध છે.** મુનિનું ત્રીજું વિશેષણ બતાવ્યું કે મુનિ ભવમાં અને મોક્ષમાં પ્રતિબદ્ધ હોતા નથી. તેમાં હેતુ આપ્યો કે મુનિને ઈચ્છાનો અભાવ છે.

આશય એ છે કે ૧૦મા ગુણસ્થાનક સુધી મુનિ સંપૂર્ણ રાગ-દ્વેષ વગરના હોતા નથી, તોપણ અપ્રમત્ત મુનિઓ ઔત્સુક્યવાળા હોતા નથી; પરંતુ શક્તિના પ્રકર્ષથી રાગનો ઉચ્છેદ થાય તે રીતે યત્ન

કરતા હોય છે. માટે જે ઉપયોગથી રાગ નાશ પામતો હોય તે ઉપયોગ રાગ વગરનો છે, એ અપેક્ષાએ મુનિને ઈચ્છાનો અભાવ છે, એમ કહીને મુનિને ભવ-મોક્ષ પ્રત્યે સમવૃત્તિવાળા કહ્યા છે.

વળી અન્ય, કેવળી હોવાથી મુનિ ભવ-મોક્ષ પ્રત્યે અપ્રતિબદ્ધ માનસવાળા છે, એમ કહે છે, તે રાગ-દ્વેષના અભાવની નિષ્ઠાને આશ્રયીને છે; અને પ્રથમનું કથન ભવ પ્રત્યે દ્વેષ નથી અને મોક્ષ પ્રત્યે ઔત્સુક્ય નથી તેને આશ્રયીને છે.

મુનિમાં આ ત્રણ ભાવો છે, તેના કારણે ગાથા-૧૮માં કહ્યું તેમ, મુનિમાં શુદ્ધ સામાયિકનો યોગ છે, અને તેથી ષષ્ટિતંત્રાદિ શાસ્ત્રોમાં મુનિને બહુલતાએ આવા પરિણામવાળા કહ્યા છે. અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી મુનિ વીતરાગ થયા નથી ત્યાં સુધી આ ભાવોમાં સ્ખલના પણ પ્રાપ્ત થઈ શકે છે, અને તેથી મુનિને અતિચારની ભૂમિકા પણ પ્રાપ્ત થાય છે; પરંતુ જે મુનિ સુદૃઢ યત્નપૂર્વક સમભાવમાં યત્ન કરે છે, તેઓને તે યત્નકાળમાં અવશ્ય આ ત્રણેય ભાવો હોય છે.

વળી આ ત્રીજા વિશેષણને બતાવવા સાક્ષીપાઠમાં કહ્યું કે સદાશયવાળા મુનિ મોક્ષમાં, ભવમાં અને સર્વત્ર=સર્વ પદાર્થોમાં, નિઃસ્પૃહી છે; કેમ કે જીવની જે મૂળભૂત પ્રકૃતિ છે, તેનો અભ્યાસ હોવાને કારણે પોતાની પ્રકૃતિમાં નિવેશ કરી શકે તેવી શુદ્ધિનો વ્યાપાર મુનિમાં છે.

આશય એ છે કે જીવની પોતાની પારમાર્થિક પ્રકૃતિ અભિષ્વંગના વિગમનરૂપ છે, અને કોઈક વિકૃતિને કારણે જીવ તે પ્રકૃતિને પ્રવર્તાવી શકતો નથી; તોપણ મુનિ પોતાની અભિષ્વંગ વગરની પ્રકૃતિનો અભ્યાસ થાય તે રીતે ઉચિત ક્રિયાઓમાં યત્ન કરે છે, અને આ પ્રકૃતિના અભ્યાસનો યોગ હોવાને કારણે મુનિમાં ઉદયરૂપે વર્તતા મોહનીયકર્મમાં જે અભિષ્વંગ પેદા કરવાની શક્તિ હતી, તે હીન-હીનતર થાય છે; અને જેમ જેમ તે શક્તિ હીન થતી જાય છે, તેમ તેમ સ્વબળથી પોતાનો ભાવ પ્રવર્તાવી શકે તેવી શુદ્ધિ મુનિમાં પ્રગટે છે; અને તે શુદ્ધિના વ્યાપારથી મુનિ સર્વત્ર નિઃસ્પૃહતાના પરિણામને પ્રવર્તાવી શકે છે. જીવનો આ પરમઉપેક્ષારૂપ પરિણામ છે, અને આમાં દૃઢ યત્ન કરીને મુનિ પોતાના મૂળ સ્વભાવમાં નિવિશ્યમાન હોય છે; અને ત્યાર પછી વીર્યનો પ્રકર્ષ થાય છે ત્યારે ક્ષપકશ્રેણી પ્રગટે છે, જેનાથી વીતરાગ બની મુનિ પોતાની મૂળ પ્રકૃતિમાં નિવિષ્ટ થાય છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**एवमेतानभिधाय सर्वेष्वेवैतेषु प्रकृतयोजनामाह -**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે=ગાથા-૯ થી ૨૦માં બતાવ્યું, એ પ્રમાણે, આમને કહીને=યોગના અધિકારીઓને કહીને, આ સર્વમાં=ગાથા-૯ થી ૨૦માં વર્ણન કરાયેલા એવા યોગના સર્વ અધિકારીઓમાં, પ્રકૃતની=જેની વાત ચાલી રહી છે તે યોગની, યોજનાને કહે છે –**

**ગાથા :-**

एएसिं णियणियभूमियाए उचियं जमेत्थऽणुट्ठाणं ।
आणामयसंयुत्तं तं सव्वं चेव योगो त्ति ।।२१।।

**અન્વયાર્થ :-**

**एत्थ=અહીં=સંસારમાં, एएसिं=આમનું=અપુનર્બંધકાદિનું णियणियभूमियाए=પોતપોતાની ભૂમિકાને उचियं=ઉચિત आणामयसंयुत्तं=આજ્ઞામૃતસંયુક્ત जं=જે अणुट्ठाणं=અનુષ્ઠાન, तं=તે सव्वं चेव=સર્વ જ योगे=યોગ છે. त्ति પાદપૂર્તિ માટે છે. ।।૨૧।।**

**ગાથાર્થ :-**

**સંસારમાં અપુનર્બંધકાદિનું પોતપોતાની ભૂમિકાને ઉચિત આજ્ઞામૃતસંયુક્ત જે અનુષ્ઠાન, તે સર્વ જ યોગ છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે. ।।૨૧।।**

**ટીકા :-**

'एतेषाम्'=अपुनर्बन्धकादीनां वीतरागान्तानां, 'निजनिजभूमिकायाः'=तथाविधदशायाः 'उचितं' 'यदत्रानुष्ठानं' तीव्रभावे पापाकरणादिवीतरागकल्पान्तम् । किंविशिष्टम्? इत्याह-'आज्ञामृतसंयुक्तम्', **तथाविधकर्मपरिणतेरेव भावतस्तत्सिद्धेः** ।"तथाविधकर्मपरिणतिरेवाज्ञामृतसंयोगोऽन्तरङ्गमङ्गम्, बाह्याज्ञायोगस्यापि तन्निवन्धनत्वात्" **इति विद्वत्प्रवादः । ततः किम्? इत्यत आह - 'तदनुष्ठानं सर्वमेव' परमार्थमधिकृत्य 'योगः' । इति गाथार्थः ।।२१।।**

**ટીકાર્થ :-**

**'एतेषाम्'= ..... इति गाथार्थः ।।२१।। अत्र=અહીં=સંસારમાં एतेषाम्=અપુનર્બંધક છે આદિમાં અને વીતરાગ છે અંતમાં જેને એવા જીવોનું, પોતપોતાની ભૂમિકાને ઉચિત એવું, તીવ્રભાવે પાપનું અકરણ છે આદિમાં અને વીતરાગના આચારો છે અંતમાં જેને એવું જે અનુષ્ઠાન, કયા વિશેષણથી વિશિષ્ટ છે ? એથી કહે છે –**

**આજ્ઞામૃતસંયુક્ત છે; કેમ કે તેવા પ્રકારની કર્મપરિણતિથી જ=આજ્ઞાથી નિષ્પાદ્ય પરિણામ પેદા કરાવે તેવા પ્રકારની કર્મપરિણતિથી જ, ભાવથી તેની=અનુષ્ઠાનની, સિદ્ધિ છે.**

અહીં પ્રશ્ન થાય કે તથાવિધ કર્મપરિણતિને કારણે બાહ્યઆચરણાત્મક અનુષ્ઠાનની ભાવથી સિદ્ધિ હોય તેટલામાત્રથી તે અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત છે તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે -

"તેવા પ્રકારની કર્મપરિણતિ જ આજ્ઞામૃતના સંયોગરૂપ અંતરંગ અંગ છે=અંતરંગ કારણ છે." **(તેથી ભાવપૂર્વકના અનુષ્ઠાનમાં અવશ્ય તથાવિધ કર્મપરિણતિ હોવાને કારણે અપુનર્બંધકાદિનું તે અનુષ્ઠાન**

**આજ્ઞામૃતસંયુક્ત છે, એ પ્રમાણેનું જોડાણ છે.)**

અહીં પ્રશ્ન થાય કે ભાવપૂર્વકના અનુષ્ઠાન પ્રત્યે અંતરંગ કારણ જો તથાવિધ કર્મપરિણતિ જ હોય તો બાહ્યઅનુષ્ઠાનોની શું આવશ્યકતા છે ? જેથી તેમાં યત્ન કરાય છે ? તેના જવાબમાં હેતુરૂપે કહે છે -

"બાહ્યઅનુષ્ઠાનાત્મક બાહ્ય આજ્ઞાયોગ પણ તેનું=તથાવિધ કર્મપરિણતિનું, કારણ હોવાથી," **(તથાવિધ કર્મપરિણતિરૂપ કાર્યનો અર્થી બાહ્યઅનુષ્ઠાનોમાં પણ યત્ન કરે છે) એ પ્રકારનું વિદ્વાનોનું=તત્ત્વને જાણનારાઓનું, કથન છે.**

તેથી શું ?=અપુનર્બંધકાદિનું પોતપોતાની ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન આજ્ઞામૃતથી સંયુક્ત છે, તેથી શું ? એથી કહે છે --

**સર્વ જ તે અનુષ્ઠાન પરમાર્થને આશ્રયીને=નિયમફળને જોનાર નિશ્ચયનયને આશ્રયીને, યોગ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

ગાથા-૯ થી શરૂ કરી અત્યાર સુધી યોગના અધિકારી તરીકે અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના જીવોને ગ્રહણ કર્યા અને વીતરાગમાં પણ ક્ષાયિકભાવવાળા વીતરાગને ગ્રહણ કર્યા, ત્યાં ક્ષાયિકભાવના વીતરાગ ૧૨મા, ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનકવાળાને ગ્રહણ કરવાના છે. તે અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના સર્વ જીવો પોતપોતાની ભૂમિકાને ઉચિત જે જે અનુષ્ઠાન કરે છે, તે સર્વ આજ્ઞામૃતસંયુક્ત અનુષ્ઠાન છે.

આશય એ છે કે ભગવાનના વચનરૂપ જે શ્રુતજ્ઞાન તે આજ્ઞા છે અને તે શ્રુતજ્ઞાનને અનુરૂપ એવી જીવની જે પરિણતિ તે આજ્ઞાનું અમૃત છે અને તે પરિણતિથી યુક્ત તેઓનું જે અનુષ્ઠાન છે, તે આજ્ઞામૃતસંયુક્ત અનુષ્ઠાન છે. તેથી અપુનર્બંધકથી માંડીને ૧૪મા ગુણસ્થાનક સુધીના જીવો પોતપોતાની ભૂમિકાને ઉચિત જે કાંઈ પ્રવૃત્તિઓ કરે છે, તે પ્રવૃત્તિઓથી તે જીવોમાં મોક્ષને અનુકૂળ એવી ઉપર ઉપરની પરિણતિ પ્રગટે છે અને તે પ્રકર્ષને પામીને મોક્ષનું કારણ બને છે. માટે તે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ યોગ કહેવાય છે.

વળી અપુનર્બંધકને ભગવાનની આજ્ઞા તીવ્રભાવે પાપઅકરણની છે. તેથી અપુનર્બંધક, ભગવાનના વચનના ઉપદેશને પામીને તીવ્રભાવથી પાપના અકરણની જે પ્રવૃત્તિ કરે છે, તે યોગ બને છે; કેમ કે ભગવાનના વચનના ઉપદેશને કારણે જીવમાં તેવા પ્રકારની પાપની પરિણતિ મંદ થયેલી છે, જે ભગવાનના વચનના પરિણામરૂપ આજ્ઞામૃતથી સંયુક્ત છે, માટે તે યોગ છે. તેથી અપુનર્બંધક ક્વચિત્ સંસારની ક્રિયા કરતો હોય ત્યારે પણ જો તે સંસારની પ્રવૃત્તિ ભગવાનના વચનના સ્મરણને કારણે તીવ્રભાવવાળા પાપથી રહિત હોય તો તે યોગ બને છે; અને ક્વચિત્ ધર્માનુષ્ઠાન કરતો હોય તોપણ, સ્થૂલ બોધ હોવાને કારણે પૂર્ણ શાસ્ત્રવિધિથી યુક્ત તેનું અનુષ્ઠાન નથી, તેથી સર્વથા પાપરહિત નથી, પરંતુ તે

ધર્મઅનુષ્ઠાનમાં પણ અવિધિથી થતું પાપ તીવ્રભાવે નથી માટે યોગ છે.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધક જીવો પોતાના બોધ પ્રમાણે ભગવાનના વચનના સ્મરણપૂર્વક પોતાને ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરતા હોય અને તેમનો ઉપયોગ તે અનુષ્ઠાનથી પ્રાપ્ત કરવા યોગ્ય ભાવને અનુરૂપ હોય, તો તેમના ઉપયોગથી તે અનુષ્ઠાનની સમ્યક્ નિષ્પત્તિમાં પ્રતિબંધક એવાં કર્મો ક્ષયોપશમભાવને પામે છે, જેથી ભાવથી અનુષ્ઠાનની નિષ્પત્તિ થાય છે, આથી આવા અપુનર્બંધક જીવો ઉચિત અનુષ્ઠાનના સેવનથી સમ્યક્ત્વાદિ ગુણોની પણ પ્રાપ્તિ કરે છે, અને જ્યારે તે અપુનર્બંધક જીવો અનુષ્ઠાન સેવનકાળમાં અનુષ્ઠાનથી પ્રાપ્ત કરવા યોગ્ય ભાવોમાં દૃઢ યત્નવાળા ન હોય તો તે અનુષ્ઠાનથી તેવા પ્રકારનાં કર્મોનો ક્ષયોપશમભાવ થતો નથી, જેથી તે અનુષ્ઠાન દ્રવ્યથી થાય છે, પરંતુ તે અનુષ્ઠાનમાં પ્રવર્તક ભગવાનના વચનની રુચિ હોવાથી તે અનુષ્ઠાન ભાવઅનુષ્ઠાનની નિષ્પત્તિનું કારણ બને તેવું પ્રધાનદ્રવ્યઅનુષ્ઠાન હોય છે.

જેમ અપુનર્બંધકનું પોતાની ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત હોય તો તે યોગ બને છે, તેમ સમ્યગ્દૃષ્ટિ આદિનું પણ પોતપોતાની ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન ભગવાનના વચનના ઉપયોગથી નિયંત્રિત થઈને સાધ્યના હેતુભૂત એવા અંતરંગ યત્નવાળું અને બાહ્ય ઉચિત યત્નવાળું હોય તો આજ્ઞામૃતસંયુક્ત છે, તેથી તે યોગ છે.

કેવળી વીતરાગ છે, તેમને ભગવાનના વચનના સ્મરણની આવશ્યકતા નથી, તોપણ ભગવાનનું વચન સર્વ જીવોને પોતપોતાની ભૂમિકા પ્રમાણે અપ્રમાદ કરવાનો ઉપદેશ આપે છે, અને તે રીતે કેવળી પણ પોતાની કૈવલ્યઅવસ્થાની સર્વ ભૂમિકામાં ઉચિત યત્ન કરે છે; કેમ કે કેવલીમાં પ્રમાદઆપાદક મોહનો સર્વથા અભાવ છે; અને કેવળી ઉચિત કાળે યોગનિરોધમાં પણ જે યત્ન કરે છે, તે સર્વ તે રીતે કરવાનું સર્વજ્ઞનું વચન છે, અને તેના પરિણામરૂપ કેવળીને પણ તે પરિણતિ છે. જોકે તે વખતે કેવળીને શ્રુતજ્ઞાન નથી, તોપણ કેવળજ્ઞાનની પરિણતિ ઉચિત કાળે ઉચિત પ્રવૃત્તિ કરાવે છે. તેથી કેવળીની પણ તે પરિણતિ આજ્ઞામૃતસંયુક્ત છે, તેમ કહેવામાં કોઈ વિરોધ નથી.

વળી અપુનર્બંધકથી માંડીને પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો જ્યારે અપ્રમાદભાવથી પોતાની ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન કરતા હોય, ત્યારે તે અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત બને છે; પરંતુ તે જીવો જ્યારે મોહને વશ થઈને તે અનુષ્ઠાન કરતા હોય ત્યારે તે અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત બનતું નથી. આથી મુનિ પણ જ્યારે પ્રમાદને વશ થઈને કોઈપણ ક્રિયા કરતા હોય ત્યારે તેમનું અનુષ્ઠાન મોહને વશ હોવાથી ઉપરની ભૂમિકાનું કારણ બનતું નથી, પરંતુ સંયમના અધોકંડકમાં પાત થવાનું કારણ બને છે; અને જો તેવા પ્રકારનો મોહનો ઉદય થાય તો ગુણસ્થાનકથી પણ પાત પામે છે. માટે તે અનુષ્ઠાન બાહ્યઆચરણારૂપે ધર્મનું અનુષ્ઠાન હોય તોપણ મોહથી આક્રાંત હોવાના કારણે યોગ બનતું નથી. છતાં ક્વચિત્ પ્રમાદને વશ થયેલા પ્રમત્ત મુનિ પણ પાછળથી ભગવાનના વચનના સ્મરણ દ્વારા નિંદા-ગર્હા કરીને સંયમમાં દૃઢ યત્ન કરે, ત્યારે તેઓની તે નિંદા-ગર્હાની ક્રિયા આજ્ઞામૃતસંયુક્ત હોવાથી યોગ બને છે.

આનાથી એ ફલિત થાય કે પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો સમ્યગ્બોધથી નિયંત્રિત એવી ઉચિત પરિણતિને અનુરૂપ બાહ્ય યતના કરતા હોય ત્યારે તે અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત બને છે, અને તે અનુષ્ઠાનમાં જેટલી યતનાની મ્લાનિ હોય, જેટલી ઉપયોગની મ્લાનિ હોય, તે અંશમાં આજ્ઞામૃતસંયુક્ત નહીં હોવા છતાં કંઈક લક્ષ્યને અનુરૂપ ઉપયોગ હોય તો તેટલા અંશમાં આજ્ઞામૃતસંયુક્ત બની શકે છે; પરંતુ લક્ષ્યનું વિસ્મરણ કરીને મોહથી તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ હોય તો બાહ્યઆચરણારૂપે તે અનુષ્ઠાન શુદ્ધ હોય તોપણ આજ્ઞામૃતસંયુક્ત નહીં હોવાથી તે યોગ બનતું નથી. જેમ કદાગ્રહને વશ થયેલ જમાલીનું બાહ્યઆચરણાઓથી શુદ્ધ પણ અનુષ્ઠાન મોહથી ગ્રસ્ત હોવાના કારણે યોગરૂપ નથી.

અપુનર્બંધક જીવ જ્યારે મિથ્યાત્વ અવસ્થામાં હોય ત્યારે ભગવાનના વચનથી વિપરીત રુચિવાળા પણ છે, પરંતુ કદાગ્રહ નહીં હોવાથી માત્ર બોધની અલ્પતાને કારણે વિપરીત રુચિ છે. તેથી સામગ્રી મળતાં નિવર્તન પામે તેવી પ્રજ્ઞાપનીય પરિણતિ હોવાને કારણે, બાહ્યઆચરણાથી અશુદ્ધ પણ અનુષ્ઠાન યોગ બને છે.

અહીં અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના જીવોનું અનુષ્ઠાન પરમાર્થને આશ્રયીને યોગ છે, એમ જે કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે નિશ્ચયનય સૂક્ષ્મને જોનાર છે, અને પ્રસ્તુતમાં સૂક્ષ્મતા એ છે કે મોક્ષને અનુકૂળ ભગવાનના વચનાનુસાર પરિણતિથી યુક્ત જે અનુષ્ઠાન છે, તેમાં મોક્ષને અનુકૂળ એવી જે જીવની પરિણતિ છે, તે કર્મના વિગમનથી થયેલી જીવની સ્વાભાવિક શુદ્ધ પરિણતિ છે, અને તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષમાં વિશ્રાંત થનારી છે. તેને આશ્રયીને નિશ્ચયનયથી અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના જીવોના આજ્ઞામૃતસંયુક્ત અનુષ્ઠાનને યોગ કહેલ છે.

'આજ્ઞા' ના વિષયમાં જુદા જુદા વચનપ્રયોગની સ્પષ્ટતા આ પ્રમાણે છે -

❖ **આજ્ઞા :-** "મોક્ષરૂપ કાર્યને નિષ્પન્ન કરવા માટે સ્વ-સ્વભૂમિકાને ઉચિત કારણોનું સેવન કરવું," એ પ્રકારનું કથન કરનારું ભગવાનનું વચન એ આજ્ઞા છે.

❖ **ભાવાજ્ઞા :-** મોક્ષ એ આત્માના પરિપૂર્ણ શુદ્ધ ભાવરૂપ છે, અને તે પરિપૂર્ણ શુદ્ધ ભાવોને અનુકૂળ ભાવો કરવાની ભગવાનની જે આજ્ઞા છે, તે ભાવાજ્ઞા છે. આથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને ૧૪મા ગુણસ્થાનક સુધીની મોક્ષને અનુકૂળ એવી જે જે શુદ્ધ પરિણતિઓ છે, તે સર્વ ભાવાજ્ઞા છે. જીવ તે ભાવાજ્ઞાની ઉત્તરોત્તર ભૂમિકા નિષ્પન્ન કરવા માટે યત્નશીલ હોય છે, ત્યારે તે ભાવાજ્ઞા ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને છે અને તે રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ અપ્રમાદભાવથી ભાવઆજ્ઞામાં યત્ન કરીને દેશવિરતિ આદિ ભૂમિકાઓને પામે છે. વળી ઘટ પ્રતિ જેમ માટી ઉપાદાન કારણ છે, તેમ આ ભાવાજ્ઞા ઉપર-ઉપરની ભાવઆજ્ઞાનું ઉપાદાન કારણ છે, છતાં આ ભાવાજ્ઞાને પામેલા જીવો પણ પ્રમાદને વશ થઈને વિપરીત પ્રવૃત્તિ કરે, ત્યારે ભાવાજ્ઞા મ્લાનિને પામે કે વિનાશ પણ પામે છે. આથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો પ્રમાદને વશ થઈને મિથ્યાત્વને પણ પામે છે.

❖ **દ્રવ્યઆજ્ઞા :-** અપુનર્બંધકથી માંડીને સર્વવિરતિધર સુધીનાની ઉપર ઉપરના ભાવની નિષ્પત્તિમાં

નિમિત્ત કારણરૂપ અને પોતપોતાની ભૂમિકાને ઉચિત મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવવારૂપ જે દ્રવ્યક્રિયા છે, તે દ્રવ્યઆજ્ઞા છે; અને કેવળીની પણ ઉપદેશાદિની પ્રવૃત્તિ કર્મનિર્જરાનું કારણ છે, તે દ્રવ્યઆજ્ઞા છે.

❖ **બાહ્ય આજ્ઞાયોગ :-** અંતરંગ આજ્ઞાયોગની નિષ્પત્તિનું નિમિત્ત કારણ એવો જે જિનવચનના ઉપદેશથી જન્ય શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ છે, તે બાહ્ય આજ્ઞાયોગ છે.

❖ **અંતરંગ આજ્ઞાયોગ :-** અપુનર્બંધકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના જીવોને પોતપોતાની ભૂમિકા પ્રમાણે કર્મની મંદતાથી માંડીને કર્મના ક્ષયથી જન્ય જે આત્મપરિણતિ છે, તે અંતરંગ આજ્ઞાયોગ છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

एतत्प्रकटनायैवाह -

**અવતરણિકાર્થ :-**

**આને=અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીનાનું અનુષ્ઠાન પરમાર્થને આશ્રયીને યોગ છે એને, સ્પષ્ટ કરવા માટે જ કહે છે –**

**ગાથા :-**

तल्लक्खणयोगाओ उ चित्तवित्तीणिरोहओ चेव ।
तह कुसलपवित्तीए मोक्खेण उ जोयणाओ त्ति ।।२२।।

**અન્વયાર્થ :-**

तल्लक्खणयोगाओ उ=**તેના=યોગના, લક્ષણના યોગથી જ=સંબંધથી જ**चित्तवित्तीणिरोहओ चेव=**અને ચિત્તવૃત્તિના નિરોધથી જ (અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ બને છે.)**

**શ્લોકના પૂર્વાર્ધમાં બતાવેલ યોગનાં બંને લક્ષણોથી પ્રાપ્ત થતો અર્થ ઉપસંહારરૂપે બતાવે છે -**

तह उ=**વળી તેવા પ્રકારની=પોતપોતાની ભૂમિકા પ્રમાણેની** कुसलपवित्तीए=**કુશળ પ્રવૃત્તિથી,** मोक्खेण जोयणाओ=**મોક્ષની સાથે યોજન કરનાર હોવાના કારણે અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે, એમ પૂર્વ ગાથા સાથે સંબંધ છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે. ॥૨૨॥**

**ગાથાર્થ :-**

**યોગના લક્ષણનો યોગ હોવાથી જ, અને ચિત્તવૃત્તિના નિરોધથી જ, વળી તેવા પ્રકારની કુશળ પ્રવૃત્તિથી મોક્ષની સાથે યોજન કરનાર હોવાના કારણે, અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે, એ પ્રકારે પૂર્વ ગાથા સાથે સંબંધ છે.**

**ટીકા :-**

'तल्लक्षणयोगादेव'=उचितानुष्ठानत्वेन योगलक्षणयोगादेव, "सर्वत्रोचितानुष्ठानं योगः" इति तल्लक्षणोपपत्तेः । तथा 'चित्तवृत्तिनिरोधतश्चैव' सर्वत्र यथासम्भवम्, योगलक्षणं चैतन्मुख्यम्, "योगश्चित्तवृत्तिनिरोधः" (पातञ्जल.१-१) इति वचनात् । उभयत्रान्वर्थयोजनयोपसंहारः, 'तथाकुशलप्रवृत्त्या'=तेन प्रकारेण कुशलप्रवृत्त्या हेतुभूतया 'मोक्षेण सह' 'योजनात्' कारणात् अत एव प्रवृत्तिनिमित्ताद् योगः । इति गाथार्थः ।।२२।।

**ટીકાર્થ :-**

'तल्लक्षणयोगादेव'= ..... इति गाथार्थः ।।२२।। **ઉચિતઅનુષ્ઠાનપણા વડે, તેના=યોગના, લક્ષણના યોગથી જ=સંબંધથી જ, અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે; કેમ કે** "સર્વત્ર=ધર્મ, અર્થ અને કામમાં સર્વત્ર, ઉચિત અનુષ્ઠાન યોગ છે" **- એ પ્રમાણે તેના=યોગના, લક્ષણની ઉપપત્તિ છે=સંગતિ છે.**

**અને સર્વત્ર=ધર્મ, અર્થ અને કામમાં સર્વત્ર, યથાસંભવ ચિત્તવૃત્તિના નિરોધથી જ અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે; અને આ=ચિત્તવૃત્તિનો નિરોધ, મુખ્ય યોગલક્ષણ છે.**

**ચિત્તવૃત્તિના નિરોધથી જ અપુનર્બંધકાદિનું ઉચિત અનુષ્ઠાન યોગ કેમ છે ? તેમાં હેતુ બતાવે છે –**

"ચિત્તવૃત્તિનો નિરોધ યોગ છે" **- એ પ્રમાણેનું વચન હોવાથી, ચિત્તવૃત્તિના નિરોધથી જ અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે, એમ અન્વય છે.**

**બંનેમાં=ઉચિત અનુષ્ઠાન અને ચિત્તવૃત્તિનો નિરોધ એ બંને યોગલક્ષણોમાં, અન્વર્થની=વ્યુત્પત્તિને અનુસરનારા અર્થની યોજનાથી ઉપસંહાર કરે છે –**

**(આ ઉપસંહારરૂપે કહેલું કથન બંને લક્ષણોમાં "योजनात् योगः", એ પ્રકારનો અન્વર્થ બતાવનાર છે. તેથી એ ફલિત થાય કે બંને લક્ષણોમાં યોગનો વ્યુત્પત્તિ અર્થ ઘટે છે.)**

**हेतुभूतया=મોક્ષના હેતુભૂત એવી, तथा कुशलप्रवृत्त्या=તેવા પ્રકારની=પોતપોતાની ભૂમિકા પ્રમાણેની કુશળ પ્રવૃત્તિથી, મોક્ષની સાથે યોજન કરનાર હોવાને કારણે અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે, એમ અન્વય છે.**

अत एव**=આથી જ=પૂર્વમાં કહ્યું કે કુશળ પ્રવૃત્તિથી=પોતપોતાની ભૂમિકા પ્રમાણે ઉચિત અનુષ્ઠાનથી મોક્ષની સાથે યોજન કરનાર હોવાને કારણે અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે એથી જ, પ્રવૃત્તિનું નિમિત્ત હોવાને કારણે=યોગપદની પ્રવૃત્તિનું નિમિત્ત હોવાને કારણે, યોગ છે=અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન યોગ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

સંસારમાં જીવો અનુચિત પ્રવૃત્તિ કરીને સંસારનું સર્જન કરે છે અને પોતપોતાની ભૂમિકા પ્રમાણે

ઉચિત પ્રવૃત્તિ કરીને સંસારનો ઉચ્છેદ કરે છે, માટે ઉચિતઅનુષ્ઠાનપણું યોગનું લક્ષણ છે.

અહીં 'સર્વત્ર ઉચિત અનુષ્ઠાન એ યોગ છે,' એમ કહેવાથી એ કહેવું છે કે સંસારમાં અર્થ-કામની પ્રવૃત્તિ પણ જો ઉચિત વિવેકપૂર્વક કરવામાં આવે તો તે યોગ બને છે. જેમ અપુનર્બંધક પણ જિનવચનના ઉપદેશથી વાસિત થઈને પ્રવૃત્તિ કરતો હોય ત્યારે સંસારના પ્રવૃત્તિકાળમાં પણ તેને ભગવાનનું વચન યાદ આવે કે 'ભગવાને 'सल्लं कामा, विसं कामा' એમ કહ્યું છે, તેથી વિષયોથી દૂર રહેવા જેવું છે.' આ રીતે વિચારીને ઈચ્છાને શાંત કરવા યત્ન કરે. આમ છતાં, ભોગાદિનો બળવાન પરિણામ હોય, અને 'सल्लं कामा, विसं कामा' આદિ વિચારણાથી નિવર્તન ન પામી શકે તો તે ભગવાનના વચનનું સ્મરણ કરીને સાવધાનતાપૂર્વક યત્કિંચિત્ ભોગાદિ સેવીને નિવર્તન પામે, જેથી તેની તે ભોગક્રિયા પણ તીવ્ર ભાવથી પાપના અકરણરૂપ બનવાને કારણે યોગ બને છે. વળી ધર્મઅનુષ્ઠાન કરતી વખતે પણ પોતાના બોધને અનુરૂપ અપ્રમાદથી અનુષ્ઠાનમાં યત્ન કરતો હોય તો તે પણ યોગ છે. તેથી 'સર્વત્ર' શબ્દથી ધર્મ-અર્થ-કામ ત્રણેનું ગ્રહણ કરવાનું છે, તેથી તે ત્રણેય વિષયક ઉચિત અનુષ્ઠાન યોગ છે.

વળી પતંજલિ ઋષિએ "ચિત્તવૃત્તિનો નિરોધ યોગ છે" - એ પ્રમાણે લક્ષણ કર્યું છે. તે લક્ષણને આશ્રયીને પણ અપુનર્બંધકાદિ જીવોને જ્યારે સર્વ ક્રિયામાં યથાસંભવ ચિત્તવૃત્તિનો નિરોધ હોય ત્યારે તે સર્વ પણ ક્રિયા યોગ બને છે.

તાત્પર્ય એ છે કે અપુનર્બંધક જીવ, ભગવાનના વચનથી વાસિત હોય તો, ભોગાદિની ઈચ્છા થાય ત્યારે પણ, ભગવાનના વચનનું સ્મરણ કરીને ભોગમાં આસક્ત ચિત્તનું નિવર્તન કરવા યત્ન કરે છે, તે યત્ન પણ કાંઈક ચિત્તવૃત્તિના નિરોધરૂપ છે; અને ભગવાનના વચનના સ્મરણથી પણ ચિત્ત નિવર્તન ન પામે ત્યારે કાંઈક ભોગાદિની પ્રવૃત્તિ કરીને પણ તેના નિવર્તન માટેનો તેને જે પરિણામ વર્તે છે, તે પણ કંઈક ચિત્તવૃત્તિના નિરોધરૂપ છે, તેથી તે સર્વ યોગ છે. તે રીતે ધર્મના પ્રવૃત્તિકાળમાં પણ પોતાના બોધ પ્રમાણે ઉપયુક્ત થઈને જે કાંઈ પ્રવૃત્તિ કરે છે, તે અંશમાં તેના ચિત્તનો નિરોધ છે. તેથી તે અનુષ્ઠાન પણ યોગ છે.

આ રીતે 'સર્વત્ર ઉચિત અનુષ્ઠાન' અને 'ચિત્તવૃત્તિનો નિરોધ' એ બંને લક્ષણો પ્રમાણે અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના જીવોનું જે અનુષ્ઠાન છે, તે સર્વ યોગ છે.

યોગનાં આ બંને લક્ષણોમાં પ્રથમનું લક્ષણ ગૌણ છે અને બીજું લક્ષણ મુખ્ય છે; કેમ કે મન-વચન-કાયાની પ્રવૃત્તિના નિરોધરૂપ ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ ચૌદમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે, જે મોક્ષનું સાક્ષાત્ કારણ છે; અને મોક્ષમાં જેમ મિથ્યાત્વાદિ કર્મબંધનાં કારણોનો સંપૂર્ણ અભાવ છે, તેમ ચૌદમા ગુણસ્થાનકમાં પણ મિથ્યાત્વ અવિરતિ, કષાય અને યોગરૂપ કર્મબંધનાં કારણોનો સંપૂર્ણ અભાવ છે, પણ તેથી ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ મોક્ષનું સાક્ષાત્ કારણ છે; અને આ ચિત્તવૃત્તિનિરોધ કાંઈક અંશે પૂર્વ-પૂર્વ ભૂમિકામાં છે અને તે જીવની પરિણતિરૂપ છે, અને આ જીવની પરિણતિ પ્રકર્ષને પામીને મોક્ષનું કારણ બને છે, તેથી 'ચિત્તવૃત્તિનિરોધ' એ યોગનું મુખ્ય લક્ષણ છે; જ્યારે ઉચિત અનુષ્ઠાન એ ક્રિયા છે અને ક્રિયા મોક્ષનું સાક્ષાત્ કારણ બનતી નથી, પરંતુ ઉચિત ક્રિયા કરવાથી જે ચિત્તવૃત્તિનો નિરોધ પ્રાપ્ત થાય છે, તે

પ્રકર્ષને પામીને મોક્ષનું કારણ થાય છે. તેથી ઉચિત અનુષ્ઠાન યોગનું મુખ્ય લક્ષણ નથી, પરંતુ ચિત્તવૃત્તિનિરોધ યોગનું મુખ્ય લક્ષણ છે.

આ બંને લક્ષણોમાં 'યોગ' શબ્દની વ્યુત્પત્તિ ઘટે છે, તેમ બતાવીને અપુનર્બંધકાદિથી માંડીને વીતરાગ સુધીના જીવોનું અનુષ્ઠાન યોગ છે, એ વાત ઉપસંહારરૂપે બતાવે છે –

અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના જીવો જે ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે સર્વ ઉચિત પ્રવૃત્તિ પોતપોતાની ભૂમિકા પ્રમાણે મોક્ષનું કારણ બને તેવી કુશળ પ્રવૃત્તિ છે, અને 'મોક્ષની સાથે યોજન કરે તે યોગ' એ પ્રમાણેનો જે વ્યુત્પત્તિ અર્થ છે, તે સર્વ ઉચિત પ્રવૃત્તિમાં સંગત છે. માટે અપુનર્બંધકથી માંડીને વીતરાગ સુધીના જીવોનું જે અનુષ્ઠાન છે, તેમાં 'યોગ' શબ્દનો પ્રયોગ પ્રવૃત્તિનિમિત્ત હોવાથી સંગત છે.

આશય એ છે કે ઘટમાં જલધારણનું સામર્થ્ય હોવાથી ઘટપદની પ્રવૃત્તિ થાય છે. તેથી જેમ ઘટમાં પ્રવૃત્તિનું નિમિત્ત જલધારણસામર્થ્ય હોવાથી ઘટપદની પ્રવૃત્તિ થાય છે, તેમ મોક્ષની સાથે યોજનાર હોવાથી અપુનર્બંધકાદિથી માંડીને વીતરાગ સુધીનું આજ્ઞામૃતસંયુક્ત અનુષ્ઠાન યોગપદની પ્રવૃત્તિનું નિમિત્ત છે, માટે યોગ છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**यद्यप्येतदेवं क्वचित् तथाप्येतानेवाधिकृत्य प्रायोगतं विधिमभिधातुमाह -**

**અવતરણિકાર્થ :-**

**જોકે આ=અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન, આવું=આજ્ઞામૃતસંયુક્ત ક્વચિત્ છે=ક્યારેક છે અર્થાત્ સર્વદા નથી; તોપણ તેઓને જ=અપુનર્બંધકાદિને જ, આશ્રયીને, પ્રાયોગત વિધિને=બહુલતાએ આજ્ઞામૃતસંયુક્ત થવાના કારણરૂપ ઉપાયને, બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

અપુનર્બંધકથી માંડીને પ્રમત્તગુણસ્થાનક સુધીના જીવો તીવ્રભાવથી પાપઅકરણાદિરૂપ જે અનુષ્ઠાન કરે છે, તે અનુષ્ઠાનમાં જ્યારે સ્વભૂમિકાને અનુરૂપ સ્વાભાવિક અપ્રમાદભાવથી ધર્માદિમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે તેઓનું તે અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત બને છે. આમ છતાં અનાદિમોહ અભ્યસ્ત હોવાને કારણે તેઓ પણ સ્વભૂમિકાને અનુરૂપ પ્રાયઃ સદા અપ્રમાદભાવ કરતા નથી. તેથી તેઓને આશ્રયીને પ્રાયઃ કરીને કયા ઉપાયથી અપ્રમાદભાવ ઉત્થિત થાય છે ? જેના કારણે તેઓનું અનુષ્ઠાન આજ્ઞામૃતસંયુક્ત બને છે ? તે બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

**एएसिं पि य पायं बज्झाणायोगओ उ उचियम्मि ।**
**अणुठाणम्मि पवित्ती जायइ तहसुपरिसुद्ध त्ति ।।२३।।**

**અન્વયાર્થ :-**

**एएसिं पि य=અને એઓને પણ=તથાવિધ કર્મપરિણતિથી સમન્વિત એવા પણ અપુનર્બંધકાદિને बज्झाणायोगओ उ=બાહ્ય આજ્ઞાયોગથી જ उचियम्मि अणुठाणम्मि=ઉચિત અનુષ્ઠાનમાં तहसुपरिशुद्ध=તેવા પ્રકારની=પોતપોતાની ભૂમિકા પ્રમાણેની, સુપરિશુદ્ધ पवित्ती=પ્રવૃત્તિ जायइ=થાય છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે. ।।૨૩।।**

**ગાથાર્થ :-**

**અને એઓને પણ બાહ્ય આજ્ઞાયોગથી જ ઉચિત અનુષ્ઠાનમાં તેવા પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે. ।।૨૩।।**

**ટીકા :-**

'एतेषामपि च'=अपुनर्बन्धकादीनां तथाविधकर्मपरिणतिसमन्वितानामपि, 'प्रायः'=बाहुल्येन 'बाह्याज्ञायोगत एव' जिनवचनोपदेशलक्षणाद् 'उचिते' तीव्रभावेन पापाकरणादौ 'अनुष्ठाने' 'प्रवृत्तिर्जायते' चित्राऽनाभोगनिवृत्त्या 'तथासुपरिशुद्धा' दार्ढ्येन भगवद्बहुमानतः । इति गाथार्थः ।।२३।।

**ટીકાર્થ :-**

**'एतेषामपि च'= ..... इति गाथार्थः ।।२३।। અને એઓને પણ=તેવા પ્રકારની કર્મપરિણતિથી યુક્ત એવા પણ અપુનર્બંધકાદિને, પ્રાયઃ=બહુલતાએ, જિનવચનના ઉપદેશરૂપ બાહ્ય આજ્ઞાયોગથી જ ભગવાનનું બહુમાન થવાના કારણે, દઢતાથી=અનુષ્ઠાનવિષયક ઉપયોગની દઢતા થવાથી, ચિત્ર અનાભોગની નિવૃત્તિ થવાને કારણે, તીવ્રભાવથી પાપઅકરણાદિરૂપ ઉચિત અનુષ્ઠાનમાં તે પ્રકારની= પોતાની ભૂમિકાથી ઉપરની ભૂમિકામાં જવાનું કારણ બને તે પ્રકારની, સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨૩।।**

❖ 'एतेषामपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે તથાવિધ કર્મપરિણતિથી યુક્ત ન હોય તેવા અપુનર્બંધકાદિને તો બહુલતાએ બાહ્ય આજ્ઞાયોગથી જ ઉચિત અનુષ્ઠાનમાં તે પ્રકારે સુપરિશુદ્ધ પ્રવૃત્તિ છે; પરંતુ તથાવિધ કર્મપરિણતિથી જે યુક્ત છે, તેવા જીવોને પણ બહુલતાએ બાહ્ય આજ્ઞાયોગથી જ ઉચિત અનુષ્ઠાનમાં તેવા પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે.

❖ 'अपुनर्बंधकादिनां' અહીં 'आदि' પદથી પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવોને ગ્રહણ કરવાના છે; કેમ કે તેમને જિનવચનઉપદેશલક્ષણ બાહ્યઆજ્ઞાયોગ સુદઢ પ્રવૃત્તિમાં કારણ બને છે. જ્યારે અપ્રમત્ત મુનિ આદિને બાહ્ય ઉપદેશ વિના અંતઃપરિણતિથી જ સુદઢ યત્ન વર્તે છે.

**ભાવાર્થ :-**

અપુનર્બંધકથી આરંભીને પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો ભગવાનના વચનાનુસાર ઉચિત અનુષ્ઠાન

કરવા માટે તત્પર બનેલા હોય ત્યારે, તેઓ તથાવિધ કર્મપરિણતિથી સમન્વિત છે=યુક્ત છે, અર્થાત્ યોગમાર્ગમાં ચાલવાનો યત્ન કરાવે તેવા પ્રકારની ક્ષયોપશમભાવની કર્મપરિણતિયુક્ત છે; છતાં તેઓને પણ ભગવાનના વચનનો ઉપદેશ પ્રાપ્ત થાય ત્યારે સ્વભૂમિકાને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનમાં તેવા પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે.

આશય એ છે કે અપુનર્બંધકથી આરંભ કરીને પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો આત્મકલ્યાણ અર્થે પોતપોતાની ભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પણ, જો તેવા પ્રકારના ઉપદેશાદિની સામગ્રી ન મળે તો તે તે પ્રકારનો અનાભોગ ચિત્તમાં વર્તે છે, અને તેથી તે અનુષ્ઠાન તેવા પ્રકારનું સુપરિશુદ્ધ બનતું નથી કે જેનાથી ઉપર ઉપરની વિશેષ પ્રકારની ભૂમિકા પ્રાપ્ત થાય. પરંતુ આ જીવોને જિનવચનનો ઉપદેશ પ્રાપ્ત થાય ત્યારે તે વચનના શ્રવણથી ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ પૂર્વ કરતાં અતિશયિત થાય છે, અને તેના કારણે લક્ષ્ય તરફ અનુષ્ઠાનને પરિણમન પમાડવા માટેનો દૃઢ યત્ન થાય છે, જે દૃઢ યત્નને કારણે ચિત્ર પ્રકારના અનાભોગની નિવૃત્તિ થાય છે અર્થાત્ ઉપદેશથી જેટલો સંવેગનો અતિશય થાય તેટલી પ્રયત્નની લક્ષ્યને અનુરૂપ દૃઢતા આવે છે, અને જેટલી લક્ષ્યને અનુરૂપ દૃઢતા વધારે તેટલી અનુષ્ઠાનની પ્રવૃત્તિમાં લક્ષ્ય પ્રત્યેના અનાભોગની નિવૃત્તિ અધિક થાય છે, અને જેટલી અનાભોગની નિવૃત્તિ અધિક તેટલી તે પ્રકારે અનુષ્ઠાનમાં સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે.

જેમ કોઈ અપુનર્બંધક વિવેકપૂર્વક ધર્મ-અર્થ-કામમાં યત્ન કરતો હોય તો તેને ભોગોની ઈચ્છા થાય ત્યારે પણ, પ્રાયઃ તે ભોગોમાં તીવ્ર ભાવ ન થાય તેમ યત્ન કરતો હોય છે; આમ છતાં તે જીવને ભગવાનના વચનનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે વચનના શ્રવણને કારણે તેનો ભોગાદિથી વિમુખભાવ પૂર્વ કરતાં પણ વિશેષ થાય છે; કેમ કે ભગવાનના વચનના ઉપદેશથી થયેલો જીવંત ઉપયોગ તેને સતત તે પાપથી દૂર રહેવાની પ્રેરણા કરે છે; તેથી નહિવત્ પ્રવૃત્તિ કરીને તે ભોગોથી નિવૃત્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના વચનના ઉપદેશના બળથી, તે અપુનર્બંધક પણ જો શક્તિના પ્રકર્ષથી અપ્રમાદભાવમાં યત્ન કરે તો તેની ભોગની પ્રવૃત્તિ પણ અધિક અનર્થના નિવારણ દ્વારા કલ્યાણનું કારણ બની શકે, તેમાં બળવાન કારણ ઉપદેશ છે.

તે રીતે કોઈ મુનિ સંયમયોગમાં દૃઢ યત્ન કરતા હોય ત્યારે, સંવેગને પેદા કરનાર ગુરુના ઉપદેશથી સંયમયોગની તેમની પ્રવૃત્તિ દૃઢ થાય છે; અને ક્યારેક ઉપદેશના કારણે પ્રવૃત્તિકાળમાં વર્તતો તેવા પ્રકારનો અનાભોગ દૂર થાય છે, તેમાં પણ બળવાન કારણ ઉપદેશ છે.

ગાથામાં જે 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ કર્યો છે તેનું તાત્પર્ય એ છે કે એકાંતે જિનવચનના ઉપદેશસ્વરૂપ બાહ્યઆજ્ઞાયોગથી બધા જીવોને ઉચિત અનુષ્ઠાનમાં સુદૃઢ યત્ન થાય તેવું નથી, જેઓ અવસ્થિત પરિણામવાળા છે તેવા જીવો સ્વઉપયોગથી પોતાની ભૂમિકા પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરે છે અને તેની વ્યાવૃત્તિ કરવા માટે ગાથામાં 'પ્રાયઃ' શબ્દ છે; અને જે જીવો અવસ્થિત પરિણામવાળા નથી, તેઓને તો બાહ્યઆજ્ઞાયોગથી જ સુદૃઢ પ્રવૃત્તિ થાય છે, જો બાહ્યઆજ્ઞાયોગ ન મળે તો તેવી સુદૃઢ પ્રવૃત્તિ થતી નથી, તે બતાવવા માટે

'बाह्याज्ञायोगत एव' માં 'एव' કાર છે.

અહીં વિશેષ એ છે કે જિનવચનના ઉપદેશથી પણ ભિન્ન-ભિન્ન જીવોને આશ્રયીને અથવા એક જીવને પણ ભિન્ન-ભિન્ન કાળમાં ભગવાનના બહુમાનનો ભેદ થાય છે; કોઈક જીવને તે ઉપદેશથી ક્યારેક તીવ્ર બહુમાન થાય છે, જ્યારે તે ઉપદેશથી કોઈ અન્ય કાળે તેને તેવું તીવ્ર બહુમાન થતું નથી; વળી એક સાથે સમાન રીતે શ્રવણ કરનારા પણ જીવોમાં કોઈને સામાન્ય બહુમાન થાય છે તો કોઈ અન્યને તીવ્ર બહુમાન થાય છે; તેનું કારણ ઉપદેશના શ્રવણકાળમાં તેના ઉપયોગના ભેદથી સંવેગનો ભેદ થાય છે, અને જે પ્રકારનો સંવેગનો અતિશય થાય તે પ્રકારે બોધને અનુરૂપ પ્રવૃત્તિ કરવામાં દૃઢતાનો ભેદ પડે છે. આથી ઉપદેશથી કોઈકને મંદ સંવેગ થયેલો હોય તો પ્રવૃત્તિમાં ઓછી અતિશયતા આવે છે અને તીવ્ર સંવેગ થાય તો અત્યંત દૃઢતા આવે છે, અને તે દૃઢતાના ભેદથી લક્ષ્યને અભિમુખ અનાભોગની નિવૃત્તિમાં તરતમતા પડે છે. તેથી જેમ જેમ સંવેગાતિશય થાય તેમ તેમ અનાભોગની નિવૃત્તિ અતિશય બને છે, અને જે પ્રકારની અનાભોગની નિવૃત્તિ અતિશય થાય તે પ્રકારની અનુષ્ઠાનવિષયક પ્રવૃત્તિ પણ સુદૃઢ બને છે. આથી ૧૫૦૦ તાપસો અપુનર્બંધકદશામાં હતા તોપણ ગૌતમસ્વામીજીને પામીને તેવો તીવ્ર સંવેગ પેદા થયો કે જેથી સંયમ ગ્રહણ કરતાંની સાથે જ સુપરિશુદ્ધ સંયમની પ્રાપ્તિ થઈ. **॥૨૩॥**

**અવતરણિકા :-**

यत एवमतः किम्? इत्याह -

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે=જે કારણથી અપુનર્બંધકાદિને પણ બાહ્યઆજ્ઞાયોગથી ઉચિત અનુષ્ઠાનમાં તેવા પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે, આથી શું ? એથી કરીને કહે છે -**

**ગાથા :-**

गुरुणा लिंगेहिं तओ एएसिं भूमिगं मुणेऊण ।
उवएसो दायव्वो जहोचियं ओसहाऽऽहरणा ।।२४।।

**અન્વયાર્થ :-**

**तओ=તે કારણથી=જે કારણથી બાહ્યઆજ્ઞાયોગથી ઉચિત અનુષ્ઠાનમાં તેવા પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે તે કારણથી, गुरुणा=ગુરુએ लिंगेसिं=લિંગો દ્વારા एएसिं=એઓની= અપુનર્બંધકાદિની भूमिगं=ભૂમિકાને मुणेउण=જાણીને ओसहाऽऽहरणा=ઔષધના ઉદાહરણથી जहोचियं= યથોચિત उवएसो=ઉપદેશ दायव्वो=આપવો જોઈએ. ।।૨૪।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી ગુરુએ લિંગો દ્વારા એઓની ભૂમિકાને જાણીને ઔષધના ઉદાહરણથી**

**યથોચિત ઉપદેશ આપવો જોઈએ. ।।૨૪।।**

**ટીકા :-**

'गुरुणा'=अन्वर्थव्यवस्थितशब्दार्थेन, गृणाति शास्त्रार्थमिति गुरुरित्यन्वर्थः, 'लिङ्गैः'=प्रागुपदिष्टैः तीव्रभावेन पापाकरणादिभिः, 'ततः'=तस्मात् कारणात् यस्मादनन्तरोदितगाथोक्तं तथेति, 'एतेषाम्'= अपुनर्बन्धकादीनां 'भूमिकां'=तत्तद्धर्मस्थानयोग्यतारूपां, 'मत्वा' किम्? इत्याह - 'उपदेशो' 'दातव्यः', प्रक्रमाद् धर्मविषयः, कथम्? इत्याह - 'यथोचितम्' इति क्रियाविशेषणम्, औचित्यापेक्षया, 'औषधोदाहरणात्' इति औषधोदाहरणेन यथेदं सदपि व्याध्याद्यपेक्षया मात्रादिना च दीयते, ततोऽन्यथा दोषभावात् । इति गाथार्थः ।।२४।।

**ટીકાર્થ :-**

'गुरुणा'= ..... इति गाथार्थः ।।२४।। **ततः=તે કારણથી=જે કારણથી અનંતર ગાથા-૨૩માં કહેવાયેલું છે તે પ્રમાણે છે એ હેતુથી અર્થાત્ "અપુનર્બંધકાદિને પણ પ્રાયઃ બાહ્યઆજ્ઞાયોગથી તે પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે" એમ અનંતર ગાથામાં કહેવાયેલું છે, तथा=તે પ્રમાણે છે, इति=એ હેતુથી; પૂર્વ ગાથા-૧૩-૧૪-૧૫માં કહેવાયેલાં તીવ્ર ભાવે પાપઅકરણાદિ લિંગો વડે, એઓની= અપુનર્બંધકાદિની, તે તે ધર્મસ્થાનની યોગ્યતારૂપ ભૂમિકાને જાણીને, 'શાસ્ત્રના અર્થને કહે તે ગુરુ' એ પ્રકારના અન્વર્થથી વ્યવસ્થિત શબ્દાર્થવાળા ગુરુએ, પ્રક્રમથી ધર્મવિષયક ઉપદેશ આપવો જોઈએ.**

**કેવી રીતે ઉપદેશ આપવો જોઈએ ? એથી મૂળ ગાથામાં કહે છે –**

**ઔષધના ઉદાહરણથી યથોચિત=ઔચિત્યની અપેક્ષાએ, ઉપદેશ આપવો જોઈએ. 'यथोचितं' એ ક્રિયાવિશેષણ છે.**

અહીં ઔષધના ઉદાહરણને સ્પષ્ટ કરે છે –

**જેમ સાચું એવું પણ આ=ઔષધ, વ્યાધિ આદિની અપેક્ષાએ અને માત્રાદિથી અપાય છે; કેમ કે તેનાથી અન્યથા=વ્યાધિ આદિની અપેક્ષાએ અને માત્રાદિથી ન અપાય તો, દોષનો સદ્ભાવ છે; તેમ સાચો એવો પણ ઉપદેશ અપુનર્બંધકાદિની ભૂમિકાની અપેક્ષાએ યથોચિત આપવો જોઈએ, નહીં તો દોષની પ્રાપ્તિ થાય. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨૪।।**

❖ व्याध्याद्यपेक्षया અહીં 'आदि' શબ્દથી કૃચ્છ્રસાધ્ય, કૃચ્છ્રતરસાધ્ય, સુસાધ્ય વગેરે ભેદો ગ્રહણ કરવાના છે.

❖ मात्रादिना અહીં 'आदि' શબ્દથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

અપુનર્બંધકાદિને પણ પ્રાયઃ બાહ્યઆજ્ઞાયોગથી ઉચિત અનુષ્ઠાનમાં તેવા પ્રકારની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે, તેથી ગુરુએ લિંગો દ્વારા અપુનર્બંધકાદિની ભૂમિકાને જાણીને યથોચિત ઉપદેશ આપવો જોઈએ.

અહીં 'ગુરુ' શબ્દથી 'શાસ્ત્રાર્થને કહે તે ગુરુ' એવા અન્વર્થને અનુસરનારા ગુરુનું ગ્રહણ કરવાનું છે. આવા ગુરુ ઉપદેશ માટે અધિકારી છે, અને જેઓ સમ્યક્ શાસ્ત્રાર્થ કરવા માટે સમર્થ નથી, તેઓ ઉપદેશ માટે અનધિકારી છે.

વળી આવા ગુરુ પણ ગાથા-૧૩-૧૪-૧૫માં બતાવાયેલાં લિંગો વડે શ્રોતા અપુનર્બંધક છે કે સમ્યગ્દૃષ્ટિ આદિ છે તેનો નિર્ણય કરીને, અને તે કયા ધર્મસ્થાન માટે યોગ્ય છે તેનો નિર્ણય કરીને, તે જે ભૂમિકાને યોગ્ય હોય તેને તે ભૂમિકાનો ઉપદેશ આપે; જેથી તે ઉપદેશશ્રવણના બળથી પોતાની યોગ્યતાને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનમાં સુપરિશુદ્ધ પ્રવૃત્તિ કરીને તેના ઉપરની વિશેષ ભૂમિકા પ્રાપ્ત કરે.

વળી કોઈ અપુનર્બંધક આત્મકલ્યાણ અર્થે પોતાની ભૂમિકા પ્રમાણેના ઉચિત અનુષ્ઠાનમાં યત્ન પણ કરતો હોય, છતાં પોતાની ભૂમિકાને અનુરૂપ અનુષ્ઠાનવિષયક યથાર્થ બોધ નહીં હોવાને કારણે, અથવા તો તે અનુષ્ઠાનવિષયક યથાર્થ બોધ હોવા છતાં ક્રિયાકાળમાં "ઉપયોગનો પ્રકર્ષ થાય" તેવી જાગૃતિ નહીં હોવાને કારણે, તે અનુષ્ઠાનથી તેને વિશેષ ફળ મળી શકે નહીં. તેથી તેવા સમયે ઉપદેશકે યોગ્ય ઉપદેશ આપવો જોઈએ કે જેથી જીવ તે અનુષ્ઠાન સમ્યક્ કરી શકે.

પ્રસ્તુત ગાથામાં માત્ર ઉપદેશ આપવો જોઈએ, એટલું જ કહ્યું. તેથી કોઈને ભ્રમ થાય કે ધર્મ-અર્થ-કામ સર્વવિષયક ઉપદેશ આપવો જોઈએ ? તેના નિવર્તન માટે કહે છે કે યોગમાર્ગનો પ્રક્રમ હોવાથી ધર્મવિષયક ઉપદેશ આપવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે કોઈ અપુનર્બંધક ધર્મની પૃચ્છા કરવા આવે, તેમ પોતાને અર્થ-કામની સતામણી હોય તેના નિવારણાદિ માટે પણ પૃચ્છા કરે. ત્યારે ગુરુ તેને અર્થ-કામાદિની સતામણીના નિયંત્રણ માટે કઈ રીતે ઉચિત પ્રયત્નો કરવા જોઈએ, તે બતાવે; અને તે વખતે એમ પણ કહે કે આ રીતે શાસ્ત્રવચનના ભાવનથી પણ જો તે ઈચ્છા નિવર્તન ન જ પામતી હોય, અને તેના કારણે ધર્મની અન્ય પ્રવૃત્તિઓમાં પણ દૃઢતા ન આવતી હોય, તો ક્વચિત્ વિષયોમાં પ્રવૃત્તિ કરવી પડે તોપણ અલ્પ સેવનથી નિવૃત્ત થઈને મનને તે નિમિત્તોથી દૂર રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. જોકે સ્થૂલ દૃષ્ટિથી આ ઉપદેશ અર્થ-કામવિષયક લાગે છે, તોપણ ધર્મનો પોષક હોવાથી આ ઉપદેશ પણ ધર્મવિષયક છે.

વળી ધર્મનો પણ ઉપદેશ ગુરુએ ઔષધના ઉદાહરણથી યથોચિત રીતે આપવો જોઈએ, એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે ઉપદેશકે શ્રોતા બાળ છે, મધ્યમ છે કે બુધ છે, તેનો નિર્ણય કરીને તેની ભૂમિકા પ્રમાણે તેને ઉપદેશ આપવો જોઈએ. વળી તે શ્રોતા કયા નયથી વાસિત છે ? તત્ત્વને સમજવા માટેની તેની કેવી પ્રજ્ઞા છે ? વગેરેનો ઉચિત નિર્ણય કરીને ઉપદેશ આપવો જોઈએ.

**ઔષધના દૃષ્ટાંતથી ઉપદેશ :-**

અહીં ઔષધના ઉદાહરણમાં (૧) સત્ પણ ઔષધ, વ્યાધિ આદિ અને માત્રાદિની અપેક્ષાએ અપાય છે, તેમ કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે હિતકારી એવું સાચું પણ ઔષધ વ્યાધિ પ્રમાણે ન આપવામાં

આવે તો તે હિતકારી નથી, તેમ ભગવાનના વચનરૂપ ઔષધ પણ શ્રોતાના ભાવરોગની અપેક્ષાએ આપવું જોઈએ. (૨) વળી જેમ ઔષધ રોગની અપેક્ષાએ અપાય છે, તેમ માત્રાદિનો વિચાર કરીને પણ અપાય છે. તેમ શ્રોતાને કેટલો ઉપદેશ સમ્યક્ પરિણમન પામે છે, તેનો વિચાર કરીને તેટલી માત્રાથી તેને ઉપદેશ આપવો જોઈએ, પરંતુ અલ્પ કે અધિક માત્રામાં ઉપદેશ આપવો જોઈએ નહીં; કેમ કે જો તેની શક્તિ કરતાં અલ્પ ઉપદેશ આપવામાં આવે તો તેને અલ્પ ભાવઆરોગ્ય પ્રાપ્ત થાય, પરંતુ વિશેષ ઉપદેશથી જે પ્રકારનો વિશેષ લાભ થવાનો હતો, તે પ્રમાણે પ્રાપ્ત થાય નહીં.

જેમ કોઈ અપુનર્બંધક સંસારથી અત્યંત વિમુખ થયેલો હોય અને જો તેને યોગ્ય ઉપદેશ આપવામાં આવે તો તેને સર્વવિરતિ પરિણામ પામે તેવી લાયકાત હોય, છતાં તેને તેવો ઉપદેશ આપવામાં ન આવે અને ગાથા-૨૫માં બતાવાશે, તેવો પ્રારંભિક કક્ષાનો ઉપદેશ આપવામાં આવે, તો તે સર્વવિરતિના પરિણામોને સ્પર્શી શકે નહીં, અને તે રૂપ વિશેષના લાભથી વંચિત રહી જાય; અને આથી ગૌતમસ્વામીએ અપુનર્બંધક અવસ્થામાં રહેલા ૧૫૦૦ તાપસોને સર્વવિરતિનો એવો ઉપદેશ આપ્યો કે જેથી તેઓએ શીઘ્ર સર્વવિરતિધર્મ પ્રાપ્ત કર્યો.

આ રીતે યોગ્ય માત્રામાં ઉપદેશ આપવાથી જે ગુણ થઈ શકે, તેવો ગુણ અલ્પ કે અધિક માત્રામાં ઉપદેશ આપવાથી થાય નહીં, પરંતુ દોષની પ્રાપ્તિ થાય. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**साम्प्रतं यथा दातव्यस्तथा लेशत आह -**

**અવતરણિકાર્થ :-**

**હવે જે પ્રમાણે આપવું જોઈએ, તે પ્રમાણે લેશથી=અપુનર્બંધકને આશ્રયીને થતા બધા વિકલ્પો બતાવતા નથી; પરંતુ પ્રારંભિક ભૂમિકાના એક વિકલ્પરૂપ લેશથી, કહે છે –**

**ગાથા :-**

**पढमस्स लोगधम्मे परपीडावज्जणाइ ओहेणं ।**
**गुरु-देवाऽतिहिपूयाइ दीणदाणाइ अहिगिच्च ।।२५।।**

**અન્વયાર્થ :-**

**पढमस्स=પ્રથમને=અપુનર્બંધકને लोगधम्मे=લોકધર્મવિષયક परपीडावज्जणाइ=પરપીડાવર્જનાદિને (આશ્રયીને) गुरु-देवा-तिहिपूयाइ=ગુરુ-દેવ-અતિથિપૂજાદિને (આશ્રયીને) (અને) दीणदाणाइ अहिगिच्च= દીનદાનાદિને આશ્રયીને ओहेणं=સામાન્યથી ઉપદેશ આપવો જોઈએ. ।।૨૫।।**

ગાથાર્થ :-

**અપુનર્બંધકને લોકધર્મવિષયક પરપીડાવર્જનાદિને આશ્રયીને, ગુરુ-દેવ-અતિથિપૂજાદિને આશ્રયીને અને દીનદાનાદિને આશ્રયીને સામાન્યથી ઉપદેશ આપવો જોઈએ. ॥૨૫॥**

ટીકા :-

'प्रथमस्य'=अपुनर्बन्धकस्य 'लोकधर्मे'=लोकधर्मविषयः 'परपीडावर्जनाद्यधिकृत्य' इति योगः । परपीडा न कर्तव्या, सत्यं वक्तव्यमित्यादि 'ओघेन'=सामान्येन, न विक्षेपणि(?णी)कथाविशेषेण । तथा गुरु-'देवाऽतिथिपूजाद्यधिकृत्य', तद्यथा-गुरुपूजा कर्तव्या, देवपूजा कर्तव्या, अतिथिपूजा कर्तव्या, आदिशब्दात् सत्कार-सम्मानपरिग्रहः । तथा 'दीनदानादि चाधिकृत्य' उपदेशो दातव्यः-दीनेभ्यो देयम्, तपस्विभ्यो देयम्, आदिशब्दाद् रात्रिभोजनादि परिहर्तव्यम् इति गाथार्थः ।।२५।।

ટીકાર્થ :-

**'प्रथमस्य'= ..... इति गाथार्थः ।।२५।।પ્રથમને=અપુનર્બંધકને, લોકધર્મમાં=લોકધર્મના વિષયવાળો, પરપીડાવર્જનાદિને આશ્રયીને ઉપદેશ આપવો જોઈએ.**

**ગાથાના ઉત્તરાર્ધમાં કહેલા 'अधिकृत्य' નો પૂર્વાર્ધમાં કહેલ परपीडावर्जनादि સાથે સંબંધ છે. તે બતાવવા માટે ટીકામાં अधिकृत्येति योगः એમ કથન કરેલ છે.**

પરપીડાવર્જનાદિને આશ્રયીને કેવી રીતે ઉપદેશ આપવો જોઈએ ? તે બતાવે છે –

**'પરપીડા ન કરવી જોઈએ, સત્ય બોલવું જોઈએ,' ઈત્યાદિ ઉપદેશ સામાન્યથી આપવો જોઈએ, વિક્ષેપણીકથાવિશેષથી ઉપદેશ આપવો જોઈએ નહીં, અને ગુરુ-દેવ-અતિથિની પૂજાદિને આશ્રયીને ઉપદેશ આપવો જોઈએ.**

ગુરુ-દેવ-અતિથિની પૂજાદિને આશ્રયીને કેવી રીતે ઉપદેશ આપવો જોઈએ ? તે 'तद्यथा' થી બતાવે છે –

**'ગુરુની પૂજા કરવી જોઈએ, દેવની પૂજા કરવી જોઈએ, અતિથિની પૂજા કરવી જોઈએ.' પૂજાદિમાં 'आदि' શબ્દથી સત્કાર અને સન્માનનું ગ્રહણ કરવાનું છે.**

**તથા દીનદાનાદિને આશ્રયીને ઉપદેશ આપવો જોઈએ.**

દીનદાનાદિને આશ્રયીને કેવી રીતે ઉપદેશ આપવો જોઈએ ? તે બતાવે છે –

**'દીનોને આપવું જોઈએ, તપસ્વીઓને આપવું જોઈએ.' અહીં 'दीनदानादि' માં 'आदि' શબ્દથી રાત્રિભોજનાદિ છોડવું જોઈએ. (તે રૂપ ઉપદેશનું પણ ગ્રહણ કરવાનું છે.) આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૫॥**

**નોંધ :-** અહીં 'दीनदानादि' માં 'तपस्वीभ्यो देयम्' નું ગ્રહણ 'आदि' પદથી કરવાનું નથી, પરંતુ 'दीनदान' ના ઉપલક્ષણથી તપસ્વીનું ગ્રહણ કરવાનું છે, અને રાત્રિભોજનાદિમાં 'आदि' પદથી માંસ ન ખાવું જોઈએ, વ્યભિચારોનું

સેવન ન કરવું જોઈએ ઈત્યાદિ ઉપદેશોનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

આદ્યભૂમિકાના અપુનર્બંધકને આશ્રયીને આ ઉપદેશ છે, પરંતુ અપુનર્બંધકમાં પણ તરતમતાની અપેક્ષાએ અનેક ભૂમિકાઓ છે, તે સર્વને આશ્રયીને આ ઉપદેશ નથી. તેથી આદ્યભૂમિકાથી અન્ય અપુનર્બંધકને આશ્રયીને તેની યોગ્યતા પ્રમાણે અન્ય અન્ય પ્રકારનો પણ ઉપદેશ યોગ્ય જણાય તે પ્રમાણે ગુરુએ આપવો જોઈએ.

અપુનર્બંધક જીવો તરતમતાથી અનેક ભૂમિકાવાળા હોય છે, અને આદ્યભૂમિકાવાળા અપુનર્બંધક પણ યોગ્યતાની અપેક્ષાએ ઉપરની ભૂમિકાનો ઉપદેશ ઝીલે તેવા હોય તો ઉપદેશક તે પ્રમાણે ઉપદેશ આપે, અને તરતમતાની દૃષ્ટિએ ઉપરની ભૂમિકાવાળા અપુનર્બંધકને તેનાથી ઉપરની ભૂમિકામાં જવા માટે સહાયક થાય તેવો ઉપદેશ આપે. જેમ કે જૈનશાસનને પામેલો હોય, પરંતુ અપુનર્બંધકદશામાં હોય, તો તેને સમ્યક્ત્વ કઈ રીતે પ્રાપ્ત થાય ? કે દેશવિરતિ કે સર્વવિરતિ કઈ રીતે પ્રાપ્ત થાય ? તેને અનુરૂપ ઉપદેશ આપે, પરંતુ લોકધર્મનો ઉપદેશ ન આપે. કેટલાક અપુનર્બંધક કોઈ દર્શનને પામેલા ન હોય, પરંતુ પ્રકૃતિભદ્રક હોય, તેવાઓને આશ્રયીને લોકધમનો ઉપદેશ પણ આપે અર્થાત્ સર્વદર્શનમાં સામાન્ય રીતે ગુરુ-દેવાદિની પૂજા, અતિથિપૂજા, દીનાદિને દાન કહેવાયેલું છે, તેવો ઉપદેશ આપવો તે લોકધર્મવિષયક છે; અને લોકોત્તરધર્મનો વિવેક પેદા કરાવે તેવો ઉપદેશ પણ કોઈક અપુનર્બંધકને આશ્રયીને આપવાનો છે, જેથી લોકધર્મ કરતાં જૈનદર્શનમાં દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ કઈ રીતે વિશેષ પ્રકારનું છે, તેનો પણ તેને બોધ થાય, જેથી સુદેવમાં જ દેવબુદ્ધિ, સુગુરુમાં જ ગુરુબુદ્ધિ અને સુધર્મમાં જ ધર્મબુદ્ધિ તેને પેદા થાય.

અવતરણિકામાં કહ્યું કે હવે લેશથી તે બતાવાય છે=અપુનર્બંધકના અનેક પ્રકારના ઉપદેશના ભેદો છે, તેમાંથી કોઈ એક ભેદરૂપ લેશથી બતાવાય છે. તેનાથી અર્થથી અપુનર્બંધકને આશ્રયીને આ પ્રકારના ઉપદેશના અનેક ભેદો ગ્રહણ કરવાના છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**किमित्येतदेवम्? इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**एतद्=આ=અપુનર્બંધકને ઉપદેશ આપવાનું કથન एवम्=ગાથા-૨૫માં બતાવ્યું એવું, કેમ છે ? એથી કહે છે –**

❖ किमिति એ कस्मात् અર્થવાળું અવ્યય છે.

**ગાથા :-**

**एवं चिय अवयारो जायइ मग्गम्मि हंदि एयस्स ।**
**रण्णे पहपब्भट्ठोऽवट्टाए वट्टमोयरइ ।।२६।।**

**અન્વયાર્થ :-**

एवं चिय=ઉક્ત જ પ્રકારથી=ઉપર કહેવાયેલા જ પ્રકારથી एयस्स=આનો=અપુનર્બંધકનો मग्गम्मि=માર્ગમાં अवयारो=અવતાર जायइ=થાય છે.

પ્રાથમિક અપુનર્બંધકનો લોકધર્મના ઉપદેશથી જ માર્ગમાં અવતાર થાય છે. આ વાત દૃષ્ટાંતથી બતાવતાં કહે છે –

रण्णे=જંગલમાં पहपब्भट्ठो=પથભ્રષ્ટ થયેલો=માર્ગથી ચૂકેલો, अवट्टाए=અવર્તનીથી वट्टं=વર્તનીમાં ओयरइ=અવતરે છે. हंदि=ઉપપ્રદર્શનમાં છે. ॥૨૬॥

**ગાથાર્થ :-**

**આ રીતે જ આનો માર્ગમાં અવતાર થાય છે, જંગલમાં પથભ્રષ્ટ થયેલો અવર્તનીથી વર્તનીમાં અવતરે છે. ॥૨૬॥**

**ટીકા :-**

'एवमेव'=उक्तेनैव प्रकारेण, 'अवतारो' जायते 'मार्गे'=सम्यग्दर्शनादिलक्षणे 'हन्दि' इत्युपप्रदर्शने 'एतस्य'=अपुनर्बन्धकस्य, विक्षेपाभावाद् गुणमात्ररागभावाद् विशिष्टबुद्ध्यभावाच्चेति । अत्रैव निदर्शनमाह- 'अरण्ये'=कान्तारे, 'पथप्रभ्रष्टः'=मार्गच्युतः 'अवर्तन्या' व्यवहारतः 'वर्तनीमवतरतिः' व्यवहारत एव, निश्चयतस्तु साऽपि वर्तन्येव, तया तथा तदवतरणात् । अत एवोक्तम् - "आभिप्रायिकी योगिनां धर्मदेशना, उपेयसाधनत्वेन उपायस्य तत्त्वात् ।" तथा - "अचर्यैव चर्या बोधिसत्त्वानाम्, लक्षवेधिनोऽवन्ध्यचेष्टा ह्येते" । एवं च -

"सर्वदेवान् नमस्यन्ति नैकं देवं समाश्रिताः ।
जितेन्द्रिया जितक्रोधा दुर्गाण्यपि तरन्ति ते ।।" ।।योगबिन्दुः श्लो. ११८।।

एवमप्यपि वीतरागे नमस्करणं प्रत्यप्रवृत्तस्य प्रवर्तकत्वात् चारिचरकसञ्जीवन्यचरकचारणन्यायेनादुष्टमेव । इति गाथार्थः ।।२६।।

**ટીકાર્થ :-**

'एवमेव'= ..... इति गाथार्थः ।।२६।। **આ પ્રમાણે જ=ઉપર કહેવાયેલ પ્રકાર વડે, આનો= અપુનર્બંધકનો, સમ્યગ્દર્શનાદિસ્વરૂપ માર્ગમાં અવતાર થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે ઉપદેશક અપુનર્બંધકને લોકધર્મનો ઉપદેશ આપે છે, તે ઉપદેશથી તેનો સમ્યગ્દર્શનાદિ માર્ગમાં અવતાર કઈ રીતે સંભવે ? તેમાં હેતુ કહે છે –

**વિક્ષેપનો અભાવ છે=ધર્મ સાંભળવાને અભિમુખભાવ થયેલ હોવાથી તત્ત્વ સાંભળવા આવે છે એવા અપુનર્બંધકને આ પ્રકારના ઉપદેશથી વિક્ષેપ થતો નથી, માટે ક્રમે કરીને માર્ગની પ્રાપ્તિ થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે આ લોકધર્મવિષયક ઉપદેશ આપવાથી ક્રમે કરીને લોકોત્તરધર્મમાં પ્રવેશ કઈ રીતે સંભવે ? તેથી બીજો હેતુ કહે છે –

**ગુણમાત્રનો રાગ હોવાથી લૌકિકધર્મના ઉપદેશથી ક્રમે કરીને તેનો લોકોત્તરધર્મમાં અવતાર થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે જો અપુનર્બંધકને ગુણમાત્રનો રાગ છે, તો પ્રથમથી જ લોકોત્તરધર્મનો ઉપદેશ આપવામાં શું વાંધો ? તેથી ત્રીજો હેતુ કહે છે –

**વિશિષ્ટ બુદ્ધિનો અભાવ હોવાથી લોકધર્મના સેવનના ક્રમથી માર્ગમાં અવતાર થાય છે.**

**આમાં જ=અપુનર્બંધકનો લોકધર્મના ઉપદેશથી જ લોકોત્તરધર્મમાં અવતાર થાય છે એમાં જ, દૃષ્ટાંત કહે છે –**

**જંગલમાં પથભ્રષ્ટ=માર્ગથી ચ્યુત થયેલો, અવર્તનીના વ્યવહારથી=અમાર્ગમાં પણ માર્ગને અભિમુખ ગમનને અનુકૂળ ક્રિયાથી, વર્તનીમાં=માર્ગમાં, અવતરે છે. (આ દૃષ્ટાંત) વ્યવહારથી જ છે=વ્યવહારનયથી જ છે. નિશ્ચયનયથી તો તે પણ=વ્યવહારનયને માન્ય અવર્તની=અમાર્ગ, પણ, વર્તની=માર્ગ, જ છે; કેમ કે તેણી વડે=વ્યવહારનયને માન્ય અવર્તની વડે, તથા=તે રીતે અર્થાત્ વર્તની તરફ ગમન થાય છે તે રીતે तद्=તેમાં=વર્તનીમાં, અવતરણ થાય છે=માર્ગમાં અવતરણ થાય છે. આથી જ= વ્યવહારનયથી અવર્તની પણ નિશ્ચયનયથી વર્તની જ છે આથી જ, કહેવાયું છે -**

"યોગીઓની ધર્મદેશના આભિપ્રાયિકી હોય છે; કેમ કે ઉપેયના સાધનપણા વડે ઉપાયનું તત્ત્વ છે=ઉપાયપણું છે."

આ વાતને પુષ્ટ કરવા 'तथा' થી બીજો સાક્ષીપાઠ આપે છે –

**અને** "બોધિસત્ત્વોની=સન્માર્ગને પામેલા ઉપદેશકોની, અચર્યા જ ચર્યા છે. (કેમ કે) લક્ષ્યવેધી એવા આ= બોધિસત્ત્વો, અવંધ્ય ચેષ્ટાવાળા હોય છે."

**અને આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે ગાથા-૨૫માં બતાવેલો લૌકિકધર્મ પણ માર્ગમાં અવતરણનું કારણ હોવાથી તેનો ઉપદેશ આપવો જોઈએ, એ રીતે –**

"જિતેન્દ્રિય, જીત્યો છે ક્રોધ જેણે એવા અને એક દેવનો આશ્રય કરીને નહીં રહેલા જેઓ સર્વ દેવોને નમે છે તેઓ, દુર્ગોને પણ=દુર્ગતિપાતરૂપ દુર્ગોને પણ, તરે છે."

**વીતરાગવિષયક નમસ્કાર પ્રતિ અપ્રવૃત્તને પ્રવર્તકપણું હોવાથી 'ચારિચરક સંજીવની અચરક ચારણ' ન્યાયથી एवमाद्यपि=આવા પ્રકારના ઉપદેશ આદિ પણ અદુષ્ટ જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથા-૨૫માં બતાવ્યું એ રીતે ઉપદેશ આપવાથી આદ્ય ભૂમિકાના અપુનર્બંધક જીવોનું રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં અવતરણ થાય છે.

આશય એ છે કે જે અપુનર્બંધક જીવો જૈનદર્શનને પામ્યા નથી, પરંતુ કોઈક નિમિત્તને પામીને સંસારથી વિમુખ થયા છે, તેઓ યોગ્ય ઉપદેશક પાસે ધર્મ સાંભળવા આવે ત્યારે, જૈનશાસનના પરમાર્થને પામેલા ઉપદેશકો તેમની પ્રાથમિક ભૂમિકાને જાણીને ગાથા-૨૫માં બતાવ્યો તેવો લૌકિક ધર્મનો ઉપદેશ આપે; પરંતુ અન્ય દર્શન કરતાં જૈનદર્શનના અહિંસાદિ ધર્મો કઈ રીતે વિશેષ છે, તે પ્રકારનો ઉપદેશ આપે નહીં; કેમ કે જો તે પ્રકારનો ઉપદેશ આપવામાં આવે તો ધર્મના અર્થી એવા પણ અપુનર્બંધક જીવોના ચિત્તનો વિક્ષેપ થાય અર્થાત્ તેઓને એવું લાગે કે આ ઉપદેશક સ્વધર્મના પક્ષપાતવાળા છે, પરંતુ આત્મકલ્યાણના કારણભૂત એવા ધર્મને બતાવે તેવા નથી. આ રીતે વિક્ષેપ થવાથી અપુનર્બંધક જીવોને ઉપદેશ સાંભળવા પ્રત્યેનો વિમુખભાવ થાય અને તેવો વિમુખભાવ થવાથી જે અહિત થાય, તેનું કારણ તે ઉપદેશક બને. આવું ન થાય એટલા માટે ઉપદેશક પ્રથમ ભૂમિકાવાળા અપુનર્બંધક જીવોને લોકધર્મનો ઉપદેશ આપે છે, જેથી તે પ્રતિદિન વિશેષ જિજ્ઞાસાથી ધર્મ સાંભળવા આવે અને ક્રમે કરીને તત્ત્વ પામે.

વળી આ અપુનર્બંધક જીવો માત્ર સાંભળવાની બુદ્ધિથી સાંભળવા આવતા નથી, પરંતુ તેઓને અહિંસાદિ ધર્મો પ્રત્યે પક્ષપાત થયો છે માટે સાંભળવા આવે છે. તેથી તેઓને ગુણમાત્ર પ્રત્યે રાગ છે. તેથી જેમ જેમ ઉપદેશક ધર્મનો સૂક્ષ્મબોધ કરાવે, તેમ તેમ તેઓને ધર્મનો વિશેષ બોધ થતો જાય છે, અને તેઓ પક્વબુદ્ધિવાળા થાય છે, ત્યારે અન્ય દર્શન કરતાં જૈનદર્શનના અહિંસાદિ ધર્મોમાં તેમને વિશેષતા દેખાય છે. તેથી જૈનદર્શનના અહિંસાદિ ધર્મોમાં તેમને વિશેષ રુચિ ઉત્પન્ન થાય છે. આ રીતે ક્રમે કરીને લોકોત્તર એવા માર્ગની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે જો અપુનર્બંધક જીવોને ગુણમાત્રનો રાગ છે, તો પ્રથમથી જૈનદર્શનની લોકોત્તર અહિંસા તેમને બતાવવામાં આવે તો શું વાંધો ? કે જેથી પ્રથમથી તેમને શુદ્ધ માર્ગની પ્રાપ્તિ થાય ? તેથી કહે છે –

જો અપુનર્બંધક જીવોને પ્રથમથી લોકોત્તરધર્મ બતાવવામાં આવે તો તેમનામાં વિશેષ બુદ્ધિનો અભાવ હોવાના કારણે લોકોત્તરધર્મના પરમાર્થને ગ્રહણ કરી શકે નહીં. પરંતુ પ્રથમ લૌકિકધર્મનું વર્ણન કરવામાં આવે તો પોતાની રુચિને અનુરૂપ એવું ધર્મનું સ્વરૂપ તેઓને જણાવવાથી આક્ષિપ્ત થયેલા તેઓ, પ્રતિદિન ધર્મશ્રવણ કરીને વિશિષ્ટ બુદ્ધિવાળા થાય છે, અને બુદ્ધિની પરિપક્વતા આવે પછી તેઓ લૌકિકધર્મ કરતાં લોકોત્તરધર્મની વિશેષતાને સમજી શકે છે.

આ જ વાતમાં દૃષ્ટાંત બતાવતાં કહે છે કે જેમ જંગલમાં માર્ગ ભૂલેલો મુસાફર અમાર્ગમાંથી માર્ગને અભિમુખ ગમન કરીને નગર તરફ જતા માર્ગમાં અવતરણ પામે છે, તેમ પ્રથમ ભૂમિકાવાળા અપુનર્બંધક જીવો પણ લોકોત્તરધર્મને અભિમુખ એવા લોકધર્મના સેવનથી ક્રમે કરીને મોક્ષમાર્ગસ્વરૂપ લોકોત્તરધર્મને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે એક નગરમાંથી અન્ય નગરમાં જતાં વચ્ચે જંગલ આવતાં કોઈક મુસાફર કોઈક સ્થાને માર્ગ ભૂલી જાય અને અન્ય માર્ગે ચાલ્યો જવાથી પથભ્રષ્ટ થાય, ત્યારે તે પથભ્રષ્ટ થયેલો

મુસાફર જ્યાં સુધી અન્ય માર્ગેથી પાછો ફરીને મૂળ માર્ગ ઉપર ન આવે ત્યાં સુધીની અન્ય માર્ગથી મૂળ માર્ગ તરફની કરાતી ગમનક્રિયા વ્યવહારનય અમાર્ગની ગમનક્રિયા માને છે; કેમ કે વ્યવહારનય એક નગરથી અન્ય નગર તરફ જવાનો જે વાસ્તવિક માર્ગ હોય તેને માર્ગ તરીકે સ્વીકારે છે, અને તે મૂળ માર્ગથી અમાર્ગ તરફ વળ્યા પછી ફરીથી તે મૂળ માર્ગ તરફ પાછો આવતો હોય ત્યારે, અમાર્ગમાંથી માર્ગમાં આવવાની ક્રિયા છે, પરંતુ માર્ગમાં ચાલવાની ક્રિયા નથી એમ કહે છે. આ રીતે પૂર્વમાં બતાવેલ લોકધર્મ એ માર્ગ નહીં હોવા છતાં તેવા પ્રકારના અપુનર્બંધક જીવોને માર્ગમાં લાવવાનું કારણ છે, તેથી તેને માર્ગ નહીં પરંતુ માર્ગની પ્રાપ્તિનું કારણ વ્યવહારનય કહે છે અને રત્નત્રયીની આરાધનાને મોક્ષમાર્ગ કહે છે; કેમ કે રત્નત્રયીની પ્રાપ્તિ પછી જીવ ક્રમે કરીને સંસારનો ઉચ્છેદ કરી શકે છે.

જ્યારે નિશ્ચયનય તો એ પથભ્રષ્ટ મુસાફર જ્યારથી અન્ય માર્ગથી માર્ગ સન્મુખ ચાલવાનો પ્રયત્ન કરે છે ત્યારથી, વ્યવહારનયને માર્ગરૂપે અમાન્ય એવા પણ માર્ગને માર્ગ તરીકે સ્વીકારે છે; કેમ કે તે ગમન તેને ઈષ્ટસ્થાન પ્રતિ પહોંચવાનું કારણ છે. તે રીતે નિશ્ચયનય લોકધર્મને પણ માર્ગ કહે છે; કેમ કે લોકધર્મના પાલનથી અપુનર્બંધકનો ગુણ પ્રત્યેનો પક્ષપાત વધતો જાય છે અને વિશેષ-વિશેષ તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક ગુરુ પાસે અહિંસાદિનું સ્વરૂપ સાંભળીને વિશેષ વિશેષ ગુણોને પ્રગટ કરે છે અને ક્રમે કરીને રત્નત્રયીરૂપ વિશિષ્ટ મોક્ષમાર્ગની પરિણતિને પ્રાપ્ત કરે છે. માટે નિશ્ચયનયથી વિચારીએ તો ઉપદેશક અપુનર્બંધકોને જે લોકધર્મનો ઉપદેશ આપે છે તે મોક્ષમાર્ગનો ઉપદેશ છે.

પૂર્વમાં બતાવ્યું કે જે અમાર્ગ છે તે પણ વ્યવહારનયથી માર્ગપ્રાપ્તિનું કારણ છે અને નિશ્ચયનયથી તો તે પણ માર્ગ છે. તે વાતની પુષ્ટિ કરવા માટે અન્ય ગ્રંથોની સાક્ષી આપતાં કહે છે -

યોગીઓની બધી દેશના આભિપ્રાયિકી છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે કઈ રીતે શ્રોતાનું હિત થાય, એ અભિપ્રાયને સામે રાખીને યોગીઓ ઉપદેશ આપે છે; પરંતુ એકાંતે ભગવાનના વચનના પદાર્થો કહેવા જોઈએ, અન્ય નહીં, તેવી એકાંત બુદ્ધિ રાખીને, અન્ય દર્શનો કરતાં જૈનદર્શન વિશેષ છે, એવું બતાવતા નથી. આ વાતની પુષ્ટિ કરવા માટે બૌદ્ધદર્શનની માન્યતાને પણ બતાવે છે –

બૌદ્ધ દર્શનવાળા કહે છે કે "બોધિસત્ત્વોની અચર્યા જ ચર્યા છે." આ કથનથી પણ સર્વત્ર અચર્યા જ ચર્યા છે, એવો નિયમ પ્રાપ્ત થતો નથી; પરંતુ જે અચર્યાથી હિત થતું હોય તે 'અચર્યા જ ચર્યા છે.' જેમ પ્રસ્તુતમાં લોકધર્મથી લોકોત્તરધર્મની પ્રાપ્તિ થતી હોય તો લોકધર્મના ઉપદેશરૂપ અચર્યા ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી ચર્યા છે; કેમ કે બોધિસત્ત્વો જે રીતે લક્ષ્યનો વેધ થાય તે રીતે અવંધ્ય ચેષ્ટાને કરનારા હોય છે. આથી અપુનર્બંધક જીવો માટે સન્માર્ગની પ્રાપ્તિનો ઉપાય લોકોત્તરધર્મ દેખાય, તો લોકોત્તરધર્મનો ઉપદેશ બોધિસત્ત્વો આપે, અને લૌકિકધર્મથી લોકોત્તરધર્મની પ્રાપ્તિ થશે તેવું દેખાય, તો લૌકિકધર્મનો ઉપદેશ આપે કે જેથી તેવા જીવોને લૌકિકધર્મથી લોકોત્તરધર્મની પ્રાપ્તિ થાય. આ રીતે ઉપદેશકો કેટલાક અપુનર્બંધકોને 'સર્વ દેવોને નમસ્કાર કરવાનો, ઈન્દ્રિયોનો જય કરવાનો, ક્રોધનો જય કરવાનો' ઉપદેશ આપે છે; કેમ કે આ રીતે સર્વ દેવોને નમસ્કાર કરવાથી તદંતર્ગત વીતરાગને પણ તેઓ નમસ્કાર કરે છે.

અહીં વિશેષ એ છે કે માત્ર વીતરાગની મૂર્તિને નમસ્કાર કરે એટલામાત્રથી અપુનર્બંધકનું હિત થતું નથી; પરંતુ ગુણમાત્રનો પક્ષપાતી અને કલ્યાણનો અર્થી એવો અપુનર્બંધક, સર્વ દેવોને નમસ્કાર કરે ત્યારે સર્વ દેવોની મુદ્રા જુએ છે અને વીતરાગની મુદ્રા પણ જુએ છે, તેથી ક્વચિત્ તેવા કોઈ ઉપદેશને સાંભળીને અથવા તેવા કોઈ નિમિત્તને પામીને અથવા વીતરાગની પ્રશમરસયુક્ત મુદ્રાને જોઈને અન્ય દેવો કરતાં વીતરાગ પ્રત્યેના પક્ષપાતવાળો થાય છે. તેથી 'ચારિચરકસંજીવનીઅચરકચારણન્યાય'થી તેની સર્વ દેવોના નમસ્કારની ક્રિયા પણ માર્ગની પ્રાપ્તિનું કારણ હોવાથી દુષ્ટ નથી.

આ 'ચારિચરકસંજીવનીઅચરકચારણન્યાય'નો ભાવ આ પ્રમાણે છે –

કોઈક પુરુષને કોઈકે મંત્રથી મંત્રીને બળદ બનાવી દીધો અને તેને તેની પત્ની ચારો ચરાવે છે ત્યારે કોઈક વિદ્યાધરના વચનથી તેને જાણ થાય છે કે અમુક વૃક્ષ નીચે સંજીવની છે જેના બળથી આ બળદ પુરુષ થઈ શકે તેમ છે; ત્યારે તેને પુરુષત્વની પ્રાપ્તિ કરાવવા તેની સ્ત્રી તેને તે વૃક્ષ નીચેની બધી વનસ્પતિ ચરાવે છે. તે વખતે તે વનસ્પતિની અંદર રહેલી સંજીવનીની પ્રાપ્તિથી તે બળદ પુરુષ બની જાય છે. તેમ સર્વ દેવોને નમસ્કાર કરવામાં તદન્તર્ગત વીતરાગને પણ અપુનર્બંધક નમસ્કાર કરે છે. તેથી વીતરાગના વિશેષ સ્વરૂપનો બોધ થાય ત્યારે વીતરાગ પ્રત્યેનો પક્ષપાત પેદા થાય છે. તેનાથી લોકોત્તરધર્મની પ્રાપ્તિ થાય છે. ॥૨૬॥

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત સમ્યગ્દષ્ટિને આશ્રયીને ઉપદેશનું કથન કરે છે –**

**ગાથા :-**

**बीयस्स उ लोगुत्तरधम्मम्मि अणुव्वयाइ अहिगिच्च ।**
**परिसुद्धाणायोगा तस्स तहाभावमासज्ज ।।२७।।**

**અન્વયાર્થ :-**

**बीयस्स उ=વળી બીજાને=સમ્યગ્દષ્ટિને लोगुत्तरधम्मम्मि=લોકોત્તરધર્મવિષયક अणुव्वयाइ अहिगिच्च= અણુવ્રતાદિને આશ્રયીને तस्स=તેના=શ્રોતાના तहाभावमासज्ज=તેવા પ્રકારના ભાવને=જે જે પરિણમન પામે તેવા પ્રકારના ભાવને, પ્રાપ્ત કરીને परिसुद्धाणाजोगा=પરિશુદ્ધઆજ્ઞાયોગથી (ઉપદેશ આપવો જોઈએ). ॥૨૭॥**

**ગાથાર્થ :-**

**વળી બીજાને, લોકોત્તરધર્મવિષયક અણુવ્રતાદિને આશ્રયીને શ્રોતાના તેવા પ્રકારના ભાવને પ્રાપ્ત કરીને, પરિશુદ્ધઆજ્ઞાયોગથી ઉપદેશ આપવો જોઈએ. ॥૨૭॥**

**ટીકા :-**

'द्वितीयस्य पुनः'=उपन्यासक्रमप्रामाण्यात् सम्यग्दृष्टेः 'लोकोत्तरधर्मे'=लोकोत्तरधर्मविषयः, 'अणुव्रताद्यधिकृत्य'=अणुव्रत-गुणव्रत-शिक्षापदान्याश्रित्य, उपदेशो दातव्य इति वर्तते । कथम्? इत्याह- 'परिशुद्धाज्ञायोगात्'= त्रिकोटिपरिशुद्धाज्ञानुसारेणेति भावः 'तस्य'=श्रोतुः 'तथाभावमासाद्य'=अभिप्रायं ज्ञात्वा यद् यत् परिणमति । इति गाथार्थः ।।२७।।

**ટીકાર્થ :-**

'द्वितीयस्य पुनः'= ..... इति गाथार्थः ।।२७।। **વળી, ઉપન્યાસક્રમના પ્રામાણ્યથી=ગાથા૧૩-૧૪-૧૫માં અપુનર્બંધકાદિનાં લિંગો બતાવેલાં છે, ત્યાં કરાયેલા અપુનર્બંધકાદિના ઉપન્યાસક્રમના પ્રામાણ્યથી, બીજાને=સમ્યગ્દૃષ્ટિને, લોકોત્તરધર્મવિષયક અણુવ્રતાદિને આશ્રયીને=અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાપદોને આશ્રયીને, ઉપદેશ આપવો જોઈએ.**

**"ઉપદેશ આપવો જોઈએ" એ કથન ગાથા-૨૪માંથી અહીં અનુવૃત્તિરૂપે વર્તે છે.**

**કેવી રીતે ઉપદેશ આપવો જોઈએ ? એથી કહે છે –**

**તેના=શ્રોતાના, તેવા પ્રકારના ભાવને પ્રાપ્ત કરીને=શ્રોતાના અભિપ્રાયને જાણીને જે જે પરિણમન પામે તે પ્રકારના ભાવોને પ્રાપ્ત કરીને, પરિશુદ્ધઆજ્ઞાયોગથી=કષ, છેદ, તાપરૂપ ત્રિકોટીપરિશુદ્ધ આજ્ઞાનુસાર ઉપદેશ આપવો જોઈએ, એમ અન્વય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવને તત્ત્વની રુચિ હોય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના સ્વરૂપને યથાર્થ જાણીને સંસારના નિસ્તાર પ્રતિ અત્યંત અભિલાષુક હોય છે. આવો જીવ ધર્મ સાંભળવા સન્મુખ થયો હોય ત્યારે ઉપદેશકે તેને અણુવ્રતાદિસ્વરૂપ ૧૨ વ્રતોનો ઉપદેશ આપવો જોઈએ. આ ઉપદેશ માત્ર ૧૨ વ્રતોનું સ્વરૂપ બતાવવાથી યથાર્થ બનતો નથી; પરંતુ શ્રોતાના અભિપ્રાયને જાણીને ત્રિકોટીપરિશુદ્ધ આજ્ઞા અનુસાર ઉપદેશ આપવાથી તે જીવને પારમાર્થિક દેશવિરતિનો બોધ થાય છે અને તીવ્ર જિજ્ઞાસાથી જો તે સાંભળવા યત્ન કરતો હોય તો ઉપદેશકાળમાં ભાવથી તેને દેશવિરતિનો પરિણામ થાય છે.

અહીં શ્રોતાના તે પ્રકારના અભિપ્રાયને જાણીને જે જે પરિણમન પામે તે ઉપદેશ આપવો જોઈએ, એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે પદાર્થને સમજવામાં શ્રોતા કેવી મતિવાળો છે ? શ્રોતાને વ્રત ગ્રહણ કરવાની કેવી ઉત્કટ પરિણતિ છે ? તેના શારીરિક, માનસિક અને બાહ્ય સંયોગો કેવા છે ? તેને આશ્રયીને પોતાની ભૂમિકા પ્રમાણે તે તે વ્રતના પાલન માટે તે તે યત્ન કરી શકશે ? તેનું સમ્યક્ સમાલોચન કરીને પરિશુદ્ધઆજ્ઞાયોગથી તેવી રીતે ઉપદેશ આપવો જોઈએ કે જેનાથી શ્રોતાને ઉપદેશકાળમાં ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય અને પરંપરાએ તે મોક્ષનું કારણ બને.

અહીં કહ્યું કે પરિશુદ્ધઆજ્ઞાયોગથી ઉપદેશ આપવો જોઈએ અને પરિશુદ્ધઆજ્ઞાયોગનો અર્થ કર્યો કે

ત્રિકોટીપરિશુદ્ધ આજ્ઞાનુસાર ઉપદેશ આપવો જોઈએ. તેનાથી એ પ્રાપ્ત થાય કે દેશવિરતિનો ઉપદેશ દેશવિરતિની પ્રાપ્તિને અનુરૂપ શ્રુતધર્મરૂપ છે, અને તે શ્રુતધર્મનો ઉપદેશ કષ-છેદ-તાપશુદ્ધ હોવો જોઈએ, અને તે પ્રસ્તુતમાં આ રીતે છે –

**કષશુદ્ધ ઉપદેશ :-** જે ઉપદેશમાં વિધિ અને નિષેધ ઉચિતરૂપે બતાવવામાં આવ્યા હોય તે કષશુદ્ધ ઉપદેશ છે. પ્રસ્તુતમાં કષશુદ્ધ ઉપદેશ એ છે કે શ્રોતાની શક્તિ પ્રમાણે દેશથી હિંસાદિના નિષેધરૂપ અણુવ્રતોનું સ્વરૂપ બતાવે અને અણુવ્રતોના પાલનને અનુકૂળ વિધિ બતાવે અને શ્રોતાને કહે કે આ ઉચિત ક્રિયારૂપ અણુવ્રતોનું પાલન કરતાં અણુવ્રતોમાં ક્રમસર વૃદ્ધિ થાય અને સર્વવિરતિના પરિણામ ઉત્પન્ન થાય તેવો યત્ન કરવો જોઈએ, અને તેના માટે સર્વવિરતિને બતાવનારા સાધ્વાચારનું વારંવાર શ્રવણ કરવું જોઈએ અને તેનાથી આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી રાગાદિના પ્રતિપક્ષભાવનરૂપ શાસ્ત્ર અધ્યયનથી સંવરભાવરૂપ દેશવિરતિ નિષ્પન્ન થાય, ક્રમસર વૃદ્ધિ પામે અને સર્વવિરતિ પ્રાપ્ત કરાવીને અંતે વીતરાગતાનું કારણ બને. આ પ્રકારે હિંસાદિના નિષેધનો અને સર્વવિરતિને અનુકૂળ ઉચિત ક્રિયારૂપ વિધિનો સમ્યગ્ ઉપદેશ આપવામાં આવે તો તે ઉપદેશ કષશુદ્ધ કહેવાય.

**છેદશુદ્ધ ઉપદેશ :-** જે વ્રતો લેવાનાં છે તે વ્રતોને અનુરૂપ ઉચિત આચારસંહિતા જેમાં બતાવવામાં આવે તે છેદશુદ્ધ ઉપદેશ કહેવાય. જેમ કે દેશવિરતિ ગ્રહણ કર્યા પછી દેશવિરતિનું પાલન કરવાને અનુકૂળ શું શું ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ કે જેથી તેનાં વ્રતો સુરક્ષિત રહે અને ઉત્તર-ઉત્તરની ભૂમિકા વૃદ્ધિ પામે, તે બતાવીને તેને અનુરૂપ ઉત્સર્ગ-અપવાદની પ્રવૃત્તિઓ બતાવવામાં આવે, કે જેથી ધ્યાન-અધ્યયન દ્વારા વિધિમાં પ્રવૃત્તિ થાય અને અણુવ્રતોના પાલન દ્વારા હિંસાદિનો નિષેધ થાય. આ પ્રકારનો ઉપદેશ આપવાથી તે ઉપદેશ છેદશુદ્ધ બને, પરંતુ વિધિ અને નિષેધમાંથી કોઈને પણ વ્યાઘાત કરે તેવી કોઈ પણ આચારસંહિતા બતાવવામાં આવે તો તે ઉપદેશ છેદશુદ્ધ બને નહીં.

**તાપશુદ્ધ ઉપદેશ :-** 'આત્મા પરિણામી છે', તેમ કહે તે તાપશુદ્ધ ઉપદેશ કહેવાય. આત્મા પરિણામી હોવાથી સમ્યક્ રીતે કરાયેલા દેશવિરતિના પાલનથી ઉત્તરોત્તરના સંવરભાવને પામીને સર્વવિરતિના ભાવને પામશે અને તેનાથી તે મોક્ષને પામશે. જો આત્મા પરિણામી ન હોય તો દેશવિરતિનું પાલન મોક્ષનું કારણ છે તેમ કહી શકાય નહીં અને બંધ-મોક્ષાદિ સર્વ વ્યવસ્થા પણ સંગત થાય નહીં.

આ પ્રકારનો જે દેશવિરતિનો ઉપદેશ છે તે ત્રિકોટીપરિશુદ્ધ છે; અને આ પ્રકારના ત્રિકોટીપરિશુદ્ધ ઉપદેશથી શ્રોતાને જ્ઞાન થાય કે હિંસાદિ પાપની નિવૃત્તિ અર્થે મારે શક્તિ પ્રમાણે અણુવ્રતોમાં યત્ન કરવો જોઈએ અને રાગાદિના પ્રતિપક્ષભાવન અર્થે શાસ્ત્ર-અધ્યયનાદિમાં પણ યત્ન કરવો જોઈએ કે જેથી દેશવિરતિનો સંવરભાવ મારો સુરક્ષિત થાય અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. આ પ્રકારના વિધિ-નિષેધનો બોધ કષશુદ્ધિથી થાય અને તે ભાવને=કષશુદ્ધિ દ્વારા બતાવાયેલા વિધિ-નિષેધના સેવનથી પ્રાપ્ત થયેલા ભાવને, સુરક્ષિત કરવા અને વૃદ્ધિમત્ કરવા જે જે ઉચિત આચરણાઓ કરવી જોઈએ, તે કથન છેદશુદ્ધિના કથનમાં બતાવેલ હોવાથી તેનો પણ બોધ થાય, અને એ રીતે ઉચિત આચરણા દ્વારા સમ્યગ્ વિધિનું સેવન કરી

દેશવિરતિના પરિણામને પ્રાપ્ત કરી શકે. વળી તાપશુદ્ધ ઉપદેશથી આત્મા પરિણામી છે તે બોધ સ્પષ્ટ થવાથી તેને શ્રદ્ધા થાય કે આ ક્રિયાથી તેનો મલિન આત્મા અવશ્ય પૂર્ણ શુદ્ધ થશે. જો ઉપદેશક ત્રિકોટીપરિશુદ્ધ દેશવિરતિનો ઉપદેશ ન આપે અને યથાતથા ઉપદેશ આપે, તો તે દેશવિરતિના ઉપદેશથી ઉચિત વિધિ-નિષેધ-આચારસંહિતા અને આત્મસ્વરૂપનો બોધ ન થવાથી હિતને અનુકૂળ પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવો પણ કરી શકતા નથી. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**अथ किमर्थं सुप्रसिद्धमादौ साधुधर्मोपदेशमुल्लङ्घ्यास्य श्रावकधर्मोपदेशः? इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**'अथ' શંકાના અર્થમાં છે. અહીં કોઈને શંકા થાય કે આદિમાં સુપ્રસિદ્ધ એવા સાધુધર્મના ઉપદેશને ઓળંગીને આને=સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકધર્મનો ઉપદેશ શા માટે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

'अथ' થી શંકા કરે છે કે ધર્મ સાંભળવાને અભિમુખ થયેલા સમ્યગ્દૃષ્ટિને પ્રથમ સાધુધર્મનો ઉપદેશ આપવો જોઈએ, એ કથન સુપ્રસિદ્ધ છે. આમ છતાં તે કથનનું ઉલ્લંઘન કરીને ગાથા-૨૭માં સમ્યગ્દૃષ્ટિને શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ, તેમ શા માટે કહ્યું ? તેનું સમાધાન કરતાં ગ્રંથકાર મૂળ ગાથામાં કહે છે –

**ગાથા :-**

**तस्साऽऽसण्णत्तणओ तम्मि दढं पक्खवायजोगाओ ।**
**सिग्घं परिणामाओ सम्मं परिपालणाओ य ।।२८।।**

**અન્વયાર્થ :-**

**तस्स=તેનું=શ્રાવકધર્મનું आसण्णत्तणाओ=આસન્નપણું હોવાથી, तम्मि=તેમાં=શ્રાવકધર્મમાં दढं पक्खवायजोगाओ=(ઉપદેશાદિ સામગ્રીના બળથી) દઢ પક્ષપાતનો યોગ થવાથી सिग्घं परिणामाओ=શીઘ્ર પરિણમન થતું હોવાથી सम्मं परिपालणाओ य=અને સમ્યક્ પરિપાલન થતું હોવાથી, આદિમાં શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ. ।।૨૮।।**

**ગાથાર્થ :-**

**શ્રાવકધર્મનું આસન્નપણું હોવાથી, ઉપદેશાદિ સામગ્રી મળે તો શ્રાવકધર્મમાં દઢ પક્ષપાતનો યોગ થવાથી, શીઘ્ર પરિણમન થતું હોવાથી અને સમ્યક્ પરિપાલન થતું હોવાથી, આદિમાં શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ. ।।૨૮।।**

**ટીકા :-**

**'तस्य'=श्रावकधर्मस्य 'आसन्नत्वाद्' गुणस्थानकक्रमेण भावप्रतिपत्तिं प्रति प्रत्यासन्नः, यथोक्तम्** - "सम्मत्तम्मि उ लद्धे पलियपुहत्तेण" **(विशेषा. गा. १२२२) इत्यादि, अत एव कारणात्, 'तस्मिन्'=श्रावकधर्मे 'वृढम्'=अत्यर्थं 'पक्षपातयोगात्' आसन्ने हि भावतस्तत्सद्भावसम्भवेन पक्षपातभावात् । अत एव कारणात् 'शीघ्रं'=तूर्णं 'परिणामात्'=क्रियया परिणमनात्, तत्पक्षपाते तद्भावापत्तिरिति कृत्वा । तथा 'सम्यग्'=यथासूत्रं 'परिपालनातश्च' परिणतिगुणेनेति । सुप्रसिद्धत्वं चाऽऽदौ साधुधर्मोपदेशस्याणुव्रतादिप्रदानकालविषयम्, अन्यथोक्तविपर्यये दोषः । इति गाथार्थः ।।२८।।**

**ટીકાર્થ :-**

**'तस्य'=श्रावकधर्मस्य ..... इति गाथार्थः ।।२८।। તેનું=શ્રાવકધર્મનું, આસન્નપણું હોવાથી સમ્યગ્દૃષ્ટિને આદિમાં શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ.**

સમ્યગ્દૃષ્ટિથી શ્રાવકધર્મનું આસન્નપણું કઈ અપેક્ષાએ છે ? તે બતાવતાં કહે છે –

**ગુણસ્થાનના ક્રમથી શ્રાવકધર્મના भावप्रतिपत्तिं प्रति=ભાવથી સ્વીકાર પ્રત્યે, સમ્યક્ત્વ પ્રત્યાસન્ન છે=અતિ આસન્ન છે. આ વાતને પુષ્ટ કરવા વિ. આ. ગા. ૧૨૨૨ની 'यथोक्तं' થી સાક્ષી આપે છે -**

"સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમ પૃથક્ત્વથી" **શ્રાવક થાય છે, એ અર્થ इत्यादि થી ઉદ્ધરણનો બાકીનો ભાગ ગ્રહણ થાય છે તેનો અર્થ છે.**

**આ જ કારણથી=સમ્યક્ત્વથી શ્રાવકધર્મનું આસન્નપણું હોવાથી, શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ, એમ જોડાણ છે.**

અહીં પ્રશ્ન થાય કે શ્રાવકધર્મ સમ્યગ્દૃષ્ટિને આસન્ન હોય એટલામાત્રથી તેનો પ્રથમ ઉપદેશ આપવો જોઈએ, પણ દૂરવર્તી એવા સાધુધર્મનો ઉપદેશ આપવો જોઈએ નહીં, તેમ કેમ કહ્યું ? તેથી કહે છે -

**તેમાં=શ્રાવકધર્મમાં, દૃઢ=અત્યંત, પક્ષપાતનો યોગ થતો હોવાથી, સમ્યગ્દૃષ્ટિને આદિમાં શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ.**

શ્રાવકધર્મનું આસન્નપણું હોવાથી શ્રાવકધર્મમાં દૃઢ પક્ષપાત કેમ થાય છે ? તેમાં હેતુ બતાવતાં કહે છે –

**ભાવથી આસન્નમાં તેના સદ્ભાવનો સંભવ હોવાને કારણે=ભાવથી આસન્ન ભાવના પ્રગટીકરણનો સંભવ હોવાને કારણે, પક્ષપાત થાય છે.**

સમ્યગ્દૃષ્ટિને શ્રાવકધર્મનો ઉપદેશ આપવાથી તેના પ્રત્યે દૃઢ પક્ષપાત થાય, તેનાથી શું થાય ? તેથી કહે છે -

**આ જ કારણથી=શ્રાવકધર્મમાં દૃઢ પક્ષપાત થવાના કારણે ક્રિયારૂપે શીઘ્ર પરિણમન**

**પામતો હોવાથી, સમ્યગ્દૃષ્ટિને આદિમાં શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ. એમ અન્વય છે.**

શ્રાવકધર્મમાં પક્ષપાત હોવાથી શીઘ્ર પરિણમન કેમ થાય છે ? તેમાં હેતુ બતાવતાં કહે છે –

**તેના=શ્રાવકધર્મના, પક્ષપાતમાં, તેના ભાવની=શ્રાવકધર્મના પરિણામની આપત્તિ=પ્રાપ્તિ છે, એથી કરીને શીઘ્ર પરિણમન પામે છે.**

**અને પરિણતિગુણને કારણે સમ્યગ્ પરિપાલન થતું હોવાથી=જે પ્રમાણે સૂત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે સમ્યક્ પરિપાલન થતું હોવાથી સમ્યગ્દૃષ્ટિને આદિમાં શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ.**

**'परिणतिगुणेनेति' માં 'इति' ગાથાના અર્થને કહેનારી ટીકાની સમાપ્તિમાં છે.**

અવતરણિકામાં પ્રશ્ન કર્યો હતો કે આદિમાં સુપ્રસિદ્ધ સાધુધર્મને ઓળંગીને સમ્યગ્દૃષ્ટિને શ્રાવકધર્મનો ઉપદેશ કેમ આપવો જોઈએ ? તેના સમાધાનરૂપે ચાર કારણે સમ્યગ્દૃષ્ટિને શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ, તેમ કહ્યું. આમ છતાં અન્યત્ર સમ્યગ્દૃષ્ટિને આદિમાં સાધુધર્મના ઉપદેશનું કથન સુપ્રસિદ્ધ છે, તેવું કથન કેમ છે ? તેનું સમાધાન થયું નહીં. તેથી તે કથનના તાત્પર્યને સ્પષ્ટ કરવા માટે કહે છે –

**અને આદિમાં સાધુધર્મના ઉપદેશનું સુપ્રસિદ્ધપણું અણુવ્રતાદિપ્રદાનકાળવિષયક છે. અન્યથા= સાધુધર્મનો ઉપદેશ અણુવ્રતપ્રદાનકાળવિષયક છે, એવું ન માનો, અને ધર્મ સાંભળવા માટે તૈયાર થયેલા સમ્યગ્દૃષ્ટિને આદિમાં સર્વવિરતિનો ઉપદેશ આપવો જોઈએ તેમ માનો તો, ઉક્તના વિપર્યયમાં= ગાથા-૨૮માં બતાવેલા દૃઢ પક્ષપાતના, શીઘ્રપરિણમનના અને સમ્યક્પાલનના વિપર્યયમાં, દોષ થાય. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

### -: સમ્યગ્દૃષ્ટિને પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ આપવાનાં કારણો :-

**(૧) શ્રાવકધર્મ સમ્યક્ત્વને આસન્ન હોવાથી :-** ગુણસ્થાનકના ક્રમ પ્રમાણે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી દેશવિરતિ ધર્મની પ્રાપ્તિ થાય છે. તેથી દેશવિરતિની પરિણતિ તે સમ્યક્ત્વની નજીકની પરિણતિ છે, માટે સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિધર્મનો ઉપદેશ પ્રથમ આપવો જોઈએ, જેથી શીઘ્ર તેને દેશવિરતિ પરિણમન પામે.

શ્રાવકધર્મની નજીકમાં દેશવિરતિ છે, તેમાં સાક્ષી આપે છે –

વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૨૨૨માં કહ્યું છે કે 'સમ્યક્ત્વની પ્રાપ્તિ થયે છતે, પલ્યોપમ પૃથક્ત્વ કર્મની સ્થિતિનું વિગમન થાય ત્યારે જીવને શ્રાવકધર્મનો પરિણામ થાય છે.'

**(૨) શ્રાવકધર્મમાં દૃઢ પક્ષપાતની પ્રાપ્તિ હોવાથી :-** સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિનો ઉપદેશ આપવાથી ધર્મના અર્થી એવા સમ્યગ્દૃષ્ટિને 'આ ધર્મ હું અવશ્ય કરી શકીશ' એવો દૃઢ પક્ષપાત થાય છે, અને જે ધર્મમાં દૃઢ પક્ષપાત થાય તે ધર્મ શીઘ્ર પરિણમન પામે, માટે શ્રાવકને દેશવિરતિધર્મનો ઉપદેશ પ્રથમ આપવો જોઈએ. સમ્યગ્દૃષ્ટિને શ્રાવકધર્મનું આસન્નપણું હોવાથી જો ઉપદેશક તેના અભિપ્રાયને જાણીને

ત્રિકોટીપરિશુદ્ધ આજ્ઞાનુસાર શ્રાવકધર્મનો ઉપદેશ આપે તો સમ્યગ્દષ્ટિને શ્રાવકધર્મ પ્રત્યે અત્યંત પક્ષપાત પેદા થાય; કેમ કે ધર્મને સેવવાને અભિમુખ થયેલા એવા સમ્યગ્દષ્ટિને પ્રાયઃ તે ધર્મ પોતાની શક્તિને અનુરૂપ ભાસે છે. તેથી શ્રવણકાળમાં તેના પ્રત્યેના રુચિઅંશનો પ્રકર્ષ થાય છે અને તે સેવવાના તીવ્ર અભિલાષરૂપ સંવેગ થાય છે, જેનાથી શ્રાવકધર્મની પ્રાપ્તિમાં પ્રતિબંધક કર્મોનો ક્ષય થાય છે અને સત્તામાં રહેલ કર્મની સ્થિતિ ઘટે છે. તેથી ભાવથી દેશવિરતિનો પરિણામ થાય છે.

આશય એ છે કે સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વકાળમાં 'સંસારના ઉચ્છેદના કારણીભૂત સર્વજ્ઞએ કહેલો ધર્મ સેવવા યોગ્ય છે', તેવો પક્ષપાત ધર્મસામાન્ય પ્રત્યે હતો, અને શ્રાવકધર્મ સાંભળ્યા પછી 'આવા પ્રકારના શ્રાવકધર્મમાં યત્ન કરીને હું અવશ્ય મારું આત્મહિત સાધી શકીશ,' એવો દઢ પક્ષપાત થાય તો તરત તેને ભાવરૂપે શ્રાવકધર્મ પરિણમન પામે છે.

(૩) **શ્રાવકધર્મનું શીઘ્ર પરિણમન થતું હોવાથી :-** સમ્યક્ત્વ પામેલ જીવને શ્રાવકધર્મનો ઉપદેશ આપવામાં આવે તો તે સાંભળીને તેના પ્રત્યે દઢ પક્ષપાત થતો હોવાને કારણે ભાવથી શ્રાવકધર્મ શીઘ્ર પરિણમન પામે છે. માટે સમ્યગ્દષ્ટિને પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ.

(૪) **શ્રાવકધર્મનું સમ્યક્ પરિપાલન થતું હોવાથી :-** સમ્યગ્દષ્ટિને શ્રાવકધર્મ આસન્ન હોવાને કારણે સાંભળતી વખતે તેને તે ધર્મ પ્રત્યે પ્રાયઃ દઢ પક્ષપાત થાય છે, અને જે ધર્મ પ્રત્યે દઢ પક્ષપાત થાય તે ધર્મ શીઘ્ર પરિણમન પામે, અને ભાવથી શ્રાવકધર્મ પરિણમન પામેલ હોય તો વ્રત ગ્રહણ કરે ત્યારે તેનું સમ્યક્ પાલન પણ થઈ શકે છે. માટે સમ્યગ્દષ્ટિને પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ આપવો જોઈએ, એ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે.

અહીં પ્રશ્ન થાય કે જો આદિમાં શ્રાવકધર્મ આપવાની વિધિ છે, તો પછી આદિમાં સાધુધર્મના ઉપદેશનું કથન અન્યત્ર કેમ પ્રસિદ્ધ છે ? તેના ભાવને સ્પષ્ટ કરવા માટે ગ્રંથકાર કહે છે –

પરિશુદ્ધઆજ્ઞાયોગથી સમ્યગ્દષ્ટિને દેશવિરતિધર્મ બતાવવામાં આવે અને એ દેશવિરતિધર્મ તેને ભાવથી પરિણામ પામે, એના કારણે તે દેશવિરતિનાં વ્રતો ગ્રહણ કરવા તત્પર થાય ત્યારે, સાધુધર્મનો ઉપદેશ આપ્યા વગર દેશવિરતિનાં વ્રતોને પ્રદાન કરવાનો નિષેધ છે; કેમ કે જેમ દેશવિરતિધર્મનો ઉપદેશ સાંભળીને ભાવથી દેશવિરતિધર્મ પરિણામ પામ્યો, હવે સર્વવિરતિધર્મનો ઉપદેશ આપવામાં આવે તો સર્વવિરતિધર્મ પણ તેને સમ્યગ્ પરિણામ પામી શકે તેવી સંભાવના છે. તેથી દેશવિરતિધર્મનાં વ્રતોની પ્રતિજ્ઞા કરાવતાં પૂર્વે સર્વવિરતિધર્મનો ઉપદેશ આપવો જોઈએ, એ તાત્પર્યમાં આદિમાં સાધુધર્મના ઉપદેશનું કથન છે; પરંતુ સમ્યક્ત્વ પામેલા જીવને પ્રથમ સર્વવિરતિધર્મનો ઉપદેશ આપવો જોઈએ, એ તાત્પર્યમાં નથી; કેમ કે જો દેશવિરતિધર્મનો ઉપદેશ આપ્યા વગર પ્રથમ સાધુધર્મનો ઉપદેશ આપવામાં આવે તો, સમ્યક્ત્વની ભૂમિકા અને સર્વવિરતિની ભૂમિકા વચ્ચે ઘણું અંતર હોવાથી સર્વવિરતિધર્મનો ઉપદેશ સાંભળીને તેને ભાવથી સર્વવિરતિનો પરિણામ થવાની સંભાવના ઓછી રહે, અને દેશવિરતિનો ઉપદેશ ન આપ્યો હોવાથી તેને દેશવિરતિનો પણ પરિણામ થાય નહીં.

વળી તેવા શ્રોતાને પ્રથમ સાધુધર્મનો ઉપદેશ આપવામાં આવે, અને સાધુધર્મ પ્રત્યે અસમર્થ દેખાય ત્યારે તેને શ્રાવકધર્મનો ઉપદેશ આપવામાં આવે, તો કદાચ તેને શ્રાવકધર્મ પરિણમન પામે, તોપણ ફરી જો તેને સાધુધર્મ સંભળાવવામાં આવે ત્યારે તે સાધુધર્મને અભિમુખ ન પણ થાય, તેવી સંભાવના છે; અને તેથી તે દેશવિરતિના પરિણામને સ્વીકારીને સંતોષ માને તેવું બને. પરંતુ જો પ્રથમ દેશવિરતિનો ઉપદેશ આપવામાં આવ્યો હોય તો તે ભૂમિકામાં ચિત્ત પરિણત થયું હોવાને કારણે પાછળથી સાધુધર્મનો ઉપદેશ પરિણામ પામે તેવી શક્યતા છે. માટે પ્રથમ દેશવિરતિનો ઉપદેશ આપ્યા પછી તે સમ્યક્ પરિણામ પામે અને વ્રત ગ્રહણ કરવા તત્પર થાય, ત્યારે વ્રત આપતાં પૂર્વે સર્વવિરતિનો ઉપદેશ આપવો ઉચિત છે, અને વિપરીત ઉપદેશ આપવામાં દોષની પ્રાપ્તિ છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત દેશવિરતિવાળા શ્રાવકને કેવો ઉપદેશ આપવો જોઈએ તેનું કથન કરે છે –**

**ગાથા :-**

तइयस्स पुण विचित्तो तहुत्तरसुजोगसाहगो णेओ ।
सामाइयाइविसओ णयणिउणं भावसारो त्ति ।।२९।।

**અન્વયાર્થ :-**

**तइयस्स पुण=ત્રીજાને=દેશચારિત્રીને, વળી विचित्तो=જુદા જુદા પ્રકારનો तहुत्तरसुजोगसाहगो=તે પ્રકારે=જે પ્રકારે સર્વવિરતિને પ્રાપ્ત કરવાનું કારણ બને તે પ્રકારે, ઉત્તર સુયોગનો સાધક सामाइयाइविसओ= સામાયિક આદિના વિષયવાળો णयनिउणं=નયનિપુણ भावसारो=ભાવપ્રધાન ઉપદેશ णेओ=જાણવો. त्ति પાદપૂર્તિ માટે છે. ।।૨૯।।**

**ગાથાર્થ :-**

**ત્રીજાને=દેશચારિત્રીને વળી જુદા જુદા પ્રકારનો, જે પ્રકારે સર્વવિરતિને પ્રાપ્ત કરવાનું કારણ બને તે પ્રકારે ઉત્તર સુયોગનો સાધક, સામાયિક આદિના વિષયવાળો, નયનિપુણ, ભાવપ્રધાન ઉપદેશ જાણવો. ।।૨૯।।**

**ટીકા :-**

'तृतीयस्य पुनः'=उपन्यासक्रमप्रामाण्यादेव चारित्रिणः, प्रक्रमाद् देशचारित्रिणः श्रावकस्य 'विचित्रः'= नानाप्रकारः तदपान्तरालभूमिकापेक्षया 'तथा'=तेन प्रकारेण, 'उत्तरसुयोगसाधको' 'ज्ञेय' उपदेशः । उत्तराः सुयोगाः तद्भूमिकानुक्रमागता एव प्रतिमानुरूपेण । साध्यमाह - 'सामायिकादिविषयः'-अर्थनीत्या सामायिक-च्छेदोपस्थाप्यादिगोचरः "प्रासादविषयः तन्मूल-पादशोधनादि" न्यायेन । कथं दातव्योऽयमुपदेशः ? इत्याह -

'णयणिपुणं' इति क्रियाविशेषणम्, सद्भावानयनहेतुराक्षेपणादिरूपः प्रकार इह नयः, तन्निपुणम्, 'भावसारः'= स्वतो वासितेनान्तःकरणेन संवेगसारः, प्रायशो भावाद् भावप्रसूतेः । इति गाथार्थः ।।२९।।

**ટીકાર્થ :-**

**'तृतीयस्य पुनः'= ..... इति गाथार्थः ।।२९।। વળી ત્રીજાને=ઉપન્યાસક્રમના પ્રામાણ્યથી જ ચારિત્રીને, પ્રક્રમથી=ગાથા-૨૮માં શ્રાવકના ઉપદેશનું જે કથન કર્યું, તે રૂપ પ્રક્રમથી, દેશચારિત્રી શ્રાવકને, તેની અપાંતરાલ ભૂમિકાની અપેક્ષાએ= શ્રાવક જે ભૂમિકામાં છે તે અને સર્વવિરતિની અપાંતરાલ=વચ્ચેની, ભૂમિકાની અપેક્ષાએ, વિચિત્ર=જુદા જુદા પ્રકારનો, તે પ્રકારે=જે પ્રકારે સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારે, ઉત્તર સુયોગનો સાધક=જે ભૂમિકામાં દેશવિરતિધર છે તે ભૂમિકાની ઉત્તર ભૂમિકારૂપ સુયોગનો સાધક, ઉપદેશ જાણવો.**

આ ઉત્તર સુયોગોને સ્પષ્ટ કરતાં બતાવે છે –

**પ્રતિમાના અનુરૂપથી=શ્રાવકની પ્રતિમાના કારણભાવથી, તે ભૂમિકાના=શ્રાવક જે ભૂમિકામાં છે તે ભૂમિકાના, અનુક્રમથી આવેલા જ ઉત્તર સુયોગો છે.**

**આટલા કથનથી એ જણાય કે દેશવિરતિધરને અપાતા ઉપદેશનું સાધ્ય શ્રાવકની પ્રતિમા છે, અને પ્રતિમાને અનુરૂપ ઉત્તર સુયોગની પ્રાપ્તિ થાય તેમ ઉપદેશ આપવાનો છે. વસ્તુતઃ દેશવિરતિધરને અપાતા ઉપદેશનું સાધ્ય પ્રતિમામાત્ર નથી; પરંતુ સર્વવિરતિ છે, તે બતાવવા કહે છે -**

**પ્રાસાદવિષયક તન્મૂલપાદશોધનાદિ ન્યાયથી દેશચારિત્રીને અર્થનીતિથી=અર્થાપત્તિથી, સામાયિક, છેદોપસ્થાપ્યાદિના વિષયવાળો ઉપદેશ આપવો જોઈએ.**

**આ ઉપદેશ કેવી રીતે આપવો જોઈએ ? એથી કહે છે -**

**નયનિપુણ ઉપદેશ આપવો જોઈએ. 'णयणिपुणं' એ ક્રિયાવિશેષણ છે અર્થાત્ ઉપદેશ આપવાની ક્રિયાનું વિશેષણ છે, તેથી ક્રિયાવિશેષણ છે. અહીંયાં=દેશવિરતિધરને નયનિપુણ ઉપદેશ આપવો જોઈએ એ કથનમાં, સદ્ભાવ આનયનમાં હેતુ એવા આક્ષેપણાદિરૂપ પ્રકારવાળો નય છે અને તેનાથી=તેવા નયથી નિપુણ ઉપદેશ આપવો જોઈએ.**

**વળી તે ઉપદેશ કેવો આપવો જોઈએ, તે બતાવે છે -**

**ભાવસાર=સ્વતઃવાસિત અંતઃકરણથી સંવેગ છે પ્રધાન જેમાં એવો ભાવસાર, ઉપદેશ આપવો જોઈએ; કેમ કે પ્રાયઃ કરીને 'ભાવથી ભાવની પ્રસૂતિ છે.'**

* 'तन्मूलपादशोधनादि' અહીં 'आदि' થી પાયા ઉપરનું ચણતર ગ્રહણ કરવું.

* 'छेदोपस्थाप्यादि' અહીં 'आदि' થી ક્ષપકશ્રેણીને અભિમુખ અન્ય ચારિત્રનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**-: દેશચારિત્રીને અપાતા ઉપદેશનું સ્વરૂપ :-**

**(૧) ઉત્તર સુયોગનો સાધક ઉપદેશ :-**

દેશવિરતિધર શ્રાવકને સર્વવિરતિની પ્રાપ્તિ થાય તેનું લક્ષ્ય કરીને જે ભૂમિકામાં શ્રાવક હોય તેની ઉત્તરની શ્રાવકની ભૂમિકાની ભાવથી પ્રાપ્તિ થાય તેવા પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ. વળી તે ઉપદેશ ભાવસાર અને નયનિપુણ હોવો જોઈએ.

આશય એ છે કે ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરાવવી એ શ્રાવકને ઉપદેશ આપવાનું પ્રયોજન છે. મોક્ષની પ્રાપ્તિ માટે શક્તિના પ્રકર્ષથી સામાયિકાદિરૂપ સર્વવિરતિમાં યત્ન આવશ્યક છે, પરંતુ ભાવથી સામાયિકાદિનો પરિણામ અતિ દુષ્કર છે. તેથી જે ભૂમિકામાં શ્રાવક સંપન્ન છે, તેનાથી ઉપરની ભૂમિકાના સંયમની પ્રાપ્તિનું કારણ બને તે રીતે ગીતાર્થ ગુરુ ઉપદેશ આપે છે, જેથી તે શ્રાવક ઉત્તર ઉત્તરની દેશવિરતિ પામીને ક્રમસર સર્વવિરતિને પ્રાપ્ત કરે.

**(૨) સામાયિકાદિ વિષયવાળો ઉપદેશ :-**

જેમ ઉત્તમ પ્રાસાદનું નિર્માણ કરવું હોય તો તેનો પાયો અતિ મજબૂત કરવો આવશ્યક છે, તેમ સંસારના ઉચ્છેદમાં પ્રબળ કારણભૂત સર્વવિરતિનો પરિણામ પ્રાસાદ તુલ્ય છે, માટે તેના પાયારૂપ દેશવિરતિના પરિણામો દૃઢ કરવા અતિ આવશ્યક છે. તે માટે શ્રાવક જે ભૂમિકામાં સંપન્ન થયો છે, તેનાથી નજીકની ભૂમિકાનો ઉપદેશ આપવો જોઈએ, અને કહેવું જોઈએ કે પરમાર્થથી મનુષ્યભવને પામીને સર્વવિરતિમાં યત્ન થાય તે રીતે આત્માને નિષ્પન્ન કરવાનો છે, અને સર્વવિરતિ સામાયિક ગ્રહણ કર્યા પછી આજીવન મન-વચન-કાયા ભગવાનની આજ્ઞાથી પરતંત્ર પ્રવર્તાવવાના છે, તેથી ધીર પુરુષો સર્વવિરતિનું સમ્યક્ પાલન કરી શકે છે. માટે તેવું ધૈર્ય પ્રગટ કરવા માટે શ્રાવકે પ્રતિદિન પોતાની ભૂમિકાથી ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં સુદૃઢ યત્ન કરીને, ભાવથી તે ભૂમિકા સ્થિર થઈ જાય પછી તેનાથી ઉપરની ભૂમિકામાં યત્ન કરવો જોઈએ; અને આ ક્રમથી પ્રતિમાદિ ભાવોમાં સુદૃઢ યત્ન કરીને જ્યારે પોતાનામાં સર્વવિરતિનું સામર્થ્ય જણાય ત્યારે મહાસત્ત્વથી આ સંસારનો ત્યાગ કરીને સર્વવિરતિમાં યત્ન કરવો જોઈએ. આ પ્રકારનો શ્રાવકને સાધુ ઉપદેશ આપે.

**(૩) નયનિપુણ ઉપદેશ :-**

વળી શ્રાવકમાં જે દેશવિરતિની ભૂમિકા છે, તેની ઉપરની દેશવિરતિની ભૂમિકા તે રીતે સમજાવે કે જેથી તે ભૂમિકાના ભાવો તે શ્રાવકમાં શીઘ્ર પ્રગટ થાય. આ બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે 'નયનિપુણ ઉપદેશ આપવો જોઈએ' અને તેનો અર્થ કરતાં કહ્યું કે શ્રાવક જે ભૂમિકામાં છે, તેની ઉપરની ભૂમિકાના લાભનો જે હેતુ બને તેવા આક્ષેપણ-વિક્ષેપણાદિરૂપ જે પ્રકાર છે તે અહીં નય છે=ઉપદેશકની ઉપદેશ આપવાની દૃષ્ટિ છે, અને તેવી દૃષ્ટિથી નિપુણ ઉપદેશ આપવો જોઈએ.

આશય એ છે કે શ્રાવકની જે ભૂમિકા છે, તેનાથી ઉપરની દેશવિરતિ આદિ ભૂમિકાનો ઉપદેશ ઉપદેશક એવી રીતે આપે કે જેથી તે ભૂમિકા પ્રત્યે તેનું ચિત્ત આક્ષિપ્ત થાય, અને તે ભૂમિકામાં વિપરીત સેવનથી કે પ્રમાદથી જે દોષો પ્રાપ્ત થાય તેનું એવી રીતે વર્ણન કરે કે તે દોષોથી શ્રાવકનું ચિત્ત વિક્ષિપ્ત થાય. આવો ઉપદેશ સાંભળીને વિવેકસંપન્ન શ્રાવક દ્રવ્યથી ઉપરની ભૂમિકાનાં વ્રતોને સ્વીકારીને ભાવથી તે વ્રતના પરિણામોમાં યત્ન કરી શકે છે, અને ભાવથી યત્ન કરીને તે ભાવ જ્યારે આત્મસાત્ થાય ત્યારે આગળની ભૂમિકામાં પણ તે રીતે યત્ન કરે જેથી તેનામાં સર્વવિરતિની યોગ્યતા પ્રગટે.

**(૪) સંવેગપ્રધાન ઉપદેશ :-**

વળી આ ઉપદેશ આપતી વખતે ઉપદેશકનું અંતઃકરણ સંવેગથી વાસિત બનેલું હોવું જોઈએ અને સંવેગવાસિત અંતઃકરણથી સંવેગસાર ઉપદેશ આપવો જોઈએ; કેમ કે ઉપદેશકના ભાવથી શ્રાવકને તે ઉપદેશ દ્વારા સંવેગની વૃદ્ધિ થાય છે.

આશય એ છે કે ઉપદેશક સાધુ પ્રાયઃ કરીને સંવેગથી વાસિત હોય, છતાં ઉપદેશકાળમાં વિશેષ પ્રકારના ઉપયોગ દ્વારા આત્માને વિશેષથી સંવેગથી વાસિત કરે; કેમ કે જો ઉપદેશ આપતી વખતે ઉપદેશકનું ચિત્ત અત્યંત સંવેગભાવથી વાસિત હોય તો તેમના સંવેગથી વાસિત બનેલા શબ્દો યોગ્ય શ્રાવકને પરિણામો કરવામાં દૃઢ કારણ બને છે.

સાધુએ ભાવસાર ઉપદેશ આપવો જોઈએ તેમ કહ્યું તેમાં હેતુ આપતાં ગ્રંથકારે કહ્યું છે કે પ્રાયઃ કરીને વક્તાના ભાવથી શ્રોતાના ભાવની પ્રસૂતિ=ઉત્પત્તિ, છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉપદેશકના ભાવને આશ્રયીને શ્રોતાને તીવ્ર સંવેગ થાય છે અને તે તીવ્ર સંવેગપૂર્વક ગ્રહણ કરાયેલું વ્રત તરત પરિણામ પામે છે; અને ઉપદેશકનું વાસિત અંતઃકરણ ન હોય તો, ઉપદેશકના બળથી શ્રોતાને વ્રતગ્રહણનો પરિણામ કદાચ થાય પરંતુ તીવ્ર સંવેગ ન થાય, તો મંદ સંવેગપૂર્વક તે વ્રત ગ્રહણ કરે અને દ્રવ્યથી તે વ્રતનું પાલન પણ કરે, પરંતુ તીવ્ર સંવેગ નહીં હોવાથી વ્રત પરિણામ પામે નહીં. તેથી શ્રોતામાં તીવ્ર સંવેગ પેદા કરવા અર્થે ઉપદેશકે સંવેગસાર ઉપદેશ આપવો જોઈએ. **॥૨૯॥**

**અવતરણિકા :-**

एतदुपदर्शनायाऽऽह -

**અવતરણિકાર્થ :-**

**આને=પૂર્વમાં બતાવ્યું કે દેશચારિત્રીને ઉત્તર સુયોગનો સાધક, સામાયિકાદિના વિષયવાળો, નયનિપુણ, સંવેગપ્રધાન ઉપદેશ આપવો જોઈએ, એને બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પોતાની ભૂમિકા પ્રમાણે વ્રતો ગ્રહણ કર્યા પછી સંયમની પ્રાપ્તિ અર્થે સ્વભૂમિકા અનુસાર શ્રાવકે

જે જે ઉચિત કરવાનું છે, તેનો ઉપદેશ સાધુ આપે, જેથી પોતાની ભૂમિકાને અનુરૂપ તે તે ઉચિત પ્રવૃત્તિઓ કરીને અતિ અભ્યાસદશા પ્રાપ્ત થાય ત્યારે શ્રાવક ભાવથી સંયમને પ્રાપ્ત કરી શકે. પ્રસ્તુત ગાથામાં તદર્થે શ્રાવકને દિવસ દરમ્યાન દરેક ઉચિત પ્રવૃત્તિ કરવાનો સાધુએ કેવો ઉપદેશ આપવો જોઈએ, તે બતાવે છે -

**ગાથા :-**

सद्धम्माणुवरोहा वित्ती दाणं च तेण सुविसुद्धं ।
जिणपुयभोयणविही संझाणियमो य जोगंतो ।।३०।।

**અન્વયાર્થ :-**

**सद्धम्माणुवरोहा=સદ્ધર્મના અનુપરોધથી=સદ્ધર્મના અવ્યાઘાતથી वित्ति=વૃત્તિ तेण च=અને તેનાથી= સદ્ધર્મથી सुविसुद्धं दाणं=સુવિશુદ્ધ એવું દાન, जिणपुयभोयणविही=જિનપૂજાવિધિ અને ભોજનવિધિ जोगंतो संझाणियमो य=અને યોગના અંતવાળો એવો સંધ્યાનો નિયમ. (આનો ઉપદેશ આપવો જોઈએ.) ।।૩૦।।**

**ગાથાર્થ :-**

**સદ્ધર્મના અનુપરોધથી વૃત્તિ, અને તેનાથી સુવિશુદ્ધ દાન, જિનપૂજાવિધિ અને ભોજનવિધિ અને યોગના અંતવાળો એવો સંધ્યાનો નિયમ. ।।૩૦।।**

**ટીકા :-**

'सद्धर्मानुपरोधाद्'-भूमिकौचित्येन, तद्यथा- अणुव्रतधरस्य तावत् कर्मादानत्यागेन 'वृत्तिः'=वर्तनमित्यर्थः ।

**ટીકાર્થ :-**

'सद्धर्मानुपरोधाद्'- ..... वर्तनमित्यर्थः । **શ્રાવકને ભૂમિકાના ઔચિત્ય અનુસાર, સદ્ધર્મના અનુપરોધથી=સદ્ધર્મના અવ્યાઘાતથી, વૃત્તિ=વર્તન કરવું જોઈએ=આજીવિકામાં યત્ન કરવો જોઈએ, એ પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ, એમ ગાથા-૩૨ સાથે જોડાણ છે.**

**આ અણુવ્રતધારીનો ઉપદેશ છે. તેથી તેને કેવો ઉપદેશ આપવો જોઈએ, તે 'तद्यथा' થી બતાવે છે –**

'तद्यथा'**=તે=વૃત્તિ આ પ્રમાણે છે –**

**અણુવ્રતધારીને કર્માદાનના ત્યાગથી આજીવિકા કરવાની છે.**

**ભાવાર્થ :-**

શ્રાવકની ભૂમિકાને ઉચિત તેણે શું શું કરવું જોઈએ ? તે માટે તેને ઉપદેશ કેવો આપવો જોઈએ ? તે બતાવે છે –

**(૧) અણુવ્રતધારીને કર્માદાનના ત્યાગથી આજીવિકામાં યત્ન :-**

અણુવ્રતધારી શ્રાવકે કર્માદાનના ત્યાગપૂર્વક આજીવિકા માટે યત્ન કરવો જોઈએ. આ કથનથી અર્થથી એ પ્રાપ્ત થાય કે જે અણુવ્રતધારી નથી, એવા સમ્યગ્દષ્ટિએ કે અપુનર્બંધકે પણ પોતાની ભૂમિકાના ઔચિત્યથી આજીવિકામાં યત્ન કરવો જોઈએ, જેથી સદ્ધર્મનો ઉપરોધ=વ્યાઘાત, ન થાય. એટલે કે જેમ અણુવ્રતધારી શ્રાવકે કર્માદાનના ત્યાગથી આજીવિકા માટે યત્ન કરવો જોઈએ, તેમ સમ્યગ્દષ્ટિએ શાસનમાલિન્યના નિવારણથી, અને અપુનર્બંધકે લોકવિરુદ્ધ કૃત્યના ત્યાગથી આજીવિકામાં યત્ન કરવો જોઈએ.

અણુવ્રતધારી શ્રાવક સ્થૂલથી હિંસાની નિવૃત્તિના પરિણામવાળા હોય છે અને સ્થૂલથી હિંસાની નિવૃત્તિ એ છે કે ત્રસજીવોની રક્ષા કરવી અને પૃથ્વીકાયાદિમાં શક્ય યતના કરવી. આવો પરિણામ જે શ્રાવકને હોય તે શ્રાવકનું હૈયું ષટ્કાયના જીવો પ્રત્યે દયાવાળું હોય, ત્રસજીવોના રક્ષણમાં યત્નવાળું હોય અને પૃથ્વીકાયાદિ જીવોની શક્ય એટલી યતના કરનારું હોય. તેથી જે આજીવિકાની પ્રવૃત્તિમાં ઘણો આરંભ-સમારંભ થતો હોય તેવાં કર્માદાન શ્રાવક સેવે નહીં તો તેના વ્રતનો પરિણામ ટકી શકે અને ધર્મની પ્રવૃત્તિ દ્વારા ઉત્તરોત્તર વ્રતનો પરિણામ વૃદ્ધિ પામી શકે. પરંતુ નિરપેક્ષ ભાવથી કર્માદાનમાં યત્ન કરનારા શ્રાવકો શ્રાવકધર્મની અન્ય પ્રવૃત્તિ કરતા હોય તોપણ ભાવથી વ્રતનો પરિણામ પ્રગટ થતો નથી અને પૂર્વમાં પ્રગટ થયેલ હોય તોપણ ટકતો નથી.

**ટીકા :-**

**'दानं च' 'तेन सुविशुद्धं' ये सद्धर्मेणैव शक्तितः श्रद्धा-सत्कार-काल-मतिविशेष-अकामादिविषयेण वृत्यनत्यनन्तरं नित्यमेतद् गृहिण इति ज्ञापनार्थमेतत् ।**

**ટીકાર્થ :-**

**'दानं च' 'तेन ..... ज्ञापनार्थमेतत् । અને શ્રાવકને શક્તિ અનુસાર શ્રદ્ધા, સત્કાર, કાળ, મતિવિશેષ, અકામાદિવિષયવાળા સદ્ધર્મથી જ સુવિશુદ્ધ દાન કરવાનો ઉપદેશ આપવો જોઈએ.**

**અહીં શ્રાવકોએ દાન કરવું જ જોઈએ, એવો એકાંતે નિયમ નથી, તે બતાવવા માટે કહે છે -**

**વૃત્તિથી=આજીવિકાથી, અનતિઅનંતર=આજીવિકા પૂરી થતી હોય ત્યાર પછી અતિ અંતર વગર, હંમેશાં આ=દાન, ગૃહસ્થોને છે, એ પ્રકારે જણાવવા માટે આ=સદ્ધર્મથી સુવિશુદ્ધ દાનનું કથન છે.**

**ભાવાર્થ :-**

**(૨) સદ્ધર્મથી સુવિશુદ્ધ દાન :-**

શ્રાવકને 'માત્ર દાન' કર્તવ્ય છે એવો ઉપદેશ આપવાનો નથી; પરંતુ 'સદ્ધર્મથી સુવિશુદ્ધ દાન'

કરવાનો ઉપદેશ આપવાનો છે અને તે 'સદ્ધર્મથી સુવિશુદ્ધ'નું સ્વરૂપ સ્પષ્ટ કરે છે, તે દાન પણ **શક્તિતઃ**=શક્તિને ગોપવ્યા વગર કરવાનું છે અને જ્યાં શક્તિ ન હોય ત્યાં દાન આપવાનો નિષેધ છે.

વળી આ દાન **શ્રદ્ધાપૂર્વક** કરવાનું છે. ત્યાં શ્રદ્ધાનું તાત્પર્ય આ પ્રમાણે છે –

શ્રાવક હંમેશાં વિવેકવાળા હોય છે. તેથી તે ગુણવાનને ગુણવાનરૂપે જાણે અને જે પાત્રમાં જે પ્રકારના ગુણો હોય તે ગુણોને જાણીને દાન કરે અને દાન કરતી વખતે વિચારે કે "આ મારું દાન ગુણવાનની ભક્તિમાં ચરિતાર્થ છે; કેમ કે આવા ઉત્તમ પાત્રની ભક્તિ કરીને તેમના ગુણોની અનુમોદનાથી મને મહાનિર્જરાની પ્રાપ્તિ થશે." આ પ્રકારની શ્રદ્ધાથી શ્રાવક સુપાત્રમાં દાન આપે. વળી અનુકંપાદાનના નિમિત્તને પામીને યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ થાય. તેવા પરિણામથી શ્રાવક અનુકંપાદાન કરે.

આવી રીતે વિવેકપૂર્વક કરાયેલું સુપાત્રદાન કે અનુકંપાદાન શ્રાવકના ચારિત્રમોહનીય કર્મને તોડીને સર્વવિરતિનું કારણ બને છે; કેમ કે સુપાત્રદાનમાં "સાક્ષાત્ ગુણવાનની ભક્તિ કરીને હું ગુણસંપત્તિને પ્રાપ્ત કરું" એવો અધ્યવસાય છે, અને અનુકંપાદાનમાં પણ "યોગ્ય જીવોને બીજાધાનની પ્રાપ્તિ થાઓ, બીજાધાનની પ્રાપ્તિથી ક્રમે કરીને સર્વવિરતિની પ્રાપ્તિ થાઓ અને એ જીવો સંસારના પારને પામો" એવો ઉત્તમ અધ્યવસાય છે.

વળી આ દાન **સત્કારપૂર્વક** કરવાનું છે. એટલે કે સુપાત્ર પ્રત્યે પૂજ્યબુદ્ધિની વૃદ્ધિ થાય તેમ દાન કરે અને અનુકંપાને યોગ્ય જીવોને શ્રાવક તેવી રીતે દાન આપે કે શ્રાવકના ઉચિત વર્તનને જોઈને યોગ્ય જીવોને બીજાધાન થાય.

વળી શ્રાવકે **ઉચિત કાળે** દાન કરવાનું છે. એટલે કે સુપાત્રદાન સુપાત્રના સંયમની વૃદ્ધિ થાય તેવા કાળે કરવાનું છે. આથી દુષ્કાળાદિ હોય તો સંયમીના સંયમના વર્ધન અર્થે દોષિત આદિ આહારનું દાન કરવામાં આવે તોપણ ઉચિત બને છે, અને અકાળે દોષરૂપ બને છે; અને અનુકંપાદાન પણ ધર્મના પ્રસંગે કરવાથી યોગ્ય જીવોને બીજાધાનનું કારણ બને છે. આથી તીર્થંકરો પણ દીક્ષાના અવસરરૂપ કાળમાં વર્ષીદાન આપે છે.

વળી શ્રાવકે **મતિવિશેષપૂર્વક** દાન આપવાનું છે એટલે કે જે સુપાત્રમાં પણ જેટલા ગુણો હોય તેટલા ગુણોના બહુમાનપૂર્વક દાન આપે; જેથી તે દાનથી કરાયેલી ભક્તિ દ્વારા તે ગુણોનો આદર વધે. પરંતુ જે વ્યક્તિમાં જે ગુણો નથી, તેવા મિથ્યા આરોપીત ગુણોનું આલંબન લઈને દાન કરે તો તે દાન મુગ્ધકક્ષાનું દાન કહેવાય, પણ તે દાન મતિવિશેષપૂર્વકનું કહી શકાય નહીં.

વળી શ્રાવકે દાન **અકામથી કરવાનું** છે અર્થાત્ આલોકની અને પરલોકની કોઈ કામના રાખ્યા વગર નિર્જરામાત્રની કામનાથી કરવાનું છે. ગુણવાનપાત્રના ગુણોના પક્ષપાતપૂર્વક દાન કરવામાં આવે, અને અનુકંપ્ય જીવોને પણ બીજાધાન થાય તેવા વિશુદ્ધ આશયપૂર્વક દાન કરવામાં આવે, તો તે દાન "અકામ"થી બને. અર્થાત્ સંસારની કામના વગરનું બને.

વળી આ દાન આજીવિકા પૂરી ન થતી હોય તેવા શ્રાવકને કર્તવ્ય નથી, પરંતુ આજીવિકાની પ્રાથમિક જરૂરીયાતો પૂરી થઈ જતી હોય અને તેનાથી થોડી પણ અધિક ધનની પ્રાપ્તિ થતી હોય તો શ્રાવકને આ નિત્ય કર્તવ્ય છે, એ જણાવવા માટે દાનનો ઉપદેશ છે.

**ટીકા :-**

**तथा 'जिनपूजाभोजनविधिः' जिनपूजाविधिः भोजनविधिश्च, तद्यथा - "द्रव्य-भावशुचित्वम्, कालाभिग्रहः, सन्माल्यादीनि, व्यूहे प्रयत्नः, कण्ड्वाद्यतिसहनम्, तदेकाग्रता, सत्स्तवपाठः, विधिवन्दनम्, कुशलप्रणिधानमिति । तथा-उचितदानक्रियाभावे नियोगः, कीटिकाद्यज्ञातम्, परिग्रहेक्षौचित्येन वर्तनम्, स्थानोपवेशः, नियमे स्मृतिः, अधिकक्रिया, व्रणलेपवद् भोगः" इति । तथा 'सन्ध्यानियमश्च' - चैत्यगृहगमनादिः 'योगान्तः'=चित्रभावनावसानः । इति गाथार्थः ।।३०।।**

**ટીકાર્થ :-**

तथा 'जिनपूजा ..... इति गाथार्थः ।।३०।। **અને જિનપૂજા-ભોજનવિધિ, તેનો સમાસવિગ્રહ કરતાં કહે છે –**

**જિનપૂજાવિધિ અને ભોજનવિધિ, તે આ પ્રમાણે –**

**(૩) (A) જિનપૂજાવિધિ :-**

**(૧) દ્રવ્ય-ભાવશુચિપણું,**

**(૨) કાળનો અભિગ્રહ,**

**(૩) ભગવાનની ભક્તિ માટે પુષ્પમાળા વગેરે ગૂંથે,**

**(૪) ભગવાનની અંગરચનામાં પ્રયત્ન,**

**(૫) પૂજા કરતી વખતે ખણજ વગેરે અતિસહન કરવી,**

**(૬) ભગવાનની પૂજામાં એકાગ્રતા,**

**(૭) સત્સ્તવ પાઠ=ભગવાનના વાસ્તવિક ગુણોને કહેનારાં સ્તોત્રોને બોલવાં,**

**(૮) વિધિપૂર્વક વંદન**

**(૯) કુશળ પ્રણિધાન.**

**'इति' જિનપૂજાવિધિની સમાપ્તિમાં છે.**

**અને ભોજનવિધિ બતાવે છે –**

**(3) (B) ભોજનવિધિ :-**

**(૧) ઉચિત દાનક્રિયાના ભાવમાં નિયોગ=ઉચિત દાનક્રિયાના પરિણામમાં વ્યાપાર,**

**(૨) કીટિકા=કીડીના ઉદાહરણથી ભોજન કરે,**

**(૩) પરિગ્રહનું અવલોકન કરે અને તે અનુસાર ઔચિત્યથી સર્વ સાથે વર્તન કરે,**

**(૪) ભોજનના સ્થાનમાં ભોજન માટે બેસે,**

**(૫) નિયમવિષયક સ્મરણ કરે,**

**(૬) અધિક નિયમ ગ્રહણ કરવાની ક્રિયા કરે**

**(૭) વ્રણલેપની જેમ ભોગ કરે=ખાવામાં ક્યાંય ગૃદ્ધિ ન થાય તેમ ખાય.**

**'इति' ભોજનવિધિની સમાપ્તિમાં છે.**

**(C) યોગાંત સંધ્યાનિયમ :-**

**અને ચૈત્યગૃહગમનાદિથી આરંભીને યોગના અંતવાળો=ચિત્રભાવનાના અંતવાળો, સંધ્યાનિયમ : આ પ્રમાણે જિનપૂજા આદિનો ઉપદેશ સાધુ શ્રાવકને આપે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૦॥**

નોંધ :- અહીં "संध्यानियमश्च" માં च શબ્દ મૂળગાથાનો છે, જે દરેક ઉપદેશનો સમુચ્ચય કરે છે.

❖ 'सन्मात्यादि' અહીં 'आदि' થી આભરણો વગેરેનું ગ્રહણ કરવું.

❖ 'चैत्यगृहगमनादि' અહીં 'आदि' થી પ્રતિક્રમણાદિ ક્રિયા, સ્વાધ્યાય વગેરેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્રાવકને જિનપૂજાવિધિ અને ભોજનવિધિનો સાધુ ઉપદેશ આપે, જે નીચે પ્રમાણે છે –

**(3) (A) જિનપૂજાવિધિ :-**

**(i) દ્રવ્યભાવશુચિપણું :-**

દ્રવ્યભાવશુચિપણા માટે કહ્યું છે કે

**"અંગ, વસન, મન, ભૂમિકા, પૂજોપગરણ સાર;**
**ન્યાયદ્રવ્ય, વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર."**

શ્રાવક જિનપૂજા કરતાં અંગની શુદ્ધિ, વસ્ત્રની શુદ્ધિ, મનની શુદ્ધિ, ભૂમિની શુદ્ધિ, પૂજાનાં ઉપકરણોની શુદ્ધિ, ન્યાયોપાર્જિત દ્રવ્યની શુદ્ધિ, વિધિની શુદ્ધિ એ સાત શુદ્ધિપૂર્વક પૂજા કરે.

**અંગશુદ્ધિ :-** ભગવાનની ભક્તિ કરવા માટે પરિમિત જળથી યતનાપૂર્વક દેહની શુદ્ધિ કરવી જોઈએ અને શુદ્ધિ કરવા માટે આવશ્યક જળથી લેશ પણ વધારે જળ ન વપરાય તેવી યતના કરવી

જોઈએ. વળી અતિ અલ્પ જળ વાપરે અને શરીરની શુદ્ધિ ન થાય તોપણ આશાતના થાય, અને યતનાપૂર્વક શરીરની શુદ્ધિ થાય તેટલું જળ વાપરે તો તે અંગશુદ્ધિની ક્રિયા પણ ભગવાનની પૂજાની ક્રિયાનું અંગ હોવાથી નિરવદ્ય ક્રિયા બને, જેથી એકાંતે પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિ થાય.

**વસ્ત્રશુદ્ધિ :-** ભગવાનની ભક્તિ કરવા માટે નિત્ય અતિ શુદ્ધ વસ્ત્ર વાપરવાં જોઈએ અને તે પણ ભાવોની વૃદ્ધિ થાય તેવાં વાપરવાં જોઈએ અને શક્તિસંપન્ને તો કુમારપાળ મહારાજાની જેમ પ્રતિદિન નવાં વસ્ત્રોથી પૂજા કરવી જોઈએ.

**ભૂમિશુદ્ધિ :-** જ્યાં ભગવાનની ભક્તિ આદિ કરે તે ભૂમિ શુદ્ધ હોવી જોઈએ.

**પૂજાઉપકરણસાર :-** પૂજાની સર્વ સામગ્રી શ્રેષ્ઠ હોવી જોઈએ કે જેથી ભાવની વૃદ્ધિ થાય.

**ન્યાયદ્રવ્યશુદ્ધિ :-** ભગવાનની પૂજામાં ન્યાયપૂર્વક ઉપાર્જન કરાયેલું ધન વાપરવું જોઈએ.

**વિધિશુદ્ધિ :-** ભગવદ્ભક્તિની સર્વ પ્રવૃત્તિ વિધિપૂર્વક કરવી જોઈએ.

ઉપર્યુક્ત સર્વ દ્રવ્યશુદ્ધિ છે અને નીચે જણાવેલ મનશુદ્ધિ તે ભાવશુદ્ધિ છે.

**મનશુદ્ધિ=ભાવશુદ્ધિ :-** ભગવાનની પૂજાના સમયે "આ ભગવાન અપાયાપગમાતિશય આદિ ચાર અતિશયવાળા લોકોત્તમ પુરુષ છે અને લોકોને સન્માર્ગ બતાવીને જગતના કલ્યાણનું એક માત્ર કારણ છે, માટે ભગવાન જગદ્ગુરુ છે અને તેમની પૂજા કરીને હું સંસારસાગરથી તરું" એવી એક કામનાથી તેમના ગુણોના સ્મરણમાં અર્પિત માનસવાળા થઈને પૂજાની ઉચિત ક્રિયાઓ કરવી, તે ભાવશુચિપણું છે= મનંશુદ્ધિ છે.

**(ii) કાળનો અભિગ્રહ :-**

શ્રાવક ભગવાનની ભક્તિ કરતાં 'આટલો સમય હું ભગવાનની ભક્તિમાં વ્યતીત કરીશ' એવો સામાન્યથી પોતાના સંયોગ પ્રમાણે સંકલ્પ કરે; કેમ કે જો આવો સંકલ્પ ન કરે તો ભગવાનની ભક્તિની ક્રિયામાં અધિક કાળ નિર્ગમન થવાથી વૃત્તિ આદિનો ઉપઘાત થાય અથવા તો કોઈકને ધર્મ પ્રત્યે અરુચિ થાય, કોઈને ક્લેશનું નિમિત્ત મળે. વળી અભિગ્રહ ન કરે તો ઓછા સમયમાં પણ ભક્તિની ક્રિયા પૂર્ણ કરે. આવું ન થાય એટલા માટે 'હું આટલો કાળ ભગવાનની ભક્તિમાં નિર્ગમન કરીશ,' એવો અભિગ્રહ કરે, એ કાળનો અભિગ્રહ છે.

**(iii) સન્માલ્યાદિ :-**

ભગવાનની ભક્તિ માટે ઉત્તમ પુષ્પમાળા વગેરે ગૂંથે.

**(iv) વ્યૂહે પ્રયત્ન=અંગરચનામાં પ્રયત્ન :-**

ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયથી અંગરચનામાં પ્રયત્ન કરે.

**(v) ખણજ આદિ સહન કરે :-**

પૂજા દરમ્યાન ખણજ આદિ સહન કરે; કેમ કે ખણજ આદિને કારણે શરીરના સ્પર્શવાળો હાથ પૂજાની સામગ્રીને કે ભગવાનને અડે તો આશાતના થાય.

**(vi) તદેકાગ્રતા :-**

પૂજા દરમ્યાન ભગવદ્ભક્તિમાં એકાગ્રતા કરે.

**(vii) સત્સ્તવ પાઠ :-**

દ્રવ્યપૂજા સમાપ્ત થયા પછી ભગવાનના વાસ્તવિક ગુણોને કહેનાર સ્તુતિ કરે, જે પ્રાયઃ વર્તમાનમાં બોલાતા સકલકુશલવલ્લી સ્થાનીય છે.

**(viii) વિધિપૂર્વક વંદન :-**

પછી વિધિપૂર્વક ભગવાનને વંદન કરે, જે ચૈત્યવંદનસ્થાનીય છે.

**(ix) કુશલ પ્રણિધાન :-**

અંતે પૂજા દ્વારા ભગવાનની પાસે કુશળ વસ્તુની યાચનાપૂર્વક પ્રણિધાન કરે, જેનું કથન જયવીયરાય સૂત્રમાં છે.

**(૩) (B) ભોજનવિધિ :-**

શ્રાવકે ભોજન કઈ રીતે કરવું જોઈએ, તે અંગે ઉપદેશ સાધુ નીચે મુજબ આપે છે –

**(૧) ઉચિતદાનક્રિયાના ભાવમાં નિયોગ :-**

શ્રાવક ભોજન કરવા બેસતાં પૂર્વે સુપાત્રને દાન આપવાની ક્રિયાના વિષયમાં=દાન કરવાની ક્રિયાના પરિણામમાં, વ્યાપાર કરે.

આશય એ છે કે જો કોઈ મહાત્મા ગામમાં હોય તો તેમની પાસે જાય અને લાભ આપવા માટે વિનંતી કરે, અને ગામમાં કોઈ મહાત્મા ન હોય તો દૂરથી કોઈ મહાત્મા આવી રહ્યા છે કે નહીં, તેનું ઊંચા સ્થાને જઈ અવલોકન કરે; અને જો આવતા જુએ તો પ્રથમ તેમની ભક્તિ કરીને પછી પોતે ભોજન કરે. હવે જો કોઈ મહાત્મા આવતા દેખાતા પણ ન હોય અને હવે આવશે તેવી સંભાવના પણ ન હોય, તોપણ શ્રાવક વિચારે કે 'કદાચ ભાગ્યયોગે કોઈ મહાત્મા પધારે તો તેમની ભક્તિ કરીને હું ભોજન કરું.' આ રીતે પરિણામમાં યત્ન કરવાથી બાહ્યથી દાન આપવાનો પ્રસંગ પ્રાપ્ત ન પણ થાય, તોપણ ભાવથી તે પ્રકારના પરિણામની વૃદ્ધિને કારણે સંયમ પ્રત્યેનો બહુમાનભાવ વધે છે અને સુપાત્રદાનના ફળની પ્રાપ્તિ થાય છે.

**(૨) કીટિકા=કીડીના ઉદાહરણથી ભોજન કરે :-** જેમ કીડીઓ ફરતી હોય અને તેમાં કોઈક કીડીને કોઈ ખાદ્ય પદાર્થની પ્રાપ્તિ થાય, તો તે અન્ય સર્વ કીડીઓને બોલાવી લાવ્યા પછી તે પદાર્થના ગ્રહણમાં પ્રવૃત્ત થાય છે, તેમ શ્રાવક પોતાના સર્વ આશ્રિતોની પ્રથમ ચિંતા કરીને ભોજનમાં પ્રવૃત્ત થાય.

**(૩) પરિગ્રહનું અવલોકન કરે અને તેના અનુસારે સર્વ સાથે ઔચિત્યનું વર્તન કરે :-**

શ્રાવક પોતાના પરિગ્રહનું અવલોકન કરે અર્થાત્ પોતાની ઋદ્ધિ કેટલી છે તેનો વિચાર કરે, અને ઋદ્ધિનો અતિશય હોય તો આડોશી-પાડોશી, સ્વજનાદિવિષયક ઔચિત્યનું વર્તન કરે અર્થાત્ તેમની આર્થિક સ્થિતિ નબળી હોય તો તેમની ચિંતા કરી ભોજનમાં પ્રવૃત્તિ કરે.

**(૪) ભોજનના સ્થાનમાં ભોજન માટે બેસે :-** ઉપર્યુક્ત ત્રણે વાત અમલમાં મૂકે, ત્યાર પછી શ્રાવક ભોજનના સ્થાનમાં ભોજન માટે બેસે.

**(૫) નિયમસ્મૃતિ :-** શ્રાવક ભોજન કરવા બેસે ત્યારે પોતે ગ્રહણ કરેલા નિયમોનું સ્મરણ કરે, જેથી નિયમના સંકલ્પની દૃઢતા થાય, નિયમ પ્રત્યે પક્ષપાત થાય અને અનાભોગાદિથી સ્ખલનાનું વર્જન થાય.

**(૬) અધિક ક્રિયા=અધિક નિયમનું ગ્રહણ કરે :-** ભોજન કરતી વખતે શ્રાવકનું જો સામર્થ્ય હોય તો અધિક નિયમ ગ્રહણ કરે અર્થાત્ તત્કાલ ભોજનની જે સામગ્રી ઉપલબ્ધ છે, તેમાંથી જેનું વર્જન શક્ય હોય તેવી વસ્તુનો ત્યાગ કરી ભોજન કરે.

**(૭) વ્રણલેપની જેમ ભોગ કરે :-** શ્રાવક વ્રણલેપની જેમ ભોજન કરે અર્થાત્ વ્રણને રૂઝ પેદા કરવા જેમ આવશ્યકતા અનુસાર લેપ કરવામાં આવે છે, તેમ ક્ષુધાને શમાવવા માટે આવશ્યકતા અનુસાર શ્રાવક ભોજન કરે; પરંતુ ખાદ્ય પદાર્થોમાં સ્વાદ માણવા માટે ભોજન ન કરે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૨૯માં કહેલ કે શ્રાવકને અર્થથી સામાયિક, છેદોપસ્થાપ્યાદિ વિષયવાળો ઉત્તરસુયોગસાધક ઉપદેશ આપવો જોઈએ. તેથી એમ જણાય કે શ્રાવકે જે વ્રતો લીધાં હોય તેની ઉપરનાં અન્ય વ્રતોવિષયક ઉપદેશ આપવો જોઈએ. પરંતુ ઉત્તરસુયોગસાધકનો અર્થ તેવો નથી. વસ્તુતઃ શ્રાવકે જે પણ વ્રતો લીધાં હોય તે વ્રતોમાં ઉત્તરોત્તર અતિશયતા કરે અને તેની જીવન વ્યવસ્થા સર્વવિરતિનું કારણ બને તેવો ઉચિત ઉપદેશ આપવો, તે સર્વવિરતિને અનુકૂળ ઉત્તરસુયોગસાધક ઉપદેશ છે. આથી ગાથા-૩૦માં શ્રાવકે શું શું ઉચિત પ્રવૃત્તિઓ કરવી જોઈએ, તેનું વર્ણન કર્યું છે. શ્રાવક જીવનમાં અત્યંત ઉચિત પ્રવૃત્તિથી સમભાવને અભિમુખ ભાવ વધે છે અને તે ઉચિત પ્રવૃત્તિ ક્રમે કરીને સર્વવિરતિનું કારણ બને છે. વળી શ્રાવક ગાથા-૩૦માં બતાવેલ છે તે રીતે પ્રતિદિન ઉચિત ક્રિયા કરતા હોય તો હૈયું અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારું બને છે, અને ચિત્રભાવનાના બળથી સંસારથી પરિપૂર્ણ વિરક્ત થઈને સર્વવિરતિને અનુકૂળ બને છે, જેથી સર્વવિરતિ ગ્રહણ કર્યા પછી અત્યંત ઉચિત પ્રવૃત્તિરૂપ સર્વવિરતિનું પાલન કરી શકે છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**न गृहिणो योगसम्भवः इत्याशङ्कापोहायाह -**

**અવતરણિકાર્થ :-**

**ગૃહસ્થને યોગનો સંભવ નથી, એ પ્રકારની આશંકાને દૂર કરવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

ઉપરની ગાથા નં. ૩૦માં કહ્યું કે યોગના અંતવાળા સંધ્યાનિયમનો શ્રાવકને ઉપદેશ આપે. ત્યાં પ્રશ્ન થાય કે ગૃહસ્થને યોગનો સંભવ નથી, યોગ તો યોગીઓમાં સંભવે, તેથી યોગના સેવનરૂપ ઉપદેશ ગૃહસ્થને કઈ રીતે હોઈ શકે ? એ શંકાના નિવારણ માટે કહે છે –

**ગાથા :-**

**चिइवंदण जइविस्सामणा य सवणं च धम्मविसयं ति ।**
**गिहिणो इमो वि जोगो, किं पुण जो भावणामग्गो ? ।।३१।।**

**અન્વયાર્થ :-**

**चिइवंदण ચૈત્યવંદન जइविस्सामणा य=યતિવિશ્રામણા धम्मविसयं सवणं च=અને ધર્મવિષયક શ્રવણ : इमो वि=આ પણ गिहिणो जोगो=ગૃહસ્થનો યોગ છે. किं पुण जो भावणामग्गो=વળી જે ભાવનામાર્ગ છે તેનું શું કહેવું ? અર્થાત્ ભાવનામાર્ગ સુતરામ્ યોગ છે=અત્યંત યોગ છે. ।।૩૧।।**

**ગાથાર્થ :-**

**ચૈત્યવંદન, યતિવિશ્રામણા અને ધર્મવિષયક શ્રવણ, આ પણ ગૃહસ્થનો યોગ છે. વળી જે ભાવનામાર્ગ છે તેનું શું કહેવું ? અર્થાત્ ભાવનામાર્ગ સુતરામ્ યોગ છે. ।।૩૧।।**

**શ્લોકમાં 'ત્તિ' પાદપૂર્તિ માટે છે.**

**ટીકા :-**

'चैत्यवन्दनं' - "भुवनगुरुरयं, वन्दनीयः सताम्, एतदेव सत् तत्त्वम्, सैषा गुणज्ञता, महाकल्याणमेतत्, दुःखाचलवज्रम्, सुखकल्पपादपः, जीवलोकसारः, दुर्लभानां शेखरः एतच्चैत्यवन्दनम्" इति समुल्लसदसमसम्मदामोदम् ।

**ટીકાર્થ :-**

'चैत्यवन्दनं' ..... समसम्मदामोदम् । **अयं=આ=પ્રતિમારૂપે પુરોવર્તી સંસ્થિત, ભુવનગુરુ છે, સંતોને વંદનીય છે, एतदेव=આ જ=ભુવનગુરુને વંદન જ સુંદર તત્ત્વ છે. सा एषा गुणज्ञता=તે આ ગુણજ્ઞતા છે અર્થાત્ તે=ભુવનગુરુને જે વંદના કરાય છે તે, આ=પોતાનાથી કરાતી વંદના, ગુણજ્ઞતા છે.**

હવે ભુવનગુરુને વંદન કરવાથી પોતાને જે ફળ પ્રાપ્ત થાય છે, તે બતાવતાં કહે છે –

**एतत्=આ=ચૈત્યવંદન, મહાકલ્યાણ છે, "દુઃખરૂપ પર્વત માટે વજ્ર સમાન, સુખ માટે કલ્પવૃક્ષ સમાન, जीवलोकसारः=જીવલોકનો સાર, દુર્લભોમાં શેખર=અગ્રેસર, एतच्चैत्यवंदनं=આ ચૈત્યવંદન છે" એ પ્રકારે ઉલ્લાસ પામતા અસાધારણ પ્રમોદવાળું ચૈત્યવંદન ગૃહસ્થનો યોગ છે, એ પ્રમાણે અન્વય છે.**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે ગૃહસ્થને યોગનો સંભવ નથી. તેથી ગ્રંથકાર ખુલાસો કરે છે કે આગળમાં વર્ણન કરાય છે તેવા પ્રકારનું ચૈત્યવંદન ગૃહસ્થનો યોગ છે અને તેનું સ્વરૂપ બતાવતાં કહે છે -

## (૧) શ્રાવકના યોગરૂપ ચૈત્યવંદનનું સ્વરૂપ :-

**'भुवनगुरुरयं'** - જે જિનપ્રતિમા આગળ ચૈત્યવંદન કરાય છે, તે જિનપ્રતિમા તે જિનપ્રતિમા નથી પરંતુ ભુવનગુરુ છે અર્થાત્ "જે શાસ્ત્રના તત્ત્વને બતાવે તે ગુરુ" અને "જે શાસન કરે અને રક્ષણ કરે, તે શાસ્ત્ર છે;" અને ભગવાને સત્શાસ્ત્રો બતાવીને યોગ્ય જીવોને શાસન આપ્યું અને દુરંત સંસારના પરિભ્રમણથી રક્ષણ કર્યું. તેથી શાસ્ત્રને બતાવનાર ભગવાન જગતના ગુરુ છે. આ રીતે ભુવનગુરુરૂપે ભગવાન ઉપસ્થિત થવાથી પુરોવર્તી ભગવાનને જોઈને પરમ કલ્યાણકારી આ ભગવાન છે, એવી ઉપસ્થિતિ થાય છે.

**'वन्दनीयः सताम्'** વળી આ ભુવનગુરુ સંત પુરુષોને વંદનીય છે. કેમ સંત પુરુષોને વંદનીય છે ? તેથી કહે છે : 'एतदेव सत् तत्त्वम्' ભુવનગુરુને વંદન કરવું 'તે જ સુંદર પરમાર્થ છે' અર્થાત્ જીવને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ કરાવે છે તેથી પરમાર્થ છે. વસ્તુતઃ પરમાર્થ એટલે મોક્ષ, અને મોક્ષનું કારણ વંદન હોવાથી તે પણ પરમાર્થ છે. **'सैषा गुणज्ञता'** વળી, ભુવનગુરુને જે વંદન કરાય છે, તે આ ગુણજ્ઞતા છે.

અહીં 'गुणज्ञता' સ્ત્રીલિંગ હોવાથી વંદન માટે 'सा' નો પ્રયોગ કરાયો છે.

વંદન ગુણજ્ઞતા છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ભુવનગુરુએ આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે; કેમ કે વિષમ સંસારમાં સન્માર્ગ બતાવીને દુરંત સંસારના પરિભ્રમણમાંથી યોગ્ય જીવોનું રક્ષણ કર્યું છે. આ પ્રકારનો સંસારી જીવો ઉપર જે ભુવનગુરુનો ઉપકાર છે, તે ઉપકારને જે વ્યક્તિ જાણે તેને ભુવનગુરુ પ્રત્યે અવશ્ય બહુમાનભાવ થાય છે, અને તે બહુમાનભાવની અભિવ્યક્તિરૂપ વંદનક્રિયા છે. માટે વંદન કરવું તે માત્ર ચૈત્યવંદનની ક્રિયારૂપ નથી, પરંતુ **ભગવાનનો ઉપકાર જાણીને ભગવાન પ્રત્યે થયેલો બહુમાનભાવ છે, અને તેને ઉલ્લસિત કરવાની કે અતિશયિત કરવાની ક્રિયાવિશેષ એ ચૈત્યવંદન છે.**

વળી ભગવાનને વંદન કરવાથી પોતાને શું પ્રાપ્ત થાય છે ? તે બતાવવા માટે કહે છે - **'महाकल्याणमेतत्'** - આ ચૈત્યવંદન મહાકલ્યાણ છે.

આશય એ છે કે જે સાધક ભુવનગુરુને ભુવનગુરુરૂપે જાણે અને તેના કારણે બહુમાનભાવ થાય અને તે બહુમાનના કારણે વંદન કરે ત્યારે તે બહુમાનભાવ અતિશયિત બને છે. ભગવાન પ્રત્યેનો અતિશયિત બનેલો બહુમાનભાવ ભગવાને બતાવેલા માર્ગમાં પ્રવૃત્તિ કરાવીને મહાકલ્યાણની પરંપરાને પેદા કરે છે. માટે ચૈત્યવંદન મહાકલ્યાણ છે.

**'दुःखाचलवज्रम्'** - સંસારના પરિભ્રમણરૂપ જે દુઃખ તે રૂપ જે પર્વત, તેને ભેદવા માટે આ ચૈત્યવંદન વજ્ર જેવું છે.

આશય એ છે કે જીવમાં સંસારના પરિભ્રમણને પેદા કરાવનારાં ક્લિષ્ટ કર્મો પડ્યાં છે, અને તે ક્લિષ્ટ કર્મો ક્લિષ્ટ અધ્યવસાય પેદા કરાવીને સંસારના પરિભ્રમણની પરંપરાનું સર્જન કરે છે; પરંતુ ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કરવાથી તે ક્લિષ્ટ કર્મોનો ધ્વંસ થાય છે. તેથી જેમ પર્વતને વજ્ર ભેદી નાખે છે, તેમ દુઃખને ઉત્પન્ન કરાવનારાં ક્લિષ્ટ કર્મોરૂપ પર્વતને ચૈત્યવંદનરૂપી વજ્ર ભેદી નાખે છે. તેથી ચૈત્યવંદન વજ્ર જેવું છે.

**'सुखकल्पपादपः'** - વળી આ ચૈત્યવંદન સુખપ્રાપ્તિ કરવા માટે કલ્પવૃક્ષ જેવું છે અર્થાત્ ચૈત્યવંદન કરવાથી થયેલા ઉત્તમ ભાવો દ્વારા પુણ્યાનુબંધીપુણ્ય પ્રાપ્ત થાય છે, જે પ્રકર્ષને પામીને મોક્ષરૂપ પૂર્ણ સુખમાં વિશ્રાંત થાય છે. તેથી સુખપ્રાપ્તિ માટે ચૈત્યવંદન કલ્પવૃક્ષ જેવું છે.

**'जीवलोकसारः'** - વળી આ ચૈત્યવંદન જીવલોકનો સાર છે.

આશય એ છે કે લોક શબ્દથી પંચાસ્તિકાય વાચ્ય છે, તેમ પંચાસ્તિકાયનો એક દેશ પણ વાચ્ય છે. અહીં પંચાસ્તિકાયના સારરૂપ ચૈત્યવંદન છે તેમ નથી બતાવવું, પણ પંચાસ્તિકાયના એક દેશરૂપ જે જીવલોક છે તેના સારરૂપ આ ચૈત્યવંદન છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે જીવોની સારરૂપ અવસ્થા હોય તો ભાવથી કરાતું ચૈત્યવંદન છે; અને એ પ્રમાણે વિચારવાથી એ પ્રાપ્ત થાય કે જીવે સંસારમાં જે કાંઈ પ્રાપ્ત કર્યું, તેમાં ક્યારેક ઉત્તમ ભૌતિક સામગ્રી કે ઉત્તમ દેવભવાદિની પ્રાપ્તિ થાય છે અને તે તેને સુંદર દેખાય છે; પરંતુ તે સર્વની સુંદરતા કરતાં જીવમાં ભાવથી પેદા થયેલું ચૈત્યવંદન પરમ સુંદર છે. તેથી ચૈત્યવંદન જીવલોકનો સાર છે.

**'दुर्लभानां शेखरः'** - આ ચૈત્યવંદન જગતના દુર્લભ પદાર્થોમાં શેખર=અગ્રેસર છે.

આશય એ છે કે જગતમાં રત્નચિંતામણિ આદિ પદાર્થો દુર્લભ હોય છે, છતાં આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને અનંતીવાર દુર્લભ એવા પણ રત્નચિંતામણિ આદિ પદાર્થો પ્રાપ્ત થયા છે; કેમ કે અનંત દીર્ઘકાળમાં ક્યારેક ક્યારેક પણ તથાવિધ પુણ્યથી જીવને રત્નચિંતામણિ આદિ દુર્લભ વસ્તુઓ મળી જાય છે, અને પોતાને આ ઉત્તમ વસ્તુ મળી છે તેવો આનંદ પણ જીવ ક્ષણભર અનુભવે છે; તોપણ તે સર્વ દુર્લભ પદાર્થોમાં ભાવથી કરાતું ચૈત્યવંદન અત્યંત દુર્લભ છે. આથી અનંતકાળમાં પ્રાયઃ કરીને આવું ચૈત્યવંદન જીવે ક્યારેય પ્રાપ્ત કર્યું નથી; કેમ કે જો પ્રાપ્ત કર્યું હોત તો આ સંસાર જે રીતે અત્યાર સુધી ચાલે છે, તે રીતે ચાલત નહીં. આવું દુર્લભ પણ ચૈત્યવંદન કોઈક રીતે કર્મની લઘુતા થવાથી જીવ સંસારમાં પ્રાપ્ત કરી લે તો તે ચૈત્યવંદનના બળથી અલ્પકાળમાં સંસારનો ઉચ્છેદ કરીને પરમસુખને પામે છે. તેથી સર્વ દુર્લભ પદાર્થોમાં અત્યંત દુર્લભ એવું આ ચૈત્યવંદન છે.

આ પ્રકારનું ચૈત્યવંદનનું સ્વરૂપ ઉપસ્થિત થવાથી શ્રાવકનું ચિત્ત ચૈત્યવંદન કરવા માટે અસાધારણ આનંદથી ઉલ્લસિત બને અને તેથી લેશ પણ પ્રમાદ ન થાય એ રીતે શક્તિના પ્રકર્ષથી તેમાં સુદઢ યત્ન કરીને સમ્યક્ ચૈત્યવંદનને નિષ્પન્ન કરવા અર્થે યત્નશીલ થાય. આવા પ્રકારે આનંદીત થઈને અને વિધિમાં અત્યંત ઉપયુક્ત થઈને શ્રાવક ચૈત્યવંદન કરે ત્યારે તે ચૈત્યવંદન યોગ બને.

આથી એ પ્રાપ્ત થાય કે જેમ સંસારી જીવને જગતમાં દુર્લભ એવું રત્નચિંતામણિ કે કોઈ અન્ય એવી વિશિષ્ટ વસ્તુ પ્રાપ્ત થાય ત્યારે તેને હર્ષ સમાતો નથી, અને તેની સર્વ પ્રવૃત્તિઓમાં તેની પ્રાપ્તિની અભિવ્યક્તિ જણાય છે, જેમ કે તે બોલતો હોય કે અન્ય કોઈ પણ પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પૂર્વની પ્રવૃત્તિ કરતાં જુદા પ્રકારની તેની પ્રવૃત્તિ થાય છે, તે રીતે જે શ્રાવક આ પ્રકારના ચૈત્યવંદનના સ્વરૂપના મહત્ત્વને જાણતો હોય અને આથી અત્યંત ઉપયુક્ત થઈને ચૈત્યવંદનને ભાવથી નિષ્પન્ન કરવા માટે યત્ન કરતો હોય અને જો ભાવથી તેવું ચૈત્યવંદન કરી શકે, તો તેની સર્વ પ્રવૃત્તિઓમાં તેવા ચૈત્યવંદનની પ્રાપ્તિકૃત ભેદ અવશ્ય દેખાય. આથી ચૈત્યવંદનની પૂર્વમાં જે રીતે સંસારના પદાર્થોનો સંશ્લેષ થતો હતો, તેવો સંશ્લેષ ભાવથી ચૈત્યવંદન કર્યા પછી થતો નથી. વળી, પૂર્વમાં સર્વ ઉચિત વ્યવહારોમાં પણ કષાયને વશ જે કંઈ ત્રુટિઓ થતી હતી, તે પણ આવું ઉત્તમ ચૈત્યવંદન થવાના કારણે ઘટતી જાય છે અને અત્યંત ઉચિત પ્રવૃત્તિમય તેનું જીવન બનતું જાય છે કે જે પ્રકર્ષને પામીને સર્વવિરતિ અને વીતરાગતામાં વિશ્રાંત થનાર છે. તેથી આ ચૈત્યવંદન દુર્લભ પદાર્થોમાં શેખર છે.

**ટીકા :-**

**तथा 'यतिविश्रामणा च' - "चारित्रिण एते एतदुद्यता इति, नातः परं कृत्यम्, प्रकर्षोऽयं गुणानाम्, रक्ष्य एष काय आत्मनो नियोगेन, तदुत्सर्पणोऽयम्, बीजमेतद् भावस्य, महावीर्यमेतत् उचिता विश्रामणा" इति महाविवेकसारसंवेगसारता ।**

**ટીકાર્થ :-**

**तथा 'यतिविश्रामणा च' ..... सारसंवेगसारता ।અને યતિવિશ્રામણા=સાધુને સંયમવૃદ્ધિમાં અત્યંત સહાયક એવી કાયા વિહારાદિથી શ્રમિત થયેલી હોય ત્યારે ધ્યાન-અધ્યયનમાં સમ્યક્ યત્ન કરવા માટે સમર્થ બને નહીં, તેથી તે સમયે તે શ્રમને દૂર કરીને સંયમમાં યત્ન કરી શકે તદર્થે વિશ્રામણાના અર્થી એવા શ્રાવક પાસે સાધુ શરીરના શ્રમને દૂર કરવા માટે વિશ્રામણા કરવાની અનુજ્ઞા આપે તે યતિવિશ્રામણા. एतदुद्यता=ચારિત્રમાં ઉદ્યત છે, इति=એ હેતુથી चारित्रिण एते=આ ચારિત્રી છે, नातः परं कृत्यम्=આનાથી= ચારિત્રમાં કરાતા ઉદ્યમથી, परं=શ્રેષ્ઠ, કોઈ કૃત્ય નથી, प्रकर्षोऽयं गुणानाम्=આ= ચારિત્રમાં કરાતો ઉદ્યમ, ગુણોનો પ્રકર્ષ છે.**

આ રીતે ચારિત્રીનું મહત્ત્વ ઉપસ્થિત કર્યા પછી તેની વિશ્રામણા કરવાનું પ્રયોજન બતાવવા અર્થે કહે છે –

**एष कायः=ચારિત્રીની કાયા आत्मनो नियोगेन=પોતાના વ્યાપારથી=શ્રાવકે પોતાના યત્નથી, रक्ष्यः=રક્ષણ કરવા યોગ્ય છે.**

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રીની કાયા કેમ રક્ષણ કરવા યોગ્ય છે ? તેથી કહે છે –

**अयम् આ=ચારિત્રીની કાયા तदुत्सर्पणः=તેનું=ચારિત્રનું ઉત્સર્પણ છે=ચારિત્રના કંડકોમાં ઉત્સર્પણ છે અર્થાત્ ચારિત્રીની કાયા ચારિત્રના ઉપરના કંડકોમાં ગમનરૂપ છે (માટે રક્ષણીય છે).**

**અહીં ચારિત્રીની કાયા ઉપરના કંડકોનાં ગમનનું કારણ છે, છતાં ઉપચારથી ગમનરૂપ છે તેમ કહેલ છે.**

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રીના=સાધુના, ચારિત્રની વૃદ્ધિના કારણભૂત એવી તેમની કાયાનું રક્ષણ કરવાથી પોતાને શું ? તેથી કહે છે –

**'एतद् भावस्य बीजम्' एतद्=આ ચારિત્રીની કાયાનું રક્ષણ, ભાવનું=પોતાને ચારિત્રની પ્રાપ્તિરૂપ ભાવનું, બીજ છે=કારણ છે. एतत्=આ=ચારિત્રીની કાયાનું રક્ષણ, महावीर्यम्=મહાવીર્ય છે, આથી વિશ્રામણા ઉચિત છે, એ પ્રકારનો મહાવિવેક છે પ્રધાન જેમાં એવી સંવેગસારતાવાળી=ચારિત્રના અભિલાષયુક્ત, યતિવિશ્રામણા ગૃહસ્થનો યોગ છે.**

**ભાવાર્થ :-**

**(૨) શ્રાવકના યોગરૂપ યતિવિશ્રામણાનું સ્વરૂપ :-**

શ્રાવકને સર્વવિરતિનું મહત્ત્વ હોય છે, ફક્ત તેની શક્તિનો સંચય નહીં થયેલો હોવાથી બલવાન ઈચ્છા હોવા છતાં ચારિત્રમાં પ્રવૃત્તિ કરતા નથી, અને કોઈ ચારિત્રીને જુએ છે ત્યારે તેને થાય છે કે આ મહાત્માઓ ચારિત્રવાન છે, માત્ર તેઓ ચારિત્રના વેષના ધારક છે માટે ચારિત્રવાળા નથી; પરંતુ ભગવાનના વચનાનુસાર મન-વચન-કાયાને સમ્યક્ પ્રવર્તાવે છે અને ચારિત્રમાં ઉદ્યમશીલ છે, આથી તેઓ ચારિત્રી છે. આ ચારિત્રવાળા મહાત્માઓ જે કંઈ કૃત્ય કરે છે, તેનાથી બીજું કોઈ શ્રેષ્ઠ કૃત્ય નથી; કેમ કે ચારિત્રમાં ઉદ્યમ કરવો તે ગુણોનો પ્રકર્ષ છે અર્થાત્ જીવને પ્રાપ્ત થયેલા જે કંઈ ગુણો છે, તે સર્વ પ્રકર્ષવાળા બને છે, ત્યારે જીવ સર્વજ્ઞના વચનથી નિયંત્રિત સર્વ ઉચિત પ્રવૃત્તિઓ રૂપ ચારિત્રમાં યત્ન કરે છે. તેથી આવો ઉદ્યમ તે ગુણોના પ્રકર્ષરૂપ છે. આથી આવા ગુણના પ્રકર્ષવાળા ચારિત્રીની કાયા મારે સર્વ ઉદ્યમથી રક્ષણ કરવી જોઈએ; કેમ કે તેમની કાયા એ ચારિત્રના કંડકોમાં વૃદ્ધિરૂપ છે. જોકે કાયા એ સાધન છે, તોપણ ચારિત્રી પોતાની કાયાને ભગવાનના વચનાનુસાર પ્રવર્તાવીને સંયમના કંડકોમાં વૃદ્ધિ કરે છે. તેથી સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ કાયા હોવાથી ઉપચારથી કાયાને સંયમના ઉત્સર્પણરૂપ કહેલ છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે ચારિત્રીની કાયાનું રક્ષણ કરવાથી તેઓના સંયમની વૃદ્ધિ થાય, તોપણ તે ચારિત્રીની કાયાના રક્ષણનો પોતે જે યત્ન કરે તેનાથી પોતાને શું પ્રાપ્ત થાય ? જેથી તેમની કાયાના રક્ષણ માટે ઉદ્યમ કરે ? તેથી કહે છે –

**बीजमेतद् भावस्य**=આ=ચારિત્રીની કાયાનું રક્ષણ, ભાવનું બીજ છે=ભાવનું કારણ છે, અર્થાત્ ભાવથી પોતાને ચારિત્રની પ્રાપ્તિ થાય તેમાં ચારિત્રીની કાયાના રક્ષણ માટે કરાયેલો પોતાનો ઉદ્યમ કારણ છે. તેથી શ્રાવકને ચારિત્રીની કાયાના રક્ષણનો ઉત્સાહ પ્રગટે છે. અર્થાત્ શ્રાવક ચારિત્રનો અત્યંત

અર્થી છે, આમ છતાં પોતાનામાં ચારિત્ર પાળવાનું સામર્થ્ય પ્રગટ થયું નથી અને ચારિત્રીની કાયાનું રક્ષણ કરવાથી પોતાને ભાવચારિત્રની પ્રાપ્તિમાં તે કારણ બનશે, તેવું જ્ઞાન થવાથી ચારિત્રીની કાયાના રક્ષણ માટે તેને ઉત્સાહ પ્રગટે છે.

**महावीर्यमेतत्** :- આ મહાવીર્ય છે. ચારિત્રીની કાયાનું રક્ષણ તે પોતાને ચારિત્રની પ્રાપ્તિનું કારણ કઈ રીતે છે ? તેથી કહે છે - આ=ચારિત્રીની કાયાનું રક્ષણ મહાવીર્ય છે.

આશય એ છે કે ગૃહસ્થઅવસ્થામાં જીવ જે કાંઈ વીર્ય આત્મકલ્યાણમાં પ્રવર્તાવે છે, તે જ સાચું વીર્ય છે, અને તેમાં પણ સંયમની પ્રાપ્તિના અનન્ય કારણભૂત એવા ચારિત્રીની ભક્તિ કરે છે, તે મહાવીર્ય છે; કેમ કે આ વીર્ય ચારિત્ર પ્રત્યેની શક્તિના સંચય દ્વારા સર્વ સંસારના ઉચ્છેદનું કારણ બને છે.

આથી વિશ્રામણા ઉચિત છે, એ પ્રકારની=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારની, મહાવિવેકપ્રધાન સંવેગસારતાવાળી=ચારિત્રના અભિલાષયુક્ત, યતિવિશ્રામણા શ્રાવકનો યોગ છે.

આશય એ છે કે વિવેકી શ્રાવક ચારિત્રનું સ્વરૂપ જાણે છે, તેથી ચારિત્રની ઉચિત પ્રવૃત્તિઓ જોઈને ચારિત્રી પ્રત્યે ભક્તિવાળા થાય છે અને વિચારે છે કે "આ મહાત્માઓની કાયાના રક્ષણ માટે કરાયેલો યત્ન તેઓના સંયમની વૃદ્ધિનું કારણ બનશે, અને તેમાં હું નિમિત્ત બનીશ તો મને પણ સંયમની પ્રાપ્તિનું કારણ બનશે, માટે મારે તેમની વિશ્રામણા કરવી જોઈએ" - એ પ્રકારના મહાવિવેકથી યુક્ત થઈને અને સંયમના બલવાન અભિલાષથી યુક્ત થઈને શ્રાવક સાધુની વિશ્રામણા કરે, તે શ્રાવકનો યોગ છે.

**ટીકા :-**

**तथा 'श्रवणं धर्मविषयमिति' - "उत्तमः श्रुतधर्मः, मोहतमोरविः, पापवध्यपटहः, प्रकर्षः श्रव्याणाम्, सेतुः सुरलोकस्य, भावामृतमयम्, देशकः शिवगतेः, जिनभावबीजम्, अभिव्यक्तो जिनेन, नातः परं कल्याणम्" इति विशिष्टशुश्रूषया ।**

**ટીકાર્થ :-**

**तथा 'श्रवणं धर्मविषयमिति' - ..... विशिष्टशुश्रूषया । અને શ્રુતધર્મ ઉત્તમ છે, મોહરૂપી અંધકાર માટે સૂર્ય છે, પાપરૂપ વધ્ય માટે પટહ છે=નગારું છે, સાંભળવા યોગ્ય વસ્તુમાં પ્રકર્ષ છે=શ્રેષ્ઠ છે, દેવલોકનો પુલ છે. આ=શ્રુતધર્મ, ભાવઅમૃત છે, શિવગતિનો દેશક છે, જિનભાવનું બીજ છે, જિન વડે અભિવ્યક્ત=પ્રગટ, કરાયેલ છે. આનાથી=શ્રુતધર્મથી પરં=શ્રેષ્ઠ, કલ્યાણ નથી. એ પ્રકારની વિશિષ્ટ શુશ્રૂષાથી ધર્મવિષયક શ્રવણ એ શ્રાવકનો યોગ છે, એમ અન્વય છે.**

**ભાવાર્થ :-**

**(૩) શ્રાવકના યોગરૂપ ધર્મવિષયક શ્રવણ :-**

જેમ શ્રાવક ભગવાનને ભુવનગુરુરૂપે જાણે છે અને તેથી તેમની વિશેષ ભક્તિ કરે છે અને અત્યંત

ઉલ્લસિત થઈને ચૈત્યવંદનની ક્રિયા કરે છે; વળી, જેમ સાધુનું પણ મહાસત્ત્વ જોઈને તેમના પ્રત્યે ભક્તિવાળા થાય છે અને તેમની ભક્તિ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે; તેમ ભગવાને કહેલા ધર્મશાસ્ત્રના શ્રવણમાં પણ શ્રાવક અત્યંત ઉત્સાહિત હોય છે; કેમ કે શ્રુતધર્મનું પારમાર્થિક સ્વરૂપ તે જાણે છે. તે પારમાર્થિક સ્વરૂપના બોધને કારણે તેનામાં વિશિષ્ટ પ્રકારની શુશ્રૂષા વર્તે છે અને તે શુશ્રૂષાગુણથી યુક્ત થઈને શ્રાવક ધર્મશાસ્ત્રનું શ્રવણ કરે છે. તેથી તેનું ધર્મનું શ્રવણ પણ યોગ બને છે.

શ્રાવકને શ્રુતધર્મના પારમાર્થિક સ્વરૂપનો કેવો બોધ છે કે જેના કારણે વિશિષ્ટ શુશ્રૂષા થાય છે ? તેનું સ્વરૂપ ગ્રંથકાર બતાવે છે –

**उत्तमः श्रुतधर्मः** - આ શ્રુતધર્મ ઉત્તમ છે; કેમ કે આત્માને માટે ઉત્તમ મોક્ષ છે અને મોક્ષપ્રાપ્તિના સમ્યગ્ ઉપાયને કહેનારો આ શ્રુતધર્મ છે, માટે આ શ્રુત પણ ઉત્તમ છે. આવી બુદ્ધિ હોવાથી શ્રુત પ્રત્યે શ્રાવકને અત્યંત ભક્તિ હોય છે.

**मोहतमोरविः** - સંસારમાં મોહરૂપી અંધકાર વ્યાપ્ત છે, તેથી જીવો સુખના અર્થી હોવા છતાં દુઃખની પરંપરા પ્રાપ્ત કરે છે. આ મોહરૂપી અંધકારને ભેદવો અતિ દુષ્કર છે, તોપણ તેને ભેદવા માટે આ શ્રુત સૂર્ય જેવું છે. જેમ સૂર્યનો ઉદય થાય તો રાત્રિનો અંધકાર નાશ પામે છે, તેમ આ શ્રુતનો=શાસ્ત્રનો પારમાર્થિક બોધ પ્રાપ્ત થાય તો મારામાં વર્તતો મોહનો અંધકાર અવશ્ય નાશ પામે. માટે શક્તિના પ્રકર્ષથી મારે શ્રુતધર્મના શ્રવણમાં યત્ન કરવો જોઈએ, આવી બુદ્ધિ શ્રાવકને હોય છે.

**पापवध्यपटहः** - સંસારમાં પાપની પરિણતિ જીવને માટે સર્વ અનર્થોનું કારણ છે અને આ પાપનો નાશ કરવો અતિ દુષ્કર કાર્ય છે, એ પ્રકારનો શ્રાવકને બોધ છે, તોપણ પોતાનામાં રહેલી પાપની વૃત્તિનો નાશ કરવા તે સમર્થ બનતો નથી. છતાં શ્રાવકને અવિહડ શ્રદ્ધા છે કે જો શ્રુતધર્મનો અભ્યાસ કરવામાં આવે અને ભગવાનનાં વચનો મને પરિણમન પામે તો અવશ્ય આ પાપવૃત્તિઓ નાશ પામશે; કેમ કે શ્રુતધર્મનું અધ્યયન પાપનાશ કરવા માટે સમર્થ પટહવાદન છે.

જેમ કોઈ વ્યક્તિએ ચોરી આદિ કરી હોય અને તેને વધ્યસ્થાનમાં લઈ જતી વખતે પટહવાદન કરવામાં આવે છે, તેમ શ્રુતનો સ્વાધ્યાય કરનાર શ્રાવક પોતાના પાપને વધ્યસ્થાનમાં લઈ જવા માટે ઘોષણારૂપ પટહવાદન કરે છે. તેથી શ્રુત તે પાપને વધ્યસ્થાનમાં લઈ જવા માટે પટહવાદન છે અને આ રીતે શ્રુતથી સંપન્ન થઈને શ્રાવક જ્યારે સંયમ ગ્રહણ કરશે, ત્યારે પાપ પ્રત્યે નિષ્ઠુર થઈને પાપનો વિનાશ કરશે.

**प्रकर्षः श्रव्याणाम्** :- શ્રોત્રેન્દ્રિય દ્વારા, જે કંઈ પણ આત્માના કલ્યાણનું કારણ હોય કે આત્માના હિતનું કારણ હોય તે સાંભળવા યોગ્ય છે અને તે સર્વ સાંભળવા યોગ્ય પદાર્થોમાં શ્રુતધર્મ સર્વશ્રેષ્ઠ સાંભળવા યોગ્ય પદાર્થ છે; કેમ કે અન્ય કાંઈ પણ સાંભળવાથી શુભભાવો થાય, તેનાથી આત્મહિત થાય, તોપણ ભગવાનનાં વચનોરૂપ શ્રુત જે પ્રકારે આત્મહિતનું કારણ છે, તેવું આત્મહિતનું કારણ અન્ય કોઈ નથી. તેથી સર્વ સાંભળવા યોગ્ય પદાર્થોમાં શ્રુત પ્રકર્ષ સ્થાનીય છે.

**सेतुः सुरलोकस्य** :- આ શ્રુતધર્મ સ્વર્ગલોકનો સેતુ છે=પુલ છે અર્થાત્ જેમ જેમ જીવ શ્રુતધર્મ પ્રાપ્ત

કરતો જાય તેમ તેમ સંસારમાં પણ સારી અવસ્થારૂપ દેવલોકની પ્રાપ્તિનું કારણ છે.

**भावामृतमयम्** :- આ શ્રુતધર્મ ભાવઅમૃત છે. જેમ અમૃતના પાનથી જીવ અમર બને છે, તેમ શ્રુતધર્મથી જીવ વીતરાગ બને છે અને અંતે શાશ્વત એવા મોક્ષસુખને પામે છે. માટે શ્રુતધર્મ ભાવામૃત છે.

**देशकः शिवगतेः** :- આ શ્રુતધર્મ શિવગતિનો દેશક છે અર્થાત્ મોક્ષમાર્ગની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર આ શ્રુતધર્મ છે. માટે મોક્ષનો અર્થી શ્રાવક શ્રુતધર્મનો પણ અત્યંત અર્થી બને છે.

**जिनभावबीजम्** :- આ શ્રુતધર્મ જિનભાવનું બીજ છે અર્થાત્ જિનભાવનું કારણ છે.

આશય એ છે કે જેમ જેમ જીવને શ્રુતનો બોધ થતો જાય છે, તેમ તેમ જીવને આખો સંસાર ઈન્દ્રજાળ જેવો દેખાય છે અને તેથી ઈન્દ્રજાળ જેવા સંસારમાં સંશ્લેષ વગરનું તેનું ચિત્ત બને છે, જે પ્રકર્ષને પામીને વીતરાગ થવાનું કારણ બને છે. માટે વીતરાગતાનો અર્થી એવો શ્રાવક શ્રુત પ્રત્યે અંત્યંત બદ્ધ અભિલાષવાળો હોય છે.

**अभिव्यक्तः जिनेन** :- આ શ્રુતધર્મ જિનેશ્વરોએ પ્રગટ કર્યો છે, પરંતુ કોઈ છદ્મસ્થથી કહેવાયેલો નથી. તેથી પરિપૂર્ણ શુદ્ધ છે, એકાંતે હિતકારી છે, માટે તેમાં યત્ન કરવો જોઈએ, તેવી શ્રાવકની નિર્મળ બુદ્ધિ હોય છે.

**नातः परं कल्याणं** :- શ્રાવક વિચારે છે કે આનાથી શ્રેષ્ઠ કોઈ કલ્યાણ નથી.

શ્રાવકને ધર્મશ્રવણની અભિલાષા આવા પ્રકારની વિશિષ્ટ હોય છે, તેથી આવા અભિલાષવાળો શ્રાવક જે જે ધર્મનું શ્રવણ કરે તે તે સમ્યક્ બોધમાં પરિણમન પામે છે; કેમ કે શ્રાવક શ્રુતના મહત્ત્વનો જાણ હોવા છતાં પરમાર્થનો બોધ તો શ્રુતના શ્રવણથી થાય છે. તેથી જેમ જેમ શ્રુતનું શ્રવણ કરે છે તેમ તેમ તે શ્રુત મોહનાશમાં, પાપનાશમાં કે મોક્ષપ્રાપ્તિમાં જે રીતે કારણ બનતું હોય તે રીતે તે યોજે છે; અને તેથી જે જે શાસ્ત્રશ્રવણ કરે છે તે તે શાસ્ત્રના પરમાર્થનું અવધારણ કરીને આત્મામાં મોક્ષને અનુકૂળ એવા ભાવો પ્રગટ કરે છે. તેથી શ્રાવકની વિશિષ્ટ શુશ્રૂષાપૂર્વક ધર્મવિષયક શ્રવણક્રિયા યોગ છે.

**ટીકા :-**

**'गृहिणः'=श्रावकस्य, 'एषोऽपि'=अनन्तरोदितव्यापारः, 'योगः' - अन्वर्थयोगाद् मोक्षेण योजनात्, 'किं पुनर्यो भावनामार्गः ?' स बन्धुः परमध्यानस्य, स योग एव, अनुष्ठेयश्चायं श्रावकेण तथापुण्यदेशे सङ्क्लेशविघाताय पद्मासनादिना गुरुप्रणामपूर्वमर्थसन्तानेन - "असारो जीवलोकः, इन्द्रजालतुल्यः, विषकल्पा विषयाः, वज्रसारं दुःखम्, चलाः प्रियसङ्गमाः, अस्थिरा सम्पत्, दारुणः प्रमादः, महादौर्गत्यहेतुः, दुर्लभं मानुष्यं महाधर्मसाधनम् इति अलं ममान्येन, करोम्यत्र यत्नम्, न युक्ता(ऽत्रो)पेक्षा, प्रभवति मृत्युः, दुर्लभं दर्शनं सद्गुरुयोगश्च" - इति प्रशस्तभावगतेन । एवं चास्ति गृहिणोऽपि योगसम्भव इति ।**

**ટીકાર્થ :-**

**'गृहिणः'=श्रावकस्य ..... योगसम्भव इति । गृहिणः=શ્રાવકનો, આ પણ=પૂર્વમાં કહેલો ચૈત્યવંદન, યતિવિશ્રામણા અને ધર્મવિષયક શ્રવણરૂપ વ્યાપાર પણ, યોગ છે; કેમ કે મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી અન્વર્થનો યોગ છે= વ્યુત્પત્તિના અર્થનો યોગ છે. વળી જે ભાવનામાર્ગ છે તેનું શું કહેવું ? અર્થાત્ તે તો યોગ છે જ.**

ભાવનામાર્ગ કેમ યોગ છે ? તે સ્પષ્ટ કરે છે –

**स बन्धुः परमध्यानस्य=તે=ભાવનામાર્ગ, પરમ ધ્યાનનો બંધુ છે. स योग एव=તે=પરમ ધ્યાનનો બંધુ એવો ભાવનામાર્ગ યોગ જ છે અર્થાત્ સુતરામ્ યોગ છે; अनुष्ठेयश्चायं श्रावकेण=અને આ= ભાવનામાર્ગ, શ્રાવક વડે અનુષ્ઠેય છે અર્થાત્ સેવવા યોગ્ય છે.**

ભાવનામાર્ગના સેવનની વિધિ બતાવે છે –

**तथापुण्यदेशे=તે પ્રકારના=ભાવનાના પ્રકર્ષમાં સહાયક બને તે પ્રકારના, પુણ્યદેશમાં=પવિત્ર સ્થળમાં, સંક્લેશના વિઘાત માટે, પદ્માસનાદિ દ્વારા, ગુરુને પ્રણામપૂર્વક, અર્થસંતાનથી શ્રાવક વડે ભાવનામાર્ગ અનુષ્ઠેય છે, એમ પૂર્વ સાથે સંબંધ છે.**

કયા અર્થસંતાનથી ભાવનામાર્ગ અનુષ્ઠેય છે, તે સ્પષ્ટ કરે છે –

**(૧) જીવલોક અસાર છે, (૨) ઈન્દ્રજાળ તુલ્ય છે, (૩) વિષતુલ્ય વિષયો છે, (૪) વજ્રસાર દુઃખ છે=વજ્ર જેમ દુર્ભેદ્ય છે તેમ સંસારમાં દુઃખ દુર્ભેદ્ય છે=દુઃખનું નિવારણ અશક્ય છે, (૫) પ્રિયના સંગમો ચલ છે, (૬) સંપત્તિ અસ્થિર છે, (૭) પ્રમાદ દારુણ છે=સન્માર્ગમાં પ્રવૃત્તિવિષયક પ્રમાદ દારુણ છે, (૮) મહાદૌર્ગત્યનો હેતુ છે=અત્યંત ખરાબ સ્થિતિનો હેતુ છે, (૯) મહાધર્મનું સાધન એવો મનુષ્યભવ દુર્લભ છે, એથી કરીને મારે અન્ય વડે=ધર્મ સિવાય અન્ય વડે સર્યું. (૧૦) અહીં= ધર્મમાં, યત્ન કરું, (૧૧) અહીં=ધર્મમાં, ઉપેક્ષા યુક્ત નથી, (૧૨) મૃત્યુ પ્રભવ પામી રહ્યું છે=પ્રતિક્ષણ મૃત્યુ આવી રહ્યું છે, (૧૩) દર્શન=જગતના સમ્યગ્ અવલોકનરૂપ, સમ્યગ્દર્શન દુર્લભ છે, (૧૪) અને સદ્ગુરુનો યોગ દુર્લભ છે. એ પ્રકારના પ્રશસ્ત ભાવયુક્ત અર્થસંતાન વડે=તે તે શબ્દોથી વાચ્ય એવો જે અર્થ અર્થાત્ જીવમાં વર્તતો પરિણામ, તેનો પ્રવાહ, તેના વડે, શ્રાવકે ભાવનામાર્ગ સેવવો જોઈએ. एवं च=અને આ રીતે=પૂર્વમાં જે 'ચૈત્યવંદન, યતિવિશ્રામણા અને ધર્મવિષયક શ્રવણ અને વિશેષથી ભાવનામાર્ગને યોગ બતાવ્યો, એ રીતે, ગૃહસ્થને પણ યોગ સંભવ છે. 'इति' ગાથાના ટીકાર્થની સમાપ્તિમાં છે.**

❖ 'गृहिणोऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે જગતમાં ક્યાંય સંશ્લેષ ન હોવાથી સાધુને તો યોગ છે, પણ ગૃહસ્થને પણ આ રીતે યોગ છે.

**ભાવાર્થ :-**

'गृहिणः' ..... योजनात् । - પૂર્વમાં બતાવેલા ચૈત્યવંદનાદિ ત્રણ પ્રકારની શ્રાવકની પ્રવૃત્તિ યોગ છે; કેમ કે આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ કહેવાય; અને શ્રાવક મહાસંવેગથી ચૈત્યવંદન કરતા હોય કે મહાવિવેકથી યુક્ત સંવેગપૂર્વક યતિવિશ્રામણા કરતા હોય કે શ્રુતધર્મના મહત્ત્વને જાણીને વિશિષ્ટ પ્રકારની શુશ્રૂષાથી સહિત ધર્મશ્રવણ કરતા હોય, ત્યારે વર્તતો શ્રાવકનો ઉપયોગ પ્રતિક્ષણ સંસારભાવથી પર થઈને મોક્ષને અનુકૂળ ભાવોને પ્રગટ કરે છે, તેથી શ્રાવકની તે પ્રવૃત્તિ યોગ છે.

**(૪) શ્રાવકના યોગરૂપ ભાવનામાર્ગ :-**

**किं पुनर्यो भावनामार्गः ?** શ્રાવકને ભાવનામાર્ગ તો સુતરામ્ યોગ છે; કેમ કે જેમ પરમધ્યાન આત્માને સાક્ષાત્ મોક્ષની સાથે અત્યંત યોજે છે, તેથી તે યોગ છે, તેમ ભાવનામાર્ગ પણ પરમધ્યાનનો બંધુ હોવાથી મોક્ષની સાથે જોડે છે, તેથી તે યોગ છે.

આશય એ છે કે યોગીઓ ધ્યાનમાં યત્ન કરે છે ત્યારે ધ્યાનના યોગથી તેઓમાં સમભાવની પરિણતિ અત્યંત વૃદ્ધિ પામે છે અને તે સમભાવની પરિણતિ સાક્ષાત્ મોક્ષ સાથે સંકળાયેલી છે, માટે યોગ છે; અને શ્રાવકને પોતાનું ચિત્ત ભાવનાને અનુકૂળ જણાય ત્યારે ઉચિત વિધિપૂર્વક ભાવનામાર્ગને સેવે છે અને તે ભાવનાના બળથી સાંસારિક પરિણતિથી પર થઈને મોક્ષને અનુકૂળ એવા ભાવોમાં યત્ન કરવાની શક્તિનો સંચય કરે છે. તેથી આ ભાવનામાર્ગ ધ્યાનનો બંધુ છે. જેમ ધ્યાન સમતાની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ છે, તેમ ભાવના ધ્યાનને અનુકૂળ એવી જીવની શક્તિના સંચય દ્વારા મોક્ષનું કારણ છે; વળી, ભાવનાથી અભાવિત ચિત્ત ધ્યાન કરવા માટે સમર્થ બનતું નથી. આથી ક્વચિત્ ઉત્સાહમાં આવીને ધ્યાનને અનુરૂપ મુદ્રામાં બેસીને ધ્યાનમાં યત્ન કરવામાં આવે તોપણ ભાવનાથી ભાવિત અંતઃકરણ ન હોય તો ધ્યાનમાં સમ્યક્ પ્રકારનો યત્ન થઈ શકતો નથી. તેથી ધ્યાનની નિષ્પત્તિમાં પ્રબળ કારણ ભાવનામાર્ગ છે, માટે યોગ છે.

શ્રાવકે તે ભાવનામાર્ગ કઈ રીતે સેવવો જોઈએ, તે બતાવે છે –

**ભાવનાને અનુકૂળ પવિત્ર સ્થાન :-** જે પ્રકારે પોતાના હૈયામાં ભાવના પરિણમન પામે તે પ્રકારના પવિત્ર દેશમાં બેસીને શ્રાવકે ભાવનામાં યત્ન કરવો જોઈએ. જેમ કે કોઈ તીર્થસ્થળ હોય કે તીર્થંકરોની જન્મભૂમિ આદિ ક્ષેત્ર હોય કે તીર્થંકરો દ્વારા સ્પર્શાયેલી ભૂમિ હોય અથવા કુદરતનું તેવું વાતાવરણ હોય કે જે વાતાવરણ ભાવના વખતે ચિંતવન કરાતા ભાવોમાં વૃદ્ધિનું કારણ બને, એવાં સર્વ સ્થાનો ભાવનાને અનુકૂળ પુણ્યદેશ છે. તેવા પુણ્યદેશમાં બેસીને શ્રાવકે પદ્માસનાદિ દ્વારા, સંક્લેશના વિઘાત માટે ગુરુને પ્રણામ કરવાંપૂર્વક ભાવનામાર્ગમાં પ્રયત્ન કરવો જોઈએ.

આશય એ છે કે જ્યાં સુધી ચિત્તમાં સંક્લેશ વર્તતો હોય ત્યાં સુધી શબ્દથી ભાવના કરવામાં આવે તોપણ ભાવના ચિત્તમાં પ્રવેશી શકતી નથી. તેથી ભાવનાને ચિત્તમાં પ્રવેશ કરવામાં પ્રતિબંધક એવા

સંક્લેશના વિઘાત માટે શ્રાવક ગુણવાન એવા ગુરુની ગુણવાન તરીકે ઉપસ્થિતિ કરે અને ભક્તિથી તેમને પ્રણામ કરે, જે પ્રણામને કારણે તેવા ગુણવાન ગુરુના સત્ત્વ પ્રત્યે પોતાને બહુમાનભાવ વધે છે અને ઉપસ્થિતિ થાય છે કે "આ ગુણવાન એવા ગુરુએ ભાવનામાર્ગને એવો આત્મસાત્ કર્યો છે કે જેના વડે આ સંસારના સર્વ ભાવોનો ત્યાગ કરી કેવળ ધર્મમય જીવન જીવે છે. માટે તેવા ઉત્તમ ગુરુને નમસ્કાર કરીને હું પણ આ ભાવનામાર્ગમાં એ રીતે યત્ન કરું કે જેથી તેમની જેમ મારું પણ માનસ સંસારથી પર થઈને કેવળ ધર્મમય જીવન જીવવા સમર્થ બને."

આ પ્રકારના આશયપૂર્વક શ્રાવક ગુરુને પ્રણામ કરે, ત્યારે તે પ્રણામની ક્રિયાથી ભાવનાની નિષ્પત્તિમાં પ્રતિબંધક એવો જે સંક્લેશ ચિત્તમાં વર્તે છે, તેનો વ્યાઘાત થાય છે. વળી ભાવનાકાળમાં ઉપયોગની દૃઢતા અર્થે પદ્માસનાદિ આસનમાં બેસીને ભાવના માટે શ્રાવક યત્ન કરે અને આ ભાવના માટે કરાતા યત્નમાં માત્ર શબ્દોથી પદાર્થનો વિચાર કરવાનો નથી, પણ તે તે શબ્દોથી વાચ્ય જે ભાવો છે, તે ભાવોનું અર્થસંતાન પોતાના આત્મામાં પ્રગટ થાય તે રીતે ભાવનામાર્ગમાં શ્રાવક યત્ન કરે અને તે વખતે કેવા પ્રકારના પ્રશસ્ત ભાવો કરે, તેને બતાવતાં કહે છે –

**શ્રાવકને ભાવનામાર્ગમાં યત્ન કરતાં થતા પ્રશસ્ત ભાવો :-**

(૧) **असारो जीवलोकः** :- જીવલોક અસાર છે. આશય એ છે કે સંસારવર્તી ચારે ગતિમાં વર્તતા જીવોની અવસ્થા તે જીવલોક છે અને તે અસાર છે અર્થાત્ સંસારમાં જીવોની કોઈ પણ અવસ્થા સારભૂત નથી. આ રીતે ચિંતવન કરવાથી, સંસારની કોઈ અવસ્થા પ્રત્યે આસ્થા કરવા જેવી નથી; કેમ કે સંસારની દરેક અવસ્થા જીવને દેહ સાથે બંધન કરાવીને વિડંબના કરનારી છે, અને તે બંધનની અવસ્થા ક્વચિત્ સોનાની બેડી જેવા દેવાદિભવ જેવી હોય કે ક્વચિત્ લોખંડની બેડી જેવા તિર્યંચ ભવાદિ જેવી હોય, તોપણ તે બંધન અવસ્થા છે, માટે સારી નથી. તેથી જીવ માટે સંસારની કોઈપણ અવસ્થાની આસ્થા કરવા જેવી નથી, પરંતુ સંસારથી પર અવસ્થાની આસ્થા કરવા જેવી છે. આવી બુદ્ધિ જીવલોક અસાર છે તે પ્રકારની ભાવના કરવાથી થાય છે.

(૨) **इन्द्रजालतुल्यः** :- શ્રાવકને સંયમની ઈચ્છા હોવા છતાં ભોગોનો કંઈક હજી સંશ્લેષ વર્તે છે, તેથી સંયમને અનુકૂળ યત્ન પ્રગટ થતો નથી. તેથી તે સંશ્લેષ તોડવા માટે સંસારમાં દેખાતા ભાવોને ઈન્દ્રજાળ તુલ્ય ભાવન કરવા માટે શ્રાવક યત્ન કરે ત્યારે વિચારે કે 'આ સંસાર ઈન્દ્રજાળ તુલ્ય છે.' સામાન્ય રીતે જીવોને પુણ્યનો સહકાર હોય ત્યારે અનેક ભોગસામગ્રીથી ભર્યો ભર્યો આ સંસાર દેખાય છે, તેથી તેવા ભાવો પ્રત્યે જીવોનું ચિત્ત સંશ્લેષવાળું હોય છે. પરંતુ શ્રાવક શાસ્ત્રશ્રવણથી સંસારના સ્વરૂપને જાણનાર હોય છે, તેથી તે વિચારે છે કે "આ દેખાતો સંસાર પરમાર્થથી ઈન્દ્રજાળ જેવો છે." જેમ ઈન્દ્રજાળથી કોઈ પણ વસ્તુ બતાવવામાં આવે છે ત્યારે તે વસ્તુ સાક્ષાત્ દેખાય છે, પરંતુ તે ઈન્દ્રજાળિયો જ્યારે ઈન્દ્રજાળ સમેટી લે છે ત્યારે તે દેખાતી સર્વ વસ્તુ કંઈ જ નથી અને કંઈ જ ન હતી, તેવો સ્પષ્ટ બોધ થાય છે. તે રીતે શ્રાવકને બોધ થાય છે કે પોતે પૂર્વમાં જે ભોગવીને અનુભવ કર્યો તે વાસ્તવિક કંઈ જ ન હતું, અને અત્યારે

જે દેખાય છે તે પણ કંઈ જ નથી, માત્ર બુદ્ધિરૂપી કલ્પના દ્વારા કલ્પિત સુખદુઃખના સાધનભૂત આ જગત છે, એમ તેને જણાય છે. આ પ્રકારનું ઈન્દ્રજાળ જેવું સંસારનું સ્વરૂપ વિચારવાથી શ્રાવકને સહવર્તી ભાવો પ્રત્યેનો સંશ્લેષ ઓછો થાય છે અને સંયમને અનુકૂળ જીવવીર્ય કંઈક ઉલ્લસિત થાય છે.

(૩) **विषकल्पा विषयाः** :- શ્રાવક વિચારે કે "અહીં અનાદિના સંસ્કારને કારણે વારંવાર જીવને વિષયોની અભિલાષા થાય છે, અને તેની પ્રાપ્તિ થાય છે ત્યારે પોતાને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થઈ તેવી આસ્થા થાય છે. પરંતુ જેમ વિષ ખાવાથી શરીર વિષથી વ્યાપ્ત થાય છે અને આખું શરીર વિષના પ્રયોગથી તૂટે છે અને અંતે વિષ મૃત્યુનું કારણ બને છે; તેમ આ વિષયોનું ઝેર જેમ જેમ આત્મામાં વ્યાપ્ત થાય છે, તેમ તેમ આત્માની વિહ્વળતા વધતી જાય છે અને વિષયો અંતે જીવનો વિનાશ કરીને દુર્ગતિમાં લઈ જાય છે. માટે આ વિષયો પ્રત્યેની આસ્થા લેશ પણ કરવા જેવી નથી; કેમ કે પરમાર્થથી વિષયો જીવના વિનાશનું કારણ છે." આ રીતે ભાવન કરવાથી વિષયો પ્રત્યેનો જે કંઈ શ્રાવકને થોડો પણ પ્રતિબંધ છે, તે ક્ષીણ ક્ષીણતર થવા માંડે છે અને સંયમને અભિમુખ શક્તિનો સંચય થાય છે.

(૪) **वज्रसारं दुःखम्** :- શ્રાવકને કદાચ પુણ્યના ઉદયથી શારીરિક, આર્થિક કે કૌટુંબિક અનેક અનુકૂળતાઓ પ્રાપ્ત થઈ હોય, તોપણ દીર્ઘદૃષ્ટિથી તે વિચારે કે "આ સંસારમાં દુઃખની પ્રાપ્તિ વગર સદા સુખમય અવસ્થામાં રહેવું શક્ય જ નથી. ગમે તેવા સુખની વચ્ચે પણ મૃત્યુ આવે છે, શરીર જીર્ણ બને છે, ગમે ત્યારે રોગાદિનો ઉદ્ભવ થાય છે, તેથી વજ્ર જેવું દુર્ભેદ્ય આ સંસારમાં દુઃખ છે અર્થાત્ અનિવારણીય દુઃખ છે. માટે મારે જો દુઃખ ન જોઈતું હોય તો સંસારના ઉચ્છેદ માટે યત્ન કરવો જોઈએ." આ પ્રકારનું ચિંતવન કરવાથી 'અનુકૂળતાવાળા પણ ભવ પ્રત્યે વિરક્તભાવ પ્રગટે' તેવો ભાવ શ્રાવકના હૈયામાં પેદા થાય છે.

(૫) **चलाः प्रियसङ्गमाः** :- સામાન્ય રીતે શ્રાવક કલ્યાણનો અર્થી હોય છતાં સંસારથી સર્વથા વિરક્ત પણ નથી અને તેથી પ્રિયના સંગમો તેને વારંવાર આકર્ષણ કરીને સંસારના ભાવો સાથે જોડી રાખે છે. તેથી સંયમના સત્ત્વસંચયમાં જેમ ચૈત્યવંદનાદિ પ્રવૃત્તિઓ સહાયક છે, તેમ પ્રિયના સંગમો શ્રાવકને બાધક પણ થાય છે. તેથી તેના પ્રત્યેનું પોતાનું વલણ ઉપયોગ દ્વારા શિથિલ કરવા માટે શ્રાવક વિચારે છે કે "આ પ્રિયના સંગમો ક્ષણભર જીવને આનંદદાયી લાગે છે, પરંતુ આસ્થા કરવા જેવા નથી; કેમ કે તે સંગમો ચલ છે અર્થાત્ ગમે ત્યારે ચાલ્યા જાય તેવા છે; અને જ્યારે તે જશે ત્યારે મને તે વિહ્વળતા પેદા કરશે. માટે તેની આસ્થાને છોડીને હું સાધનામાં યત્ન કરું, જેથી પ્રિયના સંગમો ચાલ્યા જાય તોપણ મારા ક્લેશનું કારણ બને નહીં." આ પ્રકારનું ચિંતવન કરવાથી શ્રાવકને જે કંઈ પ્રિયના સંગમ પ્રત્યે પ્રતિબંધ છે, તે પણ ભાવનામાર્ગના અવલંબનથી ક્ષીણ ક્ષીણ થાય છે અને સંયમને અભિમુખ શક્તિનો સંચય થાય છે.

(૬) **अस्थिरा संपत्** :- સંપત્તિ અસ્થિર છે. શ્રાવકને જેમ પ્રિયનો સંગમ સંયમ પ્રત્યે જવામાં વિઘ્નભૂત છે, તેમ શ્રમ કરીને ઊભી કરેલી સંપત્તિ પ્રત્યેનો પ્રતિબંધ પણ સંયમ પ્રત્યે જવામાં વિઘ્નભૂત છે; કેમ કે શ્રમથી ઊભી કરેલી સંપત્તિ કંઈક પણ ચિત્તને આહ્લાદ આપે છે, તેથી સંસારના ભાવોથી સર્વથા

પ્રતિબંધ વિનાનું શ્રાવકનું ચિત્ત થતું નથી. આમ છતાં શ્રાવકને વિવેક પણ છે, પદાર્થનું સ્વરૂપ સમ્યક્ જુએ પણ છે, તેથી તેને ઉપયોગ દ્વારા અતિશય કરવા અર્થે શ્રાવક ભાવનામાર્ગનું આલંબન લે છે. અને વિચારે છે કે "આ સંપત્તિ અસ્થિર છે, ક્યારે ચાલી જાય તેનો કોઈ નિયમ નથી, માટે અસ્થિર પદાર્થોની આસ્થાથી સર્યું. વાસ્તવિક રીતે જીવના સમતાદિ ભાવો સ્થિર પદાર્થ છે અને સદા જીવને આનંદ આપે તેવા છે." આ રીતે અસ્થિર સંપદા પ્રત્યે અસ્થિરતાનું ચિંતવન કરીને સ્થિર ભાવોમાંથી આનંદ લેવાને અભિમુખ શક્તિનો સંચય શ્રાવક કરે છે.

(૭) **दारुणः प्रमादः** :- શ્રાવક પોતાની શક્તિ અનુસાર ચૈત્યવંદનાદિ શુભ યોગો સેવે છે, તોપણ પ્રસંગે પ્રસંગે સંસારના વિષયોમાં પણ યત્ન કરે છે; પરંતુ હજી સતત સંયમયોગમાં જ યત્ન ઉત્થિત થાય તેવો યત્ન કરતો નથી. આમ છતાં વિવેકી હોવાના કારણે શ્રાવક જાણે છે કે સંયમયોગમાં કરાયેલો યત્ન જીવ માટે એકાંત હિત છે. તેથી તે પ્રકારના વીર્યસંચય માટે તે ભાવનામાર્ગનું અવલંબન લે છે અને વિચારે છે કે "યોગમાર્ગને છોડીને જે કંઈ સંસારમાં યત્ન કરાય છે, તેનાથી રાગાદિ ભાવો પુષ્ટ બને છે અને રાગાદિ ભાવોને પોષવા તે ખરેખર પ્રમાદ છે. આ પ્રમાદ ક્યારે જીવનો વિનાશ કરીને દુરંત સંસારના પરિભ્રમણનું કારણ બને, તે કહી શકાય નહિ. માટે યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરવામાં જે કંઈ પ્રમાદ થાય છે અને સંસારમાર્ગના સેવનમાં યત્ન કરીને જે કંઈ આ ભવની ક્ષણો પ્રમાદમાં જાય છે, તેનાથી બચવા માટેની શક્તિનો સંચય કરું" - આ રીતે પ્રમાદ દારુણ છે, તેમ ચિંતવન કરીને શ્રાવક શક્તિનો સંચય કરે છે.

(૮) **महादौर्गत्यहेतुः** :- આ પ્રમાદ મહાદૌર્ગત્યનો હેતુ છે; કેમ કે યોગીઓ પણ સંસારને છોડ્યા પછી આ પ્રમાદને વશ થઈને દુરંત સંસારમાં ગયા છે. શાસ્ત્રમાં પણ કહેલું છે કે,

**"जइ चउदसपूव्वधरो वसइ निगोएसुऽणंतयं कालं ।**
**निद्दापमायवसगो ता होहिसि कह तुमं जीव ! ।।"** - સંબોધસિત્તરિ-૭૪

**"ચૌદ પૂર્વને ધારણ કરનારા પણ જો નિદ્રા પ્રમાદને વશ થઈ જાય તો નિગોદમાં અનંતકાળ રહે છે, તો હે જીવ, તારું શું થશે ?"**

માટે જો સાવધાનીપૂર્વક આ પ્રમાદશક્તિનો વિનાશ નહીં કરવામાં આવે તો આ પ્રમાદ મહાદૌર્ગત્યનો હેતુ બને તેમ છે. આમ વિચારી સતત પ્રમાદના અનર્થની ઉપસ્થિતિ કરીને શ્રાવક પ્રસ્તુત ભાવનામાર્ગથી અપ્રમાદભાવ શક્તિનો સંચય કરે છે.

(૯) **दुर्लभं मानुष्यं महाधर्मसाधनम् इति अलं ममान्येन** :- વળી શ્રાવક ભાવના કરે છે : મનુષ્યભવ સર્વવિરતિરૂપ મહાધર્મનું સાધન છે અને આવો મનુષ્યભવ આ સંસારમાં ખરેખર દુર્લભ છે. જીવ અનાદિકાળથી આ સંસારમાં છે, છતાં મહાધર્મનું સાધન બને એવો મનુષ્યભવ પ્રાયઃ ક્યારેય મેળવ્યો નથી. કાંઈક કર્મની લઘુતાથી અત્યારે તેવી સમજણપૂર્વકનો મનુષ્યભવ મળ્યો છે, માટે ક્ષણભર પણ પ્રમાદ કરવો જોઈએ નહીં. વસ્તુતઃ જીવને માટે સંસારમાં અનંતકાળ પસાર કરવા માટે એકેન્દ્રિય અવસ્થા છે. મોટા ભાગના જીવો ત્યાં રહેલા છે અને મારા આત્માએ પણ આત્યાર સુધીમાં વધારે કાળ એકેન્દ્રિયમાં

પસાર કર્યો છે. કર્મની કંઈક લઘુતા થવાથી જીવને ત્રસપણું મળે છે. ત્રસમાં પણ કર્મની કંઈક લઘુતા થવાથી પંચેન્દ્રિયપણું મળે છે અને પંચેન્દ્રિયપણામાં પણ કર્મની કંઈક લઘુતા થવાથી મનુષ્યભવ મળે છે. તેથી અન્ય ગતિની અપેક્ષાએ સામાન્યથી પણ મનુષ્યભવ દુર્લભ છે અને ધર્મસામગ્રીથી પરિપૂર્ણ અને ધર્મની રુચિવાળો મનુષ્યભવ તો અત્યંત દુર્લભ છે, જે કોઈક રીતે વર્તમાનમાં મને મળેલો છે. માટે 'अलम् एभिः' અર્થાત્ "આ વિષયોથી સર્યું" કેવળ ધર્મસાધન માટે ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રકારે ભાવના કરી શ્રાવક વિષયોની વિરક્તિ કેળવી અપ્રમાદભાવમાં વૃદ્ધિ કરે છે.

(૧૦) **करोम्यत्र यत्नम्** :- અત્યાર સુધી બતાવ્યું એ પ્રકારે ભાવના કરીને શ્રાવક વિચારે છે કે "મહાધર્મનું સાધન બને એવો મનુષ્યભવ દુર્લભ છે, માટે વિષયોથી સર્યું અને અહીં=ધર્મને સાધવામાં, હું યત્ન કરું." આ પ્રકારે ભાવના કરવાથી અત્યાર સુધી શ્રાવકઅવસ્થામાં જે કંઈ ધર્મસાધના માટે યત્ન થયો, તેના કરતાં અધિક અધિક યત્ન કરવા માટેના ઉત્સાહનો સંચય થાય છે.

(૧૧)+(૧૨) **न युक्ता(ऽत्रो)पेक्षा, प्रभवति मृत्युः** :- શ્રાવક વિચારે છે કે "ધર્મ સાધવામાં ઉપેક્ષા યુક્ત નથી, કેમ કે મૃત્યુ આવી રહ્યું છે અને જો ધર્મ સાધવાનો રહી જશે અને મૃત્યુ આવી જશે, તો મારો આ મનુષ્યભવ સર્વવિરતિની પ્રાપ્તિ વિનાનો નિષ્ફળ જશે. માટે જેમ બને તેમ શીઘ્ર સર્વવિરતિની શક્તિનો સંચય કરું, મહાધર્મને સાધીને મનુષ્યભવને સફળ કરું."

(૧૩)+(૧૪) **दुर्लभं दर्शनं सद्गुरुयोगश्च** :- શ્રાવક વિચારે છે કે "આ સંસારમાં તત્ત્વનું દર્શન અને સદ્ગુરુનો યોગ અતિ દુર્લભ છે. માટે પ્રાપ્ત થયેલા મનુષ્યભવને તેમાં પ્રવૃત્ત કરવો ઉચિત છે, જેથી જન્માંતરમાં સમ્યગ્દર્શન અને સદ્ગુરુનો યોગ શીઘ્ર પ્રાપ્ત થાય અને આ સંસારનો ઉચ્છેદ થાય. જો આ મનુષ્યભવનો ધર્મ સાધવા માટે ઉપયોગ કરવામાં ન આવે તો ધીરે ધીરે જે તત્ત્વનું દર્શન પ્રાપ્ત થયું છે, તે પણ ક્ષીણ થતું જશે અને ભવાંતરમાં તેની પ્રાપ્તિ પણ દુર્લભ થશે. માટે પ્રાપ્ત થયેલા મનુષ્યભવને તે રીતે હું યોજન કરું જેથી સત્શાસ્ત્રોથી મારી મતિ અત્યંત વાસિત થાય, અને ગુણવાન ગુરુને પરતંત્ર રહીને યોગમાર્ગની સાધના કરું કે જેથી જન્માંતરમાં સમ્યગ્દર્શન અને સદ્ગુરુના યોગની પ્રાપ્તિ મને સુલભ બને."

આ પ્રકારના ભાવનામાર્ગથી પ્રશસ્તભાવયુક્ત અર્થસંતાન પ્રગટ થાય છે અર્થાત્ પોતાના આત્મામાં ચિંતવન કરાયેલા પદાર્થોના અર્થના ભાવો પોતાના આત્મામાં પ્રવાહરૂપે પ્રગટ થાય છે.

**ટીકા :-**

**उक्तं च** -

**ટીકાર્થ :-**

**હવે ગૃહસ્થને યોગ કેમ સંભવે છે ? તેમાં સાક્ષીપાઠ આપતાં 'उक्तं च' થી કહે છે –**

**નોંધ** :- અહીં આપેલ સાક્ષીપાઠના શ્લોકો વસ્તુતઃ અન્યના છે છતાં તે શ્લોકો 'યોગબિંદુ'માં પણ છે તેથી 'યોગબિંદુ'ના શ્લોકોના નંબરો આપેલ છે.

**શ્લોક :-**

"योजनाद् योग इत्युक्तो मोक्षेण मुनिसत्तमैः ।
स निवृत्ताधिकारायां प्रकृतौ लेशतोध्रुवः" ।। योगबिन्दु श्लो. २०१ ।।

**શ્લોકાર્થ :-**

"મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી યોગ," **એ પ્રમાણે મુનિસત્તમો વડે કહેવાયું છે. તે=યોગ, પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયે છતે લેશથી ધ્રુવ છે." ॥ યો. બિં. શ્લો. ૨૦૧ ॥**

પૂર્વ ગાથામાં કહ્યું કે પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયે છતે લેશથી યોગ જીવને હોય છે. તે યોગ કેવા પ્રકારનો હોય છે ? તે બતાવે છે –

**શ્લોક :-**

"वेलावलनवन्नद्यास्तदापूरोपसंहृतेः ।
प्रतिस्रोतोऽनुगत्वेन प्रत्यहं वृद्धिसङ्गतः" ।। योगबिन्दु श्लो. २०२ ।।

**અન્વયાર્થ :-**

**तदापूरोपसंहृतेः તેનાથી=મહાસમુદ્રના ક્ષોભથી, નદીના આપૂરની ઉપસંહતિ હોવાના કારણે= वेलावलनवद्= वेला=જલવૃદ્ધિ તેનું वलन=પ્રતિદિવસ જલવૃદ્ધિની વ્યાવૃત્તિ, તેની જેમ प्रतिस्रोतोनुगत्वेन=નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા પુરુષનું પ્રતિસ્રોતઅનુગપણું હોવાના કારણે=ઈન્દ્રિય અને કષાયને પ્રતિકૂળ પ્રવૃત્તિ હોવાના કારણે, प्रत्यहं=પ્રતિદિવસ वृद्धिसंङ्गतः=વૃદ્ધિસંયુક્ત યોગ છે. ॥ યો. બિં. શ્લો. ૨૦૨ ॥**

**શ્લોકાર્થ :-**

**"તેનાથી આપૂરની ઉપસંહતિ હોવાના કારણે વેલાવલનની જેમ (નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા પુરુષનું) પ્રતિસ્રોતઅનુગપણું હોવાના કારણે પ્રતિદિન વૃદ્ધિસંયુક્ત યોગ છે." ॥ યો. બિં. શ્લો. ૨૦૨ ॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં બતાવ્યું કે પુરુષ ઉપર પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થાય છે ત્યારે લેશથી નક્કી યોગ પ્રગટ થાય છે; અને તે યોગ કેવા પ્રકારનો હોય છે, તે અહીં ગાથામાં દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ મહાસમુદ્રના ક્ષોભથી નદીનું આપૂરણ થાય છે અર્થાત્ નદીમાં પૂર આવે છે અને તે પૂર કૃષ્ણપક્ષમાં પ્રતિદિન ઓટવાળું આવે છે અર્થાત્ પૂર્વ પૂર્વ કરતાં પ્રતિદિન પૂર ઓછું આવે છે; કેમ કે કૃષ્ણપક્ષમાં સમુદ્રનો ક્ષોભ પ્રતિદિન તે પ્રકારે થાય છે કે જેથી ચોક્કસ સમયે જે પૂર આવે છે તે પૂર્વ પૂર્વના દિવસ કરતાં પછી પછીના દિવસે ક્રમસર તેની જલવૃદ્ધિ ઘટતી જાય છે, જેને નદીમાં "પૂરની ઓટ આવી" એમ કહેવામાં આવે છે. તેથી કૃષ્ણપક્ષમાં સમુદ્રના ક્ષોભ પ્રમાણે જેમ પ્રતિદિવસ જલવૃદ્ધિ ઘટે છે, તેમ નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા પુરુષને નદીના પૂરની ઓટની જેમ પ્રતિસ્રોતઅનુગામીપણું હોવાને કારણે

અર્થાત્ નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા થયા પછી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીને ઈન્દ્રિય અને કષાયને પ્રતિકૂળ પ્રવૃત્તિ કરનારા હોવાને કારણે, તેનામાં પ્રગટ થયેલો યોગ પ્રતિદિવસ વૃદ્ધિથી યુક્ત બને છે. જેમ નદીના પૂરના ઉપસંહારને કારણે=ઘટવાને કારણે, જલવૃદ્ધિનું વલણ=ઘટવું, પ્રતિદિવસ વધતું જાય છે, તેમ નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા પુરુષનું પ્રતિસ્રોતઅનુગામીપણું હોવાના કારણે તેનો યોગ પ્રતિદિવસ વધતો જાય છે.

પૂર્વગાથામાં નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા પુરુષને પ્રતિદિવસ યોગ વધે છે, તે દૃષ્ટાંતથી બતાવ્યું; પરંતુ તે યોગ દ્રવ્યથી છે, તે વાત અર્થથી બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

"भिन्नग्रन्थेस्तु यत् प्रायो मोक्षे चित्तं, भवे तनुः ।
तस्य तत् सर्व एवेह योगो योगो हि भावतः" ।। योगबिन्दु श्लो. २०३ ।।

**અન્વયાર્થ :-**

**यत् भिन्नग्रन्थेस्तु=જે કારણથી ભિન્નગ્રંથિને=વિદારીત કરેલ છે અતિ તીવ્ર રાગદ્વેષના પરિણામરૂપ ગ્રંથિને જેણે એવા ભિન્નગ્રંથિને વળી, प्रायः=મોટે ભાગે मोक्षे चित्तं મોક્ષમાં ચિત્ત હોય છે भवे तनुः= ભવના કૃત્યોમાં શરીર હોય છે, तत्=તે કારણથી तस्य=તેનો=સમ્યગ્દૃષ્ટિનો इह=અહીં=યોગના વિચારમાં, सर्व एव योगो=સર્વ જ યોગ=ધર્મ-અર્થ-કામવિષયક વ્યાપાર भावतः=ભાવથી योगो हि=યોગ જ છે. ।। યો. બિં. શ્લો. ૨૦૩ ।।**

**શ્લોકાર્થ :-**

**"જે કારણથી ભિન્નગ્રંથિને, વળી પ્રાયઃ મોક્ષમાં ચિત્ત હોય છે અને ભવના કૃત્યોમાં શરીર હોય છે, તે કારણથી યોગના વિચારમાં સમ્યગ્દૃષ્ટિનો સર્વ જ વ્યાપાર ભાવથી યોગ છે." ।। યો. બિં. શ્લો. ૨૦૩ ।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિને નિર્મળ બોધ હોય છે, તેથી સંસારમાં અર્થ અને કામમાં પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પણ તેને ભગવાનનું વચન પ્રાયઃ કરીને સ્મરણ થાય છે અને તેથી ધર્મને બાધ ન થાય તે રીતે અર્થ-કામમાં પ્રવૃત્તિ કરે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવ દરેક પ્રવૃત્તિમાં ભગવાનના વચનનું સ્મરણ કરે છે અને મોટે ભાગે તેનું ચિત્ત મોક્ષમાં હોય છે; કેમ કે તે મોક્ષનો અર્થી છે. આમ છતાં તે અર્થની વિચારણા કરતો હોય કે કામાદિ સેવન કરતો હોય ત્યારે તેનું ચિત્ત અર્થ-કામમાં પણ પ્રવૃત્ત છે, છતાં મોટે ભાગે તેનું ચિત્ત મોક્ષમાં અને મોક્ષના ઉપાયમાં પ્રવૃત્ત છે, તેથી અર્થાદિની પ્રવૃત્તિ વખતે પણ તેને ભગવાનના વચનનું સ્મરણ થાય છે. આથી આવા સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત પ્રાયઃ મોક્ષને અનુકૂળ પ્રવર્તતું હોવાના કારણે ધર્મ, અર્થ કે કામની પ્રવૃત્તિ કરે છે, તે પણ નિશ્ચયનયથી યોગરૂપ બને છે; કેમ કે ભગવાનના વચનના સ્મરણપૂર્વક જ્યારે તે અર્થાદિમાં યત્ન કરે છે, ત્યારે જો શક્ય દેખાય તો તે અર્થાદિની પ્રવૃત્તિને છોડી પણ દે; છતાં પોતાના ચિત્ત પ્રમાણે તે પ્રવૃત્તિ છોડવી અશક્ય હોય તોપણ પોતાને ધર્મને અનુકૂળ માનસનો વ્યાઘાત ન

થાય તે રીતે યતનાપૂર્વક અર્થ-કામમાં યત્ન કરે છે. તેથી ભગવાનના વચનના નિયંત્રણથી થયેલ અર્થ-કામની પ્રવૃત્તિ પણ કાયાથી થયેલી હોય છે, પરમાર્થથી તો તેનું ચિત્ત ભગવાનના વચનાનુસાર ધર્મમાં પ્રવૃત્તિ કરવા માટે ઉદ્યમવાળું છે; અને ધર્મના ઉદ્યમમાં વ્યાઘાત કરે તેવી અર્થાદિ વિષયક અભિલાષા તેને સતાવતી હોય તો તે યતનાપૂર્વક અર્થાદિની પ્રવૃત્તિ કરીને પણ પોતાના ધર્મના ઉદ્યમને બલિષ્ઠ બનાવે છે. માટે તેની અર્થાદિની પ્રવૃત્તિ પણ ધર્મના ઉદ્યમમાં વ્યાઘાતના નિવારણ માટે હોય છે, તેથી તે સર્વ યોગ છે.

**શ્લોક :-**

**"नार्या यथाऽन्यसक्तायाः तत्र भावे सदा स्थिते ।**
**तद्योगः पापबन्धश्च तथा मोक्षेऽस्य दृश्यताम्" ।। योगबिन्दु श्लो. २०४ ।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે अन्यासक्तायाः नार्याः=અન્ય પુરુષમાં આસક્ત એવી નારીનો तत्र भावे सदा स्थिते=અન્ય પુરુષમાં મનઃપરિણામ સદા સ્થિત હોતે છતે तद्योगः=અનુરાગવાળા પુરુષના વિષયમાં યોગ છે=વ્યાપાર છે. અર્થાત્ સ્વભર્તાનો શુશ્રૂષાદિક પણ વ્યાપાર પરમાર્થથી અનુરાગવાળા પુરુષના વિષયમાં છે, पापबन्धश्च=અને પાપબંધ છે=પરપુરુષપરિભોગજન્ય પાપબંધ છે. तथा=તે પ્રમાણે अस्य=આનો=સમ્યગ્દષ્ટિનો मोक्षे=મોક્ષમાં दृश्यताम्=જાણવો. ।। યો. બિં. શ્લો. ૨૦૪ ।।**

**શ્લોકાર્થ :-**

**"જે પ્રમાણે અન્ય પુરુષમાં આસક્ત એવી નારીનો મનઃપરિણામ સદા અન્ય પુરુષમાં સ્થિત હોતે છતે સ્વભર્તાનો શુશ્રૂષાદિ પણ વ્યાપાર અનુરાગવાળા પુરુષના વિષયમાં છે અને પરપુરુષપરિભોગજન્ય પાપબંધ છે, તે પ્રમાણે સમ્યગ્દષ્ટિનો મોક્ષના વિષયમાં જાણવો." ।। યો. બિં. શ્લો. ૨૦૪ ।।**

**ભાવાર્થ :-**

કોઈક સ્ત્રી અન્ય પુરુષમાં આસક્ત હોય અને તેનું ચિત્ત સદા તેમાં સ્થિત હોય તે વખતે તેવા પ્રકારના સંયોગને કારણે પોતાના પતિની શુશ્રૂષાદિ કરે તોપણ તે વ્યાપાર પરમાર્થથી અનુરાગવાળા પુરુષના વિષયમાં છે અર્થાત્ સ્વપતિની શુશ્રૂષાના સમયમાં પણ તેનું ચિત્ત તો તે અન્ય પુરુષના વિચારમાં લીન છે - આસક્ત છે, તેથી પતિની શુશ્રૂષાદિથી કરાતા વ્યાપારથી પણ પરપુરુષપરિભોગજન્ય પાપબંધ થાય છે. તે રીતે સમ્યગ્દષ્ટિનું ચિત્ત મોક્ષમાં આસક્ત છે; કેમ કે મોક્ષ જ આત્માનું સુંદર સ્વરૂપ છે તેવો તેને બોધ છે. તેથી તેવા સંયોગમાં કુટુંબચિંતાદિ વ્યાપાર કરતો હોય તોપણ ચિત્ત મોક્ષમાં આસક્ત હોવાના કારણે તે નિર્જરાફળને પામે છે. જેમ અન્યમાં આસક્ત એવી સ્ત્રીનો સ્વપતિવિષયક વ્યાપાર પરમાર્થથી અનુરાગવાળા પુરુષવિષયક છે, તેમ સમ્યગ્દષ્ટિનો કુટુંબચિંતાદિ વ્યાપાર પણ પરમાર્થથી મોક્ષવિષયક છે. જેમ તે સ્ત્રીને સ્વપતિની શુશ્રૂષાથી પણ પરપુરુષ પરિભોગજન્ય પાપબંધ થાય છે, તેમ સમ્યગ્દષ્ટિને કુટુંબચિંતાદિ વ્યાપારથી પણ આસક્તિ મોક્ષની હોવાથી નિર્જરા થાય છે.

પૂર્વ ગાથામાં કહ્યું કે અન્ય પુરુષમાં આસક્ત નારીની જેમ સમ્યગ્દષ્ટિનું મોક્ષમાં ચિત્ત હોવાથી સંસારની ક્રિયાથી પણ નિર્જરા થાય છે, તે યુક્તિથી બતાવે છે –

**શ્લોક :-**

**"न चेह ग्रन्थिभेदेन पश्यतो भावमुत्तमम् ।**
**इतरेणाऽऽकुलस्यापि तत्र चित्तं न जायते" ।। योगबिन्दु श्लो. २०५ ।।**

**અન્વયાર્થ :-**

**च=અને इह=અહીં=સંસારમાં इतरेण=પુત્રકલત્રાદિના પ્રતિબંધથી आकुलस्यापि=આકુળ પણ ग्रंथिभेदेन=ગ્રંથિભેદ દ્વારા उत्तमं भावम्=ઉત્તમ ભાવને पश्यतः=જોતા એવા સમ્યગ્દષ્ટિનું चित्तं=અન્તઃકરણ तत्र=ત્યાં=ઉત્તમ ભાવમાં न च न जायते=નથી જતું એમ નહીં=જાય જ છે. ॥ યો. બિં. શ્લો. ૨૦૫ ॥**

**શ્લોકાર્થ :-**

**"અને અહીં ઈતરથી આકુળ પણ ગ્રંથિભેદથી ઉત્તમ ભાવને જોતા એવા સમ્યગ્દષ્ટિનું ચિત્ત ઉત્તમ ભાવમાં નથી જતું એમ નહીં અર્થાત્ જાય જ છે." ॥ યો. બિં. શ્લો. ૨૦૫ ॥**

❖ 'इतरेणाऽऽकुलस्यापि' અહીં 'अपि' થી એ કહેવું છે કે પુત્રકલત્રાદિ પ્રતિબંધરહિત એવા સમ્યગ્દષ્ટિનું ચિત્ત તો મોક્ષમાં રહે છે, પણ પુત્રકલત્રાદિ પ્રતિબંધવાળા સમ્યગ્દષ્ટિનું ચિત્ત પણ મોક્ષમાં રહે છે.

**ભાવાર્થ :-**

મિથ્યાત્વના અંધકારરૂપી ગ્રંથિને ભેદી નાખેલ હોવાથી સમ્યગ્દષ્ટિ જીવને, ભગવાને જે પ્રકારનું મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે, તે પ્રકારનું જ મોક્ષનું સ્વરૂપ છે, તેવી સ્થિરરુચિ હોય છે. તેથી ઉત્તમ ભાવરૂપ મોક્ષને તે બુદ્ધિરૂપી ચક્ષુથી સારરૂપ જુએ છે અને તથાવિધ કર્મને કારણે સ્ત્રી-પુત્રાદિ પ્રત્યે રાગને કારણે તેમના રાગના વિચારોથી ચિત્ત આકુળ હોય તોપણ તેનું ચિત્ત પારમાર્થિક રુચિઅંશથી મોક્ષમાં પ્રતિબંધવાળું છે. તેથી ભોગાદિ કાળમાં પણ તે ઉત્તમ રુચિજન્ય નિર્જરારૂપ ફળને પામે છે. તેને સામે રાખીને પૂર્વની ગાથામાં કહેલ કે સમ્યગ્દષ્ટિનો કુટુંબચિંતાદિ વ્યાપાર પણ નિર્જરાફળવાળો છે.

**શ્લોક :-**

**"सांसिद्धिकमनुष्ठानमत एव सतां मतम् ।**
**भावाढ्यं स्तोकमप्येतत् प्रतिबन्धविशेषतः ।।**
**अस्यापि तत्त्वतः सर्वमेतदेवंविधं यतः ।**
**नित्यकर्मनियोगेन ततो योग इति स्थितम्" ।।**

**इति गाथार्थः ।।३१।।**

**અન્વયાર્થ :-**

अतएव=**આથી જ=ગ્રંથિભેદને કારણે ઉત્તમ ભાવને જોનારા સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત મોક્ષમાં હોય છે આથી જ,** भावाढ्यं स्तोकमपि **ભાવાઢ્ય=ભાવપ્રચૂર, થોડું પણ** एतत् अनुष्ठानम्= **ધર્મઅનુષ્ઠાન** प्रतिबन्धविशेषतः **પ્રતિબંધવિશેષથી** सतां **સંતોને** सांसिद्धिकम् मतम्=**સાંસિદ્ધિક માન્ય છે= સ્વભાવમાં થનારું માન્ય છે.**

अस्यापि=**આને પણ=શ્રાવકને પણ** तत्त्वतः=**તત્ત્વથી=પરમાર્થથી** सर्वमेतद्=**સર્વ આ=ચૈત્યવંદન-યતિવિશ્રામણાદિ,** यतः=**જે કારણથી,** नित्यकर्मनियोगेन=**નિત્યકર્મના નિયોગથી,** एवंविधं=**આવા પ્રકારનું છે=સાંસિદ્ધિક છે,** ततो=**તે કારણથી** योग=**યોગ છે,** इति स्थितम्=**એ પ્રમાણે સ્થિત છે=અવસ્થિત છે.**

**શ્લોકાર્થ :-**

**"આથી જ ભાવપ્રચૂર થોડું પણ ધર્મઅનુષ્ઠાન પ્રતિબંધવિશેષથી સંતોને સાંસિદ્ધિક માન્ય છે. શ્રાવકને પણ પરમાર્થથી સર્વ આ ચૈત્યવંદનાદિ જે કારણથી નિત્યકર્મના નિયોગથી સાંસિદ્ધિક છે, તે કારણથી યોગ છે, એ પ્રમાણે અવસ્થિત છે." એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૧॥**

❖ 'स्तोकमपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે દેશવિરતિધરનું ઘણું ધર્મઅનુષ્ઠાન તો સાંસિદ્ધિક છે જ, પણ થોડું પણ ધર્મઅનુષ્ઠાન સાંસિદ્ધિક છે.

❖ 'अस्यापि' અહીં 'अपि' થી એ કહેવું છે કે સર્વવિરતિવાળાને તો બધો યોગ સાંસિદ્ધિક છે, પણ શ્રાવકને પણ ચૈત્યવંદન-યતિવિશ્રામણા આદિ સાંસિદ્ધિક છે, તેથી યોગ છે.

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગાથાની અવતરણિકામાં શંકા કરી કે 'ગૃહસ્થને યોગનો સંભવ નથી.' તેના સમાધાનરૂપે ગૃહસ્થ એવા દેશવિરતિધરને કેવા પ્રકારની ચૈત્યવંદનાદિ ક્રિયા યોગ છે એ બતાવ્યું. તેમાં સાક્ષી આપતાં માત્ર શ્રાવકનાં જ અનુષ્ઠાનને યોગ કહેનાર કથનની સાક્ષી આપી નથી, પરંતુ અપુનર્બંધકથી માંડીને દેશવિરતિધર સુધીના અનુષ્ઠાનને યોગ કહેનાર કથનની સાક્ષી આપી છે. તેના ઉદ્ધરણના પ્રથમ બે શ્લોક દ્વારા, જેના ઉપર કર્મપ્રકૃતિનો અધિકાર ગયો છે એવા અપુનર્બંધકને દ્રવ્યથી યોગ હોય છે, તેનું ગ્રહણ કરેલ છે; ત્યારપછીના ત્રણ શ્લોકો દ્વારા સમ્યગ્દૃષ્ટિનું ધર્મ, અર્થ અને કામવિષયક સર્વ અનુષ્ઠાન યોગ હોય છે, તે યુક્તિથી અને દૃષ્ટાંતથી બતાવ્યું છે; અને છેલ્લા બે શ્લોક દ્વારા દેશવિરતિધર શ્રાવકને ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન ભાવથી યોગ કઈ અપેક્ષાએ છે, તે બતાવેલ છે; અને તેનો ભાવ એ છે કે જેમ સંસારની પ્રવૃત્તિ કરતો હોય તોપણ સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત મોક્ષમાર્ગ પ્રત્યે અત્યંત રુચિવાળું છે, તેમ દેશવિરતિધર શ્રાવકમાં પણ સમ્યગ્દર્શન તો છે જ, તેથી તેનું પણ ચિત્ત મોક્ષમાં અત્યંત રુચિવાળું છે; અને આવો શ્રાવક મોક્ષના ઉપાયભૂત એવાં ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો કરે, તે સર્વ અનુષ્ઠાનોમાં તેને પ્રતિબંધ વિશેષ હોય છે; કેમ કે **જેને જેના પ્રત્યે અત્યંત પ્રતિબંધ=રાગ, હોય તેને તેના ઉપાયમાં પણ અત્યંત પ્રતિબંધ હોય છે**, અને દેશવિરતિધર શ્રાવકને મોક્ષમાં અત્યંત પ્રતિબંધ હોય છે, તેથી તેના ઉપાયભૂત દેશવિરતિની ક્રિયારૂપ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનમાં પણ અત્યંત પ્રતિબંધ હોય છે. વળી, શ્રાવક તે અનુષ્ઠાન ભાવથી સેવી

શકે તેવી શક્તિના સંચયવાળો પણ છે. તેથી તે અનુષ્ઠાનમાં અત્યંત પ્રતિબંધવાળા સમ્યગ્દૃષ્ટિ કરતાં દેશવિરતિધરને પ્રતિબંધ વિશેષ હોય છે અને આથી અત્યંત સંવેગપૂર્વક તે અનુષ્ઠાન સેવે છે. તેથી દેશવિરતિધરનું સંવેગરૂપ ભાવાઢ્ય=ભાવપ્રચૂર, થોડું પણ ધર્મઅનુષ્ઠાન સાંસિદ્ધિક કહેવાયું છે અર્થાત્ જીવના મૂળ સ્વભાવ તરફ ગમન કરનારું કહેવાયું છે.

આશય એ છે કે મોક્ષઅવસ્થા તે જીવની સ્વભાવભૂત અવસ્થા છે અને તે અવસ્થામાં જીવ નિવિશમાન હોય તે જીવની સ્વભાવભૂત ક્રિયા કહેવાય, અને તે ક્રિયાઓ સાંસિદ્ધિક કહેવાય. દેશવિરતિધર શ્રાવક ચૈત્યવંદનાદિ ક્રિયાઓ કરે છે, ત્યારે તેનું માનસ ભુવનગુરુના અવલંબનથી જીવના સ્વભાવભૂત અવસ્થારૂપ વીતરાગતાદિ ભાવોમાં નિવિશમાન હોય છે. તેથી તેમની ચૈત્યવંદનાદિ ક્રિયાઓને સંતપુરુષોએ સાંસિદ્ધિક સ્વીકારી છે. વળી દેશવિરતિધર શ્રાવકનું ચૈત્યવંદન, યતિવિશ્રામણા, ધર્મશાસ્ત્રનું શ્રવણ કે ભાવનામાર્ગનું સેવન, એ પારમાર્થિક વીતરાગતાદિ ભાવોનું કારણ છે; કેમ કે આ સર્વ ક્રિયાઓ શ્રાવકનું નિત્યકર્મ છે અને શ્રાવક પોતાનો મૂળ સ્વભાવ પ્રગટ કરવા અર્થે નિત્યકર્મનો વ્યાપાર કરે છે, અને શ્રાવકનો નિત્યકર્મનો વ્યાપાર મોક્ષને અનુકૂળ ભાવોથી આઢ્ય છે, તેથી મોક્ષની સાથે આત્માને જોડે તેવા યોગસ્વરૂપ છે, એ પ્રમાણે સ્થિત છે.

અહીં વિશેષ એ છે કે શ્રાવકને કેટલાંક કાર્યો નિત્ય કર્તવ્ય હોય છે, તેને નિત્યકર્મ કહેવાય છે અને કેટલાંક કાર્યો નૈમિત્તિક કર્તવ્ય હોય છે. જેમ કે ચૈત્યવંદન, યતિવિશ્રામણા, ધર્મશ્રવણ અને ભાવનામાર્ગનું સેવન એ શ્રાવકનું નિત્યકર્મ છે અને પ્રસંગે તીર્થયાત્રાએ જવું, સંઘો કાઢવા ઈત્યાદિ નૈમિત્તિક કાર્યો છે.

શ્રાવકને મોક્ષમાં પ્રતિબંધ હોય છે, તેથી મોક્ષના સર્વ ઉપાયો પ્રત્યે શ્રાવકને રાગ છે; છતાં જે મોક્ષના ઉપાયોને પોતે સેવી શકે તેમ છે તે ઉપાયો પ્રત્યે શ્રાવકને પ્રતિબંધ વિશેષ હોય છે; અને તે વિશેષ પ્રતિબંધને કારણે જ્યારે તે અનુષ્ઠાનો સેવે છે, ત્યારે તે અનુષ્ઠાનમાં તીવ્ર સંવેગપૂર્વકનો યત્ન કરે છે; અને સંવેગ મોક્ષની ઈચ્છારૂપ છે અને મોક્ષ અનિચ્છારૂપ છે, તેથી મોક્ષની ઈચ્છા અનિચ્છાની ઈચ્છારૂપ છે. તેથી શ્રાવક નિત્યકર્મ એવા ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોમાં યત્ન કરતો હોય ત્યારે સંસારના ભાવો પ્રત્યેની ઈચ્છાનો ઉચ્છેદ જે રીતે થાય તે રીતે અત્યંત ઉપયોગપૂર્વક યત્ન કરતો હોય છે. તેથી ચૈત્યવંદનકાળમાં વર્તતો તેનો માનસઉપયોગ સાંસારિક ભાવોની ઈચ્છાના ઉચ્છેદ માટે જ જાણે વીતરાગને અવલંબીને વીતરાગના ગુણગાનમાં પ્રવૃત્ત ન હોય તે રીતે પ્રવર્તે છે. તેથી **જેમ જેમ તે ચૈત્યવંદનનું અનુષ્ઠાન કરે છે, તેમ તેમ સાંસારિક ઈચ્છાઓને નિષ્પન્ન કરનાર તૃષ્ણાનું શમન થાય છે અને અનિચ્છાને અનુકૂળ માનસ પ્રગટ થાય છે, જે પ્રકર્ષને પામીને અનિચ્છામાં વિશ્રાંત થનાર છે.** તેથી શ્રાવકના ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન યોગ છે.

અહીં ફક્ત એ વિશેષ છે કે સમ્યગ્દૃષ્ટિનાં ધર્મ, અર્થ અને કામ રુચિઅંશને આશ્રયીને યોગ છે; કેમ કે તેનો રુચિઅંશ મોક્ષ અને મોક્ષના ઉપાયોમાં પ્રવર્તે છે. અર્થ-કામમાં અરુચિ છે, ફક્ત ખણજ પ્રત્યેની અરુચિથી યુક્ત એવી ખણજની ઇચ્છાની જેમ અર્થ-કામમાં ઇચ્છા થાય છે, તેથી અરુચિપૂર્વક સેવાયેલ અર્થ-કામની પ્રવૃત્તિ પણ અર્થ-કામના ઉચ્છેદનું કારણ છે માટે રુચિઅંશથી યોગ છે, પરંતુ પ્રવૃત્તિ અંશથી સમ્યગ્દૃષ્ટિનાં અર્થ અને કામ નિર્જરાનાં કારણ નથી; કેમ કે કંઈક પ્રમાદ પણ ઉત્પન્ન કરે છે અને મોક્ષને

અનુકૂળ પ્રવૃત્તિ નથી, માત્રધર્મ પ્રવૃત્તિઅંશથી પણ નિર્જરાનું કારણ છે. દેશવિરતિધરના પણ ધર્મ-અર્થ અને કામ રુચિઅંશથી નિર્જરાનું કારણ છે, તે અપેક્ષાએ તો યોગ છે જ, પરંતુ પ્રવૃત્તિઅંશથી તો માત્ર ધર્મઅનુષ્ઠાન યોગ છે. તે બતાવવા માટે દેશવિરતિધરના સર્વ અનુષ્ઠાનને યોગ ન કહેતાં નિત્યકર્મ એવા ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનને યોગ કહેલ છે, અને ઉપલક્ષણથી નૈમિત્તિક કર્મ પણ ચૈત્યવંદનની જેમ જ યોગ કહેલ છે. ॥૩૧॥

**અવતરણિકા :-**

अपान्तरालाधिकारोपसंहारमाह -

**અવતરણિકાર્થ :-**

**અપાંતરાલ અધિકારના=સમ્યગ્દૃષ્ટિને અને સર્વવિરતિધરને આપવા યોગ્ય ઉપદેશની વચ્ચેના અધિકારના, ઉપસંહારને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૯માં યોગમાર્ગના અધિકારી બતાવ્યા ત્યાં પ્રથમ યોગમાર્ગનો અધિકારી અપુનર્બંધક છે, તેમ બતાવ્યું. ત્યાર પછી ગાથા-૧૪માં યોગમાર્ગના બીજા અધિકારી સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું અને ગાથા-૧૫માં યોગમાર્ગના ત્રીજા અધિકારી ચારિત્રીનાં લિંગો બતાવ્યાં અને પછી ગાથા-૧૬ની અવતરણિકામાં કહ્યું કે આ યોગમાર્ગનો ત્રીજો અધિકારી દેશચારિત્રી અને સર્વચારિત્રીના ભેદથી બે પ્રકારનો છે. તેથી યોગમાર્ગના ત્રીજા અધિકારી ચારિત્રીનો અપાંતરાલ અધિકારી=વચ્ચેનો અધિકારી, દેશચારિત્રી પ્રાપ્ત થયો, અને તે અધિકારીને સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તેવો ઉપદેશ આપવો જોઈએ, તે વાત ગાથા-૨૯થી શરૂ કરી, તેનું વર્ણન અત્યાર સુધી કર્યું. તેથી ત્રીજા અધિકારીના અપાંતરાલ અધિકારી એવા દેશવિરતિ ચારિત્રીને આપવા યોગ્ય ઉપદેશના ઉપસંહારને કહે છે –

**ગાથા :-**

**एमाइवत्थुविसओ गिहीण उवएस मो मुणेयव्वो ।**
**जइणो उण उवएसो सामायारी जहा सव्वा ।।३२।।**

**અન્વયાર્થ :-**

एमाइवत्थुविसओ=**પૂર્વમાં વર્ણન કર્યું એવા આદિ વસ્તુવિષયક** गिहीण=**ગૃહસ્થને** उवएस=**ઉપદેશ** मुणेयव्वो=**જાણવો.** जइणो उण=**વળી યતિને** जहा सव्वा सामाचारी=**જે પ્રકારે પરિપૂર્ણ સામાચારી થાય** उवएसो=**ઉપદેશ=તે પ્રકારે ઉપદેશ આપવો. ॥૩૨॥**

❖ ગાથામાં मो પાદપૂર્તિ માટે છે. ॥૩૨॥

**ગાથાર્થ :-**

**પૂર્વમાં વર્ણન કર્યું એવા આદિવસ્તુવિષયક ગૃહસ્થને ઉપદેશ જાણવો. વળી યતિને જે પ્રકારે પરિપૂર્ણ સામાચારી થાય તે રીતે ઉપદેશ આપવો. ॥૩૨॥**

**ટીકા :-**

'एवमादिवस्तुविषयः', आदिशब्दात् तत्प्रकृत्यपेक्षया अन्योऽपि व्रतसम्भवादिसूक्ष्मपदार्थालम्बनो गृह्यते 'गृहिणां'=श्रावकाणाम्, उपदेशो मन्तव्यः, उक्तहेतुभ्योऽस्य साफल्योपपत्तेः । अधुना सर्वचारित्रिणमधिकृत्याह- 'यतेः पुनः'=प्रव्रजितस्य पुनः, भावत उपदेशः कः? इत्याह - 'सामाचारी'=शिष्टाचरितक्रियाकलापरूपा भवति 'सर्वा' 'यथा' कर्मक्षयोपशमयोग्यतापेक्षया । इति गाथार्थः ।।३२।।

**ટીકાર્થ :-**

'एवमादिवस्तुविषयः' ..... इति गाथार्थः ।।३२।। एवमादिवस्तुविषयः=**ગાથા-૨૯-૩૦-૩૧માં બતાવ્યું એવા આદિ વસ્તુવિષયવાળો** गृहिणां=**શ્રાવકોને, ઉપદેશ જાણવો; કેમ કે ઉક્ત હેતુ વડે→=પોતે જે શ્રાવકધર્મ પાળે છે તેના કરતાં ઉપદેશના વિષયભૂત ઉપરના શ્રાવકધર્મનું આસન્નપણું છે, પોતે જે શ્રાવકધર્મ પાળે છે, તેની નજીકના શ્રાવકધર્મનું સ્વરૂપ સાંભળવાથી તે શ્રાવકધર્મમાં દૃઢ પક્ષપાત થાય છે. સેવાતા ધર્મની નજીકના ધર્મનો ઉપદેશ સાંભળવાથી શીઘ્ર પરિણમન પામે છે, અને પોતે જે શ્રાવકધર્મ સેવે છે તેની નજીકનો ધર્મ હોવાથી સ્વીકાર્યા પછી સમ્યગ્ પરિપાલન થાય છે એ રૂપ ઉક્ત હેતુ વડે,←આના=ઉપદેશના, સાફલ્યની ઉપપત્તિ છે.** 'आदि' **શબ્દથી તેની=શ્રાવકની, પ્રકૃતિની અપેક્ષાએ અન્ય પણ વ્રતસંભવાદિ વિષયક સૂક્ષ્મ પદાર્થના આલંબનવાળો ઉપદેશ ગ્રહણ કરાય છે.**

**હવે સર્વચારિત્રીને આશ્રયીને કહે છે –**

**યતિને વળી=પ્રવ્રજિતને વળી, ભાવથી કયો ઉપદેશ છે ? એથી કહે છે –**

**કર્મનો ક્ષયોપશમ થવાની યોગ્યતાની અપેક્ષાથી જે પ્રકારે શિષ્ટ આચરિત ક્રિયાકલાપરૂપ સામાચારી, સર્વ થાય=પૂર્ણ થાય=સમ્યગ્બોધ અને સમ્યગ્પ્રવૃત્તિ થઈ શકે તેવી થાય, તેવો ઉપદેશ આપવો જોઈએ. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

ગાથા-૩૦-૩૧માં બતાવ્યું એવી આદિ વસ્તુવિષયક શ્રાવકને ઉપદેશ આપવો જોઈએ, તે કથન દેશચારિત્રીના અધિકારના ઉપસંહારમાં છે.

'एवमादि' માં 'आदि' શબ્દથી અન્ય ઉપદેશનો સંગ્રહ છે અને તે સ્પષ્ટ કરતાં કહે છે કે જે દેશવિરતિ શ્રાવકને ઉપદેશ આપવાનો છે, તેની પ્રકૃતિની અપેક્ષા રાખીને અન્ય પણ જે વ્રતસંભવાદિ હોય તેના વિષયક સૂક્ષ્મ પદાર્થના આલંબનવાળો ઉપદેશ આપવો જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ દેશવિરતિધર શ્રાવક બાર વ્રત પાળતા હોય અને તે વ્રતમાં પણ કંઈક અતિશયતા થાય તેવો સંભવ જણાય તો ઉપદેશકે તેના માટે તે રીતે યત્ન કરવો જોઈએ અને તેવા સૂક્ષ્મ પદાર્થને બતાવનાર ઉપદેશ આપવો જોઈએ કે જેથી તે શ્રાવક પોતાના ગ્રહણ કરાયેલા વ્રતોમાં અધિક સંકોચ કરીને દેશવિરતિના ઊંચા ઊંચા કંડકમાં જઈ શકે અને તે રીતે દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિની આસન્ન-આસન્નતર થાય.

અહીં 'સૂક્ષ્મ પદાર્થ' કહેવાથી એ બતાવવું છે કે ગ્રહણ કરાયેલાં વ્રતો માત્ર સંકોચ કરે તેવો ઉપદેશ આપવો નથી, પરંતુ તીવ્ર સંવેગ પેદા થાય કે જેથી પૂર્વના દેશવિરતિના પાલન કરતાં ઉત્તરના દેશવિરતિના પાલનમાં યત્ન કરે, ત્યારે નિર્લેપ દશા અધિક-અધિક થતી જાય, ઔચિત્યનું પાલન અધિક-અધિક થતું જાય અને અધિક ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિ ઊભી થાય; અને દેશવિરતિના પાલનમાં પણ પૂર્વ કરતાં સૂક્ષ્મ યતનાઓ પ્રગટ થાય તે રીતે અન્ય પણ ઉપદેશ ગીતાર્થ સાધુએ શ્રાવકને આપવો જોઈએ.

વળી 'તેની પ્રકૃતિની અપેક્ષાએ' એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે જે શ્રાવકની ઉપરના કંડકમાં જવા માટેના પરિણામમાં યત્ન કરે તેવી પ્રકૃતિ દેખાય તો તેવી પ્રકૃતિની અપેક્ષા રાખીને તેના માટે ઉપદેશનો યત્ન કરવાનો છે. પરંતુ જે શ્રાવક હજુ સ્વીકારાયેલા સંયમસ્થાનકમાં પણ અભ્યાસદશાવાળા છે, હજુ તેમાં સંપન્ન થયા નથી, તેવા શ્રાવકને ઉપરની ભૂમિકામાં જવા માટેનો ઉપદેશ આપવો ઉચિત નથી; પરંતુ જે વ્રતો તેણે સ્વીકાર્યાં છે, તેનું દૃઢ રીતે પાલન કરીને, તે વ્રતવિષયક ઔચિત્યનું સેવન કરીને સંપન્ન થાય, ત્યાર પછી ઉત્તરની ભૂમિકાનો ઉપદેશ આપવાનો છે, પરંતુ રાભસિક વૃત્તિથી વિચાર્યા વગર અધિક-અધિક વ્રતો ગ્રહણ કરે તેવા પ્રકારનો ઉપદેશ આપવાનો નથી.

'संभवादि'માં 'आदि' પદથી વ્રતની પ્રાપ્તિનો નિર્ણય ગ્રહણ કરવાનો છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે કોઈક ઉપદેશક અતિજ્ઞાની હોય તો નિર્ણય કરી શકે છે કે આ શ્રાવકને આ વ્રત પરિણામ પામી શકશે, માટે તેવા નિર્ણયથી તે શ્રાવકને તે વ્રતવિષયક સૂક્ષ્મ પદાર્થના આલંબનવાળો ઉપદેશ આપે; અને જે ઉપદેશક અતિશય જ્ઞાની નથી તોપણ તે શ્રાવકના વર્તનથી અને તેની જિજ્ઞાસાથી તેની પ્રકૃતિ જાણીને આ વ્રતનો તેને સંભવ છે, તેવું જણાય ત્યારે સંભવિત વ્રતવિષયક સૂક્ષ્મ પદાર્થના આલંબનવાળો ઉપદેશ આપે.

વળી કહ્યું કે 'શ્રાવકને પૂર્વમાં વર્ણન કર્યું એ સર્વ વસ્તુવિષયક ઉપદેશ આપવો જોઈએ' અને તેમાં હેતુ કહ્યો કે 'ઉક્ત હેતુથી આના=ઉપદેશના, સાફલ્યની ઉપપત્તિ છે.' તેનાથી એ કહેવું છે કે જેમ ગાથા-૨૮માં સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિનો ઉપદેશ આપતી વખતે હેતુ કહ્યો કે 'તેનું આસન્નપણું છે, તેમાં દૃઢ પક્ષપાત થાય છે અને તેથી દેશવિરતિ શીઘ્ર પરિણામ પામે છે અને સમ્યક્ પરિપાલન થાય છે.' તે રીતે શ્રાવક જે વ્રતો ગ્રહણ કરે છે, તે વ્રતોમાં અતિશય કરવા અર્થે અને સર્વવિરતિ તરફ લઈ જવા અર્થે ગાથા-૩૦-૩૧માં બતાવ્યું તેવો ઉપદેશ આપવામાં આવે તો, દેશવિરતિ શ્રાવક તે ભૂમિકાને આસન્ન છે, તેથી તે ઉપદેશ સાંભળીને તે ઉપદેશમાં દૃઢ પક્ષપાત થાય છે, તેથી તે ઉપદેશ શીઘ્ર પરિણમન પામે છે અને સમ્યક્ પરિપાલન પણ થાય છે, જેથી ગ્રહણ કરાયેલાં વ્રતોમાં ક્રમસર અતિશયતા થતી જાય છે અને

સર્વવિરતિની નજીક શ્રાવક જાય છે; કેમ કે સાધુના ઉપદેશને કારણે તે શ્રાવક અતિ ઉચિત પ્રવૃત્તિપૂર્વક વ્યાપાર કરતો હોય, અતિ ઉચિત પ્રવૃત્તિપૂર્વક દાન કરતો હોય, અત્યંત વિવેકથી જિનપૂજા કરતો હોય અને અત્યંત ઔચિત્યપૂર્વક ભોજન કરતો હોય, તો તે શ્રાવકની ઉત્તરોત્તર ઉચિત પ્રવૃત્તિ કરવાની વૃત્તિ વધતી જાય છે અને તેમાં પણ વિશેષ પ્રકારના સંવેગપૂર્વક જ્યારે ચૈત્યવંદન, યતિવિશ્રામણા, ધર્મવિષયક શ્રવણ અને ભાવનામાર્ગનું અવલંબન લે છે, ત્યારે દૃઢ પક્ષપાતને કારણે શ્રાવક સંયમના કંડકની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. તેથી ગાથા-૨૮માં કહેલા હેતુઓથી ઉપદેશકના ઉપદેશની સાફલ્યની પ્રાપ્તિ થાય છે.

અથવા તો

"ઉક્ત હેતુથી" ગાથા-૨૮માં બતાવેલા હેતુનું ગ્રહણ ન કરતાં ગાથા-૨૯માં કહેલ હેતુનું ગ્રહણ કરીએ તોપણ પદાર્થ સંગત થાય છે. તે આ રીતે --

દેશચારિત્રી શ્રાવકને તેની ભૂમિકાના અનુક્રમથી પ્રાપ્ત થયેલ ઉત્તર સુયોગસાધક ઉપદેશ આપવામાં આવે અને તે પણ અર્થનીતિથી સર્વવિરતિનું કારણ બને તે રીતે ઉપદેશ આપવામાં આવે અને તે ઉપદેશ પણ નયનિપુણ અને ભાવસાર આપવામાં આવે તો ગૃહસ્થને પ્રાયઃ સંયમના કંડકની વૃદ્ધિ કરાવીને અવશ્ય સર્વવિરતિનું કારણ બને. તેથી ગાથા-૨૯માં બતાવેલ તે રીતે ઉપદેશ આપવાથી ઉપદેશનું સાફલ્ય છે.

અહીં વિશેષ એ છે કે દિવસની સર્વ પ્રવૃત્તિ શ્રાવક અત્યંત ઉચિતરૂપે કરે તે અર્થે, ઉપદેશકે ઉપદેશ ગાથા-૨૯માં બતાવ્યા પ્રમાણે આપવાનો છે, અને તે સર્વ ઉચિત પ્રવૃત્તિ ગાથા-૩૦-૩૧માં બતાવેલ છે. તે પ્રવૃત્તિનો શ્રાવકને સૂક્ષ્મબોધ થાય અને શ્રાવક પોતાની અર્થ ઉપાર્જનની ક્રિયા, ભોગની ક્રિયા અને પૂજાની ક્રિયા અત્યંત ઔચિત્યપૂર્વક કરે તો શ્રાવક માટે સર્વવિરતિની ભૂમિકા નિષ્પન્ન કરવી ક્રમસર સુલભ થતી જાય છે; અને અત્યંત સંવેગપૂર્વક ચૈત્યવંદન, યતિવિશ્રામણા અને ધર્મશાસ્ત્રનું શ્રવણ કરવાથી શ્રાવકનું ચિત્ત પ્રતિદિન સંવેગની વૃદ્ધિને અનુભવે છે, અને ધર્મશ્રવણથી ભગવાનના વચનથી વાસિત અંતઃકરણ થાય છે; અને પછી જ્યારે ભાવનામાર્ગનું અવલંબન લે છે, ત્યારે તો સંસારથી અત્યંત વિમુખભાવવાળો પણ બને છે. માટે ઉપદેશક ગાથા-૨૯, ૩૦, ૩૧માં બતાવ્યું તે રીતે ઉપદેશ આપે તો પ્રાયઃ તેમનો ઉપદેશ શ્રાવકને ક્રમસર સર્વવિરતિનું કારણ બને છે.

અપાંતરાલ ભૂમિકાના શ્રાવકના ઉપદેશના અધિકારનો ઉપસંહાર કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધથી ત્રીજા અધિકારીમાં પણ જે સર્વવિરતિધર છે, તેને કેવો ઉપદેશ આપવો, તે બતાવે છે --

સંયમ ગ્રહણ કરેલ સાધુ સંસારથી અત્યંત વિરક્ત અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સુદૃઢ યત્ન કરનારા હોય છે. તેથી મન-વચન-કાયાને ગુપ્ત રાખીને ગીતાર્થ એવા ગુરુના વચનાનુસાર તેઓ પ્રવૃત્તિ કરે છે અને તેવા સાધુને કેવો ઉપદેશ આપવાથી તેના સંયમના કંડકોની વૃદ્ધિ થાય, તે બતાવવા અર્થે કહે છે -

પ્રવ્રજિત સાધુને તેના કર્મના ક્ષયોપશમજન્ય યોગ્યતાની અપેક્ષાએ તે રીતે ઉપદેશ આપવો જોઈએ કે જેથી શિષ્ટ આચરિત સર્વવિરતિની ક્રિયાકલાપરૂપ સર્વ સામાચારી તેનામાં પ્રગટ થાય અર્થાત્ પૂર્ણ પ્રગટ થાય.

આશય એ છે કે સંયમી સાધુના પણ જ્ઞાનાવરણીય, વીર્યાંતરાય અને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ કેવા છે તેનાથી તેમની યોગ્યતા નક્કી થાય છે અને તે યોગ્યતાની અપેક્ષા રાખીને તેમને કઈ પ્રવૃત્તિમાં યત્ન કરવાથી તેમની સંયમની વૃદ્ધિ થાય તેમ છે તે પ્રમાણે ઉપદેશ આપવાનો છે; અને તે ઉપદેશ પણ તે રીતે આપવાનો છે કે જેથી સર્વવિરતિની સામાચારીનો તેને યથાર્થ બોધ થાય અને બોધ પ્રમાણે જીવનમાં આચરણ કરીને સંયમના કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરે.

અહીં વિશેષ એ છે કે (૧) કેટલાક સાધુ પટુ પ્રજ્ઞાવાળા હોય તો સામાન્ય કથનથી પણ પરમાર્થને ગ્રહણ કરી શકે છે. તેથી તેમના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની અપેક્ષાએ ઉપદેશમાં યત્ન કરવાનો છે.

(૨) કેટલાક સાધુઓને સ્પષ્ટ રીતે પદાર્થ અનેક વખત કહેવામાં આવે ત્યારે પરમાર્થને ગ્રહણ કરી શકે છે. તેથી આવા સાધુ માટે તેમના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની અપેક્ષાએ ઉપદેશમાં યત્ન કરવાનો છે.

(૩) કેટલાક સાધુ પટુ પ્રજ્ઞાવાળા હોવા છતાં ચારિત્રને અનુકૂળ વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ અલ્પ હોય છે અને તેઓનું ચારિત્રમોહનીય કર્મ પણ વિશિષ્ટ પ્રકારનું સોપક્રમ નથી હોતું. તેવા સાધુને સૂક્ષ્મબોધ કરવા માટે થોડું જ કહેવું પડે છે; કેમ કે પટુ પ્રજ્ઞા હોવાથી શીઘ્ર તાત્પર્યને ગ્રહણ કરી શકે છે, તોપણ ચારિત્રમોહનીય કર્મ તેવું સોપક્રમ નહીં હોવાથી વારંવાર તેમના વીર્યને ઉલ્લસિત કરવા માટે ઉપદેશ આપવો પડે છે, જે ઉપદેશના બળથી તેવા જીવો ચારિત્રને અનુકૂળ વીર્યનો સંચય કરી શકે છે અને પુનઃ પુનઃ પ્રેરણાથી ઉપરના કંડકોમાં જઈ શકે છે. તેથી તેવા જીવોને આશ્રયીને પુનઃ પુનઃ તેમને પ્રેરણા મળે તેવો ઉપદેશ આપવો જોઈએ.

(૪) કોઈ પટુ પ્રજ્ઞાવાળા સાધુઓ જેમ પરમાર્થને શીઘ્ર જાણી જાય છે, તેમ એક વખત ઉપદેશથી બોધ કર્યા પછી પુનઃ પુનઃ પ્રેરણા વગર સ્વયં જ તે પ્રકારે યત્ન કરે છે. આથી ગૌતમસ્વામીના ઉપદેશને પામીને ૧૫૦૦ તાપસો પુનઃ પુનઃ ઉપદેશના આલંબન વગર કેવળજ્ઞાનને પામ્યા.

તેથી ચારિત્રીને પણ તેના જ્ઞાનાવરણીય, વીર્યાંતરાય અને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની અપેક્ષાએ તેની યોગ્યતાનો વિચાર કરીને તે પ્રમાણે ઉપદેશ આપવો જોઈએ કે જેથી તે પ્રવ્રજિત સાધુ જ્ઞપરિજ્ઞાથી અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી પૂર્ણ સાધુસામાચારી પ્રાપ્ત કરે. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**एनामधिकृत्याह -**

**અવતરણિકાર્થ :-**

**આને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૩૨માં કહ્યું કે સાધુને સામાચારીનો એ પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ, જે પ્રમાણે

સાધુસામાચારી પૂર્ણ થાય. તેથી હવે સાધુને જે સામાચારીનો ઉપદેશ આપવાનો છે, તેને આશ્રયીને કહે છે -

**ગાથા :-**

गुरुकुलवासो गुरुतंतयाय उचियविणयस्स करणं च ।
वसहीपमज्जणाइसु जत्तो तह कालवेक्खाए ।।३३।।

**અન્વયાર્થ :-**

गुरुतंतयाय=ગુરુપરતંત્રતાથી गुरुकुलवासो=ગુરુકુલવાસ उचियविणयस्स करणं च=અને ઉચિત વિનયનું કરવું तहकालवेक्खाए=તેવા પ્રકારના કાળની અપેક્ષાએ=જે પ્રકારે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રકારના કાળની અપેક્ષાએ वसहीपमज्जणाइसु=વસતિપ્રમાર્જનાદિમાં जत्तो=યત્ન ('जइजणुवएसो'=યતિજનને ઉપદેશ છે, એ પ્રમાણે ગાથા-૩૫ સાથે સંબંધ છે.) ।।૩૩।।

**ગાથાર્થ :-**

**ગુરુપરતંત્રતાથી ગુરુકુલવાસ અને ઉચિત વિનયનું કરવું, તેવા પ્રકારના કાળની અપેક્ષાએ વસતિપ્રમાર્જનાદિમાં યત્ન, યતિજનને ઉપદેશ છે. ।।૩૩।।**

**ટીકા :-**

गुरुकुलवासो मूलगुणो यतेः, "सुयं मे आउसंतेण" (आचाराङ्ग श्रु.१ अ. १ उ. १ सू. १) इति वचनप्रामाण्यात् । कथमयमिष्यते? इत्याह- 'गुरुतन्त्रतया'=गुरुपारतन्त्र्येण आत्मप्रदानसत्यपालनेन । तथा 'उचितविनयस्य'-ज्ञानविनयादेः 'करणं च'=सेवनं च, भगवदाज्ञेति कृत्वा । तथा वसतिप्रमार्जनादिषु क्रियाभेदेषु यत्नः, आदिशब्दाद् उपधिप्रत्युपेक्षणादिग्रहः, तथाकालापेक्षया न तु यदृच्छाप्रवृत्त्या । इति गाथार्थः ।।३३।।

**ટીકાર્થ :-**

गुरुकुलवासो ..... इति गाथार्थः ।।३३।। ગુરુકુલવાસ યતિનો મૂળ ગુણ છે; કેમ કે "ગુરુકુલવાસમાં વસતા એવા મારા વડે સંભળાયું છે" - **એ પ્રમાણે વચનનું પ્રામાણ્ય છે. કેવી રીતે આ=ગુરુકુલવાસ, ઈચ્છાય છે ? એથી કહે છે -**

**ગુરુપરતંત્રતાથી=આત્મપ્રદાનના સત્યપાલનરૂપ ગુરુપારતંત્ર્યથી, ગુરુકુલવાસ ઈચ્છાય છે એમ અન્વય છે, અને ભગવાનની આજ્ઞા છે એથી કરીને ઉચિત વિનયનું=જ્ઞાનવિનયાદિ ઉચિત વિનયનું, કરવું=સેવન કરવું, અને તે પ્રકારના કાળની અપેક્ષાએ=જે પ્રકારે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રકારના કાળની અપેક્ષાએ, પરંતુ યદચ્છા પ્રવૃત્તિથી નહીં=મન ફાવે તેમ નહીં, વસતિપ્રમાર્જનાદિ ક્રિયાભેદોમાં યત્ન, એ યતિજનને ઉપદેશ છે, એમ ગાથા-૩૫ સાથે જોડાણ છે.** 'वसतिप्रमार्जनादिषु' **માં** 'आदि' **શબ્દથી ઉપધિપ્રત્યુપેક્ષણાદિનું ગ્રહણ કરવું. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩૩।।**

❖ 'उपधिप्रत्युपेक्षणादि' અહીં 'आदि' થી પાત્રપ્રત્યુપેક્ષણાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે સાધુને તે પ્રકારે ઉપદેશ આપવો જોઈએ કે જેથી સામાચારી પૂર્ણ થાય. તેથી હવે સાધુસામાચારીની પૂર્ણ નિષ્પત્તિ કરવા માટે સાધુને જે પ્રકારનો ઉપદેશ આપવામાં આવે છે, તે ગાથા-૩૩ થી ૩૫ સુધી બતાવેલ છે.

## -: યતિને અપાતો ઉપદેશ :-

(૧) **गुरुकुलवासो गुरुतंतयाय** :- સાધુને પ્રથમ ઉપદેશ આપતાં કહે છે કે ગુરુપરતંત્રતાથી ગુરુકુલવાસ કરવો જોઈએ.

સાધુના સંયમજીવનમાં પાંચ મહાવ્રતો મૂળગુણરૂપ છે અને સંયમની પોષક એવી સર્વ ઉચિત આચરણાઓ ઉત્તરગુણરૂપ છે; તેમ સંયમ ગ્રહણ કર્યા પછી ગુણવાનને પરતંત્ર રહેવું, તે સાધુનો મૂળ આચાર છે. તેથી એમ કહ્યું કે આત્મપ્રદાનના સત્ય પાલનરૂપ ગુરુપારતંત્ર્યથી ગુરુકુલવાસ એ સાધુનો મૂળ ગુણ છે.

તેથી એ ફલિત થાય કે શાસ્ત્રતત્ત્વને કહેનારા અને એકાંતે હિતમાર્ગમાં જોડનારા એવા ગુણવાન ગુરુને દીક્ષા લેતી વખતે જે સાધુઓ આત્મપ્રદાન કરે છે, છતાં પણ તેમના વચન અનુસારે મન-વચન-કાયાના યોગોને સુદૃઢ પ્રવર્તાવતા નથી, તેઓ તેમણે ગુણવાનને જે આત્મપ્રદાન કર્યું છે તેનું સત્ય પાલન કરતા નથી; પરંતુ જે સાધુ દીક્ષા લેતી વખતે "इच्छामो अणुसट्ठिं"="હું અનુશાસનને ઈચ્છું છું" એમ કહીને આત્મપ્રદાન કરે છે, અને ત્યાર પછી તેમના અનુશાસન નીચે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, અને સ્વમતિ પ્રમાણે વચન અને કાયાની પ્રવૃત્તિ તો કરતા નથી પરંતુ મનની પણ પ્રવૃત્તિ કરતા નથી, તેઓએ જે આત્મપ્રદાન કર્યું છે તેનું સત્ય પાલન કરનારા છે; અને ગુણવાન ગુરુ પણ ભગવાનના વચનાનુસાર તેમના મન-વચન-કાયાના યોગોને નિર્જરામાં જોડે તો સાચું અનુશાસન આપનારા છે; અને આવા ગુણવાન ગુરુને પરતંત્ર થઈને સાધુએ સંયમયોગમાં યત્ન કરવો જોઈએ, તે સાધુનો મૂળ આચાર છે. તે બતાવવા માટે આચારને કહેનાર આચારાંગ સૂત્રની આદિમાં બતાવ્યું કે - "सुअं मे आउस्सतेणं भगवया एवमक्खायं"="श्रुतं मयाऽऽवसता, भगवतैवमाख्यातम्"= "ગુરુકુળમાં વસતા એવા મારાથી ભગવાન વડે આ પ્રમાણે કહેવાયેલું સંભળાયું છે." તેથી એ નક્કી થાય કે ભગવાનની સર્વ આજ્ઞામાં ગુરુકુળવાસ એ પ્રકૃષ્ટ આજ્ઞા છે, માટે ગુરુકુળવાસ સાધુનો મૂળ ગુણ છે. આથી જ પ્રથમ ઉપદેશ ગુરુકુળવાસનો આપ્યો.

ગુણવાન ગુરુને પૂર્ણ પરતંત્ર થઈને સંયમજીવનમાં યત્ન કરવો જોઈએ, તો સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ યોગનું કારણ બને. તે સિવાય સંયમના આચારો સેવાતા હોય તોપણ મોક્ષનું કારણ બને નહીં. તે બતાવવા માટે ગુણવાનનું પારતંત્ર્ય એ મૂળ ગુણ છે, તેમ કહેલ છે.

(૨) **उचियविणयस्स करणं** :- સાધુઓ ગુણવાનને પરતંત્ર રહી તેમના વચનાનુસાર સર્વ પ્રવૃત્તિ કરે છે, તોપણ જેનાથી સંયમની વૃદ્ધિ થાય તેવી વિશેષ પ્રવૃત્તિ જ્યાં કરવાની છે, તેનો બીજો ઉપદેશ આપતાં

કહે છે કે જ્ઞાનવિનયાદિરૂપ ઉચિત વિનયનું સેવન કરવું જોઈએ અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય તે પ્રકારના વિનયનું સેવન સાધુએ કરવું જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે શક્તિના પ્રકર્ષથી સાધુએ શ્રુતઅભ્યાસ માટે શ્રુતવાન મહાત્માઓ પ્રત્યે ભક્તિ આદિમાં યત્ન કરવો જોઈએ. અહીં જ્ઞાનવિનયાદિમાં 'આદિ' પદથી દર્શનવિનય અને ચારિત્રવિનયનું ગ્રહણ કરવાનું છે. તેથી દર્શનશુદ્ધિમાં સાધુએ યત્ન કરવો જોઈએ અને તદર્થે દર્શનશાસ્ત્ર આદિ અધ્યયનની ઉચિત ક્રિયાઓમાં યત્ન કરવો જોઈએ, અને ચારિત્રવિનયમાં ચારિત્રીની વૈયાવચ્ચ આદિમાં યત્ન કરીને સંયમની વૃદ્ધિમાં યત્ન કરવો જોઈએ.

(३) **वसइपमज्जणाइसु जत्तो तहकालवेक्खाए** :- આ રીતે ઉચિત વિનય બતાવ્યા પછી બાહ્ય ઉચિત આચરણાનો ત્રીજો ઉપદેશ આપતાં કહે છે કે સાધુએ તે પ્રકારના કાળની અપેક્ષાએ વસતિપ્રમાર્જનાદિ સાધ્વાચારના સર્વ ક્રિયાકલાપમાં યત્ન કરવો જોઈએ.

સાધુએ ઉચિત કાળે સર્વ ઉચિત ક્રિયાઓ કરવી જોઈએ, પણ યદચ્છાથી કરવી જોઈએ નહીં. ॥૩૩॥

**અવતરણિકા :-**

**तथा -**

**અવતરણિકાર્થ :-**

**તથા=અને=સાધુને આપવાના અન્ય ઉપદેશનો સમુચ્ચય કરવા 'तथा' કહેલ છે.**

**ગાથા :-**

**अणिगूहणा बलम्मी सव्वत्थ पवत्तणं पसंतीए ।**
**णियलाभचिंतणं सइ अणुग्गहो मे त्ति गुरुवयणे ।।३४।।**

**અન્વયાર્થ :-**

**बलम्मी=બળમાં=શારીરિક બળમાં अणिगूहणा=અગોપન, सव्वत्थ=સર્વત્ર=સર્વ ક્રિયાઓમાં पसंतीए पवत्तणं=પ્રશાંતભાવથી પ્રવર્તન, गुरुवयणे=ગુરુવચનમાં=ગુરુની આજ્ઞામાં अणुग्गहो मे त्ति='મારા ઉપર અનુગ્રહ છે', એ પ્રમાણે सइ=સદા णियलाभचिंतणं=નિજલાભનું ચિંતન, 'जइजणुवएसो'=યતિજનને ઉપદેશ છે, એ પ્રમાણે ગાથા-૩૫ સાથે સંબંધ છે. ॥૩૪॥**

**ગાથાર્થ :-**

**શારીરિક બળમાં અનિગૂહન, સર્વ ક્રિયાઓમાં પ્રશાંતભાવથી પ્રવર્તન, ગુરુની આજ્ઞામાં 'મારા ઉપર અનુગ્રહ છે' એ પ્રમાણે સદા પોતાના લાભનું ચિંતન, યતિજનને ઉપદેશ છે. ॥૩૪॥**

**ટીકા :-**

'अनिगूहना'=अप्रच्छादना, 'बले'=शारीरे औचित्यप्रयोगेण, एतद्धि यदन्यथागतं गतमेव निष्फलमित्येतदालोच्य । तथा 'सर्वत्र'=श्रमणयोगे उपधिप्रत्युपेक्षणादौ, 'प्रवर्तनं' 'प्रशान्त्या,' क्षान्त्यादिमन्थरमित्यर्थः। 'निजलाभचिन्तनं' 'सदा' निर्जराफलमङ्गीकृत्य 'गुरुवचने'=गुर्वाज्ञायामिति सम्बन्धः। कथम्? इत्याह - 'अनुग्रहो ममेति' - यदयमित्थमाह, 'इति' एवम्, दुर्लभाः खलु चित्ररोगाभिभूतानां सदुपदेशदातारः सुवैद्या इत्याद्युदाहरणैः । इति गाथार्थः।।३४।।

**ટીકાર્થ :-**

**एतद्धि=આ જ=શરીર બળ જ, यदन्यथागतं=જે અન્યથા ગયેલું=ઔચિત્યપ્રયોગથી અન્યથા વપરાયેલું, गतमेव निष्फलम्=નિષ્ફળ જ ગયું, इति=એ પ્રમાણે, एतद्=આનું=શરીરબળનું, आलोच्य=આલોચન કરીને, औचित्यप्रयोगेण=ઔચિત્યપ્રયોગથી, शारीरे बले=શારીરિક બળમાં, अनिगूहना=અપ્રચ્છાદના, અને सर्वत्र=ઉપધિપ્રત્યુપેક્ષણાદિ શ્રમણયોગમાં, प्रशान्त्या प्रवर्तनं=પ્રશાંતભાવથી પ્રવર્તન=ક્ષાન્ત્યાદિ મન્થર પ્રવર્તન, ગુરુવચનમાં=ગુરુઆજ્ઞામાં નિર્જરાફળને આશ્રયીને સદા નિજલાભચિંતન=પોતાના લાભનું ચિંતન, કેવી રીતે નિજલાભનું ચિંતન ? એથી કહે છે - 'મારા ઉપર અનુગ્રહ છે,' જે કારણથી આ= ગુરુ, इत्थम्=આ પ્રમાણે=મને નિર્જરા પ્રાપ્ત થાય એ પ્રમાણે आह=કહે છે. इति=એ રીતે, નિજલાભચિંતન કરે, એમ અન્વય છે.**

તે વાતને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે – .

**"ચિત્રરોગથી અભિભૂત જીવોને સદુપદેશ દેનારા સુવૈદ્યો દુર્લભ છે," ઈત્યાદિ ઉદાહરણો વડે નિજલાભચિંતન કરે.**

**ગાથામાં 'णियलाभचिंतणं सइ' પછી गुरुवयणे શબ્દ નથી, તેથી 'णियलाभचिंतणं' નો गुरुवयणे સાથે સંબંધ છે, તે બતાવવા માટે गुरुवयणे નો અર્થ गुरुआज्ञायाम्='ગુરુની આજ્ઞામાં' કહીને એ પ્રમાણે સંબંધ છે, તેમ કહેલ છે.**

**મૂળ ગાથામાં 'त्ति' નો ટીકામાં 'एवम्' અર્થ કરેલ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૪॥**

**ભાવાર્થ :-**

ગાથા-૩૩માં યતિજનને ત્રણ ઉપદેશ બતાવ્યા હતા. હવે આ ગાથામાં અન્ય ત્રણ ઉપદેશનો સંગ્રહ કરે છે, જે આ પ્રમાણે છે –

(૪) **अणिगूहणा बलम्मी** :- સાધુને ચોથો ઉપદેશ આપતાં કહે છે કે 'સાધુઓએ ઔચિત્યપ્રયોગથી શરીરબળમાં યત્ન કરવો જોઈએ,' અર્થાત્ ઉચિત પ્રવૃત્તિમાં શરીરબળને ગોપવવું જોઈએ નહીં.

'સાધુઓનું શરીરબળ ઔચિત્યપ્રયોગ સિવાય અન્યથા વપરાયેલું નિષ્ફળ છે' એ પ્રમાણે આલોચન

કરીને પૂર્ણ શક્તિથી શરીરબળને તપ અને સંયમમાં પ્રવર્તાવવું જોઈએ. ઉપદેશરહસ્ય ગાથા-૨ની ટીકામાં જણાવ્યું કે धर्मे=तपश्चरणाद्यनुष्ठाने, प्रवर्तितव्यं=यथाशक्त्युद्यमो विधेयः । અહીં તપ અને ચરણમાં ચરણ શબ્દથી સંયમ ગ્રહણ કરવાનું છે, અને સંયમ શબ્દથી અત્યંત યતનાપૂર્વક શરીરને પ્રવર્તાવવાની ક્રિયા ગ્રહણ કરવાની છે, અને તપ શબ્દથી અભ્યંતર તપરૂપ સ્વાધ્યાય અને બાહ્યતપરૂપ ઉપવાસાદિ બાહ્ય તપ ગ્રહણ કરવાનું છે અને આદિથી સાધુના અન્ય ઉચિત અનુષ્ઠાનો ગ્રહણ કરવાનાં છે.

(૫) **सव्वत्थ पवत्तणं पसंतीए** :- સાધુને પાંચમો ઉપદેશ આપતાં કહે છે કે સર્વ ક્રિયાઓમાં સાધુએ પ્રશાંતભાવથી પ્રવર્તન કરવું જોઈએ.

સાધુઓએ સાધ્વાચારની ઉપધિપ્રત્યુપેક્ષણાદિ સર્વ ક્રિયાઓમાં પ્રશાંત ચિત્તથી પ્રવૃત્તિ કરવી જોઈએ અર્થાત્ ક્ષમાદિભાવોની વૃદ્ધિ થાય તે રીતે અત્વરાપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ.

આશય એ છે કે સમભાવની વૃદ્ધિ થાય તેવા ઉપયોગપૂર્વક પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ કરવામાં આવે તો સંયમના કંડકોની વૃદ્ધિ થાય, અને સમભાવની વૃદ્ધિ "સર્વ જીવો મારા તુલ્ય છે, માટે કોઈની પીડામાં હું નિમિત્ત ન થાઉં" તેવા પ્રકારના અધ્યવસાયપૂર્વક પડિલેહણાદિમાં અત્યંત ઉપયુક્ત થઈને યત્ન કરવામાં આવે તો થાય છે; પરંતુ તેના બદલે હું સાધુ છું, માટે મારે અત્યારે પડિલેહણ કરવાનું છે, એટલી જ બુદ્ધિથી યથાતથા પડિલેહણ કરે, કે બાહ્ય ક્રિયામાં સમ્યગ્ યતનાપૂર્વક પણ પ્રયત્ન કરે છતાં જો સમભાવની વૃદ્ધિ થાય તેવો યત્ન ન હોય તો ક્ષાન્ત્યાદિને અનુકૂળ એવું મન્થર પ્રવર્તન નથી. તેથી કહ્યું કે ઉપધિપ્રત્યુપેક્ષણાદિમાં ક્ષાન્ત્યાદિ મન્થર પ્રવર્તન કરવું જોઈએ અર્થાત્ ક્ષમાદિભાવોની વૃદ્ધિ થાય તેમ શાંતિથી પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૬) **गुरुवयणे अणुग्गहो मे त्ति सइ णियलाभचिंतणं** :- સાધુને છઠ્ઠો ઉપદેશ આપતાં કહે છે કે ગુરુની આજ્ઞામાં "મારા ઉપર અનુગ્રહ થયો" એ પ્રમાણે સદા પોતાના લાભનું ચિંતન કરે.

આશય એ છે કે ગુરુ કોઈપણ કાર્ય કરવાની શિષ્યને આજ્ઞા કરે, ત્યારે શિષ્યને થાય કે આ કાર્ય અવશ્ય મારી નિર્જરાફળવાળું છે; કેમ કે નિર્જરાને અનુકૂળ કૃત્યમાં ગુરુની આજ્ઞા હોઈ શકે, અન્યમાં નહીં. તેથી જ્યારે જ્યારે ગુરુ કોઈ પણ કૃત્યની આજ્ઞા કરે ત્યારે ત્યારે સદા "આ મને લાભ થયો" તે પ્રકારે વિચારવું જોઈએ. પરંતુ "ગુરુ કહે છે માટે કરવાનું છે," તેવી બુદ્ધિથી કોઈ કાર્ય કરવામાં આવે તો સંયમસ્થાનની વૃદ્ધિ અને નિર્જરાફળની પ્રાપ્તિ થાય નહીં; અને ગુરુ કોઈ કાર્ય બતાવે ત્યારે વિચારવું જોઈએ કે "મારા ઉપર ગુરુનો અનુગ્રહ છે કે જે કારણથી મારા હિતના અર્થે આ પ્રમાણે આજ્ઞા કરે છે."

વળી વિચારવું જોઈએ કે "ચિત્રરોગથી અભિભૂત એવા જીવોને સદુપદેશ દેનારા એવા સુવૈદ્યો દુર્લભ હોય છે," અને "આ ગુરુ મારા રોગને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ આપીને મારા ઉપર પરમ અનુગ્રહ કરે છે. અને સુગુરુ હંમેશાં રોગને અનુરૂપ ઔષધતુલ્ય ઉચિત પ્રવૃત્તિ બતાવે છે, જેથી અવશ્ય તે પ્રવૃત્તિથી મારું ભાઆરોગ્ય વૃદ્ધિ પામશે." આ પ્રકારનું ચિંતન કરવાથી ગુરુએ જે કૃત્ય, જે વિધિથી, જે કાળે, જે રીતે કરવાનું કહ્યું છે, તે કૃત્ય, તે કાળે, તે વિધિથી, કરવાનો ઉત્સાહ થાય છે અને તે રીતે યત્ન કરવાથી અવશ્ય સમભાવની વૃદ્ધિ થાય છે. **॥૩૪॥**

**અવતરણિકા :-**

तथा -

**અવતરણિકાર્થ :-**

**તથા=અને=સાધુને આપવાના અન્ય ઉપદેશનો સમુચ્ચય કરવા તથા કહેલ છે.**

**ગાથા :-**

**संवरणिच्छिड्डत्तं सुद्धुंछुज्जीवणं सुपरिसुद्धं ।**
**विहिसज्झाओ मरणादवेक्खणं जइजणुवएसो ।।३५।।**

**અન્વયાર્થ :-**

**संवरणिच्छिड्डत्तं=સંવરનિશ્છિદ્રપણું, सुपरिशुद्धं सुद्धुंछुज्जीवणं=સુપરિશુદ્ધ શુદ્ધઉઞ્છજીવન, विहिसज्झाओ= વિધિથી સ્વાધ્યાય, मरणादवेक्खणं=મરણાદિ અપેક્ષણ जइजणुवएसो=યતિજનને ઉપદેશ છે. ।।૩૫।।**

**ગાથાર્થ :-**

**સંવરનિશ્છિદ્રપણું, સુપરિશુદ્ધ શુદ્ધ ઉઞ્છજીવન, વિધિથી સ્વાધ્યાય, મરણાદિ અપેક્ષણ : યતિજનને ઉપદેશ છે. ।।૩૫।।**

**ટીકા :-**

'संवरनिश्छिद्रत्वं'=आश्रवनिश्छिद्रत्वं यतेरुपदेशः। संवरच्छिद्रं हि गिरिशिखरात् पातालतलपातः। तथा 'शुद्धोञ्छजीवनं' आधाकर्मादित्यागेन 'सुपरिशुद्धं', कल्पनीत्यनुसारतः। तथा 'विधिस्वाध्यायः'=विधिना-वन्दनादिलक्षणेन वाचनाद्यनुष्ठानम्। तथा 'मरणाद्यपेक्षणं'=मरणप्रमादजकर्मफलाद्यपेक्षणं 'यतिजनोपदेशः'- इत्ययमेवम्भूतो यतिजनस्योपदेशः। इति गाथार्थः ।।३५।।

**ટીકાર્થ :-**

**संवरनिश्छिद्रत्व=સંવરમાં નિશ્છિદ્રપણું=સંવરમાં આશ્રવનું નિશ્છિદ્રપણું, યતિને ઉપદેશ છે. ખરેખર સંવરછિદ્ર ગિરિશિખરથી=પર્વતના શિખરથી, પાતાલતલપાત છે, અને કલ્પનીતિ અનુસારથી આધાકર્માદિના ત્યાગ દ્વારા સુપરિશુદ્ધ શુદ્ધ ઉઞ્છજીવન=નિર્દોષ વીણવાની ક્રિયા=નિર્દોષ ભિક્ષાની ક્રિયા અને વિધિસ્વાધ્યાય=વંદનાદિ સ્વરૂપ વિધિથી વાચનાદિ અનુષ્ઠાન, અને મરણાદિનું અપેક્ષણ= મરણરૂપ પ્રમાદથી ઉત્પન્ન થયેલી ક્રિયાના ફલાદિની વિચારણા કરવી, એ યતિજનને ઉપદેશ છે.**

ગાથા-૩૩થી અત્યાર સુધી જે ઉપદેશ છે, તેનો जइजणुवएसो સાથે સંબંધ છે, તેને સ્પષ્ટ કરે છે -

**इति=આ પ્રમાણે=ગાથા-૩૩-૩૪-૩૫માં બતાવ્યું, એ પ્રમાણે, આ एवंभूतः=આવા**

**સ્વરૂપવાળો=પૂર્વમાં વર્ણન કર્યું એવા સ્વરૂપવાળો, યતિજનનો ઉપદેશ છે=યતિજનને આપવાનો ઉપદેશ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૫॥**

❖ 'आधाकर्मादि' અહીં 'आदि' થી ઔદ્દેશિક આદિ દોષોનું ગ્રહણ કરવું.

❖ 'वन्दनादि' અહીં 'आदि' થી સ્થાપનાચાર્યની નિષદ્યા સ્થાપન કરે, ગુરુઆસનની સ્થાપના કરે ઈત્યાદિ વિધિનું ગ્રહણ કરવું.

❖ 'कर्मफलादि' અહીં 'आदि' થી યોગમાર્ગનો ધ્વંસ, ભવપરંપરા, મોક્ષની દૂરવર્તિતા ઈત્યાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગાથા-૩૩માં અને ગાથા-૩૪માં ત્રણ-ત્રણ ઉપદેશ આપ્યા. હવે યતિજનને આપવાના તે સિવાયના ચાર ઉપદેશનો સંગ્રહ આ ગાથામાં છે, જે નીચે પ્રમાણે છે –

(૭) **संवरणिच्छिद्दत्तं** :- સંવરનિશ્છિદ્રત્વ=સંવરમાં આશ્રવનું નિશ્છિદ્રપણું.

સાધુને સાતમો ઉપદેશ આપતાં કહે છે કે સંવરમાં આશ્રવરૂપ છિદ્રને નિશ્છિદ્ર કરવું જોઈએ.

આશય એ છે કે સાધુએ સંયમ લીધા પછી ગુપ્તિમાં રહેવાનું છે અને ગુપ્તિમાં રહેલા સાધુ સંવરભાવવાળા હોય છે. સંવરભાવમાં વર્તતા સાધુને પણ ક્યારેક અનાભોગ-સહસાત્કારથી છિદ્ર પડી જાય તો તરત જ છિદ્રને દૂર કરવું જોઈએ.

સંસારમાંથી તરવા માટે સંવરભાવ નાવસ્થાનીય=નૌકાસ્થાનીય છે. જેમ નાવમાં છિદ્ર પડવાથી નાવ ડૂબી જાય છે, તેમ સંવરભાવમાં જો છિદ્ર પડે તો સાધુ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે. માટે સૌ પ્રથમ તો સંવરભાવમાં છિદ્ર ન પડે તેવો યત્ન કરવો જોઈએ. છતાં અનાદિભવઅભ્યસ્ત પ્રમાદથી કંઈક છિદ્ર પડી જાય તો પણ પ્રતિપક્ષભાવન દ્વારા તેની શુદ્ધિ કરી સંવરભાવને છિદ્રરહિત કરવો જોઈએ અર્થાત્ આશ્રવરૂપ છિદ્રને બંધ કરવું જોઈએ.

સંવરમાં છિદ્ર પડવાથી શું ફળ પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

સંવરમાં છિદ્ર ગિરિશિખરથી પાતાલતલમાં પાત છે અર્થાત્ સાધુ જ્યારે સંયમ ગ્રહણ કરે છે, ત્યારે સંવરભાવવાળા થઈને યોગમાર્ગરૂપ પર્વતના શિખર પર ચડ્યા છે, અને તેમાં છિદ્ર પડે તો પાતાલતલમાં પાત થાય અર્થાત્ યોગમાર્ગની બહાર ફેંકાઈ જાય. માટે સાધુએ અત્યંત અપ્રમાદપૂર્વક સંવરમાં પડેલા છિદ્રને બંધ કરવું જોઈએ.

(૮) **सुपरिशुद्धं शुद्धुंछुज्जीवणं** :- સાધુને આઠમો ઉપદેશ આપતાં કહે છે કે સાધુએ સુપરિશુદ્ધ ઉઞ્છજીવન જીવવું જોઈએ.

કલ્પનીતિશાસ્ત્રમાં સાધુને ગોચરીના આધાકર્માદિ ૪૨ દોષો અને પાંચ માંડલીના દોષો=૪૭ દોષો બતાવેલા છે. તે સર્વ દોષોના ત્યાગપૂર્વક સુપરિશુદ્ધ એવું, શુદ્ધ ઉઞ્છ=શુદ્ધ ભિક્ષાને વીણવાની ક્રિયા,

તેનાથી જીવવું, તે સુપરિશુદ્ધ ઉઞ્છજીવન છે. આ રીતે સાધુ આહાર વાપરે તો વાપરવા છતાં લેશ પણ કર્મબંધના પરિણામને પ્રાપ્ત કરતા નથી.

અહીં શુદ્ધ ઉઞ્છજીવન અર્થાત્ સાધુને જે ભિક્ષાચર્યાની ક્રિયા છે, તે ઉઞ્છ ક્રિયા છે=વીણવાની ક્રિયા છે અર્થાત્ જે રીતે દોષ ન લાગે તે રીતે શુદ્ધ આહારને ગૃહસ્થને પીડા ન થાય તેમ અલ્પ પ્રમાણમાં ઘરે ઘરેથી ગ્રહણ કરીને જીવવું તે શુદ્ધ ઉઞ્છજીવન છે.

(૯) **विहिसज्झाओ** :- સાધુને નવમો ઉપદેશ આપતાં કહે છે કે સાધુએ વિધિપૂર્વક વાચનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં યત્ન કરવો જોઈએ.

સંયમ ગ્રહણ કર્યા પછી સાધુ સંવરભાવમાં વર્તતા હોય, નિર્દોષ ભિક્ષાદિ ગ્રહણ કરતા હોય, તેથી કર્મબંધના કારણીભૂત આશ્રવ પ્રવર્તતો નથી; તોપણ મોક્ષને અનુકૂળ ઉત્તમ ભાવોની નિષ્પત્તિ તો નવું નવું અધ્યયન કરી આત્માને નિષ્પન્ન કરવાથી થાય છે, અને આત્માને નિષ્પન્ન કરવા અર્થે ભગવાને વંદનાદિ લક્ષણ વિધિપૂર્વક વાચનાદિ અનુષ્ઠાનમાં યત્ન કરવાનો ઉપદેશ આપેલ છે.

(૧૦) **मरणादवेक्खणं** :- સાધુને દશમો ઉપદેશ મરણાદિનું અપેક્ષણ છે.

પ્રમાદથી પેદા થયેલી ક્રિયાનું ફળ સંયમભાવનો નાશ છે, જે સાધુનું ભાવમરણ છે, અને તે ભાવમરણાદિ અપેક્ષા રાખીને સાધુએ જીવવું જોઈએ અર્થાત્ ‘હું પ્રમાદ કરીશ તો શરીરથી કદાચ જીવતો હોઈશ તોપણ સાધુપણું નાશ થવાથી ભાવથી મારું મૃત્યુ જ થયેલું છે’, એ પ્રકારની અપેક્ષા રાખવાથી સંયમજીવનમાં પ્રમાદ ઊઠવાની સંભાવના રહેતી નથી. વળી વિચારે કે ‘જો આ રીતે પ્રમાદથી સાધુપણું નાશ થશે તો યોગમાર્ગનો નાશ થશે અને તેથી મોક્ષની દુર્લભતા થશે અને સંસારના પરિભ્રમણરૂપ ફળની પ્રાપ્તિ થશે.’

આ પ્રકારનો ગુરુ દ્વારા ઉપદેશ સાંભળીને સુસાધુ સંયમયોગમાં સુદૃઢ યત્ન કરીને ઉત્તર-ઉત્તરના સંયમના કંડકોને પ્રાપ્ત કરે છે.

**યતિજનના ઉપદેશને બતાવનાર ગાથા-૩૩-૩૪-૩૫માં બતાવેલ ૧૦ ઉપદેશના ક્રમનું તાત્પર્ય આ પ્રમાણે છે :-**

યતિને માટે ગુરુકુળવાસ ભાવથી નિષ્પન્ન થાય તે સંયમનું સૌ પ્રથમ અંગ છે. આથી ગુરુકુળવાસ પ્રથમ ઉપદેશ છે. ત્યાર પછી વિનય એ સર્વ ગુણોના મૂળરૂપ હોવાને કારણે વિનયવિષયક ઉપદેશ આપે, ત્યાર પછી દૈનિક ક્રિયારૂપ વસતિ પ્રમાર્જનાદિ ક્રિયામાં ઉપદેશ આપે અને તેમાં પણ પ્રવૃત્ત થયા પછી તેને દૃઢ કરવા માટે લેશ પણ શરીરનું બળ ન ગોપવે તેનો ઉપદેશ આપે. ત્યાર પછી તે ક્રિયાઓમાં ક્ષમાદિની વૃદ્ધિ થાય તે હેતુથી અત્વરાપૂર્વકની પ્રવૃત્તિનો ઉપદેશ આપે. અહીં સુધીનો ઉપદેશ બાહ્ય આચરણામાં પ્રધાનતાવાળો હતો. હવે ગુરુને પરતંત્ર હોવાના કારણે તેના વચનનું સમ્યગ્ પાલન હોવા છતાં ભાવથી અહોભાવ વિશેષ કરવા માટે ગુરુની આજ્ઞામાં નિજલાભચિંતનનો ઉપદેશ આપે. ત્યારપછી સંયમધર્મને

ભાવથી સંવરપ્રધાન બનાવવા માટે નિશ્છિદ્રપણાનો ઉપદેશ આપે અને તેના માટે ઉપકારી શુદ્ધ ગોચરીની ક્રિયા, વિધિપૂર્વક સ્વાધ્યાયની પ્રવૃત્તિ અને સતત મરણાદિનું અપેક્ષણ તદ્વિષયક ઉપદેશ આપે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

उपदेशानुपदेशे प्रयोजनमाह -

**અવતરણિકાર્થ :-**

**ઉપદેશના અનુપદેશપણામાં પ્રયોજનને કહે છે –**

**નોંધ :-** અનુપદેશ શબ્દ ભાવ અર્થમાં છે. તેથી અનુપદેશનો અર્થ અનુપદેશત્વ કરવો.

**ભાવાર્થ :-**

ગાથા-૨૫થી અત્યાર સુધી યોગમાર્ગના અધિકારીને શું ઉપદેશ આપવો, તે બતાવ્યું; અને તે ઉપદેશ અધિકારીનો વિચાર કરીને આપવાનો છે. આમ છતાં કોઈ ઉપદેશક અધિકારીનો વિચાર કર્યા વગર ઉપદેશ આપે તો તે ઉપદેશ અનુપદેશ છે. તે અનુપદેશ કેમ છે ? તેનું પ્રયોજન બતાવે છે –

**ગાથા :-**

उवएसोऽविसयम्मी विसए वि अणीइसो अणुवएसो ।
बंधनिमित्तं णियमा जहोइओ पुण भवे जोगो ।।३६।।

**અન્વયાર્થ :-**

**अविसयम्मी=અવિષયમાં उवएसो=ઉપદેશ, विसए वि=વિષયમાં પણ अणीइसो=અનીદૃશ=ઉક્તથી વિપરિત ઉપદેશ अणुवएसो=અનુપદેશ છે; (કેમ કે) णियमा=નિયમથી बंधनिमित्तं=બંધનું નિમિત્ત છે. जहोइओ पुण=યથોદિત વળી=જે પ્રમાણે કહ્યો=ગાથા-૨૪થી અત્યાર સુધીમાં કહ્યો તે પ્રમાણેનો ઉપદેશ भवे जोगो=યોગ થાય છે. ॥૩૬॥**

**ગાથાર્થ :-**

**અવિષયમાં ઉપદેશ, વિષયમાં પણ અનીદૃશ ઉપદેશ અનુપદેશ છે; કેમ કે નિયમથી બંધનું નિમિત્ત છે. વળી યથોદિત ઉપદેશ યોગ થાય છે. ॥૩૬॥**

**ટીકા :-**

'उपदेशः'=अनन्तरोदितः सामान्येन वा 'अविषये' अपुनर्बन्धकादित्रयादन्यत्र संसाराभिनन्दिनि 'अनुपदेश' इति सम्बन्धः, तत्त्वावबोधादिकार्याकरणाद् विपर्ययसाधनाच्चेति । उक्तं च -

"अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम् ।
दोषायाभिनवोदीर्णे शमनीयमिव ज्वरे" ।। (लोकतत्त्व)

इत्यनुपदेशः ।

**ટીકાર્થ :-**

'उपदेशः'= ..... इत्यनुपदेशः । **અનંતર ઉદિત ઉપદેશ=અનંતર કહેવાયેલો ઉપદેશ, અથવા તો સામાન્યથી અપાયેલો ઉપદેશ, અપુનર્બંધકાદિ ત્રણથી અન્ય એવા સંસારઅભિનંદી જીવોરૂપ અવિષયમાં અનુપદેશ છે; કેમ કે તત્ત્વનો અવબોધ આદિ કાર્યનું અકરણ છે અને વિપર્યયનું સાધન છે, અને કહ્યું છે –**

"અપ્રશાંતમતિમાં શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન ઉદીર્ણ જ્વરમાં ઔષધની જેમ દોષ માટે છે." **એથી કરીને અનુપદેશ છે=અવિષયમાં ઉપદેશ અનુપદેશ છે.**

**ગાથામાં 'उवएसोऽविसयम्मी' પછી તુરત જ 'अणुवएसो' શબ્દ નથી, પરંતુ 'अणुवएसो' સાથે સંબંધ છે, તે બતાવવા માટે ટીકામાં 'अनुपदेश' इति सम्बन्धः એમ કહેલ છે.**

❖ 'अपुनर्बंधकादि' અહીં 'आदि' થી સમ્યગ્દષ્ટિ અને ચારિત્રીનું ગ્રહણ કરવું.

❖ 'तत्त्वावबोधादि' અહીં 'आदि' થી તત્ત્વમાં પ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગાથા-૨૪ થી ૩૫ સુધી અપુનર્બંધકાદિ ત્રણ યોગના અધિકારીને આપવાનો ઉપદેશ બતાવ્યો, તે ત્રણે અધિકારીને ભિન્ન-ભિન્ન ઉપદેશ બતાવેલ છે, અને કેટલોક ઉપદેશ ત્રણે માટે સામાન્ય પણ હોય છે; પરંતુ તે ત્રણે માટેનો સામાન્ય ઉપદેશ કે ત્રણેનો જુદો જુદો ઉપદેશ અપુનર્બંધકાદિ ત્રણથી અન્ય એવા સંસારઅભિનંદી જીવોને આપવામાં આવે તો તે ઉપદેશ અનુપદેશ છે અર્થાત્ વિપરીત ઉપદેશ છે; કેમ કે સંસારઅભિનંદી જીવોને તે ઉપદેશથી તત્ત્વનો બોધ કે તત્ત્વમાર્ગમાં પ્રવૃત્તિ થતી નથી, તે અપેક્ષાએ તે ઉપદેશ નિષ્ફળ છે. વળી સંસારઅભિનંદી જીવોને તે ઉપદેશ વિપર્યયનું સાધન છે, તે અપેક્ષાએ અનર્થકારી પણ છે. વિપર્યયનું સાધન કેમ છે ? તે વાત સાક્ષીથી બતાવતાં કહે છે કે - આયુર્વેદ પ્રમાણે જેમ નવા પ્રગટ થયેલા તાવમાં ઔષધ આપવાથી અહિત થાય છે, તેમ અપ્રશાંત મતિવાળા જીવોને શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન અર્થાત્ શાસ્ત્રના સાચા ભાવનું પ્રતિપાદન, દોષ માટે થાય છે. એથી સંસારઅભિનંદી જીવોને અપાયેલો ઉપદેશ અનુપદેશ છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૨૪ થી ૩૫ સુધી જે ઉપદેશ બતાવ્યો, તે ઉપદેશ પણ સંસારઅભિનંદી જીવોને આપવામાં આવે તો તે ઉપદેશથી તેઓને તત્ત્વ પ્રત્યેની રુચિ થતી નથી અને તત્ત્વમાં પ્રવૃત્તિ પણ થતી નથી. તેથી તે ઉપદેશ તેઓના માટે હિતકારી નથી. વળી તે સિવાય અપુનર્બંધકાદિના વિભાગ વિના ત્રણેને માટે યોગમાર્ગમાં ઉત્સાહ થાય અને સંસાર પ્રત્યેનો વિમુખ ભાવ થાય તેવો જે સામાન્ય ઉપદેશ હોય

છે, તે ઉપદેશ પણ સંસારાભિનંદી જીવો માટે ઉપકારક નથી; કેમ કે સંસારઅભિનંદી જીવોને સંસાર પ્રત્યેના ભાવોથી પર એવા મોક્ષ પ્રત્યેનું વલણ થતું નથી. તેથી તે ઉપદેશ આપવાથી ઉપદેશકને ઈષ્ટ પ્રાપ્ત થતું નથી, પરંતુ કેવલ વ્યર્થ શ્રમની પ્રાપ્તિ થાય છે. માટે તે ઉપદેશ નિષ્ફળ છે.

કેટલાક સંસારાભિનંદી જીવોને આ પ્રકારનો ઉપદેશ આપવાથી તે ઉપદેશ પ્રત્યે તેમને દ્વેષ=અરુચિ, થાય છે, જેના કારણે તેઓને અતત્ત્વનો પક્ષપાત દૃઢ થાય છે અને તત્ત્વ પ્રત્યેની અરુચિથી બંધાયેલ ક્લિષ્ટ કર્મ યોગમાર્ગની પ્રાપ્તિને અધિક દુર્લભ કરે છે. તેથી તે ઉપદેશની પ્રવૃત્તિથી હિતને બદલે તેવા શ્રોતાના અહિતની પ્રવૃત્તિ થાય છે. માટે તેવો ઉપદેશ આપવાથી ઉપદેશકને પણ કર્મબંધની પ્રાપ્તિ થાય છે; કેમ કે કોઈના અહિત માટેના યત્નરૂપ આ ઉપદેશની પ્રવૃત્તિ છે.

**ટીકા :-**

**तथा 'विषयेऽपि'=अपुनर्बन्धकादौ, 'अनीदृशः'=उक्तविपरीतः, क्षयोपशमानुगुण्याभावेन 'अनुपदेशः', पुरुषमात्रापुरुषवद् विशिष्टस्वकार्याकरणात् ।**

**ટીકાર્થ :-**

**અને અપુનર્બંધકાદિના વિષયમાં પણ અનીદૃશ=ઉક્તથી વિપરીત ઉપદેશ, ક્ષયોપશમને અનુરૂપ નહીં હોવાને કારણે અનુપદેશ છે; કેમ કે પુરુષમાત્ર અપુરુષની જેમ વિશિષ્ટ સ્વકાર્ય અકરણ છે અર્થાત્ પુરુષમાત્ર પુરુષ નથી, પણ પુરુષનું કાર્ય સમ્યક્ પુરુષકાર આદિ કરે તે પુરુષ છે; તેમ ઉપદેશમાત્ર ઉપદેશ નથી, પણ જે વિશિષ્ટ સ્વકાર્ય કરવા સમર્થ હોય તેવો ઉપદેશ ઉપદેશ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સંસારાભિનંદી જીવોને અપાયેલો ઉપદેશ તે અનુપદેશ છે. તેથી સામાન્યથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધકાદિમાં અપાયેલો ઉપદેશ એ ઉપદેશ છે, પરંતુ તેવું નથી; કેમ કે અપુનર્બંધકાદિને પણ તેના ક્ષયોપશમને અનુરૂપ ઉપરની ભૂમિકાનું કારણ બને તેવા પ્રકારનો ઉપદેશ તે ઉપદેશ છે; અન્ય ઉપદેશ અપુનર્બંધકાદિને પણ અનુપદેશ છે.

જેમ સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિનો પરિણામ અતિ આસન્ન છે, તેથી તેને પ્રથમ દેશવિરતિનો ઉપદેશ આપવો જોઈએ. પરંતુ કોઈ ઉપદેશક તેના ક્ષયોપશમનો વિચાર કર્યા વગર સીધો સર્વવિરતિનો ઉપદેશ આપે તો સર્વવિરતિનો ઉપદેશ તેના ક્ષયોપશમને અનુરૂપ નહીં હોવાથી શીઘ્ર પરિણમનરૂપ ઉપદેશનું વિશિષ્ટ કાર્ય કરતો નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ માટે કરાયેલો તેવો ઉપદેશ અનુપદેશ છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિના ક્ષયોપશમને અનુરૂપ અપાયેલો ઉચિત ઉપદેશ તેને શીઘ્ર પરિણમન પામે છે, અને તત્ત્વનો બોધ અને તત્ત્વમાં પ્રવૃત્તિ કરાવવી એ ઉપદેશનું કાર્ય છે અને તેવું કાર્ય ઉચિત ઉપદેશથી થાય છે, માટે તેવો ઉપદેશ તે ઉપદેશ છે. જેમ પુરુષમાત્ર પુરુષ નથી, પરંતુ જેમાં સમ્યક્ પુરુષકાર કરવાનું સામર્થ્ય છે, તે પુરુષ છે; અન્ય દેહના આકારમાત્રથી પુરુષ છે, વસ્તુતઃ પુરુષ નથી. તેમ જે ઉપદેશક, શ્રોતાના ક્ષયોપશમને

અનુરૂપ ન હોય તેવો ઉપદેશ આપે તો તે શબ્દદેહરૂપે ઉપદેશ છે, પરંતુ ઉપદેશના વિશિષ્ટ કાર્યને નહીં કરતો હોવાથી અનુપદેશ છે.

અહીં ઉપદેશનું વિશિષ્ટ કાર્ય એ છે કે શ્રોતાની સ્વભૂમિકા કરતાં ઉપરની યોગભૂમિકા પ્રાપ્ત કરાવવી અને તેવી ભૂમિકાની પ્રાપ્તિ જે ઉપદેશ કરતો નથી તે ઉપદેશ યોગ્ય શ્રોતાને કંઈક આનંદ ઉત્પન્ન કરે તોપણ વિશિષ્ટ ભૂમિકાની પ્રાપ્તિ કરાવનાર ન હોવાથી અનુપદેશ છે.

**ટીકા :-**

**अयं चैवम्भूत उपदेशोऽनुपदेशः। किम्? इत्याह - 'बन्धनिमित्तं' नियमात् श्रोत्रऽनिष्टापादनाद् आज्ञाविराधनाच्च, अत इत्थं न कार्यः। 'यथोदितः पुनः'=आज्ञापरिशुद्ध्या भवति 'योगः', मोक्षेण योजनात्। इति गाथार्थः ।।३६।।**

**ટીકાર્થ :-**

अयं चैवम्भूत ..... इति गाथार्थः ।।३६।। **અને આ=પૂર્વમાં વર્ણન કર્યું એ,** एवंभूत उपदेशः**=આવા પ્રકારનો ઉપદેશ=અવિષયમાં અપાયેલો ઉપદેશ અથવા વિષયમાં પણ વિપરીત અપાયેલો ઉપદેશ, અનુપદેશ છે.**

કેમ અનુપદેશ છે ? એથી કહે છે –

**નિયમથી બંધનું નિમિત્ત છે અર્થાત્ વક્તાને નિયમથી બંધનું નિમિત્ત છે; કેમ કે શ્રોતાને અનિષ્ટનું આપાદન છે અને વક્તાને ભગવાનની આજ્ઞાનું વિરાધન છે. આથી=વક્તાને બંધનું નિમિત્ત છે આથી, આ રીતે=ઉપદેશ અનુપદેશ થાય એ રીતે, ન કરવું જોઈએ. વળી યથોદિત=જે પ્રમાણે ગાથા-૨૪થી અત્યાર સુધી બતાવ્યો તે પ્રમાણે કહેવાયેલો યથોદિત ઉપદેશ આજ્ઞાપરિશુદ્ધિથી=ઉપદેશ આપવા વિષયક ભગવાનની આજ્ઞાની પરિશુદ્ધિ થવાથી, યોગ થાય છે=વક્તાને માટે યોગ થાય છે; કેમ કે મોક્ષની સાથે યોજન છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે અવિષયમાં અપાયેલો ઉપદેશ અને વિષયમાં પણ વિપરીત અપાયેલો ઉપદેશ અનુપદેશ છે. તે અનુપદેશ કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે કે તે પ્રકારનો ઉપદેશ આપનાર વક્તાને નિયમથી કર્મબંધનું કારણ છે; કેમ કે તે પ્રકારના ઉપદેશથી શ્રોતાને અનિષ્ટનું આપાદન થાય છે અને વક્તાને ઉપદેશ વિષયક ભગવદ્આજ્ઞાની વિરાધના થાય છે.

આશય એ છે કે સંસારાભિનંદી જીવોને ઉપદેશ આપવાથી તેમને ભગવાનના વચન પ્રત્યે અરુચિ થાય તો ઘણા ભવો સુધી ભગવાનનું શાસન પ્રાપ્ત ન થાય તેવું ક્લિષ્ટ કર્મ તેઓ બાંધે છે. માટે તેવો ઉપદેશ આપીને ઉપદેશકે શ્રોતાને અનિષ્ટનું આપાદન કર્યું.

વળી અપુનર્બંધકાદિ યોગ્ય જીવોના ક્ષયોપશમનો વિચાર કર્યા વગર ભગવાનના વચનોના તાત્પર્યને બતાવે તેવો સુંદર પણ ઉપદેશ આપ્યો હોય, તોપણ શ્રોતાના ક્ષયોપશમને અનુરૂપ તે ઉપદેશ નહીં હોવાથી શ્રોતાને જે યોગમાર્ગની પ્રાપ્તિ થવાની સંભાવના હતી, તેનો લાભ થાય નહીં. જેમ કે સમ્યગ્દષ્ટિને તેની આસન્ન ભૂમિકાને અનુરૂપ દેશવિરતિનો ઉપદેશ છોડીને સર્વવિરતિનો ઉપદેશ આપે તો તે ઉપદેશથી સમ્યગ્દષ્ટિને સર્વવિરતિનો પરિણામ પણ ન થાય અને દેશવિરતિનો પણ પરિણામ ન થાય. તેથી તે સમ્યગ્દષ્ટિમાં દેશવિરતિ પરિણમન પામે તેવી યોગ્યતા હતી, છતાં ઉપદેશકના વિપરીત ઉપદેશથી તેને દેશવિરતિ પરિણામ પામી નહીં, તે રૂપ શ્રોતાને અનિષ્ટની પ્રાપ્તિ થઈ. માટે વક્તાને તે ઉપદેશથી કર્મબંધ થાય.

અહીં પ્રશ્ન થાય કે માન, ખ્યાતિ આદિ કોઈ અન્ય આશયથી વક્તા ઉપદેશ આપતો હોય તો કર્મબંધ થાય, તેમ સ્વીકારી શકાય. પરંતુ જ્યારે વક્તા શ્રોતાના એકાંત હિતના આશયથી ઉપદેશ આપે છે, છતાં તેને અનિષ્ટ થયું, તેમાં વક્તા શું કરે ? જેમ વૈદ્ય રોગીના હિતના આશયથી જ પ્રયત્ન કરતો હોય, છતાં દૈવયોગે તેનું કંઈ અહિત થાય તો તે અહિત પ્રત્યે વૈદ્ય દોષપાત્ર નથી; તેમ શ્રોતાના અહિતનો અધ્યવસાય નહીં હોવાથી શ્રોતાને અનિષ્ટ થાય તોપણ વક્તાને કર્મબંધ થવો જોઈએ નહીં. તેથી બીજો હેતુ કહે છે – વક્તાએ ભગવાનની આજ્ઞાની વિરાધના કરી છે, માટે નિયમથી કર્મબંધ થાય.

આશય એ છે કે વક્તાએ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને ઉપદેશમાં પ્રવૃત્તિ કરી હોત તો અપુનર્બંધકાદિના ક્ષયોપશમનો વિચાર કરીને તે ઉપદેશ આપે. પરંતુ ક્ષયોપશમનો વિચાર કર્યા વગર કરાયેલો સુંદર પણ ઉપદેશ, ભગવાનની આજ્ઞા પ્રત્યેની ઉપેક્ષારૂપ ક્લિષ્ટ અધ્યવસાયથી સંવલિત પરિણામવાળો હોવાથી સુંદર નથી, તેથી નિયમથી કર્મબંધ થાય છે. આથી ઉપદેશકે આ પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ નહિ; પરંતુ ગાથા-૨૪ થી ૩૫ સુધીમાં બતાવ્યું તે પ્રકારે યોગના અધિકારીનો વિચાર કરીને જે અધિકારીને જે ઉપદેશ આપવાનું ભગવાને કહ્યું છે, તે પ્રમાણે ઉપદેશ આપવો જોઈએ, અને ભગવાનના વચનાનુસાર ઉપદેશ આપવામાં આવે તો ઉપદેશની ક્રિયામાં આજ્ઞાની પરિશુદ્ધિ હોવાથી અર્થાત્ સમ્યક્ પ્રકારે આજ્ઞાપાલનનો ઉચિત યત્ન હોવાથી, તે ઉપદેશની ક્રિયા યોગ બને છે; કેમ કે તે પ્રકારના ઉપદેશથી ઉપદેશકને એકાંતે નિર્જરા પ્રાપ્ત થાય છે. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**एवं सामान्येन उपदेशानुपदेशे प्रयोजनमभिधाय प्रत्यपायपरिजिहीर्षया विशेषतोऽभिधित्सुराह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૩૬માં કહ્યું એ રીતે, સામાન્યથી ઉપદેશના અનુપદેશપણામાં પ્રયોજનને કહીને પ્રત્યપાયના પરિહારની ઈચ્છાથી=વક્તાના અનર્થના પરિહારની ઈચ્છાથી, વિશેષથી (પ્રયોજનને) કહેવાની ઈચ્છાથી કહે છે –**

નોંધ :- અનુપદેશ શબ્દ ભાવ અર્થમાં છે, તેથી અનુપદેશનો અર્થ અનુપદેશત્વ કરવો.

**ભાવાર્થ :-**

ગાથા-૩૬માં બતાવ્યું કે અવિષયમાં ઉપદેશ કે વિષયમાં પણ વિપરીત ઉપદેશ અનુપદેશ છે, અને તે અનુપદેશ કેમ છે ? તેમાં સામાન્યથી પ્રયોજન બતાવ્યું કે તેવો ઉપદેશ વક્તાને માટે નિયમથી કર્મબંધનું કારણ છે, માટે અનુપદેશ છે. હવે વક્તાને તે પ્રકારના ઉપદેશથી કર્મબંધની પ્રાપ્તિરૂપ અપાય ન થાય, માટે તે અપાયના પરિહારની ઈચ્છાથી ગ્રંથકાર તે પ્રકારનો ઉપદેશ અનુપદેશ કેમ છે ? તેના વિશેષ પ્રકારના પ્રયોજનને કહેવાની ઈચ્છાથી કહે છે –

**ગાથા :-**

**गुरुणो अजोगिजोगो अच्चंतविवागदारुणो णेओ ।**
**जोगीगुणहीलणा णट्ठणासणा धम्मलाघवओ ।।३७।।**

**અન્વયાર્થ :-**

**गुरुणो=ગુરુનો=ઉપદેશકનો अजोगिजोगो=અયોગીયોગ=વિપરીત ઉપદેશાદિ આપવારૂપ અયોગી વ્યાપાર अच्चंतविवागदारुणो=અત્યંત વિપાકદારુણ णेओ=જાણવો; કેમ કે जोगीगुणहीलणा=યોગીગુણની હીલના છે, णट्ठणासणा=નષ્ટનું નાશન છે, धम्मलाघवओ=ધર્મનું લાઘવ છે.**

**ગાથાર્થ :-**

**ઉપદેશક ગુરુનો વિપરીત ઉપદેશાદિ આપવારૂપ અયોગી વ્યાપાર અત્યંત વિપાકદારુણ સમજવો; કેમ કે યોગીગુણહીલના છે, નષ્ટનું નાશન છે અને ધર્મનું લાઘવ છે.**

**ટીકા :-**

'गुरोः'=आचार्यस्य योगिन इत्यर्थः, 'अयोगियोगः'=अयोगिव्यापारो विपरीतोपदेशादिः 'अत्यन्तविपाक-दारुणो' 'ज्ञेयः'-अतिशयेन दारुण इत्यर्थः। कुतः? इत्याह - 'योगिगुणहीलनात्' कारणात् । एवं हि विडम्बकप्रतिपत्तिन्यायेन तद्गुणा हीलिता भवन्ति । "उत्तमपदस्थस्य तद्धर्माननुपालनमघोषणा विडम्बना" इति वृद्धाः। तथा 'नष्टनाशनात्'=नष्टा एते प्राणिनोऽयोग्यतया विपरीतोपदेशेन नाशिता भवन्ति। तथा 'धर्मलाघवात्' हेतोः विपरीतोपदेशाद्धि तत्त्वाऽप्रतिपत्त्या वितथासेवनेन धर्मलाघवम् । इति गाथार्थः ।।३७।।

**ટીકાર્થ :-**

**ગુરુનો=ઉપદેશક યોગી એવા આચાર્યનો, અયોગીયોગ=વિપરીત ઉપદેશાદિ આપવારૂપ અયોગી વ્યાપાર=યોગીને ન શોભે તેવો વ્યાપાર, અત્યંત વિપાકદારુણ=અતિશયથી દારુણ જાણવો.**

**કેમ અત્યંત વિપાકદારુણ છે ? એથી કહે છે –**

**(૧) યોગીગુણની હીલના હોવાને કારણે વિપરીત ઉપદેશાદિ અત્યંત વિપાકદારુણ છે, એમ અન્વય છે.**

વિપરીત ઉપદેશાદિથી યોગીગુણની હીલના કઈ રીતે થાય છે ? તે બતાવે છે –

**આ રીતે=વિપરીત ઉપદેશાદિરૂપ અયોગી વ્યાપાર કરે એ રીતે, વિડંબક પ્રતિપત્તિના ન્યાયથી=વેષના વિડંબક દ્વારા વેષના સ્વીકારના ન્યાયથી, તેના ગુણો=યોગીના ગુણો, હીલિત થાય છે=હીલના કરાયેલા થાય છે.**

વળી વિપરીત ઉપદેશાદિથી યોગીગુણની હીલના કેમ થાય છે ? તેમાં વૃદ્ધ પુરુષોની યુક્તિ બતાવે છે –

"ઉત્તમ પદસ્થનું=ઉપદેશકરૂપ ઉત્તમ પદમાં રહેલાનું, તેના=ઉપદેશ આપવારૂપ ઉત્તમ પદના, ધર્મનું=સમ્યક્ ઉપદેશ આપવારૂપ ધર્મનું, અનનુપાલન, અઘોષણા=ઘોષણા વિનાની, વિડંબના છે," **એ પ્રમાણે વૃદ્ધો કહે છે=જ્ઞાનવૃદ્ધો કહે છે.**

**(૨) અને નષ્ટનાશન હોવાથી વિપરીત ઉપદેશાદિ અત્યંત વિપાકદારુણ છે, એમ અન્વય છે.**

વિપરીત ઉપદેશાદિથી નષ્ટનું નાશન કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**અયોગ્યપણું હોવાને કારણે=ભવાભિનંદી જીવોમાં યોગમાર્ગનું અયોગ્યપણું હોવાને કારણે, નષ્ટ એવા આ પ્રાણીઓ=ભવાભિનંદી જીવો, વિપરીત ઉપદેશથી=ઉપદેશકના વિપરીત ઉપદેશથી, નાશિત થાય છે.**

**(૩) અને ધર્મના લાઘવને કારણે વિપરીત ઉપદેશાદિ અત્યંત વિપાકદારુણ છે, એમ અન્વય છે.**

વિપરીત ઉપદેશાદિથી ધર્મનું લાઘવ કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**વિપરીત ઉપદેશથી=યોગના અધિકારી એવા અપુનર્બંધક આદિને તેમના ક્ષયોપશમ કરતાં વિપરીત ઉપદેશ આપવાથી, તત્ત્વની અપ્રતિપત્તિ થવાના કારણે=વિપરીત ઉપદેશાદિ દ્વારા ઉપરની ભૂમિકાની પ્રાપ્તિરૂપ તત્ત્વના અસ્વીકારને કારણે, વિપરીત આસેવનથી=નવા યોગમાર્ગના સ્વીકારથી જે વિશેષ સેવન થવાનું હતું, તેનાથી વિપરીત આસેવન થવાથી, ધર્મનું લાઘવ થાય છે=શ્રોતામાં નવા ધર્મની અપ્રાપ્તિરૂપ ધર્મની અલ્પતા થાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૭॥**

❖ 'विपरीतोपदेशादि' અહીં 'आदि' થી વિપરીત પ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૧) ઉપદેશક દ્વારા વિપરીત ઉપદેશ આપવાથી યોગીગુણહીલના :-**

ઉપદેશ આપવાનું કાર્ય પ્રધાનરૂપે આચાર્યનું છે, તેને સામે રાખીને અહીં ગુરુનો અર્થ આચાર્ય યોગી કર્યો. તેથી ગુરુ શબ્દથી પોતાના ગુરુ હોય તેનું ગ્રહણ કરવું નથી, પરંતુ ઉપદેશકનું ગ્રહણ કરવું છે, અને તેવા ઉપદેશક વિપરીત ઉપદેશાદિ આપે તો તે ઉપદેશ તેમના માટે દીર્ઘ સંસારના પરિભ્રમણનું કારણ છે; કેમ કે તેમના ઉપદેશથી યોગીગુણની હીલના થાય છે.

આશય એ છે કે ઉપદેશક તરીકે ઉપદેશકની ઉચિત પ્રવૃત્તિ છોડીને વિપરીત પ્રવૃત્તિ કરે તો ઉપદેશકરૂપ યોગીના ગુણોની ગુણની હીલના થાય છે; અને લોકમાં એમ લાગે કે જૈનશાસનના આચાર્યો આવા પ્રકારના તત્ત્વને કહે છે માટે જૈનશાસન અસાર છે.

યોગીના ગુણોની હીલના કેમ થાય છે ? તે યુક્તિથી બતાવે છે –

જેમ કોઈ વેષવિડંબક, સાધુનો વેષ લઈને સાધુને ન શોભે તેવી પ્રવૃત્તિ કરતો હોય તો તે વિડંબકના સંયમસ્વીકારથી સાધુના ગુણની હીલના થાય છે, તેમ ઉપદેશકનું સ્થાન મેળવીને જેઓ વિપરીત ઉપદેશ આપે છે કે વિપરીત પ્રવૃત્તિ કરે છે, તેઓ ઉપદેશકના વેષને ગ્રહણ કરીને વિપરીત પ્રવૃત્તિ કરવા દ્વારા ઉપદેશકના ગુણોની હીલના કરે છે. માટે તેની તે પ્રવૃત્તિ દુરંત સંસારના પરિભ્રમણનું કારણ છે.

ઉપદેશક વિપરીત ઉપદેશાદિ આપે તેના માટે જ્ઞાનવૃદ્ધ પુરુષો શું કહે છે ? તે બતાવે છે –

કોઈ આત્મા ઉત્તમ પદમાં રહેલો હોય અને ઉત્તમ પદના ધર્મનું પાલન ન કરે તો તે ઉત્તમ પદની અઘોષણા વિડંબના છે.

આશય એ છે કે કોઈ આત્મા સદુપદેશકની નિંદા કરે તે ઘોષણાપૂર્વકની સદુપદેશકની નિંદા છે; કેમ કે લોક આગળ ઉત્તમ ઉપદેશકની તે નિંદા કરી રહ્યો છે; અને કોઈ આત્મા ઉપદેશકનું સ્થાન મેળવે અને યોગમાર્ગનો વિપરીત ઉપદેશ આપે, ત્યારે ઉપદેશકના ધર્મનું અનનુપાલન થાય છે અને તેથી ઉપદેશકપદની તે વિડંબના કરે છે. પરંતુ આ વિડંબના વાસ્તવિક રીતે સદુપદેશકની નિંદાના વચનરૂપ નથી, પણ 'જૈનશાસનના ઉપદેશકો આ ઉપદેશકની જેમ અસંબદ્ધ પ્રલાપ કરનારા હોય છે,' તે પ્રકારે તેની ઉપદેશની પ્રવૃત્તિથી લોકમાં ઘોષિત થાય છે. તેથી સદુપદેશક પદની=ઉત્તમ પદની, આ અઘોષણા વિડંબના છે.

**(૨) ઉપદેશક દ્વારા વિપરીત ઉપદેશ આપવાથી નષ્ટનું નાશન :-**

વળી આવા ઉપદેશકો નષ્ટનું નાશન કરનાર હોવાથી તેમની ઉપદેશની પ્રવૃત્તિ અતિશય દારુણ છે.

આશય એ છે કે ભવાભિનંદી જીવો ધર્મ માટે અયોગ્ય છે, તેઓ યોગમાર્ગના લેશને પણ પામેલા નથી, માટે આ દુરંત સંસારમાં નષ્ટ થયેલા છે અર્થાત્ વિનાશ પામેલા છે; અને તેવા જીવોને ઉપદેશ આપીને તો ઉપદેશક તેઓમાં ધર્મ પ્રત્યે દ્વેષ પેદા કરાવે છે. તેથી તેનો ઉપદેશ ભવાભિનંદી જીવોને દ્વેષ પેદા કરાવવાનું કારણ હોવાથી વિપરીત ઉપદેશ છે, અને આવા વિપરીત ઉપદેશ દ્વારા ધર્મ પ્રત્યે દ્વેષ પેદા કરાવીને તેઓને અધિક સંસાર પરિભ્રમણનું કારણ થાય તેવું ગાઢ મિથ્યાત્વ મોહનીયકર્મ બંધાવે છે. માટે નષ્ટ એવા તેઓનો વિપરીત ઉપદેશ દ્વારા ઉપદેશકે નાશ કર્યો. માટે આવો ઉપદેશ ઉપદેશક માટે અતિદારુણ છે.

**(૩) ઉપદેશક દ્વારા વિપરીત ઉપદેશ આપવાથી ધર્મનું લાઘવ :-**

પૂર્વમાં ભવાભિનંદી જીવોને ઉપદેશ આપવાથી ઉપદેશકને અનર્થ પેદા થાય છે, તેમાં યુક્તિ

બતાવી. હવે યોગમાર્ગના અધિકારી એવા અપુનર્બંધક આદિને પણ તેમના ક્ષયોપશમથી વિપરીતરૂપે અપાયેલો ઉપદેશ અનર્થનું કારણ છે, તે બતાવવા અર્થે કહે છે –

અપુનર્બંધકાદિ યોગ્ય જીવોને પણ તેમની યોગ્યતાથી વિપરીત ઉપદેશ આપવાથી ધર્મનું લાઘવ થાય છે, માટે તેવો ઉપદેશ ઉપદેશક માટે અતિદારુણ છે.

આશય એ છે કે યોગમાર્ગને યોગ્ય એવા અપુનર્બંધકને કોઈ ઉપદેશક તેની ભૂમિકાનો વિચાર કર્યા વગર ઉપદેશ આપે તો તેનું હિત થાય નહીં, અને દેશના તેને વિપરીત પરિણામ પામે તો અહિત પણ થાય. વળી સમ્યગ્દૃષ્ટિને પણ કોઈ ઉપદેશક તેની ભૂમિકાનો વિચાર કર્યા વગર સર્વવિરતિ ધર્મનો ઉપદેશ આપે તો તે ઉપદેશથી તેને સર્વવિરતિરૂપ ધર્મની અપ્રાપ્તિ થાય છે; કેમ કે સમ્યક્ત્વથી સર્વવિરતિની ભૂમિકા અતિ દૂરવર્તી છે અને તેવી તેની યોગ્યતા નહીં હોવાના કારણે સર્વવિરતિ સ્વીકારવાનો તેને પરિણામ થતો નથી; અને જો તેને ઉપદેશકે દેશવિરતિનો ઉપદેશ આપ્યો હોત તો તેની ભૂમિકા પ્રમાણે ભાવથી તેને દેશવિરતિ પરિણામ પામત, પરંતુ ઉપદેશકની વિપરીત પ્રવૃત્તિને કારણે તેને સર્વવિરતિની કે દેશવિરતિની પણ પ્રાપ્તિ થઈ નહીં. તેથી દેશવિરતિ કરતાં વિપરીત એવી અવિરતિની પ્રવૃત્તિનું સેવન તેણે ચાલુ રાખ્યું, તેમાં બલવાન નિમિત્ત ઉપદેશક બન્યા; કેમ કે જો તેમણે સમ્યગ્દૃષ્ટિની યોગ્યતાનો વિચાર કરીને પ્રસ્તુત ગ્રંથમાં બતાવ્યા પ્રમાણે સમ્યગ્દૃષ્ટિને આપવા યોગ્ય એવો દેશવિરતિનો ઉપદેશ આપ્યો હોત તો તેને ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ થાત. પરંતુ વિપરીત ઉપદેશના કારણે તેને દેશવિરતિની પણ પ્રાપ્તિ થઈ નહીં, તેથી અવિરતિની પ્રવૃત્તિ ચાલુ રાખી. માટે દેશવિરતિ કરતાં વિપરીત આસેવનરૂપ અવિરતિની પ્રવૃત્તિને કારણે સમ્યગ્દૃષ્ટિમાં ધર્મના લાઘવની પ્રાપ્તિ થઈ=ધર્મની અલ્પતાની પ્રાપ્તિ થઈ; કેમ કે જો ઉપદેશક તેના ક્ષયોપશમ પ્રમાણે ઉપદેશ આપત તો તેનામાં દેશવિરતિરૂપ વિશેષ ધર્મની પ્રાપ્તિ પણ થાત. તેને બદલે તેનામાં વિરતિના અભાવની પ્રાપ્તિ થઈ, તેથી ધર્મનું લાઘવ થયું. માટે અધિકારીને પણ વિપરીત ઉપદેશ આપવાથી ઉપદેશકને દારુણ ફળ પ્રાપ્ત થાય છે.

આ ગાથાના કથનથી એ ફલિત થયું કે ઉપદેશક વિપરીત ઉપદેશ આપે તો યોગીગુણની હીલના થાય છે, સંસારાભિનંદી જીવોને વિપરીત ઉપદેશ આપે તો તેઓનો અધિક નાશ થાય છે અને યોગમાર્ગના અધિકારી જીવોને પણ તેમની ભૂમિકાનો વિચાર કર્યા વગર વિપરીત ઉપદેશ આપે તો તેઓને વિશેષ ધર્મની સંભાવના હતી તેની પ્રાપ્તિ થાય નહીં, તે રૂપ શ્રોતામાં ધર્મનું લાઘવ થાય છે. માટે વિપરીત ઉપદેશ ઉપદેશક માટે અતિદારુણ છે.

ગાથા-૩૬માં સામાન્યથી બતાવેલું કે વિપરીત ઉપદેશ આપવાથી ઉપદેશકને કર્મબંધ થાય છે. આ ગાથામાં વિશેષથી બતાવ્યું કે વિપરીત ઉપદેશ આપવાથી ઉપદેશક દ્વારા -

**(૧) યોગીગુણની હીલના થાય છે,**

**(૨) ભવાભિનંદી જીવોને સંસારની વૃદ્ધિ થાય છે,**

**(૩) યોગ્ય જીવોને પણ વિશેષ ધર્મની પ્રાપ્તિ થતી નથી.**

આ ત્રણ અનર્થો વિશેષરૂપે બતાવીને ઉપદેશકને વિપરીત ઉપદેશના કારણે અનર્થો ન થાય તે માટે વિપરીત ઉપદેશના પરિહાર માટે યત્ન કરવાનું કહેલ છે. ॥૩૭॥

**અવતરણિકા :-**

एवं सप्रसङ्गमुपदेशविधिमभिधाय एतत्परिणत्युत्तरकालं यत् कार्यं तद्गतं विधिमभिधातुमाह -

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૨૪થી૩૭ સુધી જે વર્ણન કર્યું, એ રીતે, પ્રસંગસહિત ઉપદેશવિધિને કહીને=ગાથા-૩૬-૩૭માં બતાવેલ પ્રસંગથી સહિત ઉપદેશવિધિને બતાવીને, આની પરિણતિના ઉત્તરકાળમાં=શ્રોતાને સમ્યક્ ઉપદેશની પરિણતિના ઉત્તરકાળમાં, શ્રોતાને જે કર્તવ્ય છે, तद्गतं=તદ્વિષયક, વિધિને બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**एयम्मि परिणयम्मी पवत्तमाणस्स अहिगठाणेसु ।**
**एस विही अइणिउणं पायं साहारणो णेओ ।।३८।।**

**અન્વયાર્થ :-**

**एयम्मि परिणयम्मि=આ પરિણામ પામ્યે છતે=ઉપદેશકનો ઉપદેશ શ્રોતાને પરિણામ પામ્યે છતે अहिगठाणेसु पवत्तमाणस्स=અધિક સ્થાનમાં પ્રવર્તમાનને=ઉપરના ધર્મને સ્વીકારવાના વિષયમાં પ્રવર્તમાનને पायं साहारणो एस विही=પ્રાયઃ સાધારણ એવી આ વિધિ=વક્ષ્યમાણ વિધિ, अइणिउणं= અતિનિપુણ= પ્રારબ્ધની સિદ્ધિના અંગપણારૂપે બને તેવી અતિનિપુણતાપૂર્વક णेओ=જાણવી. ॥૩૮॥**

**ગાથાર્થ :-**

**આ ઉપદેશકનો ઉપદેશ શ્રોતાને પરિણામ પામ્યે છતે અધિક સ્થાનમાં પ્રવર્તમાનને પ્રાયઃ સાધારણ એવી વક્ષ્યમાણ વિધિ અતિનિપુણતાપૂર્વક જાણવી. ॥૩૮॥**

**ટીકા :-**

'एतस्मिन्'=उपदेशे, 'परिणते' – भावप्रतिपत्तिद्वारेण। किम्? इत्याह - 'प्रवर्तमानस्य' सतः। क्व? इत्याह – 'अधिकस्थानेषु'=औचित्यापेक्षया तदुत्तरोत्तरगुणरूपेषु । किम्? इत्याह - 'एष विधिः' वक्ष्यमाणलक्षणः 'अतिनिपुणम्' क्रियाविशेषणमेतत् । 'प्रायः'=बाहुल्येन, अपुनर्बन्धकादिव्यवच्छेदार्थमेतत्, अणुव्रतादेरारभ्येति भावः। 'साधारणः'=सामान्यो ज्ञेयः 'अतिनिपुणं' प्रारब्धसिद्ध्यङ्गतया, विपर्यये विपर्ययभावात्। इति गाथार्थः ।।३८।।

**ટીકાર્થ :-**

**'एतस्मिन्'= ..... इति गाथार्थः ।।३८।। ભાવથી પ્રતિપત્તિ દ્વારા=ભાવથી સ્વીકાર દ્વારા=તીવ્ર સંવેગપૂર્વક સ્વીકારવાના પરિણામ દ્વારા, एतस्मिन्=આ=ઉપદેશ, પરિણામ પામ્યે છતે, શું કરવું જોઈએ ? એથી કહે છે –**

**પ્રવર્તમાન છતો... ક્યાં પ્રવર્તમાન છતો ? એથી કહે છે –**

**ઔચિત્યની અપેક્ષાએ તદ્ઉત્તરોત્તર ગુણરૂપ અધિક સ્થાનમાં પ્રવર્તમાન છતો, એમ અન્વય છે.**

**પ્રવર્તમાન છતો શું ? એથી કહે છે –**

**પ્રાયઃ વક્ષ્યમાણ લક્ષણ આ સામાન્ય વિધિ અતિનિપુણ જાણવી, એમ અન્વય છે. અહીં અતિનિપુણ તે જાણવાની ક્રિયાનું વિશેષણ છે. તેથી અતિનિપુણતાપૂર્વક જાણવું એ અર્થ છે. પ્રાયઃ=બાહુલ્યથી, एतत्=આ=પ્રાયઃ શબ્દ, અપુનર્બંધકાદિના વ્યવચ્છેદ માટે છે; કેમ કે આગળમાં કહેવાશે તે વિધિ અણુવ્રતાદિથી આરંભીને છે, એ પ્રકારનો ભાવ છે.**

**'अतिनिपुणं' प्रारब्धसिद्ध्यङ्गतया=અતિનિપુણ આ વિધિ જાણવી, એમ કહેવાથી એ બતાવવું છે કે પ્રારબ્ધની સિદ્ધિના અંગપણાથી જાણવી, પરંતુ યથાતથા જાણવી નહીં; કેમ કે, विपर्यये= વિપર્યયમાં=અતિનિપુણતા વગર વિપરીત રીતે આ વિધિથી જાણવાનો યત્ન કરવામાં, विपर्ययभावात्= વિપર્યયનો ભાવ છે=અતિનિપુણતા વિના આ વિધિથી ગુણસ્થાનકને સ્વીકારવામાં આવે તો ગુણસ્થાનકની અપરિણતિરૂપ વિપર્યયનો ભાવ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩૮॥**

❖ 'अपुनर्बंधकादि' અહીં 'आदि' થી સમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ કરવું.

❖ 'अणुव्रतादेरारभ्येति' અહીં 'आदि' થી સર્વવિરતિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

કોઈ સદુપદેશક શ્રોતાની યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપે અને શ્રોતાને પણ તે ઉપદેશ સાંભળીને તીવ્ર સંવેગ થાય અને બદ્ધ અભિલાષ પ્રગટે કે મારે પણ હવે આ ઉપદેશ અનુસાર વ્રતો સ્વીકારવાં છે, ત્યારે તેણે વ્રત સ્વીકારવા માટે પ્રવૃત્તિ કરતાં પહેલાં શું કરવું જોઈએ ? તે આગળની ગાથામાં બતાવે છે -

પોતાની ભૂમિકા પ્રમાણે ઔચિત્યપૂર્વક અધિક સ્થાન સ્વીકારવા માટે શ્રોતા પ્રવર્તમાન થયો હોય ઉપદેશકના વચનથી તીવ્ર સંવેગ થયો હોય, તોપણ વિચાર્યા વગર વ્રતોને સ્વીકારવાનાં નથી, પરંતુ આગળની ગાથામાં બતાવાશે એ વિધિપૂર્વક વ્રતો સ્વીકારવાનાં છે.

આશય એ છે કે જે ગુણસ્થાનક પોતાને સ્વીકારવાનું છે તે ગુણસ્થાનક પોતાને સમ્યક્ પરિણામ પામે તેને અનુરૂપ પોતાની શક્તિ આદિનું નિપુણતાપૂર્વક સમાલોચન થાય તે રીતે, આગળમાં બતાવાશે તે વિધિમાં યત્ન કરવાનો છે; કેમ કે તે પ્રકારની નિપુણતાથી સમાલોચન વગર વ્રત સ્વીકારવામાં આવે તો

સ્વીકારેલું વ્રત ઉત્સાહથી પ્રારંભમાં કંઈક યત્ન કરાવે તોપણ પોતાની ચિત્તની તેવી ભૂમિકા નહીં હોવાથી નિષ્ઠા સુધી વ્રતને વહન કરી શકે નહીં, તેથી વ્રત સ્વીકાર્યા પછી વિપર્યય થવાનો સંભવ રહે છે. માટે જે વ્રત પોતે લેવા માંગે છે, તેની સિદ્ધિને અનુકૂળ સમ્યક્ વિચારણાપૂર્વક વ્રત ગ્રહણ કરવાનાં છે.

આ વ્રતગ્રહણની વિધિ અપુનર્બંધકને લોકધર્મ સ્વીકાર વિષયક નથી કે કોઈ સમ્યક્ત્વ સ્વીકારતો હોય તેના વિષયક પણ નથી, તે બતાવવા માટે પ્રાયઃ શબ્દ ગાથામાં કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે અણુવ્રત=દેશવિરતિ, કે સર્વવિરતિ સ્વીકારવા માટે તત્પર થયેલાને આશ્રયીને આ વિધિ છે, અને સામાન્ય આ વિધિ છે તેમ કહેવાથી દેશવિરતિગ્રહણ કે સર્વવિરતિગ્રહણ બંને માટે સામાન્ય વિધિ છે, જે વિધિ આગળની ગાથામાં ગ્રંથકાર બતાવશે. **॥૩૮॥**

**અવતરણિકા :-**

**किंविशिष्टोऽयं विधिः? इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**કેવા પ્રકારની વિશિષ્ટતાવાળી=કેવા સ્વરૂપવાળી, આ વિધિ છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે ભાવથી ઉપદેશ પરિણામ પામ્યે છતે ગુણસ્થાનક સ્વીકારવું હોય તો આગળમાં કહેવાશે એ પ્રકારની વિધિ અતિનિપુણતાપૂર્વક જાણવી જોઈએ. તેથી જિજ્ઞાસા થાય કે કેવા પ્રકારની એ વિધિ છે ? એથી કહે છે –

**ગાથા :-**

**निययसहावालोयण-जणवायावगम-जोगसुद्धीहिं ।**
**उचियत्तं णाऊणं निमित्तओ सइ पयट्टेज्जा ।।३९।।**

**અન્વયાર્થ :-**

**निययसहावालोयण-जणवायावगम-जोगसुद्धीहिं=નિજસ્વભાવના આલોચન વડે, જનવાદથી અવગમ વડે અને યોગશુદ્ધિ વડે उचियत्तं=ઉચિતપણું णाउण=જાણીને, निमित्तओ=નિમિત્તથી सइ=સદા पयट्टेज्जा= પ્રવર્તવું જોઈએ. ।।૩૯।।**

**ગાથાર્થ :-**

**નિજસ્વભાવના આલોચન વડે, જનવાદથી અવગમ વડે અને યોગશુદ્ધિ વડે ઉચિતપણું જાણીને, નિમિત્તથી સદા પ્રવર્તવું જોઈએ. ।।૩૯।।**

**ટીકા :-**

**'निजस्वभावालोचन-जनवादावगम-योगशुद्धिभिः'-'करणभूताभिः 'उचितत्वं ज्ञात्वा' तत्तद्गुणस्थानकापेक्षया आत्मनः, ततः 'निमित्ततः'=निमित्तात् कायिकादेः 'सदा प्रवर्तेत' तस्मिंस्तस्मिन् गुणस्थानके इति ।**

**ટીકાર્થ :-**

**'निजस्वभावालोचन ..... गुणस्थानके इति । કરણભૂત એવા=તે ગુણસ્થાનક માટે પોતાનું ઉચિતપણું જાણવાના ઉપાયભૂત એવા, નિજસ્વભાવના આલોચન વડે, જનવાદથી અવગમ વડે અને યોગશુદ્ધિ વડે તે તે ગુણસ્થાનકની=જે જે ગુણસ્થાનક પોતાને સ્વીકારવું છે તે તે ગુણસ્થાનકની, અપેક્ષાએ આત્માનું ઉચિતપણું જાણીને, ત્યાર પછી નિમિત્તથી=કાયિકાદિ નિમિત્તથી, તે તે ગુણસ્થાનકમાં સદા પ્રવર્તવું જોઈએ.**

**'इति' શબ્દ ગાથાને સ્પર્શનારી ટીકાની સમાપ્તિઅર્થક છે.**

**ભાવાર્થ :-**

જો ઉપદેશક યોગ્ય શ્રોતાને તેની ભૂમિકા પ્રમાણે ઉચિત ઉપદેશ આપે તો પ્રાયઃ કરીને યોગ્ય શ્રોતાને તે ઉપદેશથી તીવ્ર સંવેગ પેદા થાય છે અને તે પ્રમાણે ગુણસ્થાનક સ્વીકારવાનો પરિણામ થાય છે. આ ઉપદેશ દેશવિરતિ અને સર્વવિરતિના સ્વીકાર અંગેનો ગ્રહણ કરવાનો છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ ઉપદેશક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વમાં વર્ણન કર્યું તે રીતે સર્વવિરતિની નિષ્પત્તિનું કારણ બને તે રીતે દેશવિરતિનો ઉપદેશ આપે, તો પ્રાયઃ કરીને તે શ્રોતાને ભાવથી દેશવિરતિ ગ્રહણ કરવાનો પરિણામ થાય છે; અને ભાવથી દેશવિરતિના ગ્રહણનો પરિણામ થયા પછી, કઈ રીતે સ્વયોગ્યતાનો નિર્ણય કરીને તેણે દેશવિરતિ સ્વીકારવી જોઈએ, તે કથન પ્રસ્તુત ગાથામાં કહેલ છે. ત્યાં પ્રથમ કહે છે કે વ્રત સ્વીકારવાનો નિર્ણય કરવા માટે ત્રણ પ્રકારનાં કરણો છે અર્થાત્ આ ત્રણ કરણો દ્વારા પોતે તે વ્રતને માટે યોગ્ય છે કે નહીં ? તેવો નિર્ણય થઈ શકે છે.

**ગુણસ્થાનકની યોગ્યતા જાણવા માટેના ત્રણ ઉપાયો :-**

(૧) વ્રત સ્વીકારનાર સાધકે પ્રથમ પોતાના સ્વભાવનું આલોચન કરવું જોઈએ. નિજસ્વભાવના આલોચનથી પોતે વ્રતને માટે યોગ્ય છે તેવું જણાય, ત્યાર પછી (૨) વ્રત માટે પોતાની યોગ્યતાનો નિર્ણય લોકોથી કરવો જોઈએ, તથા (૩) પોતાનામાં પ્રવર્તતા મન-વચન-કાયાના યોગોથી પણ પોતાના ગુણસ્થાનકની યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ. આ ત્રણેથી પોતે તે ગુણસ્થાનકને યોગ્ય છે તેવું જણાય, ત્યાર પછી કાયિક આદિ નિમિત્તશુદ્ધિથી તે તે ગુણસ્થાનક સ્વીકારવામાં પ્રવર્તવું જોઈએ. આ રીતે સ્વીકારેલું ગુણસ્થાનક શીઘ્ર પરિણમન પામે છે અને યોગની ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે.

**ટીકા :-**

**तत्र निजस्वभावालोचनम् - 'कीदृशो मम स्वभावः? केन गुणस्थानकेन संवादी विसंवादी वा ?'**

इत्येवंरूपम्, न हि तत्स्वभावानानुगुण्ये तदङ्गीकरणं श्रेयः, तत्सिद्ध्यसम्भवाद् विडम्बनामात्रत्वात् ।

**ટીકાર્થ :-**

**तत्र निजस्वभावालोचनम् ..... विडम्बनामात्रत्वात् । ત્યાં=પોતાનામાં ગુણસ્થાનકની યોગ્યતા જાણવા માટે બતાવેલાં ત્રણ કરણોમાં, (૧) નિજસ્વભાવનું આલોચન=સ્વસ્વભાવનું આલોચન.**

અને તે જ સ્પષ્ટ કરે છે.

**કેવા પ્રકારનો મારો સ્વભાવ છે ? કયા ગુણસ્થાનક સાથે સંવાદી અથવા વિસંવાદી છે ? એ પ્રકારનું નિજસ્વભાવનું આલોચન કરવું જોઈએ.**

ગુણસ્થાનક સ્વીકારવા માટે કેમ નિજસ્વભાવનું આલોચન કરવું જોઈએ ? તે બતાવે છે –

**તત્સ્વભાવ અનનુગુણ્યમાં=જે ગુણસ્થાનક સ્વીકારવું છે તે ગુણસ્થાનકને અનુરૂપ સ્વભાવના અનનુરૂપપણામાં, તેનું અંગીકરણ=તે ગુણસ્થાનકનું અંગીકરણ, શ્રેય નથી જ; કેમ કે ગુણસ્થાનક સ્વીકારવામાત્રથી, તેની=તે ગુણસ્થાનકની, સિદ્ધિનો=પરિણતિનો, અસંભવ છે.**

અહીં પ્રશ્ન થાય કે ગુણસ્થાનક ભલે પરિણામ ન પામે તોપણ બાહ્ય આચરણા તો તે ગુણસ્થાનકની થશે. તેથી કહે છે –

**વિડંબનામાત્રપણું છે=ગુણસ્થાનકની નિષ્પત્તિનું કારણ ન બને તેવા પ્રકારનું વ્રતનું ગ્રહણ અને તેવી વ્રતની આચરણાનું વિડંબનામાત્રપણું છે.**

**ભાવાર્થ :-**

**(૧) નિજસ્વભાવનું આલોચન :-**

ઉપદેશકના ઉપદેશથી અધિકારી એવા યોગ્ય જીવને પણ દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરવાનો પરિણામ થયો હોય અને તે સાંભળતી વખતે તીવ્ર સંવેગ થયેલો હોય અને તેથી તે વખતે તે વ્રત પ્રત્યેનો અત્યંત અભિલાષ થયો હોય, તોપણ વ્રત ગ્રહણ કરતાં પૂર્વે નિજસ્વભાવનું આલોચન કરવું જોઈએ. તેણે વિચારવું જોઈએ કે મારો સ્વભાવ કેવો છે ? જે ગુણસ્થાનકને હું સ્વીકારવાને ઈચ્છું છું, તેને અનુરૂપ મારો સ્વભાવ છે કે વિપરીત છે ?

આશય એ છે કે જે ગુણસ્થાનક પોતે સ્વીકારવા માટે તત્પર થયો છે, તેમાં પોતે યત્ન કરે તો તેને અનુરૂપ વિરતિના પરિણામવાળો થઈ શકે તેવો તેનો સ્વભાવ છે કે નહીં ? તેનું તેણે સમાલોચન કરવું જોઈએ; કેમ કે સર્વવિરતિ માટે સર્વથા નિરભિષ્વંગપણાને અભિમુખ સ્વભાવ આવશ્યક છે, અને દેશવિરતિ માટે જે વ્રતોનું ગ્રહણ કરવા માટે સન્મુખ થયો છે, તે વ્રતોને અનુરૂપ નિરભિષ્વંગ માનસ કરી શકે તેવો તેનો સ્વભાવ આવશ્યક છે. આવો સ્વભાવ હોય તો તે સ્વભાવ તે ગુણસ્થાનકને સંવાદી છે= અનુકૂળ છે; અને જો ગુણસ્થાનક સ્વીકારીને તે પ્રકારના અભિષ્વંગનો ત્યાગ કરી શકે તેવું ચિત્ત ન હોય

તો તે સ્વભાવ તે ગુણસ્થાનકને વિસંવાદી છે અર્થાત્ તે ગુણસ્થાનકથી વિપરીત તેનું ચિત્ત છે; અને જો તે ગુણસ્થાનકથી વિપરીત તેનું ચિત્ત હોય છતાં તે વ્રત સ્વીકારે તો તેનાથી શ્રેય થતું નથી; કેમ કે વ્રતના ગ્રહણમાત્રથી અથવા તે વ્રતની બાહ્ય સ્થૂળ આચરણામાત્રથી ગુણસ્થાનકની પરિણતિનો અસંભવ છે; અને જે આચરણા કે જે વ્રત, ગુણસ્થાનકની નિષ્પત્તિનું કારણ ન બને તે વ્રતગ્રહણ કે આચરણા વિડંબનામાત્રરૂપ છે. તેથી યોગમાર્ગના અર્થીએ પોતાના સ્વભાવનું સમ્યક્ સમાલોચન કરીને જે ગુણસ્થાનકની પોતાનામાં યોગ્યતા જણાય તે ગુણસ્થાનકના સ્વીકાર માટે યત્ન કરવો જોઈએ.

**ટીકા :-**

**तथा जनवादावगमः - 'किं जनो मम वक्ति? किं नु गुणस्थानकमङ्गीकृत्य योग्यतां सम्भावयति ?' तत्रैव प्रवृत्तिर्न्याय्या, नेतरत्र, अस्य माननीयत्वात् ।**

**ટીકાર્થ :-**

तथा जनवादावगमः ..... अस्य माननीयत्वात् । **(૨) અને જનવાદથી અવગમ=સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનકનો લોકોના અભિપ્રાયથી બોધ.**

તે સ્પષ્ટ કરે છે –

**"મારા વિષયમાં લોકો શું કહે છે ? ગુણસ્થાનકને આશ્રયીને લોકો શું (મારી) યોગ્યતાની સંભાવના કરે છે ?" ત્યાં જ=જે ગુણસ્થાનકની સંભાવના લોકો કરતા હોય ત્યાં જ, પ્રવૃત્તિ ન્યાય્ય છે=ઉચિત છે, नेतरत्र=જે ગુણસ્થાનકની સંભાવના લોકો ન કરતા હોય ત્યાં પ્રવૃત્તિ ન્યાય્ય નથી; કેમ કે આનું=જનવાદનું, માનનીયપણું છે.**

**ભાવાર્થ :-**

**(૨) જનવાદથી અવગમ :-**

ગુણસ્થાનક સ્વીકારવા માટે તૈયાર થયેલ સાધક નિજસ્વભાવનું આલોચન કરે અને તેને નક્કી થાય કે જે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાનો મને અભિલાષ થયો છે, તેને અનુરૂપ મારો સ્વભાવ છે, તેથી હું તેને ગ્રહણ કરીશ તો અવશ્ય તે ગુણસ્થાનકની પરિણતિને પ્રાપ્ત કરીશ, તેવો પણ સાધક જનવાદથી પણ પોતાની યોગ્યતાનો નિર્ણય કરવા પ્રયત્ન કરે. તે વિચારે કે "હું ગુણસ્થાનક સ્વીકારવા તૈયાર થયો છું, તે સાંભળીને લોકો મારા વિષયમાં શું કહે છે ?" અને ધ્યાનપૂર્વક લોકોનો અભિપ્રાય સાંભળે અને તેને ખ્યાલ આવે કે જે ગુણસ્થાનક સ્વીકારવા માટે તે તૈયાર થયો છે, તેને અનુરૂપ યોગ્યતા તેનામાં નથી, એમ લોકો કહેતા હોય અને કહેતા હોય કે આવી વિષમ પ્રકૃતિવાળો જીવ કઈ રીતે આ ગુણસ્થાનકને વહન કરશે ? આવું લોકથી જણાય તો પોતાના માટે તે ગુણસ્થાનક સ્વીકારવું વિચારણીય બને છે.

પરંતુ પોતે ગુણસ્થાનક સ્વીકારવા માટે તૈયાર થયો છે, તેને જાણીને લોક એમ જ કહે કે 'આ મહાત્મા આ પ્રકારના વ્રત માટે યોગ્ય જ છે; કેમ કે તેમની પૂર્વની પ્રવૃત્તિ પણ તેવી જ છે અને આવા મહાત્માઓ આવું ઉત્તમ વ્રત ગ્રહણ કરીને અવશ્ય હિત સાધશે.' આવો જનવાદ લોકો પાસેથી સાંભળવા મળતો હોય તો ત્યાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે.

પરંતુ જે ગુણસ્થાનક લેવા માટે પોતે તૈયાર થયો છે, તેના વિષયમાં લોકો શંકાથી જોતા હોય અને વિચારતા હોય કે આવી તુચ્છ પ્રકૃતિવાળો જીવ કઈ રીતે આ વ્રતોને વહન કરશે ? તેવા સ્થાનમાં નિજસ્વભાવથી પોતાની યોગ્યતા જણાતી હોય તોપણ પ્રયત્ન કરવો ઉચિત નથી; કેમ કે જનવાદ પણ યોગમાર્ગની પ્રવૃત્તિમાં માન આપવા જેવો છે અર્થાત્ સ્થાન આપવા જેવો છે.

**ટીકા :-**

**तथा योगशुद्धिः काय-मनो-वाग्व्यापारशुद्धिः, 'कीदृशा मम योगाः? कस्य गुणस्थानकस्य साधकाः?, न ह्येतत्प्रतिकूलमपि सर्वथा गुणस्थानकं प्रतिपत्तुं न्याय्यम्, "उपहास्यप्रायमेतद् अनिष्टफलं च" इत्याचार्याः ।**

**ટીકાર્થ :-**

तथा योगशुद्धिः ..... इत्याचार्याः । **(૩) અને યોગશુદ્ધિ=કાયા, મન અને વાણીના વ્યાપારની શુદ્ધિ.**

અને તે સ્પષ્ટ કરે છે –

**કેવા મારા યોગો છે ? કયા ગુણસ્થાનકના સાધક છે ? તેનો વિચાર કરવો જોઈએ. આને= યોગશુદ્ધિને, સર્વથા પ્રતિકૂળ પણ ગુણસ્થાનક સ્વીકારવું ન્યાય્ય નથી; કેમ કે એ=ગુણસ્થાનકનો સ્વીકાર, ઉપહાસપ્રાયઃ છે અને અનિષ્ટ ફળવાળો છે, એ પ્રમાણે આચાર્યો કહે છે.**

**ભાવાર્થ :-**

**(૩) યોગશુદ્ધિ :-**

દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનકને સ્વીકારવાને અભિમુખ થયેલા યોગ્ય જીવે જેમ નિજસ્વભાવના આલોચનથી અને જનવાદથી પોતાની યોગ્યતાનો બોધ કરવો જોઈએ, તેમ પોતાની યોગશુદ્ધિથી પણ ગુણસ્થાનકને અનુરૂપ પોતાની યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ. તે માટે તે વિચારે કે ગુણસ્થાનક સ્વીકાર્યા પૂર્વે વર્તમાનમાં મારા મનોયોગ, વચનયોગ અને કાયયોગ કેવા પ્રવર્તે છે ? વર્તમાનમાં મનોયોગાદિ ગુણસ્થાનકની નિષ્પત્તિને અનુકૂળ પ્રવર્તે છે ? કે પ્રતિકૂળ પ્રવર્તે છે ? તેનો વિચાર કરવો જોઈએ. વિચારતાં લાગે કે બાહ્ય નિમિત્તોને પામીને મારી માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓ વિપરીત થાય તેવી છે, છતાં ગુણસ્થાનકનો સ્વીકાર કરીશ, અને તેવાં નિમિત્તોને પામીને મારા મન-વચન-કાયાના વ્યાપારો ગુણસ્થાનકથી વિપરીત પ્રવર્તશે, તો લીધેલા ગુણસ્થાનકની નિષ્પત્તિ તો થશે નહીં, પરંતુ અનિષ્ટ ફળની પ્રાપ્તિ થશે. માટે જે ગુણસ્થાનક સ્વીકારવાને પોતે તૈયાર થયો છે, તેને સર્વથા પ્રતિકૂળ મનોયોગાદિ વર્તતા

હોય તો તે ગુણસ્થાનક સ્વીકારવું ઉચિત નથી. જેમ કે કોઈને સર્વવિરતિ ગ્રહણ કરવાનો અભિલાષ થયો હોય અને નિરભિષ્વંગ માનસ કરવાને અભિમુખ તેના વ્યાપારો પ્રવર્તતા ન હોય, પરંતુ જે તે નિમિત્તને ગ્રહણ કરીને અભિષ્વંગયુક્ત મન-વચન-કાયાના વ્યાપારો થતા હોય, તેવો જીવ ઉપદેશને સાંભળીને, ઉત્સાહમાં આવી જઈને, સર્વવિરતિ ગ્રહણ કરે, તોપણ તુચ્છ પદાર્થોમાં મન-વચન-કાયાને પ્રવર્તન કરવાનો પોતાનો સ્વભાવ હોવાથી સર્વવિરતિની ક્રિયાઓથી કે સ્વાધ્યાયાદિની ક્રિયાથી પણ તે સર્વવિરતિને અભિમુખ પરિણામવાળો થશે નહિ; પરંતુ તેના મન-વચન-કાયાના વ્યાપારો કોઈ ને કોઈ બાહ્ય નિમિત્તનું આલંબન લઈને પોતાની અભિષ્વંગ કરવાની પ્રકૃતિને પુષ્ટ કરશે. તેથી તેવા જીવ માટે સર્વવિરતિનાં વ્રતોનું ગ્રહણ કરવું તે ઉપહાસપ્રાયઃ છે=ઉપહાસતુલ્ય છે, અને વ્રતને ગ્રહણ કરીને મન-વચન-કાયાને વિપરીત પ્રવર્તાવવાથી અનિષ્ટ ફળની પ્રાપ્તિ પણ છે.

આશય એ છે કે વ્રતને લીધા પછી વ્રતને અનુકૂળ મન-વચન-કાયાના યોગોને જે ન પ્રવર્તાવી શકે અને યથાતથા પ્રવર્તાવે, તેવા જીવોને વ્રત પ્રત્યેની અનાદરબુદ્ધિને કારણે કે ઉપેક્ષાના પરિણામને કારણે યોગમાર્ગની પ્રાપ્તિ પણ દુર્લભ બની શકે. માટે યોગશુદ્ધિનો વિચાર કરીને વ્રતગ્રહણ માટે પ્રવર્તવું જોઈએ, એમ આચાર્યો કહે છે.

નિજસ્વભાવઆલોચનમાં પોતાની પ્રકૃતિ કેવા ત્યાગને અનુકૂળ છે, તેની વિચારણા હોય છે અને યોગશુદ્ધિમાં પોતાના પ્રવર્તતા યોગો વ્રતને સન્મુખ યત્ન કરવાથી તે રીતે પ્રવર્તશે કે વિપરીત પ્રવર્તશે તેવી વિચારણા હોય છે.

**ઉત્થાન :-**

નિજસ્વભાવઆલોચન આદિ કરીને, ગુણસ્થાનકનું ઉચિતપણું જાણીને, ત્યાર પછી પણ શું કરવું જોઈએ ? તે બતાવે છે –

**ટીકા :-**

**अत एभिर्निजस्वभावालोचनादिभिः उचितत्वं ज्ञात्वा निमित्ततः सदा प्रवर्तेत। इति गाथार्थः ।।३९।।**

**ટીકાર્થ :-**

**अत एभि ...:. इति गाथार्थः ।।३९।। આથી=નિજસ્વભાવઆલોચન આદિ કર્યા વગર ગુણસ્થાનક સ્વીકારવાથી અનર્થ થાય છે આથી, આ નિજસ્વભાવઆલોચનાદિથી ઉચિતપણું જાણીને સદા=જ્યારે જ્યારે ગુણસ્થાનક સ્વીકારવા માટે તત્પર થાય ત્યારે ત્યારે, નિમિત્તથી=નિમિત્તશુદ્ધિથી, પ્રવર્તવું જોઈએ. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩૯।।**

**અવતરણિકા :-**

**तत्र योगशुद्धिमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=નિજસ્વભાવઆલોચનાદિ ત્રણ કરણોમાં ત્રીજું કરણ યોગશુદ્ધિ છે. તેથી યોગશુદ્ધિને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે ગુણસ્થાનક સ્વીકારવાની પરિણતિ થયે છતે નિજસ્વભાવઆલોચનાદિ દ્વારા તે ગુણસ્થાનકને પોતે યોગ્ય છે, તેનો નિર્ણય થયા પછી, નિમિત્તશુદ્ધિથી ગુણસ્થાનકમાં પ્રવર્તવું જોઈએ. હવે કોઈને ગુણસ્થાનક સ્વીકારવાનો અભિલાષ થયો છે અને તેને અનુરૂપ યોગશુદ્ધિ જણાય નહીં તો યોગશુદ્ધિ માટે શું કરવું જોઈએ ? કે જેથી તે ગુણસ્થાનકને અનુરૂપ યોગશુદ્ધિ થાય ? તે બતાવે છે –

**ગાથા :-**

**गमणाइएहिं कायं णिरवज्जेहिं, वयं च भणिएहिं ।**
**सुहचिंतणेहि य मणं, सोहेज्जा जोगसुद्धि त्ति ।।४०।।**

**અન્વયાર્થ :-**

**णिरवज्जेहिं गमणाइएहिं=નિરવદ્ય ગમનાદિ વડે कायं=કાયાને भणिएहिं च वयं=અને નિરવદ્ય ભણિતિ=વચનપ્રયોગ વડે વાણીને सुहचिंतणेहि य=અને શુભ ચિંતન વડે मणं=મનને सोहेज्जा=શોધન કરે त्ति એ યોગશુદ્ધિ છે. ।।૪૦।।**

**ગાથાર્થ :-**

**નિરવદ્ય ગમનાદિ વડે કાયાને, નિરવદ્ય વચનપ્રયોગ વડે વાણીને અને શુભ ચિંતન વડે મનને શોધન કરે એ યોગશુદ્ધિ છે. ।।૪૦।।**

**ટીકા :-**

**'गमनादिभिः'=गमना-ऽऽसन-स्थानैः, 'कायं'=देहम्, किम्भूतैः? इत्याह - 'निरवद्यैः'=अपापै, 'वाचं च' 'भणितैः' निरवद्यैरेव, 'शुभचिन्तनैश्च' धर्माऽविरोधिभिः साधकैर्वा 'मनः' 'शोधयेत्' । एषा योगशुद्धि तथा मध्यमादिभेदेन तत्तद्गुणस्थानापेक्षया इति, एवं निजस्वभावालोचनजनवादावगमयोरपि शुद्धिः स्वबुद्ध्या द्रष्टव्याः । इति गाथार्थः ।।४०।।**

**ટીકાર્થ :-**

**गमनादिभिः'= ..... इति गाथार्थः ।।४०।। ગમનાદિ વડે=ગમન, આસન અને સ્થાન વડે, કાયાને, કેવા પ્રકારની કાયાને ? એથી કહે છે –**

**નિરવદ્ય=અપાપ, એવા ગમનાદિ વડે કાયાને શોધન કરે એમ અન્વય છે, અને નિરવદ્ય જ ભણિતિ વડે=વચનપ્રયોગ વડે, વાણીને શોધન કરે એમ અન્વય છે, અને ધર્મ અવિરોધી એવા=સંસારની પ્રવૃત્તિમાં ધર્મને અવિરોધી એવા શુભ ચિંતન વડે, અથવા સાધક શુભ ચિંતન વડે=ધર્મની પ્રવૃત્તિમાં ગુણસ્થાનકને સાધક એવા શુભ ચિંતન વડે, મનનું શોધન કરે. તે તે ગુણસ્થાનકની અપેક્ષાએ=જે જે ગુણસ્થાનક પોતે સ્વીકારવા માટે અભિમુખ થાય તે તે ગુણસ્થાનકની અપેક્ષાએ, તે પ્રકારના=જે ગુણસ્થાનક પોતાને સ્વીકારવાનું છે તે ગુણસ્થાનકની નિષ્પત્તિનું કારણ બને તે પ્રકારના, મધ્યમાદિ ભેદથી આ યોગશુદ્ધિ છે.**

**'इति' શબ્દ યોગશુદ્ધિના કથનની સમાપ્તિમાં છે.**

**एवं=એ રીતે=જે રીતે યોગશુદ્ધિ પૂર્વમાં બતાવી એ રીતે, નિજસ્વભાવઆલોચન અને જનવાદથી અવગમની પણ શુદ્ધિ સ્વબુદ્ધિથી વિચારવી. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪૦॥**

❖ 'मध्यमादिभेदेन' અહીં 'आदि' થી ઉત્કૃષ્ટ ભેદનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં બતાવ્યું કે ભાવથી ગુણસ્થાનક સ્વીકારવાનો પરિણામ થયા પછી નિજસ્વભાવઆલોચન આદિ દ્વારા પોતાની યોગ્યતાનો નિર્ણય કરીને ત્યાર પછી ગુણસ્થાનક સ્વીકારવું જોઈએ, પરંતુ રાભસિક વૃત્તિથી ગુણસ્થાનક સ્વીકારવું ઉચિત નથી.

હવે કોઈને ગુણસ્થાનક સ્વીકારવાનો અત્યંત અભિલાષ છે, આમ છતાં તેને અનુરૂપ મન, વચન અને કાયાની શુદ્ધિ ન જણાય તો શું કરવું કે જેથી યોગશુદ્ધિની પ્રાપ્તિ થાય ? અને પોતે ઈચ્છિત ગુણસ્થાનકમાં યત્ન કરી શકે ? તે બતાવે છે –

જવું-બેસવું-ઊભા રહેવું વગેરે કાયાદિની ક્રિયા નિરવદ્ય કરવા માટે પ્રયત્ન કરે કે જેથી ગુણસ્થાનકને અનુરૂપ કાયાદિની શુદ્ધિ પ્રગટ થાય. વળી જે તે ભાષા જ્યારે ત્યારે બોલવાની ટેવ છે, તે દૂર કરીને જે ગુણસ્થાનક પોતાને સ્વીકારવું છે; તેને અનુરૂપ નિરવદ્ય ભાષા બોલવા વડે વાણીની શુદ્ધિ કરે; અને સંસારની સર્વ પ્રવૃત્તિમાં ધર્મને અવિરોધી શુભચિંતન વડે મનની શુદ્ધિ કરે. અર્થાત્ જે દેશવિરતિ ગુણસ્થાનક કે સર્વવિરતિ ગુણસ્થાનક પોતાને સ્વીકારવું છે, તે ગુણસ્થાનકને અનુરૂપ મનને નિષ્પન્ન કરવા માટે ધનાર્જનાદિમાં કે ગૃહસ્થના વ્યવહારમાં અત્યંત ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ કરે કે જેથી મનમાં ધર્મને અવિરોધી એવું શુભ ચિંતન પ્રગટ થાય. વળી જેમ સંસારમાં સર્વ પ્રવૃત્તિમાં શુભ ચિંતન કરવાનું છે, તેમ ભગવદ્ભક્તિ કે ગુણવાનની ભક્તિ કરે કે અન્ય કોઈ ધર્મઅનુષ્ઠાન સેવે તોપણ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તે રીતે શુભ ચિંતન વડે કરીને મનને પ્રવર્તાવે.

આશય એ છે કે ભગવાનની ભક્તિ આદિ કાળમાં પણ નિર્લેપ દશાની વૃદ્ધિનું કારણ બને તે રીતે મન પ્રવર્તતું ન હોય, પરંતુ લોકમાં સારું દેખાશે કે ખરાબ દેખાશે ? એ રીતે મન પ્રવર્તતું હોય કે

સંમૂર્ચ્છિમની જેમ પ્રવર્તતું હોય કે યથાતથા પ્રવર્તતું હોય, તેને નિવર્તન કરીને નિરભિષ્વંગભાવ તરફ ચિત્તનું ગમન થાય, તે રીતે પૂજાદિ અનુષ્ઠાનમાં મનને પ્રવર્તાવે, જેથી ગુણસ્થાનકને અનુરૂપ મનની શુદ્ધિ થાય. એ રીતે અન્ય પણ ધર્મઅનુષ્ઠાનોમાં પ્રવર્તન કરે કે જેથી ગુણસ્થાનકને માટે આવશ્યક એવું શુભ ચિંતન પ્રગટ થાય.

આ યોગશુદ્ધિ તે તે ગુણસ્થાનકની અપેક્ષાએ તે પ્રકારના મધ્યમાદિ ભેદથી છે.

આશય એ છે કે પોતે જે ગુણસ્થાનક સ્વીકારવા માટે તત્પર થયેલો હોય તેની અપેક્ષાએ કોઈકને આ શુદ્ધિ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તેવી મધ્યમ પ્રકારની હોય, તો કોઈકને ઉત્કૃષ્ટ પ્રકારની હોય. જીવોને જે ગુણસ્થાનક સ્વીકારવાનું છે, તે ગુણસ્થાનકને અનુરૂપ મધ્યમ પ્રકારની શુદ્ધિ જેઓને હોય, તેઓ ગુણસ્થાનકના સ્વીકારની સાથે ગુણસ્થાનકની પરિણતિને પ્રાપ્ત કરી શકતા નથી, તોપણ તે ગુણસ્થાનકની ક્રિયાના અવલંબનથી અને ઉત્કૃષ્ટ સત્ત્વવાળા યોગી પુરુષોના અવલંબનથી તે ગુણસ્થાનકની પરિણતિ પ્રગટ કરી શકે એવા છે, માટે તેઓ પણ એ ગુણસ્થાનકને સ્વીકારવા માટે અધિકારી છે; અને જેઓ પૂર્વમાં બતાવ્યું એ પ્રકારે મન-વચન-કાયાની શુદ્ધિમાં યત્ન કરે અને તેનાથી પોતાને જે ગુણસ્થાનક સ્વીકારવું છે તેને અનુરૂપ ઉત્કૃષ્ટ શુદ્ધિને પ્રાપ્ત કરે, તો તેઓ દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારે કે તરત જ ભાવથી તે ગુણસ્થાનક સમ્યક્ પરિણમન પામે.

આ પ્રકારે પ્રયત્ન કરીને યોગશુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી ગુણસ્થાનક સ્વીકારવાનો યત્ન કરવામાં આવે તો તે ગુણસ્થાનકની નિષ્પત્તિ કોઈકને તરત થાય તો કોઈકને વિલંબનથી થાય. જે લોકોને ઉત્કૃષ્ટ શુદ્ધિ છે, તેઓને તરત ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય અને જેઓને મધ્યમ શુદ્ધિ છે, તેઓને વિલંબનથી ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય.

એ રીતે=જે રીતે યોગશુદ્ધિ પૂર્વમાં બતાવી એ રીતે, નિજસ્વભાવનું આલોચન અને જનવાદથી અવગમશુદ્ધિ સ્વબુદ્ધિથી વિચારી લેવી જોઈએ; અને જો પોતાનામાં ગુણસ્થાનકને અનુરૂપ નિજસ્વભાવ દેખાતો ન હોય તો ગુણસ્થાનકને અનુરૂપ નિજસ્વભાવ પ્રગટ કરવા માટે યત્ન કરવો જોઈએ અને ગુણસ્થાનકને અનુરૂપ નિજસ્વભાવની શુદ્ધિ પ્રાપ્ત થાય ત્યાર પછી ગુણસ્થાનકમાં યત્ન કરવો જોઈએ.

વળી પોતે જે ગુણસ્થાનક સ્વીકારવા માંગે છે તેની જનવાદથી પોતાની યોગ્યતા નથી તેવું જણાય ત્યારે, પોતાની પ્રવૃત્તિને સુધારીને, લોકો પાસેથી સાંભળવા મળે કે 'હવે આ જીવ ગુણસ્થાનક માટે યોગ્ય છે' ત્યારે જનવાદથી અવગમની શુદ્ધિ પ્રાપ્ત થાય; અને તે શુદ્ધિની પ્રાપ્તિ થયા પછી તે ગુણસ્થાનક સ્વીકારવામાં યત્ન કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે ઉપદેશકના ઉપદેશને સાંભળીને કોઈને તીવ્ર અભિલાષ થાય કે મારે દેશવિરતિ સ્વીકારવી છે, ત્યારપછી તે નિજસ્વભાવાદિ ત્રણનું આલોચન કરે, અને તે ત્રણેથી પોતે દેશવિરતિ ગુણસ્થાનકને યોગ્ય છે એવું જણાય, ત્યાર પછી દેશવિરતિ ગુણસ્થાનકને સ્વીકારે.

હવે જો નિજસ્વભાવઆલોચનાદિ ત્રણેથી પોતાની ગુણસ્થાનકને સ્વીકારવાની યોગ્યતા જણાય

નહીં તો તે યોગ્યતા પ્રગટ કરવા દેશવિરતિ સ્વીકારનાર સાધક પ્રથમ પોતાના મન-વચન-કાયાના યોગોને તે રીતે શુદ્ધ કરે કે જેથી એ ગુણસ્થાનકને અનુરૂપ તેના મન-વચન-કાયાની પ્રાપ્તિ થાય. આ રીતે યત્નપૂર્વક યોગશુદ્ધિમાં યત્ન કરવા છતાં પણ પોતાનો સ્વભાવ હજી તે ગુણસ્થાનકને અનુરૂપ બન્યો નથી, તેવું જણાય, તો સંવરભાવને અભિમુખ પોતાનો સ્વભાવ પ્રગટ કરવા માટે શુભ મનોયોગ, શુભ વચનયોગ અને શુભ કાયયોગને સમ્યક્ પ્રવર્તાવીને ગુણસ્થાનકને અનુરૂપ પોતાના સ્વભાવને નિષ્પન્ન કરે, કે જેથી સંવરભાવને અભિમુખ પોતાનો સ્વભાવ પ્રગટ થાય; અને આ પ્રકારનો પોતાનો સ્વભાવ પ્રગટ થાય તો નક્કી થાય કે નિજસ્વભાવની શુદ્ધિ પ્રગટ થઈ છે.

વળી જો તેના વર્તનથી લોકો તેના માટે કહેતા હોય કે "આ વ્યક્તિ દેશવિરતિને યોગ્ય નથી" તેથી જનવાદ દ્વારા પોતાની યોગ્યતાની શુદ્ધિ નથી, તેવો નિર્ણય થયો હોય ત્યારે, પોતાનું વર્તન દીર્ઘકાળ સુધી એવું સેવન કરે કે જેથી લોકો પણ કહેવા માંડે કે "હવે આ જીવ દેશવિરતિ ગુણસ્થાનકને અનુકૂળ પ્રકૃતિવાળો છે" ત્યારે જનવાદની શુદ્ધિની પ્રાપ્તિ થાય.

આ રીતે નિજસ્વભાવાદિની શુદ્ધિ પ્રાપ્ત થયા પછી ગુણસ્થાનકને સ્વીકારવામાં આવે તો તે ગુણસ્થાનક તેને સમ્યક્ પરિણમન પામે; અને જેમ દેશવિરતિ માટે તેને અનુરૂપ યોગાદિની શુદ્ધિમાં યત્ન કરીને ગુણસ્થાનક અનુરૂપ શુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી ગુણસ્થાનકનો સ્વીકાર કરવો ઉચિત છે, તેમ સર્વવિરતિ ગ્રહણ કરવા અભિમુખ થયેલાએ સર્વવિરતિને અનુકૂળ યોગાદિની શુદ્ધિ વર્તતી ન હોય તો તેમાં યત્ન કરીને સર્વવિરતિ ગુણસ્થાનકને અનુરૂપ શુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તે ગુણસ્થાનકનો સ્વીકાર કરવો ઉચિત છે.

પ્રસ્તુત ગાથામાં નિજસ્વભાવઆલોચન આદિના ક્રમને છોડીને યોગશુદ્ધિનો માત્ર ઉપાય બતાવ્યો અને નિજસ્વભાવઆલોચન અને જનવાદથી અવગમની શુદ્ધિ સ્વયં સમજી લેવી તેમ કહ્યું. તેનું કારણ, ગુણસ્થાનકની શુદ્ધિનો અર્થી ગુણસ્થાનકની શુદ્ધિને માટે સાક્ષાત્ યત્ન તો યોગશુદ્ધિમાં કરી શકે, અને યોગશુદ્ધિ થયા પછી સ્વભાવનું પરિવર્તન ન જણાય તો દીર્ઘકાળ સુધી યોગશુદ્ધિમાં યત્ન કરવાથી ગુણસ્થાનકને અનુરૂપ પોતાના સ્વભાવનું પરિવર્તન થાય છે, અને તે પ્રકારે પોતાના સ્વભાવનું પરિવર્તન થયા પછી પણ લોકોમાં હજી તેની યોગ્યતા જણાતી ન હોય તો લોકો એમ કહેતા હોય કે હજુ આ પુરુષ આ ગુણસ્થાનકને યોગ્ય નથી, ત્યારે તે વ્યક્તિ વધુ દીર્ઘકાળ સુધી મન, વચન અને કાયાને ઉચિત રીતે પ્રવર્તાવે તો ધીરે ધીરે લોકમાં પણ તેના વિષયક અભિપ્રાય ફરવા માંડે છે; અને જ્યારે લોકો પણ અભિપ્રાય આપે કે "હવે આ જીવ ગુણસ્થાનક સ્વીકારવાને યોગ્ય છે" ત્યારે એ નક્કી થાય કે પોતે પૂર્વની વિપરીત પ્રવૃત્તિને મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિ દ્વારા તે રીતે ફેરવી નાંખી કે જેથી યોગની શુદ્ધિ પ્રાપ્ત થઈ અને ક્રમસર નિજસ્વભાવાલોચનની શુદ્ધિ પ્રાપ્ત થઈ અને લોકોમાં પણ પોતાની યોગ્યતા દેખાય ત્યાં સુધી પોતે ઉચિત પ્રવૃત્તિ કરી શકે તેટલો સંપન્ન થયો છે; માટે હવે ગુણસ્થાનક સ્વીકારવાથી તે ગુણસ્થાનકને આ સાધક સારી રીતે વહન કરી શકશે. **II૪૦II**

**અવતરણિકા :-**

इहैव मतान्तरमभिधातुमाह -

**અવતરણિકાર્થ :-**

અહીંયાં જ=ગાથા-૩૯માં કહ્યું કે મારા મન-વચન અને કાયાના યોગો કેવા છે ? ગુણસ્થાનકના સાધક છે કે નહીં ? તે પ્રમાણે યોગશુદ્ધિને જાણવા માટે યત્ન કરવો જોઈએ, એના વિષયમાં જ, મતાંતરને=અન્ય મતને, કહેવા માટે કહે છે –

**ગાથા :-**

सुहसंठाणा अण्णे कायं, वायं च सुहसरेणं तु ।
सुहसुविणेहिं च मणं, जाणेज्जा साहु सुद्धि त्ति ।।४१।।

**અન્વયાર્થ :-**

अण्णे=અન્ય માને છે - सुहसंठाणा कायं=શુભ સંસ્થાનથી કાયાને सुहसरेणं तु वायं च=અને શુભ સ્વરથી વચનને सुहसुविणेहिं च मणं=અને શુભ સ્વપ્નોથી મનને जाणेज्जा=જાણે, साहु सुद्धि=તે તે યોગના ઔચિત્યને આશ્રયીને સુંદર યોગશુદ્ધિ છે. ।।૪૧।।

**ગાથાર્થ :-**

**અન્ય માને છે – શુભ સંસ્થાનથી કાયાને અને શુભ સ્વરથી વચનને અને શુભ સ્વપ્નોથી મનને જાણે, તે તે યોગના ઔચિત્યને આશ્રયીને સુંદર યોગશુદ્ધિ છે. ।।૪૧।।**

નોંધ :- (૧) ગાથામાં 'त्ति' પાદપૂર્તિ માટે છે.

(૨) 'તે તે યોગના ઔચિત્યને આશ્રયીને' - આટલું કથન પ્રક્રમથી પ્રાપ્ત છે.

**ટીકા :-**

'शुभसंस्थानात्'=उन्मानमान-गति-सारादिशुद्धात्, पुरुषलक्षणोपलक्षणमेतत्, 'अन्ये' - तन्त्रान्तरीया एवं मन्यन्ते, 'कायं' तद्योगोचितं जानीयादिति योगः । तथा 'वाचं च' 'शुभस्वरेण' – गम्भीर-मधुराऽऽज्ञापकादिभेद-भिन्नेन तद्योगोचितां 'जानीयात्' । तथा 'शुभस्वप्नैश्च' – शुक्लस्वप्नरूपैः समुद्रनदीहृदप्रतरणादिभिः सन्ततेतरादिभेदभिन्नैः 'मनः' 'जानीयात्' । तत्तद्योगौचित्यमङ्गीकृत्येति प्रक्रमः । 'साधु शुद्धिरिति' शोभनैव योगशुद्धिः । इति गाथार्थः

**ટીકાર્થ :-**

'शुभसंस्थानात्'= ..... इति गाथार्थः અન્ય તંત્રાંતરીઓ આ પ્રમાણે માને છે : ઉન્માનમાનગતિસારાદિ

**શુદ્ધ એવા=ઉન્માન-માન સાર હોય અને ગતિસાર આદિ હોય તેના કારણે શુદ્ધ એવા, શુભ સંસ્થાનથી કાયાને, तद्योगोचितां=જે ગુણસ્થાનક સ્વીકારવા માટે તે તત્પર થયો છે તે યોગને ઉચિત, जानीयाद्=જાણવી, इति योगः એ પ્રમાણે ગાથામાં સંબંધ છે. एतत्=આ શુભ સંસ્થાન, પુરુષના લક્ષણનું ઉપલક્ષણ છે.**

**અને ગંભીર-મધુર-આજ્ઞાપકાદિ ભેદથી ભિન્ન એવા શુભ સ્વર વડે વાણીને, तद्योगोचितां=જે ગુણસ્થાનક સ્વીકારવા માટે તે તત્પર થયો છે તે યોગને ઉચિત, જાણવી.**

**અને सन्तत=સતત, અને इतरादि=ક્યારેક ક્યારેક આવતા વગેરે ભેદથી ભિન્ન એવા સમુદ્ર, નદી, સરોવર તરવા વગેરે શુક્લસ્વપ્નરૂપ શુભ સ્વપ્ન વડે મનને જાણવું=તે મનને યોગને ઉચિત જાણવું.**

**તે તે યોગના=દેશવિરતિ કે સર્વવિરતિરૂપ તે તે યોગના, ઔચિત્યને આશ્રયીને સાધુશુદ્ધિ છે= શોભન જ યોગશુદ્ધિ છે.**

**અહીં મૂળ ગાથામાં 'जाणेज्जा' પછી માત્ર 'साहु सुद्धि' છે. તેથી ટીકામાં ખુલાસો કર્યો કે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાનો જે પ્રક્રમ ચાલે છે, તે પ્રક્રમથી અહીં તે તે યોગના ઔચિત્યને આશ્રયીને સાધુશુદ્ધિ છે=શોભન જ યોગશુદ્ધિ છે, એમ પ્રક્રમથી સંબંધ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. અર્થાત્ ગાથાસ્પર્શી ટીકા અહીં સમાપ્ત થાય છે.**

❖ 'उन्मानमान-गतिसारादिशुद्धात्' અહીં 'आदि' થી અંગોપાંગસારાદિનું ગ્રહણ કરવું.

❖ 'आज्ञापकादि' અહીં 'आदि' થી વચનની રોચકતા આદિનું ગ્રહણ કરવું.

❖ 'समुद्रनदीहृदप्रतरणादिभिः' અહીં 'आदि' થી પર્વતઆરોહણાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગાથા-૩૯માં કહેલ કે ઉપદેશકનો ઉપદેશ સાંભળીને ભાવથી ગુણસ્થાનક સ્વીકારવાના પરિણામ થાય ત્યારે નિજસ્વભાવઆલોચનાદિથી પોતાની યોગ્યતાનો વિચાર કરીને ગુણસ્થાનક સ્વીકારવું જોઈએ; અને નિજસ્વભાવઆલોચનાદિમાં યોગશુદ્ધિનો પણ વિચાર કરવાનો છે અને તે યોગશુદ્ધિનો વિચાર કઈ રીતે કરવો જોઈએ ? એ બતાવતાં ટીકામાં ખુલાસો કર્યો કે પોતાના મન-વચન-કાયાના યોગો, જે ગુણસ્થાનક પોતાને સ્વીકારવું છે તેને અનુકૂળ છે કે નહીં ? તેનો વિચાર કરીને યોગશુદ્ધિને જાણવી.

હવે યોગશુદ્ધિને જાણવા માટે અન્ય દર્શનકારો શું કહે છે ? તે મતાંતર ગ્રંથકાર બતાવે છે –

અન્ય દર્શનકારો કહે છે કે જે જીવ ગુણસ્થાનક સ્વીકારવા તૈયાર થયો છે, તેના શરીરનું સંસ્થાન શુભ હોય અને તેનું શરીર પુરુષના લક્ષણોથી યુક્ત હોય તો સમજવાનું કે તેની કાયા યોગને ઉચિત છે અર્થાત્ જે ગુણસ્થાનક સ્વીકારવું છે તેને અનુકૂળ તેનો કાયયોગ છે; અને તેનાં વચનો શુભ સ્વરવાળાં હોય તો જાણવું કે તે જે ગુણસ્થાનક સ્વીકારવાનો છે તેને અનુકૂળ તેનો વાગ્ યોગ છે; વળી તેને સુંદર સ્વપ્નો આવતાં હોય તેના ઉપરથી નક્કી થાય કે જે ગુણસ્થાનક સ્વીકારવું છે તેને અનુકૂળ તેનો મનોયોગ છે.

આ શુભ સંસ્થાનાદિ શું છે ? તે બતાવતાં કહે છે –

**(૧) શુભ સંસ્થાન :-** જેનું શરીર માન-ઉન્માનથી યુક્ત હોય અર્થાત્ જેના શરીરનો આકાર, લંબાઈ, પહોળાઈ, જાડાઈ સર્વની અપેક્ષાએ પ્રમાણોપેત હોય તે માન-ઉન્માનયુક્ત કહેવાય. વળી જેની ગતિ સુંદર હોય અર્થાત્ જેની ચાલ સુંદર હોય અને જે પુરુષના લક્ષણોથી યુક્ત હોય તે શુભ સંસ્થાનવાળા જાણવા.

**(૨) શુભ સ્વર :-** જેનું વચન ગંભીર હોય, મધુર હોય અને આજ્ઞાપકાદિ ગુણોથી યુક્ત હોય= તેનાં વચનો બીજાથી માન્ય થાય તેવાં હોય, તે શુભ સ્વરવાળા જાણવા.

**(૩) શુભ સ્વપ્ન :-** પોતે સમુદ્રથી, નદીથી કે સરોવરથી તરી ગયો, આવાં સ્વપ્નાંઓ જેને સતત અથવા તો ક્યારેક ક્યારેક આવતાં હોય, તે શુભ સ્વપ્નવાળા જાણવા.

આવું જેને શુભ સંસ્થાન હોય, જેનો સુંદર સ્વર હોય, જેને સુંદર સ્વપ્નો આવતાં હોય, તેના ત્રણે યોગો, જે ગુણસ્થાનક સ્વીકારવાનું છે તેને અનુકૂળ શુદ્ધ છે, તે પ્રકારે અન્ય દર્શનકારો કહે છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૩૯માં પોતાની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ દ્વારા યોગશુદ્ધિનો વિચાર કરીને પોતે ગુણસ્થાનકને યોગ્ય છે કે નહીં ? તેનો નિર્ણય કરવા માટે બતાવેલ છે, અને પ્રસ્તુત ગાથામાં પુદ્ગલાત્મક શરીર, પુદ્ગલાત્મક વાણી અને પુદ્ગલાત્મક મન, એ ત્રણે જેના સુંદર હોય તેને આશ્રયીને ગુણસ્થાનક સ્વીકારવાને અનુકૂળ યોગશુદ્ધિ છે, તેમ કહેલ છે; અને અપેક્ષાએ આ બીજું કથન પણ સમ્યક્ છે. તેને સ્વયં ગ્રંથકાર આગળ બતાવે છે.

**ઉત્થાન :-**

અવતરણિકામાં કહ્યું કે યોગશુદ્ધિને જાણવાના વિષયમાં મતાંતરને કહે છે, અને ટીકામાં 'अन्य' શબ્દનો અર્થ કર્યો કે તંત્રાંતરીઓ અર્થાત્ અન્ય દર્શનવાળા, આ પ્રમાણે માને છે. તેથી એમ લાગે કે યોગશુદ્ધિ જાણવાનો ઉપાય ગાથા-૩૯માં કહ્યો તે પ્રમાણે છે અને આ અન્ય દર્શનવાળાનો મત છે, પણ ગ્રંથકારને માન્ય નથી. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

**ટીકા :-**

**एतदपि तन्त्रान्तरीयमतं साध्वेव, न ह्यमहापुरुषा योगिनो भवन्ति, योगस्य भावैश्वर्यादेरमहापुरुषाभावतोऽस्य गुरुतरत्वोपपत्तेः, दृश्यन्ते चैवंविधानामेव महापुरुषाणां तदितरमहापुरुषेभ्यो भावसारमनिन्दितप्रतिपत्त्यादीनि । कृतं प्रसङ्गेन ।।४१।।**

**ટીકાર્થ :-**

**एतदपि तन्त्रान्तरीयमतं ..... कृतं प्रसङ्गेन ।।४१।। આ પણ=ઉપરમાં વર્ણન કર્યું એ પણ તંત્રાંતરીય મત=અન્યદર્શનકારનો મત, સાધુ જ છે; हि=જે કારણથી, અમહાપુરુષો=શુભસંસ્થાનાદિ**

**રહિત અમહાપુરુષો, યોગી થતા નથી; કેમ કે અમહાપુરુષના અભાવવાળા એવા આના=શુભસંસ્થાનાદિ ગુણોવાળા એવા મહાપુરુષના, ભાવઐશ્વર્યાદિરૂપ યોગના=ઉત્તમ પ્રકારની ગુણસંપત્તિ આદિરૂપ યોગના, ગુરુતરત્વની ઉપપત્તિ છે; અને તેનાથી અર્થાત્ શુભસંસ્થાનવાળા મહાપુરુષોથી ઈતર એવા મહાપુરુષોથી= શુભસંસ્થાનાદિથી રહિત અને યત્નથી ગુણસ્થાનકને પ્રાપ્ત કર્યું છે એવા મહાપુરુષોથી, આવા પ્રકારના જ મહાપુરુષોની=શુભસંસ્થાનાદિ ગુણોથી યુક્ત હોય એવા પ્રકારના જ મહાપુરુષોની, ભાવસાર એવી=પરિણામપ્રધાન એવી, અનિંદિત પ્રતિપત્તિ આદિ=અત્યંત ઔચિત્યપૂર્વક વ્રતનો સ્વીકાર આદિ, દેખાય છે. પ્રસંગથી સર્યું. ।।૪૧।।**

❖ 'भावैश्वर्यादेः' અહીં 'आदि' થી ઉત્તમ આચરણાનું ગ્રહણ કરવું.

❖ 'भावसारमनिन्दितप्रतिपत्त्यादीनि' અહીં 'आदि' થી સમ્યક્ પાલન અને નિષ્ઠા સુધી ઔચિત્યપૂર્વકનું સેવન.

**ભાવાર્થ :-**

પૂર્વમાં અન્ય દર્શનવાળાનો મત બતાવ્યો કે જેનું શુભ સંસ્થાન હોય, જેને શુભ સ્વર હોય અને શુભ સ્વપ્નાંઓ આવતાં હોય, તેના યોગો ગુણસ્થાનકને સ્વીકારવા માટે યોગ્ય છે, એ કથન સુંદર જ છે; કેમ કે શુભસંસ્થાનાદિ વગરના એવા અમહાપુરુષો યોગી બનતા નથી.

આશય એ છે કે જેને સુંદર સંસ્થાનાદિ મળેલા હોય છે તેઓ મહાપુરુષો છે, અને તેવા જીવો યોગીઓ બની શકે છે; કેમ કે તેવા જીવોમાં અમહાપુરુષપણાનો અભાવ હોવાના કારણે ભાવઐશ્વર્યરૂપ યોગ ગુરુતર બને છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે લોકો શુભસંસ્થાનાદિ ગુણોથી યુક્ત હોય છે, તેઓ મહાપુરુષો હોય છે, અને યોગ પણ ઉત્તમ ગુણોને વહન કરે તેવા ભાવઐશ્વર્યવાળો છે, તેથી મહાપુરુષો જ્યારે ભાવઐશ્વર્યવાળા યોગને સ્વીકારે છે, ત્યારે તે યોગ તેઓમાં ગુરુતાને પામે છે અર્થાત્ વૃદ્ધિને પામે છે. આ જ વાત યુક્તિથી બતાવે છે કે જેઓ શુભસંસ્થાનાદિ ગુણોથી યુક્ત નથી, તેઓ પણ ઉપદેશ સાંભળીને યોગમાર્ગના અર્થી બને ત્યારે યત્નપૂર્વક પોતાના મન-વચન-કાયાની શુદ્ધિ કરે છે, અને યોગમાર્ગને સ્વીકારે ત્યારે તેઓ પણ મહાપુરુષ બને છે; તોપણ તેમના કરતાં શુભસંસ્થાનવાળા મહાપુરુષો યોગમાર્ગને સ્વીકારે તો તેઓ વિશેષ પ્રકારના યોગમાર્ગનું પાલન કરે છે.

આશય એ છે કે ભૂતકાળમાં જેણે યોગને સેવ્યો નથી અને તેના કારણે જેને ઉત્તમ પુણ્યપ્રકૃતિઓ પ્રાપ્ત થઈ નથી, તેના કારણે શુભસંસ્થાનાદિ ત્રણે યોગો પણ શુભ પ્રાપ્ત થયા નથી; આમ છતાં પ્રકૃતિભદ્રકતાને કારણે યોગી પાસેથી ઉપદેશ સાંભળીને જેઓ યોગમાર્ગની રુચિવાળા થયા છે અને યોગમાર્ગની નિષ્પત્તિ માટે પોતાના મન-વચન-કાયાના યોગની શુદ્ધિ ગાથા-૪૦માં બતાવ્યા પ્રમાણે કરી છે, જેથી તેઓ પણ યોગમાર્ગના અધિકારી બન્યા; તોપણ શુભસંસ્થાનાદિ ગુણોથી યુક્ત યોગના અધિકારી એવા મહાપુરુષો કરતાં શુભસંસ્થાનાદિ ગુણોથી રહિત એવા તે મહાપુરુષો જુદા પડે છે. તેથી

યોગમાર્ગમાં તેઓ પ્રવર્તે છે ત્યારે તેઓની યોગની પ્રવૃત્તિઓ અનેક સ્ખલનાવાળી પણ થતી હોય છે છતાં ધીરે ધીરે પ્રયત્નપૂર્વક સ્ખલનાઓને દૂર કરીને તેઓ યોગમાર્ગને સાધે છે. જ્યારે શુભસંસ્થાનાદિ ગુણોથી યુક્ત એવા મહાપુરુષો યોગમાર્ગને સ્વીકારે છે ત્યારે તેઓને ભાવસાર અનિંદિત પ્રતિપત્તિ થાય છે અર્થાત્ ઉત્તમ પરિણતિપ્રધાન એવી ઔચિત્યપૂર્વકની ગુણસ્થાનકની સ્વીકૃતિ થાય છે, અને સ્વીકાર્યા પછી નિરતિચાર પાલન થાય છે, જેથી ઉત્તરોત્તર યોગમાર્ગની વિશુદ્ધિ વધે છે. તેમના જેવી ઉત્તમ પ્રવૃત્તિ શુભસંસ્થાનાદિ ગુણોથી રહિત એવા મહાપુરુષો યોગમાર્ગની પ્રવૃત્તિ કરતા હોય તોપણ કરી શકતા નથી. આથી તીર્થંકરના જીવો શુભ સંસ્થાન, શુભ સ્વર અને શુભ મનોયોગથી ઉત્તમ હોય છે અને તેના કારણે સંયમ ગ્રહણ કરતાં જ તેમને વિશુદ્ધ કોટિનું સંયમ પરિણામ પામે છે અને નિરતિચાર સંયમના પારને પામે છે.

**कृतं प्रसङ्गेन** :- ગાથા-૩૯માં ગુણસ્થાનકને સ્વીકારવાની વિધિ બતાવી, ત્યાં યોગશુદ્ધિ દ્વારા પોતે ગુણસ્થાનકને ઉચિત છે કે નહીં તેની વિચારણા જણાવી, અને પોતાનામાં યોગશુદ્ધિ ન જણાય તો શુદ્ધ કરવાનો ઉપાય ગાથા-૪૦માં બતાવ્યો. ત્યાં પ્રાસંગિક ગ્રંથકારને મતાંતરનું સ્મરણ થયું અને તે મતાંતર પણ અહીં બતાવવો ઉચિત છે, તેથી પ્રાસંગિક રીતે તે મતાંતર બતાવ્યો. તે મતાંતરનું કથન પૂર્ણ થવાથી કહે છે કે 'પ્રસંગથી સર્યું,' જેથી ખ્યાલ આવે કે મતાંતરનું કથન તે પ્રાસંગિક કથન છે અને અહીં પૂર્ણ થાય છે.**॥૪૧॥**

**અવતરણિકા :-**

**एवं तावदोघत एवौचित्यगतमिह विधिमभिधाय अत्रैव प्रतिपत्तिगतमभिधित्सुराह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૩૯ અને ગાથા-૪૦માં બતાવ્યું એ રીતે, ઓઘથી જ=સામાન્યથી જ, અહીં=દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાના વિષયમાં, ઔચિત્યગત વિધિને બતાવીને, અહીં જ=દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાના વિષયમાં જ, પ્રતિપત્તિગત વિધિને=વ્રત સ્વીકારવા વિષયક વિધિને, કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે –**

**નોંધ** :- અહીં ઔચિત્યગત વિધિ ઓઘથી જ કહી છે, તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ગુણસ્થાનક સ્વીકારવા માટે કોઈ તૈયાર થયેલ હોય તેને નિજસ્વભાવાલોચનાદિ ઔચિત્યની વિધિ છે, તે સામાન્ય રીતે સર્વ જીવોને આશ્રયીને છે. આમ છતાં કોઈ જીવવિશેષને આશ્રયીને જુદા પ્રકારની વિધિ પણ પ્રાપ્ત થાય. જેમ કોઈ અતિશય જ્ઞાની, ગુણસ્થાનક સ્વીકારવા તૈયાર થયેલ કોઈ જીવની યોગ્યતા વિશેષ જુએ કે લાભ વિશેષ જુએ તો આ નિજસ્વભાવાલોચનાદિ વિધિ વિના પણ અર્થાત્ આ વિધિનું ઉલ્લંઘન કરીને પણ, ગુણસ્થાનક સ્વીકારની અનુમતિ આપે. આમ છતાં સામાન્ય રીતે ગુણસ્થાનકને સ્વીકારવાની ઈચ્છા થયા પછી નિજસ્વભાવઆલોચનાદિપૂર્વક યોગ્યતાને જાણીને યત્ન કરવામાં આવે તો તેને ગુણસ્થાનક સમ્યક્ નિષ્પન્ન થાય.

**ભાવાર્થ :-**

ગાથા-૩૯માં બતાવ્યું કે ઉપદેશ સાંભળીને ભાવથી દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાનો

પરિણામ થાય ત્યારે નિજસ્વભાવાદિનું આલોચન કરીને તે ગુણસ્થાનકની યોગ્યતા જણાય તો તે ગુણસ્થાનક સ્વીકારવું જોઈએ, અને જો યોગ્યતા ન જણાય તો ગાથા-૪૦માં બતાવ્યું તે રીતે યોગશુદ્ધિ આદિમાં યત્ન કરીને જ્યારે તે ગુણસ્થાનકની યોગ્યતા પ્રગટ થાય ત્યારે તે ગુણસ્થાનક સ્વીકારવામાં યત્ન કરવો જોઈએ. ગુણસ્થાનક સ્વીકારવાના વિષયમાં આ કથન સામાન્યથી ઔચિત્યવિષયક વિધિ છે. તે વિધિ બતાવીને ગુણસ્થાનક સ્વીકારતી વખતે શું વિધિ છે ? તે બતાવવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે -

**ગાથા :-**

एत्थ उवाओ य इमो सुहदव्वाइसमवायमासज्ज ।
पडिवज्जइ गुणठाणं सुगुरुसमीवम्मि विहिणा तु ।।४२।।

**અન્વયાર્થ :-**

**एत्थ य=અને અહીં=અધિક ગુણસ્થાનક સ્વીકારવાના વિષયમાં, इमो उवाओ=આ ઉપાય છે - सुहदव्वाइसमवायमासज्ज=શુભદ્રવ્યાદિ સમુદાયને આશ્રયીને सुगुरुसमीवम्मि=સુગુરુની સમીપે विहिणा तु=વિધિથી વળી गुणठाणं=ગુણસ્થાનકને पडिवज्जइ=સ્વીકારે. ।।૪૨।।**

**ગાથાર્થ :-**

**અને અહીં અધિક ગુણસ્થાનક સ્વીકારવાના વિષયમાં આ ઉપાય છે –**

**શુભ દ્રવ્યાદિ સમૂહને આશ્રયીને, સુગુરુની સમીપે, વિધિથી વળી ગુણઠાણાને સ્વીકારે. ।।૪૨।।**

**ટીકા :-**

'अत्र'=औचित्ये सत्यधिकस्थानप्रतिपत्तौ 'उपायश्चायं' साधनप्रकारविशेषः, यदुत 'शुभं द्रव्यादिसमुदायं'-द्रव्य-क्षेत्र-काल-भावसंयोगं 'आश्रित्य'=अधिकृत्य 'प्रतिपद्यते' 'गुणस्थानं' - देशसामायिकादि । क्व? इत्याह 'सुगुरुसमीपे'=तदधिकगुणोपेतविधिज्ञमहापुरुषगुरुसकाशे, "प्रायशो भावाद् भावप्रसूतिः," क्वचित् केवलादप्याज्ञाराधनाद् आज्ञासमये कर्मवैचित्र्याद् अङ्गारमर्दककुगुरुशिष्यन्यायेन, अतः सुगुरुसमीपे प्रतिपद्यते इत्ययमुपायः। तथा 'विधिना' तत्रापि वन्दनशुद्ध्यादिलक्षणेन । न हि सुगुरोरविधिरिति विधिसिद्धावपि विधिग्रहणं प्राधान्यख्यापनार्थमदुष्टम् । इति गाथार्थः ।।४२।।

**ટીકાર્થ :-**

'अत्र'=औचित्ये ..... इति गाथार्थः ।।४२।। **અને અહીં=ઔચિત્ય હોતે છતે અધિક ગુણસ્થાનકના સ્વીકારમાં આ=વક્ષ્યમાણ, ઉપાય છે=સાધનનો પ્રકારવિશેષ છે=સાધનના પ્રકારનો ભેદ છે, અને તે ઉપાયને** यदुत **થી બતાવે છે -**

**શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંયોગરૂપ શુભ દ્રવ્યાદિ સમુદાયને આશ્રયીને=સ્વીકારીને, દેશસામાયિકાદિરૂપ ગુણસ્થાનકને સ્વીકારે.**

**ક્યાં સ્વીકારે ? એથી કહે છે –**

**સુગુરુની સમીપમાં=તે વ્રત સ્વીકારનારથી અધિક ગુણોથી યુક્ત વિધિના જાણનાર મહાપુરુષ એવા ગુરુ પાસે, દેશસામાયિકાદિ સ્વીકારે.**

અહીં સુગુરુની સમીપમાં ગુણસ્થાનક સ્વીકારવાનું શું પ્રયોજન છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**"પ્રાયઃ કરીને ભાવથી ભાવની પ્રસૂતિ છે."**

**અહીં પ્રશ્ન થાય કે જો ભાવથી ભાવની પ્રસૂતિ હોય તો પ્રાયઃ કેમ કહ્યું ? તેથી કહે છે -**

**આજ્ઞાના સમયમાં=આજ્ઞાના સિદ્ધાંતમાં, કર્મનું વૈચિત્ર્ય હોવાથી અંગારમર્દક કુગુરુના શિષ્યના ન્યાયથી, ક્વચિત્ કેવળ પણ આજ્ઞાઆરાધનથી (ભાવની પ્રસૂતિ છે. આથી ભાવથી ભાવની પ્રસૂતિ પ્રાયઃ છે, એમ કહેલ છે.) આથી=ભાવથી ભાવની પ્રસૂતિ છે આથી, સુગુરુની સમીપમાં સ્વીકારાય છે. इति=એ હેતુથી अयम्=આ=સુગુરુની સમીપમાં ગુણસ્થાનકનો સ્વીકાર, ઉપાય છે= ગુણસ્થાનકની નિષ્પત્તિનો ઉપાય છે, અને ત્યાં પણ=સુગુરુની સમીપે દેશસામાયિકાદિના સ્વીકારમાં પણ, વંદનશુદ્ધિ આદિ સ્વરૂપ વિધિથી દેશવિરતિ સામાયિકાદિ સ્વીકારે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે સુગુરુ અવિધિથી વ્રત આપે નહીં. તેથી 'સુગુરુ સમીપમાં' કહેવાથી વિધિની પ્રાપ્તિ હતી જ. આમ છતાં સુગુરુની સમીપમાં વિધિપૂર્વક વ્રત સ્વીકારે, એમ કેમ કહ્યું ? એથી કહે છે -

**સુગુરુથી અવિધિ નથી, એથી સુગુરુ પાસે ગ્રહણ કરવાથી વિધિની સિદ્ધિ હોવા છતાં પણ વિધિનું ગ્રહણ પ્રધાનતા જણાવવા માટે અદુષ્ટ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪૨।।**

❖ 'देशसामायिकादि' અહીં 'आदि' થી સર્વસામાયિકનું ગ્રહણ કરવું.

❖ 'वन्दनशुद्ध्यादि' અહીં 'आदि' થી ગાથા-૪૩માં બતાવેલ ભૂમિશુદ્ધિ આદિનું ગ્રહણ કરવું.

❖ 'विधिसिद्धावपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે વિધિસિદ્ધિ ન હોય તો વિધિનું ગ્રહણ ગાથામાં ઉચિત છે, પણ વિધિ સિદ્ધ હોવા છતાં વિધિનું ગ્રહણ પ્રધાનતા બતાવવા માટે છે.

**ભાવાર્થ :-**

ગુરુના ઉપદેશને સાંભળીને દેશવિરતિ કે સર્વવિરતિ સામાયિકને ગ્રહણ કરવાનો ભાવથી પરિણામ થયા પછી નિજસ્વભાવઆલોચનાદિથી પોતાની યોગ્યતાનો નિર્ણય કરવો એ વ્રત સ્વીકારવા વિષયક ઉચિત વિધિ છે, અને તે વિધિથી પોતાનામાં વ્રતની યોગ્યતા નક્કી થયા પછી અધિક ગુણસ્થાનક સ્વીકારવાના વિષયમાં આગળમાં કહેવાય છે તે ઉપાય છે અર્થાત્ તે ઉપાયપૂર્વક વ્રત સ્વીકારવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો વ્રત સમ્યક્ પરિણમન પામે અને તે ઉપાય આ પ્રમાણે છે –

શુભદ્રવ્ય, શુભક્ષેત્ર, શુભકાળ અને શુભભાવના સંયોગને આશ્રયીને દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારવી જોઈએ. વળી વ્રતનો સ્વીકાર સુગુરુની સમીપમાં કરવો તે વ્રતપ્રાપ્તિનો ઉપાય છે અને વ્રત સ્વીકારવાની પ્રવૃત્તિ વિધિપૂર્વક કરવી તે પણ વ્રતપ્રાપ્તિનો ઉપાય છે. આ રીતે વ્રતની નિષ્પત્તિમાં (૧) શુભદ્રવ્ય, (૨) શુભક્ષેત્ર, (૩) શુભકાળ, (૪) શુભભાવ, (૫) સુગુરુ સમીપ અને (૬) વિધિ - એ છ ઉપાયો છે અર્થાત્ વ્રતગ્રહણની પોતાનામાં યોગ્યતા પ્રગટ્યા પછી આ છનું આલંબન લઈને વ્રતના સ્વીકારમાં યત્ન કરવો જોઈએ.

**વ્રતની નિષ્પત્તિના ઉપાયો :-**

**(૧) શુભદ્રવ્ય :-** નાણ મંડાવે, શ્રીફળ લેવામાં આવે, ઉત્તમ વસ્ત્રો પરિધાન કરવામાં આવે કે બીજી શ્રેષ્ઠ વસ્તુ જે ભગવાન પાસે મૂકે તે શુભ દ્રવ્યાદિ છે.

**(૨) શુભક્ષેત્ર :-** ભગવાનની જન્મકલ્યાણકાદિની ભૂમિ, તીર્થક્ષેત્ર અથવા તો અશોકવાટિકા શુભક્ષેત્ર છે.

**(૩) શુભકાળ :-** શુભ મુહૂર્ત, સારો દિવસ, સારું નક્ષત્ર, સારો યોગ તે શુભકાળ છે.

**(૪) શુભભાવ :-** પોતાના વધતા જતા ઉત્સાહરૂપ ભાવ અને સ્વજનાદિનો વધતો જતો શુભભાવ અને સ્વજનાદિના પરિતાપના પરિહાર માટેનો શક્ય યત્ન કરે, તે શુભભાવ.

**(૫) સુગુરુની સમીપમાં :-** દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારવાની પ્રવૃત્તિ પોતાનાથી અધિક ગુણવાળા, વિધિના જાણકાર એવા મહાપુરુષ પાસે કરવી.

**(૬) વિધિ :-** વ્રતોનો સ્વીકાર શાસ્ત્રવિધિ પ્રમાણે કરવો.

આનાથી એ ફલિતં થાય કે વ્રત ગ્રહણ કરવાનો પરિણામ થયો માટે જે તે સાધુ ઉપલબ્ધ હોય તેની પાસે વિચારક આત્મા વ્રત ગ્રહણ ન કરે, પરંતુ તેવા યોગ્ય ગુરુની ગવેષણા કરે, અને જે ગુરુ અનેક ગુણથી યુક્ત હોય, વ્રતની વિધિને સારી રીતે જાણતા હોય, તેવા ગુરુ પાસે વ્રત ગ્રહણ કરે; જેથી તેવા ગુરુ મહાસંવેગપૂર્વક અને શ્રોતાને પણ મહાસંવેગ પેદા કરે તેવા સંવેગથી વાસિત વચનોથી વ્રતો ઉચ્ચરાવે, જેથી વ્રતો ભાવથી પરિણમન પામે.

અહીં જોકેવ્રતોનો પરિણામ જીવના સ્વપ્રયત્નથી થાય છે, તોપણ સામાન્ય નિયમ પ્રમાણે ઉપદેશકના ભાવથી શ્રોતામાં ભાવની નિષ્પત્તિ થાય છે. આથી સુગુરુ અત્યંત સંવેગપૂર્વક વ્રતો ઉચ્ચરાવતા હોય ત્યારે, સુગુરુના સંવેગના પરિણામવાળા વચનોના અવલંબનથી વ્રત ગ્રહણ કરનારને પણ વ્રત ભાવથી પરિણામ પામે છે. આથી પ્રાયઃ ભાવથી ભાવની પ્રસૂતિ છે, એમ કહ્યું. તેથી એ ફલિત થાય કે ક્વચિત્ વક્તાના ભાવ વગર પણ શ્રોતાને ભાવ થાય છે, તોપણ બહુધા વક્તાના ભાવથી ભાવ થાય છે. તે બતાવવા માટે કહ્યું છે કે 'ભાવથી ભાવની પ્રસૂતિ પ્રાયઃ છે' અને ભાવથી ભાવની પ્રસૂતિ પ્રાયઃ કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે -

ભગવાનના વચનના પરિણમનમાં કર્મનું વૈચિત્ર્ય હોવાના કારણે અંગારમર્દક કુગુરુના શિષ્યના

ન્યાયથી કોઈક જીવોમાં કેવળ આજ્ઞાઆરાધનથી ભાવની પ્રસૂતિ થાય છે; તોપણ બહુધા=ઘણું કરીને, સુગુરુના ભાવથી વ્રત ગ્રહણ કરનારને ભાવથી વ્રત પરિણમન પામે છે.

આશય એ છે કે સ્વપ્રયત્નથી કર્મોનો ક્ષયોપશમ થાય તો વ્રતો ભાવથી પરિણમન પામે એવો નિયમ છે; તોપણ દરેક જીવનાં કર્મો જુદા જુદા પ્રકારનાં હોય છે, તેથી જે જીવોના વ્રતનાં પ્રતિબંધક કર્મો નિરુપક્રમ છે, તે જીવો વ્રત ગ્રહણ કરવા માટે સમ્યગ્ યત્ન કરે છતાં કર્મ નિરુપક્રમ હોવાથી તેવો યત્ન થઈ શકતો નથી. તેથી વ્રત ગ્રહણ કરવા છતાં પણ વ્રત ભાવથી પરિણમન પામતું નથી. જેમ કૃષ્ણ મહારાજાએ ચાતુર્માસ દરમ્યાન સ્વનગરથી બહાર ન જવાનો નિયમ ગ્રહણ કરેલ, બાહ્યથી સમ્યક્ પાલન પણ કરેલ, છતાં તેમનું તે પાલનદ્રવ્યથી હતું; કેમ કે તેમનું અવિરતિ આપાદક કર્મ નિરુપક્રમ હતું, તેથી તેઓને અવિરતિનો ઉદય શાસ્ત્રકારોએ સ્વીકાર્યો છે.

વળી, જે જીવોનાં સોપક્રમ કર્મો હોય, તે જીવો સમ્યક્ પુરુષકારથી તે વ્રતોના પ્રતિબંધક કર્મનો ક્ષયોપશમ કરી શકે. આમ છતાં સોપક્રમ કર્મો પણ ઘણા પ્રકારનાં છે. તેથી જેઓનું વ્રતોનું પ્રતિબંધક સોપક્રમ કર્મ અતિ શિથિલ છે, તેઓને અલ્પ પ્રયત્નથી વ્રતોના આવારક કર્મનો ક્ષયોપશમભાવ પ્રગટે છે, અને જેઓનું વ્રતોનું પ્રતિબંધક સોપક્રમ પણ કર્મ અતિ શિથિલ નથી, તેઓ ઘણો પ્રયત્ન કરે તો વ્રતોના આવારક કર્મનો ક્ષયોપશમભાવ પ્રગટે છે; અને વ્રત ગ્રહણ કરનારના તે પ્રયત્નમાં સંવેગપૂર્વક બોલાયેલાં સુગુરુનાં વચનો બલવાન નિમિત્ત છે. અને સુગુરુના સંવેગપૂર્વકના બોલાયેલા વચનોથી વ્રત લેનારા જીવોને વ્રતગ્રહણકાળમાં તીવ્ર સંવેગ પ્રગટે છે, જેથી અધિક પ્રયત્નથી ઉપક્રમ પામે તેવાં વ્રતનાં આવારક સોપક્રમ કર્મોનો પણ ક્ષયોપશમભાવ થાય છે; અને સુગુરુને બદલે અન્ય કોઈ ગુરુ પાસે વ્રત ગ્રહણ કરવામાં આવે તો સોપક્રમ પણ વ્રતોના આવારક કર્મો ક્ષયોપશમભાવને ન પામે, તેથી સુગુરુ સમીપમાં વ્રત ગ્રહણ કરવાનું કહેલ છે.

આમ છતાં અંગારમર્દકના શિષ્યોનું સોપક્રમ કર્મ તેવું બલવાન ન હતું, તેથી સુગુરુના ભ્રમથી કુગુરુ પાસે તેઓએ દીક્ષા ગ્રહણ કરી હતી. તેથી ભાવથી ભાવની પ્રસૂતિરૂપ કારણ વિદ્યમાન ન હતું, તોપણ આજ્ઞાઆરાધનના પરિણામથી વ્રતગ્રહણકાળમાં તે શિષ્યોને ભાવથી વ્રતનો ક્ષયોપશમભાવ પ્રગટ્યો. આવા કેટલાક જીવો કેવળ આજ્ઞાઆરાધનના બળથી વ્રત પરિણામને પ્રાપ્ત કરી શકે છે; તોપણ મોટા ભાગના જીવો સુગુરુની સમીપે વ્રતો ગ્રહણ કરતા હોય તો સુગુરુના બલવાન આલંબનના કારણે તીવ્ર સંવેગ પ્રગટ થવાથી દુર્ભેદ્ય એવાં પણ ચારિત્રમોહનીયકર્મ ક્ષયોપશમભાવને પામે છે અને વ્રતો ભાવથી પરિણમન પામે છે. તેથી વ્રતપ્રાપ્તિના ઉપાયની અંતર્ગત સુગુરુની સમીપે વ્રત ગ્રહણ કરવું, એ પણ ઉપાય છે.

(૬) **વિધિ :-** વળી જેમ વ્રતો સુગુરુની સમીપમાં ગ્રહણ કરવાનાં છે, તેમ વંદન, શુદ્ધિ આદિરૂપ વિધિથી ગ્રહણ કરવાનાં છે અને તે વિધિ સ્વયં ગ્રંથકાર આગળ ગાથા-૪૩માં બતાવે છે.

અહીં પ્રશ્ન થાય કે વ્રત તો સુગુરુ પાસેથી લેવાનાં છે અને સુગુરુ ક્યારેય પણ અવિધિથી વ્રતો આપે નહીં. તેથી સુગુરુ સમીપે કહેવાથી વિધિની પ્રાપ્તિ હતી. તેથી વ્રતની નિષ્પત્તિમાં વિધિનું કથન કેમ કર્યું ?

તેથી કહે છે –

સુગુરુની સમીપમાં કહેવાથી વિધિની પ્રાપ્તિ હોવા છતાં વિધિની પ્રધાનતા બતાવવા માટે વિધિનું પૃથગ્ ગ્રહણ કરેલ છે.

આનાથી એ ફલિત થાય કે વ્રતનિષ્પત્તિના અન્ય સર્વ ઉપાયોમાં વિધિ અતિપ્રધાન છે. તેથી કોઈ જીવ શુભદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને સુગુરુની સમીપમાં પણ વ્રત ગ્રહણ કરતો હોય, છતાં વિધિમાં સમ્યક્ યત્ન ન થાય તો વ્રત સમ્યક્ પરિણામ પામે નહીં. માટે વ્રત સમ્યક્ પરિણમન પામવામાં અન્ય સર્વ ઉપાયો કરતાં વિધિની પ્રધાનતા છે, તે બતાવવા માટે સુગુરુની સમીપમાં વ્રત ગ્રહણ કરવાનું કહેવા છતાં વિધિને સ્વતંત્ર રીતે બતાવેલ છે. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**अत एव विशेषतो विधिमभिधातुमाह -**

**અવતરણિકાર્થ :-**

**આથી જ=વ્રત ગ્રહણ કરતી વખતે જે છ ઉપાયોમાં યત્ન કરવાનો છે, તે સર્વમાં વિધિની પ્રધાનતા છે, આથી જ, વિશેષથી વિધિને કહેવા માટે ગ્રંથકાર કહે છે –**

**ગાથા :-**

**वंदणमाई उ विही णिमित्तसुद्धीपहाण मो णेओ ।**
**सम्मं अवेक्खियव्वा एसा, इहरा विही ण भवे ।।४३।।**

**અન્વયાર્થ :-**

**णिमित्तसुद्धीपहाण उ=વળી નિમિત્તશુદ્ધિપ્રધાન એવી वंदणमाई विही=વંદનાદિ વિધિ णेओ=જાણવી. एषा=આ=નિમિત્તશુદ્ધિ सम्मं अवेक्खियव्वा=સમ્યક્ અપેક્ષા કરવા યોગ્ય છે, इहरा=ઈતરથા=સમ્યક્ અપેક્ષા ન કરો તો विही ण भवे=વિધિ થતી નથી. ।।૪૩।।**

**ગાથાર્થ :-**

**વળી નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનાદિ વિધિ જાણવી. આ=નિમિત્તશુદ્ધિ સમ્યક્ અપેક્ષા કરવા યોગ્ય છે, ઈતરથા વિધિ થતી નથી. ।।૪૩।।**

**ટીકા :-**

'वन्दनादिः पुनर्विधिः' तुलादण्डमध्यग्रहणनीत्या क्षेत्रशुद्धि-तत्सत्कार-जिनपूजारूपः तथा चैत्यवन्दन-तद्वन्दन-निरुद्धादिरूपश्च गृह्यते । अयं च 'निमित्तशुद्धिप्रधान' एव 'ज्ञेयः', स्व-परगतकायिकादिनिमित्तशुद्धिप्रधान

इत्यर्थः । 'भाविन इष्टादेः सूचकानि निमित्तानि' इत्येतच्छुद्धिरपेक्षणीया, अत एवाह - 'सम्यगपेक्षितव्या' 'एषा'=निमित्तशुद्धिः 'इतरथा'=तदनपेक्षायां 'विधिर्न भवति', आज्ञाविराधनात् ।

**ટીકાર્થ :-**

**'वन्दनादिः पुनर्विधिः' ..... आज्ञाविराधनात् । વળી વંદનાદિવિધિ, તુલાદંડ મધ્યગ્રહણ નીતિથી ક્ષેત્રશુદ્ધિ, તત્સત્કાર=ગુરુસત્કાર, જિનપૂજાદિરૂપ તથા ચૈત્યવંદન, તેને વંદન=ગુરુને વંદન અને નિરુદ્ધાદિરૂપ=કાયોત્સર્ગાદિરૂપ ગ્રહણ થાય છે; અને આ=વંદનાદિવિધિ, નિમિત્તશુદ્ધિપ્રધાન જ જાણવી અર્થાત્ સ્વપરગત કાયિકાદિ નિમિત્તશુદ્ધિપ્રધાન જાણવી. એ પ્રમાણે અર્થ છે.**

અહીં પ્રશ્ન થાય કે વંદનાદિમાં નિમિત્તશુદ્ધિની પ્રધાનતા કેમ કહી ? એથી કહે છે –

**ભાવિ ઈષ્ટાદિનાં સૂચક નિમિત્તો છે, એથી આની=નિમિત્તશુદ્ધિની, અપેક્ષા કરવા યોગ્ય છે.** अत एवाह=**આથી જ કહે છે=નિમિત્તો ભાવિના ઈષ્ટાદિનાં સૂચક છે, એથી જ ગાથામાં કહે છે –**

**આ=નિમિત્તશુદ્ધિ, સમ્યગ્ અપેક્ષા કરવા યોગ્ય છે. ઈતરથા=તેની અનપેક્ષામાં=નિમિત્તશુદ્ધિની અનપેક્ષામાં, વિધિ થતી નથી; કેમ કે આજ્ઞાની વિરાધના છે.**

❖ 'निरुद्धादि' અહીં 'आदि' થી પ્રતિજ્ઞાદિનું ગ્રહણ કરવું.

❖ 'कायिकादि' અહીં 'आदि' થી બાહ્ય નિમિત્તો ગ્રહણ કરવાં.

**ભાવાર્થ :-**

વ્રત ગ્રહણ કરવાની વિધિ વંદનાદિરૂપ છે, એમ મૂળ ગાથામાં કહ્યું. તેથી તુલાદંડમધ્યગ્રહણની નીતિથી=ત્રાજવાના મધ્યના ગ્રહણની નીતિથી, વંદન શબ્દથી આગળની અને પાછળની એમ બે વિધિનું ગ્રહણ થાય છે. જેમ ત્રાજવાને મધ્યમાંથી ગ્રહણ કરવામાં આવે તો તેનાં બંને પલ્લાઓનું ગ્રહણ થાય છે, તે રીતે વંદન શબ્દથી "ક્ષેત્રશુદ્ધિ, તત્સત્કાર=ગુણવાન ગુરુનો સત્કાર અને જિનપૂજાદિરૂપ વિધિ" છે. આ કથનમાં ગુરુનો વંદનપૂર્વકનો સત્કાર મધ્યમાં છે. તેથી તેની પૂર્વની ક્ષેત્રશુદ્ધિ અને વંદન પછીની જિનપૂજા ગ્રહણ થાય છે, અને આ ત્રણ શુદ્ધિ વ્રત ગ્રહણ કરવાની ક્રિયાના પ્રારંભની પૂર્વમાં છે. હવે વ્રત ગ્રહણ કરવાની ક્રિયાના પ્રારંભ વખતે થતી ક્રિયામાં પણ તુલાદંડમધ્યગ્રહણ નીતિથી ત્રણનું ગ્રહણ બતાવે છે – "ચૈત્યવંદન, તદ્વંદન=ગુરુને વંદન અને નિરુદ્ધાદિરૂપ વિધિ" - આ કથનમાં ગુરુનું વંદન મધ્યમાં છે અને તે વંદન પૂર્વે ચૈત્યવંદન કરાય છે અને ગુરુવંદન કર્યા પછી કાયોત્સર્ગાદિ કરાય છે. તેથી તુલાદંડન્યાયથી વંદન શબ્દથી ચૈત્યવંદનાદિ ત્રણનું ગ્રહણ થાય છે, અને વંદનાદિમાં આદિ શબ્દથી નિમિત્તશુદ્ધિનું ગ્રહણ થઈ શકે અને જે આદિ શબ્દથી ગ્રહણ થાય તે પ્રધાન બને નહીં, પરંતુ જેનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો હોય તે પ્રધાન બને. તેથી નિમિત્તશુદ્ધિને પ્રધાન બનાવવા અર્થે ગાથામાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો કે નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનાદિ વિધિ છે. નિમિત્તશુદ્ધિનો અર્થ કરે છે કે સ્વપરગત કાયિકાદિ નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનાદિ વિધિ છે. અહીં સ્વપરગત કાયિકાદિથી પોતાના અંગનું સ્ફુરણ થવું કે પરના અંગનું સ્ફુરણ થવું

તે રૂપ નિમિત્તનું ગ્રહણ કરવાનું છે, અને આદિ શબ્દથી બાહ્ય નિમિત્તોનું ગ્રહણ કરવાનું છે.

અહીં પ્રશ્ન થાય કે ફળનિષ્પત્તિમાં ફળને અનુકૂળ સ્વપ્રયત્ન આવશ્યક છે અને તે યત્ન વંદનાદિ ક્રિયારૂપ છે. તેથી શાસ્ત્રવિધિપૂર્વક વંદનાદિ ક્રિયા કરવામાં આવે તો ફળનિષ્પન્ન થાય છે. આમ છતાં વિધિને નિમિત્તશુદ્ધિપ્રધાન કેમ કહી ? તેથી કહે છે –

નિમિત્તો ભાવિના ઈષ્ટ કે અનિષ્ટનાં સૂચક છે. એથી વ્રત ગ્રહણ કરનારે નિમિત્તશુદ્ધિની અપેક્ષા રાખવી જોઈએ. જો નિમિત્તશુદ્ધિની અપેક્ષા રાખવામાં ન આવે તો વિધિ થતી નથી; કેમ કે નિમિત્તશુદ્ધિપ્રધાન વંદનાદિવિધિ છે. તેથી નિમિત્તશુદ્ધિ નિરપેક્ષ વંદનાદિ ક્રિયા કરવામાં આવે તો ભગવાનની આજ્ઞાનું આરાધન થતું નથી. માટે બાહ્યથી વિધિનું સમ્યક્ પાલન દેખાતું હોય તોપણ નિમિત્તશુદ્ધિની અપેક્ષા રાખેલી નહીં હોવાથી તે વ્રતગ્રહણની ક્રિયા વિધિપૂર્વક બનતી નથી.

**વંદનાદિવિધિ :-** અહીં વંદનાદિની વિધિ તુલાદંડન્યાયથી બે રીતે ત્રણ ત્રણ પ્રકારની લીધી. ત્યાં પ્રથમના ત્રણ પ્રકાર વ્રતગ્રહણક્રિયાના પ્રારંભ પૂર્વેના છે.

**(૧) ક્ષેત્રશુદ્ધિ :-** જે સ્થાનમાં વ્રત ગ્રહણ કરવાનાં હોય તે સ્થાનની શુદ્ધિ કરવી તે ક્ષેત્રશુદ્ધિ છે. ત્યારપછી,

**(૨) તત્સત્કાર :-** ગુણવાન એવા ગુરુનો સત્કાર કરવો અને તે સત્કારની ક્રિયા વંદનપૂર્વક વસ્ત્ર-દાનાદિથી થાય છે. ત્યારપછી,

**(૩) જિનપૂજા :-** વ્રત ગ્રહણ કરનાર વ્યક્તિ લોકોત્તમ પુરુષની પૂજા કરે, જેથી વ્રતને અનુકૂળ એવું ઉત્તમ ચિત્ત પેદા થાય.

આશય એ છે કે દેશવિરતિ કે સર્વવિરતિ લેનાર જીવ પોતાના વ્રતગ્રહણમાં અમંગલના પરિહાર અર્થે ક્ષેત્રશુદ્ધિ કરે છે અને ત્યારપછી ગુણવાન એવા ગુરુને વંદનપૂર્વક સત્કાર કરે છે. આનાથી ગુણો પ્રત્યેનો પક્ષપાત અત્યંત વધે છે, જેથી તેનું વ્રત શીઘ્ર પરિણમન પામે; અને ત્યારપછી લોકોત્તમ પુરુષની પૂજા કરે. પૂજાથી પણ ગુણવાન એવા તીર્થંકરોના ગુણોનું સ્મરણ થાય છે અને તેમના વચન પ્રત્યેનો રાગ અતિશય થાય છે, જે વ્રત પરિણમન પમાડવામાં પ્રબળ કારણ બને છે.

વંદનવિધિના બીજા ત્રણ પ્રકાર વ્રતગ્રહણ સમયના છે.

**(૪) ચૈત્યવંદન :-** વ્રત ગ્રહણ કરતાં પૂર્વે ચૈત્યવંદન કરે, જેથી આ વ્રતરૂપ યોગમાર્ગ બતાવનારા જગદ્ગુરુની ભક્તિ થાય છે. ત્યારપછી,

**(૫) તદ્વંદન :-** જે ગુણવાન ગુરુ વ્રતો આપી રહ્યા છે, તેમને વંદન કરે, જેથી વ્રત આપનાર ગુરુમાં રહેલા ગુણો અને તેમની પાસેથી પ્રાપ્ત થનારાં વ્રતો પ્રત્યે ભક્તિ થાય છે, જેથી વ્રત સમ્યક્ પરિણમન પામે ત્યારપછી,

**(૬) નિરુદ્ધાદિ :-** વ્રતગ્રહણની ક્રિયાના અંગરૂપે કાયોત્સર્ગાદિ ક્રિયાઓ કરે, પછી વ્રતની પ્રતિજ્ઞા

ગ્રહણ કરવામાં આવે છે. તે સર્વને નિરુદ્ધાદિથી ગ્રહણ કરવાનું છે.

આ રીતે વંદનાદિવિધિ તુલાદંડન્યાયથી છ પ્રકારની પ્રાપ્ત થઈ. વળી તે નિમિત્તશુદ્ધિ વંદનાદિમાં 'आदि' થી પ્રાપ્ત થઈ શકે તેમ હોવા છતાં તેની પ્રધાનતા બતાવવા માટે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો કે નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનાદિ વિધિ છે; અને નિમિત્તશુદ્ધિને પ્રધાન કરવાનું પ્રયોજન એ છે કે નિમિત્તો ભાવિના ઈષ્ટ કે અનિષ્ટનાં સૂચક છે. તેથી કોઈ યોગમાર્ગનો અર્થી પોતાની યોગ્યતાનો નિર્ણય કરીને અત્યંત ઉપયોગપૂર્વક વ્રતો ગ્રહણ કરે અને નિમિત્તશુદ્ધિ ન કરી હોય છતાં તે વખતે વ્રતો સમ્યક્ પરિણામ પામે; તોપણ ભાવિમાં કોઈ બલવાન અનિષ્ટ આવવાનું હોય તો તેનો નિર્ણય છદ્મસ્થ કરી શકતો નથી, તેથી વ્રતો ગ્રહણ કરે અને ભાવિમાં કોઈ મોટું અહિત થાય તો, મહાકલ્યાણકારી એવી પણ વ્રતગ્રહણની ક્રિયા અનર્થ ફળમાં પર્યવસાન પામે. તેથી તેનાથી બચવાનો ઉપાય નિમિત્તશુદ્ધિ દ્વારા છદ્મસ્થ જાણી શકે છે, જેથી નિમિત્તશુદ્ધિની અપેક્ષા રાખવાથી ભાવિમાં કોઈ અનર્થ થવાનો છે તેવો નિર્ણય થાય તો વ્રત ગ્રહણ કરવામાં કાલક્ષેપ પણ કરવો ઉચિત બને. તેથી સ્થૂલથી કદાચ એમ દેખાય કે માત્ર નિમિત્તશુદ્ધિ નહીં થવાને કારણે વ્રતમાં વિલંબ થયો, પરંતુ પરમાર્થથી જોઈએ તો તે વ્રતના ગ્રહણ પછી જે મોટું અનર્થ થવાનું હતું, તેનાથી નિમિત્તશુદ્ધિના કારણે પોતે બચી શકે છે. આથી નિમિત્તશુદ્ધિ ન થતી હોય તો વ્રત ગ્રહણ કરવાની ક્રિયા ત્યારે ન કરે તોપણ ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે, અને ભાવિના અનર્થથી પોતાનું રક્ષણ પણ થાય છે.

**ટીકા :-**

**लेशाभिधानमेतत्, अत्र तु विशेषो विशेषग्रन्थानुसारत एव द्रष्टव्यः । सर्वथा नेदं लोकव्यवहारवद् यथाकथञ्चित्प्रतिपन्नं प्रतिपन्नं भवति, किन्तु शास्त्रानुसारत इति शास्त्रमेवानुसरणीयम्, अन्यथा प्रत्यपायभावादिति ।**

**ટીકાર્થ :-**

**लेशाभिधानमेतत् ..... प्रत्यपायभावादिति । આ=પૂર્વમાં કહેલ નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનાદિવિધિનું કથન, લેશ અભિધાન છે=લેશથી કથન છે, અહીંયાં વળી=નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનવિધિમાં વળી, વિશેષ વિશેષગ્રંથાનુસારથી જ જાણવું. લોકવ્યવહારની જેમ યથાકથંચિત્ સ્વીકારેલું इदं= આ=દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક, સર્વથા સ્વીકારાયેલું થતું નથી, પરંતુ શાસ્ત્રાનુસારથી સ્વીકારાયેલું ગુણસ્થાનક સ્વીકારાયેલું થાય છે. એથી શાસ્ત્ર જ અનુસરણીય છે; કેમ કે અન્યથા= શાસ્ત્રનું અનુસરણ ન કરવામાં આવે તો, પ્રત્યપાયનો ભાવ છે=અનર્થનો સદ્ભાવ છે. 'इति' શબ્દ ગાથાના કથનની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં નિમિત્તશુદ્ધિપ્રધાન એવી વંદનાદિવિધિનું કથન કર્યું અને કહ્યું કે વ્રત ગ્રહણ કરવામાં નિમિત્તશુદ્ધિની અપેક્ષા રાખવી જોઈએ. જો નિમિત્તશુદ્ધિની અપેક્ષા ન રાખવામાં આવે તો વિધિ સમ્યક્ થતી

નથી. આ કથન વ્રત ગ્રહણ કરવાના વિષયમાં લેશ અભિધાન છે. વાસ્તવિક રીતે કોઈ પણ વ્રત ગ્રહણ કરવું હોય ત્યારે તેની વિધિવિશેષ શું છે ? તે વિશેષ પ્રકારના ગ્રંથોના અનુસારે જાણી લેવું જોઈએ.

અહીં વિશેષ પ્રકારના ગ્રંથ અનુસારથી એમ કહીને એ કહેવું છે કે જે ગ્રંથો વ્રતગ્રહણની વિધિને જ વિસ્તારથી બતાવતા હોય તેવા ગ્રંથોથી વ્રતગ્રહણની વિધિ વિશેષથી જાણી લેવી જોઈએ, અને તે વિધિ પ્રમાણે વ્રત ગ્રહણ કરવામાં યત્ન કરવો જોઈએ. અહીં વિસ્તારના ભયથી તે સર્વ વિધિ બતાવેલ નથી, ફક્ત લેશથી તેનું કથન કર્યું છે, જેથી વ્રતગ્રહણ કરતાં પહેલાં વિધિમાં યત્ન કરવો જોઈએ, તેવો બોધ થાય. સર્વવિરતિ ગ્રહણ કરવા માટે વ્રતની વિધિનો વિસ્તારથી ઉલ્લેખ 'પંચવસ્તુ' ગ્રંથમાં છે. તેથી ત્યાંથી તે વિધિને જાણી લેવી જોઈએ, જેથી તે વિધિ અનુસાર સર્વવિરતિ ગ્રહણ કરવામાં સમ્યક્ યત્ન થાય; અને જો વ્રતગ્રહણ લોકવ્યવહારની જેમ વિધિની અપેક્ષા રાખ્યા વગર યથાકથંચિત્ સ્વીકારવામાં આવે તો સ્વીકારેલ વ્રતો સર્વથા સ્વીકારાયેલાં થતાં નથી અર્થાત્ મનને સંતોષ થાય કે 'મેં વ્રતો સ્વીકાર્યાં છે' પરંતુ વ્રતો સ્વીકારવાથી જે વિશિષ્ટ યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે, તે પ્રાપ્તિ થતી નથી. તેથી તેની પ્રાપ્તિના અર્થીએ શાસ્ત્રાનુસારે જ વ્રત સ્વીકારવાં જોઈએ; અને શાસ્ત્રનિરપેક્ષ વ્રત સ્વીકારવાથી વ્રતોનું ફળ તો મળતું નથી, પરંતુ શાસ્ત્ર પ્રત્યે કરાયેલા અનાદરને કારણે પ્રત્યપાયની પ્રાપ્તિ છે અર્થાત્ અનર્થની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે ભગવાને બતાવેલાં વ્રતો ગ્રહણ કરવાનો અભિલાષ છે, છતાં શાસ્ત્રનિરપેક્ષ સ્વીકારવાથી ભગવાને બતાવેલ વિધિમાં અનાદરભાવ છે. તેથી વિધિના અનાદરને કારણે બંધાયેલું ક્લિષ્ટ કર્મ જન્માંતરમાં સન્માર્ગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત થાય છે અને સન્માર્ગની પ્રાપ્તિ ન થવાથી સંસારના પરિભ્રમણરૂપ અનર્થની પરંપરા પ્રાપ્ત થાય છે. માટે અનર્થની પરંપરાથી બચવા માટે અને આત્મહિત સાધવા માટે જેમ વ્રતમાં યત્ન આવશ્યક છે, તેમ શાસ્ત્રાનુસાર ઉચિત વિધિમાં પણ યત્ન આવશ્યક છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે શાસ્ત્ર અનુસારથી જ સ્વીકારાયેલું ગુણસ્થાનક સ્વીકારાયેલું થાય છે, અન્યથા અનર્થ થાય છે. તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે –

**ટીકા :-**

उक्तं च -

**ટીકાર્થ :-**

**અને કહ્યું છે –**

**શ્લોક :-**

"उपदेशं विनाऽप्यर्थ-कामौ प्रति पटुर्जनः ।

धर्मस्तु न विना शास्त्रादिति तत्राऽऽदृतो भवेत्" ।। योगबिन्दु श्लो. २२२ ।।

**શ્લોકાર્થ :-**

**"ઉપદેશ વિના પણ અર્થકામ પ્રતિ લોક પટુ છે, વળી શાસ્ત્ર વગર ધર્મ નથી, એથી ત્યાં=શાસ્ત્રમાં, આદરવાળો થાય." ॥ યો. બિં. શ્લો. ૨૨૨ ॥**

❖ 'उपदेशं विनाऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે ઉપદેશથી તો લોકો અર્થ-કામમાં પટુ થાય પણ ઉપદેશ વિના પણ પટુ છે.

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવોને અર્થ કેમ ઉત્પન્ન કરવો ? કામાદિમાં કેમ યત્ન કરવો ? તેનો ઉપદેશ આપવાની અપેક્ષા રહેતી નથી, પરંતુ ઉપદેશ વગર સંસારવર્તી જીવો પોતાની શક્તિ પ્રમાણે અર્થકામમાં પટુ થઈ જાય છે, તેથી પ્રાયઃ કરીને પોતાની શક્તિ આદિ પ્રમાણે ધનાદિ મેળવે છે અને ભોગવિલાસ પણ કરે છે. પરંતુ ધર્મ શાસ્ત્ર વગર થતો નથી. તેથી તેની પ્રાપ્તિના ઉપાયમાં કઈ રીતે યત્ન કરવો જોઈએ, તેનો બોધ શાસ્ત્ર વગર થઈ શકતો નથી. માટે ધર્મના અર્થી જીવો શાસ્ત્રથી ધર્મમાં પ્રવૃત્તિ કરતા હોય છે. એથી ત્યાં=શાસ્ત્રમાં, ધર્મના અર્થી જીવોએ આદરવાળા થવું જોઈએ અર્થાત્ યત્નવાળા થવું જોઈએ. ॥ યો. બિં. શ્લો. ૨૨૨ ॥

**ઉત્થાન :-**

પૂર્વની ગાથામાં બતાવ્યું કે ઉપદેશ વગર પણ સંસારી જીવો અર્થકામમાં પટુ છે. આમ છતાં કેટલાક જીવોને અર્થકામવિષયક સમ્યક્ ઉપદેશ ન આપવામાં આવે તો તેના પ્રતિ તેઓ પટુ થઈ શકતા નથી; તોપણ ઉપદેશના અભાવને કારણે અર્થકામમાં પટુ નહીં થવાથી જે અહિત થાય છે, તેના કરતાં ધર્મના વિષયમાં શાસ્ત્રનું અનુસરણ નહીં કરવાથી મોટું અહિત થાય છે. તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

"अर्थादावविधानेऽपि तदभावः परं नृणाम् ।

धर्मेऽविधानतोऽनर्थः क्रियोदाहरणात् परः" ।। योगबिन्दु श्लो. २२३ ।।

**શ્લોકાર્થ :-**

**અર્થાદિમાં=અર્થકામના વિષયમાં अविधानेऽपि=અવિધિ પણ કરાયે છતે, મનુષ્યોને કેવળ તેનો અભાવ છે=અર્થાદિનો અભાવ છે; ધર્મના અવિધાનને કારણે=ધર્મમાં અવિધિ કરવાને કારણે, ક્રિયાના ઉદાહરણથી= ચિકિત્સાના દૃષ્ટાંતથી, પર=પ્રકૃષ્ટ, અનર્થ, થાય છે." ॥ યો. બિં. શ્લો. ૨૨૩ ॥**

❖ 'अर्थादावविधानेऽपि' અહીં 'आदि' થી કામનું ગ્રહણ કરવું અને 'अपि' થી એ કહેવું છે કે અર્થાદિમાં

અવિધિથી પ્રવૃત્તિ ન કરવામાં આવે, પરંતુ વિધિથી પ્રવૃત્તિ કરવામાં આવે તો અર્થાદિનો અભાવ ન થાય, પરંતુ અવિધિથી પ્રવૃત્તિ કરવામાં આવે તોપણ ફક્ત અર્થાદિનો અભાવ પ્રાપ્ત થાય, પરંતુ અનર્થ પ્રાપ્ત ન થાય.

**ભાવાર્થ :-**

કેટલાક જીવો અર્થ-કામના વિષયમાં પણ સ્વાભાવિક પટુ હોતા નથી. ઉપદેશ ન મળવાથી તેવા જીવોની અર્થ-કામમાં અવિધિથી પ્રવૃત્તિ થાય છે. તેને કારણે તેઓને અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી, પરંતુ અન્ય કોઈ અનર્થ થતો નથી. વળી જેમ અવિધિથી ચિકિત્સા કરવામાં આવે તો રોગ નાશ થવાને બદલે રોગનો અધિક ઉપદ્રવ થાય છે, તેમ અવિધિથી ધર્મમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો ધર્મની નિષ્પત્તિ તો થતી નથી, પરંતુ પ્રકૃષ્ટ અનર્થ પેદા થાય છે. ॥ યો. બિં. શ્લો. ૨૨૩ ॥

**શ્લોક :-**

**"तस्मात् सदैव धर्मार्थं शास्त्रयत्नपरो भवेत् ।**
**लोके मोहान्धकारेऽस्मिन् शास्त्रालोकः प्रवर्तकः" ।। योगबिन्दु श्लो. २२४ ।।**

**શ્લોકાર્થ :-**

**"તે કારણે=ધર્મમાં અવિધિ કરવાથી પ્રકૃષ્ટ અનર્થ થતો હોવાના કારણે, ધર્મ માટે સદા જ શાસ્ત્રયત્નપર=શાસ્ત્રયત્ન તત્પર, થવું જોઈએ. (જે કારણથી) મોહઅંધકારરૂપ એવા આ લોકમાં શાસ્ત્રાલોક=શાસ્ત્રપ્રકાશ, પ્રવર્તક છે." ॥ યો. બિં. શ્લો. ૨૨૪ ॥**

**શ્લોક :-**

"शास्त्रं चिन्तामणिः श्रेष्ठः, शास्त्रं कल्पद्रुमः परम् ।
चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं धर्मस्य साधनम्" ।।

**શ્લોકાર્થ :-**

**"શાસ્ત્ર શ્રેષ્ઠ ચિંતામણિ છે, શાસ્ત્ર શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે, શાસ્ત્ર સર્વત્ર જનારી=સૂક્ષ્મ કે બાદર, આલોકના કે પરલોકના સર્વ અર્થમાં જનારી, ચક્ષુ છે, શાસ્ત્ર ધર્મનું સાધન છે."**

**શ્લોક :-**

"न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियाऽपि हि ।
अन्धप्रेक्षाक्रियातुल्या कर्मदोषादसत्फला" ।। योगबिन्दु श्लो. २२६ ।।

इति गाथार्थः ।।४३।।

**શ્લોકાર્થ :-**

**"જેની ભક્તિ આમાં=શાસ્ત્રમાં, નથી, તેની ધર્મક્રિયા પણ અંધની જોવાની ક્રિયા તુલ્ય કર્મદોષથી**

**અસત્ ફળવાળી છે=અવિદ્યમાન ફળવાળી છે." ।। યો. બિં. શ્લો. ૨૨૬ ।।**

**એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વના શ્લોકમાં શાસ્ત્રનું મહત્ત્વ બતાવ્યું. તેથી જેને શાસ્ત્રમાં ભક્તિ નથી, તે વ્યક્તિ જ શાસ્ત્રનિરપેક્ષ સ્વમતિ પ્રમાણે ધર્મક્રિયા કરે છે અને તેવી વ્યક્તિની ધર્મક્રિયા પણ કર્મના દોષને કારણે અર્થાત્ શાસ્ત્ર પ્રત્યે અનાદર પેદા કરાવે તેવા કર્મના દોષને કારણે અભિપ્રેત ફળ વગરની ક્રિયા છે અર્થાત્ નિષ્ફળ ક્રિયા છે. જેમ આંધળો માણસ કોઈ વસ્તુ જોવા માટે ક્રિયા કરે તો તે ક્રિયાથી તેને કંઈ દેખાતું નથી, તેમ શાસ્ત્ર પ્રત્યે નિરપેક્ષ વ્યક્તિ જે ધર્મક્રિયા કરે છે, તે ધર્મક્રિયાનું તેને કોઈ ફળ નથી. માટે ફળના અર્થીએ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવી જોઈએ.

ઉદ્ધરણ પૂર્વે કહ્યું કે શાસ્ત્રાનુસારી વિધિથી વ્રતગ્રહણાદિ ક્રિયામાં પ્રવર્તવું જોઈએ, અન્યથા અનર્થની પ્રાપ્તિ થશે. તેમાં સાક્ષીપાઠ રૂપે કોઈ ગ્રંથના આ પાંચ શ્લોકો છે અને તેમાંથી ચાર શ્લોક યોગબિંદુ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે, તેનું જોડાણ આ રીતે છે –

શ્લોક-૨૨૩માં કહ્યું કે અવિધિથી ધર્મમાં પ્રવૃત્તિ કરવાને કારણે અવિધિથી ચિકિત્સાની ક્રિયાના ઉદાહરણથી પ્રકૃષ્ટ અનર્થ થાય છે. તેથી એ ફલિત થાય કે શાસ્ત્રનિરપેક્ષ કરાયેલી ક્રિયા અનર્થની પ્રાપ્તિનું કારણ છે. વળી ઉદ્ધરણ પૂર્વે કહેલું કે લોકવ્યવહારની જેમ યથાકથંચિત્ સ્વીકારાયેલું આ વ્રત સર્વથા સ્વીકારાયેલું નથી. તેથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રનિરપેક્ષ સ્વીકારાયેલ વ્રતનું કોઈ ફળ નથી. તેમાં સાક્ષીરૂપે શ્લોક-૨૨૬માં બતાવ્યું તે પ્રમાણે જેમ આંધળાને જોવાની ક્રિયાનું કોઈ ફળ નથી, તેમ શાસ્ત્રનિરપેક્ષ વ્રત ગ્રહણ કરવાની ક્રિયાનું કોઈ ફળ નથી. તેથી શ્લોક-૨૨૩ અને શ્લોક-૨૨૬થી એ ફલિત થયું કે શાસ્ત્રનિરપેક્ષ કરાયેલી ક્રિયાથી ઈષ્ટ ફળ તો મળતું નથી, પરંતુ અનિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે અને શેષ ત્રણ ગાથાઓ ધર્મમાં શાસ્ત્રની પ્રધાનતા બતાવવા માટે છે. ।। યો. બિં. શ્લો. ૨૨૬ ।। **।।૪૩।।**

**અવતરણિકા :-**

**प्रतिपन्नाधिकगुणस्थानकस्य विधिमाह -**

**અવતરણિકાર્થ :-**

**સ્વીકારાયેલા અધિક ગુણસ્થાનકની વિધિને કહે છે –**

**ભાવાર્થ :-**

અધિકારીને ગુરુ તેના ઉપરના ગુણસ્થાનકનો ઉપદેશ આપે, અને ભાવથી તેને વ્રત સ્વીકારવાનો પરિણામ થાય ત્યારે શું કરવું જોઈએ ? તેની વિધિ ગાથા-૩૯માં બતાવી, અને તે વિધિ પ્રમાણે જો પોતે તે ગુણસ્થાનકને યોગ્ય હોય તો તે ગુણસ્થાનક સ્વીકારે, અને તે ગુણસ્થાનક સ્વીકારતી વખતે કઈ વિધિ

કરવાની છે, તે વિધિ ગાથા-૪૨-૪૩માં બતાવી. હવે તે વિધિપૂર્વક ગુણસ્થાનક સ્વીકાર્યા પછી સ્વીકારાયેલા અધિક ગુણસ્થાનકવાળા સાધકને કરવાની વિધિ ગાથા-૪૪-૪૫થી બતાવે છે –

**ગાથા :-**

उड्ढं अहिगगुणेहिं तुल्लगुणेहिं च णिच्च संवासो ।
तग्गुणठाणोचियकिरियपालणासइसमाउत्तो ।।४४।।

**અન્વયાર્થ :-**

**उड्ढं=અધિક ગુણસ્થાનક સ્વીકાર્યા પછી अहिगगुणेहिं तुल्लगुणेहिं च=અધિક ગુણવાળા સાથે અને તુલ્ય ગુણવાળા સાથે णिच्च=નિત્ય संवासो=સંવાસ કરવો જોઈએ, तग्गुणठाणोचियकिरियपालणासइसमाउत्तो=તે ગુણસ્થાનકને ઉચિત=સ્વીકારાયેલા ગુણસ્થાનકને ઉચિત, ક્રિયાના પાલનની સ્મૃતિથી સમાયુક્ત થવું જોઈએ. ।।૪૪।।**

**ગાથાર્થ :-**

**ગુણસ્થાનક સ્વીકાર્યા પછી અધિક ગુણવાળા સાથે અને તુલ્યગુણવાળા સાથે નિત્ય સંવાસ કરવો જોઈએ અને તે ગુણસ્થાનકને ઉચિત ક્રિયાના પાલનની સ્મૃતિથી સમાયુક્ત થવું જોઈએ. ।।૪૪।।**

**ટીકા :-**

**'ऊर्ध्वम्'=अधिकगुणस्थानप्रतिपत्तेरुत्तरकालं 'अधिकगुणैस्तुल्यगुणैश्च' प्राणिभिरात्मापेक्षया 'नित्यं संवासः'। संवासो नाम औचित्येन तदुपजीवनादिर्निर्जराफलः । तथा 'तद्‌गुणस्थानोचितक्रियापालनास्मृतिसमायुक्तः'=अस्मिन् गुणस्थानके व्यवस्थितेनेदं चेदं च कर्तव्यमिति स्मृतिसमन्वागतस्तदेव कुर्यात् । इति गाथार्थः ।।४४।।**

**ટીકાર્થ :-**

'ऊर्ध्वम्'= ..... इति गाथार्थः ।।४४।। **(૧) ऊर्ध्वम्=અધિક ગુણસ્થાનકના સ્વીકારના ઉત્તરકાળમાં, પોતાની અપેક્ષાએ અધિક ગુણસ્થાનકવાળા જીવો સાથે અને તુલ્યગુણસ્થાનકવાળા જીવો સાથે, નિત્ય સંવાસ કરવો જોઈએ; સંવાસ એ નિર્જરાફળવાળી ઔચિત્યથી તેમના ઉપર ઉપજીવનાદિ પ્રવૃત્તિ છે=તેમના ઉપર નિર્ભર રહેવાની પ્રવૃત્તિ છે. તથા (૨) તદ્‌ગુણસ્થાનકને= સ્વીકૃત ગુણસ્થાનકને, ઉચિત ક્રિયાપાલનની સ્મૃતિથી સમાયુક્ત થવું જોઈએ અર્થાત્ આ ગુણસ્થાનકમાં વ્યવસ્થિત સાધકે 'આ અને આ' કરવું જોઈએ, એ પ્રકારની સ્મૃતિથી યુક્ત એવા સાધકે તેને જ=સ્મૃત થયેલા કર્તવ્યને જ, કરવું જોઈએ એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪૪।।**

❖ 'उपजीवनादि' અહીં 'आदि' થી ઔચિત્યપૂર્વક તેમનું બહુમાન, શુશ્રૂષા, વગેરેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ઉપદેશ સાંભળીને દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકાર્યા પછી તે ગુણસ્થાનકને પોતાનામાં ભાવથી નિષ્પન્ન કરવા માટે અને નિષ્પન્ન થયેલા તે ગુણસ્થાનકને સ્થિર કરવા માટે શું કરવું જોઈએ ? તેની વિધિ બતાવે છે –

**સ્વીકારાયેલ અધિક ગુણસ્થાનકની વિધિ :-**

**(૧) अहिगगुणेहिं तुल्लगुणेहिं च णिच्च संवासो :-**

દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકાર્યા પછી પોતાની અપેક્ષાએ અધિક ગુણવાળા જીવો સાથે કે તુલ્યગુણવાળા જીવો સાથે નિત્ય સંવાસ કરવો જોઈએ.

આશય એ છે કે દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારેલું હોય તો તેવો શ્રાવક પોતાનાથી અધિક ગુણવાળા દેશવિરતિધરોની સાથે સંવાસ કરે તથા પોતાની સાથે તુલ્યગુણવાળા શ્રાવકો સાથે સંવાસ કરે, પરંતુ વ્રતો સ્વીકાર્યા પછી વ્રતોમાં પ્રમાદવાળા હીનગુણવાળા કે અન્ય વ્રત વગરના સાથે સંવાસ ન કરે; અને સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકાર્યું હોય તેવા સાધુ પણ પોતાનાથી જ્ઞાનાદિમાં અધિક યત્નવાળા સાધુઓ સાથે સંવાસ કરે અને પોતાની જેમ સંયમમાં યત્ન કરનારા તુલ્યગુણવાળા સાધુઓ સાથે સંવાસ કરે, પરંતુ સંયમયોગમાં શિથિલ પ્રવૃત્તિવાળા હીનગુણવાળા સાધુઓ સાથે સંવાસ કરે નહીં.

અહીં પ્રશ્ન થાય કે શ્રાવક હોય તો તે પોતાના કુટુંબ સાથે સંવાસ કરે છે અને સાધુ હોય તો પોતાના સમુદાય સાથે સંવાસ કરે છે, અન્ય સાથે કઈ રીતે સંવાસ કરી શકે ? તેથી કહે છે –

સંવાસ એટલે ઔચિત્યપૂર્વક તેની ઉપજીવનાદિ પ્રવૃત્તિ.

આશય એ છે કે શ્રાવકો ગૃહમાં પોતાના કુટુંબ સાથે રહે છે તે સંવાસ નથી, પરંતુ વ્રત ગ્રહણ કર્યા પછી શ્રાવક પોતાનાથી અધિક ગુણવાળા અને તુલ્યગુણવાળા શ્રાવકો સાથે તે રીતે સંબંધ બાંધે કે જેથી ઔચિત્યપૂર્વક તેઓ પાસેથી ઉપજીવનાદિની પ્રવૃત્તિ થાય અર્થાત્ પોતાને શ્રાવકાચારના કોઈ ઉચિત કૃત્યોની વિસ્મૃતિ થાય અને સહવર્તી શ્રાવક 'આ તારા માટે ઉચિત કૃત્ય છે, ચૂકવું ન જોઈએ' એ રીતે તેને સ્મૃતિ કરાવે, કે ક્યાંય પોતે વિપરીત પ્રવૃત્તિ કરતો હોય ત્યારે 'આ કૃત્ય તારા જેવા માટે કરવું યોગ્ય નથી' એ પ્રકારે વારણા કરે, અર્થાત્ હિતકૃત્ય વિષયક સ્મૃતિ કરાવે અને અહિતથી વારણા કરે, ત્યારે શ્રાવક ઔચિત્યપૂર્વક તેનો સ્વીકાર કરીને તે પ્રમાણે યત્ન કરે, તે તેમના ઉપર ઉપજીવનાદિ પ્રવૃત્તિ છે. વળી તે શ્રાવકો પોતાને વારંવાર ઉચિતનું સ્મરણ કે અનુચિતનું વારણ કરતા હોય ત્યારે, તેમનાથી પોતાના આત્માને થયેલા લાભને કારણે હંમેશાં તેવા ઉપકારી પ્રત્યે બહુમાનભાવ રાખે, અને શક્તિ પ્રમાણે તેઓની ભક્તિ આદિમાં પ્રયત્ન કરે, તે સંવાસ છે. આ રીતે સંવાસ કરવાથી સ્વીકારેલું ગુણસ્થાનક જો સ્વીકારતી વખતે ભાવથી પ્રગટ થયેલું હોય તો ધીરે ધીરે સ્થિર થાય છે, અને કદાચ સ્વીકારતી વખતે ભાવથી પ્રગટ ન થયું હોય તો પ્રગટ થાય છે.

આનાથી એ ફલિત થયું કે શ્રાવકનો સંવાસ બાહ્ય દૃષ્ટિથી પોતાના કુટુંબ સાથે હોય તોપણ વારંવાર તુલ્યગુણવાળા અને અધિક ગુણવાળા શ્રાવકો સાથે સંપર્કમાં રહીને, તેઓના અવલંબનથી ગ્રહણ કરાયેલાં વ્રતોમાં દૃઢ યત્ન કરે, તે તેવા શ્રાવકો સાથેના સંવાસનું ફળ છે; અને આ સહવાસ તે ગુણસ્થાનકને અતિશય કરવામાં પ્રતિબંધક એવાં કર્મોની નિર્જરા કરાવીને સ્વીકારાયેલા ગુણસ્થાનકને અતિશયિત કરે છે.

સાધુ પણ સંયમ ગ્રહણ કર્યા પછી પોતાના સમુદાય સાથે વસે છે, તોપણ પોતે અધિક ગુણવાળા અને તુલ્યગુણવાળા સાધુઓની સાથે અત્યંત સંપર્કમાં રહે, જેથી તેઓના અવલંબનથી પોતાની સંયમની કોઈ ઉચિત પ્રવૃત્તિનું વિસ્મરણ થયું હોય તો સહવર્તી સાધુ સ્મરણ કરાવે, જેથી તે ઉચિત પ્રવૃત્તિમાં યત્ન થાય, અને પોતાની સંયમની ઉચિત પ્રવૃત્તિમાં ક્યાંય સ્ખલના થતી હોય તો તે સહવર્તી સાધુ તેનું નિવારણ કરે, જેથી સ્ખલના દૂર થાય અને વિશુદ્ધ સંયમની આચરણા થાય.

આમ અધિક ગુણવાળા અને તુલ્યગુણવાળા સાધુઓ સાથે સંપર્કમાં રહીને પોતાના ગુણસ્થાનકને સ્થિર કરે તે સંવાસનું ફળ છે.

અહીં વિશેષ એ છે કે અધિકારી સાધક વ્રત ઉચ્ચરે છે ત્યારે પ્રતિજ્ઞાસૂત્રથી "હવે પછી હું આ રીતે જીવીશ", તે પ્રકારે શ્રુતનો સંકલ્પ કરે છે, અને તે શ્રુતનો સંકલ્પ ભાવથી પરિણમન પામેલો હોય તો ઉત્તરકાળમાં તે રીતે યત્ન થાય છે. આમ છતાં અનાદિભવઅભ્યસ્ત પ્રમાદને કારણે તે યત્નમાં ક્યારેક શૈથિલ્ય આવે તો પ્રગટ થયેલો તે પરિણામ નાશ પણ થાય. તેથી તે પરિણામના રક્ષણ માટે અધિક ગુણવાળા અને તુલ્યગુણવાળા સાથેનો સંવાસ ઉપકારક છે; અને ભાવથી પ્રગટ થયેલો તે વ્રતનો પરિણામ કદાચ નાશ પામે તેમ ન હોય તોપણ તે સ્થિરભાવને પામે તેમાં અધિક ગુણવાળા સાથેનો અને તુલ્યગુણવાળા સાથેનો સંવાસ ઉપકારક છે.

અધિકારી સાધક વ્રત ગ્રહણ કરે છે, ત્યારે શ્રુતનો સંકલ્પ તેવો દૃઢ ઉત્થિત થયો ન હોય તો ભાવથી તે પ્રકારનો સંવરભાવ જીવમાં પ્રગટ થતો નથી કે જેથી અવિરતિકૃત કર્મબંધ અટકે, તોપણ તે વ્રતની આચરણાના બળથી અને અધિક ગુણવાળા અને તુલ્યગુણવાળાના સંવાસના બળથી, ભાવથી તે પ્રકારનો સંવરભાવ પ્રગટ થાય છે. તેથી વ્રતગ્રહણકાળમાં વ્રતનો સંવરભાવ કદાચ ન થયો હોય તોપણ તુલ્યગુણવાળા અને અધિકગુણવાળાના સંવાસથી ઉત્તરકાળમાં તે ભાવ પ્રગટે છે, માટે અધિક ગુણવાળા અને તુલ્યગુણવાળા સાથે સંવાસ કરવાનો ઉપદેશ છે.

(૨) **तग्गुणठाणोचियकिरियपालणासइसमाउत्तो :-**

વળી ગુણસ્થાનક સ્વીકાર્યા પછી તે ગુણસ્થાનકની ઉચિત ક્રિયાઓનું પાલન કરવા માટે, તે ગુણસ્થાનકની જે ઉચિત ક્રિયાઓ ભગવાને બતાવી છે, તે ક્રિયાગત વિધિની સ્મૃતિયુક્ત સદા રહી વિચારે કે આ ગુણસ્થાનકમાં રહેલાએ 'આ - આ કર્તવ્ય છે.' એ પ્રમાણે સ્મરણ કરીને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે, જેથી તે ગુણસ્થાનકની સર્વ ઉચિત ક્રિયાઓ ભગવાનના વચનાનુસાર બને, અને પ્રગટ થયેલું ગુણસ્થાનક સ્થિર ભાવને પામે. **॥૪૪॥**

**ગાથા :-**

उत्तरगुणबहुमाणो सम्मं भवरूवचिंतणं चित्तं ।
अरईए अहिगयगुणे तहा तहा जत्तकरणं तु ।।४५।।

**અન્વયાર્થ :-**

उत्तरगुणबहुमाणो=ઉત્તરગુણનું બહુમાન, चित्तं=ચિત્ર=અનેક પ્રકારે सम्मं भवरूवचिंतणं=સમ્યક્ ભવસ્વરૂપનું ચિંતન अहिगयगुणे=અધિકૃત ગુણસ્થાનકને વિષે अरईए=અરતિ થયે છતે तहा तहा=તે તે પ્રકારે जत्तकरणं तु=યત્ન જ કરવો જોઈએ. ।।૪૫।।

**ગાથાર્થ :-**

**ઉત્તરગુણનું બહુમાન, અનેક પ્રકારે સમ્યક્ ભવસ્વરૂપનું ચિંતન અને અધિકૃત ગુણસ્થાનકને વિષે અરતિ થયે છતે તે તે પ્રકારે યત્ન જ કરવો જોઈએ. ।।૪૫।।**

❖ ગાથામાં तु 'एवकार' અર્થક છે.

**ટીકા :-**

'उत्तरगुणबहुमानः'=अधिकृतगुणस्थानकापेक्षया उत्तरगुणस्थानकगुणराग इत्यर्थः ।

**ટીકાર્થ :-**

'उत्तरगुणबहुमानः'= ..... गुणराग इत्यर्थः ।(૩) **ઉત્તરગુણબહુમાન=સ્વીકૃત ગુણસ્થાનકની અપેક્ષાએ ઉત્તરગુણસ્થાનકના ગુણનો રાગ, એ પ્રમાણે અર્થ છે.**

**ભાવાર્થ :-**

(૩) **उत्तरगुणबहुमाणो :- ઉત્તરગુણબહુમાન :-**

અધિકારી જીવ વિધિપૂર્વક સંયમ ગ્રહણ કરે ત્યારપછી તુલ્યગુણવાળા કે અધિકગુણવાળા સાથે સંવાસ કરે અને પોતાના ગુણસ્થાનકની ઉચિત ક્રિયાની વિધિનું સ્મરણ કરીને તે પ્રમાણે ક્રિયામાં યત્ન કરે, જેથી પ્રગટ થયેલું ગુણસ્થાનક સ્થિરભાવને પામે; અને આ ગુણસ્થાનકને અતિશય કરવા અર્થે ઉત્તરગુણનું બહુમાન કરવાનું છે અર્થાત્ જે ગુણસ્થાનક પોતે સ્વીકાર્યું છે, તેની અપેક્ષાએ ઉત્તરના ગુણસ્થાનક પ્રત્યેના ગુણનો રાગ કેળવવાનો છે. તે આ રીતે –

કોઈએ દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારેલું હોય તોપણ તેના ઉત્તરભાવિ શ્રાવકના પ્રતિમાવહનના પરિણામો, સર્વવિરતિના પરિણામો કેવા લોકોત્તમ સ્વરૂપવાળા છે, તેને શાસ્ત્રો દ્વારા જાણવા પ્રયત્ન કરે. વળી વારંવાર તેની સ્મૃતિ કરીને તે ભાવોને અભિમુખ પોતાનું ખેંચાણ દિવસે દિવસે અધિકતર થતું રહે તે રીતે તે તે ઉપરના ગુણસ્થાનકના સૂક્ષ્મભાવોને વારંવાર શાસ્ત્રોથી જાણે, અને તેવા ગુણસ્થાનકવાળા

યોગીઓના દર્શનથી તેમનામાં વર્તતા પ્રતિમાવહનના પરિણામો અને સર્વવિરતિના પરિણામો સ્મૃતિમાં લાવે કે "આવી ઉત્તમ ભૂમિકાને પામેલા આ મહાત્માઓ સંસારના ઉચ્છેદમાં કેવા સુદૃઢ પ્રવૃત્ત છે ! હું પણ આવું સત્ત્વ ક્યારે પ્રાપ્ત કરીશ કે જેથી આ સંસારનો ઉચ્છેદ થાય ?" આ પ્રકારે આલોચન કરીને ઉત્તરગુણના બહુમાનને પ્રગટ કરે.

કોઈએ સર્વવિરતિ લીધેલી હોય અને ભાવથી સર્વવિરતિનું પાલન કરતો હોય તોપણ અસંગભાવવાળા સંયમીને વારંવાર યાદ કરે અને વિચારે કે 'સંપૂર્ણ અસંગભાવ વગર કોઈ વીતરાગ થતું નથી અને વીતરાગ થયા વિના કેવળજ્ઞાન પ્રગટ થતું નથી અને કેવળજ્ઞાન પ્રગટ થયા વિના મોક્ષની પ્રાપ્તિ નથી, માટે જો હું પૂર્ણ સુખનો અર્થી હોઉં તો પ્રાપ્ત થયેલા એવા પણ આ યતિધર્મમાં હું તે રીતે ઉદ્યમ કરું કે જેથી શીઘ્ર અસંગભાવની પ્રાપ્તિ થાય.'

**સર્વવિરતિથી→ અસંગભાવ→ વીતરાગતા→ કેવળજ્ઞાન→ મોક્ષ.**

આ પ્રકારે ચિંતન કરીને દેશવિરતિધર કે સર્વવિરતિધર સ્વસ્વના ઉત્તરગુણના બહુમાનને પ્રગટ કરે.

**ટીકા :-**

**तथा 'सम्यग्'=वासितेनान्तःकरणेन संवेगक्रियासारं 'भवरूपचिन्तनं'=संसारस्वभावालोचनं 'चित्रं'= नानाप्रकारं कर्तव्यम् । तद्यथा – "इह असारं जन्म, आश्रयो जरादीनाम्, व्याप्तं दुःखगणेन, चला विभूतयः, अनवस्थिताः स्नेहाः, दारुणं विषयविषम्, रौद्रः पापकर्मविपाकः पीडाकरोऽनुबन्धेन, मिथ्याविकल्पं सुखम्, सदा प्रवृत्तो मृत्युरिति, न धर्माद् ऋतेऽत्र किञ्चित् कर्तुं न्याय्यम्" इत्येवमादि ।**

**ટીકાર્થ :-**

तथा 'सम्यग्' ..... इत्येवमादि । **(૪) અને સમ્યગ્ અર્થાત્ વાસિત અંતઃકરણ વડે સંવેગક્રિયાસાર ભવસ્વરૂપનું ચિંતન=સંસારના સ્વભાવનું ચિંતન, ચિત્ર=નાના પ્રકારે કરવું જોઈએ.**

તે સંસારસ્વરૂપના ચિંતનને 'तद्यथा' થી સ્પષ્ટ કરે છે –

**तद्यथा=તે=ભવસ્વરૂપનું ચિંતન, યથા=જે પ્રમાણે આગળ બતાવાય છે, તે પ્રમાણે છે –**

**અહીં=સંસારમાં, (૧) જન્મ અસાર છે, (૨) જરાદિનો આશ્રય છે, (૩) દુઃખના સમુદાયથી વ્યાપ્ત છે, (૪) વિભૂતિઓ ચલ છે, (૫) સ્નેહ અનવસ્થિત છે, (૬) વિષયનું વિષ દારુણ છે, (૭) પાપકર્મનો વિપાક રૌદ્ર છે, (૮) અનુબંધથી=પ્રવાહથી પીડા કરનારો છે, (૯) સુખ મિથ્યા વિકલ્પરૂપ છે, (૧૦) મૃત્યુ સદા પ્રવૃત્ત છે : એથી ધર્મ સિવાય અહીં=મનુષ્યભવમાં કંઈ કરવું ન્યાય્ય નથી=ઉચિત નથી. इत्येवमादि=આવા વગેરે સ્વરૂપવાળું ભવસ્વરૂપનું ચિંતન કરવું જોઈએ.**

❖ 'इत्येवमादि' અહીં 'आदि' થી અનેક ઉપમાઓ દ્વારા પણ ભવસ્વરૂપનું ચિંતવન કરવું જોઈએ, તેને જણાવે છે.

**ભાવાર્થ :-**

(૪) **भवरूवचिंतणं** :- **ભવસ્વરૂપનું ચિંતન :-**

દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકાર્યા પછી ઉત્તરગુણના બહુમાનને કારણે દેશવિરતિ કે સર્વવિરતિમાં સાધક તે રીતે પ્રવૃત્ત થાય કે જેથી ધીરે ધીરે ઉત્તરગુણને અનુરૂપ શક્તિનો સંચય થાય. આ રીતે ગુણસ્થાનકમાં યત્ન કરનારને પણ સંસારનાં બાહ્ય નિમિત્તો સંવરભાવને મ્લાન કરવાનું કારણ બને. તેનાથી રક્ષણ માટે સમ્યક્ ભવસ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન કરવું જોઈએ અર્થાત્ જે ભવસ્વરૂપનું પોતે ચિંતન કરે છે, તે ભવસ્વરૂપનું ચિંતન પોતાનામાં કેમ સમ્યક્ પરિણમન પામે, તેવા પ્રકારના વાસિત અંતઃકરણપૂર્વક સંવેગપ્રધાન ક્રિયાથી ભવસ્વરૂપનું ચિંતન કરવું જોઈએ અર્થાત્ આ ભવસ્વરૂપના ચિંતનની ક્રિયામાં સંવેગની પ્રધાનતા હોય તે રીતે ભવસ્વરૂપનું ચિંતન કરવું જોઈએ, જેથી તે ભવસ્વરૂપનું ચિંતન નિર્લેપદશાનું કારણ બને અને સ્વીકારાયેલું ગુણસ્થાનક સંવરભાવરૂપે રહે અને ઉત્તરોત્તર અધિક સંવરનું કારણ બને. જો આ રીતે ભવસ્વરૂપનું ચિંતન કરવામાં ન આવે તો સંયોગો પ્રમાણે નિમિત્તો સૂક્ષ્મ-સૂક્ષ્મ પણ કંઈક અસર કરતાં રહે છે અને તેના કારણે મહાયત્નથી પ્રગટ થયેલ ગુણસ્થાનક પણ ભાવથી સંવરના પરિણામ વગરનું થવાથી માત્ર ક્રિયારૂપ અવશિષ્ટ રહે છે. માટે જેમ ગુણસ્થાનકને જિવાડવા માટે તે ગુણસ્થાનકની ક્રિયામાં સમ્યક્ યત્ન આવશ્યક છે, તેમ તે ગુણસ્થાનકથી પ્રગટ થયેલ સંવરભાવને જિવાડવા માટે - અતિશયિત કરવા માટે વાસિત અંતઃકરણપૂર્વક ભવસ્વરૂપનું ચિંતન અનેક રીતે કરવું જોઈએ. તે આ રીતે –

(૧) **असारं जन्म** :- જન્મ અસાર છે; કેમ કે જન્મ એ અન્ય પદાર્થના સંયોગરૂપ છે, અર્થાત્ આત્માને અન્ય એવા દેહનો સંયોગ થાય તે જન્મ છે અને દેહના સંયોગને કારણે જન્મની સાથે અનેક પ્રશ્નોની પરંપરા ઊભી થાય છે. દેહને આધીન જીવને જીવવું પડે છે, પણ ક્યારેય જીવની ઈચ્છા પ્રમાણે દેહ ચાલતો નથી. કદાચ પુણ્યથી સુંદર દેહ મળ્યો હોય, સુંદર આરોગ્ય મળ્યું હોય, આમ છતાં પણ જો દેહની સારસંભાળ ન કરવામાં આવે તો તે અનેક ઉપદ્રવો કર્યા કરે છે. દેહને કારણે આત્માને થતી વિડંબના જોઈ વિચારક જીવને થાય કે "દેહની ગુલામીથી જીવવું તેના કરતાં દેહ વગર સ્વાધીનપણે જીવવું તે જ જીવ માટે ઉત્તમ અવસ્થા છે." આ રીતે અનેક ઉપદ્રવના સ્થાનભૂત આ દેહ છે. અંતે પણ જ્યારે દેહનો નાશ થાય ત્યારે પરાધીનપણે મૃત્યુની વિડંબના જીવને પ્રાપ્ત થાય છે. માટે આવા દેહના સંયોગરૂપ જન્મ અસાર છે.

(૨) **आश्रयो जरादीनाम्** :- વળી આ જન્મ અસાર કેમ છે ? તેને સ્પષ્ટ કરે છે કે જન્મ એ જરા અને મરણનું આશ્રયસ્થાન છે; કેમ કે જ્યાં જન્મ છે, ત્યાં વૃદ્ધાવસ્થા અને મરણ આવ્યા વિના રહેવાનાં નથી.

(૩) **व्याप्तं दुःखगणेन** :- વળી આ જન્મ અનેક દુઃખના સમુદાયથી વ્યાપ્ત છે; કેમ કે જન્મના કારણે જ જીવને શારીરિક અને માનસિક દુઃખોની પરંપરા ઊભી થાય છે.

ઉપર્યુક્ત જન્મવિષયક ત્રણ વાતને જે જીવ અત્યંત ઉપયોગપૂર્વક વિચારે, તેને જન્મથી છૂટવાના ઉપાયોમાં સુદૃઢ માનસયત્ન વર્તે અને અજન્મા અવસ્થા પ્રત્યેનો પ્રતિબંધ વધે અને જન્મના કારણભૂત

બાહ્યપદાર્થો પ્રત્યેનો પ્રતિબંધ ઉત્થિત ન થઈ શકે તેવું ચિત્તરત્ન પેદા થાય છે, જેથી ગુણસ્થાનકની ક્રિયાથી સંવરભાવ પ્રગટે અને પ્રગટેલો સંવરભાવ અતિશયિત બને છે.

(૪) **चला विभूतयः** :- આ સંસારમાં જેમ જન્મની પ્રાપ્તિ થાય છે અને અવિચારક જીવો તેને ઉત્સવનું સ્થાન ગણે છે, તેમ વિભૂતિ=વૈભવ, પ્રાપ્ત થાય ત્યારે અવિચારક જીવો તે વિભૂતિ ઉપર આસ્થા રાખીને પોતે સુખી છે તેમ માને છે; અને વિભૂતિ પ્રત્યે બદ્ધમાનસવાળા જીવો અનેક પ્રકારે આરંભ-સમારંભ કરી, મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને પાપનો સંચય કરવામાં પ્રવર્તે છે; અને વિચારક જીવ આ પાપસંચય કરાવનાર આરંભ-સમારંભની નિવૃત્તિ માટે દેશવિરતિ કે સર્વવિરતિના ગ્રહણમાં યત્ન કરે છે, તોપણ જ્યારે જ્યારે વિભૂતિઓ આસ્થાનું સ્થાન બને અર્થાત્ શ્રાવકને બાહ્ય વૈભવ આસ્થાનું સ્થાન બને અને સાધુને પોતાની પ્રતિભા કે લોકો ઉપર પડતો પ્રભાવ વગેરે રૂપ બાહ્ય વિભૂતિ આસ્થાનું સ્થાન બને ત્યારે ત્યારે સંવરભાવ મ્લાન થવા માંડે, અને ત્યારે દેશવિરતિની ક્રિયા કે સર્વવિરતિની ક્રિયા થતી હોય તોપણ સંવરભાવ નાશ થાય તો ગુણસ્થાનક ટકે નહીં. તેથી ગુણસ્થાનકને જિવાડવા કે અતિશય કરવા માટે સૂક્ષ્મ પ્રજ્ઞાથી વિચારવું જોઈએ કે 'આ દેખાતી વિભૂતિઓ ચલ છે, ગમે ત્યારે ચાલી જશે અને જશે ત્યારે મને સંતાપ પેદા કરશે, દુઃખી કરશે, માટે જો મારે દુઃખી ન થવું હોય તો વિભૂતિઓની આસ્થા ન કરવી જોઈએ, જેથી તેના નાશમાં પણ મને દુઃખ ન થાય.' વળી વિચારવું જોઈએ કે 'વસ્તુતઃ આત્માની ગુણસંપત્તિ અચલ છે, તે આસ્થા કરવા યોગ્ય છે. માટે ચલ એવી આ વિભૂતિઓની આસ્થાથી સર્યું.'

(૫) **अनवस्थिताः स्नेहाः** :- સંસારી જીવોને જેમ વિભૂતિ આસ્થાનું સ્થાન છે, તેમ સ્નેહ પણ આસ્થાનું સ્થાન છે. તેથી અત્યાર સુધી સ્નેહની આસ્થાથી આ સંસાર સુખમય છે, તે રીતે જોયું છે. હવે કોઈક રીતે યોગમાર્ગનો બોધ થયો અને તત્ત્વ પરિણામ પામ્યું, તેથી ભોગાદિને છોડીને દેશવિરતિ કે સર્વવિરતિ પ્રત્યેની મનોવૃત્તિ થઈ, દેશવિરતિ ગ્રહણ કરી તોપણ અનેક વખત સ્નેહની આસ્થા કરીને તેનાથી સંસ્કારિત થયેલું ચિત્ત સ્નેહીઓ પ્રત્યેના બદ્ધ રાગને છોડી શકતું નથી, તેથી સર્વવિરતિની બલવાન ઈચ્છા હોવા છતાં સર્વવિરતિના ગ્રહણની પ્રવૃત્તિ થતી નથી, છતાં ધૈર્યપૂર્વક યત્ન કરીને સ્નેહીના રાગને છોડીને આરાધક જીવ સંયમ ગ્રહણ કરે તોપણ જેઓ તેના પ્રત્યે સ્નેહ-લાગણી-ભક્તિ આદિ ભાવો બતાવે, ત્યાં સ્નેહના પરિણામને ધારણ કરે તો ધીરે ધીરે વ્રત નાશ પામે. તેથી વ્રતને સ્થિર કરવા અને રક્ષણ કરવા માટે સ્નેહનો પ્રતિબંધ દૂર કરવો જોઈએ અને દૂર કરાયેલો તે પ્રતિબંધ ફરી ઉત્પન્ન ન થાય તે રીતે સ્થિર કરવો જોઈએ. તે માટે ગુણસ્થાનકને સ્વીકાર્યા પછી વિચારવું જોઈએ કે "આ સંસારમાં સ્નેહ અવસ્થિત નથી. જેના પ્રત્યે અત્યારે સ્નેહ છે, તેના પ્રત્યે કોઈક એવા સંયોગો પ્રાપ્ત થાય તો દ્વેષ ઉત્પન્ન થાય છે, અને જે મારા પ્રત્યે અત્યારે સ્નેહ રાખે છે, તે મારો શત્રુ પણ બની શકે છે. કદાચ આ ભવમાં સ્નેહસંબંધ ટકી રહે તોપણ જન્માંતરમાં તે સ્નેહીપાત્ર શત્રુ થઈને પણ આવી શકે, તેવું આ સંસારનું સ્વરૂપ છે. માટે સંસારના ચપળ સ્નેહથી સર્યું," એમ વારંવાર વિચારીને સ્નેહના પ્રતિબંધને તોડવા માટે કે સ્નેહનો પ્રતિબંધ ઉત્પન્ન ન થાય તેના માટે, અને અંતે સર્વથા અપ્રતિબદ્ધ માનસવાળા થવા માટે, યત્ન કરવો જોઈએ.

(૬) **दारुणं विषयविषम्** :- જેમ જીવને સ્નેહી વ્યક્તિઓ યોગમાર્ગમાં યત્ન કરવામાં બાધક બને છે, તેમ ઈન્દ્રિયોને અનુકૂળ વિષયો પણ યોગમાર્ગમાં જવામાં બાધક બને છે અને સંસારનું સ્વરૂપ જાણીને વ્રતોમાં પ્રવૃત્ત થયેલાને પણ સંવરભાવથી દૂર કરવાનું કારણ બને છે. વળી અસંવરભાવમાં પણ રહેવાનું કારણ આ વિષયો બને છે. તેથી તેનું વાસ્તવિક સ્વરૂપ ચિંતન કરીને સંવરભાવના રક્ષણ માટે વિચારે કે "વિષયોનું વિષ દારુણ છે અર્થાત્ વિષયોના સેવનકાળમાં જીવમાં થતી રાગાદિ પરિણતિઓ વિષ જેવી છે, અને જેમ ઝેર ખાવાથી અકાળે મૃત્યુ થાય છે, તેમ વિષયોનું વિષ જો મારા આત્મામાં ફેલાશે તો યોગમાર્ગમાં પ્રસ્થિત એવા મારું અકાળે મૃત્યુ થશે અને વિષયોના સેવનથી બંધાયેલું પાપ દુરંત સંસારનું પરિભ્રમણ કરાવી અનેક કદર્થનાઓ કરશે. માટે વિષયોનું વિષ મારા આત્મામાં ન ફેલાય, તદર્થે વિષયોથી સર્યું." એ પ્રકારે સંવેગપૂર્વક વિષયોથી ચિત્તને પરાઙ્મુખ કરે.

(૭) **रौद्रः पापकर्मविपाकः** :- આ સંસારની જીવનવ્યવસ્થા એવી છે કે અનેક પ્રકારનાં પાપ કરીને જીવનવ્યવસ્થા ચાલે છે અને તે પાપકર્મનો વિપાક અતિ રૌદ્ર છે. માટે પાપકર્મના વિપાકની રૌદ્રતાનું ચિંતન કરીને "પાપકર્મમય એવી સંસારની વ્યવસ્થાથી સર્યું અને યોગમાર્ગમાં હું સુદૃઢ પ્રવૃત્તિ કરું કે જેથી પાપકર્મની નિષ્પત્તિ ન થાય અને સંપૂર્ણ નિરવદ્ય જીવનની પ્રાપ્તિ થાય" એ પ્રકારે પાપકર્મના વિપાકનું ચિંતન કરીને સંવરભાવને દૃઢ કરે.

(૮) **पीडाकरोऽनुबन्धेन** :- વળી આ પાપકર્મનો વિપાક જેમ રૌદ્ર છે, તેમ પ્રવાહથી અનેક પ્રકારની પીડાને કરનારો છે.

આશય એ છે કે જેમ કેટલાંક કડવાં ઔષધો જીવને અતિ પ્રતિકૂળ લાગે છે તોપણ અનુબંધથી= ફળથી, સુખનું કારણ બને છે; કેમ કે કડવાં ઔષધ પણ આરોગ્યની પ્રાપ્તિ દ્વારા સુખનું કારણ બને છે. તેથી સુખપ્રાપ્તિની અપેક્ષાએ જીવ કડવાં ઔષધો પણ સેવે, જ્યારે "આ પાપકર્મનો વિપાક તો જન્માંતરમાં દુર્ગતિઓ આપીને, અનેક પાપની પરંપરા ઉત્પન્ન કરીને, અધિક-અધિક કદર્થના ઉત્પન્ન કરાવનાર છે, તેથી અનુબંધથી દુઃખનું કારણ છે. માટે આવી પાપમય સંસારની પ્રવૃત્તિઓથી સર્યું અને હું સંવરભાવમાં સુદૃઢ યત્ન કરું કે જેથી અનુબંધથી પીડા કરનારા એવા પાપકર્મના ફળને પામું નહીં."

(૯) **मिथ्याविकल्पं सुखम्** :- "સંસારનું સર્વ સુખ મિથ્યા વિકલ્પરૂપ છે." જીવને 'આ મને ઈષ્ટ છે' અને 'આ મને અનિષ્ટ છે', એવી બુદ્ધિથી તે પદાર્થજન્ય સુખ-દુઃખ થાય છે, પરંતુ તત્ત્વથી જોઈએ તો બાહ્યપદાર્થ જીવને કોઈ ઈષ્ટ નથી કે કોઈ અનિષ્ટ નથી. જીવનું ઈષ્ટ સુખ તો જીવનું સ્વભાવરૂપે અવસ્થાન છે. આમ છતાં દેહના સંયોગમાં દેહને અનુકૂળ પદાર્થો મને ઈષ્ટ છે અને દેહને પ્રતિકૂળ પદાર્થો મને અનિષ્ટ છે, એવી મિથ્યાબુદ્ધિ થવાને કારણે બાહ્ય પદાર્થોમાં જીવને સુખ-દુઃખની બુદ્ધિ થાય છે. આ રીતે ચિંતન કરીને સંસારના સુખના પ્રતિબંધને તોડવા માટે યત્ન કરે.

અહીં સંસારનું સુખ મિથ્યા વિકલ્પરૂપ છે, તેને 'અધ્યાત્મસાર' ગ્રંથના 'સમતા અધિકાર'માં બતાવ્યું છે. તે આ પ્રમાણે છે –

**तेष्वेव द्विषतः पुंसस्तेष्वेवार्थेषु रज्यतः । निश्चयात्किञ्चिदिष्टं वाऽनिष्टं वा नैव विद्यते ।।३।।**

**एकस्य विषयो यः स्यात्स्वाभिप्रायेण पुष्टिकृत् । अन्यस्य द्वेष्यतामेति, स एव मतिभेदतः ।।४।।**
**विकल्पकल्पितं तस्माद् द्वयमेतन्न तात्त्विकम् । विकल्पोपरमे तस्य, द्वित्वादिवदुपक्षयः ।।५।।**

- (અધ્યાત્મસાર સમતાધિકાર શ્લોક-૩-૪-૫)

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

તે જ પદાર્થોમાં જીવ ક્યારેક દ્વેષ કરે છે, તો ક્યારેક તે જ પદાર્થોમાં રાગ કરે છે. તેથી નિશ્ચયથી બાહ્ય કોઈ પદાર્થ ઈષ્ટ નથી કે અનિષ્ટ નથી. આમ છતાં બાહ્ય પદાર્થમાં ઈષ્ટ બુદ્ધિને કારણે જીવને મિથ્યા વિકલ્પથી સુખ પેદા થાય છે. વળી જો બાહ્ય પદાર્થથી જ સુખ થતું હોય તો દરેક જીવને તે પદાર્થથી સુખ થવું જોઈએ, પણ તેમ થતું નથી. તેથી કહે છે –

એકને પોતાના અભિપ્રાયથી તે વિષય પોતાને સુખ કરનારો દેખાય છે અને અન્યને મતિભેદને કારણે તે જ વિષય દ્વેષનો વિષય બને છે. તેથી પણ નક્કી થાય છે કે મતિકલ્પનાથી બાહ્ય પદાર્થો ઈષ્ટ અને અનિષ્ટરૂપ છે, પરમાર્થથી જીવને કોઈ બાહ્ય પદાર્થમાંથી સુખની પ્રાપ્તિ થતી નથી. તેને દૃઢ કરવા માટે કહે છે –

વિકલ્પથી આ ઈષ્ટ અને આ અનિષ્ટ એવી બુદ્ધિ મને થાય છે, પરંતુ બંને તાત્ત્વિક નથી. જ્યારે વિકલ્પો શાંત થઈ જાય છે ત્યારે દ્વિત્વાદિની જેમ બાહ્ય પદાર્થોમાં ઈષ્ટત્વ-અનિષ્ટત્વની બુદ્ધિ દૂર થાય છે અને બાહ્ય પદાર્થોમાંથી ક્યાંય સુખની પ્રાપ્તિ દેખાતી નથી, પરંતુ નિરપેક્ષભાવમાં સુખની પ્રાપ્તિ દેખાય છે, માટે સંસારનું તમામ સુખ મિથ્યા વિકલ્પરૂપ છે. આ પ્રકારનું નિશ્ચયનયની દૃષ્ટિથી અવલોકન કરવાને કારણે સંસારી સુખો પ્રત્યેનો વિમુખભાવ સ્થિર થાય છે અને સંવરભાવમાં દઢતા આવે છે. ॥ અધ્યાત્મસાર શ્લો. ૩-૪-૫ ॥

(આ સંબંધી વધુ માહિતી 'અધ્યાત્મસાર ગ્રંથ' 'સમતા અધિકાર'માંથી જિજ્ઞાસુઓને મળી શકશે.)

(૧૦) **सदा प्रवृत्तो मृत्युः** :- સદા મૃત્યુ પ્રવૃત્ત છે અર્થાત્ મૃત્યુ ક્યારે આવે તે નક્કી નથી. ગમે તે ક્ષણે આયુષ્ય પૂરું થવાથી મૃત્યુ થાય તેમ છે. કદાચ આયુષ્ય વિદ્યમાન હોય તોપણ સોપક્રમ આયુષ્યવાળા જીવને ગમે તે ઉપઘાતક નિમિત્તથી ગમે ત્યારે મૃત્યુ આવી શકે છે. માટે જેને સદા મૃત્યુનો ભય વિદ્યમાન હોય તે વ્યક્તિ પ્રાપ્ત થયેલા મનુષ્યભવને નિરર્થક પ્રવૃત્તિમાં કેમ પસાર કરે ? અર્થાત્ મૃત્યુ આવે તેના પહેલાં આત્મહિત સાધી લેવું જોઈએ, એ પ્રમાણે વિચારીને વિચારે કે "ધર્મને છોડીને આ મનુષ્યભવમાં મારે કંઈ કરવું ઉચિત નથી." આ પ્રકારના સંવેગપૂર્વકના સમાલોચનથી તીવ્ર સંવેગ પેદા થાય છે, જેથી ધર્મની દરેક પ્રવૃત્તિ તે રીતે થાય છે કે જેથી ગુણસ્થાનકની વૃદ્ધિ જે અતિદુષ્કર છે, તે પણ સરળ બની જાય, અને ક્ષણભર પણ પ્રમાદમાં મનુષ્યભવ ન જાય તેવી જાગૃતિ આવે.

**ટીકા :-**

**तथा 'अरतौ' चाधिकृतगुणविषयायां चित्रकर्मोदयेन, किम्? इत्याह- 'तथा तथा'=तेन तेन प्रकारेण**

भावशरणादिलक्षणेन 'यत्नकरणं तु'=यत्न एव कर्तव्यः। इति गाथार्थः ।।४५।।

**ટીકાર્થ :-**

**तथा 'अरतौ' ..... इति गाथार्थः ।।४५।। અને અધિકૃત ગુણસ્થાનકના વિષયમાં ચિત્ર કર્મોદયથી અરતિ ઉત્પન્ન થયે છતે શું કરવું જોઈએ ? એથી કહે છે –**

**ભાવશરણાદિરૂપ તે તે પ્રકારે યત્ન જ કરવો જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪૫॥**

**ભાવાર્થ :-**

ઉપદેશ સાંભળીને દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરવાનો ભાવથી પરિણામ થયા પછી નિજસ્વભાવાદિનું આલોચન કરી પોતાની યોગ્યતા જણાય ત્યારપછી વિધિપૂર્વક વ્રત ગ્રહણ કરવામાં આવે તો પ્રાયઃ સ્વીકારાયેલ ગુણસ્થાનક સમ્યક્ પરિણમન પામે છે; છતાં આ રીતે પ્રયત્ન કરનારને પણ સ્વીકારાયેલા વ્રતમાં કર્મના ઉદયથી અરતિ પેદા થઈ શકે છે. જીવને અનાદિથી અવ્રતની પ્રવૃત્તિમાં આનંદ લેવાનો અભ્યાસ સુઅભ્યસ્ત છે, વ્રતના પરિણામમાંથી આનંદ લેવાનો અભ્યાસ સુઅભ્યસ્ત નથી; આમ છતાં મહાયત્ન કરીને ઉત્સાહથી વ્રત ગ્રહણ કરે છે ત્યારે, અમુક કાળ સુધી તે વ્રતમાંથી આનંદ મેળવીને સુખે સુખે વ્રતનું પાલન કરતો હોય તોપણ, બાહ્ય નિમિત્તને પામીને કર્મનો ઉદય પ્રગટ થાય તો સાંસારિક અનુકૂળતામાંથી આનંદ લેવાનું માનસ ઊઠવા માંડે છે. તે વખતે અંતરંગ રીતે 'વ્રતનો પક્ષપાત છે, વ્રત આત્મહિતનું કારણ છે, એકાંતે કલ્યાણકારી છે', એવું જાણવા છતાં 'આ વ્રત કષ્ટસાધ્ય છે', એવું લાગે છે, અને અંતે 'આ વ્રતના ભારને વહન કરવો મારા માટે દુષ્કર છે,' તેવું લાગવા માંડે છે ત્યારે તે વ્રતની પ્રવૃત્તિમાંથી આનંદ લઈ શકતો નથી, પરંતુ અરતિ થાય છે. તે વખતે ભાવથી શરણાદિ પ્રાપ્ત થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ કે જેથી અરતિનો પરિણામ નાશ પામે. ભાવથી શરણાદિનું સ્વરૂપ સ્વયં ગ્રંથકાર આગળ બતાવવાના છે.

અહીં ચિત્રકર્મના ઉદયથી અરતિ થાય છે એમ કહ્યું ત્યાં ચિત્રકર્મ એ છે કે સ્વીકારાયેલા ગુણોમાં જે પ્રકારની અરતિ થઈ, તે પ્રકારના કર્મનો ઉદય છે. તેથી સ્વીકારાયેલા વ્રતોમાંથી જે કોઈ વ્રતવિષયક પોતાને અરતિ થાય, તદ્આપાદક કર્મનો ઉદય છે, અને તે કર્મો પણ સોપક્રમ અને નિરુપક્રમ ભેદથી અનેક પ્રકારનાં છે. વળી સોપક્રમ કર્મ પણ તરતમતાના ભેદથી અનેક ભેદવાળું હોય છે. તે બતાવવા માટે ચિત્રકર્મના ઉદયથી અરતિ થાય છે, તેમ કહેલ છે.

મૂળગાથામાં 'जत्तकरणं तु' છે, ત્યાં 'जत्तकरणं' સામાસિક પદ છે અને 'तु' 'एवकार' અર્થમાં છે અને સમાસની વચ્ચે एवकार નો સંબંધ થઈ શકે નહીં, તેથી ટીકામાં 'यत्नकरणं तु' થી જે ફલિત થાય છે, તે બતાવવા માટે 'यत्न एव कर्तव्यः' એમ કહ્યું છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**किमित्येतदेवम् ? इत्याह -**

**અવતરણિકાર્થ :-**

किमिति=कस्मात्=કયા કારણથી, एतद्=અરતિ વિષયમાં યત્નકરણ, एवम्=આવા પ્રકારનું છે=ભાવશરણાદિરૂપ છે ? એથી કહે છે –

**ગાથા :-**

अकुसलकम्मोदयपुव्वरूवमेसा जओ समक्खाया ।
सो पुण उवायसज्झो पाएण भयाइसु पसिद्धो ।।४६।।

**અન્વયાર્થ :-**

जओ=જે કારણથી एसा=આ=અધિકૃત ગુણમાં અરતિ, अकुसलकम्मोदयपुव्वरूवम्=અકુશલ કર્મના ઉદયનું પૂર્વરૂપ समक्खाया=ભગવાન વડે કહેવાયું છે, (તે કારણથી અધિકૃત ગુણમાં અરતિ થયે છતે તે તે પ્રકારે યત્ન કરવો જોઈએ, એમ પૂર્વની ગાથા સાથે સંબંધ છે.) सो पुण=વળી તે=અકુશળ કર્મોદય भयाइसु=ભયાદિમાં पाएण=પ્રાયઃ उवायसज्झो=ઉપાયસાધ્ય पसिद्धो=પ્રસિદ્ધ છે. ।।૪૬।।

**ગાથાર્થ :-**

**જે કારણથી આ=અધિકૃત ગુણમાં અરતિ, અકુશળ કર્મના ઉદયનું પૂર્વરૂપ ભગવાન વડે કહેવાયું છે, વળી તે ભયાદિમાં પ્રાયઃ ઉપાયસાધ્ય પ્રસિદ્ધ છે. ।।૪૬।।**

**ટીકા :-**

'अकुशलकर्मोदयपूर्वरूपम्' 'एषा'=अरतिरधिकृतगुणे, 'यतः' 'समाख्याता' भगवद्भिः । यदि नामैवं ततः किम्? इत्याह - 'स पुनः'=अकुशलकर्मोदयः 'उपायसाध्यः' 'प्रायेण' 'भयादिषु' भय-रोग-विषेषु 'प्रसिद्धः'। इति गाथार्थः ।।४६।।

**ટીકાર્થ :-**

अकुशलकर्मोदयपूर्वरूपम् ..... इति गाथार्थः ।।४६।। જે કારણથી આ=અધિકૃત ગુણમાં અરતિ, અકુશળ કર્મના ઉદયનું પૂર્વરૂપ ભગવાન વડે કહેવાયેલું છે, જો આમ છે=અધિકૃત ગુણમાં અરતિ અકુશળ કર્મના ઉદયનું પૂર્વરૂપ છે, તેનાથી શું ? એથી કહે છે –

તે વળી=અશુભ કર્મોદય વળી, ભયાદિમાં=ભય, રોગ અને વિષમાં, પ્રાયઃ ઉપાયસાધ્ય પ્રસિદ્ધ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪૬।।

**ભાવાર્થ :-**

દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકાર્યા પછી સ્વીકારેલાં વ્રતોમાં જે અરતિ થાય છે, તેને ભગવાને અકુશલ કર્મના ઉદયનું પૂર્વરૂપ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગુણસ્થાનકનો પાત એ અકુશલ કર્મનો

ઉદય છે, અને આ અરતિ એ ગુણસ્થાનકના પાતને અનુકૂળ એવો પ્રારંભિક અકુશલ કર્મોદય છે. તેથી આ અરતિનો પ્રતિકાર કરવામાં ન આવે તો અકુશલ કર્મનો ઉદય થાય અને ગુણસ્થાનકથી પાત થાય અને સ્વીકારાયેલ વ્રતના ભંગનું અનર્થ ફળ પ્રાપ્ત થાય. માટે ભગવાને અરતિ થયા પછી તેને દૂર કરવા માટે ભાવથી શરણાદિમાં યત્ન કરવાનું કહ્યું છે; કેમ કે અકુશલ કર્મનો ઉદય પ્રાયઃ ઉપાયસાધ્ય છે. ભય, રોગ અને વિષના વિષયમાં તે પ્રસિદ્ધ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે અરતિકાળમાં હજી અકુશલ કર્મનો ઉદય થયો નથી, પરંતુ તેની પ્રારંભિક ભૂમિકા શરૂ થયેલી છે, અને તે વખતે તેનો સમ્યક્ પ્રતિકાર કરવામાં આવે તો તે અકુશલ કર્મના ઉદયનું નિવારણ થાય છે અને તે વાત ભયાદિમાં પ્રસિદ્ધ છે. તે વાત સ્વયં ગ્રંથકાર આગળ કરવાના છે.

જેઓને નિરુપક્રમ અકુશલ કર્મનો ઉદય થયો છે, તે ઉપાયસાધ્ય નથી, પરંતુ જેઓને સોપક્રમ અકુશલ કર્મનો ઉદય છે, તે ઉપાયસાધ્ય છે, એ જણાવવા માટે પ્રાયઃ શબ્દનો પ્રયોગ છે.

'अकुशलकर्मोदयपूर्वरूपम्' એ કથન 'समाख्याता' નું ક્રિયાવિશેષણ છે, પરંતુ અરતિનું વિશેષણ નથી. જો અરતિનું વિશેષણ હોય તો अकुशलकर्मोदयरूपा એવું લખાણ જોઈએ. તો એ અર્થ પ્રાપ્ત થાય કે અકુશલ કર્મોદયના પૂર્વરૂપવાળી એવી અરતિ ભગવાને કહી છે. અર્થાત્ અરતિની પ્રધાનતા થઈ=જે કારણથી અરતિ આ પ્રકારની ભગવાને કહી છે, તે કારણથી શરણાદિમાં યત્ન કરવો જોઈએ, એવો અર્થ પ્રાપ્ત થાય. જ્યારે અહીં તો ભગવાનના વચનની પ્રધાનતા બતાવવી છે. અર્થાત્ અધિકૃત ગુણસ્થાનકમાં અરતિને અકુશલ કર્મોદયના પૂર્વરૂપે ભગવાને કહી છે, અન્ય રૂપે નહીં. તેથી ભગવાનના કથનની પ્રધાનતા આવે છે. માટે 'समाख्याता' એ ક્રિયાપદનું 'अकुशलकर्मोदयपूर्वरूपम्' એ ક્રિયાવિશેષણ છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે જે કારણથી ભગવાને આ પ્રમાણે કહ્યું છે, તે કારણથી શરણાદિમાં યત્ન કરવો જોઈએ, એમ ભગવાનના વચનની પ્રધાનતા દ્યોતિત થાય છે.

અકુશલ કર્મોનો ઉદય પણ ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે. તેથી અકુશલ કર્મના ઉદયની પૂર્વે થતી અરતિ પણ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. (૧) જેને અકુશલ કર્મનો ઉદય પોતાના સંયમના પાતનું કારણ થશે, તેવો ભય પોતાને થતી અરતિથી જણાય, તેવો સાધક તેના ઉપાયરૂપ ગુરુના શરણમાં ભાવથી યત્ન કરે. (૨) વળી જેનો અકુશલ કર્મનો ઉદય વ્યાધિ જેવો છે અર્થાત્ સ્ત્રી આદિમાં રાગ થાય એવો છે, તેવું પોતાને થતી અરતિથી જણાય, તેવો સાધક તેના ઉપાયભૂત છટ્ઠ-અટ્ઠમાદિ તપની ક્રિયામાં યત્ન કરે, અને (૩) જેનો અકુશલ કર્મનો ઉદય મોહરૂપ વિષ પેદા કરાવે તેવો છે, એવું પોતાને થતી અરતિથી જણાય, તેવો સાધક તેના ઉપાયરૂપ મંત્રસ્થાનીય સ્વાધ્યાયાદિમાં યત્ન કરે; અને વ્રતધારીને અકુશલ કર્મના ઉદયના પૂર્વરૂપે અરતિનો પરિણામ જણાય ત્યારે, તે રીતે યત્ન કરીને, ભવિષ્યમાં આવનારા અકુશલ કર્મના ઉદયનું નિવારણ કરી શકે છે. તે બતાવવા અર્થે ભય, રોગ અને વિષમાં અકુશલ કર્મનો ઉદય ઉપાયસાધ્ય પ્રસિદ્ધ છે, તેમ કહેલ છે. **॥૪૬॥**

**અવતરણિકા :-**

एतदेवाह -

**અવતરણિકાર્થ :-**

એને જ=અકુશલ કર્મનો ઉદય ભયાદિમાં પ્રાયઃ કરીને ઉપાયસાધ્ય પ્રસિદ્ધ છે, એમ પૂર્વગાથામાં કહ્યું, એને જ, કહે છે –

**ગાથા :-**

सरणं भए उवाओ, रोगे किरिया, विसम्मि मंतो त्ति ।
एए वि पावकम्मोवक्कमभेया उ तत्तेणं ।।४७।।

**અન્વયાર્થ :-**

भए सरणं=ભયમાં શરણ, रोगे किरिया=રોગમાં ક્રિયા, विसम्मि मंतो=વિષમાં મંત્ર उवाओ=ઉપાય છે. तत्तेणं=તત્ત્વથી एए वि=આ પણ=શરણાદિ પણ पावकम्मोवक्कमभेया उ=પાપકર્મના ઉપક્રમના ભેદો જ છે. 'त्ति' પાદપૂર્તિમાં છે.

**ગાથાર્થ :-**

ભયમાં શરણ, રોગમાં ક્રિયા, વિષમાં મંત્ર ઉપાય છે. તત્ત્વથી આ શરણાદિ પણ પાપકર્મના ઉપક્રમના ભેદો જ છે. 'त्ति' પાદપૂર્તિમાં છે.

**ટીકા :-**

'शरणं' – पुरस्थानादि 'भये' – अन्यसमुत्थपीडारूपे 'उपायः'=प्रक्रमात् तत्प्रत्यनीकः । तथा 'रोगे'=व्याधौ चिरकुष्ठादौ 'क्रिया'=चिकित्सोपायः । तथा 'विषे'-स्थावर-जङ्गमरूपे 'मन्त्रः'=देवताधिष्ठितोऽक्षरन्यास इति उपायः पूर्ववत् तत्प्रत्यनीक एव । 'एतेऽपि'=शरणादयः 'पापकर्मोपक्रमभेदा एव'=भयमोहनीयादिपापकर्मोपक्रम-विशेषा एव 'तत्त्वतः'=परमार्थतः, कारणे कार्योपचारात् । इति गाथार्थः ।।४७।।

**ટીકાર્થ :-**

'शरणं' – पुरस्थानादि ..... इति गाथार्थः ।।४७।। અન્યથી ઉત્પન્ન થયેલ પીડારૂપ ભયમાં નગરાદિરૂપ શરણ ઉપાય છે. પ્રક્રમથી=ભયનાશનો પ્રક્રમ હોવાથી, ઉપાયનો અર્થ 'तत्प्रत्यनीक'=ભયનો પ્રત્યનીક, ગ્રહણ કરવાનો છે; અને રોગમાં=ચિરકુષ્ટાદિ વ્યાધિમાં=લાંબો સમય ચાલે તેવા કુષ્ટાદિ વ્યાધિમાં ક્રિયા=ચિકિત્સા, ઉપાય છે; અને સ્થાવર-જંગમરૂપ વિષમાં દેવતાથી અધિષ્ઠિત અક્ષરન્યાસરૂપ મંત્ર इति=આ=ઉપાય છે. અહીં ઉપાય, પૂર્વની જેમ=ભયમાં બતાવ્યું તેની જેમ, તત્પ્રત્યનીક જ છે=રોગનું પ્રત્યનીક ચિકિત્સા અને વિષનું પ્રત્યનીક મંત્ર જ છે. તત્ત્વથી=પરમાર્થથી, આ પણ=શરણાદિ પણ,

**પાપકર્મના ઉપક્રમ ભેદો જ છે=ભયમોહનીયાદિ પાપકર્મના ઉપક્રમવિશેષો જ છે; કેમ કે કારણમાં કાર્યનો ઉપચાર છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪૭॥**

❖ 'पुरस्थानादि' અહીં 'आदि' થી શત્રુનો ભય હોય ત્યારે મોટા રાજાનું શરણ લેવાય છે, તેનું ગ્રહણ કરવું.

❖ 'चिरकुष्ठादौ' અહીં 'आदि' થી જે જે રોગમાં ઔષધની જરૂર પડે તે બધા રોગોનું ગ્રહણ કરવું.

❖ 'एतेऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે ભયમોહનીયાદિ પાપકર્મનો ઉપક્રમ એ તો ઉપક્રમ છે જ, પરંતુ ઉપક્રમના કારણભૂત એવા શરણાદિ પણ ઉપચારથી ઉપક્રમવિશેષ છે.

❖ 'भयमोहनीयादि' અહીં 'आदि'થી વ્યાધિઆપાદક અને વિષઆપાદક પાપકર્મનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

અન્યથી ઉત્પન્ન થાય તેવી પીડાનો ભય હોય ત્યારે લોકો નગર આદિનું શરણ લે છે. જેમ કે રસ્તામાં હિંસક પ્રાણીઓનો કે લૂંટારાઓનો ભય હોય ત્યારે નગર આદિમાં પહોંચી જાય તો પોતે સુરક્ષિત છે તેવી બુદ્ધિ થવાથી ભય દૂર થાય છે.

અહીં ભયમાં શરણ ઉપાય છે, એમ કહેવાથી સ્થૂલથી એ અર્થ જણાય કે શરણું લેવાથી ભયરૂપ કાર્ય પેદા થાય છે. જેમ ઘટમાં દંડ ઉપાય છે, તેમ કહેવાથી દંડથી ઘટરૂપ કાર્ય પેદા થાય છે, પરંતુ ભયમાં શરણ ઉપાય છે, એટલે ભયનાશમાં શરણ ઉપાય છે, તેવો અર્થ થાય છે. તે બતાડવા માટે ટીકામાં કહ્યું કે પ્રક્રમથી=ભયનાશનો પ્રક્રમ હોવાથી, ઉપાયનો અર્થ તત્પ્રત્યનીક કરવો અર્થાત્ ભયનો પ્રત્યનીક હોય તે ભયનો ઉપાય કહેવાય. અન્ય કોઈથી ભય હોય ત્યારે બળવાનનું શરણું લેવામાં આવે તો શરણું ભયનો પ્રત્યનીક=ભયનો વિરોધી છે. આથી શરણ સ્વીકારવાથી ભયનો નાશ થાય છે.

કોઈને રોગ થયો હોય અને તે રોગ પણ લાંબો સમય ચાલે તેવો હોય ત્યારે તેનો ઉપાય ચિકિત્સા છે.

આશય એ છે કે કેટલાક રોગો ચિકિત્સા વગર જ=અમુક કાળે મટે તેવા હોય છે. તેના માટે ચિકિત્સા કરવાની જરૂર નથી હોતી; પરંતુ ચિરકુષ્ઠાદિ રોગો લાંબો સમય ચાલે તેવા હોય છે પરંતુ ચિકિત્સાથી મટે તેવા હોય છે. તેવા રોગનો ઉપાય ચિકિત્સા છે.

વળી કોઈક સ્થાવર કે જંગમ વિષ ચડેલું હોય ત્યારે તેને દૂર કરવાનો ઉપાય દેવતાથી અધિષ્ઠિત અક્ષરન્યાસરૂપે મંત્ર છે.

આશય એ છે કે વિષવાળા પદાર્થો સ્થાવર વિષ છે અને સાપ આદિ જંગમ વિષ છે. કોઈએ વિષવાળો પદાર્થ ખાધો હોય ત્યારે તેના સમગ્ર શરીરમાં વિષ વ્યાપ્ત થાય છે અને કોઈને સર્પાદિ કરડે ત્યારે પણ તેના શરીરમાં વિષ વ્યાપ્ત થાય છે. આ બંને વિષ મંત્રથી દૂર કરી શકાય છે.

અહીં રોગમાં ચિકિત્સા ઉપાય કહ્યો, વિષમાં મંત્ર ઉપાય કહ્યો, ત્યાં પણ શરણની જેમ ઉપાયનો અર્થ તત્પ્રત્યનીક જ ગ્રહણ કરવાનો છે; કેમ કે રોગમાં ચિકિત્સા ઉપાય નથી, પણ રોગનાશમાં ચિકિત્સા

ઉપાય છે, અને વિષમાં મંત્ર ઉપાય નથી, પરંતુ વિષના નાશમાં મંત્ર ઉપાય છે.

અહીં પરમાર્થથી શરણાદિ પાપકર્મના ઉપક્રમના ભેદો જ છે એમ કહ્યું તેનો આશય એ છે કે જંગલ આદિ ક્ષેત્રને પામીને જીવને ભયમોહનીય કર્મ ઉદયમાં આવે છે અને જ્યારે તે નગરનું શરણું લે છે ત્યારે ભયમોહનીય પાપકર્મનો ઉપક્રમ થાય છે. તેથી નગરમાં ભય લાગતો નથી અર્થાત્ નગરમાં પાપકર્મનો ઉપક્રમ થાય છે=પાપકર્મનો નાશ થાય છે અને તે પાપકર્મના વિનાશમાં નગરનું શરણ કારણ છે. તેથી શરણરૂપ કારણમાં પાપકર્મના નાશરૂપ કાર્યનો ઉપચાર કરીને કારણને પાપકર્મનો ઉપક્રમ કહેલ છે.

ભયમોહનીય આદિમાં, આદિથી વ્યાધિઆપાદક પાપકર્મ અને વિષઆપાદક પાપકર્મનું ગ્રહણ કરવું. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ભયમોહનીય પાપકર્મનો ઉપક્રમ શરણ છે, તેમ વ્યાધિઆપાદક પાપકર્મનો ઉપક્રમ ચિકિત્સા છે અને વિષઆપાદક પાપકર્મનો ઉપક્રમ મંત્ર છે, અને અહીં પણ ઉપક્રમનો અર્થ પાપકર્મનો નાશ ગ્રહણ કરવાનો છે. વ્યાધિઆપાદક પાપકર્મના નાશનું કારણ ચિકિત્સા છે, તેથી ચિકિત્સારૂપ કારણમાં કાર્યનો ઉપચાર કરીને ચિકિત્સાને પાપકર્મના ઉપક્રમનો ભેદ કહેલ છે. તે જ રીતે વિષમાં પણ સમજવું.

અહીં પરમાર્થ એટલા માટે કહેલ છે કે સાક્ષાત્ તો ભયના નાશના કારણ તરીકે શરણાદિ વ્યવહારથી સિદ્ધ છે, તોપણ પરમાર્થની દૃષ્ટિએ શરણાદિ પાપકર્મના અપગમનાં કારણો છે, તે બતાવવા માટે પરમાર્થથી કહેલ છે. **॥૪૭॥**

**અવતરણિકા :-**

एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह -

**અવતરણિકાર્થ :-**

**એ રીતે=ગાથા-૪૭માં બતાવ્યું એ રીતે, દૃષ્ટાંતને કહીને=ભયમાં શરણ ઉપાય છે ઈત્યાદિ દૃષ્ટાંતને કહીને, દાર્ષ્ટાન્તિક અર્થના યોજનને કહે છે=અકુશલકર્મના ઉદયથી અરતિ થાય તે સ્થાનમાં દૃષ્ટાંતના અર્થના યોજનને કહે છે.**

**ગાથા :-**

**सरणं गुरु उ इत्थं, किरिया उ तवो त्ति कम्मरोगम्मि ।**
**मंतो पुण सज्झाओ मोहविसविणासणो पयडो ।।४८।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=અહીં=કર્મરૂપ ભયમાં=ભય ઉત્પન્ન કરે તેવા કર્મમાં गुरू उ=ગુરુ જ सरणं=શરણ છે, कम्मरोगम्मि उ=વળી કર્મવ્યાધિમાં=ભાવરોગ ઉત્પન્ન કરે તેવા કર્મમાં किरिया=ક્રિયા=ચિકિત્સા तवो=તપ છે, मोहविसविणासणो सज्झाओ पुण=વળી મોહના વિષનો વિનાશ છે જેનાથી એવો સ્વાધ્યાય पयडो=પ્રગટ=**

અનુભવસિદ્ધ એવો મંતો=મંત્ર છે. 'त्ति' પાદપૂર્તિમાં છે. ॥૪૮॥

**ગાથાર્થ :-**

**કર્મરૂપ ભયમાં ગુરુ જ શરણ છે, વળી કર્મવ્યાધિમાં ક્રિયા તપ છે, વળી મોહના વિષનો વિનાશ છે જેનાથી એવો સ્વાધ્યાય પ્રગટ મંત્ર છે. ॥૪૮॥**

**ટીકા :-**

**'शरणं' 'गुरुरेव' 'अत्र'=कर्मभये । क्रिया तु 'तप इति' – तप एव षष्ठादि, क्व? इत्याह - 'कर्मरोगे' कर्मव्याधौ । मन्त्रः पुनः 'स्वाध्यायः' – वाचनादिः, सामर्थ्याद् विषे । तथा चाह - 'मोहविषविनाशनः' – कर्मजनिताज्ञानविषविनाशनः 'प्रकटः' – अनुभवसिद्धः । इति गाथार्थः ॥४८॥**

**ટીકાર્થ :-**

**'शरणं' 'गुरुरेव' ..... इति गाथार्थः ॥४८॥ અહીં=કર્મરૂપ ભયમાં, ગુરુ જ શરણ છે, કર્મરોગમાં=કર્મવ્યાધિમાં, છઠ્ઠાદિ તપ જ ક્રિયા છે=ચિકિત્સા છે, વળી વિષમાં મંત્ર વાચનાદિ સ્વાધ્યાય છે.**

**મૂળગાથામાં 'विषे' શબ્દ નથી, પણ ટીકા મુજબ 'सामर्थ्याद् विषे'='સામર્થ્યથી વિષમાં ગ્રહણ' કરવાનું છે. તેથી વિષમાં વળી વાચનાદિ સ્વાધ્યાય મંત્ર છે, એ અર્થ પ્રાપ્ત થાય.**

**तथा चाह=અને તે રીતે=જે રીતે સ્વાધ્યાય વિષમાં મંત્ર છે તે રીતે, કહે છે – અને મોહવિષ વિનાશન=કર્મજનિત અજ્ઞાન વિષને નાશ કરનારો, એવો સ્વાધ્યાય વિષમાં પ્રગટ=અનુભવસિદ્ધ, મંત્ર છે, એમ અન્વય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪૮॥**

❖ 'षष्ठादि' અહીં 'आदि' થી અઠ્ઠમનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૧) કર્મભયમાં ગુરુનું શરણ :-**

કોઈ સાધકે નિજસ્વભાવાલોચનાદિથી વિધિપૂર્વક સર્વવિરતિ સ્વીકારી હોય, આમ છતાં સ્વીકાર્યા પછી સંયમનું કષ્ટમય જીવન અનુભવવાથી તેને ભય લાગે કે આ રીતે હું આ યોગમાર્ગમાં જીવનપર્યંત યત્ન કરીને પ્રવૃત્તિ કરી શકીશ નહીં, વળી લીધેલા વ્રતથી નિરપેક્ષ થઈને વ્રત છોડી દઈશ તો વ્રતભંગનો દોષ પ્રાપ્ત થશે, તેથી તેવા ભયના નિવારણ માટે મારે શક્ય પ્રયત્ન કરવો જોઈએ. જેમ જંગલમાં ભય જેવું દેખાય ત્યારે તે ભયના નિવારણ માટે નગર આદિનો આશ્રય કરાય છે, તેમ સંયમનું કષ્ટમય જીવન જોઈને પોતાને અરતિ થાય અને ભય લાગે કે 'આ રીતે હું આખું જીવન યોગસાધનામાં પસાર કરી શકીશ નહીં,' ત્યારે ગુણવાન એવા ગુરુનું શરણું લે. ગુણવાન ગુરુના ઉપદેશથી યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરી શકાય તેવું બળ સંચય થાય છે; કેમ કે 'ભાવથી ભાવની પ્રસૂતિ છે.' ગુણવાન ગુરુ મહાસંવેગ પેદા થાય તેવો ઉપદેશ આપે છે અને તેમના ઉપદેશના બળથી કષ્ટમય સંયમજીવનમાં થયેલી અરતિ દૂર થાય છે અને સંયમમાં સુદૃઢ યત્ન કરી શકાય છે.

**(૨) કર્મવ્યાધિમાં તપ એ જ ક્રિયા=ચિકિત્સા છે :-**

વળી કોઈક સાધકને સંયમ લીધા પછી પાંચે ઈન્દ્રિયોના કોઈપણ વિકારો સતાવવા લાગે કે જે રોગસ્થાનીય છે, તો જેમ રોગમાં ચિકિત્સા ઉપાય છે, તેમ કર્મરૂપ વ્યાધિમાં છટ્ઠ-અટ્ઠમાદિ તપ ઉપાય છે; કેમ કે તપ કરવાથી તોફાન મચાવતી ઈન્દ્રિયો શાંત બને છે, વિકારોનું શમન થાય છે અને સોપક્રમ ભાવવાળા રાગાદિ નિષ્પાદક કર્મો વિનાશ પામે છે.

**(૩) મોહવિષમાં સ્વાધ્યાય જ મંત્ર છે :-**

કોઈ સાધકને યોગમાર્ગમાં દિગ્મોહ થાય અર્થાત્ સંશય થાય કે "આ માર્ગમાં યત્ન કરવાથી મારું હિત થશે કે નહીં ?" આ પ્રકારે મોહનું વિષ પ્રસરણ થવાથી સંયમમાં અરતિ થતી હોય ત્યારે મોહના વિષનો નાશ કરે તેવા પ્રકારનો અર્થાત્ કર્મજનિત અજ્ઞાનરૂપ વિષ નાશ થાય તેવા પ્રકારનો સ્વાધ્યાય મંત્ર છે; કેમ કે અજ્ઞાનને કારણે જીવને યોગમાર્ગમાં સંશય થાય ત્યારે અજ્ઞાનનો નાશ કરે તેવા પ્રકારનાં શાસ્ત્રોનું યોગ્ય ગુરુ પાસે વાચનાદિ દ્વારા અધ્યયન કરવામાં આવે તો પોતાને થતો સંશય દૂર થાય અને સ્થિર બુદ્ધિ થાય કે **"આ યોગમાર્ગ જ એકાંતે કલ્યાણનું કારણ છે."** આવી સ્થિર બુદ્ધિ થવાથી સંયમજીવનમાં મોહને કારણે પ્રગટ થયેલી અરતિ દૂર થાય અને સંયમમાં દૃઢ પ્રવૃત્તિ થાય જેથી સંયમની આરાધના સમ્યક્ થઈ શકે છે.

આ રીતે ભય, રોગ અને મોહથી થયેલી અરતિ સોપક્રમ કર્મ હોય તો નિવર્તન પામે છે.

**અવતરણિકા :-**

प्रक्रान्तासेवनाफलमाह -

**અવતરણિકાર્થ :-**

**પ્રક્રાન્ત એવા શરણાદિના આસેવનના ફલને કહે છે –**

**ભાવાર્થ :-**

જેનો પ્રક્રમ ચાલતો હોય તે પ્રક્રાન્ત કહેવાય અને કર્મભયાદિમાં શરણાદિનો પ્રક્રમ ચાલે છે, તેથી પ્રક્રાંત એવા શરણાદિના આસેવનના ફલને કહે છે –

**ગાથા :-**

**एएसु जत्तकरणा तस्सोवक्कमणभावओ पायं ।**
**नो होइ पच्चवाओ, अवि य गुणो, एस परमत्थो ।।४९।।**

**અન્વયાર્થ :-**

**पायं=પ્રાયઃ तस्स=તેનો=અરતિ ઉત્પાદક કર્મનો उवक्कमणभावओ=ઉપક્રમણ સ્વભાવ હોવાને**

**કારણે, एएसु=આમાં=શરણાદિમાં जत्तकरणा=યત્ન કરવાથી पच्चवाओ=પ્રત્યપાય न होइ=થતો નથી अवि य=અને વળી गुणो=ગુણ થાય છે, एस परमत्थो=આ પરમાર્થ છે. ।।૪૯।।**

**ગાથાર્થ :-**

**પ્રાયઃ તેનો=અરતિ ઉત્પાદક કર્મનો ઉપક્રમણ સ્વભાવ હોવાને કારણે શરણાદિમાં યત્ન કરવાથી પ્રત્યપાય=અનર્થ, થતો નથી અને વળી ગુણ થાય છે, આ પરમાર્થ છે. ।।૪૯।।**

**ટીકા :-**

**'एतेषु'=अधिकृतशरणादिषु यत्नकरणादाज्ञानुसारेण 'तस्य'=प्रक्रमादधिकृतारतिनिबन्धनस्य कर्मणः 'उपक्रमणभावतः'=उपक्रमणस्वभावत्वात् 'प्रायः' बाहुल्येन, निरुपक्रमाकुशलकर्मभावे तु प्रायो गुणस्थानाप्त्यभावाद्, 'न भवति प्रत्यपायो'ऽधिकृतारतिसमुत्थः, 'अपि च गुणः' तदन्योपक्रमणानुबन्धच्छेदादिना, 'एष परमार्थः' अन्यथा पुरुषकारवैयर्थ्यादिति ।**

**ટીકાર્થ :-**

**'एतेषु'=अधिकृतशरणादिषु ..... पुरुषकारवैयर्थ्यादिति । આમાં=અધિકૃત શરણાદિમાં, આજ્ઞાનુસારે યત્ન કરવાથી પ્રાયઃ=બાહુલ્યથી, તેનો=પ્રક્રમથી અરતિનિબંધન કર્મનો અર્થાત્ અરતિના કારણીભૂત કર્મનો, ઉપક્રમણભાવ હોવાથી=ઉપક્રમણ સ્વભાવ હોવાથી, અધિકૃત અરતિ સમુત્થ=અધિકૃત અરતિથી ઊઠેલો, પ્રત્યપાય થતો નથી=અનર્થ થતો નથી, પરંતુ તેનાથી અન્યનું=અધિકૃત અરતિનિબંધન કર્મથી અન્ય કર્મોનું, ઉપક્રમણ અને અનુબંધછેદાદિ દ્વારા ગુણ થાય છે, તે પરમાર્થ છે. અન્યથા= આજ્ઞાનુસાર શરણાદિ સ્વીકારવા છતાં અધિકૃત અરતિથી ઉત્પન્ન થયેલો અનર્થ દૂર થતો નથી એમ સ્વીકારીએ તો, પુરુષકારના વૈયર્થ્યનો પ્રસંગ છે. તેથી આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરવાથી અરતિનિબંધન કર્મનું ઉપક્રમણ થાય છે, એમ અન્વય છે.'इति' ગાથાને સ્પર્શનારી ટીકાની સમાપ્તિમાં છે.**

અહીં કહ્યું કે અધિકૃત અરતિનિબંધન કર્મનો ઉપક્રમણ થવાનો સ્વભાવ પ્રાયઃ છે. તેમાં યુક્તિ આપે છે –

**'નિરુપક્રમ અકુશળ કર્મનો ભાવ હોતે છતે પ્રાયઃ ગુણસ્થાનકની પ્રાપ્તિનો અભાવ છે.**

**ભાવાર્થ :-**

દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક નિજસ્વભાવ આલોચનાદિપૂર્વક કોઈ સાધકે સ્વીકારેલ હોય છતાં તેને તે ગુણસ્થાનકને ઉચિત સંવરભાવનો યત્ન પૂર્વમાં અભ્યસ્ત નથી, માટે તેને ગુણસ્થાનક સ્વીકાર્યા પછી તે વ્રતપાલનમાં અરતિ થવાની સંભાવના રહે છે. તેથી જે સાધકને તે વ્રતમાં અરતિ થાય તે સાધક જો ભગવાનની આજ્ઞાનુસાર પૂર્વમાં બતાવેલ ભાવશરણાદિમાં યત્ન કરે તો તે અરતિને પેદા કરાવનારા કર્મનો ઉપક્રમ થાય છે, જેથી સ્વીકારાયેલ ગુણસ્થાનકમાં થયેલી અરતિને કારણે ગુણસ્થાનકથી થતો પાત અટકી જાય છે.

આશય એ છે કે વ્રત સ્વીકાર્યા પછી તે વ્રતમાં અરતિ પેદા થાય, તો તે અરતિ, અકુશળ કર્મના ઉદયનું પૂર્વરૂપ છે. તેથી જો તેનો પ્રતિકાર કરવામાં ન આવે તો અકુશળ કર્મનો ઉદય થવાથી ગુણસ્થાનકથી પાત થાય છે, અને શાસ્ત્રવચનાનુસાર તે અરતિના નિવારણના ઉપાયભૂત શરણાદિમાં યત્ન કરવામાં આવે તો અરતિનો પરિણામ દૂર થાય છે અને અરતિને નિષ્પન્ન કરનાર કર્મનો ઉપક્રમ થાય છે=કર્મનો વિનાશ થાય છે, જેથી ગુણસ્થાનકનો પરિણામ સ્થિર થાય છે. વળી, આ અરતિને દૂર કરવા માટે જ્યારે શાસ્ત્રાનુસાર શરણાદિમાં યત્ન કરવામાં આવે છે, ત્યારે તે અરતિના કારણીભૂત કર્મોનો નાશ થાય છે, એટલું જ નહીં પણ તે શુભ અધ્યવસાયથી અન્ય કર્મોનો પણ નાશ થાય છે અને અરતિ પેદા કરાવનાર અનુબંધાદિનો પણ છેદ થાય છે. તેથી શરણાદિમાં યત્ન કરવાથી પાત થવાનો ભય તો દૂર થાય છે, પરંતુ ઉપરના સંયમસ્થાનમાં જવાનું બળ પણ મળે છે.

મેઘકુમારને જેમ સંયમ ગ્રહણ કર્યા પછી સંયમમાં અરતિ થઈ અને રાત્રે દીક્ષા છોડીને ઘરે જવાનો વિચાર આવ્યો, તેથી સવારે ભગવાનને વેષ આપવા જાય છે ત્યારે ભગવાને આપેલા ઉપદેશના બળથી અરતિને પેદા કરાવનાર કર્મનો તો ઉપક્રમ થયો, પરંતુ અન્ય કર્મોનો પણ ઉપક્રમ થયો અને અરતિને પેદા કરાવનારા કર્મના અનુબંધનો પણ ઉચ્છેદ થયો. તેથી ભગવાનની પાસે પ્રતિજ્ઞા કરી કે "ચક્ષુને છોડીને બીજો કોઈપણ ઉપઘાત આ શરીરને થશે તોપણ હું તેનું પરિકર્મ નહીં કરું." મહાત્માઓના ચરણની રજથી સંત્રસ્ત થઈને જેઓ દીક્ષા છોડી ઘરે જવાનો વિચાર કરતા હતા, તેના બદલે તે મેઘકુમારનો આત્મા ભગવાન પાસે પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી પગમાં કાંટો આદિ વાગે તોપણ તેના પ્રત્યે નિરપેક્ષ થઈ તેને દૂર પણ ન કરે તેવા બલસંચયવાળા બન્યા. આનું કારણ ભગવાનનો ઉપદેશ થયો. તેમ કર્મનો ભય લાગે ત્યારે ગુરુનું શરણ સ્વીકારવામાં આવે તો ગુરુના ઉપદેશ આદિના બળથી અરતિને કરાવનાર કર્મનો નાશ થાય છે અને અન્ય કર્મનો ઉપક્રમ અને અનુબંધાદિનો છેદ થાય છે.

અહીં કહ્યું કે આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરવાથી પ્રાયઃ કરીને અરતિનિબંધનકર્મનો ઉપક્રમ થાય છે; કેમ કે નિરુપક્રમ અકુશલકર્મ હોય તો પ્રાયઃ ગુણસ્થાનકની પ્રાપ્તિ થતી નથી.

આશય એ છે કે જે સાધક નિજસ્વભાવ આલોચનાદિપૂર્વક વ્રત સ્વીકારે છે, તેનું અરતિનિબંધન કર્મ પ્રાયઃ સોપક્રમ છે, માટે શરણાદિમાં યત્ન કરવાથી તે કર્મ ઉપક્રમ પામે; અને જો સોપક્રમ કર્મ ન હોય તો નિજસ્વભાવ આલોચનાદિ કરીને વ્રત સ્વીકારવાનો પરિણામ થાય નહીં. તેથી જે સાધકને વ્રતનો પરિણામ થયા પછી અરતિ થાય છે, તેનું કર્મ ઉપક્રમ પામે તેવું છે, માટે શરણાદિમાં યત્ન કરવો જોઈએ.

અહીં કહ્યું કે નિરુપક્રમ અકુશલ કર્મનો ભાવ હોતે છતે પ્રાયઃ ગુણસ્થાનક પ્રાપ્ત થતું નથી. તેથી પ્રાયઃ શબ્દથી એ પ્રાપ્ત થાય કે ક્વચિત્ કોઈને ભાવિમાં નિરુપક્રમ કર્મનો ઉદય થવાનો હોય છતાં ગુણસ્થાનકની પ્રાપ્તિ પણ થાય છે.

જેમ કે નંદીષેણ મુનિએ દીક્ષા ગ્રહણ કરી ત્યારે ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ, છતાં અરતિનિબંધન નિરુપક્રમ કર્મનો વિપાક થવાથી તેને દૂર કરવા માટે ચિકિત્સારૂપ તપમાં શાસ્ત્રાનુસારી યત્ન કરેલ હોવા

છતાં તે કર્મ ઉપક્રમને પામ્યું નહીં. તેથી કોઈક તેવા જીવને આશ્રયીને ભાવિમાં અરતિ પેદા કરે તેવું નિરુપક્રમ કર્મ હોય, આમ છતાં તે હજુ વિપાકમાં આવેલું ન હોય તો ગુણસ્થાનકને સ્વીકારતી વખતે ભાવથી ગુણસ્થાનકની પ્રાપ્તિ પણ થઈ શકે છે.

વળી આજ્ઞાનુસાર અધિકૃત શરણાદિમાં યત્ન કરવામાં આવે છતાં વિપાકમાં આવેલા અરતિનિબંધન સોપક્રમ પણ કર્મનો ઉપક્રમ ન થાય અને તે અરતિના કારણે ગુણસ્થાનકનો પાત થાય, તેવું માનવામાં આવે તો પુરુષકારને વ્યર્થ માનવાનો પ્રસંગ આવે.

વસ્તુતઃ ગુણસ્થાનકનાં પ્રતિબંધકકર્મો જીવે બાંધેલાં છે અને તેને તોડવા માટે ઉપદેશાદિમાં યત્ન પણ જીવ કરે છે. તેથી જેનાં કર્મો સોપક્રમ છે અને ઉપદેશાદિથી ઉપક્રમને પામે તેવાં છે, તેવા જીવોને ઉપદેશ સાંભળીને વ્રત સ્વીકારવાનો પરિણામ થાય છે, વ્રત સ્વીકારે છે અને ભાવથી વ્રતનો પરિણામ પણ પ્રગટે છે.

વળી કેટલાક જીવોનાં વ્રતનાં પ્રતિબંધક કર્મો સોપક્રમ હોવા છતાં બળવાન હોય તોપણ ઉપદેશ સાંભળીને વ્રત સ્વીકારવાના પરિણામવાળા પણ થાય, અને વ્રત સ્વીકારે, તોપણ પોતાની યોગ્યતાનો વિચાર ન કરેલ હોય તો વ્રત સ્વીકારવામાત્રથી તે કર્મનો ઉપક્રમ થાય નહીં. તેથી જો તેવા જીવો નિજસ્વભાવાલોચનાદિ દ્વારા પોતાની યોગ્યતાનો વિચાર કરીને વિધિપૂર્વક વ્રત ગ્રહણ કરે તો વ્રતગ્રહણની ક્રિયાથી તે કર્મનો ઉપક્રમ થાય છે; અને પોતાના નિજસ્વભાવાદિ વ્રતને અનુકૂળ ન દેખાય તો યત્નપૂર્વક પોતાના મન-વચન-કાયાના યોગોને તે રીતે પ્રવર્તાવીને વ્રતને અનુકૂળ બનાવવામાં યત્ન કરે તો ગુણસ્થાનક સ્વીકારવાની યોગ્યતાના પ્રતિબંધક કર્મનો ઉપક્રમ થાય છે, અને ત્યાર પછી વિધિપૂર્વક ગુણસ્થાનક સ્વીકારે તો તે વ્રતનાં પ્રતિબંધક કર્મોનો પણ ઉપક્રમ થાય છે, અને ભાવથી વ્રતનો પરિણામ થાય છે, આમ છતાં પાછળથી વ્રતથી પાતના કારણીભૂત અરતિને પેદા કરાવે તેવા કર્મનો વિપાક આવે ત્યારે, અરતિના નિવર્તનના ઉપાયમાં સમ્યક્ યત્ન કરવામાં આવે અને વ્રતમાં અરતિ ઉત્પન્ન કરાવે તેવાં કર્મ સોપક્રમ હોય તો તે કર્મનો ઉપક્રમ થાય છે, તેથી અરતિ દૂર થાય છે અને પાત થતો નથી.

આમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે જીવ પુરુષકાર દ્વારા વ્રતના પ્રતિબંધક કર્મનો ક્ષયોપશમ કરી શકે છે અને વ્રતનો પરિણામ થયા પછી વ્રતનો સ્વીકાર કરે છે અને ત્યારપછી વ્રતના પાતના કારણભૂત એવા કર્મના ઉદયથી વ્રતમાં અરતિ થાય ત્યારે પુરુષકાર દ્વારા જીવ તે કર્મનું નિવર્તન પણ કરી શકે છે; અને જો એમ ન માનવામાં આવે અને એમ માનવામાં આવે કે પુરુષકાર દ્વારા જીવ વ્રતના પ્રતિબંધક કર્મનો ક્ષય કરી શકે નહીં, અને ચારિત્રના પાતના કારણીભૂત કર્મના વિપાકને કારણે ચારિત્રમાં અરતિ થાય ત્યારે, શાસ્ત્રાનુસાર ભાવથી શરણાદિમાં યત્ન કરવામાં આવે છતાં તે કર્મનો ઉપક્રમ થઈ શકે નહીં; કેમ કે તે કર્મ તે રીતે કાર્ય કરવા માટે સર્જાયેલું છે, માટે પુરુષકાર દ્વારા કર્મમાં ફેરફાર થઈ શકે નહીં; જો આમ સ્વીકારીએ તો પુરુષકાર વ્યર્થ માનવો પડે, અને એકાંતે જે પ્રકારનું કર્મ હોય તે પ્રકારે કાર્ય થાય છે, એમ માનવું પડે; અને તેમ સ્વીકારીએ તો પૂર્વના કર્મથી વર્તમાનમાં કાર્ય થાય છે અને વર્તમાનનાં બંધાતાં કર્મોથી

ભવિષ્યમાં કાર્ય થશે અને આ રીતે અવિચ્છિન્ન કર્મોની પરંપરા ચાલશે, એમ માનવું પડે. તેથી પુરુષકાર દ્વારા કર્મનો નાશ થાય છે તેમ માની શકાય નહીં અને પુરુષકાર દ્વારા કર્મનો નાશ થતો નથી તેમ સ્વીકારીએ તો આખા યોગમાર્ગનો વિપ્લવ થાય.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરવાથી સોપક્રમ કર્મોમાં ઉપક્રમ લાગે છે અને તેવું ન માનો તો પુરુષકાર વ્યર્થ પ્રાપ્ત થાય. ત્યાં 'आह' થી પૂર્વપક્ષી શંકા કરે છે –

**ટીકા :-**

**आह-पुरुषकारेण तर्ह्युपक्रम्यते, एवं च कृतानाशा-ऽकृताभ्यागमप्रसङ्गः, अन्यथा वेदनीयस्वभावस्यान्यथा-वेदनात्, तथावेदनीयस्वभावत्वे त्वस्य पुरुषकारवैयर्थ्ये तस्यैव तथास्वभावत्वेनास्य तेनैवाक्षेपादिति ।**

**उच्यते - यत्किञ्चिदेतत्, अभिप्रायाऽपरिज्ञानात् । अनियतस्वभावं हि कर्म सोपक्रमम्, तदेव च पुरुषकारविषय इत्युक्तदोषाभावः ।**

**ટીકાર્થ :-**

**आह ..... न्यथावेदनात् । તો પુરુષકાર દ્વારા કર્મનો ઉપક્રમ થાય છે (એમ તમારા કથન પ્રમાણે પ્રાપ્ત થાય) અને આ રીતે=પુરુષકાર દ્વારા કર્મનો ઉપક્રમ થાય છે એમ સ્વીકારીએ એ રીતે, કૃતનાશ અને અકૃતઅભ્યાગમનો પ્રસંગ છે; કેમ કે અન્યથા વેદનીય સ્વભાવનું અન્યથા વેદન થાય છે.**

**ઉત્થાન :-**

કૃતનાશ અને અકૃતઅભ્યાગમનો દોષ હોવાને કારણે પુરુષકારથી કર્મનો ઉપક્રમ થઈ શકે નહીં, તે પ્રકારે પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું. હવે એકાંત નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કર્મનો ઉપક્રમ સ્વીકાર્યા વિના પણ પુરુષકારને વ્યર્થ માનવાની આપત્તિ ન આવે, એ બતાવવા માટે પૂર્વપક્ષી કહે છે –

**ટીકાર્થ :-**

**तथावेदनीय ..... तेनैवाक्षेपादिति । વળી આનું=કર્મનું, તથાવેદનીય સ્વભાવપણું હોતે છતે=જે પ્રકારે કર્મ બંધાયું છે તે પ્રકારે વેદનીય સ્વભાવપણું હોતે છતે, પુરુષકારના વૈયર્થ્યમાં=પુરુષકારના વૈયર્થ્યની પ્રાપ્તિમાં, તેનું જ=બંધાયેલા કર્મનું જ, તથાસ્વભાવપણું હોવાને કારણે=પુરુષકારને આક્ષેપ કરે તેવા પ્રકારનું સ્વભાવપણું હોવાને કારણે, તેના વડે જ=કર્મ વડે જ, આનો=પુરુષકારનો, આક્ષેપ થતો હોવાથી (પુરુષકારનું વૈયર્થ્ય પ્રાપ્ત થશે નહીં.) 'इति' શબ્દ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિમાં છે.**

**ઉત્થાન :-**

પૂર્વપક્ષીના આ કથનનું નિરાકરણ કરતાં વ્યવહારનયની દૃષ્ટિથી ગ્રંથકાર 'उच्यते' થી કહે છે -

**ટીકાર્થ :-**

**उच्यते ..... इत्युक्तदोषाभावः । કહેવાય છે. एतत्=આ=કર્મ જે રીતે બંધાય છે તે રીતે ફળ આપે છે, પુરુષકારથી તે કર્મને ઉપક્રમ લાગતો નથી, પરંતુ તે કર્મ જ પુરુષકારનો આક્ષેપ કરે છે, એમ જે પૂર્વપક્ષીએ કહ્યું એ, યત્કિંચિત્ છે; કેમ કે અભિપ્રાયનું=અમારા અભિપ્રાયનું, અપરિજ્ઞાન છે.**

**પોતાનો અભિપ્રાય શું છે કે જેનું પૂર્વપક્ષીને પરિજ્ઞાન નથી ? તે બતાવે છે –**

**અનિયતસ્વભાવવાળું જ સોપક્રમકર્મ છે, અને તે જ=અનિયતસ્વભાવવાળું કર્મ જ, પુરુષકારનો વિષય છે. એથી કરીને ઉક્ત દોષનો=કૃતનાશ અને અકૃતઅભ્યાગમરૂપ ઉક્ત દોષનો, અભાવ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે આજ્ઞાનુસાર અધિકૃત શરણાદિમાં યત્ન કરવાથી પ્રાયઃ કરીને અરતિને પેદા કરાવનાર કર્મોનો ઉપક્રમ થાય છે, અને તેમ ન માનો તો પુરુષકારના વૈયર્થ્યનો પ્રસંગ આવે છે. આ કથન સામે પૂર્વપક્ષી કહે છે કે તમારા કથન પ્રમાણે પુરુષકાર દ્વારા કર્મોનો ઉપક્રમ થાય છે તેમ સ્વીકારવું પડે, અને તેમ સ્વીકારીએ તો કૃતનાશ અને અકૃતઅભ્યાગમરૂપ દોષની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

જીવે ભૂતકાળમાં અરતિને પેદા કરાવીને ગુણસ્થાનકનો પાત કરાવે તેવું અકુશલકર્મ બાંધેલું, તેને પુરુષકાર દ્વારા તમારા કથન પ્રમાણે ઉપક્રમ પ્રાપ્ત થયો, તેથી કરાયેલા તે કર્મનું ફળ પ્રાપ્ત થયું નહીં. માટે કરાયેલા કર્મના નાશની પ્રાપ્તિ થઈ, જે કૃતનાશદોષરૂપ છે; તથા જીવે ગુણસ્થાનકનો પાત કરાવે તેવું અકુશલકર્મ બાંધેલું, છતાં પુરુષકારથી તે કર્મનો ઉપક્રમ થવાને કારણે જે રીતે કર્મ નહોતું બાંધ્યું, તે રીતે કર્મના ફળની પ્રાપ્તિ થઈ, અર્થાત્ ગુણસ્થાનકનો પાત કરાવે તેવું કર્મ હતું છતાં ગુણસ્થાનથી પાત ન થાય તે રીતે ફળની પ્રાપ્તિ થઈ, જે અકૃતઅભ્યાગમદોષની પ્રાપ્તિરૂપ છે. માટે પુરુષકાર દ્વારા કર્મનો ઉપક્રમ થાય છે તેમ માનવું ઉચિત નથી, એમ પૂર્વપક્ષી કહે છે.

હવે પોતાના મતમાં પુરુષકાર વ્યર્થ નથી, તે બતાવવા માટે પૂર્વપક્ષી કહે છે –

જીવે પૂર્વમાં જે કર્મ બાંધ્યું તે કર્મ તથાવેદનીય સ્વભાવવાળું છે, માટે જીવના પ્રયત્નથી કર્મનો ઉપક્રમ થતો નથી, તેમ અમે સ્વીકારીએ તો અમારા મતે પુરુષકાર વ્યર્થ પ્રાપ્ત થાય; પરંતુ તે કર્મનો તેવો સ્વભાવ અમે સ્વીકારીશું અર્થાત્ જીવે પૂર્વમાં જે અરતિનિબંધનકર્મ બાંધ્યું તે કર્મનો એવો સ્વભાવ અમે સ્વીકારીશું કે ક્ષણભર અરતિ પેદા કરાવે અને પછી જીવના પુરુષકારને આક્ષેપ કરીને જે રીતે વેદન થવાના સ્વભાવવાળું છે, તે રીતે વેદન થાય. તેથી એ ફલિત થાય કે જીવે જે પ્રકારનું કર્મ બાંધેલું તે પ્રકારે કાર્ય થયું અને તે કર્મથી પુરુષકારનો આક્ષેપ પણ થયો. તેથી કૃતનાશ અને અકૃતઅભ્યાગમ દોષો પ્રાપ્ત થયા નહીં, અને કર્મ જે રીતે ફળ આપવા માટે બંધાયેલું હતું તે પ્રમાણે કર્મથી આક્ષિપ્ત પુરુષકારે તે કર્મને પરિણામ પમાડ્યું, તેથી પુરુષકાર વ્યર્થ નથી; અને કર્મે બંધાયા પ્રમાણે ફળ આપ્યું, તેથી તેનો પણ ઉપક્રમ થયો નહિ.

અહીં પૂર્વના બંધાયેલા તે કર્મથી પુરુષકારનો આક્ષેપ થયો અને કર્મ પણ પુરુષકારને આક્ષેપ કરીને જે પ્રકારે બંધાયું હતું તે પ્રકારે વિપાકમાં આવ્યું. માટે કૃતનાશ અને અકૃતઅભ્યાગમ દોષો પ્રાપ્ત થયા નહીં અને પુરુષકારને પણ વ્યર્થ માનવાનો પ્રસંગ આવ્યો નહીં. આ પ્રકારનું પૂર્વપક્ષીનું તાત્પર્ય છે.

અહીં વિશેષ એ છે કે પૂર્વપક્ષી માને છે કે જે કર્મ જે રીતે બંધાયેલું હોય તે કર્મ તે રીતે જ ફળ આપે છે. સેંકડો પ્રયત્ન કરો તોપણ બંધાયેલા કર્મના ફળને ભોગવ્યા વિના કર્મથી મુક્તિ નથી. આથી પૂર્વપક્ષી કહે છે કે આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરીએ તોપણ બંધાયેલું કર્મ અન્યથારૂપે વેદન થઈ શકે નહીં. ફક્ત જે રીતે તે કર્મ વેદન થવાના સ્વભાવવાળું જીવે પૂર્વમાં બાંધેલું, તે રીતે તે ફળ આપે છે અર્થાત્ તે કર્મ પ્રથમ જીવને અરતિ પેદા કરાવે છે, ત્યાર પછી તે કર્મ પુરુષકારને આક્ષેપ કરે છે, માટે જીવ શરણાદિમાં યત્ન કરે છે અને તેનું ફળ તે કર્મ પ્રમાણે મળે છે. આ રીતે પુરુષકાર વ્યર્થ માનવાનો પ્રસંગ આવે નહીં, અને તે બંધાયેલું અકુશળ કર્મ પણ પુરુષકારનો આક્ષેપ કરીને જે રીતે વેદન થવાના સ્વભાવરૂપે બંધાયેલું તે રીતે વેદન થાય છે. માટે કૃતનાશ આદિ દોષોની પ્રાપ્તિ નથી અને પુરુષકારને પણ વ્યર્થ માનવાનો પ્રસંગ આવ્યો નહીં. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનો ઉત્તર આપતાં ગ્રંથકાર 'उच्यते' થી કહે છે –

આ તારું કથન અર્થ વગરનું છે.

આશય એ છે કે જીવના પ્રયત્નથી કર્મનો ઉપક્રમ થતો નથી, પરંતુ જે કર્મ જે રીતે બંધાયેલું છે, તે કર્મ સેંકડો પ્રયત્ન કરવા છતાં તેમ જ વિપાકમાં આવે છે; ફક્ત એ કર્મ તેવા સ્વભાવવાળું હતું કે પુરુષકારનો આક્ષેપ કરીને જે રીતે વેદનીય સ્વભાવવાળું હતું તે રીતે વેદન થાય છે : આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અર્થ વગરનું છે; કેમ કે ગ્રંથકારના અભિપ્રાયનું તેને જ્ઞાન નથી અને ગ્રંથકાર સ્વયં પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરે છે કે –

કર્મ બે પ્રકારનું છે :- (૧) નિરુપક્રમકર્મ, (૨) સોપક્રમકર્મ.

**(૧) નિરુપક્રમકર્મ :-**

નિરુપક્રમકર્મ સેંકડો પ્રયત્ન કરવા છતાં પરાવર્તન પામતું નથી; પરંતુ જે રીતે બંધાયેલું છે, તે રીતે વિપાકમાં આવે છે. તેથી નિરુપક્રમકર્મ જીવના પુરુષકારનો વિષય નથી.

**(૨) સોપક્રમકર્મ :-**

સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે અને જીવ પ્રયત્ન કરે તો તેવું કર્મ ઉપક્રમને પામે. તેથી સોપક્રમકર્મ જીવના પુરુષકારનો વિષય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવે જે સોપક્રમકર્મ બાંધ્યું છે, તે તેવા સ્વભાવવાળું છે કે જો પુરુષકાર કરવામાં આવે તો ઉપક્રમ પામીને પ્રદેશોદયથી વેદન થાય, અને જો પુરુષકાર ન કરવામાં આવે તો વિપાકોદયથી વેદન થાય. તેથી જે જીવને અરતિનિબંધનકર્મ વિપાકમાં આવેલ છે, તે જીવ આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરીને તે અરતિનિબંધનકર્મને દૂર ન કરે તો વિપાકમાં આવેલું અરતિનું કારણ એવું

સોપક્રમકર્મ ગુણસ્થાનકથી પાત કરાવે તે રીતે વિપાકમાં આવે છે; અને ક્રમે કરીને ગુણસ્થાનકથી પાત કરાવે છે, અને જો જીવ આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરે તો તે અરતિનિબંધનકર્મનો ઉપક્રમ થવાથી તે સોપક્રમકર્મ ગુણસ્થાનકથી પાતનું કારણ એવા અકુશળકર્મના ઉદયનું કારણ બનતું નથી; કેમ કે સ્વીકારાયેલ ગુણસ્થાનકમાં અરતિ થવાથી પાતનું કારણ બને તેવું કર્મ ક્રમે કરીને વિપાકમાં આવવાનું હતું અને ગુણસ્થાનકની ક્રિયામાંથી અરતિ જવાથી તે કર્મ વિપાકમાં ન આવી શકે, તેથી ગુણસ્થાનકનો પાત થાય નહીં; અને સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું હોવાથી પ્રયત્નથી તેનો ઉપક્રમ થાય તેવો સ્વભાવ છે, તેથી તેમ સ્વીકારવા છતાં, કૃતનાશ અને અકૃતઅભ્યાગમ દોષો નથી; કેમ કે સોપક્રમકર્મનો સ્વભાવ એવો જ છે કે પ્રયત્ન કરવામાં આવે તો પ્રદેશોદયથી ફળ આપે અને પ્રયત્ન ન કરવામાં આવે તો વિપાકોદયથી ફળ આપે. તેથી જે વ્યક્તિ આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરે તે વ્યક્તિને તે કર્મ પ્રદેશોદયથી ફળ આપે છે, અને જે વ્યક્તિ શરણાદિમાં યત્ન ન કરે, તે વ્યક્તિને તે કર્મ વિપાકોદયથી ફળ આપે છે. તેથી કૃતનાશ અને અકૃતઅભ્યાગમરૂપ દોષો આવે નહીં.

અહીં વિશેષ એ છે કે પૂર્વમાં 'आह' થી પૂર્વપક્ષીએ નિશ્ચયનયની એકાંત દૃષ્ટિને સામે રાખીને કહ્યું કે કર્મ પુરુષકારનું આક્ષેપક છે અને આક્ષેપ કરીને કર્મ જે રીતે બંધાયું છે, તે રીતે નિયમા ફળ આપે છે, તેથી પુરુષકાર વ્યર્થ માનવાનો પ્રસંગ આવશે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે એ સ્થાપન કર્યું કે સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે અને તે પુરુષકારનો વિષય છે. આ કથન ગ્રંથકારે વ્યવહારનયની પ્રધાનતાથી કરેલ છે. તેનું કારણ એ છે કે કાર્યનો અર્થી કારણમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે વ્યવહારનયની યોગ્યતાને સામે રાખીને પ્રવૃત્તિ કરે છે. જેમ પ્રતિમાનો અર્થી વ્યવહારનયને માન્ય એવી પ્રતિમાની યોગ્યતા કયા લાકડામાં છે તે જોવા પ્રયત્ન કરે છે, અને યોગ્યતા નક્કી કરીને તે લાકડામાં પ્રતિમા નિર્માણ કરવા યત્ન કરે છે; પરંતુ જે લાકડાથી નિયમા પ્રતિમા થાય તેવી નૈશ્ચયિક યોગ્યતાને સામે રાખીને પ્રયત્ન કરતો નથી. તેથી જેમ કાર્યનો અર્થી વ્યવહારનયની યોગ્યતાને અવલંબીને પ્રવૃત્તિ કરે છે, તેમ પ્રસ્તુતમાં પણ વ્યવહારનયને અવલંબીને પ્રવૃત્તિ કરવી એ જ ઉચિત છે. તે આ રીતે –

કોઈ જીવને પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ વિધિ પ્રમાણે ઉપદેશ સાંભળીને ગુણસ્થાનક સ્વીકારવાનો પરિણામ થયો, ત્યાર પછી નિજસ્વભાવાદિનું આલોચન કર્યું, તેનાથી ગુણસ્થાનકની યોગ્યતા પોતાનામાં છે તેવો નિર્ણય કર્યો અને ગુણસ્થાનક વિધિપૂર્વક સ્વીકાર્યું. તેથી તે પ્રકારની પ્રવૃત્તિથી જેવી વિરતિ તેણે સ્વીકારી, તેવી ભાવથી તેને પરિણામ પામે છે. આમ છતાં ગુણસ્થાનક સ્વીકાર્યા પછી અરતિને પેદા કરાવનાર કર્મ વિપાકમાં આવ્યું, ત્યારે પોતાને થતી અરતિથી તે જાણી શકે છે કે જો આનો પ્રતિકાર નહીં કરવામાં આવે તો ગુણસ્થાનકનો પાત થશે; અને પોતાને ગુણસ્થાનકનો પાત ઈષ્ટ નથી. તેથી તે વિચારે છે કે "મેં વિધિપૂર્વક ગુણસ્થાનક સ્વીકાર્યું છે અને ભાવથી ગુણસ્થાનક પરિણામ પામેલું છે. તેથી જણાય છે કે ગુણસ્થાનકનો પાત કરાવનાર કર્મ પ્રાયઃ કરીને સોપક્રમ છે; કેમ કે જો નિરુપક્રમકર્મ હોત તો મને ગુણસ્થાનકનો પરિણામ થાત નહીં; પણ મને ભાવથી ગુણસ્થાનક પ્રાપ્ત થયું છે, તે બતાવે છે કે આ અરતિથી પેદા થનારું કર્મ સોપક્રમ છે. માટે મારે પ્રયત્ન કરીને તેનો નાશ કરવો જોઈએ, જેથી ગુણસ્થાનકનું

રક્ષણ થાય.”

આવા સ્થાને વ્યવહારનયને માન્ય યોગ્યતાથી વિવેકીની પ્રવૃત્તિ થાય છે, તે સ્થાનમાં નિશ્ચયનયની યોગ્યતાને ગ્રહણ કરીને એમ કહેવામાં આવે કે તે કર્મ જો યોગ્યતાવાળું હોય તો પુરુષકારનો આક્ષેપ કરશે, તે અનુચિત છે.

જેમ પ્રતિમાનો અર્થી લાકડામાં નિશ્ચયનયને માન્ય તેવી યોગ્યતા જોવા માટે યત્ન કરતો નથી, પરંતુ વ્યવહારનયની યોગ્યતા લાકડામાં છે કે નહીં તેનો નિર્ણય કરીને, જે લાકડાથી પ્રતિમા થઈ શકે તેવું જણાય, તે લાકડામાં પ્રતિમા બનાવવા માટે યત્ન કરે છે. પરંતુ એમ વિચારતો નથી કે જે લાકડામાંથી પ્રતિમા થવાની છે, તે લાકડુ પ્રતિમા માટે યોગ્ય છે, અન્ય નહીં; કેમ કે એ પ્રકારે વિચારે તો છદ્મસ્થ તેમાં પ્રવૃત્તિ કરી શકે નહીં. તે રીતે પ્રસ્તુતમાં છદ્મસ્થ એવા ગુણસ્થાનકને સ્વીકારનાર યોગી, પોતાને થયેલી અરતિથી ગુણસ્થાનકનો પાત અટકાવવા માટે પોતાનાં કર્મ સોપક્રમ છે, તેવી સંભાવના કરીને તેના નાશ માટે આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરે તે ઉચિત છે. તેથી તેવા સ્થાનમાં વ્યવહારનયનું અવલંબન ઉચિત છે, પરંતુ નિશ્ચયનયનું અવલંબન લેવું અનુચિત છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે, તેમાં પ્રમાણ શું ? તેથી ગ્રંથકાર કહે છે -

**ટીકા :-**

**एतच्च दार्वादौ प्रतिमादियोग्यताकल्पम्, तथाप्रमाणोपपत्तेः । न हि योग्यान्नियमेन प्रतिमादि, न च तदभावे सति अयोग्यमेतत्, तल्लक्षणविलक्षणत्वात्, तथाप्रतीतेः सकललोकप्रसिद्धत्वात् प्रतिमादिकल्पश्च पुरुषकार इति भावनीयम् । न च दार्वेव प्रतिमाक्षेपकमिति न्याय्यम्, सर्वत्र तत्प्राप्तेः, योग्यस्यापि वाऽयोग्यत्वप्रसङ्गात्; तद्भेदस्य च नैश्चयिकस्यालौकिकत्वात्, लौकिकत्वेऽपि तथाविधयोग्यताभेदात्, तथाविधयोग्यतातुल्यं च कर्मणोऽनियतस्वभावत्वम् ।**

**ટીકાર્થ :-**

**एतच्च ... तथाप्रमाणोपपत्तेः ।અને આ=સોપક્રમકર્મ, દારુ આદિમાં=લાકડા આદિમાં, પ્રતિમાદિની યોગ્યતા જેવું છે; કેમ કે તે પ્રકારના પ્રમાણની ઉપપત્તિ છે=જો લાકડામાં પ્રતિમાનો પ્રયત્ન કરો તો પ્રતિમા થાય અને પ્રયત્ન ન કરો તો ન થાય, તે પ્રકારે સોપક્રમકર્મ હોય ત્યારે શરણાદિમાં યત્ન કરવામાં આવે તો ઉપક્રમ થાય અને ન કરવામાં આવે તો ન થાય, તે પ્રકારના પ્રમાણની ઉપપત્તિ છે.**

❖ 'दार्वादौ' અહીં 'आदि' થી માટી વગેરેનું ગ્રહણ કરવું.

❖ 'प्रतिमादियोग्यताकल्पम्' અહીં 'आदि' થી ઘડા વગેરેનું ગ્રહણ કરવું.

**ઉત્થાન :-**

પ્રતિમાયોગ્ય લાકડાથી નિયમથી પ્રતિમા થાય છે, અને જો પ્રતિમા ન થતી હોય તો તે લાકડું પ્રતિમાયોગ્ય નથી, આ પ્રકારની નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે નિશ્ચયનયથી પ્રતિમાયોગ્ય લાકડામાં રહેલી યોગ્યતા પુરુષકારને આક્ષેપ કરે છે. આથી નિશ્ચયનય પ્રતિમા થનારા લાકડામાં અને પ્રતિમા નહીં થનારા લાકડામાં સ્વભાવભેદ માને છે અને કહે છે કે જે લાકડામાં પ્રતિમા થવાનો સ્વભાવ છે તે લાકડાથી નક્કી પ્રતિમા થાય છે. તેથી જેમ પ્રતિમાયોગ્ય લાકડુ પુરુષકારનો આક્ષેપ કરે છે અને પુરુષકારથી પ્રતિમા થાય છે, તેમ બંધાયેલા કર્મમાં રહેલી યોગ્યતા પુરુષકારનો આક્ષેપ કરે છે અને ત્યારબાદ કર્મ જે રીતે બંધાયેલું છે તે રીતે વેદન થાય છે. માટે કર્મને અનિયત સ્વભાવવાળું માનવાની જરૂર નથી, પરંતુ જે રીતે કર્મ બંધાયેલું છે તે રીતે ઉદયમાં આવે છે, તેમ માનવું ઉચિત છે. ગ્રંથકારના મતે વસ્તુતઃ પુરુષકાર દ્વારા સોપક્રમ કર્મનું ઉપક્રમણ થાય છે, એ સ્થાનમાં નિશ્ચયનયની દૃષ્ટિ ઉચિત નથી, પરંતુ વ્યવહારનયની દૃષ્ટિ ઉચિત છે. તેથી પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકાર્થ :-**

**न हि योग्यान्नियमेन ... तल्लक्षणविलक्षणत्वात्, યોગ્ય એવા લાકડાથી, નિયમથી પ્રતિમાદિ નથી, અને તેનો અભાવ હોતે છતે=પ્રતિમાદિનો અભાવ હોતે છતે, આ=લાકડા આદિ, અયોગ્ય નથી; કેમ કે તેના=અયોગ્ય લાકડા આદિના, લક્ષણનું વિલક્ષણપણું છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે અયોગ્ય લાકડાનું લક્ષણ યોગ્ય લાકડા કરતાં વિલક્ષણ છે, તેમાં પ્રમાણ શું ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**तथाप्रतीतेः ... भावनीयम् । તે પ્રકારની પ્રતીતિ હોવાથી (યોગ્ય લાકડા અને અયોગ્ય લાકડાના લક્ષણનું વિલક્ષણપણું છે); કેમ કે સકલ લોકમાં પ્રસિદ્ધપણું છે અર્થાત્ સકલ લોકમાં આ લાકડું પ્રતિમાયોગ્ય છે અને આ લાકડું પ્રતિમાયોગ્ય નથી, એ પ્રમાણે પ્રસિદ્ધ છે; અને પ્રતિમાદિ કલ્પ પુરુષકાર છે=પ્રતિમાને નિર્માણ કરવાની ક્રિયા સમાન પુરુષકાર છે, એ પ્રકારે ભાવન કરવું.**

**ઉત્થાન :-**

વ્યવહારનયનું સ્થાન હોવાના કારણે વ્યવહારનયને સામે રાખીને ગ્રંથકારશ્રીએ પ્રતિમાયોગ્ય લાકડું જેમ પ્રતિમા થવામાં અનિયત સ્વભાવવાળું છે, તેમ સોપક્રમ કર્મ પણ ફળ આપવામાં અનિયત સ્વભાવવાળું છે, તેમ સ્થાપન કર્યું. તેની સામે પૂર્વપક્ષી નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કહે છે કે જે પ્રતિમાયોગ્ય લાકડું હોય તેનાથી પ્રતિમા થવી જોઈએ, અને જો તેનાથી પ્રતિમા ન થતી હોય તો તે લાકડાને

પ્રતિમાયોગ્ય છે, તેમ કહેવાય નહીં; કેમ કે યોગ્યતા નિયમા કાર્યની આક્ષેપક છે. આ પ્રકારની પૂર્વપક્ષીની માન્યતાનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકાર કહે છે –

**ટીકાર્થ :-**

**न च दार्वेव ... वाऽयोग्यत्वप्रसङ्गात्, અને "લાકડું જ પ્રતિમાનું આક્ષેપક છે" એ ન્યાય્ય છે એમ ન કહેવું; કેમ કે સર્વત્ર=પ્રતિમાયોગ્ય બધા લાકડામાં, તેની=પ્રતિમાની, પ્રાપ્તિનો પ્રસંગ છે અથવા તો પ્રતિમાયોગ્ય લાકડામાં પણ અયોગ્યતા માનવાનો પ્રસંગ છે.**

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે કે જે લાકડામાંથી પ્રતિમા થતી નથી, તેને અયોગ્ય સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**तद्भेदस्य च नैश्चयिकस्यालौकिकत्वात् । અને નૈશ્ચયિક એવા તેના ભેદનું=યોગ્યતાના ભેદનું, અલૌકિકપણું હોવાથી તેને સ્વીકારીને, લાકડું જ પ્રતિમાનું આક્ષેપક છે તેમ માનવું ન્યાય્ય નથી, તેમ અન્વય છે.**

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારે કહ્યું કે નૈશ્ચયિક યોગ્યતાનો ભેદ અલૌકિક છે=લૌકિક નથી, તેથી છદ્મસ્થ તેને સ્વીકારીને પ્રવૃત્તિ કરી શકે નહીં, માટે તે ઉચિત પ્રવૃત્તિમાં પ્રમાણભૂત ન બને. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે કે યોગ્ય લાકડા આદિથી જ્યાં જ્યાં પ્રતિમા થાય છે, ત્યાં ત્યાં 'આ લાકડું પ્રતિમાદિને યોગ્ય છે' એવો નિર્ણય લોકો પણ કરી શકે છે. તેથી નૈશ્ચયિક યોગ્યતા અલૌકિક નથી, માટે નૈશ્ચયિક યોગ્યતાને ગ્રહણ કરીને લાકડાને પ્રતિમાનું આક્ષેપક સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**लौकिकत्वेऽपि ... ऽनियतस्वभावत्वम् । લૌકિકપણામાં પણ=નૈશ્ચયિક યોગ્યતાના લૌકિકપણામાં પણ, તેવા પ્રકારની યોગ્યતાનો ભેદ હોવાથી=વ્યવહારનયને માન્ય તેવા પ્રકારની યોગ્યતા નૈશ્ચયિક યોગ્યતા કરતાં જુદા પ્રકારની હોવાથી, લાકડું જ પ્રતિમાનું આક્ષેપક છે, એ ન્યાય્ય નથી, એમ અન્વય છે; અને તેવા પ્રકારની યોગ્યતા તુલ્ય=વ્યવહારનયને માન્ય એવી યોગ્યતા તુલ્ય, કર્મનું અનિયત સ્વભાવપણું છે.**

**ભાવાર્થ :-**

**एतच्च થી कर्मणोऽनियतस्वभावत्वम् । સુધીના કથનનો ભાવ આ પ્રમાણે છે :-**

ગ્રંથકારે પૂર્વમાં સ્થાપન કર્યું કે સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે. તે વાત દૃષ્ટાંતથી બતાવે છે -

જેમ પ્રતિમાયોગ્ય લાકડામાં પ્રતિમાની યોગ્યતા છે, તેમ સોપક્રમકર્મમાં નાશની યોગ્યતા છે. અર્થાત્ પ્રતિમાને ઘડવા માટે પ્રયત્ન કરવામાં આવે તો પ્રતિમા થાય અને પ્રયત્ન ન કરવામાં આવે તો ન થાય; તેમ પ્રસ્તુતમાં સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે, તેથી ગુણસ્થાનકના પાતને કરાવનાર અરતિ પેદા કરનાર કર્મના વિપાકને જોઈને આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરવામાં આવે તો ગુણસ્થાનકનો પાત કરાવનાર કર્મનો વિનાશ થાય, અને ન કરવામાં આવે તો કર્મ ગુણસ્થાનકથી પાત કરાવે.

જેમ લાકડામાં પ્રતિમાની નિષ્પત્તિની યોગ્યતા છે, તેમ સોપક્રમકર્મમાં નાશની યોગ્યતા છે; અને જેમ લાકડામાં પ્રયત્નથી પ્રતિમાદિ નિર્માણ થાય છે, તેમ પુરુષકારથી સોપક્રમકર્મનો નાશ થાય છે. તેથી પ્રતિમાદિના નિર્માણની ક્રિયા જેવો પુરુષકાર છે, તેથી પુરુષકારથી સોપક્રમકર્મ નાશ પામે છે. જેમ લાકડામાં પ્રતિમા માટે પુરુષકાર ન કરવામાં આવે તો પ્રતિમા થતી નથી, તેમ સોપક્રમકર્મમાં નાશ માટે પ્રયત્ન ન કરવામાં આવે તો સોપક્રમકર્મનો નાશ થતો નથી. આ રીતે સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે, એ સિદ્ધ થાય છે.

વળી લાકડામાં રહેલી પ્રતિમાની યોગ્યતા પ્રતિમાનો આક્ષેપ કરે છે, તેમ માનવું ઉચિત નથી; કેમ કે પ્રતિમાને યોગ્ય ઘણા લાકડામાં પ્રતિમાની પ્રાપ્તિ નહીં હોવા છતાં પ્રતિમાની પ્રાપ્તિનો પ્રસંગ આવે અથવા તો વ્યવહારમાં જે પ્રતિમાયોગ્ય લાકડા તરીકે પ્રસિદ્ધ છે, છતાં પ્રતિમાની પ્રાપ્તિ થઈ નથી તેને પણ અયોગ્ય કહેવાનો પ્રસંગ આવે. આ રીતે વ્યવહારનયથી યોગ્યતાનું સમર્થન કર્યું.

અહીં પૂર્વપક્ષી કહે કે વ્યવહારનયની યોગ્યતા જુદી છે અને તે પારમાર્થિક નથી; કેમ કે જે યોગ્યતા કાર્ય ન કરતી હોય તેવી યોગ્યતાને યોગ્યતા કહેવી ઉચિત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

નૈશ્ચયિક એવી યોગ્યતાનો ભેદ અલૌકિક છે અર્થાત્ છદ્મસ્થ તેવી યોગ્યતા જોઈ શકે નહીં, અને યોગ્યતાનો નિર્ણય ન થાય તો કાર્યાર્થી તેમાં પ્રવૃત્તિ કરી શકે નહીં. માટે તેવી યોગ્યતા માનવી ઉચિત નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે નૈશ્ચયિક યોગ્યતા પણ છદ્મસ્થ જોઈ શકે છે, માટે તે અલૌકિક નથી. તે આ રીતે –

જે લાકડામાંથી પ્રતિમાનું નિર્માણ થયું તે લાકડાને જોઈને કોઈપણ કહી શકે કે આ લાકડામાં પ્રતિમાની યોગ્યતા હતી. તેથી નૈશ્ચયિક યોગ્યતા છદ્મસ્થ દ્વારા કાર્યથી અનુમેય છે, માટે અલૌકિક નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે નૈશ્ચયિક યોગ્યતા આ રીતે લૌકિક હોવા છતાં પણ વ્યવહારનયની યોગ્યતા તેના કરતાં જુદા પ્રકારની છે. નૈશ્ચયિક યોગ્યતા કાર્ય થાય ત્યારે જ જણાય છે, અને વ્યવહારિક યોગ્યતા કાર્ય ન થાય ત્યારે પણ લક્ષણથી જણાય છે. તેથી પ્રતિમાયોગ્ય પણ જે લાકડામાંથી પ્રતિમા થતી

નથી, તેને પણ જોઈને જાણકાર વ્યક્તિ લક્ષણથી કહી શકે છે કે 'આ લાકડું પ્રતિમાને યોગ્ય છે.' તેથી જેવા પ્રકારની પ્રતિમાની યોગ્યતા વ્યવહારનયને માન્ય છે, તેવા પ્રકારની યોગ્યતાવાળું સોપક્રમકર્મ છે, જે તેના લક્ષણથી જાણી શકાય છે. માટે સોપક્રમકર્મનો નિર્ણય કરીને તે કર્મના વિનાશનો અર્થી આજ્ઞાનુસાર અધિકૃત શરણાદિમાં યત્ન કરે તો તેનો વિનાશ કરી શકે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં 'आह' થી પૂર્વપક્ષીએ સ્થાપન કરેલું કે પુરુષકારથી કર્મનો ઉપક્રમ સ્વીકારશો તો કૃતનાશ અને અકૃતઅભ્યાગમ દોષોની પ્રાપ્તિ થશે. માટે પુરુષકારથી કર્મને ઉપક્રમ લાગે છે, તેમ મનાય નહીં; પરંતુ જે કર્મ જે રીતે બંધાયેલું હોય તે રીતે તે કર્મ ફળ આપે છે અને તે કર્મ પુરુષકારને આક્ષેપ કરે તેવા સ્વભાવવાળું હોવાથી પુરુષકારને આક્ષેપ કરે છે, તેમ માનવું ઉચિત છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે યુક્તિથી સ્થાપન કર્યું કે સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે, તેથી પુરુષકારથી તે કર્મનો નાશ થાય છે અને પુરુષકાર ન કરવામાં આવે તો તે કર્મ પોતાનું ફળ બતાવે છે એમ માનવું ઉચિત છે.

હવે સોપક્રમકર્મને અનિયત સ્વભાવવાળું સ્વીકારવામાં 'किञ्च' થી ગ્રંથકારશ્રી બીજી યુક્તિ આપે છે.

**ટીકા :-**

**किञ्च - कर्मापि पुरुषकाराक्षेपकं तत्स्वभावतयैव, एवमेव पुरुषस्य तदुपक्रामणस्वभावतायां को दोषः? पारम्पर्यतस्तथाभावस्योभयत्र तुल्यत्वात् । अत इह उभयतथाभावो न्याय्यः, कर्तृ-कर्मणोरुभयतथाभावतायां सर्वत्रेष्टफलसिद्धेः, अन्यथायोगादतिप्रसङ्गादिति ।**

**ટીકાર્થ :-**

किञ्च - कर्मापि ... को दोषः ? **કર્મ પણ તત્સ્વભાવપણા વડે જ=કર્મ પણ પુરુષકાર આક્ષેપક સ્વભાવપણા વડે જ, પુરુષકારનું આક્ષેપક છે. એ રીતે જ પુરુષનો=પુરુષકારનો, તેના ઉપક્રામણ સ્વભાવપણામાં=કર્મના ઉપક્રામણ સ્વભાવપણામાં, શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી.**

❖ कर्मापि અહીં 'अपि' થી એ કહેવું છે કે પુરુષકાર તો તત્સ્વભાવપણા વડે કર્મના ઉપક્રામણ સ્વભાવવાળો છે, પરંતુ કર્મ પણ તત્સ્વભાવપણા વડે જ પુરુષકારનું આક્ષેપક છે.

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે કે કર્મ પુરુષકારનું સાક્ષાત્ આક્ષેપક છે અને કર્મથી આક્ષિપ્ત થયા પછી પુરુષકાર કર્મનું ઉપક્રામણ કરે છે, તેથી પુરુષકાર પારમ્પર્યથી કર્મના ઉપક્રામણ સ્વભાવવાળો છે. માટે કર્મ પુરુષકારનું આક્ષેપક છે તેમ અમે સ્વીકારીએ છીએ. તેના નિરાકરણ માટે ગ્રંથકરશ્રી હેતુ આપે છે -

**ટીકાર્થ :-**

पारम्पर्यत ... दतिप्रसङ्गादिति । **પારંપર્યથી તથાભાવનું=કર્મ દ્વારા પુરુષકારના આક્ષેપકભાવનું**

**અને પુરુષકાર દ્વારા કર્મના ઉપક્રામણભાવનું, उभयत्र=બંને સ્થાનમાં=પુરુષકારના આક્ષેપકભાવમાં અને કર્મના ઉપક્રામણમાં, તુલ્યપણું છે. આથી=ઉભયત્ર તથાભાવનું તુલ્યપણું છે આથી, અહીં=કર્મ અને પુરુષકારના વિષયમાં, ઉભયનો તથાભાવ=કર્મનો પુરુષકાર આક્ષેપકભાવ અને પુરુષકારનો કર્મને ઉપક્રામણ કરવાનો ભાવ, ન્યાય્ય છે=ઉચિત છે; કેમ કે કર્તા અને કર્મની ઉભય તથાભાવતામાં=કર્તાની કર્મઉપક્રામણભાવતામાં અને કર્મની પુરુષકારઆક્ષેપકભાવતામાં, સર્વત્ર=સર્વ કાર્યના સ્થાનમાં, ઈષ્ટફળની સિદ્ધિ છે. અન્યથા=જો કર્તા અને કર્મની ઉભયતથાભાવતા ન હોય તો अयोगाद्=ઈષ્ટફળનો અયોગ હોવાથી ઉભયનો તથાભાવ ન્યાય્ય છે, એમ અન્વય છે.**

કર્તા અને કર્મનો તથાભાવ ન હોય તો ઈષ્ટફળનો અયોગ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**અતિપ્રસંગ છે.**

❖ 'इति' શબ્દ 'किञ्च' થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :-**

**किञ्च - कर्मापि થી अतिप्रसङ्गादिति સુધીના કથનનો ભાવ આ પ્રમાણે છે :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ 'आह' થી સ્થાપન કરેલું કે "બંધાયેલું કર્મ જ તેવા સ્વભાવવાળું હોવાને કારણે કર્મ પુરુષકારનો આક્ષેપ કરે છે, પરંતુ પુરુષકારથી કર્મનો નાશ થતો નથી." આ પ્રકારનો એકાંત સ્વીકારીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે જે કર્મ જે રીતે બંધાય છે, તે કર્મ તે રીતે ફળને આપે છે; પરંતુ બંધાયેલું કર્મ સેંકડો પ્રયત્નોથી અન્યથા થતું નથી; ફક્ત તે કર્મ તેવા પ્રકારનું છે કે પુરુષકારનો આક્ષેપ કરીને જે પ્રકારે બંધાયેલું છે તે પ્રકારે ફળ આપે છે. જેમ પ્રસ્તુતમાં ગુણસ્થાનકને પામેલા સાધકને અરતિનિબંધનકર્મ વિપાકમાં આવ્યું, ત્યારપછી તે કર્મે પુરુષકારનો આક્ષેપ કરી તેને આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરાવ્યો અને તે યત્ન કર્યા પછી જે પ્રકારે તે કર્મ બંધાયેલું હતું તે પ્રકારે વેદન થાય છે, તેથી કૃતનાશાદિ દોષોની પ્રાપ્તિ નથી. અર્થાત્ તે કર્મ તે પુરુષકારનો આક્ષેપ કરીને ગુણસ્થાનકથી પાત ન કરાવે એ રીતે બંધાયેલું હતું, તેથી તે સાધકે આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કર્યો અને તેનો ગુણસ્થાનકથી પાત ન થયો. જો ગુણસ્થાનકથી પાત થાય તેવું કર્મ બંધાયેલું હોય તો તે આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરે તોપણ અવશ્ય ગુણસ્થાનકથી પાત થાય. તેથી કર્મ એકાંતે જે રીતે બંધાયેલું હોય છે તે રીતે કાર્ય થાય છે, પરંતુ કર્મમાં અનેકાંતતા નથી=અનિયત સ્વભાવ નથી. પૂર્વપક્ષીના આ કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

તત્સ્વભાવપણા વડે જ કર્મ પુરુષકારનું આક્ષેપક છે, એ રીતે પુરુષકાર પણ કર્મનો ઉપક્રમ કરે તેવા સ્વભાવવાળો છે, તેમ માનવામાં કોઈ દોષ નથી.

આશય એ છે કે જે સાધકને ગુણસ્થાનકની પ્રાપ્તિ થયા પછી ગુણસ્થાનકથી પાત કરાવનારું અરતિનિબંધનકર્મ વિપાકમાં આવ્યું છે, તે સાધકમાં, અરતિનિબંધનકર્મના સહવર્તી રહેલ ગુણસ્થાનકનો પક્ષપાત કરાવનાર ક્ષયોપશમભાવવાળું કર્મ=મોહનીયકર્મના ક્ષયોપશમથી ઉપબૃંહિત વીર્યાંતરાયકર્મના

ક્ષયોપશમભાવવાળું કર્મ, આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન કરાવે તેવા પ્રકારના પુરુષકારને આક્ષેપ કરવાના સ્વભાવવાળું છે. એ રીતે તે ક્ષયોપશમભાવવાળા કર્મથી આક્ષિપ્ત થયેલો પુરુષકાર પણ ગુણસ્થાનકનો પાત કરાવનાર કર્મોને ઉપક્રમણ કરે તેવા સ્વભાવવાળો છે, આમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે ગુણસ્થાનકમાં અરતિ થયા પછી શાસ્ત્રાનુસારી યત્ન કરીને જે જીવ ગુણસ્થાનકમાં સ્થિર થાય છે તેને – (૧) અરતિ કરાવનારું કર્મ ઉદયમાં હતું તેથી અરતિ થઈ. (૨) ગુણસ્થાનકના રક્ષણમાં યત્ન કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ હતું, તેથી શરણાદિમાં પુરુષાર્થ થયો અને (૩) ગુણસ્થાનકમાં અરતિ થયા પછી ક્રમે કરીને ગુણસ્થાનકથી પાત કરાવે તેવું ચારિત્રમોહનીયકર્મ સોપક્રમ હતું, જેથી પુરુષકાર દ્વારા તેનો ઉપક્રમ થયો અને ગુણસ્થાનકથી પાત થયો નહીં.

**પરમાત્માના વચન દ્વારા મેઘકુમારને થયેલ અરતિનિબંધનકર્મનો ઉપક્રમ :-** અહીં વિશેષ એ છે કે **મેઘકુમારે** ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી અને દીક્ષા ગ્રહણ કર્યા પછી સંયમમાં અરતિને પેદા કરાવનાર કર્મ વિપાકમાં આવ્યું, તેથી મેઘમુનિને રાત્રે ઘરે જવાનો પરિણામ થયો. છતાં તે વખતે તેઓને સંયમનો પક્ષપાત હતો અને સંયમ મારા હિતનું કારણ છે, તેવી બુદ્ધિ પણ હતી; તેમ છતાં અરતિનિબંધનકર્મના સહવર્તી સંયમના પક્ષપાતનો અધ્યવસાય ઉત્પન્ન કરાવનારું કર્મ તેવા પ્રકારના ક્ષયોપશમભાવવાળું ન હતું કે જેથી પોતાને થયેલી અરતિથી ગુણસ્થાનકનો પાત થાય તો તેને અટકાવવા માટે મારે પ્રયત્ન કરવો જોઈએ, તેવા પ્રકારના અધ્યવસાયને ઉત્પન્ન કરીને, અને આજ્ઞાનુસારી શરણાદિમાં પુરુષકારનો આક્ષેપ કરે. તેથી સવારના ઊઠીને ઘરે જવાના વિકલ્પથી ભગવાનને નિવેદન કરે છે ત્યારે, ભગવાનના ઉપદેશને પામીને તેમનામાં રહેલ અરતિનિબંધનકર્મના સહવર્તી ગુણસ્થાનકના પક્ષપાતનો અધ્યવસાય તેવા પ્રકારના ક્ષયોપશમભાવના પરિણામને પામ્યો કે જેથી મહાસત્ત્વથી સંયમમાં યત્ન કરવાની શક્તિનો સંચય થયો. તેથી ભગવાનના ઉપદેશના બળથી સંચિત થયેલા મેઘમુનિના પુરુષકારથી બળવાન એવાં પણ ચારિત્રમોહનીયકર્મો ક્ષયોપશમભાવને પામ્યાં. તેથી તેમના પુરુષકારમાં ચારિત્રમોહનીયકર્મને ઉપક્રામણ કરે તેવા પ્રકારનો પણ સ્વભાવ હતો.

વળી કેટલીક વાર સોપક્રમકર્મ પણ, અનુકૂળ બળવાન નિમિત્ત મળવા છતાં જીવ તેના ઉપક્રમણને કરવા માટે અભિમુખભાવવાળો ન થાય તો ક્ષયોપશમભાવને પામે નહીં, અને જો જીવ અભિમુખ બને તો તે સોપક્રમકર્મ કોઈ અન્ય સામાન્ય નિમિત્તને પામીને પણ ક્ષયોપશમભાવને પામે છે. જેમ ક્ષુલ્લકમુનિનું કર્મ. તે આ રીતે –

**ક્ષુલ્લકમુનિનું દૃષ્ટાંત :-** ગર્ભવતી રાણી યશોભદ્રાએ તથાવિધ સંયોગોના કારણે, પોતાને ગર્ભ છે તેમ કહ્યા વિના દીક્ષા ગ્રહણ કરી. સમય પસાર થતાં ગર્ભ પ્રગટ થતાં બધી વાત કરી અને પછીથી પુત્રનો જન્મ થયો, જેનું ક્ષુલ્લકકુમાર નામ પાડ્યું. બાળક ત્યાં સાધ્વીઓ પાસે રહીને મોટો થાય છે અને યોગ્ય ઉંમર થતાં તેને આચાર્ય ભગવંત દીક્ષા આપે છે. યુવાવસ્થા આવે છે ત્યારે ક્ષુલ્લકકુમારને સંયમમાં અરતિ પેદા થાય છે અને ઘેર જવાનો પરિણામ થાય છે, તેથી પોતાની વાત આચાર્યને જણાવે છે. આચાર્ય ઘણું

સમજાવે છે પણ સંયમમાં થતી અરતિ દૂર થતી નથી, તેથી અંતે કહે છે કે 'તું તારી માતા સાધ્વીજીની રજા લઈને જા.' માતા સાધ્વીજીએ પણ સંયમમાં સ્થિર કરવા ઘણો યત્ન કર્યો, પરંતુ તેનું મન સંયમમાં સ્થિર થયું નહીં, તેથી માતા સાધ્વીજી કહે છે કે 'તું ૧૨ વર્ષ મારા ખાતર કાલક્ષેપ કરીને પછી ઘરે જવાનું વિચારજે.' માતાના વચનને સ્વીકારીને મુનિ ૧૨ વર્ષ સુધી સંયમની ઉચિત પ્રવૃત્તિ યથાવત્ કરે છે, પછી માતા પાસે જાય છે ત્યારે, ઘરે જવાનો પરિણામ અનિવર્તનીય જણાવાથી માતા સાધ્વીજી પુનઃ આચાર્યની રજા લઈને જવાનું સૂચન કરે છે. આચાર્ય પણ સમજાવ્યા પછી અંતે કહે છે, 'તું ૧૨ વર્ષ હજુ મારા ખાતર પ્રયત્ન કર.' ગુરુના વચનને સ્વીકારીને મુનિ વળી ૧૨ વર્ષ સુધી સંયમમાં ઉચિત યત્ન કરે છે અને ૧૨ વર્ષ પૂર્ણ થતાં ફરી આચાર્યની રજા માંગે છે. ઘરે જવાનો પરિણામ અનિવર્તનીય જણાવાથી આચાર્ય કહે છે કે 'તેં જે ઉપાધ્યાય પાસે અત્યાર સુધી શાસ્ત્રાધ્યયન કર્યું છે, તેમની અનુજ્ઞા લઈને જજે' - તેથી ઉપાધ્યાય પાસે અનુજ્ઞા માટે જાય છે. તેમણે પણ તેનો અનિવર્તનીય પરિણામ જાણીને કહ્યું કે 'તું ૧૨ વર્ષ મારા ખાતર પણ સંયમમાં યત્ન કર, પછી વિચારજે.' આ રીતે સંયમમાં અરતિ થયા પછી પણ વડીલોના વિનયની મર્યાદાથી તે ક્ષુલ્લકમુનિએ ૩૬ વર્ષ સુધી સંયમમાં યત્ન ચાલુ રાખ્યો, તોપણ પાતનો પરિણામ નિવર્તન પામ્યો નહીં, ત્યારે અંતે માતા સાધ્વીજીએ કોઈકની પાસે રખાવેલ હતી તે રાજમુદ્રા તેને અપાવીને કહ્યું કે 'તું આ રાજમુદ્રા રાજાને બતાવજે, જેથી તને ઓળખશે' અને તે પ્રમાણે મુદ્રા લઈને તે રાજસભામાં પહોંચે છે. રાજસભામાં પહોંચે છે, ત્યારે નૃત્ય ચાલી રહ્યું છે. નર્તિકા પોતાની સમગ્ર કળાને પ્રદર્શિત કરતી નૃત્ય કરી રહી છે. શક્તિના પ્રકર્ષથી ત્રણ પ્રહર સુધી નાચી છે, છતાં રાજા તેના પર રીઝીને દાન કરતો નથી. હવે તે શ્રાંત થઈ ગઈ છે. તેની શ્રાંતતા મુખ ઉપર અભિવ્યક્ત થતી જોઈને અને તેની નૃત્યકળામાં થતી સ્ખલનાઓને જોઈને તેની અક્કા આ પ્રમાણે ગીતના આલાપમાં કહે છે –

**"सुट्ठु गाइअं, सुट्ठु वाइअं, सुट्ठु नच्चिअं साम सुंदरी ! ।**
**अणुपालिअ दीहराइअं, सुमिणं ते मा पमाओ ।।"**

**"હે શ્યામસુંદરી ! તેં સુંદર ગાયું, સુંદર બોલી, સુંદર નાચ કર્યો, દિવસ અને રાત્રિ અનુપાલન કર્યું, હવે રાત્રિના અંતમાં પ્રમાદ ન કર."**

આ સાંભળીને નર્તકી સાવધ બની પ્રમાદને ખંખેરી અપ્રમાદભાવથી નૃત્યમાં યત્ન કરે છે. આ ગીતનું અંતિમ ચરણ હૈયાને સ્પર્શતાં રાજસભામાં રહેલા રાજપુત્રે નર્તકીને મણિજડિત કુંડળ આપ્યાં, મંત્રીએ મુદ્રારત્ન આપ્યું અને ક્ષુલ્લકમુનિએ મુદ્રા આપી. રાજાને આશ્ચર્ય થયું કે મેં દાન આપ્યું નથી અને આ બધાએ મારી પહેલાં કેમ દાન આપ્યું ? તેથી પૂછે છે, 'તમે સર્વેએ મારી પહેલાં કેમ આ નર્તકીને ઈનામ આપ્યું ?' ત્યારે રાજપુત્રે ખુલાસો કર્યો કે મને રાજ્ય મેળવવાની ઉત્કટ ઈચ્છા થઈ અને પિતા વૃદ્ધ થવા છતાં રાજ્ય આપતા નથી, તેથી હું તેમનો વિનાશ કરીને રાજ્ય લઉં, તેવો પરિણામ થયો હતો; પણ અક્કાના શબ્દ સાંભળી થયું કે 'આટલો સમય ધૈર્યપૂર્વક કાલક્ષેપ કર્યો, હવે વૃદ્ધ થયેલ પિતાની પિતૃહત્યાનું પાપ શા માટે કરું ?' તેવો બોધ થવાથી મેં દાન કર્યું. મંત્રી કહે છે, હું શત્રુપક્ષમાં ભળી ગયો હતો, ત્યાં આ શબ્દો સાંભળતાં મને થયું,

'આટલી આ રાજાની સેવા કરી, હવે શા માટે દગો દેવો ?' ક્ષુલ્લકમુનિ કહે છે, હું આ મુદ્રા બતાવીને તમારી પાસે રાજ્ય માંગવા આવ્યો હતો ત્યારે આ શબ્દો સાંભળતાં થયું કે, 'મેં આટલાં વર્ષ સંયમમાં યત્ન કર્યો, હવે અલ્પ કાળ માટે સંયમની વિરાધના કરીને મારું જીવન વ્યર્થ શા માટે ગુમાવું ?' આ પ્રકારના સંવેગના પરિણામને પામ્યો, તેથી મુદ્રા દાનમાં આપી દીધી. હવે પુનઃ સંયમ ગ્રહણ કરવા તત્પર થયો છું.

આનાથી એ પ્રાપ્ત થાય કે મુનિને 'જે માતા પ્રત્યે ભક્તિ છે, જે આચાર્ય અને ઉપાધ્યાય પ્રત્યે પણ અત્યંત આદર છે, તેમના વચનથી પણ ચારિત્રના પાતના પરિણામવાળું સોપક્રમકર્મ પણ ઉપક્રમને પામ્યું નહિ, પરંતુ અક્કાના વચનથી ઉપક્રમને પામ્યું. તેથી કયા જીવને કયું નિમિત્ત બળવાન બને અને જાગૃતિ પેદા કરાવી શકે તેવો કોઈ ચોક્કસ નિયમ નથી; તોપણ સમ્યક્ યત્ન કરવામાં આવે તો સોપક્રમકર્મ અવશ્ય ઉપક્રમ પામે; અને તે સોપક્રમકર્મ ક્યારેક ઉપદેશની સામગ્રી પામીને કે ક્યારેક બળવાન નિમિત્તના બળથી પણ ઉપક્રમને પામે છે. જેમ મેઘકુમારને ભગવાનના ઉપદેશના વચનથી સોપક્રમ કર્મ ઉપક્રમને પામ્યું, અને પ્રસ્તુત ક્ષુલ્લકમુનિને અક્કાના વચનના નિમિત્તથી સોપક્રમકર્મ ઉપક્રમને પામ્યું.

વળી કેટલાક જીવોને ભાવથી ગુણસ્થાનક પરિણામ પામ્યા પછી અરતિનો પરિણામ થાય ત્યારે, તેમને ઉદયમાં આવેલ અરતિનિબંધનકર્મના સહવર્તી ગુણસ્થાનકના પક્ષપાતનો પરિણામ પેદા કરાવે તેવું ક્ષયોપશમભાવનું કર્મ, અને ગુણસ્થાનકથી પાતના રક્ષણના ઉપાયમાં યત્ન કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ હોય તો તેમને શરણાદિમાં યત્ન કરાવે તેવા પુરુષકારનું આક્ષેપક બને છે.

તો વળી કેટલાક જીવોને ગુણસ્થાનકમાં અરતિ થયા પછી તેઓમાં વર્તતું અરતિનિબંધનકર્મના સહવર્તી ગુણસ્થાનકના પક્ષપાતનો પરિણામ પેદા કરાવે તેવું કર્મ શરણાદિમાં પુરુષાર્થ કરાવે તેવા પ્રકારના ક્ષયોપશમભાવવાળું નહીં હોવાથી, ગુણસ્થાનકથી પાત કરાવે તેવું કર્મ સોપક્રમ હોવા છતાં, વિપાકમાં આવેલું તે અરતિનિબંધનકર્મ ગુણસ્થાનકથી પાત કરાવનાર કર્મને સહાયક થઈને ગુણસ્થાનકથી પાતનું કારણ બને છે, પરંતુ ગુણસ્થાનકના રક્ષણના ઉપાયભૂત શરણાદિમાં યત્નસ્વરૂપ પુરુષકારનો આક્ષેપ કરતું નથી.

તેથી એ ફલિત થાય કે જે જીવોને ગુણસ્થાનકની પ્રાપ્તિ થયા પછી અરતિનિબંધનકર્મ વિપાકમાં આવે છે ત્યારે, જેમનામાં અરતિનિબંધનકર્મ સહવર્તી વર્તતું ક્ષયોપશમભાવવાળું કર્મ આજ્ઞાનુસાર શરણાદિમાં પુરુષકાર કરાવે તેવા પ્રકારનું હોય, તો તે કર્મ પુરુષકારનો આક્ષેપ કરે છે; જે પુરુષકારનો પણ તેવો સ્વભાવ છે કે તે સોપક્રમકર્મ ગુણસ્થાનકથી પાત કરાવે તેવું વિપાકમાં આવેલું હોય તેનું ઉપક્રમણ કરીને જીવના ગુણસ્થાનકના પરિણામનું રક્ષણ કરે છે; અને જેઓને ગુણસ્થાનક સ્વીકાર્યા પછી ગુણસ્થાનકમાં અરતિ થાય છે ત્યારે, આજ્ઞાનુસાર શરણાદિમાં પુરુષકારનો આક્ષેપ કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ નથી, તો તે કર્મ પુરુષકારનો આક્ષેપ કરતું નથી, તેથી તેઓ પુરુષકાર કરતા નથી. તેથી ગુણસ્થાનકથી પાત કરાવે તેવું સોપક્રમ પણ કર્મ પ્રતિકાર નહીં થવાને કારણે ગુણસ્થાનકના પાતનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે –

અરતિ થયા પછી ગુણસ્થાનકનો પક્ષપાત કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ અને ગુણસ્થાનકથી

પાતના રક્ષણના ઉપાયમાં યત્ન કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ - એ બે ક્ષયોપશમભાવથી આક્રાંત= વ્યાપ્ત, એવું અરતિનિબંધનકર્મ પુરુષકારનું આક્ષેપક છે. તેથી કહેવાય છે કે ઉદયમાં આવેલું કર્મ પુરુષકારનું આક્ષેપક છે.

હવે જે સાધકને અરતિનિબંધનકર્મ છે અને ગુણસ્થાનકનો પક્ષપાત કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ પણ છે, આમ છતાં ગુણસ્થાનકને જિવાડવા માટે તેના ઉપાયભૂત શરણાદિમાં યત્ન કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ નથી, તેઓને ગુણસ્થાનકથી પાત કરાવે તેવું કર્મ સોપક્રમ હોવા છતાં ગુણસ્થાનકનો પક્ષપાત કરાવે તેવા ક્ષયોપશમભાવવાળા કર્મથી યુક્ત પણ અરતિનિબંધનકર્મ ગુણસ્થાનકથી પાત કરાવે છે, છતાં સમ્યક્ત્વનો નાશ થતો નથી.

હવે જે સાધકને ગુણસ્થાનક સ્વીકાર્યા પછી ગુણસ્થાનકમાં અરતિ ઉત્પન્ન થાય છે ત્યારે, ગુણસ્થાનકનો પક્ષપાત કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ પણ નથી અને ગુણસ્થાનકને જિવાડવા માટે પ્રયંત્ન કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું પણ કર્મ નથી, તે સાધકને ગુણસ્થાનકથી પાત કરાવે તેવું કર્મ સોપક્રમ હોય તોપણ પ્રગટ થયેલ અરતિનો પરિણામ ગુણસ્થાનકથી તે રીતે પાત કરાવે છે કે જેથી વિરતિના પરિણામ સાથે સમ્યક્ત્વ પણ નાશ પામે.

**નંદિષેણમુનિને ગુણસ્થાનકથી પાત કરાવનાર નિરુપક્રમકર્મ :-**

નંદિષેણ જેવા કેટલાક મહાત્માઓને સંયમમાં અરતિનિબંધનકર્મ વિપાકમાં આવે છે, અને તત્સહવર્તી ગુણસ્થાનકનો પક્ષપાત કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ પણ વર્તે છે, અને અરતિ પેદા થયા પછી તે ગુણસ્થાનકને રક્ષણ કરવાના ઉપાયમાં આજ્ઞાનુસારી પ્રયત્ન કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ પણ વિદ્યમાન છે; આમ છતાં ગુણસ્થાનકથી પાત કરાવનાર કર્મ નિરુપક્રમ હોવાથી આજ્ઞાનુસારી શરણાદિમાં પ્રયત્નરૂપ પુરુષકાર દ્વારા તે કર્મનો ઉપક્રમ નહીં થવાથી ગુણસ્થાનકનો પાત થાય છે.

પૂર્વમાં 'किञ्च' થી સ્થાપન કર્યું કે કર્મમાં પુરુષકારનો આક્ષેપક સ્વભાવ હોવાના કારણે જેમ કર્મ પુરુષકારનો આક્ષેપ કરે છે, તેમ પુરુષકારનો કર્મને ઉપક્રામણ કરવાનો સ્વભાવ સ્વીકારીએ તો કોઈ દોષ નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે કર્મ પુરુષકારનો આક્ષેપ કરે છે=ગુણસ્થાનક સ્વીકાર્યા પછી ગુણસ્થાનકમાં અરતિ થાય તો તેને દૂર કરવા પ્રેરણા આપે તેવું ગુણસ્થાનકના પક્ષપાતને કરાવનાર ક્ષયોપશમભાવવાળા કર્મથી યુક્ત એવું અરતિનિબંધન કર્મ પુરુષકારને આક્ષેપ કરે છે અને તે કર્મથી આક્ષિપ્ત થયેલો પુરુષકાર અન્ય કર્મનું=ગુણસ્થાનકથી પાત કરાવે એવું વિપાકને અભિમુખ થયેલ કર્મનું, ઉપક્રમણ કરે છે. માટે કર્મનું ઉપક્રમણ પરંપરાએ હોવાથી ગૌણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પારમ્પર્યથી તથાભાવનું કર્મમાં અને પુરુષકારમાં તુલ્યપણું છે.

આશય એ છે કે જે સ્થાનમાં ગુણસ્થાનકમાં અરતિ થવા છતાં ગુણસ્થાનકનો પક્ષપાત કરાવે તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ, અને અરતિ થયા પછી ગુણસ્થાનકના પાતના રક્ષણના ઉપાયમાં યત્ન કરાવે તેવું

ક્ષયોપશમભાવવાળું કર્મ, આ બે ક્ષયોપશમભાવથી આક્રાંત એવું વિશિષ્ટ અરતિનિબંધનકર્મ પુરુષકારનો આક્ષેપ કરીને ગુણસ્થાનકથી પાત કરાવનારા કર્મનું ઉપક્રમણ કરે છે, તે સ્થાનમાં તે અરતિનિબંધનકર્મ પુરુષકારને આક્ષેપ કરવામાં સાક્ષાત્ કારણ બને છે, અને પુરુષકાર ગુણસ્થાનકથી પાત કરાવનારા કર્મના ઉપક્રમણમાં પરંપરાએ કારણ બને છે; કેમ કે અરતિનિબંધનકર્મથી આક્ષિપ્ત પુરુષકાર ગુણથી પાત કરાવનારા કર્મનું ઉપક્રમણ કરે છે. તેમ જે સ્થાનમાં સંયમ ગ્રહણ કર્યા પછી જેમને સંયમમાં અરતિ થતી નથી તેવા મુનિના પુરુષકારથી સોપક્રમ ચારિત્રમોહનીયકર્મ ઉપક્રમ પામે છે અને તે ચારિત્રમોહનીયકર્મના ઉપક્રમથી વિશિષ્ટ પુરુષકાર પ્રગટ થાય છે, તે સ્થાનમાં પુરુષકાર સાક્ષાત્ કર્મનું ઉપક્રમણ કરે છે અને કર્મનું ઉપક્રમણ પરંપરાએ પુરુષકારને આક્ષેપ કરે છે. આ રીતે પુરુષકારથી કર્મનું ઉપક્રમણ અને ઉપક્રમ પામેલા કર્મથી પુરુષકારનો આક્ષેપ, એ રીતે પરંપરા ચાલે છે. તેથી પારમ્પર્યથી તથાભાવનું કર્મ અને પુરુષકાર બંનેમાં સમાનપણું છે; કેમ કે કોઈક સ્થાનમાં કર્મ પરંપરાએ કારણ છે, તો કોઈક સ્થાનમાં પુરુષકાર પરંપરાએ કારણ છે. આથી કર્મ અને પુરુષકારના વિષયમાં કર્મ અને પુરુષકારનો તથાભાવ ન્યાય્ય છે અર્થાત્ કર્મ પુરુષકારને આક્ષેપ કરે છે અને પુરુષકારથી કર્મનું ઉપક્રમણ થાય છે, આ પ્રકારનો બંનેનો તથાભાવ ન્યાય્ય છે; કેમ કે કર્મથી પુરુષકારનો આક્ષેપ થાય અને કર્મથી આક્ષિપ્ત એવા પુરુષકારથી કર્મનું ઉપક્રમણ થાય ત્યારે સર્વ કાર્યસ્થળમાં ઈષ્ટફળની પ્રાપ્તિ થાય છે. જેમ પ્રસ્તુત સ્થાનમાં વિશિષ્ટ અરતિનિબંધનકર્મથી આજ્ઞાનુસાર શરણાદિમાં યત્ન થાય છે અને તેથી ગુણસ્થાનકનો પાત કરાવનારું કર્મ ઉપક્રમને પામે છે. તેથી ગુણસ્થાનકના રક્ષણરૂપ ઈષ્ટફળની પ્રાપ્તિ થઈ.

તેનાથી એ ફલિત થયું કે ગુણસ્થાનકમાં થયેલી અરતિને દૂર કરવા પ્રેરણા કરે તેવા મોહનીયકર્મના ક્ષયોપશમભાવથી ઉપબૃંહિત એવા વિશિષ્ટ અરતિનિબંધનકર્મનો પુરુષકારઆક્ષેપક સ્વભાવ હતો અને પુરુષકારનો કર્મના ઉપક્રમણને કરવાનો સ્વભાવ હતો, તેથી પાત થતા ગુણસ્થાનકના રક્ષણરૂપ ઈષ્ટફળની સિદ્ધિ થઈ. વળી કોઈ સાધકે સંયમમાં સમ્યક્ પુરુષકાર કર્યો છે, જેથી સંયમના આવારક સોપક્રમકર્મો ક્ષયોપશમભાવને પામ્યા અને તેથી ઉત્તરમાં વિશુદ્ધ કોટિના સંયમમાં યત્ન પ્રગટ થયો. તેવા સ્થાનમાં સંયમમાં કરાયેલા સમ્યક્ પુરુષકારને કારણે ઉત્તરના સંયમસ્થાનમાં પ્રતિબંધક એવા સોપક્રમકર્મમાં ઉપક્રમણ થયું, અને સંયમમાં યત્ન કરનારને વિશેષ પ્રકારના સંયમની પ્રાપ્તિરૂપ ઈષ્ટફળની પ્રાપ્તિ થઈ; અને આ રીતે ઉત્તરોત્તર સંયમની પ્રાપ્તિ દ્વારા યાવત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ થાય છે, તેનું કારણ કર્મ પુરુષકારને આક્ષેપ કરે છે અને જીવના પુરુષકારથી કર્મમાં ઉપક્રમણ થાય છે, અને ઉપક્રમણ પામેલું એવું તે ક્ષયોપશમભાવનું કર્મ ઉત્તરના પુરુષકારનો આક્ષેપ કરે છે. તેથી કર્તાની અને કર્મની ઉભયતથાભાવતામાં સર્વત્ર ઈષ્ટફળની સિદ્ધિ છે, તેમ કહેલ છે.

અહીં સર્વત્ર કહેવાથી એ પ્રાપ્ત થયું કે સંસારના કાર્યમાં પણ આ નિયમ છે. જેમ ધનનો અર્થી જીવ ધનના ઉપાયમાં યત્ન કરે છે, ત્યારે સોપક્રમભાવવાળું લાભાંતરાયકર્મ ક્ષયોપશમભાવને પામે છે, અને તેથી તેને ઈષ્ટ એવા ધનની પ્રાપ્તિ થાય છે; અને લાભાંતરાયકર્મના ક્ષયોપશમને કારણે પ્રાપ્ત થયેલા ધનથી પ્રેરાઈને તે અધિક ધન મેળવવા માટે ઉત્સાહિત થાય છે. તે સ્થાનમાં મોહનીયકર્મથી આક્રાંત લાભાંતરાયકર્મનો

ક્ષયોપશમ અધિક ધન મેળવવા માટેના પુરુષકારનો આક્ષેપ કરે છે અને તે પુરુષકારથી લાભાંતરાયકર્મનો ક્ષયોપશમ થાય તો તેને અનુરૂપ ધનની પ્રાપ્તિ પણ થાય છે, અને ન થાય તો ધનની પ્રાપ્તિ થતી નથી.

**આ રીતે પુરુષકારથી કર્મનું ઉપક્રમણ થાય ત્યારે ઈષ્ટફળની સિદ્ધિ છે, અન્યથા ઈષ્ટફળનો અયોગ છે.**

જેમ **નંદિષેણમુનિ**એ ગુણસ્થાનકમાં અરતિ પ્રગટ થઈ તેના નિવારણ માટે શાસ્ત્રાનુસારી યત્ન કર્યો, છતાં તેમનું કર્મ નિરુપક્રમ હોવાથી ઉપક્રમણ ન પામ્યું, માટે ગુણસ્થાનકથી પાતના•રક્ષણરૂપ ફળ પ્રાપ્ત થયું નહીં. તેમ અન્ય કોઈ સાધકને ગુણસ્થાનકમાં અરતિ થાય, છતાં તે સમ્યક્ પ્રયત્ન ન કરે અર્થાત્ યથાતથા પ્રયત્ન કરે અથવા તો પ્રયત્ન જ ન કરે, તો સોપક્રમ પણ કર્મ ઉપક્રમણ ન પામે અને ગુણસ્થાનકથી રક્ષણ થાય નહીં. પરંતુ જો તે સાધક સમ્યક્ પુરુષકાર કરે તો કર્મનું ઉપક્રમણ થાય અને ઈષ્ટફળની પ્રાપ્તિ થાય, એ સિવાય ઈષ્ટફળનો અયોગ છે.

તે રીતે સંસારમાં પણ કોઈ ધન માટે સમ્યક્ યત્ન કરે આમ છતાં લાભાંતરાયકર્મ નિરુપક્રમ હોય તો ક્ષયોપશમભાવને પામે નહીં. તેથી તેના પુરુષકારથી કર્મ ઉપક્રમણ નહીં થવાને કારણે ઈષ્ટફળનો અયોગ છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે 'ઉભયની તથાભાવતામાં સર્વત્ર ઈષ્ટફળની સિદ્ધિ છે,' અને તેમ ન સ્વીકારીએ અને એમ માનવામાં આવે કે 'કર્મ પુરુષકારનો આક્ષેપ કરીને જે પ્રકારે બંધાયું હોય તે પ્રમાણે જ કાર્ય કરે છે,' તો અતિપ્રસંગ આવે. તે આ રીતે –

નંદિષેણમુનિને ગુણસ્થાનકમાં થયેલી અરતિને દૂર કરવા પ્રેરણા કરે તેવા મોહનીયકર્મના ક્ષયોપશમભાવથી ઉપબૃંહિત એવું વિશિષ્ટ અરતિનિબંધનકર્મ વિપાકમાં આવ્યું, અને તે વિશિષ્ટ અરતિનિબંધનકર્મે આજ્ઞાનુસાર તપરૂપ પુરુષકારનો આક્ષેપ કર્યો; આમ છતાં તેમનું ચારિત્રમોહનીય કર્મ નિરુપક્રમ હોવાથી પુરુષકાર દ્વારા ઉપક્રમને પામ્યું નહીં. આ સ્થાનમાં પણ માત્ર કર્મનો આક્ષેપક સ્વભાવ સ્વીકારવામાં આવે તો, નંદિષેણમુનિને આજ્ઞાનુસાર તપરૂપ ક્રિયાથી સંયમનું રક્ષણ ઈષ્ટ હતું અને તે ઈષ્ટ પ્રાપ્ત થયું નહીં, છતાં તે સ્થાનમાં પણ અરતિનિબંધનકર્મથી થયેલા પુરુષકાર દ્વારા ઈષ્ટફળની સિદ્ધિ માનવાનો અતિપ્રસંગ આવે; કારણ કે પૂર્વપક્ષી કહે છે કે કર્મ પુરુષકારનો આક્ષેપ કરીને ફળ પેદા કરે છે. જ્યારે ગ્રંથકારશ્રી કહે છે કે જો તે પ્રયત્નથી કર્મ ઉપક્રમણ પામે તો જ ફળ પેદા થઈ શકે; અન્યથા નહીં. માટે ઉભયતથાભાવતામાં=કર્મથી પુરુષકાર આક્ષિપ્ત થાય અને આક્ષિપ્ત એવા પુરુષકારથી સોપક્રમ કર્મ ઉપક્રમ પામે એ રૂપ ઉભયની તથાભાવતામાં, ઈષ્ટફળની સિદ્ધિ થાય છે, તેમ માનવું ઉચિત છે અને નંદિષેણમુનિનું કર્મ નિરુપક્રમ હોવાના કારણે પુરુષકારથી ઉપક્રમણ પામ્યું નહીં માટે પુરુષકારથી સોપક્રમકર્મ ઉપક્રમ પામે છે તેમ માનો તો નંદિષેણમુનિને ઈષ્ટફળપ્રાપ્તિનો અતિપ્રસંગ આવે નહીં.

**ઉત્થાન :-**

પૂર્વમાં 'आह' થી પૂર્વપક્ષનું ઉદ્ભાવન કરીને 'उच्यते' થી ગ્રંથકારે તેનું સમાધાન કર્યું. હવે તેનું

નિગમન કરતાં કહે છે –

**ટીકા :-**

**एवमुभयजेऽपि तत्त्वे तदुदग्रतादिरूपतत्प्राधान्यादिनिबन्धना कर्म-पुरुषकारव्यवस्थेति सूक्ष्मधियाऽऽलोचनीयम् । निर्लोठितं चैतद् उपदेशमालादिष्विति नेह प्रयत्यते। इति गाथार्थः ।।४९।।**

**ટીકાર્થ :-**

**एवमुभयजेऽपि ... इति गाथार्थः ।।४९।। એ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે અનિયતસ્વભાવવાળું સોપક્રમકર્મ છે અને તે સોપક્રમકર્મ પુરુષકારથી ઉપક્રમ પામે છે એ રીતે, ઉભયથી પેદા થયેલું પણ તત્ત્વ હોતે છતે=કર્મ અને પુરુષકારરૂપ ઉભયથી પણ પેદા થયેલું ગુણસ્થાનકથી થતા પાતના રક્ષણરૂપ તત્ત્વ હોતે છતે, तदुदग्रतादिरूपतत्प्राधान्यादिनिबन्धना=કર્મની અથવા પુરુષકારની ઉત્કટતા આદિ રૂપ, કર્મની અથવા પુરુષકારની પ્રધાનતા આદિ નિબંધન કર્મ-પુરુષકારની વ્યવસ્થા છે=આ કાર્ય કર્મકૃત છે અથવા આ કાર્ય પુરુષકારકૃત છે, તે પ્રકારનો વ્યવહાર છે, એ રીતે સૂક્ષ્મબુદ્ધિથી આલોચન કરવું. અને આ=આ કર્મકૃત કાર્ય છે અને આ પુરુષકારકૃત કાર્ય છે, એ તદ્દઉદગ્રતાદિરૂપ તત્પ્રાધાન્યાદિને કારણે છે એ, ઉપદેશમાલાદિમાં નિર્લોઠિત છે=વર્ણન કરાયેલું છે. એથી અહીં વિસ્તારનો પ્રયત્ન કરાતો નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪૯।।**

❖ 'उभयजेऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે માત્ર કર્મકૃત કે માત્ર પુરુષકારકૃત ઈષ્ટફળની સિદ્ધિ હોત તો 'આ કર્મકૃત છે' કે 'આ પુરુષકારકૃત છે' એમ કહી શકાય. પરંતુ કોઈપણ કાર્ય માત્ર એક કૃત નથી=પુરુષકાર કે કર્મ કોઈ એક દ્વારા થતું નથી, પરંતુ ઉભયથી=પુરુષકાર અને કર્મ બંનેથી પેદા થનાર છે, છતાં પણ પુરુષકારની પ્રધાનતાને કારણે આ કાર્ય પુરુષકારકૃત છે, અને કર્મની પ્રધાનતાને કારણે આ કાર્ય કર્મકૃત છે, એમ વ્યવસ્થા છે= વ્યવહાર છે.

❖ 'उदग्रतादि' અહીં 'आदि' થી અનુદગ્રતાનું ગ્રહણ કરવું=અનુત્કટતાનું ગ્રહણ કરવું.

❖ 'प्राधान्यादि' અહીં 'आदि' થી ગૌણનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે ગુણસ્થાનકથી પાત કરાવનાર સોપક્રમકર્મ અનિયત સ્વભાવવાળું છે, તેથી જો સમ્યક્ પુરુષકાર કરવામાં આવે તો તે કર્મનો ઉપક્રમ થાય અને ન કરવામાં આવે તો ઉપક્રમ ન થાય. આ પ્રકારે કર્મ અને પુરુષકારથી થતા કાર્યમાં મર્યાદા છે અને તેમ સ્વીકારવાથી ઈષ્ટફળની સિદ્ધિરૂપ તત્ત્વ ઉભયથી પેદા થાય છે.

જેમ પ્રસ્તુતમાં કોઈક સાધકને અરતિનિબંધનકર્મના કારણે ગુણસ્થાનકથી પાત થવાનો પ્રારંભ થયેલ હોય; પરંતુ આજ્ઞાનુસારી શરણાદિમાં તે સાધક યત્ન કરે તો કર્મનો ઉપક્રમ થાય અને ગુણસ્થાનકથી પાતના રક્ષણરૂપ કાર્યની નિષ્પત્તિ થાય. તેથી એ ફલિત થયું કે જીવના પુરુષકારથી કર્મનો ઉપક્રમ થવાને

કારણે ગુણસ્થાનકના પાતથી સાધકનું રક્ષણ થાય છે. તેથી ઈષ્ટફળની સમ્યગ્ પ્રાપ્તિ માત્ર કર્મકૃત નથી, પરંતુ જીવ સમ્યગ્યત્ન કરે અને કર્મનો ક્ષયોપશમ થાય તો ગુણસ્થાનકના રક્ષણરૂપ કાર્ય થાય.

આ રીતે સર્વ ઈષ્ટફળની પ્રાપ્તિમાં ઉભયની કારણતા છે, તોપણ જે વખતે કર્મ ઉદગ્ર હોય અને તેનાથી કાર્ય થયું હોય તો 'આ કાર્ય કર્મથી થયું છે,' એમ કહેવાય; કેમ કે તે કાર્ય પ્રત્યે કર્મ પ્રધાન છે અને પુરુષકાર ગૌણ છે. જેમ કે

કોઈક જીવે સ્ત્રીનું શરીર બનાવ્યું, ત્યાં સ્ત્રીશરીર બનાવવાને અનુકૂળ યત્ન તે જીવે કર્યો છે; અને કોઈ અન્ય જીવે પુરુષનું શરીર બનાવ્યું, ત્યારે પુરુષશરીર બનાવવાને અનુકૂળ પ્રયત્ન પણ તે અન્ય જીવે કર્યો છે; કેમ કે વિજાતીય યત્નથી જ=જુદા પ્રકારના યત્નથી જ, વિજાતીય કાર્ય=જુદા પ્રકારનું કાર્ય, થાય છે અને સમાન યત્નથી સમાન કાર્ય થાય છે આવો નિયમ છે. તેથી સ્ત્રીશરીરને અનુકૂળ વિજાતીય યત્ન સ્ત્રીશરીર પ્રત્યે કારણ છે અને પુરુષ શરીરને અનુકૂળ વિજાતીય યત્ન પુરુષશરીર પ્રત્યે કારણ છે. આમ છતાં સ્વઈચ્છા અનુસાર સ્ત્રીશરીર કે પુરુષશરીર બનાવવા યત્ન થયેલ નથી. તેથી સ્ત્રીશરીર કે પુરુષશરીર બનાવવા પ્રત્યે કર્મ ઉદગ્ર=ઉત્કટ, કારણ છે અને પુરુષકાર અનુદગ્ર=અનુત્કટ, કારણ છે. માટે કર્મને પ્રધાન કરીને અને પુરુષકારને ગૌણ કરીને કહેવામાં આવે છે કે કર્મના કારણે સ્ત્રીશરીરની પ્રાપ્તિ થઈ કે કર્મના કારણે પુરુષશરીરની પ્રાપ્તિ થઈ. વળી,

કોઈ વ્યક્તિ બોલવાની ક્રિયા કરે છે, તે બોલવાની ક્રિયા સ્વપ્રયત્નથી અને કર્મથી એમ ઉભયથી થાય છે; કેમ કે જીવ બોલવાનો પ્રયત્ન કરે છે, ત્યારે બોલવાને અનુરૂપ વાચાનિબંધનકર્મ વિપાકમાં છે. તેથી તેની વાચા કાર્ય કરવા માટે સહાયક બને છે; અને જો તે વાચાનું ઉપઘાતક કર્મ વિપાકમાં આવે તો જીવ બોલવા પ્રયત્ન કરે તોપણ બોલી શકે નહીં; કેમ કે બોલવાને અનુકૂળ સમ્યક્ યત્ન હોવા છતાં બોલવાને અનુકૂળ વાચાનિબંધનકર્મ વિપાકમાં નથી. તેથી બોલવાની ક્રિયા પણ દૈવ અને પુરુષકાર ઉભયજન્ય છે, આમ છતાં ત્યાં પુરુષકાર ઉદગ્ર છે અને દૈવ અનુદગ્ર છે; કેમ કે બોલવાની ક્રિયા જીવ ઈચ્છા પ્રમાણે કરે છે અને આથી જ્યારે જ્યારે તેને બોલવાનો અભિલાષ થાય છે, ત્યારે ત્યારે તેવો યત્ન કરે છે, તેથી બોલવાને અનુકૂળ પુરુષકારનો યત્ન બોલનાર વ્યક્તિને આધીન હોવાથી પુરુષકારની ઉદગ્રતા છે, અને તેના પુરુષકારથી આક્ષિપ્ત વાચાને અનુકૂળ કર્મ પણ વિપાકમાં આવ્યું છે. તેથી વચનપ્રયોગકાળમાં પુરુષકાર પ્રધાન છે અને કર્મ ગૌણ છે. આ રીતે વચનપ્રયોગરૂપ કાર્ય પ્રત્યે પુરુષકાર પ્રધાન છે અને કર્મ ગૌણ છે, તોપણ 'આ પુરુષકારકૃત કાર્ય છે', તેમ કહેવાય છે; કેમ કે 'હું મારા પ્રયત્નથી બોલું છું', તેમ કહેવાય છે, પણ એમ નથી કહેવાતું કે, 'હું મારા કર્મને કારણે બોલું છું.' જ્યારે સ્ત્રીશરીરની પ્રાપ્તિમાં એમ કહેવાય છે કે 'મારા કર્મથી મને સ્ત્રીશરીર મળ્યું', પરંતુ એમ નથી કહેવાતું કે 'મારા પ્રયત્નથી મેં સ્ત્રીશરીર બનાવ્યું.' તેથી કર્મ અને પુરુષકારમાં પ્રધાનગૌણભાવને કારણે 'આ કર્મકૃત કાર્ય છે' અને 'આ પુરુષકારકૃત કાર્ય છે,' એ પ્રકારનો વ્યવહાર પ્રવર્તે છે, તે વાત સૂક્ષ્મબુદ્ધિથી આલોચન કરવી; જેથી ભ્રમ ન થાય કે માત્ર કર્મકૃત આ કાર્ય છે કે માત્ર પુરુષકારકૃત આ કાર્ય છે. પરંતુ સર્વ કાર્ય ઉભયકૃત છે, ફક્ત **પ્રધાનગૌણભાવરૂપે કર્મ કે પુરુષકાર કાર્ય પ્રતિ કારણ છે.**

આનાથી એ ફલિત થાય કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે પણ માત્ર પુરુષકાર કારણ નથી કે માત્ર કર્મ કારણ નથી, પરંતુ ઉભયજન્ય કેવળજ્ઞાનરૂપ ફળની પ્રાપ્તિ છે. આથી ઋષભદેવ ભગવાને સંયમ ગ્રહણ કર્યા પછી સંયમયોગમાં અપ્રમાદભાવે યત્ન કર્યો, તોપણ તેમના વિદ્યમાન સંજ્વલનના કષાયો ધીમે ધીમે ક્ષયોપશમભાવ પામીને હજાર વર્ષે ક્ષાયિકરૂપે પરિણમન પામ્યા. તેથી મોહજયરૂપ કાર્ય પ્રત્યે ભગવાનનો પુરુષકાર અને તેમના પુરુષકારથી ક્ષયોપશમભાવને પામેલાં કર્મ, એમ ઉભયથી હજાર વર્ષે મોહના નાશરૂપ કાર્ય પ્રગટ થયું, અને તેના કારણે અવશિષ્ટ ત્રણ ઘાતિકર્મોનો ક્ષય થયો ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેમ ભગવાન મલ્લિનાથ પણ દીક્ષા ગ્રહણ કર્યા પછી તે જ રીતે અપ્રમાદભાવે સંયમયોગમાં ઉત્થિત હતા, તોપણ તેમનું સોપક્રમ ચારિત્રમોહનીયકર્મ અલ્પ આયાસથી ક્ષયોપશમભાવને પામ્યું; અને તેથી જે દિવસે દીક્ષા ગ્રહણ કરી, તે જ દિવસે વિપાકમાં આવતા સંજ્વલન કષાયો ક્ષયોપશમભાવ પામીને ક્ષાયિકભાવરૂપે પરિણમન પામ્યા. તેથી મોહજયરૂપ કાર્ય પ્રત્યે મલ્લિનાથ ભગવાનનો પુરુષકાર અને તેમના પુરુષકારથી ક્ષયોપશમભાવને પામેલા કર્મ, એમ ઉભયથી તે જ દિવસે મોહનાશરૂપ કાર્ય પ્રગટ થયું, અને તેના કારણે અવશિષ્ટ ત્રણ ઘાતિકર્મોનો ક્ષય થયો ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આનાથી એ ફલિત થયું કે કેવળજ્ઞાન પ્રત્યે પણ (૧) જીવનો પુરુષકાર=માર્ગાનુસારી યત્ન, (૨) ક્ષયોપશમભાવને પામેલાં મોહનીયકર્મ અને (૩) વીર્યાંતરાયકર્મ અને (૪) સાધનામાં સહાયક એવું મનુષ્યભવનું આયુષ્ય, સંઘયણબળ આદિ અન્ય સામગ્રીનું આપાદક કર્મ, આ સર્વ ભેગાં થઈને કેવળજ્ઞાનરૂપ ફળની નિષ્પત્તિ કરે છે. તેથી મલ્લિનાથ ભગવાનનું કર્મ પુરુષકાર દ્વારા સંયમના કંડકને પ્રાપ્ત કરાવે તેવું શીઘ્ર ઉપક્રમને પામ્યું, અને ઉપરના કંડકની પ્રાપ્તિ કરાવે તેવા કર્મના ઉપક્રમથી વિશેષ પ્રકારના ક્ષયોપશમભાવવાળાં તે કર્મો દ્વારા ઉપરના સંયમસ્થાનને અનુકૂળ પુરુષકારનો આક્ષેપ થયો, આ રીતે પુરુષકાર અને કર્મના ક્ષયોપશમને કારણે તે દિવસે ઉપર ઉપરના સંયમના કંડકોની પ્રાપ્તિ થઈ, મોહનો જય પણ તે દિવસે થયો અને શીઘ્ર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ; અને ઋષભદેવ ભગવાનનું કર્મ ૧૦૦૦ વર્ષના વિલંબનથી ઉપક્રમને પામ્યું, તેથી વિલંબનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. જો પુરુષકારમાત્રજન્ય કાર્ય હોત તો અપ્રમાદભાવથી કરાયેલો અસ્ખલિત પુરુષાર્થ સમાનકાળમાં ફળ આપત, પરંતુ ફળમાં વિલંબન અને અવિલંબનમાં કર્મનો ક્ષયોપશમભાવ પણ નિયામક છે. **॥૪૯॥**

**અવતરણિકા :-**

**प्रस्तुतार्थसाधकमेव विधिमभिधातुमाह -**

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તુત અર્થસાધક જ=દેશવિરતિ અને સર્વવિરતિરૂપ પ્રસ્તુત અર્થસાધક જ, વિધિને બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં યોગના અધિકારી અપુનર્બંધક આદિ ત્રણ છે, તેમ ગાથા-૯માં બતાવ્યું. ત્યાર પછી ક્રમસર તે ત્રણનાં લિંગો બતાવ્યાં અને તે લિંગો દ્વારા યોગમાર્ગના અધિકારીનો નિર્ણય કરીને ઉપદેશકે અપુનર્બંધકને કેવો ઉપદેશ આપવો જોઈએ, એ ગાથા-૨૫માં બતાવ્યું અને સમ્યગ્દૃષ્ટિને કેવો ઉપદેશ આપવો જોઈએ, તે ગાથા-૨૭માં બતાવ્યું. ત્યાર પછી દેશવિરતિવાળા શ્રાવકને કેવો ઉપદેશ આપવો જોઈએ, તે ગાથા-૨૯ થી ૩૧માં બતાવ્યું અને સર્વવિરતિવાળાને કેવો ઉપદેશ આપવો જોઈએ, એ ગાથા-૩૩ થી ૩૬ સુધી બતાવ્યું. ત્યાર પછી ઉપદેશ સાંભળીને સમ્યગ્દૃષ્ટિને દેશવિરતિનો પરિણામ થાય કે દેશવિરતિધરને સર્વવિરતિનો પરિણામ થાય તો નિજસ્વભાવઆલોચનાદિપૂર્વક વ્રતગ્રહણમાં યત્ન કરવો જોઈએ, તે ગાથા-૩૯માં બતાવ્યું અને ગાથા-૪૩માં વ્રતગ્રહણની વિધિ બતાવી. આ રીતે ઉપદેશક દ્વારા અપાતા ઉપદેશથી કોઈને દેશવિરતિ અને કોઈને સર્વવિરતિ ભાવથી નિષ્પન્ન થઈ હોય અને પછી અરતિ થાય તો શું કરવું, તેનું વર્ણન ગાથા-૪૯ સુધી કર્યું. હવે જૈનશાસનમાં રહેલો કોઈ અપુનર્બંધક હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય તેણે દેશવિરતિ કે સર્વવિરતિ પોતાનામાં આવિર્ભાવ કરવી હોય તો શું કરવું જોઈએ ? તે વિધિ બતાવવા માટે પ્રસ્તુત અર્થની સાધક=દેશવિરતિ અને સર્વવિરતિરૂપ પ્રસ્તુત અર્થની સાધક, એવી વિધિને કહે છે –

**ગાથા :-**

**चउसरणगमण दुक्कडगरहा सुकडाणुमोयणा चेव ।**
**एस गणो अणवरयं कायव्वो कुसलहेउ त्ति ।।५०।।**

**અન્વયાર્થ :-**

**चउसरणगमण=ચતુઃશરણગમન दुक्कडगरहा=દુષ્કૃતગર્હા सुकडाणुमोयणा चेव=અને સુકૃત અનુમોદના एस गणो=આ ગણ=આ ત્રણનો સમુદાય, कुसलहेउ=કુશલહેતુ છે. त्ति=એથી अणवरयं=અનવરત कायव्वो=કરવો જોઈએ. ।।૫૦।।**

**ગાથાર્થ :-**

**ચતુઃશરણગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના - આ ગણ કુશલહેતુ છે. એથી અનવરત કરવો જોઈએ. ।।૫૦।।**

**ટીકા :-**

**'चतुःशरणगमनम्'=अर्हत्-सिद्ध-साधु-केवलिप्रज्ञप्तधर्मशरणगमनम्, आचार्योपाध्याययोः साधुष्वेवान्तर्भावात्, केवलिप्रज्ञप्तधर्मस्य चानादित्वेन पृथगुपादानात् । न ह्यतश्चतुष्टयादन्यच्छरण्यमस्ति, गुणाधिकस्य शरण्यत्वात्, गुणाधिकत्वेनैव ततो रक्षोपपत्तेः, रक्षा चेह तत्तत्स्वभावतया एवाभिध्यानतः क्लिष्टकर्मविगमेन शान्तिरिति ।**

**ટીકાર્થ :-**

**'चतुःशरणगमनम्' ..... शान्तिरिति । (૧) ચતુઃશરણગમન=અર્હત્=અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીપ્રજ્ઞપ્ત ધર્મના શરણમાં ગમન=આ ચારના શરણે જવું.**

અહીં પ્રશ્ન થાય કે અરિહંત-સિદ્ધની જેમ આચાર્ય-ઉપાધ્યાયનું ગ્રહણ કેમ ન કર્યું ? તેથી કહે છે -

**આચાર્ય-ઉપાધ્યાયનો સાધુમાં જ અંતર્ભાવ હોવાથી પૃથગ્ ગ્રહણ નથી.**

અહીં પ્રશ્ન થાય કે સાધુમાં જેમ આચાર્ય-ઉપાધ્યાયનો અંતર્ભાવ થાય છે, તેમ કેવળીપ્રજ્ઞપ્ત ધર્મ પણ સાધુમાં અંતર્ભાવ પામે છે; કેમ કે સાધુ કેવળીએ પ્રરૂપેલ ધર્મનું સેવન કરે છે. તેથી કહે છે –

**અને કેવળીપ્રજ્ઞપ્ત ધર્મનું અનાદિપણું હોવાને કારણે સાધુથી પૃથગ્ ઉપાદાન છે=પૃથગ્ ગ્રહણ છે, તેથી ચારનું શરણ ગ્રહણ કરવાનું છે. આ ચતુષ્ટયથી અન્ય શરણ્ય નથી=શરણ કરવા યોગ્ય નથી; કેમ કે ગુણાધિકનું શરણ્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે ગુણાધિકનું શરણ્યપણું કેમ છે ? તેથી કહે છે –

**ગુણાધિકપણું હોવાને કારણે જ, તેમનાથી=ઉપર્યુક્ત અરિહંતાદિ ચારથી, રક્ષાની ઉપપત્તિ હોવાથી ચાર જ શરણ્ય છે, એમ સંબંધ છે.**

અહીં પ્રશ્ન થાય કે, ચારના શરણથી કયા પ્રકારની રક્ષાની પ્રાપ્તિ થાય ? તેથી કહે છે -

**અને અહીં=ચારના શરણને સ્વીકારવામાં, તદ્તદ્ સ્વભાવપણાથી જ=અરિહંતના અરિહંત સ્વભાવથી, સિદ્ધના સિદ્ધ સ્વભાવથી, સાધુના સાધુ સ્વભાવથી અને ધર્મના ધર્મ સ્વભાવથી જ અભિધ્યાનને કારણે=તદ્તદ્ભાવઅભિમુખગમનને અનુકૂળ એવા ચિંતનને કારણે, ક્લિષ્ટ કર્મના વિગમનથી શાન્તિ એ રક્ષા છે.**

**'इति' શબ્દ ચતુઃશરણગમનના કથનની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

**(૧) ચતુઃશરણગમન :–** ભગવાનના શાસનને પામેલ અપુનર્બંધક કે સમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરતિ અને સર્વવિરતિના અર્થી હોય માટે તેમણે તેની નિષ્પત્તિના ઉપાયરૂપે ચતુઃશરણગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનામાં યત્ન કરવો જોઈએ. ત્યાં પ્રથમ ચતુઃશરણગમન બતાવે છે –

અરિહંતને અરિહંતરૂપે ઉપસ્થિત કરીને તેમનું શરણ સ્વીકારવામાં આવે તો તેમના અવલંબનથી આત્માને રક્ષાની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

**અરિહંત શરણ :-** અરિહંત ભગવંતો યોગમાર્ગને સેવીને રાગાદિથી સંપૂર્ણ પર થયા, તેથી અપાયાપગમ અતિશયવાળા છે, જ્ઞાનાવરણીયકર્મનો સંપૂર્ણ ક્ષય કરેલ હોવાથી જ્ઞાનાતિશયવાળા છે, તીર્થંકરનામકર્મના વિપાકોદયથી તેમના વડે પ્રરૂપણા કરાતો ધર્મ યોગ્ય જીવોને અવશ્ય સમ્યક્ પરિણામ

પામે તેવો અતિશય તેમને પ્રગટેલ છે જે વચનાતિશયરૂપ છે, અને ઈન્દ્રો આદિથી પૂજાય છે માટે પૂજાતિશયવાળા છે.

આવા ચાર અતિશયવાળા અરિહંતનું સ્વરૂપ ઉપસ્થિત કરીને તેમનું શરણ સ્વીકારવાથી રક્ષાની પ્રાપ્તિ થાય છે.

**સિદ્ધ શરણ :-** અરિહંત ભગવંતે બતાવેલ યોગમાર્ગનું સમ્યક્ સેવન કરીને સર્વ કર્મથી રહિત શુદ્ધ આત્માની અવસ્થાને પામેલા સિદ્ધ ભગવંતોનું સ્વરૂપ ઉપસ્થિત કરીને તેમનું શરણ સ્વીકારવાથી રક્ષાની પ્રાપ્તિ થાય છે.

**સાધુ શરણ :-** ભગવાને કહેલા વચનાનુસાર કાયાને કાચબાની જેમ સંવૃત રાખનારા, મોક્ષના પ્રયોજન વગર ક્યારેય વચનપ્રયોગ નહીં કરનારા અને મોક્ષને અનુકૂળ આત્માની શક્તિના સંચય માટે ધ્યાન-અધ્યયન આદિમાં યત્ન કરનારા, પાંચ સમિતિવાળા અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા સાધુ ભગવંતો છે, જેઓ કેવળ મોક્ષ અને મોક્ષના ઉપાય સિવાય કોઈ વસ્તુની ઈચ્છાને કરતા નથી અને મોક્ષનો ઉપાય ન હોય તેવી કોઈ પ્રવૃત્તિ કરતા નથી. તેવા સાધુ ભગવંતોનું સ્વરૂપ ઉપસ્થિત કરીને તેમનું શરણ સ્વીકારવાથી રક્ષાની પ્રાપ્તિ થાય છે.

**કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શરણ :-** સંપૂર્ણ યોગમાર્ગને બતાવનાર અને સિદ્ધ અવસ્થામાં પર્યવસાન પમાડનાર એવા કેવળીપ્રજ્ઞપ્ત ધર્મનું શરણ સ્વીકારવાથી રક્ષાની પ્રાપ્તિ થાય છે.

આ ચારનું શરણ સ્વીકારવાથી આત્માને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવામાં બાધક એવાં કર્મોથી રક્ષાની પ્રાપ્તિ થાય છે. જેમ નબળો રાજા બળવાન રાજાના શરણથી પોતાના શત્રુનો જય કરી શકે છે, તેમ ગુણાધિક એવા આ ચારના શરણથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં વિઘ્નભૂત એવા કર્મથી રક્ષાની પ્રાપ્તિ થાય છે.

તે રક્ષા શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

અરિહંતાદિનું તે તે સ્વભાવરૂપે અભિધ્યાન કરવાથી અર્થાત્ ઉપસ્થિતિ કરીને શરણ સ્વીકારવાથી, ક્લિષ્ટ કર્મનો વિગમન થવાને કારણે જીવમાં શાંતિનો પરિણામ થાય છે, જે કર્મના ઉપદ્રવથી રક્ષાની પ્રાપ્તિરૂપ છે.

આ રીતે ઉપયોગપૂર્વક ચતુઃશરણગમનાદિથી જીવમાં કર્મના ઉપદ્રવનું શમન થાય છે અને શાંત થયેલું ચિત્ત દુષ્કૃતની ગર્હા કરે તો દુષ્કૃતથી વિમુખ ભાવવાળો થતો જાય છે, અને સુકૃતની અનુમોદના કરે તો સુકૃતની સન્મુખ પરિણામવાળો થાય છે, જેથી દેશવિરતિ અને સર્વવિરતિને અનુકૂળ માનસની નિષ્પત્તિ થાય છે. તેથી અવતરણિકામાં કહ્યું કે પ્રસ્તુત એવી દેશવિરતિ અને સર્વવિરતિને સાધનારી આ વિધિ છે.

**ઉત્થાન :-**

દેશવિરતિ અને સર્વવિરતિની નિષ્પત્તિ અર્થે ચતુઃશરણ સ્વીકાર્યા પછી દુષ્કૃતગર્હા કરવી જોઈએ. તે બતાવે છે –

**ટીકા :-**

**तथा 'दुष्कृतगर्हा'=अनादावपि संसारेऽनाभोगादिना प्रकारेण कायादिभिः करणभूतैः यानि दुष्कृतानि अर्हत्-सिद्धादिसमक्षं संवेगापन्नेन चेतसा तेषां जुगुप्सेत्यर्थः । भवत्यतस्तद्धेयत्वभावनया अनुबन्धादिव्यवच्छेदः, शोभनश्चायं महानर्थनिवृत्तेरिति ।**

**ટીકાર્થ :-**

तथा 'दुष्कृतगर्हा' ..... महानर्थनिवृत्तेरिति । **(૨) દુષ્કૃત ગર્હા :- અને અનાદિ પણ સંસારમાં અનાભોગાદિ પ્રકારથી કરણભૂત=સાધનભૂત, એવાં કાયાદિ વડે જે દુષ્કૃતો કરાયાં, અરિહંતસિદ્ધાદિ સમક્ષ संवेगापन्नेन चेतसा=સંવેગાપન્ન ચિત્ત વડે=સંવેગથી વાસિત ચિત્ત વડે, તેઓની=દુષ્કૃતોની, જુગુપ્સા, તે દુષ્કૃતગર્હા છે, એ પ્રકારનો અર્થ છે= દુષ્કૃતગર્હા શબ્દનો અર્થ છે. अतः=આનાથી=દુષ્કૃતગર્હાથી, તદ્ધેયત્વની ભાવના વડે=દુષ્કૃતના હેયપણાની ભાવના વડે, અનુબંધાદિનો વ્યવચ્છેદ થાય છે=નાશ થાય છે, અને આ=સંવેગથી વાસિત ચિત્ત વડે કરાતો દુષ્કૃતગર્હાનો પરિણામ શોભન છે; કેમ કે મહાઅનર્થની નિવૃત્તિ છે.**

**'इति' શબ્દ દુષ્કૃતગર્હાના કથનની સમાપ્તિમાં છે.**

❖ 'अनादावपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે વિવક્ષિત ભવરૂપ આદિમાન સંસારમાં તો થયેલા દુષ્કૃતની ગર્હા કરવાની છે, પરંતુ અનાદિભવમાં થયેલા દુષ્કૃતની પણ ગર્હા કરવાની છે.

❖ 'अनाभोगादिना' અહીં 'आदि' થી આભોગ, સહસાત્કાર, ઉપેક્ષા, અયતનાનું ગ્રહણ કરવું.

❖ 'कायादिभिः' અહીં 'आदि' થી મન-વચનરૂપ સાધનનું ગ્રહણ કરવું.

❖ 'सिद्धादि' અહીં 'आदि' થી ગુરુનું ગ્રહણ કરવું.

❖ 'अनुबन्धादि' અહીં 'आदि' થી દુષ્કૃતથી બંધાયેલા કર્મનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૨) દુષ્કૃત ગર્હા :-** જૈનશાસનને પામેલ અપુનર્બંધક કે સમ્યગ્દષ્ટિ જીવો મોક્ષના ઉપાયભૂત વિરતિના અર્થી છે, અને વિરતિથી વિરુદ્ધ દુષ્કૃતો તે અવિરતિ છે અને અવિરતિ પ્રત્યે જુગુપ્સા કરવાથી દુષ્કૃતને અનુકૂળ પરિણતિનો નાશ થાય છે, જેથી વિરતિનો ભાવ પ્રગટ થાય છે. તે દુષ્કૃતગર્હા આ રીતે કરવી –

આ ભવમાં કે પરભવમાં, આભોગથી કે અનાભોગથી, મન-વચન અને કાયા દ્વારા જે દુષ્કૃતોને મેં સેવ્યાં છે, તે દુષ્કૃતોની શ્રી અરિહંત, સિદ્ધ અને ગુરુની સમક્ષ હું જુગુપ્સા કરું છું, અને આ જુગુપ્સા "મારા આત્મામાંથી દુષ્કૃત સેવનનો પરિણામ દૂર થાય અને હું સદા ઉચિત પ્રવૃત્તિ કરનારો થાઉં" તેવા પ્રકારના બદ્ધ અભિલાષરૂપ સંવેગવાળા ચિત્ત વડે કરવાથી યાવદ્ દુષ્કૃતો પ્રત્યે હેયત્વની ભાવના પ્રગટ થાય છે અર્થાત્ આ બધાં દુષ્કૃતો જીવનમાં કરવા જેવાં નથી તેવી પરિણતિ પ્રગટે છે, અને તે પરિણતિને કારણે ફરી ફરી દુષ્કૃત સેવવાંનો જે પ્રવાહ છે, તેનો વ્યવચ્છેદ થાય છે=નાશ થાય છે. એટલું જ નહીં, ભૂતકાળમાં કરાયેલાં

દુષ્કૃતોથી જે ક્લિષ્ટ કર્મ બંધાયેલાં હોય તેનો પણ વ્યવચ્છેદ થાય છે અને દુષ્કૃતને કરાવનાર અવિરતિઆપાદકકર્મ પણ શિથિલ થાય છે, યાવદ્ નાશ પામે છે. તેથી દુષ્કૃતગર્હાના બળથી વિરતિનો પરિણામ પ્રગટ થાય છે. વળી આ દુષ્કૃતગર્હાનો પરિણામ જીવ માટે શોભન છે; કેમ કે દુષ્કૃતના પ્રવાહ દ્વારા થતી મહાન અનર્થની નિવૃત્તિ થાય છે અર્થાત્ જીવ અત્યાર સુધી દુષ્કૃતોને સેવીને અનંતકાળ સંસારમાં ભટક્યો અને જે અનર્થોની પરંપરા પ્રાપ્ત થઈ, તેવા મહાઅનર્થોની પરંપરા ભાવિમાં થઈ શકતી નથી. તેથી દુષ્કૃતગર્હા કરનારને મોટા અનર્થની નિવૃત્તિ થાય છે. માટે કલ્યાણના અર્થીએ દુષ્કૃતગર્હામાં યત્ન કરવો જોઈએ.

**ટીકા :-**

**तथा 'सुकृतानुमोदना चैव', सकलसत्त्वसङ्गतं मोक्षानुकूलं यदनुष्ठानं अनेकभेदभिन्नं तस्य महता पक्षपातेन स्वभावचिन्तासारा प्रशंसेति भावः, तदुपादेयतायां तद्बहुमानविशेषे नियोगत इयम्, नान्यथा । एवं च महदेतत् कल्याणाङ्गं वनच्छेत्तृ-बलदेव-मृगोदाहरणेन सुप्रसिद्धमेवेति ।**

નોંધ :- 'सुकृतानुमोदना चैव' :- આ શબ્દ મૂળગાથામાં છે અને મૂળગાથામાં ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદન એ ત્રણનો સમુચ્ચય કરવા માટે 'चैव' નો પ્રયોગ છે, પરંતુ ટીકામાં તેનો કોઈ સ્વતંત્ર અર્થ નથી.

**ટીકાર્થ :-**

**तथा सुकृतानुमोदना ..... सुप्रसिद्धमेवेति । (૩) સુકૃત અનુમોદના :- અને સુકૃત અનુમોદના કરવી જોઈએ. તેનું સ્વરૂપ બતાવે છે -**

**સકલ જીવમાં રહેલ મોક્ષને અનુકૂળ અનેક ભેદભિન્ન=અનેક ભેદવાળું, જે અનુષ્ઠાન, તેનું=તે અનુષ્ઠાનનું, મોટા પક્ષપાત દ્વારા स्वभावचिंतासारा प्रशंसा=તે અનુષ્ઠાનમાં વર્તતા ભાવની ચિંતા છે પ્રધાન જેમાં એવી પ્રશંસા, સુકૃત અનુમોદના છે, એ પ્રકારનો ભાવ છે. તેની ઉપાદેયતા હોતે છતે= સકલ જીવગત મોક્ષને અનુકૂળ અનુષ્ઠાનની ઉપાદેયતા હોતે છતે, તેનું બહુમાનવિશેષ હોવાને કારણે=તે અનુષ્ઠાનનું બહુમાનવિશેષ હોવાને કારણે નિયોગથી=નિયમથી, આ=પૂર્વમાં બતાવી એવા સ્વરૂપવાળી, સુકૃત અનુમોદના થાય છે, અન્યથા નહીં=તદ્બહુમાનવિશેષ ન હોય તો સુકૃત અનુમોદના થતી નથી; અને આ રીતે=મોટા પક્ષપાત દ્વારા સ્વભાવચિંતાસારા પ્રશંસા કરવામાં આવે એ રીતે, આ=સુકૃત અનુમોદના વનછેતૃ-બલદેવ-મૃગના ઉદાહરણ દ્વારા મહાન કલ્યાણનું અંગ સુપ્રસિદ્ધ જ છે.**

**'इति' શબ્દ સુકૃત અનુમોદનાની સમાપ્તિમાં છે.**

નોંધ :- महदेतत् :- સુકૃત અનુમોદના સ્ત્રીલિંગ હોવા છતાં કલ્યાણાંગની પ્રધાનતા બતાવવા માટે કલ્યાણ અંગમાં રહેલ નપુંસકલિંગ પ્રમાણે 'एतत्' શબ્દ નપુંસકલિંગમાં પ્રયોગ કરેલ છે.

❖ 'तदुपादेयतायाम्' શબ્દમાં હેતુઅર્થક સપ્તમી છે.

**ભાવાર્થ :-**

**(૩) સુકૃત અનુમોદના :-** સર્વ જીવગત અપુનર્બંધકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીનું જે

કંઈ મોક્ષને અનુરૂપ અનુષ્ઠાન છે, તે અનુષ્ઠાનનું સ્વરૂપ સમ્યગ્ જાણીને, તે અનુષ્ઠાન પ્રત્યે મોટો પક્ષપાત એ સુકૃત અનુમોદના છે અર્થાત્ "આ અનુષ્ઠાન એકાંત હિતરૂપ છે, સારરૂપ છે અને શક્તિના પ્રકર્ષથી સેવવા જેવું છે" - એ પ્રકારનો પક્ષપાત કરીને તે અનુષ્ઠાનમાં વર્તતા ભાવોનું ચિંતવન પ્રધાન થાય તે રીતે તે અનુષ્ઠાનોની પ્રશંસા સુકૃત અનુમોદના છે. જેમ 'સર્વ અરિહંતોના અરિહંતભાવની હું અનુમોદના કરું છું,' એ પ્રકારે પ્રશંસા કરે ત્યારે, અરિહંતોમાં વર્તતા અરિહંતભાવનું ચિંતવન છે પ્રધાન જેમાં તેવી પ્રશંસા થાય અને તે પ્રશંસા વખતે તે ભાવ પ્રત્યે પોતાનો અત્યંત પક્ષપાત થાય તો તે અરિહંતના સુકૃતની અનુમોદના બને. આ રીતે અનુમોદના કરવાથી અરિહંતાદિ ભાવો પ્રત્યે બહુમાનવિશેષ પ્રગટે છે. આ પ્રકારે કરાયેલી સુકૃત અનુમોદના મહાન કલ્યાણનું કારણ છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે –

**(૧) બલભદ્રમુનિ-વનછેતૃ અને મૃગલાનું દૃષ્ટાંત :-**

બલભદ્રમુનિ ભાવથી સંયમ પાળતા હતા અને પરમ અસંગભાવને પામેલ સિદ્ધયોગી હતા. તેઓ ગોચરી માટે આવે છે ત્યારે વનછેતૃ=કઠિયારો, તેમની ચાલ, તેમનો ઉપયોગ, તેમની મુદ્રા, તેમનું રૂપ વગેરે જોઈને તીવ્ર સંવેગ પામે છે અને વિચારે છે કે "આ મહાત્માની આહારદાનાદિ ભક્તિ કરી હું મારા આત્માને કૃતાર્થ કરું." તે વખતે બલભદ્રમુનિમાં વર્તતા સંયમના પક્ષપાતપૂર્વક આહારદાનની ક્રિયા કઠિયારાએ કરી, અને બલભદ્રમુનિના મુનિભાવ પ્રત્યે તીવ્ર પક્ષપાતવાળા મૃગલાએ તે કઠિયારાની દાનક્રિયાની મોટા પક્ષપાતપૂર્વક અનુમોદના કરી, જેથી બલભદ્રમુનિ, વનછેતૃ અને મૃગલો ત્રણે, વૃક્ષની મોટી ડાળી પડવાથી કાળ કરીને પાંચમા દેવલોકમાં ગયા અને ત્રણે એકાવતારી થયા. તેથી સુકૃતનાઆસેવન તુલ્ય ફળ સુકૃત અનુમોદનાથી પણ થઈ શકે છે. માટે મહાન પક્ષપાતપૂર્વક કરાયેલી સુકૃત અનુમોદના, સુકૃતસેવનનું સામર્થ્ય ન હોય તોપણ સુકૃતસેવનના ફળની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી મહાન કલ્યાણનું કારણ છે.

પંચસૂત્રકારે સુકૃતની અનુમોદનામાં અરિહંતના અરિહંતભાવની અને સિદ્ધના સિદ્ધભાવની અનુમોદના કરેલ છે, જ્યારે અહીં તો સર્વ જીવમાં વર્તતા મોક્ષને અનુકૂળ અનુષ્ઠાનની અનુમોદના કરી. તેથી સિદ્ધના સિદ્ધભાવની અનુમોદનાનો સંગ્રહ થાય નહીં.

આ પ્રકારના ફેરફારનું પ્રયોજન એ હોવું જોઈએ કે અપુનર્બંધક કે સમ્યગ્દૃષ્ટિ સાધક, દેશવિરતિ કે સર્વવિરતિની નિષ્પત્તિ માટે આ ચતુઃશરણગમન આદિમાં યત્ન કરે છે, તેથી તે વખતે મોક્ષસાધક સર્વ અનુષ્ઠાનો પ્રત્યે પક્ષપાત થાય તો યોગનિરોધમાં વિશ્રાંતિને પામે તેવા પરિણામરૂપ વિરતિનો પરિણામ આવે માટે સકલ જીવગત મોક્ષસાધક સકલ અનુષ્ઠાનની અનુમોદના કરેલ છે. પરંતુ સિદ્ધના સિદ્ધભાવની અનુમોદનાનો સંગ્રહ કરેલો નથી, તેમ જણાય છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

**ટીકા :-**

**'एष गणः'=चतुःशरणगमनादिः सर्व एव, 'अनवरतं'=प्रायः सर्वकालमेव, 'कर्तव्यः'=अनुष्ठेयः भावनीय इति यावत्, 'कुशलहेतुः'=अपायपरिहारेण कल्याणहेतुरिति कृत्वा, तथा च महती गम्भीरा चास्य कुशलहेतुता,**

भवसारतया तत्त्वमार्गप्रवेशात् । परिभावनीयमेतदचिन्त्यचिन्तामणिकल्पं भावधर्मस्थानम् । इति गाथार्थः ।।५०।।

**ટીકાર્થ :-**

**'एष गणः' ..... गाथार्थः ।।५०।। ચતુઃશરણગમનાદિરૂપ સર્વ જ આ ગણ અનવરત=પ્રાયઃ સર્વકાળ જ, કર્તવ્ય છે=અનુષ્ઠેય છે=ભાવનીય છે.**

કેમ આ ગણ ભાવનીય છે ? તેથી કહે છે –

**કુશલનો હેતુ છે=અપાયના પરિહાર દ્વારા કલ્યાણનો હેતુ છે, એથી કરીને ભાવનીય છે; અને તે રીતે=અપાયના પરિહાર દ્વારા કલ્યાણનો હેતુ છે, તે રીતે, આની=ચતુઃશરણગમનની, મહાન અને ગંભીર કુશલહેતુતા છે; કેમ કે ભવમાં સારભૂતપણું હોવાના કારણે તત્ત્વમાર્ગમાં પ્રવેશ થાય છે= ચતુઃશરણગમનાદિનું ભવમાં સારભૂતપણું હોવાને કારણે શરણગમનાદિમાં પ્રવૃત્તિ કરવાથી તત્ત્વમાર્ગમાં પ્રવેશ થાય છે. આ=ચતુઃશરણગમનાદિ, અચિંત્યચિંતામણિતુલ્ય ભાવધર્મસ્થાન છે એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

**ચતુઃશરણગમનાદિ ત્રણનું નિગમન :-**

ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનારૂપ આ ગણ પ્રાયઃ સર્વકાલ જ કર્તવ્ય છે= ભાવનીય છે; કેમ કે આના ભાવનથી મોક્ષમાર્ગના પ્રતિબંધક એવા અપાયભૂત કર્મનો પરિહાર થાય છે અને આત્મામાં યોગમાર્ગની નિષ્પત્તિ થાય છે. તેથી આ ગણમાં કરાયેલો યત્ન કલ્યાણનો હેતુ છે.

અહીં ચતુઃશરણગમન આદિ ગણનું ભાવન પ્રાયઃ સર્વકાલ જ કરવું જોઈએ, એમ કહેવાથી એવો પ્રશ્ન થાય કે આ કઈ રીતે સંભવે ? કેમ કે કોઈપણ સાધક દિવસ દરમ્યાન ૨૪ કલાક આ ગણમાં જ પ્રવૃત્તિ કરે તો અન્ય ઉચિત ક્રિયાઓ કરી શકે નહીં.

તેનું સમાધાન એ છે કે આ ગણમાં ત્રિકાળ યત્ન કરવામાં આવે તો તે સાધક ચતુઃશરણગમનાદિ ગણના ભાવોથી દિવસ દરમ્યાન વાસિત રહે છે, જે સર્વકાલ ભાવન છે. આમ છતાં અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિ જેવા વિવેકી જીવ પણ ક્યારેક સંસારનાં નિમિત્તોને પામીને સંસારના ભાવોમાં સંશ્લેષવાળા બને છે, અને યોગમાર્ગમાં જવા માટેના યત્નમાં શિથિલ પણ બને છે, ત્યારે આ ત્રણ ભાવોથી તેમનું ચિત્ત ભાવિત નથી, એ બતાવવા માટે પ્રાયઃ કહેલ છે. વળી અપુનર્બંધક કે સમ્યગ્દષ્ટિ પણ જ્યારે અન્ય પ્રવૃત્તિમાં વ્યાપૃત હોય ત્યારે સાક્ષાત્ ચતુઃશરણગમનાદિમાં યત્ન કરતા નથી તોપણ, દિવસ દરમ્યાન ઉપયોગપૂર્વક ત્રણ વખત તેમાં યત્ન કરવાથી, તેના ભાવો દ્વારા અંતઃકરણ વાસિત હોવાને કારણે, આવા જીવો સદા અરિહંતાદિ ચારના શરણના પરિણામવાળા, દુષ્કૃત પ્રત્યે જુગુપ્સાના પરિણામવાળા અને સર્વ જીવોમાં વર્તતા મોક્ષને અનુકૂળ અનુષ્ઠાનો પ્રત્યે પક્ષપાતવાળા બને છે. આવા ભાવવાળા જીવો અનવરત તે ગણના ભાવોથી ભાવિત છે.

પૂર્વમાં કહ્યું કે આ ગણનું અનવરત ભાવન કુશળનો હેતુ બને છે અને તે કુશળહેતુતા મહાન અને ગંભીર છે.

આશય એ છે કે જો સાધક સતત આ ચારના શરણમાં રહે અને સતત દુષ્કૃત પ્રત્યે જુગુપ્સાભાવવાળો રહે અને સુકૃત પ્રત્યેના પક્ષપાતવાળો રહે તો જીવમાં દુષ્કૃતને પેદા કરાવનારાં કર્મોનો પરિહાર થાય છે અને સુકૃતને અનુકૂળ ઉત્તમ ભાવો પ્રગટે છે. માટે તે પ્રકારની પરિણતિમાં મહાન કુશળહેતુતા રહેલી છે.

વળી આ કુશળહેતુતા અતિ ગંભીર છે, તેથી સ્થૂલબુદ્ધિથી તે જણાય તેવી નથી; કેમ કે સ્થૂલબુદ્ધિથી તો સાધક આ ત્રણમાં યત્ન કરતો હોય ત્યારે જ પોતે સુકૃતસેવનાદિનું ભાવન કરે છે તેમ જણાય છે; પરંતુ વિચારક જીવ ગંભીરતાપૂર્વક આ ત્રણને વિચારીને ત્રિકાળ ભાવન કરે તો અનવરત પણ આ ભાવોથી વાસિત રહી શકે છે. એથી સ્થૂલબુદ્ધિથી ચતુઃશરણગમનાદિમાં પ્રવૃત્તિ ત્રિકાળ હોવા છતાં વિવેકીની તેમાં અનવરત પ્રવૃત્તિ છે; અને જે વિવેકી નથી એવો જીવ ગંભીરતાપૂર્વક આ ભાવોને જોઈ શકતો નથી, તેથી ત્રિકાળ ચતુઃશરણગમનાદિમાં યત્ન કરતો હોય તોપણ તેના યત્નકાળમાં પણ શરણાદિભાવોને પ્રાપ્ત કરી શકતો નથી; અને વિચારક જીવ ગંભીરતાપૂર્વક તે ભાવોને જોઈ શકે છે, તેથી શરણાદિમાં ત્રિકાળ યત્ન કરતો હોય તોપણ તેનાથી સદા ભાવિત રહી શકે છે. તે બતાવવા માટે કહ્યું કે આ ત્રણમાં વર્તતી કુશળહેતુતા ગંભીર છે.

વળી મહાન અને ગંભીર આ કુશળહેતુતા છે તેમાં યુક્તિ બતાવી કે ભવમાં તેનું સારભૂતપણું હોવાના કારણે તેનાથી જીવ તત્ત્વમાર્ગમાં પ્રવેશ પામે છે.

આશય એ છે કે ચતુઃશરણગમનાદિમાં વર્તતી મહાન અને ગંભીર એવી કુશળહેતુતાને સમજીને કોઈ તેમાં યત્ન કરે તો તે જીવનો તત્ત્વમાર્ગમાં પ્રવેશ થાય છે; કેમ કે આ ત્રણ પરિણતિઓ અર્થાત્ (૧) ચતુઃશરણગમનની પરિણતિ, (૨) દુષ્કૃતગર્હાની પરિણતિ અને (૩) સુકૃત અનુમોદનાની પરિણતિ ભવમાં સારભૂત એવી જીવની પરિણતિઓ છે, અને તે સારભૂત ભાવોમાં યત્ન કરવાથી જીવનો તત્ત્વમાર્ગમાં પ્રવેશ થાય છે, જેથી કુશળની પરંપરા પ્રગટે છે.

ચતુઃશરણ આદિ ત્રણનો ગણ અચિંત્ય ચિંતામણિ જેવું ભાવધર્મનું સ્થાન છે, એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ.

આમ કહેવાથી એ બતાવવું છે કે આ ત્રણમાં કરાયેલો સમ્યગ્ યત્ન આત્મામાં ભાવધર્મને પ્રગટ કરે છે, અને આ ત્રણથી ભાવિત થયેલું ચિત્ત ભાવધર્મનું સ્થાન છે અને ભાવધર્મ તે અચિંત્ય ચિંતામણિ જેવો છે અર્થાત્ ચિંતામણિરત્ન આ લોકના ભૌતિક સુખો આપી શકે એટલા જ માત્ર સામર્થ્યવાળું છે, જ્યારે આ ત્રણ ભાવોથી ભાવિત થયેલું ચિત્ત ભાવધર્મની પરિણતિરૂપ છે, અને તે પરિણતિ સદ્ગતિઓની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષને પ્રાપ્ત કરાવનાર છે. તેથી ચિંતામણિ કરતાં પણ અચિંત્ય કોટિના ચિંતામણિ રત્ન જેવું છે. આ પ્રમાણે પરિભાવન કરવાથી આ ત્રણના ગણ પ્રત્યે અત્યંત પક્ષપાત થાય છે અને તે પક્ષપાત તે ત્રણના ગણમાં સુદઢ યત્ન કરાવીને કુશળની પરંપરાનું કારણ બને છે. **॥૫૦॥**

**અવતરણિકા :-**

प्रस्तुत एव योगाधिकारे विशेषमभिधातुमाह -

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તુત જ એવા યોગના અધિકારમાં વિશેષને કહેવા કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૫૦ની અવતરણિકામાં કહ્યું કે પ્રસ્તુત અર્થસાધક વિધિને કહેવા માટે કહે છે. તેથી ગાથા-૫૦માં બતાવ્યું કે કોઈ સાધકને દેશવિરતિ કે સર્વવિરતિનો પરિણામ ન પ્રગટ થયેલો હોય તો તેને સાધવા માટે ચતુઃશરણગમનાદિ વિધિમાં યત્ન કરવો જોઈએ. હવે તે બતાવ્યા પછી પ્રસ્તુત એવો જે દેશવિરતિનો અને સર્વવિરતિનો અધિકાર છે, તેના વિષયમાં વિશેષને કહેવા માટે કહે છે –

આશય એ છે કે સાધકે વિરતિનો પરિણામ પ્રગટ કરવા માટે ચતુઃશરણગમનાદિમાં યત્ન કરવો જોઈએ, તે વાત પૂર્વ ગાથામાં બતાવી. તે કથનમાં જે વિશેષ છે, તેને કહેવા માટે પ્રસ્તુત ગાથામાં કહે છે -

**ગાથા :-**

**घडमाण-पवत्तणं जोगीणं जोगसाहणोवाओ ।**
**एसो पहाणतरओ णवरं पवत्तस्स विण्णेओ ।।५१।।**

**અન્વયાર્થ :-**

**घडमाण-पवत्तणं जोगीणं=ઘટમાન=અપુનર્બંધક, અને પ્રવૃત્ત=સમ્યગ્દષ્ટિ, યોગીને जोगसाहणोवाओ=યોગસાધનાનો ઉપાય=દેશવિરતિ કે સર્વવિરતિરૂપ યોગની સિદ્ધિનો ઉપાય ગાથા-૫૦માં બતાવેલ વિધિ અને ગાથા-૫૨માં બતાવાશે એ વિધિ છે. णवरं=ફક્ત पवत्तस्स=પ્રવૃત્તને=પ્રવૃત્ત યોગીને एसो=આ=ગાથા-૫૨માં વક્ષ્યમાણ લક્ષણ વિધિ पहाणतरओ=પ્રધાનતર विण्णेओ=જાણવો. ।।૫૧।।**

**ગાથાર્થ :-**

**ઘટમાન અને પ્રવૃત્ત યોગીને યોગસાધનાનો ઉપાય ગાથા-૫૦માં બતાવેલ વિધિ, અને ગાથા-૫૨માં બતાવાશે એ વિધિ છે. ફક્ત પ્રવૃત્ત યોગીને આ વક્ષ્યમાણ લક્ષણ વિધિ પ્રધાનતર જાણવો. ।।૫૧।।**

**ટીકા :-**

**'घटमान-प्रवृत्तयोर्योगिनोः'=अपुनर्बन्धक-भिन्नग्रन्थिलक्षणयोः, निष्पन्नयोगिव्यवच्छेदार्थमेतत् । घटमान-प्रवृत्तयोरेव 'योगिनोः' 'योगसाधनोपायः' एष अनन्तरोदितो वक्ष्यमाणलक्षणश्च निष्पन्नयोगस्य त्वन्यः, केवलिनः स्वाभाविकः शैलेशीपर्यन्तः, एवं च 'सांसिद्धिको निष्पन्नयोगानामधिकारमात्रनिवृत्तिफलः' इत्येतदपि परोक्तमत्राविरुद्धमेव,**

अर्थतस्तुल्ययोग-क्षेमत्वात्, समुद्घातकरणशक्त्या हि कर्मवशितायां सत्यां तथादेशनादियोगः सं(सां)सिद्धिक ए(व) भगवत इति भावनीयम् । तथा 'एषः'=वक्ष्यमाणलक्षणः, 'प्रधानतरो' 'नवरं' 'प्रवृत्तस्य' 'विज्ञेयः'=ज्ञातव्यः तथातदधिकारस्वभावत्वात् । इति गाथार्थः ।।५१।।

**ટીકાર્થ :-**

'घटमान ... इति भावनीयम् ।' **ઘટમાન અને પ્રવૃત્ત યોગીનો=અપુનર્બંધક અને ભિન્નગ્રંથિ લક્ષણવાળા યોગીનો, યોગસાધનાનો ઉપાય આ=અનંતર કહેવાયેલ, અને વક્ષ્યમાણ લક્ષણ છે. એમ અન્વય છે.**

एतत्=**આ=અપુનર્બંધકનો અને ભિન્નગ્રંથિનો વાચક ઘટમાન અને પ્રવૃત્ત યોગી શબ્દ, નિષ્પન્ન યોગીના=સર્વવિરતિરૂપ યોગ જેને નિષ્પન્ન થયો છે તેવા યોગીના, વ્યવચ્છેદ માટે છે. ઘટમાન અને પ્રવૃત્ત જ યોગીઓના યોગસાધનનો ઉપાય=દેશવિરતિ કે સર્વવિરતિની સિદ્ધિનો ઉપાય, આ=અનંતર કહેવાયેલ અર્થાત્ ગાથા-૫૦માં કહેવાયેલ વિધિ, અને વક્ષ્યમાણ લક્ષણ અર્થાત્ ગાથા-૫૨માં કહેવાનારી વિધિ, છે. વળી નિષ્પન્ન યોગવાળાને અન્ય વિધિ છે. કેવળીને શૈલેષીપર્યન્ત=શૈલેષી અવસ્થાની પ્રાપ્તિની પૂર્વ સુધી સ્વાભાવિક છે=શૈલેષી અવસ્થાની પ્રાપ્તિરૂપ યોગની સિદ્ધિના જ ઉપાયરૂપ દેશનાદિની વિધિ સ્વાભાવિક છે. અને આ રીતે=કેવળીને શૈલેષીની પ્રાપ્તિ પૂર્વે યોગસિદ્ધિનો ઉપાય સ્વાભાવિક છે એ રીતે,** "નિષ્પન્ન યોગવાળાને અધિકારમાત્ર-નિવૃત્તિફળવાળો સાંસિદ્ધિક યોગ છે," **એ પણ પરોક્ત=પર વડે કહેવાયેલું, અહીં=કેવળીમાં, અવિરુદ્ધ જ છે; કેમ કે અર્થથી તુલ્ય યોગક્ષેમપણું છે.**

પૂર્વમાં કહ્યું કે કેવળીને શૈલેષીપર્યંત યોગસિદ્ધિનો ઉપાય સ્વાભાવિક છે. તેમાં યુક્તિ બતાવે છે -

**ભગવાનની=કેવળી ભગવાનની, સમુદ્ઘાતકરણની શક્તિ હોવાને કારણે કર્મની વશિતા હોતે છતે તથાદેશનાદિયોગ સાંસિદ્ધિક જ છે, એ પ્રમાણે ભાવન કરવું.**

❖ 'इत्येतदपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે નિષ્પન્ન યોગીઓને જે અન્ય છે, તે તો પરોક્ત સાથે અવિરુદ્ધ છે; પણ કેવળીને આપણે દેશનાદિરૂપ સ્વાભાવિક વિધિ કહીએ છીએ અને અન્ય અધિકારમાત્ર=યાવત્ અધિકારનિવૃત્તિફળવાળો સાંસિદ્ધિક વિધિ કહે છે, તે શબ્દથી વિરોધી દેખાય છે, તોપણ અર્થથી અવિરુદ્ધ છે.

**ઉત્થાન :-**

ગાથાના પૂર્વાર્ધની ટીકા પૂર્ણ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધની ટીકા કહે છે –

**ટીકાર્થ :-**

तथा 'एषः' ... इति गाथार्थः ।।५१।। **અને આ=વક્ષ્યમાણ લક્ષણ=ગાથા-૫૨માં કહેવાનાર વિધિ, ફક્ત પ્રવૃત્ત યોગીને પ્રધાનતર જાણવી; કેમ કે તે પ્રકારે તેનું=પ્રવૃત્ત યોગીનું, અધિકારસ્વભાવપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

ગાથા-૫૦માં વિરતિની સિદ્ધિ કરવાના ઉપાયની વિધિ બતાવી અને તેના વિષયમાં વિશેષ પ્રસ્તુત ગાથામાં કહે છે –

અપુનર્બંધક ઘટમાન યોગી છે અને ભિન્નગ્રંથિ પ્રવૃત્ત યોગી છે અને નિષ્પન્ન યોગી પણ છે. અહીં નિષ્પન્ન યોગીના વ્યવચ્છેદ માટે ભિન્નગ્રંથિલક્ષણ પ્રવૃત્ત યોગીને ગ્રહણ કરવાના છે એમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધક ઘટમાન યોગી છે અને સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર પ્રવૃત્ત યોગી છે અને સર્વવિરતિધર નિષ્પન્ન યોગી પણ છે. તેમાંથી ઘટમાન અને પ્રવૃત્ત યોગીને યોગસિદ્ધિનો ઉપાય ગાથા-૫૦માં બતાવેલ વિધિ છે, અને ગાથા-૫૨માં બતાવાશે એ વિધિ છે, અને તે વિધિમાં પ્રવૃત્તિ કરીને ઘટમાન અને પ્રવૃત્ત યોગીઓ ક્રમે કરીને નિષ્પન્ન યોગી બને છે.

**ઘટમાન યોગી અને પ્રવૃત્ત યોગીનો તફાવત :-**

ઘટમાન યોગી એટલે યોગમાર્ગમાં જવા માટે યત્ન કરી રહ્યા છે, પરંતુ હજુ ભાવથી યોગમાર્ગમાં યત્ન કરી શકતા નથી; અને પ્રવૃત્ત યોગી એટલે ભાવથી યોગમાર્ગમાં પ્રવૃત્ત છે, આમ છતાં યોગમાર્ગમાં હજુ નિષ્પન્ન થયા નથી. તેથી યોગમાર્ગમાં જવા માટે યત્ન કરતા ઘટમાન એવા યોગીઓ અને યોગમાર્ગને નિષ્પન્ન કરવા માટે પ્રવૃત્ત એવા યોગીઓએ ગાથા-૫૦ અને ગાથા-૫૨માં બતાવેલ વિધિમાં યત્ન કરવો જોઈએ.

અપુનર્બંધક યોગી ગાથા-૫૦ માં બતાવેલ વિધિ પ્રમાણે યત્ન કરે તો દુષ્કૃત પ્રત્યેનો જુગુપ્સાભાવ અને સુકૃત પ્રત્યેનો પક્ષપાતભાવ વધતો જાય છે, જેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને ક્રમે કરીને વિરતિ આદિની પણ પ્રાપ્તિ કરી શકે છે. તેથી ઘટમાન એવો અપુનર્બંધક જીવ ગાથા-૫૦ પ્રમાણે યત્ન કરે તો પ્રવૃત્ત યોગી બને અને ગાથા-૫૨માં બતાવેલ વિધિ પ્રમાણે યત્ન કરે તો જે રાગાદિ ભાવો તેને સતાવે છે, તે દૂર થવાથી પણ તે ભાવથી યોગમાર્ગમાં પ્રવેશ પામે.

ગ્રંથિભેદ કર્યો છે જેણે તેવા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર ભાવથી યોગમાર્ગમાં પ્રવૃત્ત છે. તેમાંથી સમ્યગ્દૃષ્ટિ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા અને સૂક્ષ્મબોધવાળા છે, તોપણ વિરતિભાવને નિષ્પન્ન કરવા અર્થે રાગાદિ ક્લેશો તેમને બાધક બને છે. તેથી જે રાગાદિ ભાવો પોતાને બાધ કરે છે, તેને દૂર કરવા અર્થે ગાથા-૫૨માં બતાવેલ વિધિમાં યત્ન કરે તો ક્રમશઃ વિરતિની પ્રાપ્તિ થાય, અને ગાથા-૫૦માં બતાવેલ વિધિ પ્રમાણે યત્ન કરે તો પોતાને જે દુષ્કૃત પ્રત્યેનો જુગુપ્સાભાવ છે અને સુકૃત પ્રત્યેનો પક્ષપાતભાવ છે, તે સ્થિર-સ્થિરતર થાય. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવને દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરવા માટે ગાથા-૫૦ અને ગાથા-૫૨માં બતાવેલ વિધિ ઉપકારક છે.

જે દેશવિરતિધર છે, તેને પણ સમ્યગ્દૃષ્ટિની જેમ જ ગાથા-૫૦ અને ગાથા-૫૨ની વિધિ સર્વવિરતિની પ્રાપ્તિમાં ઉપકારક છે.

જે જીવોએ ભાવથી સર્વવિરતિ પ્રાપ્ત કરી છે, અને પ્રવૃત્ત યોગી છે પરંતુ નિષ્પન્ન યોગી નથી, તેવા

જીવોને નિમિત્ત પામીને વિરતિમાં અતિચારો પણ લાગે છે, તેથી તેવાં નિમિત્તોથી દૂર રહીને સર્વવિરતિમાં પ્રવૃત્તિ કરે છે. આવા યોગીઓ પણ ગાથા-૫૦ પ્રમાણે જ્યારે દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના કરે છે, ત્યારે દુષ્કૃત પ્રત્યેનો જુગુપ્સાભાવ અત્યંત ઉલ્લસિત થાય છે અને સુકૃત પ્રત્યેનો પક્ષપાતભાવ પણ અત્યંત તીવ્ર બને છે. તેથી અતિચારની સંભાવના ઘટતી જાય છે અને અધિક વેગથી સર્વવિરતિમાં યત્ન થાય છે; કેમ કે સુકૃત પ્રત્યેનો પક્ષપાતભાવ સર્વવિરતિની ક્રિયામાં બળનું આધાન કરે છે. આમ છતાં આવા સર્વવિરતિધર જીવો પણ સર્વથા રાગાદિથી પર નથી. તેથી જે નિમિત્તને પામીને રાગાદિ ભાવો પોતાને સતાવે તેવા છે, તેના નિવારણ માટે ગાથા-૫૨માં બતાવાશે તે વિધિ પ્રમાણે યત્ન કરે તો તે રાગાદિ ભાવો દૂર થવાથી પ્રવૃત્ત સર્વવિરતિધર એવા યોગી પણ, ક્રમે કરીને નિષ્પન્ન યોગી બને છે.

આ રીતે ભિન્નગ્રંથિ=સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર એવા પ્રવૃત્ત યોગી માટે ગાથા-૫૦ અને ગાથા-૫૨માં બતાવેલ વિધિ છે.

હવે જે સાધકો નિષ્પન્ન યોગી છે અર્થાત્ ભાવથી વિરતિના ભાવોને નિષ્પન્ન કરી ચૂકેલા છે અને જેમનો વિરતિનો પરિણામ પણ સ્થિર ભૂમિકાનો હોવાથી હવે કોઈ સ્ખલનાનો સંભવ નથી, તેવા નિષ્પન્ન યોગીઓ માટે ઉપર ઉપરના સંયમસ્થાનમાં જવા માટે અન્ય વિધિ છે. તે માટે પંચસૂત્ર ગ્રંથમાં ચોથા પંચસૂત્રમાં બતાવેલ છે કે વિધિપૂર્વક સંયમ ગ્રહણ કરેલ સાધુ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં સુદૃઢ યત્ન કરીને તે રીતે શિક્ષાને પરિણમન પમાડે છે કે જેથી પ્રતિદિન સંયમના ઉપર-ઉપરના કંડકમાં વૃદ્ધિ પામતા હોય છે, અને ૧૨ મહિનાના પર્યાયમાં સર્વાર્થસિદ્ધની તેજોલેશ્યાના સુખને અતિક્રમે છે. તેથી તેવા નિષ્પન્ન યોગી માટે ગાથા-૫૦ અને ગાથા-૫૨માં બતાવેલ વિધિ નથી, પરંતુ તેમના માટે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા અને ઉચિત વૈયાવચ્ચાદિની ક્રિયાઓમાં યત્ન કરવો તે ઉપરના સંયમસ્થાનમાં જવા માટે ઉપાય છે.

**કેવળીની સ્વાભાવિક દેશના :-** હવે નિષ્પન્ન યોગીમાં પણ જે કેવળી છે, તેઓને શૈલેષી અવસ્થા સિદ્ધ કરવાની છે. તેથી શૈલેષી અવસ્થાની પ્રાપ્તિ સુધી જે દેશનાદિમાં પ્રવૃત્તિ કરવાની વિધિ છે, તે સ્વાભાવિક છે; પરંતુ તેમને નિષ્પન્ન યોગવાળા અપ્રમત્ત મુનિઓની જેમ શાસ્ત્રવચનાનુસાર શ્રુતઅધ્યયનાદિરૂપ વિધિ નથી. આ પ્રકારે કહેવાથી અન્યના કથન સાથે શબ્દોથી ગ્રંથકારને કંઈક વિરોધ દેખાયો, પરંતુ અર્થથી કોઈ વિરોધ નથી. તે બતાવવા માટે કહે છે કે 'નિષ્પન્ન યોગીઓને અધિકારમાત્રનિવૃત્તિફળવાળો સાંસિદ્ધિક વિધિ છે' તે પ્રકારે બીજા કહે છે, તે પણ કેવળીમાં અવિરુદ્ધ જ છે; કેમ કે અર્થથી તુલ્ય યોગક્ષેમ છે.

આશય એ છે કે ગ્રંથકારે શૈલેષીની પ્રાપ્તિના ઉપાયભૂત દેશનાદિ વિધિ કેવળીને સ્વાભાવિક છે, તેમ સ્થાપન કર્યું; અને અન્ય કહે છે કે પોતાની ભૂમિકા પ્રમાણે પૂર્વમાં બાંધેલા કર્મને કારણે દેશનાદિ કરવાનો જે જે અધિકાર કેવળીને પ્રાપ્ત થયો છે, તે સર્વ અધિકારોની નિવૃત્તિફળવાળો સાંસિદ્ધિકયોગ કેવળીને છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અન્યના કથન પ્રમાણે કેવળી પણ પોતાને પ્રાપ્ત થયેલા અધિકારની નિવૃત્તિ માટે યત્ન કરે છે, જ્યારે ગ્રંથકારશ્રીના મત પ્રમાણે કેવળીને કોઈ પણ ફળની અપેક્ષા વગર સહજભાવથી દેશનાદિમાં પ્રવૃત્તિ છે. તેથી શબ્દથી વિચારીએ તો પરના કથન સાથે ગ્રંથકારશ્રીનું કથન જુદું લાગે; કેમ કે

પરના કથન પ્રમાણે કેવળી પણ પોતાને પ્રાપ્ત થયેલા અધિકારની નિવૃત્તિ માટે દેશનાદિમાં યત્ન કરે છે, અને ગ્રંથકારશ્રીના મત પ્રમાણે કેવળી કોઈ ફળની અપેક્ષા વગર સ્વાભાવિક દેશનાદિમાં યત્ન છે; તોપણ બંને કથનો અર્થથી તુલ્ય યોગક્ષેમવાળાં છે=અર્થથી સમાન ભાવને બતાવનારાં છે.

અહીં પ્રશ્ન થાય કે કેવળીને પણ શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરવી છે. તેથી શૈલેષી અવસ્થાની પ્રાપ્તિના ઉપાયભૂત દેશનાદિમાં પ્રવૃત્તિ છે, તો કેવળીને ફળની અપેક્ષા વગર સ્વાભાવિક પ્રવૃત્તિ છે, એમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

કેવળીમાં સમુદ્ઘાતકરણની શક્તિ હોવાને કારણે કેવળી ધારે ત્યારે સમુદ્ઘાત દ્વારા કર્મોનો નાશ કરી શકે છે. તેથી કેવળી કર્મને વશ નથી, પરંતુ કેવળીને કર્મ વશ છે=આધીન છે. આમ છતાં કેવળી સમુદ્ઘાત કરીને કર્મનાશમાં યત્ન કરતા નથી, તેથી કેવળીને દેશનાદિનો યોગ સાંસિદ્ધિક છે અર્થાત્ સ્વાભાવિક છે.

આશય એ છે કે પ્રમત્ત મુનિઓ મોહનીયકર્મને વશ છે, તેથી મોહના નાશ માટે તેના ઉપાયમાં યત્ન કરે છે, બારમા ગુણસ્થાનકમાં રહેલા વીતરાગ પણ જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મને વશ છે, તેથી તેના નાશના ઉપાયમાં યત્ન કરે છે; અને કેવળીમાં તો પૂર્ણ જ્ઞાન અને ક્ષાયિકભાવનું વીર્ય છે, તેથી સમુદ્ઘાત કરીને તત્ક્ષણ કર્મનો નાશ કરી શકે તેમ છે. તેથી જો કર્મના નાશના ઉપાય માટે તેમને યત્ન કરવો હોય તો તેઓ સમુદ્ઘાતમાં યત્ન કરે. આમ છતાં પોતે દેશનાદિમાં પ્રવૃત્તિ કરે છે, અને ઉચિત કાળ આવે છે ત્યારે સમુદ્ઘાત આદિ કરીને યોગનિરોધમાં યત્ન કરે છે, તે પહેલાં કરતા નથી; અને તે પહેલાં દેશનાદિમાં જે વ્યાપાર કરે છે, તે સ્વાભાવિક છે, પરંતુ કર્મનાશના અર્થે નથી; આમ છતાં તેઓની દેશનાદિની પ્રવૃત્તિથી તે પ્રકારના કર્મનો ક્ષય અવશ્ય થાય છે. તેથી તેને સામે રાખીને પૂર્વપક્ષીએ અધિકારમાત્રનિવૃત્તિફળવાળો સાંસિદ્ધિક યોગ કેવળીને છે, તેમ કહેલ છે; અને ગ્રંથકારના મત પ્રમાણે કેવળીની જો કર્મનાશના અર્થે પ્રવૃત્તિ હોય તો સમુદ્ઘાતમાં યત્ન કરે; કેમ કે સમુદ્ઘાતથી તરત કર્મનાશ થઈ શકે છે, આમ છતાં દેશનાદિમાં યત્ન કરે છે. તેથી કેવળીને કર્મનાશની અપેક્ષાએ દેશનાદિમાં યત્ન નથી, પરંતુ સ્વાભાવિક છે, તેમ ગ્રંથકારે કહેલ છે. તેથી પૂર્વપક્ષીના કથન અને ગ્રંથકારના કથનનો અર્થથી કોઈ ભેદ નથી.

ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરતાં કહે છે –

ગાથા-૫૦માં બતાવેલ વિધિ ઘટમાન અને પ્રવૃત્ત યોગી બંને માટે સમાન છે, તે વિધિનું અત્યાર સુધી સ્થાપન કર્યું. હવે ગ્રંથકાર કહે છે કે ગાથા-૫૨માં બતાવાશે એ વિધિ પ્રવૃત્ત યોગી માટે પ્રધાનતર જાણવી; કેમ કે પ્રવૃત્ત યોગી ભિન્નગ્રંથિવાળા છે, તેથી તેઓને સૂક્ષ્મબોધ છે. માટે ભાવનાશ્રુતપાઠ આદિમાં સમ્યક્ યત્ન કરીને રાગાદિના પ્રતિપક્ષનું ભાવન કરવા માટે સમ્યગ્ યત્ન કરી શકે તેવી નિર્મળ પ્રજ્ઞાવાળા છે. તેથી પ્રધાનરૂપે રાગાદિપ્રતિપક્ષભાવન કરવામાં અપુનર્બંધક કરતાં વિશેષ પ્રકારના અધિકારના સ્વભાવવાળા પ્રવૃત્ત યોગી છે. માટે પ્રવૃત્ત યોગીએ ગાથા-૫૨ આદિમાં કહેવાશે, તેમાં મુખ્ય યત્ન કરવો જોઈએ, જેથી શીઘ્ર નિષ્પન્ન યોગી બને. **॥૫૧॥**

**અવતરણિકા :-**

एनमेवाभिधातुमाह -

**અવતરણિકાર્થ :-**

આને જ=ગાથા-૫૧ના ઉત્તરાર્ધમાં કહ્યું કે ફક્ત વક્ષ્યમાણ લક્ષણ વિધિ પ્રવૃત્ત યોગીને માટે પ્રધાનતર જાણવી. તેથી પ્રવૃત્તયોગી માટે આગળ બતાવાશે એ વિધિ પ્રધાનતર છે અને ઘટમાન યોગી માટે એ વિધિ ગૌણ છે, એ વિધિને જ, બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

भावणसुयपाढो तित्थसवणमसतिं तयत्थजाणम्मि ।
तत्तो य आयपेहणमतिनिउणं दोसवेक्खाए ।।५२।।

**અન્વયાર્થ :-**

भावणसुयपाढो=ભાવનાશ્રુતપાઠ, असतिं तित्थसवणं=વારંવાર તીર્થમાં શ્રવણ, तयत्थजाणम्मि य= અને તેના અર્થનું=શ્રુતના અર્થનું, જ્ઞાન થયે છતે तत्तो=ત્યારપછી दोसवेक्खाए=દોષની અપેક્ષાએ अतिनिउणं आयपेहणं=અતિ નિપુણ આત્મપ્રેક્ષણ (એ પ્રવૃત્ત યોગી માટે પ્રધાનતર વિધિ છે.) ।।૫૨।।

**ગાથાર્થ :-**

**ભાવનાશ્રુતપાઠ, વારંવાર તીર્થમાં શ્રવણ, અને તેના અર્થનું જ્ઞાન થયે છતે ત્યારપછી દોષની અપેક્ષાએ અતિ નિપુણ આત્મપ્રેક્ષણ એ પ્રવૃત્ત યોગી માટે પ્રધાનતર વિધિ છે. ।।૫૨।।**

**ટીકા :-**

'भावनाश्रुतपाठः' रागादिप्रतिपक्षभावनं भावना, तत्प्रतिबद्धं श्रुतं भावनाश्रुतम्, रागादिनिमित्त-स्वरूप-फलप्रतिपादकमित्यर्थः तस्य पाठः=विधिनाऽध्ययनम्, अन्यथा त्वन्यायोपात्तार्थवत् ततः कल्याणाभावात् ।

**ટીકાર્થ :-**

'भावनाश्रुतपाठः' ..... कल्याणाभावात् । **(૧) ભાવનાશ્રુતનો પાઠ :-** અહીં ભાવના શું છે ? તે બતાવે છે –

રાગાદિ પ્રતિપક્ષનું ભાવન તે ભાવના. तत्प्रतिबद्धं=ભાવના સાથે પ્રતિબદ્ધ એવું શ્રુત તે ભાવનાશ્રુત છે. રાગાદિનાં નિમિત્ત, રાગાદિનું સ્વરૂપ અને રાગાદિના ફળનું પ્રતિપાદક શ્રુત તે ભાવનાશ્રુત છે, એ પ્રકારનો અર્થ છે. તેનો=ભાવનાશ્રુતનો, પાઠ=વિધિથી અધ્યયન, (તે ભાવનાશ્રુતપાઠ છે.) અન્યથા વળી=વિધિથી ભાવનાશ્રુતનો પાઠ ન કરવામાં આવે તો અન્યાયથી ઉપાર્જિત અર્થની જેમ તેનાથી=ભાવનાશ્રુતના પાઠથી, કલ્યાણનો અભાવ છે.

**ભાવાર્થ :-**

ઘટમાન એવા અપુનર્બંધક યોગી અને ભિન્નગ્રંથિ એવા સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર અને જેને યોગ નિષ્પન્ન થયો નથી એવા સર્વવિરતિધરને આ ગાથામાં બતાવેલ વિધિ કરવાની છે; અને તેમાં પણ સમ્યગ્દૃષ્ટિ આદિને પ્રધાનતર આ વિધિ કરવાની છે; કેમ કે સમ્યક્ત્વ પામ્યા પછી સાધકને સૂક્ષ્મ બોધ થાય છે અને સૂક્ષ્મ બોધવાળા સાધક આ ગાથામાં બતાવાયેલ વિધિમાં યત્ન કરે તો શીઘ્ર ઉપરના યોગની પ્રાપ્તિ કરે અને પોતાને જે રાગાદિ બાધ કરે છે, તેનો નાશ કરીને વિશેષ પ્રકારના સંયમની પ્રાપ્તિ કરે.

અપુનર્બંધક સાધકને પણ આ વિધિ કરવાની છે, છતાં તેના માટે ગાથા-૫૦માં બતાવેલ ચતુઃશરણગમનાદિ વિધિ પ્રધાનતર છે; કેમ કે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનાથી અપુનર્બંધક જીવો પણ દુષ્કૃતથી વિમુખ અને સુકૃતને સન્મુખ થઈને ગ્રંથિનો ભેદ કરે છે, જેથી સમ્યક્ત્વ પામેલા એવા તેઓને પણ વિરતિની પ્રાપ્તિ સહેલાઈથી થઈ શકે છે. તેથી તેઓને માટે ગાથા-૫૦માં બતાવાયેલ વિધિ પ્રધાનતર છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો તો દોષ પ્રત્યેની જુગુપ્સાવાળા અને ગુણ પ્રત્યેના પક્ષપાતવાળા હોય છે. તેથી પોતાના તે ભાવોને દૃઢ કરવા માટે ગાથા-૫૦માં બતાવેલ વિધિમાં યત્ન કરે છે અને તેથી તેમનો દોષો પ્રત્યેનો વિમુખભાવ અને ગુણો પ્રત્યેનો પક્ષપાત દૃઢ થાય છે. આમ છતાં સમ્યગ્દૃષ્ટિ જીવો ભાવનાશ્રુતપાઠાદિમાં યત્ન કરીને પોતાને બાધ કરતા રાગાદિનું ઉન્મૂલન કરી શકે અને તેના કારણે તેમને ઉપર ઉપરના સંયમની પ્રાપ્તિ થાય અને ક્રમે કરીને તેઓ નિષ્પન્ન યોગી બને, તદર્થે સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર સાધકો માટે વિશેષથી ગાથા-૫૨ની વિધિ છે.

## -: પ્રવૃત્ત યોગીને માટે પ્રધાનતર વિધિ :-

(૧) **ભાવનાશ્રુતપાઠઃ** :- ભાવનાશ્રુતપાઠમાં ભાવના તે રાગ, દ્વેષ અને મોહના પ્રતિપક્ષ ભાવનરૂપ છે. તેથી પોતાને જે રાગનો પરિણામ થતો હોય કે દ્વેષનો પરિણામ થતો હોય કે તત્ત્વના વિષયમાં મોહ થતો હોય તેના પ્રતિપક્ષનું ભાવન કરવું તે ભાવના છે, અને ભાવનાથી પ્રતિબદ્ધ શ્રુત તે ભાવનાશ્રુત છે= ભાવનાને નિરૂપણ કરનારું શ્રુત તે ભાવનાશ્રુત છે અર્થાત્ જે શ્રુતમાં રાગાદિનાં નિમિત્તો, રાગાદિનું સ્વરૂપ અને રાગાદિના ફળનું પ્રતિપાદન કરાયું હોય તે શ્રુત ભાવનાશ્રુત છે.

આવા પ્રકારના ભાવનાશ્રુતનું વિધિપૂર્વક અધ્યયન કરવું જોઈએ. તે આ રીતે –

આ સર્વ શ્રુત પરમકલ્યાણનું કારણ છે, માટે યોગ્ય ગુરુ પાસેથી બહુમાનપૂર્વક ભાવનાશ્રુતને કહેનારા શ્લોકો ગ્રહણ કરવા જોઈએ, અને આદરપૂર્વક ઉચિત સ્થાને, ઉચિત મુદ્રાથી તે રીતે તે શ્રુતનો પાઠ અત્યંત ઉપયોગપૂર્વક કરવો જોઈએ કે જેથી શ્રુતના સામાન્ય અર્થના પરમાર્થથી પોતાને પણ તે ભાવો પ્રત્યેનો પરિણામ સ્થિર થાય; અને જો આ શ્રુત વિધિપૂર્વક ભણવામાં ન આવે અને સ્વયં પુસ્તકાદિમાંથી ભણે કે અન્યમનસ્કતાથી જે તે સ્થાનમાં બેસીને કે જે તે રીતે તે શ્રુતને કહેનારા એવા શ્લોકો ભણે, તે

અવિધિથી કરાયેલા અધ્યયનથી કલ્યાણ થતું નથી.

જેમ અન્યાયથી પ્રાપ્ત કરાયેલા ધનથી જીવ સુખનો અનુભવ કરી શકતો નથી; કેમ કે રાજા આદિનો ભય સતત તેને વર્તતો હોય છે, તેથી તે ધનના ઉપભોગકાળમાં પણ ભયથી ગ્રસ્ત હોવાને કારણે ભોગાદિથી પણ સુખ મેળવી શકતો નથી; તેમ અવિધિથી કરાયેલા શ્રુતઅધ્યયનથી તે શ્રુત પ્રત્યેનો જેવો વિશેષ આદર હોવો જોઈએ, તેવો વિશેષ આદર નહીં હોવાથી તે શ્રુતથી કલ્યાણ થતું નથી અર્થાત્ પાઠકાળમાં જે કર્મોનું જે પ્રકારે વિગમન થવું જોઈએ, તેવા પ્રકારના કર્મોનું વિગમન થતું નથી.

**ટીકા :-**

**एवं पाठे सति 'तीर्थे श्रवणम्,' पाठाभावे तन्निराकार्यक्लेशानपगमेन सम्यक्तदर्थज्ञानायोगात्**, 'अपरिपाचितमल-स्रंसनकल्पं ह्यपाठं श्रवणम् (ह्यपाठश्रवणम्)' **इति वचनात् । तीर्थम्=अधिकृतश्रुतार्थोभयविद् अभ्यस्तभावनामार्ग आचार्यः, तस्मिन् श्रवणम्, अनीदृशात् तत्त्वतः संज्ञानासिद्धेः । एतच्च 'असकृत्' अनेकशः तीर्थश्रवणम्, कुज्ञानादाविह महाप्रत्यपायोपपत्तेः ।**

**ટીકાર્થ :-**

एवं पाठे ..... महाप्रत्यपायोपपत्तेः **।આ રીતે પાઠ કરાયે છતે=પૂર્વમાં બતાવ્યું એ પ્રમાણે વિધિથી પાઠ કરાયે છતે, તીર્થમાં શ્રવણ કરવું જોઈએ.**

અહીં પ્રશ્ન થાય કે પૂર્વમાં બતાવેલ વિધિપૂર્વક પાઠ કર્યા વિના તીર્થમાં શ્રવણ કરવામાં આવે તોપણ શ્રવણથી અર્થનો બોધ થશે. તેથી કહે છે –

**પાઠના અભાવમાં તન્નિરાકાર્ય=પાઠથી નિરાકરણ કરવા યોગ્ય, ક્લેશનો=રાગાદિ ક્લેશનો અનપગમ થતો હોવાને કારણે=વિનાશ નહીં થતો હોવાને કારણે, સમ્યક્ તદ્અર્થના જ્ઞાનનો= ભાવનાશ્રુતના અર્થના જ્ઞાનનો, અયોગ હોવાથી, ભાવનાશ્રુતનો પાઠ કરાયે છતે તીર્થમાં શ્રવણ કરવું જોઈએ, એમ અન્વય છે.**

**અહીં પ્રશ્ન થાય કે પાઠ કર્યા વગર તીર્થના શ્રવણથી તેના અર્થનું જ્ઞાન સમ્યગ્ કેમ ન થાય ? તેમાં યુક્તિ બતાવે છે –**

'અપરિપાચિતમળસ્રંસન જેવું જ અપાઠશ્રવણ છે'=મળને પકવ્યા વિના પાડવા જેવું અપાઠશ્રવણ છે, **એ પ્રકારનું વચન હોવાથી અપાઠશ્રવણથી સમ્યક્ તેના અર્થના જ્ઞાનનો અયોગ છે, એ પ્રકારે અન્વય છે.**

**તીર્થ શું છે ? તે બતાવે છે –**

**અધિકૃત એવો શ્રુત=ભાવનાશ્રુત અને અર્થ=ભાવના શ્રુતનો અર્થ એ રૂપ ઉભય, તેને જાણનારા, અભ્યસ્ત ભાવનામાર્ગવાળા આચાર્ય તીર્થ છે, અને તેમાં શ્રવણ=તેમની પાસેથી શ્રવણ તે તીર્થે શ્રવણ છે; કેમ કે અનીદૃશથી=આવા પ્રકારના આચાર્ય ન હોય તેવા આચાર્ય પાસેથી=અધિકૃત**

**શ્રુત અને અર્થ ઉભયને જાણનાર જેઓ નથી અને અભ્યસ્તભાવનામાર્ગવાળા જેઓ નથી તેવા આચાર્ય પાસેથી, તત્ત્વથી=પરમાર્થથી, સંજ્ઞાનની=સમ્યક્ જ્ઞાનની, અસિદ્ધિ છે; અને આ=તીર્થે શ્રવણ, असकृत्=અનેકવાર, કરવાનું છે; કેમ કે અહીં=ભાવનાશ્રુતના વિષયમાં, કુજ્ઞાનાદિ હોતે છતે મહાપ્રત્યપાયની ઉપપત્તિ છે.**

❖ 'कुज्ञानादि' :- અહીં 'आदि' થી કુભાવન અને કુપ્રેક્ષણનું ગ્રહણ કરવું.

**નોંધ :-** ટીકામાં આપેલ ઉદ્ધરણમાં 'ह्यपाठं श्रवणम्' ના સ્થાને 'ह्यपाठश्रवणम्' એ સામાસિક શબ્દ જોઈએ.

**ભાવાર્થ :-**

(૨) **तीर्थे श्रवणम्** :- પૂર્વમાં બતાવાયેલ વિધિપૂર્વક પાઠ કરીને ભાવનાશ્રુતને કહેનારા શ્લોકો સ્થિર થાય, ત્યારપછી તીર્થમાં તે શ્રુતના અર્થનું શ્રવણ કરવાનું છે અર્થાત્ જંગમ તીર્થ એવા આચાર્ય પાસેથી અર્થનું શ્રવણ કરવાનું છે.

વસ્તુતઃ આત્માને સંસારથી તારે તે તીર્થ કહેવાય, અને જીવમાં વર્તતી રત્નત્રયીની પરિણતિ જીવને તારનાર છે. તેથી સાધક રત્નત્રયીમાં શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરે તો પ્રકર્ષને પામતી એવી રત્નત્રયી જીવને તારવાનું કારણ છે. આમ છતાં રત્નત્રયીનો પ્રકર્ષ કરવામાં બાહ્ય નિમિત્તો તરીકે સ્થાવર તીર્થો શત્રુંજય-ગિરનાર આદિ છે અને જંગમ તીર્થ વિચરતા આચાર્ય ભગવંતો, સાધુઓ આદિ છે. તેથી રત્નત્રયીના નિમિત્ત કારણ એવા જંગમ તીર્થરૂપ આચાર્યને પણ ઉપચારથી અહીં તીર્થ કહેલ છે. પ્રસ્તુત સ્થાનમાં ઘટમાન અને પ્રવૃત્ત યોગીને પોતાને બાધક એવા રાગાદિને દૂર કરીને રત્નત્રયીની વૃદ્ધિ કરવી છે, અને તે વૃદ્ધિમાં બલવાન નિમિત્ત ભાવનાશ્રુતને અને તેના અર્થને જાણનારા અને અભ્યસ્તભાવનામાર્ગવાળા આચાર્ય છે, અન્ય નહીં. તેથી પ્રસ્તુત સ્થાનમાં તીર્થ શબ્દથી તેમને ગ્રહણ કરેલ છે, અન્યને નહીં.

જો કોઈ સાધક ભાવનાશ્રુતને કહેનારા શ્લોકોને વિધિપૂર્વક અધ્યયન કરીને સ્થિર કર્યા વગર તીર્થમાં શ્રવણ કરે તો તેના અર્થનું સમ્યક્ જ્ઞાન થતું નથી; કેમ કે પાઠકાળમાં પાઠથી=અધ્યયનકાળમાં અધ્યયનથી, નાશ કરવા યોગ્ય ક્લેશનો અપગમ નહીં થયેલ હોવાથી અર્થશ્રવણથી અર્થનો બોધ થવા છતાં પારમાર્થિક અર્થનો બોધ થતો નથી.

આશય એ છે કે વિધિપૂર્વક ભાવનાશ્રુતનો પાઠ કરવામાં આવે તો, પાઠકાળમાં તે શ્લોકો દ્વારા જે સામાન્ય અર્થનો બોધ છે તેમાં ઉપયોગ પ્રવર્તતો હોવાથી, તે ભાવનાશ્રુતના અર્થનો સૂક્ષ્મબોધ કરાવવામાં પ્રતિબંધક એવા ઘણા પ્રકારના રાગાદિ ક્લેશો પાઠકાળમાં નાશ પામે છે; અને તે પ્રકારના ક્લેશનો અપગમ થયા પછી યોગી પુરુષ પાસે તેના પારમાર્થિક અર્થને સાંભળે તો તે યોગીના વચન દ્વારા તે શ્લોકોના ગંભીર અર્થ કંઈક પોતાને પ્રાપ્ત થાય છે. પરંતુ જો પૂર્વમાં પાઠ=વિધિપૂર્વક અધ્યયન, ન કર્યું હોય અને યોગી પુરુષ પાસે ભાવનાશ્રુતને કહેનારા અર્થને સાંભળવા બેસે તો, ઉપર-ઉપરથી અર્થનો બોધ થવા છતાં પોતાને તે પ્રકારના રાગાદિ ક્લેશનો અપગમ નહીં થયેલ હોવાને કારણે, તે યોગી પુરુષના

વચનથી પણ પોતાને વિશેષ બોધ થઈ શકતો નથી. તેથી સમ્યક્ બોધ કરવાના અર્થી જીવે પ્રથમ વિધિપૂર્વક ભાવનાશ્રુતનો પાઠ કરવો જોઈએ અને ત્યારપછી તીર્થમાં શ્રવણ કરવું જોઈએ. પાઠ કર્યા વગર તીર્થમાં શ્રવણથી સમ્યગ્ અર્થનું જ્ઞાન થતું નથી. તેમાં આપેલ સાક્ષીપાઠનો અર્થ આ પ્રમાણે છે -

જેમ આયુર્વેદ પ્રમાણે, શરીરમાં થયેલા કફ-પિત્તાદિ દોષરૂપ મળનું પરિપાચન કર્યા વગર=પકવ્યા વગર ઔષધાદિથી મળને કાઢવામાં આવે તો ઉપર ઉપરથી મળ દૂર થાય છે, પરંતુ અંદરમાં રહેલો મળ જતો નથી, તેથી પારમાર્થિક આરોગ્ય પ્રાપ્ત થતું નથી; તેમ અપાઠપૂર્વક તીર્થમાં શ્રવણ કરવામાં આવે તો ઉપર ઉપરથી અર્થનો બોધ થાય છે, પણ ભાવનાશ્રુતનો પારમાર્થિક બોધ થતો નથી. માટે ભાવનાશ્રુતના રહસ્યને જાણવા માટે પ્રથમ વિધિપૂર્વક પાઠમાં યત્ન કરવો જોઈએ, અને આ પાઠથી શ્રુત સ્થિર થાય, તો પાઠથી નિરાકાર્ય ઘણા ક્લેશોનો અપગમ થયેલો હોવાથી રાગાદિના પરમાર્થને જોવાની કંઈક નિર્મળ પ્રજ્ઞા પોતાને પ્રગટ થાય છે. તેથી તીર્થમાં અર્થશ્રવણ કરે છે ત્યારે, તીર્થ જેવા આચાર્યની પાસેથી ભાવનાશ્રુતના પરમાર્થને પ્રાપ્ત કરે છે. વળી આ તીર્થમાં શ્રવણ પણ ભાવનાશ્રુતનો પાઠ કર્યા પછી અનેક વખત કરવાનું છે; કેમ કે ભાવનાશ્રુતને કહેનારાં શાસ્ત્રવચનોના પરમાર્થને પ્રાપ્ત કરવો અતિદુષ્કર છે અને ભાવનાશ્રુતને કહેનારાં તે શાસ્ત્રવચનો અતિ ગંભીર છે. તેથી તેનું પારમાર્થિક હાર્દ ગ્રહણ કરવા માટે અનેક વખત તીર્થશ્રવણ કરવામાં આવે તો પુનઃ પુનઃ યોગી પુરુષોનાં વચનો દ્વારા ભાવનાશ્રુતના અર્થનો સમ્યગ્ બોધ થાય, અને જો અનેક વખત તીર્થમાં શ્રવણ ન કરવામાં આવે તો ભાવનાશ્રુતના પરમાર્થનો બોધ થાય નહીં, પરંતુ ઉપર ઉપરથી અર્થનો બોધ થાય, અને ક્વચિત્ વિપરીત પણ બોધ થાય; જેથી તેવા બોધથી આત્મપ્રેક્ષણ પણ સમ્યગ્ ન થઈ શકે અને તેવા વિપરીત બોધથી રાગાદિના પ્રતિપક્ષનું ભાવન પણ સમ્યગ્ ન થઈ શકે, જેથી મહાન અનર્થપરંપરાની પ્રાપ્તિ થાય.

**ટીકા :-**

**एवं 'तदर्थज्ञाने सति'=भावनाश्रुतार्थज्ञाने सति, किम्? इत्याह- 'ततश्च'=तदनन्तरं च 'आत्मप्रेक्षणम्'= आत्मनः प्रकर्षेण ईक्षणं-निरूपणमित्यर्थः । कथम्? इत्याह - 'अतिनिपुणम्' इति स्वतः परतः स्वभावादिभिः, 'दोषापेक्षया'=दूषयन्तीति दोषाः - रागादयः तदपेक्षया, किमहं रागबहुलो मोहबहुलो द्वेषबहुलः' अत्युत्कटदोष-प्रतिपक्षभावनाभ्यासोपपत्तेः। इति गाथार्थः ।।५२।।**

**ટીકાર્થ :-**

एवं 'तदर्थज्ञाने सति' ..... इति गाथार्थः ।।५२।। **આ રીતે=વિધિપૂર્વક પાઠ કરીને અનેક વખત તીર્થમાં શ્રવણ કરે એ રીતે, તેનું અર્થજ્ઞાન થયે છતે=ભાવનાશ્રુતના અર્થનું જ્ઞાન થયે છતે, ત્યારપછી આત્મપ્રેક્ષણ કરવું જોઈએ=આત્માનું પ્રકર્ષથી ઈક્ષણ કરવું જોઈએ=મારામાં કયા રાગાદિ ભાવ વર્તે છે, તેનું નિરૂપણ કરવું જોઈએ.**

**કેવી રીતે નિરૂપણ કરવું જોઈએ ? એથી કહે છે –**

**સ્વથી અને પરથી સ્વભાવાદિ દ્વારા દોષની અપેક્ષાએ અતિનિપુણ નિરૂપણ કરવું જોઈએ.**

દોષો શું છે ? તે બતાવે છે –

**જે દુષણ કરે તે દોષો. રાગાદિ દોષો છે અને તેની અપેક્ષાએ=તે દોષોની અપેક્ષાએ, નિરૂપણ કરવું જોઈએ, એમ અન્વય છે**

અને તે નિરૂપણ સ્પષ્ટ કરે છે –

**'શું હું રાગબહુલ છું ? મોહબહુલ છું ? દ્વેષબહુલ છું ? એ પ્રમાણે દોષની અપેક્ષાએ નિપુણ આત્મપ્રેક્ષણ કરવું જોઈએ, એમ અન્વય છે.**

આવું ચિંતન કેમ કરવું જોઈએ ? તેમાં યુક્તિ બતાવે છે –

**આવું ચિંતન કરવાથી અતિઉત્કટ દોષના પ્રતિપક્ષ ભાવનાના અભ્યાસની ઉપપત્તિ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।પ૨।।**

**ભાવાર્થ :-**

(૩) **अतिनिपुणं आत्मप्रेक्षणम्** :- પૂર્વમાં બતાવ્યું એ રીતે વિધિપૂર્વક ભાવનાશ્રુતનો પાઠ કરે, ત્યારપછી આચાર્ય પાસેથી અનેક વખત ભાવનાશ્રુતના અર્થનું શ્રવણ કરે, અને આ રીતે અનેક વખત તીર્થસ્વરૂપ આચાર્ય પાસેથી અર્થનું શ્રવણ કરવાના કારણે જ્યારે ભાવનાશ્રુતના અર્થનું જ્ઞાન થાય ત્યારપછી દોષની અપેક્ષાએ આત્માનું અતિનિપુણ પ્રેક્ષણ કરવું જોઈએ.

અહીં 'પ્રેક્ષણ'નો અર્થ 'પ્રકર્ષથી ઈક્ષણ=નિરૂપણ છે.' તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય કે પોતાને જે બોધ થયો છે, તે બોધ પ્રમાણે પોતાને કેવા પ્રકારના રાગાદિ વર્તે છે, તેને સૂક્ષ્મ ઉપયોગથી જોવા યત્ન કરવો જોઈએ, જે પ્રકર્ષથી જોવા સ્વરૂપ છે.

વળી તે જોવાની ક્રિયા પણ અતિનિપુણ કરવાની છે. જ્યારે સર્વ દૃષ્ટિકોણથી જોવામાં આવે ત્યારે અતિનિપુણ જોવાની ક્રિયા કહેવાય.

જેમ પ્રસ્તુતમાં સ્વતઃ=પોતાના, આત્માનું સ્વભાવાદિ દ્વારા પ્રેક્ષણ આ રીતે છે –

(૧) મારો સ્વભાવ કેવો છે ? (૨) મારા માટે લોકોનો અભિપ્રાય શું છે ? (૩) મારા મન, વચન અને કાયાના યોગો કેવી રીતે પ્રવર્તે છે ? અર્થાત્ કેવા પ્રકારના રાગાદિને આધીન પ્રવર્તે છે ?

આ પ્રકારે સ્વતઃ આત્મપ્રેક્ષણ કરતાં પોતાને બાધ કરતા દોષોનો પોતાની પ્રજ્ઞાથી સમ્યગ્ બોધ થાય.

વળી જેમ સ્વતઃ જોવાનું છે તેમ પરતઃ=પોતાનાથી અધિક એવા ગુરુ આદિથી પણ પોતાનો સ્વભાવ, પોતાના વિષયક લોકનો અભિપ્રાય અને પોતાના મન-વચન અને કાયાના વિષયમાં ગુરુનો અભિપ્રાય જાણવા પ્રયત્ન કરે; જેથી પણ પોતાને ખ્યાલ આવે કે મારે માટે જે અભિપ્રાય બાંધું છું, તે તેમ જ છે. પોતે

પોતાની મતિથી પોતાના સ્વભાવનું અનુપ્રેક્ષણ કર્યું હોય તે પ્રમાણે ગુરુ પણ કહે તો પોતાનો નિર્ણય યથાર્થ છે, અને જો ગુરુ આદિનો અભિપ્રાય કાંઈક જુદો પડતો હોય તો ફરી ગુરુ આદિના અભિપ્રાયને સામે રાખીને પોતાના સ્વભાવાદિકનું પ્રેક્ષણ કરવા યત્ન કરે, જેથી તેનો યથાર્થ બોધ થાય.

આ રીતે આત્મપ્રેક્ષણ કરવાથી અતિઉત્કટ દોષના પ્રતિપક્ષભાવનના અભ્યાસની ઉપપત્તિ છે.

આશય એ છે કે પોતાનામાં કયા દોષ વર્તે છે, તેનો અતિનિપુણતાપૂર્વક સૂક્ષ્મ બોધ કરવા યત્ન થાય, તો તે યત્નથી અતિ ઉત્કટ દોષોના પ્રતિપક્ષનું ભાવન કંઈક અંશે થવા માંડે છે; કેમ કે તે અતિ ઉત્કટ દોષો પોતાના યોગમાર્ગમાં બાધક છે, તેવું આત્મપ્રેક્ષણકાળમાં સ્પષ્ટ દેખાવાથી તે અતિ ઉત્કટ દોષોની શક્તિ ઘટવા માંડે છે. તેથી આ રીતે વારંવાર આત્મપ્રેક્ષણ કરીને, આગળમાં બતાવાશે એ પ્રમાણે જ્યારે પ્રતિપક્ષભાવન માટેનો યત્ન કરવામાં આવે તો તે દોષો સર્વથા દૂર થઈ શકે.

અહીં વિશેષ એ છે કે અનેક વખત તીર્થમાં શ્રવણ કર્યા પછી, રાગાદિના નિમિત્તનો, રાગાદિના સ્વરૂપનો અને રાગાદિના ફળનો જે સૂક્ષ્મ બોધ પોતાને થયેલ છે, તેનાથી રાગાદિના સ્વરૂપને બરાબર ઉપસ્થિત કરીને પોતાનામાં કેવા પ્રકારના રાગાદિભાવો વર્તે છે અને કેવા પ્રકારના રાગાદિ નિમિત્તોનું પોતે અવલંબન લે છે, તે જોવા માટે યત્ન કરવાનો છે. તે આ રીતે --

ત્યાં પ્રથમ વિચારે કે - મારો સ્વભાવ કેવા પ્રકારનો છે ? અર્થાત્ કયા ગુણસ્થાનકને અનુરૂપ છે ? જે ગુણસ્થાનક મેં સ્વીકાર્યું છે, તેને અનુરૂપ છે ? કે તે ગુણસ્થાનકમાં સ્ખલના પેદા કરે તેવો છે ?

આ રીતે જોવાથી, પોતે જે ગુણસ્થાનક સ્વીકાર્યું હોય તેને અનુરૂપ પોતાનો સ્વભાવ છે કે નહીં ? તેનો નિર્ણય થાય છે, અને તે સ્વીકારેલા ગુણસ્થાનકને અનુરૂપ હોવા છતાં આગળના ગુણસ્થાનકમાં જવા માટે અનુકૂળ સ્વભાવ છે કે નહીં ? તેનો પણ નિર્ણય થાય છે.

વળી લોકોના અભિપ્રાય દ્વારા પોતાના સ્વભાવને જાણવા માટે યત્ન કરે.

વળી જેમ પોતાનો સ્વભાવ અતિનિપુણરૂપે જાણવો આવશ્યક છે, તેમ દિવસ દરમ્યાન પોતાના મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ કઈ દિશામાં અધિક ગતિ કરે છે, તે પણ જોવાથી પોતાના દોષોનો ખ્યાલ આવે.

એ રીતે નિપુણતાથી જોઈને પોતાના દોષોનો નિર્ણય કરવા માટે યત્ન કરવામાં આવે તો અતિનિપુણતાપૂર્વક આત્મપ્રેક્ષણ થાય.

અહીં અતિ ઉત્કટ દોષના પ્રતિપક્ષભાવનના અભ્યાસની ઉપપત્તિ છે, એમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈકને યોગમાર્ગના બાધક દોષો અનુત્કટ હોય છે, અન્ય કોઈકને તે દોષો ઉત્કટ હોય છે. વળી અન્ય કોઈકને તે દોષો અતિ ઉત્કટ હોય છે. તે આ રીતે –

**અનુત્કટ દોષ :-** દેશવિરતિ કે સર્વવિરતિધરને પણ જો અનુત્કટ દોષ હોય તો તે શક્તિના પ્રકર્ષથી સંયમયોગમાં યત્ન કરી શકે છે. જેમ ભગવાને સંયમ ગ્રહણ કર્યું ત્યારે પણ સંપૂર્ણ રાગાદિથી રહિત ન હતા,

તોપણ તેઓના રાગાદિ અનુત્કટ હોવાથી સંયમ ગ્રહણ કર્યા પછી તેઓ તે રાગાદિને જ સ્વના=રાગાદિના, ઉચ્છેદમાં નિયોજન કરી શક્યા.

તે રીતે જે દેશવિરતિધર કે સર્વવિરતિધરને પોતાની ભૂમિકા પ્રમાણે અનુત્કટ કષાય વર્તતા હોય તો પોતાના કષાયોને સ્વના=કષાયના ઉચ્છેદમાં પ્રવર્તાવી શકે, જેથી ગુણસ્થાનકની વૃદ્ધિ થઈ શકે.

**ઉત્કટ દોષ :-** જે દેશવિરતિધર કે સર્વવિરતિધરને ઉત્કટ દોષ હોય, તેઓ તેવાં નિમિત્તોથી અત્યંત દૂર રહીને સદ્આલંબનમાં સુદૃઢ યત્ન કરે તો તે ઉત્કટ પણ રાગાદિ સ્ખલના કરતા નથી. આમ છતાં સહેજ નિમિત્ત મળતાં તે રાગાદિ ઉત્કટ હોવાથી સ્ખલનાઓ પણ પ્રાપ્ત કરાવે છે.

**અતિઉત્કટ દોષ :-** જે દેશવિરતિધર કે સર્વવિરતિધરને અતિઉત્કટ રાગાદિ હોય તેઓ સદ્આલંબનમાં યત્ન કરતા હોય તોપણ અંદરમાં વર્તતા અતિઉત્કટ રાગાદિ, અતિચારોની પરંપરાને ઉત્પન્ન કરાવતા હોય છે. તેથી અતિઉત્કટ રાગાદિના પ્રતિપક્ષભાવનનો અભ્યાસ, અતિનિપુણતાપૂર્વક આત્મપ્રેક્ષણ કરવાથી થાય છે. **॥૫૨॥**

**અવતરણિકા :-**

इह दोषापेक्षयेत्युक्तं इति दोषाणामेव स्वरूपमाह -

**અવતરણિકાર્થ :-**

**અહીં=પૂર્વગાથામાં, 'દોષ અપેક્ષાએ' એ પ્રમાણે કહ્યું અર્થાત્ દોષ અપેક્ષાએ અતિનિપુણ આત્મપ્રેક્ષણ કરવું, એ પ્રમાણે કહ્યું. એથી દોષોના જ સ્વરૂપને કહે છે –**

**ગાથા :-**

> रागो दोसो मोहो एए एत्था ऽऽयदूसणा दोसा ।
> कम्मोदयसंजणिया विण्णेया आयपरिणामा ।।५३।।

**અન્વયાર્થ :-**

**एत्थ=અહીં=પ્રક્રમમાં=યોગમાર્ગમાં रागो दोसो मोहो=રાગ-દ્વેષ-મોહ एए=એ आयदूसणा दोसा=આત્માને દૂષણ કરનારા દોષો कम्मोदयसंजणिया=કર્મોદયથી સંજનિત आयपरिणामा=આત્મપરિણામો विण्णेया=જાણવા. ॥૫૩॥**

**ગાથાર્થ :-**

**અહીં યોગમાર્ગમાં રાગ, દ્વેષ અને મોહ એ આત્માને દૂષણ કરનારા દોષો કર્મોદયથી સંજનિત આત્મપરિણામો જાણવા. ॥૫૩॥**

**ટીકા :-**

**'रागो द्वेषो मोह एते' 'अत्र'=प्रक्रमे, 'आत्मदूषणा' 'दोषाः', एते च स्वरूपतः 'कर्मोदयसञ्जनिता' 'विज्ञेया' 'आत्मपरिणामाः' स्फटिकस्येव रागादय इति । तत्राभिष्वङ्गलक्षणो रागः, अप्रीतिलक्षणो द्वेषः, अज्ञानलक्षणो मोह इति । एते चात्मकर्मपरमाणुतत्स्वभावतया तत्त्वतो द्वन्द्वजा धर्माः। इति गाथार्थः ।।५३।।**

**ટીકાર્થ :-**

**रागो द्वेषो मोह ..... इति गाथार्थः ।।५३।। રાગ, દ્વેષ અને મોહ એ અહીં=પ્રક્રમમાં=યોગમાર્ગમાં, આત્માને દૂષણ કરનારા દોષો છે, અને આ=દોષો, સ્ફટિકને જેમ રાગાદિ છે=રક્તાદિ છે, તેમ સ્વરૂપથી કર્મના ઉદયને કારણે ઉત્પન્ન થયેલા આત્મપરિણામો જાણવા. ત્યાં=રાગાદિ ત્રણમાં, અભિષ્વંગલક્ષણ રાગ, અપ્રીતિલક્ષણ દ્વેષ અને અજ્ઞાનલક્ષણ મોહ છે. 'इति' શબ્દ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે; અને આ આત્માનું અને કર્મપરમાણુનું તત્સ્વભાવપણું હોવાના કારણે=આત્માનું રાગ કરવાનું અને કર્મનું રાગ કરાવવાનું સ્વભાવપણું હોવાના કારણે, તત્ત્વથી=પરમાર્થથી, द्वन्द्वजा=દ્વન્દ્વથી થયેલા=આત્મા અને કર્મ ઉભયથી પેદા થયેલા ધર્મો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

સ્ફટિકનો સ્વભાવ છે કે તેની સન્મુખ જપાકુસુમ મૂકવામાં આવે તો જપાકુસુમને કારણે સ્ફટિક રક્ત વર્ણથી રંજિત બને છે અને તાપિચ્છકુસુમ મૂકવામાં આવે તો શ્યામ વર્ણથી રંજિત બને છે. તેથી જપાકુસુમ અને તાપિચ્છકુસુમ આદિના સાંનિધ્યથી રંજિત થવારૂપ રાગાદિ ભાવો જેમ સ્ફટિકના ઉપાધિજનિત પરિણામો છે, તેમ કર્મના ઉદયથી પેદા થયેલા રાગ, દ્વેષ અને મોહના પરિણામો સ્વરૂપથી કર્મજનિત આત્માના પરિણામો છે.

રાગ પદાર્થો પ્રત્યેના અભિષ્વંગરૂપ છે, દ્વેષ પદાર્થો પ્રત્યે અપ્રીતિરૂપ છે અને મોહ પદાર્થોના અજ્ઞાનરૂપ છે અર્થાત્ વિપરીત જ્ઞાનરૂપ છે; અને આત્માનો તેવો સ્વભાવ છે કે ઉદયમાન કર્મનું નિમિત્ત પામીને તે ભાવરૂપે પરિણમન પામે; અને કર્મ પરમાણુઓનો તેવો સ્વભાવ છે કે ઉદયમાં આવેલાં કર્મો આત્મામાં તે તે ભાવ પેદા કરે. તેથી આત્મા અને કર્મ પરમાણુઓનો તેવો સ્વભાવ હોવાને કારણે આ રાગ, દ્વેષ અને મોહના પરિણામો પરમાર્થથી દ્વન્દ્વજા ધર્મો છે અર્થાત્ કર્મ અને આત્મા ઉભયજન્ય ધર્મો છે.

અહીં વિશેષ એ છે કે સ્ફટિકનો તેવો સ્વભાવ છે કે તેની સન્મુખ મૂકેલા પુષ્પાદિના વર્ણરૂપે સ્વયં પરિણામ પામે. તેથી લાલ પુષ્પ સન્મુખ હોય તો લાલ પરિણામવાળું સ્ફટિક બને અને કાળું પુષ્પ હોય તો શ્યામ પરિણામવાળું સ્ફટિક બને. તેમ આત્માનો સ્વભાવ છે કે વિપાકમાં આવેલા રાગમોહનીયાદિ કર્મને નિમિત્ત કરીને આત્મા તે તે ભાવે પરિણામ પામે. આથી જ્યારે રાગમોહનીયકર્મ વિપાકમાં આવે ત્યારે જીવ રાગભાવરૂપે પરિણામ પામે, દ્વેષમોહનીયકર્મ વિપાકમાં આવે ત્યારે દ્વેષભાવરૂપે પરિણામ

પામે અને મિથ્યાત્વમોહનીયકર્મ વિપાકમાં આવે ત્યારે વિપરીત જ્ઞાનરૂપે પરિણામ પામે. આ કર્મોનો ઉદય પણ બાહ્ય નિમિત્તોને આશ્રયીને થનારો છે, અને જીવ સ્વપ્રયત્નથી નિમિત્તોને ફેરવીને પોતાનો ઉપયોગ જ્યાં પ્રવર્તાવે તે પ્રમાણે તે રાગાદિભાવોનું પરાવર્તન પણ થાય છે અને ક્રમે કરીને કર્મોનો હ્રાસ પણ થાય છે. તેથી વિપાકમાં આવેલા તે કર્મોનો આત્મપ્રેક્ષણ દ્વારા વિનાશ પણ કરી શકાય છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

**कर्मोदयजनिता इत्युक्तम् अतः कर्मस्वरूपमाह -**

**અવતરણિકાર્થ :-**

**કર્મોદયજનિત=રાગ, દ્વેષ અને મોહ એ કર્મોદયજનિત આત્મપરિણામો છે, એ પ્રમાણે કહેવાયું=પૂર્વ ગાથા-૫૩માં કહેવાયું. આથી કર્મના સ્વરૂપને કહે છે –**

**ગાથા :-**

**कम्मं च चित्तपोग्गलरूवं जीवस्सऽणाइसंबद्धं ।**
**मिच्छत्तादिनिमित्तं णाएणमतीयकालसमं ।।५४।।**

**અન્વયાર્થ :-**

**जीवस्स कम्मं च=અને જીવનું કર્મ, अणाइसंबद्धं=અનાદિસંબદ્ધ मिच्छत्तादिनिमित्तं=મિથ્યાત્વાદિ નિમિત્તવાળું, णाएणमतीयकालसमं=ન્યાયથી અતીતકાળ તુલ્ય चित्तपोग्गलरूवं=ચિત્રપુદ્ગલરૂપ છે. ।।૫૪।।**

**ગાથાર્થ :-**

**અને જીવનું કર્મ અનાદિસંબદ્ધ, મિથ્યાત્વાદિ નિમિત્તવાળું, ન્યાયથી અતીતકાળ તુલ્ય, ચિત્રપુદ્ગલરૂપ છે. ।।૫૪।।**

**ટીકા :-**

**'कर्म च'=ज्ञानावरणीयादि, किम्? इत्याह - 'चित्रपुद्गलरूपं'=ज्ञानाद्यवबन्धकस्वभावविचित्रपरमाणुरूपं, 'जीवस्य'=आत्मनः 'अनादिसम्बद्धं' तत्तत्स्वभावतया प्रवाहतोऽनादिसङ्गतमित्यर्थः । एतच्च ('मिथ्यात्वादिनिमित्तं')** 'मिथ्यात्वाऽविरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः' **(तत्त्वार्थ अ.८ सू.१) इति वचनात्, 'न्यायेन'=नीत्या, 'अतीतकालसमम्'=अतीतकालतुल्यम् । इति गाथार्थः ।।५४।।**

**નોંધ :-** ટીકામાં 'एतच्च' પછી 'मिथ्यात्वादिनिमित्तं' પદ મૂળ ગાથાનું હોવું જોઈએ. તેથી અમે તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

'कर्म च' ..... इति गाथार्थः ।।५४।। **जीवस्य कर्म च=અને જીવનું કર્મ અર્થાત્ આત્માનું જ્ઞાનાવરણીયાદિ કર્મ શું છે ? એથી કહે છે –**

**ચિત્રપુદ્ગલરૂપ છે=જ્ઞાનાદિના અવબંધક સ્વભાવવાળા અર્થાત્ અટકાવવાના સ્વભાવવાળા વિચિત્ર પરમાણુરૂપ છે, વળી તે કર્મ અનાદિસંબદ્ધ છે=તદ્તદ્સ્વભાવપણા વડે અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ સ્વભાવપણા વડે પ્રવાહથી અનાદિસંગત છે=અનાદિકાળથી જીવની સાથે સંબદ્ધ છે. એ પ્રમાણે અર્થ છે.**

**एतच्च मिथ्यात्वादिनिमित्तं અને આ=ચિત્રકર્મ, મિથ્યાત્વાદિ નિમિત્ત છે; કેમ કે** 'મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ બંધના હેતુઓ છે,' **એ પ્રમાણે વચન છે. ન્યાયથી=નીતિથી અતીતકાલ સમ છે=અતીતકાલ તુલ્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

જીવનું કર્મ જ્ઞાનાવરણીયાદિ આઠ ભેદવાળું છે અને અવાંતર ભેદથી અસંખ્ય ભેદવાળું છે. વળી આ કર્મ જીવના જ્ઞાનાદિ ગુણોને અટકાવવાના સ્વભાવવાળું વિચિત્ર પરમાણુરૂપ છે. તેથી જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી આત્માનો જ્ઞાનસ્વભાવ અવરુદ્ધ થાય છે, દર્શનાવરણીયકર્મના ઉદયથી આત્માનો દર્શનસ્વભાવ અવરુદ્ધ થાય છે, વેદનીયકર્મના ઉદયથી આત્માનું ક્ષાયિકસુખ અવરુદ્ધ થાય છે, મોહનીયકર્મના ઉદયથી આત્માનું ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્ર અવરુદ્ધ થાય છે, આયુષ્યકર્મના ઉદયથી આત્માની અક્ષયસ્થિતિ અવરુદ્ધ થાય છે, નામ અને ગોત્રકર્મના ઉદયથી અનંત આત્માઓનો એકત્ર અવગાહના ગુણ અવરુદ્ધ થાય છે અને અંતરાયકર્મના ઉદયથી આત્માનું અનંતવીર્ય અવરુદ્ધ થાય છે. આ રીતે આઠે કર્મોના વિગમનથી થતા આઠ ગુણને અટકાવનારું મૂળ પ્રકૃતિરૂપ આઠ પ્રકારનું કર્મ છે.

વળી આ કર્મ જીવ સાથે અનાદિકાળથી સંબદ્ધ છે, અને માત્ર સંબદ્ધ છે તેવું નથી; પરંતુ જીવના જ્ઞાનાદિ ગુણોને આવરણ કરે તે પ્રકારના સ્વભાવથી અનાદિકાળથી જીવની સાથે સંબદ્ધ છે. જોકે કોઈ કર્મ અનાદિકાળથી આત્મા સાથે અખંડિતપણે સંબદ્ધ નથી, તોપણ પ્રવાહથી અનાદિકાળથી આત્મા સાથે સંબદ્ધ છે.

વળી આ કર્મ જીવ મિથ્યાત્વાદિ ભાવોના નિમિત્તે બાંધે છે; કેમ કે કર્મબંધના કારણરૂપે મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગને કહેલ છે. તેથી આ પાંચ નિમિત્તે જીવ સાથે કર્મનો સંબંધ થાય છે.

દરેક કર્મ મિથ્યાત્વાદિ નિમિત્તે બંધાય છે, છતાં પ્રવાહથી કર્મ અનાદિ સંબંધવાળું કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે –

નીતિથી અતીતકાળ જેવું છે અર્થાત્ જેમ અતીતકાળ કોઈક કાળમાં વર્તમાનરૂપે હતો, આમ છતાં પ્રવાહથી અતીતકાળ અનાદિનો છે; તે નીતિથી=તે પદ્ધતિથી, કર્મ પણ મિથ્યાત્વાદિ ભાવોથી કોઈપણ વર્તમાનમાં બંધાય છે, તોપણ પ્રવાહથી અતીતકાળની જેમ અનાદિથી આત્મા સાથે સંબંધવાળું છે. **।।૫૪।।**

**અવતરણિકા :-**

तद्भावनायैवाह -

**અવતરણિકાર્થ :-**

**તેના ભાવન માટે જ કહે છે=કર્મ અતીતકાળની જેમ આત્મા સાથે અનાદિસંબદ્ધ છે, તેના ભાવન માટે જ કહે છે –**

**ગાથા :-**

**अणुभूयवत्तमाणो सव्वो वेसो पवाहओऽणादी ।**
**जह तह कम्मं णेयं, कयकत्तं वत्तमाणसमं ।।५५।।**

**અન્વયાર્થ :-**

जह=**જે પ્રમાણે** अणुभूयवत्तमाणो=**અનુભૂત વર્તમાનવાળો** सव्वो वेसो=**સર્વ પણ આ=અતીતકાળ,** प्रवाहओऽणादी=**પ્રવાહથી અનાદિ છે,** तह=**તે પ્રમાણે** कम्मं णेयं=**કર્મ જાણવું.**

'અતીતકાળની જેમ કર્મ પણ જાણવું' એ કથનનો ભાવાર્થ કહે છે –

कयकत्तं=**કૃતકપણું=કર્મનું કૃતકપણું** वत्तमाणसमं=**વર્તમાન જેવું છે. ।।૫૫।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે અનુભૂત વર્તમાનવાળો સર્વ પણ આ અતીતકાળ પ્રવાહથી અનાદિ છે, તે પ્રમાણે કર્મ જાણવું.**

અતીતકાળની જેમ કર્મ પણ જાણવું, એ કથનનો ભાવાર્થ કહે છે –

**કર્મનું કૃતકપણું વર્તમાન જેવું છે. ।।૫૫।।**

**ટીકા :-**

'अनुभूतवर्तमानः' इति अनुभूतं=प्राप्तं वर्तमानत्वं येन सः तथा, 'सर्वोऽपि' 'एषः'=अतीतकालः 'प्रवाहतोऽनादिः', कालशून्यलोकासम्भवात् 'यथा' इत्युदाहरणोपन्यासार्थः, 'तथा कर्म ज्ञेयम्' इति दार्ष्टान्तिकयोजना प्रवाहतोऽनादीत्यर्थः । भावार्थमाह - 'कृतकत्वं' कर्मणो 'वर्तमानसमं' वर्तमानतुल्यम् । यथा हि यावानतीतः कालस्तेन सर्वेण वर्तमानत्वमनुभूतम् अथ च प्रवाहापेक्षयाऽनादिः, एवं यावत् किञ्चित् कर्म तत् सर्वं कृतकम् अथ च प्रवाहापेक्षयाऽनादि । इति गाथार्थः ।।५५।।

**ટીકાર્થ :-**

'अनुभूतवर्तमानः' ..... इति गाथार्थः ।।५५।। 'अनुभूतवर्तमानः' **નો સમાસ વિગ્રહ કરે છે –**

**अनुभूत=પ્રાપ્ત કરાયું છે વર્તમાનપણું જેના વડે, તે તેવો છે=અનુભૂત વર્તમાન છે.**

**અનુભૂત વર્તમાનવાળો સર્વ પણ આ=અતીતકાળ, પ્રવાહથી અનાદિ છે; કેમ કે કાળશૂન્ય લોકનો અસંભવ છે.**

**મૂળ ગાથામાં 'जह'='યથા' શબ્દ છે, એ ઉદાહરણના ઉપન્યાસ માટે છે=ઉદાહરણને બતાવવા માટે છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે જે પ્રમાણે અનુભૂત વર્તમાનવાળો સર્વ પણ આ=અતીતકાળ, પ્રવાહથી અનાદિ છે, તે પ્રમાણે કર્મ જાણવું. એ પ્રમાણે દાર્ષ્ટાન્તિક યોજના છે.**

દાર્ષ્ટાન્તિક યોજના ક્યાં છે ? તે સ્પષ્ટ કરે છે –

**प्रवाहतोऽनादि=પ્રવાહથી અનાદિ છે તે સ્થાનમાં દાર્ષ્ટાન્તિક યોજના છે.**

**ગાથાના ચોથા પાદનું જોડાણ કરતાં કહે છે –**

**ભાવાર્થને કહે છે=તે પ્રકારે કર્મનું જાણવું, એમ પૂર્વમાં કહ્યું તેના ભાવાર્થને કહે છે –**

**કર્મનું કૃતકપણું વર્તમાન સમ છે=વર્તમાનતુલ્ય છે.**

આ ભાવાર્થનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**જે રીતે જેટલો અતીતકાળ તે સર્વ વડે વર્તમાનપણું અનુભૂત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે, એ રીતે જે કોઈ કર્મ છે તે સર્વ કૃતક છે=જીવ વડે કરાયું છે, અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૫૫॥**

**ભાવાર્થ :-**

કાળશૂન્ય લોક નથી અને જેટલો ભૂતકાળ પસાર થયો તે સર્વ કોઈક કાળમાં વર્તમાન હતો અને ત્યારપછી જ ભૂતકાળ બને છે, જેમ વર્તમાનની ક્ષણ હવે પછી ભૂતકાળ થશે. આ રીતે ભૂતકાળ સર્વ પણ પ્રવાહથી અનાદિ છે અર્થાત્ તે તે ક્ષણની અપેક્ષાએ આદિમાન હોવા છતાં પ્રવાહથી અનાદિ છે. એ રીતે તે તે કર્મ પણ મિથ્યાત્વાદિ ભાવોથી જીવ દ્વારા કરાય છે તેથી આદિમાન છે, તોપણ પ્રવાહથી અનાદિ છે.

આશય એ છે કે જેટલો અતીતકાળ છે તે સર્વ અતીતકાળે વર્તમાનપણાનો અનુભવ કર્યો છે, તોપણ પ્રવાહની અપેક્ષાએ અતીતકાળ અનાદિ છે; તે રીતે જે પણ કર્મ છે તે સર્વ જીવ વડે કરાયું છે, તોપણ પ્રવાહની અપેક્ષાએ કર્મ અનાદિ છે. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**इहैवाऽऽशङ्काशेषपरिजिहीर्षयाह -**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=કર્મોદયસંજનિત આત્માના રાગાદિ પરિણામો છે, એ કથનમાં, આશંકાશેષનો=કૃતક**

**હોય તે અનાદિ કઈ રીતે સંગત થાય ? એ પ્રથમ આશંકા નિરાકરણ કરી તેનાથી શેષ જે આશંકા છે તે આશંકાશેષનો, પરિહાર કરવાની ઈચ્છાથી કહે છે –**

**ભાવાર્થ :-**

આત્માના રાગાદિ પરિણામો કર્મના ઉદયથી પેદા થયેલા છે, એમ કહેવાથી કર્મનું સ્વરૂપ શું છે ? તે બતાવવું આવશ્યક થયું, અને તે સ્વરૂપ ગાથા-૫૪માં બતાવ્યું; અને ત્યાં સ્વરૂપ બતાવતાં કહ્યું કે આત્માનો કર્મની સાથે અનાદિ સંબંધ છે અને મિથ્યાત્વાદિ નિમિત્તે કર્મ બંધાય છે. તેથી વિચારકને શંકા થાય કે જે કર્મ મિથ્યાત્વાદિ નિમિત્તક બંધાતું હોય તે અનાદિ કઈ રીતે સંગત થાય ? તેથી અતીતકાળ સમાન કર્મનો અનાદિ સંબંધ છે તેમ કહીને ગાથા-૫૫માં તે શંકાનો પરિહાર કર્યો. તે રીતે વિચારકને શંકા થાય કે કર્મ મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે, તેથી મૂર્ત એવા કર્મથી અમૂર્ત એવા આત્માને ઉપઘાત અને અનુગ્રહ થઈ શકે નહીં. જેમ અમૂર્ત એવા આકાશને મૂર્ત એવા પુદ્ગલોથી ઉપઘાત કે અનુગ્રહ થતો નથી, તે રીતે અમૂર્ત એવા આત્માને પણ મૂર્ત કર્મથી ઉપઘાત કે અનુગ્રહ થવો જોઈએ નહીં. આ પ્રકારની શેષ શંકાનું નિરાકરણ કરવાની ઈચ્છાથી ગ્રંથકાર ગાથામાં કહે છે –

**ગાથા :-**

**मुत्तेणममुत्तिमओ उवघाया-ऽणुग्गहा वि जुज्जंति ।**
**जह विण्णाणस्स इहं मइरापाणोसहादीहिं ।।५६।।**

**અન્વયાર્થ :-**

**मुत्तेणम्=મૂર્ત એવા કર્મ વડે अमुत्तिमओ=અમૂર્તિવાળા એવા જીવનો उवघाया-ऽणुग्गहा वि=ઉપઘાત અને અનુગ્રહ પણ जुज्जंति=ઘટે છે; जह=જે પ્રમાણે इहं=અહીં=લોકમાં मइरापाणोसहादीहिं=મદિરાપાન અને ઔષધાદિથી विण्णाणस्स=વિજ્ઞાનનો ઉપઘાત અને અનુગ્રહ છે. ।।૫૬।।**

**ગાથાર્થ :-**

**મૂર્ત એવા કર્મ વડે અમૂર્તિવાળા એવા જીવનો ઉપઘાત અને અનુગ્રહ પણ ઘટે છે; જે પ્રમાણે અહીં લોકમાં મદિરાપાન અને ઔષધિ વડે વિજ્ઞાનનો ઉપઘાત અને અનુગ્રહ છે. ।।૫૬।।**

**ટીકા :-**

**'मूर्तेन'=कर्मणा 'अमूर्तिमतः'=जीवस्य, किम्? इत्याह - 'उपघाताऽनुग्रहावपि' 'युज्येते', अन्यत्र तथोपलम्भादित्यभिप्रायः । निदर्शनमाह - 'यथा' 'विज्ञानस्य' 'इह'=लोके, 'मदिरापानौषधादिभिः'= मदिरापानेनोपघातः, ब्राह्म्याद्यौषधादनुग्रहः । इति गाथार्थः ।।५६।।**

**ટીકાર્થ :-**

**'मूर्तेन' कर्मणा ..... इति गाथार्थः ।।५६।। મૂર્ત એવા કર્મ વડે અમૂર્તિવાળા એવા જીવને ઉપઘાત અને અનુગ્રહ પણ ઘટે છે; કેમ કે અન્યત્ર=જ્ઞાનાદિમાં, તે પ્રકારનો ઉપલંભ છે=મૂર્ત દ્વારા અમૂર્ત એવા જ્ઞાનાદિનો ઉપઘાત-અનુગ્રહ થાય છે, તે પ્રકારે ઉપલંભ છે. इत्यभिप्रायः - એ પ્રમાણે અભિપ્રાય છે.**

**દૃષ્ટાંતને કહે છે - જે પ્રકારે વિજ્ઞાનને અહીં=લોકમાં, મદિરાપાન-ઔષધાદિ વડે=મદિરાપાનથી ઉપઘાત અને બ્રાહ્મી આદિ ઔષધથી અનુગ્રહ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૬।।**

❖ 'उपघाताऽनुग्रहावपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે મૂર્ત એવા કર્મ સાથે અમૂર્ત એવા જીવનો સંબંધ તો ઘટે છે, પણ ઉપઘાત-અનુગ્રહ પણ ઘટે છે.

**ભાવાર્થ :-**

ગાથા-૫૩માં કહ્યું કે રાગ, દ્વેષ અને મોહ કર્મોદયથી પેદા થયેલા આત્માના પરિણામો છે અને તે આત્માને દૂષણ કરનારા છે. ત્યાં વિચારકને શંકા થાય કે જેમ અમૂર્ત એવા આકાશને મૂર્ત એવા પુદ્ગલોથી કોઈ ઉપઘાત કે અનુગ્રહ થતો નથી, તેમ અમૂર્ત એવા આત્માને મૂર્ત એવા કર્મોથી ઉપઘાત કે અનુગ્રહ ન થવો જોઈએ. એ શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે --

જેમ આત્મા અમૂર્ત છે, તેમ આત્માનો જ્ઞાનગુણ પણ અમૂર્ત છે. આમ છતાં અમૂર્ત એવા આત્માના જ્ઞાનગુણને મદિરાપાનથી ઉપઘાત થાય છે અને બ્રાહ્મી વગેરે ઔષધિથી અનુગ્રહ થાય છે; તેમ મૂર્ત એવા પાપકર્મોથી આત્માને ઉપઘાત થાય છે અને મૂર્ત એવી પુણ્યપ્રકૃતિઓથી અનુગ્રહ પણ થાય છે. **॥૫૭॥**

**અવતરણિકા :-**

**प्रस्तुतनिगमनायाह -**

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તુતના નિગમનને માટે કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૫૩માં કહ્યું કે રાગ, દ્વેષ અને મોહ કર્મોદયજનિત આત્માના પરિણામો છે, તેથી કર્મનું સ્વરૂપ બતાવવું આવશ્યક થયું અને તેનું સ્વરૂપ ગાથા-૫૪માં બતાવ્યું. એ પ્રસ્તુત કર્મના સ્વરૂપના વિષયમાં ઉદ્ભવેલી શંકાનું ત્યાર પછી નિરાકરણ કર્યું. હવે તેનું નિગમન કરવા માટે કહે છે અર્થાત્ તેનાથી થતો ફલિતાર્થ બતાવવા માટે કહે છે –

ગાથા :-

एवमणादी एसो संबंधो कंचणोवलाणं व ।
एयाणमुवाएणं तह वि विओगो वि हवइ त्ति ।।५७।।

**અન્વયાર્થ :-**

**एवम्=એ રીતે=આત્મા અને કર્મનો અતીતકાળ જેવો અનાદિ સંબંધ છે એ રીતે, एयाणम्=જીવ અને કર્મનો कंचणोवलाणं व=સુવર્ણ અને માટીની જેમ अणादी=અનાદિ एसो संबंधो=આ સંબંધ છે= કર્મનો સંબંધ છે, तह वि=તોપણ विओगो वि=વિયોગ પણ हवइ=થાય છે. 'त्ति'=પાદપૂર્તિ માટે છે. ।।૫૭।।**

**ગાથાર્થ :-**

**પૂર્વમાં કહ્યું એ રીતે જીવ અને કર્મનો સુવર્ણ અને માટીની જેમ, અનાદિ આ સંબંધ છે, તોપણ વિયોગ પણ થાય છે.**

**ગાથામાં 'त्ति' પૂર્તિ માટે છે. ।।૫૭।।**

**ટીકા :-**

'एवम्'=उक्तन्यायाद् 'अनादिरेष सम्बन्धः' । निदर्शनमाह - 'काञ्चनोपलयोरिव,' निसर्गमात्रतयोदाहरणम्, 'एतयोः' इति जीव-कर्मणोः यद्यप्येवम् 'उपायेन', सम्यग्दर्शनादिना 'तथापि' 'वियोगोऽपि' 'भवति,' क्षार-मृत्पुटपाकादिना काञ्चनोपलयोरिव । इति गाथार्थः ।।५७।।

**ટીકાર્થ :-**

'एवम्' ..... इति गाथार्थः ।।५७।। **એ રીતે=ઉક્ત ન્યાયથી=ગાથા-૫૫માં બતાવેલ ન્યાયથી, 'एतयोः' इति=જીવ અને કર્મનો, અનાદિ આ સંબંધ છે તેમાં દૃષ્ટાંતને કહે છે - સુવર્ણ અને માટીની જેમ આત્મા અને કર્મનો અનાદિ સંબંધ છે. નિસર્ગમાત્રપણાથી ઉદાહરણ છે=સ્વભાવમાત્રના સામ્યથી આ ઉદાહરણ છે. જોકે આમ છે=જીવ અને કર્મનો અનાદિનો સંબંધ છે, તોપણ ક્ષાર અને મૃત્પુટપાકાદિ વડે સુવર્ણ અને માટીના વિયોગની જેમ સમ્યગ્દર્શન આદિ ઉપાય દ્વારા, વિયોગ પણ થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૭।।**

❖ 'वियोगोऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે સંયોગ તો છે પણ વિયોગ પણ થાય છે.

**ભાવાર્થ :-**

ગાથા-૫૫માં બતાવ્યું કે જીવ અને કર્મનો અનાદિ સંબંધ છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે કે સુવર્ણ અને માટીનો સંબંધ જેમ અનાદિનો છે, તેમ જીવ અને કર્મનો સંબંધ અનાદિનો છે. યદ્યપિ કોઈ પણ સુવર્ણ અને માટી અનાદિ નથી, તેથી તેનો અનાદિ સંબંધ છે તેમ કેમ કહી શકાય ? તોપણ જ્યારથી સુવર્ણ સુવર્ણરૂપે

અસ્તિભાવને પામે છે, ત્યારથી તેનો સંબંધ માટી સાથે છે. માટે સુવર્ણ અને માટીના સંબંધની આદિ નથી તે અપેક્ષાએ અનાદિનો સંબંધ છે. તે દૃષ્ટાંતથી જ્યારથી આત્માનો 'अस्ति' ભાવ છે, ત્યારથી તે કર્મ સાથે સંબંધવાળો છે, અને આત્માનો 'अस्ति' ભાવ અનાદિનો છે, તેથી કર્મનો સંબંધ પણ અનાદિનો છે.

વળી આ દૃષ્ટાંત સ્વભાવમાત્રરૂપે ઉદાહરણ છે, એમ કહીને એ બતાવવું છે કે સુવર્ણ અને માટીનો સંબંધ અનાદિનો હોય એટલામાત્રથી આત્મા અને કર્મનો સંબંધ અનાદિનો છે, એમ સિદ્ધ થઈ શકે નહીં; કેમ કે સુવર્ણ અને માટીનો તેવો સ્વભાવ હોય કે જેથી તેમાં અનાદિ સંબંધ હોય, તોપણ આત્મા અને કર્મનો જો તેવો સ્વભાવ ન હોય તો તે બેનો સંબંધ અનાદિ થઈ શકે નહીં. પરંતુ જેમ સુવર્ણ અને માટીનો તેવો સ્વભાવ છે, તેમ જીવ અને કર્મનો પણ તેવો સ્વભાવ છે, તે બતાવવા માટે સુવર્ણ અને માટીનું દૃષ્ટાંત છે. તેથી આ દૃષ્ટાંત સ્વભાવ માત્રના સામ્યપણાથી છે, પણ આ દૃષ્ટાંતથી આત્મા સાથે કર્મનો સંબંધ અનાદિ છે તે સિદ્ધ થતું નથી, પરંતુ તેની સિદ્ધિ તો અન્ય રીતે છે.

એ રીતે આત્માનો કર્મની સાથે અનાદિનો સંબંધ છે, એ રીતે ઉપાય દ્વારા તેનો વિયોગ પણ થાય છે. જેમ સુવર્ણ અને માટીનો અનાદિ સંબંધ છે, તોપણ ક્ષાર અને મૃત્પુટપાકાદિ દ્વારા સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ સમ્યગ્દર્શનાદિ ઉપાય દ્વારા આત્મા શુદ્ધ થાય છે. **॥૫૭॥**

**અવતરણિકા :-**

**एवं व्यवस्थिते सति प्रस्तुतसौविहित्यमाह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે વ્યવસ્થિત હોતે છતે=ગાથા-૫૭માં બતાવ્યું એ રીતે કર્મ અનાદિ હોવા છતાં તેનો વિયોગ પણ થાય છે, એ રીતે વ્યવસ્થિત હોતે છતે, પ્રસ્તુતના સૌહિત્યને કહે છે=યોગમાર્ગના સુવિહિતપણાને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં નિગમન કરતાં બતાવ્યું કે કર્મનો સંબંધ અનાદિનો છે, તોપણ તેનો વિયોગ થાય છે. આ પ્રમાણે પદાર્થ વ્યવસ્થિત હોવાને કારણે યોગમાર્ગનું કથન સુવિહિત બને છે અર્થાત્ સુસંગત બને છે. તેને કહે છે –

તાત્પર્ય એ છે કે યોગમાર્ગ સર્વ દર્શનકારોને માન્ય છે અને તે યોગમાર્ગ સુવિહિત તો બને કે જો આત્માને લાગેલા કર્મનો વિયોગ પણ થઈ શકતો હોય. તેથી યોગમાર્ગની સંગતિના બળથી નક્કી થાય છે કે અનાદિ એવા પણ કર્મના સંયોગનો વિયોગ પણ થઈ શકે છે.

ગાથા :-

एवं तु बंध-मोक्खा विणोवयारेण दो वि जुज्जंति ।
सुह-दुक्खाइ य दिट्ठा, इहरा ण, कयं पसंगेण ।।५८।।

અન્વયાર્થ :-

एवं तु=આ રીતે જ=આત્માને કર્મની સાથે અનાદિ સંબંધ છે અને ઉપાયથી વિયોગ પણ થાય છે એ રીતે જ, विणोवयारेण=ઉપચાર વિના बंध-मोक्खा=બંધ અને મોક્ષ दो वि=બંને પણ सुह-दुक्खाइ य दिट्ठा=અને દૃષ્ટ સુખ-દુઃખાદિ जुज्जंति=ઘટે છે. इहरा=ઈતરથા=આત્માનો કર્મની સાથે અનાદિ સંબંધ છે અને ઉપાયથી વિયોગ થાય છે, તેમ ન માનો તો, ण=નહીં=ઉપચાર વિના બંધ-મોક્ષ અને સુખ-દુઃખાદિ ઘટે નહીં. कयं पसंगेण=પ્રસંગથી સર્યું. ।।૫૮।।

❖ 'तु' ગાથામાં 'तु' एवकार અર્થે છે.

ગાથાર્થ :-

ગાથા-૫૭માં કહ્યું એ રીતે જ ઉપચાર વિના બંધ-મોક્ષ બંને પણ અને દૃષ્ટ એવાં સુખ-દુઃખાદિ ઘટે છે, ઈતરથા નહીં. પ્રસંગથી સર્યું. ।।૫૮।।

ટીકા :-

'एवमेव' बन्ध-मोक्षौ सकलसमयसिद्धौ 'विनोपचारेण'=उपचारं विना, 'द्वावपि' 'युज्येते'=घटेते अकल्पितावित्यर्थः 'सुख-दुःखादयश्च' 'दृष्टाः'=सकललोकसम्मताः 'युज्यन्ते', मुख्यनिबन्धनोपपत्तेः । 'इतरथा'= उक्तप्रकारव्यतिरेकेण, 'न' इति=न युज्यन्ते बन्धादयः, मुख्यनिबन्धनानुपपत्तेरिति भावनीयम् । 'कृतं प्रसङ्गेन'= पर्याप्तमित्थमप्रस्तुतेन । इति गाथार्थः ।।५८।।

ટીકાર્થ :-

एवमेव बन्ध-मोक्षौ ..... इति गाथार्थः ।।५८।। એ રીતે જ=ગાથા-૫૭માં કહ્યું એ રીતે જ, સકલ દર્શનમાં સિદ્ધ એવા બંધ-મોક્ષ विनोपचारेण=ઉપચાર વિના द्वावपि=બંધ અને મોક્ષ બંને પણ, ઘટે છે= અકલ્પિત ઘટે છે, એ પ્રમાણે અર્થ છે; અને દૃષ્ટ=સકલલોકસંમત એવા સુખ-દુઃખાદિ ઘટે છે; કેમ કે મુખ્ય કારણની=બંધ-મોક્ષના મુખ્ય કારણની અને સુખ-દુઃખાદિના મુખ્ય કારણની, ઉપપત્તિ છે. ઈતરથા=ઉક્ત પ્રકારના અભાવથી, न इति=બંધાદિ ઘટતા નથી; કેમ કે મુખ્ય કારણની અનુપપત્તિ છે, એ પ્રકારે ભાવન કરવું. પ્રસંગથી સર્યું=અધિક કથન અપ્રસ્તુત હોવાને કારણે इत्थं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, કરાયેલું કથન પર્યાપ્ત છે=પૂરતું છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૮।।

❖ 'द्वावपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે બંધ અને મોક્ષ બંનેમાંથી કોઈ એક તો અકલ્પિત ઘટે છે, પણ બંને પણ અકલ્પિત ઘટે છે.

❖ 'सुख-दुःखादयश्च' રોગ-શોક-હર્ષનું 'आदि' થી ગ્રહણ કરવું.

❖ 'बन्धादयः' અહીં 'आदि' થી મોક્ષ, સુખ-દુઃખનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગાથા-૫૪ થી કર્મના સ્વરૂપનું કથન શરૂ કર્યું. તેનો ફલિતાર્થ ગાથા-૫૭માં બતાવતાં કહ્યું કે આત્મા અને કર્મનો અનાદિ સંયોગ છે અને ઉપાય દ્વારા તેનો વિયોગ પણ થાય છે; અને આ ગાથા-૫૭માં બતાવ્યું એમ માનવામાં આવે તો સર્વ દર્શનકારોને માન્ય એવા બંધ અને મોક્ષ ઉપચાર વગર ઘટે છે.

આશય એ છે કે સર્વ દર્શનકારો યોગની વાતો કરે છે, તેથી મોક્ષની નિષ્પત્તિ માટે યોગનું કથન છે, એ અર્થ ફલિત થાય છે; અને આપણે મુક્ત નથી માટે મુક્ત થવા માટે યોગમાર્ગમાં યત્ન કરવાનો છે, તેથી અર્થથી આપણે બંધાયેલા છીએ, એમ ફલિત થાય છે. તેથી જે જે દર્શનકારો મોક્ષ મેળવવા માટે યોગની પ્રરૂપણા કરે છે, તે સર્વ દર્શનકારોને બંધ અને મોક્ષ અર્થાત્ સંસાર અને મોક્ષ માન્ય છે, અને તે ઉપચાર વગર તો જ ઘટે કે જો આત્માની સાથે અનાદિનો કર્મનો સંબંધ છે તેમ માનવામાં આવે, અને ઉપાયોથી કર્મનો વિયોગ થાય છે તેમ માનવામાં આવે. અને જો એમ કહેવામાં આવે કે આત્મા અનાદિથી શુદ્ધ છે, તો બંધ ઉપચરિત છે, તેમ સ્વીકારવું પડે અર્થાત્ બંધ કલ્પિત છે, એમ સ્વીકારવું પડે, અને બંધ કલ્પિત હોય તો મોક્ષ પણ કલ્પિત છે, તેમ સ્વીકારવું પડે, અને તેમ સ્વીકારીએ તો યોગમાર્ગનું કથન સુકથન થાય નહીં, અને આત્મા બંધાયેલો ન હોય તો 'મોક્ષ મેળવવા માટે તેણે યોગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ' - તે કથન કથનમાત્રરૂપ છે, વસ્તુતઃ અર્થ વગરનું છે તેમ સ્વીકારવું પડે. વળી અનાદિનો કર્મ સાથે સંયોગ છે અને ઉપાયથી તેનો વિયોગ થાય છે, તેમ માનવામાં આવે, તો યોગમાર્ગનું નિરૂપણ સુસંગત સિદ્ધ થાય અને સર્વલોકને સંમત સુખ-દુઃખાદિ પણ સુસંગત થાય; કેમ કે આત્મા અનાદિથી કર્મ સાથે સંબંધવાળો છે અને સુખનિબંધનકર્મથી સુખ થાય છે અને દુઃખનિબંધનકર્મથી દુઃખ થાય છે, તે વાત ઉપચાર વગર ઘટે છે. અને આવું ન માનવામાં આવે તો અર્થાત્ અનાદિથી કર્મનો સંબંધ છે અને ઉપાયથી કર્મનો વિયોગ છે, તેમ ન માનવામાં આવે તો, બંધ-મોક્ષ, સુખ-દુઃખાદિ ઘટે નહીં; કેમ કે બંધ-મોક્ષ અને સુખ-દુઃખના કારણની અનુપપત્તિ છે.

તાત્પર્ય એ છે કે બંધનું કારણ કર્મનો સંબંધ છે, મોક્ષનું કારણ કર્મનો વિયોગ છે અને સુખ-દુઃખનું કારણ સુખ-દુઃખઆપાદક કર્મ છે; અને તેની સાથે સર્વ તો જ ઘટે કે અનાદિથી આત્માનો કર્મનો સંયોગ માનવામાં આવે અને ઉપાયથી કર્મનો વિયોગ થાય છે, તેમ માનવામાં આવે. તે સિવાય બંધ-મોક્ષ-સુખ-દુઃખ સર્વ કલ્પિત છે, તેમ માનવું પડે.

પ્રસંગથી સર્યું=ગાથા-૫૪થી કર્મના સ્વરૂપને બતાવવાનું પ્રાસંગિક કથન શરૂ કરેલ તે અહીં પૂરું થાય છે, અને તે બતાવવા માટે કહે છે કે અધિક કથન અપ્રસ્તુત હોવાને કારણે इत्थं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે કરાયેલું કથન પર્યાપ્ત છે=પૂરતું છે. **॥૫૮॥**

**અવતરણિકા :-**

प्रकृताभिधित्सयाह -

**અવતરણિકાર્થ :-**

**પ્રકૃતને કહેવાની ઈચ્છાથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૫૨માં કહ્યું કે દોષની અપેક્ષાએ અતિનિપુણ આત્મપ્રેક્ષણ કરવું જોઈએ. ત્યાં પ્રશ્ન થયો કે દોષો શું છે ? તેથી દોષનું સ્વરૂપ ગાથા-૫૩માં બતાવ્યું અને તે દોષ કર્મોદયજનિત રાગ-દ્વેષ-મોહરૂપ છે, તેમ બતાવ્યું. ત્યાં ગ્રંથકારને પ્રાસંગિક સ્મરણ થયું કે કર્મનું સ્વરૂપ બતાવવું જોઈએ, તેથી ગાથા-૫૪ થી ૫૮ સુધી તે પ્રાસંગિક કથન કર્યું. હવે ગાથા-૫૩માં જે દોષોનું સ્વરૂપ કહ્યું, તે પ્રકૃતને કહેવાની ઈચ્છાથી કહે છે –

**ગાથા :-**

**तत्थाभिस्संगो खलु रागो, अप्पीइलक्खणो दोसो ।**
**अण्णाणं पुण मोहो, को पीडइ मं दढमिमेसिं? ।।५९।।**

**અન્વયાર્થ :-**

**तत्थ=ત્યાં=ગાથા-૫૩માં બતાવેલા દોષોનું સ્વરૂપ અહીં બતાવે છે. ત્યાં, अभिस्संगो रागो=અભિષ્વંગ રાગ, अप्पीइलक्खणो दोसो=અપ્રીતિલક્ષણ દ્વેષ, अण्णाणं पुण मोहो=વળી અજ્ઞાન મોહ છે. मं=મને इमेसिं= આમાંથી को=કોણ दढं=અત્યંત पीडइ=પીડે છે ?**

❖ ગાથામાં 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. **॥૫૯॥**

**ગાથાર્થ :-**

**ત્યાં=ગાથા-૫૩માં બતાવેલા દોષોનું સ્વરૂપ અહીં બતાવે છે ત્યાં, અભિષ્વંગ એ રાગ છે, અપ્રીતિલક્ષણ દ્વેષ છે, વળી અજ્ઞાન એ મોહ છે. મને આમાંથી કોણ અત્યંત પીડે છે ? ॥૫૯॥**

**ટીકા :-**

'तत्राभिष्वङ्गः' 'खलु' 'रागः'=भावरागः, रञ्जनं राग इति कृत्वा । 'अप्रीतिलक्षणो' 'द्वेषः', स्वरूपस्यैव लक्षणत्वाद् भावद्वेष एव । 'अज्ञानं' 'पुनर्मोहः', मोहनं मोह इति कृत्वा । कः 'पीडयति'=बाधते 'मां' 'दृढम्'=अत्यर्थम् 'अमीषां' रागादीनाम्, एवमात्मप्रेक्षणमिति । सुज्ञानं चैतद् विदुषां शास्त्रानुसारतः क्षयोपशमविशेषात्, सुप्तमण्डितप्रतिबुद्धादर्शकदर्शनन्यायसिद्धमेतत् । अनीदृशस्य तु योगेऽनधिकार एव । इति गाथार्थः ।।५९।।

**ટીકાર્થ :-**

**तत्राभिष्वङ्गः खलु ..... इति गाथार्थः ।।५९।। ત્યાં=ગાથા-૫૩માં બતાવેલા દોષોનું સ્વરૂપ અહીં બતાવે છે ત્યાં, रञ्जनं रागः=રંજન પરિણામ તે રાગ, એ પ્રકારની વ્યુત્પત્તિ છે એથી કરીને અભિષ્વંગ રાગ છે=ભાવરાગ છે. અપ્રીતિલક્ષણ=અપ્રીતિસ્વરૂપ દ્વેષ છે, સ્વરૂપનું જ લક્ષણપણું હોવાથી ભાવદ્વેષ જ છે. मोहनं मोहः=મૂંઝવણની પરિણતિ તે મોહ, એ પ્રકારની વ્યુત્પત્તિ હોવાને કારણે અજ્ઞાન વળી મોહ છે.**

ગાથા-૫૩માં રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષો છે, તેમ બતાવ્યું અને તે ત્રણ દોષોનું સ્વરૂપ અહીં બતાવ્યું. હવે ગાથા-૫૨માં કહેલ તે પ્રમાણે દોષોની અપેક્ષાએ આત્મપ્રેક્ષણ કઈ રીતે કરવું જોઈએ ? તે બતાવે છે –

**अमीषां=આમાંનો=રાગાદિમાંનો, मां=મને, कः=કોણ, दृढम्=અત્યંત, पीडयति=પીડે છે=બાધ કરે છે ? એ પ્રમાણે આત્મપ્રેક્ષણ કરવું.**

**'इति' શબ્દ આત્મપ્રેક્ષણની સમાપ્તિમાં છે.**

**શાસ્ત્રાનુસાર ક્ષયોપશમ વિશેષથી વિદ્વાનોનું આ=આત્મપ્રેક્ષણ, સુજ્ઞાન છે=સુજ્ઞાનનું કારણ હોવાથી આત્મપ્રેક્ષણ જ સુજ્ઞાન છે, એમ ઉપચારથી કથન છે, વસ્તુતઃ આત્મપ્રેક્ષણ સુજ્ઞાન કરાવે છે.**

શાસ્ત્રાનુસારી ક્ષયોપશમવિશેષથી આત્મપ્રેક્ષણ સુજ્ઞાન કઈ રીતે કરાવે છે ? તે દૃષ્ટાંતથી બતાવે છે -

**સુપ્તમંડિતપ્રતિબુદ્ધઆદર્શકદર્શનન્યાયસિદ્ધ આ છે=સુજ્ઞાન છે, અર્થાત્ સુપ્ત=મોહની નિદ્રામાં સૂતેલો, મંડિત=કષાયોથી શણગારાયેલો, પ્રતિબુદ્ધ=આત્મકલ્યાણ માટે જાગૃત થયેલો, આદર્શકદર્શન= શાસ્ત્રરૂપી દર્પણમાં કષાયોથી મંડિત એવા પોતાના સ્વરૂપનું દર્શન કરે છે. તેથી જેમ ઊંઘમાં શણગારાયેલો જાગ્યા પછી દર્પણમાં જુએ તો પોતાની શણગારાયેલી અવસ્થાનું દર્શન થાય, તેમ તે યોગીને પોતાનામાં બાધા કરતા રાગાદિ શાસ્ત્રરૂપી દર્પણમાં દેખાય છે. अनीदृशस्य तु=વળી જે આવા નથી=શાસ્ત્રાનુસારી ક્ષયોપશમવિશેષથી આત્મપ્રેક્ષણ કરતા નથી, તેને યોગમાં= યોગમાર્ગમાં અનધિકાર જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૯।।**

**ભાવાર્થ :-**

દોષત્રય :-

**(૧) રાગ :-** 'રાગ' શબ્દની વ્યુત્પત્તિ અનેક પ્રકારની થાય છે. **'रज्यते अनेन इति रागः'** - એ પ્રકારની વ્યુત્પત્તિથી અર્થ કરીએ તો જેનાથી રંજિત થાય તે રાગ અર્થાત્ રાગમોહનીયકર્મ. રાગમોહનીયકર્મથી જીવને રાગ થાય છે, તેથી રાગમોહનીયકર્મ તે રાગ એ અર્થ પ્રાપ્ત થાય. પરંતુ અહીં તે અર્થને ગ્રહણ કરવાનો નથી; કેમ કે આત્મામાં વર્તતી રાગની પરિણતિનું અનુપ્રેક્ષણ કરવાનું છે, પરંતુ કયું કર્મ રાગ કરે છે ? કયું કર્મ દ્વેષ કરે છે ? તેનું અનુપ્રેક્ષણ કરવાનું નથી. તેથી તે રાગની પરિણતિની દૃષ્ટિને સામે રાખીને અહીં કહ્યું કે **'रञ्जनं रागः'='જે રંજન પરિણતિ છે તે રાગ છે.'** એ વ્યુત્પત્તિથી જીવમાં વર્તતી રાગની પરિણતિ તે રાગ છે.

(૨) **દ્વેષ :- 'अप्रीतिलक्षणो द्वेषः'** - અપ્રીતિલક્ષણ દ્વેષ છે. સ્વરૂપનું લક્ષણપણું હોવાથી ભાવદ્વેષ જ છે.

આશય એ છે કે જેનાથી લક્ષ્ય જણાય તે લક્ષણ, એવી વ્યુત્પત્તિ કરીએ તો પર્વતમાં લક્ષ્ય એવો અગ્નિ ધૂમથી જણાય છે, માટે ધૂમ એ અગ્નિનું લક્ષણ છે. આમ છતાં ધૂમ સર્વ અગ્નિમાં વ્યાપીને રહેલો નથી. તેથી જો તે હોય તો માત્ર લક્ષ્યનો બોધ કરાવે છે. આ લક્ષણની વ્યુત્પત્તિને આશ્રયીને પ્રશમને સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું છે. પરંતુ આ પ્રકારની વ્યુત્પત્તિથી પ્રાપ્ત લક્ષણને અહીં ગ્રહણ કરવાનું નથી, પણ અગ્નિનું ઉષ્ણત્વ સ્વરૂપ છે, તે સર્વ અગ્નિમાં નિયત વ્યાપીને રહેલું છે. તેને જો લક્ષણ કરીએ તો અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ ત્રણે દોષોથી રહિત સર્વ લક્ષ્યમાં વ્યાપીને રહેલો ધર્મ તે લક્ષણ છે, એવો અર્થ પ્રાપ્ત થાય. આ બીજા પ્રકારના અર્થને ગ્રહણ કરીને પ્રસ્તુતમાં અપ્રીતિલક્ષણ દ્વેષ કહ્યો. ત્યાં જેમ અગ્નિ ઉષ્ણતાસ્વરૂપ છે, તેમ જીવમાં વર્તતો દ્વેષનો પરિણામ અપ્રીતિસ્વરૂપ છે.

(૩) **મોહ :- 'मोहनं मोहः'** - આત્માને મૂંઝવવાની પરિણતિ તે મોહ છે.

આ પ્રકારની વ્યુત્પત્તિને આશ્રયીને અજ્ઞાન એ મોહ છે અર્થાત્ વિપરીત જ્ઞાન તે મોહ છે.

આ રાગ, દ્વેષ અને મોહના પરિણામોમાં કયો પરિણામ મને અત્યંત બાધ કરે છે ? એ પ્રમાણે આત્મપ્રેક્ષણ કરવું જોઈએ.

આ રીતે આત્મપ્રેક્ષણ કરવાથી પોતાને જે કષાય બાધ કરતો હોય તેનું સમ્યગ્જ્ઞાન બધાને થાય જ ? કે કોઈકને ન પણ થાય ? તેવી આશંકાનો ખુલાસો કરે છે –

બુદ્ધિમાન શાસ્ત્રાનુસારી ક્ષયોપશમવિશેષથી આત્મપ્રેક્ષણ કરે તો સમ્યગ્જ્ઞાન થાય છે.

આશય એ છે કે જે બુદ્ધિમાન છે તે પ્રથમ વિધિપૂર્વક ભાવનાશ્રુતપાઠ કરે છે. ત્યાર પછી તીર્થસ્વરૂપ આચાર્ય પાસે ભાવનાશ્રુતના અર્થનું અનેક વખત શ્રવણ કરે છે, જેથી રાગાદિનાં નિમિત્તો, રાગાદિનું સ્વરૂપ અને રાગાદિના ફળનો યથાર્થ બોધ થાય છે. તે બોધ કર્યા પછી પોતે જે પ્રવૃત્તિ કરે છે, તેનું સમ્યગ્ અવલોકન કરે તો ખ્યાલ આવે કે આ પ્રકારનાં રાગાદિ નિમિત્તોમાં મારી પ્રવૃત્તિ છે અને આવા પ્રકારની પરિણતિ મારામાં વર્તે છે, જે રાગાદિ સ્વરૂપ છે. આ પ્રકારનો શાસ્ત્રવચનાનુસારી ક્ષયોપશમ થવાથી પોતાને બાધ કરતા રાગદ્વેષાદિના પારમાર્થિક સ્વરૂપને પોતે જોઈ શકે છે.

જેમ

કોઈ ભાવથી સાધુ હોય તો તે સાધુ દરેક ઉચિત પ્રવૃત્તિ સમતાની વૃદ્ધિ થાય તે રીતે શાસ્ત્રવચનાનુસાર કરતા હોય અને સમિતિ-ગુપ્તિમાં વર્તતા હોય, આમ છતાં ક્યારેક શાસ્ત્રવચનનું સ્મરણ અત્યંત ન રહે તો કોઈક સંયમયોગની પ્રવૃત્તિકાળમાં પણ આત્માને ઉપયોગી ન હોય તેવી વસ્તુ જોવાની મનોવૃત્તિ થાય અને આજુબાજુના અવલોકનમાં ચિત્ત ઉપયુક્ત બને, તો સંયમમાં અતિચાર લાગે તેવું રાગાદિઆકુળ ચિત્ત બને છે; કેમ કે જેનું ચિત્ત રાગાદિઆકુળ નથી, તેવા સાધુ સમતાના પરિણામવાળા હોય છે, અને રાગાદિના

ઉચ્છેદ માટે સુદૃઢ યત્ન કરીને અધિક અધિક સમતામાં યત્ન કરે છે. આમ છતાં કોઈક રાગાદિ પરિણતિ ઉત્થિત થાય તો શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિમાં સ્ખલનાઓ થાય છે. તેથી સૂક્ષ્મ અવલોકન કરે તો પોતાને રાગ બાધ કરે છે ? કે દ્વેષ બાધ કરે છે ? કે મોહ બાધ કરે છે ? તેનું સમ્યગ્જ્ઞાન થઈ શકે છે. તેમાં દૃષ્ટાંત આ પ્રમાણે છે –

જેમ કોઈ માણસ ઊંઘતો હોય તે વખતે તેને કોઈ શણગારોથી સુશોભિત કરે અને તે જાગે ત્યારે ઊઠીને દર્પણમાં જુએ તો પોતાની મંડિત અવસ્થાને જોઈ શકે છે. તે રીતે જીવ મોહની નિદ્રામાં સૂતેલો હોય અને રાગાદિઆપાદકકર્મો તેને રાગાદિ ભાવોથી મંડિત કરી નાખે, પરંતુ ઉપદેશ આદિ સાંભળીને પ્રતિબોધ પામેલો એવો તે પોતાના રાગાદિ ભાવોને સમ્યક્ જોવા માટે અભિમુખ થઈને શાસ્ત્રરૂપી દર્પણમાં જોવા યત્ન કરે, અર્થાત્ તીર્થ જેવા આચાર્યો પાસેથી અનેક વખત અર્થોને સાંભળીને જે શાસ્ત્રનો બોધ થયો છે, તે બોધ અનુસાર પોતાનામાં રાગાદિ જોવા યત્ન કરે, તો પોતે કેવા પ્રકારના રાગાદિ ભાવોથી મંડિત છે=શણગારાયેલો છે, તેને જોઈ શકે છે; અને આવા યોગી યોગમાર્ગના અધિકારી છે, અને જે આવા નથી તેવા યોગમાર્ગના અનધિકારી છે.

આશય એ છે કે ઘટમાન યોગી અને પ્રવૃત્ત યોગી યોગમાર્ગના અધિકારી છે, તેથી તે બંને યોગીને ગાથા-૫૨માં કહેલ વિધિ પ્રમાણે આત્મપ્રેક્ષણ કરવાનું છે; છતાં વિશેષથી પ્રવૃત્ત યોગીને માટે આત્મપ્રેક્ષણની વિધિ છે, એમ ગાથા-૫૧માં કહેલ. તે પ્રમાણે જે અપુનર્બંધક કે પ્રવૃત્ત યોગી આત્મપ્રેક્ષણમાં યત્ન કરતા હોય તેઓ ઉત્તરોત્તર યોગમાર્ગમાં ચાલવા માટે સમર્થ છે; પરંતુ જે અપુનર્બંધક કે પ્રવૃત્ત યોગી પણ આત્મપ્રેક્ષણમાં સમ્યગ્ યત્ન કરતા નથી, તેઓ ઉપર ઉપરના યોગમાર્ગમાં જવા માટે સમર્થ થતા નથી, એટલું જ નહીં પણ પ્રાપ્ત થયેલી ભૂમિકાથી પણ પાત પામે, જેથી તેઓની યોગમાર્ગની પ્રવૃત્તિ બંધ પણ થઈ શકે. માટે જે યોગીઓ યોગમાર્ગને પામ્યા પછી પ્રસ્તુત વિધિમાં સમ્યગ્ યત્ન કરે છે, તેઓ પ્રાપ્ત થયેલી ભૂમિકાથી આગળ-આગળની યોગભૂમિકામાં પ્રવૃત્ત થઈને યોગમાર્ગને નિરાબાધ કરે છે. **॥૫૯॥**

**અવતરણિકા :-**

**अनेन च विधिनैवं किम्? इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**અને આ વિધિ વડે આ રીતે શું ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

'च' શબ્દ પૂર્વના કથનનો સમુચ્ચય કરે છે અને 'अनेन च विधिना'=આ વિધિ દ્વારા, અર્થાત્ ભાવનાશ્રુતનો પાઠ, અનેક વખત તીર્થમાં શ્રવણ અને દોષની અપેક્ષાએ અતિ નિપુણ આત્મપ્રેક્ષણ કરવું જોઈએ તેમ ગાથા-૫૨માં બતાવીને, ત્યાર પછી તે દોષોનું સ્વરૂપ બતાવીને ગાથા-૫૯માં કહ્યું કે આ દોષોમાંથી કયો દોષ મને અત્યંત બાધા કરે છે ? તે જોવું, એ વિધિ દ્વારા, 'આ રીતે આ આત્મપ્રેક્ષણથી

શું ?' અર્થાત્ આત્મપ્રેક્ષણ કર્યા પછી શું કરવું જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે -

**ગાથા :-**

णाऊण ततो तव्विसयतत्त-परिणइ-विवागदोसे त्ति ।
चिंतेज्जाऽऽणाए दढं पइरिक्के सम्ममुवउत्तो ।।६०।।

**અન્વયાર્થ :-**

**णाऊण=જાણીને=રાગાદિબહુલપણારૂપે આત્માને જાણીને ततो=ત્યાર પછી पइरिक्के=એકાંત સ્થાનમાં सम्ममुवउत्तो=સમ્યગ્ ઉપયોગવાળા યોગી तव्विसयतत्त-परिणइ-विवागदोसे=રાગાદિના વિષયનું તત્ત્વ, રાગાદિના વિષયની પરિણતિ અને રાગાદિના વિપાકદોષોને त्ति=એ રીતે જ=જે રીતે આત્મપ્રેક્ષણ કર્યું એ રીતે જ, आणाए=આજ્ઞા વડે दढं=અત્યંત चिंतेज्जा=ચિંતન કરે. ।।૬૦।।**

**ગાથાર્થ :-**

**રાગાદિબહુલપણારૂપે આત્માને જાણીને, ત્યાર પછી એકાંત સ્થાનમાં સમ્યગ્ ઉપયોગવાળા યોગી રાગાદિના વિષયનું તત્ત્વ, રાગાદિના વિષયની પરિણતિ અને રાગાદિના વિપાકદોષોને જે રીતે આત્મપ્રેક્ષણ કર્યું એ રીતે જ, આજ્ઞા વડે અત્યંત ચિંતન કરે. ।।૬૦।।**

**ટીકા :-**

'ज्ञात्वा' आत्मानं रागादिबहुलतया 'ततः'=तदनन्तरं 'तद्विषयतत्त्वपरिणतिविपाकदोषानिति चिन्तयेत्,' तद्विषयः-रागादिविषयः स्त्र्यादिलक्षणः तस्य 'तत्त्वं'-स्वरूपं कलमलादि, परिणतिः-तस्यैव रोग-जरादिरूपा, विपाकःनरकादिः, एत एव दोषाः एतान्, 'इति' एवमेव 'चिन्तयेत्'=भावयेत् । 'आज्ञया दृढम्' 'आज्ञया'= वीतरागवचनलक्षणया हेतुभूतया, तस्यास्तत्त्वावगमादिहेतुत्वात्, 'दृढम्'=अत्यर्थं "पइरिक्के" इति देशीपदं एकान्तार्थवाचकम्, एकान्ते=विविक्ते, तत्र व्याघाताभावात्, 'सम्यगुपयुक्तः'=साकल्येन विहितक्रियासमेतः, सामग्रीसाध्यत्वाद् अभिप्रेतकार्यस्य । इति गाथार्थः ।।६०।।

**ટીકાર્થ :-**

**ज्ञात्वा आत्मानं ..... इति गाथार्थः ।।६०।। રાગાદિબહુલપણારૂપે આત્માને જાણીને ततः=ત્યાર પછી તદ્વિષયક તત્ત્વ, પરિણતિ અને વિપાકદોષોને એ રીતે ચિંતન કરે=તે રાગાદિના વિષય સ્ત્રી આદિનું તત્ત્વ અર્થાત્ રાગાદિના વિષયભૂત સ્ત્રી આદિનું કલમલાદિરૂપ સ્વરૂપ, રાગાદિના વિષયની જ રોગજરાદિરૂપ પરિણતિ અને રાગાદિના નરકાદિ વિપાક, આ જ દોષો છે એમને, इति=એ રીતે જ= જેમ શાસ્ત્રાનુસારી આત્મપ્રેક્ષણ કરેલ એ રીતે જ, चिन्तयेत्=શાસ્ત્રાનુસારે ચિંતન કરે=ભાવન કરે.**

કેવી રીતે ચિંતન કરે ? તે સ્પષ્ટ કરે છે –

**હેતુભૂત એવી=તત્ત્વના અવગમ અને તત્ત્વની પરિણતિના હેતુભૂત એવી, વીતરાગના વચનરૂપ આજ્ઞા વડે દૃઢમ્= અત્યંત, ચિંતન કરે; કેમ કે તેનું જ=આજ્ઞાનું જ, તત્ત્વઅવગમાદિનું હેતુપણું છે.**

ક્યાં ચિંતન કરે ? તેથી કહે છે –

**पइरिक्के=એકાંતમાં=વિવિક્તસ્થાનમાં, ચિંતન કરે; કેમ કે ત્યાં=એકાંત સ્થાનમાં, વ્યાઘાતનો અભાવ છે.**

કેવી રીતે ચિંતન કરે ? તેથી કહે છે –

**સમ્યગ્ ઉપયુક્ત=સાકલ્યથી વિહિત ક્રિયાયુક્ત થયેલો ચિંતન કરે; કેમ કે અભિપ્રેત કાર્યનું સામગ્રીથી સાધ્યપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૬૦॥**

❖ 'रागादि' અહીં 'आदि' થી દ્વેષ-મોહનું ગ્રહણ કરવું.

❖ 'स्त्र्यादि' અહીં 'आदि' થી પુરુષ, બાળક, ગુરુ, વસ્ત્રાલંકાર, ઉપકરણો આદિનું ગ્રહણ કરવું.

❖ 'कलमलादि' અહીં 'आदि' થી હાડકાં, માંસ, રુધિર આદિનું ગ્રહણ કરવું.

❖ 'जरादि' અહીં 'आदि' થી રોગ, મૃત્યુ આદિનું ગ્રહણ કરવું.

❖ 'नरकादि' અહીં 'आदि' થી ક્લિષ્ટ તિર્યંચગતિનું ગ્રહણ કરવું.

❖ 'तत्त्वावगमादि' અહીં 'आदि' થી તત્ત્વની પરિણતિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગાથા-૬૦ એ દ્વારગાથા છે. તેમાં ચાર દ્વારનું કથન કરેલ છે –

(૧) 'णाउण तव्विसय ..... विवागदोसे त्ति' જેનું વર્ણન ગાથા-૬૭ થી ૭૩માં છે.

(૨) 'चिंतेज्जा आणाए दढं .....' જેનું વર્ણન ગાથા-૭૪માં છે.

(૩) 'पइरिक्के' જેનું વર્ણન ગાથા-૭૫માં છે.

(૪) 'सम्ममुवउत्तो' જેનું વર્ણન ગાથા-૭૬માં છે.

પૂર્વ ગાથામાં બતાવ્યું એ રીતે કયો કષાય પોતાને અત્યંત બાધા કરે છે તેનું આત્મપ્રેક્ષણ કરવું જોઈએ. આત્મનિરીક્ષણ કર્યા પછી પોતાને રાગ ઘણો છે ? દ્વેષ ઘણો છે ? કે મોહ ઘણો છે ? તે નિર્ણય કરવો જોઈએ. જેમ કોઈ સાધુ સંયમ લઈને સંયમયોગમાં પ્રવૃત્તિ કરતા હોય, છતાં દરેક આચાર અત્યંત ઉપયોગપૂર્વક સમતાની વૃદ્ધિ થાય તેમ આચરી શકતા ન હોય તો તેમાં બાધક રાગ હોય અથવા દ્વેષ હોય અથવા મોહ હોય. તેમાં કયો દોષ પોતાને બાધક છે તેનો નિર્ણય કરે.

**(૧) રાગબહુલ :-** વારંવાર બાહ્ય પદાર્થને જોવા તરફ ઈન્દ્રિય જતી હોય તો ઈન્દ્રિયો વિષયો પ્રત્યે ઉત્સુક છે. તેથી તે સાધુ રાગથી બાધિત છે એમ નક્કી થાય.

**(૨) દ્વેષબહુલ :-** કદાચ તેવી ઈન્દ્રિયોની ઉત્સુકતા ન હોય તોપણ પોતાના વિષયમાં કોઈ વિપરીત કથન કરતું હોય તો તે સાંભળીને ત્યાં ઉપયોગ જોડાય અને અપ્રીતિ થાય, તો તે સાધુમાં દ્વેષબહુલતા છે. વળી સંયમની વૃદ્ધિ અર્થે અંત-પ્રાંત-તુચ્છ આહાર વાપરતા હોય, તોપણ ઈન્દ્રિયોને પ્રતિકૂળ ભોજનકાળમાં વારંવાર અપ્રીતિનો ઉલ્લેખ અંતઃસ્ફુરાયમાન થતો હોય તો તે સાધુ દ્વેષબહુલ છે.

**(૩) મોહબહુલ :-** વળી કેટલાક જીવોને તત્ત્વના વિષયમાં મોહ થાય છે અને વિચાર આવે છે કે શું આત્મા ક્ષણિક હશે ? નિત્ય હશે ? અને તેના કારણે તેમને યોગમાર્ગની પ્રવૃત્તિમાં દૃઢ યત્ન થતો નથી, તો તે સાધુ મોહબહુલ છે.

જેઓના રાગ-દ્વેષ મંદ થઈ ગયા છે તેવા સાધુઓ તો પોતાના હિત માટે શાસ્ત્રવચનાનુસાર ત્રણે યોગોને સુદૃઢ પ્રવર્તાવી શકે છે. જેમ ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યારે કંઈ વીતરાગ હોતા નથી, પરંતુ તેઓમાં રાગાદિ અતિ અલ્પ હોય છે. તેથી સંયમ ગ્રહણ કર્યા પછી કોઈ બાહ્યવિષયો, કોઈ નિમિત્તો, તેમની સમતાની વૃદ્ધિમાં કરાતા યત્નમાં સ્ખલના કરાવતા નથી. ભગવાન અસ્ખલિત ઉચિત પ્રવૃત્તિ કરીને પોતાનામાં વર્તતા કષાયોને સ્વના=કષાયોના ઉચ્છેદમાં પ્રવર્તાવી શકે છે.

પોતાને રાગ, દ્વેષ અને મોહમાંથી જે ભાવ અધિક છે અને જેના કારણે યોગમાર્ગની પ્રવૃત્તિ દૃઢ થતી નથી, તેનો નિર્ણય કરીને, જો રાગ બાધક બનતો હોય તો રાગનો વિષય નક્કી કરીને, રાગના વિષયનું સ્વરૂપ, રાગની પરિણતિ અને રાગના વિપાકનું ચિંતન કરે. તે આ રીતે –

**(૧) રાગના વિષયનો નિર્ણય કરે :-** જો સ્ત્રી વિષે રાગ થતો હોય તો વિચારે કે 'હું સંયમમાં છું છતાં કોઈ નિમિત્તને પામીને સ્ત્રી આદિનું દર્શન થાય છે ત્યારે તેના હાવભાવ તેનાં વચનો રમ્ય લાગે છે; તેથી મારામાં સ્ત્રી આદિવિષયક રાગભાવ જીવંત છે, માટે સમ્યગ્ યત્નપૂર્વક હું તેને દૂર કરું કે જેથી આ રાગ વૃદ્ધિને ન પામે કે મારા વિનાશનું કારણ ન બને.' તેથી તેવા સાધુ એકાંતમાં બેસે અને આગળમાં કહેવાશે તે સર્વ વિધિથી યુક્ત રાગના વિષયભૂત પોતાને કોઈ સ્ત્રી છે ? બાળક છે ? કે કોઈ પદાર્થ છે ? તેનું સમ્યક્ સમાલોચન કરીને નિર્ણય કરે.

**(૨) રાગના વિષયના સ્વરૂપનું ચિંતન :-** ઉપર્યુક્ત વિષયનું સમાલોચન કર્યા પછી તે ત્રણમાંથી જેના વિષયક રાગ થતો હોય તેના માટે વિચારે કે 'તેનું શરીર લોહી, માંસ, હાડકાં આદિ અશુચિ પદાર્થોના સમૂહ સ્વરૂપ છે.' તે ચિંતન પણ એ રીતે દૃઢ કરે કે જેથી જ્યારે જ્યારે અનાયાસથી પણ સ્ત્રી આદિનું દર્શન થાય, ત્યારે તેના લાવણ્ય પ્રત્યે ઉપયોગ ન જાય, પરંતુ અશુચિમયતા તરફ જ ઉપયોગ જાય.

**(૩) રાગના વિષયની પરિણતિનું ચિંતન :-** વળી વિચારે કે 'પુદ્ગલનો સ્વભાવ છે કે અત્યારે જે પુદ્ગલો રમ્ય દેખાય છે, તે ક્ષણમાં પરિણતિ બદલાય તો વિણસી જાય તેવાં છે; તેમ સ્ત્રી આદિનું આ સુંદર સ્વરૂપ રોગથી નાશ પામે તેવું છે, અને કદાચ રોગથી નાશ ન પામે તોપણ જરાદિ ભાવોથી પણ આ સુંદરતા નાશ પામે તેવી છે. તેથી આવી અસાર પરિણતિવાળી વસ્તુને જોઈને વિવેકીએ રાગ કરવો જોઈએ નહીં.' આ રીતે ભાવન કરે, જેથી સ્વરૂપના ચિંતનથી થયેલો વસ્તુઓ પ્રત્યેનો વિમુખભાવ પરિણતિના

ચિંતનથી અતિશયિત બને છે.

**(૪) રાગાદિના વિપાકનું ચિંતન :-** પરિણતિના ચિંતનથી થયેલા વિમુખભાવને જ દૃઢ કરવા માટે વિચારે કે 'જો આ સ્ત્રી આદિનો રાગ આ રીતે પ્રવર્તશે તો જેનું નરકાદિરૂપ ફળ છે, તે મને પણ પ્રાપ્ત થશે. માટે પણ મારે ભાવિના મહાઅનર્થનો વિચાર કરીને રાગ ઊઠે નહીં તે રીતે મનને પ્રવર્તાવવું જોઈએ.' આ પ્રકારના ચિંતનથી સ્ત્રી આદિ નિમિત્તે થતા રાગના કટુ ફળને કારણે પણ રાગ ઊઠી શકે નહીં તેવી જીવની પરિણતિ ઉલ્લસિત થાય છે.

આ રીતે જે કષાય પોતાને પીડતો હોય, બાધા કરતો હોય તેના નિવારણના સર્વ ઉચિત ઉપાયોમાં યત્ન કરીને દૃઢ રીતે=અત્યંત, પ્રતિપક્ષભાવન કરવામાં આવે તો સોપક્રમ કર્મ ક્ષયોપશમભાવને પામે છે; જો શિથિલ હોય તો શીઘ્ર ક્ષયોપશમભાવને પામે છે અને દૃઢ હોય તો અનેક વખતના યત્નથી પણ અવશ્ય ક્ષયોપશમભાવને પામે છે. પરંતુ જો તે સાધુ આ રીતે રાગાદિના પ્રતિપક્ષનું ચિંતન ન કરે, અને કદાચ ચિંતન કરે તોપણ શાસ્ત્રાનુસારી બુદ્ધિપૂર્વક ન કરે, તો સોપક્રમ પણ કર્મ વિનાશ પામે નહીં. માટે કલ્યાણના અર્થીએ તે રાગાદિના પ્રતિપક્ષનું ચિંતન પોતે ક્ષયોપશમભાવને પ્રગટ કરવા સમર્થ બને, ત્યાં સુધી સતત યત્નપૂર્વક કરવું જોઈએ; અને જો તે સોપક્રમ કર્મ ક્ષયોપશમભાવવાળું થાય તો તે રાગાદિ ભાવો ક્ષયોપશમભાવને પામીને ચારિત્રની વૃદ્ધિના કારણ બને.

ટીકામાં કહ્યું કે સમ્યગ્ ઉપયોગપૂર્વક દૃઢ ચિંતન કરવું જોઈએ, અને તેનો અર્થ કરતાં કહ્યું કે સાકલ્યથી શાસ્ત્રમાં વિહિત ક્રિયાથી યુક્ત થઈને કરવું જોઈએ.

આનાથી એ ફલિત થાય કે ચિંતનમાત્રથી કે વિચારણામાત્રથી કાર્ય નિષ્પન્ન થાય નહીં, પરંતુ શાસ્ત્રમાં ચિંતન માટે જે સમ્યગ્ વિધિ છે, તે સર્વ વિધિમાં ઉપયુક્ત થઈને પ્રયત્ન કરવો જોઈએ; કેમ કે ચિંતન દ્વારા પોતાને સતાવતા રાગાદિનો ક્ષયોપશમભાવ કરવો તે અભિપ્રેત કાર્ય છે, અને અભિપ્રેત કાર્ય બધી સામગ્રી હોય તો જ થાય છે, પરંતુ જો બધી સામગ્રી ન હોય તો કાર્ય થાય નહીં. જેમ ઘટરૂપ કાર્ય યાવત્ સર્વ સામગ્રી હોય ત્યારે જ થાય છે, એકાદ સામગ્રીની વિકલતા હોય તોપણ થતું નથી. તેથી પ્રસ્તુતમાં જે વિધિ સ્વયં ગ્રંથકાર આગળ બતાવવાના છે, તે સર્વ વિધિથી ઉપયુક્ત થઈને પ્રયત્ન કરવો જોઈએ કે જેથી પોતાને બાધ કરતા રાગાદિ ક્ષયોપશમભાવને પામે અને સંયમ નિરાબાધ બને. **॥૬૦॥**

**અવતરણિકા :-**

**इहैव विशेषमाह -**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=રાગાદિના પ્રતિપક્ષના ચિંતનના વિષયમાં જ, વિશેષને કહે છે -**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે એકાંતમાં સમ્યગ્ ઉપયુક્ત થઈને આજ્ઞાથી દૃઢ ચિંતન કરે, અને ત્યાં સમ્યગ્ ઉપયુક્તનો અર્થ ટીકામાં સ્પષ્ટ કર્યો કે સાકલ્યથી શાસ્ત્રમાં વિહિત ક્રિયાથી યુક્ત કરે. તેથી ચિંતનકાળમાં જે વિહિત ક્રિયા છે, તે ક્રિયાના વિષયમાં જ વિશેષને કહે છે –

**ગાથા :-**

**गुरु-देवयापणामं काउं पउमासणाइठाणेण ।**
**दंस-मसगाइ काए अगणेंतो तग्गयऽज्झप्पो ।।६१।।**

**અન્વયાર્થ :-**

**गुरु-देवयापणामं काउं=ગુરુ અને દેવતાને પ્રણામ કરીને पउमासणाइठाणेण=પદ્માસનાદિ સ્થાન વડે काए दंस-मसगाइ अगणेंतो=કાયાને વિષે ડાંસ, મચ્છર આદિને નહીં ગણકારતા तग्गयऽज्झप्पो=તદ્ગત અધ્યાત્મવાળા=તદ્ગત ચિત્તવાળા યોગી, તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કરે. ।।૬૧।।**

**ગાથાર્થ :-**

**ગુરુ અને દેવતાને પ્રણામ કરીને, પદ્માસનાદિ સ્થાન વડે, કાયાને વિષે ડાંસ-મચ્છર આદિને નહીં ગણકારતા, તદ્ગત ચિત્તવાળા યોગી, તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કરે. ।।૬૧।।**

નોંધ :- 'તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કરે' તે ગાથા-૬૦ની અનુવૃત્તિ છે.

**ટીકા :-**

**'गुरु-देवताप्रणामं कृत्वा' तदनुगृहीतः तद्विषयतत्त्वादि चिन्तयेत् । कथम्? 'पद्मासनादिस्थानेन' कायनिरोधाद्यर्थं, 'दंश-मशकादीन् काये अगणयन्' स्ववीर्येण 'तद्गताध्यात्मः' तत्त्वावभासनाय। इति गाथार्थः ।।६१।।**

**ટીકાર્થ :-**

**गुरु-देवताप्रणामं ..... इति गाथार्थः ।।६१।। ગુરુ-દેવતાને પ્રણામ કરીને તેમનાથી=ગુરુથી અને દેવતાથી, અનુગૃહીત છતા, તેના=રાગાદિના, વિષયતત્ત્વઆદિનું ચિંતન કરે.**

**કેવી રીતે ચિંતન કરે ? તેથી કહે છે –**

**કાયનિરોધ માટે પદ્માસનાદિ સ્થાનથી, સ્વવીર્ય દ્વારા કાયાને વિષે ડાંસ-મચ્છર આદિને નહીં ગણકારતા, તત્ત્વઅવભાસન માટે=તત્ત્વના બોધ માટે, તદ્ગત અધ્યાત્મવાળા=ચિંતનના વિષયભૂત પદાર્થમાં સ્થાપન કર્યું છે ચિત્ત જેણે એવા યોગી, તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કરે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૬૧।।**

❖ 'तद्विषयतत्त्वादि' અહીં 'आदि' થી પરિણતિ અને તેના વિપાકદોષોનું ગ્રહણ કરવું.

❖ 'पद्मासनादि' અહીં 'आदि' થી ગોદોહિકા શીર્ષાસનાદિનું ગ્રહણ કરવું.

❖ 'कायनिरोधादि' અહીં 'आदि' થી મનના સ્થૈર્યનું ગ્રહણ કરવું.

❖ 'दंश-मशकादिन्' અહીં 'आदि' થી શરીરની તકલીફો, રોગો કે અન્ય ઉપદ્રવ કરનારા જીવોનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે પોતાને જે રાગાદિ પીડન કરતા હોય તેનું આત્મપ્રેક્ષણ દ્વારા જ્ઞાન કરીને, એકાંતમાં સમ્યગ્ ઉપયોગપૂર્વક પોતાને પીડન કરતા રાગાદિના વિષયનો નિર્ણય કરીને, રાગાદિનું તત્ત્વ, રાગાદિની પરિણતિ અને રાગાદિના વિપાકદોષોનું આજ્ઞાથી દૃઢ ચિંતન કરે. તે આ પ્રમાણે –

(૧) **गुरु-देवयापणामं काउं** :- રાગાદિવિષયના તત્ત્વાદિનું ચિંતન કરવા માટે એકાંત સ્થાનમાં જઈને પ્રથમ ગુરુને પ્રણામ કરવાના છે, ત્યારપછી દેવતાને પ્રણામ કરવાના છે, જેથી તેમનો પોતાના ઉપર અનુગ્રહ પ્રાપ્ત થાય તો ચિંતન સમ્યગ્ થાય.

આશય એ છે કે તીર્થ જેવા ગુરુએ સ્વયં રાગાદિનું પ્રતિપક્ષભાવન કરીને આત્માને સંપન્ન કર્યો છે, અને શિષ્યને કેવી રીતે સંપન્ન થવું તેનો ઉપાય બતાવ્યો છે. તેથી તેમના ઉપદેશને સમ્યક્ પરિણમન પમાડવા અર્થે તેમને પ્રણામ કરે; અને વિચારે કે 'જે અતિ દુષ્કર કાર્ય છે તેવું પણ રાગાદિનું પ્રતિપક્ષભાવન તીર્થસ્વરૂપ ગુરુએ કરેલું છે. તેથી તેમના અનુગ્રહના બળથી મારામાં પણ તેવી શક્તિ પ્રગટો કે હું પણ તે રીતે ચિંતન કરી શકું કે જેથી બાધા કરનારા મારા રાગાદિ ક્ષયને પામે.'

ગુરુને નમસ્કાર કર્યા પછી દેવતાને અર્થાત્ તીર્થંકરને નમસ્કાર કરે. તીર્થંકરોએ આ સંપૂર્ણ યોગમાર્ગ સ્વયં પોતાનામાં પ્રગટ કર્યો અને અન્ય જીવોને પ્રગટ કરવાની દિશા બતાવી. તેથી તેઓને નમસ્કાર કરવાથી અને તેમના પ્રત્યે પૂજ્યબુદ્ધિ થવાથી તેમનો અનુગ્રહ પોતાને પ્રાપ્ત થાય, જેથી પોતે નિરાબાધ રીતે રાગાદિનું ચિંતવન કરી શકે.

અહીં દેવ-ગુરુને પ્રણામ કરીને એમ ન કહેતાં પ્રથમ ગુરુને અને પછી દેવતાને પ્રણામ કરવાનું કહ્યું, તેનું કારણ એ છે કે જે તીર્થસદૃશ ગુરુએ અનેક વખત રાગાદિના સ્વરૂપઆદિનો બોધ કરાવ્યો, તેમના પ્રત્યે પોતાની અત્યંત ભક્તિ છે. તેથી નજીકના ઉપકારી એવા ગુરુને તીર્થંકરો કરતાં પણ પ્રથમ નમસ્કાર કરે છે, અને ત્યાર પછી પૂર્ણ યોગમાર્ગના સ્થાપક એવા તીર્થંકરોને નમસ્કાર કરે છે.

(૨) **पउमासणाइठाणेण** :- વળી આ ચિંતન માટે અત્યંત અપ્રમાદભાવ આવશ્યક છે. તેથી કાયનિરોધ અને મનના સ્થૈર્ય અર્થે પદ્માસનાદિ આસનમાં બેસીને ચિંતન કરે.

(૩) **दंस-मसगाइ काए अगणेंतो** :- વળી ચિંતનકાળમાં કાયાને ડંશ-મશકાદિના કોઈ ઉપદ્રવો થાય તોપણ સ્વવીર્ય દ્વારા ડાંસ-મચ્છર આદિની ઉપેક્ષા કરે, જેથી પોતાનું ચિત્ત તેમાં ન જાય, પરંતુ ચિંતનીય પદાર્થો સાથે દૃઢ ઉપયોગવાળું ચિત્ત રહી શકે.

(૪) **तग्गयऽज्झप्पो** :- વળી ચિંતનથી પોતાને તત્ત્વનો સ્પષ્ટ બોધ થાય તદર્થે તદ્દ્ગત ચિત્તવાળો થઈને ચિંતન કરે અર્થાત્ ચિંતનીય એવા રાગાદિના વિષયભૂત પદાર્થો જેવા છે તેવું જ સ્વરૂપ, તેવી જ તેમની પરિણતિ અને તેવો જ રાગાદિનો વિપાક પોતાની બુદ્ધિમાં તે રીતે સ્થિરભાવને પામે તેમ ચિંતન કરે, જેના ફળરૂપે ચિંતન પછી તે રાગાદિનાં નિમિત્તો પ્રાપ્ત થાય તોપણ રાગનો પરિણામ ઉત્થિત થઈ શકે નહીં, પરંતુ તે વિષયોનું વાસ્તવિક સ્વરૂપ જ બુદ્ધિમાં સ્ફુરાયમાન થાય.

આ દ્વારગાથા છે. તેનાં દ્વારોનું વર્ણન આગળ આગળની ગાથામાં થશે. **॥૬૧॥**

**અવતરણિકા :-**

**एष तावदधिकृतगाथाद्वयस्य समुदायार्थ अवयवार्थं तु स्थूलोच्चयेन ग्रन्थकार एवाभिधातुमाह -**

**અવતરણિકાર્થ :-**

**આ=ગાથા-૬૦-૬૧ની ટીકામાં વર્ણન કર્યું એ, અધિકૃત ગાથાદ્વયનો=આજ્ઞાથી રાગાદિના પ્રતિપક્ષના ચિંતનરૂપ અધિકૃત વિષયને કહેનાર એવી ૬૦-૬૧મી ગાથાદ્વયનો, સમુદાયાર્થ છે. વળી અવયવાર્થ સ્થૂલોચ્ચયથી=સ્થૂલ સંગ્રહથી, ગ્રંથકાર જ કહે છે –**

**ભાવાર્થ :-**

અહીં સ્થૂલોચ્ચયથી અવયવાર્થને કહે છે, એમ કહીને એ બતાવવું છે કે તેના અવયવોનો અર્થ સંક્ષેપથી ગ્રંથકાર સંગ્રહ નથી કરતા, પરંતુ દરેક અવયવનો સ્થૂલથી સંગ્રહ કરે છે. સંક્ષેપથી સંગ્રહ કરે તો તે દરેક અવયવનો સંક્ષેપથી પણ પૂર્ણ સંગ્રહ થઈ શકે, પરંતુ તેના અવયવોનો અહીં સ્થૂલથી સંગ્રહ કર્યો છે, સંક્ષેપથી સંગ્રહ કર્યો નથી, તે બતાવવા માટે 'स्थूलोच्चयेन' પ્રયોગ કરેલ છે; અને 'उच्चय' માં उद्+ची (चय) ધાતુ છે અને ઉપચય અર્થમાં 'उच्चय' શબ્દનો પ્રયોગ છે.

**ગાથા :-**

गुरु-देवयाहि जायइ अणुग्गहो, अहिगयस्स तो सिद्धी ।
एसो य तन्निमित्तो तहाऽऽयभावाओ विण्णेओ ।।६२।।

**અન્વયાર્થ :-**

**गुरु-देवयाहि=ગુરુદેવતાથી अणुग्गहो=અનુગ્રહ जायइ=થાય છે, तो=તેથી=અનુગ્રહથી, अहिगयस्स= અધિકૃતની=ચિંતન દ્વારા નિષ્પાદ્ય ભાવોની सिद्धि=નિષ્પત્તિ થાય છે तहाऽऽयभावाओ य=અને તેવા પ્રકારના આત્મભાવથી=ગુરુ-દેવતા પ્રત્યેનું બહુમાન થાય તેવા પ્રકારના પોતાના ભાવથી एसो= આ=અનુગ્રહ तन्निमित्तो=તદ્દનિમિત્ત=ગુરુદેવતાદિ નિમિત્ત विण्णेओ=જાણવો. ॥૬૨॥**

**ગાથાર્થ :-**

**ગુરુ-દેવતાથી અનુગ્રહ થાય છે, અનુગ્રહથી અધિકૃતની સિદ્ધિ થાય છે અને તેવા પ્રકારના પોતાના ભાવથી આ અનુગ્રહ ગુરુદેવતાદિ નિમિત્તક જાણવો. ।।૬૨।।**

**ટીકા :-**

'गुरुदेवताभ्यो जायतेऽनुग्रहः', प्रणामादिति गम्यते । 'अधिकृतस्य'=तद्विषयतत्त्वादिचिन्तनस्य 'ततः'= अनुग्रहात् 'सिद्धिः'=निष्पत्तिः । 'एष च' - अनुगहः 'तन्निमित्तः' - गुरु-देवतानिमित्तः 'तथात्मभावात्'- तद्बहुमानालम्बनाद् 'विज्ञेयः'-ज्ञातव्यः, एवं तदा तद्भावेन तन्माध्यस्थ्यादौ । इति गाथार्थः ।।६२।।

**ટીકાર્થ :-**

गुरु-देवताभ्यो ..... 'सिद्धिः' निष्पत्तिः । **ગુરુ-દેવતાથી પ્રણામને આશ્રયીને અનુગ્રહ થાય છે.**

**મૂળ ગાથામાં 'प्रणामाद्' શબ્દ અધ્યાહાર છે. ततः=તેનાથી=અનુગ્રહથી, અધિકૃતની=તદ્વિષય-તત્ત્વાદિચિંતનની, સિદ્ધિ=નિષ્પત્તિ થાય છે અર્થાત્ તદ્વિષયતત્ત્વાદિચિંતનથી નિષ્પાદ્યભાવોની નિષ્પત્તિ થાય છે.**

**ઉત્થાન :-**

અધિકૃત તત્ત્વના ચિંતનથી પોતાનામાં ચિંતન દ્વારા નિષ્પાદન કરવાના ભાવોની નિષ્પત્તિ થાય છે, તો પછી પ્રણામને આશ્રયીને ગુરુ-દેવાદિથી અનુગ્રહ થયો છે, તેમ કેમ કહેવાય ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

'एष च' ..... इति गाथार्थः ।।६२।। **અને આ અનુગ્રહ=તદ્વિષયતત્ત્વાદિચિંતનથી નિષ્પાદ્ય ભાવોની નિષ્પત્તિરૂપ અનુગ્રહ, તદ્નિમિત્તે= ગુરુ-દેવતાદિના નિમિત્તે 'विज्ञेयः'=જાણવો; કેમ કે તે પ્રકારનો તદ્બહુમાન આલંબનવાળો=ગુરુબહુમાનના આલંબનવાળો, પોતાનો ભાવ છે. एवं=આ રીતે=ગુરુના બહુમાન દ્વારા તે પ્રકારના પોતાના ભાવને કારણે જે અધિકૃત તત્ત્વની સિદ્ધિ થઈ એ રીતે, ત્યારે=ગુરુને પોતે પ્રણામાદિ કર્યા ત્યારે, તદ્ભાવથી='આ મને પ્રણામ કરે છે માટે હું તેનો અનુગ્રહ કરું, અને આ મને પ્રણામ નથી કરતો માટે અનુગ્રહ ન કરું' તે પ્રકારના ભાવથી, તન્મધ્યસ્થપણું હોતે છતે=ગુરુ અને દેવતાનું મધ્યસ્થપણું હોતે છતે, તેમના બહુમાનનું આલંબન હોવાને કારણે આ અનુગ્રહ તન્નિમિત્ત છે=ગુરુદેવતાદિ નિમિત્ત છે, એ પ્રકારનો અન્વય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૬૨।।**

❖ 'तन्माध्यस्थ्यादौ' અહીં 'आदि' થી તેમની અનુગ્રહની અપ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૧) દ્વાર ગાથા-૬૧માં કહેલ ગુરુ-દેવતાના પ્રણામનું ફળ :-** ગુરુ-દેવતાને પ્રણામ કરીને પૂર્વમાં વર્ણન કરાયેલી વિધિ પ્રમાણે એકાંત સ્થાનમાં બેસીને કોઈ સાધક આત્મા પોતાને બાધ કરતા

રાગાદિવિષયના તત્ત્વ આદિનું ચિંતવન કરે, તો તે ચિંતવનથી પોતાનામાં રાગાદિના પ્રતિપક્ષભાવો અર્થાત્ તે રાગાદિના ક્ષયોપશમભાવો નિષ્પન્ન થાય છે, અને આ ભાવોની નિષ્પત્તિ ગુરુ અને દેવતાને પ્રણામ કરેલ તેનાથી થયેલ છે, પરંતુ માત્ર સ્વપ્રયત્નથી થયેલ નથી.

અહીં પ્રશ્ન થાય કે ગુરુ અને દેવતાને સાધક પોતે પ્રણામ કરે તોપણ ગુરુ-દેવતાએ કોઈ પ્રયત્ન કરીને સાધક ઉપર અનુગ્રહ કર્યો નથી, પરંતુ સાધક આત્માએ જ સ્વયં તેમની પાસેથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનું અવલંબન લઈને તત્ત્વનું ચિંતન કરેલ છે, અને તેનાથી પોતાના રાગાદિભાવો ક્ષયોપશમભાવને પામ્યા છે; આમ છતાં ગુરુ આદિના પ્રણામથી થયેલા અનુગ્રહને કારણે કાર્યનિષ્પત્તિ થઈ છે, એમ કેમ કહ્યું ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

પ્રણામ સમયે સાધક આત્માને ગુરુ-દેવતાના બહુમાનનું આલંબન હોય છે અને તે બહુમાનના આલંબનરૂપ પોતાના ભાવને કારણે તે કાર્યની નિષ્પત્તિ થઈ છે, તેથી તે તદ્નિમિત્તક છે, એમ કહેવાય છે, અને આ જ તેમનો અનુગ્રહ છે.

આનાથી શું ફલિત થયું ? તે બતાવવા માટે કહે છે –

આ રીતે તેમના બહુમાનના આલંબનને કારણે સાધકને તે ભાવ પ્રગટ થયેલ છે, છતાં પ્રણામકાળમાં ગુરુ કે દેવતા 'આ શિષ્ય મને પ્રણામ કરે છે' તે પ્રકારના ભાવથી અનુગ્રહ કરવાના પરિણામવાળા નથી, પરંતુ જે પોતાને પ્રણામ કરે અને જે પોતાને પ્રણામ ન કરે તે સર્વ પ્રત્યે મધ્યસ્થ પરિણામવાળા છે.

ટીકામાં 'तन्माध्यस्थ्यादौ' એમ કહ્યું, ત્યાં 'आदि' પદથી ગુરુ-દેવતાનું ઉપદેશ આપવારૂપ અનુગ્રહની અપ્રવૃત્તિનું ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ પૂર્વમાં ગુરુ પોતાને રાગાદિનું પ્રતિપક્ષભાવન કેમ કરવું તેનું સ્વરૂપ બતાવતા હતા, અને તીર્થંકરો પણ દેશના દેતી વખતે રાગાદિને કેમ જીતવા તેનો ઉપાય બતાવતા હતા, તે પ્રકારે સાધક આત્મા જ્યારે પ્રણામ કરી ચિંતવન કરવા બેસે છે ત્યારે દેવ-ગુરુ તેવું કાંઈ બતાવતા નથી અર્થાત્ ત્યારે સાધક ઉપર કોઈ ઉપકારની પ્રવૃત્તિ કરતા નથી, તોપણ સાધક બહુમાનનું આલંબન લે છે, અને તે આલંબનને કારણે અતિદુષ્કર એવું રાગાદિનું પ્રતિપક્ષભાવન સમ્યક્ કરી શકે છે. તેથી સ્વપ્રયત્નથી રાગાદિનો ક્ષયોપશમ થયેલો હોવા છતાં ગુરુ-દેવતાના પ્રણામના આલંબનથી થયેલો હોવાને કારણે, આ અનુગ્રહ તન્નિમિત્તક છે=ગુરુ-દેવતાનિમિત્તક છે, તેમ કહેવાય છે.

અહીં પ્રણામ એટલે 'તત્સ્વભાવપણા વડે કરીને તેમનું અભિધ્યાન કરવું.' તે અભિધ્યાનકાળમાં ભાવના પ્રકર્ષ અર્થે હાથ જોડવાની ક્રિયા અને મસ્તક નમાવવાની ક્રિયા પણ કરવામાં આવે છે; અને જ્યારે તે સ્વભાવરૂપે=તેમના સ્વભાવરૂપે તેમનું અભિધ્યાન કરવામાં આવે=તેમના સ્વરૂપનું ચિંતન કરવામાં આવે, ત્યારે સાધક આત્માને તેઓના તે સ્વરૂપ પ્રત્યે અત્યંત ભક્તિ ઉલ્લસિત થાય છે, અને તે સ્વરૂપ પ્રત્યેની ભક્તિ પોતાનામાં તે સ્વરૂપ પ્રગટ કરવામાં પ્રતિબંધક કર્મોનો ક્ષયોપશમ કરવામાં પ્રબળ કારણ છે. માટે પ્રણામની ક્રિયાથી તે રાગાદિ પ્રતિપક્ષભાવોનો ક્ષયોપશમ થયો, તેમ વ્યવહાર થાય છે. **॥૬૨॥**

**અવતરણિકા :-**

एतद्भावनायैवाह -

**અવતરણિકાર્થ :-**

**આના ભાવન માટે જ કહે છે –**

**ભાવાર્થ :-**

ગુરુ-દેવતાને પ્રણામ કરવાથી ચિંતનના ફળની નિષ્પત્તિ થાય છે, તેમાં સાક્ષાત્ ગુરુની કે દેવતાની અનુગ્રહની કોઈ પ્રવૃત્તિ નથી, તેઓ પ્રણામ કરનાર પ્રત્યે અને પ્રણામ નહીં કરનાર પ્રત્યે મધ્યસ્થ છે; આમ છતાં પ્રણામ કરનારને ગુરુ-દેવતાના અનુગ્રહથી કાર્યની નિષ્પત્તિ થાય છે એને, ભાવન કરવા માટે કહે છે –

**ગાથા :-**

जह चेव मंत-रयणाइएहिं विहिसेवगस्स भव्वस्स ।
उवगाराभावम्मि वि तेसिं होइ त्ति तह एसो ।।६३।।

**અન્વયાર્થ :-**

विहिसेवगस्स भव्वस्स=વિધિપૂર્વક સેવન કરનાર ભવ્ય જીવને जह चेव=જે પ્રકારે જ मंत-रयणाइएहिं=મંત્ર-રત્નાદિ વડે उवगाराभावम्मि वि=ઉપકારના અભાવમાં પણ तेसिं=તેઓનો=મંત્રાદિનો होइ=અનુગ્રહ થાય છે, तह=તે પ્રકારે एसो=આ=ગુરુ-દેવતાનો અનુગ્રહ છે. 'त्ति' પાદપૂર્તિમાં છે. ।।૬૩।।

**ગાથાર્થ :-**

**વિધિપૂર્વક સેવન કરનાર ભવ્ય જીવને જે પ્રકારે જ મંત્ર-રત્નાદિ વડે ઉપકારના અભાવમાં પણ મંત્રાદિનો અનુગ્રહ થાય છે, તે પ્રકારે આ ગુરુ-દેવતાનો અનુગ્રહ છે. 'त्ति' પાદપૂર્તિમાં છે. ।।૬૩।।**

**ટીકા :-**

'यथैव मन्त्र-रत्नादिभ्यः सकाशाद् विधिसेवकस्य भव्यस्य प्राणिन उपकाराभावेऽपि' 'तेषां'=मन्त्रादीनां 'भवत्यनुग्रह' इति, तथा 'एषः'=गुरुदेवतानुग्रहः । इति गाथार्थः ।।६३।।

**ટીકાર્થ :-**

यथैव मन्त्र-रत्नादिभ्यः ..... इति गाथार्थः ।।६३।। વિધિસેવક એવા ભવ્ય જીવને જે પ્રકારે જ મંત્રરત્નાદિથી ઉપકારના અભાવમાં પણ તેઓનો=મંત્રાદિનો, અનુગ્રહ થાય છે, તે પ્રકારે આ=ગુરુ-દેવતાનો અનુગ્રહ, છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૬૩।।

❖ 'उपकाराभावेऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે મંત્રાદિથી ઉપકાર થતો હોય તો મંત્રાદિનો અનુગ્રહ કહેવાય, પણ ઉપકારનો અભાવ હોવા છતાં પણ મંત્રાદિનો અનુગ્રહ છે.

**ભાવાર્થ :-**

**ગુરુ-દેવતાના પ્રણામથી થતા અનુગ્રહનું દૃષ્ટાંતથી ભાવન :-** વિશિષ્ટ પ્રકારના મંત્ર કે વિશિષ્ટ પ્રકારનાં રત્નોનું વિધિપૂર્વક કોઈ સેવન કરે ત્યારે મંત્ર કે રત્ન તેના ઉપર કોઈ ઉપકાર કરવા માટે પ્રયત્ન કરતા નથી, છતાં સેવન કરનારને મંત્રાદિથી કે રત્નાદિથી અનુગ્રહ થાય છે, આ વસ્તુ લોકમાં પ્રસિદ્ધ છે. આ દૃષ્ટાંતથી ગ્રંથકાર બતાવે છે, પ્રણામ કરનારને ગુરુ કે દેવતા ઉપકાર કરવા અર્થે રત્નાદિની જેમ જ કોઈ પ્રવૃત્તિ કરતા નથી, તોપણ તદ્ભાવ પ્રત્યેના બહુમાનપૂર્વક ગુરુ-દેવતાને જે જીવ પ્રણામ કરે છે, તેના કારણે ગુરુ-દેવતાથી તેને અનુગ્રહ થાય છે. માટે ગુરુ-દેવતા અનુગ્રહ કરવામાં પ્રવૃત્ત થાય તો જ અનુગ્રહ થાય, તેવો નિયમ નથી; પરંતુ તેમના અવલંબનથી પોતાને થયેલા ઉત્તમ ભાવને કારણે આ અનુગ્રહ તન્નિમિત્તક છે. **॥૬૩॥**

**અવતરણિકા :-**

**स्थानादिगुणानाह -**

**અવતરણિકાર્થ :-**

**સ્થાનાદિ ગુણોને કહે છે –**

❖ 'स्थानादि' અહીં 'आदि' થી ડાંસ-મચ્છરાદિની અવગણનાનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

ગાથા-૬૧માં રાગાદિના પ્રતિપક્ષનું ભાવન કેમ કરવું, તેની વિશેષ વિધિ બતાવી. તેમાં પ્રથમ ગુરુ-દેવતાના પ્રણામનું કથન કર્યું. તેનાથી શું ફળ મળે, તે ગાથા-૬૨માં બતાવ્યું. ત્યાર પછી ગાથા-૬૧માં કહેલ કે પદ્માસનાદિ સ્થાનમાં રહીને રાગાદિ પ્રતિપક્ષનું ભાવન કરવું જોઈએ. તેથી હવે પદ્માસનાદિ આસનમાં બેસવાથી શું ગુણ થાય ? તેને અને સ્થાનાદિમાં 'आदि' પદથી સ્વવીર્ય દ્વારા ડાંસ-મચ્છરાદિની અવગણના કરવાથી શું ગુણ થાય ? તેને કહે છે –

**ગાથા :-**

**ठाणा कायनिरोहो तक्कारीसु बहुमाणभावो य ।**
**दंसादिअगणणम्मि वि वीरियजोगो य इट्ठफलो ।।६४।।**

**અન્વયાર્થ :-**

**ठाणा=સ્થાનથી कायनिरोहो=કાયનિરોધ तक्कारीसु य=અને તેના કરનારાના વિષે बहुमाणभावो=**

બહુમાનભાવ થાય.

दंसादिअगणणम्मि वि=ડાંસ આદિને નહીં ગણકાર્યે છતે જ वीरियजोगो=વીર્યયોગ य=અને તત્ત્વાનુપ્રવેશ इट्ठफलो=ઈષ્ટફળવાળો થાય છે. ॥૬૪॥

**ગાથાર્થ :-**

**સ્થાનથી કાયનિરોધ અને તેને કરનારાને વિષે બહુમાનભાવ થાય. ડાંસ આદિને નહીં ગણકાર્યે છતે જ વીર્યયોગ, અને તત્ત્વાનુપ્રવેશ ઈષ્ટફળવાળો થાય છે. ॥૬૪॥**

❖ ગાથામાં 'वि'='अपि' 'एवकार' અર્થમાં છે.

**ટીકા :-**

'स्थानात्'=पद्मासनादेः 'कायनिरोधो' भवति । 'तत्कारिषु'=अन्ययोगिषु गौतमादिषु 'बहुमानभावश्च', शुभाभिसन्धिना तच्चेष्टाऽनुकारात् । 'दंशाद्यगणनेऽपि' सति 'वीर्ययोगः' 'च' शब्दात् तत्त्वानुप्रवेशश्च 'इष्टफलः'= योगसिद्धिफलः । इति गाथार्थः ॥६४॥

**ટીકાર્થ :-**

'स्थानात्' ..... इति गाथार्थः ॥६४॥ **પદ્માસનાદિ સ્થાનથી કાયનિરોધ થાય છે અને તેને કરનારા=સ્થાનાદિને કરનારા, ગૌતમ આદિ અન્ય યોગીઓમાં બહુમાનભાવ થાય છે; કેમ કે શુભ અભિસંધિથી=પૂર્વના મહાપુરુષોને અનુસરણ કરવાના શુભ અધ્યવસાયથી, તેમની ચેષ્ટાનું=ગૌતમાદિ મહાપુરુષોની ચેષ્ટાનું, અનુસરણ છે. ડાંસ આદિને નહીં ગણકાર્યે છતે જ વીર્યનો યોગ, અને च શબ્દથી=મૂળગાથામાં બતાવેલ य શબ્દથી, તત્ત્વાનુપ્રવેશ ગ્રહણ કરવો ઈષ્ટફળવાળો=યોગસિદ્ધિરૂપ ફળવાળો, થાય છે, અર્થાત્ વીર્યનો યોગ અને તત્ત્વાનુપ્રવેશ યોગસિદ્ધિરૂપ ફળવાળો થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૬૪॥**

**ભાવાર્થ :-**

**(૨) દ્વારગાથા-૬૧માં બતાવેલ સ્થાનનું ફળ :-**

**(A) कायनिरोहो :-**

રાગાદિ પ્રતિપક્ષભાવન અર્થે એકાંતમાં પદ્માસનાદિથી પ્રયત્ન કરવામાં આવે ત્યારે કાયનિરોધની પ્રાપ્તિ થાય છે અર્થાત્ કાયામાં કર્મબંધને અનુકૂળ યત્ન બંધ થાય છે. આ પ્રથમ ફળની પ્રાપ્તિ છે.

**(B) तक्कारीसु बहुमाणभावो :-**

પદ્માસનાદિથી રાગાદિ પ્રતિપક્ષભાવનું ચિંતન કરવા પ્રયત્ન કરવામાં આવે ત્યારે, પદ્માસનાદિ કરનારા ગૌતમાદિ મહાપુરુષો પ્રત્યે બહુમાનભાવ થાય છે; કેમ કે 'પૂર્વના મહર્ષિઓએ પદ્માસનાદિ દ્વારા

કાયાનો નિરોધ કરીને તત્ત્વનું ચિંતન કરેલ છે, તેથી હું પણ તે પ્રમાણે કરું' - એ પ્રકારના શુભ અધ્યવસાયથી ગૌતમ આદિ મહામુનિઓની ચેષ્ટાનું અનુકરણ થાય છે, જે અનુકરણની પ્રવૃત્તિ તેમના પ્રત્યેના બહુમાનભાવને અભિવ્યક્ત કરે છે. આ દ્વિતીય ફળની પ્રાપ્તિ છે.

**(૩) દ્વારગાથા-૬૧માં બતાવેલ ડાંસ-મચ્છરાદિને નહીં ગણકારવાનું ફળ :-**

ગુરુ-દેવતાને પ્રણામ કરીને એકાંત સ્થાનમાં પદ્માસનાદિથી રાગાદિ પ્રતિપક્ષનું ભાવન કરે ત્યારે ડાંસ-મચ્છરાદિને નહીં ગણકારવાથી બે ફળની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

**(A) वीरियजोगो** :-

ચિંતનકાળમાં ડાંસ-મચ્છરાદિને નહીં ગણકારવાથી પોતાનું વીર્ય કાયાની મમતામાં પ્રવર્તતું બંધ થાય છે અને તે સંચિત થયેલું વીર્ય તત્ત્વચિંતનમાં પ્રવૃત્ત થઈ શકે છે.

**(B) तत्त्वानुप्रवेश** : -

તત્ત્વચિંતન કરવામાં આવે તો જીવનો ઉપયોગ ડાંસ-મચ્છરના ઉપદ્રવમાં પ્રવર્તતો બંધ થઈ જાય છે, તેથી અખંડપણે તે ઉપયોગ માત્ર તત્ત્વમાં જ પ્રવેશ પામે છે.

**ચિંતનકાળમાં ડાંસ-મચ્છરાદિને નહીં ગણકારવાથી વીર્યનો યોગ અને તત્ત્વાનુપ્રવેશનું ફળ :-**

ચિંતનકાળમાં ડાંસ-મચ્છરાદિને નહીં ગણકારવાથી કાયાની મમતામાં પ્રવર્તતું વીર્ય બંધ થાય અને તત્ત્વમાં જીવનો ઉપયોગ દૃઢ પ્રવેશ પામે તો ચિંતવન કરતાં કરતાં ચિંતવનથી નિષ્પાદ્ય યોગસિદ્ધિરૂપ ફળની પ્રાપ્તિ થાય અર્થાત્ સાધક આત્માએ રાગાદિના પ્રતિપક્ષને ભાવન કરવા માટે યોગ પ્રારંભ કરેલ, તે યોગની નિષ્પત્તિરૂપ ફળ પ્રગટે અર્થાત્ પૂર્વમાં જે રાગાદિ પોતાને બાધ કરતા હતા, તે રાગાદિ હવે પોતાને બાધ ન કરી શકે તે પ્રકારે રાગાદિઆપાદકકર્મ ક્ષયોપશમભાવને પામે, જે યોગનિષ્પત્તિરૂપ ફળ છે. **॥૬૪॥**

**અવતરણિકા :-**

तद्गताध्यात्मगुणानाह -

**અવતરણિકાર્થ :-**

**તદ્‌ગત=ચિંતનગત, અધ્યાત્મગુણોને=ચિત્તના ગુણોને કહે છે=ચિત્તથી ઉત્પન્ન થતા ગુણોને કહે છે –**

**ભાવાર્થ :-**

રાગાદિના પ્રતિપક્ષભાવન માટે ઉચિત આસનપૂર્વક બેસીને બાધક એવા રાગાદિના વિષયનું તત્ત્વ, તેની પરિણતિ અને તેના વિપાકદોષોનું અત્યંત ઉપયોગપૂર્વક સાધક યોગી ચિંતવન કરે, તો તેનાથી પોતાને જે લાભો થાય છે, તે બતાવે છે –

ગાથા :-

तग्गयचित्तस्स तहोवओगओ तत्तभासणं होति ।
एय एत्थ पहाणं अंगं खलु इट्ठसिद्धीए ।।६५।।

અન્વયાર્થ :-

तग्गयचित्तस्स=તદ્ગત ચિત્તનો तहोवओगओ=તે પ્રકારે ઉપયોગ હોવાને કારણે=તત્ત્વના ભાસનનું કારણ બને તે પ્રકારે ઉપયોગ હોવાને કારણે तत्तभासणं=તત્ત્વભાસન होति=થાય છે. एत्थ= અહીં રાગાદિપ્રતિપક્ષના ભાવનમાં इट्ठसिद्धीए=ઈષ્ટસિદ્ધિનું एय खलु=આ જ=તદ્ગત ચિત્ત જ पहाणं अंगं=પ્રધાન અંગ છે. ॥૬૫॥

ગાથાર્થ :-

**તદ્ગત ચિત્તનો તે પ્રકારે ઉપયોગ હોવાને કારણે તત્ત્વભાસન થાય છે. અહીં ઈષ્ટસિદ્ધિનું આ જ=તદ્ગત ચિત્ત જ પ્રધાન અંગ છે. ॥૬૫॥**

ટીકા :-

'तद्गतचित्तस्य'=तद्विषयतत्त्वादिगतचित्तस्य 'तथोपयोगतः'=तेनैकाग्रताप्रकारेणोपयोगाद् हेतोः, किम् इत्याह - 'तत्त्वभासनं भवति'=अधिकृतवस्तुनः तद्भावभासनमुपजायते। 'एतच्चात्र' 'प्रधानमङ्गं'=श्रेष्ठं कारणम् 'खलु' इत्येतदेव, कस्याः? इत्याह - 'इष्टसिद्धेः'=भावनानिष्पत्तेः सकललब्धिनिमित्तसाकारोपयोगत्वेन । इति गाथार्थः ।।६५।।

ટીકાર્થ :-

'तद्गतचित्तस्य' ..... इति गाथार्थः ।।६५।। તદ્ગત ચિત્તનો=તદ્વિષયતત્ત્વાદિગત ચિત્તનો, તથાઉપયોગ હોવાને કારણે=તેવી એકાગ્રતા પ્રકારે અર્થાત્ તત્ત્વભાસનરૂપ લક્ષ્યમાં પરિણામ પામે તેવી એકાગ્રતા સ્વરૂપે ઉપયોગ હોવાને કારણે तत्त्वभासनं=તત્ત્વભાસન થાય છે=અધિકૃત વસ્તુના અર્થાત્ રાગાદિપ્રતિપક્ષના ભાવનરૂપ અધિકૃત વસ્તુના, તદ્ભાવનું અર્થાત્ તેમાં વર્તતા ભાવનું, ભાસન થાય છે અર્થાત્ સંવેદન થાય છે, અને અહીં=રાગાદિપ્રતિપક્ષભાવનમાં, આ=તદ્ગત ચિત્ત, પ્રધાન અંગ છે=શ્રેષ્ઠ કારણ છે.

મૂળગાથામાં 'खलु' શબ્દ છે, તે 'एतदेव' આ જ પ્રધાન કારણ છે, તે બતાવવા માટે છે અર્થાત્ 'खलु' શબ્દ 'एवकार' અર્થક છે, અને તે 'एवकार' 'एतद्' ની સાથે સંબંધવાળો છે. તેથી આ જ= તદ્ગત ચિત્ત જ, શ્રેષ્ઠ કારણ છે.

તદ્ગત ચિત્ત કોનું પ્રધાન કારણ છે ? એથી કહે છે –

ઈષ્ટસિદ્ધિનું=ભાવનાનિષ્પત્તિનું પ્રધાન કારણ છે.

**તદ્ગત ચિત્ત ભાવનાનિષ્પત્તિનું પ્રધાન કારણ કેમ છે ? તેમાં હેતુ જણાવતાં કહે છે –**

**સકલ લબ્ધિઓનું નિમિત્ત સાકારઉપયોગપણું તદ્ગત ચિત્તમાં છે, તેથી તદ્ગત ચિત્તથી ભાવનાની નિષ્પત્તિ થાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૬૫।।**

**ભાવાર્થ :-**

**(૪) દ્વાર ગાથા-૬૧માં બતાવેલ તદ્ગત ચિત્તનું ફળ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે તીર્થમાં અનેકવાર શ્રવણ, આત્મપ્રેક્ષણ રાગાદિપ્રતિપક્ષનું ભાવન, ઈત્યાદિ સર્વ કારણો ભાવનાની નિષ્પત્તિનાં છે, તોપણ તદ્વિષયતત્ત્વાદિગત ચિત્તનો, લક્ષ્ય પેદા થાય તે પ્રકારનો એકાગ્રતા પ્રકારવાળો ઉપયોગ હોવાથી તત્ત્વભાસન થાય છે અર્થાત્ આ પ્રકારનું ચિત્ત જ તત્ત્વભાસનરૂપે પરિણામ પામે છે. તેથી તત્ત્વભાસનમાં ભાવનાશ્રુતનો પાઠ ઈત્યાદિ કારણો પ્રધાન કારણ નથી, પરંતુ ભાવનાકાળમાં લક્ષ્યને અનુરૂપ એકાગ્રતારૂપે વર્તતો જીવનો ઉપયોગ પ્રધાન કારણ છે, અને દીર્ઘકાળ સુધી કરાયેલા રાગાદિના પ્રતિપક્ષભાવનનો ઉપયોગ આત્મામાં ભાવનાના ઘનિષ્ઠ સંસ્કાર નિષ્પન્ન કરે છે. તેથી પૂર્વમાં જે રાગાદિ ભાવો બાધ કરતા હતા, તે રાગાદિ ભાવો હવે બાધ કરી શકતા નથી; કેમ કે ભાવનાની નિષ્પત્તિને કારણે રાગાદિના વિષયોનું સ્વરૂપ, તે રાગાદિવિષયોના પરિણામ અને તેનું ફળ બુદ્ધિમાં એવું સ્પષ્ટ રીતે ભાસન થાય છે કે જેના બળથી હવે તે નિમિત્તો રાગાદિ ઉત્પન્ન કરાવવા અસમર્થ બને છે.

અહીં પ્રશ્ન થાય કે તે પ્રકારના એકાગ્રતાથી કરાયેલા ઉપયોગથી ઈષ્ટસિદ્ધિ કેમ થઈ ? તેથી કહે છે -

બધી લબ્ધિઓનું નિમિત્ત સાકાર ઉપયોગ છે.

આશય એ છે કે આત્મામાં જે કાંઈ ગુણો પ્રગટે છે, તે બધાનું પ્રબળ કારણ લક્ષ્યને અનુરૂપ સાકાર ઉપયોગ છે. આથી વીતરાગતાને અનુરૂપ સાકાર ઉપયોગ પ્રવર્તતો હોય તો તે ઉપયોગ વીતરાગભાવની નિષ્પત્તિનું કારણ બને છે. તે રીતે રાગાદિના પ્રતિપક્ષભાવનને અનુકૂળ વર્તતો જે સાકાર ઉપયોગ તે જીવને રાગાદિના વિષયભૂત પદાર્થના પારમાર્થિક સ્વરૂપરૂપ તત્ત્વભાસન કરાવે છે, જે તત્ત્વભાસન ભાવન જ્ઞાનરૂપ છે.

**લબ્ધિનું નિમિત્ત એવો સાકાર ઉપયોગ :-** લક્ષ્યના ચિંતનકાળમાં ઉપયોગ એકાગ્ર ન હોય તો પ્રથમ દર્શન અને પછી જ્ઞાન એ પ્રમાણે દર્શન-જ્ઞાનમાં પરાવર્તનવાળો ઉપયોગ બને છે. જેમ એકાંતમાં બેસીને સ્ત્રીવિષયનું તત્ત્વચિંતન સાધક કરતો હોય, તોપણ એ ચિંતનકાળમાં ચક્ષુથી, શ્રોત્રેન્દ્રિયથી કે મનથી, વચ્ચે વચ્ચે ઉપયોગ અન્ય અન્ય વિષયો સાથે જોડાતો હોય તો તે નવા નવા વિષય સાથે જોડાતો ઉપયોગ પ્રારંભમાં દર્શનવાળો થાય છે, પછી જ્ઞાનવાળો થાય છે. વળી ચિંતનના વિષયભૂત પદાર્થમાં આવે છે ત્યારે પ્રથમ દર્શનવાળો ઉપયોગ થાય છે, પછી જ્ઞાનવાળો ઉપયોગ થાય છે. આ રીતે ચિંતનનો દીર્ઘ ઉપયોગ અન્ય અન્ય વિષયમાં જતો હોય તો દર્શન-જ્ઞાનના ઉપયોગથી વ્યાપ્ત બને છે. પરંતુ કોઈ ચિંતન કરનાર

સાધક બધી ઈન્દ્રિયોને સંવૃત કરીને માત્ર ચિંતનીય પદાર્થમાં ઉપયોગને સતત પ્રવર્તાવે તો તે ઉપયોગ દર્શનથી પ્રારંભ થઈને પછી સતત જ્ઞાનમય બને છે; કેમ કે આ ઉપયોગનો પ્રારંભ દર્શનથી થયેલ, ત્યાર પછી તે જ્ઞાનનો ઉપયોગ ઉત્તરોત્તર વૃદ્ધિમાન થઈ રહ્યો છે, પરંતુ વચ્ચે વચ્ચે અન્ય વિષયમાં જતો નથી. તેથી ચોક્કસ વિષયમાં અવિચ્યુતિરૂપ આ મતિજ્ઞાનનો ઉપયોગ છે, જે ધ્યાનસ્વરૂપ છે, અને આ ઉપયોગને સાકાર ઉપયોગ કહેવાય છે. **॥૬૫॥**

**અવતરણિકા :-**

प्राधान्यमेवोपदर्शयन्नाह -

**અવતરણિકાર્થ :-**

**પ્રાધાન્યને જ બતાવતાં કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથા-૬૫માં કહ્યું કે યોગની સિદ્ધિમાં તદ્ગત ચિત્ત જ તત્ત્વભાસનરૂપે પરિણામ પામતું હોવાના કારણે પ્રધાન કારણ છે. તેથી હવે તત્ત્વભાસનરૂપે પરિણામ પામેલા તદ્ગત ચિત્તનું પ્રધાનપણું બતાવતાં કહે છે –

**ગાથા :-**

**एयं खु तत्तणाणं असप्पवित्तिविणिवित्तिसंजणगं ।**
**थिरचित्तगारि लोगदुगसाहगं बेंति समयण्णू ।।६६।।**

**અન્વયાર્થ :-**

**एयं खु तत्तणाणं=આ જ તત્ત્વજ્ઞાન असप्पवित्तिविणिवित्तिसंजणगं=અસત્પ્રવૃત્તિની વિનિવૃત્તિનું સંજનક, थिरचित्तगारी=સ્થિર ચિત્તને કરનારું, लोगदुगसाहगं=લોકદ્વયનું સાધક, समयण्णू=સમયના જાણનારાઓ बेंति=કહે છે. ।।૬૬।।**

**ગાથાર્થ :-**

**આ જ તત્ત્વજ્ઞાન અસત્પ્રવૃત્તિની વિનિવૃત્તિનું સંજનક, સ્થિર ચિત્તને કરનારું, લોકદ્વયનું સાધક, સમયના જાણનારાઓ કહે છે. ।।૬૬।।**

**ટીકા :-**

'एतदेव तत्त्वज्ञानं' यदधिकृततत्त्वभासनम्, श्रुत-चिन्तामयनिरासेन भावनामयमित्यर्थः । अत एव 'असत्प्रवृत्तिविनिवृत्तिसञ्जनकं'=मिथ्याज्ञाननिबन्धनप्रवृत्तिनिवर्तकमिति भावना । तथा 'स्थिरचित्तकारि'=

उपप्लवत्यागतो निष्प्रकम्पचित्तकारि, विजयसमाधिबीजमित्यर्थः । अत एव 'लोकद्वयसाधकम्'=औत्सुक्यनिवृत्ति-कुशलानुबन्धाभ्यामिहलोक-परलोकसाधकमिति हृदयम् । ब्रुवते 'समयज्ञाः'=सिद्धान्तज्ञाः । इति गाथार्थः ।।६६।।

**ટીકાર્થ :-**

**'एतदेव तत्त्वज्ञानं' ..... इति गाथार्थः ।।६६।। આ જ તત્ત્વજ્ઞાન છે જે અધિકૃત તત્ત્વભાસન છે=શ્રુત-ચિંતામય જ્ઞાનના નિરાસ વડે ભાવનામય છે, એ પ્રમાણે અર્થ છે. આથી જ=અધિકૃત તત્ત્વનું ભાસન એ જ તત્ત્વજ્ઞાન છે આથી જ, અસત્પ્રવૃત્તિની વિનિવૃત્તિનું સંજનક છે=મિથ્યાજ્ઞાનનિબંધન રાગાદિની પ્રવૃત્તિનું નિવર્તક છે અર્થાત્ આ તત્ત્વજ્ઞાન નિવારણ કરનાર છે. इति भावना=એથી ભાવના છે=ભાવનામય જ્ઞાન છે; અને સ્થિર ચિત્તને કરનારું છે=રાગાદિના ઉપપ્લવના ત્યાગથી નિષ્પ્રકંપ ચિત્તને કરનારું છે અર્થાત્ યોગમાર્ગમાં નિષ્પ્રકંપ ચિત્તને કરનારું છે, અર્થાત્ વિજય સમાધિનું બીજ છે=મોહનીય કર્મનો વિજય કરવા માટે ક્ષપકશ્રેણીમાં પ્રગટ થતી જે વિજય સમાધિ, તેનું આ તત્ત્વભાસન બીજ છે, એ પ્રમાણે અર્થ છે. આથી જ=આ તત્ત્વજ્ઞાન સ્થિર ચિત્તને કરનારું છે આથી જ, લોકદ્વયસાધક=ઔત્સુક્યની નિવૃત્તિથી ઈહલોકસાધક અને કુશળ અનુબંધ દ્વારા પરલોકસાધક समयज्ञाः=સિદ્ધાંતને જાણનારાઓ કહે છે. ।।૬૬।।**

**ભાવાર્થ :-**

**તત્ત્વભાસનનું પ્રાધાન્ય :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે તદ્ગત ચિત્તનો તે પ્રકારનો ઉપયોગ હોવાથી તત્ત્વભાસન થાય છે અને તે તત્ત્વભાસન અન્ય સર્વ કારણમાં પ્રધાન કારણ છે. તેથી હવે તે તત્ત્વભાસન પ્રધાન કારણ કેમ છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે – **જે અધિકૃત આ તત્ત્વનું ભાસન છે, એ જ તત્ત્વજ્ઞાન છે, અને આ તત્ત્વજ્ઞાનને શાસ્ત્રકારોએ શ્રુત-ચિંતાજ્ઞાનના નિરાસપૂર્વક ભાવનામય જ્ઞાન કહેલ છે.**

એથી એ ફલિત થાય કે આત્મકલ્યાણ માટે શ્રુત, ચિંતા અને ભાવનામય જ્ઞાન, એ ત્રણ કારણ છે. તેમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાન ભાવનામય જ્ઞાન છે અને આ તત્ત્વજ્ઞાન ભાવનામય જ્ઞાન હોવાથી સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે.

આ કથન શ્લોકના કથનની પૂર્વભૂમિકારૂપ છે. હવે તેનું શ્લોક સાથે જોડાણ કરવા 'अतएव' થી કહે છે=આ કારણથી જ અર્થાત્ અધિકૃત તત્ત્વભાસન ભાવનામય જ્ઞાન છે આ કારણથી જ, આ તત્ત્વજ્ઞાન કેવું છે તે જણાવે છે –

**(૧) असप्पवित्तिविणित्तिसंजणगं :- આ તત્ત્વજ્ઞાન મિથ્યાજ્ઞાનને કારણે જે અસત્પ્રવૃત્તિ થતી હતી, તેનું નિવર્તન કરે છે.**

આશય એ છે કે કોઈ સાધકે આત્મકલ્યાણ માટે સર્વવિરતિ ગ્રહણ કરેલ હોય અને સર્વવિરતિની ઉચિત ક્રિયાઓ પણ તે સાધક કરતા હોય, આમ છતાં તે તે ક્રિયા દ્વારા સંયમસ્થાનની વૃદ્ધિ થાય તે રીતે

ચિત્તને ગુપ્ત રાખીને સમ્યક્પ્રવૃત્તિ કરી શકતા ન હોય, તેથી વચ્ચે વચ્ચે તે તે ઈન્દ્રિયોના વિષયો સાથે સંપર્ક પ્રાપ્ત કરીને વ્યક્ત કે અવ્યક્તરૂપે રાગાદિભાવોથી ઉપદ્રવ પામતા હોય, તો તેનું કારણ તે સાધકમાં ઈન્દ્રિયોની ઉત્સુકતા પેદા કરાવે એવું મિથ્યાજ્ઞાન વર્તે છે, જેના કારણે ઈન્દ્રિયોના ઔત્સુક્યથી બાહ્ય વિષયોમાં પ્રવૃત્તિ થાય છે અને સંયમની ક્રિયા પણ સંયમવૃદ્ધિનું કારણ બની શકતી નથી. પરંતુ તે સાધક રાગાદિના પ્રતિપક્ષભાવન દ્વારા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે તો તે તત્ત્વજ્ઞાન મિથ્યાજ્ઞાનથી થયેલી અસત્ પ્રવૃત્તિનું નિવર્તક બને, જેથી તે સાધુ ત્યાર પછી સમિતિ-ગુપ્તિમાં સમ્યગ્ યત્ન કરી શકે અને તેથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં સુદૃઢ યત્ન કરીને ઉત્તર ઉત્તરના સંયમસ્થાનો પ્રત્યે પ્રયત્નવાળા બની શકે છે. અને જેઓને આવું તત્ત્વભાસન થયું નથી, તેઓ સદનુષ્ઠાન કરતા હોય તોપણ ઔત્સુક્યથી બાધા પામતા હોય છે, અને યત્કિંચિત બાહ્ય આચારોને કરીને કે યત્કિંચિત્ શુભભાવ કરીને માત્ર સંતોષ માની શકે છે, પરંતુ અસ્ખલિત યોગમાર્ગની પ્રવૃત્તિ કરી શકતા નથી.

(૨) **थिरचित्तगारी :- આ તત્ત્વજ્ઞાન નિષ્પ્રકંપ ચિત્તને ઉત્પન્ન કરે છે,** જે નિષ્પ્રકંપ ચિત્ત ધ્યાન-અધ્યયન દ્વારા અધિક-અધિક નિષ્પ્રકંપ બનતું જાય છે, અને **ભાવિમાં મોહજય માટે જે વિજય સમાધિ પ્રગટ થવાની છે, તેનું આ બીજ છે અર્થાત્ કારણ છે.**

મોહને જીતવા માટે મહાવીર્યનો સંચય થયા પછી સાધક શુક્લધ્યાનમાં સુદૃઢ યત્ન કરી શકે છે અને તેવો સુદૃઢ યત્ન પેદા કરવા માટે પૂર્વભૂમિકારૂપ આ નિષ્પ્રકંપ ચિત્ત છે. આવા નિષ્પ્રકંપ ચિત્તને કરનારું આ તત્ત્વજ્ઞાન છે.

(૩) **लोगदुगसाहगं :- આવું ઉત્તમ ચિત્ત હોવાથી આલોક અને પરલોક બંનેનું સાધક છે** અર્થાત્ આલોકમાં પણ સુખનું સાધક છે અને પરલોકમાં પણ સુખનું સાધક છે; અને તે સ્પષ્ટ કરતાં કહે છે કે આ તત્ત્વજ્ઞાનથી ઔત્સુક્યની નિવૃત્તિ થવાથી આલોકમાં અનુત્તમ કોટિનું સુખ થાય છે અને કુશળ અનુબંધ દ્વારા પરલોકસાધક પણ છે અર્થાત્ વર્તમાનની આવી ઉત્તમ ચિત્તવૃત્તિથી બંધાયેલું પુણ્ય ભાવિમાં વિશેષ ઉત્તમ ચિત્ત પેદા કરાવે તેવી પુણ્યપ્રકૃતિઓ બાંધે છે અને આત્મામાં પણ તત્ત્વજ્ઞાનના સંસ્કારો પડે છે, જેથી તે બંધાયેલી ઉત્તમ પુણ્યપ્રકૃતિઓથી જન્માંતરમાં ફરી તે તત્ત્વજ્ઞાનના સંસ્કારો જાગૃત થઈને અધિક અધિક નિષ્પ્રકંપપણે યોગમાર્ગમાં પ્રવૃત્તિ થશે અને પ્રકર્ષ પામીને વિજયસમાધિને પ્રાપ્ત થશે. તેથી આ તત્ત્વજ્ઞાન આલોકમાં પણ સુખનું કારણ છે અને પરલોકમાં પણ સુખની પરંપરાનું કારણ છે, એ પ્રમાણે સિદ્ધાંતના જાણનારાઓ કહે છે.

અહીં ટીકામાં કહ્યું કે 'જે અધિકૃત તત્ત્વભાસન છે, એ તત્ત્વજ્ઞાન છે' ત્યાં 'यद्' 'तद्' ના સંબંધને બદલે 'यद्' 'एतद्' નો સંબંધ બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે આ તત્ત્વભાસન છે, એ તત્ત્વજ્ઞાન છે, એમ કહેવા દ્વારા તત્ત્વજ્ઞાન બુદ્ધિને આસન્નવર્તી છે, તેમ બતાવેલ છે. તેના બદલે જો यद् तद् થી ઉલ્લેખ કરવામાં આવેલ હોત તો બુદ્ધિમાં આસનવર્તી છે તેવો ભાવ ન થતાં, દૂરવર્તી છે તેવો ભાવ થાત. માટે 'यद्' - 'एतद्' નો સંબંધ કહેલ છે.

પૂર્વગાથા-૬૫માં કહ્યું કે આ તત્ત્વભાસન ભાવનાનિષ્પત્તિનું પ્રધાન કારણ છે, અને પ્રસ્તુત ગાથાની ટીકામાં કહ્યું કે આ તત્ત્વજ્ઞાન ભાવનામય છે. તેથી તે ભાવનાજ્ઞાનનું કારણ હોય તો ભાવનામય કઈ અપેક્ષાએ ? અને જો ભાવનાજ્ઞાન હોય તો ભાવનાજ્ઞાનનું કારણ કઈ અપેક્ષાએ ? એ પ્રકારની જિજ્ઞાસા થાય છે.

તેનું તાત્પર્ય એ છે કે 'स्वपरव्यवसायि ज्ञानं प्रमाणं' એ પ્રકારના પ્રમાણના લક્ષણમાં પ્રમાણ શબ્દની વ્યુત્પત્તિ કરવામાં આવે છે કે 'प्रमीयतेऽनेन इति प्रमाणं.' તેનાથી એ પ્રાપ્ત થાય કે જેનાથી બોધ થાય તે પ્રમાણ. તેથી નૈયાયિકો ઈન્દ્રિયોને પ્રમાણ માને છે; કેમ કે ઈન્દ્રિયોથી બોધ થાય છે. પરંતુ પ્રમાણના પ્રસ્તુત લક્ષણમાં ઈન્દ્રિયોનું પ્રમાણ જૈનદર્શન સ્વીકારતું નથી, પરંતુ જ્ઞાનને પ્રમાણ સ્વીકારે છે. તેથી જૈનદર્શનની માન્યતા પ્રમાણે એ પ્રાપ્ત થાય કે જેનાથી બોધ થાય એવું ઉપયોગરૂપ જ્ઞાન પ્રમાણ છે.

ત્યાં પ્રશ્ન થાય કે જો જ્ઞાન જ પ્રમાણરૂપ હોય તો તેનું ફળ શું ? નૈયાયિકો તો ઈન્દ્રિયોને પ્રમાણ માને છે અને જ્ઞાન તેનું ફળ છે, તેમ કહે છે. જ્યારે જૈનો જ્ઞાનને પ્રમાણ માને છે, તો જ્ઞાનનું વળી ફળ શું ?

જૈનદર્શન તેનો ખુલાસો કરે છે કે "વ્યવસાયી જ્ઞાન=બોધ કરવામાં પ્રવૃત્ત જ્ઞાન, પ્રમાણ છે અને વ્યવસિતિ=બોધ, ફળ છે." ('જૈન તર્કભાષા' પ્રમાણે આ કથન છે.)

તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે બોધ કરવા માટે જીવનો ઉપયોગ પ્રવર્તે છે, તે ઉપયોગરૂપ જ્ઞાન પ્રમાણ છે; અને તે ઉપયોગથી પદાર્થની જે પરિચ્છિત્તિ થાય છે, તે ફળ છે. આ જ્ઞાનનો ઉપયોગ અને પદાર્થની પરિચ્છિત્તિ ભિન્ન કાળમાં નથી, એક કાળમાં છે; વળી તે બે જ્ઞાન પણ નથી, પરંતુ ઉપયોગાંશને આશ્રયીને એ જ્ઞાન પ્રમાણરૂપ છે, અને એ ઉપયોગજન્ય બોધાંશને આશ્રયીને એ જ્ઞાન પ્રમાણનું ફળ છે.

તેવી જ રીતે પ્રસ્તુતમાં તે એકાગ્રતા પ્રકારથી વર્તતો ઉપયોગ તત્ત્વભાસનરૂપ છે, તે તત્ત્વભાસનથી ભાવનાજ્ઞાનના સંસ્કારોરૂપ કાર્ય થાય છે અને સંસ્કારરૂપે સ્થિર થયેલું તે તત્ત્વભાસન ભાવનામય જ્ઞાન છે, જે અસત્ પ્રવૃત્તિનિવૃત્તિસંજનક આદિ ભાવવાળું છે. **॥૬૬॥**

**અવતરણિકા :-**

**व्याख्याता 'गुरु-देवताप्रणामं कृत्वा' इति द्वारगाथा (६१), साम्प्रतं 'ज्ञात्वा (ततः) तद्विषयतत्त्व' इत्यादि गाथा (६०) व्याख्यायते । आह-एवमुत्क्रमदोषः, न, अर्थव्यापारेणोत्क्रमत्वासिद्धेः । आह-सौत्रोऽन्यथा किमर्थम्? अनन्तरसूत्रेण तथायोगात्, तथाहि - रागादिस्वरूपमभिधाय एतद् ज्ञात्वा तद्विषयतत्त्वादि चिन्तयेदित्येतदेवाभिधातुं युज्यते, 'कथमि'ति विधिस्तु पश्चात् तन्नान्तरीयकत्वात्, व्याख्यातः पुनरादौ, विधिपुरस्सरत्वात् तद्विषयतत्त्वादिचिन्तनस्येति । तदेवमाद्यद्वारगाथावयवव्याचिख्यासयाह -**

**અવતરણિકાર્થ :-**

'गुरु-देवताप्रणामं कृत्वा' ..... व्याचिख्यासयाह=**ગુરુ-દેવતાને પ્રણામ કરીને એ પ્રકારની દ્વારગાથા-૬૧ વ્યાખ્યાન કરાઈ. હવે** 'ज्ञात्वा (ततः) तद्विषयतत्त्वादि' **ઈત્યાદિ દ્વારગાથા-૬૦ વ્યાખ્યાન કરાય છે -**

**અહીં પૂર્વપક્ષી 'आह' થી શંકા કરે છે કે – 'एवमुत्क्रमदोषः'=આ રીતે ઉત્ક્રમદોષ છે. અર્થાત્ જે ક્રમથી ગાથા બતાવી છે, તે ક્રમથી વ્યાખ્યાન કરવું જોઈએ, તેના બદલે પ્રથમ ગાથા-૬૧ વ્યાખ્યાન કરી અને પછી ગાથા-૬૦નું વ્યાખ્યાન કરવાથી ઉત્ક્રમદોષ થશે.**

**તેને ગ્રંથકાર કહે છે કે - 'न' અર્થાત્ ઉત્ક્રમદોષ નહીં થાય; કેમ કે અર્થવ્યાપારથી=ચિંતવન કરવાની પ્રવૃત્તિરૂપ અર્થવ્યાપારથી, ઉત્ક્રમત્વની અસિદ્ધિ છે.**

**અહીં ફરી પૂર્વપક્ષી 'आह' થી શંકા કરે છે કે सौत्रः=ગાથારૂપ સૂત્ર સંબંધી રચના, અન્યથા= અર્થવ્યાપાર કરતાં અન્યથા, શાના માટે છે ? અર્થાત્ ગાથારૂપ સૂત્રનો ક્રમ, અર્થવ્યાપાર અનુસાર ગોઠવવો જોઈએ, એટલે કે પ્રથમ 'गुरु-देवयापणामं' ગાથા કહીને પછી 'णाऊण ततो' એ ગાથા કહેવી જોઈએ.**

**તેને ગ્રંથકાર કહે છે કે - अनन्तरसूत्रेण तथायोगात्=અનંતર સૂત્રની સાથે, એટલે કે ગાથા-૫૯ રૂપ સૂત્ર સાથે, તે પ્રકારનો યોગ હોવાથી એટલે કે ગાથા-૬૦ રૂપ સૂત્રનો તે પ્રકારનો યોગ હોવાથી સૂત્ર સંબંધી રચના અર્થવ્યાપાર કરતાં અન્યથા કરેલ છે.**

**'तथाहि' - અર્થવ્યાપારથી ઉત્ક્રમદોષ નથી અને ગાથા-૫૯ રૂપ સૂત્ર સાથે ગાથા-૬૦ના કથનનો તે પ્રકારનો સંબંધ હોવાથી ગ્રંથરૂપ સૂત્રની રચના દ્વાર ગાથા-૬૦ પ્રથમ અને દ્વાર ગાથા-૬૧ પછી, એ ક્રમથી રચાયેલ છે. તે બંને કથન 'तथाहि' થી સ્પષ્ટ કરે છે –**

**ગાથા-૫૯માં બતાવ્યું એ રીતે રાગાદિનું સ્વરૂપ કહીને, તેને જાણીને=આત્મપ્રેક્ષણ દ્વારા પોતાને કયા રાગાદિ બાધ કરે છે તેને જાણીને, તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કરવું જોઈએ. इति=આવા સ્વરૂપવાળા एतद्=આને, કહેવા માટે ઘટે છે=કહેવું સંગત છે. (તેથી ગાથા-૫૯ પછી દ્વારગાથા-૬૦ બતાવી.)**

**અહીં 'इति' શબ્દ સ્વરૂપ પરામર્શક છે અર્થાત્ 'एतद् ज्ञात्वा ..... चिंतयेत्' સુધીના કથનનો પરામર્શ કરે છે, અને 'एतद्' શબ્દ अभिधातुम् નું કર્મ છે.**

**'कथम्'=કેવી રીતે તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કરવું જોઈએ ? એ પ્રકારની વિધિ પશ્ચાત્ કહેવી જોઈએ અર્થાત્ વિધિને બતાવનાર દ્વારગાથા ત્યાર પછી કહેવી જોઈએ. તેથી વિધિને કહેનાર ગાથા-૬૧ની રચના કરેલ છે.**

વિધિ પશ્ચાત્ કેમ કહેવી જોઈએ ? તેમાં હેતુ કહે છે –

**તન્નાન્તરીયકપણું હોવાથી=ચિંતનની સાથે વિધિનું અવિનાભાવીપણું હોવાથી, ચિંતનના કથન પછી વિધિનું કથન કરવું જોઈએ, એ પ્રમાણે અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે તો પછી ચિંતનના કથન પછી વિધિનું કથન ભલે કર્યું, તોપણ ગાથા-૬૧નાં અવયવો આદિમાં=પહેલાં, કેમ વ્યાખ્યાન કર્યાં અને ગાથા-૬૦નાં અવયવો પહેલાં કેમ વ્યાખ્યાન ન કર્યાં ?

તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે –

**વળી આદિમાં=ગાથા-૬૦ના અવયવોના નિરૂપણ કરતાં પૂર્વમાં અર્થાત્ ગાથા-૬૨ થી ગાથા-૬૬ સુધીમાં, વ્યાખ્યાન કરાઈ=વિધિ વ્યાખ્યાન કરાઈ; કેમ કે ગાથા-૬૦માં બતાવેલ 'तद्विषयतत्त्वादि' ચિંતનનું વિધિપૂર્વકપણું છે. 'इति' શબ્દ 'तथाहि' થી શરૂ થયેલા કથનની સમાપ્તિમાં છે.**

ત્યાર પછી ગાથા-૬૭ સાથે અવતરણિકાનો સંબંધ જોડતાં કહે છે –

**તત્=તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું તે કારણથી, આ રીતે=પૂર્વમાં ગાથા-૬૧ના અવયવો બતાવ્યા, હવે ગાથા-૬૦ના અવયવો બાકી છે એ રીતે, આદ્ય દ્વારગાથાના=૬૦મી દ્વારગાથાના અવયવોનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે –**

**ગાથા :-**

थीरागम्मी तत्तं तासिं चिंतेज्ज सम्मबुद्धीए ।
कलमल-मंस-सोणिय-पुरीस-कंकालपायं ति ।।६७।।

**અન્વયાર્થ :-**

**थीरागम्मी=સ્ત્રીરાગ થયે છતે तासिं=તેઓનું तत्तं=તત્ત્વ=સ્વરૂપ कलमल-मंस-सोणिय-पुरीस-कंकालपायं= કાદવ, માંસ, લોહી, મળ, હાડકાંમય છે ति=એ પ્રકારે सम्मबुद्धीए=સમ્યગ્બુદ્ધિથી चिंतेज्ज=ચિંતન કરવું જોઈએ. ।।૬૭।।**

**ગાથાર્થ :-**

**સ્ત્રીરાગ થયે છતે તેઓનું તત્ત્વ કાદવ, માંસ, લોહી, મળ, હાડકાંમય છે, એ પ્રકારનું સમ્યગ્બુદ્ધિથી ચિંતન કરવું જોઈએ. ।।૬૭।।**

**ટીકા :-**

'स्त्रीरागे सति' 'तत्त्वं' 'तासां'=स्त्रीणां, 'चिन्तयेत्' 'सम्यग्बुद्ध्या' परमगुरुवचनगर्भया, अन्यथा तत्त्वचिन्तनायोगात् । किंविशिष्टं तत्त्वम्? इत्याह - 'कलमलक-मांस-शोणित-पुरीष-कङ्कालप्रायमिति' कलमलं= धात्वन्तरे जम्बालम्, मांस-शोणितादयस्तु, प्रसिद्धाः एतद्रूपमेव तत्त्वम् । इति गाथार्थः ।।६७।।

**ટીકાર્થ :-**

**स्त्रीरागे सति ..... इति गाथार्थः ।।६७।। સ્ત્રીરાગ થયે છતે, પરમગુરુવચનગર્ભવાળી સમ્યગ્બુદ્ધિથી तासां=તેઓનું=સ્ત્રીઓનું, तत्त्वं=તત્ત્વ=સ્વરૂપચિંતન કરવું જોઈએ; કેમ કે અન્યથા=પરમગુરુના વચનગર્ભવાળી સમ્યગ્બુદ્ધિ વિના, તત્ત્વચિંતનનો અયોગ છે.**

**તત્ત્વ કેવા પ્રકારનું વિશિષ્ટ છે ? અર્થાત્ કેવાં વિશેષણોથી વિશિષ્ટ તત્ત્વ છે ? એથી કહે છે -**

**કલમલ-માંસ-શોણિત-પુરીષ-હાડકાંમય સ્ત્રીનું તત્ત્વ છે, એમ અન્વય છે.**

હવે કલમલ આદિનો અર્થ કરતાં કહે છે –

**કલમલ=શરીરની ધાતુઓમાં રહેલ જંબાલ અર્થાત્ કાચા મળરૂપ કાદવ, વળી માંસ, લોહી વગેરે પ્રસિદ્ધ છે.**

**આ રૂપ જ=કલમલ-માંસ-શોણિત આદિ રૂપ જ, તત્ત્વ છે=સ્ત્રીનું તત્ત્વ છે=સ્ત્રીનું સ્વરૂપ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૬૭॥**

**ભાવાર્થ :-**

દ્વારગાથા-૬૦ના અવયવોનું નિરૂપણ અહીંથી શરૂ થાય છે. સચેતન એવી સ્ત્રીનો રાગ થયે છતે તેનું સ્વરૂપ કઈ રીતે વિચારવું, તે પ્રથમ જણાવે છે.

**સચેતન એવી સ્ત્રીનો રાગ થયે છતે તદ્વિષયતત્ત્વાદિ ચિંતન :-**

(૧) **कलमल-मंस-सोणिय-पुरीस कंकालपायं :-**

કોઈ સંયમીને સ્ત્રીરાગ બાધા કરતો હોય તો સ્ત્રીના શરીરરૂપ તત્ત્વનું=સ્વરૂપનું ચિંતન કરવાનું છે, જેથી તેના શરીર પર અનાભોગથી નજર પડી જાય તોપણ રાગ ઉલ્લસિત ન થાય.

વળી આ ચિંતન પરમગુરુના વચનગર્ભ સમ્યગ્બુદ્ધિથી કરવાનું છે.

આશય એ છે કે સામાન્ય રીતે જીવને સ્ત્રી આદિનું દર્શન થતાં તેનું સૌંદર્ય, તેનો કંઠ, તેની લાગણીઓ આદિ ભાવો બુદ્ધિ સમક્ષ ઉપસ્થિત થાય છે અને તેને અનુરૂપ જીવને રાગનો પરિણામ થાય છે, પરંતુ સ્ત્રીના દેહમાં વર્તતા કલમલાદિ ભાવો બુદ્ધિ સમક્ષ ઉપસ્થિત થતા નથી. પરંતુ ભગવાનના વચનનું સ્મરણ કરીને ચિંતવનમાં યત્ન કરવામાં આવે તો તેને થાય કે "ભગવાને ફલસારા પ્રવૃત્તિ કરવાની કહી છે અર્થાત્ ફલ છે પ્રધાન જેમાં એવી પ્રવૃત્તિ કરવાનું કહ્યું છે, માટે હું એ રીતે ચિંતવન કરું કે જેથી સ્ત્રી પ્રત્યેનો રાગભાવ ઊઠે નહીં" અને આ રીતે ફળ થાય તે પ્રકારના ઉપયોગથી ચિંતવન કરે તો એવી બુદ્ધિ સંપન્ન થાય કે જેથી સ્ત્રીસન્મુખ અનાભોગથી દૃષ્ટિ પડે તોપણ કલમલાદિ ભાવો ઉપસ્થિત થાય, પરંતુ સ્ત્રીના મોહકતા આદિ ભાવોની ઉપસ્થિતિ થાય નહીં. આ રીતે ચિંતન કરવા માટે, પૂર્વમાં બતાવેલ સર્વવિધિમાં અપ્રમાદપૂર્વક યત્ન કરીને, ચિંતનકાળમાં તત્ત્વસંવેદન ઉલ્લસિત થાય તે રીતે ઉપયોગને પ્રવર્તાવવાની ભગવાનની આજ્ઞાને સ્મૃતિમાં લાવીને તેમાં યત્ન કરે તો અવશ્ય તત્ત્વભાસનરૂપ કાર્ય થાય. અન્યથા=પરમગુરુના વચનગર્ભ સમ્યગ્બુદ્ધિથી તત્ત્વચિંતન ન કરવામાં આવે અને યથાતથા કરવામાં આવે તો પરમાર્થથી તે ક્રિયા તત્ત્વચિંતનરૂપ નથી, અને આથી યથાતથા ચિંતન કરનારને ફરી જ્યારે જ્યારે નિમિત્તો મળે છે, ત્યારે ત્યારે સ્ત્રીરાગ ઉલ્લસિત થાય છે.

વળી આ સ્ત્રીના શરીરનું ચિંતન કઈ રીતે કરવાનું છે ? તે કહે છે –

કલમલ-માંસ-શોણિત-પુરીષ કંકાલમય સ્ત્રીનો દેહ છે. સાત ધાતુરૂપે પરિણમન પામતો આહાર, પૂર્વમાં કાદવસ્વરૂપે હોય છે તેને કલમલથી ગ્રહણ કરવાનો છે. માંસ-લોહી પ્રસિદ્ધ છે, પુરીષ=પક્વ થઈને ધાતુથી છૂટો પડેલો મળ, અને કંકાલ=હાડકાંમય સ્ત્રીનો દેહ, આ રીતે ઉપયોગપૂર્વક સ્ત્રીના જુગુપ્સનીય સ્વરૂપનું ચિંતન કરવાથી સ્ત્રીના દેહના તે ભાવો જોવાના અત્યંત સંસ્કારો પડે છે. તેથી અનાભોગથી પણ ચક્ષુ સામે સ્ત્રીનો દેહ આવે તોપણ તેના સૌંદર્ય પ્રત્યે ઉપયોગ ન જાય, પરંતુ કલમલ આદિ ભાવો પ્રત્યે ઉપયોગ જાય, અને આવું ચિંતવન સ્થિર થાય તો જે પ્રકારનો રાગ પોતાને પૂર્વમાં બાધા કરતો હતો તે પ્રકારનો સ્ત્રીનો રાગ હવે બાધા કરનાર બને નહીં. **॥૬૭॥**

**અવતરણિકા :-**

તથા -

**અવતરણિકાર્થ :-**

અને –

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં સ્ત્રીના તત્ત્વનું ચિંતન બતાવેલ. હવે સ્ત્રીના દેહની પરિણતિ અને સ્ત્રીરાગનું ફળ બતાવવા માટે 'तथा' થી સમુચ્ચય કરે છે.

**ગાથા :-**

**रोग-जरापरिणामं णरगादिविवागसंगयं अहवा ।**
**चलरागपरिणतिं जीयनासणविवागदोसं ति ।।६८।।**

**અન્વયાર્થ :-**

**रोग-जरापरिणामं=રોગ-જરાપરિણામવાળું णरगादिविवागसंगयं=નરકાદિવિપાકસંગત, अहवा=અથવા चलरागपरिणतिं=ચલરાગપરિણતિવાળું, जीयनासणविवागदोसं=જીવિતના નાશના વિપાકદોષવાળું (સ્ત્રીઓનું સ્વરૂપચિંતન કરે, એ પ્રમાણે પૂર્વગાથા સાથે સંબંધ છે.) ॥૬૮॥**

**ગાથાર્થ :-**

**સ્ત્રીઓનું સ્વરૂપ રોગ-જરારૂપ પરિણામવાળું, નરકાદિવિપાકસંગત, અથવા ચલરાગ પરિણતિવાળું, જીવિતના નાશના વિપાકદોષવાળું છે.**

❖ 'ति' સ્ત્રીના તત્ત્વના ચિંતનની સમાપ્તિ માટે છે.

**ટીકા :-**

'**रोग-जरापरिणामं**', **तत्त्वं तासामिति वर्तते । तथा** '**नरकादिविपाकसङ्गतम्**' **एतदेव तद्भोक्त्रपेक्षया ।** '**अथवा**' '**चलरागपरिणति**' **एतदेव । तथा** '**जीवितनाशनविपाकदोषमिति**', "विषं विरक्ता स्त्री" **इति वचनात् । इति गाथार्थः ।।६८।।**

**ટીકાર્થ :-**

रोग-जरापरिणामं ..... इति गाथार्थः ।।६८।। **રોગ-જરાપરિણામવાળું તેઓનું=સ્ત્રીઓનું, તત્ત્વ છે=સ્વરૂપ છે. 'तत्त्वं तासाम्'=એ મૂળગાથામાં નથી, પરંતુ ઉપરની ગાથા-૬૭માં છે, તેની અનુવૃત્તિ છે; અને तद्=તેઓના=સ્ત્રીઓના, ભોગવનારની અપેક્ષાએ નરકાદિ વિપાકથી યુક્ત આ જ=સ્ત્રીઓનું તત્ત્વ છે. અથવા ચલરાગપરિણતિવાળું આ જ છે=સ્ત્રીઓનું સ્વરૂપ છે, અને જીવિતના નાશના વિપાકદોષવાળું છે; કેમ કે** 'વિરક્ત સ્ત્રી વિષ છે'=**'વિરક્ત સ્ત્રી વિષની જેમ મારનારી છે,' એ પ્રકારનું વચન છે. 'जीवितनाशनविपाकदोषमिति' માં 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૬૮।।**

**ભાવાર્થ :-**

સ્ત્રીના શરીરના આંતર સ્વરૂપનું ચિંતન કરવાથી તે બોધ અત્યંત સ્થિર થાય તો, સ્ત્રી હંમેશાં કલમલાદિભાવોથી યુક્ત છે તે રીતે બુદ્ધિ સમક્ષ ઉપસ્થિત થવાથી તેના મોહકતાવાળા દેહ પ્રત્યે ઉપયોગ ઊઠે નહીં. આમ છતાં અનાદિનો તે પ્રકારનો અભ્યાસ છે કે ચક્ષુ સામે દેખાતા પદાર્થનું બાહ્ય રૂપ શીઘ્ર ઉપસ્થિત થાય, અને પારમાર્થિક સ્વરૂપ અનેક વાર ચિંતન કરી કરીને સ્થિર કરેલું હોય તોપણ ઉપસ્થિત થાય નહીં. તેથી તે પારમાર્થિક સ્વરૂપને અતિદૃઢ કરવા માટે આગળ વિચારે છે –

(૨) **रोग-जरापरिणामं** :- જેમ સ્ત્રીનું શરીર બાહ્યથી મોહક દેખાય છે છતાં કલમલ આદિ ભાવોથી ભરેલું છે, તેમ દેહની પરિણતિથી વિચારીએ તોપણ ગમે ત્યારે રોગપરિણતિવાળું થાય તેમ છે; અને જો કોઈ એવો રોગ આવે તો તેનું મોહક સ્વરૂપ ચક્ષુને ન ગમે તેવું બની શકે છે. કદાચ સ્ત્રીનું પુણ્ય હોય અને રોગ ન આવે તોપણ તે જ્યારે જરાપરિણતિને પામશે ત્યારે આ જ રૂપ જોવું પણ ગમે નહીં, તેવું બને છે. માટે આવી અસાર પરિણતિવાળા રૂપ પ્રત્યે પક્ષપાત રાખવો વિવેકીને ઉચિત નથી.

આ રીતે પુનઃ પુનઃ ચિંતન કરવાથી જેમ દેહ કલમલાદિરૂપે ભાસિત થવાથી દેહની મોહકતાનું આકર્ષણ ઘટે છે, તેમ વર્તમાનની મોહક પરિણતિ પણ પરિણામે વિનાશશીલ જોવાથી દેહની મોહકતા પ્રત્યે આકર્ષણ ઘટે છે.

(૩) **णरगादिविवागसंगयं** :- આટલું વિચારવા છતાં જીવને બળવાન અભ્યાસ તત્કાળના ભાવોને જોવાનો છે, અને સ્ત્રીના દેહનો તત્કાળનો ભાવ જરાપરિણતિવાળો પણ નથી અને રોગપરિણતિવાળો પણ નથી, પરંતુ મોહક પરિણતિવાળો છે; તેથી અનેક વાર ચિંતન કરીને સ્થિર કરેલો પરિણામ હોવા છતાં પણ સ્ત્રીની મોહક પરિણતિ રાગભાવ ઉલ્લસિત કરી શકે છે. તેથી વિચારે કે આ મોહક પરિણતિ મારા માટે

નરકાદિ વિપાકવાળી છે; કેમ કે સ્ત્રીના દેહ પ્રત્યે મોહકભાવથી જોવામાં આવે તો લીધેલા વ્રતની વિરાધના કરીને તેના ફળરૂપે મને નરકાદિ કે ક્લિષ્ટ તિર્યંચ આદિ ભવોની પરંપરા પ્રાપ્ત થશે. માટે આવા મોહક સ્વરૂપ પ્રત્યે રાગથી સર્યું.

અહીં નરકાદિ વિપાક 'तद्भोक्त्रपेक्षया' છે, તેમ કહીને એ બતાવવું છે કે કોઈક જીવ સ્ત્રી સાથે તેના રૂપ-શબ્દાદિના ભોગવિલાસનું જીવન ગૃહસ્થપણે જીવીને નરકમાં જાય, તો કોઈ ભોગવિલાસને છોડી દીધેલ સાધુ હોય, છતાં તેનું રૂપ, તેના મધુર શબ્દો, તેના હાવભાવ આદિના રાગને કારણે વારંવાર વ્રતોમાં માલિન્ય પેદા કરે અને તે માલિન્યની ઉપેક્ષા કરે અને તે પ્રકારના રૂપાદિના અવલોકનમાં વારંવાર યત્ન કરતા રહે, તો સાધુ પણ ચક્ષુથી કે શ્રોત્રેન્દ્રિયથી તેના ઉપભોગ દ્વારા નરકાદિની પ્રાપ્તિ કરી શકે છે.

(૪) **चलरागपरिणतिं** :- આ રીતે ચિંતન કરીને સર્વ દૃષ્ટિકોણથી સ્ત્રી પ્રત્યે વિમુખભાવ પેદા કરવા અર્થે 'અથવા' થી અન્ય રીતે પણ ચિંતન બતાવે છે –

વળી સ્ત્રીનું સ્વરૂપ ચલરાગપરિણતિવાળું છે અર્થાત્ સ્ત્રીને અત્યારે એક પ્રત્યે રાગ વર્તતો હોય તે ક્યારે અન્ય પ્રત્યે ચાલ્યો જશે તે કહી શકાય નહીં. માટે આવી ચલરાગપરિણતિવાળી સ્ત્રી પ્રત્યે રાગ રાખીને મારા આત્માની કદર્થના કરવી, તેના કરતાં તેના પ્રત્યેના રાગથી સર્યું. એ પ્રકારનું ચિંતન કરવાથી, સાધુને પણ પૂર્વની ગૃહસ્થ અવસ્થાની પોતાની સ્ત્રીને પોતાના પ્રત્યે અત્યંત રાગ હોય, કે ક્યારેક નિમિત્તને પામીને પોતાની તે સ્ત્રી પ્રત્યે પોતાને રાગ થયો હોય તો તૂટી જાય છે. વળી આવું સ્વરૂપ પ્રાયઃ સ્ત્રીઓમાં સંભવે છે, પરંતુ સર્વવ્યાપી નિયમ નથી.

(૫) **जीयनासणविवागदोसं** :- વળી સ્ત્રી જીવિતનાશના વિપાકદોષવાળી છે; કેમ કે "વિરક્ત થયેલી સ્ત્રી વિષ જેવી છે." જેમ વિષ વિનાશનું કારણ છે, તેમ પતિમાં વિરક્ત થયેલી અને અન્યમાં રાગવાળી સ્ત્રી પતિના જીવનના નાશનું કારણ બને છે, માટે પણ સ્ત્રી પ્રત્યે રાગ કરવા જેવો નથી. આ કથન પણ સંભાવનાની અપેક્ષાએ છે અને તે રીતે વિચારવાથી પણ રાગભાવ ઊઠે નહીં, તેવી જીવની પરિણતિ ઉલ્લસિત થાય છે. **॥૬૮॥**

**અવતરણિકા :-**

**एवं सचेतने वस्तुनि रागमधिकृत्य तद्विषयतत्त्वादिचिन्तनमुक्तम्, अधुना त्वचेतनमधिकृत्याह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૬૭-૬૮માં કહ્યું એ રીતે, સચેતન વસ્તુમાં રાગને આશ્રયીને તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન કહેવાયું. હવે વળી અચેતનને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૬૭-૬૮માં સચેતન એવી સ્ત્રીવસ્તુના વિષયમાં રહેલા રાગને આશ્રયીને તદ્વિષયતત્ત્વાદિ ચિંતન બતાવ્યું અને ઉપલક્ષણથી પુરુષમિત્ર-સ્નેહી-સ્વજન કે તિર્યંચ પ્રત્યે કે સાધુ હોય તો ગુરુ પ્રત્યે સસંગ પ્રતિપત્તિવાળો રાગ થાય, કે શિષ્ય પ્રત્યે 'આ મારો શિષ્ય છે', એ પ્રકારના સંબંધકૃત રાગ થાય તો તેના વિષયતત્ત્વાદિનું ચિંતન કરવું જોઈએ, તે બતાવ્યું. હવે અચેતનને આશ્રયીને કહે છે –

**ગાથા :-**

**अत्थे रागम्मि उ अज्जणाइदुक्खसयसंकुलं तत्तं ।**
**गमणपरिणामजुत्तं कुगइविवागं च चिंतेज्जा ।।६९।।**

**અન્વયાર્થ :-**

**अत्थे रागम्मि उ=વળી અર્થવિષયક રાગ થયે છતે अज्जणाइदुक्खसयसंकुलं=અર્જનાદિ સેંકડો દુઃખોથી યુક્ત, गमणपरिणामजुत्तं=ગમનપરિણામયુક્ત कुगइविवागं च=અને કુગતિવિપાકવાળું तत्तं=તત્ત્વ=સ્વરૂપ चिंतेज्जा=ચિંતન કરવું જોઈએ. ।।૬૯।।**

**ગાથાર્થ :-**

**વળી અર્થવિષયક રાગ થયે છતે અર્જનાદિ સેંકડો દુઃખોથી યુક્ત, ગમનપરિણામયુક્ત અને કુગતિવિપાકવાળું સ્વરૂપ ચિંતન કરવું જોઈએ. ।।૬૯।।**

**ટીકા :-**

अर्थ्यत इति अर्थः, 'अर्थविषये पुना रागे' 'अर्जनादिदुःखशतसङ्कुलं तत्त्वम्' अर्थस्य चिन्तयेदिति योगः, अर्जन-रक्षण-क्षय-भोगा ह्यर्थस्य लोकद्वयविरोधिनो दुःखाय । तथा 'गमनपरिणामयुक्तं' अर्थस्य तत्त्वम्, पादरजःसमो ह्ययम् । एवं 'कुगतिविपाकं' चैतत् काष्ठकीटोदाहरणेन 'चिन्तयेत्' । इति गाथार्थः ।।६९।।

**ટીકાર્થ :-**

**अर्थ्यत इति ..... इति गाथार्थः ।।६९।। જે પ્રયત્નથી પ્રાપ્ત થાય તે અર્થ. વળી અર્થવિષયક રાગ થયે છતે અર્જનાદિ સેંકડો દુઃખયુક્ત અર્થનું તત્ત્વ=સ્વરૂપ, ચિંતન કરે. चिंतयेत्=ક્રિયાપદ સાથે ગાથાના પૂર્વાર્ધનો સંબંધ છે, એ બતાવવા માટે 'चिंतयेदिति योगः' ટીકામાં કહેલ છે.**

**લોકદ્વય વિરોધી એવા=ઈહલોક-પરલોક વિરોધી એવા, અર્થના અર્જન-રક્ષણ-ક્ષય-ભોગ દુઃખને માટે છે અને ગમનપરિણામયુક્ત અર્થનું તત્ત્વ છે. हि=જે કારણથી પગની રજ સમાન આ= અર્થ છે, અને એ રીતે=જે રીતે અર્જનાદિ સેંકડો દુઃખયુક્ત અને ગમનપરિણામયુક્ત અર્થ છે એ રીતે, કાષ્ઠકીટના ઉદાહરણ વડે=લાકડામાં ઉત્પન્ન થતા કીડાના ઉદાહરણ વડે, દુર્ગતિવિપાકવાળું આ=અર્થનું**

સ્વરૂપ, ચિંતન કરે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૬૯॥

**ભાવાર્થ :-**

**અચેતન એવા ધનાદિને આશ્રયીને રાગ થતાં તદ્વિષયતત્ત્વાદિનું ચિંતન :-**

'अर्थ्यते=काम्यते यद् तद् अर्थः ।' એ અર્થશબ્દની વ્યુત્પત્તિ છે. તે વ્યુત્પત્તિથી વિચારીએ તો કામનાનો વિષય હોય તે અર્થ કહેવાય; અને કામનાનો વિષય જેમ ધન છે, તેમ ભોગ પણ છે, ધર્મ પણ છે અને મોક્ષ પણ છે. તેથી અર્થશબ્દથી ધન-ભોગ-ધર્મ અને મોક્ષ એ ચારે પ્રાપ્ત થાય. આમ છતાં અહીં ધનમાં જ અર્થ શબ્દને રૂઢ કરીને 'अर्थ्यत इति अर्थः' એ વ્યુત્પત્તિથી અર્થ શબ્દથી ધનને ગ્રહણ કરવું છે, અને ધનના વિષયમાં પોતાને રાગ થતો હોય ત્યારે રાગી જીવે શું શું વિચારવું જોઈએ, તે બતાવે છે -

(૧) **अज्जणाइदुक्खसयसंकुलं** :- ધનના અર્જનમાં પણ દુઃખ છે; કેમ કે અર્જનક્રિયા શ્રમરૂપ છે. તેના રક્ષણની ક્રિયા પણ શ્રમરૂપ છે તેથી તે પણ દુઃખરૂપ છે; અને ધન પ્રત્યે રાગ હોય અને તેનો ક્ષય થાય તોપણ દુઃખ થાય છે. તેનો ભોગ કરવાથી પણ ઘણી મહેનત કરીને પ્રાપ્ત કરેલું ધન વસ્તુની ખરીદીમાં ઓછું થાય છે, તે પણ જીવને ઈષ્ટ નથી. પરંતુ અન્ય ઉપાય નહીં હોવાથી વસ્તુની પ્રાપ્તિ અર્થે તેનો વ્યય કરે છે માટે તેનો ભોગ પણ દુઃખ માટે છે. ધનને જોઈને રાગ થાય છે અર્થાત્ જીવ ધન જોઈ જોઈને મલકાય છે, તે રીતે પણ ધનનો ભોગ ચિત્તને અંતરંગ રાગાદિથી આકુળ બનાવે છે, તે પણ પરમાર્થથી દુઃખરૂપ છે. તેથી ધનનાં અર્જનાદિ આ લોકમાં પણ દુઃખરૂપ છે અને કર્મબંધ કરાવીને પરલોકમાં પણ દુઃખનું કારણ બને છે. આ રીતે ચિંતન કરવાથી ધન પ્રત્યેનો રાગ ક્ષીણ થાય છે.

(૨) **गमणपरिणामजुत्तं** :- ઉપર્યુક્ત વિચારણાને દૃઢ કરવા માટે સાધક પુનઃ વિચારે કે **અર્થનું સ્વરૂપ ગમનપરિણામયુક્ત છે** અર્થાત્ આવેલું ધન સદા પોતાની પાસે રહેતું નથી, પરંતુ વસ્તુની ખરીદીથી પણ અન્યત્ર ગમનપરિણામવાળું છે અને વિનાશથી કે ચોરાઈ-લૂંટાઈ જવાથી પણ ગમનપરિણામવાળું છે; જે કારણથી **पादरजःसमः** આ અર્થ પગની રજ તુલ્ય છે. જેમ પગની રજ કોઈ રાખી મૂકતા નથી, પરંતુ ખંખેરી નાંખે છે, તેમ શ્રમ કરીને ઉપાર્જન કરાયેલ ધન પણ આત્માને છોડી દેવું પડે છે. તેથી ગમનપરિણામથી યુક્ત છે. માટે આવા ગમનપરિણામવાળા=જતા રહેવાના સ્વભાવવાળા, ધન પ્રત્યે રાગથી સર્યું.

આ રીતે ચિંતવન કરવાથી ધન પ્રત્યેનું આકર્ષણ ઘટે છે. આમ છતાં જીવનો અનાદિભવઅભ્યસ્ત પરિણામ છે કે બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ કરે. વળી પ્રસ્તુત ચિંતન કરનાર વ્યક્તિ જે ઘટમાન યોગી છે કે પ્રવૃત્ત યોગી છે, તે જાણે છે કે આત્માને સ્વપરિણામમાં જવામાં આ રાગ બાધક છે અને તેને દૂર કરવો છે. તેથી તેણે ભાવનાશ્રુતપાઠ, તીર્થમાં અનેકવાર શ્રવણ ઈત્યાદિ ભાવો જે અત્યાર સુધી કર્યા, તેનું ઉપર મુજબ ચિંતન પણ કર્યું, તેથી કંઈક રાગ ઓછો થયો. હવે તે ધનના રાગને અત્યંત દૂર કરવા અર્થે આગળ પણ વિચારે છે –

(૩) **कुगइविवागं** :- કાષ્ઠના કીડાના ઉદાહરણથી આ ધન કુગતિના વિપાકવાળું છે.

આશય એ છે કે કાષ્ઠમાં ઉત્પન્ન થયેલો કીડો લાકડાને કોતરી કોતરીને ખાય છે અને અંતે લાકડાનો નાશ કરે છે. તેમ પોતાના શ્રમથી પ્રાપ્ત થયેલું આ ધન કીડાની જેમ તેના આધારભૂત એવા જીવનો નાશ કરે છે. અર્થાત્ જીવને દુર્ગતિમાં લઈ જાય છે. માટે આવા અનર્થકારી ધન પ્રત્યેના રાગથી સર્યું. **॥૬૯॥**

**અવતરણિકા :-**

एवं रागप्रतिपक्षभावनामभिधाय साम्प्रतं द्वेषमधिकृत्याह -

**અવતરણિકાર્થ :-**

**એ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, રાગપ્રતિપક્ષભાવના કહીને હવે દ્વેષને આશ્રયીને કહે છે -**

**ગાથા :-**

दोसम्मि उ जीवाणं विभिण्णयं एव पोग्गलाणं च ।
अणवट्ठियं परिणतिं विवागदोसं च परलोए ।।७०।।

**અન્વયાર્થ :-**

दोसम्मि उ=**વળી દ્વેષ થયે છતે** जीवाणं विभिण्णयं=**જીવોનું વિભિન્નપણું** एव पोग्गलाणं च=**અને એ રીતે પુદ્ગલોનું વિભિન્નપણું,** अणवट्ठियं परिणतिं=**અનવસ્થિત પરિણતિ** परलोए विवागदोसं च=**અને પરલોકમાં વિપાકદોષનું ચિંતન કરે.**

**ગાથાર્થ :-**

**વળી દ્વેષ થયે છતે જીવોનું વિભિન્નપણું અને એ રીતે પુદ્ગલોનું વિભિન્નપણું, અનવસ્થિત પરિણતિ અને પરલોકમાં વિપાકદોષોનું ચિંતન કરે. ॥૭૦॥**

**ટીકા :-**

'द्वेषे पुनः' सति जीवा-ऽजीवविषये, किम्? इत्याह - 'जीवानां विभिन्नतां' चिन्तयेत्, अनुरागविषयोपरोधिनि प्रतिहतिर्द्वेष इति ज्ञापनार्थमेतत्, अनुरागविषयोऽपि विभिन्नस्तदुपरोध्यपि भिन्न इति भावयेत् । 'एवं पुद्गलानां च' तत्सम्बन्धिनामेव देह-तदुपघातकपुद्गलापेक्षया प्राग्वद् भावनेति । तथा 'अनवस्थितां परिणतिं' जीवपुद्गलानामेव चिन्तयेदिष्टेतरादिभावेन । एवं 'विपाकदोषं च'=परलोके द्वेषस्यैव सर्वस्यामनोरमत्वादिरूपम् । इति गाथार्थः ।।७०।।

**ટીકાર્થ :-**

द्वेषे पुनः सति ..... इति गाथार्थः ।।७०।। **વળી જીવ-અજીવવિષયક દ્વેષ થયે છતે જીવોની વિભિન્નતાનું ચિંતન કરે. આ=જીવોની વિભિન્નતાનું ચિંતન, અનુરાગના વિષયના ઉપરોધમાં=વ્યાઘાત**

**કરનારમાં, પ્રતિહતિ=પ્રતિહનન કરવાનો પરિણામ, દ્વેષ છે, એ જ્ઞાપન માટે છે.**

જીવોની વિભિન્નતા કઈ રીતે વિચારે તે સ્પષ્ટ કરે છે –

**અનુરાગનો વિષય પણ વિભિન્ન છે, તદ્ઉપરોધિ પણ=અનુરાગના વિષયનો વ્યાઘાત કરનાર પણ, ભિન્ન છે, એ પ્રમાણે ભાવન કરે; અને એ રીતે=પૂર્વમાં જે રીતે જીવની વિભિન્નતાનું ભાવન કર્યું, એ રીતે પુદ્ગલોની ભાવના કરવી જોઈએ.**

તે સ્પષ્ટ કરે છે –

**દેહ અને તદ્ઉપઘાતક=દેહઉપઘાતક, પુદ્ગલની અપેક્ષાએ તત્સંબંધવાળા જ=રાગ અને દ્વેષના સંબંધવાળા જ, પુદ્ગલોની પૂર્વની જેમ ભાવના કરવી=જીવોની વિભિન્નતાની જેમ ભાવના કરવી. 'भावनेति' શબ્દમાં 'इति' શબ્દ દ્વેષ થયે છતે જીવોની અને પુદ્ગલોની વિભિન્નતાની ભાવના કરે, તે કથનની સમાપ્તિમાં છે.**

**અને ઈષ્ટ અને ઈતર આદિ=અનિષ્ટ આદિ, ભાવથી જીવ અને પુદ્ગલોની જ અનવસ્થિત પરિણતિનું ચિંતવન કરે.**

**અને એ રીતે=જે રીતે જીવ અને પુદ્ગલની અનવસ્થિત પરિણતિનું ચિંતન કર્યું એ રીતે, વિપાકદોષનું=પરલોકમાં બધા દ્વેષનું જ અસુંદરત્વાદિરૂપ વિપાકદોષનું, ચિંતન કરે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૭૦॥**

❖ 'इष्टेतरादि' અહીં 'आदि' થી મધ્યસ્થ પરિણતિનું ગ્રહણ કરવું.

❖ 'अमनोरमत्वादि' અહીં 'आदि' થી અનર્થકારી અશુભ વિપાકનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**જીવ-અજીવવિષયક દ્વેષ થયે છતે કરવા યોગ્ય ચિંતન :-**

(૧) જીવવિષયક દ્વેષ થયે છતે - **'जीवाणं विभिण्णयं'** :-

પ્રથમ જીવવિષયક દ્વેષ થતો હોય તો જે ચિંતન કરવું જોઈએ તે બતાવે છે –

અનુરાગનો વિષય જીવ જુદો છે અને ઉપરોધી=વ્યાઘાત કરનાર, જીવ પણ જુદો છે, તે પ્રમાણે ભાવન કરવું જોઈએ.

આ કથનથી એ જ્ઞાપન થયું કે અનુરાગનો વિષય જે જીવ હોય તેને ઉપરોધ કરનાર જીવને પ્રતિહનનનો પરિણામ=દૂર કરવાનો પરિણામ, તે દ્વેષ છે.

દ્વેષ વખતે બંને જીવોની વિભિન્નતાનું ચિંતન કરવાનું કહ્યું, તેનું કારણ જીવને કોઈક પ્રત્યે રાગ હોય ત્યારે રાગના વિષયભૂત જીવને ઉપરોધ કરનાર=વ્યાઘાત કરનાર પાત્ર પ્રત્યે દ્વેષ થાય છે. તેથી બતાવ્યું કે જેના પ્રત્યે તમે રાગ કરો છો, તે જીવ પણ તમારાથી જુદો છે અને તેને ઉપરોધ કરનાર જીવ

પણ તમારાથી જુદો છે. આ પ્રકારે ભાવન કરવાથી જેના પ્રત્યે રાગ છે અને જેના પ્રત્યે દ્વેષ થાય છે, તે બંને પોતાના માટે ભિન્નરૂપે સરખા છે તેવી બુદ્ધિ થવાથી રાગના પાત્ર પ્રત્યે રાગ દૂર થાય છે અને તેના કારણે દ્વેષના પાત્ર પ્રત્યે દ્વેષ પણ દૂર થાય છે.

તેથી એ ફલિત થયું કે જો કોઈ પાત્ર પ્રત્યે રાગ ન હોય તો તેને ઉપરોધ કરનાર પ્રતિ દ્વેષ પણ ન થાય. તેથી જીવની વિભિન્નતાના ચિંતન દ્વારા એ જ્ઞાપન થયું કે દ્વેષ હંમેશાં અનુરાગના વિષયમાં ઉપરોધ કરનાર પ્રત્યે થાય છે અને વિભિન્નતાના ચિંતનથી રાગ અને દ્વેષ બંનેને દૂર કરી શકાય છે. જેમ પોતાના પુત્ર પ્રત્યે રાગ હોય તો તેનો ઉપરોધ કરનાર પ્રત્યે દ્વેષ થાય છે, તો તેવા સમયે ચિંતન કરવું જોઈએ કે પુત્ર પણ મારાથી જુદો છે અને તેને ઉપરોધ કરનાર જીવ પણ મારાથી જુદો છે. આ રીતે ચિંતવવાથી પુત્ર પ્રત્યે રાગ થાય નહીં અને ઉપરોધ કરનાર પ્રત્યે દ્વેષ થાય નહીં, ફક્ત મધ્યસ્થ બુદ્ધિથી ઔચિત્યપાલનરૂપે ઉપરોધ કરનાર વ્યક્તિથી પુત્રના રક્ષણ માટે યત્ન થાય.

**અજીવવિષયક દ્વેષ થયે છતે - पोग्गलाणं विभिण्णयं :-**

હવે અજીવવિષયક દ્વેષ થતો હોય તો જે ચિંતન કરવું જોઈએ, તે બતાવે છે –

પોતાના દેહને ઉપઘાત કરનારા પુદ્ગલો પ્રત્યે દ્વેષ થતો હોય તો ચિંતવન કરે કે દેહના પુદ્ગલો મારાથી જુદા છે અને દેહને ઉપઘાત કરનારા પુદ્ગલો પણ મારાથી જુદા છે. જેમ દેહને ઉપઘાત કરનાર કાંટો લાગે તો કાંટા પ્રત્યે દ્વેષ થાય, ત્યારે વિચારે કે દેહના પુદ્ગલો મારાથી જુદા છે અને તેને ઉપઘાત કરનારા કાંટાના પુદ્ગલો પણ મારાથી જુદા છે, તેથી કાંટા પ્રત્યે દ્વેષનો પરિણામ થાય નહીં. આમ છતાં જો સાધુને સંયમની વૃદ્ધિમાં કાંટો વ્યાઘાતક હોય, તો સંયમના રક્ષણ માટે દૂર પણ કરે, પરંતુ દ્વેષભાવથી દૂર કરે નહીં. છતાં જે મહાત્માઓને કાંટાના પુદ્ગલો સંયમમાં ઉપઘાત કરે તેમ નથી અને કાંટો વાગે છતાં જેઓ સંયમની આરાધનામાં લયલીન છે, તેવા મહાત્માઓ લાગેલા કાંટાને દૂર કરવા પણ યત્ન કરતા નથી. જેમ મેઘકુમારે "ચક્ષુ સિવાયના દેહનું કોઈ જ પરિકર્મ કરીશ નહીં" તેવી પ્રતિજ્ઞા કરેલ. તેથી જો તેમને કાંટો લાગે તોપણ કાંટાને કાઢવા માટે પણ પ્રયત્ન ન કરે, તેટલી ભૂમિકાની મધ્યસ્થ પરિણતિ પ્રવર્તાવી શકે તેવા તે યોગી હતા.

**(૨) अणवट्ठियं परिणतिं :-**

પૂર્વમાં જીવ-અજીવવિષયક દ્વેષ થાય ત્યારે વિભિન્નતાના ચિંતવન દ્વારા દ્વેષનિવર્તનનો ઉપાય બતાવ્યો. પરંતુ પ્રતિકૂળ ભાવમાં દ્વેષ થવો જીવને અતિ સહજ છે, તેથી દ્વેષનિવર્તનના ઉપાયને દૃઢ કરવા માટે અન્ય પણ ચિંતન બતાવતાં કહે છે – પોતાની સાથે કોઈ જીવની કે કોઈ પુદ્ગલની પરિણતિ અવસ્થિત નથી, પરંતુ ઈષ્ટ-અનિષ્ટ અને મધ્યસ્થભાવથી અનવસ્થિત છે, એ પ્રમાણે ચિંતન કરે.

આશય એ છે કે જીવ સાથે જીવની પરિણતિ અવસ્થિત નથી. જેમ જે જીવ પ્રત્યે પોતે વર્તમાનમાં રાગ કરે છે, તે જ જીવ પ્રત્યે ક્યારેક કોઈક નિમિત્તને પામીને દ્વેષની પરિણતિ પણ થાય છે, તો ક્યારેક કોઈક અન્ય નિમિત્તને પામીને મધ્યસ્થ પરિણતિ પણ થાય છે.

જેમ

કોઈ જીવ પ્રત્યે પૂર્વમાં કોઈ સંબંધ ન હોય ત્યારે બધા જ જીવોની જેમ તે જીવ પ્રત્યે પણ મધ્યસ્થ પરિણતિ હોય છે, વળી કોઈ નિમિત્તને પામીને તેની સાથે મૈત્રીનો સંબંધ થયો ત્યારે રાગની પરિણતિ થાય છે, અને તેના કોઈક વર્તનના નિમિત્તને પામીને દ્વેષની પરિણતિ પણ થાય છે.

વળી પુદ્ગલમાં પણ જીવને ઈષ્ટ-અનિષ્ટાદિ ભેદથી અનવસ્થિત પરિણતિ આ રીતે છે –

કોઈ ઘટાદિ પદાર્થને જોઈને પોતાને ઉપયોગિતા ન જણાય ત્યારે મધ્યસ્થ પરિણતિ હોય છે, કોઈક સંયોગમાં તેની આવશ્યકતા જણાય ત્યારે તે જ ઘટાદિ પદાર્થ પ્રત્યે રાગ થાય છે. આથી રાગથી ગ્રહણ કર્યા પછી તે ઘટાદિ અકસ્માત્ તૂટી જાય તો શોક પણ થાય છે, અને પોતાની પાસે જે ઘટાદિ છે તે ઘટાદિ પદાર્થ પોતાને ગમે તેવા નથી અને અન્ય ઘટાદિ ગમે છે, ત્યારે જૂના ઘટાદિ પદાર્થને ફેંકી દેવાનું મન થાય છે, તે દ્વેષની પરિણતિરૂપ છે. આથી પુદ્ગલમાં પણ જીવની અનવસ્થિત પરિણતિ વર્તે છે, તે પ્રકારે ચિંતન કરવું.

આ રીતે જીવવિષયક અને પુદ્ગલવિષયક ઈષ્ટ-અનિષ્ટાદિરૂપ અનવસ્થિત પરિણતિનું ચિંતન કરીને આત્માને દ્વેષભાવથી નિવર્તન કરે.

(३) **विवागदोसं :-**

કોઈ પણ જીવ કે પુદ્ગલ પદાર્થ પ્રત્યે દ્વેષ કરવામાં આવે તો તેનાથી બંધાયેલું કર્મ પરલોકમાં પોતાને ન ગમે તેવા ભાવો સાથે સંબંધ કરાવી આપે છે. તેથી દ્વેષનું ફળ પણ જીવ માટે પ્રતિકૂળ છે.

આ રીતે વિપાકદોષનું ચિંતવન કરીને આત્માને દ્વેષભાવથી નિવર્તન કરે. **॥૭૦॥**

**અવતરણિકા :-**

**इदानीं मोहमधिकृत्य प्रतिपक्षमभिधातुमाह -**

**અવતરણિકાર્થ :-**

**હવે મોહને આશ્રયીને પ્રતિપક્ષને બતાવવા કહે છે –**

**ગાથા :-**

**चिंतेज्जा मोहम्मी ओहेणं ताव वत्थुणो तत्तं ।**
**उप्पाय-वय-धुवजुयं अणुहवजुत्तीए सम्मं ति ।।७१।।**

**અન્વયાર્થ :-**

**मोहम्मी=મોહ થયે છતે ओहेणं=સામાન્યથી वत्थुणो=વસ્તુનું उप्पाय-वय-धुवजुयं=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત तत्तं=તત્ત્વ अणुहवजुत्तीए=અનુભવયુક્તિથી सम्मं=સમ્યક્ चिंतेज्जा=ચિંતન કરવું જોઈએ.**

**ગાથામાં 'ति' પાદપૂર્તિ માટે છે અને 'ताव' વાક્યાલંકારમાં છે. ॥૭૧॥**

ગાથાર્થ :-

**મોહ થયે છતે સામાન્યથી વસ્તુનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત તત્ત્વ અનુભવયુક્તિથી સમ્યક્ ચિંતન કરવું જોઈએ. ।।૭૧।।**

ટીકા :-

'चिन्तयेद्' 'मोहे सति' 'ओघेन'=सामान्येन, 'तावद्' आदौ 'वस्तुनः'=जीवादेः, 'तत्त्वं'=तद्भावम् । किम्भूतम्? इत्याह - 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं' निमित्तभेदेन 'अनुभवयुक्त्या सम्यक्'=अनुभवप्रधाना युक्तिस्तया 'सम्यग्'=व्यवहारनिबन्धनत्वेन, चिन्तयेत् । इति गाथार्थः ।।७१।।

ટીકાર્થ :-

चिन्तयेद् मोहे ..... इति गाथार्थः ।।७१।। **મોહ થયે છતે આદિમાં=પ્રારંભમાં, ઓઘથી=સામાન્યથી, જીવાદિ વસ્તુના તત્ત્વનું=જીવાદિ વસ્તુના તદ્ભાવનું, ચિંતન કરવું જોઈએ.**

**કેવા પ્રકારનું તત્ત્વ છે ? એથી કહે છે –**

**નિમિત્તભેદથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત જીવાદિ વસ્તુનું તત્ત્વ છે.**

કઈ રીતે જીવાદિ વસ્તુનું ચિંતન કરે, તે સ્પષ્ટ કરે છે –

**અનુભવયુક્તિથી સમ્યગ્ ચિંતવન કરવું જોઈએ અર્થાત્ અનુભવપ્રધાન યુક્તિ વડે સમ્યગ્= વ્યવહારના નિબંધનરૂપે અર્થાત્ વ્યવહારની સંગતિ થાય તે રીતે, ચિંતન કરવું જોઈએ. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૧।।**

ભાવાર્થ :-

**-: મોહ થયે છતે કરવા યોગ્ય ચિંતન :-**

જીવને ભગવાને કહેલા તત્ત્વમાં મોહ થાય તો તે મોહના નિવર્તન માટે સામાન્યથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત જીવાદિ તત્ત્વોના સ્વરૂપનું ચિંતન કરવાનું છે. તેનાથી સમ્યક્ પ્રકારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્થિર થાય તો મોહ અવશ્ય નિવર્તન પામે છે. ભગવાનનું શાસન ત્રિપદીમાંથી ઉદ્ભવ પામેલું છે. તેથી કોઈને ત્રિપદીમાં લેશ પણ ભ્રાંતિ ન હોય તો તેને ભગવાનનાં સર્વ વિશેષ વચનો તે રૂપે સ્થિર થાય કે જે રૂપે ભગવાને કહ્યાં છે. તેથી સર્વજ્ઞના વચનમાં તેને ક્યાંય મોહ રહે નહીં. આથી મોહના નિવર્તન માટે સામાન્ય ઉપાય ત્રિપદીના વિષયમાં સ્થિર શ્રદ્ધાન છે. તેથી અહીં કહ્યું કે મોહ થાય તો પ્રારંભમાં સામાન્યથી ત્રિપદીનું ચિંતન કરે; અને સામાન્ય ચિંતવનથી પણ મોહ નિવર્તન ન પામે તો પછી જે જે સ્થાનમાં મોહ થયો હોય તે તે સ્થાનનું વિશેષરૂપે ચિંતવન પણ આવશ્યક બને. તે બતાવવા માટે અહીં કહ્યું કે મોહ થાય તો આદિમાં સામાન્યથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત જીવાદિના સ્વરૂપનું ચિંતન કરે.

વળી આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નિમિત્તભેદથી પ્રત્યેક વસ્તુમાં પ્રાપ્ત થાય છે. તે આ રીતે –

માટીમાંથી ઘડો બનાવવામાં આવે છે ત્યારે માટી ઘડારૂપે ઉત્પન્ન થાય છે, તે માટીમાં ઘટનો ઉત્પાદ છે=ઉત્પત્તિ છે; અને તે માટી પિંડરૂપે વ્યય થઈ=નાશ પામી, તે માટીનો પિંડરૂપે વ્યય થયો; અને માટી માટીરૂપે ઘટ અવસ્થામાં અને પિંડ અવસ્થામાં ધ્રૌવ્યયુક્ત છે. તેથી ઘટરૂપ પર્યાયના નિમિત્તથી માટીમાં ઉત્પાદ છે, પિંડપર્યાયના નિમિત્તથી માટીમાં વ્યય છે અને મૃદત્વરૂપે માટીનું ધ્રુવપણું છે. તે રીતે જગતની સર્વ વસ્તુઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે.

આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે પદાર્થનું ચિંતવન અનુભવપ્રધાન યુક્તિથી તે રીતે કરે કે જેથી દૃષ્ટ વ્યવહાર સંગત થાય.

આશય એ છે કે માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે, પરંતુ કંઈ ન હતું અને ઘડો ઉત્પન્ન થયો તેમ દેખાતું નથી. તેથી વ્યવહારમાં કહેવાય છે કે કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ માટે ઉપાદાનની આવશ્યકતા છે. ક્યારેય ઉપાદાન વિના વસ્તુની ઉત્પત્તિ થતી નથી. આ પ્રકારનો દૃષ્ટ વ્યવહાર તો સંગત થાય કે જો પદાર્થને પરિણામી માનીએ; અને જો પદાર્થને પરિણામી માનીએ તો જ પદાર્થ કોઈક રૂપે ઉત્પન્ન થાય છે, કોઈક રૂપે નાશ પામે છે અને કોઈક રૂપે સ્થિર છે તે સંગત થાય.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પદાર્થ છે. તેથી દૃષ્ટ વ્યવહારને અનુરૂપ અનુભવયુક્તિથી વિચારે તો વિચારકને સર્વ પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત જણાય છે. જેથી એકાંત ક્ષણિકત્વની માન્યતાથી કે એકાંત નિત્યવાદની માન્યતાથી ભગવાનના વચનમાં મોહ થયેલો હોય તો તેનું નિવર્તન થાય છે.

તાત્પર્ય એ છે કે યોગમાર્ગની સાધનામાં પ્રવૃત્ત ઘટમાનયોગી કે પ્રવૃત્તયોગી હંમેશાં સત્શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધાવાળા હોય છે. તે વિચારે છે કે કયાં શાસ્ત્રો સર્વજ્ઞકથિત છે અને કયાં શાસ્ત્રો અસર્વજ્ઞકથિત છે, તે કંઈ દેખાતો પદાર્થ નથી, તેથી શાસ્ત્રોની સમ્યક્ પરીક્ષા કરવા માટે કષ, છેદ, તાપથી વિચારણા કરે છે અને આ શાસ્ત્ર કષાદિ શુદ્ધ છે એવો નિર્ણય થવાથી જે સાધકને સર્વજ્ઞના વચનમાં સ્થિર શ્રદ્ધા છે, તે સાધક સર્વજ્ઞના વચનાનુસાર યોગમાં પ્રવૃત્તિ કરે છે, અને પોતે સ્વીકારેલું સર્વજ્ઞવચન એકાંત નિરવદ્ય છે, તેનો નિર્ણય કરવા માટે અન્ય દર્શનનાં શાસ્ત્રો પણ ભણતા હોય છે. જેમ 'ઉપમિતિ ભવપ્રપંચા કથા'ના રચયિતા પૂ. સિદ્ધર્ષિ ગણિએ બૌદ્ધ દર્શનના અભ્યાસમાં પણ યત્ન કરેલ. તે રીતે યત્ન કરતાં સાધક આત્માઓને કોઈક વખતે એકાંત ક્ષણિકવાદની યુક્તિથી પ્રભાવિત થઈને કે એકાંત નિત્યવાદની યુક્તિથી પ્રભાવિત થઈને તે તે દર્શનની યુક્તિથી સર્વજ્ઞના વચનમાં મોહ પણ ઉત્પન્ન થાય. ત્યારે તેના નિવર્તનનો ઉપાય અનુભવપ્રધાન યુક્તિથી વ્યવહાર સંગત થાય એ રીતે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પદાર્થનું ચિંતવન છે. તે ચિંતવન તે તે પ્રકારની એકાંતવાદની યુક્તિથી થયેલા ભ્રમનું નિવર્તન કરે છે. **॥૭૧॥**

**અવતરણિકા :-**

**अनुभवयुक्तिमेव लेशत आह -**

**અવતરણિકાર્થ :-**

**અનુભવયુક્તિને જ લેશથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે અનુભવપ્રધાન યુક્તિથી વસ્તુનું ચિંતન કરવું જોઈએ. તેથી અનુભવપ્રધાન યુક્તિને જ લેશથી બતાવે છે અર્થાત્ વિસ્તારથી તો અનુભવપ્રધાન યુક્તિઓ ઘણી છે, પરંતુ એકાંત ક્ષણિકવાદ પણ અનુભવ વિરુદ્ધ અને એકાંત નિત્યવાદ પણ અનુભવ વિરુદ્ધ છે, તે કથનને લેશથી ગાથા-૭૨-૭૩માં બતાવીને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પદાર્થ અનુભવપ્રધાન યુક્તિથી બતાવે છે –

**ગાથા :-**

**नाभावो च्चिय भावो अतिप्पसंगेण जुज्जइ कयाइ ।**
**ण य भावोऽभावो खलु तहासहावत्तऽभावाओ ।।७२।।**

**અન્વયાર્થ :-**

**अतिप्पसंगेण=અતિપ્રસંગ હોવાને કારણે अभावो च्चिय भावो=અભાવ જ ભાવ कयाइ=ક્યારેય न जुज्जइ=થતો નથી भावो य अभावो ण=અને ભાવ અભાવ થતો નથી; तहासहावत्तऽभावाओ=કેમ કે તેવા પ્રકારના સ્વભાવપણાનો અભાવ છે. 'खलु' વાક્યાલંકારમાં છે. ।।૭૨।।**

**ગાથાર્થ :-**

**અતિપ્રસંગ હોવાને કારણે અભાવ જ ભાવ ક્યારેય થતો નથી અને ભાવ અભાવ થતો નથી; કેમ કે તેવા પ્રકારના સ્વભાવપણાનો અભાવ છે. ગાથામાં'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. ।।૭૨।।**

**ટીકા :-**

**'नाभाव एव सर्वथा भावो' 'युज्यते' 'कदाचित्' इति कालावधारणम्, 'अतिप्रसङ्गेन' हेतुना । यदि ह्यसदेव सद् भवेत् ततोऽसत्त्वाविशेषात् सकलशक्त्यभावाद् विवक्षितसत्त्ववद् अविवक्षितमपि भवेद् हेत्वविशेषादिति युगपद् (विवक्षिता-ऽ) विवक्षितघटपटादिभावापत्तिः,**

**ટીકાર્થ :-**

**नाभाव ..... विवक्षितघटपटादिभावापत्तिः, સર્વથા અભાવ જ ક્યારેય=કોઈ કાળમાં, ભાવ થતો નથી. ગાથામાં 'कदाचित्' શબ્દ કાલાવધારણ માટે છે. તેથી યાવત્કાળમાં ક્યારેય પણ સર્વથા અભાવ ભાવ થતો નથી, એ પ્રકારનો સર્વ કાળનો સંગ્રહ 'कदाचित्' શબ્દથી થાય છે.**

સર્વથા અભાવ જ ભાવ કેમ થતો નથી ? તેમાં હેતુ કહે છે –

**અતિપ્રસંગ હોવાના કારણે સર્વથા અભાવ જ ભાવ થતો નથી.**

**અને તે અતિપ્રસંગ જ 'यदि हि' થી સ્પષ્ટ કરે છે –**

**જો અસદ્ જ સદ્ થાય તો અસત્ત્વ અવિશેષ હોવાથી=વિવક્ષિત કાર્ય અને અવિવક્ષિત કાર્ય બંનેનું અસત્ત્વ=અભાવપણું કાર્યની નિષ્પત્તિની પૂર્વમાં અવિશેષ હોવાથી અર્થાત્ સમાન હોવાથી, સકલ શક્તિનો અભાવ છે=વિવક્ષિત કાર્યની શક્તિ અને અવિવક્ષિત કાર્યની શક્તિરૂપ સકલ શક્તિનો અભાવ છે; અને સકલ શક્તિનો અભાવ હોવાથી (ઉત્તરમાં) વિવક્ષિત સત્ત્વની જેમ=વિવક્ષિત કાર્યના અસ્તિત્વની જેમ, અવિવક્ષિત પણ=અવિવક્ષિત કાર્યનું અસ્તિત્વ પણ થાય; કેમ કે હેતુ અવિશેષ છે=વિવક્ષિત કાર્ય અને અવિવક્ષિત કાર્યની શક્તિના અભાવરૂપ હેતુ અવિશેષ છે. એથી (ઉત્તરમાં) યુગપદ્=એકસાથે, વિવક્ષિત ઘટ અને અવિવક્ષિત પટાદિ ભાવોની આપત્તિ છે=વિવક્ષિત ઘટ અને અવિવક્ષિત પટાદિ ભાવોની પ્રાપ્તિનો અતિપ્રસંગ છે.**

**ભાવાર્થ :-**

સર્વથા અભાવ જ ભાવ થાય છે તેમ માનવામાં આવે તો અતિપ્રસંગ પ્રાપ્ત થાય છે. જેમ ઘટની સામગ્રીથી ઘટ પેદા થાય છે તે પૂર્વે જેમ ઘટ સર્વથા અસત્ છે, તેમ પટ પણ સર્વથા અસત્ છે; અને જો અસત્ પણ ઘટ પેદા થતો હોય તો ઘટની નિષ્પત્તિ પૂર્વે ઘટનો જેમ અભાવ છે, તેમ પટનો પણ અભાવ છે, માટે ઘટની નિષ્પત્તિ પૂર્વે ઘટના અને પટાદિના અભાવનું અવિશેષપણું હોવાને કારણે, વિદ્યમાન ઘટની સામગ્રીમાં ઘટની શક્તિ પણ નથી, અને પટાદિની શક્તિ પણ નથી, તેથી સર્વ શક્તિનો અભાવ છે; અને વિદ્યમાન સામગ્રીમાં સકલ શક્તિનો અભાવ હોવા છતાં વિદ્યમાન સામગ્રીમાંથી જેમ વિવક્ષિત સત્ત્વ=ભાવ પેદા થાય છે અર્થાત્ ઘટની સામગ્રીથી વિવક્ષિત ઘટ પેદા થાય છે, તેમ અવિવક્ષિત પટાદિ પણ પેદા થવાં જોઈએ; કેમ કે હેતુ અવિશેષ છે. અર્થાત્ વિદ્યમાન ઘટની સામગ્રીમાં ઘટ-પટાદિ સર્વ પદાર્થોની સર્વ શક્તિનો અભાવ છે, તે રૂપ હેતુ અવિશેષ છે, છતાં ઘટની સામગ્રીથી જેમ વિવક્ષિત ઘટ પેદા થાય છે, તેમ એક સાથે અવિવક્ષિત એવા પટાદિ ભાવોની પણ પ્રાપ્તિ થવી જોઈએ. પરંતુ તેમ થતું નથી, પણ ઘટની સામગ્રીથી ઘટ પ્રાપ્ત થાય છે, પટાદિ પદાર્થો પ્રાપ્ત થતા નથી. માટે ઘટની સામગ્રીમાં સકલ શક્તિનો અભાવ નથી, પરંતુ માટીમાં ઘટની શક્તિ છે, પણ પટાદિ પદાર્થોની શક્તિ નથી, તેથી ઘટ પેદા થાય છે, પણ પટાદિ પદાર્થો પેદા થતા નથી. તેથી નક્કી થાય છે કે ઘટ પેદા થવા પૂર્વે શક્તિરૂપે ઘટ માટીમાં વિદ્યમાન હતો, પણ સર્વથા ઘટનો અભાવ ન હતો. તેથી સર્વથા અભાવ=ભાવ થતો નથી, પરંતુ શક્તિરૂપે ભાવ હોવા છતાં વ્યક્તિરૂપે જેનો અભાવ હતો તે અભાવ ભાવરૂપે થાય છે. જ્યારે પટનો ભાવ માટીમાં શક્તિરૂપે પણ ન હતો અને વ્યક્તિરૂપે પણ ન હતો; તેથી ઘટની સામગ્રીથી ઘટ પેદા થયો, પણ પટ પેદા થયો નહીં.

તેથી એ ફલિત થયું કે જેનો સર્વથા અભાવ હોય તેનો ભાવ થતો નથી, પરંતુ જેનો શક્તિરૂપે ભાવ હોય અને વ્યક્તિરૂપે અભાવ હોય, તેનો પ્રયત્નથી વ્યક્તિરૂપે ભાવ પ્રગટે છે. માટે કથંચિત્ અભાવ ભાવ

થાય છે, પરંતુ સર્વથા અભાવ ભાવ થતો નથી.

❖ 'अविवक्षितमपि' વિવક્ષિત કાર્ય તો થાય, પણ અવિવક્ષિત કાર્ય પણ થાય. તેનો 'अपि' થી સમુચ્ચય છે.

❖ 'पटादि' અહીં 'आदि' થી સર્વ અન્ય પદાર્થોનું ગ્રહણ કરવું.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે સર્વથા અભાવ જ ભાવ થાય છે તેમ માનીએ તો ઘટની સામગ્રીમાંથી વિવક્ષિત ઘટ અને અવિવક્ષિત પટાદિ ભાવોની પ્રાપ્તિ થવાનો અતિપ્રસંગ આવે. તેના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે સર્વથા અભાવ જ ભાવ થાય છે, આમ છતાં ઘટના અસત્ત્વરૂપ હેતુથી અન્ય એવા માટી, દંડ આદિ પણ ઘટના હેતુઓ હોવાથી સર્વથા અસદ્ જ ઘટ પેદા થાય છે; જ્યારે પટના અસત્ત્વરૂપ હેતુથી અન્ય એવા તંતુ આદિ હેતુઓ નથી, તેથી પટ પેદા થતો નથી. માટે સર્વથા અભાવ જ ભાવ થાય છે, તેમ સ્વીકારવા છતાં ઘટની સામગ્રીથી પટાદિ પદાર્થો પેદા થવાનો અતિપ્રસંગ આવશે નહીં. તેને ગ્રંથકાર કહે છે -

**ટીકા :-**

**अनुपयोगिनी चेह तदन्यहेतुपरिकल्पना, असज्जननस्वभावत्वेन तस्या अप्युक्तदोषानतिवृत्तेः, अवध्यभावे तद्विशेषकल्पनायोगादिति ।**

**ટીકાર્થ :-**

अनुपयोगिनी ..... तद्विशेषकल्पनायोगादिति । **અને અહીં=સર્વથા અભાવ જ ભાવ થાય છે તેમ સ્વીકારવા છતાં અવિવક્ષિત પટાદિ પદાર્થોના સ્વીકારનો અતિપ્રસંગ આવતો નથી એ કથનમાં, તદન્યહેતુપરિકલ્પના અર્થાત્ તદ્=સર્વથા અસત્ત્વરૂપ હેતુથી, અન્ય એવા હેતુઓની પરિકલ્પના=વિવક્ષિત ઘટરૂપ કાર્યના માટી આદિ રૂપ અન્ય હેતુઓની પરિકલ્પના, અનુપયોગી છે; કેમ કે અસજ્જનનસ્વભાવપણું હોવાના કારણે તેનાથી પણ=તદન્ય હેતુની પરિકલ્પનાથી પણ, ઉક્ત દોષની=અતિપ્રસંગરૂપ ઉક્તદોષની, અનતિવૃત્તિ છે=અનિવારણ છે અર્થાત્ અતિપ્રસંગરૂપ દોષનું નિવારણ થતું નથી.**

અતિપ્રસંગદોષનું નિવારણ કેમ થતું નથી ? તેની યુક્તિ આપે છે –

**અવધિના અભાવમાં=ઘટની ઉપાદાન સામગ્રીરૂપ માટીમાં ઘટ પેદા થવાની શક્તિ છે પણ પટાદિ પદાર્થો પેદા થવાની શક્તિ નથી તે રૂપ અવધિના અભાવમાં અર્થાત્ મર્યાદાના અભાવમાં, તદ્વિશેષની કલ્પનાનો અયોગ છે="ઘટ-પટની નિષ્પત્તિ પૂર્વે ઘટ-પટ બંનેનું અસત્ત્વ અવિશેષ હોવા છતાં દંડ-ચક્ર આદિ ઘટની સામગ્રી છે પણ પટની સામગ્રી નથી" એ પ્રકારના હેતુના વિશેષની કલ્પનાનો અયોગ છે. તેથી ઉક્ત અતિપ્રસંગરૂપ દોષ નિવર્તન પામતો નથી, એમ અન્વય છે.**

**'इति' શબ્દ 'यदि हि' થી જે અતિપ્રસંગ બતાવ્યો, તે કથનની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

સર્વથા અભાવ જ ભાવ થાય છે, તે પ્રકારે ક્ષણિકવાદી બૌદ્ધ માને છે; અને જે વખતે ઘટની સામગ્રી મળે છે, તે વખતે પટાદિ પેદા થતા નથી, તેમાં બૌદ્ધ યુક્તિ આપે છે કે ઘટનિષ્પત્તિ પૂર્વે ઘટ અને પટાદિ સર્વનો સર્વથા અભાવ હતો, આમ છતાં ઘટની નિષ્પત્તિની સામગ્રી માટી-દંડ-ચક્ર-ચીવર આદિ હોવાથી ઘટ નિષ્પન્ન થાય છે, અને પટની તંતુ આદિ સામગ્રી નહીં હોવાથી પટ નિષ્પન્ન થતો નથી. આ પ્રકારે ઘટના અસત્ત્વથી અન્ય એવા ઘટના હેતુઓની પરિકલ્પના કરીને ઘટની સામગ્રીથી પટની નિષ્પત્તિનાં અતિપ્રસંગદોષનું નિવારણ બૌદ્ધ કરે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે ઘટના અન્ય હેતુઓની પરિકલ્પના અતિપ્રસંગદોષનું નિવારણ કરવામાં અનુપયોગી છે; કેમ કે તે અન્ય હેતુઓનું પણ અસદ્જનનસ્વભાવપણું=અસત્‌ની નિષ્પત્તિ કરવાનું સ્વભાવપણું હોવાને કારણે અતિપ્રસંગરૂપ દોષની નિવૃત્તિ નથી.

અતિપ્રસંગદોષની નિવૃત્તિ કેમ નથી ? તેમાં યુક્તિ આપે છે –

ઉપાદાન કારણમાં=માટીમાં, આ કાર્ય=ઘટરૂપ કાર્ય, પેદા કરવાની શક્તિ છે, એ પ્રકારની મર્યાદાનો અભાવ હોય તો, દંડ-ચક્ર-ચીવરાદિ ઘટને પેદા કરવાનાં કારણો છે, પણ પટને પેદા કરવાનાં કારણો નથી, એ પ્રકારની વિશેષ કલ્પના થઈ શકે નહીં; કેમ કે દંડ-ચક્ર-ચીવરાદિ પદાર્થોનો અસદ્જનનસ્વભાવ છે; અને છતાં અસદ્જનનસ્વભાવ હોવાને કારણે જો દંડ-ચક્ર-ચીવરાદિ અસદ્ એવા ઘટને પેદા કરી શકે છે, તો અસદ્ એવા પટને પણ પેદા કરી શકે છે તેમ સ્વીકારવું પડે; કેમ કે ઉપાદાનકારણમાં આ જ કાર્ય પેદા કરવાની અવધિ છે, તેવો સ્વીકાર અસદ્જનનસ્વભાવ સ્વીકારવાથી થતો નથી. પરંતુ જો એમ માનવામાં આવે કે ઉપાદાનકારણરૂપ માટીમાં ઘટજનનસ્વભાવ છે, પટજનનસ્વભાવ નથી; તેથી દંડ-ચક્ર-ચીવરાદિ ઘટ પેદા કરવાનાં કારણો છે, પટ પેદા કરવાનાં કારણો નથી; તો એ પ્રાપ્ત થાય કે ઉપાદાનકારણ એવી માટીમાં ઘટજનનસ્વભાવ હતો, તે જ દંડાદિ સામગ્રીથી પ્રગટ થયો; માટે સર્વથા અસદ્ એવો ઘટ પેદા થયો નથી, પરંતુ માટીમાં યોગ્યતારૂપે રહેલો ઘટ જ દંડાદિ સામગ્રીથી પેદા થયો છે. તેથી સર્વથા અભાવ જ ભાવ થાય છે તેમ સ્વીકારીએ તો, ઉપાદાનમાં ચોક્કસ કાર્ય પેદા કરવાની અવધિનો અભાવ હોવાના કારણે "દંડાદિ સામગ્રીમાં ઘટાદિની કારણતા છે" એ પ્રકારના હેતુના વિશેષની કલ્પના થઈ શકે નહીં. તેથી ઘટના નિષ્પત્તિકાળમાં પટાદિ નિષ્પત્તિના અતિપ્રસંગદોષનું નિવારણ થાય નહીં.

**ટીકા :-**

**एवं च -**

असदुत्पद्यते तद्धि विद्यते यस्य कारणम् ।<br>
शशश्रृङ्गाद्यनुत्पत्ति र्हेत्वभावादितीष्यते ।। (शा. वा. समु. ४/४०।।)

इति वचनमात्रमेव ।

**ટીકાર્થ :-**

एवं च - ..... इति **वचनमात्रमेव । અને આ રીતે=સર્વથા અભાવ જ ભાવ થાય છે, તેમ સ્વીકારીએ તો, તદન્ય હેતુની પરિકલ્પના અતિપ્રસંગ નિવારવામાં અનુપયોગી છે, તેમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે,** "તે જ અસદ્ ઉત્પન્ન થાય છે જેનું કારણ વિદ્યમાન છે, હેતુના અભાવને કારણે શશશૃંગ આદિની અનુત્પત્તિ છે, એ પ્રમાણે ઈચ્છાય છે." **એ પ્રકારનું બૌદ્ધનું વચન, વચનમાત્ર જ છે અર્થાત્ પ્રામાણિક વચન નથી.**

**નોંધ :-** ઉપર્યુક્ત ઉદ્ધરણ શ્લોક બૌદ્ધદર્શનનો છે. માત્ર તેનું ઉદાહરણ 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ગ્રંથમાં છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધ દર્શન અસત્કાર્યવાદિ છે. તેથી તે કહે છે કે સર્વથા અસદ્ એવો ઘટ ઉત્પન્ન થાય છે. આમ છતાં ઘટ કેમ ઉત્પન્ન થયો ? અન્ય કોઈ પદાર્થ કેમ ઉત્પન્ન ન થયો ? તેમાં યુક્તિ કહે છે કે જેનું કારણ વિદ્યમાન હોય તે ઉત્પન્ન થાય છે. અહીં ઘટનું કારણ વિદ્યમાન છે, તેથી ઘટ ઉત્પન્ન થાય છે, અન્યનું કારણ વિદ્યમાન નથી, તેથી અન્ય ઉત્પન્ન થતું નથી. તેની પુષ્ટિ કરવા માટે તે કહે છે કે જેમ ઘટ સર્વથા અસત્ છે, તેમ શશશૃંગ પણ સર્વથા અસત્ છે; આમ છતાં શશશૃંગની ક્યારેય ઉત્પત્તિ થતી નથી, તેનું કારણ શશશૃંગના હેતુનો અભાવ છે. આ પ્રમાણે સ્વીકારીને કાર્યકારણ ભાવની સંગતિ કરે છે.

તેને ગ્રંથકાર કહે છે કે આ તેનું કથન વચનમાત્ર જ છે; કેમ કે ઉપાદાન કારણમાં અવધિ સ્વીકારવામાં ન આવે તો આ કારણો ઘટનાં છે, પટનાં નથી, તેવી વિશેષ પ્રકારની કલ્પના થઈ શકે નહીં; અને બૌદ્ધો તો ઉપાદાન કારણમાં ઘટ પેદા થવાની યોગ્યતા છે, એ પ્રકારની અવધિ સ્વીકારતા નથી, તેથી તેના મતે આ કારણો ઘટનાં છે, પટનાં નથી, તેવી વિશેષ કલ્પના થઈ શકે નહીં. માટે તેની કલ્પના શબ્દમાત્રથી રમ્ય છે, પદાર્થવ્યવસ્થાથી રમ્ય નથી.

**ઉત્થાન :-**

ગાથાના પૂર્વાર્ધનું ટીકામાં સ્પષ્ટીકરણ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધને સ્પષ્ટ કરતાં 'तथा' થી ગ્રંથકારશ્રી સમુચ્ચય કરે છે.

**ટીકા :-**

**तथा 'न च भाव' एकान्तेन 'अभाव' एव युज्यते कदाचित्, अतिप्रसङ्गेन हेतुनेति वर्तते । यदि हि सदेवासद् भवेत्, ततः सत्त्वाऽविशेषात् सकलशक्त्यभावाद् विवक्षिताऽसत्त्ववद् अविवक्षितमपि भवेत् हेत्वविशेषादिति समं घट-मृदाद्यभावापत्तिः,**

**ટીકાર્થ :-**

**तथा न च ..... घट-मृदाद्यभावापत्तिः, અને અતિપ્રસંગરૂપ હેતુને કારણે ભાવ એકાંતથી અભાવ જ ક્યારેય થતો નથી.**

**મૂળ ગાથામાં 'अतिप्पसंगेण' હેતુ પૂર્વાર્ધમાં છે, તે અતિપ્રસંગરૂપ હેતુની ઉત્તરાર્ધમાં અનુવૃત્તિ છે.**

**ભાવ એકાંતથી અભાવ જ થતો હોય તો અતિપ્રસંગ કેમ છે ? તે 'यदि हि' થી સ્પષ્ટ કરે છે -**

**જો સદ્ જ અસદ્ થાય તો સત્ત્વ અવિશેષ હોવાથી=ઘટ અને માટી આદિનું સત્ત્વ અવિશેષ હોવાથી, સકલ શક્તિનો અભાવ છે=સકલ પદાર્થમાં બીજી ક્ષણમાં રહેવાની શક્તિનો અભાવ છે, અને સકલ શક્તિનો અભાવ હોવાને કારણે વિવક્ષિત અસત્ત્વની જેમ=વિવક્ષિત એવા ઘટના અસત્ત્વની જેમ અવિવક્ષિત પણ થાય=અવિવક્ષિત એવા મૃદાદિનું અસત્ત્વ પણ થાય; કેમ કે હેતુ અવિશેષ છે અર્થાત્ ઘટની શક્તિ નથી, તેમ માટીની પણ શક્તિ નથી, એ રૂપ હેતુ અવિશેષ છે. એથી કરીને સાથે ઘટ-મૃદાદિના અભાવની આપત્તિ છે=ઘટના અભાવની સાથે મૃદાદિના અભાવની પણ આપત્તિ છે. તેથી ઘટ નાશ થાય ત્યારે મૃદાદિની ઉપલબ્ધિ પણ થવી જોઈએ નહીં, પરંતુ કાંઈ નથી એ પ્રકારે શૂન્યની ઉપલબ્ધિ થવી જોઈએ.**

❖ 'अविवक्षितमपि' અહીં 'अपि' થી વિવક્ષિતનો સમુચ્ચય છે.

❖ 'मृदाद्यभावापत्तिः' અહીં 'अपि' થી પટ વિવક્ષિત કરવામાં આવે, ત્યારે તંતુને ગ્રહણ કરવા અર્થે 'आदि' નો પ્રયોગ છે.

**ભાવાર્થ :-**

ઘડા માટીના પણ હોય અને સુવર્ણના પણ હોય, અને માટીના ઘડાને જોઈએ ત્યારે પણ આ ઘડો છે તેમ પ્રતીતિ થાય છે અને સુવર્ણના ઘડાને જોઈએ ત્યારે પણ આ ઘડો છે તેમ પ્રતીતિ થાય છે. તેથી સુવર્ણનો ઘટ તે માત્ર ઘટ નથી, પણ સુવર્ણ પણ છે અને ઘટ પણ છે; તેમ માટીનો ઘટ પણ માટી પણ છે અને ઘટ પણ છે. જો માત્ર જ ઘટ હોત તો સુવર્ણના ઘટ અને માટીના ઘટમાં ભેદ ગ્રહણ ન થાય; પણ ભેદ ગ્રહણ થાય છે, તે બતાવે છે કે માત્ર ઘટ નથી પરંતુ માટી અને ઘડો એમ બે વસ્તુ છે.

સામે દેખાતા માટીના ઘડામાં જેમ ઘટનું સત્ત્વ છે, તેમ માટીનું પણ સત્ત્વ છે. તેથી જો એમ કહેવામાં આવે કે સદ્ જ અસદ્ થાય છે, તો સદ્ એવો ઘટ અસદ્ થાય, તેમ સદ્ એવી માટી પણ અસદ્ થવી જોઈએ. તેથી ઘટમાં જેમ દ્વિતીય ક્ષણમાં રહેવાની શક્તિ નથી, તેમ માટીમાં પણ દ્વિતીય ક્ષણમાં રહેવાની શક્તિ નથી, તેમ માનવું પડે; કેમ કે ઘટ અને માટીનું સત્ત્વ અવિશેષ છે અર્થાત્ સમાન છે; અને તેમ સ્વીકારીએ તો ઘટના નાશના પ્રસંગમાં વિવક્ષિત એવા ઘટનું અસત્ત્વ થાય છે, તેમ અવિવક્ષિત એવી માટીનું પણ અસત્ત્વ થવું જોઈએ; કેમ કે સત્ત્વ અવિશેષ હોવાને કારણે ઘટમાં જેમ દ્વિતીય ક્ષણે રહેવાની શક્તિનો અભાવ છે, તેમ માટીમાં પણ દ્વિતીય ક્ષણે રહેવાની શક્તિનો અભાવ છે એ રૂપ હેતુ સમાન

છે. તેથી જે સમયે ઘટ નાશ પામે છે, તે સમયે માટીનો પણ નાશ થવો જોઈએ. તેથી ઘટ અને માટીના સાથે અભાવની પ્રાપ્તિ થવાની આપત્તિ આવે.

વસ્તુતઃ અનુભવ એ છે કે ઘટ નાશ પામે છે, ત્યારે ઘટની માટી નાશ પામતી નથી. તેથી સદ્ જ અસદ્ થાય છે, તેમ એકાંતે માની શકાય નહીં, એ પ્રકારનું પ્રસ્તુત કથનનું તાત્પર્ય છે.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે સદ્ જ અસદ્ થાય છે, અને તે નિયમ પ્રમાણે જેમ ઘટનો અભાવ થાય છે, તેમ માટીનો પણ અભાવ જ થાય; કેમ કે જેમ ઘટમાં બીજી ક્ષણમાં રહેવાની શક્તિ નથી, તેમ માટીમાં પણ બીજી ક્ષણમાં રહેવાની શક્તિ નથી. તેથી ઘટ અને માટી એ બંનેનો અભાવ સાથે જ પ્રાપ્ત થાય. આમ છતાં શૂન્યની પ્રાપ્તિ થતી નથી; કેમ કે પૂર્વની માટી પોતાના સંતાનરૂપ ઉત્તરની માટીને પેદા કરે છે. તેથી દેખાતી માટી એ ઘટ સહવર્તી માટી નથી, પરંતુ અન્ય માટી છે. તેથી ઘટ ફૂટે છે તે વખતે ઘટ અને માટી બંનેનો અભાવ થવા છતાં શૂન્યની પ્રાપ્તિ થતી નથી. માટે ઘટની સાથે માટીના અભાવની પ્રાપ્તિનો અતિપ્રસંગ આવશે નહીં. તેને ગ્રંથકાર કહે છે –

**ટીકા :-**

**अनुपयोगिनी चेह तदन्यमृदादिपरिकल्पना, सतोऽसद्भवनस्वभावतया हेतुत्वेन तस्या अप्युक्तदोषानतिवृत्तेः, अवध्यभावे स्वभावान्तरकल्पनायोगादिति,**

**ટીકાર્થ :-**

**अनुपयोगिनी ..... स्वभावान्तरकल्पनायोगादिति, અને અહીં=સદ્ જ અસદ્ થાય છે એ પ્રકારના કથનમાં આવતા અતિપ્રસંગના નિવારણમાં, તદન્યમૃદાદિની પરિકલ્પના=ઘટસહવર્તી મૃદ્થી અન્ય મૃદાદિની પરિકલ્પના, અનુપયોગી છે; કેમ કે સદ્નું અસદ્ભવનસ્વભાવપણારૂપે હેતુપણું હોવાથી, તેનાથી પણ=તદન્યમૃદાદિની પરિકલ્પનાથી પણ, ઉક્ત દોષની અનતિવૃત્તિ છે=અતિપ્રસંગરૂપ ઉક્ત દોષ નિવર્તન પામતો નથી.**

અતિપ્રસંગ દોષ કેમ નિવર્તન પામતો નથી ? તેમાં યુક્તિ આપે છે.

**અવધિના અભાવમાં=ઉપાદાનમાં તે તે કાર્ય કરવાની મર્યાદાના અભાવમાં, સ્વભાવાંતર કલ્પનાનો અયોગ છે=ઘટ નાશ પામે છે, તે ઉત્તર ઘટને પેદા કરતો નથી, તેવો સ્વભાવ છે; અને માટી નાશ પામે છે, તે અન્ય માટીને પેદા કરે છે તેવો સ્વભાવ છે, એ રૂપ ઘટનાશ કરતાં માટીનાશમાં સ્વભાવાંતર કલ્પનાનો અયોગ છે.**

**'इति' શબ્દ 'यदि हि' થી જે અતિપ્રસંગ બતાવ્યો, તેની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે બૌદ્ધને અતિપ્રસંગ આપ્યો કે જો સદ્ જ અસદ્ થતું હોય તો ઘટ અને માટી બંનેના અભાવની એક સાથે પ્રાપ્તિ થાય. આ અતિપ્રસંગના નિવારણ માટે બૌદ્ધ એમ કહે કે પૂર્વમાં જે ઘટ અને માટી હતાં, તે બંનેનો અભાવ થાય છે; તોપણ તે માટીથી અન્ય માટી પેદા થાય છે, તેથી ઘટનાશ થાય છે તે વખતે શૂન્યની પ્રાપ્તિ દેખાતી નથી અર્થાત્ પૂર્વનો ઘટ અને પૂર્વની માટી બંને નાશ પામી ગયાં; આમ છતાં પૂર્વની માટીએ સંતાનરૂપ નવી માટી પેદા કરી, તેથી ઘટનાશ પછી અન્ય માટીની ઉત્પત્તિ છે, પરંતુ શૂન્યની ઉત્પત્તિ નથી.

તેને ગ્રંથકાર કહે છે – અતિપ્રસંગના નિવારણ માટે અન્ય માટીની પરિકલ્પના ઉપયોગી નથી; કેમ કે તારા મત પ્રમાણે સદ્ જ અસદ્ થવાના સ્વભાવવાળું છે, તેથી પૂર્વની માટી કરતાં અન્ય માટીની પરિકલ્પનાથી પણ અતિપ્રસંગદોષનું નિવારણ થતું નથી.

અતિપ્રસંગદોષનું નિવારણ કેમ થતું નથી ? તેમાં યુક્તિ આપે છે –

તારા મત પ્રમાણે સદ્નો અસદ્ભવનસ્વભાવ છે, માટે તારા મત પ્રમાણે પૂર્વનો ઘટ અને પૂર્વની માટી બંને બીજી ક્ષણે અસત્ થશે, તેથી પૂર્વની માટીમાં અન્ય માટી પેદા કરવાની શક્તિ છે, તેમ કહી શકાય નહીં. માટે પૂર્વની માટીમાં અન્ય માટીને પેદા કરવાની શક્તિરૂપ અવધિનો અભાવ છે, તેથી ઘટનાશ કરતાં માટીનાશમાં સ્વભાવાંતરની કલ્પના થઈ શકે નહીં અર્થાત્ પૂર્વનો ઘટ પણ અસત્ થવાના સ્વભાવવાળો છે, તેમ માટી પણ અસત્ થવાના સ્વભાવવાળી છે; આમ છતાં પૂર્વનો ઘટ અસત્ થતો નવા ઘટને પેદા કરતો નથી, અને માટી અસત્ થતી નવી માટીને પેદા કરે છે, તે રૂપ ઘટનાશમાં અને માટીનાશમાં સ્વભાવાંતરની કલ્પના થઈ શકે નહીં; પરંતુ એમ જ માનવું પડે કે જેમ ઘટનો અસદ્જનનસ્વભાવ છે=ઉત્તરની ક્ષણમાં ઘટ પોતાના અસદ્ને અર્થાત્ નાશને કરવાના સ્વભાવવાળો છે. તેમ માટીનો પણ અસદ્જનનસ્વભાવ છે. માટે જેમ ઘટનો સર્વથા અભાવ થાય છે, તેમ માટીનો પણ સર્વથા અભાવ થવો જોઈએ; અથવા તો જેમ માટીનો નાશ પોતાના માટીરૂપ સંતાનને પેદા કરે છે, તેમ ઘટનાશ પણ પોતાના ઘટરૂપ સંતાનને પેદા કરવો જોઈએ.

**ટીકા :-**

**एवं च -**

सतोऽपि भावेऽभावस्य विकल्पश्चेदयं समः।
न तत्र किञ्चिद् भवति न भवत्येव केवलम् ।।

**इत्यपि वचनमात्रमेव ।**

**ટીકાર્થ :-**

एवं च - ..... इत्यपि वचनमात्रमेव । **અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે જો સદ્ જ અસદ્ થાય તો એક**

**સમયે ઘટ અને માટીના અભાવની પ્રાપ્તિરૂપ અતિપ્રસંગ આવે એ રીતે,** "સત્‌ના પણ અભાવના ભાવમાં આ સમાન વિકલ્પ છે=જે વિકલ્પ સત્‌ની ઉત્પત્તિમાં છે, તે જ વિકલ્પ અભાવની ઉત્પત્તિમાં છે અર્થાત્ ઉત્પન્ન થયેલું સત્ બીજી ક્ષણમાં નાશ પામે છે, તેમ ઉત્પન્ન થયેલ અભાવ બીજી ક્ષણમાં નાશ થવો જોઈએ, તે રૂપ સમાન વિકલ્પ છે."

તેના નિવારણ માટે બૌદ્ધ કહે છે – "ત્યાં=ઘટ નાશ પામે છે ત્યાં, કંઈ થતું નથી અર્થાત્ અભાવ થતો નથી."

તો શું થાય છે ? તેથી કહે છે –

"केवलं न भवति एव"=કેવલ 'न' થાય જ છે=શૂન્ય થાય જ છે અર્થાત્ વિદ્યમાન ઘટ ફક્ત પોતાના અસ્તિત્વ રહિત થાય જ છે."

**એ પ્રકારનું પણ બૌદ્ધનું કથન વચનમાત્ર જ છે.**

❖ 'सतोऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે સત્‌ના ભાવમાં તો વિકલ્પ છે, પણ સત્‌ના અભાવના ભાવમાં પણ વિકલ્પ છે.

❖ 'इत्यपि वचनमात्रमेव' પૂર્વમાં જે કહ્યું કે "असदुत्पद्यते तद्धि विद्यते यस्य कारणम्" ઈત્યાદિરૂપ બૌદ્ધકથનમાં જેમ કહ્યું કે એ વચનમાત્ર છે, તેમ "सतोऽपि भावेऽभावस्य विकल्पश्चेदयं समः" ઈત્યાદિ કથન એ પણ વચનમાત્ર છે, તેમ 'अपि' થી સમુચ્ચય થાય છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધને કોઈ પૂર્વપક્ષી આપત્તિ આપે કે જેમ તારા મતમાં જે ઉત્પન્ન થાય છે તે બીજી ક્ષણમાં નાશ પામે છે, તેમ સત્‌નો અભાવ થાય છે તે અભાવ પણ ઉત્પન્ન થયેલો છે, અને અભાવમાં પણ ભાવની જેમ સમાન વિકલ્પ છે અર્થાત્ જેમ ઉત્પન્ન થયેલો ભાવાત્મક ઘટ બીજી ક્ષણમાં નાશ પામે છે, તેમ ઉત્પન્ન થયેલો સત્‌નો અભાવ બીજી ક્ષણમાં નાશ પામવો જોઈએ અર્થાત્ ફરી ઘટ ઉત્પન્ન થવો જોઈએ.

આ પ્રકારની આપત્તિનું નિવારણ કરવા માટે બૌદ્ધ પૂર્વપક્ષીને કહે છે કે ઉત્પન્ન થયેલો ઘટ નાશ પામે છે, ત્યાં અભાવ નામની વસ્તુ કાંઈ થતી નથી.

તો શું થાય છે ? તેના ખુલાસારૂપે કહે છે –

ઉત્પન્ન થયેલો ઘટ નાશ પામે છે ત્યારે ફક્ત 'न' થાય છે=શૂન્ય થાય છે અર્થાત્ ઘટના અભાવ નામની વસ્તુ થતી હોય તો તે અભાવના નાશની આપત્તિ આવે, પણ અભાવ એ કોઈ વસ્તુ નથી, તેથી વિદ્યમાન ઘટ શૂન્ય થાય છે, માટે ઘટાભાવના નાશની અર્થાત્ ઘટની ઉત્પત્તિની આપત્તિ અમને નહીં આવે. પરંતુ જે બૌદ્ધ કહે છે, તે બૌદ્ધનું કથન પણ વચનમાત્ર છે અર્થાત્ શબ્દમાત્રથી રમ્ય છે, પરંતુ પદાર્થવ્યવસ્થાથી રમ્ય નથી; કેમ કે પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે જો સદ્ જ અસદ્ થતું હોય તો સાથે જ ઘટ અને માટી બંનેના અભાવની પ્રાપ્તિ થવી જોઈએ, તે અતિપ્રસંગદોષનું નિવારણ થતું નથી. માટે બૌદ્ધ કહે છે કે ઘટ નાશ થાય છે ત્યારે કંઈ થતું નથી, કેવળ શૂન્ય થાય છે, તે કથન તેનું સમ્યગ્ નથી; કેમ કે

જો ઘટનાશ પછી શૂન્ય થતું હોય તો ઉત્તરમાં માટીની ઉત્પત્તિ છે, તે પણ થવી જોઈએ નહીં; અને ઘટનાશ પછી માટી પ્રત્યક્ષ દેખાય છે, માટે બૌદ્ધનું વચન સમ્યગ્ નથી.

**ટીકા :-**

**ग्रन्थत एव हेतुद्वयासिद्धत्वपरिहारमाह - 'तथास्वभावत्वाभावादिति' - उभयत्रातिप्रसङ्गो व्यवस्थितः तथास्वभावत्वाभावात् । तथाहि - यदा अभावो भावो भवति तदा तथास्वभावत्वस्य=विवक्षितभावभवनस्वभावत्वस्य तत्राभावो निःस्वभावतयैवेति प्रकटम्, यदाऽपि भाव एवाभावो भवति तदाऽपि तथास्वभावत्वस्य=स्वाऽभवन-स्वभावत्वस्य तत्राभावो निःस्वभावतयैवेति भावनीयम् । इति गाथार्थः ।।७२।।**

**ટીકાર્થ :-**

**ग्रन्थत एव ..... इति गाथार्थः ।।७२।। ગ્રંથથી=મૂળગાથાથી જ, હેતુદ્વયના=અભાવ જ ભાવ થાય છે અને ભાવ અભાવ થાય છે, એ બંનેમાં આપેલ અતિપ્રસંગરૂપ હેતુદ્વયના, અસિદ્ધત્વના પરિહાર માટે કહે છે –**

**'तथास्वभावत्वभावादिति' – એ પ્રકારના શ્લોકના શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –**

**ઉભયત્ર=બંને સ્થાનમાં=અભાવ જ ભાવ થાય છે અને ભાવ અભાવ થાય છે તે બંને સ્થાનમાં, અતિપ્રસંગ વ્યવસ્થિત છે; કેમ કે તથાસ્વભાવત્વનો અભાવ છે.**

તે કથનથી શું પ્રાપ્ત થાય ? તેને 'तथाहि' થી સ્પષ્ટ કરે છે –

**જ્યારે અભાવ ભાવ થાય છે ત્યારે, ત્યાં=ભાવની નિષ્પત્તિ પૂર્વે ભાવના અભાવમાં, તથાસ્વભાવત્વનો=વિવક્ષિતભાવભવનસ્વભાવનો, અભાવ છે; કેમ કે નિઃસ્વભાવપણું જ છે અર્થાત્ અભાવનું નિઃસ્વભાવપણું જ છે, એ પ્રગટ છે. જ્યારે પણ ભાવ અભાવ થાય ત્યારે પણ, ત્યાં= ભાવના અભાવની પ્રાપ્તિમાં, તથાસ્વભાવત્વનો=સ્વઅભવનસ્વભાવત્વનો, અભાવ છે; કેમ કે નિઃસ્વભાવપણું જ છે અર્થાત્ ભાવનો જે અભાવ થયો, તે અભાવ શૂન્યહોવાથી અભાવમાં નિઃસ્વભાવપણું જ છે, એમ ભાવન કરવું. એમ ગાથાર્થ છે. ।।૭૨।।**

**ભાવાર્થ :-**

ગાથાના ત્રણ પાદમાં ગ્રંથકારે બે અતિપ્રસંગો આપ્યા :

(૧) અભાવ જ ભાવ થાય છે, એમ માનવામાં જેમ ઘટ ઉત્પન્ન થાય છે, તેમ પટાદિ પદાર્થોની ઉત્પત્તિનો અતિપ્રસંગ આવે.

(૨) ભાવ અભાવ થાય છે, એમ માનવામાં ઘટની સાથે માટીના અભાવની પ્રાપ્તિનો અતિપ્રસંગ આવે.

આ અતિપ્રસંગરૂપ હેતુદ્વય અસિદ્ધ છે, તેમ કોઈને શંકા થાય, તેના પરિહાર માટે ગાથાના ચોથા

પાંદમાં હેતુ આપ્યો કે 'તથાસ્વભાવત્વનો અભાવ છે' અર્થાત્ જ્યારે અભાવ ભાવ થાય છે ત્યારે ભાવની ઉત્પત્તિ પૂર્વના અભાવમાં વિવક્ષિતભાવભવનસ્વભાવત્વનો અભાવ છે અથવા જ્યારે ભાવ અભાવ થાય છે ત્યારે ભાવના નાશરૂપ અભાવમાં સ્વઅભવન સ્વભાવત્વનો અભાવ છે.

તેથી એ ફલિત થયું કે બૌદ્ધના ઉપર્યુક્ત બંને સ્થાનોમાં અતિપ્રસંગ વ્યવસ્થિત છે અર્થાત્ (૧) અભાવ જ ભાવ થાય છે, તે રૂપ પ્રથમ સ્થાનના અભાવમાં વિવક્ષિતભાવભવનસ્વભાવત્વરૂપ તથાસ્વભાવત્વનો અભાવ છે, અને (૨) ભાવ જ અભાવ થાય છે, એ રૂપ દ્વિતીય સ્થાનના અભાવમાં સ્વઅભવનસ્વભાવત્વરૂપ તથાસ્વભાવત્વનો અભાવ છે.

અને તેનું તાત્પર્ય 'તથાહિ' થી સ્પષ્ટ કરે છે, જેનો ભાવ આ પ્રમાણે છે –

(૧) અભાવ જ ભાવ થાય છે, તેમ સ્વીકારવામાં આવે અને એમ કહેવામાં આવે કે ઘટનો અને પટાદિનો અભાવ છે છતાં ઉત્તરમાં ઘટ જ નિષ્પન્ન થાય છે તો એમ માનવું પડે કે ઘટની નિષ્પત્તિ પૂર્વે વર્તતા ઘટના અભાવમાં ઘટભવન સ્વભાવ છે અર્થાત્ ઘટરૂપ ભાવ થવાનો સ્વભાવ છે; પરંતુ બૌદ્ધ મત પ્રમાણે તેમ માની શકાય નહીં; કેમ કે બૌદ્ધના મત પ્રમાણે અભાવ તે કોઈ વસ્તુ નથી કે જેથી તેમાં ઘટરૂપ ભાવ થવાનો સ્વભાવ હોઈ શકે, અને અભાવમાં ઘટરૂપ ભાવ થવાનો સ્વભાવ નહીં હોવાથી અભાવ જ ભાવ થાય છે, તેમ બોલવું અસંગત છે.

(૨) ભાવ જ અભાવ થાય છે, તેમ સ્વીકારવામાં પણ જે ક્ષણમાં ઘટરૂપ ભાવ હતો, તે ક્ષણમાં તો ઘટ ઉત્પન્ન થઈ રહ્યો છે. તેથી તે ઘટમાં સ્વભવનસ્વભાવ છે; અને બીજી ક્ષણમાં બૌદ્ધ મત પ્રમાણે ઘટનો અભાવ થાય છે. તેથી ઘટની અભાવ ક્ષણમાં ઘટનો અભવનસ્વભાવ બૌદ્ધને માનવો પડે; પરંતુ અભાવ તુચ્છ હોવાથી અભાવમાં સ્વઅભવન સ્વભાવ છે, તેમ કહી શકાય નહીં. તેથી ઘટની ઉત્તર ક્ષણમાં તથાસ્વભાવત્વનો અભાવ હોવાથી=સ્વઅભવનસ્વભાવત્વનો અભાવ હોવાથી, ઘટરૂપ ભાવ જ અભાવ થાય છે, તેમ બૌદ્ધમત પ્રમાણે કહી શકાય નહીં.

આનાંથી એ ફલિત થયું કે (૧) સર્વથા અભાવ ભાવ થતો નથી, પરંતુ કોઈક રૂપે વિદ્યમાન વસ્તુ છે કે જેમાં તથાસ્વભાવત્વ છે અને તેથી તે થાય છે. જેમ માટીમાં ઘટરૂપ ભાવ થવાનો સ્વભાવ છે, તેથી માટીરૂપે ઘટ વિદ્યમાન છે, માટે માટીમાંથી ઘડો થાય છે; પરંતુ સર્વથા અભાવ હતો અને ઘટ થાય છે, તેમ માની શકાય નહીં.

(૨) ભાવ જ અભાવ થાય છે એ રૂપ બીજા વિકલ્પમાં પણ ઘટરૂપ ભાવ જો સર્વથા અભાવ થતો હોય તો તે અભાવમાં સ્વઅભવનસ્વભાવ માની શકાય નહીં; માટે ભાવ જ અભાવ થાય છે એમ કહી શકાય નહીં. પરંતુ ઘટરૂપ ભાવ ઘટરૂપે અભાવ થાય છે અને ઠીકરારૂપે રહે છે, તેમ માનીએ તો ઠીકરામાં ઘટઅભવન સ્વભાવ છે, તેમ માની શકાય.

ઉપરના કથનથી એ ફલિત થયું કે સર્વથા અભાવ જ ભાવ થાય છે, એ કથન અતિપ્રસંગ દોષવાળું છે, અને ભાવ જ સર્વથા અભાવ થાય છે, એ કથન પણ અતિપ્રસંગ દોષવાળું છે, એ પ્રકારે ભાવન કરવું.

અભાવ જ ભાવ થાય છે અને ભાવ અભાવ થાય છે, એ પ્રકારની બંને માન્યતાઓ સંગત નથી, ત્યાં ગ્રંથકારે હેતુ આપ્યો કે તથાસ્વભાવત્વનો અભાવ છે. તે પદાર્થ નીચેના કોઠાથી વધારે સ્પષ્ટ થશે.




પ્રથમ ક્ષણ શૂન્ય છે, તેથી તેમાં વિવક્ષિતભાવભવનસ્વભાવ માની શકાય નહીં. તેથી નં. ૧ અભાવ જ નં. ૨ ભાવ થાય છે, તે કથન સંગત નથી.

તૃતીય ક્ષણ શૂન્ય છે માટે ઘટના અભાવમાં સ્વઅભવનસ્વભાવ માની શકાય નહીં. તેથી નં. ૨ ભાવ જ નં. ૩ અભાવ થાય છે, તે કથન સંગત નથી. ॥૭૨॥

**અવતરણિકા :-**

एवं विपक्षे बाधकप्रमाणमभिधाय स्वपक्षसिद्ध्यर्थमाह -

**અવતરણિકાર્થ :-**

આ રીતે=ગાથા-૭૨માં બતાવ્યું એ રીતે, વિપક્ષમાં=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે, એ માન્યતાથી વિપરીત માન્યતા સ્વીકારનાર એકાંત ક્ષણિકત્વરૂપ વિપક્ષમાં, બાધક પ્રમાણને કહીને= અતિપ્રસંગરૂપ દોષ બતાવીને તથાસ્વભાવત્વનો અભાવ છે તે રૂપ બાધક પ્રમાણને કહીને, સ્વપક્ષની સિદ્ધિને માટે=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે તેવી સ્વપક્ષની સિદ્ધિને માટે, કહે છે -

**ગાથા :-**

एयस्स उ भावाओ णिवित्ति-अणुवित्तिजोगओ होंति ।
उप्पायादी णेवं अविगारी वऽणुहवविरोहा ।।७३।।

**અન્વયાર્થ :-**

एयस्स उ=વળી આના=તથાસ્વભાવત્વના, भावाओ=ભાવના કારણે णिवित्ति-अणुवित्ति जोगओ= નિવૃત્તિ અને અનુવૃત્તિનો યોગ હોવાથી उप्पायादी=ઉત્પાદાદિ=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય होंति=થાય છે. एवं= એ રીતે=પૂર્વમાં બતાવ્યું કે તથાસ્વભાવત્વના ભાવના કારણે નિવૃત્તિ-અનુવૃત્તિનો યોગ છે એ રીતે अविगारी व=અવિકારી પણ=પુરુષ અવિકારી પણ ण=નથી; अणुहवविरोहा=કેમ કે અનુભવનો વિરોધ છે. ॥૭૩॥

ગાથાર્થ :-

**વળી તથાસ્વભાવત્વના ભાવના કારણે નિવૃત્તિ અને અનુવૃત્તિનો યોગ હોવાથી ઉત્પાદાદિ થાય છે, એ રીતે પુરુષ અવિકારી પણ નથી; કેમ કે અનુભવનો વિરોધ છે. ॥૭૩॥**

❖ 'अविगारी व' ગાથામાં 'व' શબ્દ 'अपि' ના અર્થમાં છે અને એ 'अपि' શબ્દથી પુરુષ વિકારી પણ નથી, તેનો સમુચ્ચય થાય છે.

ટીકા :-

**'एतस्य पुनः'=तथास्वभावत्वस्य 'भावात्' कारणाद् 'निवृत्त्यनुवृत्तियोगतो' हेतोर्भवन्ति, के? इ(त्या)ह । 'उत्पादादयः'=उत्पाद-व्यय-ध्रौव्याणि, प्रकारान्तरेणोक्तवदुत्पादाद्ययोगात् ।**

ટીકાર્થ :-

**'एतस्य पुनः' ..... दुत्पादाद्ययोगात् । વળી આના=તથાસ્વભાવત્વના, भावात् कारणात्=ભાવના કારણે નિવૃત્તિ-અનુવૃત્તિના યોગરૂપ હેતુથી ઉત્પાદાદિ=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે. પ્રકારાંતરથી=નિવૃત્તિ-અનુવૃત્તિના યોગ વિના અર્થાત્ માત્ર નિવૃત્તિના યોગથી, ઉપરમાં કહ્યું એ રીતે=ગાથા-૭૨માં બતાવ્યું એ રીતે, ઉત્પાદાદિનો અયોગ છે=ઉત્પાદ અને વ્યયનો= નાશનો, અયોગ છે.**

ભાવાર્થ :-

પૂર્વગાથામાં બૌદ્ધની બંને માન્યતાઓમાં અતિપ્રસંગ છે, એમ કહ્યું, અને તે અતિપ્રસંગ અસિદ્ધ નથી તે બતાવવા માટે તે ગાથાના ચોથા પાદમાં કહ્યું કે તથાસ્વભાવત્વનો અભાવ છે. હવે કહે છે કે તથાસ્વભાવત્વના ભાવથી નિવૃત્તિ અને અનિવૃત્તિનો યોગ થાય છે અને તેના કારણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે.

આશય એ છે કે ઘટની ઉત્પત્તિની પૂર્વ ક્ષણમાં માટીનો તથાસ્વભાવ હોવાના કારણે=માટીમાં પિંડ અવસ્થાની નિવૃત્તિનો સ્વભાવ હોવાના કારણે, માટીની પિંડ અવસ્થા નિવૃત્તિ પામે છે અને ઘટ અવસ્થા ઉત્પન્ન થાય છે; અને વળી માટીમાં જેમ પિંડ અવસ્થામાં નિવૃત્તિ થવાનો સ્વભાવ છે, તેમ માટીમાં માટીરૂપે અનુવૃત્તિનો સ્વભાવ છે=અવસ્થિત રહેવાનો સ્વભાવ છે, તેથી માટીમાંથી ઘડો થાય છે ત્યારે માટીની અનુવૃત્તિ રહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે તથાસ્વભાવને કારણે માટીમાં પિંડ અવસ્થાની નિવૃત્તિ થઈ અને ઘટ અવસ્થાની ઉત્પત્તિ થઈ અને માટી અવસ્થાની અનુવૃત્તિ થઈ. તેથી માટી ઘટરૂપે ઉત્પન્ન થઈ ત્યારે માટીમાં ઘટનો ઉત્પાદ છે. માટી પિંડરૂપે વ્યય પામી, તેથી માટીમાં પિંડ અવસ્થાનો વ્યય થાય છે. વળી તે માટી માટીરૂપે ધ્રુવ છે. તેથી એક માટીમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પ્રાપ્ત થાય છે.

પ્રકારાંતરથી=તથાસ્વભાવના કારણે નિવૃત્તિ-અનુવૃત્તિનો યોગ ન સ્વીકારવામાં આવે અને માત્ર પદાર્થનો નિવૃત્તિ સ્વભાવ છે તેમ સ્વીકારવામાં આવે તો, ગાથા-૭૨માં બતાવ્યું એમ ઉત્પાદ અને વ્યયનો અયોગ પ્રાપ્ત થાય.

આશય એ છે કે પદાર્થમાં માત્ર નિવૃત્તિ સ્વભાવ માનવામાં આવે તો બૌદ્ધ કહે છે તે રીતે સર્વથા અભાવ જ ભાવ થાય છે અથવા તો સદ્=ભાવ, જ અસદ્=અભાવ, થાય છે, તેમ માનવું પડે; અને તે વસ્તુ સંગત નથી, તે વાત ગાથા-૭૨માં સ્થાપન કરી. તેથી એકાંત નિવૃત્તિ સ્વભાવ સ્વીકારીએ તો તથાસ્વભાવત્વનો આધાર શૂન્ય એવો અભાવ બને છે, અને શૂન્ય એવા અભાવમાં તથાસ્વભાવ સ્વીકારી શકાય નહીં. તેથી ઘટના અભાવમાં તથાસ્વભાવ નહીં હોવાને કારણે ઘટનો ઉત્પાદ થાય નહીં અને શૂન્ય એવા ઘટના નાશમાં સ્વઅભવન સ્વભાવ નહીં હોવાના કારણે ઘટનું અભવન થાય નહીં અર્થાત્ ઘટનો સર્વથા નાશ થાય નહીં.

**ટીકા :-**

**'नैवं' प्रक्रमात् पुरुषः 'अविकार्यपि , अपिशब्दाद् विकार्यपि, 'अनुभवविरोधात्'=एकान्तैकस्वभावेऽनुभवभेदायोगाद्, इति हृदयम् ।**

**ટીકાર્થ :-**

**नैवं प्रक्रमात् ..... हृदयम् । एवं=એ રીતે=તથાસ્વભાવને કારણે નિવૃત્તિ-અનુવૃત્તિનો યોગ છે એ રીતે, પ્રક્રમથી પ્રાપ્ત એવો પુરુષ અર્થાત્ મોહ થાય તો વસ્તુનું તત્ત્વચિંતન કરવું જોઈએ, એમ ગાથા-૭૧માં કહ્યું તે પ્રક્રમથી પ્રાપ્ત એવો પુરુષ, અવિકારી પણ નથી. 'अविकार्यपि' માં 'अपि' શબ્દથી વિકારી પણ નથી=પુરુષ વિકારી પણ નથી; કેમ કે અનુભવનો વિરોધ છે=એકાંત એક સ્વભાવમાં અનુભવભેદનો અયોગ છે અર્થાત્ નિવૃત્તિ-અનુવૃત્તિના યોગરૂપ અનુભવભેદનો અયોગ છે, એ પ્રકારે હૃદય છે=એ પ્રકારનું તાત્પર્ય છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે તથાસ્વભાવને કારણે પદાર્થમાં નિવૃત્તિ અને અનુવૃત્તિનો યોગ થાય છે. એ રીતે શું પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –

પ્રક્રમથી પુરુષ અવિકારી પણ નથી અને વિકારી પણ નથી, એ અર્થ પ્રાપ્ત થાય છે. કેમ એ અર્થ પ્રાપ્ત થાય છે ? તેથી કહે છે –

જો પુરુષને એકાંતે અવિકારી કહીએ અથવા તો પુરુષને એકાંતે વિકારી કહીએ તો અનુભવનો વિરોધ થાય છે અર્થાત્ એકાંતે એક સ્વભાવમાં નિવૃત્તિ અને અનુવૃત્તિરૂપ બે સ્વભાવના અનુભવભેદની સંગતિ થાય નહીં.

આશય એ છે કે જીવને અનુભવ છે કે બાલ્યાવસ્થામાં પણ હું હું જ હતો અને યુવાવસ્થામાં પણ તે જ હું છું. તેથી બાલ્યાવસ્થામાં કોઈ બીજો જીવ હતો અને યુવાવસ્થામાં કોઈ બીજો જીવ છે તેવું જીવદ્રવ્યરૂપે કોઈ પરિવર્તન નથી તેવો જીવને અનુભવ છે; કેમ કે પોતાનું જીવદ્રવ્ય પહેલાં જે હતું તે

નિવર્તન પામ્યું નથી, પરંતુ તે જ યુવાવસ્થામાં અનુવૃત્તિરૂપે છે. તેથી જીવદ્રવ્યરૂપે પોતે અનુવૃત્તિરૂપે છે તેવો જીવને અનુભવ છે. વળી પોતાની બાલ્યાવસ્થા નિવૃત્ત પામી અને યુવાવસ્થા આવી તેવો પણ જીવનો અનુભવ છે. આ રીતે પોતાનો અનુવૃત્તિરૂપ સ્વભાવ અને નિવૃત્તિરૂપ સ્વભાવ એ રૂપ અનુભવભેદ છે, તે અનુભવભેદ એકાંત એક સ્વભાવમાં સંગત થાય નહીં અર્થાત્ એકાંતે વિકાર પામવાના સ્વભાવવાળો પુરુષ નથી, તેમ માનીએ તો, પુરુષની બાલ્યાવસ્થા જાય અને યુવાવસ્થાની પ્રાપ્તિ થાય તે રૂપ વિકાર સંગત થાય નહીં; અને વળી પુરુષને એકાંતે વિકારી માનીએ તો બાલ્યાવસ્થામાં જે 'હું' હતો તે જ 'હું' યુવાવસ્થામાં છું, એ પ્રકારની પ્રતીતિ થાય નહીં; કેમ કે પુરુષ એકાંતે વિકારી સ્વીકારીએ તો બાલ્યાવસ્થામાં જે હું હતો તે નાશ પામી ગયો અને યુવાવસ્થામાં હું કોઈક બીજો છું, તેમ અનુભવ થવો જોઈએ. પરંતુ બાલ્યાવસ્થામાં અને યુવાવસ્થામાં પુરુષ-પુરુષરૂપે અનુવૃત્તિ છે, તેવો અનુભવ છે, માટે પુરુષ અવિકારી પણ છે.

અહીં પ્રક્રમથી પુરુષને ગ્રહણ કર્યો, તેનો આશય એ છે કે ગાથા-૭૧ માં કહ્યું કે જ્યારે જીવને મોહ થાય ત્યારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત તત્ત્વનું ચિંતન કરે. તેથી એ પ્રાપ્ત થાય કે આરાધક પણ જીવને જ્યારે ક્ષણિકવાદની યુક્તિ સાંભળીને મોહ થાય કે "હું ક્ષણિક છું કે નિત્ય છું ?" અથવા તો એકાંતે પુરુષને નિત્ય માનનાર એવા સાંખ્યદર્શનની યુક્તિ સાંભળીને વિચાર થાય કે "ખરેખર પુરુષ કુટસ્થ નિત્ય છે કે વિકાર પામે તેવો છે ?" "વળી જો કુટસ્થ નિત્ય હોય તો અથવા એકાંતે ક્ષણિક હોય તો સાધના દ્વારા તેને કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. તેથી સાધનાનો શ્રમ કાંઈ ફળ આપે તેમ નથી," તેવી પણ શંકા થાય; અને પુરુષ એકાંત નિત્ય છે ? અથવા એકાંત ક્ષણિક છે ?, તેવી શંકાના નિવર્તન માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું ચિંતન કરવાનું કહ્યું છે. તેથી એ પ્રક્રમથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું ચિંતન પુરુષને આશ્રયીને છે. તે બતાવવા માટે કહ્યું કે 'પ્રક્રમથી પુરુષ અવિકારી પણ નથી' અને તેમ કહેવાથી સાંખ્ય દર્શનવાળા પુરુષને એકાંતે અવિકારી માને છે, તેનું ખંડન થાય છે. વળી 'જેમ પુરુષ એકાંતે અવિકારી નથી, તેમ પુરુષ એકાંતે વિકારી પણ નથી,' તેમ કહેવાથી બૌદ્ધદર્શનનું ખંડન થાય છે; કેમ કે બૌદ્ધદર્શનવાળા પુરુષને એકાંતે વિકારી માને છે.

**વિકાર=એક અવસ્થામાંથી બીજી અવસ્થાને પામવું.**

**એકાંત વિકાર=પૂર્વની અવસ્થાનો સર્વથા નાશ અને ઉત્તરની અવસ્થાની પ્રાપ્તિ.**

**અવિકાર=કોઈ અવસ્થામાંથી અન્ય અવસ્થાને ન પામવું અર્થાત્ એક અવસ્થામાં જ રહેવું.**

આત્મા દ્રવ્યરૂપે અવિકારી છે અને તે જ આત્મા પર્યાયરૂપે વિકારી છે, અને દ્રવ્ય-પર્યાય ઉભયની અપેક્ષાએ આત્મા અવિકારી પણ છે અને વિકારી પણ છે.

સંસારી અવસ્થામાં અન્ય પદાર્થોના સંબંધથી આત્મા વિકારી બને છે અર્થાત્ નવા નવા પર્યાયો પામે છે. જેમ કે સંસારી જીવો મનુષ્યભવ-દેવભવ આદિ ભાવોરૂપે પણ વિકાર પામે છે અને રાગ પરિણામ, દ્વેષ પરિણામ આદિ રૂપે પણ વિકાર પામે છે, અને તે વખતે પણ આત્મદ્રવ્યરૂપે અવિકારી છે; અને જ્યારે આત્મા સર્વકર્મરહિત થાય છે, ત્યારે પણ પોતાના શુદ્ધ ભાવોનો કર્તા અને ભોક્તા છે, તે અપેક્ષાએ આત્મા વિકારી છે; કેમ કે તે શુદ્ધ ભાવોને આત્મા કરે છે અને ભોગવે છે; અને શુદ્ધ

દ્રવ્યાર્થિકનયથી આત્મા કોઈ પરિણામને પામતો નથી, શુદ્ધ પરિણામોનો પણ તે કર્તા-ભોક્તા નથી, તે અપેક્ષાએ આત્મા અવિકારી છે.

**ટીકા :-**

**एतदुक्तं भवति - यदैव विवक्षितभावभवनस्वा(?स्व)भावोऽभावः तदैव स्वभावभावाद् जहाति सर्वथा भावत्वम्, यदाऽपि च स्वनिवृत्तिस्वभावस्तदाऽप्येवंविधस्वभावभावात् स्वनिवृत्तिमिति सूक्ष्मधियाऽऽलोचनीयम् । एवं चानुवृत्ति-व्यावृत्तिस्वभावं वस्तूत्पादाद्यात्मकमिति सिद्धम् ।**

**उक्तं च -**

"घट-मौलि-सुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम् ।
शोक-प्रमोद-माध्यस्थ्यं जनो याति सहेतुकम् ।।
पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे, तस्मात् तत्त्वं त्रयात्मकम्" ।। **(शास्त्रवार्ता. स्त.७ श्लो.२-३)**

**इति गाथार्थः ।।७३ ।।**

**ટીકાર્થ :-**

**एतदुक्तं भवति ..... इति गाथार्थः ।।७३ ।। આ કહેવાયેલું થાય છે=પૂર્વમાં કહ્યું કે પુરુષ અવિકારી પણ નથી અને વિકારી પણ નથી, એ કથનથી આગળમાં કહેવાશે એ કહેવાયેલું થાય છે. જ્યારે જ વિવક્ષિતભાવભવનસ્વભાવનો અભાવ છે=પુરુષમાં પોતાના ભાવને છોડીને અન્યરૂપે થવારૂપ વિવક્ષિતભાવભવનસ્વભાવનો અભાવ છે, ત્યારે જ સ્વભાવનો ભાવ હોવાથી=અન્યરૂપે થવાના સ્વભાવનો ભાવ હોવાથી, સર્વથા ભાવત્વનો ત્યાગ કરે છે=પુરુષ સર્વથા અવિકારી છે એ રૂપ ભાવત્વનો ત્યાગ કરે છે; અને જ્યારે પણ સ્વનિવૃત્તિ સ્વભાવ છે=પુરુષ કોઈ અવસ્થારૂપે પોતાની નિવૃત્તિના સ્વભાવવાળો છે, ત્યારે પણ આવા પ્રકારના સ્વભાવનો ભાવ હોવાથી=પોતાની અનુવૃત્તિના સ્વભાવનો ભાવ હોવાથી, સ્વનિવૃત્તિનો=સર્વથા સ્વનિવૃત્તિનો, ત્યાગ કરે છે, એ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરવું; અને એ રીતે=પૂર્વમાં કહ્યું કે તથાસ્વભાવને કારણે નિવૃત્તિ-અનુવૃત્તિનો યોગ છે એ રીતે, અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ સ્વભાવવાળી વસ્તુ ઉત્પાદાદિ આત્મક છે, એ પ્રમાણે સિદ્ધ થયું. અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ સ્વભાવવાળી વસ્તુ ઉત્પાદાદિ આત્મક છે, તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે -**

"ઘટ, મુકુટ અને સુવર્ણનો અર્થી એવો આ માણસ નાશ, ઉત્પાદ અને સ્થિતિમાં સહેતુક શોક, પ્રમોદ અને માધ્યસ્થ્યને પામે છે."

"દૂધને પીવાના વ્રતવાળો='હું દૂધ જ પીશ, અન્ય નહીં' એ પ્રકારના વ્રતવાળો, દહીં ખાતો નથી; દહીંના વ્રતવાળો='હું દહીં જ ખાઈશ અન્ય નહીં' એ પ્રકારના વ્રતવાળો, દૂધ પીતો નથી; અને અગોરસ વ્રતવાળો='હું ગોરસ નહીં ખાઉં' એ પ્રકારના વ્રતવાળો, ઉભય ખાતો નથી=દૂધ અને દહીં બંને ખાતો નથી, તે કારણથી ત્રયાત્મક તત્ત્વ

છે. **એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૭૩॥**

**નોંધ :-** ટીકામાં 'जहाति सर्वथा भावत्वम्' તે કથનનો અન્વય स्वनिवृत्तिम् સાથે પણ જોડવાનો છે. તેથી स्वनिवृत्तिम् सर्वथा जहाति એમ પણ અન્વય છે.

**ભાવાર્થ :-**

પુરુષ એકાંતે અવિકારી નથી, એ સ્પષ્ટ કરતાં કહે છે –

જ્યારે પુરુષમાં વિવક્ષિત ભાવભવન સ્વભાવનો અભાવ છે, ત્યારે પણ કોઈક ભાવરૂપે થવાનો સ્વભાવ છે. તેથી સર્વથા ભાવત્વનો પુરુષ ત્યાગ કરે છે.

આશય એ છે કે પુરુષદ્રવ્ય સદા પુરુષરૂપે રહે છે, પણ પુરુષ ક્યારેય જડ નથી બની જતો, તે અપેક્ષાએ જડ બનવારૂપ વિવક્ષિત ભાવભવન સ્વભાવનો અભાવ છે; અને ત્યારે પણ સંસાર અવસ્થામાં તો મનુષ્યભવ-દેવભવ આદિ ભવરૂપે થવાના સ્વભાવવાળો છે, તેથી સર્વથા અવિકારી નથી. આમ કહીને પુરુષને કુટસ્થ નિત્ય માનનાર સાંખ્યદર્શનનું નિરાકરણ કર્યું.

હવે પુરુષ એકાંતે વિકારી પણ નથી, તે બતાવવા અર્થે કહે છે –

જ્યારે પુરુષ સ્વનિવૃત્તિ સ્વભાવવાળો છે=સંસાર અવસ્થામાં મનુષ્યભવ આદિની નિવૃત્તિ સ્વભાવવાળો છે, ત્યારે પણ આવા પ્રકારનો સ્વભાવ છે અર્થાત્ પુરુષ પુરુષરૂપે ક્યારેય નિવર્તન ન પામે તેવા પ્રકારનો સ્વભાવ છે. માટે સર્વથા સ્વનિવૃત્તિ સ્વભાવનો પુરુષ ત્યાગ કરે છે, તેથી પુરુષ એકાંત વિકારી નથી. આમ કહીને પુરુષને એકાંત વિકારી માનનાર બૌદ્ધદર્શનનું નિરાકરણ કર્યું.

આ રીતે પુરુષ કથંચિત્ વિકારી છે અને કથંચિત્ અવિકારી છે, એ સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરવું જોઈએ, જેથી મોહ થયો હોય તો નિવર્તન પામે.

હવે સમગ્ર કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે –

ઉપરમાં વર્ણન કર્યું એ રીતે વસ્તુ અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ સ્વભાવવાળી છે અર્થાત્ દ્રવ્યરૂપે વસ્તુ અનુવૃત્તિ સ્વભાવવાળી છે અને પર્યાયરૂપે વ્યાવૃત્તિ સ્વભાવવાળી છે, માટે વસ્તુ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યરૂપ છે, એ પ્રમાણે સિદ્ધ થયું. વળી ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યને બતાવનાર અન્ય ગ્રંથની સાક્ષી આપે છે -

આ સાક્ષીના શ્લોકો 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ગ્રંથના નથી, પરંતુ અન્ય કોઈ ગ્રંથમાંથી ગ્રહણ કરીને "શાસ્ત્રવાર્તા સમુચ્ચય"માં પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યા છે; કેમ કે આ પ્રસ્તુત યોગશતક ગ્રંથના કર્તા પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ છે, અને પોતે જે કહે છે, તેમાં કોઈ પૂર્વ પુરુષના કથનની સાક્ષી આપે, પરંતુ પોતાના કથનની સાક્ષી આપે નહીં. માટે આ શ્લોકો અન્યત્રથી ઉદ્ધૃત છે.

તે શ્લોકોનો અર્થ આ પ્રમાણે છે –

કોઈ એક પુરુષ ઘટનો અર્થી હોય, કોઈ બીજો પુરુષ મુગટનો અર્થી હોય, વળી કોઈ પુરુષ સુવર્ણનો

અર્થી હોય. હવે જ્યારે સુવર્ણકાર સુવર્ણના ઘટને તોડીને મુગટ બનાવે તો ઘટના અર્થીને શોક થાય, મુગટના અર્થીને પ્રમોદ થાય અને સુવર્ણના અર્થીને શોક કે પ્રમોદ કાંઈ થતું નથી, પરંતુ મધ્યસ્થ ભાવ રહે છે. આ ત્રણે ભાવો સહેતુક છે; કેમ કે ઘટના અર્થીને ઘટનો નાશ જોઈને શોક થયો, મુગટના અર્થીને મુગટની ઉત્પત્તિ જોઈને પ્રમોદ થયો, અને ઘટનાશ અને મુગટના ઉત્પત્તિકાળમાં પણ સુવર્ણના અર્થીને સુવર્ણ અવસ્થિત દેખાય છે, તેથી તેને શોક કે પ્રમોદ થતો નથી, પરંતુ મધ્યસ્થ રહે છે. તેથી એ ફલિત થાય છે કે ઘટરૂપે સુવર્ણનો નાશ થયો, મુગટરૂપે સુવર્ણ ઉત્પન્ન થયું, અને ઘટ અને મુગટ ઉભયમાં સુવર્ણ ધ્રુવ છે. તેથી એ ફલિત થાય છે કે પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે.

વળી અન્ય અનુભવના બળથી પણ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, તે બતાવે છે –

કોઈ પુરુષે દૂધ પીવાનું વ્રત ગ્રહણ કરેલ હોય તો દહીં ખાતો નથી.

કોઈ પુરુષે દહીં ખાવાનું વ્રત ગ્રહણ કરેલ હોય તો દૂધ પીતો નથી.

કોઈ પુરુષે ગોરસ નહીં ખાવાનું વ્રત ગ્રહણ કરેલ હોય તો દૂધ અને દહીં બંને ખાતો નથી.

આ પ્રકારના પ્રામાણિક અનુભવથી પણ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. તે આ રીતે –

દૂધમાંથી દહીં થાય છે ત્યારે દૂધનો નાશ થઈ દહીં ઉત્પન્ન થયું. તેથી માત્ર દૂધ પીવાના વ્રતવાળો દૂધથી અન્ય એવા દહીંને વાપરતો નથી. તેથી નક્કી થાય છે કે દૂધ કરતાં દહીં અન્ય છે. હવે માત્ર દહીં ખાવાના વ્રતવાળો દહીંથી અન્ય એવા દૂધને પીતો નથી. તેથી પણ નક્કી થાય છે કે દહીં કરતાં દૂધ અન્ય છે. આ રીતે દૂધ અને દહીં જુદાં છે, તે બતાવીને હવે તે બંનેમાં ધ્રૌવ્ય બતાવતાં કહે છે – અગોરસવ્રતવાળો અર્થાત્ ગોરસ મારે ન ખાવું, એવું વ્રત જેણે ગ્રહણ કર્યું છે, તે દૂધ અને દહીં બંને ખાતો નથી. તેથી એ ફલિત થયું કે દૂધમાંથી દહીં થાય છે ત્યારે દૂધનો નાશ થાય છે અને દહીં ઉત્પન્ન થાય છે અને ગોરસ દૂધ અને દહીં બંનેમાં ધ્રુવ છે. આ રીતે ત્રણ પ્રકારના વ્રતવાળા તે તે પ્રકારની પ્રવૃત્તિ કરે છે, આથી પણ ફલિત થાય છે કે દૂધ અને દહીંરૂપ ગોરસ વસ્તુ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યવાળી છે.

આ રીતે અનુભવથી પણ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે તેમ ચિંતન કરવાથી એ ફલિત થાય કે જેમ જગતમાં સર્વ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, તેમ હું પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છું. આ પ્રકારના ચિંતનથી, એકાંત ક્ષણિકવાદની યુક્તિથી કે એકાંત પુરુષને નિત્ય માનનાર સાંખ્યદર્શનની યુક્તિથી પોતાના વિષયમાં મોહ થયો હોય, અર્થાત્ 'હું ક્ષણિક છું' એ પ્રકારનો મોહ થયો હોય અથવા તો 'હું કૂટસ્થ નિત્ય છું' એ પ્રકારનો મોહ થયો હોય તો નિવર્તન પામે છે. **॥૭૩॥**

**અવતરણિકા :-**

आज्ञयेति द्वारं व्याचिख्यासुराह -

**અવતરણિકાર્થ :-**

**'આજ્ઞાથી' એ દ્વાર વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૫૯માં કહેલ કે પોતાને રાગ, દ્વેષ કે મોહમાંથી કોણ અત્યંત બાધા કરે છે, તેનું આત્મપ્રેક્ષણ કરવું જોઈએ. ત્યાર પછી ગાથા-૬૦ની દ્વારગાથામાં કહ્યું કે આ રીતે આત્મપ્રેક્ષણ દ્વારા આત્માની રાગાદિ બહુલતાને જાણીને રાગાદિનો વિષય નક્કી કરીને તે રાગાદિ વિષયનું તત્ત્વ, તે વિષયની પરિણતિ અને તેના વિપાકના દોષોનું આજ્ઞાથી ચિંતન કરવું જોઈએ. ત્યારપછી ગાથા-૬૭થી, આ ૬૦મી દ્વારગાથાના અવયવોનું વર્ણન બતાવતાં, પ્રથમ સ્ત્રી પ્રત્યે રાગ થતો હોય તો તેનું પ્રતિપક્ષભાવન બતાવ્યું, ત્યારપછી અચેતન અર્થાદિ પ્રત્યે રાગ થતો હોય તો તેનું પ્રતિપક્ષભાવન બતાવ્યું, ત્યારપછી દ્વેષના પ્રતિપક્ષનું ભાવન ગાથા-૭૦માં બતાવ્યું અને ગાથા-૭૧થી ગાથા-૭૩ સુધી મોહના પ્રતિપક્ષનું ભાવન બતાવ્યું.

હવે તે પ્રતિપક્ષભાવન આજ્ઞાથી કરવાનું છે. તેથી ગાથા-૬૦માં બતાવેલ ચાર દ્વારોમાંથી દ્વિતીય દ્વાર આજ્ઞા વડે ચિંતન કરવું જોઈએ, તે આજ્ઞાદ્વારને વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે –

❖ 'आज्ञया' પછી 'चिन्तयेत्' શબ્દ અધ્યાહાર છે, અને 'इति' 'एतद्' અર્થમાં છે અને દ્વારનું વિશેષણ છે.

**ગાથા :-**

**आणाए चिंतणम्मी तत्तावगमो णिओगओ होति ।**
**भावगुणागरबहुमाणओ य कम्मक्खओ परमो ।।७४।।**

**અન્વયાર્થ :-**

**आणाए चिंतणम्मी=આજ્ઞા વડે ચિંતન કરાયે છતે तत्तावगमो=તત્ત્વનો બોધ णिओगओ होति નિયોગથી થાય છે=અવશ્ય થાય છે, भावगुणागरबहुमाणओ य=અને ભાવગુણાકર એવા ભગવાનનું બહુમાન હોવાના કારણે परमो=પરમ=ઘણા कम्मक्खओ=કર્મનો ક્ષય થાય છે. ।।૭૪।।**

**ગાથાર્થ :-**

**આજ્ઞા વડે ચિંતન કરાયે છતે તત્ત્વનો બોધ અવશ્ય થાય છે, અને ભાવગુણાકર એવા ભગવાનનું બહુમાન હોવાના કારણે ઘણા કર્મનો ક્ષય થાય છે. ।।૭૪।।**

**ટીકા :-**

'आज्ञया' - परमगुरुवचनरूपया हेतुभूतया 'चिन्तने' अधिकृतस्य वस्तुनः 'तत्त्वावगमः'=तत्त्वपरिच्छेदः,

**'नियोगतो भवति'=अवश्यं भवतीति, रागादिविषं प्रति परममन्त्रकल्पत्वादाज्ञायाः। अत एवाहुरपरे - "अमन्त्रापमार्जनकल्पा फलं प्रत्यनागमा क्रिया" इति । तथा 'भावगुणाकरबहुमानाच्च' - तीर्थकरबहुमानाच्चाऽऽज्ञासारया प्रवृत्त्या 'कर्मक्षयः परमः,' स्थानबहुमानेन तुल्यक्रियायामेवाऽऽज्ञाराधन-विराधनाभ्यां कर्मक्षयादिविशेषात् । इति गाथार्थः ।।७४।।**

**ટીકાર્થ :-**

'आज्ञया' ..... इति गाथार्थः ।।७४।। **આજ્ઞાથી=તત્ત્વઅવગમરૂપ ફલનિષ્પત્તિમાં સહકારી હેતુભૂત એવી પરમગુરુના વચનરૂપ આજ્ઞાથી, અધિકૃત વસ્તુના ચિંતનમાં=જે રાગાદિ પોતાને બાધ કરે છે તેના પ્રતિપક્ષભાવનરૂપ અધિકૃત વસ્તુના ચિંતનમાં, તત્ત્વનો અવગમ=તત્ત્વનો પરિચ્છેદ, નિયોગથી થાય છે અર્થાત્ રાગાદિના પ્રતિપક્ષના ભાવનને કારણે તે પ્રકારના તત્ત્વનો બોધ અવશ્ય થાય છે, કે જેથી તે બાધ કરનારા રાગાદિ સ્ફુરણ ન થઈ શકે; કેમ કે રાગાદિ વિષ પ્રતિ ભગવાનની આજ્ઞાનું પરમ મંત્રતુલ્યપણું છે.**

**આથી જ=રાગાદિ વિષ પ્રત્યે ભગવાનની આજ્ઞા પરમ મંત્રતુલ્ય છે આથી જ, બીજાઓ કહે છે -**

"ફળ પ્રતિ અનાગમ ક્રિયા अमंत्रापमार्जनकल्पा=અમંત્રતુલ્ય અને કુત્સિતમાર્જનની ક્રિયા તુલ્ય છે."

**'इति' બીજાઓ જે કહે છે તે કથનની સમાપ્તિમાં છે.**

**અને ભાવગુણાકરના બહુમાનથી=તીર્થંકરના બહુમાનથી, આજ્ઞાસાર પ્રવૃત્તિના કારણે પરમ=ઉત્કૃષ્ટ અર્થાત્ ઘણા કર્મનો ક્ષય થાય છે; કેમ કે સ્થાન-બહુમાન દ્વારા તુલ્ય ક્રિયા હોતે છતે જ આજ્ઞાની આરાધના અને વિરાધના દ્વારા કર્મક્ષયાદિનો ભેદ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૪।।**

❖ 'कर्मक्षयादि' અહીં 'आदि' થી કર્મબંધનું ગ્રહણ કરવું અર્થાત્ આજ્ઞાના આરાધનથી કર્મક્ષય થાય અને વિરાધનથી કર્મબંધ થાય.

**ભાવાર્થ :-**

દ્વાર ગાથા-૬૦નું દ્વિતીય દ્વાર 'આજ્ઞા વડે ચિંતન કરવું જોઈએ' તેનું વર્ણન આ ગાથામાં કરેલ છે.

**(૨) આજ્ઞા વડે ચિંતન :-**

ભગવાનની આજ્ઞાનાં આ ગાથામાં બે કાર્ય બતાવેલ છે :

(૧) દૃશ્ય કાર્યરૂપે તત્ત્વનો બોધ થાય છે.

(૨) અદૃશ્ય કાર્યરૂપે કર્મનો ક્ષય થાય છે.

**(૧) તત્ત્વનો બોધ :-**

ગુણસ્થાનક સ્વીકાર્યા પછી પોતાને રાગ, દ્વેષ કે મોહમાંથી જે અધિક બાધા કરતા હોય તેનું પ્રતિપક્ષભાવન

કરવાથી તત્ત્વનો બોધ થાય છે. તેનાથી જે રાગ-દ્વેષ પોતાને બાધા કરતા હતા, તત્કૃત બાધા હવે પછી થતી નથી. આ તત્ત્વનો બોધ ભગવાનની આજ્ઞા પ્રમાણે રાગાદિના પ્રતિપક્ષનું ચિંતન કરવામાં આવે તો થાય છે, અન્યથા નહીં. પરમગુરુ એવા ભગવાનના વચનરૂપ આજ્ઞા એ છે કે 'ચિંતનકાળમાં ફળ નિષ્પન્ન થાય એ રીતે અત્યંત અપ્રમાદભાવથી યત્ન કરવો જોઈએ;' કેમ કે **ભગવાનની આજ્ઞા સર્વત્ર ફલસારા અને અપ્રમાદપ્રધાન છે.** તેથી ચિંતન કરનાર વ્યક્તિ પ્રથમ વિચારે કે ભગવાને અસંગભાવ નિષ્પન્ન કરવા અર્થે રાગાદિના પ્રતિપક્ષનું ચિંતન કરવાનું કહેલું છે. તેથી માત્ર શબ્દથી વિચારી જવાથી અથવા તો વિચારકાળમાં અર્થમાં ઉપયોગ રાખવામાત્રથી અસંગભાવ તરફ ઉપયોગ પ્રવર્તતો નથી; પરંતુ અસંગભાવ નિષ્પન્ન થાય તેને લક્ષ્ય કરી, તેને અનુકૂળ અપ્રમાદભાવથી યત્ન કરવામાં આવે તો ચિંતિત પદાર્થના સંસ્કારો આત્મા ઉપર તે રીતે દૃઢ પડે છે, કે જેથી પદાર્થ સન્મુખ આવે ત્યારે જે પ્રમાણે પોતે ચિંતન કરેલ છે તે પ્રમાણે તે પદાર્થ ભાસે છે, જેથી રાગાદિ ભાવો ઉત્થિત થઈ શકતા નથી.

જેમ કે સ્ત્રીનું તત્ત્વ, સ્ત્રીના દેહની પરિણતિ અને સ્ત્રીરાગના વિપાક અપ્રમાદભાવથી લક્ષ્યને ઉદ્દેશીને કરવામાં આવે તો, પૂર્વમાં સ્ત્રીને જોઈને જે પ્રકારનો ઉપયોગ ઊઠતો હતો, તેના બદલે આત્મા ઉપર ચિંતનના પડેલા દૃઢ સંસ્કારોને કારણે સ્ત્રીનું શરીર લોહી-માંસસ્વરૂપ, દેહની પરિણતિ રોગ-જરારૂપ અને સ્ત્રી પ્રત્યેના રાગનો વિપાક=ફળ, નરકાદિની પ્રાપ્તિ સ્પષ્ટ દેખાવાથી રાગ ઉત્થિત થઈ શકતો નથી; અને આ પરમગુરુના વચનરૂપ આજ્ઞા ફળનિષ્પત્તિમાં સહકારી હેતુ છે. તેથી જો આજ્ઞાનો સહકાર ન લેવામાં આવે તો અધિકૃત ચિંતનથી પણ તે પ્રકારના સંસ્કારો દૃઢ થતા નથી કે જેથી ફરી નિમિત્તને પામીને રાગાદિ ન થાય.

જોકે ચિંતનની ક્રિયા જીવ પોતે કરે છે, તોપણ બળવાન સહકારી એવી પરમગુરુની આજ્ઞાનું અવલંબન લઈને કરવામાં આવે તો અવશ્ય તે પ્રકારના તત્ત્વનો બોધ થાય છે કે જેથી રાગાદિ ભાવો સ્પંદન કરતા બંધ થાય; કેમ કે ભગવાનની આજ્ઞા રાગાદિરૂપ વિષ માટે પરમ મંત્રરૂપ છે.

આશય એ છે કે શરીરમાં ઝેર ચડેલું હોય અને વિષને હરણ કરનાર મંત્રનું સમ્યક્ પઠન કરવામાં આવે તો ઝેર નાશ પામે છે; તેમ આત્મામાં રાગાદિ ભાવો વિષસ્થાનીય છે, જેનાથી આત્મદ્રવ્યનો ચતુર્ગતિમાં પરિભ્રમણરૂપ વિનાશ થાય છે. તે રાગાદિ વિષને ઉતારવા માટે પરમગુરુને યાદ કરવામાં આવે તો ઉપસ્થિત થાય છે કે "ભગવાને સ્વયં અસંગભાવ દ્વારા રાગાદિનો વિજય કરીને, ઉપદેશ દ્વારા જગતના જીવોને સ્વભૂમિકા પ્રમાણે અસંગભાવ તરફ જવા માટે પ્રયત્ન કેમ કરવો તે બતાવેલ છે, અને તેના ઉપાયરૂપે રાગાદિનું પ્રતિપક્ષભાવન કરવાનું કહેલ છે. તેથી જે રીતે ભગવાને મારી ભૂમિકા પ્રમાણે રાગાદિના પ્રતિપક્ષભાવનનું વિધાન કર્યું છે, તે રીતે હું કરીશ તો અવશ્ય તેમની જેમ ક્રમે કરીને રાગાદિની બાધાથી મુક્ત થઈશ." આ પ્રમાણે સ્મરણ કરીને તેમના વચનનું દૃઢ અવલંબન લઈને ચિંતન કરે તો ચિંતિત પદાર્થના એવા દૃઢ સંસ્કારો પડે છે કે જેથી તે પદાર્થ સન્મુખ પ્રાપ્ત થાય તોપણ તેના બાહ્ય ભાવો ઉત્થિત ન થાય, પરંતુ સ્મૃતિમાં તે ચિંતિત ભાવોની ઉપસ્થિતિ થાય. આથી જે પદાર્થોને જોઈને પૂર્વમાં

રાગાદિ થતા હતા તે પદાર્થોને જોઈને પણ હવે રાગાદિ વિષ આત્મામાં પ્રસરણ પામી શકતું નથી. તેથી આત્માના રાગાદિ વિષને ઉતારવા માટે ભગવાનની આજ્ઞા પરમ મંત્ર તુલ્ય છે.

ભગવાનની આજ્ઞા રાગાદિ વિષ માટે પરમ મંત્ર તુલ્ય છે, તે વાતને દૃઢ કરવા માટે કહે છે કે બીજાઓ પણ અર્થાત્ અન્ય દર્શનવાળાઓ પણ કહે છે –

તેઓ જે કહે છે, તેનો ભાવ આ પ્રમાણે છે –

"ફળ પ્રતિ અનાગમ ક્રિયા અમંત્ર જેવી છે અને અપમાર્જન જેવી છે=કુત્સિત રીતે શુદ્ધિ માટે કરાતી ક્રિયા જેવી છે."

આશય એ છે કે ફળને ઉદ્દેશીને ક્રિયા કરવામાં આવે પણ; આજ્ઞાનિરપેક્ષ કરાતી ક્રિયા અમંત્ર જેવી હોવાથી ફળની નિષ્પત્તિનું કારણ બનતી નથી, અથવા તો આત્માની શુદ્ધિરૂપ ફળ પ્રત્યે આગમનિરપેક્ષ કરાતી ક્રિયા કુત્સિત રીતે આત્માને શુદ્ધ કરવાની ક્રિયારૂપ છે; અને કુત્સિત એવી તે ક્રિયાથી આત્માની શુદ્ધિ થાય નહીં, માટે ભગવાનની આજ્ઞાથી નિરપેક્ષપણે સુદૃઢ યત્નપૂર્વક પણ રાગાદિનું પ્રતિપક્ષભાવન કરવામાં આવે તોપણ ફળનિષ્પત્તિ થાય નહીં. તેથી ફલાર્થીએ સદા પરમગુરુના વચનનું સ્મરણ કરવું અને તે પ્રમાણે યત્ન કરવો જોઈએ, જેથી હૈયામાં પરમગુરુની આજ્ઞા ઉપસ્થિત થવાથી તેમના બળથી શીઘ્ર ફળ નિષ્પન્ન થાય.

**(૨) કર્મનો ક્ષય :-**

"ભગવાન ભાવગુણોની ખાણ છે. જેમ ખાણમાંથી રત્નો નીકળે છે, તેમ ભગવાનના અવલંબનથી જીવોમાં ગુણો પ્રગટે છે. માટે સંસારી જીવોને આત્માના ભાવો પેદા કરવા ગુણના સ્થાનભૂત ભગવાન છે." આ રીતે ભગવાનને જાણવાને કારણે ભગવાન પ્રત્યે બહુમાન થાય છે. જેમ રત્નના અર્થીને રત્નની ખાણ પ્રત્યે આદરબુદ્ધિ થાય છે, તેમ ગુણના અર્થી જીવોને પોતાના ગુણોની પ્રાપ્તિના કારણીભૂત તીર્થંકરો પ્રત્યે બહુમાનભાવ થાય છે અને તેને કારણે તીર્થંકરની આજ્ઞા અનુસાર તેવા જીવો પ્રવૃત્તિ કરી શકે છે, જેથી તે તે ગુણના આવિર્ભાવમાં પ્રતિબંધક એવાં ઘણાં ઘણાં કર્મોનો ક્ષય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ જીવ રાગાદિના નાશ અર્થે રાગાદિના પ્રતિપક્ષભાવનમાં યત્ન કરતો હોય, છતાં પરમગુરુના વચનનું સ્મરણ કર્યા વગર કરતો હોય, તોપણ સમ્યગ્ યત્નથી રાગાદિ નાશ થવા જોઈએ. તેથી ભગવાનની આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ કરવાથી જ કર્મક્ષય થાય છે, એમ કેમ કહ્યું ? તેથી કહે છે -

સ્થાન વડે=રાગાદિના પ્રતિપક્ષના ભાવન માટે અપેક્ષિત ઉચિત આસન વડે, અને બહુમાન વડે=રાગાદિના પ્રતિપક્ષભાવનની ક્રિયા પ્રત્યે બહુમાન વડે તુલ્ય ક્રિયામાં પણ આજ્ઞાના આરાધન દ્વારા અને આજ્ઞાની વિરાધના દ્વારા કર્મક્ષયાદિનો ભેદ છે અર્થાત્ આજ્ઞાના આરાધનથી કર્મક્ષય અને આજ્ઞાના વિરાધનથી કર્મબંધ થાય છે.

આશય એ છે કે બે સાધક આત્માઓ રાગાદિના નાશ અર્થે ઉચિત આસન આદિમાં બેસીને બહુમાનપૂર્વક=

રાગાદિ પ્રતિપક્ષભાવનની ક્રિયા પ્રત્યે આદરપૂર્વક, રાગાદિના પ્રતિપક્ષનું ભાવન કરતા હોય અને લક્ષ્યને નિષ્પન્ન કરવા અર્થે સમાન ક્રિયા કરતા હોય, આમ છતાં એક સાધક પરમગુરુનું સ્મરણ કરીને તેમની આજ્ઞાના સ્મરણ અનુસાર અને આજ્ઞાથી નિયંત્રિત પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે સાધકનાં ઘણાં કર્મોનો ક્ષય થાય છે; જ્યારે બીજો સાધક ભાવગુણની નિષ્પત્તિના પ્રબળ કારણ એવા પરમાત્માની આજ્ઞાનો વિચાર કર્યા વગર સ્વબુદ્ધિ અનુસાર શક્તિના પ્રકર્ષથી પણ રાગાદિના વિનાશ અર્થે પ્રતિપક્ષભાવન કરતો હોય, છતાં ચિત્તવૃત્તિમાં ભગવાનની આજ્ઞા પ્રત્યેનો ઉપેક્ષાભાવ વર્તે છે, તો આજ્ઞા વિરાધનાને કારણે કર્મબંધની પ્રાપ્તિ થાય છે.

આનાથી એ ફલિત થયું કે મન-વચન-કાયાની સમાન ક્રિયા બે સાધકો કરતા હોય, આમ છતાં આજ્ઞાના આલંબનથી એકને નિર્જરા થાય છે અને આજ્ઞાની ઉપેક્ષાથી બીજાને કર્મબંધ થાય છે. **॥૭૪॥**

**અવતરણિકા :-**

विविक्तदेशगुणानाह -

**અવતરણિકાર્થ :-**

**દ્વાર ગાથા-૬૦નું તૃતીય દ્વાર વિવિક્ત દેશના=એકાંત સ્થાનના, ગુણોને કહે છે –**

**ભાવાર્થ :-**

ભગવાનના વચનાનુસાર તત્ત્વચિંતન એકાંત સ્થાનમાં કરવાથી જે લાભ થાય છે, તે બતાવે છે –

**ગાથા :-**

**पइरिक्के बाघाओ न होइ पाएण योगवसिया य ।**
**जायइ तहा पसत्था हंदि अणब्भत्थजोगाणं ।।७५।।**

**અન્વયાર્થ :-**

**अणब्भत्थजोगाणं=અનભ્યસ્ત યોગવાળાઓને=યોગનો પ્રારંભ કર્યો છે તેવા યોગીઓને पइरिक्के=એકાંતમાં पाएण=પ્રાયઃ=બાહુલ્યથી बाघाओ=બાધા न होइ=થતી નથી तहा पसत्था य=અને તે પ્રકારે પ્રશસ્ત योगवसिया=યોગવશિતા जायइ=થાય છે. ।।૭૫।।**

**ગાથાર્થ :-**

**અનભ્યસ્ત યોગવાળા યોગીઓને એકાંતમાં પ્રાયઃ બાધા થતી નથી અને તે પ્રકારે પ્રશસ્ત યોગવશિતા થાય છે. ।।૭૫।।**

❖ ગાથામાં 'हन्दि' ઉપપ્રદર્શનમાં છે.

**ટીકા :-**

'पइरिक्के'=विविक्ते=एकान्ते, 'व्याघातो' 'न भवति' अधिकृतयोगस्य 'प्रायेण' बाहुल्येन, विक्षेपनिमित्ता-भावात् । 'योगवशिता च' - योगाभ्याससामर्थ्यलक्षणा 'जायते' 'तथा प्रशस्ता,' विधिप्रवृत्तेरसद्ग्रहाभावात् । 'हन्दि' इत्युपप्रदर्शने । 'अनभ्यस्तयोगानाम्'=आदियोगानाम् । इति गाथार्थः ।।७५।।

**ટીકાર્થ :-**

'पइरिक्के' विविक्ते - ..... इति गाथार्थः ।।७५।। **અનભ્યસ્ત યોગવાળાઓને=આદિ યોગવાળાઓને, प्रायेण=બાહુલ્યથી पइरिक्के=વિવિક્ત સ્થાનમાં=એકાંત સ્થાનમાં, અધિકૃત યોગનો વ્યાઘાત થતો નથી; કેમ કે વિક્ષેપના નિમિત્તનો અભાવ છે; અને તે પ્રકારની=ઉત્તરોત્તર યોગના અભ્યાસનું કારણ બને તે પ્રકારની, પ્રશસ્ત યોગઅભ્યાસના સામર્થ્યલક્ષણ યોગવશિતા (અનભ્યસ્ત યોગવાળાઓને એકાંત સ્થાનમાં રાગાદિ પ્રતિપક્ષનું ભાવન કરવાથી) થાય છે; કેમ કે વિધિપ્રવૃત્તિથી અસદ્ગ્રહનો અભાવ છે. 'हन्दि' ઉપપ્રદર્શનમાં છે=ગાથામાં જે કહેવું છે, તેનું ધ્યાન ખેંચવા માટે 'हन्दि' શબ્દનો પ્રયોગ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

દ્વાર ગાથા-૬૦માં બતાવેલ ચાર દ્વારમાંથી તૃતીય દ્વાર - 'એકાંત સ્થાનમાં બેસીને રાગાદિ પ્રતિપક્ષભાવનાનું ચિંતન કરવું જોઈએ', તેનું વર્ણન આ ગાથામાં છે.

**(૩) ચિંતન એકાંત સ્થાનમાં કરવાથી થતા લાભો :-**

રાગાદિ પ્રતિપક્ષનું ભાવન કરવા માટે અનભ્યસ્ત યોગવાળા એવા પ્રારંભિક કક્ષાના યોગીઓએ એકાંતમાં ચિંતન કરવા બેસવું જોઈએ. તેનાથી બે લાભ થાય છે :

**(૧) ચિંતનમાં વ્યાઘાતનો અભાવ :-** એકાંતમાં બેસવાથી વિક્ષેપના નિમિત્તનો અભાવ હોવાના કારણે પ્રતિપક્ષભાવનાના ચિંતનમાં વ્યાઘાત થતો નથી.

આશય એ છે કે અનભ્યસ્ત યોગવાળાઓને બાહ્ય નિમિત્તોની અસર શીઘ્ર થાય છે. તેથી એકાંતમાં ન બેસે અને રાગાદિ પ્રતિપક્ષભાવન માટે યત્ન કરતા હોય ત્યારે બાહ્ય નિમિત્તોની અસર થવાથી માનસયત્ન લક્ષ્યને અનુરૂપ સુદઢ પ્રવર્તી શકતો નથી. તેથી અપ્રમાદભાવથી યત્ન કરતા હોય તોપણ અનભ્યસ્ત દશા હોવાના કારણે બાહ્ય નિમિત્તથી વિક્ષેપ થાય છે અને રાગાદિના પ્રતિપક્ષ સંસ્કારો દૃઢ થાય તેવી ફલસારા પ્રવૃત્તિ થતી નથી. તેથી વિક્ષેપના પરિહાર અર્થે એકાંત સ્થાનમાં બેસીને રાગાદિ પ્રતિપક્ષભાવન કરવા યત્ન કરવો જોઈએ.

**(૨) પ્રશસ્ત યોગવશિતા:-** વળી શાસ્ત્રમાં વિધિ છે કે અનભ્યસ્ત દશાવાળા યોગીએ એકાંત સ્થાનમાં બેસીને રાગાદિ પ્રતિપક્ષભાવન કરવું જોઈએ. તે પ્રકારે વિધિમાં પ્રવૃત્તિ હોવાને કારણે સ્વમતિ પ્રમાણે

કરવારૂપ અસદ્ગ્રહનો અભાવ હોવાથી ઉત્તરોત્તર શાસ્ત્રાનુસારી પ્રયત્ન થઈ શકે તે પ્રકારની પ્રશસ્ત યોગવશિતા થાય છે.

આશય એ છે કે શાસ્ત્રવિધિ પ્રમાણે કરવાનો અધ્યવસાય તે પ્રશસ્ત અધ્યવસાય છે અને સર્વ ક્રિયાઓ શાસ્ત્રવિધિ પ્રમાણે કરવાનો પ્રશસ્ત અધ્યવસાય વર્તતો હોય તો શાસ્ત્રવિધિ પ્રમાણે કરવાનું સામર્થ્ય પ્રગટે છે. તેથી જે સાધક વિધિમાં યત્ન કરે છે, તે સાધક અભ્યાસના બળથી ક્રમે કરીને શાસ્ત્રાનુસારી પૂર્ણ શુદ્ધ અનુષ્ઠાન કરી શકે, તે પ્રકારનું સામર્થ્ય પ્રગટે છે. **॥૭૫॥**

**અવતરણિકા :-**

चरममुपयोगद्वारं व्याचिख्यासुराह -

**અવતરણિકાર્થ :-**

**અંતિમ ઉપયોગદ્વાર=દ્વાર ગાથા-૬૦માં કહેલ ચાર દ્વારમાંનું અંતિમ ઉપયોગદ્વાર, કહેવાની ઈચ્છાથી કહે છે –**

**ગાથા :-**

उवओगो पुण एत्थ विण्णेओ जो समीवजोगो त्ति ।
विहियकिरियागओ खलु अवितहभावो उ सव्वत्थ ।।७६।।

**અન્વયાર્થ :-**

**-एत्थ=અહીં=રાગાદિ પ્રતિપક્ષભાવનમાં जो समीवजोगो=જે સમીપયોગ છે उवओगो पुण=તે વળી ઉપયોગ विण्णेओ=જાણવો. 'त्ति' શબ્દ ઉપયોગની વ્યુત્પત્તિ અર્થની સમાપ્તિમાં છે. (અને તે ઉપયોગ) विहियकिरियागओ=વિહિત ક્રિયાગત सव्वत्थ=સર્વત્ર=સ્થાનાદિમાં, अवितहभावो उ= અવિતથભાવવાળો જ છે.**

**'खलु' વાક્યાલંકારમાં છે. 'उ' 'एव' કાર અર્થમાં છે. ॥૭૬॥**

**ગાથાર્થ :-**

**અહીં જે સમીપયોગ છે, તે વળી ઉપયોગ જાણવો. 'त्ति' શબ્દ ઉપયોગની વ્યુત્પત્તિ અર્થની સમાપ્તિમાં છે, (અને તે ઉપયોગ) વિહિત-ક્રિયાગત સર્વત્ર સ્થાનાદિમાં અવિતથભાવવાળો જ છે. ॥૭૬॥**

**ટીકા :-**

'उपयोगः' पुनः 'अत्र'=प्रक्रमे, 'विज्ञेयो' 'यः' 'समीपयोगः'=सिद्धेः प्रत्यासन्न 'इति' । स चायमित्याह- 'विहितक्रियागतः खलु'=स्थानादिक्रियाविषय इत्यर्थः । 'अवितथभावस्तु'=यथोक्तभाव एव, 'सर्वत्र'=स्थानादौ ।

एतल्लिङ्ग एव बोधः परलोकपक्षपातो भगवद्‌बहुमानश्च, भावनीयमेतत् । इति गाथार्थः ।।७६।।

**ટીકાર્થ :-**

उपयोगः पुनः ..... इति गाथार्थः ।।७६।। **વળી અહીં=પ્રક્રમમાં=રાગાદિપ્રતિપક્ષભાવનના પ્રક્રમમાં, જે સમીપયોગ છે, અર્થાત્ સિદ્ધિને પ્રત્યાસન્ન છે તે ઉપયોગ જાણવો.**

**'इति' શબ્દ 'ઉપયોગ' શબ્દની વ્યુત્પત્તિ અર્થની સમાપ્તિ અર્થક છે.** स च अयम् **અને તે=ઉપયોગ આ છે=વક્ષ્યમાણ છે. એ પ્રમાણે કહે છે – (અને તે ઉપયોગ) વિહિત ક્રિયાગત છે=સ્થાનાદિ ક્રિયાના વિષયવાળો છે. સર્વત્ર=સ્થાનાદિમાં અવિતથભાવવાળો જ છે=યથોક્ત ભાવવાળો જ છે અર્થાત્ જે પ્રમાણે શાસ્ત્રમાં સ્થાનાદિ બતાવેલા છે તે પ્રકારના ભાવવાળો જ છે. આ લિંગ હોતે છતે જ=ઉપયોગરૂપ લિંગ હોતે છતે જ –**

**(૧) બોધ,**

**(૨) પરલોકનો પક્ષપાત અને**

**(૩) ભગવાનનું બહુમાન**

**છે. એ=ઉપયોગ હોતે છતે જ બોધ, પરલોકનો પક્ષપાત અને ભગવાનનું બહુમાન છે એ, ભાવન કરવું. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૬।।**

❖ 'स्थानादि' અહીં 'आदि' થી ઊર્ણ, અર્થ, આલંબનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

દ્વાર ગાથા-૬૦માં બતાવેલ અંતિમ ઉપયોગદ્વારનું વર્ણન આ ગાથામાં છે.

**ઉપયોગદ્વાર :- ઉપયોગની વ્યુત્પત્તિ :-**

उप=સામીપ્ય અને योग=વ્યાપાર, અર્થાત્ સિદ્ધિના=ફળનિષ્પત્તિના, સામીપ્યથી જે મનનો વ્યાપાર તે ઉપયોગ છે, એ પ્રમાણે ઉપયોગની વ્યુત્પત્તિ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે રાગાદિપ્રતિપક્ષભાવનના પ્રક્રમમાં, ચિંતનની ક્રિયાથી તત્ત્વના અવગમરૂપ ફળનિષ્પત્તિની આસન્ન એવો જે વ્યાપાર તે ઉપયોગ છે.

આ કથનથી એ ફલિત થયું કે રાગાદિના પ્રતિપક્ષને કહેનારા સૂત્રોનો પાઠ કરીને કોઈ સાધક તીર્થમાં અનેક વખત શ્રવણ કરે, અને તે પદાર્થોનું તાત્પર્ય યથાર્થ જાણીને જે રાગાદિ પોતાને બાધ કરતા હોય તે રાગાદિના ઉન્મૂલન અર્થે શાસ્ત્રની વિધિ પ્રમાણે એકાંત સ્થાનમાં બેસીને મનોયોગને, લક્ષ્યને અનુરૂપ સ્થાન, ઊર્ણ (સૂત્ર), અર્થ અને આલંબનમાં તે રીતે પ્રવર્તાવે, કે જેથી ચિંતિત પદાર્થના સંસ્કારો આત્મા ઉપર સ્થિર થવા માંડે, આ પ્રકારનો જે માનસ વ્યાપાર છે, તે તત્ત્વના અવગમરૂપ સિદ્ધિને આસન્ન

વ્યાપારરૂપ છે, અને તે માનસ વ્યાપારને ઉપયોગ શબ્દથી ગ્રહણ કરવાનો છે.

તેથી કોઈ અન્ય સાધક સૂત્રોના અર્થોનો બોધ કરીને તે સૂત્રોની અંદર મનોયોગ પ્રવર્તાવતો હોય, આમ છતાં ફળનિષ્પત્તિને અનુરૂપ સંસ્કારો આધાન ન થતા હોય તો તેનું તે ચિંતન ઉપયોગપૂર્વકનું નથી.

તે ઉપયોગ કયા પ્રકારનો છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે કે - વિહિત ક્રિયાગત આ ઉપયોગ છે અર્થાત્ સ્થાન, ઊર્ણ, અર્થ અને આલંબન વિષયક આ ઉપયોગ છે.

વળી તે ઉપયોગ સ્થાનાદિવિષયક કેવો છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે કે - અવિતથ ભાવવાળો છે અર્થાત્ સ્થાન, ઊર્ણ, અર્થ અને આલંબનમાં જે પ્રકારે પ્રયત્ન કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે, તે પ્રકારના પ્રયત્નવાળો આ ઉપયોગ છે.

તેથી એ ફલિત થયું કે શાસ્ત્ર વચનાનુસાર સ્થાનમાં, ઊર્ણમાં, અર્થમાં અને આલંબનમાં ફળનિષ્પત્તિને અનુકૂળ સુદૃઢ વ્યાપાર વર્તતો હોય તે વ્યાપાર 'ઉપયોગ' છે.

પ્રસ્તુત ચિંતવન વિષયક સ્થાનાદિનો વ્યાપાર આ પ્રમાણે છે –

**(૧) સ્થાનયોગનો સમ્યગ્ વ્યાપાર :-** રાગાદિનું પ્રતિપક્ષભાવન કરવા માટે જ્યારે સાધક ચિંતન કરતો હોય ત્યારે, ચિંતન માટે અપ્રમાદભાવની વૃદ્ધિ થાય તેવા પ્રકારના ઉચિત પદ્માસનાદિ આસનમાં યત્ન કરે, તે સ્થાનયોગનો સમ્યગ્ વ્યાપાર છે.

**(૨) ઊર્ણયોગનો સમ્યગ્ વ્યાપાર :-** પદ્માસનાદિ આસનમાં બેસીને જે સૂત્રપાઠ કરે છે, તે સૂત્રની અંદર ઉપયોગ રાખે કે જેથી તે સૂત્રનો સમ્યગ્ શાબ્દબોધ થાય, તે ઊર્ણયોગનો સમ્યગ્ વ્યાપાર છે.

**(૩) અર્થયોગનો સમ્યગ્ વ્યાપાર :-** સૂત્રોનો પાઠ કરતાં સૂત્રના ઐદંપર્યાર્થને લક્ષ્યમાં રાખીને અર્થમાં ઉપયોગ પ્રવર્તતો હોય, તે અર્થયોગનો સમ્યગ્ વ્યાપાર છે.

**(૪) આલંબનયોગનો સમ્યગ્ વ્યાપાર :-** જે ગુરુ અને દેવતાને પ્રણામ કર્યા છે, તે ગુરુ અને દેવતાના સ્વરૂપને અવલંબનરૂપે ગ્રહણ કરીને "તેમની જેમ તેમના વચનાનુસાર મારે પણ મારા આત્માને નિષ્પન્ન કરવો છે" તેવું દેવ-ગુરુનું અવલંબન ચિંતવનકાળમાં ગ્રહણ કરતો હોય, તે આલંબનયોગનો સમ્યગ્ વ્યાપાર છે.

આ રીતે સ્થાનાદિ ચારમાં ક્રમસર સમ્યગ્ વ્યાપાર પ્રવર્તતો હોય તે વ્યાપાર ચિંતનીય પદાર્થના સુદૃઢ સંસ્કારો આધાન કરે છે. તે સંસ્કારો નાખવાનો મનોવ્યાપાર સિદ્ધિને આસન્ન છે, અને તે ઉપયોગ છે.

આવા લિંગવાળો ઉપયોગ હોય=ઉપરમાં વર્ણન કર્યું તેવા લિંગવાળો ઉપયોગ હોય, તો શું શું થાય છે ? તે જણાવે છે --

**(૧) બોધ થાય છે,**

**(૨) પરલોકનો પક્ષપાત થાય છે અને**

**(૩) ભગવાનનું બહુમાન થાય છે.**

(૧) **બોધ :-** આ રીતે ચિંતનકાળમાં યોગીનો જે ઉપયોગ પ્રવર્તતો હોય તે ઉપયોગથી યોગીને તત્ત્વનો બોધ થાય છે, અને તે તત્ત્વબોધ યોગીના યોગમાર્ગના બાધક એવા રાગાદિ ભાવોનો નાશ કરે છે.

(૨) **પરલોકનો પક્ષપાત :-** જે યોગી આ રીતે ચિંતનકાળમાં ઉપયોગ પ્રવર્તાવી ચિંતન કરતા હોય તેમને પરમાર્થથી પરલોકનો પક્ષપાત છે; અને જે યોગી આવા ઉપયોગથી ચિંતન કરતા નથી, તેમને શબ્દથી કે રુચિરૂપે પરલોકનો પક્ષપાત હોવા છતાં પરમાર્થથી પરલોકનો પક્ષપાત નથી; કેમ કે પરલોકનો પક્ષપાત હોય તો પરલોકના સાધક એવા ઉપાયમાં અવશ્ય યત્ન હોય.

(૩) **ભગવાનનું બહુમાન :-** ભગવાનની આજ્ઞા યથા તથા ચિંતન કરવાની નથી. તેથી પૂર્વમાં કહેલ ઉપયોગપૂર્વક જે યોગી ચિંતન કરતા હોય તેમને ભગવાનનું બહુમાન છે. યથાતથા ચિંતન કરનારને ભગવાનનું બહુમાન નથી.

તેથી જે સમ્યગ્ બોધનો અર્થી હોય, પરલોકનો પક્ષપાતી હોય અને ભગવાન પ્રત્યે બહુમાનભાવવાળો હોય, તેણે આ પ્રકારના ઉપયોગમાં યત્ન કરવો જોઈએ. **॥૭૬॥**

**અવતરણિકા :-**

उपसंहरन्नाह -

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૫૧ના અંતમાં કહેલ કે વક્ષ્યમાણ લક્ષણ આ યોગસાધનનો ઉપાય=યોગસિદ્ધિનો ઉપાય, પ્રધાનતર પ્રવૃત્ત યોગીને જાણવો; અને તે પ્રધાનતર યોગસાધનનો ઉપાય ગાથા-૫૨ થી ગાથા-૭૬ સુધી બતાવ્યો. હવે તેના ઉપસંહારને કહે છે –

**ગાથા :-**

**एवं अब्भासाओ तत्तं परिणमइ चित्तथेज्जं च ।**
**जायइ भवाणुगामी सिवसुहसंसाहगं परमं ।।७७।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=ગાથા-૫૨ થી ગાથા-૭૬ સુધી વર્ણન કર્યું એ રીતે, अब्भासाओ=અભ્યાસ કરવાથી तत्तं=રાગાદિ વિષય સંબંધી તત્ત્વ परिणमइ=પરિણામ પામે છે भवाणुगामी च=અને ભવાંતરમાં અનુગામી, सिवसुहसंसाहगं=શિવસુખનું સંસાધક परमं=પ્રધાન चित्तथेज्जं=ચિત્તસ્થૈર્ય जायइ=થાય છે. ॥૭૭॥**

ગાથાર્થ :-

**ગાથા-પરથી ગાથા-૭૬ સુધી વર્ણન કર્યું એ રીતે અભ્યાસ કરવાથી રાગાદિ વિષય સંબંધી તત્ત્વ પરિણામ પામે છે અને ભવાંતરમાં અનુસરનારું, શિવસુખનું સંસાધક, પ્રધાન, ચિત્તસ્થૈર્ય થાય છે. ।।૭૭।।**

ટીકા :-

'एवम्'=उक्तेन न्यायेन, 'अभ्यासाद्' हेतोः 'तत्त्वं' 'परिणमति' रागादिविषयसम्बन्धि । तथा 'चित्तस्थैर्यं च'=आनन्दसमाधिबीजं, 'जायते' । किंविशिष्टम्? इत्याह - 'भवानुगामि'=जन्मान्तरानुगमनशीलं 'शिवसुखसंसाधकं'=पारम्पर्येण मोक्षसुखसाधकमित्यर्थः 'परमं'=प्रधानं 'चित्तस्थैर्यं' शिवाध्वविजयदुर्गावाप्तिलक्षणम् । इति गाथार्थः ।।७७।।

ટીકાર્થ :-

'एवम्' उक्तेन ..... इति गाथार्थः ।।७७।। **એ રીતે=ગાથા-પર થી ગાથા-૭૬ સુધી વર્ણન કર્યું એ રીતે, અભ્યાસના કારણે રાગાદિ વિષય સંબંધી તત્ત્વ પરિણામ પામે છે, અને આનંદસમાધિના બીજરૂપ ચિત્તસ્થૈર્ય થાય છે=ધ્યાનથી સમતા અને સમતાથી ધ્યાન જે કાળે વર્તે છે, તે વખતે પ્રગટ થયેલી જે આનંદસમાધિ છે, તેના બીજરૂપ આ ચિત્તસ્થૈર્ય થાય છે.**

**કેવા પ્રકારના વિશેષણોથી વિશિષ્ટ એવું ચિત્તસ્થૈર્ય થાય છે ? એને કહે છે –**

**ભવાનુગામી=જન્માંતરમાં અનુગમન સ્વભાવવાળું, શિવસુખનું સંસાધક=પરંપરાથી મોક્ષસુખસાધક, પરમ=પ્રધાન એવું, ચિત્તસ્થૈર્ય=મોક્ષમાર્ગમાં વિજયદુર્ગની પ્રાપ્તિસ્વરૂપ ચિત્તસ્થૈર્ય, થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૭।।**

ભાવાર્થ :-

ગાથા-પર થી ગાથા-૭૬ સુધી, ઘટમાન યોગી અને પ્રવૃત્ત યોગીને રાગાદિના પ્રતિપક્ષનું ભાવન કેમ કરવું, તેની વિધિ બતાવી; અને તે વિધિથી કોઈ સાધક અભ્યાસ કરે તો જે રાગાદિ પોતાને પીડા કરતા હોય, તે રાગાદિવિષયક તત્ત્વચિંતન પોતાને પરિણામ પામે છે; જેથી તે રાગાદિનાં નિમિત્તોને પામીને પણ રાગાદિ ઉદ્ભવ ન થઈ શકે તેવા પ્રકારનું ચિત્તસ્થૈર્ય પ્રગટે છે, જે ચિત્તસ્થૈર્ય ભાવિમાં પ્રગટ થનાર આનંદસમાધિનું બીજ છે.

આશય એ છે કે જીવ ધ્યાનથી સમતા અને સમતાથી ધ્યાનમાં પ્રવર્તે છે ત્યારે ધ્યાનથી પેદા થનારું સુખ જીવમાં વર્તે છે, જે આનંદસમાધિ છે અર્થાત્ જીવ પોતાના સહજ પરિણામોમાં આનંદ લઈ શકતો હોવાથી તે પ્રકારની સમતાને પામેલો છે કે જેથી બાહ્ય વિષયો તેના ચિત્તમાં કોલાહલ પેદા કરાવી શકતા નથી. આ પ્રકારની આનંદસમાધિ ક્ષપકશ્રેણી તરફ જતા અને ધ્યાનમાં યત્ન કરનારા વિશિષ્ટ પ્રકારના

યોગીઓને હોય છે, અને તેવી આનંદસમાધિ પેદા થવાનું કારણ વસ્તુના તત્ત્વચિંતનથી પેદા થયેલું ચિત્તસ્થૈર્ય છે.

આ ચિત્તસ્થૈર્ય કેવું વિશિષ્ટ છે, તે જણાવતાં કહે છે કે –

**(૧) આનંદસમાધિનું બીજ છે,**

**(૨) ભવાંતરમાં અનુગમન કરનારું=સાથે આવનારું છે,**

**(૩) શિવસુખનું સંસાધક છે,**

**(૪) પ્રધાન છે અને**

**(૫) મોક્ષમાર્ગમાં વિજય મેળવવા માટે દુર્ગની પ્રાપ્તિસ્વરૂપ છે.**

**(૧) આનંદસમાધિનું બીજ :-** ચિત્તની સ્વસ્થતારૂપ જે આનંદસમાધિ છે તેનો ઉપાય યોગમાર્ગમાં કરાયેલું ચિત્તસ્થૈર્ય છે.

**(૨) ભવાંતરાનુગમનશીલ :-** આ ચિત્તસ્થૈર્ય એવા દૃઢ સંસ્કારવાળું છે કે જે સંસ્કારો જન્માંતરમાં સાથે આવે છે. તેથી આ ભવમાં કદાચ આનંદસમાધિ પ્રગટ ન થઈ હોય, તોપણ ભવાંતરમાં સાથે આવેલા તે ચિત્તસ્થૈર્યના સંસ્કારો આનંદસમાધિ પ્રગટ કરવાનું કારણ બને છે.

**(૩) શિવસુખનું સંસાધક :-** આ ચિત્તસ્થૈર્ય પરંપરાએ મોક્ષસુખનું સાધક છે. જેમ મોક્ષમાં ગયેલા આત્માઓ સદા પોતાના આત્મભાવમાં અવસ્થિત છે, તેની પૂર્વભૂમિકારૂપ આ ચિત્તસ્થૈર્ય છે. તેથી પ્રગટ થયેલું આ ચિત્તસ્થૈર્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષસુખમાં પર્યવસાન પામનાર છે.

**(૪) પરમ=પ્રધાન :-** આ ચિત્તસ્થૈર્ય પરમ અર્થાત્ પ્રધાન છે અર્થાત્ સંયમની અન્ય ક્રિયાઓ કરવાથી જે ચિત્તસ્થૈર્ય પેદા થાય છે, તેના કરતાં રાગાદિના પ્રતિપક્ષના ભાવનથી પ્રગટ થયેલું ચિત્તસ્થૈર્ય યોગમાર્ગની વૃદ્ધિમાં પ્રધાન કારણ છે; કેમ કે સંયમની નિર્દોષ ભિક્ષાચર્યા આદિ પ્રવૃત્તિઓ જીવનું અશુભ ભાવોમાંથી રક્ષણ કરે છે, પરંતુ સાક્ષાત્ યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરવામાં કારણ બનતી નથી; જ્યારે રાગાદિના પ્રતિપક્ષભાવનથી પ્રગટ થયેલું ચિત્તસ્થૈર્ય ધ્યાનઅધ્યયનાદિમાં સુદૃઢ યત્ન કરાવીને શક્તિસંચયમાં પ્રધાન કારણ બને છે. તેથી નિર્દોષ ભિક્ષાચર્યા આદિ કરતાં પ્રસ્તુત ચિત્તસ્થૈર્યને પ્રધાન કહ્યું છે.

**(૫) મોક્ષમાર્ગમાં વિજય મેળવવા માટે દુર્ગની પ્રાપ્તિસ્વરૂપ આ ચિત્તસ્થૈર્ય છે.**

આશય એ છે કે જેમ કોઈ માણસને માર્ગ ઉપરથી પોતાના ઈષ્ટસ્થાને જવું છે અને તે માર્ગ ઉપર શત્રુનું સૈન્ય ઘેરો નાખીને સ્થાન જમાવીને બેઠેલું હોય, વળી પોતાનામાં શત્રુ સામે લડી શકે તેવી શક્તિ નથી; તેવા સમયે જો તે માણસ તે સ્થાનથી પસાર થઈ ઈષ્ટસ્થાને જવા યત્ન કરે તો શત્રુસૈન્ય તેનો વિનાશ કરે. તેથી તેવા વખતે વિવેકી માણસ શત્રુથી બચવા માટે કોઈક દુર્ગ આદિ સ્થાનમાં છુપાઈ જાય, અને ત્યાં રહ્યો રહ્યો શત્રુ સામે લડવા માટે સૈન્ય આદિ સામગ્રી એકઠી કરે, અને શત્રુ સામે લડી શકે તેવી પૂર્ણ સામગ્રી એકઠી થઈ જાય ત્યારે, શત્રુ સામે જઈને શત્રુનો વિનાશ કરી સુખે સુખે ઈષ્ટસ્થાને પહોંચી

શકે છે. તેમ સાધકને મોક્ષમાં જવું છે, તે તેનું ઈષ્ટસ્થાન છે. આ ઈષ્ટસ્થાનમાં જવાનો માર્ગ રત્નત્રયીની પરિણતિ છે, અને તે રત્નત્રયીની વિશેષ પરિણતિ અર્થે ધ્યાન અને સમતામાં યત્ન કરવાનો છે; પરંતુ હજુ આ સાધક સમતાના કારણીભૂત ધ્યાનમાં સુદૃઢ યત્ન કરી શકે તેવો નથી, તેથી મોક્ષમાર્ગમાં ગમન થતું નથી; કેમ કે સાધકના આત્મામાં શત્રુ જેવું મોહનું સૈન્ય સ્થાન જમાવીને બેઠેલું છે અને હજુ સાધકમાં તે મોહનો નાશ કરવાનું સામર્થ્ય પ્રગટ્યું નથી. તેથી તેવા સમયે સાધકને મોક્ષમાર્ગમાં કોઈક દુર્ગાદિ જેવા સ્થાનમાં રહીને શક્તિસંચય કરવો આવશ્યક છે અને તે દુર્ગાદિ જેવું સ્થાન રાગાદિ પ્રતિપક્ષભાવનથી થયેલું ચિત્તસ્થૈર્ય છે. તેથી જ્યાં સુધી મોહનો સાક્ષાત્ વિજય કરી શકે તેવી શક્તિ પ્રગટી ન હોય ત્યાં સુધી પૂર્વમાં વર્ણન કરાયેલ વિધિ પ્રમાણે સાધક રાગાદિ પ્રતિપક્ષનું ભાવન કરે ત્યારે સાધકમાં વિશિષ્ટ કોટીનું ચિત્તસ્થૈર્ય પ્રગટે છે, જેના કારણે વર્તમાનમાં હવે તે રાગાદિના ઉપદ્રવથી બાધા પામતો નથી. આમ છતાં મોહના સૈન્યનો નાશ કરી શકે તેના માટે જેવો ધ્યાનમાં યત્ન આવશ્યક છે, તેવું ધ્યાન કરવાનું સામર્થ્ય હજુ પ્રગટ્યું નથી, આથી તેના માટે શક્તિસંચય આવશ્યક છે. તે વખતે દુર્ગ જેવા પ્રસ્તુત ચિત્તસ્થૈર્યને પામીને મોહના ઉપદ્રવથી રક્ષણ પામેલો એવો તે સાધક, ભગવાને બતાવેલી ક્રિયાઓમાં સુદૃઢ યત્ન કરે તો નિરુપદ્રવરૂપે વિહિત ક્રિયાઓ કરવાથી, ક્રિયાકાળમાં મનોયોગ સૂત્રમાં, અર્થમાં અને આલંબનમાં, તે રીતે સુદૃઢ પ્રવર્તી શકે છે કે જેનાથી મહાધ્યાનને અનુકૂળ શક્તિનો સંચય જીવમાં થાય છે; અને આ રીતે ક્રિયાઓ કરતાં કરતાં જ્યારે શક્તિનો સંચય થઈ જાય ત્યારે મહાધ્યાનનો યત્ન ઉત્થિત થાય છે. તેથી સહેલાઈથી મોહના સૈન્યનો નાશ થાય છે અને સાધક સુખે સુખે રત્નત્રયીનું સેવન કરીને ઈષ્ટ એવા મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. **॥૭૭॥**

**અવતરણિકા :-**

**इहैव विध्यन्तरमाह -**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=ગાથા-૫૧માં ઘટમાન યોગીને અને પ્રવૃત્ત યોગીને યોગસાધનાનો ઉપાય અને તેમાં પણ વિશેષરૂપે પ્રવૃત્ત યોગીને યોગસાધનાનો ઉપાય, જે ભાવનાશ્રુતના પાઠથી માંડીને તત્ત્વચિંતન સુધીનો બતાવ્યો, એમાં જ, અન્ય વિધિને કહે છે –**

**ગાથા :-**

**अहवा ओहेणं चिय भणियविहाणाओ चेव भावेज्जा ।**
**सत्ताइएसु मेत्ताइए गुणे परमसंविग्गो ।।७८।।**

**અન્વયાર્થ :-**

**अहवा=અથવા ओहेणं चिय=સામાન્યથી જ भणियविहाणाओ चेव=ભણિત વિધાન વડે જ=કહેવાયેલી**

વિધિ વડે જ, परमसंविग्गो=પરમ સંવિગ્ન सत्ताइएसु=સત્ત્વાદિમાં मत्ताइए गुणे=મૈત્ર્યાદિ ગુણોને भावेज्जा=ભાવન કરે. ॥૭૮॥

**ગાથાર્થ :-**

**અથવા સામાન્યથી જ કહેવાયેલી વિધિ વડે જ પરમસંવિગ્ન એવો સાધક સત્ત્વાદિમાં મૈત્ર્યાદિ ગુણોને ભાવન કરે. ॥૭૮॥**

**ટીકા :-**

'अथवा' इति प्रकारान्तरप्रदर्शनार्थः, 'ओघेनैव'=सामान्येनैव 'भणितविधानेनैव' स्थानादिना 'भावयेत्'= प्रणिधानसारमभ्यस्येत् । क्व कान्? इत्याह - 'सत्त्वादिषु' - सत्त्व-गुणाधिक-क्लिश्यमानाऽविनेयेषु 'मैत्र्यादीन् गुणान्'=मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यलक्षणान् 'परमसंविग्नः'=लब्धिपूजाख्यात्याद्याशयरहितः । इति गाथार्थः ।।७८।।

**ટીકાર્થ :-**

'अथवा' ..... इति गाथार्थः ।।७८।। **'અથવા' એ પ્રકારાંતર=અન્ય પ્રકાર, બતાવવા માટે છે. ઓઘથી જ=સામાન્યથી જ, કહેવાયેલી વિધિ વડે જ=સ્થાનાદિ વિધિ વડે જ, ભાવન કરે=પ્રણિધાનસાર અભ્યાસ કરે=લક્ષ્યનું પ્રણિધાન છે પ્રધાન જેમાં એ રીતે અભ્યાસ કરે.**

**ક્યાં શું ભાવન કરે ? એથી કહે છે –**

**સત્ત્વાદિમાં મૈત્રી આદિ ગુણોનું ભાવન કરે અર્થાત્ સર્વ જીવોમાં મૈત્રી, ગુણાધિકમાં પ્રમોદ, ક્લિશ્યમાનમાં=રાગાદિથી ક્લેશ પામતા જીવોમાં કરુણા, અવિનેયમાં=સુધરી ન શકે તેવા અયોગ્ય જીવોમાં, માધ્યસ્થ્ય સ્વરૂપ ગુણોનું, પરમસંવિગ્ન=લબ્ધિ-પૂજા-ખ્યાતિ આદિ આશયથી રહિત એવો સાધક ચિંતન કરે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૭૮॥**

❖ 'स्थानादिना' અહીં 'आदि' થી ઊર્ણ-અર્થ-આલંબનનું ગ્રહણ કરવું.

❖ 'लब्धिपूजाख्यात्यादि' અહીં 'आदि' થી પરલોકના ઐશ્વર્યનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૧) રાગાદિપ્રતિપક્ષભાવનની અન્ય વિધિ :-**

ઘટમાન યોગી અને પ્રવૃત્ત યોગીને જે રાગાદિ પોતાને બાધ કરે છે કે જેના કારણે પોતે ગુણસ્થાનકમાં સુદૃઢ યત્ન કરીને યોગમાર્ગમાં અધિક અધિક પ્રવૃત્તિ કરી શકતા નથી, તેના પ્રતિપક્ષભાવન માટેની વિધિ પૂર્વમાં બતાવી. તે વિધિમાં પોતાને જે રાગાદિ બાધ કરે છે, તે રાગાદિવિશેષનું જ પ્રતિપક્ષભાવન કરવાનું કહ્યું. હવે સામાન્યથી રાગાદિનું પ્રતિપક્ષભાવન કરવા માટે 'અથવા'થી અન્ય વિધિ બતાવે છે.

અહીં સામાન્યથી કહેવાથી એ પ્રાપ્ત થાય કે પ્રસ્તુત ગાથામાં બતાવેલ મૈત્રી આદિ ભાવોમાં સમ્યગ્ યત્ન કરવામાં આવે તો સામાન્ય રીતે સર્વ પ્રકારના રાગાદિનું ઉન્મૂલન થાય છે અને રાગાદિથી વિરુદ્ધ દિશામાં ચિત્ત જઈ શકે તેવો યત્ન થઈ શકે છે; કેમ કે જેનું ચિત્ત મૈત્રી આદિ ચાર ભાવોથી અત્યંત વાસિત છે, તેવો જીવ સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે અને ઉચિત પ્રવૃત્તિ હંમેશાં રાગાદિ દોષોના ઉન્મૂલનનું પ્રબળ કારણ છે. તેથી જે સાધક શાસ્ત્રવિધિ અનુસાર મૈત્ર્યાદિ ચાર ભાવોને ભાવન કરીને સંપન્નચિત્તવાળો બને છે, તેની દરેક પ્રવૃત્તિ મૈત્ર્યાદિ ભાવોની અસરથી પ્રવર્તે છે. જેમ કે સ્ત્રી પ્રત્યેનો રાગ તેને સતાવતો હોય અને પૂર્વમાં બતાવેલ રીતે સ્ત્રીનું તત્ત્વ આદિ સમ્યગ્ ચિંતવન કરે તો ચિંતવન પછી સ્ત્રીને જોઈને સ્ત્રીનું મોહક સ્વરૂપ ન દેખાતાં તેના તત્ત્વાદિ ભાવો તેને દેખાય છે, તેથી રાગ ઉત્થિત થતો નથી. તે રીતે જેણે શાસ્ત્રવિધિ અનુસાર મૈત્રી આદિ ભાવો આત્મામાં નિષ્પન્ન કર્યા છે, તેનું ચિત્ત કોઈ પણ જીવને જુએ ત્યારે તે મૈત્ર્યાદિ ભાવોને અનુરૂપ પરિણામવાળો થાય છે, જેથી કોઈ જીવ પ્રત્યે અનુચિત વર્તન થતું નથી, પરંતુ ઉચિત વર્તન કરીને યોગમાર્ગની ઉત્તર-ઉત્તર ભૂમિકા પેદા કરી શકે છે.

અહીં મૈત્રી આદિ ભાવના કરવાની પદ્ધતિ આ પ્રમાણે છે –

શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે સ્થાન, ઊર્ણ, અર્થ અને આલંબનથી લક્ષ્યની નિષ્પત્તિના પ્રણિધાનપૂર્વક,

(૧) સર્વ જીવોમાં મૈત્રીભાવના ભાવન કરે,

(૨) ગુણાધિકમાં પ્રમોદભાવના ભાવન કરે,

(૩) ક્લિશ્યમાનમાં કરુણાભાવના ભાવન કરે અને

(૪) અવિનેયમાં=અયોગ્ય જીવોમાં, માધ્યસ્થ્યભાવના ભાવન કરે.

વળી આ ભાવના કરતી વખતે લબ્ધિ-પૂજા-ખ્યાતિ આદિના આશયથી રહિત થઈને પરમ સંવેગપૂર્વક ભાવન કરે, જેથી મૈત્રી આદિ ભાવો આત્મામાં તે રીતે સ્થિર થાય કે જેથી રાગાદિથી આકુળ થયા વિના સર્વ જીવો પ્રત્યે ઉચિત પ્રવૃત્તિ કરી શકે, તેવું જીવનું સત્ત્વ પ્રગટ થાય.

આશય એ છે કે કોઈપણ ક્રિયા કરતી વખતે જે રીતે સ્થાનાદિમાં યત્ન કરવાની શાસ્ત્રવિધિ છે, તે વિધિ પ્રમાણે કરે. જેમ કે ચિંતનકાળમાં તે પ્રકારના આસનમાં બેસે કે જેથી તે આસન ચિંતનને અનુકૂળ અપ્રમાદભાવની વૃદ્ધિનું કારણ બને. ત્યારપછી ચિંતનકાળમાં મૈત્રી આદિ ભાવોને સ્પર્શનારા જે શ્લોકોનો પાઠ કરે, તે શ્લોકના સૂત્રમાં, સૂત્રના ઐદંપર્યરૂપ અર્થમાં, સુદઢ યત્ન કરે, જેથી સૂત્રોના અર્થથી આત્મા ભાવિત બને; અને 'જે દેવ-ગુરુએ મૈત્ર્યાદિ ભાવોનો પ્રકર્ષ સાધીને પોતાના આત્માને નિષ્પન્ન કર્યો છે, તેમના અવલંબનથી હું પણ મારા આત્માને તે પ્રકારે નિષ્પન્ન કરું,' તેવા અધ્યવસાયથી આલંબનયોગમાં યત્ન કરે, જેથી દેવ-ગુરુના અવલંબનથી પણ પોતાનામાં મૈત્ર્યાદિ ભાવો સ્થિર ભાવને પામે. આ રીતે ભાવનાદિમાં યત્ન કરવાથી ચિંતિત પદાર્થોના દૃઢ સંસ્કારો આત્મા ઉપર સ્થિર થાય છે, તે સ્થિર થયેલા

ભાવોથી ઉત્તરકાળની પ્રવૃત્તિ થાય છે, તેના કારણે મૈત્ર્યાદિ ભાવનાથી વાસિત થયેલો આત્મા રાગાદિથી આકુળ થયા વિના સર્વત્ર ઉચિત યત્ન કરે છે.

વળી અહીં પરમ સંવિગ્ન થઈને મૈત્ર્યાદિ ભાવનાનું ભાવન કરવા કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે આ ભાવના દ્વારા પોતાને અમુક પ્રકારની શક્તિઓ પ્રગટે તેવો આશય રાખવાનો નથી, અથવા તો મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થવાથી લોકોમાં પોતાની પૂજા થાય તેવો પણ ભાવ રાખવાનો નથી, અથવા તો મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થવાથી લોકોમાં પોતે યોગી તરીકે ખ્યાતિને પામે, તેવો પણ આશય રાખવાનો નથી. કેવળ પોતાના આત્માને તત્ત્વથી ભાવિત કરીને પોતે સમતાની વૃદ્ધિને કરે કે જેથી આ સંસારનો ઉચ્છેદ થાય, આવા પ્રકારના પરમ સંવેગપૂર્વક મૈત્ર્યાદિ ભાવનામાં યત્ન કરવાનો છે. **II૭૮II**

**અવતરણિકા :-**

एतदेव विशेषेणाभिधातुमाह -

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વ ગાથામાં મૈત્રી આદિ ચાર ભાવનાઓ કરવાનું કહ્યું, એને જ વિશેષથી બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**सत्तेसु ताव मेत्तिं, तहा पमोयं गुणाहिएसुं ति ।**
**करुणा-मज्झत्थत्ते किलिस्समाणाऽविणेएसु ।।७९।।**

**અન્વયાર્થ :-**

**सत्तेसु मेत्तिं=સત્ત્વોમાં=જીવોમાં મૈત્રીને, तहा गुणाहिएसुं=અને ગુણાધિકોમાં पमोयं=પ્રમોદને, किलिस्समाणाऽविणेएसु=ક્લિશ્યમાનોમાં અને અવિનેયોમાં=અયોગ્ય જીવોમાં करुणा-मज्झत्थत्ते=કરુણાને અને માધ્યસ્થ્યને ભાવન કરે.**

**ગાથાર્થ :-**

**જીવોમાં મૈત્રીને અને ગુણાધિકોમાં પ્રમોદને, ક્લિશ્યમાનોમાં અને અવિનેયોમાં કરુણાને અને માધ્યસ્થ્યને ભાવન કરે.**

❖ ગાથામાં 'ताव' શબ્દ વાક્યાલંકારમાં છે.

**ટીકા :-**

**'सत्त्वेषु' सर्वेष्वेव 'तावत्' आदौ 'मैत्रीं' प्रत्युपकारानपेक्षसम्बन्धां सुखरूपां भावयेत् । तथा 'प्रमोदं'= बहुमानाशयलक्षणं 'गुणाधिकेषु'=इति स्वगुणाधिकेषु सत्त्वेषु । तथा 'करुणा-मध्यस्थत्वे'=कृपोपेक्षारूपे यथासङ्ख्य-**

मेतत् 'क्लिश्यमानाऽविनेययोः' क्लिश्यमानेषु करुणा, अविनेयेषु माध्यस्थ्यम्' । इति गाथार्थः ।।७९।।

**ટીકાર્થ :-**

सत्त्वेषु सर्वेष्वेव ..... इति गाथार्थः ।।७९।। **આદિમાં સર્વ જ જીવો વિષયક પ્રત્યુપકાર અનપેક્ષ સંબંધવાળી સુખરૂપ મૈત્રીને ભાવન કરે, અને ગુણાધિકોમાં=પોતાનાથી ગુણાધિક જીવોમાં, બહુમાનઆશયસ્વરૂપ પ્રમોદને ભાવન કરે, અને કૃપાઉપેક્ષારૂપ કરુણામધ્યસ્થપણું છે, ક્લિશ્યમાનોમાં અને અવિનેયોમાં=અયોગ્ય જીવોમાં, યથાસંખ્ય=યથાક્રમ,** एतत्**=આને=કરુણાને અને માંધ્યસ્થ્યને, ભાવન કરે, એમ અન્વય છે.**

**યથાક્રમને સ્પષ્ટ કરે છે –**

**ક્લિશ્યમાનોમાં કરુણાને અને અવિનેયોમાં માધ્યસ્થને ભાવન કરે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૯।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રવિધિ અનુસાર સ્થાનાદિમાં યત્ન કરવાપૂર્વક મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ કરવાની છે, તેમાં પ્રથમ સર્વ જીવોમાં મૈત્રીભાવના કરવાની છે. તે આ રીતે :

**(૧) મૈત્રીભાવના :-** સર્વ જીવોમાં મૈત્રીભાવના તે રીતે કરવાની છે કે જેથી જગતના સર્વ જીવો સુખી થાય તેવા પ્રકારનો અધ્યવસાય પોતાનામાં પ્રગટ થાય, અને પ્રગટ થયેલા તે અધ્યવસાયથી પોતાના આત્મામાં તેવી પ્રકૃતિ પેદા થાય કે જેથી તે અધ્યવસાયની અસર નીચે કોઈ જીવના સુખમાં પોતે ક્યારેય વિઘ્ન કરનાર ન બને, કોઈ જીવનું હિત થતું હોય તો અવશ્ય શક્ય યત્ન કરે, એવી સર્વ સાથે ઉચિત પ્રવૃત્તિ કરે. સ્વ પ્રકૃતિમાં આવું સત્ત્વ મૈત્રીભાવનાથી પ્રગટ કરવાનું છે.

વળી 'જગતના જીવો સુખને પામો' એવો જે પ્રામાણિક અભિલાષ છે, તે અભિલાષ પણ પ્રત્યુપકારની અપેક્ષાના સંબંધ વગરની મૈત્રીભાવના પેદા કરે તે રીતે કરવાનો છે.

સામાન્ય રીતે જીવનો સ્વભાવ હોય છે કે કોઈપણ જીવના ઉપકાર અર્થે પોતે પ્રવૃત્તિ કરી હોય તો પ્રસંગ આવે તેના પ્રત્યુપકારની પણ અપેક્ષા રાખે છે. તેથી જેના પ્રત્યે પોતે ઉપકાર માટેનો યત્ન કર્યો છે, તેના તરફથી કોઈ પ્રત્યુપકાર ન મળે ત્યારે વિચાર આવે કે "મેં આનો ઘણો ઉપકાર કર્યો, પણ તેને મારા ઉપકારની કોઈ કદર નથી." આ પ્રકારનો અધ્યવસાય પ્રકૃતિમાં પડેલો હોય તો મૈત્રીભાવનાના કાળમાં પણ ચિંતન કરાયેલી મૈત્રી સમ્યક્ મૈત્રી બને નહીં; કેમ કે મૈત્રીભાવના કરતાં અન્યને સુખ આપવાનો જે અભિલાષ કર્યો, અન્યના સુખને અનુકૂળ જે કંઈ યત્ન કર્યો, ત્યાં પણ પ્રત્યુપકારની અપેક્ષાનો પરિણામ સહવર્તી હતો.

તેથી ચિંતન કરનારને તે પ્રકારનો આશય ઉપસ્થિત કરવાનો છે કે "જીવની મૂળ પ્રકૃતિ ઉચિત પ્રવૃત્તિ કરવાની છે, અનુચિત પ્રવૃત્તિ કરવાની નથી; **અને ઉચિત પ્રવૃત્તિ જગતના જીવમાત્રના હિતને અનુકૂળ પ્રવૃત્તિ છે, પરંતુ કોઈ જીવના અહિતને અનુકૂળ પ્રવૃત્તિ ઉચિત પ્રવૃત્તિ નથી.** તેથી હું મારા આત્માને તે રીતે ભાવિત

કરું કે મૈત્રીભાવનાથી ભાવિત અંતઃકરણપૂર્વક જગતના તમામ જીવો પ્રત્યે હું ઉચિત વર્તન કરું, જેથી સર્વ જીવોના હિતની અભિલાષાથી મારો પ્રયત્ન થાય, પરંતુ તે હિતના અભિલાષની સાથે પ્રત્યુપકારનો અધ્યવસાય પ્રવેશ પણ પામે નહીં; કેમ કે જો તે મૈત્રીભાવનામાં પ્રત્યુપકારનો અધ્યવસાય પ્રવેશ પામશે, તો સ્વાર્થવૃત્તિ થવારૂપ મલિન ભાવ થશે, જે રાગાદિના મલિન ભાવરૂપ છે.”

આ રીતે આદિમાં સર્વ જીવોની મૈત્રીભાવના ભાવન કર્યા પછી, સર્વ જીવોના ત્રણ વિભાગોને સામે રાખીને તે તે જીવોમાં તે તે ભાવ કરવા અર્થે પાછળની ત્રણ ભાવના બતાવી છે.

(૨) **પ્રમોદભાવના :-** જે જીવો સ્વથી અધિક ગુણવાળા છે, તેઓમાં બહુમાનના આશયરૂપ પ્રમોદભાવને કરે. પ્રમોદભાવના સ્થિર થવાથી ગુણાધિકને જોઈને ઈર્ષ્યા ન થાય પરંતુ બહુમાન પ્રગટે તેવો પરિણામ થાય છે.

(૩) **કરુણાભાવના :-** જે જીવો પ્રતિકૂળ સંયોગોમાં ક્લેશ પામતા હોય, અથવા તો પોતાની રાગાદિ આકુળ પ્રકૃતિને કારણે ક્લેશ પામતા હોય, તેવા જીવોને જોઈને પોતાના હૈયામાં કરુણા પ્રગટે તે રીતે ભાવના ભાવીને આત્માને ભાવિત કરે. આ ભાવના હૈયાને સ્પર્શે તે રીતે ભાવન કરવાથી ક્લિશ્યમાન જીવોને જોઈને પોતાનાથી શક્ય હોય તેઓના ક્લેશને દૂર કરવાનો યત્ન અવશ્ય પેદા થાય છે, પરંતુ તેની ઉપેક્ષાનો પરિણામ પેદા થતો નથી; અને આ કરુણાભાવના કઠોરતાના પરિણામના ક્ષયોપશમભાવરૂપ છે.

(૪) **માધ્યસ્થ્યભાવના :-** અયોગ્ય જીવો પ્રત્યે દ્વેષ ન ઊઠે તેના માટે માધ્યસ્થ્યભાવનાથી આત્માને ભાવિત કરવાનો છે. આ ભાવનાથી ભાવિત થયેલો સાધક અયોગ્ય જીવને સુધારવા યત્ન કરે, છતાં જ્યારે પોતાના યત્નથી તે સુધરે નહીં તેવો જણાય ત્યારે પણ તેના પ્રત્યે દ્વેષ થતો નથી, પરંતુ વિચાર આવે છે કે કર્મની આ વિષમતા છે, જેથી અત્યારે આ જીવ સુધરી શકે તેમ નથી. માટે મારે તેના પ્રત્યે દ્વેષ કરવાથી સર્યું; કેમ કે દ્વેષ કરવાથી ચિત્તમાં મલિનતા થાય છે. આ રીતે ચિંતન કરીને માધ્યસ્થ્યભાવના સ્થિર કરવામાં આવે તો અયોગ્ય જીવોની અયોગ્ય પ્રવૃત્તિ જોઈને પણ પોતાના ચિત્તમાં ક્યારેય ક્લેશ પેદા થતો નથી. **II૭૯II**

**અવતરણિકા :-**

**क्रमान्तराशङ्कापोहायाह -**

**અવતરણિકાર્થ :-**

**ક્રમાંતર શંકાના અપોહ માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે સર્વ જીવોમાં મૈત્રી, ગુણાધિકમાં પ્રમોદ, ક્લિશ્યમાનોમાં કરુણા અને અયોગ્યમાં માધ્યસ્થ્ય એ પ્રકારના ક્રમથી ભાવના ભાવવાની છે. તો તે ક્રમને છોડીને અન્ય ક્રમથી ભાવના થઈ શકે ? તેવી કોઈને આશંકા થાય તેના નિવારણ માટે કહે છે –

ગાથા :-

एसो चेवेत्थ कमो उचियपवित्तीए वण्णिओ साहू ।
इहराऽसमंजसत्तं तहातहाऽठाणविणिओया ।।८०।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=ભાવનાવિધિમાં उचियपवित्तीए=ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી एसो चेव=આ જ=અનંતર કહેવાયેલો જ कमो=ક્રમ साहू=શોભન वण्णिओ=કહેવાયો છે. इहरा=ઈતરથા=આ ક્રમથી વિપરીત કરવામાં આવે તો तहातहाऽठाणविणिओया=તે તે પ્રકારે અસ્થાને વિનિયોગ હોવાથી असमंजसत्तं= અસમંજસપણું છે. ।।૮૦।।

ગાથાર્થ :-

**અહીં ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી આ જ ક્રમ શોભન કહેવાયો છે. ઈતરથા, તે તે પ્રકારે અસ્થાને વિનિયોગ હોવાથી અસમંજસપણું છે. ।।૮૦।।**

ટીકા :-

'एष एव'=अनन्तरोदितः 'अत्र'=भावनाविधौ 'क्रमः' - प्रवृत्तिप्रस्ताररूपः 'उचितप्रवृत्तेः' कारणाद् 'वर्णितः' 'साधुः'=शोभनः तीर्थकरगणधरैः । तथाहि सामान्येन सत्त्वेषु मैत्री एवोचिता, प्रमोदो गुणाधिकेष्वेव, क्लिश्यमानेष्वेव करुणा, अविनेयेष्वेव माध्यस्थ्यम् । इत्थं चैतदङ्गीकर्तव्यम् इत्याह - 'इतरथा'= अन्यथोक्तक्रमबाधायाम् 'असमञ्जसत्वं' - सन्न्यायविरुद्धं भवति, अत्र हेतुः 'तथातथाऽस्थानविनियोगाद्' इति, सत्त्वादिषु प्रमोदादिकरणे अस्थानविनियोगो मिथ्याभावनात्मकः प्रत्यवायायेति भावनीयम् । गुणाधिकज्ञानं च क्षयोपशमविशेषाद् रत्नादाविव मार्गानुसारिणाम् । इति गाथार्थः ।।८०।।

ટીકાર્થ :-

'एष एव' ..... इति गाथार्थः ।।८०।। अत्र=અહીં=ભાવનાવિધિમાં, ઉચિત પ્રવૃત્તિ હોવાના કારણે આ જ=અનંતર કહેવાયેલો=પૂર્વ ગાથામાં કહેવાયેલો, ક્રમ=પ્રવૃત્તિના પ્રસ્તારરૂપક્રમ=ભાવનારૂપ પ્રવૃત્તિને કરવા માટેનો ક્રમ, તીર્થંકર-ગણધરો વડે સાધુ=શોભન, કહેવાએલો છે.

તે શોભન ક્રમને 'तथाहि' થી બતાવે છે –

**સામાન્યથી સર્વ જીવોમાં મૈત્રી જ ઉચિત છે, ગુણાધિકોમાં જ પ્રમોદ, ક્લિશ્યમાનોમાં જ કરુણા, અવિનેયોમાં જ માધ્યસ્થ્ય ઉચિત છે; અને આ=મૈત્રી આદિનો ક્રમ, આ રીતે સ્વીકારવો જોઈએ એ પ્રમાણે કહે છે –**

**ઈતરથા=અન્યથા=કહેવાયેલા ક્રમની બાધામાં, અસમંજસપણું છે; કેમ કે સન્ન્યાયવિરુદ્ધ થાય**

**છે. અહીં=સત્ત્વાદિમાં પ્રમોદાદિ કરવામાં સન્ન્યાયવિરુદ્ધ કેમ થાય છે, તે કથનમાં હેતુ કહે છે –**

**તે તે પ્રકારે અસ્થાને વિનિયોગ છે એથી સન્ન્યાયવિરુદ્ધ છે, એમ અન્વય છે. સર્વ જીવો આદિમાં પ્રમોદાદિ કરવામાં મિથ્યા ભાવનાત્મક અસ્થાને વિનિયોગ પ્રત્યવાય માટે છે=અનર્થ માટે છે. એ પ્રમાણે ભાવન કરવું.**

અહીં પ્રશ્ન થાય કે પ્રમોદભાવના કરવા માટે આ ગુણાધિક છે, તેવો નિર્ણય કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

**રત્નાદિમાં ગુણાધિકના જ્ઞાનની જેમ માર્ગાનુસારીઓને ક્ષયોપશમવિશેષથી ગુણાધિકનું જ્ઞાન થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૮૦॥**

❖ 'सत्त्वादिषु प्रमोदादिकरणे' અહીં 'आदि' પદથી ગુણાધિક આદિમાં કરુણાદિ કરવાનું ગ્રહણ કરવાનું છે.

❖ 'रत्नादाविव' અહીં 'आदि' થી હીરા-માણેક વગેરેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગાથા-૭૮-૭૯માં બતાવ્યું કે સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણવાન પ્રત્યે પ્રમોદ, ક્લિશ્યમાન=રાગાદિથી પીડા પામનારા પ્રત્યે કરુણા અને અયોગ્ય જીવો પ્રત્યે માધ્યસ્થ્યભાવના કરવી જોઈએ. આ પ્રકારનો ક્રમ= ગાથા-૭૯માં મૈત્રી આદિ ભાવોનું યોજન કર્યું એ પ્રકારના યોજનરૂપ ક્રમ, ભાવનાવિધિમાં તીર્થંકર-ગણધરોએ સુંદર કહ્યો છે; કેમ કે સર્વ જીવોમાં મૈત્રી કરવી, ગુણવાનમાં પ્રમોદ કરવો, ક્લિશ્યમાનમાં કરુણા કરવી અને અયોગ્યમાં માધ્યસ્થ્યભાવ રાખવો, તે ઉચિત પ્રવૃત્તિ છે. વળી ટીકામાં તે 'तथाहि' થી સ્પષ્ટ કરે છે.

(૧) સામાન્યથી સર્વ જીવોમાં મૈત્રી ઉચિત છે. અહીં 'સામાન્યથી' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ગુણવાન હોય કે નિર્ગુણ હોય; સુધરે તેવા હોય કે ન સુધરે તેવા હોય; એવા કોઈ વિભાગ વગર સર્વ જીવો પ્રત્યે સામાન્યથી મૈત્રીભાવના ઉચિત છે અર્થાત્ બધા જીવોનું હિત થાય, કલ્યાણ થાય, એવા પ્રકારના ઉત્તમ ભાવ સર્વ જીવોને આશ્રયીને પેદા કરવા એ ઉચિત છે; કેમ કે આ પ્રકારના ઉત્તમ ભાવથી જગતના જીવમાત્રનું હિત કરવાનો શુભ અધ્યવસાય યોગમાર્ગમાં અત્યંત ઉપકારક બને છે.

(૨) ગુણાધિકમાં પ્રમોદભાવના ઉચિત છે; કેમ કે ગુણવાન જીવોમાં પોતાનાથી અધિક ગુણો જોઈને ઈર્ષ્યા થાય તો કર્મબંધ થાય, અને પ્રમોદભાવ થાય તો તેમના ગુણોની અનુમોદનાનો ઉત્તમ અધ્યવસાય પ્રગટે છે, જેથી નિર્જરાદિ થાય છે. માટે ગુણાધિકમાં પ્રમોદભાવના ઉચિત છે.

(૩) વળી જેઓ શારીરિક આદિ દુઃખોથી પીડા પામી રહ્યા હોય કે રાગાદિ ભાવોથી પીડા પામી રહ્યા હોય, તેઓને જોઈને તેમના પ્રત્યે તેમનાં દુઃખ દૂર કરવાના પરિણામરૂપ કરુણા કરવી ઉચિત છે; કેમ કે તે ભાવનાથી જગતના જીવોનાં દુઃખોનો પરિહાર કરવારૂપ ઉત્તમ અધ્યવસાયવાળું હૈયું બને છે.

(૪) અત્યંત ભારે કર્મોને કારણે જે લોકો અનુચિત પ્રવૃત્તિ કરનારા છે અને સુધરે તેવા નથી, તેઓ

પ્રત્યે મધ્યસ્થભાવથી આત્માને ભાવિત ન કરવામાં આવે તો તેઓના અનુચિત વર્તનને જોઈને પોતાનો અસહિષ્ણુ સ્વભાવ પ્રગટ થાય છે, તેથી કર્મબંધ થાય છે. માટે તેવા જીવો પ્રત્યે મધ્યસ્થભાવ પ્રગટે તેના માટે માધ્યસ્થ્યભાવનાથી આત્માને ભાવિત કરવાનો છે.

ઉપરમાં બતાવ્યું એ ક્રમ પ્રમાણે ભાવનાઓથી ભાવિત થયેલા યોગીઓને સર્વ જીવોને આશ્રયીને ઉચિત સ્થાને ઉચિત પરિણામ પ્રગટે છે, જેથી યોગ્ય જીવોને જોઈને પણ નિર્જરાફળની પ્રાપ્તિ થાય છે અને અયોગ્ય જીવોને જોઈને પણ ઉચિત ભાવ થવાને કારણે નિર્જરાફળની પ્રાપ્તિ થાય છે, પરંતુ કોઈપણ જીવની કોઈપણ પ્રકૃતિને આશ્રયીને પોતાને ક્લેશ પેદા થતો નથી. તેથી આ ભાવનાઓથી ભાવિત યોગી યોગમાર્ગની વૃદ્ધિમાં સહાયક તેવા ઉત્તમ ચિત્તને પ્રાપ્ત કરે છે.

ઉપર્યુક્ત ક્રમને છોડીને વિપરીત રીતે ચાર ભાવનાઓ ભાવન કરવામાં આવે તો અસમંજસપણું થાય છે, તે આ રીતે --

જેમ કે બધા જીવોમાં પ્રમોદ કરવામાં આવે તો અયોગ્ય જીવોની અયોગ્ય પ્રવૃત્તિમાં પણ પ્રમોદનો પરિણામ પ્રાપ્ત થાય, જેથી અયોગ્ય જીવોની અયોગ્ય પ્રવૃત્તિની અનુમોદનાનો અધ્યવસાય થાય, જે કર્મબંધનું કારણ છે. માટે બધા જીવોમાં પ્રમોદભાવના કરવી તે અસ્થાને વિનિયોગ છે. તે રીતે દુઃખી જીવો પ્રત્યે કરુણાને બદલે પ્રમોદભાવના કરવામાં આવે તોપણ અસ્થાને વિનિયોગ થાય. વળી અયોગ્ય જીવોમાં પણ મધ્યસ્થતાને બદલે પ્રમોદાદિ કરવામાં આવે તો અસ્થાને વિનિયોગ થાય. માટે પૂર્વમાં બતાવ્યું તે પ્રકારના ક્રમથી ભાવના કરવી ઉચિત છે.

અહીં પ્રશ્ન થાય કે ગુણાધિકમાં પ્રમોદભાવના કરવાની છે, ત્યાં આ જીવમાં મારાથી અધિક ગુણો છે, તેવું જ્ઞાન કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે --

ઘણા પ્રકારનાં રત્નો હોય, તેમાં આ રત્ન કરતાં આ રત્નમાં અધિક ગુણો છે, તેવું જ્ઞાન રત્નની પરખ કરનાર પારખુને થઈ શકે છે. તેમ જેઓમાં ભાવમલના વિગમનથી માર્ગાનુસારિતા પ્રગટેલી છે, તેવા જીવોને ગુણ જોવાને અનુરૂપ ક્ષયોપશમવિશેષ પ્રગટેલો હોય છે. તેથી આ જીવમાં મારા કરતાં ગુણ અધિક છે, તેવું જ્ઞાન થઈ શકે છે. તેથી ગુણાધિકનું જ્ઞાન અશક્ય નથી. **॥૮૦॥**

**અવતરણિકા :-**

**अत्रैव सामान्यविधिमाह -**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=ચતુઃશરણગમનાદિના ભાવનમાં જ, અથવા રાગાદિના પ્રતિપક્ષભાવનમાં જ અથવા તો રાગાદિના ઉચ્છેદ અર્થે કરાતી મૈત્રી આદિ ભાવનાના ભાવનમાં જ, સામાન્ય વિધિને કહે છે.**

**ભાવાર્થ :-**

ગાથા-૫૦માં યોગમાર્ગની નિષ્પત્તિ માટે ચતુઃશરણગમનાદિની વિધિ બતાવી, ત્યારપછી ઘટમાન યોગી અને પ્રવૃત્ત યોગીને માટે રાગાદિપ્રતિપક્ષભાવનની વિશેષ વિધિ બતાવી અને મૈત્ર્યાદિ ચાર ભાવનારૂપ અન્ય વિધિ પણ બતાવી. હવે એ વિષયમાં, સામાન્ય વિધિને કહે છે અર્થાત્ તે વિધિમાં સહાયક એવી ઉચિત વિધિને કહે છે.

**ગાથા :-**

**साहारणो पुण विही सुक्काहारो इमस्स विण्णेओ ।**
**अण्णत्थओ य एसो उ सव्वसंपक्करी भिक्खा ।।८१।।**

**અન્વયાર્થ :-**

साहारणो पुण विहि=**વળી સાધારણ વિધિ=યોગની નિષ્પત્તિ અર્થે ચિંતન કરાતી સર્વ ભૂમિકામાં અનુગત સાધારણ વિધિ** इमस्स=**આનો=યોગીનો,** सुक्काहारो=**શુક્લાહાર** विण्णेओ=**જાણવો,** अण्णत्थओ य=**અને અન્વર્થથી** एसो उ=**વળી આ=શુક્લાહાર** सव्वसंपक्करी=**સર્વ સંપત્કરી** भिक्खा=**ભિક્ષા છે. ।।૮૧।।**

**ગાથાર્થ :-**

**વળી સાધારણ વિધિ આનો શુક્લાહાર જાણવો, અને અન્વર્થથી વળી આ શુક્લાહાર સર્વસંપત્કરી ભિક્ષા છે. ।।૮૧।।**

**ટીકા :-**

'साधारणः' 'पुनर्विधिः' सर्वावस्थानुगत इत्यर्थः, 'शुक्लाहारः' अस्य 'विज्ञेयः' । 'शुद्धानुष्ठानसाध्यः' शुद्धानुष्ठानहेतुः स्वरूपशुद्धश्च शुक्ल इति । 'अस्य'=योगिनः एवम्भूतो विज्ञेयः, तदन्यस्य योगाङ्गत्वानुपपत्तेः, न ह्यपथ्यान्नभुजो देहाद्यारोग्यसिद्धिः 'अन्वर्थतश्च' 'एषः' 'पुनः' शुक्लाहारः 'सर्वसम्पत्करी' 'भिक्षा' इति विज्ञेयः । सर्वसम्पत्करणशीला सम्पत्करी दातृ-ग्रहीत्रुभयलोकहिता, पौरुषघ्नी-वृत्तिभिक्षाव्यवच्छेदार्थमेतत् । अत्र बहु वक्तव्यं तत् तु नोच्यते, गमनिकामात्रत्वात् प्रारंभस्य। इति गाथार्थः ।।८१।।

**ટીકાર્થ :-**

साधारणः पुनर्विधिः ..... इति गाथार्थः ।।८१।। **વળી સર્વ અવસ્થાનુગત=ચતુઃશરણગમનાદિ અવસ્થા, રાગાદિ પ્રતિપક્ષભાવન અવસ્થા અથવા રાગાદિના ઉચ્છેદ અર્થે કરાતી મૈત્ર્યાદિ ભાવનરૂપ અવસ્થા, આ સર્વ અવસ્થા અનુગત સાધારણ વિધિ, આનો=ઘટમાન યોગીનો અને પ્રવૃત્ત યોગીનો, શુક્લાહાર જાણવો.**

અહીં પ્રશ્ન થાય કે શુક્લ શું છે ? તેથી કહે છે –

**શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય, શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ અને સ્વરૂપશુદ્ધ તે શુક્લ છે.**

**'इति' શુક્લના સ્વરૂપની સમાપ્તિ અર્થક છે.**

મૂળ ગાથાનાં 'इमस्स' શબ્દનો અર્થ કરીને જોડાણ કરે છે –

**આનો=યોગીનો=ઘટમાન યોગીનો અને પ્રવૃત્ત યોગીનો, एवंभूतः=આવા પ્રકારનો=ઉપરમાં બતાવેલ એવા પ્રકારનો શુક્લાહાર, સાધારણ વિધિ જાણવો; કેમ કે તેનાથી અન્યના=શુક્લાહાર કરનારાથી અન્યના, યોગાંગપણાની અનુપપત્તિ છે=પૂર્વમાં બતાવેલ ચતુઃશરણગમનાદિ ભાવનના, રાગાદિ પ્રતિપક્ષભાવનના અને મૈત્ર્યાદિ ચાર ભાવનાના યોગાંગત્વની અનુપપત્તિ છે; જે કારણથી અપથ્ય અન્નને ખાનારને દેહાદિના આરોગ્યની સિદ્ધિ નથી; અને અન્વર્થથી વળી આ શુક્લાહાર સર્વસંપત્કરી ભિક્ષા જાણવી.**

**સર્વસંપત્કરી ભિક્ષાનું લક્ષણ સ્પષ્ટ કરે છે –**

**સર્વસંપત્કરણના સ્વભાવવાળી=દાતૃ-ગૃહીતૃના ઉભયલોકના=ઈહલોક અને પરલોકના, હિતને કરનારી, સંપત્કરી છે. एतत्=આ=ભિક્ષાનું 'સર્વસંપત્કરી' એ વિશેષણ, પૌરુષઘ્ની અને વૃત્તિભિક્ષાના વ્યવચ્છેદ માટે છે. અહીં=શુક્લાહારમાં, ઘણું વક્તવ્ય છે, પરંતુ तत्=તે=ઘણું વક્તવ્ય કહેવાતું નથી; કેમ કે પ્રારંભનું=ગ્રંથના પ્રારંભનું, ગમનીકામાત્રપણું છે=દિશાસૂચનમાત્રપણું છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૮૧॥**

❖ 'देहादि' અહીં 'आदि' થી પુદ્ગલાત્મક ઈન્દ્રિય-મનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

યોગમાર્ગની સર્વ અવસ્થાની પ્રવૃત્તિમાં અનુગત સાધારણ વિધિ શુક્લાહાર છે; કેમ કે શુક્લાહારનું સેવન કરવામાં આવે તો યોગીની યોગપ્રવૃત્તિ યોગાંગ બની શકે. તેમાં યુક્તિ આપે છે --

જેમ કે કોઈ જીવ રોગથી પીડાતો હોય અને રોગ દૂર કરવા અર્થે ઔષધનું સેવન કરતો હોય, પણ સાથે જ પથ્ય આહારના બદલે અપથ્ય આહાર કરતો હોય તો રોગ દૂર થાય નહીં અને આરોગ્યની સિદ્ધિ થાય નહીં. તેથી રોગને મટાડવા માટે તેણે પથ્ય આહારનું સેવન કરવું જોઈએ તો આરોગ્ય પ્રાપ્ત થાય. તેમ રાગાદિ ભાવરોગને મટાડવા માટે ત્રણ પ્રકારનું ઔષધ જે પૂર્વમાં બતાવ્યું, તે ત્રણ પ્રકારનું ઔષધ રોગીને સેવવાનું છે છતાં કોઈ એકાદ પણ ઔષધનું સમ્યક્ સેવન કોઈ યોગી પ્રકર્ષથી કરે, તો તેનાથી તેના ભાવરોગ દૂર થઈ શકે અને આત્માનું આરોગ્ય પ્રાપ્ત થઈ શકે. આમ છતાં જેમ રોગીને ઔષધસેવનકાળમાં અપથ્ય આહારનો ત્યાગ આવશ્યક છે, તેમ ભાવરોગીને અશુક્લ આહારનો ત્યાગ આવશ્યક છે, તથા જેમ ઔષધ સેવન કરનારને પથ્યાહાર કરવો જરૂરી છે, તેમ ભાવરોગ મટાડવા માટે ઔષધ સેવન કરતા યોગીને પથ્યસેવન જેવો શુક્લાહાર કરવો જરૂરી છે.

**-: ત્રણ પ્રકારનું ઔષધ આ પ્રમાણે છે :-**

**(૧) પ્રથમ ઔષધ ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનાનું ભાવન :-**

આ ઔષધ લેવાથી યોગીમાં ભાવરોગ જે પ્રચૂર પ્રમાણમાં વર્તતા હતા તે અલ્પ થાય છે, અને આ ઔષધનું સેવન કરતી વખતે પણ પથ્યભોજનના જેવો શુક્લાહાર આવશ્યક છે.

**(૨) દ્વિતીય ઔષધ રાગાદિના પ્રતિપક્ષનું ભાવન :-**

જે રાગાદિ પોતાને વિશેષ પ્રકારે યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધા કરતા હોય તેનું પ્રતિપક્ષભાવન પૂર્વમાં બતાવેલ વિધિ પ્રમાણે કરવું તે રાગાદિને અલ્પ કરવાનું ઉચિત ઔષધ છે, અને આ ઔષધનું સેવન કરતી વખતે પણ પથ્યભોજનના જેવો શુક્લાહાર આવશ્યક છે.

**(૩) તૃતીય ઔષધ મૈત્રી આદિ ચારનું ભાવન :-**

યોગી મૈત્ર્યાદિ ચાર ભાવનામાં યત્ન કરે છે ત્યારે રાગાદિ અલ્પ થાય છે, અને આ ઔષધનું સેવન કરતી વખતે પથ્ય ભોજનના જેવો શુક્લાહાર આવશ્યક છે.

યોગીઓ હંમેશાં યોગવૃદ્ધિના ઉપાયને સેવનારા હોય છે. તેથી ઘટમાન યોગી કે પ્રવૃત્ત યોગી પોતપોતાની ભૂમિકા પ્રમાણે સદા રાગાદિ રોગને મટાડવા માટે ઉચિત ઔષધનું સેવન કરતા હોય છે; ત્યારે તે ઔષધના સેવનથી રોગ અલ્પ થાય તેના અંગભૂત શુક્લાહારમાં પણ તેઓને યત્ન કરવો જોઈએ, એમ પ્રસ્તુત ગાથામાં વિશેષ રીતે બતાવેલ છે.

અપુનર્બંધક એવા ઘટમાન યોગીને અને સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર એવા પ્રવૃત્ત યોગીને ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનારૂપ ઔષધ ત્રિકાળ સેવવાનું છે, જેથી તેમને પણ દુષ્કૃત પ્રત્યેનો જુગુપ્સાભાવ અને સુકૃત પ્રત્યેનો અનુમોદનાનો પરિણામ જીવંત રહે, વળી તેમણે જે રાગાદિ પોતાને ઉપરના યોગમાં જવા માટે બાધા કરતા હોય, તેવા રાગાદિને સામે રાખીને રાગાદિપ્રતિપક્ષભાવનારૂપ ઔષધ સેવવાનું છે અને રાગાદિ સામાન્યનો ઉચ્છેદ કરીને અત્યંત ઉચિત પ્રવૃત્તિ થાય તદર્થે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી પણ આત્માને ભાવિત કરવાનો છે; કેમ કે મૈત્ર્યાદિ ચાર ભાવનાથી અભાવિત અવસ્થાને કારણે યોગીને પણ કોઈક જીવને આશ્રયીને અનુચિત ભાવો થાય છે અને અનુચિત પ્રવૃત્તિ થાય છે, અને તેનો સમ્યક્ પ્રકારે ઉચ્છેદ આત્મામાં સ્થિર થયેલ મૈત્ર્યાદિ ભાવોથી થાય છે.

**શુક્લાહારનું સ્વરૂપ :-**

**(૧) શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય,**

**(૨) શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ અને**

**(૩) સ્વરૂપશુદ્ધ**

આવો જે આહાર તે શુક્લાહાર છે.

**સાધુને આશ્રયીને શુક્લાહાર સર્વસંપત્કરી ભિક્ષા છે.**

**(૧) શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય :-** સર્વસંપત્કરી ભિક્ષા શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય છે અર્થાત્ સાધુ શાસ્ત્રવિધિ પ્રમાણે યતનાપૂર્વક ગવેષણા કરીને આહાર લાવે તો તે આહાર શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય થયેલો છે.

**(૨) શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ :-** શુદ્ધ અનુષ્ઠાનથી લાવેલો આહાર વાપર્યા પછી તેનાથી પુષ્ટ થયેલ દેહને સંયમયોગની વૃદ્ધિમાં પ્રવર્તાવે તો તે આહાર શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ બને. પરંતુ વિધિપૂર્વક આહાર લાવીને વાપર્યા પછી પણ તે આહારથી પુષ્ટ થયેલા દેહને સ્વાધ્યાયાદિ સંયમયોગનાં ઉચિત કૃત્યોમાં પ્રવર્તાવવામાં ન આવે, તો તે શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય આહાર પણ શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ બનતો નથી. તેથી તે આહાર ગોચરીના દોષોથી શુદ્ધ હોવા છતાં સંયમવૃદ્ધિનું કારણ નહીં હોવાથી શુક્લાહાર નથી.

**(૩) સ્વરૂપશુદ્ધ :-** જેમ શુક્લાહાર શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ હોવો આવશ્યક છે, તેમ સ્વરૂપશુદ્ધ પણ હોવો જોઈએ. તેથી ઉત્સર્ગથી કે અપવાદથી ભગવાનના વચનાનુસાર તે ગ્રહણ કરાયેલો હોય અને વાપરતાં સુધી કોઈ અશુદ્ધિ થઈ ન હોય, તો તે સ્વરૂપશુદ્ધ છે.

**શુદ્ધઅનુષ્ઠાનસાધ્ય અને સ્વરૂપશુદ્ધનો તફાવત :-**

સાધુ આહાર લાવતી વખતે, 'આહાર મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે,' એ પ્રકારના આહારપ્રાપ્તિ અને આહારઅપ્રાપ્તિ પ્રત્યે સમભાવના પરિણામને વહન કરતા હોય, અને ગમનક્રિયા વખતે ષટ્કાયના પાલનના પરિણામમાં ઉપયુક્ત હોય, અને આહાર ગ્રહણ કરતી વખતે આહારના ૪૨ દોષોના સ્મરણપૂર્વક તેના પરિહાર માટે યત્ન કરતા હોય, અને તે રીતે શુદ્ધ ભિક્ષાને પ્રાપ્ત કરે તો તે ભિક્ષા શુદ્ધઅનુષ્ઠાનસાધ્ય છે; અને આ રીતે પ્રાપ્ત કરેલી શુદ્ધ ભિક્ષા પણ પાછળથી કોઈક નિમિત્તને પામીને ખ્યાલ આવે કે 'આ ભિક્ષા અશુદ્ધ છે', તો તેને પરઠવીને અન્ય શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરે, તો તે સ્વરૂપશુદ્ધ ભિક્ષા કહેવાય. પરંતુ પરઠવે નહિ અને વાપરે તો ભિક્ષા શુદ્ધ અનુષ્ઠાન સાધ્ય હોવા છતાં સ્વરૂપશુદ્ધ નથી; કેમ કે આહાર ગ્રહણ કરતાં શુદ્ધ ગવેષણા કરી છે; પરંતુ આહાર લાવ્યા પછી આહાર વાપરવા પર્યંત વિધિથી શુદ્ધ તે આહાર નથી.

કોઈક એવા સંયોગોમાં નિર્દોષ ભિક્ષાની પ્રાપ્તિ ન થાય અને આહારાદિ વિના સ્વાધ્યાયાદિમાં સમ્યગ્ યત્ન થઈ શકે તેમ ન હોય ત્યારે સાધુ અપવાદથી દોષિત ભિક્ષા ગ્રહણ કરે; આમ છતાં શુદ્ધ ભિક્ષાના ગ્રહણ માટે ત્રણ વાર યત્ન કર્યા પછી ચોથી વાર શાસ્ત્ર મર્યાદાનુસાર પંચકહાનિથી જો ભિક્ષા લાવે તો તે શુદ્ધ અનુષ્ઠાનસાધ્ય ભિક્ષા છે; પરંતુ સ્વરૂપશુદ્ધ નથી; કેમ કે અપવાદથી પણ ગ્રહણ કરાયેલ તે ભિક્ષામાં દોષોનું સેવન છે, વળી અપવાદની ઉચિત વિધિના પાલન વગર અપવાદથી ગ્રહણ કરેલ હોય તે પણ ભિક્ષા શુદ્ધઅનુષ્ઠાનસાધ્ય નથી.

સર્વસંપત્કરી ભિક્ષા શું છે ? તેની ટીકામાં સ્પષ્ટતા કરી કે જે ભિક્ષા આપનાર અને લેનાર બંનેના ઉભયલોકના અર્થાત્ આ લોકના અને પરલોકના હિતને કરનારી હોય તે ભિક્ષા સર્વસંપત્કરી ભિક્ષા છે.

આશય એ છે કે સંયમમાં યત્ન કરનાર સાધુ જેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરે છે, તેનું પણ કલ્યાણ થાય તેમ જણાય, તો તેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરે, પરંતુ ભિક્ષા આપીને તેના પરિણામોની મલિનતા થતી

હોય તો તેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરે નહીં. તેથી સાધુને ભિક્ષા આપીને આપનાર જીવને આ લોકમાં પણ પુણ્યપ્રકૃતિ જાગૃત થાય છે અને પરલોકમાં પણ સન્માર્ગની પ્રાપ્તિ દ્વારા કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે; અને ભિક્ષા ગ્રહણ કરનાર સાધુ પણ ભગવાનના વચનાનુસાર ભિક્ષા ગ્રહણ કરે છે ત્યારે શુભ અધ્યવસાય વર્તતો હોવાથી ચિત્તનો પ્રશાંતભાવ વધે છે. તેથી આ લોકમાં પ્રશાંતભાવનું સુખ પ્રાપ્ત થાય છે અને આ ભિક્ષાના બળથી સેવાયેલા સંયમના યત્નને કારણે જન્માંતરમાં સદ્ગતિઓની પરંપરા અને યાવદ્ મોક્ષ મળે છે. તેથી સાધુની સર્વસંપત્કરી ભિક્ષા, આપનાર અને લેનાર બંનેને માટે ઉભયલોકના હિતને સાધનારી છે.

આ સર્વસંપત્કરી ભિક્ષા શુક્લાહાર છે, તેમ કહેવાથી પૌરુષઘ્ની ભિક્ષા અને વૃત્તિભિક્ષાનો વ્યવચ્છેદ થાય છે. જે સાધુ શાસ્ત્રાનુસારી સંયમમાં યત્ન કરતા નથી તેઓની ભિક્ષા પૌરુષઘ્ની છે, તેથી તે શુક્લાહાર નથી; અને દીનાદિ જીવો આજીવિકા માટે જે ભિક્ષાવૃત્તિ કરે છે તે ભિક્ષા પણ શુક્લાહાર નથી.

અહીં જેમ સાધુને આશ્રયીને શુક્લાહાર સર્વસંપત્કરી ભિક્ષા છે, તેમ શ્રાવક પણ પોતાની ભૂમિકા પ્રમાણે ઉચિત રીતે ધનાદિ અર્જન કરીને પોતાના શ્રાવકાચારને શોભે તેવો આહાર વાપરતો હોય તો તેનો તે શુક્લાહાર છે, પરંતુ પરિપૂર્ણ શુક્લાહાર તો સર્વસંપત્કરી ભિક્ષા છે. **॥૮૧॥**

**અવતરણિકા :-**

अत्रैव विशेषमाह -

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=સર્વસંપત્કરીરૂપ શુક્લાહારના વિષયમાં જ, વિશેષને કહે છે –**

**ગાથા :-**

वणलेवोवम्मेणं उचियत्तं तग्गयं निओएणं ।
एत्थं अवेक्खियव्वं, इहराऽयोगो त्ति दोसफलो ।।८२।।

**અન્વયાર્થ :-**

**एत्थं=અહીં=શુક્લાહારના વિષયમાં तग्गयं=તદ્ગત=આહારગત, निओएणं=નિયોગથી=અવશ્ય वणलेवोवम्मेणं=વ્રણલેપની ઉપમા વડે, उचियतं=ઉચિતપણાની अवेक्खियव्वं=અપેક્ષા કરવી જોઈએ. इहरा=ઈતરથા=ઉચિતપણાની અપેક્ષા ન કરવામાં આવે તો अयोगो=અયોગ છે, त्ति=એથી दोसफलो= દોષફળવાળો છે=આહાર દોષફળવાળો છે. ॥૮૨॥**

**ગાથાર્થ :-**

**અહીં આહારગત અવશ્ય વ્રણલેપની ઉપમા વડે ઉચિતપણાની અપેક્ષા કરવી જોઈએ. ઈતરથા અયોગ છે, એથી આહાર દોષફળવાળો છે. ॥૮૨॥**

**ટીકા :-**

'व्रणलेपौपम्येन' - सकललोकसिद्धेन 'उचितत्वं' 'तद्गतम्'=आहारगतं 'नियोगेन'=अवश्यन्तया 'अत्र'= प्रक्रमे 'अपेक्षितव्यम्,' 'इतरथा'=अन्यथा 'अयोगः'=असम्बन्ध इति कृत्वा व्रणलेपवदेवाऽऽहारो 'दोषफल' 'इति' । एतदुक्तं भवति - यथा व्रणः स्वरूपभेदात् कश्चिन्निम्बतिलोचितः कश्चिच्चिक्कशोचितः कश्चिद् गवादिघृतोचित इति तत्र विपर्ययलेपदाने दोषः, एवं कश्चिद् यतिकायः कोद्रवाद्योदनोचितः कश्चित् शाल्याद्योदनोचितः, कश्चिद् हविः पूर्णाद्युचित इति अत्रापि विपर्ययदाने दोषः, गम्भीरबुद्ध्या परिभावनीयमेतत् । इति गाथार्थः ।।८२।।

**ટીકાર્થ :-**

**'व्रणलेपौपम्येन' ..... इति गाथार्थः ।।८२।। અહીં=પ્રક્રમમાં=શુક્લાહારના વિષયમાં, તદ્ગત= આહારગત, નિયોગથી=અવશ્યપણાથી, સકલલોકસિદ્ધ એવા વ્રણલેપની ઉપમા વડે ઉચિતપણાની અપેક્ષા કરવી જોઈએ. ઈતરથા= અન્યથા=ઉચિતપણાની અપેક્ષા ન કરવામાં આવે તો, અયોગ છે= ઉચિત આહારનો અસંબંધ છે. એથી કરીને વ્રણલેપની જેમ જ=વિપરીત વ્રણલેપની જેમ જ, આહાર દોષફળવાળો છે. 'इति' શબ્દ ગાથાના અર્થની સમાપ્તિ માટે છે.**

**આ=વક્ષ્યમાણ, ઉપરના કથનથી કહેવાયેલું, થાય છે –**

**જે પ્રમાણે સ્વરૂપના ભેદથી કોઈક વ્રણ લીમડાના તેલને ઉચિત છે, કોઈક વ્રણ ચીકાશને ઉચિત છે, કોઈક વ્રણ ગાયના ઘીને ઉચિત છે; એથી ત્યાં=વ્રણલેપમાં, વિપર્યયલેપદાનમાં= વિપર્યયલેપને કરવામાં, દોષ છે. એ રીતે કોઈ યતિની કાયા કોદ્રવાદિ ઓદનને ઉચિત છે અર્થાત્ રૂક્ષ આહારને ઉચિત છે, કોઈ યતિની કાયા શાલિ આદિ ઓદનને ઉચિત છે, કોઈ યતિની કાયા ઘીથી પૂર્ણાદિ એવા આહારને ઉચિત છે; એથી અહીં પણ=યતિની કાયાને અનુરૂપ આહારમાં પણ, વિપર્યયદાનમાં=વિપરીત આહાર આપવામાં, દોષ છે, એ ગંભીર બુદ્ધિથી પરિભાવન કરવું, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૮૨॥**

❖ 'कोद्रवादि' અહીં 'आदि' થી અન્ય રૂક્ષ આહાર ગ્રહણ કરવો.

❖ 'शाल्यादि' અહીં 'आदि' થી સ્નિગ્ધ આહાર ગ્રહણ કરવો.

❖ 'हविपूर्णादि' અહીં 'आदि' થી મધુરાદિ રસનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

સાધુને શુક્લાહાર સર્વસંપત્કરી ભિક્ષા છે. તે ભિક્ષાના વિષયમાં જ અહીં વિશેષ બતાવે છે કે જો સાધુની કાયા ટકાવવી હોય તો તેને અનુરૂપ આહાર આપવો જરૂરી છે.

જેમ કોઈક વ્રણ લીમડાના તેલને ઉચિત છે, તે વ્રણ ઉપર લીમડાનું તેલ લગાવવામાં આવે તો રૂઝ આવે; કોઈક વ્રણ ચીકાશને ઉચિત છે, તેના ઉપર ચીકણો પદાર્થ લગાવવામાં આવે તો રૂઝ આવે અને

કોઈક વ્રણ ગાય આદિના ઘીને ઉચિત છે, તેના ઉપર ગાય આદિનું ઘી લગાવવામાં આવે તો રૂઝ આવે, પરંતુ વિપરીત લેપ કરવામાં આવે તો ઘા રુઝાય નહીં.

એ રીતે કોઈક સાધુની કાયા અતિ સૂકા કોદ્રવાદિ ધાન્યને ઉચિત છે. તેથી તેવા સાધુ સ્નિગ્ધતા વગરના ધાન્યાદિથી દેહનું પાલન કરી શકે તેમ છે. તેવા સાધુએ સંયમની વૃદ્ધિ અર્થે તેવા ધાન્યની ભિક્ષાને ગ્રહણ કરવી જોઈએ. તેના બદલે નિર્દોષ પણ સ્નિગ્ધ આહારવાળી ભિક્ષા ગ્રહણ કરીને વાપરે તો દેહ પ્રત્યેના મમત્વભાવની પુષ્ટિ થવાથી, તે શુક્લાહાર બાહ્ય રીતે સ્વાધ્યાયાદિ દ્વારા સંયમવૃદ્ધિનું કારણ દેખાતું હોય તોપણ, સ્નિગ્ધ આહાર પ્રત્યેના પક્ષપાતરૂપ અસમભાવના દોષથી મલિન છે. તેથી તે શુદ્ધ ભિક્ષા શુક્લાહાર બને નહીં.

વળી કોઈક સાધુની કાયા મધ્યમ કોટીના શાલિ આદિ ઓદનને ઉચિત છે. તેવા સાધુ અતિ સ્નિગ્ધ એવા આહાર વિના માત્ર શાલિ આદિ ઓદનથી દેહનું પાલન કરી શકે તેમ છે. તેવા સાધુએ સંયમની વૃદ્ધિ અર્થે તેવા શાલિ આદિ ઓદનની ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ. તેના બદલે નિર્દોષ પણ ઘીથી પૂર્ણ આહારવાળી ભિક્ષા ગ્રહણ કરીને વાપરે તો દેહ પ્રત્યેના મમત્વભાવની પુષ્ટિ થવાથી, તે શુક્લાહાર બાહ્ય રીતે સ્વાધ્યાયાદિ દ્વારા સંયમવૃદ્ધિનું કારણ દેખાતું હોય તોપણ, ઘીથી પૂર્ણ આહાર પ્રત્યેના પક્ષપાતરૂપ અસમભાવના દોષથી મલિન છે. તેથી તે શુદ્ધ ભિક્ષા શુક્લાહાર બને નહીં.

વળી કોઈ સાધુ અત્યંત કઠોર જીવન જીવવા પ્રત્યેના પક્ષપાતવાળા હોય. તેવા સાધુ શાલિ આદિ ઓદનને ઉચિત એવી પોતાની કાયાનો વિચાર કર્યા વગર રૂક્ષ એવા કોદ્રવાદિ ધાન્યથી દેહનો નિર્વાહ કરવા યત્ન કરે, તો તેમને શરીર પ્રત્યેનો મમત્વનો પરિણામ નથી, અને સાધુએ સંયમમાં કઠોર જીવન જીવવું જોઈએ એવો સંયમનો પક્ષપાત છે, તોપણ સંયમવૃદ્ધિ પ્રત્યે શ્રુતાનુસારી વિવેક પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ છે. તેથી શરીરને ઉપઘાત કરે તેવા કોદ્રવાદિ ધાન્ય વાપરીને સંયમયોગમાં દૃઢ યત્ન કરવાના સામર્થ્યને તે સાધુ ક્ષીણ કરે છે, જેથી ઉચિત સંયમવૃદ્ધિમાં વ્યાઘાત થાય છે. તેથી ગંભીર બુદ્ધિપૂર્વક પોતાની કાયાને શું ઉચિત છે, તેનો નિર્ણય કરીને, તે રીતે આહારમાં યત્ન કરવો જોઈએ, જેથી સંયમની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય.

વળી કોઈક સાધુની કાયા અતિ સુકોમળ છે. તેથી ઘીથી યુક્ત એવા સ્નિગ્ધ આહારને ઉચિત છે, તેવો સ્નિગ્ધ આહાર ગ્રહણ કરે તો સંયમયોગમાં પ્રવર્તી શકે તેમ છે. તેથી તેવા સાધુએ ઘીથી પૂર્ણ સ્નિગ્ધ આહારની ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ. તેના બદલે સંયમના પક્ષપાતને કારણે ઉચિત વિચાર્યા વિના રૂક્ષ આહાર ગ્રહણ કરે અને નિર્દોષ ભિક્ષામાં પણ યત્ન કરે, એટલું જ નહીં પણ રૂક્ષ આહાર વાપર્યા પછી શક્તિના પ્રકર્ષથી સ્વાધ્યાયાદિમાં ઉદ્યમ પણ કરે; આમ છતાં વિપરીત આહારના કારણે ઉપદ્રવ પામેલી કાયા વિશેષ પ્રકારના સંયમયોગમાં યત્ન કરવામાં વ્યાઘાત કરે. તેથી ગંભીર બુદ્ધિથી વિચાર્યા વગર માત્ર સ્વમતિ પ્રમાણે સંયમના પક્ષપાતથી પણ વિપરીત આહારમાં યત્ન કરવામાં આવે તો તે શુક્લાહાર પરમાર્થથી શુક્લાહાર બને નહીં.

અહીં ગંભીર બુદ્ધિથી પરિભાવન કરવું, એમ કહીને એ બતાવવું છે કે અત્યંત શાતાના અર્થી થઈને કે અત્યંત કઠોર જીવન જીવવાના અર્થી થઈને શાસ્ત્રવચનને સમ્યક્ યોજન કરવામાં યત્ન ન કરવામાં આવે, અને પક્ષપાતથી યોજન કરવામાં આવે, તો પોતાની કાયા કયા આહારને ઉચિત છે તેનો સમ્યક્ વિચાર કર્યા વગર આહારમાં યત્ન થાય, તેથી પરિણામે સંયમનો ઉપઘાત થાય. માટે રાગાદિથી આકુળ થયા વગર શાસ્ત્રવચનોને ગંભીરતાપૂર્વક ઉચિત સ્થાને જોડવા માટે યત્ન કરવો જોઈએ, જેથી ગ્રહણ કરાયેલી ભિક્ષા એકાંતે કલ્યાણનું કારણ બને. **॥૮૨॥**

**અવતરણિકા :-**

**कथमुचितस्य लाभः? इत्याशङ्कानिरासार्थमाह -**

**અવતરણિકાર્થ :-**

**ઉચિતનો લાભ=પોતાની કાયાને ઉચિત એવા આહારનો લાભ, સાધુને કેવી રીતે થાય ? એ પ્રકારની આશંકાના નિરાસને માટે કહે છે –**

**ભાવાર્થ :-**

ઉપરની ગાથા-૮૨માં આહારના વિષયમાં કાયાની પ્રકૃતિ પ્રમાણે ત્રણ વિભાગ પાડ્યા. તેમાંથી જે સાધુની કાયા હવિપૂર્ણાદિ આહારને ઉચિત છે, તે સાધુને હવિપૂર્ણાદિ ભોજનનો લાભ કેવી રીતે થાય ? કેમ કે મુનિને નિર્દોષ ભિક્ષાની અપેક્ષા હોય છે. આવી શંકાના નિરાકરણમાં કહે છે –

**ગાથા :-**

**जोगाणुभावओ च्चिय पायं ण य सोहणस्स वि अलाभो ।**
**लद्धीण वि संपत्ती इमस्स जं वण्णिया समए ।।८३।।**

**અન્વયાર્થ :-**

**य=અને जोगाणुभावओ च्चिय=યોગના સામર્થ્યથી જ पायं=પ્રાયઃ=બાહુલ્યથી सोहणस्स वि अलाभो= શોભનનો પણ અલાભ ण=નથી, जं=જે કારણથી समए=સમયમાં=શાસ્ત્રમાં इमस्स=આને=યોગીને लद्धीण वि संपत्ती=લબ્ધિની પણ સંપ્રાપ્તિ वण्णिया=વર્ણન કરાઈ છે. ॥૮૩॥**

**ગાથાર્થ :-**

**અને યોગના સામર્થ્યથી જ પ્રાયઃ શોભનનો પણ અલાભ નથી, જે કારણથી શાસ્ત્રમાં યોગીને લબ્ધિની પણ સંપ્રાપ્તિ વર્ણન કરાઈ છે. ॥૮૩॥**

**ટીકા :-**

'योगानुभावत एव'=योगसामर्थ्यत एव, तत्प्रतिबन्धककर्मनिवृत्तेः 'प्रायः'=बाहुल्येन । 'न च'

**'शोभनस्यापि'=आहारस्य हविःपूर्णादेः 'अलाभः,' किन्तु लाभ एव । कुतः? इत्याह - 'लब्धीनामपि' - रत्नादिरूपाणां 'योगानुभावत एव'=योगसामर्थ्यात् 'सम्प्राप्तिः'=शोभना प्राप्तिः परोपकारफला 'अस्य'=योगिनः 'यत्'=यस्मात् कारणाद् 'वर्णिता' 'समये'=सिद्धान्ते । इति गाथार्थः ।।८३।।**

**ટીકાર્થ :-**

**'योगानुभावत एव' ..... इति गाथार्थः ।।८३।। પ્રાયઃ=બાહુલ્યથી, યોગના અનુભાવથી જ=યોગના સામર્થ્યથી જ, તત્પ્રતિબંધક કર્મની નિવૃત્તિ થવાના કારણે, શોભનનો પણ=હવિપૂર્ણાદિ શોભન પણ આહારનો, અલાભ નથી=અપ્રાપ્તિ નથી; પરંતુ લાભ જ છે. કેમ લાભ છે ? એથી કહે છે -**

**જે કારણથી સમયમાં=સિદ્ધાંતમાં, આને=યોગીને, રત્નાદિ લબ્ધિઓની પણ યોગના અનુભાવથી જ=યોગના સામર્થ્યથી જ, સંપ્રાપ્તિ=પરોપકાર ફળવાળી શોભન પ્રાપ્તિ, વર્ણન કરાયેલી છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૮૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે કોઈ સાધુની કાયા ઘીથી પૂર્ણ આદિ ઉત્તમ દ્રવ્યોને યોગ્ય છે, તેથી તેવું ભોજન કરે તો તેઓની કાયા સંયમયોગમાં અપ્રમાદ કરવા સમર્થ બને. તેના બદલે અન્ય આહાર કરે તો તે સાધુ સંયમયોગમાં અપ્રમાદ કરી શકે નહીં. ત્યાં પ્રશ્ન થાય કે સાધુને તો નિર્દોષ ભિક્ષામાં યત્ન કરવાનો છે, અને આવો દુર્લભ આહાર સાધુને નિર્દોષ કઈ રીતે મળી શકે ? તેથી કહે છે –

જે સાધુ સંયમયોગમાં અત્યંત યત્નવાળા છે, તેમના પ્રગટ થયેલા યોગસામર્થ્યને કારણે જ પ્રાયઃ પોતાના સંયમયોગની પુષ્ટિને કરનાર એવા આહારની પ્રાપ્તિમાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે. તેથી તેવા યોગીને પોતાની કાયાને અનુરૂપ ઉત્તમ ભોજન પણ અવશ્ય મળી જાય છે.

અહીં પ્રશ્ન થાય કે યોગના અનુભાવથી નિર્દોષ એવું ઉત્તમ ભોજન પણ કેવી રીતે મળે ? કેમ કે આવું ઉત્તમ ભોજન કરનારા થોડા જ લોકો હોય છે અને તે પણ પ્રમાણોપેત બનાવનારા હોય છે. તેથી સાધુને કોઈ દોષ ન લાગે તેવું ઉત્તમ ભોજન પ્રાપ્ત થઈ જાય તે કેમ સંભવે ? તેથી કહે છે –

શાસ્ત્રમાં કહ્યું છે કે યોગીઓને યોગના અનુભાવથી પરોપકારને કરનારી અનેક લબ્ધિઓ પણ પ્રગટ થાય છે અને યોગીઓને પ્રાપ્ત થયેલી બધી લબ્ધિઓ કેવળ પરોપકારમાં વપરાય છે, તેથી પરોપકારફળવાળી લબ્ધિઓની પ્રાપ્તિ છે, તેમ કહેલ છે તો જેમને યોગના સામર્થ્યથી આવી દુર્લભ લબ્ધિઓ પ્રગટ થઈ શકતી હોય, તેમને યોગના સામર્થ્યથી પોતાના સંયમને ઉપષ્ટંભક એવો ઘી આદિથી પૂર્ણ આહાર પણ કેમ પ્રાપ્ત ન થાય ?

અહીં કહ્યું કે યોગના સામર્થ્યથી જ હવિ આદિથી પૂર્ણ આહાર ઉપલબ્ધ થાય છે. તેથી એ પ્રાપ્ત થયું કે એવા આહારની પ્રાપ્તિમાં યોગ મુખ્ય કારણ છે, અન્ય નહીં. વળી કહ્યું કે પ્રાયઃ કરીને યોગના અનુભાવથી તત્પ્રતિબંધક કર્મોની નિવૃત્તિ થાય છે. અહીં પ્રાયઃ શબ્દથી એ પ્રાપ્ત થાય કે ક્વચિત્

આહારની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મો નિકાચિત હોય તો યોગના અનુભાવથી પણ શોભન આહારની પ્રાપ્તિ થઈ શકે નહીં. જેમ યોગી હોવા છતાં ઢંઢણ ઋષિને નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિ હતી, વળી પરમયોગી એવા ઋષભદેવ પરમાત્માને પણ દીક્ષા ગ્રહણ કર્યા પછી નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિ થઈ. **॥૮૩॥**

**અવતરણિકા :-**

लब्धीनां स्वरूपमाह -

**અવતરણિકાર્થ :-**

**લબ્ધિના સ્વરૂપને કહે છે –**

**ગાથા :-**

**रयणाई लद्धीओ अणिमादीयाओ तह य चित्ताओ ।**
**आमोसहाइयाओ तहातहा योगवुड्ढीए ।।८४।।**

**અન્વયાર્થ :-**

रयणाई लद्धीओ=**રત્નાદિ લબ્ધિઓ** तह य=**અને તે પ્રકારની** चित्ताओ अणिमादीयाओ=**ચિત્ર અણિમાદિ લબ્ધિઓ,** आमोसहाइयाओ=**આમર્ષોષધિ આદિ લબ્ધિઓ** तहा तहा=**તે તે પ્રકારના** योगवुड्ढीए=**યોગની વૃદ્ધિથી થાય છે. ॥૮૪॥**

**ગાથાર્થ :-**

**રત્નાદિ લબ્ધિઓ અને તે પ્રકારની ચિત્ર અણિમાદિ લબ્ધિઓ, આમર્ષોષધિ આદિ લબ્ધિઓ, તે તે પ્રકારના યોગની વૃદ્ધિથી થાય છે. ॥૮૪॥**

**ટીકા :-**

**'रत्नाद्या लब्धयः'**, "स्थान्युपनिमन्त्रणे सङ्गस्मयाकरणं पुनरनिष्टप्रसङ्गात्" **(पा. यो. सू. ३-५१) इति वचनात् । 'अणिमाद्याश्च' 'तथा' 'चित्राः'** "अणिमा महिमा लघिमा प्राप्तिः प्राकाम्यं ईशिता वशिता यत्रकामावसायिता च" **इति वचनात् । 'आमर्षौषध्याद्याः'** - "आमोसहि विप्पोसहि खेलोसहि" **(आव.नि.गा.६९) इति वचनात् । एताश्च 'तथातथाप्रकारेण'** उत्तरोत्तरपरिशुद्धवृद्धिरूपेण **'योगवृद्धेः सकाशाद्' भवन्ति, तच्छोभनाहारो लघ्वी मात्रा । इति गाथार्थः ।।८४।।**

**ટીકાર્થ :-**

**रत्नाद्या लब्धयः, ..... इति गाथार्थः ।।८४।।** "સ્થાનિને=સમાધિમાં બેઠેલા યોગીને," દેવતાઓ દ્વારા ઉપનિમંત્રણ કરાયે છતે=ભોગ માટે ઉપનિમંત્રણ કરાયે છતે, સંગ અને સ્મયનું અકરણ છે=ભોગના સંગનું અકરણ છે અને

(લબ્ધિમાં) સ્મયનું અકરણ છે; કેમ કે સંગ અને સ્મય કરવાથી અનિષ્ટનો પ્રસંગ છે." **આ પ્રકારનું પાતંજલ 'યોગસૂત્ર'નું વચન હોવાથી, સ્થાનિ નામની સમાધિમાં રહેલા યોગીને રત્નાદિ લબ્ધિઓ થાય છે અને તે પ્રકારની ચિત્ર અણિમાદિ લબ્ધિઓ થાય છે અર્થાત્ યોગના ભેદને કારણે જુદા જુદા પ્રકારની અણિમાદિ લબ્ધિઓ થાય છે; કેમ કે** "અણિમા, મહિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકમ્ય, ઈશિતા, વશિતા અને યત્રકામાવસાયિતા" **એ પ્રકારે વચન છે, અને આમર્ષૌષધ્યાદિ લબ્ધિઓ થાય છે; કેમ કે** "આમર્ષૌષધિ, વિપ્રૌષધિ, શ્લેષ્મૌષધિ" **એ પ્રકારનું વચન છે, અને ઉત્તરોત્તર પરિશુદ્ધ વૃદ્ધિરૂપ તે તે પ્રકારથી યોગની વૃદ્ધિને કારણે આ=લબ્ધિઓ, થાય છે, તે કારણથી શોભન આહાર લધ્વીમાત્રા છે=યોગની વૃદ્ધિથી શોભન આહારની પ્રાપ્તિ થવી તે નાની વાત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૮૪॥**

**ભાવાર્થ :-**

પાતંજલ યોગદર્શન પ્રમાણે સ્થાનિને=સમાધિમાં બેઠેલા યોગીને, સ્વર્ગાદિ સ્થાનમાં રહેનારા દેવો દ્વારા ભોગો માટે નિમંત્રણ કરાય ત્યારે તેઓ ભોગોને જોઈને સંગ કરતા નથી, વળી પ્રાપ્ત થયેલી લબ્ધિને જોઈને 'આ મારા યોગનો પ્રભાવ છે' એ પ્રકારનો સ્મય કરતા નથી; કેમ કે સંગ કે સ્મય કરવાથી અનિષ્ટની પ્રાપ્તિ છે, આ પ્રકારે પાતંજલ સૂત્રનું વચન છે. તેથી યોગીઓને યોગના માહાત્મ્યથી દેવતા દ્વારા રત્નાદિને આપવારૂપ રત્નાદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેમ નક્કી થાય છે. વળી યોગના માહાત્મ્યથી અણિમા-લઘિમા આદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેવું વચન હોવાને કારણે, જે પ્રકારે પોતાની ભૂમિકા છે તે પ્રકારે અણિમાદિ લબ્ધિઓ યોગીને પ્રગટ થાય છે. વળી આમર્ષૌષધિ, વિપ્રૌષધિ અને શ્લેષ્મૌષધિ આદિ લબ્ધિઓ પ્રગટ થાય છે, એ પ્રકારનું વચન છે. તેથી પણ નક્કી થાય છે કે યોગીઓને યોગના માહાત્મ્યથી શરીરનો સ્પર્શ, મળ આદિ ઔષધરૂપ બની જાય, તેવી લબ્ધિઓ પણ પ્રગટ થાય છે. વળી યોગમાર્ગમાં તે તે પ્રકારની પરિશુદ્ધિની વૃદ્ધિ થાય તે પ્રમાણે આ સર્વ લબ્ધિઓ યોગીઓને પ્રગટે છે. તેથી જો આવી દુર્લભ લબ્ધિઓ પણ યોગના પ્રભાવથી પ્રગટ થઈ શકતી હોય તો સંયમના માટે ઉપષ્ટંભક તેવો શુદ્ધ આહાર યોગીને પ્રાપ્ત થવો એ સામાન્ય વાત છે. માટે યોગના પ્રભાવથી પ્રાયઃ કરીને યોગીઓને હવિપૂર્ણાદિ આહાર મળી જાય, તેમ સ્વીકારવામાં કોઈ અનુપપત્તિ નથી.

**અણિમાદિ લબ્ધિઓનું સ્વરૂપ આ પ્રમાણે છે :-**

(૧) **અણિમાલબ્ધિ :-** દેહને પરમાણુરૂપ બનાવવાની લબ્ધિ તે અણિમાલબ્ધિ.

(૨) **મહિમાલબ્ધિ :-** મોટાપણાની પ્રાપ્તિ થવી તે મહિમાલબ્ધિ અર્થાત્ અંગુલીના અગ્રભાગથી ચંદ્રાદિને સ્પર્શ કરવાની યોગ્યતાવાળી લબ્ધિ તે મહિમાલબ્ધિ.

(૩) **લઘિમાલબ્ધિ :-** રૂના પિંડની જેમ દેહની હલકાપણાની પ્રાપ્તિ થાય તે લઘિમાલબ્ધિ.

(૪) **પ્રાપ્તિલબ્ધિ :-** ઈચ્છામાત્રથી સર્વભાવો સંનિહિત થાય તે પ્રાપ્તિ નામની લબ્ધિ.

(૫) **પ્રાકામ્યલબ્ધિ :-** શરીરની અને મનની ઈચ્છાનો વિઘાત ન થાય તેવી લબ્ધિ તે પ્રાકામ્ય લબ્ધિ

અર્થાત્ શરીરની જે અભિલાષા હોય, એટલે કે શરીર જે જે માંગણી કરતું હોય તે સર્વ અભિલાષા પૂર્ણ થાય અને મનની પણ જે જે અભિલાષા હોય તે પૂર્ણ થાય તે પ્રાકામ્યલબ્ધિ.

(૬) **ઈશિતાલબ્ધિ :-** સર્વત્ર સમર્થતા તે ઈશિતાલબ્ધિ.

(૭) **વશિતાલબ્ધિ :-** બધા જ ભૂતો=જીવો, તેના વચનનું અતિક્રમણ ન કરે તેવી લબ્ધિ તે વશિતાલબ્ધિ.

(૮) **યત્રકામાવસાયિતા લબ્ધિ :-** સ્વઅભિલષિત કૃત્યને સમાપ્તિ સુધી તે રીતે કરી શકે તેવી શક્તિ છે જેમાં, તે યત્રકામાવસાયિતા લબ્ધિ.

**આમર્ષૌષધિ આદિ લબ્ધિઓનું સ્વરૂપ આ પ્રમાણે છે :-**

(૧) **આમર્ષૌષધિ લબ્ધિ :-** યોગીના શરીરના સ્પર્શમાત્રથી રોગીઓના રોગોનો નાશ થાય તેવી લબ્ધિ તે આમર્ષૌષધિ લબ્ધિ.

(૨) **વિપ્રૌષધિ લબ્ધિ :-** યોગીના શરીરનો મળ સ્પર્શ થતાં રોગીઓના રોગ મટી જાય તેવી લબ્ધિ તે વિપ્રૌષધિ લબ્ધિ.

(૩) **શ્લેષ્મૌષધિ લબ્ધિ :-** યોગીના શરીરના શ્લેષ્મના સ્પર્શથી રોગીઓના રોગ મટી જાય તેવી લબ્ધિ તે શ્લેષ્મૌષધિ લબ્ધિ. **॥૮૪॥**

**અવતરણિકા :-**

अधिकृतावस्थाफलमाह -

**અવતરણિકાર્થ :-**

**અધિકૃત અવસ્થાના ફળને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૪૪ની અવતરણિકામાં કહેલ કે સ્વીકારેલ ગુણસ્થાનકની વિધિને=ગુણસ્થાનક સ્વીકાર્યા પછી તે ગુણસ્થાનકનું રક્ષણ કરવા અને વૃદ્ધિ કરવા માટે ઉપયોગી વિધિને, કહે છે. તેથી સ્વીકારેલ ગુણસ્થાનકની વિધિ પ્રમાણે યોગમાં યત્ન કરવાથી યોગવૃદ્ધિની જે પ્રવૃત્તિ થાય છે, તે યોગવૃદ્ધિની પ્રવૃત્તિરૂપ અધિકૃત અવસ્થાના ફળને કહે છે.

ત્યારપછી ગાથા-૫૦ની અવતરણિકામાં કહ્યું છે કે પ્રસ્તુત અર્થની સાધક જ વિધિને કહેવા માટે કહે છે, અને પ્રસ્તુત અર્થસાધક વિધિ ગાથા-૫૦ થી ગાથા-૮૦ સુધી બતાવેલ, જેમાં આ ત્રણ પ્રકારે ભાવનાઓ કરવાનું કહેલ. તે રૂપ અધિકૃત અવસ્થાના ફળને કહે છે.

**તે કથનમાં કહેલ ત્રણ પ્રકારની ભાવના આ પ્રમાણે છે :-**

**(૧) ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનામાં મિલિત એક ઉપયોગરૂપ પ્રથમ ભાવના.**

**(૨) રાગાદિ પ્રતિપક્ષભાવનરૂપ દ્વિતીય ભાવના.**

**(૩) મૈત્રી આદિ ચાર ભાવોને આત્મામાં નિષ્પન્ન કરવા અર્થે ચારેથી મિલિત એક ઉપયોગરૂપ તૃતીય ભાવના.**

આનાથી એ પ્રાપ્ત થયું કે પૂર્વમાં બતાવેલ વિધિપૂર્વક સ્વીકારાયેલા ગુણસ્થાનકમાં યત્ન કરવાથી અને તે ગુણસ્થાનકને અતિશય કરવા અર્થે ભાવનામાં યત્ન કરવાથી સાધકને તેનું શું ફળ મળે છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે.

**ગાથા :-**

**एतीए एस जुत्तो सम्मं असुहस्स खवग मो णेओ ।**
**इयरस्स बंधगो तह सुहेणमिय मोक्खगामि त्ति ।।८५।।**

**અન્વયાર્થ :-**

**एतीए मो=આનાથી જ=યોગવૃદ્ધિથી અથવા ભાવનાથી જ जुत्तो=યુક્ત=ઘટિત एस=આ=યોગી असुहस्स=અશુભ કર્મનો सम्मं=સમ્યક્=અપુનર્બંધકપણા વડે खवग=ક્ષપક, इयरस्स=ઈતરનો=શુભકર્મનો बंधगो=બંધક णेओ=જાણવો. तह=તે પ્રકારે અનુબંધને કરતો એવો યોગી सुहेणमिय=સુખપરંપરાથી જ मोक्खगामि=મોક્ષગામી છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે.**

**ગાથાર્થ :-**

**આનાથી જ યુક્ત આ યોગી અશુભ કર્મનો સમ્યક્ ક્ષપક અને શુભ કર્મનો બંધક જાણવો. તે પ્રકારે અનુબંધને કરતો એવો યોગી સુખપરંપરાથી જ મોક્ષગામી છે.**

**'त्ति' પાદપૂર્તિ માટે છે. ।।૮૫।।**

❖ **નોંધ :-** 'तथा' પછી ગાથામાં 'अनुबध्नानः' શબ્દ અધ્યાહાર છે.

**ટીકા :-**

'एतया'=योगवृद्ध्या भावनया वा 'एषः'=योगी 'युक्तः'=घटितः । किम्? इत्याह - 'सम्यग्'= अपुनर्बन्धकत्वेन 'अशुभस्य' कर्मणः 'क्षपको' 'ज्ञेयः' । 'मो' इति अत्र स्थानेऽवधारणार्थो निपातः, एतयैव, अन्यथा क्षपणस्यापि भूयोऽधिकभावेनाक्षपणत्वात् । 'इतरस्य'=शुभस्य कर्मणः विशिष्टदेश-कुल-जात्यादिनिमित्तस्य 'बन्धकः,' ज्ञेय इति वर्तते । 'तथा'=तेन प्रकारेणानुबन्धानः शुभशुभतरप्रवृत्त्या प्रकृष्टफलदानरूपेण । एवं किम्? इत्याह- 'सुखेनैव'=सुखपरम्परया 'मोक्षगामी'=भवान्तकृत् । इति गाथार्थः ।।८५।।

**ટીકાર્થ :-**

'एतया' योगवृद्ध्या ..... इति गाथार्थः ।।८५।। **આનાથી જ=યોગવૃદ્ધિથી જ અથવા ભાવનાથી જ, યુક્ત=ઘટિત, આ=યોગી, સમ્યક્ ક્ષપક જાણવો=અશુભકર્મનો અપુનર્બંધકપણારૂપે ક્ષપક જાણવો.**

**'मो' 'इति'='मो' એ પ્રકારનો શબ્દ, આ સ્થાનમાં=પ્રસ્તુત ગાથાના સ્થાનમાં અવધારણ અર્થવાળો નિપાત છે.**

**તેથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે.**

**આનાથી જ=યોગવૃદ્ધિથી જ અથવા ભાવનાથી જ, ઘટિત એવો યોગી અશુભ કર્મનો સમ્યક્= અપુનર્બંધકપણા વડે, ક્ષપક જાણવો, એમ અન્વય છે.**

**અહીં 'मो' નો અર્થ 'एवकार' કરીને 'एतयैव' એમ કહ્યું. તેનાથી શું પ્રાપ્ત થાય છે ? તેને દૃઢ કરવા માટે કહે છે –**

**अन्यथा=યોગવૃદ્ધિથી જ કે ભાવનાથી જ અશુભ કર્મની ક્ષપણા ન કરે, પરંતુ ક્રિયામાત્રથી અશુભકર્મની ક્ષપણા કરે, તો ક્ષપણનું પણ=અશુભ કર્મના ક્ષપણનું પણ, ફરી અધિક ભાવ હોવાને કારણે અક્ષપણપણું છે=અશુભ કર્મના ક્ષપણનું અક્ષપણપણું છે.**

વળી યોગવૃદ્ધિથી ઘટિત એવા યોગીને અન્ય શું થાય છે તે બતાવે છે –

**ઈતરનો=વિશિષ્ટ દેશ, કુલ, જાત્યાદિ નિમિત્ત એવા શુભ કર્મનો, બંધક જાણવો.**

**'ज्ञेयः' એ ગાથાના પૂર્વાર્ધમાંથી ઉત્તરાર્ધમાં વર્તે છે, તે બતાવવા માટે 'ज्ञेयः इति वर्तते' એમ ટીકામાં કહેલ છે.**

**તથા=તે પ્રકારે=શુભ શુભતર પ્રવૃત્તિ દ્વારા પ્રકૃષ્ટ ફળ દેવા રૂપ તે પ્રકારે, અનુબંધને કરતો એવો યોગી, આ રીતે શું ?=આ રીતે અનુબંધ કરતો શું ફળ પ્રાપ્ત કરે ? એથી કહે છે –**

**સુખથી જ=સુખપરંપરાથી જ, મોક્ષગામી=ભવના અંતને કરનારો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૮૫॥**

❖ **जात्यादि** :- અહીં 'आदि' થી વિશિષ્ટ સત્ત્વ, વિશિષ્ટ સંઘયણ, અન્ય પણ ધર્મ પ્રભાવનાના અંગરૂપ વિશિષ્ટ પ્રકારની પુણ્યપ્રકૃતિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગાથા-૪૪ થી ગાથા-૮૨ સુધી બતાવ્યું એ રીતે, યોગી યોગવૃદ્ધિના ઉપાયમાં પ્રયત્ન કરતા હોય કે ભાવનામાં પ્રયત્ન કરતા હોય, તેનાથી તે યોગી ફરી તેવું અશુભ કર્મ ન બંધાય એ રીતે અશુભ કર્મને ખપાવે છે; અને જો પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે યોગવૃદ્ધિના ઉપાયમાં કે ભાવનાના ઉપાયમાં પ્રયત્ન કર્યા વગર દેશવિરતિ કે સર્વવિરતિની ક્રિયામાત્રમાં યત્ન કરે, તો અશુભ કર્મની ક્ષપણા અપુનર્બંધકપણા વડે= ફરી ન બંધાય એ રીતે, કરતા નથી; પરંતુ તે ક્રિયાથી થોડા કાળ માટે અશુભ કર્મો વિપાકમાં આવતાં નથી, તોપણ ફરી અધિક બળવાળાં થઈને વિપાકમાં આવે છે ત્યારે વધારે અહિતનું કારણ બને છે. તેથી યોગવૃદ્ધિમાં યત્ન કર્યા વગર કે ભાવનામાં યત્ન કર્યા વગર, માત્ર ક્રિયા કરીને કરાયેલાં અશુભ કર્મોનો નાશ તે પરમાર્થથી નાશ નથી.

આશય એ છે કે જે સાધક પૂર્વમાં વર્ણન કરાયા પ્રમાણે યોગવૃદ્ધિમાં યત્ન કરતો હોય અને ભાવનામાં યત્ન કરતો હોય, ત્યારે તેનામાં રાગાદિને પેદા કરાવનારાં અશુભ કર્મો તે રીતે ક્ષીણ થાય છે કે ફરી તેવા રાગાદિ ઊઠે નહીં, અને તેથી તેનો યોગમાર્ગ ઉત્તરોત્તર અશુભ કર્મના ઉપદ્રવ વગરનો બનતો જાય છે; અને જે સાધક પૂર્વમાં વર્ણન કર્યું, એ રીતે યોગવૃદ્ધિ કે ભાવનામાં યત્ન કરતો નથી, અને ધર્મબુદ્ધિથી દેશવિરતિ કે સર્વવિરતિની ક્રિયાઓ કરે છે, અને માત્ર તે ક્રિયાઓથી જ સંતોષ માને છે, અને તે ક્રિયાઓ શુભ હોવાથી ક્રિયાકાળમાં રાગાદિનો સંક્લેશ દેખાતો નથી, તોપણ વિવેકપૂર્વકની તે ક્રિયાઓ નહીં હોવાથી, ભવિષ્યમાં રાગાદિઆપાદક અશુભ કર્મ અધિક બળવાન બનીને વિપાકમાં આવશે; કેમ કે તે શુભ ક્રિયાઓથી બંધાયેલું તુચ્છ પુણ્ય ભોગસામગ્રી આપશે ત્યારે, વિપર્યાસથી બંધાયેલું પુણ્ય હોવાને કારણે તે ભોગસામગ્રીમાં આસક્તિ થશે, તેથી પૂર્વ કરતાં અધિક બળવાન થઈને રાગાદિઆપાદક કર્મો ઉદયમાં આવશે. માટે અવિવેકવાળી એવી ક્રિયાથી અશુભ કર્મનું ક્ષપણ તે પરમાર્થથી ક્ષપણ નથી.

વળી તે યોગી યોગવૃદ્ધિથી કે ભાવનાથી યુક્ત હોય છે ત્યારે, વિશિષ્ટ દેશ-કુળ-જાતિ આદિનું કારણ બને તેવાં શુભ કર્મો બાંધે છે, અને તે કર્મો ઉત્તરોત્તર શુભ શુભતર પ્રવૃત્તિ કરાવીને સર્વ કર્મોના નાશનું કારણ બની શકે છે. તેથી આવો યોગી સુખની પરંપરા દ્વારા સંસારનો અંત કરશે.

આશય એ છે કે યોગવૃદ્ધિ અને ભાવનાથી યુક્ત એવા આ યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે વિશિષ્ટ પ્રકારનું પુણ્યાનુબંધીપુણ્ય બાંધીને જન્માંતરમાં દેવભવને પામે છે. ત્યાં પણ વિશિષ્ટ ભોગસામગ્રીથી સુખનો અનુભવ કરીને પૂર્વ પૂર્વ કરતાં અધિક પુણ્યાનુબંધીપુણ્ય બાંધીને મનુષ્યભવ પ્રાપ્ત કરી સંયમ ગ્રહણ કરે છે, અને પૂર્વ કરતાં ઉત્તરોત્તર વિશેષ પ્રકારે સંયમમાં યત્ન કરે છે; જે સંયમ ઉત્તરોત્તર શુદ્ધિ પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે. તેથી જે યોગી યોગવૃદ્ધિના ઉપાયથી કે ભાવનાથી યુક્ત થઈને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, તે યોગી સંસારમાં પણ ઉત્તમ ભોગોની પ્રાપ્તિરૂપ સુખની પરંપરાથી મોક્ષમાં જનાર છે.

અહીં વિશિષ્ટ દેશ-કુલ-જાતિ આદિ નિમિત્તક કર્મનો બંધ કરે છે, એમ કહીને એ કહેવું છે કે યોગની પ્રાપ્તિ થઈ એ ભવમાં જે આર્યદેશ કે ઉત્તમ કુલ આદિની પ્રાપ્તિ થઈ છે, એ ભવમાં યોગની ઉપાસના કર્યા પછી બીજા મનુષ્ય ભવમાં, વિશિષ્ટ કોટીના દેશમાં અર્થાત્ જ્યાં કેવલી, વિશેષ પ્રકારના મહાત્મા કે તીર્થંકરો આદિનો યોગ હોય તેવા દેશમાં, વિશિષ્ટ કુળમાં એટલે કે જે કુળમાં પરંપરાગત સંયમાદિને સાધીને મોક્ષને પામ્યા હોય તેવા ઉત્તમ કુળમાં અને વિશિષ્ટ જાતિમાં જન્મ થાય છે; અને 'આદિ' પદથી વિશિષ્ટ સત્ત્વ, વિશિષ્ટ સંઘયણ, અન્ય પણ વિશિષ્ટ સામગ્રીનું ગ્રહણ કરવું. **॥૮૫॥**

**અવતરણિકા :-**

**साम्प्रतमधिकृतभावनासाध्यमेव वस्तु तन्त्रान्तरपरिभाषयाऽन्वयव्यतिरेकतः खल्वविरोधि इति प्रदर्शयन्नाह -**

**અવતરણિકાર્થ :-**

હવે અધિકૃત ભાવનાથી=પૂર્વમાં જે ત્રણ ભાવનાનું વર્ણન કરાયું છે એ અધિકૃત ભાવનાથી, સાધ્ય જ વસ્તુ=યોગી અશુભકર્મથી ક્ષપણા કરે છે અને શુભ કર્મનો બંધક થાય છે અને સુખે સુખે મોક્ષમાં જાય છે એ રૂપ સાધ્ય જ વસ્તુ, તંત્રાંતરની પરિભાષા વડે=બૌદ્ધ દર્શનની પરિભાષા વડે, અન્વય-વ્યતિરેકથી નિશ્ચે અવિરોધી છે, એ પ્રમાણે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

कायकिरियाए दोसा खविया मंडुक्कचुण्णतुल्ल त्ति ।
ते चेव भावणाए नेया तच्छारसरिस त्ति ।।८६।।

**અન્વયાર્થ :-**

कायकिरियाए=કાયક્રિયાથી खविया=ક્ષપણા કરાયેલા दोसा=દોષો मंडुक्कचुण्णतुल्ल=દેડકાના ચૂર્ણ તુલ્ય છે, ते चेव=અને તે જ=તે દોષો જ भावणाए=ભાવનાથી तच्छारसरिस=તદ્ભસ્મ સદૃશ=દેડકાની ભસ્મ સદૃશ नेया=જાણવા. ।।૮૬।।

ગાથામાં બંને 'त्ति' પાદપૂર્તિ માટે છે.

**ગાથાર્થ :-**

**કાયક્રિયાથી ક્ષપણા કરાયેલા દોષો દેડકાના ચૂર્ણ તુલ્ય છે અને તે જ દોષો ભાવનાથી દેડકાની ભસ્મ સદૃશ જાણવા.**

**ગાથામાં બંને 'त्ति' પાદપૂર્તિ માટે છે. ।।૮૬।।**

**ગાથા :-**

एवं पुण्णं पि दुहा मिम्मयकणयकलसोवमं भणियं ।
अण्णेहि वि इह मग्गे नामविवज्जासभेएणं ।।८७।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=ગાથા-૮૬માં બે પ્રકારનો દોષક્ષય બતાવ્યો એ રીતે, इह मग्गे=આ માર્ગમાં= યોગધર્મ માર્ગમાં मिम्मयकणयकलसोवमं=માટીના કળશની અને સુવર્ણના કળશની ઉપમાવાળું पुण्णं पि= પુણ્ય પણ दुहा=બે પ્રકારનું नामविवज्जासभेएणं=નામ વિપર્યાસના ભેદથી अण्णेहि वि=બીજાઓ વડે પણ भणियं=કહેવાયેલું છે. ।।૮૭।।

**ગાથાર્થ :-**

**આ રીતે યોગધર્મના માર્ગમાં માટીના કળશની અને સુવર્ણના કળશની ઉપમાવાળું પુણ્ય**

પણ બે પ્રકારનું નામવિપર્યાસના ભેદથી, બીજાઓ વડે પણ કહેવાયેલું છે. ॥૮૭॥

ગાથા :-

तह कायपाइणो ण पुण चित्तमहिकिच्च बोहिसत्त त्ति ।
होंति तहभावणाओ आसययोगेण सुद्धाओ ॥८८॥

અન્વયાર્થ :-

तह=અને बोहिसत्त=બોધિસત્ત્વો कायपाइणो=કાયપાતિ होंति=છે, पुण चित्तमहिकिच्च=વળી ચિત્તને આશ્રયીને ण=નહીં; કેમ કે तहभावणाओ=તે પ્રકારની ભાવનાથી=પૂર્વમાં બતાવ્યું તે પ્રમાણે શાસ્ત્રાનુસારી ભાવનાથી, आसययोगेण=આશયયોગને કારણે=ગંભીરતાપૂર્વક તત્ત્વ જોવાના આશયયોગને કારણે, सुद्धाओ=શુદ્ધ આશયવાળા છે=ભોગથી પર થવાને અનુકૂળ વિશુદ્ધ પરિણતિવાળા છે. ॥૮૮॥

ગાથાર્થ :-

**અને બોધિસત્ત્વો કાયપાતિ છે, વળી ચિત્તને આશ્રયીને નહીં; કેમ કે તે પ્રકારની ભાવનાથી, આશયયોગને કારણે શુદ્ધ આશયવાળા છે. ॥૮૮॥**

ગાથા :-

एमाइ जहोइयभावणाविसेसाउ जुज्जए सव्वं ।
मुक्काहिनिवेसं खलु निरूवियव्वं सबुद्धीए ॥८९॥

અન્વયાર્થ :-

जहोइयभावणाविसेसाउ=યથોદિત ભાવનાવિશેષથી=પૂર્વમાં જે પ્રકારે કહેવાઈ તે પ્રકારની ભાવનાવિશેષથી અર્થાત્ હૈયાને સ્પર્શે તે પ્રકારની ભાવનાથી एमाइ सव्वं=પૂર્વમાં ગાથા-૮૬-૮૭-૮૮માં વર્ણન કર્યું એ વગેરે સર્વ जुज्जए=ઘટે છે. मुक्काहिनिवेसं खलु=અભિનિવેશ વગર જ सबुद्धीए=સ્વબુદ્ધિ વડે निरूवियव्वं=વિચારવું જોઈએ. ॥૮૯॥

ગાથાર્થ :-

**જે પ્રકારે પૂર્વમાં કહેવાઈ તેવી ભાવનાવિશેષથી આ વગેરે સર્વ ઘટે છે. અભિનિવેશ વગર જ સ્વબુદ્ધિ વડે વિચારવું જોઈએ. ॥૮૯॥**

ટીકા :-

चतस्रोऽप्येकप्रघट्टकप्रतिबद्धाः । आसां व्याख्या - 'कायक्रियया' आगमबाधयाऽसद्भावतो भावशून्यया 'दोषाः' - रागादयः 'क्षपिताः' सन्तः, किम्? इत्याह - 'मण्डूकचूर्णतुल्याः' 'इति', यथा माण्डूकचूर्णे चूर्णावस्थायां माण्डूकक्रियाक्षयः सन्नप्यक्षयकल्पः प्रावृजादिनिमित्तयोगतः तदधिकभावात्, एवं कायक्रियया वचनबाधोपेतया

तथाविधानुष्ठानसमभिव्यङ्ग्यो दोषक्षयोऽक्षय एव, जन्मान्तरादिनिमित्तयोगतस्तदधिकभावादिति । उक्तं च - "क्रियामात्रतः कर्मक्षयः मण्डूकचूर्णवत्, भावनातस्तु तद्भस्मवत्" इत्यादि । अपथ्यद्रव्ययोगवेदनाक्षयोपलक्षणमेतत्। एवं (ते चेव) दोषाः 'भावनया' वचनगर्भया चित्तवृत्त्या, क्षपिता इति वर्तते, 'ज्ञेयाः', किंविशिष्टाः? इत्याह - 'तत्सा (?च्छा)रसदृशाः'=मण्डूकभस्मतुल्याः, पुनरभावात् । भावना ह्यत्राग्नितुल्या वर्तते, इयं च वचननिमित्तैवेति । तद् "एतयैवैष युक्तः सम्यगशुभस्य क्षपको ज्ञेयः" (गा.८५) - इति एतदनुपात्येव एतदिति परिभावनीयम् । इति प्रथमगाथार्थः ।।८६।।

**ટીકાર્થ :-**

चतस्रोऽप्येकप्रघट्टकप्रतिबद्धाः । ..... इति प्रथमगाथार्थः ।।८६।। ચાર પણ=ઉપર્યુક્ત ગાથા-૮૬-૮૭-૮૮-૮૯ એ ચારે ગાથા પણ, એક પ્રઘટ્ટકથી=એક વક્તવ્યથી, પ્રતિબદ્ધ છે.

આ ગાથાઓની વ્યાખ્યા –

આગમની બાધા હોવાના કારણે અસદ્ભાવવાળી હોવાથી ભાવશૂન્ય એવી કાયક્રિયા વડે, દોષો=રાગાદિ દોષો, ક્ષપિત થવા છતાં દેડકાના ચૂર્ણ તુલ્ય છે. જે પ્રમાણે દેડકાના ચૂર્ણમાં ચૂર્ણ અવસ્થામાં મંડુકક્રિયાનો ક્ષય હોવા છતાં પણ અક્ષય તુલ્ય છે; કેમ કે વરસાદ આદિ નિમિત્તના યોગથી તદ્અધિક ભાવ છે=મંડુકક્રિયાનો અધિક ભાવ છે=ઘણાં દેડકાં પેદા થવાથી દેડકાંની ક્રિયા અધિક થાય છે. એ રીતે વચનબાધાથી યુક્ત=શાસ્ત્રવચનની બાધાથી યુક્ત, એવી કાયક્રિયા વડે, તેવા પ્રકારના અનુષ્ઠાનથી અભિવ્યંગ્ય=અભિવ્યક્ત થતો એવો, દોષક્ષય અક્ષય જ છે; કેમ કે જન્માંતરાદિ નિમિત્તના યોગથી તેનો=તે રાગાદિ દોષોનો અધિક ભાવ છે. 'इति' ગાથાના પૂર્વાર્ધના કથનની સમાપ્તિમાં છે.

તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે –

"ક્રિયામાત્રથી કર્મક્ષય દેડકાના ચૂર્ણ જેવો છે, અને ભાવનાથી વળી तद्भस्मवत्=દેડકાના ચૂર્ણની ભસ્મ જેવો છે." 'इत्यादि' થી આવા જ અન્ય વક્તવ્યનો સંગ્રહ કરવો.

આ=દેડકાના ચૂર્ણનું કથન, અપથ્ય દ્રવ્યના યોગ વડે વેદનાના ક્ષયનું ઉપલક્ષણ છે. एवं=એ રીતે (ते चेव=તે જ) દોષો ભાવનાથી=વચનગર્ભચિત્તવૃત્તિથી, ક્ષપિત થયેલા જાણવા.

અહીં 'खविआ' શબ્દની ગાથાના પૂર્વાર્ધમાંથી અનુવૃત્તિ છે, તે બતાવવા માટે ટીકામાં 'क्षपिता इति वर्तते' એમ કહેલ છે.

અને કેવા પ્રકારના વિશિષ્ટ ક્ષપિત દોષો જાણવા ? એથી કહે છે – तच्छारसदृशाः= મંડુકભસ્મતુલ્ય છે; કેમ કે ફરી અભાવ છે.

ही=જે કારણથી अत्र=અહીં=રાગાદિ દોષના નાશમાં ભાવના અગ્નિ તુલ્ય વર્તે છે, અને આ=

**ભાવના, વચનનિમિત્ત જ છે=ભગવાનના વચનથી નિયંત્રિત જ છે, એથી વચનપૂર્વકની ક્રિયાથી મંડુકચૂર્ણની ભસ્મ જેવો દોષોનો નાશ થાય છે, એ પ્રકારે અન્વય છે.**

**તદ્=તે કારણથી=ભાવનાથી મંડુકચૂર્ણની ભસ્મ સદૃશ દોષક્ષય થાય છે તે કારણથી,** "આના વડે જ=ભાવના વડે જ યુક્ત એવો યોગી અશુભનો સમ્યક્ ક્ષપક જાણવો." **એ પ્રમાણે આને=ગાથા-૮૫માં કહેલ કથનને, અનુપાતિજ=અનુસરનાર જ, આ છે=ગાથા-૮૬નું કથન છે, એ પ્રમાણે પરિભાવન કરવું.**

**એ પ્રમાણે પ્રથમ ગાથાનો અર્થ છે=ચાર ગાથાના એક પ્રઘટ્ટક પૈકીની પ્રથમ ગાથા-૮૬નો અર્થ છે. ॥૮૬॥**

❖ 'चतस्रोऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે એક કે બે ગાથા નહીં, પરંતુ ચારે પણ ગાથા એક વક્તવ્યથી પ્રતિબદ્ધ છે.

❖ 'प्रावृजादि' અહીં 'आदि' થી તેવા પ્રકારનું દેડકાં પેદા થવાને અનુકૂળ ભેજવાળા વાતાવરણનું ગ્રહણ કરવું.

❖ 'जन्मांतरादि' અહીં 'आदि' થી ભોગસામગ્રીનું ગ્રહણ કરવું.

❖ 'एतदनुपात्येव एतदिति परिभावनीयम्' માં પ્રથમ 'एतद्' પદ દ્વિતીયા એકવચન છે અને ગાથા-૮૫ના પૂર્વાર્ધનું દર્શક છે, અને દ્વિતીય 'एतद्' પદ પ્રથમા એકવચન છે અને ગાથા-૮૬નું દર્શક છે.

**નોંધ :-** (૧) ટીકામાં 'प्रावृजादिनिमित्तयोगतः' કહ્યું, ત્યાં સંસ્કૃતમાં 'प्रावृष्' શબ્દ છે. તેથી અહીં प्रावृषादि હોવું જોઈએ અથવા 'प्रावृड्जादि' શબ્દ હોવો જોઈએ; કેમ કે 'प्रावृड्ज'='વર્ષાઋતુમાં પેદા થનાર વાતાવરણ' એવો અર્થ ગ્રહણ થઈ શકે, પાઠ ઉપલબ્ધ નથી.

(૨) શ્લોકમાં તે ચેવ પાઠ છે તેને જ સ્પષ્ટ કરવા માટે ટીકામાં एवं दोषाः પાઠ છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાળાની માન્યતા અનુસાર કહે છે કે આગમની બાધાથી કરાતી ક્રિયામાં અસદ્ભાવ વર્તતો હોય છે, તેથી તેવી ક્રિયાઓ ભાવશૂન્ય ક્રિયાઓ છે. કદાચ તે ક્રિયા કરનાર જીવ ક્રિયામાં અત્યંત ઉપયોગવાળો હોય, કદાચ બાહ્ય આચાર સારા પાળતો હોય, તોપણ તે ક્રિયાઓ ભાવશૂન્ય છે; અને યથાતથા કરતો હોય તોપણ તે ક્રિયાઓ ભાવશૂન્ય છે. તેનું યોજન સ્વમતાનુસાર આ પ્રમાણે છે –

જેમ કે કોઈ સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ગીતાર્થ ગુરુને છોડીને નિર્દોષ ભિક્ષા અર્થે એકાકી વિચરતા હોય અને માસક્ષમણાદિના પારણે માસક્ષમણાદિ તપ કરતા હોય, નિર્દોષ ભિક્ષામાં પૂરો યત્ન કરતા હોય, તોપણ ભગવાનના વચનાનુસાર ચાલવાની મનોવૃત્તિ નહીં હોવાથી તેમની તે ક્રિયાઓ ભગવાનના વચન પ્રત્યેના બદ્ધરાગરૂપ ભાવથી શૂન્ય છે.

વળી કેટલાક સાધુઓ સમુદાયમાં રહેતા હોય, તોપણ "બાહ્યક્રિયાઓ ભગવાનના વચનાનુસાર કરીને મારે સંપન્ન થવું છે" તેવી મનોવૃત્તિ ન હોય, અને માત્ર જે રીતે પોતાને અનુકૂળ હોય તે રીતે યથાતથા તે ક્રિયાઓ કરતા હોય, અને ભગવાનના વચનાનુસાર લેશ પણ યત્ન ન કરતા હોય, તો તેઓની ક્રિયાઓ

પણ ભાવશૂન્ય ક્રિયાઓ છે; અને તેવી ક્રિયાઓ કરવાથી જોકે ક્રિયાકાળમાં રાગાદિ દોષો ક્ષપિત થાય છે, કેમ કે નિર્દોષ ભિક્ષાની ગવેષણા આદિ ક્રિયાઓ સાક્ષાત્ રાગાદિને પ્રતિકૂળ યત્નસ્વરૂપ છે, તોપણ તે રાગાદિ દોષોનો ક્ષય મંડુકચૂર્ણ જેવો છે અર્થાત્ દેડકાંઓ મરી ગયા પછી તેનાં ક્લેવરોનું ચૂર્ણ પડ્યું હોય તેવો છે. આવું દેડકાનું ચૂર્ણ પડ્યું હોય ત્યારે તે ચૂર્ણ અવસ્થામાં દેડકાંઓની કૂદાકૂદની ક્રિયા દેખાતી નથી, તોપણ વરસાદ આદિ નિમિત્તને પામીને તે ચૂર્ણમાંથી ઘણાં દેડકાંઓ પેદા થઈ જવાથી દેડકાંઓની કૂદાકૂદની ક્રિયા અધિક દેખાય છે.

તે રીતે ભાવશૂન્ય ક્રિયા વડે નિર્દોષ ભિક્ષાદિમાં જે સાધુ યત્ન કરે છે, તેવા અનુષ્ઠાનથી થનારો રાગાદિનો ક્ષય પણ પરમાર્થથી અક્ષય છે; કેમ કે નિર્દોષ ભિક્ષા આદિ પ્રવૃત્તિ રાગાદિને પ્રતિકૂળ હોવાથી તેના સેવનકાળમાં કષાયોની અપ્રવૃત્તિ હોવા છતાં જન્માંતરની પ્રાપ્તિ થશે ત્યારે ભાવશૂન્ય ક્રિયાથી બંધાયેલા તે તુચ્છ પુણ્યથી પ્રાપ્ત થયેલા ભોગોથી પૂર્વ કરતાં પણ અધિક રાગાદિ ભાવો પ્રગટ થશે. તેનું કારણ એ છે કે તે સાધકને વીતરાગતા પ્રત્યે તેવો બદ્ધરાગ નથી, આથી વીતરાગના વચનાનુસાર ક્રિયા કરવામાં ઉપેક્ષા કરે છે. તેને વીતરાગ પ્રત્યે અને વીતરાગના વચન પ્રત્યે ઉપેક્ષાભાવરૂપ અનાદરબુદ્ધિ છે. વળી ભગવાન પ્રત્યે અને ભગવાનના વચન પ્રત્યેની અનાદરબુદ્ધિ મહાપાપ છે, વિપર્યાસ છે. તેથી જન્માંતરમાં ભોગાદિ સામગ્રી પ્રાપ્ત થાય છે ત્યારે, વિપર્યાસ થવાથી અધિક રાગાદિની પ્રાપ્તિ થવાના કારણે દુરંત સંસારનું કારણ બનશે. માટે ભાવશૂન્ય ક્રિયાથી થતો દોષક્ષય પરમાર્થથી દોષક્ષય નથી.

વળી ભગવાનના વચન અનુસાર કરાયેલી ભાવના અગ્નિ જેવી છે. જેમ અગ્નિથી દેડકાંનું ચૂર્ણ ભસ્મરૂપે થાય છે, તેમાંથી ફરી દેડકાં પેદા થઈ શકતાં નથી; તેમ ભગવાનના વચનના અહોભાવથી થયેલી ક્રિયાથી થયેલા દોષના ક્ષયમાં ફરી તે દોષ પેદા કરવાની શક્તિ નથી. આથી ભગવાનના વચનાનુસાર સંયમ પાળીને જ્યારે દેવભવ આદિની પ્રાપ્તિ થાય છે, ત્યારે ત્યાં ભોગની વિપુલ સામગ્રી પ્રાપ્ત થાય છે, છતાં રાગાદિ એવા ઊઠી શકતા નથી કે જે યોગમાર્ગનો નાશ કરે અને દુરંત સંસારનું કારણ બને. એટલું જ નહિ, પરંતુ તે દેવભવમાં પણ દેવભવની શક્તિ અનુસાર રાગાદિના ઉચ્છેદમાં યત્ન વર્તે છે, તેથી દેવભવ પછી પણ મનુષ્યભવ પામીને રાગાદિના ઉચ્છેદમાં પૂર્વ કરતાં અધિક યત્ન થાય છે, જે ક્રમે કરીને સંપૂર્ણ રાગાદિના ઉચ્છેદ દ્વારા મોક્ષનું કારણ બને છે.

આથી પ્રસ્તુત ગાથા-૮૬નું બૌદ્ધદર્શનનું આ કથન, ગ્રંથકારે ગાથા-૮૫માં કહેલ કે "ભાવના વડે યુક્ત એવો યોગી અશુભ કર્મોની સમ્યક્ ક્ષપણા કરે છે," તે કથનને અનુસરનારું છે. તેથી ગ્રંથકારે જે કથન કર્યું તે શબ્દમાત્રથી જુદું છે, પરંતુ અર્થથી એક અર્થને બતાવનારું છે.

અહીં "ક્રિયામાત્રથી થતો કર્મક્ષય દેડકાના ચૂર્ણ જેવો છે" તેમ કહીને ઉપલક્ષણથી એ બતાવેલ છે કે ક્રિયામાત્રથી થતો કર્મક્ષય અપથ્ય દ્રવ્યના યોગથી વેદનાના ક્ષય જેવો છે.

જેમ કોઈ જીવ રોગથી પીડાતો હોય અને તે પીડાના શમન માટે અપથ્ય દ્રવ્યનો ઉપયોગ કરે ત્યારે, તે અપથ્ય ભોજનથી પણ ક્ષણભર પીડા શાંત થાય, તોપણ જેમ જેમ તે અપથ્ય ભોજન દેહમાં વિપરીતરૂપે

પરિણમન પામતું જાય, તેમ તેમ પૂર્વ કરતાં અધિક વેદનાને પેદા કરે છે. તે રીતે ભગવાનના વચનથી નિરપેક્ષ કરાતી ક્રિયાઓ ક્ષણભર તુચ્છ દેવભવની શાતા પેદા કરાવે, તોપણ અધિક રાગાદિના ઉદયને કરાવીને વિડંબનાનું કારણ બને છે. **॥૮૭॥**

**ટીકા :-**

**'एवं' 'पुण्यमपि' 'द्विधा'=द्विप्रकारम् । कथम्? इत्याह - 'मृण्मय-कनककलशोपमं' 'भणितम्'=एकं मृण्मयकलशोपमं क्रियामात्रजन्यमफलं, सत् तत्फलदानस्वभावं वा, अन्यत् कनककलशोपमं विशिष्टभावनाजन्यं तथातथाफलान्तरसाधनेन प्रकृष्टफलजनकस्वभावमित्येतद् भणितम् 'अन्यैरपि' - सौगतैः** -"द्विविधं हि भिक्षवः ! पुण्यम्-मिथ्यादृष्टिजं सम्यग्दृष्टिजं च। अपरिशुद्धमाद्यम्, फलं प्रति मृद्घटसंस्थानीयम् । परिशुद्धमुत्तरम्, फलं प्रति सुवर्णघटसंस्थानीयम्" **इति वचनात् 'इह मार्गे'=योगधर्ममार्गे । 'नामविपर्यासभेदेन'=अभिधानभेदेन, एतदपि "इतरस्य बन्धकः तथा सुखेनैव मोक्षगामीति" (गा.८५) एतदनुपाति तत्त्वतः । इति द्वितीय गाथार्थः ।।८७।।**

**ટીકાર્થ :-**

**एवं पुण्यमपि ..... इति द्वितीय गाथार्थः ।।८७।। આ રીતે=ગાથા-૮૬માં બે પ્રકારનો દોષક્ષય બતાવ્યો એ રીતે, પુણ્ય પણ બે પ્રકારનું છે. કેવી રીતે ? એથી કહે છે –**

**માટીના કળશની ઉપમાવાળું અને સુવર્ણના કળશની ઉપમાવાળું કહેવાયું છે.**

તેને જ સ્પષ્ટ કરે છે –

**(૧) એક માટીના કળશની ઉપમાવાળું ક્રિયામાત્રજન્ય પુણ્ય અફળ છે, અથવા સત્=વિદ્યમાન છતું, તેના ફળના દાનસ્વભાવવાળું છે=પુણ્યના ફળને દેવાના સ્વભાવવાળું છે. (૨) બીજું સુવર્ણના કળશની ઉપમાવાળું વિશિષ્ટભાવનાજન્ય પુણ્ય તે તે પ્રકારના ફલાંતર સાધન વડે=પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક પુણ્યાનુબંધીપુણ્યના સંચયરૂપ ફલાંતરની સિદ્ધિ અર્થાત્ નિષ્પત્તિ વડે, પ્રકૃષ્ટ ફળજનક સ્વભાવવાળું છે=મોક્ષને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું છે, એ પ્રમાણે આ=પુણ્ય, અન્ય વડે પણ=સૌગત વડે પણ, કહેવાયું છે; કેમ કે** "હે ભિક્ષુઓ ! (૧) મિથ્યા એવી દૃષ્ટિથી=મિથ્યાદર્શનથી પેદા થયેલું અને (૨) સમ્યગ્ એવી દૃષ્ટિથી=સમ્યગ્દર્શનથી પેદા થયેલું, બે પ્રકારનું પુણ્ય છે. આદ્ય=મિથ્યા એવી દૃષ્ટિથી પેદા થયેલું, અપરિશુદ્ધ છે, ફળ પ્રતિ માટીના ઘટસંસ્થાનીય છે=માટીના ઘટના આકારવાળું છે. બીજું=સમ્યગ્ એવી દૃષ્ટિથી પેદા થયેલું, પરિશુદ્ધ છે, ફળ પ્રતિ સુવર્ણના ઘટના આકારવાળું છે." **એ પ્રકારનું વચન છે.**

અહીં પ્રશ્ન થાય કે બે પ્રકારનું પુણ્ય અન્ય વડે ક્યાં કહેવાયું છે ? એથી કહે છે –

**આ માર્ગમાં=યોગધર્મ માર્ગમાં, બે પ્રકારનું પુણ્ય બૌદ્ધ વડે કહેવાયું છે, એમ અન્વય છે.**

બે પ્રકારનું પુણ્ય કેવી રીતે કહેવાયેલું છે ? તેને સ્પષ્ટ કરે છે –

**નામવિપર્યાસના ભેદથી=અભિધાનના ભેદથી અર્થાત્ જૈનશાસનમાં જેને પાપાનુબંધીપુણ્ય અને**

**પુણ્યાનુબંધીપુણ્ય કહેવાય છે, તે પુણ્યને અનુક્રમે માટીના ઘટની ઉપમાવાળું અને સુવર્ણના ઘટની ઉપમાવાળું બૌદ્ધો કહે છે, એ રૂપ અભિધાનભેદથી, બે પ્રકારનું પુણ્ય કહેવાયેલું છે.**

**આ પણ=બૌદ્ધનું આ બે પ્રકારના પુણ્યનું કથન પણ, "ઈતરનો=શુભ કર્મનો બંધક, તે પ્રકારે સુખથી જ=સુખપરંપરાથી જ, મોક્ષગામી છે" એ પ્રમાણે આને=ગાથા-૮૫માં કહેલ કથનને, તત્ત્વથી અનુપાતિ છે=અર્થથી અનુસરનારું છે.**

**એ પ્રમાણે બીજી ગાથાનો અર્થ છે=ચાર ગાથાના એક પ્રઘટ્ટક પૈકીની ગાથા-૮૭નો અર્થ છે. ॥૮૭॥**

❖ 'पुण्यमपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે જેમ દોષક્ષય બે પ્રકારનો છે, તેમ પુણ્ય પણ બે પ્રકારનું છે.

❖ एतदपि "इतरस्य बन्धकः तथा सुखेनैव मोक्षगामीति" एतदनुपाति तत्त्वतः । આ વાક્યમાં પ્રથમ 'एतद्' પ્રથમા એકવચન છે અને દ્વિતીય एतद् દ્વિતીયા વિભક્તિનું એકવચન છે.

**ભાવાર્થ :-**

ગાથા-૮૫માં ગ્રંથકારે બતાવ્યું કે કોઈ દેશવિરતિધર કે સર્વવિરતિધર પૂર્વમાં બતાવેલ એ રીતે ભાવનામાં યત્ન કરે, તો પુણ્યાનુબંધીપુણ્યનો બંધ કરીને તે પ્રકારે સુખે સુખે મોક્ષે જાય છે. તે કથનને અનુસરનાર બૌદ્ધદર્શનનું કથન પ્રસ્તુત ગાથામાં બતાવેલ છે. બૌદ્ધદર્શનવાળા કહે છે કે "એક પુણ્ય માટીના ઘડાની ઉપમા જેવું છે અને બીજું પુણ્ય સુવર્ણના ઘડાની ઉપમા જેવું છે."

માટીના ઘડાની ઉપમાવાળું પુણ્ય ક્રિયામાત્રથી જન્ય છે અર્થાત્ ભાવનાશૂન્ય ક્રિયામાત્રથી જન્ય છે, અને જેમ માટીનો ઘડો ફૂટી જાય પછી તે માટી નકામી છે, તેમ આ પુણ્ય પણ ફળ વગરનું છે; અથવા તો માટીનો ઘડો જ્યાં સુધી વિદ્યમાન હોય ત્યાં સુધી જલધારણરૂપ ફળ આપવાના સ્વભાવવાળો છે, તેમ આ પ્રથમ પ્રકારનું પુણ્ય વિપાકમાં આવે ત્યારે ફળ આપવાના સ્વભાવવાળું છે, પરંતુ શુભ-શુભતર ફળના પ્રવાહ દ્વારા મોક્ષનું કારણ નથી.

આનાથી એ ફલિત થયું કે જે ક્રિયાઓ આગમનિરપેક્ષ કરવામાં આવે છે, તે ક્રિયાઓ શુભભાવથી સંવલિત હોય તોપણ પરમાર્થથી ભાવશૂન્ય છે; કેમ કે અસદ્ગ્રહના દોષથી દૂષિત એવી માત્ર બાહ્ય રીતે સુંદર દેખાતી તે ક્રિયાઓ છે. માટે તેવી ક્રિયાઓથી બંધાયેલું અસાર પુણ્ય માટીના ઘડાની ઉપમા જેવું છે. જેમ માટીનો ઘડો વિદ્યમાન હોય ત્યારે જલધારણ માટે ઉપયોગી છે, પછી તેનો કોઈ ઉપયોગ નથી; તેમ આવી ક્રિયાથી ઉત્પન્ન થયેલ પુણ્ય વિપાકમાં આવે ત્યારે દેવાદિ ભવની પ્રાપ્તિ કરાવે, તોપણ તે પુણ્ય સમાપ્ત થયા પછી તેનું સુખપરંપરારૂપ કોઈ ફળ નથી, માટે તે અસાર છે.

જ્યારે બીજા પ્રકારનું પુણ્ય વિશિષ્ટ ભાવનાથી જન્ય છે=પૂર્વમાં બતાવેલ વિધિ પ્રમાણે આત્માને તત્ત્વથી ભાવિત કરવા માટે કહેલ ભાવનાથી જન્ય છે, અને તે પુણ્ય સુવર્ણના કળશની ઉપમાવાળું છે; અને આવું પુણ્ય તે તે પ્રકારે સાનુબંધ ફલાંતરની સિદ્ધિ દ્વારા પ્રકૃષ્ટ ફળજનક સ્વભાવવાળું છે અર્થાત્ પ્રકૃષ્ટ ફળરૂપ મોક્ષને પેદા કરવાના સ્વભાવવાળું છે.

આશય એ છે કે જેમ સુવર્ણનો ઘટ વર્તમાનમાં છે તેના કરતાં અધિક સુંદર બનાવવો હોય ત્યારે તે સુવર્ણનો ઘટ તોડીને ફરી તે જ સુવર્ણમાંથી નવો ઘટ બનાવવામાં આવે છે, જે પૂર્વ ઘટ કરતાં અધિક રમ્ય બને છે; તેવી રીતે ભાવનાથી પેદા થયેલું પુણ્યાનુબંધીપુણ્ય સુવર્ણના ઘટની ઉપમાવાળું છે. સુવર્ણનો ઘટ નાશ પામે ત્યારે તે સુવર્ણથી વિશિષ્ટ ઘટ બની શકે છે, તેમ ભાવનાથી પેદા થયેલા પુણ્યાનુબંધીપુણ્યથી દેવભવ મળે છે, અને જ્યારે તે દેવભવ પૂરો થાય છે ત્યારે પૂર્વ કરતાં પણ યોગમાર્ગને અનુકૂળ અધિક સામગ્રી અને શક્તિયુક્ત મનુષ્યભવની પ્રાપ્તિ થાય છે; અને તેના દ્વારા પૂર્વ કરતાં વિશિષ્ટ યોગમાર્ગની નિષ્પત્તિ થાય છે, અને ક્રમે કરીને તે પુણ્ય પ્રકૃષ્ટ એવા મોક્ષફળને ઉત્પન્ન કરનારું બને છે. જેમ સુવર્ણનો ઘટ માટીના ઘટની જેમ પ્રાયઃ સ્વયં ફૂટતો નથી, પરંતુ કોઈક કારણે પૂર્વ કરતાં સારો ઘટ બનાવવો હોય ત્યારે તેને તોડીને નવો ઘટ બનાવવા માટે યત્ન થાય છે; તેમ ભાવનાથી થયેલું પુણ્ય સુવર્ણઘટ જેવું હોવાથી દેવભવમાં ફૂટેલા ઘટ જેવું હોવા છતાં સુવર્ણરૂપે રહેલું છે; કેમ કે સુવર્ણના ઘટ જેવી મનુષ્ય ભવમાં સંયમાદિની ક્રિયા હતી તે દેવભવમાં નથી, તોપણ સુવર્ણસ્થાનીય તત્ત્વનો પક્ષપાત જીવે છે અને દેવભવમાં વિપાકમાં આવેલ તે કર્મ જીવને ઉત્તમ ભોગસામગ્રીની પ્રાપ્તિ કરાવીને આહ્લાદ આપે છે, વળી ઉત્તમ ભાવનાના સંસ્કારો પણ જાગૃત કરે છે, જેથી તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત-સંયમ પ્રત્યેનો પક્ષપાત અત્યંત વર્તે છે. વળી સંચિત થયેલું દેવભવનું પુણ્ય જ્યારે ક્ષીણ થાય છે ત્યારે પણ, દેવભવમાં તત્ત્વના પક્ષપાત અને સંયમના પક્ષપાતથી બાંધેલું પુણ્ય અને ઉત્તમ સંસ્કારો, ઉત્તરના ભવમાં યોગમાર્ગને અનુકૂળ ઘણી ઉત્તમ સામગ્રીયુક્ત અને ઉત્તમ તત્ત્વ પ્રત્યેના પક્ષપાતના સંસ્કારોથી યુક્ત એવો ભવ પ્રાપ્ત કરાવે છે, જે પૂર્વના સુવર્ણના ઘટ કરતાં વિશેષ પ્રકારના સુવર્ણઘટ જેવો છે, અને આ રીતે ઉત્તરોત્તર તે પુણ્ય અધિક અધિક પ્રાપ્ત થઈને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે.

અહીં વિશેષ એ છે કે ભાવનાઓના ભાવનથી પેદા થયેલું પુણ્ય આત્મામાં પુણ્યપરમાણુરૂપે રહે છે, અને ભાવનાના સંસ્કારો આત્મામાં ક્ષયોપશમભાવરૂપે રહે છે; અને જ્યારે તે પુણ્ય દેવભવમાં વિપાકમાં આવે છે ત્યારે પણ તે ભાવનાના સંસ્કારો નાશ થતા નથી, ફક્ત દેવભવને કારણે સંયમનો પરિણામ પ્રગટ થતો નથી, તોપણ સંયમ પ્રત્યેનો અને નિર્લેપ દશા પ્રત્યેનો બદ્ધરાગ અત્યંત જીવંત રહે છે; અને આથી દેવભવને અનુરૂપ જિનભક્તિ આદિ કૃત્યો કરતી વખતે તે ભાવો પ્રકર્ષથી ખીલે છે, અને ભોગાદિ કરે છે ત્યારે પણ ભાવનાના સંસ્કારો પ્રબળ હોવાથી યોગમાર્ગ પ્રત્યેનો રાગ મ્લાન થતો નથી. તેથી ભોગકાળમાં પણ યોગમાર્ગની પ્રાપ્તિને અનુકૂળ નવું પુણ્ય સંચિત થાય છે, અને તે પુણ્ય વિપાકમાં આવે છે ત્યારે મનુષ્યાદિ ભવને આપીને યોગમાર્ગ પ્રત્યેના રાગના સંસ્કારો વિશેષથી જાગૃત કરે છે, અને યોગમાર્ગના સેવનને અનુકૂળ એવો મનુષ્યભવ હોવાથી તે પુણ્યના ઉદયથી યોગમાર્ગના સેવનના સંસ્કારો અત્યંત જાગૃત થયેલા હોવાથી પૂર્વ કરતાં અધિક સંયમની નિષ્પત્તિનું કારણ બને છે. ॥૮૭॥

**ટીકા :-**

**'तथा कायपातिनः', 'न पुनश्चित्तमधिकृत्य' पातिनः 'बोधिसत्त्वाः'=बोधिप्रधानाः प्राणिन इति 'भवन्ति' ।**

**'तथाभावनातः'** संकाशाद् **'आशययोगेन'** चित्तगाम्भीर्यलक्षणेन **'शुद्धा(श)या'** इति । **तथा चार्षम्** - "कायपातिनो हि बोधिसत्त्वाः, न चित्तपातिनः, निराश्रवकर्मफलमेतत्" । **इति तृतीय गाथार्थः** ।।८८।।

**ટીકાર્થ :-**

**तथा कायपातिनः ..... इति तृतीय गाथार्थः ।।८८।। અને બોધિ છે પ્રધાન જેમાં એવા પ્રાણીઓ એ બોધિસત્ત્વો, કાયપાતિ હોય છે, ચિત્તને આશ્રયીને પાતિ નથી.**

**તેવા પ્રકારની ભાવનાથી=પૂર્વમાં બતાવ્યું તે પ્રમાણે શાસ્ત્રાનુસારી ભાવનાથી, ચિત્તમાં ગાંભીર્યલક્ષણ આશયયોગના કારણે=ગંભીરતાપૂર્વક તત્ત્વને જોવાના આશયયોગને કારણે, શુદ્ધ આશયવાળા છે=ભોગથી પર થવાને અનુકૂળ વિશુદ્ધ પરિણતિવાળા છે એથી, ચિત્તપાતિ નથી, પણ કાયપાતિ છે, તેમ અન્વય છે; અને તે રીતે=તે પ્રકારે=બોધિસત્ત્વ ચિત્તપાતિ નથી, પણ કાયપાતિ છે તે પ્રકારે, આર્ષ છે=બૌદ્ધોનો પાઠ છે –**

"કાયપાતિ જ બોધિસત્ત્વો છે, ચિત્તપાતિ નથી. નિરાશ્રવ કર્મફળ આ છે=નિરાશ્રવ કર્મ અર્થાત્ નિરાશ્રવ એવી સંયમની ક્રિયા છે ફળ જેને એવું આ=બોધિસત્ત્વનું ભોગકૃત્ય છે." **એ પ્રમાણે તૃતીય ગાથાનો અર્થ છે=ચાર ગાથાના એક પ્રઘટ્ટક પૈકીની ગાથા-૮૮નો આ અર્થ છે. ।।૮૮।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાળાએ પૂર્વમાં કાયાની ક્રિયાથી કર્મનાશ અને ભાવનાથી કર્મનાશ કેવો જુદા જુદા પ્રકારનો થાય છે તે બતાવ્યું. ત્યારપછી કાયક્રિયાથી બંધાતું પુણ્ય અને ભાવનાથી બંધાતું પુણ્ય કેવું છે, તે બતાવ્યું. હવે જેઓએ પૂર્વોક્ત ભાવનાથી આત્માને વાસિત કર્યો છે એવા બૌદ્ધમતાનુસાર બોધિસત્ત્વો= સમ્યગ્દૃષ્ટિ જીવો, ભોગાદિ ક્રિયાઓ કરે છે ત્યારે પણ કેવા છે ? તે બતાવવા અર્થે કહે છે –

સમ્યગ્બોધ છે પ્રધાન જેનામાં એવા પ્રાણીઓ (જીવો) ભોગાદિ કરે છે ત્યારે કાયપાતિ છે, પરંતુ ચિત્તને આશ્રયીને ભોગાદિમાં સંશ્લેષવાળા નથી. તેનો અર્થ સ્વમતાનુસાર આ પ્રમાણે થાય –

બોધિસત્ત્વો સમ્યગ્દૃષ્ટિ જીવોને ભોગની ઈચ્છા થાય છે તે ચિત્તથી થાય છે, અને ભોગકાળમાં ચિત્ત ભોગક્રિયા સાથે સંલગ્ન પણ હોઈ શકે, તોપણ તેઓ ચિત્તથી પાતિ નથી; કેમ કે તેઓને તત્ત્વનો બોધ હોય છે, તેથી સંપૂર્ણ ઉપદ્રવ વગરના નિરાકુળ એવા શુદ્ધ આત્મા પ્રત્યે તેમને પક્ષપાત છે અને તેને પ્રગટ કરવો તે જ જીવનું એકાંતે હિત છે તેવી સ્થિર બુદ્ધિ છે; તોપણ તેમને ભોગઆપાદક અવિરતિ કર્મ વિપાકમાં આવે છે અને ભોગની ઈચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે પણ તેમનામાં રહેલો સમ્યગ્બોધ ભગવાનના વચનને યાદ કરાવે છે. તેથી વિચારે છે કે 'ભગવાને વિષયોને "सल्लं कामा विसं कामा" એમ બતાવીને વિષયોથી નિવર્તન પામવાનું કહ્યું છે.' આ વિચારણાથી ચિત્ત નિવર્તન પામી જાય તો સમ્યગ્દૃષ્ટિ ભોગમાં પ્રવૃત્તિ કરે નહીં; પરંતુ આટલી વિચારણાથી પણ ભોગની ઈચ્છા શાંત ન થાય તો તે ઈચ્છાના ઉપદ્રવને શમાવવાના અનન્ય ઉપાયરૂપે ભોગમાં તે રીતે પ્રવૃત્તિ કરે કે જેથી ઉત્પન્ન થયેલી તે ઈચ્છા શીઘ્ર શમન પામે; અને તેવી ઈચ્છા

શમન થઈ જાય કે તરત ભોગક્રિયાથી પરાઙ્મુખ થઈને પોતાના લક્ષ્યરૂપ શુદ્ધ ભાવોને પ્રગટ કરવા માટે પ્રયત્ન કરે. તેથી ભોગકાળમાં ચિત્ત ભોગની ઈચ્છાવાળું હતું અને ભોગની રતિને પણ અનુભવતું હતું, તોપણ ભોગથી દૂર થવાના યત્નવાળું પણ હતું. તેથી ચિત્તમાં ભોગનો સંશ્લેષ નથી, પરંતુ ભોગથી પર અવસ્થાનો સંશ્લેષ છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવોને=બોધિસત્ત્વોને કાયપાતિ કહ્યા છે અને ચિત્તપાતિ કહ્યા નથી. વળી તેમાં યુક્તિ બતાવે છે કે –

'તે પ્રકારની ભાવનાથી તેમને એવો આશયયોગ પ્રગટે છે કે જેથી તેઓ શુદ્ધ આશયવાળા છે' એમ કહ્યું. તેનો આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવોએ પોતાને સતાવતા રાગાદિ ભાવોના પ્રતિપક્ષને ભાવન કરીને આત્મામાં એવો આશય પ્રગટાવ્યો છે કે જેથી ચિત્ત ગંભીરતાપૂર્વક ભોગના તત્ત્વને જોઈ શકે, અને ભોગની અનર્થરૂપતા અને ભોગકાળમાં વર્તતી પોતાની ઈચ્છાની આકુળતાને આકુળતારૂપે જોઈ શકે, પરંતુ આ ઈચ્છા સુખનું સાધન છે તેમ જોતા નથી; અને ઈચ્છાની વ્યાકુળતાને શમાવવા માટે ભોગમાં યત્ન કરે તોપણ ઈચ્છાને બહેકાવવા માટે યત્ન કરતા નથી. તેથી ભોગક્રિયા દ્વારા પણ ઈચ્છાનું શમન કરીને સ્વાસ્થ્યરૂપ આરોગ્યને પામે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો=બોધિસત્ત્વો, જ્યારે ભોગની ઈચ્છાથી વિહ્વળ નથી ત્યારે તો ઉપરોક્ત રીતે યોગમાર્ગમાં યત્ન કરીને ચિત્તના સ્વાસ્થ્યને પ્રાપ્ત કરે છે; પરંતુ ભોગની ક્રિયા કરે છે ત્યારે પણ ઈચ્છાના શમનમાં યત્ન કરે છે, અને ઈચ્છાનું શમન કરીને ઈચ્છાથી પર થવામાં યત્ન કરે છે. માટે બોધિસત્ત્વો=સમ્યગ્દૃષ્ટિ જીવો, શુદ્ધ આશયવાળા છે. તેથી ભોગ કરે છે ત્યારે પણ કાયપાતિ છે ચિત્તપાતિ નથી, અને ભોગ કરતા નથી ત્યારે તો કાયપાતિ પણ નથી અને ચિત્તપાતિ પણ નથી.

ટીકામાં બૌદ્ધદર્શનનો સાક્ષીપાઠ આપ્યો, તેમાં કહ્યું કે બોધિસત્ત્વનું કૃત્ય નિરાશ્રવ કર્મફળવાળું છે. તેનાથી સ્વમતાનુસાર એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવો જે ભોગાદિ કૃત્યો કરે છે, તે કૃત્યોનું ફળ નિરાશ્રવ એવું સંયમ છે; કેમ કે ભોગકાળમાં પણ ભોગની ઈચ્છાના ઉચ્છેદ અર્થે તેમનો પ્રયત્ન છે. આથી ઈચ્છા થતાંની સાથે "सल्लं कामा विसं कामा" આદિનું સ્મરણ કરીને ઈચ્છાના ઉચ્છેદ માટે યત્ન કરે છે; છતાં તે રીતે પણ ઈચ્છાનો ઉચ્છેદ થતો નથી, ત્યારે ઈચ્છાના ઉચ્છેદના અનન્ય ઉપાયરૂપ ભોગમાં પ્રવૃત્તિ કરીને ઈચ્છાના શમનમાં યત્ન કરે છે. તેથી ઈચ્છાઓના અભાવરૂપ જે નિરાશ્રવભાવ છે, તે નિરાશ્રવભાવને અનુકૂળ એવી ક્રિયાને પ્રાપ્ત કરાવનાર એવું બોધિસત્ત્વોનું કૃત્ય છે.

જેમ પરમશ્રાવક ભરત મહારાજાએ ચક્રવર્તીના ભવમાં અનેક ભોગો ભોગવ્યા, અને યુદ્ધ માટે ગયા ત્યારે પણ ગંગાદેવી સાથે હજાર વર્ષ સુધી રહીને ભોગો ભોગવ્યા; તોપણ ભૂતકાળના સંયમથી નિષ્પન્ન થયેલ ઉત્તમ ભાવોથી વાસિત ચિત્ત હોવાને કારણે ચિત્ત તત્ત્વને જોનારું છે, તેથી નિમિત્ત મળતાં સાપ કાંચળીને ઉતારે તેમ સર્વ ભોગોથી પર થઈ વીતરાગ બન્યા અને સુખે સુખે મોક્ષે ગયા. **II૮૮II**

**ટીકા :-**

**एवमादि, आदिशब्दाद् विजया-ऽऽनन्द-सत्क्रियाऽक्रियासमाधयः, प्रवृत्तादीनाम् तथा वितर्कचारु क्षुभितं**

प्रथमम्, प्रीत्युत्प्लावितमानसं द्वितीयम्, सुखसङ्गतमातुरं तृतीयम्, प्रशमैकान्तसुखं चतुर्थमेतत् इत्यादि प्रगृह्यते ।

**ટીકાર્થ :-**

**एवमादि..... इत्यादि प्रगृह्यते । 'एवमादि' માં 'आदि' શબ્દથી વિજય સમાધિ, આનંદ સમાધિ, સત્ક્રિયા સમાધિ અને અક્રિયા સમાધિ ઈત્યાદિ ગ્રહણ કરાય છે.**

વિજયાદિ સમાધિનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે :-

**(૧) વિજય સમાધિ :- પ્રવૃત્તઆદિયોગીનું તે પ્રકારે વિતર્કથી સુંદર ક્ષુભિત ચિત્ત પ્રથમ ચિત્ત છે, જે વિજય સમાધિ છે.**

**(૨) આનંદ સમાધિ :- પ્રવૃત્તઆદિયોગીનું પ્રીતિથી ઉત્પ્લાવિતમાનસ=ભાવનાઓથી ભાવિત હોવાને કારણે ધર્મ અનુષ્ઠાનોમાં પ્રીતિથી ઉલ્લસિત થયેલું માનસ, બીજું ચિત્ત છે, જે આનંદ સમાધિ છે.**

**(૩) સત્ક્રિયા સમાધિ :- પ્રવૃત્તઆદિયોગીનું સુખસંગત આતુર ચિત્ત ત્રીજું ચિત્ત છે, જે સત્ક્રિયા સમાધિ છે.**

**(૪) અક્રિયા સમાધિ :- પ્રશમએકાંતસુખવાળું ચોથું આ=ચિત્ત છે, જે અક્રિયા સમાધિ છે.**

❖ 'प्रवृत्तादीनाम्' અહીં 'आदि' થી ઘટમાન યોગીનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

આ ગાથામાં 'एवमादि' કહ્યું ત્યાં 'एवं' શબ્દ ગાથા-૮૬-૮૭-૮૮ના કથનને બતાવે છે અને 'आदि' શબ્દ વિજયાદિ ચાર સમાધિને બતાવે છે. તેથી એ પ્રાપ્ત થયું કે પ્રવૃત્ત યોગી અને ઘટમાન યોગી પૂર્વમાં વર્ણન કર્યું તેવા પ્રકારની ભાવનાઓ કરે છે ત્યારે, તેમની ભાવનાના ભાવનથી દેડકાના ચૂર્ણની ભસ્મ જેવો દોષનો ક્ષય થાય છે અને સુવર્ણ ઘટ જેવું પુણ્ય બંધાય છે, અને આ ભાવનાથી ભાવિત યોગી કાયપાતિ હોય છે ચિત્તપાતિ હોતો નથી. આટલા અર્થનો પરામર્શ 'एवं' શબ્દથી થયો, અને 'आदि' શબ્દથી જે વિજયાદિ ચાર સમાધિ બતાવી, તેનો પરામર્શ થયો.

**વિજયાદિ સમાધિનું સ્વરૂપ આ પ્રમાણે છે :-**

**(૧) વિજયસમાધિ :-** પ્રવૃત્ત યોગી કે ઘટમાન યોગી ભાવનાઓથી આત્માને નિષ્પન્ન કરે છે ત્યારે પ્રથમ વિજયસમાધિ મેળવે છે. તેમાં સંસારના ભોગાદિના વિતર્કો બંધ થાય છે અને આત્મકલ્યાણને અનુકૂળ વિતર્કો શરૂ થાય છે. તેથી તેને વારંવાર વિચાર આવે છે કે "હું શું ઉચિત પ્રવૃત્તિ કરું કે જેથી આ સંસારનો ક્ષય થાય ?" આવા અનેક વિતર્કોથી તેનું ચિત્ત ક્ષુભિત હોય છે, પણ કોઈ એક ક્રિયામાં સ્થિર પરિણામવાળું નથી હોતું. આવું પ્રથમ પ્રકારનું ચિત્ત વિજયસમાધિ છે; કારણ કે આની પૂર્વે=ભાવનાઓથી ભાવિત થવા પૂર્વે, જ્યારે તે યોગી કાયપાતિ હતા ત્યારે હજુ મોહનો તેવો વિજય થયેલો ન હતો, તેથી ભોગાદિના પણ

વિતર્કો ઊઠતા હતા; તોપણ તે ભૂમિકામાં તેનું ચિત્ત ભોગાદિમાં સંશ્લેષવાળું ન હતું=ચિત્તપાતી ન હતું, છતાં ત્યારે મોહનો વિજય તેવો ન હતો કે જેથી ભોગની ઈચ્છા ન થાય; પરંતુ ભાવનાના ભાવનથી એવું ચિત્ત પ્રગટે છે ત્યારે ભોગની ઈચ્છાથી ચિત્ત પરાઙ્મુખ બને છે, અને મોક્ષને સાધવાને અનુકૂળ ઉત્તમ વિતર્કોથી યુક્ત ચિત્ત બને છે. તેથી આ પ્રકારનું ચિત્ત બનતાં જીવે કંઈક મોહનો વિજય કર્યો છે અને વિશેષ પ્રકારના વિજયનો પ્રારંભ કર્યો છે. તેથી મોહનો વિજય કરવા માટે સમર્થ બને તેવી સમાધિ ચિત્તમાં વર્તે છે, માટે આ ચિત્ત વિજયસમાધિરૂપ છે.

**(૨) આનંદસમાધિ :-** મોહ ઉપર વિજય કરવા માટે સામર્થ્યના સંચયરૂપ વિજયસમાધિ મેળવ્યા પછી પ્રવૃત્તાદિ યોગીઓ તે ભાવનાઓથી ભાવિત થઈ વાસિત થયેલા ચિત્ત વડે સદ્અનુષ્ઠાનમાં પ્રવર્તે છે ત્યારે ઉત્તમ અનુષ્ઠાનમાં પ્રીતિથી ઉત્પ્લાવિત માનસવાળા બને છે, જે આનંદસમાધિરૂપ છે.

આ આનંદસમાધિમાં સાધક ઉત્તમ ક્રિયાઓમાંથી આનંદ મેળવી શકે છે.

જેમ કે ભાવનાથી ભાવિત થયેલા ચિત્તથી ઈરિયાવહિયાની ક્રિયા યતનાપૂર્વક કરતા હોય ત્યારે તે ક્રિયાના બળથી અહિંસાની પરિણતિ પ્રત્યેની પ્રીતિથી ઉત્પ્લાવિત માનસવાળા બને છે. તેથી ચિત્તમાં અત્યંત દયાનો પરિણામ સ્ફુરાયમાન થાય છે જેથી તે ક્રિયામાંથી દયાના ઉત્તમ ભાવનો આનંદ લઈ શકે છે. તેથી આ ચિત્ત આનંદસમાધિરૂપ છે.

**(૩) સત્ક્રિયાસમાધિ :-** આ રીતે ક્રિયાઓમાંથી પણ આનંદ લેતાં લેતાં સાધક શાસ્ત્રોક્ત ક્રિયાઓ સર્વ અંગોથી પરિપૂર્ણ કરી શકે તેવી શક્તિના સંચયવાળા બને છે, ત્યારે તે ક્રિયા કરતી વખતે સ્થાનમાં-ઊર્ણમાં-અર્થમાં અને આલંબનમાં શાસ્ત્રાનુસારી યત્ન કરતા હોય છે; અને તે વખતે શાસ્ત્રાનુસારી ક્રિયા કરીને અમૃતઅનુષ્ઠાનનું સેવન કરે છે. આ રીતે સુખથી સંગત અર્થાત્ સુખથી યુક્ત તે અનુષ્ઠાન બને છે અને ધ્યાનમાં જવા માટે ચિત્ત આતુર હોય છે, માટે આ ચિત્ત સત્ક્રિયાસમાધિરૂપ છે.

**(૪) અક્રિયાસમાધિ :-** સત્ક્રિયાસમાધિ પછી અક્રિયાસમાધિ પ્રગટે છે. જે વખતે સાધક બાહ્યક્રિયાઓ છોડીને ધ્યાનથી સ્થિરતામાં યત્ન કરે છે, તે વખતે પ્રશમનું એકાંત સુખ વર્તે છે; કેમ કે સ્થિરતા એ જીવનો સ્વભાવ છે અને ધ્યાનથી થયેલ સ્થિરતાને કારણે વિશેષ સમતા પ્રગટે છે, તેથી વિશેષ પ્રકારના સમતાના સુખનો અનુભવ કરે છે. તે પ્રશમભાવનું સુખ છે અને ચિત્ત પ્રશાંત હોવાથી એકાંત સુખ છે; કેમ કે અક્રિયા સમાધિરૂપ છે.

**ટીકા :-**

**'तदेवमादि' 'यथोदितभावनाविशेषात् सकाशाद्' 'युज्यते सर्वं'=घटते निरवशेषम्, तत्त्वमधिकृत्य योगवृद्धेः, अधिकृतभावनायाश्च एवंस्वरूपत्वात् ।**

**ટીકાર્થ :-**

**तदेवमादि ..... एवंस्वरूपत्वात् । તે કારણથી=પૂર્વમાં 'एवमादि' માં 'आदि' પદથી શું ગ્રહણ કરવું તે**

**બતાવ્યું તે કારણથી, एवमादि યથોદિત ભાવના વિશેષથી સર્વ=નિરવશેષ, युज्यते=ઘટે છે; કેમ કે તત્ત્વને આશ્રયીને યોગની વૃદ્ધિ છે, અને અધિકૃત ભાવનાનું એવા પ્રકારનું સ્વરૂપપણું છે=તત્ત્વરૂપ સ્વરૂપપણું છે.**

**ભાવાર્થ :-**

ટીકામાં પ્રથમ 'एवमादि' ના 'आदि' પદથી શું ગ્રહણ કરવું, તે બતાવ્યું. હવે ગાથાના પૂર્વાર્ધનો પદાર્થ સ્પષ્ટ કરે છે --

ગાથા-૫૦ થી જે ત્રણ ભાવનાઓ બતાવી, તે ભાવનાઓ જે રીતે ભાવન કરવા કહ્યું, તે રીતે ભાવન કરવામાં આવે અને તે ભાવનાઓ હૃદયને સ્પર્શે તો તે ભાવનાઓથી દોષોનો ક્ષય ગાથા-૮૬માં બતાવ્યું. તે રીતે દેડકાના ચૂર્ણની ભસ્મ જેવો થાય છે, પુણ્ય ગાથા-૮૭માં બતાવેલ સુવર્ણના ઘટ જેવું ઉત્પન્ન થાય છે, અને ચિત્ત કદાચ ભોગ પ્રત્યેની પરિણતિવાળું થાય તોપણ કાયાથી ભોગમાં પ્રવૃત્તિ થાય, ચિત્ત તો ભોગથી પર થવા માટે તત્પર હોય છે. આવી પરિણતિ ભાવનાથી આવે છે. એટલું જ નહીં પણ ક્રમે કરીને વિજયાદિ સમાધિઓ પણ ભાવનાથી પ્રગટે છે; કેમ કે તત્ત્વને આશ્રયીને યોગની વૃદ્ધિ છે.

આત્માને ભાવનાઓથી ભાવિત કરવો તે તત્ત્વ છે, અને જેમ જેમ આત્મા ભાવનાઓથી ભાવિત થાય છે, તેમ તેમ ક્રમે કરીને વિજયાદિ સમાધિઓ પ્રગટે છે અને તે યોગવૃદ્ધિનો પ્રકર્ષ અક્રિયાસમાધિ છે, જેમાં ધ્યાનના બળથી પ્રશમનું એકાંત સુખ પ્રાપ્ત થાય છે અને અંતે જીવ વીતરાગ બને છે.

અહીં અધિકૃત ભાવના તત્ત્વરૂપ છે એમ કહ્યું. તેનો આશય એ છે કે જીવ માટે તત્ત્વ સંવરભાવ છે, અને જેમ જેમ હૃદયસ્પર્શી ભાવનાઓ થાય છે તેમ તેમ સંવરભાવ અતિશયિત થાય છે, અને જેમ જેમ સંવરભાવ અતિશયિત થાય છે તેમ તેમ યોગવૃદ્ધિ થાય છે, જે અંતે વીતરાગતામાં વિશ્રાંત થાય છે.

**ટીકા :-**

**'मुक्ताभिनिवेशं खलु' इति सावधारणं क्रियाविशेषणम्, मुक्ताभिनिवेशमेव 'निरूपयितव्यं' 'स्वबुद्ध्या,' अभिनिवेशस्य तत्त्वप्रतिपत्तिं प्रति शत्रुभूतत्वात्, युक्तेरपि वैतथ्येन प्रतिभासनात् ।**

**उक्तं चात्र -**

"आग्रही बत ! निनीषति युक्तिं तत्र, यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र, तत्र मतिरेति निवेशम् ।।
साध्वसाध्विति विवेकविहीनो लोकपंक्तिकृत उक्तिविशेषः ।
बालिशो भवति नो खलु विद्वान्, सूक्त एव रमते मतिरस्य" ।।

**इत्यलं प्रसङ्गेन । इति चतुर्थगाथार्थः ।।८९।।**

**ટીકાર્થ :-**

**'मुक्ताभिनिवेशं खलु' ..... इति चतुर्थगाथार्थः ।।८९।। અભિનિવેશ વગર જ સ્વબુદ્ધિથી નિરૂપણ કરવું જોઈએ=વિચારવું જોઈએ. અહીં 'खलु' શબ્દ સાવધારણ ક્રિયાવિશેષણ છે. તેથી 'निरूपयितव्यं' ક્રિયાનું જે 'मुक्ताभिनिवेशं' વિશેષણ છે, ત્યાં 'खलु' શબ્દથી 'एवकार' ની પ્રાપ્તિ થાય, અને વિચારવાની ક્રિયાની વિશેષતા મુક્તઅભિનિવેશ વિશેષણ બતાવે છે=અભિનિવેશ વગર જ સ્વબુદ્ધિથી વિચારવું જોઈએ, એ પ્રકારનો અર્થ છે; કેમ કે તત્ત્વના સ્વીકાર પ્રત્યે અભિનિવેશનું શત્રુભૂતપણું છે.**

અભિનિવેશ તત્ત્વના સ્વીકાર પ્રત્યે શત્રુભૂત કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**યુક્તિનું પણ વિતથપણા રૂપે પ્રતિભાસન થાય છે.**

**उक्तं चात्र=અને અહીં=અભિનિવેશને કારણે યુક્તિ વિપરીત ભાસે છે એ વિષયમાં, કહેવાયું છે -**

"ખેદની વાત છે કે જ્યાં આની=આગ્રહીની મતિ=બુદ્ધિ, નિવિષ્ટ છે, ત્યાં આગ્રહી યુક્તિને લઈ જવાની ઈચ્છા કરે છે. વળી પક્ષપાતરહિતની મતિ જ્યાં યુક્તિ છે ત્યાં નિવેશને एति=પામે છે."

"સુંદર કે અસુંદર એ પ્રકારના વિવેકથી રહિત એવો લોકપંક્તિથી કરાયેલી ઉક્તિવિશેષવાળો જીવ બાલિશ હોય છે, નિશ્ચે વિદ્વાન નથી."

કેમ લોકપંક્તિકૃત ઉક્તિવિશેષવાળો વિદ્વાન નથી ? તે બતાવવા માટે કહે છે –

"'આની=વિદ્વાનની, મતિ સુક્તમાં જ=શાસ્ત્રકારોએ કહેલા સુંદર પદાર્થોમાં જ, રમે છે."

**'इति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે. પ્રસંગથી સર્યું=૮૬ થી ૮૯ ગાથારૂપ પ્રાસંગિક કથનથી સર્યું. એ પ્રમાણે ચાર ગાથાના એક પ્રઘટ્ટક પૈકીની ગાથા-૮૯ રૂપ ચોથી ગાથાનો અર્થ છે. ।।૮૯।।**

❖ 'युक्तेरपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે અભિનિવેશવાળાને પોતાની રુચિનું તો વિતથરૂપે ભાસન છે, પરંતુ યુક્તિનું પણ વિતથરૂપે ભાસન છે.

**નોંધ :-** 'लोकपंक्तिकृत उक्ति विशेषः ।' ઉદ્ધરણમાં આ પ્રકારનો પાઠ છે. તે સ્થાને 'लोकपंक्तिकृतोक्तिविशेषः' એ પ્રકારનો પાઠ હોવો જોઈએ, તેમ ભાસે છે.

**ભાવાર્થ :-**

કેટલાક જીવો માત્ર ક્રિયાની રુચિવાળા હોય છે અને ભાવનાઓથી આત્માને ભાવિત કરવા માટે ઉપેક્ષાવાળા હોય છે. તેઓ માને છે કે ભગવાને બતાવેલી આ ક્રિયાઓ કરવાથી મોક્ષ છે, ભાવના તો નિશ્ચયનો વિષય છે અને ભગવાનનું શાસન તો વ્યવહારનયપ્રધાન છે. માટે ક્રિયા કરતાં ભાવો થાય કે ન થાય, પરંતુ ક્રિયામાં યત્ન કરવાથી ભાવો આવશે. આ પ્રકારના અભિનિવેશને કારણે તેઓ ભાવના પ્રત્યે ઉપેક્ષાવાળા હોય છે. તેમને સામે રાખીને ગ્રંથકાર કહે છે –

પૂર્વમાં કહેલી ભાવનાઓના ભાવનથી બૌદ્ધદર્શનવાળાઓએ જે કંઈ કહ્યું છે તે સર્વ જૈનદર્શનથી પણ ઘટે છે=સંગત થાય છે. માટે એકાંત વ્યવહારનયને અવલંબીને માત્ર ક્રિયાના અભિનિવેશને છોડીને

ભાવનામાં પણ યત્ન કરવો જોઈએ, જેથી ઉચિત ક્રિયાઓથી ક્રમે કરીને બૌદ્ધદર્શનવાળાએ કહ્યું તેમ વિજયસમાધિ આદિ પણ સર્વ પ્રગટ થાય. આ પ્રમાણે અભિનિવેશને છોડીને સ્વબુદ્ધિથી વિચારવું જોઈએ; કેમ કે અભિનિવેશ તત્ત્વપ્રાપ્તિ પ્રત્યે શત્રુભૂત છે.

આશય એ છે કે જે લોકોને ક્રિયા પ્રત્યે અભિનિવેશ છે, તેઓ એ જાણતા નથી કે ભગવાને નિશ્ચયનયને લક્ષ્ય કરીને ક્રિયાઓ કરવાનું કહ્યું છે, પણ નિશ્ચયનિરપેક્ષ ક્રિયા કરવાનું કહ્યું નથી. છતાં જેઓ અભિનિવેશને કારણે નિશ્ચયનિરપેક્ષ એવી માત્ર ક્રિયામાં રત રહે છે, તેઓનો વ્યવહારનય પ્રત્યેનો બદ્ધ અભિનિવેશ શુદ્ધવ્યવહારરૂપ તત્ત્વપ્રાપ્તિ પ્રત્યે શત્રુભૂત બને છે. આથી આવા જીવો યથાતથા ક્રિયા કરીને પોતાને કૃતકૃત્ય માને છે, વળી પોતાના અભિનિવેશને કારણે શાસ્ત્રની યુક્તિઓ પણ તેમને વિપરીતરૂપે પ્રતિભાસ થાય છે, તેથી યુક્તિથી પણ તેમને તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

આથી તત્ત્વની પ્રાપ્તિના અર્થીએ વિચારવું જોઈએ કે આ સંસારનો ઉચ્છેદ આત્મામાં નિષ્પન્ન થયેલા ઉત્તમ ભાવોથી થાય છે; અને ઉત્તમ ભાવ પેદા કરવા માટે ભાવનાઓનું ભાવન કરવું જરૂરી છે, અને ભાવનાઓ સમ્યક્ નિષ્પન્ન કરવા માટે પોતાની ભૂમિકા પ્રમાણેની ઉચિત ક્રિયાઓમાં યત્ન કરવો જોઈએ, પરંતુ ભાવના પ્રત્યે ઉપેક્ષા કરીને માત્ર ક્રિયાઓના બળથી આત્મા ગુણથી સંપન્ન થતો નથી.

અભિનિવેશવાળાને યુક્તિ વિપરીત ભાસે છે, તેમાં સાક્ષિપાઠ આપેલ છે. તેનો ભાવ આ પ્રમાણે છે -

જે લોકોની મતિ પોતાની માન્યતામાં નિવિષ્ટ છે, તે લોકો યુક્તિને તે સ્થાનમાં જોડવા પ્રયત્ન કરે છે, જેથી યુક્તિથી પણ સાચો પદાર્થ મળતો નથી; જ્યારે પક્ષપાત રહિત લોકોની મતિ જ્યાં યુક્તિ છે ત્યાં જાય છે. તેથી શાસ્ત્રવચનો જે દિશામાં જતાં હોય ત્યાં તેમની મતિ જાય છે. માટે પક્ષપાત રહિત વ્યક્તિને શાસ્ત્રવચનથી સાચા પદાર્થની પ્રાપ્તિ થાય છે.

વળી તે પદાર્થ દૃઢ કરવા માટે કહે છે –

'આ સુંદર છે, આ અસુંદર છે' એ પ્રકારના વિવેકથી રહિત અને લોકપંક્તિથી કરાયેલી ઉક્તિવિશેષવાળો જીવ બાલિશ હોય છે અર્થાત્ બાળબુદ્ધિવાળા જીવો લોકપંક્તિથી કરાયેલા કથન પ્રમાણે ક્રિયાઓ કરનારા હોય છે અને આ ક્રિયા ફળસાધક છે કે ફળસાધક નથી એવો વિવેક તેમને હોતો નથી; જ્યારે વિદ્વાનોની મતિ શાસ્ત્રના પરમાર્થને જોવામાં રમે છે. તેથી તેઓ જેમ ક્રિયાનું મહત્ત્વ સમજી શકે છે, તેમ ફળપ્રાપ્તિમાં ભાવનાનું સ્થાન શું છે, તે પણ સમજી શકે છે.

ગાથા-૮૫ માં ગ્રંથકારે કહ્યું કે ભાવનાથી યુક્ત એવો યોગી અશુભ કર્મોને સમ્યક્ ખપાવે છે=ફરી ન બંધાય એ રીતે ખપાવે છે અને શુભકર્મનો બંધક થાય છે અને તે પ્રકારે સુખે-સુખે મોક્ષે જાય છે. ત્યાં ગ્રંથકારને બૌદ્ધદર્શનની માન્યતાનું સ્મરણ થયું. તે માન્યતા આ કથન સાથે એકવાક્યતાવાળી છે, તેથી પ્રસંગથી સ્મરણ થયેલા બૌદ્ધદર્શનના કથનને ગાથા-૮૬ થી ૮૮ સુધી બતાવ્યું અને પછી તેનું નિગમન કરીને ગાથા-૮૯માં બતાવ્યું કે અમે જે ભાવનાઓ કહી તે ભાવનાઓથી બૌદ્ધદર્શનવાળાએ જે કહ્યું તે સર્વ ઘટે છે. આ રીતે પ્રાસંગિક કથન કરીને હવે કહે છે કે તે કથનથી સર્યું અર્થાત્ પ્રાસંગિક કથન અહીં પૂર્ણ થયું. ॥૮૯॥

**અવતરણિકા :-**

एवं प्रासङ्गिकमभिधाय 'एतयैष युक्तः' इत्येतद्गाथा(८५)सम्बद्धामेव प्रकृतयोजनागाथामाह -

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૮૬ થી ગાથા-૮૯ સુધી જે કથન કર્યું એ રીતે, પ્રાસંગિકને કહીને 'एतयैष युक्तः' એ ગાથા સાથે સંબદ્ધ જ પ્રકૃત યોજનાવાળી ગાથાને કહે છે –**

**ભાવાર્થ :-**

આ રીતે=ગાથા-૮૬ થી ગાથા-૮૯માં બતાવ્યું એ રીતે, પ્રાસંગિક બૌદ્ધદર્શનવાળાનું કથન બતાવીને તેની પૂર્વની ગાથા-૮૫ સાથે સંબંધવાળી ગાથા-૯૦ કે જે ગાથા પ્રકૃતની સાથે યોજન કરનારી છે, તેને કહે છે.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકૃત યોગ છે અને યોગ એટલે મોક્ષની સાથે આત્માને જોડે તેવો પરિણામ. આ પ્રકૃત એવા યોગની સાથે યોજન કરનારી ગાથાને કહે છે, તે આ રીતે –

ગાથા-૮૫માં કહ્યું કે ભાવનાથી યુક્ત એવો યોગી અશુભ કર્મોની ક્ષપણા કરે છે અને શુભ કર્મોનો બંધક થાય છે અને સુખે સુખે મોક્ષે જાય છે. એ ગાથા સાથે આ ગાથા સંબંધવાળી છે; કેમ કે ભાવનાથી સામાયિકની શુદ્ધિ દ્વારા કેવળજ્ઞાન કઈ રીતે પ્રાપ્ત થાય છે, તે આ ગાથામાં બતાવેલ છે. વળી યોગમાર્ગ પ્રકૃત છે, અને તે યોગમાર્ગ કઈ રીતે મોક્ષનું કારણ બને છે, તેનું યોજન પણ આ ગાથામાં કરેલ છે. માટે મોક્ષ સાથે પ્રકૃત એવા યોગમાર્ગના યોજનને બતાવનાર આ ગાથા છે.

**ગાથા :-**

एएण पगारेणं जायइ सामाइयस्स सुद्धि त्ति ।
तत्तो सुक्कज्झाणं, कमेण तह केवलं चेव ।।९०।।

**અન્વયાર્થ :-**

**एएण पगारेणं=આ પ્રકારથી=અનંતર ગાથા-૮૯માં વર્ણન કરાયેલા વિજયાદિ સમાધિસ્વરૂપવાળા પ્રકારથી, सामाइयस्स=સામાયિકની सुद्धि=શુદ્ધિ जायइ=થાય છે. तत्तो=તેનાથી=સામાયિકની શુદ્ધિથી सुक्कज्झाणं=શુક્લધ્યાન कमेण तह चेव=અને તે પ્રકારના ક્રમથી केवलं=કેવળજ્ઞાન થાય છે. ।।૯૦।।**

**ગાથામાં 'त्ति' પાદપૂર્તિ માટે છે.**

**ગાથાર્થ :-**

**આ પ્રકારથી સામાયિકની શુદ્ધિ થાય છે, તેનાથી શુક્લધ્યાન અને તે પ્રકારના ક્રમથી કેવળજ્ઞાન થાય છે. ।।૯૦।।**

**ટીકા :-**

'एतेन प्रकारेण'=अनन्तरव्यावर्णितस्वरूपेण, किम्? इत्याह - 'जायते'=निष्पद्यते 'सामायिकस्य'-मोक्षहेतोः परिणामस्य 'शुद्धिः'=विशेषाभिव्यक्तिरिति । परिभावितमेवैतत् प्राक् । 'ततः' सामायिकशुद्धेः 'शुक्लध्यानं' पृथक्त्ववितर्कं सविचारमित्यादिलक्षणं 'जायते' इति वर्तते । 'क्रमेण तथा' - श्रेणिपरिसमाप्तिलक्षणेन 'केवलं चैव'=केवलज्ञानं च जायते । इति गाथार्थः ।।९०।।

**ટીકાર્થ :-**

एतेन प्रकारेण ..... इति गाथार्थः ।।९०।। **આ પ્રકારથી=અનંતર ગાથા-૮૯માં વર્ણન કરાયેલા વિજયાદિ સમાધિસ્વરૂપવાળા પ્રકારથી, સામાયિકની=મોક્ષના હેતુભૂત એવા પરિણામની, શુદ્ધિ=વિશેષ અભિવ્યક્તિ, થાય છે. આ=ભાવનાથી સામાયિકની શુદ્ધિ થાય છે એ, પૂર્વમાં=ગાથા-૮૫માં પરિભાવન કરાયેલું છે, અને તેનાથી=સામાયિકની શુદ્ધિથી, પૃથક્ત્વ વિતર્ક સવિચાર ઈત્યાદિ લક્ષણવાળું શુક્લધ્યાન થાય છે.**

**ગાથાના પૂર્વાર્ધમાંથી 'जायते' શબ્દ ગાથાના ઉત્તરાર્ધમાં પણ ગ્રહણ કરવાનો છે. તે બતાવવા માટે ટીકામાં 'जायते इति वर्तते' તેમ કહેલ છે.**

**અને શ્રેણીની પરિસમાપ્તિરૂપ તે પ્રકારના ક્રમથી કેવળજ્ઞાન થાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૦।।**

❖ 'पृथक्त्ववितर्कं सविचारमित्यादिलक्षणं' અહીં 'आदि' થી એકત્વ વિતર્ક અવિચાર શુક્લધ્યાનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવ્યું એ રીતે ભાવનામાં યત્ન કરવામાં આવે તો ગાથા-૮૬ થી ગાથા-૮૯ સુધીમાં બતાવ્યું તે પ્રકારે સામાયિકના પરિણામની શુદ્ધિ થાય છે.

આશય એ છે કે ઘટમાન યોગી અને પ્રવૃત્ત યોગી પોતાની ભૂમિકા પ્રમાણે દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારે અને પછી ચતુઃશરણગમન આદિ ભાવના, રાગાદિપ્રતિપક્ષભાવન અને મૈત્રી આદિ ચાર ભાવના એમ ત્રણ પ્રકારની ભાવનાઓ જે પ્રકારે પૂર્વમાં બતાવી, તે પ્રકારે ભાવનામાં યત્ન કરે તો સાધકમાં સમભાવના પરિણામરૂપ સામાયિકની વિશેષ પ્રકારની અભિવ્યક્તિ થાય છે, જેનાથી તે સાધક વિજયસમાધિ આદિના ક્રમથી અંતે અક્રિયાસમાધિને પામે છે, તેનાથી શુક્લધ્યાન પ્રગટે છે, જે શુક્લધ્યાન પૃથક્ત્વ વિતર્ક સવિચાર નામનું પ્રથમ શુક્લધ્યાન છે. ત્યારપછી એકત્વ વિતર્ક અવિચાર નામનું બીજું શુક્લધ્યાન પ્રગટે છે, અને તે પ્રકારના ક્રમથી=પ્રથમ પૃથક્ત્વ વિતર્ક સવિચાર, પછી એકત્વ વિતર્ક અવિચાર એ પ્રકારના ક્રમથી, શ્રેણી પરિસમાપ્તિ થાય છે અને તેનાથી કેવળજ્ઞાન પ્રગટે છે. તેથી કેવળજ્ઞાનના અર્થિએ યોગમાર્ગમાં પૂર્વમાં વર્ણન કરાયેલી ભાવનામાં યત્ન કરવો જોઈએ; પરંતુ માત્ર ક્રિયાના સેવનથી સંતોષ

માનવો જોઈએ નહીં, એ પ્રકારનું તાત્પર્ય છે.

**ભાવનાથી સામાયિકની શુદ્ધિ થતાં ક્રમશઃ કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ક્રમ :-**

**ચતુઃશરણગમન આદિ ભાવના, રાગાદિપ્રતિપક્ષભાવન અને મૈત્રી આદિ ચાર ભાવનામાં યત્ન,**

**તેનાથી**

**↓**

**સમભાવના પરિણામરૂપ સામાયિકની વિશેષ પ્રકારની અભિવ્યક્તિ,**

**તેનાથી**

**↓**

**વિજયસમાધિ આદિના ક્રમથી અક્રિયા સમાધિની પ્રાપ્તિ,**

**તેનાથી**

**↓**

**પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લધ્યાન,**

**તેનાથી**

**↓**

**એકત્વ વિતર્ક અવિચાર શુક્લધ્યાનનું પ્રગટીકરણ,**

**તેનાથી**

**↓**

**શ્રેણીની પરિસમાપ્તિ થવાથી કેવળજ્ઞાનનું પ્રગટીકરણ. ॥૯૦॥**

**અવતરણિકા :-**

**सामायिकस्यैव प्राधान्येन मोक्षाङ्गतां ख्यापयन्नाह -**

**અવતરણિકાર્થ :-**

**પ્રધાનતાથી સામાયિકની જ મોક્ષાંગતા બતાવતાં કહે છે –**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગ્રંથ યોગને કહેનાર છે અને યોગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ છે; અને વ્યવહારનય રત્નત્રયીની પ્રાપ્તિમાં કારણભૂત એવી ઉચિત ક્રિયાને ઉપચારથી યોગમાર્ગ કહે છે; કેમ કે ઉચિત ક્રિયાથી રત્નત્રયીની પરિણતિ પ્રગટે છે. આ ઉચિત ક્રિયાથી રત્નત્રયીમાં કરાતા યત્નમાં પણ ભાવનાની પ્રધાનતા બતાવી; કેમ કે ભાવનાથી સામાયિકની શુદ્ધિ થાય છે અને સામાયિકની શુદ્ધિ દ્વારા ક્રમે કરીને કેવળજ્ઞાન પ્રગટે છે. તેથી હવે અપેક્ષાએ મોક્ષનું કારણ રત્નત્રયી હોવા છતાં પ્રધાનરૂપે

સામાયિક મોક્ષનું કારણ છે, તે બતાવવા માટે કહે છે -

**ગાથા :-**

**वासी-चंदणकप्पं तु एत्थ सिट्ठं अओ च्चिय बुहेहिं ।**
**आसयरयणं भणियं, अओऽण्णहा ईसि दोसो वि ।।९१।।**

**અન્વયાર્થ :-**

**अओ च्चिय=આ જ કારણથી=સામાયિકની શુદ્ધિથી કેવળજ્ઞાન થાય છે, આ જ કારણથી, एत्थ= આ વ્યતિકરમાં=મોક્ષપ્રાપ્તિના પ્રસંગમાં वासी-चंदणकप्पं तु=વાસીચંદનકલ્પ જ सिट्ठं=શ્રેષ્ઠ=પ્રધાન आसयरयणं=આશયરત્ન भणियं=કહેવાયેલું છે. अओ=આનાથી=વાસીચંદનકલ્પ આશયરત્નથી अण्णहा=અન્ય પ્રકારના આશયરત્નમાં ईसि=ઈષદ્=થોડો दोसो वि=દોષ પણ છે. ।।૯૧।।**

**ગાથાર્થ :-**

**આ જ કારણથી અહીં વાસી-ચંદનકલ્પ જ પ્રધાન આશયરત્ન કહેવાયેલું છે. આનાથી અન્ય પ્રકારના આશયરત્નમાં થોડો દોષ પણ છે. ।।૯૧।।**

**ટીકા :-**

'वासी-चन्दनकल्पमेव' - सर्वमाध्यस्थ्यरूपम् 'अत्र' व्यतिकरे श्रेष्ठं=प्रधानम् 'अत एव कारणाद्' 'बुधैः'= विद्वद्भिः 'आशयरत्नं भणितं'=चित्तरत्नमुक्तम्, "जो चंदणेण बाहं आलिंपइ" (उपदेशमाला गा. ९२) इत्यादिवचनेन । 'अतोऽन्यथा'=अपकारिण्येवोपकार्याशयकल्पनायां, आशयरत्नस्य किम्? इत्याह - 'ईषत्'=मनाग् 'दोषोऽपि' तदपायानिरूपणेन ।

**ટીકાર્થ:-**

'वासी-चन्दनकल्पमेव' ..... तदपायानिरूपणेन । **આ જ કારણથી=સામાયિકની શુદ્ધિથી કેવળજ્ઞાન થાય છે, આ જ કારણથી, આ=વ્યતિકરમાં અર્થાત્ મોક્ષપ્રાપ્તિના પ્રસંગમાં,** "જે ચંદનથી હાથને લેપે છે" **ઈત્યાદિ વચન દ્વારા,બુધો વડે=વિદ્વાનો વડે, સર્વમાધ્યસ્થરૂપ વાસીચંદનકલ્પ જ શ્રેષ્ઠ=પ્રધાન, આશયરત્ન કહેવાયું છે=ચિત્તરત્ન કહેવાયું છે. આનાથી અન્યથા=વાસીચંદનકલ્પ આશયરત્નથી અન્યથા અપકારીમાં જ ઉપકારીના આશયની કલ્પનામાં, આશયરત્નનો ઈષદ્=મનાગ્, દોષ પણ છે; કેમ કે તેના અપાયનું અનિરૂપણ છે=અપકારીના અપાયનું અચિંતવન છે.**

❖ 'दोषोऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે અપકારીમાં ઉપકારીના આશયની કલ્પનામાં ગુણ તો છે જ, પરંતુ થોડો દોષ પણ છે.

❖ 'इत्यादि થી ઉપદેશમાળા ગાથા-૯૨ના આગળના અંશનો સંગ્રહ છે.

**ભાવાર્થ:-**

પૂર્વગાથામાં કહ્યું કે સામાયિકની શુદ્ધિથી શુક્લધ્યાનના ક્રમથી કેવળજ્ઞાન થાય છે. આ કારણથી બુધ પુરુષોએ મોક્ષના કારણમાં સર્વભાવ પ્રત્યેના માધ્યસ્થ્યને શ્રેષ્ઠ આશયરત્ન કહેલ છે. અહીં બુધ પુરુષથી ઉપદેશમાલાના કર્તાને ગ્રહણ કરીને કહે છે કે "જે ચંદન વડે હાથને લેપે છે અને જે વાસી=કુહાડા વડે દેહનો છેદ કરે છે, તે બંને પ્રત્યે જે સમભાવ છે તે જ શ્રેષ્ઠ આશયરત્ન છે." આ વચનથી જગતના તમામ પદાર્થો પ્રત્યે સાધકની જે માધ્યસ્થ્યપરિણતિ છે, તે શ્રેષ્ઠ આશયરત્ન છે, અને આ આશયરત્ન મોક્ષનું પ્રધાન કારણ છે.

વળી આનાથી બીજું પણ આશયરત્ન છે, જેમાં કાંઈક દોષ પણ છે. તે દોષ બતાવે છે –

કોઈ સાધક પોતાના અપકારી પ્રત્યે પણ "આ મને નિર્જરા કરાવીને ઉપકાર કરનાર છે" એ પ્રકારનો વિચાર કરે છે, ત્યારે તે આશયરત્ન પણ શ્રેષ્ઠ છે, તોપણ સમભાવ જેવું શ્રેષ્ઠ નથી; કેમ કે 'આ મારો ઉપકારી છે' એ પ્રકારનો વિચાર કરે છે ત્યારે, તે અપકાર કરનાર વ્યક્તિ પ્રત્યે જોકે પોતાને દ્વેષાદિ ભાવો થતા નથી, તોપણ તેના નિમિત્તને આશ્રયીને પોતાનો ઉત્તમ આશય પેદા થયો એ રીતે તેને ઉપકારી તરીકે જ્યારે વિચારે છે, ત્યારે અપકારીની તે ક્રિયાથી અપકારીને જે કર્મબંધરૂપ અહિત પ્રાપ્ત થયું, તેની વિચારણા નથી, પરંતુ અપકારીની તે ક્રિયાથી માત્ર પોતાને ઉપકાર થયો તેને યાદ કરી ઉપકારી તરીકે તેને જુએ છે. તેથી ત્યારે તેના અહિત પ્રત્યેની ઉપેક્ષાનો પણ અધ્યવસાય છે, જેથી પૂર્ણ માધ્યસ્થ્ય નથી, એ અંશથી તે ભાવ થોડો દોષરૂપ પણ છે. છતાં આદ્યભૂમિકામાં તે ગુણકારી પણ છે, જે સ્વયં ગ્રંથકાર સાક્ષીપાઠથી બતાવવાના છે.

**ટીકા :-**

**तथा चोक्तम्** -

**ટીકાર્થ :-**

**અને તે પ્રમાણે કહેવાયું છે=વાસીચંદનકલ્પથી અન્યથા પ્રકારના આશયરત્નમાં થોડો દોષ છે, તે પ્રમાણે કહેવાયું છે=પૂર્વના મહર્ષિ વડે કહેવાયું છે, જેની સાક્ષી પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પ્રસ્તુત ગ્રંથમાં આપે છે –**

**ભાવાર્થ :-**

જે સાક્ષીપાઠ અહીં આપ્યો છે, તે શ્લોકો હારિભદ્રીય 'અષ્ટક પ્રકરણ' ગ્રંથમાં પણ છે, છતાં તે શ્લોકો વાસ્તવિક રીતે પૂર્વના મહર્ષિઓના રચાયેલા છે, જેનો સંગ્રહ હારિભદ્રીય 'અષ્ટક પ્રકરણ' ગ્રંથમાં છે. જો પોતાના રચાયેલા શ્લોકો હોત તો અહીં તેમ કહેત કે 'અમે કહ્યું છે', જ્યારે અહીં 'તે પ્રમાણે મહર્ષિઓ વડે કહેવાયું છે', એમ કહ્યું છે. એટલે આ સાક્ષીપાઠ તેમના કરતાં પૂર્વના ઋષિઓથી રચાયેલ છે.

**શ્લોક-૧ :-**

"सामायिकं च मोक्षाङ्गं परं सर्वज्ञभाषितम् ।
वासी-चन्दनकल्पानामुक्तमेतन्महात्मनाम्" ।।१।।

**શ્લોકાર્થ-૧ :-**

"સર્વજ્ઞ વડે કહેવાયેલું સામાયિક પ્રધાન=અનંતર, મોક્ષાંગ છે, વાસીચંદનતુલ્ય મહાત્માઓને આ=સામાયિક, કહેવાયું છે." ।।૧।।

**ભાવાર્થ :-**

સર્વજ્ઞ ભગવંતે કહેલો સામાયિકનો પરિણામ પ્રધાનરૂપે મોક્ષનું કારણ છે અને ક્રિયાઓ તે સામાયિકના પરિણામની નિષ્પત્તિના અંગરૂપ હોવાથી ગૌણરૂપે મોક્ષનું કારણ છે. આવો સામાયિકનો પરિણામ વાસીચંદનતુલ્ય મહાત્માઓને હોય છે=વાસી એટલે કુહાડો, તેનાથી કોઈ શરીરને છેદે, કે કોઈ ચંદનથી શરીરનું વિલેપન કરે; બંને પ્રત્યે જેને સમાન મનોવૃત્તિ છે તેવા મહાત્માઓને હોય છે અર્થાત્ જે સાધુઓ શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવવાળા છે, સુખ અને દુઃખ પ્રત્યે સમભાવવાળા છે અને જીવન અને મૃત્યુ પ્રત્યે સમભાવવાળા છે, તેવા મહાત્માઓ સુભટની જેમ મોહના પરિણામથી જન્ય એવા અને આત્માના શત્રુભૂત એવા અસમભાવરૂપ આત્મપરિણામનો નાશ કરવા માટે ભગવાનના વચનાનુસાર સુદૃઢ યત્ન કરે છે, તેઓમાં આવો સામાયિકનો પરિણામ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**પ્રથમ શ્લોકમાં સામાયિક ફળથી અને સ્વામીથી બતાવાઈ. હવે સ્વરૂપથી સામાયિકને બતાવતાં કહે છે –**

**શ્લોક-૨ :-**

"निरवद्यमिदं ज्ञेयमेकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात् सर्वयोगविशुद्धितः" ।।२।।

**શ્લોકાર્થ-૨ :-**

**સર્વ યોગની વિશુદ્ધિથી કુશલઆશયરૂપપણું હોવાને કારણે તત્ત્વથી=પરમાર્થથી, એકાંતથી જ=સર્વથા જ, આ=સામાયિક, નિરવદ્ય જાણવું. ।।૨।।**

**ભાવાર્થ :-**

સામાયિકના પરિણામમાં મન-વચન-કાયા એ ત્રણે યોગો ભગવાનના વચનથી નિયંત્રિત હોય છે=પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમય હોય છે, જેથી તેમાં સર્વ યોગોની વિશુદ્ધિ વર્તે છે, અને સર્વ યોગોની વિશુદ્ધિ હોવાને કારણે જીવમાં કુશળ આશય વર્તે છે; કેમ કે મન-વચન અને કાયાના યોગો અશુદ્ધ વર્તતા હોય ત્યારે જીવનો કર્મબંધને અનુકૂળ આશય હોય છે, અને ત્રણે યોગો સર્વજ્ઞના વચનથી નિયંત્રિત વર્તતા

હોય ત્યારે જીવમાં કુશળ આશય વર્તતો હોય છે, જે કુશળ આશય સમભાવના પરિણામરૂપ છે; કેમ કે સર્વજ્ઞએ સર્વ યોગોને તે રીતે પ્રવર્તાવવાના કહ્યા છે, કે જેથી સમભાવ પ્રતિક્ષણ વૃદ્ધિને પામીને વીતરાગતામાં પર્યવસાન પામે. તેથી સામાયિકનો પરિણામ કુશળ આશયરૂપ હોવાથી એકાંતથી નિરવદ્ય છે અર્થાત્ લેશ પણ કર્મબંધનું કારણ નથી, પરંતુ એકાંતે કર્મનિર્જરાનું કારણ છે.

અહીં તત્ત્વથી કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે બાહ્ય આચરણારૂપે ક્વચિદ્ ભગવાનના વચનાનુસાર સાધુ નદી આદિ ઊતરતા હોય ત્યારે બાહ્યથી હિંસા દેખાય, તોપણ તત્ત્વથી સમભાવની વૃદ્ધિની પરિણતિ હોવાથી એકાંતે તે નિરવદ્ય ક્રિયા છે. ॥૨॥

**અવતરણિકા :-**

**સામાયિક સિવાયનું અન્ય જે કુશળ એવું ચિત્ત છે તે પરંપરાએ મોક્ષનું કારણ હોવા છતાં સામાયિક જેવું નિરવદ્ય નથી, તે બતાવવા કહે છે –**

**શ્લોક-૩ :-**

**"यत् पुनः कुशलं चित्तं लोकदृष्ट्या व्यवस्थितम् ।**
**तत् तथौदार्ययोगेऽपि चिन्त्यमानं न तादृशम्" ।।३।।**

**શ્લોકાર્થ-૩ :-**

**લોકદૃષ્ટિથી કુશળ એવું ચિત્ત જે વળી વ્યવસ્થિત છે, તે તેવા પ્રકારના ઔદાર્યયોગમાં પણ=બીજાઓના હિતચિંતનને અનુકૂળ કે અપકારી ઉપર ઉપકારીની બુદ્ધિ કરવારૂપ ઔદાર્યના યોગમાં પણ, વિચારાતું તેવું નથી=સામાયિક જેવું નથી. ॥૩॥**

**ભાવાર્થ :-**

કોઈ જીવ પોતાના ઉપર અપકાર કરતો હોય અને મહાત્મા વિચારે કે 'મને આ જીવ નિર્જરામાં સહાયક છે' તો તે વખતે તેમના ચિત્તમાં ઔદાર્યનો યોગ વર્તતો હોય છે. આવું ચિત્ત સામાન્ય લોકની દૃષ્ટિથી કુશળ ચિત્ત છે, તોપણ સામાયિકની સાથે તુલનારૂપે વિચારાય તો સામાયિક જેવું નથી; કેમ કે સામાયિકનો પરિણામ જીવનો મૂળ સ્વભાવ છે કે જે સિદ્ધ અવસ્થામાં પણ પ્રકૃતિરૂપે રહેલ છે, અને તેને અનુરૂપ તેની કારણભૂમિકાનો સામાયિકનો પરિણામ મુનિનો છે; જ્યારે લોકદૃષ્ટિથી સુંદર આશયવાળો પણ ઔદાર્ય પરિણામ જીવની પ્રકૃતિ નથી. જોકે તુચ્છ આશયની અપેક્ષાએ તે સારો છે, આમ છતાં સામાયિકના પરિણામથી ન્યૂન છે અને કંઈક દોષથી પણ સંવલિત છે; કેમ કે પોતાના ઉપર અપકાર કરનારને ઉપકારી તરીકેનો વિચાર કરવા છતાં અપકારીને થતા કર્મબંધનો વિચાર ત્યાં નથી; પરંતુ તેના કૃત્યથી થતા પોતાના નિર્જરાના ઉપકારને સામે રાખીને તેના અપકારની ઉપેક્ષા છે. તેથી તે ઔદાર્ય આશયમાં અપકારીને થતા કર્મબંધના પરિણામની ઉપેક્ષાનો અધ્યવસાય દોષરૂપ છે, જ્યારે સમભાવના પરિણામમાં તેવો કોઈ અધ્યવસાય નથી, જેથી લેશ પણ દોષ નથી, માટે એકાંતે નિરવદ્ય છે.

યોગશતકની ૯૧મી ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે અપકારીમાં ઉપકારની કલ્પના કરનારો આશય પણ થોડાક દોષવાળો છે, અને તેમાં સાક્ષીરૂપે આ પાઠો છે, અને અપકારીમાં ઉપકારીના આશયની કલ્પનાનું કથન ઉદ્ધરણની ગાથા-૩ અને ગાથા-૭થી અભિવ્યક્ત થાય છે. વળી આગળની ઉદ્ધરણ ગાથા-૪માં ઔદાર્યયોગવાળા ચિત્તનું જે દૃષ્ટાંત આપે છે તે દૃષ્ટાંતમાં તો અપકારી ઉપર ઉપકારની કલ્પના નથી, તોપણ તે આશય તેના જેવો છે. અર્થાત્ ઔદાર્યયોગના આશયવાળા આવો પણ આશય કરે છે, જે સામાયિકના પરિણામ જેવો નથી; કેમ કે અસંભવિ પદાર્થ વિષયક આ આશય છે, જેથી મોહથી યુક્ત છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**બુદ્ધથી કલ્પિત કુશળ ચિત્તને બતાવતાં કહે છે, જે કુશળ ચિત્ત ઔદાર્યયોગવાળું હોવા છતાં સામાયિક જેવું નથી.**

**શ્લોક-૪ :-**

"मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा ।
मत्सुचरितयोगाच्च मुक्तिः स्यात् सर्वदेहिनाम्" ।।४।।

**શ્લોકાર્થ-૪ :-**

**यथा=ઔદાર્યયોગવાળું ચિત્ત સામાયિક જેવું નથી, તેવા ઔદાર્યયોગવાળા ચિત્તને 'यथा' થી બતાવે છે –**

**મારામાં જ જગતનું દુશ્ચરિત્ર પડો અને મારા સુચરિત્રના યોગથી સર્વ દેહીઓની મુક્તિ થાઓ. ।।૪।।**

**ભાવાર્થ :-**

ગૌતમ બુદ્ધ કુશળ આશયરૂપે વિચારે છે કે 'જગતના જીવો જે પાપ કરે છે તેનું ફળ મને પ્રાપ્ત થાઓ. અને મારા સુચરિત્રના યોગથી જગતના સર્વ જીવોની મુક્તિ થાઓ.' આ પ્રકારનો બુદ્ધનો ઔદાર્યયોગવાળો કુશળ આશય છે. ॥૪॥

**અવતરણિકા :-**

**તેવા પ્રકારના ઔદાર્યથી યુક્ત પણ બુદ્ધનું કુશળ ચિત્ત સામાયિક જેવું નથી, તે બતાવે છે –**

**શ્લોક-૫ :-**

"असम्भवीदं यद् वस्तु बुद्धानां निर्वृतिश्रुतेः ।
सम्भवित्वे त्वियं न स्यात् तत्रैकस्याप्यनिर्वृतौ" ।।५।।

**શ્લોકાર્થ-૫ :-**

**જે કારણથી બુદ્ધોની નિવૃત્તિનું શ્રવણ હોવાથી=બુદ્ધો મોક્ષે ગયા તેવું તેઓના આગમમાં શ્રવણ હોવાથી, આ=પૂર્વ શ્લોક-૪માં કહ્યું એ, અસંભવિ=ન સંભવે તેવું છે. વળી સંભવ હોતે છતે ત્યાં=જગતના જીવોમાં, એકની પણ અનિવૃત્તિ થયે છતે=એક પણ જીવનો મોક્ષ બાકી રહ્યે છતે, આ=બુદ્ધની નિવૃત્તિ, ન થાય. ।।૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪માં બતાવ્યું એ પ્રકારે બુદ્ધ ભાવના કરે છે અને બૌદ્ધદર્શનવાળા માને છે કે આ બુદ્ધની ભાવના સામાયિક કરતાં શ્રેષ્ઠ છે. વસ્તુતઃ તે સામાયિક જેવી પણ નથી તે બતાવવા માટે કહે છે કે બુદ્ધના વચન પ્રમાણે પણ ઘણા બુદ્ધો મોક્ષમાં ગયા તેમ સંભવાય છે, છતાં તે ભાવના પ્રમાણે બુદ્ધના સુચરિત્રથી જગતના જીવો મોક્ષે ગયા નથી, તેથી બુદ્ધે જે ભાવના કરી તે અસંભવિ પદાર્થ છે. બુદ્ધે ભાવના કરી તે પ્રમાણે જો સંભવિત હોય તો બુદ્ધના સુચરિત્રથી જગતના તમામ જીવોની મુક્તિ થાય ત્યારપછી જ બુદ્ધનો આત્મા મોક્ષમાં જઈ શકે; પરંતુ તેમ થયું નથી. માટે એ ભાવના અસંભવિ પદાર્થ વિષયક છે; અને આ અસંભવિ વસ્તુવિષયક ભાવના છે, માટે આ કુશળ ચિત્ત સામાયિક જેવું નથી; કેમ કે સામાયિકમાં મોહના તરંગથી રહિત સર્વ પદાર્થો પ્રત્યે સમભાવવાળું ચિત્ત હોય છે અને આત્માની મૂળ પ્રકૃતિમાં આત્મા નિવિશમાન હોય છે, તેથી તે શ્રેષ્ઠ છે. પરંતુ સામાયિકનું ચિત્ત જેમને પ્રાપ્ત થયું નથી, તેવા જીવો જે વસ્તુ સંભવિત નથી, તદ્‌વિષયક પણ ચિત્તની શુદ્ધિ માટે ભાવનાઓ કરે છે, આમ છતાં સામાયિક કરતાં આવું ઔદાર્યવાળું ચિત્ત હીન કક્ષાનું છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪માં બતાવ્યું તેવું ચિત્ત સામાયિક જેવું નથી, તો કેવું છે ? તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક-૬ :-**

**“एवं (तदेवं) चिन्तनं न्यायात् तत्त्वतो मोहसङ्गतम् ।**
**साध्ववस्थान्तरे ज्ञेयं बोध्यादेः प्रार्थनादिवत्” ।।६।।**

**શ્લોકાર્થ-૬ :-**

**तद=તે કારણથી=પૂર્વ શ્લોકમાં કહ્યું એ પ્રમાણે બુદ્ધનું ચિંતવન અસંભવિ છે તે કારણથી, एवं=આ રીતે=શ્લોક-૪માં બતાવ્યું એ રીતે, બુદ્ધનું ચિંતવન ન્યાયથી=શ્લોક-૫માં બતાવ્યું એ યુક્તિથી, તત્ત્વથી=પરમાર્થ દૃષ્ટિએ, મોહસંગત છે. અવસ્થાંતરમાં=સરાગ અવસ્થામાં, બોધિ આદિની પ્રાર્થનાની જેમ=આરોગ્ય-બોધિલાભ આદિની પ્રાર્થનાની જેમ, સુંદર જાણવું. ॥૬॥**

**નોંધ :-** શ્લોકમાં ‘एवं चिन्तनं’ શબ્દ છે, ત્યાં હારિભદ્રીય ‘અષ્ટક પ્રકરણ’ ગ્રંથમાં ‘तदेवं चिन्तनं’ પાઠ છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં બતાવ્યું તે રીતે બુદ્ધનું ચિંતન અસંભવિ વિષયક છે. તેથી પરમાર્થથી વિચારીએ તો મોહનીયકર્મના ઉદયવાળું એમનું ચિત્ત છે; કેમ કે જો મોહનો ઉદય ન હોય તો બધા વિકલ્પોના કલ્લોલથી રહિત એવું અસંગભાવવાળું સામાયિકનું ચિત્ત વર્તે. આથી બધા વિકલ્પોથી રહિત એવા સામાયિકના ચિત્ત કરતાં બૌદ્ધનું આ ઔદાર્યવાળું ચિત્ત હીન છે. આમ છતાં સરાગ અવસ્થાવાળી સામાયિકની પરિણતિની

દૃષ્ટિએ વિચારીએ તો આવું ચિત્ત સુંદર પણ છે. જેમ ભગવાન પાસે બોધિલાભ આદિની પ્રાર્થના કરાય છે, ત્યાં પરમાર્થથી વિચારીએ તો તે પ્રાર્થનાથી ભગવાન કંઈ આપતા નથી, છતાં ભાવશુદ્ધિ અર્થે સરાગ ચારિત્રવાળા પણ તેવી પ્રાર્થના કરે છે. તેથી જેમ અસંભવિ પદાર્થ વિષયક બોધિલાભ આદિ પ્રાર્થના છે માટે મોહથી યુક્ત છે, તોપણ આદ્ય ભૂમિકામાં તે પ્રાર્થના સારી છે; તેમ બુદ્ધનું મોહથી યુક્ત પણ ઉદાર ચિત્ત આદ્ય ભૂમિકામાં સુંદર છે.

અહીં વિશેષ એ છે કે બૌદ્ધ દર્શનવાળા કહે છે કે જૈનદર્શનના તીર્થંકરો સામાયિકના પરિણામવાળા છે, તેના કરતાં અમારા બુદ્ધ ભગવાનનું ચિત્ત શ્રેષ્ઠ છે; કેમ કે તે ઔદાર્યઆશયવાળા છે, જેથી ગાથા-૪માં બતાવેલ એવું ઉત્તમ ચિંતવન કરે છે અને પોતાના અપકારી પ્રત્યે પણ ઉપકારીની કલ્પના કરે છે. તેનું નિરાકરણ કરવા માટે પ્રસ્તુત ગાથામાં બતાવ્યું કે બુદ્ધનો આ આશય મોહથી યુક્ત છે, તેથી શ્રેષ્ઠ નથી છતાં સરાગ ચારિત્રવાળા મુનિઓ જેમ બોધિની પ્રાર્થના કરે છે, તેમ બુદ્ધનો આ આશય પણ ખરાબ નથી. તેથી મુનિઓ જેમ ભગવાન પાસે બોધિ આદિની પ્રાર્થના કરે છે, તેમ કોઈ મુનિ અપકારી પોતાનો અપકાર કરતો હોય તો તેના પ્રત્યે દ્વેષ ન થાય તદર્થે 'આ મારી નિર્જરામાં સહાયક છે, માટે ઉપકારી છે' તેમ પણ ચિંતવન કરે છે, જેથી અપકારી પ્રત્યે દ્વેષ થવાને બદલે ચિત્તમાં ઉદાર આશય પ્રગટે છે, જે ખરાબ નથી, છતાં તે પણ ચિત્ત મોહથી યુક્ત છે; જ્યારે અસંગભાવના સામાયિકનો પરિણામ તો બધા વિકલ્પના કલ્લોલથી રહિત એવા ચિત્ત સ્વરૂપ છે, માટે ઔદાર્યઆશય કરતાં શ્રેષ્ઠ છે; અને ભગવાન દીક્ષા લે છે ત્યારથી અસંગભાવવાળા સામાયિકના પરિણામવાળા છે, તેથી બુદ્ધના ચિત્ત કરતાં ભગવાનનું ચિત્ત શ્રેષ્ઠ છે, તેમ પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી બૌદ્ધ કહે છે કે વ્યાઘ્રાદિને પોતાનું માંસ આપવાનો બુદ્ધને જે પરિણામ છે, તે અતિ કુશલ ચિત્ત છે. તેને સામાયિકની અપેક્ષાએ અસુંદર છે, તે બતાવતાં કહે છે –**

**શ્લોક-૭ :-**

**"अपकारिणि सद्बुद्धिर्विशिष्टार्थप्रसाधनात् ।**
**आत्मम्भरित्वपिशुना तदपायानपेक्षिणी"** ।।७।।

**શ્લોકાર્થ-૭ :-**

**વિશિષ્ટ અર્થનું પ્રસાધન કરનાર હોવાથી=પોતાને પીડા ઉત્પન્ન કરીને કર્મક્ષયરૂપ વિશિષ્ટ ફળ પ્રાપ્ત કરાવનાર હોવાથી, અપકારીમાં સદ્બુદ્ધિ='આ મારો ઉપકારી છે', એવા પ્રકારની સુંદર બુદ્ધિ, તેના અપાયને નહીં જોનારી=અપકારીને થતા કર્મબંધરૂપ અપાયને નહીં જોનારી, આત્મંભરિત્વ પિશુન છે=પોતાના સ્વાર્થમાત્રને જોનારી છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાળા માને છે કે તેમના બુદ્ધ ભગવાને પોતાનું માંસ ભક્ષણ કરનાર વાઘ વગેરેમાં કે પોતાને

તાડન કરનારા દુર્જન આદિમાં એવી ભાવના કરી કે 'આ બધા મારાં કર્મો નાશ કરવામાં સહાયક છે માટે આ બધા સારા છે." વસ્તુતઃ આ પ્રકારની બુદ્ધની પરિણતિ વાઘ વગેરેના કે દુર્જનાદિના અપાયને જોનારી નથી; કેમ કે તે જીવો બુદ્ધ જેવા મહાત્માને પીડા કરીને દુર્ગતિમાં જશે, પરંતુ તે અપાયને જોનારી બુદ્ધની પરિણતિ નથી, માત્ર પોતાને નિર્જરારૂપ ફળ પ્રાપ્ત કરવામાં સહાયક છે, તેને જોનારી છે, તેથી સ્વાર્થવાળી છે; અને આવા ઉત્તમ પુરુષને પરના અપકારની અપેક્ષા વગરનું સ્વાર્થપણું તે મોટું દૂષણ છે. તેથી બુદ્ધનું આ ચિત્ત સુંદર દેખાવા છતાં સામાયિકની અપેક્ષાએ હીન કક્ષાનું છે.

**અવતરણિકા :-**

**પ્રકૃત કથનના ઉપસંહારને કરતાં કહે છે –**

**શ્લોક-૮ :-**

**"एवं सामायिकादन्यदवस्थान्तरभद्रकम् ।**
**स्याच्चित्तं तत् तु संशुद्धेर्ज्ञेयमेकान्तभद्रकम्" ।।८।। (हारिभद्रीयमष्टकम्-२९) इति ।**

**શ્લોકાર્થ-૮ :-**

**આ રીતે=બુદ્ધનું ચિત્ત મોહસંગત છે એમ કહ્યું એ રીતે, સામાયિકથી જે અન્ય ચિત્ત=બુદ્ધથી પરિકલ્પિત ઔદાર્યઆશયવાળું ચિત્ત, અવસ્થાંતરમાં જ=સાભિષ્વંગ અવસ્થામાં જ, ભદ્રક થાય. વળી સંશુદ્ધિ હોવાથી તે=સામાયિક, એકાંત ભદ્રક જાણવું. ।।૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વના કથનનો ઉપસંહાર કરતાં બતાવે છે કે બુદ્ધથી પરિકલ્પિત ઔદાર્યવાળું ચિત્ત અને જૈનોથી પરિકલ્પિત આરોગ્ય, બોધિલાભાદિની પ્રાર્થનાવાળું ચિત્ત, તે બંને ચિત્ત સામાયિકથી અન્ય ચિત્ત છે; અને જીવ અભિષ્વંગ પરિણતિવાળો હોય તે વખતે આવું ચિત્ત કલ્યાણને કરનારું છે, તોપણ આ ચિત્ત એકાંત ભદ્રક નથી; અને સામાયિક તો દોષના વિયોગથી થયેલો જીવનો પરિણામ છે, માટે એકાંત ભદ્રક છે.

અહીં વિશેષ એ છે કે બુદ્ધના ચિત્તની સાથે ભગવાનના સામાયિકવાળા ચિત્તની તુલના પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે. બૌદ્ધદર્શનવાળા કહે છે કે બુદ્ધનું ચિત્ત આવા ઉદાર આશયવાળું છે, તેથી તમારા તીર્થંકર કરતાં અમારા બુદ્ધ ભગવાન શ્રેષ્ઠ છે. તેને ગ્રંથકાર કહે છે કે અમારા તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા પછી વીતરાગ છે. તેથી રાગ-દ્વેષથી સંપૂર્ણ પર છે. તેથી મોહસંગત તેમનું ચિત્ત નથી, અને તીર્થંકરોનું જેવું સામાયિકવાળું ચિત્ત છે તેવું બુદ્ધનું ચિત્ત નથી; કેમ કે અસંભવિ પદાર્થનું ચિંતનાત્મક હોવાથી મોહના વિકલ્પોથી સંવલિત છે. તેથી જેમ આદ્ય ભૂમિકામાં બોધિલાભાદિની પ્રાર્થના ઈષ્ટ છે, તેમ બુદ્ધનું આવું ચિત્ત આદ્ય ભૂમિકામાં ઈષ્ટ છે, તોપણ વીતરાગ અને કેવળી એવા ભગવાનના લોકોત્તમ ચિત્ત કરતાં હીનકક્ષાનું છે. માટે બૌદ્ધદર્શનવાળા પોતાના બુદ્ધ ભગવાનને ઔદાર્યઆશયના યોગથી મહાન બતાવવા યત્ન કરે છે, તે ઉચિત નથી. ખરેખર ! સામાયિકના પરિણામથી જ જીવ મહાન થાય છે અને તેવો સામાયિકનો પરિણામ

ભગવાનમાં કેવળજ્ઞાન પછી સ્થિરભાવવાળો છે, માટે ભગવાન મહાન છે. **॥૮॥**

'इति' હારિભદ્રીય અષ્ટક-૨૯માં સંગૃહીત અને અત્રે આપેલા પૂર્વ મહર્ષિઓના સાક્ષીપાઠની સમાપ્તિમાં છે.

**ઉત્થાન :-**

ગાથામાં કહ્યું કે વાસીચંદનકલ્પ મોક્ષ માટે શ્રેષ્ઠ આશયરત્ન છે અને અપકારીમાં ઉપકારીની કલ્પનારૂપ આશયરત્ન કંઈક દોષવાળું છે. તે કથનમાં પૂર્વાચાર્યની સાક્ષીરૂપે આઠ શ્લોકો બતાવ્યા. હવે બીજા દર્શનવાળા પણ આ વિષયમાં જે કહે છે, તેની સાક્ષી આપતાં કહે છે –

**ટીકા :-**

**परैरप्यस्य प्रविभागो गीतः। यथोक्तम् -**

**ટીકાર્થ :-**

**બીજા વડે પણ આનો=આશયરત્નનો=સુંદર આશયનો, પ્રવિભાગ=વિભાગ, કહેવાયો છે, જે આ પ્રમાણે કહેવાયું છે –**

**શ્લોક-૯ :-**

"धर्मधातावकुशलः सत्त्वनिर्वापणे मतिम् ।
क्षेत्राणां शोधने चैव करोति वितथा च सा ।।
आदिधार्मिकमाश्रित्य सज्ज्ञानरहितं यथा ।
इष्टेयमपि चाऽऽर्याणां सदाशयविशोधनी" ।।

इत्यादि ।

"ધર્મધાતુમાં=સમભાવરૂપ આત્માની ધર્મધાતુમાં, અકુશળ એવા સાધક, સત્ત્વના નિર્વાપણમાં અને ક્ષેત્રના શોધનમાં મતિને કરે છે અર્થાત્ "અપકાર કરનારા જીવો મને નિર્જરામાં ઉપકાર કરે છે," એ પ્રકારનો આશય કરીને, અપકાર કરનાર અનુચિત પ્રવૃત્તિ દ્વારા જે અનર્થ પ્રાપ્ત કરશે તે રૂપ અપકારી જીવના નિર્વાપણમાં એટલે કે વિનાશમાં મતિને કરે છે; અને પોતાના આત્મારૂપ ક્ષેત્રના શોધનમાં મતિને કરે છે, અર્થાત્ "આ મારો ઉપકારી છે" તે પ્રકારનો શુભાશય કરીને પોતાના આત્મારૂપ ક્ષેત્રના શોધનમાં મતિને કરે છે; અને सा=તે= મતિ, વિતથ છે=જીવના પરિણામરૂપ નથી પરંતુ મોહના પરિણામરૂપ છે માટે મિથ્યા છે."

"જે રીતે આદિધાર્મિકને આશ્રયીને સદ્જ્ઞાનરહિત કૃત્ય=સમ્યગ્જ્ઞાન રહિત એવું સર્વ દેવોને નમસ્કાર કરવારૂપ કૃત્ય, સદાશયના વિશોધનને કરનારું આર્યોને ઈષ્ટ છે, અને તે રીતે સદાશયને શોધન કરનારી આ પણ=ધર્મધાતુમાં અકુશળ એવા સાધકની સત્ત્વના નિર્વાપણની અને ક્ષેત્રના શોધનની મતિ પણ, આર્યોને ઈષ્ટ છે" **ઈત્યાદિ પર વડે કહેવાયું છે, એમ સંબંધ છે.**

**ભાવાર્થ :-**

બીજાઓ વડે પણ કહેવાયું છે કે જેઓ આત્માનો સમભાવરૂપ પરિણામ કરવામાં કુશળ નથી, તેવા સાધક, કોઈ તેમના ઉપર અપકાર કરતા હોય ત્યારે તેમના પ્રત્યે દ્વેષ ન થાય તદર્થે વિચારે છે કે 'આ મારા દેહને અપકાર કરનારો જીવ પરમાર્થથી મને નિર્જરા કરવામાં સહાયક છે, માટે મારો ઉપકારી છે' અને આ વિચાર કરીને પોતાના આત્મારૂપ ક્ષેત્રના શોધનમાં પ્રયત્ન કરે છે; અને આ યત્ન સાથે તે અપકાર કરનાર તેને પોતાને જે અપકાર કરે છે, તેનાથી તે અશુભ કર્મ બાંધશે અને દુર્ગતિમાં જશે, તેનો વિચાર કરતા નથી, પણ માત્ર પોતાની આત્મશુદ્ધિનો વિચાર કરે છે. અર્થથી તેમની તે વિચારણા તે અપકારી જીવ અનુચિત કૃત્ય કરીને દુર્ગતિમાં જાય તે રૂપ તેના વિનાશની મતિવાળી પણ છે. માટે આ મતિ સારી નથી, પરંતુ સર્વ ભાવો પ્રત્યે સમભાવની મતિ સારી મતિ છે; કેમ કે મતિમાં અપકારીના અહિતનું ચિંતવન પણ નથી અને પોતાના સ્વાર્થમાત્રનું પણ ચિંતવન નથી, પરંતુ આત્માના ઉત્તમ ભાવને સ્ફુરણ કરવા માટેનો યત્ન છે. તેથી પરમાર્થથી સમભાવની મતિ શ્રેષ્ઠ છે, આમ છતાં જેમ આદિધાર્મિક જીવો, કયા દેવ શ્રેષ્ઠ છે તેવું જાણતા નથી ત્યારે સર્વ દેવોને નમસ્કાર કરવાનું કૃત્ય કરે છે, જેનાથી તેમની શુદ્ધિ થાય છે; તેમ જે સાધક સાક્ષાત્ સમભાવમાં યત્ન કરી શકતા નથી અને અપકારીને જોઈને દ્વેષોલ્લેખ પ્રાપ્ત થાય તેવી પોતાની પરિણતિની સંભાવના જોઈ શકે છે, તેવા સાધક પોતાને થતી દ્વેષોલ્લેખની પરિણતિના પરિહાર અર્થે વિચારે કે 'આ અપકાર કરનાર જીવ પરમાર્થથી મારી નિર્જરામાં સહાયક છે' તો આ વિચારણા તેમના સદાશયને વિશોધન કરનારી છે, તે પ્રમાણે આર્ય પુરુષો કહે છે. માટે આવી મતિ આર્યોને ઈષ્ટ છે.

અહીં વિશેષ એ છે કે શરીરની સાત ધાતુ છે, તેમ આત્માની ધર્મરૂપ ધાતુ છે. શરીરની ધાતુઓ ક્ષીણ થાય તો શરીરનો વિનાશ થાય છે, તેમ આત્માની સમભાવની પરિણતિ કે જે ધાતુસ્થાનીય છે, તેનો વિનાશ થાય તો જીવનો ચાર ગતિમાં પરિભ્રમણરૂપે વિનાશ થાય છે. તેથી જેમ દેહના સૌષ્ઠવનો અર્થી જીવ દેહની ધાતુઓના રક્ષણ માટે અને વૃદ્ધિ માટે યત્ન કરે છે, તેમ આત્માના હિતનો અર્થી કુશળ સાધક, આત્માની પુષ્ટિને કરનાર ધર્મધાતુના રક્ષણ માટે અને વૃદ્ધિ માટે યત્ન કરે છે. આમ છતાં જે આદ્યસાધકો ધર્મધાતુની વૃદ્ધિ કરવા માટે કુશળ નથી, તેઓ પૂર્વભૂમિકારૂપે અપકારીમાં પણ ઉપકારનું ચિંતવન કરે, તે ઉચિત છે ઈત્યાદિ બીજાઓ વડે કહેવાયું છે.

ટીકામાં 'इत्यादि' શબ્દથી આવા બીજા કથનોનો સંગ્રહ ગ્રહણ કરવો.

**ટીકા :-**

**कृतं प्रसङ्गेन । इति गाथार्थः ।।९१।।**

**ટીકાર્થ :-**

कृतं ..... इति गाथार्थः ।।९१।। **પ્રસંગથી સર્યું. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૧।।**

**ભાવાર્થ :-**

ગાથા-૯૧ની અવતરણિકામાં કહ્યા પ્રમાણે ગાથા-૯૧માં સામાયિકની મોક્ષના અંગરૂપે પ્રધાનતા બતાવાઈ, તે પ્રાસંગિક કથન અહીં પૂર્ણ થાય છે. તે બતાવવા માટે કહે છે કે પ્રસંગથી સર્યું. તે કથન પ્રાસંગિક આ રીતે છે –

ગાથા-૯૦માં કહ્યું કે પૂર્વમાં વર્ણન કરાયું એ રીતે સામાયિકની શુદ્ધિ થાય છે અને સામાયિકની શુદ્ધિથી શુક્લધ્યાન થાય છે અને ક્રમે કરીને કેવળજ્ઞાન થાય છે. ત્યાં ગ્રંથકારને સ્મરણ થયું કે કેવળજ્ઞાનમાં સામાયિકની શુદ્ધિ પ્રધાન કારણ છે અને અન્ય શુભ ચિત્તો પ્રધાન કારણ નથી, તે બતાવવું આવશ્યક છે. તેથી ગાથા-૯૧માં પ્રાસંગિક રીતે બતાવ્યું કે મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ સામાયિકનો પરિણામ છે, પરંતુ બૌદ્ધ માને છે તેવો અપકારી પ્રત્યે ઉપકારિતાનો આશય કે બોધિલાભાદિની પ્રાર્થનાના આશયો પ્રધાન કારણ નથી. તેથી તે પ્રાસંગિક કથન આ ગાથા-૯૧માં બતાવ્યું અને હવે કહે છે કે પ્રસંગથી સર્યું. **॥૯૧॥**

**અવતરણિકા :-**

महाफलोपसंहारमाह -

**અવતરણિકાર્થ :-**

**મહાફળરૂપ ઉપસંહારને કહે છે –**

**ભાવાર્થ :-**

યોગમાર્ગનું મહાફળ મોક્ષ છે અને અવાંતર ફળ સદ્‌ગતિ છે. આ પ્રસ્તુત ગાથામાં યોગના મહાફળરૂપ જે મોક્ષ છે, તેને ઉપસંહારરૂપે કહે છે –

**ગાથા :-**

**जइ तब्भवेण जायइ जोगसमत्ती अजोगयाए तओ ।**
**जम्मादिदोसरहिया होइ सदेगंतसिद्धि त्ति ।।९२।।**

**અન્વયાર્થ :-**

**जई=જો तब्भवेण=તે જન્મ વડે जोगसमत्ती=યોગની સમાપ્તિ जायइ=થાય, अजोगयाए= અયોગપણારૂપે= શૈલેષી અવસ્થારૂપ અયોગપણારૂપે तओ=તેનાથી=યોગસમાપ્તિથી जम्मादिदोसरहिया=જન્માદિ દોષરહિત सदेगंतसिद्धि=સદ્‌એકાંતસિદ્ધિ=સદ્‌ અર્થાત્ સંતાનના ઉચ્છેદરૂપ નહીં પરંતુ આત્માના અસ્તિત્વરૂપ સદ્‌, એકાંત અર્થાત્ અપુનરાગમનરૂપ એકાંત, મુક્તિ होइ=થાય.**

**'त्ति' ગાથામાં પાદપૂર્તિમાં છે. ॥૯૨॥**

**ગાથાર્થ :-**

**જો તે જન્મ વડે યોગની સમાપ્તિ થાય, તો અયોગપણારૂપે તેનાથી=યોગસમાપ્તિથી જન્માદિ દોષરહિત સદ્ એકાંતમુક્તિ થાય. ॥૯૨॥**

**ટીકા :-**

यदि 'तद्भवेन'=तेनैव जन्मना 'जायते'=निष्पद्यते का? इत्याह - 'योगसमाप्तिः' सामग्रीविशेषेण । ततः किम्? इत्याह - 'अयोगतया ततः' - शैलेश्यवस्थारूपया 'जन्मादिदोषरहिता'=जन्म-जरा-मरणवर्जिता 'भवति' । का? इत्याह - 'सदेकान्तसिद्धिः'=सती-अपुनरागमनेन एकान्तविशुद्धिः (एकान्तसिद्धिः)=मुक्तिः। इति गाथार्थः ।।९२।।

**ટીકાર્થ :-**

यदि 'तद्भवेन' ..... इति गाथार्थः ।।९२।। **જો તદ્ભવ વડે=તે જ જન્મથી, સામગ્રીવિશેષથી=યોગમાર્ગને પૂર્ણ સેવવાને અનુકૂળ સંઘયણબળ આદિ સામગ્રીવિશેષથી, યોગપરિસમાપ્તિ નિષ્પન્ન થાય.**

**તેથી શું ? એથી કહે છે –**

**અયોગપણારૂપે=શૈલેષીઅવસ્થારૂપ અયોગપણારૂપે, તેનાથી=યોગસમાપ્તિથી, જન્માદિ દોષરહિત=જન્મ-જરા-મરણવર્જિત, થાય છે.**

**શું થાય છે ? એથી કહે છે –**

**સદ્ એકાંતસિદ્ધિ થાય છે=સદ્=સંતાનના ઉચ્છેદરૂપ નહીં પરંતુ આત્માના અસ્તિત્વરૂપ સદ્, અપુનરાગમનને કારણે=ફરી નહીં આગમનને કારણે, એકાંતસિદ્ધિ=મુક્તિ, થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૯૨॥**

નોંધ :- ટીકામાં 'एकांतविशुद्धिः' શબ્દ છે, જ્યારે મૂળગાથામાં सदेकान्तसिद्धिः શબ્દ છે. તેથી ટીકામાં પણ 'एकांतविशुद्धिः' ના સ્થાને 'एकांतसिद्धिः' શબ્દ જોઈએ, તેમ લાગે છે.

**ભાવાર્થ :-**

ગાથા-૯૦માં બતાવ્યું કે વિજયસમાધિ આદિ પ્રકારથી સામાયિકની શુદ્ધિ થાય છે અને સામાયિકની શુદ્ધિથી શુક્લધ્યાનના ક્રમે કેવળજ્ઞાન થાય છે. આ કથનના વિષયમાં કંઈક ઉપસંહારરૂપે પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

ગાથા-૯૦માં બતાવ્યું તે રીતે, કોઈને સામગ્રીવિશેષ પ્રાપ્ત થાય તો તે જ જન્મમાં મોક્ષમાર્ગના ઉપાયરૂપ યોગની સમાપ્તિ થાય છે. યોગની અંતિમ ભૂમિકારૂપ શૈલેષી અવસ્થા છે, ત્યાં યોગની સમાપ્તિ થાય છે, અને તે યોગની સમાપ્તિ થવાથી જન્મ-જરા-મરણથી રહિત એકાંતસિદ્ધિ થાય છે; જે એકાંતસિદ્ધિ આત્માની સદ્અવસ્થારૂપ છે, પરંતુ બુદ્ધની માન્યતા પ્રમાણે સંતાનના ઉચ્છેદરૂપ નથી. તે બતાવવા માટે

એકાંતસિદ્ધિનું વિશેષણ સદ્ કહેલ છે.

એકાંતસિદ્ધિ કહેવાથી એ બતાવવું છે કે મોક્ષપ્રાપ્તિ પછી ફરી સંસારમાં આગમન નથી, માટે જે મુક્તિની પ્રાપ્તિ થઈ છે, તે એકાંતમુક્તિ છે, કિંચિત્ કાળ માટે નથી.

અહીં કહ્યું કે સામગ્રીવિશેષ હોય તો તે જન્મમાં યોગની સમાપ્તિ થાય છે. તે જન્મમાં યોગની સમાપ્તિ નહીં થવાનાં નીચેનાં કારણો છે –

**તે જન્મમાં યોગસમાપ્તિ નહીં થવાનાં કારણો :-**

(૧) કોઈકને પ્રથમ સંઘયણ ન હોય તો તે જન્મમાં મોક્ષ પ્રાપ્ત થાય નહીં.

(૨) કોઈને પ્રથમ સંઘયણ હોય તોપણ ઘણાં કર્મો હોય તો તે જન્મમાં મોક્ષ પ્રાપ્ત થાય નહીં.

(૩) કોઈને પ્રથમ સંઘયણ પણ હોય અને કર્મ પણ ઘણાં ન હોય છતાં તે પ્રકારનો બોધવિશેષ ન હોય કે જેથી શ્રેણીની દિશામાં યત્ન કરી શકે, તોપણ યોગસમાપ્તિ થાય નહીં.

(૪) વળી કોઈકને પ્રથમ સંઘયણ પણ હોય, ઘણાં કર્મો પણ ન હોય અને બોધવિશેષ પણ હોય, તોપણ જો આયુષ્ય અલ્પ હોય તોપણ યોગસમાપ્તિ કરી શકે નહીં.

(૫) કોઈકને પ્રથમ સંઘયણ પણ હોય, ઘણાં કર્મો પણ ન હોય, બોધવિશેષ પણ હોય, આયુષ્ય પણ લાંબુ હોય, આમ છતાં તે પ્રકારનો સત્ત્વનો પ્રકર્ષ ન થાય તોપણ યોગની સમાપ્તિ કરી શકે નહીં.

આથી જો બધી સામગ્રી પ્રાપ્ત થઈ હોય તો સાધક તે જન્મમાં યોગની સમાપ્તિ કરી શકે. **॥૯૨॥**

**અવતરણિકા :-**

**यदि तु योगसमाप्तिर्न जायते ततो यद् भवति योगिनां तदाह -**

**અવતરણિકાર્થ :-**

**જો વળી યોગસમાપ્તિ ન થાય તો તેનાથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે યોગમાર્ગના સેવનથી, યોગીઓને જે થાય છે, તેને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે સામગ્રીવિશેષથી કોઈક સાધકને તે જન્મમાં યોગસમાપ્તિ થાય છે, પરંતુ જો કોઈ યોગીને તેવી સામગ્રીવિશેષ પ્રાપ્ત ન થઈ હોય તો પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે યોગમાર્ગમાં સમ્યગ્ યત્ન કરે તો શું પ્રાપ્ત થાય ? તે વાત આ ગાથામાં બતાવે છે –

**ગાથા :-**

**असमत्तीय उ चित्तेसु एत्थ ठाणेसु होइ उप्पाओ ।**
**तत्थ वि य तयणुबंधो तस्स तहऽब्भासओ चेव ।।९३।।**

**અન્વયાર્થ :-**

असमत्तीय उ=વળી અસમાપ્તિમાં=વળી પ્રાપ્ત ભવ વડે યોગની અસમાપ્તિમાં, एत्थ चित्तेसु ठाणेसु=ચિત્ર એવાં સ્થાનોવાળા મનુષ્યભવમાં उप्पाओ होइ=ઉત્પાદ થાય છે=જન્મ ધારણ કરે છે, तत्थ वि य=અને ત્યાં પણ=તે જન્મમાં પણ, तस्स=તેને=યોગીને तहऽब्भासाओ चेव=તે પ્રકારના અભ્યાસથી જ=પૂર્વભવમાં સેવેલ પ્રણિધાનપૂર્વક અવિચ્યુતિના અભ્યાસથી જ, तयणुबंधो=તેનો અનુબંધ=યોગધર્મનો અનુબંધ છે. ।।૯૩।।

**ગાથાર્થ :-**

**વળી યોગની અસમાપ્તિમાં પણ અહીં અનેક પ્રકારનાં સ્થાનોવાળા મનુષ્યભવમાં જન્મ થાય છે, અને ત્યાં પણ તેને તે પ્રકારના અભ્યાસથી જ તેનો અનુબંધ છે. ।।૯૩।।**

**ટીકા :-**

'असमाप्तौ च पुनः' तद्भवेन योगस्य, किम्? इत्याह - 'चित्रेषु'=नानाप्रकारेषु 'अत्र स्थानेषु'= देवच्युतौ मानुष्ये विशिष्टकुलादिषु, किम्? इत्याह - 'भवत्युत्पादः'=जायते जन्मपरिग्रह इत्यर्थः । 'तत्रापि'= जन्मपरिग्रहे, किम्? इत्याह - 'तदनुबन्धः'=योगधर्मानुबन्धः 'तस्य'=योगिन इति, कुतः? इत्याह - 'तथाऽभ्यासत एव'= प्रणिधानतोऽविच्युत्यभ्यासत एव, प्रणिधानप्रवृत्तिविघ्नजयप्राप्तीनामित्थमेव भावात् । इति गाथार्थः ।।९३।।

**ટીકાર્થ :-**

असमाप्तौ च ..... इति गाथार्थः ।।९३।। च=પુનઃ=વળી તદ્ભવ વડે=પ્રાપ્ત જન્મ વડે, યોગની અસમાપ્તિ થયે છતે ચિત્ર સ્થાનોમાં=અનેક પ્રકારનાં સ્થાનોમાં=દેવભવથી ચ્યુત થયે છતે વિશિષ્ટ કુલાદિરૂપ મનુષ્યભવમાં, ઉત્પાદ થાય છે=જન્મનું ગ્રહણ થાય છે. ત્યાં પણ=મનુષ્યજન્મમાં પણ, તેને=યોગીને, તેનો અનુબંધ=યોગધર્મનો અનુબંધ, થાય છે.

શેનાથી યોગધર્મનો અનુબંધ થાય છે ? એથી કહે છે –

તે પ્રકારના અભ્યાસથી જ=પૂર્વભવમાં સેવેલ પ્રણિધાનપૂર્વક અવિચ્યુતિના અભ્યાસથી જ, યોગધર્મનો અનુબંધ થાય છે, એમ અન્વય છે.

તેવા પ્રકારના અભ્યાસથી યોગધર્મનો અનુબંધ કેમ થાય છે ? તેમાં યુક્તિ બતાવે છે –

આ રીતે જ=પ્રણિધાનપૂર્વક અવિચ્યુતિનો અભ્યાસ કર્યો એ રીતે જ, પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજયની પ્રાપ્તિનો ભાવ હોવાથી=સદ્ભાવ હોવાથી, તે પ્રકારના અભ્યાસથી યોગધર્મનો અનુબંધ થાય છે, એમ અન્વય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૩।।

❖ 'विशिष्टकुलादि' અહીં 'आदि' થી વિશિષ્ટજાતિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પ્રસ્તુત યોગશતકમાં વર્ણન કરાયા પ્રમાણે પોતાની અધિકારિતા પ્રમાણે કોઈ સાધક યોગમાર્ગમાં યત્ન કરે, અને સામગ્રીવિશેષ ન હોય તો તે જન્મમાં યોગની સમાપ્તિ ન થાય તો, સ્વભૂમિકા અનુસાર રત્નત્રયીનું સેવન કરીને દેવભવમાં જાય છે, દેવભવમાંથી ચ્યવીને મનુષ્યભવમાં આવે છે અને મનુષ્યભવમાં પણ જુદા જુદા પ્રકારના વિશિષ્ટ કુલાદિ સ્થાનોમાં જન્મે છે, જે કુલાદિમાં યોગને અનુકૂળ ઉચિત સામગ્રી પણ હોય છે અને મનુષ્યભવને અનુકૂળ એવી ઉત્તમ ભોગસામગ્રી પણ હોય છે. તેવા કુલાદિમાં જન્મ્યા પછી તે યોગીને યોગધર્મનો અનુબંધ ચાલે છે=ફરી યોગમાર્ગને ગ્રહણ કરીને વિશેષ યોગના સેવનની પ્રવૃત્તિ થાય છે; કેમ કે પૂર્વના મનુષ્યભવમાં તે પ્રકારનો અભ્યાસ હતો અર્થાત્ પ્રણિધાનપૂર્વક લક્ષ્યની નિષ્પત્તિની અવિચ્યુતિપૂર્વક યોગમાર્ગનો અભ્યાસ હતો, તેથી ફરી મનુષ્યજન્મની પ્રાપ્તિમાં તે અભ્યાસનો ફરી પ્રારંભ થાય છે. તેમાં યુક્તિ બતાવતાં કહે છે –

કોઈ જીવ પ્રણિધાનપૂર્વક, લક્ષ્યને ભૂલ્યા વગર, લક્ષ્યની નિષ્પત્તિને અનુકૂળ અભ્યાસ કરતો હોય તો એ રીતે પ્રથમ પ્રણિધાન આશય આવે છે, પછી પ્રવૃત્તિ આશય આવે છે અને પછી વિઘ્નજય આશય આવે છે; ત્યાં સુધી યોગમાર્ગનો અભ્યાસ ચાલુ રહે છે અને અંતે લક્ષ્યની નિષ્પત્તિરૂપ વીતરાગતાની સિદ્ધિ થાય છે, ત્યારપછી યોગમાર્ગનો અભ્યાસ કરવાનો રહેતો નથી.

આશય એ છે કે પૂર્વભવમાં જે યોગીએ પ્રણિધાનપૂર્વક લક્ષ્યને અનુરૂપ રત્નત્રયીમાં અભ્યાસ કરેલો છે, તે યોગી તે ભવમાં યોગની સમાપ્તિ કરી શકે નહીં તો દેવભવમાં જાય, ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્તમ કુલાદિમાં જન્મે અને ફરી નિમિત્તને પામીને યોગમાર્ગમાં પ્રયત્ન કરે છે; કેમ કે પૂર્વભવમાં એવા પ્રકારનો અભ્યાસ હતો કે ફળસિદ્ધિ થાય ત્યાં સુધી યત્ન કરવો. તેથી જ્યાં સુધી અભ્યાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બીજા ભવોમાં અભ્યાસ ચાલુ રહે છે. આ રીતે અભ્યાસ કરવાથી પ્રથમ ભૂમિકામાં વીતરાગતાની સિદ્ધિને અનુકૂળ પ્રણિધાન આશયપૂર્વક પ્રવૃત્તિ થાય છે, તે પ્રવૃત્તિ પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી થાય છે ત્યારે પ્રવૃત્તિ આશય આવે છે, અને તે પ્રવૃત્તિ આશય જ બહિરંગ અને અંતરંગ સર્વ વિઘ્નો દૂર કરવા સમર્થ બને છે ત્યારે વિઘ્નજય આશય આવે છે; અને વિઘ્નજય પછી સિદ્ધિઆશયમાં આવે છે ત્યારે જીવને વીતરાગતાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ત્યારપછી તેને યોગમાર્ગનો અભ્યાસ કરવાનો રહેતો નથી. **॥૯૩॥**

**અવતરણિકા :-**

**अधिकृतवस्तुसमर्थनायैवाह -**

**અવતરણિકાર્થ :-**

**અધિકૃત વસ્તુના=તે જન્મમાં યોગની પરિસમાપ્તિ ન થાય તો તે પ્રકારના અભ્યાસથી જન્માંતરમાં ફરી આગળનો યોગધર્મનો અભ્યાસ શરૂ થાય છે, તે રૂપ અધિકૃત વસ્તુના, સમર્થન માટે જ કહે છે –**

**ગાથા :-**

जह खलु दिवसऽब्भत्थं रातीए सुविणयम्मि पेच्छंति ।
तह ईहजम्मऽब्भत्थं सेवंति भवंतरे जीवा ।।९४।।

**અન્વયાર્થ :-**

**जह खलु=જે પ્રમાણે જ दिवसऽब्भत्थं=દિવસમાં અભ્યસ્ત रातीए=રાત્રે सुविणयम्मि=સ્વપ્નમાં पेच्छंति=જુએ છે, तह=તે પ્રમાણે ईहजम्मऽब्भत्थं=આ જન્મમાં અભ્યસ્ત भवंतरे=ભવાંતરમાં जीवा=જીવો सेवंति=સેવે છે. ।।૯૪।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે જ જીવ દિવસમાં અભ્યસ્ત રાત્રે સ્વપ્નમાં જુએ છે, તે પ્રમાણે આ જન્મમાં અભ્યસ્ત ભવાંતરમાં જીવો સેવે છે. ।।૯૪।।**

❖ ગાથામાં 'खलु' શબ્દ 'एवकार' અર્થક છે.

**ટીકા :-**

'यथा खलु' इति यथैव 'दिवसाभ्यस्तम्' अध्ययनादि 'रात्रौ'=रजन्यां 'स्वप्ने' =निद्रोपहतचित्तव्यापाररूपे 'पश्यन्ति' तथानुभवापेक्षया । एष दृष्टान्तः। साम्प्रतं दार्ष्टान्तिकयोजना - 'तथा' तेन प्रकारेण 'इहजन्माभ्यस्तम्'= अधिकृतजन्मासेवितं कुशलादि 'सेवन्ते' 'भवान्तरे'=जन्मान्तरे 'जीवाः'=प्राणिनः तत्स्वाभाव्यात् । इति गाथार्थः ।।९४।।

**ટીકાર્થ :-**

**'यथा खलु' ..... इति गाथार्थः ।।९४।। यथा खलु=જે પ્રમાણે, રાત્રે નિદ્રાઉપહત ચિત્તના વ્યાપારરૂપ સ્વપ્નમાં, તે પ્રકારના અનુભવની અપેક્ષાએ=જે પ્રકારે દિવસે અનુભવ કર્યો છે તે પ્રકારના અનુભવની અપેક્ષાએ, દિવસમાં અભ્યસ્ત અધ્યયનાદિ જુએ છે. આ દૃષ્ટાંત છે, હવે દાર્ષ્ટાન્તિક યોજના - તે પ્રકારે આ જન્મમાં અભ્યસ્ત કુશલાદિ=અધિકૃત જન્મમાં આસેવન કરેલ કુશલાદિ, ભવાંતરમાં= જન્માંતરમાં, જીવો=પ્રાણીઓ, તત્સ્વભાવપણાથી સેવે છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૪।।**

❖ 'कुशलादि' અહીં 'आदि' થી અકુશળનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે યોગની સાધના કરનાર યોગી શાસ્ત્રોક્ત વિધિથી યોગમાર્ગમાં યત્ન કરતા હોય, છતાં સામગ્રીવિશેષના અભાવને કારણે યોગની પરિસમાપ્તિ કરી ન શકે તો દેવભવમાં જાય છે, ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં આવે છે અને ત્યાં ફરી યોગમાર્ગની સમાપ્તિ અર્થે યત્નનો પ્રારંભ કરે છે. તે વાત

અનુભવને અનુરૂપ દૃષ્ટાંતથી બતાવે છે : જેમ દિવસ દરમ્યાન કોઈ સાધક અધ્યયનાદિ કૃત્યો કરતો હોય અને રાત્રે ગાઢ ઊંઘ ન હોય અને સ્વપ્ન અવસ્થા વર્તતી હોય ત્યારે, દિવસના અનુભવને અનુરૂપ અધ્યયનાદિ વ્યાપારને સ્વપ્નમાં જુએ છે; તેમ આ જન્મમાં જે સાધકે યોગમાર્ગમાં કુશળ વ્યાપારો કર્યા છે, તે સાધક જન્માંતરમાં આ ભવના કૃત્યોનું સ્મરણ કરતો નથી, તોપણ પૂર્વના અનુભવના તે પ્રકારના અભ્યાસને કારણે જન્માંતરમાં તે પ્રવૃત્તિનો પ્રારંભ કરે છે. વળી જે સંસારી જીવોએ આ જન્મમાં અકુશલાદિ ભાવો સેવ્યા છે, તે સંસારી જીવો જન્માંતરમાં ફરી અકુશળ ભાવો સેવે છે; કેમ કે જીવોનો તેવો સ્વભાવ છે. **॥૯૪॥**

**અવતરણિકા :-**

यस्मादेवं तस्मात् किम्? इत्याह -

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે અર્થાત્ યોગમાર્ગમાં અભ્યાસ કરવાથી જો તે જ ભવમાં યોગની પરિસમાપ્તિ થાય તો મોક્ષની પ્રાપ્તિ છે અને યોગની પરિસમાપ્તિ ન થાય તો જન્માંતરમાં ફરી યોગનો પ્રારંભ છે, એમ છે, તે કારણથી શું ?=શું કરવું જોઈએ ? એને કહે છે –**

❖ અવતરણિકામાં 'इति' શબ્દ 'एतद्' અર્થમાં છે.

**ગાથા :-**

ता सुद्धजोगमग्गोच्चियम्मि ठाणम्मि एत्थ वट्टेज्जा ।
इह-परलोगेसु दढं जीविय-मरणेसु य समाणो ।।९५।।

**અન્વયાર્થ :-**

**ता=તે કારણથી=યોગમાર્ગમાં અભ્યાસ કરવાથી જો તે જ ભવમાં યોગપરિસમાપ્તિ થાય તો મોક્ષની પ્રાપ્તિ છે અને યોગની પરિસમાપ્તિ ન થાય તો જન્માંતરમાં પણ ફરી યોગનો પ્રારંભ કરે છે તે કારણથી, एत्थ=આ જન્મમાં सुद्धजोगमग्गोच्चियम्मि ठाणम्मि=શુદ્ધ માર્ગને ઉચિત એવી આચરણામાં इह-परलोगेसु=ઈહલોક અને પરલોકવિષયક, जीविय-मरणेसु य=અને જીવિતમાં અને મરણવિષયક, दढं=અત્યંત समाणो=સમાન પરિણામવાળા वट्टेज्जा=વર્તવું જોઈએ. ।।૯૫।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી આ જન્મમાં શુદ્ધ યોગમાર્ગને ઉચિત એવી આચરણામાં ઈહલોક અને પરલોકવિષયક અને જીવિત અને મરણવિષયક સમાન પરિણામવાળા, વર્તવું જોઈએ. ।।૯૫।।**

**ટીકા :-**

'तत्'=तस्मात् 'शुद्धयोगमार्गोचिते'=आगमाद् निरवद्ययोगमार्गानुरूपे 'स्थाने'=संयमस्थाने सामायिकादौ 'अत्र वर्तेत' साम्प्रतजन्मनि । कथम्? इत्याह-'इहपरलोकयोः'='दृढम्'=अत्यर्थम्, तथा 'जीवित-मरणयोश्च 'समानः'=सर्वत्र तुल्यवृत्तिः, परं मुक्तावस्थाबीजमेतत् । इति गाथार्थः ।।९५।।

**ટીકાર્થ :-**

'तत्' तस्मात् ..... इति गाथार्थः ।।९५।। **તે કારણથી=યોગમાં અભ્યાસ કરવાથી જો તે જ ભવમાં યોગની પરિસમાપ્તિ થાય તો મોક્ષની પ્રાપ્તિ છે અને યોગની પરિસમાપ્તિ ન થાય તો જન્માંતરમાં પણ ફરી યોગનો પ્રારંભ કરે છે તે કારણથી, શુદ્ધ યોગમાર્ગને ઉચિત સ્થાનમાં=આગમથી નિરવદ્ય એવા યોગમાર્ગને અનુરૂપ સ્થાનમાં=સામાયિકાદિ સંયમસ્થાનમાં અહીં=વર્તમાન જન્મમાં, અત્યંત, વર્તવું જોઈએ.**

**કેવી રીતે વર્તવું જોઈએ ? એથી કહે છે –**

**ઈહલોકમાં અને પરલોકમાં તથા જીવિતમાં અને મરણમાં સમાન=સર્વત્ર તુલ્ય વૃત્તિવાળા, વર્તવું જોઈએ; કેમ કે આ=સર્વત્ર તુલ્ય વૃત્તિ, મુક્ત અવસ્થાનું, પરં=શ્રેષ્ઠ, બીજ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રસ્તુત યોગશતકમાં બતાવી તે વિધિથી કોઈ સાધક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે અને સામગ્રીવિશેષ પ્રાપ્ત થાય તો તે ભવમાં યોગની પરિસમાપ્તિ થાય, જેથી મોક્ષની પ્રાપ્તિ થાય છે; અને કદાચ સામગ્રીવિશેષ ન મળે અને યોગની પરિસમાપ્તિ આ ભવમાં ન થાય તોપણ જન્માંતરમાં ફરી ફરી આગળનો યોગનો અભ્યાસ શરૂ થાય છે; તે કારણથી મોક્ષના અર્થી જીવે મોક્ષ અવસ્થાની પરમ બીજભૂત એવી સર્વત્ર તુલ્યવૃત્તિ પેદા કરવી જોઈએ. આ તુલ્યવૃત્તિ ઈહલોક અને પરલોકમાં અને જીવિતમાં અને મરણમાં સમાન પરિણામરૂપ છે અર્થાત્ સાધકે ઈહલોકના કોઈ પણ ભૌતિક પદાર્થો કે પરલોકના ભૌતિક પદાર્થો પ્રત્યે પક્ષપાતનો પરિણામ ન થાય તેવા તુલ્યવૃત્તિવાળા થવું જોઈએ. વળી અનુકૂળ સંયોગોમાં પણ દીર્ઘ જીવનની ઈચ્છા નહીં અને પ્રતિકૂળ સંયોગોમાં પણ જલદી મૃત્યુ થાય તેવી ઈચ્છા નહીં, તેવા તુલ્યવૃત્તિવાળા થવું જોઈએ; કેમ કે આવી તુલ્યવૃત્તિ વીતરાગતાનું બીજ છે; અને આવી તુલ્યવૃત્તિ કર્યા પછી ભગવાનના વચનાનુસાર નિરવદ્ય એવા યોગમાર્ગને અનુરૂપ સામાયિકાદિ સંયમસ્થાનમાં યત્ન કરવો જોઈએ, જેથી ઉત્તમ ભવોની પ્રાપ્તિ દ્વારા થોડા ભવોમાં મોક્ષની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે સર્વત્ર સમાન પરિણામ પેદા થાય એ રીતે શ્રાવકે કે સાધુએ પ્રથમ યત્ન કરવો જોઈએ, જેથી ઈહલોકના કે પરલોકના ભૌતિક સુખની સ્પૃહા નાશ પામે. જોકે શ્રાવક સર્વથા ભૌતિક સુખની સ્પૃહા દૂર કરી શકતા નથી, તોપણ તુલ્યવૃત્તિને અનુકૂળ યત્ન કરે કે જેથી ક્રમે કરીને ઈહલોકમાં અને પરલોકમાં નિરપેક્ષ પરિણામ પેદા થાય. વળી જીવનો સ્વભાવ છે કે પોતાની શારીરિક આદિ

અનુકૂળતા હોય અને પોતાની ધારણા પ્રમાણે યોગમાર્ગમાં પણ યત્ન કરી શકતો હોય તો વારંવાર દીર્ઘ જીવન પ્રત્યે પક્ષપાત થાય છે; અને આરાધના અર્થે યોગમાર્ગમાં યત્ન કરતો હોય, છતાં શારીરિક આદિ અનેક પ્રકારની પ્રતિકૂળતા ઊભી થાય ત્યારે ધૈર્ય ખૂટી જતું હોય છે; અને વારંવાર વિચાર આવે કે "જલદી આ ભવ પૂરો થાય તો સારું, જેથી અન્ય સારો ભવ મળે અને હું આરાધના કરી શકું." પરંતુ આ પ્રકારની ચિત્તવૃત્તિમાં જીવન-મરણ પ્રત્યે સમાન પરિણામ ઉલ્લસિત થતો નથી. તેથી 'જીવન-મૃત્યુ પ્રત્યે સમાન પરિણામ ઉલ્લસિત કરવા અર્થે વારંવાર તુલ્યવૃત્તિનો પરિણામ કરવો,' તેવી ભગવાનની આજ્ઞા છે, એમ સ્મરણ કરી સાધક યત્ન કરે તો, વિષમ સ્થિતિમાં કે અનુકૂળ સ્થિતિમાં પણ જીવન કે મૃત્યુ પ્રત્યેનો પક્ષપાત પેદા ન થતાં સમભાવનો પરિણામ વૃદ્ધિવાળો થાય, અને આ રીતે યત્ન કર્યા પછી સંયમની વૃદ્ધિને અનુકૂળ એવા ઉચિત અનુષ્ઠાનોમાં દૃઢ યત્ન કરવો જોઈએ કે જેથી અપ્રમત્તભાવની વૃદ્ધિ થાય. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**न भावतः सदाऽनौचित्यवृत्तेः पर्यन्तौचित्यावाप्तिरिति तद्गतं विधिमाह -**

**અવતરણિકાર્થ :-**

**ભાવથી સદા અનૌચિત્યપ્રવૃત્તિ નહીં હોવાથી પર્યંતમાં ઔચિત્યની પ્રાપ્તિ છે. એથી તદ્ગત વિધિને=જીવનના અંતિમ ભાગગત વિધિને, કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવ્યું એ રીતે મોક્ષનો અર્થી એવો જીવ યોગમાર્ગમાં યત્ન કરે તો ક્રમે કરીને ઈહલોકમાં અને પરલોકમાં કે જીવનમાં અને મરણમાં સમાન પરિણામવાળો થઈને, શુદ્ધ યોગમાર્ગની પ્રાપ્તિના કારણભૂત એવા સંયમસ્થાનોમાં દૃઢ યત્નવાળો થાય છે; અને આવો સાધક ભાવથી હંમેશાં અનુચિત પ્રવૃત્તિ કરનારો નથી, તેથી આવા સાધકને જીવનના અંતિમ ભાગમાં પણ ઉચિત પ્રવૃત્તિની પ્રાપ્તિ છે. તે ઉચિત પ્રવૃત્તિ શું છે ? તેની વિધિ બતાવે છે, જેથી સાધકે જેમ આ ગ્રંથના બળથી યોગમાર્ગનો બોધ કરીને જીવનમાં સદા ઉચિત પ્રવૃત્તિ કરી, તેમ જીવનના અંતિમ ભાગમાં પણ ઉચિત પ્રવૃત્તિ કરીને શીઘ્ર મુક્તિનું કારણ બને તેવા ઉચિત જન્મની પ્રાપ્તિ કરે.

**ગાથા :-**

**परिसुद्धचित्तरयणो चएज्ज देहं तहंतकाले वि ।**
**आसण्णमिणं णाउं अणसणविहिणा विसुद्धेणं ।।९६।।**

**અન્વયાર્થ :-**

**परिशुद्धचित्तरयणो=પરિશુદ્ધ ચિત્તરત્નવાળો आसण्णमिणं=આસન્ન એવા આને=મરણકાળને, णाउं=**

**જાણીને, अंतकाले वि=અંતકાળમાં પણ= ક્રમઆગત મરણકાળમાં પણ, विसुद्धेणं अणसणविहिणा=વિશુદ્ધ એવી અનશનવિધિથી तह=તથા=તે પ્રકારે देहं चएज्ज=દેહનો ત્યાગ કરે=કાયાનો ત્યાગ કરે. ।।૯૬।।**

**ગાથાર્થ :-**

**પરિશુદ્ધ ચિત્તરત્નવાળો, આસન્ન એવા મરણકાળને જાણીને અંતકાળમાં પણ વિશુદ્ધ એવી અનશનવિધિથી તે પ્રકારે દેહનો ત્યાગ કરે. ।।૯૬।।**

**ટીકા :-**

'परिशुद्धचित्तरत्नः' स सर्वत्रानाशंसया, किम्? इत्याह - 'त्यजेद् देहं'=जह्यात् कायम् । तथा (आज्ञामृ) तसंयुक्तशुभलेश्याप्रकारेण 'अन्तकालेऽपि'=क्रमागतमरणकालेऽपि, आसन्नम् 'एनं'=मरणकालं 'ज्ञात्वा', कथं त्यजेत् ? इत्याह - 'अनशनविधिना'=अनशनप्रकारेण 'विशुद्धेन'=कवचज्ञाततः आगमपरिपूतेन । इति गाथार्थः ।।९६।।

**ટીકાર્થ :-**

परिशुद्धचित्तरत्नः ..... इति गाथार्थः ।।९६।। **સર્વત્ર અનાશંસાથી પરિશુદ્ધ ચિત્તરત્નવાળો એવો તે, આસન્ન એવા આને=મરણકાળને, જાણીને, અંતકાળમાં પણ=ક્રમઆગત મરણકાળમાં પણ, તથા=આજ્ઞામૃતસંયુક્ત એવી શુભલેશ્યા પ્રકારથી દેહનો ત્યાગ કરે=કાયાનો ત્યાગ કરે.**

**કેવી રીતે ત્યાગ કરે ? એથી કહે છે –**

**બખ્તરના દૃષ્ટાંતથી આગમ વડે પરિપુત એવી અનશનવિધિથી=અણસણના પ્રકારથી, દેહનો ત્યાગ કરે. એ પ્રકારે ગાથાર્થ છે. ।।૯૬।।**

❖ 'अंतकालेऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે અકસ્માત્ મરણના સંયોગ ઉપસ્થિત થાય કે સંયમનું પાલન અશક્ય જણાય ત્યારે તો સંયમના રક્ષણ માટે અનશનવિધિથી દેહનો ત્યાગ કરે, પરંતુ અંતકાળમાં પણ અનશનવિધિથી દેહનો ત્યાગ કરે.

નોંધ :- ટીકામાં ત્રુટિત સ્થાનમાં 'तथा' પછી 'आज्ञामृ' શબ્દ હોવાની સંભાવના છે.

**ભાવાર્થ :-**

જે સાધક પૂર્વમાં વિધિ બતાવી તે પ્રમાણે સર્વત્ર અનાશંસભાવથી શુદ્ધ યોગમાર્ગના ઉચિત સંયમસ્થાનમાં યત્ન કરે છે, તે સાધકનું ચિત્ત પરિશુદ્ધ હોય છે; અને આવા પરિશુદ્ધ ચિત્તરત્નવાળા સાધકે મરણકાળને જાણવાના ઉપાયો દ્વારા મરણકાળને જાણીને, ભગવાનની આજ્ઞાના સ્મરણથી, મરણકાળને ઉચિત સર્વ ક્રિયાઓમાં યત્ન કરવો જોઈએ અને નિરાશંસભાવરૂપ શુભ લેશ્યાથી અને બખ્તરના દૃષ્ટાંતથી આગમ વડે પરિપૂત એવી અનશન વિધિથી દેહનો ત્યાગ કરવો જોઈએ; જેથી યોગસાધના માટે વિશેષથી અનુકૂળ એવો ઉત્તરનો ભવ પ્રાપ્ત થાય.

**દેહત્યાગ માટે કવચનું દૃષ્ટાંત અને આગમવિધિ આ પ્રમાણેની છે :**

જેમ યુદ્ધભૂમિમાં બખ્તર પહેરેલું હોય તો શત્રુના ઘા ન લાગે, તેવી રીતે અનશન કરનારે ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહીને અનશન કરવું જોઈએ, જેથી ગીતાર્થ ગુરુરૂપી બખ્તરના કારણે મોહના કલ્લોલો ઊઠે નહીં. વળી ગીતાર્થની નિશ્રામાં પણ અનશન કરતી વખતે મનોયોગને શાસ્ત્રવચનોથી ભાવિત ન કરવામાં આવે તો અનશનવિધિ આગમથી શુદ્ધ બને નહીં. તેથી અનશન વિષયક સર્વ ઉચિત પ્રવૃત્તિઓમાં આગમવિધિથી આત્માને ભાવિત કરીને અનશનમાં યત્ન કરવો જોઈએ, જેથી આગમાનુસાર તેવું ઉત્તમ ચિત્તરત્ન અનશનકાળમાં સ્ફુરાયમાન થાય; અને આ રીતે દેહત્યાગ કરવાથી ઘણી શક્તિના સંચયવાળો એવો ઉત્તર ભવ પ્રાપ્ત થાય છે. ॥૯૬॥

**અવતરણિકા :-**

**मरणकालविज्ञानोपायमाह -**

**અવતરણિકાર્થ :-**

**મરણકાળને જાણવાના ઉપાયોને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે મરણકાળને નજીક જાણીને અણસણમાં યત્ન કરવો જોઈએ. તેથી જિજ્ઞાસા થાય કે મરણ નજીક છે, તે કેવી રીતે નક્કી થાય ? તેથી મરણના કાળને જાણવાના ઉપાયોને બતાવે છે -

**ગાથા :-**

**णाणं चाऽऽगम-देवय-पइहा-सुमिणंधरादऽदिट्ठिओ ।**
**णास-ऽच्छि-तारगादंसणाओ कण्णग्गऽसवमणाओ ।।९७।।**

**અન્વયાર્થ :-**

**च=અને आगम-देवय-पइहा-सुमिणंधरादऽदिट्ठिओ=આગમ, દેવતા, પ્રતિભા અને સ્વપ્નથી તથા અરુંધતી આદિના અદર્શનથી, णास-ऽच्छि-तारगादंसणाओ=નાકનાં, આંખની જ્યોતનાં, આંખના તારાનાં= આંખની કીકીનાં, અદર્શનથી, कण्णग्गऽसवमणाओ=કર્ણમાં અગ્નિના અશ્રવણથી, णाणं=જ્ઞાન=નજદીક મરણનું જ્ઞાન, થાય છે. ॥૯૭॥**

**ગાથાર્થ :-**

**અને આગમથી, દેવતાથી, પ્રતિભાથી અને સ્વપ્નથી તથા અરુંધતી આદિના અદર્શનથી, નાકનાં, આંખની જ્યોતનાં, આંખની કીકીનાં અદર્શનથી તથા કર્ણમાં અગ્નિના અશ્રવણથી, નજદીક મરણનું જ્ઞાન થાય છે. ॥૯૭॥**

**ટીકા :-**

**'ज्ञानं च' आसन्नमरणकालस्य कुतः? इत्याह- 'आगम-देवता-प्रतिभा-स्वप्ना-ऽरुन्धत्याद्यदृष्टेः' - आगमाद् मरणविभक्त्यादेः नाडीसञ्चारादिना । यथाऽऽहुः समयविदः -**

'उत्तरायणा पंचाहमेगनाडीसंचारे तिण्णि समाओ जीवियं, दसाहमेगनाडीसंचारे दो, पण्णराहमेगनाडीसंचारे एगं, वीसाहमेगनाडीसंचारे छम्मासा, पंचवीसाहमेगनाडीसंचारे तिण्णि, छव्वीसाहमेगनाडीसंचारे दो, सत्तवीसाहमेगनाडीसंचारे एगो, अट्ठावीसाहमेगनाडीसंचारे पण्णरस दियहा, एगूणतीसाहमेगनाडीसंचारे दस, तीसाहमेगनाडीसंचारे पंच, एगतीसाहमेगनाडीसंचारे तिण्णि, बत्तीसाहमेगनाडीसंचारे दो, तेत्तीसाहमेगनाडीसंचारे दिवसो जीवियं ।'

**ટીકાર્થ :-**

**'ज्ञानं च' आसन्नमरणकालस्य ..... दिवसो जीवियं । અને આસન્નમરણકાળનું જ્ઞાન થાય છે. શેનાથી ? એથી કહે છે –**

**આગમથી-દેવતાથી-પ્રતિભાથી-સ્વપ્નથી અને અરુંધતી આદિના અદર્શનથી આસન્ન મરણનું જ્ઞાન થાય છે, એમ અન્વય છે.**

**આગમથી નાડીસંચાર દ્વારા આસન્ન મરણનું જ્ઞાન :-**

આગમથી નજીક મરણનું જ્ઞાન કઈ રીતે થાય છે ? એથી કહે છે –

**મરણવિભક્તિઆદિ આગમથી નાડીસંચારાદિ દ્વારા મરણકાળનું જ્ઞાન થાય છે, એમ અન્વય છે.**

**જે પ્રમાણે=આગમથી નાડીસંચારાદિ દ્વારા મરણનું જ્ઞાન થાય છે તે પ્રમાણે, સમયના જાણનારાઓ કહે છે –**

"ઉત્તરાયણથી પાંચ દિવસ એક નાડીનો સંચાર થયે છતે ત્રણ વર્ષનું જીવિત છે.
ઉત્તરાયણથી દશ દિવસ એક નાડીનો સંચાર થયે છતે બે વર્ષનું જીવિત છે.
ઉત્તરાયણથી પંદર દિવસ એક નાડીનો સંચાર થયે છતે એક વર્ષનું જીવિત છે.
ઉત્તરાયણથી વીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે છ મહિનાનું જીવિત છે.
ઉત્તરાયણથી પચ્ચીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે ત્રણ મહિનાનું જીવિત છે.
ઉત્તરાયણથી છવ્વીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે બે મહિનાનું જીવિત છે.
ઉત્તરાયણથી સત્તાવીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે એક મહિનાનું જીવિત છે.
ઉત્તરાયણથી અટ્ઠાવીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે પંદર દિવસનું જીવિત છે.
ઉત્તરાયણથી ઓગણત્રીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે દશ દિવસનું જીવિત છે.
ઉત્તરાયણથી ત્રીસ દિવસ એક નાડીનો સંચાર થયે છતે પાંચ દિવસનું જીવિત છે.
ઉત્તરાયણથી એકત્રીશ દિવસ એક નાડીનો સંચાર થયે છતે ત્રણ દિવસનું જીવિત છે.
ઉત્તરાયણથી બત્રીશ દિવસ એક નાડીનો સંચાર થયે છતે બે દિવસનું જીવિત છે.

ઉત્તરાયણથી તેત્રીશ દિવસ એક નાડીનો સંચાર થયે છતે એક દિવસનું જીવિત છે."

**ટીકા :-**

**तथा अन्यैरप्युक्तम् -**

"पञ्चाहात् पञ्चवृद्ध्या दिवसगतिरिहाऽऽरोहते पञ्चविंशात्,
तस्मादेकोत्तरेण त्रिगुणितदशकं त्र्युत्तरं यावदेतत् ।
काले पौष्णे समास्तास्त्रि-नयन-शशिनः, षट्-त्रि-युग्मेन्दवो ये,
मासास्तेऽहानि शेषास्तिथि-दिगिषु-गुण-द्वीन्दवो जीवितस्य ।।"

**ટીકાર્થ :-**

**तथा अन्यैरप्युक्तम् ..... जीवितस्य ।। તે પ્રમાણે=પૂર્વમાં આગમ પ્રમાણે વર્ણન કર્યું તે પ્રમાણે, અન્ય વડે પણ કહેવાયું છે -**

"પૌષ્ણકાળમાં પાંચ દિવસથી માંડીને પાંચની વૃદ્ધિથી દિવસની ગતિ અહીંયાં=નાડીના સંચારમાં, પચ્ચીશ દિવસ સુધી આરોહણ કરે છે. તેનાથી एकोत्तरेण=એક એક દિવસની વૃદ્ધિ વડે त्रिगुणितदशकं=ત્રણથી ગુણિત દશ= ૧૦X૩=૩૦, त्र्युत्तरं=ત્રણ ઉત્તર=૩૦+૩=૩૩ સુધી યાવત્ આ= આરોહણ, છે. समास्तास्त्रि-नयन=शशिनः=ત્રણ-બે અને એક જીવિતના વરસ છે, તે પૌષ્ણકાળમાં પાંચ, દશ અને પંદર દિવસના નાડીસંચારમાં ક્રમસર જાણવા."

षट्-त्रि-युग्मेन्दवो ये मासास्ते=છ-ત્રણ-બે અને એક માસનું જીવિત છે તે, પૌષ્ણકાળમાં ક્રમશઃ વીશ-પચ્ચીશ-છવ્વીશ અને સત્તાવીશ દિવસના નાડીસંચારથી જાણવું. अहानि शेषास्तिथि-दिगिषु-गुण-द्वीन्दवो जीवितस्य=પંદર-દસ-પાંચ-ત્રણ-બે અને એક જીવિતના શેષ દિવસો પૌષ્ણકાળમાં ૨૮ દિવસના નાડીસંચારથી ૧૫ દિવસ અને એક એક દિવસના નાડીસંચારની વૃદ્ધિથી ક્રમસર જાણવા.

અહીં વરસોની ગણતરીમાં નયન=ચક્ષુ બે છે માટે બે વર્ષ, શશિ=ચંદ્ર એક છે માટે એક વર્ષ, અને મહિનાની ગણતરીમાં ઈન્દુ=ચંદ્ર, એક છે માટે એક માસ. દિવસોની ગણતરીમાં તિથિ ૧૫ છે માટે પંદર દિવસ, દિશા દશ છે માટે દશ દિવસ, ઈષુ=કામદેવના બાણરૂપ ઈન્દ્રિયો પાંચ છે માટે પાંચ દિવસ, ગુણ સત્ત્વ-રજસ્-તમસ્ રૂપ ત્રણ છે તેથી ત્રણ દિવસ, ઈન્દુ-ચંદ્ર એક છે, તેથી એક દિવસનું આયુષ્ય જાણવું.

❖ 'अन्यैरपिः' અહીં अपि થી એ કહેવું છે કે જે પ્રમાણે અમે કહ્યું છે, તે પ્રમાણે બીજા વડે પણ કહેવાયું છે. એ પ્રમાણે 'अपि' થી સમુચ્ચય છે.

**ટીકા :-**

**एवं देवतातः - देवताकथनेन, चारित्री देवतापरिगृहीतो भवति तस्योचितमन्यदपि देवता कथयत्येव । एवं प्रतिभातः - प्रातिभमप्यस्याविसंवाद्येव भवति, व्यवहारोपयोगिन्यपि तथोपलब्धेः । एवं स्वप्नाद्-मृतगुर्वाह्वानादेः मृतगुर्वाह्वान-बालदेहभाव-भोगसन्दर्शनं योगिनोऽन्तकाले सिद्धः चित्तविभ्रम इति ।**

**ટીકાર્થ :-**

एवं देवतातः ..... चित्तविभ्रम इति । **એ રીતે=જે રીતે આગમથી મૃત્યુનું જ્ઞાન કરવાનું છે એ રીતે, દેવતાથી=દેવતાના કથનથી, મરણકાળને જાણવો, એમ અન્વય છે.**

**દેવતાના કથનથી આસન્નમરણનું જ્ઞાન :-**

દેવતાના કથનથી મરણનું જ્ઞાન કઈ રીતે થાય ? તે સ્પષ્ટ કરે છે –

**ચારિત્રી, દેવતાથી પરિગૃહીત હોય છે. તેને=ચારિત્રીને, અન્ય પણ=મૃત્યુથી અન્ય પણ, ઉચિત=ઉચિત કૃત્ય દેવતા કહે જ છે. એ રીતે=જે રીતે દેવતાના કથનથી મૃત્યુનું જ્ઞાન કરવાનું છે એ રીતે, પ્રતિભાથી=મતિવિશેષથી, મરણકાળને જાણવો, એમ અન્વય છે.**

**પ્રતિભાથી આસન્નમરણનું જ્ઞાન :-**

**પ્રતિભાથી મૃત્યુનું જ્ઞાન કઈ રીતે થાય ? તે સ્પષ્ટ કરે છે –**

**આને=ચારિત્રીને, પ્રાતિભ પણ=પ્રતિભાથી પેદા થયેલ મતિવિશેષ પણ, અવિસંવાદી જ હોય છે=આસન્ન મૃત્યુનો બોધ કરાવવામાં વિસંવાદ વિનાની જ હોય છે; કેમ કે વ્યવહારમાં ઉપયોગી એવા પણ પ્રતિભાથી નિષ્પન્ન થનારા જ્ઞાનમાં તે પ્રકારની ઉપલબ્ધિ છે=અવિસંવાદી બોધની ઉપલબ્ધિ છે.**

**એ રીતે=જે રીતે પ્રતિભાથી મૃત્યુનું જ્ઞાન કરવાનું છે એ રીતે, મૃતગુરુ આહ્વાનાદિના સ્વપ્નથી મરણકાળને જાણવો, એમ અન્વય છે.**

**મૃતગુરુના આહ્‌વાનાદિના સ્વપ્નથી આસન્ન મરણનું જ્ઞાન :-**

મૃતગુરુના આહ્વનાદિના સ્વપ્નથી મરણનું જ્ઞાન કઈ રીતે થાય ? તે સ્પષ્ટ કરે છે –

**યોગીઓને અંતકાળમાં મૃત્યુ પામેલા ગુરુનું આહ્વાન, બાલ્યદેહભાવ, ભોગના સંદર્શનરૂપ ચિત્રવિભ્રમ, સિદ્ધ છે અર્થાત્ થાય છે. इति=એથી સ્વપ્નથી મૃત્યુનું જ્ઞાન થાય છે, એમ અન્વય છે.**

**ટીકા :-**

अरुन्धत्याद्यदृष्टेः । **यथोक्तम्** -

"प्रध्मातदीप(गं)गन्धमल्पायुर्नैव जिघ्रति ।

स्फुटतारावृते व्योम्नि न च पश्यत्यरुन्धतीम् ।।"

**ટીકાર્થ :-**

**અરુંધતી આદિના અદર્શનથી આસન્ન મરણનું જ્ઞાન :-**

**અરુંધતી આદિના અદષ્ટથી=નહીં દેખાવાથી, મૃત્યુનું જ્ઞાન કરવું, જે પ્રમાણે કહેવાયું છે -**

"બુઝાયેલા દીપકની ગંધને અલ્પ આયુષ્યવાળો જાણી શકતો નથી, સ્પષ્ટ તારાથી છવાયેલા એવા આકાશમાં અરુંધતી નામના તારાને જોતો નથી."

**ટીકા :-**

**तथा 'नासा-ऽक्षितारकाऽदर्शनात्' इति नासिकाऽदर्शनं अवष्टब्धाऽक्षिज्योतिस्ताराऽदर्शनं चाऽऽसन्नमृत्यु-लिङ्गम् । तथा 'कर्णाग्न्यश्रवणाद्' - अङ्गुष्ठापूरितकर्णान्तराग्न्यश्रवणं आसन्नमृत्युलिङ्गं समुद्रध्वनिश्रवण-दशग्रन्थिस्फुरणद्वादशाक्षरानुपलम्भाद्युपलक्षणमेतत् । इति गाथार्थः ।।९७।।**

**ટીકાર્થ :-**

**અને नासा-ऽक्षितारकाऽदर्शनात्=નાકના, આંખના અને કીકીના અદર્શનથી મૃત્યુનું જ્ઞાન કરવું.**

**નાસિકાના, આંખના અને કીકીના અદર્શનથી આસન્ન મરણનું જ્ઞાન :-**

**इति नासिकाऽदर्शनं ..... 'कर्णाग्न्यश्रवणाद्' નાસિકાના, આંખના અને કીકીના અદર્શનથી મરણનું જ્ઞાન કઈ રીતે થાય, તે સ્પષ્ટ કરે છે – નાસિકાનું અદર્શન અને હાથની હથેળીથી અવષ્ટબ્ધ કરાયેલ=દબાવાયેલ, આંખની જ્યોતિનું અદર્શન અને આંખની કીકીનું અદર્શન આસન્ન મૃત્યુનું લિંગ છે, અને कर्णाग्न्यश्रवणाद्=કાનના અગ્નિના અશ્રવણથી મૃત્યુનું જ્ઞાન કરવું, એમ અન્વય છે.**

**કાનમાં અગ્નિના અશ્રવણપણા આદિથી આસન્ન મરણનું જ્ઞાન :-**

**- अङ्गुष्ठापूरित ..... इति गाथार्थः ।।९७।। કાનના અગ્નિના અશ્રવણથી મરણનું જ્ઞાન કઈ રીતે થાય ? તે સ્પષ્ટ કરે છે.**

**અંગુઠાથી આપુરિત=અંગુઠાથી પુરાયેલા, કાનની અંદર અગ્નિનું અશ્રવણ=અગ્નિના અવાજનું અશ્રવણ, આસન્ન મૃત્યુનું લિંગ છે.**

**આ=અંગુઠાથી પુરાયેલા કાનમાં અગ્નિનું અશ્રવણ એ સમુદ્રધ્વનિશ્રવણ=સહજ રીતે સમુદ્રના ખળભળાટવાળા અવાજનું શ્રવણ, દશ ગ્રંથિનું સ્ફુરણ=શરીરના દશ સાંધાઓનું ફરકવું, બાર અક્ષરનો અનુપલંભ આદિનું=અ-આ-ઈ ઈત્યાદિ બાર અક્ષરને સાંભળવાની અપ્રાપ્તિ આદિનું, ઉપલક્ષણ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૯૭॥**

**ભાવાર્થ :-**

**(૧) આસન્ન મરણ જાણવાના ઉપાયો :-**

**(૧) આગમાનુસાર નાડીસંચાર દ્વારા :-** આસન્ન મરણ જાણવાના ઉપાયરૂપે આગમાનુસાર નાડી સંચાર દ્વારા જ્ઞાન કરવાથી મૃત્યુનું જ્ઞાન થાય છે, જે કથન ગ્રંથકારે બતાવ્યું છે. તેના જેવી અન્ય દર્શનકારોની પણ માન્યતા છે. તેથી સાક્ષિપાઠમાં જે અન્ય વડે કહેવાયું તે, અને આગમાનુસાર કહેવાયું છે તે, સમાન અર્થને

બતાવનારાં કથનો છે.

**(૨) દેવતાથી :-** જેમ આગમથી મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે, તેમ દેવતાના કથનથી પણ મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે, અને જે સાધક આત્માઓ ભગવાનના વચનાનુસાર ચારિત્રમાં યત્ન કરતા હોય તેઓની ચિંતા કરનારા દેવતાઓ હોય છે. તેથી તેવા ચારિત્રીને બીજું પણ કંઈ અન્ય એવું હોય તો દેવતા કહે છે, તેમ મૃત્યુનું પણ જો તેમને પૂછવામાં આવે તો તેઓ અવશ્ય કહે છે.

જેમ સાધુદ્વેષી મુનિના દૃષ્ટાંતમાં આવે છે કે ગચ્છમાં કરાતી સારણા આદિના કારણે ગચ્છ પ્રત્યે દ્વેષ થવાથી આખા ગચ્છના વિનાશ અર્થે આ સાધુદ્વેષી મુનિએ પાણીમાં ઝેરનું મિશ્રણ કર્યું, પણ ગચ્છની ચિંતા કરનારા દેવે આકાશવાણીથી સાધુઓને કહ્યું કે 'આ પાણીમાં ઝેર હોવાથી કોઈ વાપરશો નહીં.'

સામાન્ય રીતે ચારિત્રી દેવતાથી પરિગૃહીત હોય છે=દેવતા તેમની સંભાળ રાખતા હોય છે. તેથી ચારિત્રીએ દેવતા પાસેથી પણ મૃત્યુનું જ્ઞાન કરીને અનશનવિધિમાં યત્ન કરવો.

**(૩) પ્રતિભાથી :-** જેમ દેવતાથી મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે, તેમ પ્રતિભાથી પણ મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે. સામાન્ય રીતે સાધુઓ સર્વ ક્રિયાઓ ઉપયોગપૂર્વક કરતા હોય છે. તેથી જો સ્મૃતિદોષરૂપ શારીરિક ક્ષતિ ન હોય તો પ્રાયઃ કોઈ ઉચિત ક્રિયાનું વિસ્મરણ થાય નહીં. આમ છતાં કોઈ વિસ્મરણનો પ્રસંગ બને તો મતિવિશેષથી સાધુ નક્કી કરી શકે કે મારું મૃત્યુ નજીક છે.

જેમ વજ્રસ્વામીએ કાન ઉપર મૂકેલા સૂંઠના ગાંગડાને ભૂલી જવાથી આસન્ન મૃત્યુનો નિર્ણય કર્યો, તે રીતે અન્ય પણ કોઈ પ્રસંગને યાદ કરીને પોતાની પ્રતિભાથી મૃત્યુનો નિર્ણય થઈ શકે છે, જે યથાર્થ હોય છે.

**(૪) મૃતગુરુના આહ્વાનાદિના સ્વપ્નથી :-** અંતકાળમાં યોગીઓને પોતાના મૃત્યુ પામેલા ગુરુ બોલાવતા હોય, તેવો ચિત્તવિભ્રમ થાય તો તેનાથી નક્કી કરી શકે કે હવે મૃત્યુ નજીક છે, અથવા તો આદિ પદથી **સ્વપ્નમાં પોતાને બાલદેહરૂપે** અર્થાત્ બાળકઅવસ્થારૂપે જુએ અથવા તો યોગીઓને અંતકાળમાં **ભોગાદિના સંદર્શનથી અર્થાત્ ભોગાદિ પોતે** કરતા હોય તેવા પ્રકારનો ચિત્તવિભ્રમ થાય તો તેનાથી નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે.

**(૫) અરુંધતી આદિના અદર્શનથી :-** આકાશ સ્વચ્છ હોય અને આકાશમાં બધા તારાઓ જોનારને સ્પષ્ટ દેખાય તેમ હોય, આમ છતાં જે તારો સૌથી સ્પષ્ટ દેખાય તેવો અરુંધતી નામનો તારો પણ દેખાય નહીં, તો તેનાથી નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે અથવા તો આદિ પદથી બુઝાયેલા દીપકની ગંધનું ગ્રહણ ન થાય, તોપણ નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે.

**(૬) નાક, આંખની જ્યોતિ અને કીકીના અદર્શનથી :-** પોતાની નાસિકા જોવા માટે પ્રયત્ન કરવામાં આવે છતાં નાસિકા ન દેખાય તો તેનાથી નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે. વળી હાથની હથેળીથી આંખને દબાવવામાં આવે ત્યારે અવષ્ટબ્ધ થયેલી આંખની જ્યોતિ અને આંખની કીકી ન દેખાય તો નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે.

**(૭) કર્ણાગ્નિના અશ્રવણથી :-** બંને અંગૂઠાથી બંને કાનને દબાવવામાં આવે ત્યારે કાનમાં અગ્નિના

ભડકાના અવાજ જેવો ધ્વનિ સંભળાય છે. તે ધ્વનિ ન સંભળાય તો નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે, અથવા તો સમુદ્રના **ખળભળાટના ધ્વનિનું શ્રવણ થાય** અર્થાત્ સમુદ્રની પાસે જઈને નહીં, પરંતુ સામે કંઈ ન હોવા છતાં અકસ્માત્ સમુદ્રના ખળભળાટના ધ્વનિનું શ્રવણ થાય તોપણ તેનાથી નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે, અથવા તો **શરીરના દશ સાંધાઓનું સ્ફુરણ થાય** તોપણ તેનાથી નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે, અથવા તો **'અ' કાર આદિ બાર અક્ષરો ન સંભળાય** તોપણ નક્કી થાય છે કે હવે મૃત્યુ નજીક છે. **॥૯૭॥**

**અવતરણિકા :-**

एवमेनं ज्ञात्वा किम्? इत्याह -

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૯૭માં વર્ણન કર્યું એ રીતે, આને=મૃત્યુને, જાણીને શું ?=શું કરવું ? એથી કહે છે -**

**ગાથા :-**

अणसणसुद्धीए इहं जत्तोऽतिसएण होइ कायव्वो ।
जल्लेसे मरइ जओ तल्लेसेसुं तु उववाओ ।।९८।।

**અન્વયાર્થ :-**

**इहं=અહીં=આસન્ન મૃત્યુ સમયે, अणसणसुद्धीए=અનશનશુદ્ધિમાં अतिसएण=અતિશયથી जत्तो=યત્ન कायव्वो होइ=કર્તવ્ય છે, जओ=જે કારણથી जल्लेसे मरइ=જે લેશ્યામાં મૃત્યુ પામે છે तल्लेसेसुं तु=તે લેશ્યાવાળા જ દેવલોકમાં उववाओ=ઉપપાત છે=ઉત્પત્તિ છે. ॥૯૮॥**

**ગાથાર્થ :-**

**આસન્ન મૃત્યુ સમયે અનશનશુદ્ધિમાં અતિશયથી યત્ન કર્તવ્ય છે, જે કારણથી જે લેશ્યામાં મૃત્યુ પામે છે, તે લેશ્યાવાળા જ દેવલોકમાં ઉપપાત છે. ॥૯૮॥**

❖ ગાથામાં 'तु' શબ્દ 'एवकार' અર્થમાં છે.

**ટીકા :-**

'अनशनशुद्धाविह' कवचोदाहरणेन 'यत्नोऽतिशयेन' 'भवति' 'कर्तव्यः', फलप्रधानाः समारम्भा इति कृत्वा । किमेतदेवम्? इत्याह - 'यल्लेश्यो' 'म्रियते' 'यतः' प्राणी भावलेश्यामधिकृत्य 'तल्लेश्येष्वेव' अमरादिषु 'उपपद्यते', 'जल्लेसे, मरइ तल्लेसे उववज्जइ' इति वचनात् ।

**ટીકાર્થ :-**

अनशनशुद्धाविह..... इति वचनात् । **ફળપ્રધાન સમારંભ છે, એથી કરીને અહીં=આસન્ન મૃત્યુ સમયે,**

**કવચના=બખ્તરના, ઉદાહરણથી અનશનશુદ્ધિમાં અતિશયથી યત્ન કર્તવ્ય છે.**

**કેમ આ=અતિશયવાળો યત્ન, આવો છે ?=અતિશય ફળના કારણવાળો છે ? એથી કહે છે -**

**જે કારણથી પ્રાણી, ભાવલેશ્યાને આશ્રયીને જે લેશ્યામાં મૃત્યુ પામે છે, તે લેશ્યાવાળા જ દેવલોકાદિમાં ઉત્પન્ન થાય છે; કેમ કે** "જે લેશ્યામાં મરે છે, તે લેશ્યાવાળા દેવલોકાદિમાં ઉત્પન્ન થાય છે" **એ પ્રમાણેનું વચન છે.**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં વર્ણન કર્યું એ રીતે મરણકાળનું જ્ઞાન થયા પછી અનશનવિધિમાં અતિશય યત્ન કરવાનો છે, અને તે યત્ન કરતી વખતે જેમ યુદ્ધભૂમિમાં ચડેલો યોદ્ધો કવચ પહેરીને પોતાને સુરક્ષિત કરે છે કે જેથી શત્રુનાં બાણ લાગે નહીં, તેમ અનશનશુદ્ધિ વખતે મોહથી સુરક્ષિત થવા માટે ગીતાર્થોની નિશ્રાનું અવલંબન લઈને અનશનમાં યત્ન કરવાનો છે, જેથી તેવા પ્રકારની શારીરિક સ્થિતિની વિષમતામાં મોહની અસર થાય નહીં, પરંતુ શાસ્ત્રાનુસારી ઉપયોગ રહી શકે. તેથી અનશનવિધિ કવચના ઉદાહરણથી ગીતાર્થની નિશ્રામાં કરવી જોઈએ.

વળી અનશન સ્વીકાર્યા પછી પોતાની શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રવચનોથી આત્માને વાસિત કરવા માટે યત્નનો અતિશય કરવો જોઈએ કે જેથી અનશનકાળમાં નિર્લેપદશા પ્રકર્ષવાળી થાય.

અહીં પ્રશ્ન થાય કે સાધુએ તો સદા સંયમયોગમાં યત્નનો અતિશય કરવાનો છે, આમ છતાં અનશનવિધિમાં અતિશય યત્ન કરવો જોઈએ, એમ કેમ કહ્યું ? તેથી કહે છે –

ફળપ્રધાન સમારંભ હોય છે. તેથી સંયમજીવનમાં યત્ન કરે તેના કરતાં પણ અતિશય યત્ન વિશેષ ફળ મેળવવા માટે અનશન વખતે કરવો જોઈએ, જેથી ઉત્તમ ફળ મળે.

અહીં પ્રશ્ન થાય કે ફળપ્રધાન સમારંભ હોય તેને અંત સમયના યત્ન સાથે શું સંબંધ છે ? તેથી કહે છે -

જે લેશ્યામાં પ્રાણી મરે છે તે લેશ્યાવાળા જ દેવતા આદિ ભવોમાં તે ઉત્પન્ન થાય છે, આવો નિયમ છે. તેથી ઉત્તરના ઉત્તમ ભવની પ્રાપ્તિ અર્થે મૃત્યુ વખતે અત્યંત નિર્લેપ થવા માટે યત્ન કરવો જોઈએ કે જેથી ઉત્તરનો ભવ ઊંચો મળે.

આશય એ છે કે અનશન વખતે જો જીવ શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રવચનથી ભાવિત થવા માટે પ્રયત્ન કરે અને અનશનકાળમાં આહારના ત્યાગને કારણે જેમ શરીરનો સંકોચ થાય છે તેમ અંતરંગ સુદૃઢ યત્નના કારણે કષાયોનો પણ સંકોચ કરે, તો જીવની મધ્યસ્થ પરિણતિ અતિશયિત બને છે; અને તેથી શરીરના અતિ વિષમ સંયોગોમાં પણ દુઃખ પ્રત્યેનો દ્વેષ કે સુખ પ્રત્યેની લાલસા ઉલ્લસિત થતી નથી, પરંતુ નિર્લેપ પરિણામ વૃદ્ધિ પામે છે; અને જેમ નિર્લેપ પરિણતિ અધિક તેમ શુભ લેશ્યા અધિક, અને જેમ શુભ લેશ્યા અધિક તેમ ઊંચા દેવલોકની પ્રાપ્તિ થાય; કેમ કે જે લેશ્યામાં જીવ મરે છે તે લેશ્યાવાળા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તેથી અનશન વખતે કરાયેલા અપ્રમાદભાવને કારણે ઊંચા પ્રકારનો દેવલોક મળે તો દેવભવમાં વિશેષ શક્તિઓ મળેલી હોવાથી પોતાના ભવને અનુરૂપ વિશેષ પ્રકારની યોગસાધના પણ ત્યાં થાય

અને તેથી દેવભવમાં ઘણી શક્તિનો સંચય કરીને મનુષ્યભવની પ્રાપ્તિ કરી શીઘ્ર સંસારનો ઉચ્છેદ કરી શકે છે. તેથી ફળપ્રધાન પ્રવૃત્તિ કરનારને જેમ સંયમમાં અત્યંત ઉત્થિત થઈને સાધના કરવાની છે, તેના કરતાં પણ શક્તિના અતિશયથી મૃત્યુ સમયે અનશનમાં યત્ન કરવાનો છે, જેથી ઊંચા દેવલોકની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ ફળની શીઘ્ર પ્રાપ્તિ થાય.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે મરણકાળને જાણીને અનશનવિધિમાં યત્નાતિશય કર્તવ્ય છે. ત્યાં કોઈને શંકા થાય કે કોઈના પણ પ્રાણનો નાશ કરવો તે હિંસા છે. તેથી અનશન દ્વારા પોતાના પ્રાણનો નાશ કરવો તે પણ હિંસા છે અને આ રીતે અનશન કરવાથી સાધુને હિંસાની પ્રાપ્તિ થશે. તે શંકાનું ઉદ્ભાવન કરીને નિરાકરણ કરે છે –

**ટીકા :-**

**न चास्यामवस्थायामेवं मतः स्वप्राणातिपातः, विहितकरणात्, वचनप्रामाण्याद् माध्यस्थ्योपपत्तेः, अन्यथा दोषभावाद् वचनविरोधात् । एवमेव हि तदाशयपरिपुष्टेः तत्सङ्कल्पभावानुरोधात् । इति गाथार्थः ।।९८।।**

**ટીકાર્થ :-**

**न चास्यामवस्थायामेवं ..... विहितकरणात्, एवं च=અને આ રીતે=પૂર્વમાં અનશન કરવાનું કહ્યું એ રીતે, આ અવસ્થામાં=આસન્ન મરણકાળવાળી અવસ્થામાં, સ્વપ્રાણનો અતિપાત=સ્વપ્રાણની હિંસા, મનાયેલ નથી; કેમ કે વિહિતકરણ છે=વિહિત એવા અનશનનું આચરણ છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે અન્ય દર્શનકારોએ મોક્ષ માટે કાશીમાં કરવત મુકાવવાનું જે વિહિત કર્યું છે, તે વચનથી કોઈ કાશીમાં કરવત મુકાવે ત્યાં પણ સ્વપ્રાણના અતિપાતરૂપ હિંસા નથી, તેમ માનવું પડશે. વસ્તુતઃ કાશીમાં કરવત મુકાવવામાં તો હિંસારૂપ દોષ સ્વીકારેલો છે, અને તે રીતે અનશનમાં હિંસારૂપ દોષની પ્રાપ્તિ થશે. તેના નિરાકરણ માટે કહે છે –

**ટીકાર્થ :-**

**वचनप्रामाण्याद् ..... दोषभावाद् વચનનું પ્રામાણ્ય હોવાથી=અનશન કરવાનું કહેનારા એવા સર્વજ્ઞના વચનનું પ્રામાણ્ય હોવાથી, અનશનની પ્રવૃત્તિમાં માધ્યસ્થ્યની ઉપપત્તિ હોવાને કારણે અનશનક્રિયામાં સ્વપ્રાણાતિપાત નથી એમ અન્વય છે. અન્યથા=અંત સમયે અનશન કરવાનું કહેનાર વચનને પ્રમાણરૂપે સ્વીકારીને અનશનમાં યત્ન ન કરવામાં આવે તો, દોષનો ભાવ હોવાથી અર્થાત્ ઉચિત પ્રવૃત્તિ નહીં થવાથી કર્મબંધરૂપ દોષની પ્રાપ્તિ હોવાથી, અનશન કરવામાં સ્વપ્રાણનો અતિપાત મનાયો નથી, એમ અન્વય છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે અન્યથા=અનશનમાં યત્ન ન કરવામાં આવે તો, દોષનો ભાવ કેમ છે ? એથી કહે છે –

**ટીકાર્થ :-**

**वचनविरोधात् । વચનનો વિરોધ હોવાથી અર્થાત્ ભગવાને અંત સમયે અનશન કરવાનું કહ્યું છે, એ વચન પ્રમાણે પ્રવૃત્તિ નહીં હોવાથી તે વચનનો વિરોધ થતો હોવાથી, અન્યથા=અનશનમાં યત્ન ન કરવામાં આવે તો, દોષનો ભાવ છે, એમ અન્વય છે.**

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે મરણકાળ જાણીને અનશનમાં યત્ન કરવામાં આવે તો વચનના પ્રામાણ્યને કારણે માધ્યસ્થ્યની ઉપપત્તિ છે. તે જ વાતને દૃઢ કરવા માટે કહે છે –

**ટીકાર્થ :-**

**एवमेव हि तदाशयपरिपुष्टेः આ રીતે જ=ભગવાનના વચનાનુસાર અંત સમયે અનશનમાં પ્રવૃત્તિ કરવામાં આવે એ રીતે જ, તેના આશયની પરિપુષ્ટિ હોવાથી=માધ્યસ્થ્યભાવના આશયની પરિપુષ્ટિ હોવાથી અનશન કરવાથી સ્વપ્રાણાતિપાત મનાયો નથી, એમ અન્વય છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે આ રીતે અંત સમયે અનશન કરવાથી માધ્યસ્થભાવરૂપ આશયની પરિપુષ્ટિ કેમ થાય છે ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**तत्सङ्कल्पभावानुरोधात् । इति गाथार्थः ।।૯૮।। તેના સંકલ્પભાવનો અનુરોધ છે અર્થાત્ અનુસરણ છે=વીતરાગના વચનનું અવલંબન લઈને વીતરાગ થવાના સંકલ્પના ભાવનું અનુસરણ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૮।।**

**ભાવાર્થ :-**

**न चास्यामवस्थायामेवं થી तत्सङ्कल्पभावानुरोधात् । સુધીના કથનનો ભાવ આ પ્રમાણે છે :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અંત સમયે અનશનવિધિમાં યત્ન કરવો જોઈએ. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે કોઈ પણ જીવનો નાશ કરવો તે હિંસા છે અને તે રીતે અનશન કરવાથી પોતાના પ્રાણોનો નાશ થાય છે, તેથી ત્યાં પ્રાણાતિપાતની પ્રાપ્તિ થશે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

મરણકાળની અવસ્થામાં શાસ્ત્રવિધિ પ્રમાણે અનશન કરવામાં આવે તો સ્વપ્રાણનો અતિપાત મનાયો

નથી; કેમ કે ભગવાને જે કરવાનું કહ્યું હોય તે ન કરવામાં આવે તેનાથી જે હિંસા થાય ત્યાં હિંસાકૃત કર્મબંધ થાય છે, પરંતુ ભગવાનના વચનાનુસાર અનશનમાં યત્ન કરવાથી દેહના વિયોગરૂપ ફળની પ્રાપ્તિ થાય ત્યાં સ્વપ્રાણના અતિપાતરૂપ હિંસાની પ્રાપ્તિ નથી.

અહીં કોઈ વિચારકને પ્રશ્ન થાય કે તો પછી અન્ય દર્શનકારના વચન પ્રમાણે કોઈ વ્યક્તિ કાશીમાં કરવત મુકાવે ત્યાં પણ સ્વપ્રાણનો અતિપાત નથી, તેમ માનવું જોઈએ; જ્યારે શાસ્ત્રકારો તો મોક્ષના અર્થે કાશીમાં કરવત મુકાવાની ક્રિયાને હિંસાની ક્રિયા કહે છે, ફક્ત તેનો મોક્ષનો આશય શુભ છે, પરંતુ તે ક્રિયા તો હિંસાત્મક હોવાથી કર્મબંધનું કારણ છે. તે રીતે અનશનની ક્રિયા પણ સ્વપ્રાણના અતિપાતરૂપ માનવી પડે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

વચનનું પ્રામાણ્ય હોવાથી માધ્યસ્થ્યની ઉપપત્તિ છે. તેથી અનશનમાં સ્વપ્રાણનો અતિપાત નથી.

આશય એ છે કે અન્ય દર્શનકારોનું વચન કષ-છેદ-તાપથી શુદ્ધ નથી, તેથી પ્રમાણભૂત નથી. જ્યારે ભગવાનનું વચન તો કષ-છેદ-તાપથી શુદ્ધ છે. તેથી ભગવાનના વચનાનુસાર જે પ્રવૃત્તિ કરવામાં આવે તે એકાંતે વીતરાગતાનું કારણ હોય, અને આવા પ્રામાણિક વચનથી અનશનમાં પ્રયત્ન કરવામાં આવે ત્યારે તત્ત્વના પક્ષપાતરૂપ મધ્યસ્થભાવની ઉપપત્તિ=નિષ્પત્તિ, થાય છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર અનશનમાં યત્ન કરવામાં આવે ત્યારે વીતરાગતાને અનુકૂળ એવા સમભાવ પ્રત્યેનો યત્ન ઉલ્લસિત થાય છે, જે જીવની મધ્યસ્થ પરિણતિ છે, જે પ્રકર્ષને પામીને પરમમાધ્યસ્થ્યમાં જવાનું કારણ છે, અને આવી માધ્યસ્થ્યની પરિણતિ જ્યાં વર્તતી હોય ત્યાં હિંસા નથી. જ્યારે કાશીમાં કરવત મુકાવવાની ક્રિયા તો બળવાન મોક્ષની ઈચ્છાથી પ્રવૃત્ત હોવા છતાં મોક્ષના ઉપાયભૂત એવા સમભાવને અનુકૂળ યત્નસ્વરૂપ નથી, પરંતુ ઉત્તમ એવા મનુષ્યભવને પામીને સમભાવની વૃદ્ધિને અનુકૂળ સંયમમાં યત્ન કરવાને બદલે નિર્વિચારક રીતે કાશીમાં જઈને દેહના વિનાશને અનુકૂળ યત્નસ્વરૂપ છે. તેથી મોહથી થયેલો તેવો ભાવ હિંસારૂપ છે, જ્યારે અનશન વખતે તો સમભાવની વૃદ્ધિને અનુકૂળ સુદૃઢ યત્ન થાય તે રીતે અનશનમાં યત્ન કરાય છે. માટે અનશનમાં સ્વપ્રાણનો અતિપાત નથી, જ્યારે અન્ય દર્શનના વચનથી કરાયેલ પણ કાશીમાં કરવત મુકાવવાની ક્રિયામાં સ્વપ્રાણનો અતિપાત છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જેમ સાધુ અત્યાર સુધી સંયમયોગમાં અપ્રમાદભાવથી યત્ન કરે છે, તેમ અંતકાળે અપ્રમાદભાવથી અનશનમાં યત્ન ન કરે અને સંયમયોગમાં અપ્રમાદભાવથી યત્ન કરે તો શું વાંધો ? તેથી કહે છે –

અન્યથા દોષનો ભાવ છે અર્થાત્ મૃત્યુકાળ નજીક છે તેમ જાણીને પણ શક્તિના પ્રકર્ષથી અનશનમાં યત્ન ન કરવામાં આવે તો દોષની પ્રાપ્તિ છે; કેમ કે વચનનો વિરોધ છે અર્થાત્ ભગવાનની આજ્ઞાનું અપાલન છે.

આશય એ છે કે સંયમ ગ્રહણ કર્યું ત્યારથી આરંભીને જે કંઈ ભગવાનની આજ્ઞા અનુસાર કર્યું, તેનાથી આત્માને નિર્જરાની પ્રાપ્તિ થઈ. ભગવાને સાધકને માટે સંયમ ગ્રહણ કરે ત્યારથી માંડીને તે તે ભૂમિકાને

અનુરૂપ સર્વ ઉચિત કૃત્યો બતાવ્યાં છે; અને જે સાધક પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત કૃત્યોમાં શક્તિના અતિશયથી યત્ન કરે તેને અવશ્ય નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય, અને પોતાની ભૂમિકાને અનુરૂપ જે જે ભગવાનનું વચન છે તેનાથી કોઈ પણ વિપરીત પ્રવૃત્તિ કરે તો દોષની પ્રાપ્તિ થાય. તે રીતે ભગવાને અંત સમયમાં સર્વ શક્તિના પ્રકર્ષથી અનશનમાં યત્ન કરવાનું કહ્યું છે, આમ છતાં પોતાની એવી ભૂમિકા છે તોપણ શક્તિના પ્રકર્ષથી જે સાધક અનશનમાં યત્ન ન કરે અને તેના બદલે અન્ય અન્ય સંયમયોગોમાં યત્ન કર્યા કરે તો ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ હોવાના કારણે દોષની પ્રાપ્તિ થાય. તેથી જે સાધુ દીક્ષા લઈને ભવના અંતિમ ભાગ સુધી સંયમમાં યત્ન કરે, અને શક્તિ હોવા છતાં પણ ભવના અંતકાળે અનશનમાં યત્ન ન કરે, તો ભવનો અંતિમ ભાગ વિરસ અવસાનરૂપ બને અર્થાત્ ભગવાનના વચનાનુસાર અપ્રવૃત્તિવાળો બને. તેથી સંયમઆરાધનાનું વિશેષ ફળ મેળવી શકે નહીં. માટે જેમ શક્તિના પ્રકર્ષથી સંયમયોગમાં અત્યાર સુધી યત્ન કર્યો, તેમ અંત સમયે પણ ભગવાનના વચનાનુસાર અનશનમાં યત્ન કરવો જોઈએ, અને એમ કરવામાં આવે તો ભગવાનના વચનના પાલનથી જન્ય મધ્યસ્થ આશયની પરિપુષ્ટિ થાય છે.

કઈ રીતે ભગવાનના વચનના પાલનથી જન્ય મધ્યસ્થ આશયની પરિપુષ્ટિ થાય છે, તેમાં હેતુ જણાવતાં કહે છે –

તત્સંકલ્પભાવનો અનુરોધ હોવાથી મધ્યસ્થ આશયની પરિપુષ્ટિ થાય છે.

આશય એ છે કે સંયમ ગ્રહણ કરનાર આરાધક વીતરાગ થવાનો સંકલ્પ કરે છે અને વીતરાગ થવાના સંકલ્પના ભાવનું અનુસરણ ભગવાનના વચનાનુસાર સર્વ પ્રવૃત્તિઓથી થાય છે. તેથી જેમ અત્યાર સુધી સંયમમાં સુદઢ યત્ન કરેલ જેથી વીતરાગ થવાના સંકલ્પના પરિણામનું અનુસરણ થયું, તેમ અંત સમયે વીતરાગના વચનાનુસાર અનશનશુદ્ધિમાં અતિશય યત્ન કરે તો પૂર્વ કરતાં પણ અતિ નિર્લેપ દશા પ્રગટે છે અને વીતરાગ થવાના સંકલ્પના પરિણામનું અનુસરણ થાય છે. તેથી સંયમના પરિણામથી પ્રગટેલ મધ્યસ્થ આશય પરિપુષ્ટ બને છે. **॥૯૮॥**

**અવતરણિકા :-**

**एवमिह लेश्यायाः प्राधान्यमुक्तम्, न चैतावतैव एतच्चारु भवतीत्याह -**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વગાથામાં બતાવ્યું એ રીતે, અહીં=અનશનવિધિમાં, લેશ્યાનું પ્રાધાન્ય કહ્યું. આટલાથી જ=શુભ લેશ્યાથી જ, આ=આરાધકપણું, ચારુ=સુંદર થતું નથી, એ પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે મરણકાળ જાણીને કવચના ઉદાહરણથી અનશનવિધિમાં યત્નાતિશય કરવો જોઈએ. એ કથનમાં લેશ્યાશુદ્ધિનું પ્રાધાન્ય કહેવાયું; કેમ કે આહારાદિ ત્યાગ કરીને દેહના સંકોચની અને

કષાયોના સંકોચની લેશ્યા અનશનમાં કરાતા યત્નથી અતિશયિત થાય છે. તેથી અનશનના કથનથી લેશ્યાશુદ્ધિની પ્રધાનતા કહી. આમ છતાં સાધુને મુખ્યતયા તો રત્નત્રયીમાં યત્ન કરવાનો છે અને તે યત્ન ભગવાનની આજ્ઞાઅનુસાર સુદૃઢ યત્નથી થાય છે. આથી સંયમ ગ્રહણ કર્યા પછી કોઈને વિચાર આવે કે 'હું અનશન કરીને શીઘ્ર આયુષ્યને સમાપ્ત કરું' તો આવો વિચાર ઈષ્ટ નથી; કેમ કે મનુષ્યભવને પામીને શક્તિના પ્રકર્ષથી રત્નત્રયીમાં યત્ન કરવાની ભગવાનની આજ્ઞા છે. તેથી આયુષ્યનો ક્ષય થાય તે રીતે અનશન આદિ કરીને શુભ લેશ્યામાં યત્ન કરવો અને રત્નત્રયીની ઉપેક્ષા કરવી તે ઉચિત કૃત્ય બનતું નથી, પરંતુ રત્નત્રયીનો વ્યાઘાત ન થાય તે રીતે સર્વ ઉચિત કૃત્યોપૂર્વક અંત સમયે અનશનમાં યત્ન કરવો તે ઉચિત છે. તેથી માત્ર લેશ્યાશુદ્ધિમાં યત્ન કરવામાં આવે એટલામાત્રથી આરાધના સુંદર થતી નથી, તે વાત બતાવે છે –

**ગાથા :-**

**लेसाय वि आणाजोगओ उ आराहगो इहं णेओ ।**
**इहरा असतिं एसा वि हंतऽणाइम्मि संसारे ।।९९।।**

**અન્વયાર્થ :-**

**लेसाय वि=લેશ્યા પણ હોતે છતે इहं=અહીં=પ્રવચનમાં, आणाजोगओ उ=આજ્ઞાયોગથી જ आराहगो णेओ=આરાધક જાણવો=ચારિત્રધર્મનો આરાધક જાણવો. इहरा=ઈતરથા=ભગવાનની આજ્ઞાથી આરાધક ન માનો, પરંતુ લેશ્યાની શુદ્ધિથી આરાધક માનો તો अणाइम्मि संसारे=અનાદિ સંસારમાં एसा वि=આ પણ=શુભલેશ્યા પણ असतिं=અસકૃત=અનેકવાર પ્રાપ્ત કરાઈ. ।।૯૯।।**

**ગાથાર્થ :-**

**લેશ્યા પણ હોતે છતે પ્રવચનમાં આજ્ઞાયોગથી જ આરાધક જાણવો, ઈતરથા અનાદિ સંસારમાં શુભલેશ્યા પણ અનેકવાર પ્રાપ્ત કરાઈ. ।।૯૯।।**

❖ ગાથામાં 'हंत' શબ્દ સંપ્રેષણ અર્થમાં છે અર્થાત્ શ્રોતાને કથન પ્રત્યે અભિમુખ કરવાના અર્થમાં છે.

**ટીકા :-**

**'लेश्यायामपि' सत्याम्, किम्? इत्याह-'आज्ञायोगत एव' दर्शनादिपरिणामयोगादेवेत्यर्थः। 'आराधकः' चरणधर्मस्य 'इह ज्ञेयः' इह=प्रवचने ज्ञातव्यः, नान्यथा । एतदेवाह - 'इतरथा' - एवमनभ्युपगमे सति, किम्? इत्याह- 'असकृत्' अनेकशः 'एषाऽपि' शुभा लेश्या प्राप्ता सौधर्माद्युपपातेन "हन्त सम्प्रेषण-प्रत्यवधारण-विवादेषु" इति(इह 'हन्त') सम्प्रेषणेऽवसेयः, 'अनादौ संसारे', अतिदीर्घ इत्यर्थः, न चाऽऽराधकत्वं सञ्जातम्, तस्माद् यथोक्तमेव तत्त्वं प्रतिपत्तव्यम् । इति गाथार्थः ।।९९।।**

**ટીકાર્થ :-**

लेश्यायामपि ..... इति गाथार्थः ।।९९।। **લેશ્યા પણ હોતે છતે=શુભલેશ્યા પણ હોતે છતે આજ્ઞાયોગથી જ=દર્શનાદિ પરિણામના યોગથી જ=દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામના યોગથી જ, અહીં=પ્રવચનમાં, ચારિત્રધર્મનો આરાધક જાણવો, અન્યથા નહીં=દર્શન-જ્ઞાન-ચારિત્રનો યોગ ન હોય તો આરાધક નથી. એને જ કહે છે=લેશ્યા હોતે છતે આજ્ઞાયોગથી જ આરાધક છે એને જ કહે છે. ઈતરથા=આ રીતે અર્થાત્ લેશ્યાશુદ્ધિ હોતે છતે આજ્ઞાયોગથી આરાધક થાય છે એ રીતે, નહીં સ્વીકારાયે છતે, અનાદિ સંસારમાં=અતિ દીર્ઘ સંસારમાં, સૌધર્માદિ ઉપપાત દ્વારા આ પણ=શુભલેશ્યા પણ, અસકૃત્=અનેકવાર, પ્રાપ્ત કરાઈ અને આરાધકપણું થયું નહીં. તે કારણથી યથોક્ત જ તત્ત્વ= લેશ્યાશુદ્ધિ હોતે છતે આજ્ઞાયોગથી જ ચારિત્રધર્મનો આરાધક છે, એ રૂપ યથોક્ત જ તત્ત્વ, સ્વીકારવું જોઈએ. 'हन्त' શબ્દ સંપ્રેષણ-પ્રત્યવધારણ અને વિવાદ અર્થમાં છે. અહીં 'हन्त' શબ્દ સંપ્રેષણ અર્થમાં જાણવો=શ્રોતાને આ કથન તરફ અભિમુખ કરવા માટે 'हन्त' પ્રયોગ જાણવો. એ પ્રકારનો ગાથાર્થ છે. ॥૯૯॥**

❖ 'एषाऽपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે અશુભ લેશ્યા તો અનંતીવાર પ્રાપ્ત કરાઈ, પરંતુ શુભલેશ્યા પણ અનંતીવાર પ્રાપ્ત કરી.

**ભાવાર્થ :-**

વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૭ના કથન પ્રમાણે કર્મબંધ અને નિર્જરાના કારણીભૂત એવા ભાવયોગો ધ્યાન અને લેશ્યાત્મક છે અને ધ્યાન ન હોય ત્યારે લેશ્યારૂપ છે. તેથી એ પ્રાપ્ત થયું કે જીવમાં વર્તતો યોગનો વ્યાપાર તે લેશ્યારૂપ છે અને તે વ્યાપાર અત્યંત એકાગ્રતાવાળો હોય ત્યારે ધ્યાન અને લેશ્યા ઉભયરૂપ હોય.

તેથી એ પ્રાપ્ત થાય કે અંતે અનશન સમયે કષાયો ન પ્રવર્તે તે રીતે સુદૃઢ યત્નપૂર્વક મનને પ્રવર્તાવવામાં આવે તો તે શુભલેશ્યા છે, અને આવી શુભલેશ્યા પણ જીવે અનંતીવાર પ્રાપ્ત કરી અને તેના બળથી સૌધર્માદિ દેવલોકમાં ઉપપાત થયો, પરંતુ આરાધકપણું પ્રાપ્ત થયું નહિ; કેમ કે આજ્ઞાયોગથી લેશ્યાશુદ્ધિ કરવામાં આવે તો ચારિત્રધર્મની પણ આરાધના થાય. તેથી મરણ સમયે જેમ અનશનશુદ્ધિમાં યત્ન આવશ્યક છે, તેમ દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરિણામની શુદ્ધિ માટે પણ પ્રયત્ન આવશ્યક છે. તેથી મૃત્યુ સમયે ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા કરીને જ્ઞાન-ચારિત્રમાં કોઈ અતિચાર લાગ્યો હોય તો તેની શુદ્ધિ કરવી જોઈએ, અનાભોગથી પણ ઉત્સૂત્ર ભાષણ થયું હોય અથવા તો જિનવચનથી વિપરીત પ્રવૃત્તિ કરી હોય અને તેના કારણે શ્રદ્ધાનું માલિન્ય થયું હોય તો તેની શુદ્ધિ કરવી જોઈએ; કેમ કે ભગવાનના વચનમાં સ્થિર રુચિ ભગવાનના વચનાનુસાર સુદૃઢ પ્રયત્ન કરવામાં પ્રેરણા આપે છે, પરંતુ કષાયને વશ થયેલો જીવ જ્યારે ઉચિત યોગોમાં પ્રમાદ કરે છે ત્યારે શ્રદ્ધામાં માલિન્ય થવાની પણ સંભાવના રહે છે. તેથી ભગવાનના વચનની શ્રદ્ધામાં જે કંઈ માલિન્ય થયું હોય તેની શુદ્ધિ કરવી જોઈએ અને ભગવાનના વચનાનુસાર

ચારિત્રની આરાધનામાં જે કોઈ સ્ખલના થઈ હોય તે સર્વની શુદ્ધિ કરવી જોઈએ. આ રીતે આજ્ઞાયોગથી મરણ વખતે લેશ્યાની શુદ્ધિમાં યત્ન કરવામાં આવે તો ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ સાથે સંસાર પરિમિત થાય તેવી પરિણતિ પણ પ્રાપ્ત થાય, જેથી તે દેવભવ સુદેવરૂપ બને અને ત્યાં આરાધનાની શક્તિનો સંચય થાય અને અંતે મનુષ્યભવ પામીને સંસારનો ઉચ્છેદ થાય. તેના બદલે જો માત્ર લેશ્યાશુદ્ધિમાં યત્ન કરવામાં આવે, પરંતુ રત્નત્રયીની જે કંઈ વિરાધના કરી છે તેની વિશુદ્ધિમાં યત્ન ન કરવામાં આવે, તો વિરાધિત ચારિત્રવાળા નિહ્નવ આદિની જેમ, શુભલેશ્યાથી કદાચ ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ થાય, તોપણ સંસારનો અંત ન થાય; અને પ્રસ્તુત યોગશતક ગ્રંથમાં યોગની આરાધનાનો પ્રસ્તાવ છે, કેમ કે મોક્ષ અર્થે પ્રસ્તુત ગ્રંથનો ઉપદેશ છે. તેથી મરણ વખતે જેમ લેશ્યાશુદ્ધિમાં યત્ન આવશ્યક છે, તેમ આજ્ઞાયોગની આરાધનામાં પણ યત્ન આવશ્યક છે, તેમ બતાવેલ છે. **॥૯૯॥**

**અવતરણિકા :-**

प्रकरणोपसंहारार्थमेवाह -

**અવતરણિકાર્થ :-**

**પ્રકરણના ઉપસંહાર માટે જ કહે છે –**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત 'યોગશતક' નામના પ્રકરણમાં અત્યાર સુધી જે કંઈ કથન કર્યું, તેના ઉપસંહાર માટે કહે છે અર્થાત્ આ કથનથી શું ફલિત થાય છે, તે બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

**ता इय आणाजोगे जइयव्वमजोगअत्थिणा सम्मं ।**
**एसो चिय भवविरहो सिद्धीए सया अविरहो य ।।१००।।**

**અન્વયાર્થ :-**

**ता=તે કારણથી=શુભલેશ્યા પણ હોતે છતે આજ્ઞાયોગથી આરાધકપણું છે તે કારણથી, इय=આ રીતે=પ્રસ્તુત ગ્રંથમાં બતાવ્યું એ રીતે, अजोगअत्थिणा=અયોગના અર્થી એવા જીવે आणाजोगे= આજ્ઞાયોગમાં सम्मं=સમ્યગ્ जइयव्वं=યત્ન કરવો જોઈએ. एसो चिय=આ જ=આજ્ઞાયોગ જ, भवविरहो= ભવવિરહ છે सया य=અને સદા सिद्धीए=સિદ્ધિનો अविरहो=અવિરહ છે. ।।૧૦૦।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી અયોગના અર્થી એવા જીવે આ રીતે આજ્ઞાયોગમાં સમ્યગ્ યત્ન કરવો જોઈએ, આજ્ઞાયોગ જ ભવવિરહ છે અને સદાસિદ્ધિનો અવિરહ છે. ।।૧૦૦।।**

**ટીકા :-**

यस्मादेवं 'तस्माद्' 'इय'=एवम्, 'आज्ञायोगे'=आगमव्यापारे, किम्? इत्याह - 'यतितव्यं'=यत्नः कार्यः । केन? 'अयोगतार्थिना'=शैलेशीकामेन सत्त्वेन 'सम्यग्'=अविपरीतेन विधिना । यस्माद् 'एष एव' आज्ञायोगः 'भवविरहः' जीवन्मुक्तिः संसारविरहो वर्तते, कारणे कार्योपचारात्, यथाऽयुर्घृतमिति । तथा 'सिद्धेः'=मुक्तेः 'सदा'=सर्वकालं 'अविरहश्चेष एव', आजीविकमतमुक्तव्यवच्छेदार्थमेतत्, मुक्तस्य कृतकृत्यत्वेनेहागमनायोगाद् अविरहः । इति गाथार्थः ।।१००।।

**ટીકાર્થ :-**

यस्मादेवं तस्माद्..... इति गाथार्थः ।।१००।। **જે કારણથી આમ છે=શુભલેશ્યા હોતે છતે આજ્ઞાયોગથી જ આરાધકપણું છે, તે કારણથી, આ રીતે=પ્રસ્તુત ગ્રંથમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, આજ્ઞાયોગમાં=આજ્ઞાવ્યાપારમાં, યત્ન કરવો જોઈએ.**

**કોણે યત્ન કરવો જોઈએ ? તેથી કહે છે –**

**અયોગતાના અર્થી એવા=શૈલેષીની ઈચ્છાવાળા એવા, જીવે યત્ન કરવો જોઈએ.**

**કેવી રીતે યત્ન કરવો જોઈએ ? એથી કહે છે –**

**સમ્યગ્ વિધિથી=અવિપરીત વિધિથી, યત્ન કરવો જોઈએ; જે કારણથી આ જ=આજ્ઞાયોગ જ, ભવવિરહ છે=જીવનમુક્તિરૂપ સંસારનો વિરહ વર્તે છે.**

અહીં પ્રશ્ન થાય કે સંસારનો વિરહ તો સિદ્ધ અવસ્થામાં પ્રાપ્ત થાય, જ્યારે આજ્ઞાયોગ તો દેહધારી અવસ્થામાં સેવાય છે. તેથી આજ્ઞાયોગ જ ભવવિરહ છે, તેમ કેમ કહ્યું ? એથી કહે છે –

**કારણમાં કાર્યના ઉપચારથી આજ્ઞાયોગને ભવવિરહ કહેલ છે. જે પ્રમાણે 'આયુષ્ય ઘી છે' એમ કહેવાય છે તેમ, અને આ જ=આજ્ઞાયોગ જ, સિદ્ધિનો=મુક્તિનો, સદા=સર્વકાળ, અવિરહ છે અર્થાત્ આજ્ઞાયોગના ફળરૂપ જે મોક્ષ પ્રાપ્ત થાય છે તે શાશ્વતકાળ માટે છે, કિંચિત્ કાળ માટે નથી. આ=આજ્ઞાયોગ સિદ્ધિનો સદા અવિરહ છે એ, આજીવિક મતને માન્ય મુક્તના વ્યવચ્છેદ માટે છે; કેમ કે મુક્તનું કૃતકૃત્યપણું હોવાને કારણે અહીં=સંસારમાં, આગમનનો અયોગ હોવાથી અવિરહ છે=મુક્તિનો સદા અવિરહ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૦૦॥**

**ભાવાર્થ :-**

આખા ગ્રંથનો ઉપસંહાર કરતાં કહે છે કે પૂર્વગાથામાં ગ્રંથકારે સ્થાપન કર્યું એ રીતે લેશ્યાની શુદ્ધિ હોતે છતે પણ આજ્ઞાયોગથી જ આરાધકપણું થાય છે, તેથી પ્રસ્તુત પ્રકરણના સારરૂપ ઉપદેશને વચનરૂપે કહે છે -

શૈલેષી અવસ્થાની પ્રાપ્તિ કરવાના અર્થી એવા સાધકે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે આજ્ઞાયોગમાં યત્ન

કરવો જોઈએ.

આશય એ છે કે મૃત્યુ વખતે જેમ અનશનવિધિમાં અત્યંત સમ્યગ્ યત્ન આવશ્યક છે, તેમ ભગવાનની આજ્ઞાનુસાર સર્વ ઉચિત કૃત્યો પણ અંતકાળે કરી લેવાં જોઈએ, જેથી પૂર્ણ આજ્ઞાનું પાલન થાય. આથી જીવનમાં પ્રમાદને વશ થઈ કોઈ ઉચિત કૃત્યો ન કર્યાં હોય તો તેનાથી જન્ય દોષોની શુદ્ધિ અંત સમયે અવશ્ય કરી લેવી જોઈએ, જેથી ભગવાનની આજ્ઞાની સંપૂર્ણ આરાધકતા પ્રાપ્ત થાય.

અહીં કહ્યું કે અયોગતાના અર્થી જીવે આજ્ઞાયોગમાં યત્ન કરવો જોઈએ. તેનાથી એ પ્રાપ્ત થાય કે જીવના મન-વચન-કાયાના યોગો કર્મબંધનાં કારણ છે અને મન-વચન-કાયાના યોગો જ્યારે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી વ્યાપ્ત હોય ત્યારે તો વિશેષ પ્રકારના કર્મબંધનું કારણ થાય છે. તે આ રીતે -

યોગથી કર્મબંધ થાય છે અને યોગ મન-વચન-કાયાને અવલંબીને આત્મામાં થતો વીર્યનો વ્યાપાર છે. આ મન-વચન-કાયાના યોગો મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી વ્યાપ્ત થઈને પ્રવર્તે છે, તેથી તેના તે યોગો મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી વિશિષ્ટ હોય છે અને તેથી તેને તે ચારે પ્રકારે કર્મબંધ થાય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે મિથ્યાત્વનો ઉદય નહીં હોવાના કારણે અવિરતિ અને કષાયથી યુક્ત મન-વચન-કાયાના યોગો વર્તે છે, અને કર્મબંધ પણ તે પ્રમાણે થાય છે. વળી તે સાધક ભાવથી વિરતિને પ્રાપ્ત કરે છે ત્યારે, મિથ્યાત્વ અને અવિરતિનો અભાવ થવાથી મન-વચન-કાયાના યોગો માત્ર કષાયથી યુક્ત હોય છે. આથી સર્વવિરતિવાળા મુનિને કષાયથી યુક્ત એવા યોગથી કર્મબંધ થાય છે; અને કષાયનો પણ સંપૂર્ણ ઉચ્છેદ થાય છે ત્યારે, કર્મબંધના કારણ એવા યોગ માત્ર વિદ્યમાન છે, તેથી માત્ર યોગકૃત કર્મબંધ થાય છે; અને યોગનો નિરોધ કરાય છે ત્યારે સાધક અયોગી બને છે અને તેથી લેશ પણ કર્મબંધ થતો નથી; અને સર્વ યોગનો નિરોધ કરે છે ત્યારે શૈલેષી અવસ્થાને પામે છે, જેના ફળરૂપે મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે મોક્ષનો અર્થી જીવ શૈલેષી અવસ્થાનો અર્થી હોય છે અને તેથી શૈલેષી અવસ્થાની પ્રાપ્તિમાં અનન્ય ઉપાયભૂત એવા આજ્ઞાયોગમાં તેણે પ્રયત્ન કરવો જોઈએ, જેથી ક્રમસર શૈલેષી અવસ્થા પ્રાપ્ત થાય.

વળી આ આજ્ઞાયોગ કેવો વિશેષ છે ? તે બતાવવા અર્થે કહે છે –

આ આજ્ઞાયોગ જ ભવવિરહ છે અને આ આજ્ઞાયોગ જ સિદ્ધિનો સદા અવિરહ છે. આનાથી એ કહેવું છે કે ભવનો વિરહ પણ આજ્ઞાયોગથી પ્રાપ્ત થાય છે, અર્થાત્ સંસારઅવસ્થામાં હોવા છતાં અત્યંત નિર્લેપતારૂપ ભવનો વિરહ આજ્ઞાયોગથી પ્રાપ્ત થાય છે, તેથી ભવના વિરહના અર્થીએ આજ્ઞાયોગમાં યત્ન કરવો જોઈએ. વળી આ સિદ્ધિ મોક્ષની પ્રાપ્તિ પછી ફરી જન્મરૂપ નથી, પરંતુ મુક્તિની પ્રાપ્તિ પછી મુક્તિનો સદા અવિરહ છે અને આવો મુક્તિનો સદા અવિરહ આજ્ઞાયોગથી જ પ્રાપ્ત થાય છે.

આ મુક્તિનો સદા અવિરહ છે, એ કથનથી આજીવિક મતનો વ્યવચ્છેદ થાય છે; કેમ કે આજીવિક મત માને છે કે સાધના કરીને મુક્તિમાં ગયા પછી પણ ફરી અહીં સંસારમાં આગમન છે. તેને ગ્રંથકાર કહે છે કે મુક્ત આત્મા કૃતકૃત્ય હોવાને કારણે ફરી સંસારમાં આવતા નથી; અને સદા અવિરહ એવા મોક્ષનું

કારણ આજ્ઞાયોગ છે, તેથી એ ફલિત થયું કે પૂર્ણ સુખમય મોક્ષ સદા માટે કરવાનો અનન્ય ઉપાય આજ્ઞાયોગ છે. માટે જેને પૂર્ણ સુખમય મોક્ષની ઈચ્છા હોય, તેણે શક્તિના પ્રકર્ષથી આજ્ઞાયોગમાં યત્ન કરવો જોઈએ.

ભવવિરહ=ભવ અર્થાત્ ઔદારિક, વૈક્રિય આદિ દેહનો સંબંધ, તેનો વિરહ તે ભવવિરહ.

જીવન્મુક્તિ=દેહના સંબંધનો જે પ્રવાહ તે રૂપ જીવન હોવા છતાં નિર્લેપતારૂપ મુક્તિ તે જીવન્મુક્તિ તે રૂપ સંસારવિરહ. **॥૧૦૦॥**

## *।। कृतिर्धर्मतो याकिनीमहत्तरासूनोराचार्यहरिभद्रस्य ।।*

**।। ग्रन्थाग्रमनुष्टुपछन्दसोद्देशतः श्लोकशतानि सप्त सार्धानि ।।७५०।।**

**योगशतकस्य टीकां कृत्वा यदवाप्तमिह मया कुशलम् । तेनानपायमुच्चैर्योगरतो भवतु भव्यजनः ।।१।।**

**संवत ११६५, फाल्गुन सुदि ८ लिखितेति ।।**

**।। योगशतकटीका समाप्ता ।।**

યાકિનીમહત્તરા નામનાં સાધ્વીજીના ધર્મપુત્ર આચાર્યશ્રી હરિભદ્રની કૃતિ ॥

ગ્રંથાગ્ર=ગ્રંથનું પ્રમાણ=અનુષ્ટુપ છંદના ઉદ્દેશથી ૭૫૦ શ્લોક પ્રમાણ છે.

યોગશતકની ટીકા કરીને અહીં=સંસારમાં, જે મારા વડે કુશળ પ્રાપ્ત કરાયું, તેના વડે ભવ્ય મનુષ્ય અપાય વગર અત્યંત યોગરત થાઓ. ॥૧॥

સંવત-૧૧૬૫, ફાગણ સુદ-૮ના દિવસે આ કૃતિ લખાઈ.

**-: યોગશતક ટીકા સમાપ્ત :-**

# परिशिष्ट

## मूलगाथानामकारादिक्रमः गाथाङ्क सहिता


| गाथा | गाथाङ्कः |
|---|---|
| अकुसलकम्मोदयपुव्वरूवमेसा | ।।४६।। |
| अणसणसुद्धीए इहं | ।।९८।। |
| अणिगूहणा बलम्मी | ।।३४।। |
| अणियत्ते पुण | ।।१०।। |
| अणुभूयवत्तमाणो | ।।५५।। |
| असमत्तीय उ चित्तेसु | ।।९३।। |
| अहवा ओहेणं चिय | ।।७८।। |
| अहिगारिणो उवाएण | ।।८।। |
| अहिगारी पुण | ।।९।। |
| अत्थे रागम्मि उ | ।।६९।। |
| आणाए चिंतणम्मि | ।।७४।। |
| उड्ढं अहिगगुणेहिं | ।।४४।। |
| उत्तरगुणबहुमाणो सम्मं | ।।४५।। |
| उवएसोऽविसयम्मी | ।।३६।। |
| उवओगो पुण एत्थ | ।।७६।। |
| एएण पगारेणं | ।।९०।। |
| एएसिं पि य | ।।२३।। |
| एएसिं णियणियभूमियाए | ।।२१।। |
| एएसु जत्तकरणा | ।।४९।। |
| एत्तो च्चिय कालेणं | ।।६।। |
| एतीए एस जुत्तो | ।।८५।। |
| एत्थ उवाओ य | ।।४२।। |
| एमाइ जहोइयभावणाविसेसाउ | ।।८९।। |
| एमाइवत्थुविसओ गिहीण | ।।३२।। |
| एयम्मि परिणयम्मी | ।।३८।। |
| एयस्स उ भावाओ | ।।७३।। |
| एयं खु तत्तणाणं | ।।६६।। |
| एयं पुण णिच्छयओ | ।।१२।। |
| एयं विसेसणाणा | ।।१८।। |
| एवमणादी एसो | ।।५७।। |
| एवं अब्भासाओ | ।।७७।। |
| एवं चिय अवयारो | ।।२६।। |
| एवं तु बंध-मोक्खा | ।।५८।। |
| एवं पुण्णं पि | ।।८७।। |
| एसो चेवेत्थ | ।।८०।। |
| एसो सामाइयसुद्धिभेयओ | ।।१६।। |
| कम्मं च चित्तपोग्गलरूवं | ।।५४।। |
| कायकिरियाए दोसा | ।।८६।। |
| किरिया उ दंडजोगेण | ।।१९।। |
| गमणाइएहिं कायं | ।।४०।। |
| गुरुकुलवासो गुरुतंतयाय | ।।३३।। |
| गुरु-देवयापणामं | ।।६१।। |
| गुरु-देवयाहि जायइ | ।।६२।। |
| गुरुणो अजोगिजोगो | ।।३७।। |
| गुरुणा लिंगेहिं | ।।२४।। |
| गुरुविणओ सुस्सूसाइया | ।।५।। |
| घडमाण-पवत्ताणं | ।।५१।। |
| चउसरणगमण दुक्कडगरहा | ।।५०।। |

| गाथा | गाथाङ्कः |
|---|---|
| चिइवंदण जइविस्सामणा | ॥३१॥ |
| चिंतेज्जा मोहम्मी | ॥७१॥ |
| जइ तब्भवेण जायइ | ॥९२॥ |
| जह खलु दिवसऽब्भत्थं | ॥९४॥ |
| जह चेव मंत- | ॥६३॥ |
| जोगाणुभावओ च्चिय | ॥८३॥ |
| ठाणा कायनिरोहो | ॥६४॥ |
| णाऊण ततो | ॥६०॥ |
| णाणं चाऽऽगम- | ॥९७॥ |
| णमिऊण जोगिणाहं | ॥१॥ |
| तइयस्स पुण विचित्तो | ॥२९॥ |
| तग्गयचित्तस्स | ॥६५॥ |
| तत्थाभिस्संगो खलु | ॥५९॥ |
| तप्पोग्गलाण | ॥११॥ |
| तल्लक्खणयोगाओ उ | ॥२२॥ |
| तस्साऽऽसण्णत्तणओ | ॥२८॥ |
| तह कायपाइणो ण | ॥८८॥ |
| ता इय आणाजोगे | ॥१००॥ |
| ता सुद्धजोगमग्गोच्चियम्मि | ॥९५॥ |
| थीरागम्मी तत्तं | ॥६७॥ |
| दोसम्मि उ जीवाणं | ॥७०॥ |
| नाभावो च्चिय | ॥७२॥ |
| निच्छयओ इह | ॥२॥ |
| नियसहावालोयण- | ॥३९॥ |
| पइरिक्केबाघाओ न | ॥७५॥ |
| पडिसिद्धेसु अदेसे | ॥१७॥ |
| पढमस्स लोगधम्मे | ॥२५॥ |
| परिसुद्धचित्तरयणो चएज्ज | ॥९६॥ |
| पावं न तिव्वभावा | ॥१३॥ |
| बीयस्स उ | ॥२७॥ |
| भावणसुयपाढो | ॥५२॥ |
| मग्गणुसारी सद्धो | ॥१५॥ |
| मग्गेणं गच्छंतो | ॥७॥ |
| मुत्तेणममुत्तिमओ | ॥५६॥ |
| रयणाई लद्धीओ | ॥८४॥ |
| रागो दोसो मोहो | ॥५३॥ |
| रोग-जरापरिणामं | ॥६८॥ |
| लेसाय वि आणाजोगओ | ॥९९॥ |
| वणलेवोवम्मेणं | ॥८२॥ |
| ववहारओ उ एसो | ॥४॥ |
| वंदणमाई उ विही | ॥४३॥ |
| वासी-चंदणकप्पं तु | ॥९१॥ |
| वासी-चंदणकप्पो | ॥२०॥ |
| सरणं गुरु उ | ॥४८॥ |
| सरणं भए उवाओ | ॥४७॥ |
| सण्णाणं वत्थुगओ | ॥३॥ |
| सत्तेसु ताव मेत्तिं | ॥७९॥ |
| सद्धम्माणुवरोहा वित्ती | ॥३०॥ |
| संवरणिच्छिड्डत्तं | ॥३५॥ |
| साहारणो पुण | ॥८१॥ |
| सुस्सूस धम्मराओ | ॥१४॥ |
| सुहसंठाणा अण्णे | ॥४१॥ |

# શુદ્ધિપત્રક

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૮-સંકલના | (ચિત્રમાં) | કેવળજ્ઞાન વખતે થતી સહજક્રિયા | કેવળજ્ઞાન વખતે થતી યોગનિરોધની ક્રિયા |
| ૮-સંકલના | (ચિત્રમાં) | નિર્વિકલ્પચારિત્ર સર્વવિરતિ | સવિકલ્પચારિત્ર સર્વવિરતિ |
| ૯-સંકલના | ૧૯ | પ્રગટે. આ પૂર્વ રીતે | પ્રગટે. આમ પૂર્વ પૂર્વની |
| ૧૧-સંકલના | ૨૯ | આશ્રયીને શું | આશ્રયીને ગુણસ્થાનકની વૃદ્ધિ માટે શું |
| ૧૫-ટ્રીમાં | ૨૩ | (ધર્મસેવનની બલવાન બળવાન ઈચ્છા) | (ધર્મ સેવનની બળવાન ઈચ્છા) |
| ૧૯-ટ્રીમાં | ૧૭ | જે સેવતો હોય | જે ધર્મ સેવતો હોય |
| ૩૦ | ૨૧ | સમ્યગ્દર્શન અને | સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને |
| ૭૪ | ૧૭ | તે ભોગાદિ અપૂર્વ | તે મોદકાદિ અપૂર્વ |
| ૭૭ | ૧૬ | માર્ગાનુસારી ભાવ | માર્ગાનુસારીભાવવાળી |
| ૧૪૭ | ૧૭ | **सुविशुद्धं' ये सद्धर्मणैव** | **सुविशुद्धं' सद्धर्मणैव** |
| ૧૭૫ | ૧૦ | ગાથા-૨૯-૩૦-૩૧માં | ગાથા-૩૦-૩૧માં |
| ૧૮૩ | ૨૮ | મારું ભાઆરોગ્ય વૃદ્ધિ | મારું ભાવઆરોગ્ય વૃદ્ધિ |
| ૧૯૪ | ૨ | ગુણોની ગુણની હીલના | ગુણોની હીલના |
| ૨૪૭ | ૯ | મળે છે. આ રીતે | મળે છે. અર્થાત્ ગુણસ્થાનકથી પાત ન કરાવે તે પ્રકારે જ તે કર્મ બંધાયેલ તેથી તે પ્રમાણે ફળ મળે છે. આ રીતે |
| ૩૧૨ | ૧૧-૧૨ | તત્ત્વચિંતન કરવામાં આવે તો જીવનો ઉપયોગ ડાંસ-મચ્છરના ઉપદ્રવમાં પ્રવર્તતો બંધ થઈ જાય છે, તેથી અખંડપણે તે ઉપયોગ | ડાંસ-મચ્છરના ઉપદ્રવમાં પ્રવર્તતો ઉપયોગ બંધ કરીને તત્ત્વચિંતન કરવામાં આવે તો અખંડપણે તે ઉપયોગ |
| ૩૧૬ | ૭ | આ તત્ત્વજ્ઞાન નિવારણ | આ તત્ત્વજ્ઞાન રાગાદિનું નિવારણ |
| ૪૦૦ | ૩ | અહીં 'खलु' શબ્દ | અહીં मुक्तभिनिवेशं 'खलु' શબ્દ |
| ૪૧૪ | ૫ | યત્ન સાથે તે | યત્નથી તે |
| ૪૧૪ | ૬ | કરનાર તેને પોતાને જે | કરનાર પોતાને જે |
| ૪૪૨ | ૧ | સદા માટે કરવાનો | સદા માટે પ્રાપ્ત કરવાનો |

''ता इय आणाजोगे
जइयव्वमजोगअत्थिणा सम्मं ।
एसो चिय भवविरहो
सिद्धीए सया अविरहो य ।।''

''તે કારણથી=શુભલેશ્યા પણ
હોતે છતે આજ્ઞાયોગથી
આરાધકપણું છે તે કારણથી, આ રીતે
અયોગના અર્થી જીવે આજ્ઞાયોગમાં
સમ્યગ્યત્ન કરવો જોઈએ.
આજ્ઞાયોગ જ ભવવિરહ અને
સદા સિદ્ધિનો અવિરહ છે.''

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૦૯૧૧૪૭૧

: મુદ્રક :
સૂર્યા ઓફસેટ
આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ -૩૮૦૦૫૮
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૩૬૬, ૨૩૦૧૧૨

Design by : ICON : 022-9833193320, 022-25654543